૧૯૫૨ - 1951

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૭

મુંબઈ : ૧ જાન્યુઆરી ૧૯૫૧ સોમવાર


વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'આપણા પગ પર ઊભા રહેતા શીખીએ'

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સરદારશ્રી વલ્લભભાઇના અકાળ અવસાન બદલ શોક વ્યકત કરવા એક જાહેર સભા તા. ૨૬-૧૨-૫૦ ને મંગળવારે સાંજે છ વાગે, શ્રી જૈન યુવક સંઘના કાર્યાલયમાં, સંઘના પ્રમુખ શ્રી ચિમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપદે મળી હતી. એ પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો, સંઘનાં સભ્યો તથા અન્ય ભાઇબહેનો સારી સંખ્યામાં હાજર હતાં. કાર્યાલયમાં સરદારશ્રીની હાસ્ય વેરતી અને સોના નમસ્કાર ઝીલતી છબી ઊંચા આસને મૂકવામાં આવી હતી.

કાર્યની શરૂઆત થતાં, પ્રમુખસ્થાનેથી નીચેનો ઠરાવ રજૂ થયો હતો :—

" શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૬-૧૨-૫૦ ને મંગળવારના રોજ મળેલી આ સભા, સરદારશ્રી વલ્લભભાઇ પટેલના અવસાન પરત્વે અત્યંત શોકની લાગણી પ્રકટ કરે છે. તેઓ વર્તમાન આઝાદ ભારતના એક પ્રમુખ શિલ્પી હતા. તેમણે ખંડિત ભારતને અખંડિત બનાવ્યું અને રાષ્ટ્રના ભિન્ન ભિન્ન પ્રદેશોને એકસૂત્રે સુગ્રથિત કર્યા. આ રીતે હિંદના ઇતિહાસમાં તેમનું નામ ચિરકાળ માટે સુરક્ષિત બન્યું છે. શ્રીમતી મણિબહેન તથા શ્રી ડાહ્યાભાઇ પટેલ પ્રત્યે આ સભા ઊંડા દિલની સહાનુભૂતિ પાઠવે છે અને સરદારશ્રીના આત્માને શાશ્વત શાંતિ મળે એવી આ સભા અંતરથી પ્રાર્થના કરે છે."



ઠરાવ પર બોલતાં શ્રી ચિમનલાલ શાહે જણાવ્યું કે, "સરદારશ્રીને અવારનવાર મળવાનું થયેલું, પણ છેલ્લો મળ્યો હું ૨૮ મી ઓકટોબરે. અમે ન્યુઝીલેન્ડમાં ભરાનારી કોમનવેલ્થની પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં જવાના હતા; તે અંગે સરદારશ્રીને મળવાનું હતું સરદારશ્રીએ ત્યારે આ કોન્ફરન્સનું મહત્ત્વ અમને સમજાવ્યું હતું અને તેનો પૂરો અહેવાલ મોકલવા જણાવ્યું હતું. ગઇ ૧૩ મી તારીખે મેં કોન્ફરન્સ વિષેની પૂરી માહિતી તેમને મોકલેલી, પણ તે તેમને મળે તે પહેલાં તો તેઓ વિદાય થઈ ગયા.

" ૧૯૪૭ માં તેમના અંગત પરિચયમાં આવ્યો—જૂનાગઢ પાકિસ્તાન સાથે સંકળાશે શું, એ હવા ફેલાઇ રહી હતી ત્યારે. ત્યારે તેમની શકિતનો અને કામ કરવાની રીતનો પરિચય થયો. ત્યાંસુધી સરદારના કાર્ય વિષે ખૂબ સાંભળેલું, પણ ત્યારે તેમના કોમળ દિલનો પણ પરિચય થયો. કલાક સુધી તે સૌને સાંભળે, અને છેવટે બોલનારને તો બે-પાંચ વાકયમાં જ જવાબ મળે. જે કોઇ તેમની પાસે માર્ગદર્શન માટે જાય, તે સૌ કોઇ મૂંઝાણની કે પ્રશ્નની રજૂઆત કરે; સરદાર ટૂંકમાં માર્ગદર્શન આપી પણ દે. પરંતુ તેમના કડપ પાસે કોઇ વધુ વિચારે નહિ કે દલીલ ન કરે; જોકે તેમનાથી દૂર ગયા પછી નવો વિચાર કરવાનું સૂઝે.

" વ્યકિતને ઓળખવાની તેમની શકિત અદ્‌ભુત હતી. ઓળખ આપતામાં ગાંધીજી છેતરાતા નહિ, અને જેને ઓળખી લેતા તેના પર પૂરો વિશ્વાસ મૂકતા; સરદારનું પણ તેવું જ હતું. પરંતુ સરદાર વિશ્વાસ મૂકતાં પહેલા ખૂબ વખત લગાડતા.

" નિર્ણય કરવાની તેમની શકિત પણ અજબ હતી. જૂનાગઢના વિજયના સમાચાર અમે સૌ તેમને આપવા ગયા; અને જૂનાગઢ આપે આવવું જ જોઇએ એવો આગ્રહ કર્યો. અમને સૌને સાફ ના કહી, પણ જ્યારે મેનને કહ્યું ત્યારે કંઇ નિર્ણય કર્યો હોય તેમ એકદમ પૂછયું: 'સેમનાથ ત્યાંથી કેટલું દૂર ?

જવાબ મળ્યોઃ 'સાઠ માઇલ.' "ત્યાં જવાનો રસ્તો ?" રસ્તો ઠીક છે; એવો ખુલાસો મળતા જૂનાગઢ જવાનું નક્કી કરી દીધું; અને શ્રી ગાડગીલને લઇ સોમનાથ પણ જઇ આવ્યા. મંદિર પાસે જ જાહેર સભા ભરાઇ હતી, તેમાં તેમણે મંદિરના જિર્ણોદ્ધારની વાત કરી, અને એ કાર્ય પ્રજાએ ઉપાડી લેવું જોઇએ એમ કહી ફંડની ત્યાં જ શરૂઆત કરી દીધી.

"અંગ્રેજો હિંદ છોડીને ગયા ત્યારે બે પ્રશ્નો બળતા મૂકી ગયા—એક મુસ્લિમોનો, બીજો દેશી રાજ્યોનો બેય પ્રશ્નો ગૂંચવણભર્યા હતા; મૂંઝવણભર્યા હતા. રાજકીય ગૂંચો ઉકેલનારા પણ એમ કહેતા હતા કે, આ બે પ્રશ્નો પર હિંદનું નાવ ખરાબે અથડાઇ ભુક્કો થશે. પણ સરદારે એ બન્ને ગૂંચોને સાવચેતીથી કુનેહપૂર્વક ઉકેલી. ૧૯૪૭ ના જૂનમાં હિંદના ભાગલા થવા દેવા એવો નિર્ણય લેવાયો; ૧૫ મી ઓગસ્ટે સ્વાતંત્ર્ય મળ્યું; હિંદના ભાગલા પડયા અને દેશી રાજ્યો સ્વતંત્ર થયા—રાજ્વી ખટપટ શરૂ થઇ ગઇ. હિંદુસ્તાનના પ્રશ્નો તે સમયે જવાળામુખી પર હતા ત્યારના અંધકારનો આપણને ખ્યાલ પણ નહિ આવે. પરંતુ સરદારે, તેમના સાથીઓના સહકારથી અને બાપુજીના આશીર્વાદથી ૫ નવેમ્બર સુધીમાં સ્વતંત્ર રાજ્યોનો જાણે કે નિવેડો આણી દીધો. ત્યાંસુધીમાં લગભગ મોટા ભાગનાં રાજ્યોએ હિંદ સાથે જોડાવાનું નક્કી કરી દીધું. પછી આવ્યું જોડાણ. ઓરિસ્સાના રાજ્યોને પ્રાંત સાથે ભેળવી દેવાનાં પગરણ મંડાયા; અને તેમાંથી સજ્જડ સૌરાષ્ટ્રના એકમની કલ્પના. જૂનાગઢમાં પ્રજાના વિજયે હિંદી રાજ્વીઓમાં ફડક પેસાડી, અને આ ફડકનો સરદારે પૂરો લાભ લીધો. ધીમે ધીમે એકેએક સ્વતંત્ર રાજ્યનું વિલિનીકરણ થયું, અને હિંદ એક અને અવિભાજ્ય બન્યું.

"૧૯૪૨ની લડત શરૂ થાય તે પહેલાં બારડોલીમાં કાર્યકરોની એક ખાનગી મીટીંગ હતી. તે સમયે લીંબડીમાં પ્રજાની લડત ચાલતી હતી. તેથી અમે કેટલાક એ પ્રશ્ન અંગે માર્ગદર્શન મેળવવા બારડોલી ગયા. અમે જોયું કે ૧૯૪૨માં લડત શરૂ કરવા અંગે તીવ્ર મતભેદ હતો. જવાહરલાલ અને રાજાજી પણ વિરૂદ્ધ હતા. તેમની વિચારસરણી આવી હતી કે, અંગ્રેજ સરકાર ભીડમાં છે તેવે સમયે આપણે સત્યાગ્રહદ્વારા તેને મૂંઝવીશું તો બીજાં દશ વર્ષ સુધી પણ આપણને તે નહિ સાંભળે. સરદાર પણ કંઇક આવા મતના હતા. માત્ર ગાંધીજી એમ માનતા હતા કે, લડત માટે આના જેવો બીજો કોઇ યોગ્ય સમય નથી. સરદાર ગાંધીજીના મતને મળતા નહોતા, છતાં ગાંધીજીએ નિર્ણય કર્યો એટલે તેમને મન આજ્ઞા થઇ ગઇ. બારડોલીમાં દોઢ કલાક સુધી ગાંધીજીના નિર્ણયને તેમણે સમજાવ્યો, અને તેમાં સૌનો સાથ માગ્યો. આ દૃષ્ટિએ ગાંધીજીના તેઓ સાચા ભકત હતા.

"ગાંધીજીના અવસાન પછી તેઓ લગભગ ત્રણ વર્ષ જીવ્યા, પણ તેમને વધુ જીવવું પસંદ નહોતું. તેઓ કહેતા કે, 'મારે તો બાપુની પછવાડે જવું જ જોઇએ; માત્ર જે કાંઇ બાકી રહ્યું છે તે પૂરું કરીને. દૃઢ ઇચ્છાશકિતના જોરે તેઓ જીવ્યા, અને અધૂરા કાર્યને પૂરું કર્યું પણ ખરું.

"૧૯૪૭ ના ઓગસ્ટથી નવેંબર સુધીમાં લાખો નિરાશ્રિતો દિલ્હીમાં આવી વસ્યા. આ નિરાશ્રિતોએ દિલ્હીમાં મોટું તોફાન કર્યું. ગાંધીજી તે વખતે ત્યાં હાજર હતા. સરદાર એ પ્રસંગે કહેતા કે, 'જો હિંદનું પાટનગર સળગશે તો હિંદને સળગતું કોઇ રોકી શકવાનું નથી.' આથી તેમણે ત્યારે મજબૂત હાથે કામ લીધું. મુસ્લિમોને મારવાની વૃત્તિએ જોર કર્યું ત્યારે તેમણે નિરાશ્રિતો પર પૂરો કડપ બેસાડી દીધો; ને મુસ્લિમોને બચાવી લીધા. આ કાર્યમાં ગાંધીજીની તેમને પૂરી સહાયતા મળી. પોતાનો અવાજ ન ચાલતો તોપણ ગાંધીજી નિરાશ્રિતોથી ચીંથળાયેલા જ રહેતા અને ઝેરવેરને સમાવી.

સ્વ. છોટુભાઈ પુરાણી

જે શુક્રવારે સરદારશ્રીએ આપણી સૌની વચ્ચેથી વિદાય લીધી એની પછીના જ શુક્રવારે સરદારશ્રીના એક વખતના નિકટના સાથી શ્રી છોટુભાઇ બાલકૃષ્ણ પુરાણીએ પણ સૌને વંદના કરી સરદારશ્રીના રસ્તે પ્રયાણ કર્યું. માત્ર આઠ જ દિવસમાં ગુજરાતે પોતાના બે સુપુત્રો ગુમાવ્યા. સરદારશ્રીના અવસાનથી ગુજરાત ગરીબ બન્યું જ હતું; શ્રી છોટુભાઇના અવસાનથી વધુ ગરીબ બન્યું.

ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના પ્રાણ તરીકે તેમની કીર્તિનો ખ્યાલ હતો, પણ તેમનો પરિચય થયો ૧૯૪૨ ની લડતમાં. અમદાવાદ મ્યુનિસિપાલિટીની હડતાલના એક મુખ્ય કાર્યકર્તા તરીકે મારે બેત્રણ વાર તેમને મળવાનું થયું. જેમને પકડવા માટે ભારત સરકારે પાંચ હજાર રૂપિયાનું ઇનામ કાઢેલું, તેમને પ્રથમ મળતાં ખૂબ સંકોચ થયો; પરંતુ બીજી વાર મળ્યા પછી, તેમના ચિત્ત પર દૃઢ છાપ અંકિત થઇ. મકકમ નિર્ણય, અને ગમે તેવું જોખમ હોય તોય પહેલાં પોતે ઝુકાવવા તૈયાર; આ ગુણને લીધે કાર્ય કરનારાઓનો તેમને પૂરો સાથ મળ્યો; અને ૪૨ની લડતમાં સરકારને તેમણે હંફાવી.

૧૯૪૨ ની લડત સંકેલાઇ ત્યાર પછી, રાજકોટથી હું અમદાવાદ આવતો હતો ત્યારે અમે બન્ને વીરમગામ સ્ટેશને એક જ ડબ્બામાં! પણ ખબર નહિ. અજવાળું થયું ત્યારે એકબીજાની નજર એક થઇ અને મારાથી પૂછી જવાયું: "આમ કયાંથી ?" ત્યારે તો તેમના વિચારો વધુ ઉદ્દામ બન્યા હતા. ગુજરાતની નેતાગીરીમાંથી તેમનો વિશ્વાસ ઊઠી ગયો હતો;

વ્યાયામ પ્રવૃત્તિના પ્રણેતા એ ગુજરાતીઓ—એ તે બન્ને ભાઇઓ જ—શ્રી છોટુભાઇ પુરાણી અને શ્રી અંબુભાઇ પુરાણી. વડોદરામાં સૌ પહેલી વ્યાયામશાળાની સ્થાપના આ બે ભાઇઓએ કરેલી; પણ બન્ને ભાઇઓની પ્રવૃત્તિ નિરાળી થઇ ગઇ. શ્રી અંબુભાઇ પોંડીચેરી જઇ વસ્યા અને આધ્યાત્મિક માર્ગે વળ્યા. શ્રી છોટુભાઇએ ગુજરાતની સેવા કરવાનું સ્વીકાર્યું અને સમાજવાદી પક્ષના ગુજરાતના એક આગેવાન બન્યા. ગુજરાતી યુવાનોનો બાંધો સુદૃઢ કરવા કમર કસી; રેલ સંકટ વખતે પીડિત જનતાની વહારે ધાયા; તો આઝાદીની લડતમાં, તેના વિરોધી બળો તોડવામાં પોતાની કાયાને ઘસી નાખી.

મુંબઇમાં તેમને અવારનવાર મળવાનું થતું. વિચારોમાં મતભેદ હોવા છતાં તેઓ કદી અસહિષ્ણુતા બતાવતા નહિ, એટલું જ નહિ, સમાજવાદી પક્ષમાં ભળવાનું પણ ઉચ્ચારતા નહિ. તેમના દિલમાં એક જ વ્યથા હતી: "નાનકડા નેતાઓથી શોભી રહેલું ગુજરાત કયારે સુદૃઢ થઇ શકશે?"

સત્તાનો તેમને મોહ નહોતો; કીર્તિની તેમને ખેવના નહોતી; કુટુંબકબીલાની ચિંતા છોડી ગુજરાત માટે ત્રીસ વર્ષથી તેમણે ભેખ ધારણ કર્યો હતો. આજનું ગુજરાત તેમનાથી ઊજળું હતું. તેમના અવસાનથી ગુજરાતે એક કાર્યકર, ક્રાંતિકારી રાષ્ટ્રભકત અને વ્યાયામ વીર ગુમાવ્યો છે. **ધીરજલાલ ધનજીભાઈ શાહ**

દઇ, શાંતિથી—પ્રેમથી રહેવાનું શીખ નિરાશ્રિતોને ઉપદેશના. આમ સરદાર અને જવાહરલાલજીએ બધાં સાધનોને કામે લગાડી ગાંધીજીની ઇચ્છાનું પાલન કર્યું.

"સરદારશ્રીનું જવાથી, એ મહાપુરૂષની જગા ખાલી પડી જ છે, પરંતુ આપણે તેમના જીવનમાંથી એક બોધપાઠ લઇએ અને તે આપણા પગ પર ઊભા રહેવાનો."

સૌએ મૌનપૂર્વક સરદારશ્રીને અંજલિ અર્પી હતી; અને ત્યારબાદ સભા વિસર્જન થઇ હતી.

કેટલાક સમાચાર અને નોંધ

સમયને ઓળખો અને દાનપ્રવાહની દિશા બદલો

જામનગર મુકામે તા. ૨-૧૨-૫૦ ના રોજ મળેલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની અખિલ ભારત સમિતિના અધિવેશનમાં પ્રમુખસ્થાનેથી શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલે આપેલા વ્યાખ્યાનમાંથી નીચેનો ભાગ આજના સમાજે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે:

"મધ્યમ વર્ગની સ્થિતિ દિનપ્રતિદિન કલ્પનામાં પણ ન આવે તેવી નાજુક બનતી જાય છે. આપણા સમાજના સૌથી બુદ્ધિશાળી અને મહત્ત્વના આ વર્ગ ઉપર આર્થિક બોજો અસહ્ય છે. એમનું જીવનધોરણ ખૂબ નીચે પડયું છે. એમની શારીરિક શક્તિ ઘટતી જાય છે. એમના મોટા ભાગની બચત વપરાઈ ગઈ છે અને તાત્કાલિક જરૂરિયાતો પૂરી પાડવા માટે કુટુંબ તથા વૃદ્ધાવસ્થા અંગે કરેલી જોગવાઈમાં એમને મોટો કાપ મૂકવો પડે છે. ફકત જૈન કોમમાં જ નહિ પણ આખા દેશમાં મધ્યમ વર્ગની આ સ્થિતિ પ્રવર્તી રહી છે. સરકાર જીવનની જરૂરિયાતોની વસ્તુઓમાં ત્રીસથી ચાલીસ ટકા ભાવ ઘટાડી શકે તો જ આ વર્ગ છુટકારાનો દમ ખેંચી શકે.

"મધ્યમ વર્ગ અંગે કોન્ફરન્સે આ સાલ ટૂંકા ગાળાની યોજના ઘડી ત્રણ રકમો ઉપર તેણે કાર્યવાહી શરૂ કરી છે. આપણા આવતા અધિવેશન વખતે લાંબા ગાળાની આવી યોજનાઓ ઘડી આપણે વધુ રચનાત્મક કાર્ય તરફ વળીએ તે માટે આપણે અત્યારથી જ વિચારણાઓ કરવાની રહે છે. દરેક કુટુંબનો દરેક સભ્ય પોતે કુટુંબની આવકમાં કઈ રીતે ઉમેરો કરી શકે, તે માટે નાના નાનાં ગૃહઉદ્યોગો તરફ આપણે નજર નાંખવાની છે. આ કાર્ય નવું નથી, છતાં સમગ્ર જૈન સમાજમાં જુદી જુદી શક્તિઓ ધરાવતો વર્ગ અંતઃકરણપૂર્વક સહકાર આપવાનો દૃઢ નિશ્ચય કરે તો આ કાર્ય મારી નજરે સામાન્ય છે. ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી આખો દાનનો ચીલો આપણે ધાર્મિક ફરજ તરીકે બદલાવીએ તો જ આ કાર્ય આપણે પાર પાડી શકીએ તેમ છીએ.

"દરેક શ્રીમંત એમ મન ઉપર લે કે મારા દાનની લગભગ પોણી રકમ પાંચ વર્ષ સુધી કોન્ફરન્સ, લાંબા ગાળાની જે યોજના ઘડે તેને આગળ ધપાવવામાં વાપરવાની મારી પ્રથમ ફરજ છે; તો જ આ કાર્ય હાથ ધરી શકાય અને પાર પાડી શકાય.

"આપણો પૂજ્ય મુનિવર્ગ તેમના વ્યાખ્યાનના સમયમાંથી અડધો સમય શ્રીમંતો અને શ્રદ્ધાળુ વર્ગને એ જ સલાહ આપે કે તેમના દાનનો પ્રવાહ સમાજના અતિ ઉપયોગી ગણાતા અને ખાતે ક્ષેત્રના પ્રાણવાયુ સમાન શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને મજબૂત કરવામાં જ વાળે તો જ આ કાર્ય હાથ ધરી શકાય અને પાર પાડી શકાય.

"વ્યાવહારિક કે ધાર્મિક ઉત્સવો, પાંચ વર્ષ સુધી સંપૂર્ણ સાદાઈથી અને ફકત ખપ પૂરતું જ ખર્ચ કરવાની અને કરાવવાની જૈન સંઘ પ્રતિજ્ઞા લે તો જ આ કાર્ય હાથ ધરાય તેમ છે. આવી પ્રતિજ્ઞા આપણે સર્વેએ વહેલી કે મોડી લીધે જ છુટકો છે. વાર્યા નહિ તો હાર્યા આપણે વળવું જ પડશે. આ તો આપણા ઉપર આપત્તિકાળ છે અને આપત્તિકાળમાં ફેરફારો પણ આપણે વ્યવહારમાં કયાં નથી કરતાં?

"હું આખા દેશની જૈન જનતાને હૃદયની ઊંડી લાગણીથી અપીલ કરું છું કે આપણા દરેક ઉત્સવોને સાદાઈથી ઊજવો, તે માટે તમારી લાગવગોનો ઉપયોગ કરો અને સમાજની પાઈએ પાઈ બચાવી જુનાગઢનું અધિવેશન જે આદેશ કરે તે તરફ નાણાં આપો. આ નાણાં સાતે ક્ષેત્રને પોષનારાં બે ક્ષેત્રોને આપવાનાં છે. આ નાણાં સમાજની કરોડરજ્જુને મજબૂત કરવામાં વાપરવાના છે. આમાં આળસ કે બેદરકારી કરીશું તો ભવિષ્યનો જૈન સમાજનો ઇતિહાસ આપણા માટે આંસુ પાડશે અને કદાચ ભાવી પ્રજા ગુસ્સામાં આપણને સમાજદ્રોહી પણ કહેશે. જે કહેવાનો તેમને પૂરેપૂરો અધિકાર છે."

ઉપરની અપીલ જૈન સમાજનો મુનિવર્ગ તથા શ્રીમંત અને શ્રદ્ધાળુ શ્રાવક વર્ગ ધ્યાનમાં લે અને દાનની દિશા બદલવા તરફ વળે તો જ આજે ડુબી રહેલો મધ્યમ વર્ગ જેમાં આખા જૈન સમાજનો સમાવેશ થાય છે તેના બચાવની કાંઇક આશા બંધાય.

શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ સ્કુલનો સુવર્ણમહોત્સવ

શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ સ્કુલે ગયા ડીસેંબર માસની તા. ૨૩ મી તથા ૨૪ મીએ પોતાનો સુવર્ણ મહોત્સવ ઊજવ્યો. આ સંસ્થાની સ્થાપના આજથી ૫૦ વર્ષ પહેલા સદ્‌ગત શેઠ માણેકચંદ હીરાચંદ ઝવેરીએ કરી હતી. એ એક એવો સમય હતો કે સાધારણ સમાજ અને તેમાં પણ આપણો જૈન સમાજ ઉચ્ચ કેળવણી તરફ બહુ ઓછો વળ્યો હતો અને એ દિશાએ આપણું કાંઇ કર્તવ્ય અને જવાબદારી છે આવું ભાન આપણા શ્રીમાન વર્ગમાં ભાગ્યે જ સ્ફૂર્યું હતું. મુંબઇમાં ઉચ્ચ શિક્ષણ લેવા આવતા વિદ્યાર્થીઓ માટે બહુ જ ઓછી સગવડ હતી. તેમાં પણ જૈન વિદ્યાર્થીઓ માટે તો કોઇ પણ પ્રકારની સગવડ હતી જ નહિ. આવે વખતે દુરંદેશી વાપરીને શેઠ માણેકચંદ પાનાચંદે આ દિશાએ શરૂઆત કરી અને સૌથી પહેલાં તારદેવ બાજુ આવેલા એક ૨૬૦૦ વારના પ્લોટમાં આ સંસ્થાની સ્થાપના કરી. પ્રારંભમાં આ બોર્ડીંગમાં કક્ષા પણ ભેદભાવ સિવાય દરેક ફિરકાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા; પણ પાછળથી દિગંબર વિદ્યાર્થીઓની માંગ પુષ્કળ વધી પડવાથી દિગંબર જૈન સિવાયના જૈન વિદ્યાર્થીઓને લેવાનું સંસ્થાના સંચાલકોએ-મૂળ દાતા અને સ્થાપકના વિચારો ધ્યાનમાં લઇને-બંધ કર્યું. આમ છતાં પણ આજ સુધીમાં આ સંસ્થાનો કુલ ૬૩૨ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે તેમાં ૨૦૮ વિદ્યાર્થીઓ શ્વેતાંબર વિભાગના છે અને બાકીના દિગંબર વિદ્યાર્થીઓ છે. સામાન્યતઃ એક જ વિભાગના વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખીને ઊભી કરવામાં આવેલી આ સંસ્થા શ્વેતાંબર વિભાગના વિદ્યાર્થીઓની આવડી મોટી સંખ્યાને અવલંબનરૂપ થઇ પડે એ આ સંસ્થાના સંચાલકોને માટે કાંઇ ઓછું પ્રશંસાયોગ્ય નથી.

હાલના ભાવે આ સંસ્થાના ટ્રસ્ટની સ્થાવર મિલકતોની કિંમત લગભગ દસ લાખ રૂપિયા જેટલી થવા જાય છે. બોર્ડીંગના મુખ્ય મકાનને ભોંયતળિયા ઉપરાંત બે માળ છે, જેમાં ૭૫ વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ છે. આજે વિદ્યાર્થીઓની જરૂરિયાતના પ્રમાણમાં આ સગવડ ઘણી અલ્પ છે. સદ્‌ભાગ્યે આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે આ મુખ્ય મકાનમાં એક માળ વધારી શકાય એ હેતુથી શેઠ હીરાચંદ ગુમાનજીના પૌત્ર શેઠ ઠાકોરભાઇ પાનાચંદ તરફથી રૂ. ૫૦૦૦૦ ની સખાવત જાહેર કરવામાં આવી છે; જે માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે.

પ્રસ્તુત સુવર્ણ મહોત્સવ પ્રસંગે બે દિવસનો મનોરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ બન્ને દિવસના સંમેલનમાં પ્રમુખસ્થાને સર હુકમીચંદજીના સુપુત્ર શેઠ શ્રી રાજકુમારસિંહ બિરાજ્યા હતા. પહેલા દિવસના સંમેલન દરમિયાન આદ્યસ્થાપકોમાંના એક સ્વર્ગસ્થ શેઠ પ્રેમચંદ મોતીચંદ તથા આ સંસ્થાના મંત્રી તરીકે સતત ૪૨ વર્ષ સુધી સેવા કરનાર શેઠ ઠાકોરલાલ ભગવાનદાસ ઝવેરીનાં તૈલચિત્રોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. બીજા દિવસના મનોરંજક કાર્યક્રમના ગાળામાં સંસ્થાના પચ્ચાસ વર્ષના વૃત્તાન્તનું વાચન, પ્રસંગોચિત વિવેચનો, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન વગેરે કાર્ય થયું હતું. આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે એક અતિ

સુશોભિત ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ રીતે આખો સુવર્ણ મહોત્સવ સફળતાપૂર્વક પાર પડયો હતો. અને તેનો યશ તેને લગતી સમિતિ અને ખાસ કરીને તે સમિતિના મંત્રીઓ શ્રી. મોહનલાલ કાળીદાસ શાહ, શ્રી. રમણીકલાલ વિ. શાહ, શ્રી. ગુણવન્તલાલ પી. શાહ, તથા શ્રી. હીરાલાલ સી. શાહને ફાળે જાય છે.

મુંબઇની કોલેજોમાં ભણવા ઇચ્છતા જૈન વિદ્યાર્થીઓને રહેવાખાવાની સગવડ આપવાની શરૂઆત આજથી પચ્ચાસ વર્ષ પહેલાં આ સંસ્થાએ કરી. એ વખતે કોઇ પણ જૈન વિદ્યાર્થીનું આ સંસ્થા એક માત્ર પરમ અવલંબન હતું. સમયાન્તરે મુંબઇ શહેરમાં એક પછી એક વિદ્યાર્થીગૃહો જૈન વિદ્યાર્થીઓ માટે નિર્માણ થવા લાગ્યાં. આજે મુંબઇમાં આવી બીજી ચાર સંસ્થાઓ વિદ્યાર્થીઓને આશ્રય આપી રહી છે. પ્રસ્તુત સંસ્થાનો લાભ હાલ ઘણું ખરૂં માત્ર દિગંબર વિદ્યાર્થીઓને જ મળે છે; સ્વ. ગોકુળભાઇ મૂળચંદ હોસ્પિટલ તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલય શ્વેતાંબર જૈન વિદ્યાર્થીઓની જરૂરિયાતોને પહોંચી વળવા પ્રયત્ન કરે છે. સર ચુનીલાલ ભાઇચંદ વિદ્યાર્થીગૃહ સ્થાનકવાસી વિદ્યાર્થીઓને સગવડ આપે છે. સંયુકત જૈન વિદ્યાર્થી–ગૃહમાં કોઇ પણ ફિરકાના જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. પ્રત્યેક સંસ્થાનું આન્તર્ગત સંચાલન ભલે ભિન્ન ભિન્ન વ્યવસ્થાપક મંડળના હાથમાં રહ્યું; આમ છતાં પણ વિદ્યાર્થી–જીવનનાં કેટલાયે પ્રશ્નો સર્વસામાન્ય હોય છે. આ દૃષ્ટિએ તેમ જ જૈન સમાજની એકતાની દૃષ્ટિએ સર્વ સંચાલકોનું શકય તેટલું એકીકરણ થવાની ખાસ જરૂર છે. સાથે સાથે આ બધા વિદ્યાર્થીગૃહોમાં વસતા વિદ્યાર્થીઓ વચ્ચે પણ ભ્રાતૃભાવ કેળવાય એ હેતુથી સંગઠન ઊભું થવાની ખાસ આવશ્યકતા છે. કેટલીયે પ્રવૃત્તિઓ તેમ જ અવારનવાર નાનાં મોટાં પર્યટનો સાથે મળીને તેઓ યોજી શકે છે. આ દિશા તરફ આ પ્રસંગે પ્રત્યેક વિદ્યાર્થીગૃહના સંચાલકોનું તેમ જ વિદ્યાર્થીઓનું આ બાબત તરફ ધ્યાન ખેંચાય અને કોઇ સક્રિય યોજના બધાંને નજીક લાવે એવી ઊભી થાય તો તે બહુ આવકારદાયક લેખાશે.

શેઠ હીરાચંદ ગુમાનજી બોર્ડીંગ આમ તો સમગ્ર દિગંબર જૈન સમાજની એક જાહેર સંસ્થા છે એમ છતાં આજ સુધીની કાર્યવાહી, ટ્રસ્ટીમંડળની રચના વગેરે એક એવી છાપ ઊભી કરેછે કે આ સંસ્થાની આખી જવાબદારી જાણે કે શેઠ હીરાચંદ ગુમાનજીના કુટુંબીઓની જ માત્ર છે. સંસ્થાને જો આ કુટુંબીઓ દાન આપે તો જ સંસ્થાનો વિકાસ થાય; નહિ તો જ્યાં છે ત્યાં જ ઊભી રહે. આવી પરિસ્થિતિ નથી એ કુટુંબ માટે ઇચ્છવાયોગ્ય કે નથી દિગંબર સમાજ માટે ઇચ્છવાયોગ્ય. શેઠ હીરાચંદ ગુમાનજીના કુટુંબીઓએ આ સંસ્થા માટે ઘણું કર્યું છે; શેઠ માણેકચંદ હીરાચંદે આ બાજુના દિગંબર સમાજની જે અનેકવિધ સેવાઓ કરી છે તેનું મૂલ્ય થઇ શકે એમ છે જ નહિ. દિગંબર સમાજે આ સંસ્થાને પૂરા દિલથી અપનાવવી જ જોઇએ. સાથે સાથે આ સંસ્થાના આજના સંચાલકોને આટલી વિનંતિ કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય કે દિગંબર સમાજનું આ સંસ્થા સાથે તાદાત્મ્ય કેળવવાની દૃષ્ટિએ સંસ્થાના બંધારણમાં, ટ્રસ્ટીમંડળની રચનામાં કે વ્યવસ્થાપક મંડળના આકારમાં–જ્યાં જે કોઇ ફેરફારની આવશ્યકતા હોય ત્યાં તેવો ફેરફાર વિનાવિલંબે કરી લેવો અને સંસ્થાના સંચાલન તથા ભાવી વિકાસની આખી જવાબદારી આખા દિગંબર જૈન સમાજની છે અને એ જવાબદારી સ્વીકારીને જ દિગંબર જૈન સમાજ સ્વ. શેઠ માણેકચંદ હીરચંદ પ્રત્યેનું ઋણ કંઇક અંશે અદા કરી શકશે એવું દિગંબર સમાજને સચોટ ભાન કરાવવું.

મુંબઇના જૈન વિદ્યાર્થીગૃહોમાં સૌથી વધારે વડીલ એવી આ સંસ્થા ઉત્તરોત્તર ઉન્નતિને પામતી રહે અને માત્ર દિગંબર વિદ્યાર્થીઓ જ નહિ પણ પ્રારંભની પરિપાટીને પુનર્જીવિત કરી જૈન સમાજના સમસ્ત વિદ્યાર્થીગણને ઉપકારક બને એવી પ્રવૃત્તિઓ હાથ ધરતી થાય એવી અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય વાર્ષિક સમારંભ

ગયા ડીસેંબર માસની ૨૩ તથા ૨૪ મી તારીખે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વાર્ષિક સમારંભ ઊજવવામાં આવ્યો હતો. ૨૩ મી તારીખના રોજ વિદ્યાર્થીઓનું રમતગમતનું સંમેલન ડો. મોહનલાલ શાહના પ્રમુખપણા નીચે ગોઠવવામાં આવ્યું હતું અને વિવિધ પ્રકારની રમતોમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. બીજે દિવસે સાંજે શેઠ મોહનલાલ મગનલાલના પ્રમુખપણા નીચે એક સુન્દર મનોરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો આ કાર્યક્રમ દરમિયાન શ્રી ચંદ્રકાન્ત મહેતાનું 'દિવેદારતાં હવાશ' એ નામનું તથા શ્રી. ચંદ્રવદન મહેતાનું 'ધારાસભા' એ નામનું —એમ બે નાટકો વિદ્યાર્થીઓએ ભારે સફળતાપૂર્વક ભજવી બતાવ્યા હતા. એક નાટકમાં આપણી આજની સર્વવ્યાપી નૈતિક અધોગતિનું દર્શન કરાવવામાં આવ્યું હતું. નાટકની વસ્તુ ગંભીર અને કટાક્ષપૂર્ણ હતી. બીજું નાટક હળવા પ્રકારનું હતું અને આજની ધારાસભામાં ઘણી વખત નાની વાતને મોટું રૂપ આપી સમય, શકિત તેમ જ ધનનો જે વ્યય કરવામાં આવે છે અને જે અનર્થ ટાળવાનો પ્રયત્ન કરવાનો દેખાવ કરવામાં આવે છે તે જ અનર્થ વધારે ને વધારે ગંભીર સ્વરૂપ પકડતો જાય છે, તે બાજુનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાત શ્રી ગુણવન્ત શેઠે અનુકરણના અનેક પ્રયોગો રજુ કરીને આખી સભાને આનંદ-મુગ્ધ કરી હતી. વેશવૈચિત્ર્યના પણ ચાર સુન્દર નમૂના પેશ કરવામાં આવ્યા હતા. તદુપરાન્ત 'જીવન્ત મૂર્તિઓ' એ મથાળા નીચે આજની દુનિયા જે કટોકટીમાંથી પસાર થઇ રહી છે તેનું ભાન કરાવતા ચાર 'ટેબ્લો' ભારે લાક્ષણિક અને સભાજનોને ચકિત કરે તેવા હતા. આ બધા સાથે સરખાવતાં સંગીતનો વિભાગ પ્રમાણમાં નબળો હતો. આ વખતે આવો સુન્દર કાર્યક્રમ રજુ થઇ શક્યો તે અધિકારીઓ અને વિદ્યાર્થીઓના પરસ્પર મીઠા સહકારનું પરિણામ હતું. આવો સહકાર એકસરખો ચાલુ રહે અને ગાળે ગાળે વિદ્યાર્થી-ઓ દ્વારા આવા કાર્યક્રમો રજૂ થતા રહે એમ સૌ કોઇ ઇચ્છે.

પરમાનંદ

સંઘના સભ્યોને વિનંતિ

ગત વર્ષ સંવત ૨૦૦૬ ના ઘણા સભ્યોનાં લવાજમો હજુ બાકી છે. જે સભ્યે નાં લવાજમો આવેલ નથી તેમને ૨૬–૧૨–૫૦ ના રોજ પત્રો લખેલ છે, અને તેમાં લવાજમ અંગેનો બંધારણનો નિયમ પણ દર્શાવેલ છે. તો જે સભ્યોએ હજુ સુધી લવાજમો ભર્યા નથી તેમને વિનાવિલંબે લવાજમો મોકલી આપવા અથવા તો આવતી પંદરમી તારીખનો અંક વી. પી. થી મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

પ્રેમનું બળ

એકદા પાદરી ઊંચી ચઢે છે ટેકરી તદા
નિહાળે દૃષ્ય આશ્ચર્યે; બાળા વર્ષ સાતની
વર્ષ બેનું લઈ શિશુ ચઢે છે ખૂબ હાંફતી.
પાદરીએ કહ્યું, 'તારે કાજે ભાર વિશેષ આ,
તું હજુ બાળકી નાની'–ત્યાં તો શબ્દો રહે સરી:
'એ તો છે ભાઇ મારો. ના એનો ભાર મને જરી.'
પાદરી શોચતો ઉભો સુણી આ તત્ત્વસારને,
'બનાવે પ્રેમ તો પીંછું વજ્ર જેવાય ભારને.'

'સંસ્કૃતિ'માંથી સાભાર ઉધ્ધૃત ચંપકલાલ વ્યાસ

સાચી સાધુતા

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે, યોજાયેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. એરચ્ જહાંગીર તારાપોરવાલાએ આપેલ 'સાચી સાધુતા' એ વિષય પરના વ્યાખ્યાનની ભાઇશ્રી ભોગીલાલ ડગલીએ લીધેલી નોંધ પરથી. —તંત્રી]

દરેક ધર્મોમાં મૂળ વસ્તુ એક જ હોય છે; જે અનાદી કાળથી ચાલી આવે છે. તે તત્ત્વ એક જ છે–દર્શન. ડાહ્યા લોકો તેને જુદી જુદી રીતે વર્ણવે છે. અમુક ધર્મ કે દર્શનનું સ્થાપન આ સ્થળે થયું. ધર્મ અને દર્શનને તેઓ સંકુચિત દૃષ્ટિએ જુએ છે. તેમાં પ્રભુ પ્રત્યેની ભક્તિ નથી. ધર્મને સંપ્રદાય કે જાતિ ન હોઇ શકે. દરેક ધર્મ વિશ્વનાં બધા જીવો માટે છે.

ઘણીવાર જોઇએ છીએ કે અમુક ધર્મના અનુયાયીઓ એમ માનતા હોય છે કે, " મોક્ષનો અધિકાર અમારા ધર્મનું પાલન કરનારનો જ છે. અન્ય માણસે તેની ઇચ્છા ન કરવી. " મેં એક પુસ્તકમાં એક પાદરી વિષે વાંચ્યું હતું કે, આખા વિશ્વમાં માત્ર બે જ જણ તેના દૃષ્ટિએ મોક્ષના અધિકારી છે : તે છે તેઓ પોતે અને બીજાં તેમના પત્ની. તેમાં પણ તેઓ તેમના પત્ની માટે સંપૂર્ણપણે ખાતરી આપી શકતા નથી. ધર્મમાં આવી સંકુચિત દૃષ્ટિ ન હોઇ શકે. આજના આધુનિક જગતને આ પ્રથા ન પાલવે.

આપણે કોઇ પણ ધર્મનો ઇતિહાસ તપાસીશું તો એક વસ્તુ માલૂમ પડશે કે, ધર્મના સ્થાપન કાળમાં ધર્મનું રૂપ સર્વથી શુદ્ધ હતું. ધીમે ધીમે એ રૂપ નીચું પડતું ગયું. જે ઉચ્ચ આદર્શો સ્થાપકે બતાવ્યા તેને તે ધર્મના અનુયાયીઓ અને અનુસરનારાઓ અપનાવી ન શકયા, તેમ જ સ્થાપકનાં ઉપદેશને જીવનમાં ઉતારી ન શકયા. આજે પણ આપણે તે આદર્શો અપનાવી શકતા નથી; કેમકે આપણી શક્તિ ઓછી છે. ધર્મના સ્થાપકો મહાપુરૂષો અને સાધુઓ હતાં. તેમણે વિશ્વનું રહસ્ય જાણ્યું અને જીવનમાં ઉતાર્યું. તે પ્રમાણે અનુયાયીઓને સંદેશ કહ્યો. પરંતુ અફસોસની વાત છે કે આપણે તે ઝીલવાને લાયક રહ્યા નથી. તેઓ સદ્ગત થયા બાદ ધર્મમાં નીચતા આવી છે; અને તે તેનાં અનુયાયીઓએ જ આણી છે.

મૂળ ગ્રંથોમાં જે રીતે શબ્દોનો અર્થ થયો હોય તેને આપણે સંકુચિત રીતે ઘટાવીએ છીએ. અસંખ્ય સ્થાપકે શા અર્થે શબ્દ વાપર્યો અને સંદેશમાં શું શીખવ્યું તે તાત્પર્ય ગ્રહણ કરવું જોઇએ.

સાધુતા શબ્દ જૈન સમાજમાં વધુ પ્રચલિત છે. જેમ દરેક વનોમાં ચન્દનવૃક્ષ હોતાં નથી તેમ જગતમાં સર્વ સ્થળે સાધુઓ હોતા નથી. સાધુ તો વિરલ વ્યક્તિ જ હોઇ શકે.

સાધુતા જેવો અમારા જરથોસ્ત ધર્મમાં પણ શબ્દ છે, તે છે ' અસોહી. ' એનો અર્થ સાધુતા થઇ શકે. અસોહીનો અર્થ આજે સત્ય બોલે, દાન કરે, ધર્મનું પાલન કરે અને ધર્મની બાહ્યિક ક્રિયાઓ—જેવીકે, મંદિરે જવું, અમુક દિવસને પવિત્ર માનવો, ધર્મનાં મંત્રોનો પાઠ ભણવો, આવી ક્રિયાઓને ' અસોહી ' કહે છે. આ ક્રિયાઓને જીવનવ્યવહાર સાથે કશી લેવા દેવા નહિ. ધર્મનું રૂપ જીવનથી દૂર કરવું; ધર્મના અંચળો ઓઢી જગતને ધર્મનિષ્ઠ બતાવવી અને અમુક સમય માટે વેશ લેવો તેને આજે 'અસોહી' સમજે છે.

થોડા સમય અગાઉ ધર્મના રૂપનું બરાબર–સારી રીતે પાલન કરે તેને ' અસોહી ' કહેતા. એ સમયે બધા ધર્મગુરૂઓ પોતાને ' અસોહી ' કહેવડાવતાં. તેમની કલ્પના હતી કે અસોહી મોક્ષના અધિકારી છે. આથી તેઓ મોક્ષના અધિકારી ગણાતા અને તેઓ પ્રભુનાં દર્શન કરી શકે છે, એવો પ્રચાર કરતાં.

આજે તો ધર્મગુરૂઓ નામના જ છે. તેઓએ એ પદને ધંધા તરીકે સ્વીકાર્યું છે. જેમ વેપારી વેપારમાં છળકપટ કરે છે તેવી રીતે તેઓ પણ કયારેક છળકપટ કરે છે, કારણકે અંતે તો તેઓ પણ મનુષ્યો જ છે ને! ગુરૂનો વેશ પહેરવાથી સાધુ કે મહાત્મા બની શકાતું નથી.

મોક્ષનો કે પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો અધિકાર ધર્મક્રિયા કરવાથી કે ધર્મની માન્યતા ધરાવવાથી પ્રાપ્ત થતો નથી.

આજથી બે હજાર વર્ષ પહેલાં ' અસોહીનો ' અર્થ એ હતો કે સાચું જીવન–સત્યની ઉપર રચાયેલું જીવન જીવવું. ક્રિયાકાંડમાં શુધ્ધિ અને જરથોસ્તે બતાવેલ માર્ગનું પાલન તેમ જ શરીરશુધ્ધિ ઉપરાંત મનની શુદ્ધતા જાળવે એને ' અસોહી ' કહેતાં.

એથી પણ આગળ જઇએ તો જે દિવ્ય શક્તિની અમારા મંત્રમાં આરાધના કરી છે તેમને ' અસોહી ' કહે છે–જેમણે પ્રભુનાં નિયમોનું સંપૂર્ણ પાલન કરીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અગ્નિ, વાયુ અને સમુદ્રને માટે પણ ' અસોહી ' શબ્દ વાપરી શકાય.

અમારા મંત્રોમાં બે વસ્તુઓ આવે છે–(૧) એક જ ભાગ છે તે અસોહીનો; બીજા બોટા છે. (૨) હે પ્રભુ! અસોહીથી અમે તારા દર્શન કરીએ, તારી પાસે જઇએ, તારી સાથે ભળી જઇએ.

આપણે પ્રભુનાં દર્શન કરી શકીએ; એકરૂપ બની જઇએ. જીવનની અંતિમ ક્ષણે એથી વધુ કયો નિર્ણય હોઇ શકે? એ ધ્યેયને પહોંચવા માટે પ્રભુનાં નિયમોનું પાલન કરવું જોઇએ.

સૃષ્ટિસર્જનહારે વિશ્વની રચના કરી તેમાં તેની કાંઇક તો ઇચ્છા હશે જ. એ ઇચ્છા એ કે, બધા જીવો જે મૂળમાંથી નીકળેલાં છે તે છેવટે તેમાં સમાઇ જાય; અને તેમાં સમાઇ જવા માટે લાયક બને.

આપણે તો આ સંસારમાં અનેક બંધનો અને વાસનાથી ઘેરાઇ ગયા છીએ, મોહમાયામાં ફસાયા છીએ. પ્રભુસ્મરણ માટે સમય મેળવી શકતા નથી. આપણા જન્મને સાર્થક આ જ રીતે કરીશું? દરેક ધર્મ અને દર્શનમાં એ જ માર્ગ છે કે ઇશ્વરનું ચિંતન કરવું.

જરથોસ્તે પ્રેમને મહત્ત્વ આપ્યું છે. દરેક જીવ ઉપર પ્રેમ રાખવો. એ એમનો સંદેશ છે. તે મુજબ જીવન ગુજારીએ તો અસોહી બનીને મોક્ષના અધિકારી બની શકીએ.

ઇશ્વરનો નિયમ અને પ્રેમ જુદા નથી. સાંચો સાધુ બધા જીવો ઉપર પ્રેમ રાખે. ખ્રિસ્તિ ધર્મમાં પ્રેમને અગ્રસ્થાન છે. આજે ઇશુના ઉપદેશને કેટલા અનુસરે છે? એ દિવ્ય સંદેશને વીસ સદી થઇ. ધર્મને નામે લોહી રેડાયા. અનેક જીવોની હાની થઇ. બે મહાયુધ્ધો આપણે જોયા; ત્રીજું યુદ્ધ આવી રહ્યું છે. આમાં મનુષ્યપ્રેમ કયાં રહ્યો? ધર્મ અને સાધુતા કયાં ગઇ?

એ જ સાચાં સાધુ કહેવાય કે જે જીવી જાણે. આપણા સદ્‌ભાગ્યે આપણા જ દેશમાં એવો સાચો સાધુ જન્મ્યો; જેણે આદર્શમય પોતાનું જીવન બનાવ્યું. અને આદર્શ ખાતર મરી પણ જાણ્યું. અને તે પૂજ્ય બાપૂજી.

જીવનની દરેક પળે ઉચ્ચ આદર્શોને આપણા જીવનમાં ઉતારીએ, તો જ સાચા સાધુ બની શકીએ, નહિ તો " પોથીમાંનાં રીંગણાં " જેવી આપણી પરિસ્થિતિ થશે.

આજે દરેક શિક્ષિત યુવકોને વિનંતિ કરૂં છું કે તમે સાંપ્રદાયિકતાનો ખ્યાલ છોડી જે ધર્મ કે દર્શનમાં માનતા હો તેનાં મૂળભૂત આદર્શોનું પાલન કરો. તો જ સુખ અને શાન્તિ મળશે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનાં પ્રવાસસ્મરણો

મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં હિંદના એક પ્રતિનિધિ તરીકે ન્યુઝીલેન્ડ જઇ આવ્યા અને પાછા ફરતાં ઓસ્ટ્રેલીઆ, ઇન્ડોનેશીઆ, મલાયા વગેરે દેશો જોઇ આવ્યા તે પ્રવાસનાં સ્મરણો પાયધુની ઉપર ગોંડીજીની ચાલમાં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સના કાર્યાલયમાં તા. ૬–૧–૫૧ શનિવારના રોજ સાંજના ૬ વાગે રજૂ કરશે. આ સભા જાહેર જનતા માટે ખુલ્લી છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી અરવિન્દનું આશાસ્વપ્ન

વિસામો કરવો છે તો આવો આંહીં વિસમીએ,
ધોરીના ધૂધરા આંહીં રણના શાંત પાડીએ.
અહીં આ તરૂઓ ઊભાં નિજની દીર્ઘ કાયને
થાકેલી વાયુના સ્કન્ધે ઢાળીને સ્વપ્નમગ્ન થૈ;
અને ત્યાં વ્યોમથી પેલા શશીનું નેત્ર તે બૃહત્
રેલે છે ચંદ્રિકા શુભ્ર : અહીં આવો વિરામીએ.

અહીં શું વિસ્તર્યું છે આ તમ નિઃસીમ સ્મિતનું,
અને શા સ્ફુરતા ભાવો આંબતા જે અનંતને
અહીં સર્વત્ર સર્વત્ર વિરતર્યો અવકાશ હા,
અને આ જિન્દગી કેરી ફૂફાળી લઘુતા સુખી
બૃહત એ ભાવમાં સાચ્ચે ઓગળી લય થૈ જતી.

પૂજાતી બુદ્ધિ છે માત્ર આજના આપણા યુગે,
પાછલા યુગમાં દેવ પૂજાતો'તો વિશુદ્ધ કો,
તથાપિ પૂર્ત આ ખંડે કપોત સમ નિર્મલ,
બેઠો છે માનવો કેરા હૈયામાં ધ્યાનમગ્ન એ.

સંચયાં-સંચીને ખોવાં! અંતમાં મૃત્યુ ત્યાં બહું,
બલવાન હરતની મુઠ્ઠી ઢીલી એહ કરી જતું,
હસતાં નેત્ર પે ઢાંકી છાયાનું વાદળું જતું,
રિપુના રોળનારા સૌ રોળાતા દીન થૈ જગે,
ઊંઘતા નાનકાં બચ્ચાં થકી યે બાપડા ઢળે.

માનવી જિન્દગી એ તો લીલા બે ક્ષણ માત્રની,
એકલા ઊજમાળી આ ધરાના વૃદ્ધ કાળમાં,
આપણે જંતુઓ જેવાં ક્ષુદ્ર આ જિન્દગી ગ્રહી,
વ્યથાની સરિતા કેરે ઘોર તીર વિરામીને,
પેખીએ રાહ આવતા મૃત્યુકેરી સનાતન.

અરે આ ખેલ છે જ્ઞાને જ્ઞાને આ કાળ ભ્રેજનત,
જ્ઞાને આ હૈયાહોળી, જ્ઞાને આ કષ્ટ આત્મને?
અરે, આ નિત્ય શંકાની જ્ઞારડી કયમ અંતરે?
મૃત્યુ એ પાપી ધર્મીનો કદી ભેદ નથી કર્યો!

ન સમાઈ જતું સર્વ બુદ્ધિમાં ભીતરે અમ
બેઠો છે ભોમિયો એક ભાંગવા અમ શંકને.
બુદ્ધિનો તેજદાતા એ, બુદ્ધિથી પર એ વસ્યો,
એકની ચંડ સત્તાના પ્રકારા આવતા અહીં,
અનાકૃત અહીં ભાવિ હવાં આકાર લે રહ્યું.

એ મહાશક્તિ છે આંહીં અમમાં દેહ રૂપ થૈ,
અમમાં મન જે તે તે, મનથી ઉર્ધ્વ જે રહ્યા
પ્રભુ તે તે ય શક્તિ છે, એણે તો માત્ર મૃત્યુને
જોયું છે, ચક્ષુઓ એનાં અંધ છે જીવન પ્રતિ.

મુક્તિ, ને પ્રભુ, ને ત્રીજું અમૃતત્વ ત્રણે ય એ
વસ્તુ છે એક, ને અંતે ત્રણે સિદ્ધ જગે થશે.
પ્રેમ, જ્ઞાન અને ન્યાય, આનંદ પરમ બલ,
કેવલા મુદમાં સર્વ એકત્ર થઈ રાજશે.

સમાપ્યો કલિનો છે આ યુગ લોહતણો હવે,
રહ્યા છે મૃત્યુ શય્યાએ પોઢેલા ભૂતકાળના
આખરી આંચકા થોડા ઉગ્ર, એ ડોલવી જશે
જગનાં રાષ્ટ્રને કિંચિત્, અને શાંત પછી થશે.
અનિષ્ટો પૃથ્વીથી સર્વ જશે ધોવાઈ ને પછી
ઊઠશે ધરણી પાછી લલાટે શુભ્ર નિર્મળે.

માનવી ભરશે દેહે અધિકાધિક આત્મને,
સ્થપાશે સ્વર્ગની આજ્ઞ શ્રાન્ત કલાન્તધરા શિરે,
ને સનાતન સંકલ્પ પ્રભુનો દિવ્ય એહને
ગ્રસતો કરશે, એને નિજ આધાર અર્પતો
રહેશે ને મૃત્યુથી દિવ્ય જન્મમાં માનવી જશે.

મૂળ અંગ્રેજી : શ્રી અરવિંદ
ભાષાંતરકાર : શ્રી સુન્દરમ્

સંઘનાં સભ્યોનું પર્યટન

જાન્યુઆરી માસની આગામી સાતમી તારીખે ગોરેગાંવ ખાતે આવેલ આરે કોલોનીના પર્યટન ઉપર જવાનો નિર્ણય કરવામાં આવ્યો છે એમ છાપેલા પરિપત્રદ્વારા સંઘના સર્વ સભ્યોને જણાવવામાં આવ્યું હતું અને જે જે સભ્યની આ પર્યટનમાં જોડાવા ઇચ્છા હોય તેમણે સંઘના કાર્યાલય ઉપર લખી મોકલવું એવી વિનંતિ કરવામાં આવી હતી એમ છતાં આ સંબંધમાં બહુ થોડા સભ્યોના જવાબ આવ્યા હતા. થોડાક દિવસ પહેલાં સંઘની કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યો એકત્ર થયા હતા તે પ્રસંગે આ પર્યટન વિષે કેટલીક ચર્ચા થઇ હતી જેના પરિણામે પ્રસ્તુત પર્યટન સંબંધમાં નીચે મુજબનો પ્રબંધ નક્કી કરવામાં આવ્યો હતો:—

૧. ઉપર જણાવેલ પ્રસંગે હાજર રહેલા બધા સભ્યોએ પોતપોતાનાં કુટુંબ સાથે જોડાવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પણ બીજા સભ્યોને આ બાબતની જાણ થયા માટે અને ખબર મોકલવા માટે પૂરતો અવકાશ રહે એ હેતુથી આ પર્યટનનો દિવસ તા. ૭ મી જાન્યુઆરીને બદલે તા. ૧૪ મી જાન્યુઆરી રવિવાર નક્કી કરવામાં આવ્યો છે. સંઘ તરફથી આવું પર્યટન પહેલી જ વાર ગોઠવવામાં આવે છે. આ પર્યટનમાં દરેક સભ્યને સહકુટુંબ જોડાવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

૨. પર્યટનને લગતા પરિપત્રમાં પર્યટનમાં જોડાવા ઇચ્છનાર વ્યકિત દીઠ રૂ. ૨) મોકલી આપવાનું સૂચવવામાં આવ્યું હતું અને વાહનવ્યવસ્થાની જવાબદારી સંઘે માથે લીધી હતી તેને બદલે પર્યટનમાં જોડાવા ઇચ્છનાર મોટી ઉમ્મરની વ્યકિતએ રૂ. ૧) અને બાર વર્ષની નીચેના માટે રૂ. ૦॥ એ મુજબ ભરવાના રહેશે અને આરે કોલોની જવા આવવાનો પ્રબંધ દરેક સભ્યે પોતે કરી લેવાનો રહેશે.

૩. આરે કોલોનીમાં ઓબઝર્વેશન પોસ્ટ–observation post–એ નામનું બહુ જાણીતું સ્થળ છે. ત્યાં દરેકે દશ વાગ્યા પહેલાં પહોંચી જવું એવી વિનંતિ છે. બી. બી. એન્ડ સી. આઇની લોકલ ગાડીમાં સવારની ચર્ચગેટથી પહેલી પોણાનવ અને બીજી નવ વાગ્યે ઊપડતી ગાડી આ માટે વધારે અનુકૂળ થઇ પડશે. ગોરેગાંવ સ્ટેશન ઉપરથી આરે કોલોની લગભગ એક માઇલ છે. સ્ટેશનથી ત્યાં જવા આવવા માટે બસ ચાલતી હોય છે.

૪. દરેક સભ્યે પોતપોતાની ખાવાની ચીજો પૂરતા પ્રમાણમાં તથા જણ દીઠ પાણી પીવાનો પ્યાલો લાવવાનો રહેશે. સંઘ તરફથી ચાપાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

આશા રાખવામાં આવે છે કે ઉપરની વિગતો ધ્યાનમાં લઇને સંઘનો દરેક સભ્ય પોતાનાં કુટુંબ સાથે આ પર્યટનમાં જોડાશે અને એકમેકને ઓળખવા જાણવાની આ તકનો પૂરો લાભ લેશે. આ પર્યટનમાં જોડાવા ઇચ્છનાર દરેક સભ્યને વિનંતિ છે કે પોતાની સાથે જોડાનાર મંડળીને લગતી તુરત ખબર આપે અને તે પૂરતી રકમ પણ સાથે મોકલી આપે કે જેથી પર્યટનના વ્યવસ્થાપકને જરૂરી ગોઠવણ કરવામાં સુગમતા પડે. આ પર્યટનમાં સંઘના સભ્યો પોતાનાં મિત્રોને પણ લાવી શકે છે. સાથે સાથે પોતાની પાસે જે કાંઇ આનંદવિનોદનાં સાધનો હોય તે સાથે લાવવાની પણ વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

લોકશિક્ષણનો ઉત્તમ પ્રકાર

આપણા વિદ્યાર્થીઓએ પોતાના દેશની જ નહિ પણ પરદેશની અને જગત સંસ્કૃતિનું જ્ઞાન મેળવવું જોઇએ, એમ હમણાં હમણાં ખૂબ કહેવાય છે. કેમકે એ જ્ઞાનના અભાવે જે વેર, ઝેર અને દુઃખો થાય છે, તે આવી જગત–સંસ્કૃતિનું જ્ઞાન હોય તો ન થાય.

પણ પ્રશ્ન એ થાય છે કે, જગતનું જ્ઞાન અને પાંચ હજાર વર્ષનો ઇતિહાસ અને રોજબરોજ વધતો જતો જ્ઞાનવિસ્તાર એ બધું શીખવું શી રીતે? આ પ્રશ્નને ઉકેલવામાં આપણાં પ્રાચીનો મદદે આવે છે, કેમકે પ્રાચીન સમયમાં પણ આજના સમય જેવા સંજોગો આવ્યા હતા અને તેમણે એનો ઉકેલ કર્યો છે કે જગત–જ્ઞાન–જગતસંસ્કૃતિનું જ્ઞાન કળા દ્વારા આપવું.

અસલના વખતમાં કથાકારો રામાયણ, મહાભારત, ભાગવત વગેરેની કથા કરતા. તેમાં સંગીત, કળા અને નૃત્યનો મેળ સધાતો અને બાળકો ઉપર એ કથાની, એ જ્ઞાનના ચિરંજીવ છાપ પડતી, અને તેમનામાં શિક્ષણનાં બી નંખાતા.

વાર્તાકથનની કળા મહાન કળા છે. અને જગત–સંસ્કૃતિના જ્ઞાનનું પ્રદાન કરવું હોય ત્યારે આ કળાનો ઉપયોગ જરૂરી છે; નહિ તો જગતની ઘણી સંસ્કૃતિ સમજી નહિ શકાય.

પ્રત્યેક માનવીમાં બે આત્મા છે. એક હરે છે ફરે છે; બીજો અંતર્ગત છે. મહાગ્રંથો પાપની ક્ષમારૂપે રચાયેલા છે. અને એનાં બી આવી કથાઓદ્વારા બાળકોમાં સંસ્કાર બી રોપે છે; એટલે કળાદ્વારા મળતું શિક્ષણ સાચું શિક્ષણ છે. એમાં બધું આવી જાય છે. માનવાના સર્વાંગી કળવણી મટે આ લોકશિક્ષણનો ઉત્તમ પ્રકાર છે.

દેશમાં જ્યારે મહાપરિવર્તન થાય છે, અને કેટલીક વાર જગત સંસ્કૃતિ જોખમાય છે ત્યારે શિક્ષણનો પ્રબંધ નવેસરથી થાય છે. આપણા દેશમાં પણ એવા પ્રસંગો આવેલા છે. આવે સમયે આ બધું જ્ઞાન, વેદાન્ત, સૂત્ર, ધર્મશાસ્ત્રોનું જ્ઞાન એ શી રીતે સામાને આપવું તે અંગેની રચના આવા શિક્ષણ માટે થઇ છે. ઉચ્ચ જ્ઞાન જે હિમશિખર પર હતું તેને લોકઆંગણે લાવવાનો પ્રબંધ થયો હતો. એમાં કેટલાક સર્જકો પણ હતા, અને તેમણે સાહિત્ય અને સંસ્કૃતિનું પાન કર્યું હતું. એમાં કેટલાક પ્રચારકો પણ હતા જે બા. જ્ઞાનને સંગીત, કલા અને નૃત્ય સાથે જનતા સમક્ષ રજૂ કરતા. જનતા પણ આ કથા પોતાનું જીવન હોય એ રીતે પાન કરતી. અને આવી પરંપરાએ આપણી સંસ્કૃતિને જીવંત રાખી છે.

આજે સામાન્ય શિક્ષણની વાતો કરીએ છીએ પણ એ જ્ઞાન અપૂર્ણ છે. એને પૂર્ણ કરવાના ઉપાય કરવા જોઇએ. ઉપલા જ્ઞાનની પરંપરા પચાસ વર્ષ પહેલા પણ હતી. એ જે કે આજે લુપ્ત થઇ નથી, પરંતુ એમાં જમાનાને અનુસાર પરિવર્તનની ખૂબ જરૂર છે.

પણ આ શિક્ષણનું તત્ત્વ શું? આ શિક્ષણ ગદ્ય, પદ્ય, અને સંગીતદ્વારા અપાતું. દેવો અને અસુરોના યુદ્ધો વિસ્તારથી અપાતા. એમની આસપાસ આખ્યાયિકાઓ રચાતી. જૂની આખ્યાયિકાઓનો અર્થવિસ્તાર થતો અને ઉપમા, રૂપકો, દૃષ્ટાંતની કથાઓનો ઉપયોગ કરાતો. અને આ રીતે કળા દ્વારા અપાતું શિક્ષણ લોકહૈયામાં ઊતરતું. શુષ્કજ્ઞાન જનહૈયે ઊતરતું નથી. મનુષ્યજીવનના કુટ પ્રશ્નો પૌરાણિકો, કથાકારો આપણી સમક્ષ રજૂ કરતા.

કળા ક્ષણિકતાને સનાતન કહે છે, અને એ જ કળાની ખરી ખૂબી છે. કળા પ્રકૃતિ ઉપરનો સુધારો–Improvement upon the nature છે. રુદન સ્વાભાવિક છે પણ અજવિલાપ અને રતિવિલાપ વાંચીએ ત્યારે એમાં કળા ઉમેરાયેલી જોઇએ છીએ. કામ, ક્રોધ, લોભ, મોહ એને પણ કવિ કળા દ્વારા અનોખી રીતે વ્યકત કરી શકે છે.

આપણે ત્યાં ઘણે ભાગે ઘણાખરા સોળ સત્તર વર્ષે કેળવણી છોડે છે; એટલે ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા નથી. તેમને માટે— ઉચ્ચ શિક્ષણ ભલે, તેઓ ઘણું શીખી શકે, આ દેશના તેમ જ જગતપ્રશ્નો સમજી શકે એ માટેના શિક્ષણનો પ્રબંધ કરવો ઘટે. અને એવા શિક્ષણનો માર્ગ આપણા પૂર્વજોએ બતાવેલો છે—તે કળા દ્વારા શિક્ષણ આપવાનો છે.

આજે જ્ઞાનનાં મુખ્ય સાધનો તરીકે આર્ટ–ગેલેરી, પુસ્તકાલયો અને સંગ્રહસ્થાનને ગણાવી શકાય. ઊગતી પ્રજાના ઉત્કર્ષ માટે આ ત્રણે સાધનોની અનિવાર્ય જરૂર છે.

બર્નાડ શોને પૂછવામાં આવ્યું કે તમારી સંપત્તિની શી વ્યવસ્થા કરશો, તો જવાબ દીધો કે હું મારી મિલકતનો મોટો ભાગ આયર્લેન્ડની આર્ટ–ગેલેરીને અને બીજો ભાગ લંડનના ગ્રંથાલયને આપીશ, કેમકે એ બન્નેએ મને ઘડયો છે.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

[શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલ એક વ્યાખ્યાનની નોંધ ઉપરથી.]

ઉદ્યાન મારે.....

[જીવનમાં ઘણીવ વસ્તુઓ માટે ઝૂરવા છતાં અંતે તો અંતિમ તત્ત્વ માટે ઝૂરવામાં સાર્થકતા માનવાનો ઉદ્દેશ છે. —તંત્રી]

શાન્તિ અને સ્વાસ્થ્યનું સાદું કીધું
ને પુંજી પામ્યો ઝુરી ઝુરીને ઘણું.
પરન્તુ એ ચંચળ પુંજી તો સરી
એ એક હાથે મળી, બે બીજેથી.

સૌન્દર્ય રાત્રિ સમી સુન્દરીના
માધુર્ય મુંઝાવી રહ્યા મને હતા.
ભસી હતી વંચક સત્ય જેવી
સંગીની તો ના ગમી; શ્રેષ્ઠ ના મળી.

પ્રવાસના સાહસમાં પછી વળ્યો
ને માતૃભૂમિ ભૂલતાં નહિ ડર્યો.
આરામની ને વળી ભોજનો તણી
ને મારા શોખની શૈ ન તૃપ્તિ.

કીર્તિ તણી આવી 'તી ઘેલછાઓ
ત્યાં તો સીતારો ચમકયો બીજાનો
કીર્તિ સમે હું સહુથી ઉચેરો
સામાન્ય લોકોની મીઠાશ હીણો.

યુદ્ધે મને ત્યાં નિજ પાશ લીધો
કીર્તિ અને યુદ્ધ જીત્યા થઇ શૂરો.
તલવાર ચમકી, ગગડી જ નોબતો
હણી અરિને પગને ગુમાવ્યો.
કશાય કાજે ઝુરતો હવે નથી.
છતાં ન ખેદ્યું, પણ પામતો રહું.

ઉદ્યાન મારે હળવે પધારો
નિહાળશું પુષ્પ તણી કળીઓ;
પ્રતિનિધિઓ પ્રભુની છ જેઓ,
નિર્દોષતા સુન્દરતા સખિઓ.

ભગીરથ મહેતા

[Johan wolfgaug Von Goetheના એક કાવ્ય ઉપરથી.]

મરશિયાં શાને માટે?

ગયા પખવાડિયે, ભારતના 'લોખંડી પુરૂષ'ના આત્માએ જિર્ણ વસ્ત્રોને ત્યજી, નવાં વસ્ત્રો પરિધાન કરવા પ્રયાણ કર્યું—અચાનક અને અણધાર્યું. સૌ સ્વાર્થને લક્ષ ઇચ્છતું હતું— બે પાંચ વર્ષ ખેંચે તો સારૂં; તેમણે કોઇનું ન ગણકાર્યું; ગાંધીજીની સેવા કરવાની છેલ્લાં બે વર્ષથી તેમની જે ઉત્કંઠા હતી, એ પૂર્ણ કરવા જાણે કે તેઓ ઉતાવળે ઉતાવળે ચાલી નીકળ્યા.

છેલ્લા પચ્ચીસ વર્ષની તેમની મજલ પણ તેમને થકવે તેવી હતી. પાંત્રીસ પાંત્રીસ વર્ષ સુધીનો તેમનો એકધારો કાંટાળા માર્ગનો પ્રવાસ વિકટ હતો. એ કાંટાળે માર્ગે તેમણે હસતે મોંએ પ્રયાણ કર્યું; બ્રહ્મચર્યની વાતો કરનાર ગાંધીજીની ગુજરાત કલબમાં ઠેકડી કરનાર સરદાર, ગાંધીજીના જ વિચારોથી આકર્ષાઇ, સર્વસ્વનો ત્યાગ કરી ગાંધીપંથે ચાલી નીકળ્યા; ગાંધીભકત બન્યા. ગાંધીજીમાં પોતાની જાતને સમાવી દીધી. એક અર્થમાં કહીએ તો સાધુ બન્યા. ગુજરાત માટે તેમણે ભેખ લીધો. એ ભેખને તેમણે અંત સુધી દિપાવ્યો.

આ લાંબી મજલ કપરી હતી, પણ તેમાંય તેમણે સિદ્ધિઓ ઓછી નથી મેળવી. બારડોલીની 'નાકર'ની લડતે તેમને હિંદુસ્તાનના સરદાર બનાવ્યા. ગાંધીજીએ અહિંસાના સિદ્ધાંતને વ્યવહાર સ્વરૂપ આપવાની વિચારસરણી રજૂ કરી; સરદારે એ સિદ્ધાંતને વ્યાપક સ્વરૂપે અમલમાં મૂકી તેની સિદ્ધિ બતાવી. સરદારના વિજયોએ પ્રજાને અહિંસામાં વધુ શ્રદ્ધા પ્રકટાવી.

બાયકાંગલા ગુજરાતને–'શો શું પૈસા ચાર'વાળા ગુજરાતને શૌર્ય આપ્યું છે સરદારની વાણીએ. 'વાણી તો સરદારની.' કાકા કાલેલકરે તેમને માટે કહેલું કે, 'સરદારની જીભે સરસ્વતી વસી છે.' આજે એમ લાગે છે કે એ અર્થમાં તે સાચું હતું. જ્યાં જ્યાં હજાર હજાર હાથ કામ ન કરી શકતા ત્યાં ત્યાં સરદારનું એક જ વાકય પૂરતું થતું. બારડોલીનાં તેમનાં વ્યાખ્યાનો, લોકોને બેઠા હોય ત્યાંથી ખડાં કરી દેતાં; તો અમદાવાદ મહાવીર જૈન વિદ્યાલયના મંગળ પ્રવચન પ્રસંગે તેમણે કરેલું વ્યાખ્યાન અને આત્માને ઓળખવા માટેની આપેલી સમજ એટલી જ પ્રેરક કહી શકાય. બીજે પક્ષે સરદારને ઓછું બોલવાની ટેવ હતી. કામ વગર એક શબ્દ સરખો ન બોલે; પરન્તુ જ્યારે ચોકકસ પ્રસંગે બોલે ત્યારે સોય વાળી નાંખે. સરદાર મૌન રાખે તેમાંય મુત્સદ્દીઓને કંઇક ગંધ આવે. તેમની સાથે વાતચીતમાં, વધુ પડતો એક શબ્દ બોલવાની ભલભલામાં હિંમત નહોતી. તેમની આંખ સાથે આંખ મળતાં જ, મનમાં ખડકી રખાયેલાં શબ્દોના અને વિચારોનાં ચોસલાં ભોંયભેગાં થઇ જતાં. આવો તેમનો કડપ હતો. રેલરાહત માટે ફંડ એકઠું કરવા આવેલ મહાદેવભાઇનું અમદાવાદે પાણી ઉતાર્યું; જરાયે દાદ ન મળી; સરદારે એ જ અમદાવાદીઓ પાસેથી ધાર્યું કામ લીધું—અમદાવાદીઓ શું કામ : ચમરબંધીઓ પાસેથી પણ.

અહિંસાનાં સિદ્ધાંતને મૂર્ત સ્વરૂપ આપવામાં સરદારને જેમ યશ મળ્યો, એવો જ બીજો યશ મળ્યો ભારતના એકીકરણના કાર્યમાં. ભારતના છસો ઉપરાંત સ્વતંત્ર રાજ્યોનું, લોહીનું એક પણ ટીપું પાડયા સિવાય, તેમના દુરંદેશીપણાથી વિલિનીકરણ થયું, અને તે પણ ટુંક ગાળામાં જ. ભારતના ઇતિહાસમાં જેની કલ્પના પણ અશકય હતી એ કલ્પનાને તેમણે ચોકકસ રૂપ આપી દીધું. ભારત એક અને અવિભાજ્ય બન્યું. અશોક કે અકબર જે ન કરી શકયા, તે સરદારના હાથે શકય બન્યું.

આવા સમર્થ નરપુંગવ માટે–નરોત્તમ માટે ગુજરાત જે રીતે આંસુ સારી રહ્યું છે, તે જોઇને સરદારને પણ દુઃખ થયા વગર નહિ રહેતું હોય. આ તે 'મગરનાં આંસુ' છે; 'ગ્લીસીરાઇનનાં ટીપાં' છે કે સાચાં મૌકિતક છે? સરદારને કલ્પના પણ નહિ હોય કે, પોતાની વિદાય બાદ ગુજરાત, પોતાની પાછળ મરશિયાં શરૂ કરી દેશે. વર્તમાનપત્રોનાં પાનાં જુઓ–ઠેર ઠેર શોક સભા, સરદારના અકાળ અવસાન બદલ ઊંડું દુઃખ અને ઠારી ધા. જંગી સભાઓમાંનાં ભાષણો વાંચો. વકતાઓ પ્રશ્ન કરે છેઃ 'સરદારનું સ્થાન હવે લેશે કોણ? ગુજરાતનાં આંસુ લૂછશે કોણ? મહાસભા વિરોધી અને પ્રત્યાઘાતી તત્ત્વોને પડકારશે કોણ? કોમવાદ સામે કડક આંખે જોશે કોણ? ગુજરાતનું એકમ રચાશે કે નહિ? ગુજરાત એક અને અવિભાજ્ય રહેશે કે કેમ? ગુજરાતનો પ્રશ્ન મધ્યસ્થ સરકાર પાસે મૂકશે કોણ? આગામી ચૂંટણીમાં થશે શું?' વગેરે.

અને સેંકડો ઠરાવોને તો ઉથલાવી જુઓ—શબ્દોના જાણે કે સાથિયા! ફંડફાળામાં કદાચ હાથ સંકોચાવી શકાય; શબ્દોના ઉપયોગમાં શું કામ દરિદ્રતા? ઠરાવમાં છેવટે સૌ ઇચ્છે છે સરદારના આત્માને ચિરશાંતિ–પરમ શાંતિ! જે આત્માએ કદી શાંતિ ઇચ્છી નહોતી; કદી શાંતિ લીધી નહોતી, તેને શાંતિ ઇચ્છનારાઓ માત્ર શબ્દોથી શાંતિ શી રીતે આપી શકવાના હતા?

મૃત્યુને સૌ કોઇએ ભેટવાનું જ છે—એક દિવસ વહેલા કે મોડા. નામ છે તેનો નાશ પણ છે. જેણે શરીર ધારણ કર્યું તેણે તે છોડવાની તૈયારી પણ રાખવાની જ. મૃત્યુનો ભય કાયરને હોય; વીરને નહિ. સરદાર વીરતાના પ્રતિક હતા. ચોતેર વર્ષની સરેરાશ આયુવાળા હિંદમાં પંચોતેર વર્ષ સુધી સરદાર જીવ્યા, એ જ હિંદુસ્તાનનું સદ્‌ભાગ્ય. તેઓ તો ચક્રવર્તીનું કાર્ય કરી ગયા; કાર્ય પૂરૂ થતાં જ ચાલી નીકળ્યા. તેમની પાછળ આંસુ ન હોય. સરદારનું કાર્ય વધુ ઉજ્જવળ બને તે માટે કટિબદ્ધ થવાનો ગુજરાતે—એકેએક ગુજરાતીએ નિશ્ચય કરવાનો હોય.

સરદાર અવસાન પામ્યા છે, પણ સરદાર જીવંત છે. જ્યાં સુધી ગાંધીજીનું નામ લોકહૃદયમાં રહેશે; ભારત વિદ્યમાન હશે ત્યાં સુધી સરદારનું નામ અમર રહેવાનું જ છે. સરદારના દેહનો વિલય થયો, પણ તેમનું કાર્ય ચાલુ જ રહ્યું છે; ચાલુ રહેવાનું છે. ચક્રવર્તી રાજગોપાલાચારીએ તેમને માટે કહ્યું છેઃ "તેઓ પ્રેરણા, હિંમત અને વિશ્વાસના બળરૂપ હતા; પરંતુ એ બળ આજે આપણી વચ્ચેથી ચાલી ગયું છે." એટલેથી જ તેમનું કર્તવ્ય પૂરૂં નથી થતું. તેઓ ઉમેરે છેઃ "સરદારની ભસ્મમાંથી આપણે સૌ હિંમત અને વિશ્વાસના ગુણોની પ્રેરણા મેળવીએ."

ગુજરાતની નેતાગીરીનાં ઓટ આવતી રહી છે. સરદારની વિદાય પછી એ ઓટનાં પાણી નરી આંખે દૂર દૂર જતાં જોઇ શકાય છે. એમના અવસાન પછી શોક કરવાને બદલે, તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી, એ ઓટને ભરતીમાં ફેરવવા ગુજરાતે કટિબદ્ધ થવું જોઇએ. કીર્તિનો મોહ, સત્તા માટે પડાપડી વગેરે છોડી, પ્રજા સાથેનો સંપર્ક છેલ્લા કેટલાંક વર્ષોથી—સરદાર ભારતના બન્યા ત્યારથી તૂટી ગયો છે તે ફરી સંધાવો જોઇએ.

સરદારનું સાચું અને સ્થાયી સ્મારક એ જ છે—તેમની મૂર્તિ કે મંદિર નહિ.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૮

મુંબઈ : ૧૫ જાન્યુઆરી ૧૯૫૨ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સમયને ઓળખો અને પૃથક્‌તાવાદ છોડો

(અખિલ ભારતવર્ષીય દિગંબર જૈન પરિષદનું દીલ્હી ખાતે ગયા ડીસેંબર માસની તા. ૨૩, ૨૪ તથા ૨૫ મીના રોજ પચ્ચીશમું અધિવેશન મળ્યું હતું. તે પ્રસંગે પરિષદના પ્રમુખસ્થાન જાણીતા વ્યાપારી તથા ઉદ્યોગપતિ શ્રીમાન સાહુ શ્રેયાંસપ્રસાદ જૈને પ્રગતિશીલ વિચારો રજુ કરતું જે વ્યાખ્યાન આપેલું તેમાંના કેટલાક ઉપયોગી ભાગનો નીચે અનુવાદ આપવામાં આવ્યો છે. તંત્રી)

જૈન ધર્મની પ્રભાવના

આજે પરિષદનું સંમેલન જે કે આઝાદીના વાતાવરણમાં ભરાઈ રહ્યું છે, પરન્તુ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં શાન્તિ અને આત્મ-રક્ષાના નામ ઉપર ઘોર હિંસક મહાયુદ્ધની તૈયારીઓ ચાલી રહી છે. કોઇ ઠેકાણે ઠંડી તો કોઇ ઠેકાણે ગરમ લડાઈઓ પ્રવર્તમાન થઇ રહી છે. જો આજ કાલમાં મહાયુદ્ધ ફાટી નીકળશે તો તે ઉભય પક્ષનો જ માત્ર નહિ, પણ આખા સંસારનો વિધ્વંસ કરી નાંખશે; વિજેતા અને વિજિત બન્નેના બરબાદી અને ખુવારી થશે; બે વચ્ચે અન્તર રહેવું એ જ લગભગ અશક્ય બનશે.

મહાપ્રભુ મહાવીરના પરમ ધર્મ અહિંસાના અનુયાયીઓએ જો ગાંધીસદૃશ અહિંસાની મૂર્તિઓ બનીને વિશાળ અને ઉદાર હૃદયથી શાન્તિમયી અહિંસાની પ્રભાવના કરી હોત તો આજે સન્તપ્ત માનવ-જાતિને આવા યુધ્ધતપ્ત વાતાવરણથી પરિતપ્ત થવું ન પડત. જૈન ધર્મ જેવો દિવ્ય ધર્મ પ્રાપ્ત કરીને પણ તરણતારણ બનીને આપણે માનવજાતિને માર્ગદર્શન કરાવી શકતા નથી એ ભારે આશ્ચર્યજનક છે.

જૈન ધર્મની પ્રભાવનાનો સર્વોત્કૃષ્ટ ઉપાય જૈન ધર્મને સ્વયં પોતાના જીવનમાં ઉતારવો તે છે. દુનિયાને મહાવીરના અહિંસા-ધર્મની આવશ્યકતા કદાચ આજ જેટલી પહેલા કોઇ દિવસ નહોતી. એવું શું કારણ છે કે મહાવીરના અનુયાયીઓમાંથી હજારો ગાંધી નથી નીકળતા? જો આજે જૈન સમાજે વિશ્વને ત્રણ ચાર ગાંધી પણ દીધા હોત તો શું દુનિયા આટલી બધી સંગ્રામશીલ અને યુદ્ધરત બનત ખરી? જો કે આપણે પોતે જૈન ધર્મના વિશાળતા, ઉદારતા તેમ જ સૂક્ષ્મતાને પચાવી શકતા નથી તો પણ એ અહિંસા-ધર્મ સંસારના નમ્રાતિનમ્ર પુરૂષો સુધી પહોંચે એટલું તો આપણે એ છાનાં ઓછું કરીએ કે જેથી આપણામાંથી નહિ તો એમનામાંથી કોઇ મુક્તહૃદય નીકળે અને માનવજાતિને પ્રેમ, સુખ, શાન્તિ અને ખુશાલીનો સંદેશ દઇ શકે. અહિંસાધર્મના પ્રચાર માટે જો કોઇ મુહૂર્તની જરૂર હોય તો તે આજની જ મંગળ ઘડિ સર્વશ્રેષ્ટ છે. જૈન ધર્મના શ્રદ્ધાળુ વિદ્વાનોની એક આન્તરરાષ્ટ્રીય સમિતિ મારફત જૈન ધર્મ ઉપર સમયાનુકુળ ઉત્કૃષ્ટ સાહિત્ય નિર્માણ કરીને દુનિયા-ભરમાં અહિંસાધર્મનો આપણે જોરશોરથી પ્રચાર કરવો જોઇએ.

મંદિરોની સંપત્તિ

મંદિરો પાસે પ્રચુર સંપત્તિ છે. તેનો સદુપયોગ ઉપરના કાર્ય માટે કરવો જોઇએ. પ્રત્યેક પ્રાન્તમાં 'ટ્રસ્ટ' અને ધર્માદા કાનુન આવી રહેલ છે, જેની મતલબ એ છે કે જે પૈસો ટ્રસ્ટ અથવા તો ધર્માદામાં જમા પડેલ છે, તેનો સાર્વજનિક કાર્યોમાં ઉપયોગ થવો જોઇએ. આ વિષયમાં હું અત્યન્ત નમ્રતાપૂર્વક અને એમ છતાં પુરા ભારપૂર્વક ચેતવણી આપવાની જરૂર સમજું છું અને તે એ છે કે મંદિરોની આ પ્રચુર સંપત્તિનો જો આપ લોકો જલ્દિથી સદુપયોગ નહિ કરો તો નજીકના ભવિષ્યમાં બીજા જ લોકો આનો ઉપયોગ કરી નાંખવા માટે ચાલી આવવાના છે. અટલી વિશાળ સંપત્તિ વધારે સમય સુધી આ રીતે નકામી પડી રહે એ બને તેમ છે જ નહિ. આશા રાખું છું કે આપ યુગપ્રવાહની ગતિને શિઘ્રપણે સમજી લઇને દુરંદેશીથી કામ લેશો અને મંદિરોના ધનના સદુપયોગની એક સંગીન યોજના બનાવશો.

આ દ્રવ્ય મંદિરોની સુવ્યવસ્થા, જીર્ણોધ્ધાર, પુરાતત્ત્વ રક્ષણ, શિક્ષાપ્રચાર, સાહિત્યનિર્માણ, પ્રચારકાર્ય, રોગનિવારણ, પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના વગેરે સર્વોપયોગી કાર્યમાં ખરચી શકાય છે. મારી સામાન્ય સમજણ મુજબ ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગોમાં પણ આ રકમનો ઉપયોગ થઇ શકે છે. જેવી રીતે આ દ્રવ્યમાંથી મકાનો બાંધીને તથા ભાડે આપીને મંદિરોના ધનની વૃધ્ધિ કરવામાં આવે છે તેવી રીતે ઉચિત સુરક્ષાનો પુરો ખ્યાલ રાખીને જૈનોને વ્યાપારી તેમ જ ઔદ્યોગિક સગવડો આપવામાં પણ આ ધનનો સદુપયોગ થઇ શકે છે. કેટલાંય મંદિરોની સંપત્તિનો હિસાબ પણ આપવામાં આવતો નથી. આને લીધે આ દ્રવ્ય ધન-કલહનું બીજ બની બેઠું છે. ગમે તેટલી શ્રીમાન અને સધ્ધર પેઢી હોય અને અધિક વ્યાજ મળતું હોય તો પણ કોઇ પણ વ્યક્તિની પેઢીમાં આ દ્રવ્ય જમે રાખવું હું ઉચિત સમજતો નથી. ઘણું ખરૂં આનું પરિણામ સારૂં આવતું નથી. આ પુંજી બેંકમાં જમે કરાવવી જોઇએ, તેનું ટ્રસ્ટ બનાવવું જોઇએ, અને તેનો સાર્વજનિક હિતના કાર્યમાં ઉપયોગ થઇ શકે એવી યોજનાઓ ઘડાવી જોઇએ.

હરિજન અને મંદિરપ્રવેશ

વર્ણાશ્રમધર્મની વર્ણવ્યવસ્થા જૈન ધર્મને માન્ય નથી. જૈન ધર્મ જાતિપાતિને બીલકુલ માનતો નથી. આમ હોવાથી એની નજરમાં કોઇ શુદ્ર નથી. આપણી જાતિ માનવજાતિ છે, આપણી સંસ્કૃતિ માનવસંસ્કૃતિ છે, અને આપણો ધર્મ પણ જિનધર્મ, નિજધર્મ અથવા તો માનવધર્મ છે. આપણે સૌ સાથે મૈત્રી અને બંધુભાવ રાખવા માંગીએ છીએ. ભેદભાવનો તમામ પ્રપંચ આજે યુગબાહ્ય વસ્તુ છે. કેવળ શુદ્ર હોવાના કારણે કોઇને પણ માનવોચિત અધિકારોથી વંચિત રાખતી લોકમૂઢતા ત્યાજ્ય છે. એ નિશ્ચિત છે કે અસમાનતામૂલક સામાજિક વ્યવસ્થા કાયમ રહી શકે એમ છે જ નહિ. અસ્પૃશ્યતાએ ભારતની સામાજિક અવસ્થાને છિન્નભિન્ન કરી નાંખી છે. મહાત્મા ગાંધી કહે છે કે "અસ્પૃશ્યતાને ધર્મબુદ્ધિ ગ્રહણ કરી શકતી નથી. તે સત્ય તથા અહિંસાનો વિરોધી ધર્મ છે, એટલા માટે એ ધર્મ જ નથી..... અસ્પૃશ્યતા આત્મઘાતક છે, અસહિષ્ણુતાની પરાકાષ્ટા છે.....

કોઇને આપણે અસ્પૃશ્ય ગણવા હોય તો માત્ર અસત્ય તથા પાખંડથી ભરેલા લોકોને જ અસ્પૃશ્ય ગણી શકાય." ભારતના નવા બંધારણમાં જ્ઞાતિપાંતિનો ભેદભાવ દૂર કરવાના હેતુથી હરિજનોને જે અન્ય નાગરિકોની સરખા અધિકાર આપવામાં આવ્યા છે તે જૈનઆદર્શ અનુકૂળ છે. પરિષદને એ સહર્ષ માન્ય છે અને માન્ય રહેશે. નવા બંધારણ અનુસાર અસ્પૃશ્યતા ખતમ થઇ ચુકી છે. અસ્પૃશ્યતાનો વ્યવહાર આજે કાયદાવિરોધી આચરણ છે. કોઇ શુદ્ર પણ જો શ્રધ્ધાવિનયપૂર્વક જિન મંદિરમાં દર્શન કરવાના હેતુથી અથવા તો માત્ર કલાકૃતિ નિહાળવાના હેતુથી આવે તો આપણે તેને કોઇ પણ આધાર ઉપર અટકાવી શકતા નથી. માનવતા પણ એ માંગી રહી છે કે તેને ધર્મસેવનના આ સાર્વજનિક સ્થાનમાં પ્રવેશ કરવા દેવામાં આવે. કોઇને મંદિરમાં દાખલ થતા અટકાવવા એ ધનસાનને ધનસાન નહિ સમજવા બરોબર છે.

પરિષદે પોતાની ગત કાર્યકારિણીમાં આ બાબતમાં આ આશયનો સ્વીકાર કર્યો હતો કે પ્રત્યેક વ્યકિત આત્મોત્સર્ગના હેતુથી શ્રધ્ધા અને વિનયપૂર્વક મંદિરમાં આવી શકે છે. આ તદ્દન વ્યાજબી છે. આપણા મંદિરના દરવાજા પ્રત્યેક વ્યકિત માટે ખુલ્લા રહેવા જોઇએ. એ ઉપર તો લખેલું હોવું જોઇએ. કે "જેની મરજી હોય તે આવે" "જો ચાહે સો આવે." ગોમટેશ્વરની સંસાર-પ્રસિધ્ધ દર્શનીય મૂર્તિ, આબુની સ્થાપત્યકળા વગેરે સામે માથું નમાવવાનું કોને નથી ગમતું? સ્વચ્છ અને શુદ્ધ બનીને કોઇ પણ વ્યકિત મંદિરના નિયમો અનુસાર, વિનયભાવથી આવે તો આપણે તેનું સ્વાગત કરવું જોઇએ અને શ્રવણમહાપ્રભુ મહાવીરની અહિંસાનો જીવન્ત પરિચય તેને કરાવવો જોઇએ.

જૈન સમાજનો અધિકાંશ ભાગ હરિજન મંદિર પ્રવેશનું સમર્થન કરે છે, અને શાસ્ત્રો પણ તેનું અનુમોદન કરે છે. જૈન સંસ્કૃતિ માનવમાત્રનો સમાનાધિકાર સ્વીકારે છે. જો આપણે જૈન શાસ્ત્રોને ખરેખર માનતા હોઇએ તો શુદ્રોને જૈન મંદિરમાં પ્રવેશ કરતા આપણે અટકાવી શકતા નથી. આશા રાખવામાં આવે છે કે જૈન સમાજ આ વસ્તુસ્થિતિને સમજશે અને સમયની ગતિને ઓળખશે.

ધારો કે શુદ્રોનો મંદિરપ્રવેશ ધર્મસંમત નથી આમ છતાં પણ વર્તમાન દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને લક્ષ્યમાં રખીને તેમ જ જૈન સમાજના રક્ષણ ખાતર પણ આ આપણે સહન કરી લેવો જોઇશે. જૈન ધર્મને જીવતો રાખવો હોય તો જૈન સમાજને જીવતો રાખવો જોઇશે. જો સમાજ જ જીવતો નહિ રહ્યો હોય તો ધર્મ કયાં કહેવાનો છે? 'न धर्मो धार्मिकैर्विना।'

પરમપૂજ્ય તપોનિધિ શ્રી. ૧૦૮ આચાર્ય શ્રી શાન્તિસાગર મહારાજનો ઉપવાસ આપણી આકુળતાનું પ્રધાન કારણ બની રહ્યું છે. તેમનું સ્વાસ્થ્ય સમસ્ત જૈન સમાજની ચિંતાનો વિષય બની રહ્યો છે. શ્રી પૂજ્યના ચરણકમળમાં આપણું નમ્ર નિવેદન છે કે આ સમસ્યાને કેવળ શાસ્ત્રીય ધોરણે નહિ પણ સામાજિક દૃષ્ટિથી પણ વિચારવા કૃપા કરે.

જૈન અને હિંદુ

આજની આઝાદીના કાળમાં અને બદલાયલી પરિસ્થિતિમાં આપણને જો નવા અધિકાર મળ્યા છે તો સાથે સાથે આપણી ઉપર નવાં નવાં કર્તવ્યોનું પાલન કરવાની જવાબદારી પણ આવી પડી છે. જડ પ્રકૃતિ પણ પરિવર્તિત દશાઓને અનુરૂપ વર્તન કરે છે. જમાના સાથે ચાલવું એ જીવતા રહેવાનો અને પ્રાણવત્તા ટકાવી રાખવાનો મૂલમંત્ર છે. 'પરિવર્તન એ જ એક અપરિવર્તનશીલ નિયમ છે.' પ્રગતિશીલતાનો પણ આ જ નિયમ છે. આ જમાનામાં જુનવાણીવાદને અથવા તો સ્થિતિચુસ્ત વિચારસરણિને વળગી રહેવું તે મિથ્યા અને જોખમકારક છે. સામાજિક દૃષ્ટિથી આપણે હિંદુઓમાં શામિલ છીએ અને હિંદુ આપણામાં શામિલ છે. આપણો જૈન સમાજ હિંદુ સમાજનું એ પ્રકારનું અંગ છે કે જેમ હિંદુસમાજ બને જન સમાજ માનવ સમાજનું અંગ છે. જૈન લોક સામાજિક તથા રાજનૈતિક દૃષ્ટિથી હિંદુઓથી કદિ પણ જુદા રહ્યા નથી. તેઓ હિંદુઓની સાથે જેવા આજ સુધી હળીમળીને રહેતા આવ્યા છે એ જ પ્રમાણે આગળ ઉપર પણ રહેશે.

હિંદુ ટ્રસ્ટો અને હિંદુ સંસ્થાઓમાં જૈનોએ બરોબર સાથ અને દાન આપેલ છે. જૈનોનો હિંદુઓ ઉપર પ્રભાવ પડયો છે. હિંસકયજ્ઞોનો વૈદિક ધર્મમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો તેનુ શ્રેય જૈન ધર્મને પ્રાપ્ત થાય છે. હિંદુઓનો પણ જૈનો ઉપર પ્રભાવ પડયો છે અને સ્વાભાવિક રીતે પ્રભાવ પડવો જોઇએ. અન્નના રીત રીવાજ તહેવાર તથા પ્રથાઓ ઓછીવત્તી સમાન છે તેનું પણ આ જ કારણ છે.

સામાજિક દૃષ્ટિથી તો જૈન સમાજ હિંદુ સમાજમાં સંમીલિત છે પરન્તુ આપણો જૈન ધર્મ વૈદિક ધર્મ યા અન્ય કોઇ ધર્મની શાખા નથી.

જો 'હિંદુ' શબ્દનો અર્થ હિંદમાં રહેવાવાળો એમ થતો હોય તો જૈનો બેલાશક હિંદુ છે. જો 'હિંદુ' શબ્દનો તાત્પર્ય હિંદુ 'ધર્મને માનવાવાળો' એમ હોય તો જૈન બીલકુલ હિંદુ છે જ નહિ. હિંદુ શબ્દ દેશવાચક છે, કોઇ ધર્મ કે સંપ્રદાયનો વાચક નથી.

"જેમની પિતૃભૂમિ અને પુણ્યભૂમિ (ધર્મભૂમિ) સિન્ધુ નદીથી પુર્વનો ભાગ હોય તે હિંદુ"—શ્રી. વિ. દા. સાવરકરનો હિંદુ—શબ્દનો આ વ્યાપક અર્થ અમો આદિવાસી જૈનેતર ને સહર્ષ માન્ય છે. પરિષદ ઘોષિત કરી ચુકી છે કે જૈન લોક દેશની સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિથી હિંદુ છે, અને હિંદુ જ રહેશે.

રાજનૈતિક ક્ષેત્રમાં આજે જૈનોને જે ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું છે તે પૃથકૃતાવાદથી કદિ પણ મળી શકવાનું નથી. આપણે 'અહિંદુ' બનીને રાજનૈતિક તથા સામાજિક હાનિ હાંસલ કરીશું એટલું જ નહિ પણ અત્યન્ત નુકસાનકારક વિષમતા ઉભી કરીશું; એમ કહિ પણ બોલવા દઇશું નહિ.

રાષ્ટ્રીયતાનું સમર્થન

આપણે દરેકે સમ્યક પ્રયાસ વડે આપણો પૂર્ણ વિકાસ કરીને સમ્યક આજીવિકા ઉપાર્જિક કરવી તે ઉચિત છે. આપણા કુટુંબને સુશિક્ષિત, સભ્ય, સંસ્કૃત, ધર્મનિષ્ટ તથા સુખસંપન્ન બનાવવું એ આપણું કર્તવ્ય છે. સાથે સાથે આપણા બૃહત્તર કુટુંબ આપણી જ્ઞાતિની ચતુર્મુખ ઉન્નતિમાં સહયોગ અને વાત્સલ્યભાવવડે બને તેટલા સહાયક બનવું જોઇએ. તદુપરાન્ત દરેક પ્રકારની રાષ્ટ્રસેવામાં તત્પર રહીને આપણા આઝાદ મુલકની પ્રજાવત્સલ, નિષ્પક્ષ, નિસ્વાર્થ સેવાભાવી સરકારને આપણે સહયોગ દેવો અને યથાશકય માનવજાતિના કલ્યાણ અર્થે યોગ્યતા અનુસાર યોગ દાન દેવું એ પ્રત્યેકનું કર્તવ્ય છે.

આજના અભાવ અને કઠિણાઇના જમાનામાં આત્મકેન્દ્રિત, સ્વાર્થપરુ બનવા તરફ લોકવૃત્તિ વેગપૂર્વક ઢળી રહી છે. દરેકને માત્ર પોતપોતાની પડી છે. આ વલણ સ્વપરઘાતી છે. આવા સંકટકાળમાં આપણે સમસ્ત જ્ઞાતિ તથા રાષ્ટ્રના સુખદુઃખનો વિચાર કરીને વર્તન કરવું જોઇએ આમાં જ માણસાઇ રહેલી છે. આપણે આપણી દરેક પ્રવૃત્તિમાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રપ્રેમનો પરિચય કરાવવો જોઇએ. આજની દુનિયામાં સંપ્રદાય, અને જ્ઞાતિઓ નગણ્ય થઇ રહેલ છે. આપણે રાષ્ટ્રીયતામાં વિલીન થઇ જવું જોઇએ. રાષ્ટ્રવૃદ્ધિ તાર્થે જે યોજનાઓ ઘડવામાં આવે અને જે કાર્યક્રમ કાર્યાન્વિત કરવામાં આવે તેમાં દિલોજાનથી આપણે સહયોગ આપવો જોઇએ.

વ્યાપાર નીતિ

આવો બંધુઓ, આ અધિવેશનના મંગળમય અવસર ઉપર આપણે જૈન લોકો નિશ્ચય કરીએ કે આજથી અમારામાંથી કોઇ કાળાબજારી, સંગ્રહખોરી, નફાખોરી કે રૂશ્વતખોરી નહિ કરે, અને ખાદ્ય પદાર્થોમા મિલાવટ અથવા તો અન્ય પ્રકારનો કોઇ વ્યાપારી

ભ્રષ્ટાચાર નહિ કરે, ન કોઇ એમાં સહાયક થશે કે, ન કોઇ એનું અનુમોદન કરશે. એમ કરીને કલેશકારી કંટ્રોલોની નાબુદીને નજીક લાવીને લોકોમાં સુખ શાન્તિ અને રાહત નિપજાવવાનું આપણે પુણ્યકાર્ય કરીએ. આપણે અન્યનું છિદ્રાન્વેષણ ન કરતાં સુધારકાર્ય આપણા પોતાથી જ શરૂ કરવું જોઇએ અને ગમે તેવી અગવડો હોવા છતાં સત્યથી કદિ ચળાયમાન થવું ન જોઇએ. ભલે અન્ય લોકો ગમે તે કરતા હોય.

આપણે સરકારની પ્રેમપૂર્ણ નીતિને તેની દુર્બળતા લેખવી ન જોઇએ. જો આપણે સરકારની સૂચનાઓ મુજબ વર્તીશું નહિ તો આ જ સરકારને સત્વર સખતાઇનો માર્ગ ગ્રહણ કરવો પડશે. રાજીખુશીથી આપણી ફરજનો અમલ નહિ કરીએ તો નારાજીથી અમલ કરવો પડશે.

યોગ્યતાનું રાષ્ટ્રીયકરણ

આજે રાષ્ટ્રીયકરણનો ખુબ શોરબકોર સંભળાઇ રહ્યો છે. ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણ પહેલાં લોકોની યોગ્યતાનું રાષ્ટ્રીયકરણ થવું જોઇએ. વિશાળ જનસમુહની સમગ્ર શકિત, સામર્થ્ય અને યોગ્યતાનો રાષ્ટ્રના હિત અર્થે ઉપયોગ થઇ શકે એવો ઉપાય કરવો જોઇએ. આપણે પ્રધાન લક્ષ્ય એ બાબત ઉપર આપવું જોઇએ કે કેવી રીતે લોકોને યોગ્ય બનાવી શકાય, અને કેવી રીતે તેમની પાસેથી કામ લઇ શકાય, કે જેથી તેઓ સ્વભાવાનુકુળ સારી આજીવિકા પ્રાપ્ત કરીને સુખશાન્તિથી રહી શકે. આ વિશાળ જનશકિતનો રાષ્ટ્રવિધાયક કાર્યક્રમમાં ઉપયોગ થવો જોઇએ.

અનુવાદક : પરમાનંદ

કેટલાક સમાચાર અને નોંધ

હિંદના સ્થાપિત હિતો અને ધર્મના ઠેકેદારો વચ્ચે ચાલતી આવેલી સમજુતી

યુરોપના ભિન્ન ભિન્ન રાષ્ટ્રોના સ્થાપિત હિત ધરાવતા શાસક વર્ગે પ્રારંભમાં પ્રચલિત ધર્મસંસ્થા અને ત્યારબાદ એક યા બીજા વિચારવાદનો આશ્રય લઇને પોતાના હિતનું રક્ષણ કેમ કર્યું છે અને તે સામે પડકાર કરતા વિચારોને તેમ જ તેમની સત્તાશાહી નીચે કચરાતા વર્ગોને કેવી રીતે અંકુશ તળે રાખવાનું કાર્ય કર્યું છે તેની આછી રૂપરેખા 'બળવાખોર' એ મથાળા નીચેના આ અંકમાં અન્ય પ્રગટ કરેલા લેખમા રજૂ કરવામા આવી છે.

હિંદનો ઇતિહાસ તદ્દન આ પ્રકારનો નથી, કારણ કે હિંદની પરિસ્થિતિ યુરોપથી જુદા પ્રકારની હતી. યુરોપ માફક હિંદ પણ નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયલું હતું, પણ આખું યુરોપ એક જ ધર્મના તંત્ર નીચે સંકલિત હતું, જ્યારે હિંદમાં અનેક ધર્મો અને સંપ્રદાયો કંઇ કાળથી પ્રવર્તમાન રહ્યા હતા. પરિણામે ધર્મસંસ્થાઓ અને રાજકારણી સંસ્થાઓ એકત્ર થઇને ત્યાંની પ્રજા ઉપર ધર્મના નામે જે અમાનુષી જુલમ કર્યો છે અને વિચારસ્વાતંત્ર્યનું રૂંધન કર્યું છે તેવું ચિત્ર હિંદના ઇતિહાસમાં દૃષ્ટિગોચર થતું નથી. હિંદમાં રાજા પોતે અમુક ધર્મનો હોય પણ તેની પ્રજા અનેક ધર્મો તથા સંપ્રદાયમાં વહેંચાયલી હોય. આવી પરિસ્થિતિ વચ્ચે સુલેહશાન્તિથી રાજ્ય ચલાવવા ઇચ્છનાર રાજ્યકર્તાઓએ ધાર્મિક બાબતમાં સાધારણ રીતે તટસ્થતા અખત્યાર કરવી પડતી હતી. હિંદના ઇતિહાસમાં પણ કોઇ કોઇ ધર્માંધ રાજાઓ થઇ ગયા છે કે જેમણે અન્યધર્મીઓ ઉપર ઠીક ઠીક જુલમ કર્યો હોય. પણ આવા રાજાઓ ગણ્યાગાંઠ્યા અપવાદરૂપ જ થયા છે. યુરોપ જેવી ધર્મસંચાલક અને રાજ્યસંચાલકની—એકમેકના વિરોધીઓને દાબી દેવાની—નિર્મૂળ કરવાની—સહિયારી નીતિનું હિંદના ઇતિહાસમાં ભાગ્યે જ દૃષ્ટાન્ત જોવા મળે તેમ છે. હિંદમાં નજરે પડતા અનેક ધર્મો, સંપ્રદાયો અને પેટા—સંપ્રદાયો એક બાજુએ સમગ્ર રાષ્ટ્રની એકતાની દૃષ્ટિએ અનિષ્ટ હોવા છતાં બીજી બાજુએ આવી સંપ્રદાયવિપુલતાનું અસ્તિત્વ હિંદમાં પ્રવર્તતી પરમતસહિષ્ણુતાનું ભારે ઘોતક અને અનુમાપક તત્ત્વ છે.

બીજું, વસ્તીમર્યાદાવાદ, ઉત્ક્રાન્તિવાદ કે જાતિવાદ—આવી ભિન્ન ભિન્ન વિચારશ્રેણીએ યુરોપમાં જે અનર્થ નીપજાવ્યો છે તેવા અનર્થને હિંદમાં અવકાશ જ નહોતો. કારણકે આ બધા વાદોના ખ્યાલો આપણા માટે હજુ તદ્દન નવા જ છે.

આ રીતે વિચારતાં હિંદનો ઇતિહાસ યુરોપના ઇતિહાસ કરતાં વધારે ઊજળો લાગે છે. આમ છતાં પણ આપણા દેશમાં કંઇ કાળથી સ્થાપિત હિત ધરાવતા મુઠીવાદી વર્ગે અને સાધુસંસ્થાએ સાથે મળીને દલિત વર્ગની દલિત દશા કાયમ રાખવાની દિશાએ તેમ જ પ્રાગતિક—ક્રાન્તિકારી વિચારોને દાબી દેવાની દિશાએ કાંઇ નાનો સુનો ભાગ ભજવ્યો નથી. આ ચાલુ પરિસ્થિતિ સામે યુગે યુગે બળવો થતો આવ્યો છે, ધર્મસુધારકો અને ક્રાન્તિકારી વીરપુરૂષો પાકતા આવ્યા છે, દલિતોએ માથું ઊંચકયું છે, અને નવા વિચારોની પુનઃ પુનઃ પ્રતિષ્ઠા થતી રહી છે. શ્રીમન્તાઇ કે ગરીબાઇ પૂર્વસંચિત સારા યા નઠારાં કર્મોનું ફળ છે; એટલા માટે શ્રીમાન સદા સર્વદા બહુમાન યોગ્ય છે અને સ્વસ્થિતિમાં સંતોષ માની થાય તેટલી ધર્મકરણી કરવી એ ગરીબોની ફરજ છે—આવો ઉપદેશ વ્યાખ્યાનપીઠ ઉપરથી ઘણી વાર સાંભળવા મળે છે. આજે આવો આંધળો સંતોષ અને શ્રદ્ધા આમ જનતામાંથી લુપ્ત થતાં જાય છે અને આર્થિક તેમ જ સામાજિક સમાનતાનો આદર્શ સ્વીકારાતો જાય છે. આજે દબાયલા અને છુંદાયલા સર્વ વર્ગો માથું ઉંચકી રહ્યા છે અને ચિરપ્રતિષ્ઠિત ઉપરિસ્થિત ઊજળો વર્ગ ધીમે ધીમે સ્થાનભ્રષ્ટ, પ્રતિષ્ઠાભ્રષ્ટ થઇ રહ્યો છે.

સમાજમાં આવું પાયાનું પરિવર્તન—સાર્વત્રિક અને સર્વદેશીય—તે જ કરી શકે કે જે પ્રસ્તુત લેખના અન્ત ભાગમાં વર્ણવવામાં આવેલ છે તેવા સાચા દિલનો 'બળવાખોર' હોય. આવા આજીવન આદર્શબળવાખોર ગાંધીજી હતા એ આપણે જોયું તેમ જ જાણ્યું છે. રાષ્ટ્રની સમાજની નવરચનાની દિશાએ હજુ ઘણું ઘણું કરવાનું છે. અને તે માટે સમાજના ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં એ લેખમાં સૂચવેલ છે એવા અનેક સાચા બળવાખોરોની આપણને ખુબ જરૂર છે.

અખિલ ભારતવર્ષીય દિગંબર જૈન પરિષદનું પચ્ચીસમું અધિવેશન

દિગંબર મહાસભા દિગંબર જૈન સમાજની એક બહુ જુની અને જાણીતી સંસ્થા છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓ અને વલણ સામાન્યતઃ રિથતિચુસ્ત છે અને જુનવાણી વિચારોનું બહુધા સમર્થન કરતી આવી છે. તેના પ્રત્યાઘાત રૂપે નવીન પ્રગતિશીલ વિચારોને પ્રતિધ્વનિત કરવાના હેતુથી આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં અખિલ ભારતવર્ષીય દિગંબર જૈન પરિષદનો જન્મ થયો. આ પરિષદમાં દિગંબર વિદ્વાનો, તથા આગળ પડતા વિચારો ધરાવતા શ્રીમાનો ભાગ લેતા આવ્યા છે. આ પરિષદનું ૨૫મું અધિવેશન તાજેતરમાં દીલ્હી ખાતે શ્રીમાન સાહુ શ્રેયાંસપ્રસાદજીના અધ્યક્ષપણા નીચે ભરાયું હતું. પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયલા વ્યાખ્યાનનો અગત્યનો ભાગ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. એ વ્યાખ્યાનમાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓ આજના સમગ્ર જૈન સમાજે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. જૈન મંદિરોમાં હરિજનોના પ્રવેશ સામે દિગંબર સમાજમાં આજે એક મોટી હીલચાલ ચાલી રહી છે. આ હીલચાલના અગ્રણી મુનિ શાન્તિસાગરજી આ હેતુથી કેટલાય સમયથી ઉપવાસ એટલે કે અન્નત્યાગ એટલે કે અનાજનો ત્યાગ કરી બેઠા છે અને હરિજન મંદિર પ્રવેશ સામે ઝુંબેશ ચલાવી રહ્યા છે. પ્રમુખશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં હરિજન મંદિર પ્રવેશનું પુરી નિડરતાપૂર્વક સમર્થન કર્યું છે. તેમણે જણાવ્યું છે કે "માનવતા માંગી રહી છે કે હરકોઇ માનવીને ધર્મસેવનના આ સાર્વજનિક સ્થાનોમાં આવવા દેવામાં આવે. કોઇને પણ મંદિરમાં આવવાની મનાઇ કરવી એ માનવીની માનવતાનો ધનકાર કરવા બરોબર છે." આગળ વધતાં તેઓ જણાવે છે કે "આપણા મંદિરના દરવાજા પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લા રહેવા જોઇએ. એ ઉપર એમ લખેલું હોવુ જોઇએ કે જો ચાહે સો આવે." જૈન મંદિર વિષેની આ દૃષ્ટિ તદ્દન સાચી, અને જૈનમૂર્ત તથા મંદિરની યોજનાના મૂળ આશયની યથાર્થ નિરૂપક છે. જૈન ધર્મે હંમેશા પોતાનાં દ્વાર સૌ કોઇને માટે ખુલ્લાં રાખ્યાં છે અને સર્વ જીવ

કરું શાસન રસી' એ ભાવના જૈન ધર્મના પાયામાં રહેલી છે. એ ધર્મ પોતાનાં મંદિરનાં દ્વાર કોઇ પણ માનવી–પછી તે શુદ્ર હો કે હરિજન હો–માટે બંધ કરી કેમ શકે? અસ્પૃશ્યત્વનો કોઇ પણ અંશમાં સ્વીકાર એ વિશ્વબંધુત્વનો સંદેશો આપનાર જૈન ધર્મનો ઇન્કાર કરવા બરોબર છે.

પ્રમુખશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં બીજો પ્રશ્ન જૈનો અને હિંદુઓને લગતો ચર્ચ્યો છે અને જૈન ધર્મ કોઇ પણ ધર્મની શાખા નથી, એ અલગ અને સ્વતંત્ર ધર્મ છે એમ કહેવા છતાં આજે હિંદુઓથી જૈનો અલગ છે એવો જે વિચાર જૈન સમાજમાં કેટલીક દિશાઓથી ફેલાવવામાં આવે છે તેનો તેમણે સખ્ત વિરોધ કર્યો છે અને જણાવ્યું છે કે " આપણે આપણી જાતને 'અહિંદુ' જાહેર કરીને રાજકીય તેમ જ સામાજિક હાનિના તો ભોગ બનીશું જ, એટલું જ નહિ પણ આપણા દેશમાં નિતાન્ત અનાવશ્યક અને નુકસાનકારક વિષમતા ઉભી કરીશું, એમ આપણે બીલકુલ થવા દઇશું નહિ." આ રીતે હિંદુ તથા જૈનો વચ્ચે રહેલી એકતાનું તેમણે જોરદાર સમર્થન કર્યું છે.

પ્રસ્તુત પરિષદમાં હરિજન મંદિર પ્રવેશને લગતા ઠરાવે બહુ મોટો ક્ષોભ પેદા કર્યો હતો. પરિષદમાં ૭૫૦ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા જેમાં ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ બહારથી આવ્યા હતા. આ પરિષદમાં પ્રેક્ષકોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. હરિજનોના મંદિર પ્રવેશ સામે મોટી ધમાલ પ્રેક્ષકોએ ઉભી કરી હતી અને પરિણામે બેઠકની સુલેહશાન્તિ જોખમ ભરેલી લાગતાં જે દિવસે આ ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો તે દિવસની બેઠક કશો પણ નિર્ણય લીધા સિવાય પ્રમુખશ્રીએ મુલતવી રાખી હતી. બીજા દિવસે પોલીસનો પુરો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને માત્ર પ્રતિનિધિઓને અને પાસ ધરાવતા પ્રેક્ષકોને દાખલ થવા દેવામાં આવ્યા હતા અને આ બેઠકમાં હરિજનોને લગતો પ્રસ્તાવ કેટલાંક વિવેચનો થયા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. આ રીતે પસાર થયેલો ઠરાવ નીચે મુજબ હતો :—

"ભગવાન મહાવીર સર્વહિતૈષિ તેમજ વિશ્વઉધ્ધારક હતા. તેમનું શાસન સર્વોદયસાધક હતું. જૈન ધર્મ, આત્મધર્મનો પ્રતિપાદક છે, અને પ્રત્યેક પ્રાણીને કોઇપણ જાતના ભેદભાવ સિવાય જૈન શાસન ગ્રહણ કરવાનો, તેનું અનુકરણ કરવાનો તથા તેની ધાર્મિક સંસ્થાઓ દ્વારા આત્મઉધ્ધારાર્થે લાભ ઉઠાવવાનો જન્મસિધ્ધ અધિકાર છે. ધાર્મિક ક્ષેત્રમાં જાતિપાંતિને કોઇ સ્થાન નથી. આમ હોવાથી આ પરિષદ ઠરાવ કરે છે કે જાતિપાંતિના કશા પણ ભેદભાવ સિવાય સૌ કોઇને શ્રધ્ધા અને વિનયભાવ વડે આત્મોત્કર્ષ સાધવા માટે જૈન મંદિરમાં જવા આવવાનો અધિકાર છે અને જૈન સમાજને આ પરિષદ અપીલ કરે છે કે જે સ્થાનના હરિજનભાઇઓ જૈન મંદિરમાં શ્રદ્ધા અને વિનયપૂર્વક આવવા ઇચ્છે તેમના આવવામાં સર્વ પ્રકારની સગવડ આપવામાં આવે. ભારતના નવસંવિધાનમાં જાતિપાંતિના ભેદ દૂર કરવાના હેતુથી હરિજનોને અન્ય નાગરિકો સરખો જે અધિકાર આપવામાં આવ્યો છે તે જૈન આદર્શને અનુકુળ છે. તેનું આ પરિષદ સ્વાગત કરે છે."

આ પ્રશ્ન ઉપર આવું મક્કમ વળણ દાખવવા બદલ અને ગુંડાગીરીથી જરા પણ મુંઝાયા કે અકળાયા વગર પરિષદનું કાર્ય વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે પરિષદના પ્રમુખ શ્રેષ્ઠાસપ્રસાદજીને ધન્યવાદ ઘટે છે.

હરિજન મંદિર પ્રવેશ સંબંધે જૈન સમાજમાં આવો ઉકળાટ અને વિરોધ હોય એ જૈન સમાજને શરમાવે તેવું છે. વૈચિત્ર્ય તો એ છે કે જે જૈનો હરિજન મંદિર પ્રવેશનો વિરોધ કરે છે તેઓ જ બીજી બાજુએ પોતાને ' અહિન્દુ ' તરીકે જાહેર કરે છે. અસ્પૃશ્યતાની જ્યાં ઉંડી જડ હતી ત્યાંથી તો મૂળમાંથી ઉખડવા મંડી છે ત્યારે જ્યાં અસ્પૃશ્યતાને લેશ માત્ર અવકાશ હોવો ન જોઇએ ત્યાં જ અસ્પૃશ્યતાની ધજા ચઢાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

હિંદના બંધારણની ૨૫ મી કલમ મુજબ હિંદુ સમાજમાં જૈનોને અન્તર્ગત કરવામાં આવ્યા છે. આનો સ્વીકાર કરવામાં આવે તો હરિજનોને જૈન મંદિરમાં આવતા અટકાવી શકાય તેમ છે જ નહિ; આનો અસ્વીકાર કરવામાં આવે તો પણ જે જૈન મંદિરમાં અનેક જૈનેતરોને કંઇ કાળથી પ્રવેશ કરવા દેવામાં આવે છે તે જૈન મંદિરમાંથી અસ્પૃશ્યને ધકકા મારી શકાય જ નહિ. આટલી સાદી અને સીધી વાત અસ્પૃશ્યતાસમર્થક જૈનો કેમ સમજતા નહિ હોય એ કલ્પનામાં આવતું નથી.

સ્થાનકવાસી ઉપાશ્રયમાં સાર્વજનિક દવાખાનાનું ઉદ્ઘાટન

તા. ૩૧–૧૨–૫૦ના રોજ મુંબઇના સ્થાનકવાસી જૈન સંઘે એક ભારે અનુકરણ કરવાયોગ્ય કાર્ય કર્યું છે જે માટે એ સંઘના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. મુંબઇ ખાતે કાંદાવાડીમાં સ્વર્ગસ્થ શેઠ મેઘજી થોભણના નામ સાથે જોડાયલો એક વિશાળ ઉપાશ્રય છે. મુંબઇના સ્થાનકવાસી સંઘનું આ મુખ્ય મીલનસ્થાન છે. આ ઉપાશ્રયની જગ્યામાં જ એક બાજુએ કેટલાએક વખતથી શેઠ પ્રભાશંકર પોપટભાઇ સાર્વજનિક દવાખાનું નાના પાયા ઉપર ચાલતું હતું. ઉપાશ્રય તરફથી આજુબાજુનાં કેટલાંએક મકાનો ખરીદવામાં આવ્યા છે. આમાંથી જે મકાનનો કબજો મળે તેને સુધારીને અથવા તો જો બહુ જીર્ણ થઇ ગયું હોય તો તોડીપાડીને તેના જગ્યાએ નવું મકાન ઉભું કરીને તેમાં સંઘની વિવિધ પ્રવૃત્તિઓને સ્થાન આપવામાં આવે છે. આ રીતે એક બાજુએ બંધાવેલા નવા મકાનમાં ઉપર જણાવેલ દવાખાનાને લઇ જવામાં આવ્યું છે. આ સાર્વજનિક દવાખાનાની તેમજ સાથે સાથે થોડા સમયથી શરૂ કરવામાં આવેલ ગોકળદાસ શિવલાલ અજમેરા સાર્વજનિક એકસ–રે ખાતાની ઉદ્ઘાટન ક્રિયા ઇન્દોરનિવાસી શેઠ કનૈયાલાલજી ભંડારીના હાથે તા. ૩૧–૧૨–૫૦ ના રોજ કરવામાં આવી હતી. આ પ્રસંગ બે રીતે ધ્યાન ખેંચે તેવો છે.

એક તો જૈન સમાજના એક વિભાગના હાથે આવું સાર્વજનિક હિતનું કાર્ય શરૂ થાય એ અત્યન્ત અભિનંદનીય છે. આજે અનેક કોમી દવાખાનાં ચાલે છે અને એ દવાખાનાનો લાભ કોમબહારના માણસોને પણ ઠીક પ્રમાણમાં આપવામાં આવે છે એ સુવિદિત છે પણ તે તે દવાખાના સાથે કોમી નામ જોડાયલું હોઇને તે દવાખાનાનો લાભ મોટા ભાગે તે કોમના જ માણસોને મળે છે અને તે કોમબહારના માણસો સ્વાભાવિક રીતે ત્યાં જતાં અચકાય છે. આ દવાખાનાને તો સાર્વજનિક તરીકે પ્રારંભથી જ જાહેર કરવામાં આવ્યું છે. પરિણામે આસપાસ વસતી જનતા માટે આ દવાખાનું એક મહાન આશીર્વાદરૂપ બન્યુ છે.

બીજું, જૈન ઉપાશ્રય એક ધર્મસ્થાનક છે અને એવા સ્થળમાં ધાર્મિક ક્રિયાઓ સિવાય બીજી કોઇ સામાજિક પ્રવૃત્તિને અવકાશ જ હોઇ ન શકે એ માન્યતા આપણા સમાજમાં કંઇ કાળથી રૂઢ થયેલી છે. આમ છતાં મુંબઇનો સ્થાનકવાસી સંઘ આવી રાહતવાહી સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિ શરૂ કરે એટલું જ નહિ પણ ઉપાશ્રયમાં જ એક બાજુએ તેને સ્થાન આપે એ બતાવે છે કે એ સમાજના આગેવાનો સમયને ઓળખી રહ્યા છે અને પુરાણી માન્યતાઓની સંકુચિતતાને છોડી રહ્યા છે, અને સમયોચિત ઉદારતાના માર્ગે આગળ વધી રહ્યા છે. આજનાં ઉપાશ્રયો અને મંદિરો ક્રિયાકાંડનાં મથકો અને કોમી ભાવનાના કેન્દ્રસ્થાનો છે. આ જ સ્થળો અનેક સાર્વજનિક શ્રેયનાં ઉદ્ભવસ્થાનો બને તો કેવું સારું–આવો ઉગતી પ્રજાના દિલમાં કંઇ કાળથી ઉગેલો મનોરથ આ રીતે મૂર્તિમન્ત થતો જોઇને કોને આનંદ ન થાય?

આ દવાખાનામાં પોતાના પિતાના સ્મરણાર્થે શ્રી રસિકલાલ પ્રભાશંકરે રૂા. ૬૫૦૦૦ આપ્યા છે અને શ્રી ગોકુળદાસ શિવલાલ અજમેરાએ રૂ. ૨૫૦૦૦ આપીને એકસ–રે ખાતાનો પ્રારંભ કરાવ્યો છે તે માટે તે બન્ને ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે. આ આખી પ્રવૃત્તિના આત્મારૂપ સંઘના બે મંત્રીઓ છે. શ્રી. ગીરધરલાલ દામોદર દફ્તરી

અને ડૉ. નારણજી મોનજી વોરા. તે બન્ને ભાઇઓને આ પ્રવૃત્તિને ચોતરફ વિકસાવવાની ખુબ ભાવના છે. આંખ, દાંત, કાન વગેરેની સારવાર માટે જરૂરી પ્રબંધ અને સાધનસામગ્રી વસાવવા તેઓ ધારે છે. પેથોલોજીકલ ડીપાર્ટમેન્ટ પણ તેમને ખોલવું છે. અને સાથે સાથે અહિં એક મોટું સ્વાસ્થ્યકેન્દ્ર–health centre–ઉભું થાય એવો તેમનો મનોરથ છે. જૈન સમાજના ઉદાર ધનવાનો તેમની આકાંક્ષાને પુરી પાડે અને આ સ્થળ ધાર્મિક આરાધના સાથે સામાજિક રાહતનું એક મહાન કેન્દ્ર બની રહે એવી અન્તરનો શુભેચ્છા અને પ્રાર્થના છે.

અહિં એ હકીકતની પણ નોંધ લેવી ઘટે છે કે મુંબઇ શહેરનો જૈન સમાજનો મોટો ભાગ બે પ્રીન્સીપાલો વહેંચાયલો છે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી. દિગમ્બર જૈનોની વસ્તી મુંબઇમાં બહુ અલ્પ પ્રમાણમાં છે. શ્વેતાંબર વિભાગની વસતી વધારે બહોળી છે. મુંબઇનો સ્થાનકવાસી વિભાગ પ્રમાણમાં નાનો છતાં સુગ્રથિત છે અને તેના આગેવાનોમાં પરસ્પર પુરો સહકાર પ્રવર્તે છે. પરિણામે એ સમાજ કેટલાય કામો કરી તેમજ સાર્વજનિક, ધાર્મિક તેમજ સામાજિક, આર્થિક રાહતના તેમ જ કેળવણીને લગતાં–અનેક કામો બહુ સંગીન રીતે પાર પાડી શકે છે, જ્યારે મુંબઇનો શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ આખા સમાજના નામે કશું પણ કાર્ય નિપજાવવાની સ્થિતિમાં નથી. એ સમાજ ભિન્ન ભિન્ન વર્ગોમાં અને તડોમાં વહેંચાયલો છે અને ભિન્ન ભિન્ન વર્ગોના આગેવાનો વચ્ચે કશો સહકાર કે મેળ નથી. નાનો સમુદાય સુગ્રથિત હોય તો કેવાં કેવાં કાર્યો કરી શકે છે તે માટે મુંબઇનો સ્થાનકવાસી સંઘ દૃષ્ટાન્ત રૂપ છે. પરમાનંદ

બળવાખોર

(યુરોપના ઇતિહાસમાં સ્થાપિત હિતોને વરેલી રાજ્યસંસ્થા અને ધર્મસંસ્થા પોતાના હિતના વિરોધી બળોને સાથે મળીને આજ સુધી કેવી રીતે કચડતી આવી છે અને તે સામે કયા પ્રકારના બળવાખોરની આવશ્યકતા છે એ પ્રશ્નની નીચેના લેખમાં સુન્દર અને વિચારપ્રેરક સમાલોચના કરવામાં આવી છે. પરમાનંદ)

ભૂતકાળમાં બળવાખોરને દાબી દેવા માટે ધર્મસંસ્થા (Church) અને રાજ્યસંસ્થા (State) વચ્ચે એક પ્રકારની ભાગીદારી ચાલતી હતી. કાયદાનું ઉલ્લંઘન કરનારને આ દુનિયામાં સજા કરનારી એક સત્તા કંઇ કાળથી પ્રવર્તમાન હતી. તેમાં ધર્મસંસ્થાએ અનંત કાળના નરકનો ભય ઊભો કર્યો. જે તંત્રો સત્તારૂઢ હતા તેની સત્તા નાબૂદ કરવાનો જે કોઇ પ્રયત્ન કરતું તે માનવી રાજાની માફક જેણે તેને રાજા બનાવ્યો હતો તે ઇશ્વરની પણ ખફગી વહોરી લેતો. તેથી શાસકોની સત્તા સામે માથું ઉંચકવું તે એક પ્રકારની નાસ્તિકતા જ લેખાતી.

રાજ્યકર્તાઓની સત્તા જેમ વધારે તેમ રાજ્યાશ્રિત ધર્મસંસ્થા ધર્મના નૈતિક સિધ્ધાન્તો મુજબ પોતાનું જીવન ઘડવાનું લોકોને કહેવાને બદલે રાજ્યકર્તાઓની સત્તાને ટકાવી રાખવા તેમ જ મજબુત બનાવવા તરફ જ વધારે પ્રયત્નશીલ રહેતી. થોમસ મુર કે જે ઓગણીસમી યુનિવર્સીટીનો સ્નાતક હતો અને જેને રાજ્યદ્રોહના આરોપ સર પકડવામાં આવ્યો હતો તેની ઉપર અઢારમી સદીની પાછળના ભાગમાં ચાલેલા મુકદ્દમાંમાંથી ઉપરની બાબતનું આપણને પુરેપુરું સમર્થન મળી રહે છે. તેની તપાસ દરમિયાન તેના ઉપર મુકાયલા આરોપનો જવાબ આપતાં ઇશુ ખ્રસ્તે જે બાબતોનો ખોફ આપ્યો હતો તે જ બાબતો પોતે લોકો સમક્ષ ધરી રહ્યો હતો એવો તેણે બચાવ કરેલો અને તેનો ન્યાયધીશે એમ જવાબ વાળેલો કે, "અને શું તેને ક્રોસ ઉપર લટકાવવામાં આવ્યો નહોતો?" ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં કે જ્યારે મુડીદારીઓ લાખો રૂપીઆની કમાણી કરી રહ્યા હતા ત્યારે મધ્ય યુગમાં સામાન્ય જનતા જે દુઃશા ભોગવતી હતી તે કરતાં પણ વધારે ત્રાસજનક હાડમારીઓ અને સ્વત્વ હણી નાખે એવી ગરીબાઇ યંત્રોદ્યોગોમાં કામ કરતા મજૂરો ભોગવી રહ્યા હતા. જે અહીં સંતોષી અને પવિત્ર જીવન જીવશે તેને હવે પછીના પરલોકમાં બધો બદલો મળી રહેશે એવી આશા આપીને પોતાનાં દુઃખ અને હાડમારીઓ નરમાશપૂર્વક અને જરા પણ માથું ઊંચકયા સિવાય સહન કરી લેવાની વૃત્તિને મજૂર માનસમાં ટકાવી રાખવા માટે ધર્મસંસ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દુનિયામાં ગંદી ચાલીઓમાં ભરે બાળકો હેરાન થઇને મરતાં, પણ ઊંચે આવેલા સ્વર્ગમાં નાનાં બાળકો માટે સુન્દર નિવાસસ્થાન નિર્માણ થયેલું જ છે એવું આશ્વાસન આપવામાં આવતું.

સમયાન્તરે જ્યારે ફ્રેન્ચ વિપ્લવ આવ્યો અને ધર્મભાવનાને વશ થઇને શ્રીમાનો તરફથી જે કાંઇ રાહત મળે તે બાદ કરતાં સાંપ્રદાયિક રાજ્ય સંસ્થાના અસ્તિત્વ સાથે દારિદ્રય અને હાડમારીઓનું અસ્તિત્વ વિસંવાદી નથી એ ખ્યાલ જ્યારે ઘરમૂળથી ઉખેડી નાંખવામાં આવ્યો ત્યારે એ જ ભ્રમણાને બીજી રીતે સમર્થન મળવું શરૂ થયું. માલ્થસ નામના એક પાદરીએ એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો કે ગરીબાઇનું અસ્તિત્વ વ્યાજબી હોવું કે ન હોવું તો પણ આ દુનિયામાં ગરીબાઇ અનિવાર્ય છે; કારણ કે જો ગરીબાઇ અને વ્યાધિઓ નિર્મૂળ કરવામાં આવે તો મૃત્યુનું પ્રમાણ ઘટી જાય અને ખોરાકના ઉત્પાદન કરતાં માણસ જાતની વસ્તીનું પ્રમાણ વધી જાય અને પરિણામે ભયંકર ભૂખમરાનું અનિષ્ટ આવીને ઊભું રહે. ગરીબાઇનું નિવારણ કરવા માટે યોજાતા સામાજિક ઉપાયો નિરર્થક છે એવો માલ્થસનો ખ્યાલ આજે પણ એટલો જ લોકમાનસમાં રૂઢ થયેલો નજરે પડે છે. ડીન ઇન્જે નામનો બીજો એક પાદરી જેને 'સોગિયા ડીન' તરીકે ઓળખવામાં આવે છે તે આવા રાહતવાહી ઉપાયોને અધોગતિના ચિહ્ન તરીકે અને રાજ્ય સંસ્થાને ભયરૂપ પ્રવૃત્તિ તરીકે લેખે છે. તે જણાવે છે કે "આ દુનિયા રોકી શકે–કામ આપી શકે–તે કરતાં વધારે મોટી સંખ્યામાં મજુરો આ દુનિયામાં હસ્તી ધરાવે છે. આવા બેકાર આદમીઓ કે જે તેમને ખવરાવે તેમને પણ ખાઇ જાય એવો સંભવ છે–આવા નિરુદ્યમી આદમીઓની વસ્તી અનિયંત્રિતપણે વધવા દેવી એ એક પ્રકારનું ગાંડપણ છે."

આની પાછળ એ ખ્યાલ રહેલો છે કે સામાન્ય માણસોના કામમાંથી જે કાંઇ ઉત્પાદન થાય તેની માલિકી જન્મસિદ્ધ હકક તરીકે તે શાસક વર્ગની છે કે જેણે તે શાસક વર્ગને ટકાવી રાખવા માટે જરૂરી હોય તેથી વધારે માણસોને નભાવવા ન જોઇએ અને એ રીતે ચોકકસ મર્યાદાની બહાર જતા વસ્તીવધારાને અટકાવવો જોઇએ. જેઓ સત્તારૂઢ છે તેમને ટકાવી રાખવા માટે તેમ જ તેમનું અસ્તિત્વ વ્યાજબી ઠરાવવા માટે ધર્મ સંસ્થા આ હદ સુધી જઇ શકે છે! જ્યારે ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદે રાજ્યાશ્રિત ધર્મની કેટલીક મૂલભૂત માન્યતાઓને પાયામાંથી ચળાયમાન કરવા માંડી ત્યારે ધર્મ ઉપર રચવામાં આવેલી દલીલોનું સ્થાન વિજ્ઞાન ઉપર રચવામાં આવેલી દલીલોએ લીધું. ક્રમશઃ ઉત્ક્રાંતિનો નિયમ એટલે મોથી વધારે યોગ્ય અને તાકાતવાળું હોય તે જીવે અને બીજું મરે.

આ રીતે મોટું મરણપ્રમાણ અને તે પણ ગંદી ચાલીઓમાં રહેતાં બાળકોનું મોટું મરણપ્રમાણ આ નિયમનું જ સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ લેખાયું. એ તો જાણીતી હકીકત હતી કે ગંદી ચાલીઓમાં ઊછરતાં બાળકોનું આરોગ્ય શ્રીમંતોના આવાસમાં પૂરી સંભાળ સાથે ઉછરતાં બાળકોના આરોગ્ય કરતાં ઉતરતું જ હોય. પણ આ ઉપરથી સાર એમ કાઢવામાં આવ્યો કે ગરીબોનાં બાળકો જીવવાને ઓછા યોગ્ય હતાં અને તેમનું મરણપ્રમાણ ઘટાડવાના હેતુથી તેમની સ્થિતિ સુધારવાના કોઇ પણ પ્રયત્નનું પરિણામ ઊતરતી કોટીના વર્ગનું આયુષ્ય લંબાવે રાખવામાં આવે, જે કુદરતની વિરુધ્ધનું તેમ જ નૈતિક દૃષ્ટિએ પણ અનુચિત કાર્ય લેખાય. આ રીતે જોતાં માલૂમ પડશે કે પોતાના હિતને પ્રતિકૂળ હોય એવા કોઇ પણ ફેરફારનો સામનો કરવા માટે શાસક વર્ગે ધાર્મિક, વૈજ્ઞાનિક તેમ જ આર્થિક દલીલો શોધી કાઢવામાં હંમેશા અસાધારણ કુશળતા દાખવી છે.

કોઇ એક પ્રજા કે જાતિની ઉત્કૃષ્ટતાને લગતા અતિશયતા ભરેલા ખ્યાલોએ પણ સત્તાધીશોની હકુમતને કાયમ કરવાનું–મજબૂત બનાવવાનું–જ કામ કર્યું છે. હું નાનો હતો ત્યારે મારી

સમકક્ષાના વિદ્યાર્થીઓ એવો ખ્યાલ ધરાવતા માલૂમ પડતા કે એક સ્કૉટલેન્ડવાસી બે અંગ્રેજનો બરોબરીઓ છે. બેનોકબર્નની લડાઇએ આ નિઃશંકપણે પુરવાર કરી આપ્યું હતું. એક અંગ્રેજ બે ફ્રેન્ચોનો બરોબરીઓ છે અને વૉટરલૂનું યુધ્ધ આનો પૂરતો પુરાવો હતો. અને અંગ્રેજોની આ વિશિષ્ટતા તેના શાસક વર્ગમાં જ માત્ર કેન્દ્રસ્થ થયેલી લેખવામાં આવતી હતી, કારણકે વૉટરલૂનું યુધ્ધ શું ઇટનના કીડાંગણમાં જિતાયું નહોતું ?

અને એક ગોરો સ્વાભાવિક રીતે જ સો કાળા લોકો—ચીની અથવા હિંદીઓ—નો બરોબરીઓ હતો, કારણકે યુરોપને એક નાનો સરખો દેશ મોટી વસ્તીવાળા દેશોને સર કરી શકતો હતો. એક અમુક પ્રજાનું કે જાતિનું આવું અભિમાન કેળવાયલા લોકોમાંથી પ્રથા નિર્મૂળ કરવું અશકય છે. હું પણ કેટલીએક મર્યાદાઓ પછી આ ખ્યાલથી મુક્ત થઇ શકયો છું કે અંગ્રેજો પ્રકૃતિથી કોઇ પણ અન્ય પ્રજા કે જાતિના લોકો કરતાં ચડિયાતા છે અને એક સ્કૉટલેન્ડવાસી બે અંગ્રેજ બરોબર છે એવી માન્યતા વિષે મારું ચિત્ત પણ પ્રયત્નના પરિણામે શંકાગ્રસ્ત થઇ શકયું છે.

જો કે રાજ્યાશ્રિત ધર્મસંસ્થાએ એક નાના સરખા શાસક વર્ગના હિતોને જાળવવા માટે પોતાની સત્તાનો ભારે દુરૂપયોગ કર્યો છે એમ હું જણાવી ગયો છું, એમ છતાં સમાજમાં ધર્મ એક ઉપયોગી ધારક તત્વ છે એમ હું માનું છું. આ ધર્મની બે બાજુ છે. એક હૃદયને સ્પર્શતી; બીજી બુદ્ધિને સ્પર્શતી. પહેલી બાજુનું દર્શન આપણને નેઝેરથના ઇશુએ પોતાના ઉપદેશ અને આચરણદ્વારા કરાવ્યું છે. તેણે વિશ્વબંધુત્વની ઉદ્‌ઘોષણા કરી અને એક નવો જ આદેશ આપ્યો કે આપણે એકમેકને કશા પણ ભેદભાવ વિના ચાહવું જોઇએ અને એ આદેશને ભૂખ્યાને ખવરાવીને, માંદાને સાજા કરીને અને પીડિતને આશ્વાસન આપીને—ધર્માચરણ દ્વારા તેણે મૂર્તમન્ત કરી દેખાડયે.

ધર્મની બૌદ્ધિક બાજુ ઇશ્વરના મૂળ સ્વરૂપને સ્પર્શે છે. ઇશ્વર એટલે શું ? જે અનાદિ છે, અનન્ત છે, નિર્વિકારી છે; જેનું જ્ઞાન, શકિત, પવિત્રતા, ન્યાયમયતા, શ્રેયસ્કરતા તથા સત્યપૂર્ણતા અમાપ અવર્ણનીય છે તેનું નામ ઇશ્વર. વસ્તુતઃ આ સર્વ ગુણોની પારમિતા એ જ ઇશ્વર છે. જે કોઇ સત્યની શોધ પાછળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે, જે ન્યાય અને શ્રેયને ચાહે છે તે ઇશ્વરને પૂજે છે. જ્યારે અનેક ધર્મોને અનુસરનારી અને અનેક જાતિઓમાં વહેંચાયલી માનવજાત વિશ્વબંધુત્વને સર્વસામાન્ય ધર્મ તરીકે સ્વીકારે અને સૌ કોઇએ એકમેકને ચાહવું જોઇએ એવો આદેશ અંગીકાર કરે અને સત્યની શોધને અને સત્ય પ્રત્યેની નિષ્ઠાને પોતાના અનન્ય આદર્શ તરીકે સ્વીકારે—એવો દિવસ જ્યારે આવશે ત્યારે આ દુનિયા ઉપર—આ ધરતી ઉપર—દૈવી સ્વર્ગનું અવતરણ થશે.

બળવાખોરમાં સાથી વધારે અગત્યનો ગુણ છે બૌદ્ધિક હિંમતનો. આ હિંમત—આ શૌર્ય—અત્યન્ત વિરલ છે. આ માટે બળવાખોરે પોતાના ચિત્તના ઊંડાણમાં ઊતરવું જોઇએ એટલું જ નહિ પણ શકય હોય તો અજ્ઞાત ચિત્તની સપાટી સુધી પહોંચવું જોઇએ અને વારસામાં મળેલી માન્યતાઓને અને આસપાસના સંયોગોએ ઊભા કરેલા કદાગ્રહોને ઉપર ખેંચી લાવવા જોઇએ અને સત્યની શોધમાં વ્યાપૃત બનેલી બુદ્ધિની કસોટી ઉપર બરોબર કસવા જોઇએ અને તે કસમાં પાર ન ઊતરે તેવી માન્યતાઓને અને કદાગ્રહોને ફેંકી દેવા જોઇએ.

બળવાખોરમાં આ ઉપરાંત પોતે જેને સત્ય અને ન્યાય માને છે તેની ખાતર લડવા માટે નૈતિક તેમ જ જરૂરી શારીરિક તાકાત હોવી જોઇએ. આ પણ બહુ મુશ્કેલ છે. પહેલો વિરોધ તો તેના પોતાનાં કુટુંબીજનો, મિત્રો અને સ્નેહીઓ તરફથી થાય છે અને ચિરસ્થાપિત શાન્તિના એક વિઘાતક તરીકે અને બિનજરૂરી ઉપદ્રવો ઊભો કરનાર એક બેસમજ માનવી તરીકે અને આથી આગળ વધીને પોતાના વર્ગનો તેમ જ પોતાના દેશનો દ્રોહ કરનાર વ્યકિત તરીકે તેને લેખવામાં આવે છે અને તેનો બહિષ્કાર કરવામાં આવે છે, તેને સમાજમાંથી ફેંકી દેવામાં આવે છે અને કોઇ સાથી વિનાનું એકલવાયું જીવન તેના ભાગે આવે છે. આ દુનિયામાં જે કોઇ મહાન બળવાખોરો પેદા થયા છે તેમણે કેટલાયે દિવસો સમાજબહિષ્કૃત દશામાં અને એકલાપણામાં ગાળ્યા હોય છે અને એ રીતે અન્તર્મુખતાનો અનુભવ કર્યો હોય છે.

આવી તિતિક્ષામાંથી પસાર થયા બાદ જે લોકોની તેઓ સેવા કરવા માંગતા હોય છે તે જ લોકોની દુશ્મનાવટનો સામનો કરવાની કસોટી તેમના માટે ઉભી થાય છે, કારણ કે પ્રચલિત ધાર્મિક માન્યતાઓ અને વંશપરંપરાગત પ્રાપ્ત થયેલા શિક્ષણના કારણે આ લોકોમાં એવી માનસિક ગ્રંથિઓ જડ ઘાલેલી હોય છે કે તેમની અમુક માન્યતાઓ કે ચાલુ રહેણી કરણી ખોટી છે કે ભુલ ભરેલી છે એવા કોઇ પણ સૂચન યા પ્રતિપાદન સામે તેઓ સહેજે રોષપૂર્વક ઊછળી ઊઠે છે અને આમાંથી મારકો થતાં વાર લાગતી નથી. અનિષ્ટ સામે સૌથી મોટામાં મોટો બળવાખોર ઇશુ આ બાબતમાં એક અદ્‌ભુત દૃષ્ટાન્ત પુરું પડે છે. તે વખતના ધર્માધિકારીઓ લોકોના ટોળાને એ હદ સુધી ઉશ્કેરી શકયા હતા કે "તેને ક્રોસ ઉપર લટકાવો" એમ ચોતરફથી એ લોકો જ પોકારી રહ્યા હતા.

આ બધા પ્રકારની હિંમત ઉપરાંત, પોતાના જાત ભાઇઓનું ભલું કરવું એ જ જેનું મુખ્ય જીવન પ્રયોજન હોય છે તે બળવાખોરના દિલમાં પોતાના વિરોધીઓ માટે પણ ઊંડો પ્રેમ અને ઉદારતા હોવા જોઇએ અને પોતાથી જુદા પડતા અભિપ્રાયો પરત્વે સમભાવ અને સહિષ્ણુતા હોવી જોઇએ અને તે એમ સમજીને કે આ દુનિયામાં કોઇ પણ માણસ—અને તેમાં પણ એક પ્રકારનું ઝનુન ધરાવતો બળવાખોર તો ખાસ કરીને—સર્વ કાળ માટે સાચો હોઇ ન જ શકે. જો તેનામાં આવી ઉદારતા અને પ્રેમ હોય તો સાથે સાથે તેનામાં એવી એક ઉદ્દાત્તતા અને દિલનું દળાપણું પ્રગટ થાય છે કે જેને લીધે ગમે તેવા રાજકરણી ઘર્ષણમાંથી પણ કડવાશનું તત્વ ધોવાઇ જાય છે, અને આખરે પ્રતિપક્ષીના દિલને જીતવામાં બળવાખોર સફળતા પ્રાપ્ત કરે છે.

મૂળ અંગ્રેજી લેખક : બર્ટ્રાંડ રૉબર્ટસ રૉય

અનુવાદક : પરમાનંદ

'યોગતીર્થ શ્રી અરવિન્દ' : બે ચર્ચાપત્રો'

(તા. ૧૫ ૧૨-૫૦ ના પ્રબુધ્ધ જૈનમાં તથા જન્મભૂમિમાં, પ્રગટ થયેલ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના 'યોગતીર્થ શ્રી અરવિન્દ' એ મથાળાના લેખ ઉપર બે ચર્ચાપત્રો જન્મભૂમિમાં પ્રગટ થયા છે, જે એ લેખ પરત્વે પરત્પર લગભગ પ્રતિકુળ અભિપ્રાયો ધરાવતા છે. આ બન્ને પ્રત્યાઘાતો પ્રબુધ્ધ જૈનના વાંચકોના ધ્યાનમાં આવે એ હેતુથી ક્રમશ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

તંત્રીશ્રી,

'જન્મભૂમિ'ના તા૦ ૨૧ તથા ૨૬ ડિસેમ્બર ૧૯૫૦ના અંકોમાં પ્રસિદ્ધ થયેલ શ્રી. પરમાનંદ કાપડિયાના શ્રી અરવિંદનાં જીવનદર્શનના ઉપરના બે લેખો વાંચ્યા પછી તે અંગે જે વિચારો મને આવ્યા છે તે ટૂંકમાં રજૂ કરવાનો પ્રયત્ન આ પત્રથી કરું છું.

બંને લેખો વાચ્યાં બાદ પહેલો જ પ્રશ્ન એ થાય છે કે શ્રી કાપડિયા શ્રી અરવિંદના જીવન-દર્શન સાથે પૂરેપૂરા સંમત જણાતા નથી. આશ્રમની વ્યવસ્થાપદ્ધતિ [જીવનવ્યવહાર, રહેણીકરણી] સાથે સંમત જણાતા નથી. આશ્રમવ્યવસ્થામા તથ શ્રી અરવિંદના જીવનવ્યવહારમાં શ્રી માતાજીનું જે પ્રભુત્વ રહ્યું છે તે તેમને માન્ય નથી. શ્રી અરવિંદે લાંબો વખત સેવેલો એકાંતવાસ પણ તેમને પસંદ જણાતો નથી અને આ પ્રકારનું બીજું ઘણુંયે તેમને પરંપરાથી ભિન્ન જ નહીં પણ અયોગ્ય પણ લાગતું જણાય છે. ત્યારે તેમણે આટલો મોટો લેખ, શ્રી અરવિંદ અંગે, કયા હેતુથી પ્રેરાઇને, કઇ પ્રેરણાથી પ્રોત્સાહિત થઇને લખ્યો હશે ?

લેખ વાંચતાં તો મને જણાયું છે કે શ્રી અરવિંદના જીવન અને દર્શન અંગેનું તેમનું જ્ઞાન કોઇ ખાસ વિશેષ પ્રકારનું ન હોવા ઉપરાંત અત્યંત સામાન્ય કોટિનું અને ઉપરછલ્લું છે. પોતે શ્રી અરવિંદ અંગે આટલું જાણે છે, જ્યારે ભાગ્યે જ કોઇ લેકો શ્રીઅરવિંદને મળી શકતા ત્યારે પોતે સાહસ ખેડીને તેમને મળવા ગયેલા. પોતે શ્રીઅરવિંદે નિર્દેશેલી સાધના પણ ગ્રહણ કરત, પણ લેખમાં બતાવેલ વસ્તુઓ પોતાના વિચારોથી પ્રતિકૂળ હોવાથી તેમ કરી શકયા નથી. આવી અને આ પ્રકારની કેટલીક રજૂઆત કરવા માટે આ લેખનું નિર્માણ થયું હોય તેમ મને જણાય છે! અને બીજું પણ એક કારણ નીચે મુજબ હોવાનો સંભવ છે:

શ્રી અરવિંદના જીવન અને દર્શન અંગેની (સામાન્ય માણસો પણ જાણતા હોય તેવી) કેટલીક વાતો કહીને, તેમના જીવન, સાધના અને સાહિત્ય પ્રવૃત્તિનાં કેટલાંક પાસાંઓની પ્રશંસા કરીને અને પોતે જિજ્ઞાસુ અને શ્રેયાર્થી ભાવે શ્રી અરવિંદના ગ્રંથોનો અભ્યાસ કરનાર વ્યકિત છે તેમ બતાવીને પણ તેઓ તુરત પોતાના મનમાં રમી રહેલ વસ્તુ ઉપર આવી જાય છે અને શ્રી અરવિંદ, શ્રી માતાજી તથા આશ્રમવાસીઓનો જીવનવ્યવહાર અને પરસ્પરના સંબંધની સાંકળ પરત્વે શ્રી કાપડિયા (સારી ભાષામાં પણ) પોતાનો અણગમો વ્યકત કરતા જણાય છે.

ટૂંકમાં શ્રી કાપડિયાને મનુષ્યની જીવનવ્યવહારપ્રણાલિ અંગેના પોતાના ગમાઅણગમા છે અને આ દૃષ્ટિએ તો જો શ્રી અરવિંદ, શ્રીમાતાજી તથા આશ્રમવાસીઓનો સમગ્ર વ્યવહાર શ્રી કાપડિયાની દૃષ્ટિ મુજબનો (અથવા તો તેમના ગમા પ્રમાણેનો) હોય તો જ તેમને તથા તેમના જેવા વિચારો ધરાવનારાઓને સંતોષકારક જણાય તેમ તેમના લખાણ ઉપરથી જણાય છે.

મને ખ્યાલ છે કે શ્રી કાપડિયા જેવા વિચારો ધરાવનારો–કારણ કે મૂળ વસ્તુઓનો પૂરો, સાચો અને નિકટનો પરિચય ન ધરાવનારો–એક આખો વર્ગ છે. પણ શ્રી કાપડિયાનો લેખ તો અપરોક્ષ રીતે પણ, જાણે કે તેઓ શ્રી અરવિંદનાં જીવન, દર્શન તથા ખાસ પ્રકારની તેમની પ્રયોગાત્મક યોગ–પ્રણાલિ, શ્રી અરવિંદ-યોગ અને આશ્રમના જીવનમાં માતાજીનું સ્થાન તથા આશ્રમજીવન વગેરે બાબતોથી ખૂબ જાણકાર હોવાનો દાવો કરી જાય છે અને પછી કેટલીક બાબતો વિષે–જે તેમની પ્રકૃતિને કદાચ પરંપરાથી ભિન્ન હોવાને જ કારણે ફાવતી નહિ હોય–પોતાનો ચુકાદો ઉચ્ચારે છે, તે ગેરવ્યાજબી દોરનારી વસ્તુ છે.

અહીં એટલું તો આદરપૂર્વક કહી શકાય કે શ્રી કાપડિયાને ઉપરોકત વસ્તુઓનો પરિચય, અરે સામાન્ય પ્રકારનો પરિચય પણ હોત તો તેમણે શ્રી અરવિંદના ઐકાંતવાસ, તેમના જીવનવ્યવહાર અંગે જળવાતી ગુપ્તતા, શ્રીમાતાજીની દરમિયાનગીરી, આશ્રમજીવન ઉપર પશ્ચિમની છાયા વગેરે અંગે જે મંતવ્યો ઉચ્ચાર્યા છે તે ન ઉચ્ચાર્યા હોત તથા શ્રી અરવિંદ જેવા મહાસમન્વયાત્મક પૂર્ણયોગની સાધના પ્રધ્ધતિનું નિર્માણ કરનાર મહાયોગીની ભગવાન મહાવીર જેવા અનેકાન્તવાદના નિર્માતા અને ઉગ્ર તપસ્યામય એકાંગી જીવન જીવનાર પુરૂષ સાથે કરેલ સરખામણી ઔચિત્યને ખાતરે ય ન કરત.

આ લેખો લખવા પાછળ શ્રી કાપડિયાનો શુદ્ધ આશય નથી અથવા તો ઇરાદાપૂર્વક ગેરસમજૂતી ફેલાવવા માટે તેમણે તે લખેલ છે તેમ પણ મારૂં કહેવાનું નથી. આ લેખો લખવા પાછળનો તેમનો મૂળ હેતુ શ્રી અરવિંદને પોતાની અંજલિ અર્પવાનો જ હોય, પણ તેની અંદર શરૂઆતમાં કહી તે બે વસ્તુઓ પ્રવેશ કરી શકી જ છે તેમ મને જણાય છે અને તે તરફ સૌનું ધ્યાન દોરવું જરૂરી જણાતાં આટલું મેં લખેલ છે.

જૂનાગઢ

ઇન્દ્રિલાલ દવે

તંત્રીશ્રી,

સવિનય વિજ્ઞપ્તિ કે જન્મભૂમિમાં બે હપ્તે પ્રગટ થયેલ યોગતીર્થ શ્રી. અરવિન્દ ઉપરનો શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાનો લખેલો લેખ આખો હું રસપૂર્વક વાંચી ગયો અને મને બહુ આનંદ થયો. શ્રી. અરવિન્દ સંબંધે વધારે લખનાર એમના સાધકો હોય છે. આ સાધકોનાં લખાણ મેં છૂટાછવાયાં વાંચ્યા છે. એમાં મને ઘેલછા અને અતિરેકની ભાવના અવારનવાર ડોકિયાં કરતી લાગી છે.

આ સાધકોએ વચ્ચે એટલે સુધી પ્રચાર કરેલો કે અરવિન્દ પાસે ગાંધીજીનું જીવન અતિ સામાન્ય કોટિનું છે. આપણા માતબર કવિ સુન્દરમ્ કેટલીક જગ્યાએ વ્યાખ્યાનોમાં અતિશયોકિતભર્યા ઉલ્લેખ કરતા હતા. બીજાઓ પણ જાણેઅજાણે પક્ષપાતી નિરૂપણ કરતા રહ્યા છે. શ્રી. અરવિન્દના ભકત સિવાય કોઇ કંઇ લખે તો એ અધિકારથી વંચિત લેખાય એટલે એવા લખાણનું બહુમાન પણ ન થાય.

આવી સ્થિતિમાં શ્રી. પરમાનંદભાઇએ જે વિગતવાર–ગહન અને વાસ્તવિક મુદ્દાઓને લઇને–રેખાચિત્ર રજુ કર્યું છે તે સામાન્ય વાંચકોને માર્ગદર્શક થઇ પડે એવું છે.

'માતાજી' સંબંધે કોઇ પોતાની ઉંડે ઉંડે દેખાઇ રહેલી રહસ્યમય જીજ્ઞાસાને વ્યકત કરતું ન હતું. આ સંજોગોમાં તેમણે એક જગ્યાએ લખ્યું છે કે "……એમ છતાં ત્યાંની દર્શનલીલા તથા માતાજીના શણગારવૈભવ સાથે મારા મનનું કોઇ સંતોષકારક સમાધાન થઇ શકતું નહોતું." એ ઉલ્લેખ જ આખા લેખમાં તેમની તટસ્થ મનોવૃત્તિની સાક્ષી સામો મને લાગ્યો. કારણ કે શ્રી. અરવિન્દની મહાનતાને તેમણે બીજી બધી રીતે બહુ માનપૂર્વક વ્યકત કરી છે. સાચે જ એ આપણા દેશનું ગૌરવધન હતું.

મને પોતાને અંગત રીતે જે પ્રશ્ન થયા કરે છે તે આ છે. આવા મહાપુરૂષ, પરમયોગી, વિશ્વવિભૂતિ અને અનન્ય સાધક; તપશ્ચર્યા પછી પણ 'કીડની'ના જીવલેણ દર્દથી પીડાઇને, દોઢ બે દિવસ બેભાન રહીને શા માટે મૃત્યુ પામતા હશે? શ્રી અરવિન્દની યોગસાધના ભલે ચમત્કારભરી ન હતી. ભલે જમીનથી બે વેંત એક અદ્ધર રહીને આસન ન જમાવતા, પણ શારીરિક વ્યાધિ કે જીવલેણ દર્દ વખતે પ્રાણાયામ કરી, સૌને છેલ્લા બે શબ્દ કહી શું કામ દેહ ન છોડે? બીજી એમની સિદ્ધિનો પુરાવો જનતાને જોઇતો નથી. શાન્તિભર્યું મૃત્યું એ જ અદના માનવી માટે સંતાપનિવારણનો પૂરાવો ગણાય છે. ૩૦ વર્ષની સાધનાને અંતે મહર્ષિ અરવિન્દ જેવાને જો મૃત્યુ સમયની શાન્તિ ન મળે, શારીરિક દર્દ પીડારૂપ બને, ઇન્દ્રિય અને બુદ્ધિ કાબુ બહાર જાય તો એ યોગની ત્રુટિ નહિ ગણાતી હોય?

હું સમજુ છું કે શરીર ક્ષણભંગુર છે, શ્રી અરવિંદનો સાચો વારસો એમની સાધના અને એમનું સાહિત્ય છે, છતાં ઉપરનો પ્રશ્ન સામાન્ય લોકમાનસની દૃષ્ટિએ જરૂર ઉદ્ભવે એવો છે.

શ્રી પરમાનંદભાઇમાં જીવનને કલ્યાણકારી હોય એવું તત્ત્વ પકડવાની, એનું અધ્યયન અને પરિશીલન કરવાની વૃત્તિ પડી છે એ આખો લેખ પુરવાર કરે છે. મને આ લેખથી જે લાગ્યું તે ઉપર જણાવ્યું છે. શ્રી અરવિંદ વિષે મારા દિલમાં અત્યન્ત આદર હોવા છતાં, સૌ વચ્ચે જીવી જનાર, સંસારના અને રાજ્યના સંતાપ તેમજ કલહમાં અણનમ રહી ક્ષેત્ર ન તજનાર અને છતાં અસ્તેય, અપરિગ્રહ અને કર્મયોગનો સાક્ષાત જીવંત પાઠ ભણાવી જનાર, ખૂનીને હાથે રામને શરણ થનાર ગાંધી સિવાય મારૂં મસ્તક અન્યને નમતું નથી.

મુંબઇ તા. ૩૦-૧૨-૫૦

રતુભાઈ કોઠારી

ક્રાન્તિકારી દેશભક્ત અને ક્રાન્તિકારી યોગી

યોગી શ્રી અરવિન્દ ઘોષ જીવનક્રાંતિનો એક લોકોત્તર નમુનો હતો.

પિતાની ઇચ્છા હતી કે પોતાનો દીકરો લૉર્ડ મેકોલેના વર્ણનનો શ્યામવર્ણી અંગ્રેજ બને. શિશુકાળમાં તેમને વિલાયત મોકલવામાં આવેલા. જીવનના પ્રાથમિક સર્વ સંસ્કાર તેમને અંગ્રેજી ખાનદાનમાંથી મળ્યા. વિદ્યાર્થીકાળમાં કેવળ અંગ્રેજી સાહિત્યના જ નહિ પણ યુરોપના સંસ્કારની ગંગોત્રી સમા ગ્રીક સાહિત્યના સંસ્કાર પણ તેમને મળ્યા. તેમના ભાઇ અને સશસ્ત્ર ક્રાન્તિના નેતા બારીન્દ્ર કુમારનો જન્મ તો કોઇ બ્રીટીશ જહાજ ઉપર જ થયો હતો.

ભારતીય ભાષાઓ, ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કાર–એ સર્વ વિષયોથી વંચિત રહેલા આ યુવાને ભારતમાં આવવા સાથે જ આ સર્વ વિષયોનું અધ્યયન શરૂ કર્યું અને તેમાં અસાધારણ પ્રગતિ કરી. બ્રીટીશ સંસ્કૃતિના દાસ અથવા તો શિષ્ય ન રહેતાં ભારતીય સંસ્કૃતિના ઉપાસક, ભક્ત અને આચાર્ય બન્યા! બાહ્ય પરિસ્થિતિ અને બચપણના સંસ્કાર ગમે તે હોય, તેજસ્વી અને વીર્યવાન વ્યક્તિનો આત્મિક વારસો કદિ પણ નષ્ટ થઇ શકતો નથી–આ સિધ્ધાન્તનો શ્રી. અરવિન્દ ઘોષ એક ઉજ્જ્વળ નમુનો છે. બ્રીટીશ સંસ્કૃતિમાં નાનપણથી ઉછર્યા હોવાના કારણે તેના ગુણદોષ તેઓ આરપાર જાણતા હતા. બીજા લોકોની માફક એ સંસ્કૃતિના અંધ ઉપાસક બની બેસવું એમની માટે અશક્ય હતું. હિંદુસ્તાનમાં આવીને એમણે અધ્યાપનકાર્ય કર્યું; સાથે સાથે અધ્યયનકાર્ય પણ કર્યું. બંગભંગના આંદોલનના દિવસોમાં તેમને પોતાનું ક્ષેત્ર મળી ગયું. કલકત્તાથી 'વંદે માતરમ્' નામનું એક દૈનિક પત્ર નીકળવા લાગ્યું, જેમાં અરવિન્દબાબુ એકસરખું લખ્યા કરતા હતા. સુબોધચંદ્ર મલ્લિક પણ લખતા હતા. તેમનું તે અખબાર હતું. સાંસ્કૃતિક રાષ્ટ્રિયતાની સર્વોચ્ચ ભૂમિ એ દિવસોમાં અમને નવયુવકોને 'વંદે માતરમ્' દ્વારા મળતી હતી. આદર્શ જીવન, દેશભક્તિ, ત્યાગ અને બલિદાન–એ હતો 'વંદે માતરમ્' નો સંદેશો. જેવી રીતે 'યંગ ઇન્ડીયા' ને 'નવજીવન' દ્વારા ગાંધીજીએ વર્તમાન યુગને તૈયાર કર્યો તેવી રીતે 'વંદે માતરમે' આખા રાષ્ટ્રને રાજનૈતિક–આધ્યાત્મનું પાન કરાવ્યું અને નવનિર્માણનો પાયો નાંખ્યો. ખરેખર એ યુગાંતરનો કાળ હતો. કેવળ રાજનૈતિક જ નહિ કિંતુ સાંસ્કૃતિક સ્વાવલંબન, સ્વાભિમાન અને આત્મગૌરવની અરવિંદ ઘોષે આખા રાષ્ટ્રને દિક્ષા આપી. સ્વદેશીપ્રચાર તથા બ્રિટિશમાલના બહિષ્કારના આંદોલન સાથે એ દિવસોમાં લાલ–બાલ–પાલની ત્રિપુટી ભારતિય આકાશમાં પ્રગટ થઇ. લાલા લજપતરાય, બાલગંગાધર તિલક અને બિપિનચંદ્ર પાલ આ હતા એ જાગૃતિના આદ્યઆચાર્ય બિપિનપાલે આપણી રાજનૈતિક વિચારધારા ઓછીવત્તી શુદ્ધ કરી ડોનસોસાયટીના લેખકોએ ભારતિય સંસ્કૃતિની ભવ્યતા આપણી સામે પ્રગટ કરી–અને આપણામાં રહેલો હીનભાવ નષ્ટ થઇ ગયો. આપણે સર્વ કંઇ કરી શકીએ છીએ, વિશ્વવિજય પણ પ્રાપ્ત કરી શકીએ છીએ, જગત્‌ગુરૂનું સ્થાન તો હિંદુસ્તાનનું જ છે–એવો ભાવ અમો નવયુવકોમાં દૃઢ થઇ ગયો.

સ્વદેશી તથા બહિષ્કારના આંદોલન બાદ બોમ્બ–યુગ આવ્યો. આ હત્યાકાંડે અંગ્રેજોને મોટી માર કરી, અને રાષ્ટ્રિય જાગૃતિને દબાઇ જવું પડયું. બોમ્બ–યુગના આગમનથી કવિવર રવિન્દ્રનાથ રાજનિતિથી વિમુખ થઇ ગયા. એમણે શિક્ષા, સાહિત્ય, સંગીત, ચિત્રકળા અને લોકસેવાનો માર્ગ ગ્રહણ કર્યો. બિપિન પાલની પ્રવૃત્તિ કંઇક વિકૃત થઇ ગઇ અને રાષ્ટ્રિય જાગૃતિના તેજસ્વી સૂર્ય અરવિંદ ઘોષ ગૂઢ અધ્યાત્મની આબ્રુ બન્યા.

પ્રકૃતિ અને પુરૂષની લીલાના ફલસ્વરૂપ આ આખી સૃષ્ટિ ચાલી રહી છે. એ બન્નેનું રહસ્ય અત્યન્ત ગૂઢ છે. આ રહસ્યના સંશોધન માટે પોતાના જીવનને પણ ગૂઢ બનાવવાનું શ્રી અરવિંદને સઝયું. સુરક્ષિત સ્થાન પ્રાપ્ત કરીને ત્યાં તેમણે યોગવિદ્યાનું અનુસંધાન શરૂ કર્યું. પ્રાચીન ઋષિ, મુનિ, આચાર્ય અને અવધૂતનો પંથ પોતે સ્વીકાર્યો. 'વેદકાલીન તેમ જ પુરાણકાલીન શોધ સમાપ્ત થઇ નથી. તંત્રની સાધના નિષ્ફળ નથી.'–એવો વિશ્વાસ આપનારાળા જે મહાપુરૂષો આપણા જમાનામાં હિંદુસ્તાનમાં પેદા થયા છે તેમાંથી અરવિંદનું સ્થાન સૌથી ઊંચું છે. દરેકની સાધના અલગ હોય છે. રામકૃષ્ણ પરમહંસ એક એવા સન્ત હતા કે જેમણે ગણી ગણીને અનેક સાધનાઓનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. શ્રી અરવિંદે અનેક સાધનાઓનો સમન્વય કરવાનો એક અજાયબીભર્યો નવો માર્ગ દર્શાવ્યો.

શ્રી અરવિંદે માનવી સંસ્કૃતિના સંપૂર્ણ વિકાસનો ખ્વાબ કરીને આધ્યાત્મિક ક્રાન્તિના આગમનની દુંદુભી બજાવી. અને 'એક બે વ્યક્તિઓના જીવનમાં નહિ પણ સમસ્ત માનવજાતિના જીવનમાં અદ્‌ભુત પરિવર્તન થવાનું છે અને મનુષ્યમાં મન તથા બુદ્ધિથી ચડિયાતી એક નવી શક્તિ પ્રગટ થવાની છે'–એવી ભવિષ્યવાણી તેમણે ઉદ્‌ઘોષિત કરી.

શ્રી અરવિંદની વાણી અંગ્રેજી ભાષામાં પ્રગટ થવાના લીધે તથા તેમની શૈલિ પણ અત્યન્ત પ્રૌઢ હોવાના કારણે આપણા લોકોને તેનો પુરો લાભ મળ્યો નથી. પશ્ચિમના કેટલાયે વિચારકોએ શ્રી અરવિંદના ગ્રંથોમાંથી અધિક લાભ ઉઠાવ્યો છે અને તેથી તેઓ પ્રભાવિત થયા છે.

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર હંમેશા કહેતા હતા કે "અધ્યાત્મના ક્ષેત્રમાં એકની સાધના અન્યના કામમાં આવતી નથી. દરેકને પોતપોતાની નૌકા કોઇ નકશા વિના અજ્ઞાતના સમુદ્રમાં લઇ જવી પડે છે." કવિની સાધનાની જ કદાચ એ કોઇ ખાસિયત હોય. ગાંધીજીની સાથે અખંડ રહેવાવાળા અથવા તો એમના કાર્યને વેગપૂર્વક વધારવાવાળા એમના શિષ્ય, અન્તેવાસી અથવા તો સેનાપતિ ગાંધીજીના તત્ત્વજ્ઞાનને, તેમનાં સિધ્ધાન્તોને તેમજ તેમની જીવનદૃષ્ટિને વિશદ રૂપમાં દુનિયાની સામે જરૂર રજુ કરી શકશે. પરંતુ ગાંધીજીની આધ્યાત્મિક સાધના કેવી હતી એ બાબતમાં કદાચ તેમાંથી કોઇ પણ નિશ્ચિત રૂપમાં કહી નહિ શકે. આધ્યાત્મિક સાધના છે જ એવી કોઇ ગુઢ વસ્તુ.

શ્રી અરવિન્દે પોતાની સાધના સમજાવવાનો અને તે સાધનાના રસ્તે અનેક સાધકોને આગળ લઇ જવાનો પ્રખર પ્રયત્ન કર્યો છે. તેઓ પોતાના જીવનના પ્રારંભ–કાળમાં અધ્યાપક હતા. પોતાના જીવનનો આખો ઉત્તરાર્ધ તેમણે આધ્યાત્મિક અધ્યાપનનું કામ કર્યું હતું. શોધ કરવી, ઉચ્ચ સાધના ચલાવવી, અન્ય ઉપાસકોને દિક્ષા દેખાડવી, અને ભવિષ્યકાળને નજીક લાવવો–એ બધું કામ તેમણે કર્યું. તેમની સાધનપદ્ધતિનું વિવરણ તેમના લેખોમાંથી, ગ્રંથોમાંથી અને શિષ્યો માટે તેમણે લખેલા પત્રોમાંથી આપણને જરૂર મળે તેમ છે.

આમ હોવા છતાં પણ મત એમ કહેશે કે જે ઉંચાઇ શ્રી અરવિંદે હાંસલ કરી હતી તે ઉંચાઇ અમુક સાધનક્રમના રસ્તે જવાથી કોઇ પણ માનવી હાંસલ કરી શકે છે એમ આપણે પ્રયોગ તથા ઉદાહરણ દ્વારા જ્યાં સુધી સિદ્ધ કરી શકીએ નહિ ત્યાં સુધી તેમની સાધના તેમની જ રહેવાની. જ્યારે એ સાધના સર્વસુલભ થશે ત્યારે જ વિશ્વવ્યાપી નવમાનવતાનો ઉદય થશે.

'મંગળ પ્રભાત'માંથી
આભાર ઉધ્ધૃત.

મૂળ હિંદી : કાકા કાલેલકર
અનુવાદન : પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. માણેકલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુધર્માનન્દ પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨ અંક : ૧૯ | મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૫૧ ગુરૂવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

જાહેર ટ્રસ્ટનો કાયદો : ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ

[મુંબઇ સરકારે ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ ધી બોમ્બે :પબ્લિક ટ્રસ્ટ રૂલ્સનો ડ્રાફ્ટ તા. ૧૬ જાન્યુઆરી ૧૯૫૧ના એકસ્ટ્રા-ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કર્યો હતો. આ ધારો તા. ૧ લી ફેબ્રુઆરી, એટલે કે આજથી અમલમાં આવે છે તેની કેટલીક મહત્વની કલમો, નીચે આપવામાં આવી છે. —તંત્રી]

ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ મુંબઇ સ્ટેટમાં આવેલાં દેવસ્થાનો, પીરસ્થાનો, મસ્જિદો તેમ જ જાહેર ધાર્મિક અને ચેરીટેબલ ટ્રસ્ટોના વહીવટને સરળ કરવા અને તેનો અમલ યથાયોગ્ય રીતે થઇ શકે તેવા પ્રકારનું ઘડતર કરવા માટે ઘડવામાં આવેલ છે. આ ધારો સમસ્ત મુંબઇ સ્ટેટને આવરી લે છે. હાલમાં જે જે જાહેર ટ્રસ્ટો છે તેને પણ આ ધારો લાગુ પાડવામાં આવ્યો છે. અત્યાર સુધી ' ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન એકટ, ૧૯૩૫ નો ધારો જે અમલમાં હતો તેમાં સુધારો કરીને આ ધારો ઘડવામાં આવ્યો છે.

આ ધારો જાહેર જનતાની જાણ માટે તા. ૧૪–૮–૫૦ ના સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયો હતો અને તેનો અમલ તારીખ ૧ લી ફેબ્રુઆરીથી કરવામાં આવનાર છે. આ ધારો ઘડતાં અગાઉ સરકાર તરફથી એક કમિટી નીમવામાં આવી હતી જે 'ટેંડુલકર કમિટી'ના નામથી પ્રસિદ્ધ છે. આ બાબતમાં જાણીતી વ્યક્તિઓની સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આને અંગેનાં કોઇ સૂચન, વિરોધ વા બીજી વિગતો જણાવવાની છેલ્લી મુદત તારીખ છઠ્ઠી જાન્યુઆરી ૧૯૫૧ની હતી. આ ધારાએ જાહેર ધાર્મિક સંસ્થાઓમાં, તેના વહીવટકર્તા ટ્રસ્ટીઓમાં અને જૈન, હિંદુ, મુસ્લિમ, પારસી વગેરે જનતામાં ખૂબખૂબ ચર્ચા જગાવી છે.

વહીવટી યોજના

આ ધારાનો અમલ કરવા માટે મુખ્ય હોદ્દેદાર 'ચેરિટી કમિશ્નર' છે. આ 'ચેરિટી કમિશ્નર'ના હોદ્દા માટે ન્યાયાધિકારી ડિસ્ટ્રકટ જજ અથવા મુંબઇની સીટી સિવિલ કોર્ટના જજને નીમવા એમ ઠરાવવામાં આવેલ છે. આ ઉપરાંત ડેપ્યુટી અને એસિસ્ટંટ ચેરિટી કમિશ્નર વિભાગો યા પેટા વિભાગો માટે નીમવામાં આવનાર છે, જેઓ પણ ન્યાયાધિકારી સિવિલ જજ હશે. આ ઉપરાંત તેમના હાથ નીચેના બીજા ઓફિસરો તેમ જ એસેસરોની નિમણુંક કરવામાં આવનાર છે. આ બધાની નિમણુંકો સ્ટેટ ગવર્નમેંન્ટ કરશે.

કયા ટ્રસ્ટોને ધારો લાગુ થાય છે?

કેવા પ્રકારના ટ્રસ્ટો અને સખાવતી ખાતાંઓને ધારો લાગુ પાડવામાં આવે છે તેની વિગતો નીચે આપવામાં આવી છે :

૧. મંદિરો, ૨. મઠો, ૩. વકફ,

૪. ઉપર જણાવ્યા સિવાયના સાર્વજનિક ટ્રસ્ટો કે જે કોઇ પણ કોમ અથવા કોમોના અથવા તેના કોઇ પણ ભાગ અથવા ભાગોના લાભાર્થે જ ઉત્પન્ન કરવામાં આવેલા હોય કે અસ્તિત્વમાં હોય.

૫. ધર્મિક અથવા ધર્માદાના અથવા તે બન્નેના કારણ માટે સને ૧૮૬૦ ના સોસાયટી રજિસ્ટ્રેશન એકટ અન્વયે નોંધવામાં આવેલ સોસાયટીઓ,

૬. ધર્માદા એટલે કે કોઇ પણ ધંધા અથવા વેપારના રિવાજ અથવા ચાલ અનુસાર અથવા કોઇ પણ સોદાને લગતા પક્ષકારો વચ્ચેના કરાર અનુસાર સ્વીકારવામાં આવેલી અથવા કોઇ પણ નામ હેઠળ ઉઘરાવવામાં આવેલી રકમો; અને

૭. સાર્વજનિક, ધાર્મિક અથવા ધર્માદા હેતુ માટે અથવા તે બન્ને હેતુ માટેનાં બીજાં સઘળાં સ્પષ્ટ અથવા ગર્ભિત ટ્રસ્ટો.

જાહેર ટ્રસ્ટોની નોંધણી

આ કાયદો અમલમાં આવે તે તારીખથી ત્રણ માસની અંદર દરેક ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોને ઠરાવેલા નમૂના અનુસાર અરજી કરી, મુકરર કરેલ ફી ભરી રજિસ્ટર કરાવવાં પડશે. આવી અરજી તે વિભાગ યા પેટાવિભાગના ડેપ્યુટી અગર એસિસ્ટંટ ચેરિટી કમિશ્નરને કરવી પડશે. અરજીમાં નીચેની વિગતો જણાવવી પડશે:

૧. ટ્રસ્ટીઓ અને મેનેજરનાં નામ અને સરનામાં.

૨. ટ્રસ્ટીઓને હોદ્દા ઉપર આવવાના સંજોગો અને તેમની નિમણુંક કેવી રીતે કરવામાં આવે છે તે,

૩. ટ્રસ્ટોની સ્થાવર જંગમ મિલકતોની વિગતવાર યાદી,

૪. સ્થાવર તથા જંગમ મિલકતોની કિંમતનો અંદાજ,

૫. છેલ્લાં ત્રણ વર્ષની સરેરાશ વાર્ષિક આવક,

૬ છેલ્લાં ત્રણ વર્ષનાં ખર્ચ ઉપરથી સરેરાશ ખર્ચ,

૭. ટ્રસ્ટી અથવા મેનેજરનું સરનામું; અને

૮. આ સિવાયની બીજી વિગતો જે નક્કી કરવામાં આવે તે.

આ અરજીની સાથે 'ટ્રસ્ટડીડ'ની એક નકલ મોકલાવી આપવી.

આ અરજી મળ્યા બાદ તેની તપાસ કરવામાં આવશે. તેને લગતા પત્રકમાં આવી નોંધ રાખવામાં આવશે. આવાં નોંધાયેલાં ટ્રસ્ટોમાં કોઇ પ્રકારનો ફેરફાર થાય તો તેની વિગત નેવું દિવસમાં પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશનના અધિકારીઓને જણાવવી.

જૂના કાયદાઓ રદ

જે ટ્રસ્ટો, હાલ અમલમાં હશે અને જો તે કાયદાથી રજિસ્ટર્ડ થયેલાં હશે, તો તેને ફરીથી આ કાયદા પ્રમાણે રજિસ્ટર્ડ કરાવવાની જરૂર રહેશે નહિ. હિન્દુઓ માટેનો બોમ્બે પબ્લિક ટ્રસ્ટસ રજિસ્ટ્રેશન એકટ (૧૯૨૫), પારસીઓ માટે પારસી પબ્લિક ટ્રસ્ટસ રજિસ્ટ્રેશન એકટ (૧૯૩૬), અને મુસલમાનો માટે મુસલમાન વકફ એકટ, (૧૯૨૩); આ સર્વ કાયદાઓ નવો ટ્રસ્ટ એકટ અમલમાં આવતાં રદ થયેલા ગણાશે.

ટ્રસ્ટીઓની ફરજો

આ પબ્લિક ટ્રસ્ટસના કાયદાએ મોટા ભાગની ફરજો ટ્રસ્ટીઓ ઉપર નાખી છે. બીજા ધારાઓની જેમ આ ધારા નીચે ચેરિટી કમિશ્નરને વડા અધિકારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. પબ્લિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચેરીટી કમિશ્નરને જવાબદાર રહેશે

આ ધારા હેઠળ ટ્રસ્ટીઓની જવાબદારી મુખ્યત્વે નીચે મુજબની રહેશે:

૧. ટ્રસ્ટસ નક્કી થયા પછી તેને રજિસ્ટર કરાવવાની ફરજ (કલમ-૧૮).

૨. ટ્રસ્ટમાં અવારનવાર થતા મહત્ત્વના ફેરફારોની અધિકારીઓને જાણ કરવી—જેવી કે ટ્રસ્ટીઓની ફેરબદલી, સ્થાવરજંગમ મિલકતોની ફેરબદલી, વેચાણ વગેરેની વિગતો જણાવવી. (કલમ-૨૨).

૩. ટ્રસ્ટની રકીપ્સને સ્ટેમ્પિંગ કે એન્ડોર્સ કરાવવી. આ રકીપ્સને સ્ટેમ્પિંગ કરાવવામાં આવેલ છે કે નહિ તે અંગે ડેપ્યુટી યા એસિસ્ટંટ કમિશ્નર તેની તપાસ કરી શકે છે. (કલમ-૨૭).

૪. જો 'વીલ'થી પબ્લિક ટ્રસ્ટસ કરવામાં આવે તો તેના એક્ઝીક્યુટરે આ વીલનો પ્રોબેટ મળ્યા પછી એક માસમાં યા તો ટેસ્ટેટરના મરણ પછી ૭ મહિનામાં કલમ ૧૮ માં જણાવ્યા પ્રમાણે રજિસ્ટર કરાવવા માટેની અરજી કરવી પડશે.

૫. દરેક ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશ્નરે નિયત કરેલ ફ્રોમ અનુસાર પબ્લિક ટ્રસ્ટના નિયમિત હિસાબો રાખવા અને તે ઓડિટ કરાવવા. (કલમ ૩૨-૩૪)

૬. ટ્રસ્ટમાં નુકસાન થયું હશે અને તેને માટે ટ્રસ્ટી જવાબદાર છે એમ માલૂમ પડશે તો તે નુકસાન ટ્રસ્ટીએ ભરપાઇ કરી આપવું પડશે.

૭. ઓડિટરના રીપોર્ટમાંથી ઊપજતા સવાલો માટે ચેરિટી કમિશ્નરને યોગ્ય જવાબો આપવા અને કેટલાક સંજોગોમાં તે અંગે જવાબદાર રહેવું પડશે.

૮. ટ્રસ્ટનાં નાણાંનું યોગ્ય રીતે રોકાણ કરવું.

હિસાબ તથા ઓડિટ બાબત

ધાર્મિક ટ્રસ્ટનાં હેતુઓમાં તેના હિસાબોની તપાસ એ એક મહત્ત્વનું અને મુખ્ય અંગ છે. આમાં ઘણા જ અગત્યના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ટ્રસ્ટીઓ ટ્રસ્ટમાં જણાવેલા હેતુઓ પ્રમાણે વહીવટ ચલાવે છે કે નહિ, અને તેની વાજબી વ્યવસ્થા થાય છે કે નહિ, તે સઘળી હકીકત હિસાબોની તપાસણીમાંથી તરી આવે છે.

ટ્રસ્ટીઓએ નિયમિત રીતે, પદ્ધતિસરના અને ઠરાવેલ ધોરણ અનુસારના હિસાબો રાખવા પડશે અને દરેક વર્ષની તા. ૩૧ મી માર્ચે અથવા ચેરિટી કમિશ્નર ઠરાવે તે પ્રમાણે વર્ષની આખરે સરવૈયું કાઢી સર્ટિફાઇ ઓડિટ કરાવવું પડશે. દરેક ઓડિટરને હિસાબને લગતા દરેક ચોપડા, વાઉચર, બીજા દસ્તાવેજ વગેરે તપાસવાનો હક રહેશે. જો ચેરિટી કમિશ્નરને યોગ્ય લાગે તો ગમે તે ટ્રસ્ટનું સ્પેશિયલ ઓડિટ કરાવવા જણાવી શકે છે; અને તે માટે તેની યોગ્ય ફી આપવા જણાવી શકે છે. પબ્લિક ટ્રસ્ટના ઓડિટરે આવકજાવકનો હિસાબ તથા સરવૈયું તૈયાર કરી કોઇ પણ ખર્ચ અયોગ્ય અગર ગેરકાયદેસર રીતે થયેલ હોય યા તો ટ્રસ્ટના પૈસાનું નુકસાન થયું હોય; અથવા તો ગેરઉપયોગ થયો હોય, તે તમામ બાબતની સંપૂર્ણ તપાસ કરી, રીપોર્ટ તૈયાર કરી ડેપ્યુટી ચેરિટી કમિશ્નરને મોકલી આપવાનો છે. ડેપ્યુટી અથવા એસિસ્ટંટ ચેરિટી કમિશ્નરને યોગ્ય લાગશે તો તે અંગે તેઓ ચેરિટી કમિશ્નરને રીપોર્ટ કરશે. આના ઉપરથી ચેરિટી કમિશ્નર તપાસ કરી કંઇ પણ નુકસાન થયેલું જણાશે તો તે ભરપાઇ કરવા જવાબદાર ટ્રસ્ટીઓને હુકમ કરશે, અને તે હુકમ છેવટનો ગણાશે.

ટ્રસ્ટનાં નાણાંનું રોકાણ

ટ્રસ્ટનાં નાણાંનું રોકાણ કરવા અંગે કાયદાની કલમ-૩૫ ખાસ વિચારવા જેવી છે. ટ્રસ્ટના કોઇ પણ કારણોસર તુરતથી રોકડ નાણાંની જરૂર ન પડે તેમ હોય તે નાણાંનું રોકાણ (સિવાય કે ટ્રસ્ટડીડમાં જણાવ્યું હોય તે પ્રમાણે) પબ્લિક જામીનગીરીઓમાં તથા સ્થાવર મિલકતોના ફર્સ્ટ મોરગેજ પર રોકી શકાય. આમાં વિભાગ 'એ' અથવા વિભાગ 'સી'ના સ્ટેટોમાં આવેલી મિલકતો કેટલાંક વર્ષો માટે લીઝ-હોલ્ડ ન હોય તેવી અને મિલકતની કિંમત મોરગેજ પર નાણાં આપ્યાં હોય તેથી અર્ધા ભાગ ઉપરાંતની હોય તેમાં નાણાંનું રોકાણ થઇ શકશે. આ ઉપરાંત ચેરિટી કમિશ્નર જનરલ અથવા સ્પેશિયલ ઓર્ડરથી બીજી કોઇ પણ રીતે નાણાં રોકવા ટ્રસ્ટીઓને મંજૂરી આપી શકે છે.

વહીવટી કાબૂ

ચેરિટી કમિશ્નર, ડેપ્યુટી અથવા એસિસ્ટંટ ચેરિટી કમિશ્નર અગર તો સ્ટેટ ગવર્નમેંન્ટ તરફથી નિમાયેલા ઓફિસરો, જનરલ અથવા સ્પેશિયલ ઓર્ડરથી નીચેની સત્તાઓ ધરાવશે:

૧. પબ્લિક ટ્રસ્ટની કોઇ પણ મિલકતમાં પ્રવેશ કરી તેની તપાસ કરવા,

૨. કોઇ પણ પબ્લિક ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓની કાર્યવહીની કોઇ પણ નોંધ અને ટ્રસ્ટીઓના કબજામાં અથવા કાબૂમાં હોય તે ચોપડા અગર હિસાબો માગવાનો અને તેને તપાસવાનો, અને

૩. ટ્રસ્ટીઓ અથવા તે ટ્રસ્ટથી સંબંધ ધરાવતા કોઇ પણ માણસની પાસેથી ચેરિટી કમિશ્નરને યોગ્ય લાગે તે રીટર્ન, સ્ટેટમેન્ટ, હિસાબો અથવા રીપોર્ટ માગવાનો હક્ક રહેશે.

આ માટે ટ્રસ્ટની કોઇ પણ મિલકતમાં દાખલ થતાં અગાઉ ટ્રસ્ટીઓને વાજબી નોટિસ આપવામાં આવશે અને ટ્રસ્ટની ધાર્મિક ક્રિયાઓ અથવા રીતભાત તરફ યોગ્ય ધ્યાન આપવામાં આવશે.

ચેરિટી કમિશ્નરની ફરજો

આમાં મુખ્યત્વે ધર્માદા ટ્રસ્ટોની દેખરેખ રાખવી, કાયદાનું પાલન કરવું, ડેપ્યુટી અથવા એસિસ્ટંટ ચેરિટી કમિશ્નરની તપાસ ઉપરથી થતી અપીલો જોઇને નિકાલ કરવો, સ્પેશિયલ ઓડિટ માટે હુકમ કરવો, આવક-જાવકના હિસાબો અને સરવૈયાંની નકલો મોકલવા માટે ઓડિટરને જણાવવું, પબ્લિક સિકયુરીટીઝ સિવાય બીજામાં ટ્રસ્ટની મૂડી રોકવાની રજા આપવી. આ ઉપરાંત સ્થાવર મિલકતોનું વેચાણ મોરગેજ, બદલો, ભેટ અથવા લીઝથી આપવાની મંજૂરી આપવા, ટ્રસ્ટની મિલકતોમાં દાખલ થવું અને જરૂરી તપાસણી કરવી, ટ્રસ્ટને કોઇ પણ પ્રકારનું નુકસાન થયું હોય તો તેની તપાસ કરી જવાબદાર ટ્રસ્ટીને તેનાં નાણાં ભરપાઇ કરી આપવા જણાવવું, ચેરિટી એન્ડાવમેન્ટસના ટ્રેઝરર તરીકે રહેવું, પબ્લિક ટ્રસ્ટના ટ્રસ્ટી થવું, દાવો કરવો, દાવો કરવા માટે મંજૂરી યા નામંજૂરી જણાવવી, ટ્રસ્ટનાં નાણાંનો યોગ્ય ઉપયોગ કરવો, 'સાઇપ્રસ'ના નિયમને અનુસરવા અને તેને માટે કોર્ટને દોરવણી માટે અરજી કરવા, એસેસરોની યાદી જાહેર કરવા વગેરે વગેરે કાર્યો જણાવવામાં આવેલાં છે.

સાઇપ્રસ-(Cypres)નો સિદ્ધાંત

જાહેર ટ્રસ્ટોના કાયદામાં આ એક મહત્ત્વનો અને મૂળભૂત ફેરફાર કરવામાં આવ્યો છે. કોઇ પણ વખતે કલમ-૫૫ નીચે ચેરિટી કમિશ્નર એમ મત ધરાવે કે,

૧. પબ્લિક ટ્રસ્ટ જે રીતથી સ્થાપવામાં આવેલું તેનો પ્રાથમિક હેતુ નકામો થયો છે,

૨. પબ્લિક ટ્રસ્ટની આવક અથવા તેનો વધારો વપરાયો નથી અથવા વાપરી શકાય તેમ નથી; અને

૩. પબ્લિક ટ્રસ્ટ કરનારની ઇચ્છાઓ સંપૂર્ણ રીતે કે થોડાક ભાગે જાહેર જનતાના હિતમાં અનુસરાય તેમ નથી; અથવા તેનો આવક થા તો તે આવકનો થોડોક ભાગ બીજી સખાવતી કે ધાર્મિક ઉદ્દેશોમાં વાપરી શકાય તેમ છે—તો ચેરિટી કમિશ્નર નોટિસથી ટ્રસ્ટીઓને કોર્ટને અરજી કરવા જણાવશે. આ માટે કોર્ટ સઘળી તપાસ કરશે અને લાગતાવળગતાને સાંભળ્યા બાદ યોગ્ય હુકમ કરશે. આને માટે જાહેર હિત અને ટ્રસ્ટ કરનાર વ્યક્તિની ઇચ્છાઓનું ધ્યાન અપાશે. કોર્ટને ઠીક લાગતાં બીજા ટ્રસ્ટના સખાવતી અને ધાર્મિક હેતુઓ માટે તે ટ્રસ્ટનાં નાણાં વાપરવા જણાવશે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૬)

'ઠક્કર બાપા'ની વિદાય

દેશભરમાં છેલ્લા વીશ વરસથી 'ઠક્કર બાપા'ના માનવંતા નામથી ઓળખાતા, શ્રી. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરનું એમની જન્મભૂમિ ભાવનગરમાં તા. ૧૯ મી જાન્યુઆરીની રાત્રે ૮-૨૦ ને સમયે, એકાશી વરસ અને પોણા બે માસની ઉમ્મરે અવસાન થયું, એ બનાવ સમગ્ર રાષ્ટ્રને માટે દુઃખદાયક ગણી શકાય.

એમના મૃત્યુ પ્રસંગે દેશના બધા ભાગોમાંથી ઊંડા શોકની લાગણી દર્શાવવામાં આવી છે. દેશનેતાઓ, હાકેમો, પ્રધાનો અને ઉદ્યોગપતિઓએ પત્ર-તાર દ્વારા એમનાં કુટુંબને આશ્વાસન પાઠવ્યું છે. ઉજળિયાત કોમોએ સ્થળે સ્થળે સભા ભરી દિલગીરીના ઠરાવ પસાર કર્યા છે. એ બધા એમને છેલ્લા વીશ પચીસ વરસથી નામથી અને કામથી પિછાણતા થયા હતા, પણ એમનો કાર્ય-પ્રદેશ એવા લોકોની વસ્તીમાં હતો કે જેમને કદાચ આ શોક દર્શાવતા નહિ આવડતું હોય. હિન્દભરના હરિજનો અને આદિવાસીઓ, ભીલો, સંતાલો અને પંચમો, અને બીજી કોડીબંધ જાતીઓ જેનાં નામ પણ આપણે નથી સાંભળ્યા, એ વર્ગોના સેંકડો અને હજારો સ્ત્રીપુરૂષોને એમની વિદાયથી શી ખોટ પડી છે એનો હિસાબ કાઢવાની આપણી તાકાત નથી. અને એ ખોટ જેમને સાલશે તેમને સભાઓ ભરીને, ઠરાવો કરીને એ વ્યકત કરતા નહિ આવડે. એ મૂંગા સેવક માટેનો શોક પણ મૂંગો જ રહેશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૨-૫૧ શનિવારના રોજ સાંજના ૬ વાગે સંઘના કાર્યાલય (સીલ્વર મેન્શન, ૪૫, ૪૭ ખનજી સ્ટ્રીટ)માં મળશે જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે. :—

(૧) વાર્ષિક વૃત્તાન્ત, આવકજાવકનો હિસાબ તથા સરવૈયું મંજુર કરવું.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) સંઘની કાર્યવાહક સમિતિની નીચે મુજબની ભલામણ વિષે નિર્ણય કરવો.

"મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કોઓપરેટીવ સોસાયટીની રૂા. ૧૫૦૦૦) ના શેરોની મુડી સાથેની સ્થાપના કરવી અને સ્ટોરો મેળવવા તથા તેમાંથી શેરહોલ્ડરોને ૬½ ટકા વ્યાજ આપતાં જે વધે તે ચોકખો નફો રાહત કાર્યોમાં વાપરવો."

(૪) પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, ક્રોષાધ્યક્ષ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણી કરવી.

(૫) હિસાબ અન્વેષકની નિમણુંક કરવી.

દરેક સભ્યને વખત સર હાજર રહેવા, વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
રમણલાલ સી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ભાવનગરના એક ગરીબ પણ ખાનદાન લોહાણા કુટુંબમાં સને ૧૮૬૯ના નવેમ્બરની ૨૯ મી તારીખે એમનો જન્મ થયો. પિતા, ઠક્કર વિઠ્ઠલદાસ લાલજીના ૭ પુત્રોમાં એ બીજા હતા. કેળવણીની ખગશવાળા ગરીબ બાપે બધા પુત્રોને કેળવણી આપવાનો નિશ્ચય કર્યો હતો. અમૃતલાલ ઠક્કર ભાવનગર આલ્ફ્રેડ હાઇસ્કૂલમાંથી મેટ્રિક પાસ થઇ પૂના એન્જિનિયરીંગ કોલેજમાં દાખલ થયા અને ૧૮૯૧માં એલ. સી. ઇ. થયા.

કાઠિયાવાડનાં દેશી રાજ્યો અને બી. જી. એ. પી. રેલ્વેમાં સાત આઠ વર્ષ નોકરી કરી ત્રણેક વરસ માટે તેઓ આફ્રિકા જઇ યુગેન્ડા રેલ્વેના બાંધકામમાં એસ્ટિમેટ એન્જિનિયર તરીકે કામ કરી આવ્યા. એ પછી સાંગલી સ્ટેટમાં એકાદ વરસ નોકરી કરી મુંબઇની મ્યુનિસિપાલિટીમાં જોડાયા. કુર્લામાં મુંબઇનો ઉકરડો ઉલેચતા ઢેઢ, ચમાર, ભંગીઓનું નિરીક્ષણ કરી છેવટે આખા મુંબઇનગરના રોડ સુપ્રિન્ટેન્ડન્ટ બન્યા. સેંકડો મહેતરોના અને હજારો મજૂરોના ઉપરી બન્યા. આ સમય દરમિયાન આ ત્યજાયેલા, અસ્પૃશ્ય, દેવાદાર, કચરાતા માનવોનાં નિત્ય જીવન ઓળખવાનો એમને મોકો મળ્યો. એમને માટે મૂંગું, ધીરું કામ કરી રહેલા હિન્દસેવકસમાજવાળા સ્વ. ગોપાલકૃષ્ણ દેવધર અને અખિલ હિન્દ અંત્યજ ઉદ્ધારક સભાજના મુખ્ય મંત્રી સ્વ. વિઠ્ઠલ રામજી શીન્દેનો પરિચય એમણે સાધ્યો. પૂનામાં વરસોથી વિધવાઓ માટે શાન્ત અને મૂંગુ કાર્ય કરી રહેલા પ્રો. ધોંડો કેશવ કર્વેના પરિચયમાં આવ્યા. (આજે ૯૨-૯૩ વરસના એ કર્વે સાહેબ હજી કાર્યપરાયણ છે.)

ઠક્કર બાપાએ એમના જીવન દરમિયાન ચાર ગુરૂઓ પાસેથી પાઠ મેળવ્યાનું સ્વીકાર્યું છે. એમના પ્રથમ ગુરૂ એમના પિતા—ભાવનગર લોહાણા જ્ઞાતિના એ આગેવાન સેવક. એમના કાર્ય-ક્ષેત્રની મર્યાદા જ્ઞાતિ પૂરતી હતી, પણ એમણે જ્ઞાતિ માટે જે કરવું ઘટે એ કરવામાં બાકી રાખી નથી. પોતાની પાસે પૈસા નહોતા, પણ પરમાર્થ માટે પૈસા માગતાં એમણે શરમ અનુભવી નહોતી કે અપમાનની પરવા કરી નહોતી. અને એટલું પોતે પણ આપી છૂટતા. જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે એક કેળવણીફંડની સ્થાપના કરાવી. છપ્પનિયા દુકાળમાં ફાળો એકઠો કરી હમેશાં ૭૦૦-૮૦૦ લોહાણાઓ માટે જ્ઞાતિની વાડીમાં એક ટંક જમાડી જમવાનો નિયમ રાખ્યો. જ્ઞાતિના બાળકો માટે એક વિદ્યાર્થી ભવનની સ્થાપના કરાવી અને એ કાર્ય પાછળ જીવન આપ્યું. વ્યવસ્થા, શિસ્ત નિયમન, સ્વચ્છતા, અને શરીરશ્રમ એ એમના તરી આવતા ગુણો હતા. કોઇ પણ રીતે પિતાનું આ બધી વાતોમાં અનુકરણ કરવું એ યુવાન અમૃતલાલની મહત્વાકાંક્ષા હતી. દેવધરદાદા પાસેથી તેઓ એકધારા ખુરશી પર બેસીને સરકારી દફ્તરોનો, સંસ્થાઓના અહેવાલો, વગેરેમાંથી આંકડા-હકીકતો તારવી કાઢવાનું શીખ્યા. શિન્દે સાહેબે દલિતોની સેવાના ક્ષેત્રનો અને એમને માટે કામ કરવાની પદ્ધતિનો પરિચય આપ્યો અને પ્રો. કર્વેએ સતત્ પરિશ્રમ ચાલુ રાખી સંસ્થાઓ સ્થાપવાનો અને વિકસાવવાનો બોધપાઠ શીખવ્યો.

પહેલા પત્ની ૧૯૦૫માં મૃત્યુ પામેલાં. માતાપિતાની ઇચ્છાને માન આપી ફરી લગ્ન કર્યું, પણ દોઢેક વરસનો ઘરવાસ ચલાવી એ પત્ની પણ ગયાં. ૧૯૧૩માં પિતાજી ગયા. ભાઇઓ પોતપોતાના

પગ પર ઊભા હતા. 'હિન્દ સેવક સમાજ'માં નવરાશના સમયમાં જઈને કામ કરવાનું ઘણા વરસોથી શરૂ કરેલું, પણ આ તબ્બકે તો સમગ્ર જીવન અને સમય એ સંસ્થા મારફત દેશને અર્પી દેવાની તમન્ના રોકી શકાય એવું નહોતું. એ સમયે એમના બંધુઓ ઉપર લખેલા અંગ્રેજી પત્રનું નીચેનું ભાષાંતર એમની આંતરવ્યથા, મનોમંથન અને નિશ્ચયનો ખ્યાલ આપશે :—

મુંબઈ--૨૫ મી જાન્યુઆરી ૧૯૧૪

વહાલા ભાઈઓ,

આ પત્ર લખતા મને દુઃખ થાય છે, અને હું માનું છું કે આ પત્ર મહિના સમાચાર તમને સૌને ભારે દદ કરશે. આ સમાચાર પહોંચાડવાનું કામ કોઈ અન્ય મિત્રને ભાગે આવ્યું હોત તો સારું હતું; પણ એ આકરી ફરજ મારે જ બજાવવી પડશે એમ લાગે છે.

મુંબઈની મ્યુનિસિપાલિટીની નોકરીનું મેં રાજીનામું આપ્યું છે. આવતા માસની બીજી તારીખથી હું એમાંથી મુક્ત થઈશ અને તુરત જ 'હિન્દ સેવક સમાજ'માં જોડાઈશ. આ માટે મેં કોઈની સલાહ લીધી નથી. મારા અંતરાત્માના અવાજ મુજબ જ મેં આ પગલું ભરેલું છે. આમાં કદાચ હું ભૂલ કરતો હોઈશ, તો એ પણ મારા અંતરાત્માના અવાજની ભૂલ હશે. ગમે તેમ હોય, પણ અવાજની વધારે વખત હું અવગણના કરી શકું એમ નથી.

મારી નોકરીના સમય દરમિયાન મારે મારા હાથ નીચેના માણસો સાથે ગાઢ મહોબ્બત બંધાઈ છે, એટલું જ નહિ પણ મારી સંભાળ નીચેના રસ્તાઓ-તે નિર્જીવ હોવા છતાં-સાથે પણ પ્રેમના બંધનથી બંધાયો છું. મારા આપ્તજનો કરતાં મારા આ માણસો અને રસ્તાથી વિખુટા પડતાં મને વધારે દુઃખ થાય છે. મારા એક સાથી-અમલદારે મને ગઈ કાલે કહ્યું એમ હું મારા સેંકડો નોકરો અને હજારો મજૂરોનો અપરાધ કરી રહેલો હોઉં એમ મને લાગે છે. મારી ઉપર મમતા વરસાવનાર અને મને સદા મીઠી દુઆ દેનાર એ હજારો માણસોને જાણે રખડાવીને ચાલ્યો જતો હોઉં એમ મને લાગે છે. કોઈ એમ પણ કહે છે કે નોકરી દરમિયાન મારા દરજ્જા અને પ્રતિષ્ઠાને આધારે હું જે કંઈ હિત કાર્યો કરી શકું છું એ નોકરી પછી કરી શકીશ નહિ.

એ બધું છતાં હું ખાતરીપૂર્વક માનતો થયો છું કે હિન્દુસ્તાનને સમગ્ર જીવન અર્પણ કરી દેનારા સેવકોની જરૂર છે; સગવડે અને ફુરસદે કામ કરનારાઓની નહિ, અને જ્યાં સુધી આજીવન કાર્યકર્તાઓ દેશને ન સાંપડે ત્યાંસુધી ખરી પ્રગતિ થઈ શકે નહિ. સાચા કામ કરનારા માટે તો પૈસાના ભંડાર ભર્યા છે. ગોખલેજી જેવાનાં ચરણોમાં હજારો અને લાખોના ઢગલા થાય છે, તેમને સાચા કાર્ય કરનારા નથી મળતા. એટલે આ ભેખ ધરવામાં હું ભૂલ કરતો હોઉં તો તે પણ શુદ્ધ મુરાદોથી અને પ્રમાણિકપણે કરું છું.....

મારી અંતરવ્યથાનો હવે અંત આવે છે. જીવનના સર્વ વિયોગો દુઃખકર છે, પણ હું તમને સૌને ઉમદા સેવાકાર્ય માટે તજી જાઉં છું અને માની લઉં છું કે તમારી શુભાશિષો મારી સાથે છે.

તમારો બાંધવ

અમૃતલાલ

૧૯૧૪ ના ફેબ્રુઆરીથી ૧૯૫૧ ના જાન્યુઆરી સુધીમાં પૂરા થતા સાડત્રીસ વરસ દરમિયાનના હિન્દુસ્તાનના સેવાકાર્યની સમીક્ષા કરવાનું આ નોંધમાં શક્ય નથી. આ સેવાક્ષેત્રમાં એમણે ઝંપલાવ્યું ત્યારે એનો વિસ્તાર કેટલો હશે એમનો એમને પોતાને પણ ખ્યાલ નહિ હોય. પર્વતની એક ટૂંક ચડી રહીએ અને બીજી નજરે પડે અને એની પાછળ ત્રીજી ઊભી હોય એમ એમનું ક્ષેત્ર વરસે વરસે વિસ્તૃત બનતું ગયું. અંત્યજો, અસ્પૃશ્યો, પંચમો, પછી ભીલો અને આદિવાસીઓની અનેક જાતો, પંચમહાલથી આસામ સુધી અને પંજાબથી દ્રમદ્રાસ ઈલાકા સુધી એમની નજરે ચડતી ગઈ, અને બધાનો એમણે ઝીણવટથી અભ્યાસ કર્યો, એમને માટે શાળાઓ, દવાખાનાઓ, ઉદ્યોગગૃહો ખોલાવ્યાં. એમની વચ્ચે વસીને કામ કરનારા સેવકોને પસંદ કરી, કેળવી તૈયાર કર્યા.

દુકાળો, જળપ્રલયો, ધરતીકંપો અનેક સ્થળે એ વરસો દરમિયાન સ્થળે સ્થળે આવી ગયા. એ બધા માટે રાહત પ્રવૃત્તની વ્યવસ્થા કરવાનું કાર્ય એમને ભાગે જ આવ્યું. આ બધાં કાર્યો માટે હિન્દુસ્તાનને, રેલ્વે લાઇનથી સેંકડો માઈલ દૂર આવેલ ગામડાંઓમાં ફરનાર અને વરસ દરમિયાન હજારો માઈલનો પ્રવાસ ખેડનાર છેલ્લા પચાસ વરસમાં કોઈ સાંપડ્યું નથી. ગાંધીજી અને જવાહરલાલ પણ એટલા ક્ષેત્રો ખેડી શક્યા નથી.

દેશની એક ડઝન જેટલી આગેવાન સંસ્થાઓ અને ટ્રસ્ટોમાં તેઓ પ્રમુખ, ઉપપ્રમુખ કે મંત્રી તરીકે જોડાયેલા હતા, અને એ બધાના વહીવટ પર એમની બારીક નજર રહેતી.

લાખ્ખો ઉઘરાવ્યા. આ પોતાને હાથે લાખ્ખો ખરચ્યા. એમાંની દરેક પાઈનો હિસાબ એમણે રાખ્યો અને દેશને આપ્યો. એમના હાથમાં મુકાયેલા નાણાંનો ખોટો ઉપયોગ થશે એવો ભય કોઈને લાગ્યો નથી.

૧૯૩૧ માં રાઉંડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા એમને મોકલવાની એમના પ્રશંસકોએ તૈયારી કરી. એમણે કહ્યું. " હું નહિ જાઉં. ત્યાં મારું કામ નથી, અને આંહીંનું કામ મારી ગેરહાજરીમાં સહન કરે એ મને પોસાતું નથી. "

તેઓ કોંગ્રેસના સભ્ય નહોતા. 'હિન્દ સેવક સમાજ'ના સભ્યો ગાંધીજીના મતના અનુયાયીઓ નહોતા, પણ હૃદયપલટાનો ગાંધીજી પ્રત્યેનો ભાવ અનન્ય હતો. એક વાત જાહેરમાં આવી નથી, પણ હું આધારભૂત રીતે જાણી શક્યો છું. ૧૯૩૦-૩૧ ના અરસામાં ગાંધીજીને ગિરફ્તાર કરવામાં આવ્યા ત્યારે 'હિન્દ સેવક સમાજ'ના સભ્યપદનું રાજીનામું તેઓએ લખી મોકલેલું, પણ છેવટે શાસ્ત્રીજી અને દેવધર દાદાની સમજાવટથી પાછું ખેંચી લીધેલું.

પોતાના સમયની મિનિટે મિનિટનો હિસાબ એમણે રાખ્યો છે, અને સહકાર્યકરોને પાસે રખાવ્યો છે. એમના માસ માસ માટેના ગોઠવેલા પ્રવાસોમાં એક પણ દિવસની ગણતરી ખોટી પડી નથી. ૧૯૩૯ માં એમની ૭૦મી જયંતી દેશભરમાં ઉજવાઈ અને મુંબઈમાં એમને એક લાખ સત્તર હજારની થેલી અર્પણ કરવામાં આવી એ પ્રસંગે દોઢ જ દિવસ માટે મુંબઈ આવવાનું એમણે કબૂલ્યું. ૮૦માં જન્મદિવસના સમારંભ માટે તો એમણે દિલ્હીમાં એક કલાક જ ફાજલ પાડેલો.

આંખેનું નૂર છેલ્લા પાંચ છ વરસથી ઝાંખું પડ્યું હતું અને શરીર પણ ઘસાતું જતું હતું. છેલ્લા દસ માસથી નેતાઓની વિનતિને માન આપીને એમણે એમના વતનમાં આવી રહેવાનું માન્ય રાખ્યું હતું. એ માંહનાઓમાં પણ કમેશાં સાત આઠ કલાક તો એમની રીત મુજબ કામ ચાલતું.

સરદાર વલ્લભભાઈ પટેલની શોકસભામાં પ્રમુખસ્થાન લેવા માટે તેઓ ભાવનગરમાં છેલ્લી વાર જાહેરમાં દેખાયા: મોટર અને ખુરશીમાં આવ્યા અને ગયા.

મૃત્યુ પહેલા પંદર દિવસથી નબળાઈ લાગવા માંડી. 'પ્રભુ ! પ્રભુ !' એ ઉચ્ચાર એમની જીભ પર હંમેશાં ચાલુ રહેતો. માંદગીના છેલ્લા અઠવાડિયા દરમિયાન, જવા માટે સારો દિવસ પસંદ કરતા હોય એમ લાગતું. ગાંધીજી અને વલ્લભભાઈનો વિદાયદિન, શુક્રવાર કદાચ એમણે નક્કી કરી લીધો હતો સાદ સાંભળી ચૂક્યા હતા.

વિવેક રખે ચૂકીએ!

છેલ્લા થોડાક મહિનાઓથી ગુજરાતભરમાં ઠેરઠેર ઉપધાનની હવા ચાલી છે. સ્થળે સ્થળે આ વ્રતની ઊજવણી થઈ રહી છે. સેંકડો ભાઈબહેનો, ઉપધાનનો અર્થ સમજ્યા વગર કે એ વ્રત-તપના મૂળ અર્થને જરા પણ જીવનમાં ઉતાર્યા વગર ઉપધાનમાળા આરોપી રહ્યા છે. દરેક વ્યક્તિને, સ્વતંત્ર રાષ્ટ્રમાં મનગમતાં વ્રત તપ આદિ કરવાની સંપૂર્ણ છૂટ હોવી જોઈએ; એટલે કોઈ પણ પ્રકારના વ્રતો કે તપની ટીકા સામાન્યતઃ યોગ્ય ન ગણાય; પરંતુ એમાં જ્યારે વિવેકની મર્યાદા ચૂકાય; જ્યારે એમાં વિવેકનો ભંગ થાય ત્યારે સમાજના આગેવાનોએ અને કાર્યકર્તાઓએ સવેળા જાગૃત થવું જોઈએ.

જ્યારે વ્રત, તપ, નિયમન આદિનું મૂળ તત્ત્વ ભુલાઈ જાય છે અને દેખાદેખીથી તેનું મહત્ત્વ જાગે છે ત્યારે આ વ્રતનિયમનો ખાલી દેખાવ માત્ર રહે છે, અને ચેપીરોગની ઝડપથી અથવા કહો કે રોગચાળાની ઝડપથી સમાજને તે પોતાની ઝકડમાં લે છે. આ ઝકડથી નથી ઉન્નતિ થતી સમાજની; નથી ઉન્નતિ થતી કોઈ ધર્મની કે નથી ઉન્નતિ થતી કોઈના આત્માની. ઊલટાનું, વિવેકી વ્યક્તિઓ પાસે આવાં વ્રતનિયમનો હાસ્યાસ્પદ બને છે; મહામૂલાં વ્રતો પોતાનું અસલી મૂલ ગુમાવે છે, અને કાચકીડિયાં જેવાં થઈ રહે છે.

ગયા શનિવારે ઉપધાન કરનારાઓનો એક શાનદાર વરઘોડો મુંબઈમાં નીકળ્યો. એ વરઘોડામાં ચારસો ઉપરાંત મોટર હતી; અનેક બેન્ડ હતાં; હાથી ઘોડાં હતાં. તેને જોઈ જૈનેતર સમાજને એક સુખી સમાજની કલ્પના થઈ. આ ઉપધાનની ઉજવણી પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચ થયો; કાર્યકરોની શક્તિ ખરચાઈ, અને પરિણામ કોઈ જાણતું નથી.

આ 'ઉપધાન' પાછળ રસ લેનાર જૈન સમાજના કેટલાક જાણીતા કોમીય આગેવાનો છે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના કેટલાક કાર્યકર્તાઓ પણ છે. આ આગેવાનોએ અને કાર્યકર્તાઓએ ફાલતા મુકામેથી, જૈન સમાજના મધ્યમ વર્ગને રાહત આપવાના ઉદ્દેશથી એક વિનંતિ બહાર પાડી હતી; ફંડ એકઠું કરવું શરૂ કર્યું હતું. આ ફંડ હજુ પાંચ આંકડાની સંખ્યાએ પણ નથી પહોંચ્યું. હજારો રૂપિયા જ નહિ બલકે લાખ્ખો રૂપિયા આવા ઉત્સવો પાછળ ખર્ચતા અને ખર્ચવાને તત્પર આ કાર્યકર્તાઓ શા માટે આ ખુબ જ ઉપયોગી ફંડને સમૃદ્ધ નહિ કરી શકયા હોય એ વિચારણીય વાત છે. આ લખલૂટ ખર્ચ કરતી-કરાવતી વખતે તેમને મધ્યમ વર્ગ કેમ ભુલાઈ ગયો હશે, તેનો ખ્યાલ નથી આવી શકતો.

શાસ્ત્રકારો—જૈન શાસ્ત્રકારો એક વાત ભાર દઈને, ફરી ફરીને કહી ગયા છે કે, આપણી દરેક પ્રવૃત્તિ, આપણું કોઈ પણ પ્રકારનું આચરણ દેશ, કાળ, ભાવ અને પરિસ્થિતિને અનુસરીને હોવું જોઈએ. વિચાર કરીએ કે આ ઉત્સવો અને તેની પાછળનું ખર્ચ એ શાસ્ત્રવચનાનુસાર છે? કે પછી આપણને અનુકૂળ આવે તેમાં શાસ્ત્રનો આધાર; અને અનુકૂળ ન આવે ત્યારે શાસ્ત્રો અભરાઈ ઉપર?

સામાન્ય સમજવાળી વ્યક્તિ એટલું કહી શકશે કે રાષ્ટ્ર કટોકટીના કાળપાથી પસાર થઈ રહ્યો છે. અન્નની અછત કયારેય નહોતી તેટલી આજે ઊભી થઈ છે; વસ્ત્રની પણ એટલી જ તંગી છે. મધ્યમ વર્ગ આર્થિક ભીંસમાં પિસાઈ રહ્યો છે. ગરીબોનો બેલી ઈશ્વર જ રહ્યો છે. સાધર્મિક વાત્સલ્યની માત્ર વાતો જ જીભ પર રહી ગઈ છે. આવા કપરા દિવસોમાં આ પ્રકારના હઠારા, વરઘોડા અને ઉત્સવો શોભે ખરા? એનો અર્થ એટલો જ કે, રાષ્ટ્રને સ્વાતંત્ર્ય મળ્યા પછી, સ્વાતંત્ર્ય એ શી ચીજ છે; કેટલી મહામૂલી વસ્તુ છે એ આપણે સમજી જ નથી શકયા. જો સમજ્યા હોઈએ તો આપણા હાથ રાષ્ટ્ર ઘડતરની વિવિધ પ્રવૃત્તિ તરફ વળ્યા હોય.

જૈન સમાજ એ રાષ્ટ્રથી અલગ સમાજ નથી; રાષ્ટ્રનું એક અંગ છે. આપણી સામાજિક કે ધાર્મિક પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ કે જેમાં આપણે વિવેક ચૂકીએ; દેશકાળને ભૂલીએ. જે સમાજ દેશકાળને ભૂલે છે; દેશકાળની પરિસ્થિતિને લક્ષમાં લીધા વગર પોતાની પ્રવૃત્તિ રઢરસ્તે ચાલુ રાખે છે; કહો કે વિવેક ચૂકે છે, એ સમાજ ટકી પણ શકતો નથી. સમાજનું સામર્થ્ય તેના આવા વિવેકમાં જ છે. આપણા વ્રત, ઉત્સવો, નિયમનો એ પ્રકારના હોવા જરૂરી છે જેથી આપણી આત્મિક ઉન્નતિ તો સુનિશ્ચિત થાય; પણ સામાજિક અને રાષ્ટ્રિય નતિની પણ તેમાં સંપૂર્ણતઃ જોગવાઈ હોય.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

---

* "Sunset and Evening Star,
"And one clear call for me!

સૂર્યાસ્ત થયો, શુક્ર ઊગ્યો. કોઈ સ્પષ્ટ સાદ હું સાંભળી રહ્યો છું અને,

And let there be no sadnes of farewall
When I embark;

હું જ્યારે કાળસાગરમાં ઝુકાવું ત્યારે જુદાઈની વેદના કોઈ ન દર્શાવે.

કારણ કે,

"I hope to meet my Pilot face to face,
"When I have crossed the Bar."

સાગરભરતીમાં હું ઝુકાવું ત્યારે જે નાવિકે મારું જીવન-નાવ હંકાર્યું છે એને રૂબરૂ મળવાની મને અભિલાષા છે.

શુક્રવારે બપોરે ત્રણ વાગે એમની તબિયતના ખબર પુંછાવતા તારો આવ્યા છે એવી જાણ થતા એ તારો સાંભળ્યા અને એના જવાબ કેમ લખવા એની સૂચના આપી. આવેલા એક પત્રનો જવાબ પણ લખવા ફરમાવ્યું. ૮-૨૦ મિનિટે, મૃત્યુની પહેલાં દેખાતા કશાં પણ ચિહ્ન વગર પડખું ફેરવ્યું, અને, "સરિતા સિંધુમાં ભળી ગઈ."

ભાવનગરે એમને વિદાયમાન આપ્યું છે એવું માન જાગતી સ્મૃતિમાં કોઈ નથી પામ્યું. એમના શરીરને મળસ્કે ૮ઉનહોલમાં જાહેર દર્શન માટે મૂકવામાં આવ્યું. એક વાગ્યા સુધી ગીતાપાઠ અને ભજનો ચાલ્યાં. સેંકડો સ્ત્રી-પુરૂષો, આબાલવૃદ્ધો દર્શને આવી ગયા. એક વાગે એમનો દેહ મોટરમાં પધરાવવામાં આવ્યો. સાતેક હજાર માણસો સ્મશાનયાત્રામાં જોડાયા. બજારમાં બધે હડતાળ હતી. હજારો આંખોએ આસુંઓ સાથે એ દૃશ્યને નિહાળ્યું. ત્રણસો જેટલી સ્ત્રીઓ તો સ્મશાને આવી અને દહનક્રિયા થઈ ત્યાં સુધી બેઠી. સ્ત્રીઓ સ્મશાને આવે એવો આ પહેલો પ્રસંગ હતો.

અને ઠાકર બાપા સિધાવ્યા. એમના કાર્યની સમીક્ષા કરવા માટે, એમનું વિસ્તૃત જીવન લખવા માટે પુષ્કળ સાહિત્ય હસ્તીનાં છે. એમાંથી જીવનકથા ગૂંથનાર કારીગર સાંપડી આવે તો ગુજરાતને એ આત્મસમર્પણની ભવ્ય કથા અર્પણ થાય.

કપિલ ઠક્કર

---

* Tennyson crossing the Bar;

કેટલાક સમાચાર અને નોંધ

નૈતિક નહોરતા

તા. ૧૯-૧-૫૧ નું હિંદુસ્તાન નીચે મુજબ સમાચાર આપે છે;

"ગૃહપ્રધાન શ્રી. મોરારજી દેસાઇએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે તેમની તપાસમાં એમ જણાયું છે કે શ્રી. પુરૂષોત્તમ ત્રીકમદાસ જે સ્ત્રી સાથે પરણ્યા હોવાનું કહેવાય છે તેની સાથે તેમણે લગ્ન કર્યાં નથી. શ્રી. પુરૂષોત્તમ ત્રીકમદાસે પોતે પણ ગૃહપ્રધાનને જણાવ્યું હતું કે તેમણે એ સ્ત્રી સાથે લગ્ન તો કર્યાં જ નથી."

તા. ૧૫-૮-૫૦ના પ્રબુદ્ધ જૈનમાં "એકની હયાતીમાં અન્યની સાથે શ્રી. પી. ટી. એ માંડેલા પ્રભુતામાં પગલા" એ મથાળા નીચેની નોંધમાં શ્રી. પી. ટી.એ એટલે જાણીતા સમાજવાદી આગેવાન બેરીસ્ટર શ્રી. પુરૂષોત્તમ ત્રીકમદાસે આશરે ૩૫ વર્ષના એક પત્ની સાથેના ગૃહસ્થાશ્રમને ઠોકરે મારીને અન્ય સ્ત્રી સાથે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યાનું અને એ રીતે મુંબઇ પ્રાન્તના બહુપત્નીત્વ-પ્રતિબંધક કાયદાનો ભંગ કર્યાનું વિધાન કરવામાં આવ્યું હતું. ઉપરના સમાચારથી તેઓ પ્રસ્તુત કાયદાના ઉલ્લંઘનના દોષથી મુકત બને છે. આમ છતાં પણ આજનો તેમનો જીવનવ્યવહાર જે પ્રકારનો ચાલી રહ્યો છે તે ધ્યાનમાં લેતાં નૈતિક સદોષતાથી તેઓ કોઇ પણ રીતે મુકત બની શકતા નથી. આજે તેમનાં પરિણીત પત્નીને ફરજિયાત જુદા રહેવાની પરિસ્થિતિ સ્વીકારવી પડી છે અને જે સ્ત્રી સાથે તેઓ પરણ્યા હોવાની માન્યતા આજ સુધી પ્રવર્તમાન હતી તે સ્ત્રી સાથે લગ્નની ઔપચારિક વિધિની ભાંજગડમાં ઊતર્યા સિવાય તેઓ સહજીવન ગાળી રહ્યા છે. આવું સહજીવન ચિરકાળ-સ્વીકૃત નીતિના ધોરણથી કેટલું વેગળું છે તેનું વિશેષ પૃથક્કરણ અનાવશ્યક છે.

માનવીસમાજમાં આવું સહજીવન અને આવો જીવનવ્યવહાર કોઇ નવી વાત નથી. અનેક રાજામહારાજાઓ તેમ જ શ્રીમાનોના જીવન સાથે આવી સ્વચ્છંદતા જોડાયલી આપણે કંઇ કાળથી સાંભળતા આવ્યા છીએ. આવી બાબતમાં કાયદો અસહાય બને છે. ફરક માત્ર એટલો જ પડયો છે કે ભૂતકાળમાં આ પ્રકારના વ્યવહાર વિષે શરમ હતી; આજે આ બાબતની શરમ ઊડતી જાય છે; એ જ માણસ આજે સમાજનો આગેવાન થઇને ફરી શકે છે; ધારાસભામાં જનતાના પ્રતિનિધિ તરીકે બેસી શકે છે; પોતાના જીવનમાં અક્ષમ્ય એવા નિતાન્ત અન્યાયને સંગ્રહીને સરકારી અદાલતોમાં અન્ય દલિત, ત્રસ્ત, તેમ જ પીડિત લોકોને ન્યાય અપાવવાનો વ્યવસાય ચલાવી શકે છે. ૪૦૦૦ સૈનિકોના સેનાપતિ બનીને નેપાળના પ્રજાનો ઉધ્ધાર કરવાનો મનોરથ સેવી શકે છે.

આ ઘટના વર્તમાન યુગના ચોક્કસ સ્વરૂપની દ્યોતક છે. દારૂ ન પીવાય, જુગાર ન રમાય, પરસ્ત્રીગમન ન કરાય, આવા ખ્યાલો કંઇ કાળથી આપણી સંસ્કૃતિના પાયામાં રોપાયલા છે. આમ હોવા છતા આપણા દેશમાં કોઇ કાંદ દારૂ નહોતું પીતું, ઘતસેવન નહોતું કરતું કે પરસ્ત્રીવ્યવહાર નહોતું કરતું એવો દાવો આપણે કરી શકીએ તેમ નથી. આમ છતાં પણ આ બાબત ખોટી છે; અનુચિત છે, ધર્મવિરૂદ્ધ છે એવું સામાજિક વલણ સુપ્રતિષ્ઠિત હોઇને આવું જે કાંઇ ચાલતું તે બહુ થોડા પ્રમાણમાં, છુપું છુપું બંધબારણે ચાલતું. આમ કરનાર શિષ્ટ સમાજમાં શરમાતો અને મોં ઢાંકીને ચલતો. પરિણામે જનતાનો મોટો વર્ગ આવાં દૂષણોનો ભોગ બનવામાંથી બચી જતો અને શિષ્ટ લેખાતા વર્ગની નૈતિક ભૂમિકા સદા સુરક્ષિત રહેતી. આહીં જાણે કે ચિરકાળથી ચાલ્યા આવતા નૈતિક મૂલ્યો પાયામાંથી બદલાઇ ન રહ્યા હોય તેમ ઉપલા થરનો વર્ગ તો આ ત્યાજ્ય લેખાતી બાબતો તરફ ધસડાઇ રહ્યો છે. સરકારી કાયદો આજે અનેક લોકોને દારૂ પીતા અટકાવે છે, પણ એ બાબતની શરમ તો ઉજળા વર્ગમાંથી એકદમ લુપ્ત થઇ રહી હતી. એવી જ રીતે ઘોડદોડનો જુગાર પણ આજે છડેચોક ચાલે જ છે અને તેમાં અનેક ઉજળાં નરનારીઓ રસપૂર્વક અને અભિમાનપૂર્વક ભાગ લેતાં હોય છે. વળી અનેક ક્લબોમાં તેમ જ બાનગી ધોરણે ગંજીપા મારફત જુગાર સારી રીતે પ્રવેશ પામી ચૂક્યો છે. એવી જ રીતે સ્ત્રી પુરૂષ સંબંધમાં પણ શિષ્ટ માનવીનું ચિત્ત આજે સ્વચ્છંદપણે કામ કરી રહ્યું છે. પોતાની સ્ત્રી કે અન્ય સ્ત્રી સાથે કેમ રહેવું, કેમ વર્તવું એ દરેકનો અંગત સવાલ છે. આમાં કોઇએ પણ શા માટે માથું મારવું જોઇએ? આણે પોતાની સ્ત્રીને કારણ વિના કાઢી મૂકી, તેણે બારકી સ્ત્રીને ઘરમાં લાવીને બેસાડી, પેલો કોઇ સ્ત્રીને લઇને ભાગી ગયો-આવા સમાચારના પ્રત્યાઘાતરૂપે "એમાં શું?" એવો ટુંકો જવાબ ઉછરતી પ્રજાના મોઢામાંથી નીકળતો અવારનવાર સાંભળવામાં આવે છે. આવો ટુંકો જવાબ આજે પ્રવર્તતી અને વ્યાપક બનતી જતી નૈતિક નહોરતાનું આપણને ભાન કરાવે છે અને અચકાવે છે. પ્રસ્તુત ઘટનામા વિશેષ દુઃખદ તો એ છે કે પુરૂષના નામ સાથે તો સ્વચ્છંદતું કલંક કંઇ કાળથી જોડાયલું છે જ પણ જેને આપણે એક કેળવણી બહેન તરીકે ઓળખી શકીએ, અને જે આજે પણ પીપલ્સ મોબાઇલ હોસ્પીટલની મુખ્ય સંચાલિકાની જવાબદારી સંભાળી રહેલ છે તે બહેન પણ મુંબઇના ગૃહસચિવ શ્રી મોરારજીભાઇના શબ્દોદ્વારા જે સ્થિતિ સૂચિત થાય છે તેવી સ્થિતિ સ્વીકારવાને તૈયાર થાય છે. કાયદાની ચુંગાલમાંથી શ્રી પુરૂષોત્તમ ત્રીકમદાસ ભલે બચતા હોય, પણ જ્યાં સુધી આપણા સમાજે કંઇ કાળથી ચાલ્યા આવતા નૈતિક મૂલ્યોનો ત્યાગ કર્યો નથી ત્યાં સુધી શ્રી પુરૂષોત્તમ ત્રીકમદાસે સ્વીકારેલો જીવનવ્યવહાર અક્ષમ્ય લેખાવાનો જ છે. શ્રી પુરૂષોત્તમ ત્રીકમદાસ આ રીતે નૈતિક નહોરતાનો એક એવો નમુનો રજુ કરે છે કે જે સમાજના હિતચિન્તકોએ વખતસર ધ્યાનમાં લેવાની અને તેને લાલબત્તી સમાન લેખી નતિક અધોગતિ તરફ ધસડાઇ રહેલી પ્રજાને ઉગારવાના ઉપાયો પુરી ગંભીરતાથી ચિન્તવવાની અને એ રીતે સમાજની નૈતિક દૃષ્ટિએ ઉત્તરોત્તર વણસતી જતી સ્થિતિ અટકાવવાની ખાસ જરૂર છે. **પરમાનંદ**

સેવામૂર્તિ ઠક્કરબાપા

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૩૦-૧-૫૧ ના રોજ મળેલી સભાએ પૂજ્ય ઠક્કરબાપાના અવસાન સંબંધે નીચે મુજબ ઠરાવ કર્યો હતો:—

"સેવામૂર્તિ ઠક્કરબાપાના તા. ૧૯-૧-૫૧ શુક્રવારના રોજ ભાવનગર ખાતે નીપજેલ અવસાન પરત્વે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યંત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે. દેશભરના દલિતજનોના ઉદ્ધાર પાછળ તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પણ કર્યું હતું અને એ દિશાએ ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં તેમણે અનેકવિધ સેવાઓ આપી હતી. અસ્પૃશ્યતાનિવારણના ભગીરથ કાર્યમાં પણ તેમણે મહાત્મા ગાંધીજીના સાથી તરીકે અતિ મહત્વનો ફાળો આપ્યો હતો. નમ્રતા, સાદાઇ તથા ઉચ્ચ કોટિના શીલવડે તેમના જીવનમાં અનુપમ સુવાસ ભરી હતી. પછાત વર્ગના જીવનમાં પ્રકાશ પાથરવો, અને તેમના જીવન ધોરણને ઊંચી કક્ષાએ ઉપર લાવવું એ તેમના દિલની તમન્ના હતી, સેવાવ્રતનું તેમણે જીવનની છેલ્લી ઘડી સુધી અનુપાલન કર્યું હતું. જેમ ગાંધીજીની જીવનકથા એટલે હિંદની આઝાદીની ઇતિહાસકથા એવી જ રીતે ઠક્કરબાપાની જીવનકથા એટલે દલિતોધ્ધારની ઇતિહાસકથા. આવું અખંડ સેવાપૂર્ણ તપોમય ચિરઆયુષ્ય ભોગવીને તેઓ આપણી વચ્ચેથી વિદાય થયા છે. વિશેષમાં સેવાના આદર્શને અમલી સ્વરૂપ આપવામાં અજોડ કુશળતા દાખવીને આપણા માટે તેઓ બહુ કિંમતી વારસો મૂકી ગયા છે. તેમના પુણ્યાત્માને શાશ્વત શાન્તિ મળો અને તેમનાં સ્મરણોમાંથી આપણને અનેક પ્રેરણાઓ મળી રહો એ જ પ્રાર્થના."

ભગવાન મહાવીરની જન્મભૂમિ વૈશાલી

['પંડિતશ્રી રાહુલ સાંકૃત્યાયનના નામથી ભારતવર્ષ હવે અપરિચિત નથી જ. ભગવાન મહાવીરનાં જન્મ અને નિર્વાણસ્થાન સંબંધમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદ્વાનો શંકા ઉપસ્થિત કરી રહ્યા છે, તે વખતે તેમનો આ લેખ જૈન સમાજને પોતાનાં આ પવિત્ર પ્રાચીન સ્થળો વિષે સંશોધન કરાવવાની જરૂરિયાત ઊભી કરે છે. 'ज्ञातृपुत्र महावीर के जन्मभूमि वैशाली' શિર્ષક તેમનો આ લેખ શ્રી મહાવીર સ્મૃતિગ્રંથમાં પ્રકટ થયો હતો. તેનો શ્રી કમળાબહેન રતનચંદ સુતરિયાએ કરેલો અનુવાદ નીચે આપ્યો છે. —તંત્રી]

ઇસ્વીસન પૂર્વે પાંચ–છ સદી પહેલાં વૈશાલીનું ગણરાજ્ય બહુ જ શક્તિશાળી રાષ્ટ્ર હતું. તે ઉત્તર ભારતના મગધ, કૌશલ વત્સ અને અવન્તીનાં વિશાળ રાજ્યોની સરખામણીમાં ઊભું રહે તેવું હતું. એક સમય એવો આવ્યો કે, રાજતંત્રની સત્તા સામે પ્રજાતંત્રોનો નાશ થયો; જોકે આ નાશ થવામાં વર્ષોનાં વર્ષો લાગ્યાં; અને ભારતનું છેલ્લું ગણતંત્ર યૌધેય ઇસ્વીસનની ચોથી શતાબ્દિના અંતમાં લુપ્ત થયું. પોતાના સમયમાં વૈશાલીના ગણતંત્રનું જે ઉચ્ચ સ્થાન હતું, તેવું જ ઉચ્ચ સ્થાન પોતાના અસ્તિત્વની છેલ્લી ત્રણ શતાબ્દિઓમાં યૌધેય ગણરાજ્યનું હતું. ગુપ્તોએ યૌધેય ગણરાજ્યનો નાશ કર્યો આથી ત્યાંના રહીશો –અગ્રેય, ઓમ, ખંડિલ વગેરે તે સ્થળેથી નીકળી જ્યાં ત્યાં વેરવિખેર થયા; અને અગ્રવાલ, ખંડેલવાલ, ઓસવાલ, બર્નવાલ, રોહતગી (રસ્તોગી) વગેરે અટકોથી જાણીતા થયા. આજ પણ યૌધેય (હરિયાન)ની ભૂમિથી નીકળેલી આ જાતિઓમાં જ્ઞાતપુત્ર મહાવીરનાં ઉપદેશનું આચરણ નજરે પડે છે. મહાવીર એક બળવાન જનસત્તાક ગણમાં જન્મ્યા અને તેમણે ઉપદેશેલો ધર્મ બીજા ગણસમૂહદ્વારા સંરક્ષાયો. સોળ સોળ શતાબ્દિઓ સુધી નિરંકુશ સ્વદેશી–વિદેશી રાજાઓની સત્તા નીચે દબાતું–પિસાતું ભારત આજે ફરી એક વિશાળ પ્રજાતંત્રના રૂપમાં પરિણમી રહ્યું છે, એ ગણતંત્રના અનુયાયી બાદ્ધો અને જૈનોને માટે ગૌરવ લેવા જેવી વાત છે.

બુદ્ધ અને મહાવીર જે સ્થળે જન્મ્યાં તે રાજતંત્ર નહિ, પણ પ્રજાતંત્ર હતાં, એ કોઈ આકસ્મિક વાત નથી. બુદ્ધ શાક્યોના પ્રજાતંત્રમાં જન્મ્યા, તો મહાવીર વૈશાલીના લિચ્છવીઓના પ્રજાતંત્રમાં; પરંતુ એ કેટલી આશ્ચર્યની વાત છે કે, મહાવીરના અનુયાયીઓ મહાવીરની જન્મભૂમિને જ આજે ભૂલી ગયા છે; અને એ સ્થળને લિછુવાર (મુંગેર જિલ્લા)માં લઇ ગયા છે. લિછુવાર અંગદેશમાં આવ્યું પણ જૈન ગ્રંથો અનુસાર મહાવીરને વૈશાલીના કહેવામાં આવ્યા. 'विदेह जच्चे विदेह सुदमाले' નું વાક્ય બતાવે છે કે, મહાવીરનો જન્મ વિદેહ દેશમાં થયો હતો. કોસલ અને શાક્ય પ્રદેશ વચ્ચે જેવો ગાઢો સંબંધ હતો તેવો જ ગાઢો સંબંધ વિદેહ અને વૃજિ (વૈશાલીનો પ્રદેશ) વચ્ચે હતો. એકવાર કોસલરાજ પ્રસેનજિતે બુદ્ધને કહ્યું હતું કે, "ભગવાન કોસલવાસી છે: હું પણ કોસલવાસી" વસ્તુતઃ ગંગા–ગંડકી (તે વખતે મહી) કોસી અને હિમાલયની વચ્ચેનો સુંદર સમતલ પ્રદેશ વિદેહના નામે ઓળખાતો હતો. ભાષાની દૃષ્ટએ એક હોવા છતાં કોઈ રાજનૈતિક કારણે તે લઇ, આ ભૂમિનો તે ભાગ –જે આજે મુંગેર અને ભાગલપુર જિલ્લાના ગંગાના ઉત્તર પ્રદેશમાં કંઈક અંશે પરિણમી ગયા છે તે અંગુત્તરાય તરીકે ઓળખાતો હતો. આ જ પ્રદેશ ગુપ્તકાળમાં તીર ભુક્તિ તરીકે જાણીતો હતો; જેનું અપભ્રંશ આજનો તિરહુત શબ્દ છે. વિદેહની રાજધાની મિથિલાનગરી હતી. કાશી હતું દેશનું નામ, પરંતુ પાછળથી તેની રાજધાની બરાણસી (બરાણસ, બનારસ)નું પર્યાયવાચક બની ગયું. એ જ વાત વિદેહના સંબંધમાં ઊલટી રીતે બની. તેની રાજધાની મિથિલાના નામથી આખો દેશ ઓળખાવા શરૂ થયો. આ વિશાળ વિદેહ ભૂમિનો પશ્ચિમ ભાગ તે લિચ્છવી ગણનો વૃજિ દેશ, અને તેની રાજધાની હતી વૈશાલી. આ પ્રમાણે જ્ઞાતૃપુત્ર મહાવીર 'વૈશાલિક' હતા; 'વૈદેહિક' પણ હતા.

ભગવન મહાવીરને જ્ઞાતૃપુત્ર અથવા જ્ઞાતૃસં।। કહેવામાં આવે છે. પાલીમાં જ્ઞાતૃનું રૂપ 'નાત' થઇ ગયું છે. નાતિકા (જ્ઞાતૃકા) નામનું એક મોટું નગર વૈશાલીના પ્રજાતંત્રમાં હતું. વૈશાલી (બસાઢ) અને તેની આસપાસ અત્યારે પણ એક પ્રભાવશાળી જાતિ રહે છે; અને તે જથરિયા તરીકે ઓળખાય છે. આ ભૂમિહાર અથવા પશ્ચિમા જાતિ બ્રાહ્મણ જાતિની એક શાખા છે. છપરા, ગોરખપુર, બલિયા વગેરે જિલ્લાઓમાં ભૂમિહાર જાતિ માટે બ્રાહ્મણ શબ્દનો પ્રયોગ ભાગ્યે જ થાય છે; તો દરભંગા, ભાગલપુર વગેરેના મૈથિલ બ્રાહ્મણો ભૂમિહાર બ્રાહ્મણોને પશ્ચિમા બ્રાહ્મણ કહે છે, એટલું જ નહિ પરંતુ તેની સાથે રોટીબેટી વ્યવહારના સેંકડો ઉદાહરણ પણ મળી શકે છે. જથરિયા શબ્દ 'જ્ઞાતૃ'માંથી અપભ્રંશ થઇને બન્યો છે. 'જ્ઞાતૃ'માંથી 'જ્ઞાતર–જ્ઞતર–જ્ઞતરિયા–જથરિયા.' આજના જથરિયા ભૂમિહાર હોવાને કારણે બ્રાહ્મણ હોવાનો દાવો કરે છે, પરંતુ વસ્તુતઃ તેઓ પ્રાચીન જ્ઞાતૃ ક્ષત્રિય હતા. તેમના ધ્યાનમાં એ નથી આવતું કે એક એવો સમય પણ હતો કે જ્યારે આર્યોમાં બ્રાહ્મણ–ક્ષત્રિયના ભેદ ન હતા. એક જ પિતાના બે પુત્રોમાં એક રાષ્ટ્રરક્ષક ખડ્ગધારી ક્ષત્રિય હતો; બીજો દેવની અર્ચના કરનાર બ્રાહ્મણ. ઇસ્વીસન પૂર્વે પંદરમી સદીમાં કુરુ–પાંચાલની ભૂમિમાં બ્રાહ્મણ–ક્ષત્રિય ભેદનું બીજારોપણ થયું. આ બન્ને જનપદો હતાં, અને તેણે જ સાથી પહેલાં રાજતંત્રનો સ્વીકાર કર્યો. પ્રજાતંત્રોએ ઘણાં વર્ષો સુધી આ ભેદોનો સ્વીકાર ન કર્યો; ન બ્રાહ્મણોની પ્રધાનતા સ્વીકારી કે ન તો તેમની જાતિશ્રેષ્ઠતા. જ્ઞાતૃઓ આ પ્રકારના પ્રજાતંત્રીય આર્ય હતા. આયુધજીવી આર્ય હોવાને કારણે તેઓ પોતાને ક્ષત્રિય તરીકે પણ ઓળખાવવા લાગ્યા પરંતુ તેઓ વસ્તુતઃ એ આર્યોનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા, જેમાં બ્રાહ્મણ ક્ષત્રિયના ભેદ હજુ પડ્યા નહોતા. આથી 'જથરિયાને' 'જ્ઞાતૃ' તરીકે ઓળખાવાથી કોઈ નુકસાન થવાનો સંભવ નથી. વળી પ્રજાતંત્રીય ભારતમાં તો હવે એ ભય બિનજરૂરી પણ છે; કારણકે હવે સૌને એ સત્યનો ખ્યાલ છે કે ભવિષ્યમાં રોટીબેટીનો વ્યવહાર એક જ થઇ જવાનો છે.

જથરિયા જુવાનોમાં હવે કેટલાક પોતાને ભગવાન મહાવીરના વંશજ તરીકે ઓળખાવે છે; પરંતુ જૈનો હજુ પણ એ માનવાને તૈયાર નથી કે વૈશાલી (બસાઢ)જ નગરી હતી જેના ઉપનગર કુંડગ્રામમાં વર્ધમાને જન્મ લીધો હતો; જેણે માનવીની દુર્વૃત્તિઓ પર જય મેળવીને, 'જિન' બનીને પોતાની અપ્રતિમ વીરતાને કારણે મહાવીર નામ મેળવી પ્રસિદ્ધિ મેળવી હતી. એ ભારે આશ્ચર્યની વાત છે કે જૈન પરંપરા ભગવાન મહાવીરના નિર્વાણસ્થાન અને જન્મસ્થાન–બન્નેને ભૂલી તેની જગાએ નવાં સ્થળોનો સ્વીકાર કરે છે. કુંડગ્રામને વૈશાલી અને વિદેહથી દૂર લઇ જઇ 'અંગ' (બિહુઆર)માં અને નિર્વાણસ્થાન મલ્લોની પાવા (જે 'પડરૌના'ની પાસે 'પપૌર' હોવાનો સંભવ છે) થી દૂર લઇ જઇ મગધના અત્યારનાં સ્થાનં પાવાપુરીમાં લઇ જવામાં આવી છે.

વૈશાલીના રહીશો જાગૃત થયા છે. ભારતીય પ્રજાતંત્રમાં, પોતાના સમયના અત્યંત બળશાળી વૈશાલી પ્રજાતંત્રનો ઐતિહાસિક ગૌરવને ફરીથી સજીવ કરવા માટે તે પ્રયત્ન કરી રહેલ છે. પાંચ વર્ષથી ત્યાં મહાવીર–જયંતીનો મેળો ભરાવો શરૂ થયો છે; અને ચૈત્ર સુદ તેરસના રોજ હજારો સ્ત્રી–પુરુષો ત્યાં એકત્ર થઇ પોતાના ઉજ્જ્વળ ઇતિહાસને શ્રદ્ધાપૂર્વક અંજલિ અર્પે છે. ભારતના પ્રજાતંત્રોમાં વૈશાલીનું એક પ્રજાતંત્ર હતું. તેની શાસનવ્યવસ્થા અને પાર્લામેન્ટરી કાર્યવહીની ઇતિહાસ શાખ પૂરે છે. બુદ્ધ આ શાસનપ્રણાલિથી એટલા પ્રભાવિત થયા હતા કે, તેમણે પોતાના સંઘના નિયમો તૈયાર કરવામાં વૈશાલીના વ્યવસ્થાનો આધાર લીધો હતો.

જે પ્રમાણે બુદ્ધની જન્મભૂમિ લુમ્બિનીને કોઇ આજ સુધી ભૂલી નથી શક્યું તે જ પ્રમાણે જૈનોએ મહાવીરની જન્મભૂમિ વૈશાલીને ભૂલી જવી જોઇએ નહિ.

ગાંધીજીનો જમણો હાથ

[રાષ્ટ્રમાન્ય સરદારશ્રી વલ્લભભાઈ પટેલને પરદેશીઓ કઈ ખ્યાલ અમેરિકાથી પ્રસિદ્ધ થતા 'Time' સાપ્તાહિકના એક લેખ 'Rising Flames' પરથી આવી શકે તેમ છે. સરદારશ્રી આપણા માન્ય પુરૂષ હતા, એટલે આપણામાં એ દૃષ્ટિ ન ; પણ હોય. થોડા શબ્દોમાં આ લેખમાં સરદારશ્રીનું વ્યક્તિત્વ કેટલી સરસ રીતે ઉપસી આવે છે ? —તંત્રી]

સૌથી પહેલાં બ્રહ્મણ સાધુઓએ મૃત માનવીના શરીરને પવિત્ર ગંગાજળથી સ્નાન કરાવ્યું; તેના બે હોઠની વચ્ચે તાજું તુલસીનું પાન મૂક્યું; કપાળમાં સુખડની પીળ કરીને કંકુથી તિલક કર્યું. ત્યારબાદ, મોડેથી બપોરે, આ મૃતદેહને સૈનિકો, નાવિકો અને હવાઈદળના સૈનિકોથી ખેંચાતી રણગાડી પર મૂકી મુંબઇના રસ્તાઓ પરથી લઇ જવામાં આવ્યો. વિશાળ સમુદાયે તેને અંતિમ માન આપ્યું અને વિમાનોએ સરઘસ પર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. છેવટે સ્મશાનગૃહમાં, આ મૃત વ્યક્તિના પુત્રે આ મૃતદેહ પર ઘીની અર્ચના કરીને ચિતા પ્રકટાવી. પ્રકટીને ઊંચે જતી જ્વાળાઓ નીરખી નીરખી જવાહરલાલ નેહરૂએ ડૂસકાં ભર્યાં. લાંબા સમયથી અસ્વસ્થ, પંચોત્તર વર્ષની વયના હિંદના ઉપપ્રધાન સરદાર વલ્લભાઇ પટેલને હૃદયનો હુમલો થયાને માત્ર દસ જ કલાક થયા હશે ત્યાં માત્ર દશ કલાકમાં જ હૃદયના હુમલાએ મૃત્યુની મોડમાં લઇ લીધા.

ઉતાવળ થઇ (હિંદુ રીતરિવાજ પ્રમાણે ઉતાવળ થવી જ જોઇએ) છતાં મુંબઇમાંની આ સ્મશાનયાત્રા જેના પર સારાય હિંદની દૃષ્ટિ ઠરી હતી, તે એક રાજવીને શોભે તેવી હતી—જેણે કડક અને મજબૂત સરદાર પટેલને પણ ખૂબ આનંદ આપ્યો હોત. ખેડુપુત્ર સરદાર પટેલ-લંડનમાં બૅરિસ્ટર થવાનું પોતાનું સ્વપ્ન પાંત્રીસ વર્ષની ઉમરે સિદ્ધ કરી શકયા હતા. જોકે તેમણે અજેય ફોજદારી વકીલ તરીકે તરત જ નામના મેળવી લીધી હતી, પણ ૧૯૧૬ માં ગાંધીજીની ચળવળમાં જોડાયા પછી જ તેમને પોતાની સાચી શકિતનો પરિચય થયો—અને તે રાજકારણ.

ગાંધીજીના જમણા હાથ તરીકે કાર્ય કરીને—કેટલાક હિંદીઓ તેને માટે સારો શબ્દ 'મુકકી' પણ મૂકે છે—સરદારે બ્રિટિશો સામેની નાકરની—સત્યાગ્રહની ચળવળમાં પોતાની શકિત દર્શાવી, અને તે દ્વારા 'સરદાર'ની બિનસરકારી ઉપાધિ મેળવી. 'સરદાર' એટલે કપ્તાન અથવા નેતા. સરદારના લોખંડી મનોબળે અને રાજકીય આકાંક્ષાઓએ અરજીઓ લડનારી હિંદી રાષ્ટ્રીય મહાસભાને ચેતનવંતી સંસ્થા બનાવી. આ જ સરદારે બ્રિટિશ રાજકાળના અંત પહેલા અગિયારમાંથી આઠ પ્રાંતનો વહીવટ પણ સંભાળ્યો હતો.

હિંદુસ્તાન આઝાદ થયું અને ગાંધીજી અવસાન પામ્યા; ત્યારબાદ પટેલ અને નેહરૂએ સર્વોચ્ચ સત્તાની જવાબદારી લીધી. નેહરૂએ વ્યાખ્યાનો આપ્યાં અને હિંદની પરદેશનીતિ સંભાળી. સરદારે રાષ્ટ્રની આંતરસ્થિતિને આકાર આપ્યો. ગૃહમંત્રી તરીકે તેમણે સામ્યવાદીઓના ત્રાસને અને 'વ્યવસ્થિત' પણ પરેશાની ઊભી કરતી મજૂર સંસ્થાઓને દાબી દેવા પોલીસબળ વાપર્યું. રિયાસત ખાતાના પ્રધાન તરીકે, લગભગ પાંચસો પચાસ જેટલા જમીનદારો જેવા રાજાઓને નમાવ્યા. (છન્નુ કલાકના એક પવન-પ્રવાસમાં તેમણે ચોવીસ જેટલા રાજાઓના હાથમાંથી રાજકીય સત્તા લઇ લીધી અને એ રીતે એંશી લાખ જેટલી પ્રજા અને છપ્પન હજાર જેટલા ચોરસ માઇલનું ક્ષેત્રફળ હિંદ સાથે જોડી દીધાં.) હિંદના ઉદ્યોગપતિઓમાંના પોતાના કેટલાક મિત્રોની સાથે રહી, નેહરૂની સમાજવાદી વલણોને અનુરૂપ થાય એ રીતે સરદારે કુશળતાથી કાર્ય કર્યું.

વ્યક્તિત્વમાં અને રાજકીય વિચારસરણીમાં તદ્દન નિરનિરાળા હોવા છતાં, નેહરૂ અને પટેલે ગયા સપ્ટેમ્બર મહિના સુધી એકબીજા સાથે હળીમળીને સરળતાથી કાર્ય કર્યું. ત્યારબાદ પાકિસ્તાન પ્રત્યેની ચોકકસ પ્રકારની નીતિ સંબંધમાં અને હિંદની મુસ્લિમ લઘુમતી સંબંધીમાં,—જેમાં સરદારના વિચારો બહુ જ કડક હતા—મહાસભા પક્ષમાં સત્તા જમાવવા માટે ખુલ્લી રીતે વિખવાદ થયો. સરદારને પહેલા જ દાવમાં વિજય મળ્યો; પણ અંતે, પરસ્પરના અવલંબનને કારણે સરદાર અને નેહરૂના ઝઘડાનું સંધાણ થયું.

ગયા સપ્તાહમાં, હિંદીઓ વિચારમાં પડી ગયા હતા કે, ટોળાઓમાં ઘૂમનાર નેહરૂ, પોતાના વિરોધી અને ભાગીદાર વ્યવસ્થાપક સરદાર સિવાય હિંદમાં શાંતિ અને ઐકય જાળવી શકશે કે?

અનુવાદક : **ધીરજલાલ ધનજીભાઇ શાહ**

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૦ થી ચાલુ)

પબ્લિક ટ્રસ્ટસ એડમિનિસ્ટ્રેશન ફંડ

કાયદામાં સૂચવ્યા પ્રમાણે પબ્લિક ટ્રસ્ટસ એડમિનિસ્ટ્રેશન ફંડ ઊભું કરવામાં આવશે. આની અંદર કલમ-૧૮ અને ૪૮માં જણાવ્યા પ્રમાણેની ફી તેમ જ એડમિનિસ્ટ્રેટિવ ચાર્જીઝની રકમ, કલમ ૫૮ અનુસારની ફાળાની રકમ, કલમ ૬૧માં ઠરાવ્યા પ્રમાણે દંડની કુલ યા થોડીક રકમ, કોઇ ખાનગી વ્યક્તિ પાસેથી મળેલી રકમ; તેમ જ સ્ટેટ ગવર્નમેંટ યા લોકલ ઓથોરિટી તરફથી આપવામાં આવેલી રકમ; અગર તો આ કાયદાની કલમમાં જણાવ્યા અનુસારની કોઇ પણ રકમ તેમાં જમા કરવામાં આવશે.

એસેસરો

ડેપ્યુટી યા એસિસ્ટન્ટ ચેરિટી કમિશ્નર એસેસરોનું લિસ્ટ તૈયાર કરશે અને નીચે જણાવેલ પ્રકારના કેસો ચલાવતી વખતે એસેસરોને બોલાવી તેમની મદદ અને સલાહ લેશે;

૧. કલમ ૧૯ અનુસાર પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટર કરવા અંગેની તપાસ તેમ જ કલમ ૨૨ અનુસાર થતા કોઇ પણ ફેરફાર અંગેની તપાસ,

૨. કલમ ૨૮ મુજબ જૂનાં ટ્રસ્ટો અગાઉ રજિસ્ટર્ડ થયાં હશે તેની તપાસ,

૩. કલમ ૪૦ મુજબ પબ્લિક ટ્રસ્ટને નુકસાન થયું હશે તેની તપાસ, અને

૪. કાયદાના નિયમાનુસાર તેમ જ હુકમ મુજબ કરવાની કોઇ પણ તપાસ.

ગુનાઓ અને દંડ

કાયદાની કલમ ૬૬ માં જણાવ્યા પ્રમાણે નીચે મુજબ દંડની શિક્ષાઓ ફરમાવવામાં આવી છે. આમાં કેદની શિક્ષા કોઈ ઠેકાણે ઠરાવેલી નથી એ ખાસ ધ્યાનમાં રાખવા જેવી હકીકત છે.

કલમ	વિષય
૧૮	ઠરાવેલી મુદતમાં ટ્રસ્ટ રજિસ્ટર ન કરાવે તો.
૨૨	ટ્રસ્ટમાં થયેલા ફેરફારો જણાવવાની ભૂલ માટે.
૨૭	ટ્રસ્ટીઓ સહીસિક્કા કરાવવાનું ચૂકે તો.
૩૨	નિયમિત હિસાબો રાખવાનું ચૂકે તો.
૩૫	પબ્લિક સિકયોરીટીઝમાં નાણાં રોકવાનું ચૂકે તો.
૫૯	પબ્લિક એડમિનિસ્ટ્રેશન ફંડમાં વાર્ષિક ફાળો ભરવાનું ચૂકે તો.

ઉપર દર્શાવેલ ગુનાઓ માટે રૂા. ૧૦૦૦) સુધી દંડ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

કલમ ૬૩ માં જણાવ્યા પ્રમાણે એસેસરો હાજર રહેવાનું ચૂકે તો યા આ સિવાય બીજી કોઇ પણ કલમનું ઉલ્લંઘન કરે તો તેને રૂા. ૫૦૦ સુધીની દંડની શિક્ષા ઠરાવવામાં આવી છે.

અંતમાં ડેપ્યુટી અથવા એસિસ્ટંટ અને ચેરિટી કમિશ્નરના હુકમો અંગે બોમ્બે રેવન્યુ ટ્રિબ્યુનલને અરજી કરવા જણાવવામાં આવ્યું છે. બોમ્બે રેવન્યુ ટ્રિબ્યુનલનો ચુકાદો છેવટનો ગણાશે.

નટવરલાલ એસ. શાહ
માણેકલાલ ટી. ચોકસી

'વ્યાપાર'માંથી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. માણેકલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨૦

મુંબઈ : ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૧ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

કાળાં બજારનું નિવારણ

અંકુશોની ચાલુ પદ્ધતિના દોષો અને તેમાંથી ઉત્પન્ન થતાં કાળાં બજાર તરફ હરિજનબંધુમાં વારંવાર ધ્યાન ખેંચવામાં આવે છે, અને તેના સબળ પુરાવા પણ અપાયા કરે છે. એક બાજુથી લોકોની સામે આ પુરાવા હું રજૂ કરતો રહું છું, અને બીજી બાજુથી હું એ શોધવા પણ પ્રયત્ન કરું છું કે કોઇ એવી પદ્ધતિ મળી જાય કે જેથી ગરજવાન ગરીબ લોકોને અંકુશો જે ફાયદા આપવાનો દાવો કરે છે તે મળી જાય અને તે સાથે ચોર બજાર અને તેની સાથે આવતી નૈતિક અધોગતિથી પણ બચી જવાય. નીચે લખેલી રીત અગર જો અમલમાં લાવી શકાય તો મને લાગે છે કે આ બધી ખરાબીઓમાંથી બચી જવાય.

જે વસ્તુ પર અંકુશ આવે છે તે વસ્તુનો પૂરેપૂરો જથ્થો સરકાર પોતાના કબજામાં લઇ લે છે એમ તો બનતું નથી. કદીક કોઇક વસ્તુનો કબજો લે છે ત્યારે પણ તે ફક્ત તેના એક નાનકડા ભાગનો જ. તેનો ઘણો મોટો ભાગ તો બહાર જ રહી જાય છે. રેશનની દુકાનોવાળા અને લાઇસન્સ (સરકારી પરવાના) ધરાવનારા વેપારીઓ નિયંત્રિત ભાવથી મર્યાદિત માપમાં એ થોડા ભાગની જ વહેંચણી કરે છે. આ માપ કાઢવાળાની જરૂરિયાત કરતાં ઓછું હોય છે. તેને લીધે તે પોતાની બાકીની જરૂરિયાત બીજા સ્વતંત્ર વેપારીઓ પાસેથી તે જે માગે તે ભાવે ખરીદી પૂરી કરે છે આ બીજા પ્રકારના ખરીદ વેચાણને જ આપણે ચોર બજાર કહીએ છીએ અને તેમ કરવું ગુનો ગણીએ છીએ. અંકુશોના દોષો અને બદનામી આને લીધે જ થાય છે.

રેશનની દુકાનેથી તેમ જ લાઇસન્સ ધરાવનારા વેપારીઓ તરફથી બાંધેલા ભાવે, જરૂરી વસ્તુઓ આપવાનું ચાલુ રહે, એ ગરજવાન ગરીબ લોકોની સગવડ માટે જરૂરી છે. પણ આ સગવડ સારી સ્થિતિના લોકોને આપવાની જરૂર નથી, ન આપવી જોઇએ. ગરીબોને પૂરી પાડવા માટે સરકારને એ અધિકાર હોવો જોઇએ કે તે આ વસ્તુઓ પોતાની જરૂરિયાત પ્રમાણે વાજબી પણ ઓછામાં ઓછા ભાવે ખરીદી શકે. આ ભાવને આપણે 'સરકારી ખરીદ-ભાવ' કહી શકીએ. આ ભાવથી જો તે વસ્તુના ઉત્પાદક અને માલિકને પૂરો સંતોષ ન થાય તો તેમણે સમજવું જોઇએ કે તેમની ધારેલી કિંમત અને સરકારી કિંમત વચ્ચેનો ગાળો કરના રૂપમાં છે. 'સરકારી ખરીદભાવ' સરકારી રીતે થતી વહેંચણીને માટે જ હોય, અને તેનું પ્રયોજન ગરીબોને ભૂખમરાથી તેમ જ બીજી અસહ્ય મુસીબતોથી બચાવવા સિવાય બીજું નથી. આ વહેંચણી માટે એવો દાવો ન કરવો જોઇએ કે એનાથી ગ્રાહકોની પૂરેપૂરી જરૂરિયાત પૂરી થાય છે, ઊલટું એ જાહેર થવું જોઇએ કે ગ્રાહક પોતાની બાકી જરૂરિયાત કાં તો સામાન્ય બજારમાંથી ખરીદી લે અથવા તેની જગ્યાએ બીજી વસ્તુઓથી કામ ચલાવી લે.

હવે સામાન્ય બજારમાંથી આ વસ્તુઓના ભાવનો સવાલ રહી જાય છે, તે માટે સરકારે આજની માફક નીચેના કે ઉપરના ભાવો ન બાંધવા; પણ જેને હું 'કાયદેસર ભાવ' નામ આપવા માગું છું તે નક્કી કરવા જોઇએ. આ ભાવ રેશનની દુકાનોથી ઊંચા હશે અને એટલા વધારે હશે કે જેને લાઇ કોઇને એમ ફરિયાદ કરવાનો પ્રસંગ ઊભો ન થાય કે તેને લાઇને ઇમાનદારીથી વેપાર કરતાં બચ નથી નીકળી શકતું. આ ભાવ એક પૂરી મોસમ માટે ઠરાવી શકાય, અથવા જરૂર મુજબ તેને વખતોવખત, દરેક અઠવાડિયે, અથવા દરરોજ પણ બદલી શકાય; અને જુદા જુદા જિલ્લાઓના ભાવોમાં પણ ફરક રહી શકે. આ 'કાયદેસર ભાવો' નું પરિણામ એ કે જો ખરીદનાર અને વેચનારમાં ઝઘડો થાય તો અદાલત પોતાનો નિર્ણય તે દિવસના કાયદેસર ભાવ મુજબ આપે. પછી ભલે બન્ને વચ્ચે કોઇ બીજા ભાવનો કરાર થયો હોય. પરંતુ બીજા ભાવે થયેલાં ખરીદવેચાણ ગેરકાયદે કે ગુનો ગણવાની હાલત આ વ્યવસ્થામાં ઉત્પન્ન નહીં થાય. આથી જે ભાવે બન્ને પક્ષોએ લેવડદેવડ કરી હશે, તેથી જુદા ભાવના આંકડામાં દેખાડવાની જરૂર નહીં રહે. માલ લેવાનું અને પૈસા ચૂકવવાનું કામ થઇ ગયું તો પછી ખરીદ-વેચાણ સંપૂર્ણ થઇ ગયું સમજવું, અને તેથી અદાલતમાં જવાનો પ્રશ્ન ઊભો નહીં થાય. પણ જો ઉધાર લેવડદેવડ થઇ હોય અને એમાંથી કોઇને પોતાની બાકી રકમ અથવા માલ વસૂલ કરવા અદાલતને શરણે જવું પડે તો ત્યાં અદાલત 'કાયદેસર ભાવ' પ્રમાણે જ ફેંસલો આપશે. આ રીતે સરકારને પણ આ વસ્તુઓ લોકોના હિત માટે કાયદેસર ભાવથી ખરીદવા માટે અધિકાર મળશે.

આ રીતે કાળાં બજારનું કલંક અને તે માટે થતા ગુનાઓની સજા દૂર કરી શકાશે. ગરીબ લોકોને જરૂર પ્રમાણે મદદ મળી શકશે, જેટલી આજે મળે છે. ઇમાનદાર નાગરિકને ધંધો કરવા અને ખુલ્લી રીતે ખરીદવા માટે તક મળી રહેશે. જો 'કાયદેસર ભાવ' સાચે જ વાજબી હશે તો ખરીદનાર અને વેચનાર બન્ને તેનું સામાન્ય સંજોગોમાં પાલન કરશે. અને છેવટે સચ્ચાઇથી વેપાર કરવાનો માર્ગ ખૂલી જશે; અને વેપારીઓમાં સામાજિક જવાબદારીનું ભાન કરાવવાનો માર્ગ નીકળશે. ખપ અને સંગ્રહને લઇ સમય સમય પર થતા નાના નાના ભાવોના ફેરફારોનો ખાસ પ્રભાવ નહીં પડે.

હું આ યોજના અધિકારીઓને વિચારવા રજૂ કરું છું.

વર્ધા, ૮-૧-૫૧ (હિંદી પરથી)

'હરિજનબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત **કિશોરલાલ મશરૂવાળા**

(ઉપરના લેખમાં જે યોજના રજુ કરવામાં આવી છે તે યોજનાના મુખ્ય મુદ્દાઓની નીચેના લેખમાં ચર્ચા કરવામાં આવી છે. **તંત્રી**)

શ્રી કિશોરલાલ મશરૂવાળાએ 'કાળાં બજારના નિવારણ' માટે અધિકારીઓની વિચારણા સારુ એક યોજના 'હરિજન બંધુ'માં રજૂ કરી છે, જે આ અંકમાં ઉપર આપવામાં આવેલ છે. આ યોજનામાં, કાળા બજારનાં નિવારણ માટે, તેમણે એ ભાવ બાંધવાની વાત કરી છે. ઓછામાં ઓછો અને જરૂરિયાત પ્રમાણેનો જે ભાવ

સરકાર નક્કી કરે તે 'સરકારી ખરીદભાવ' અને રેશનની દુકાનેથી જે ભાવે માલ આવતો હોય તેના કરતાં ઊંચો અને વધારે નક્કી કરાયેલો ભાવ તે 'કાયદેસર ભાવ.' આ બન્ને ભાવો નક્કી કરવા પાછળની તેમની વિચારસરણી ગમે તેટલી વિશુદ્ધ હશે તોય, આ પ્રમાણે ભાવ બાંધવા જતા સરળતા થવાને બદલે ઊલટાની ગૂંચો વધવાનો સંભવ વધારે રહે છે.

આ પહેલી વાત લક્ષમાં 'સરકારી ખરીદભાવ'ની. આ ખરીદ ભાવ નક્કી કરશે કોણ? અધિકારીઓ જ ને? જો ભાવ ઊંચો નક્કી થયો તો તો જાણે ઠીક, પણ જો ઓછો નક્કી થયો તો ભાવનિયમન તળે આવતી ચીજ કેટલા પ્રમાણમાં સરકારના હાથમાં આવવાની? આ તો સામાન્ય અનુભવની વાત છે કે, જે ચીજોના સરકારી ખરીદ કે વેચાણ ભાવ બંધાય છે એ ચીજો રાતોરાત બજારમાંથી અદૃશ્ય થઈ જાય છે, અને ઊંચા ભાવે પાછળને બારણેથી દેખાવ દે છે. વળી એ પણ જાણીતી હકીકત છે કે, સરકારને પોતાના ખરીદભાવ વારતહેવારે બદલવા જ પડે છે; કારણ કે જીવનધોરણનો આંક આ ગણતરી પર અસર કરે છે. કાપડનો જ દાખલો લઈએ. ગમે તેટલી વિચારણા કરીને-ડાહ્યામાં ડાહ્યાઓની સલાહ લઈને-ભાવ બાંધ્યા પછી એક જ વરસમાં સરકારને કેટલા ભાવ વધારી આપવા પડ્યા? જોકે એ ભાવો વધારવામાં કાપડની નિકાસ, રૂની સખત તંગી વગેરે કારણો છે જ, પણ એવાં જ કારણો બીજી ચીજોમાં પણ ઊભા થવાના જ છે.

'કાયદેસરના ભાવો' બાંધવામાં વધુ ગૂંચવણ ઉભી થવાની છે. આ 'મોસમી' 'વખતોવખત, દર અઠવાડિયે કે દરરોજ' બદલાતા ભાવોની ચોકસાઈ રાખવા માટે કેટલું મોટું વિશાળ અને ખર્ચાળ વહીવટ તંત્ર જોઈશે? અને એ વહીવટીતંત્રનો મોટો ભાગ પ્રામાણિક જ હશે એવું માની લેવાને અત્યારના સંજોગોમાં કોઈ કારણ નથી. વળી તેઓ એની સાથે એમ સૂચન કરે છે કે 'જુદા જુદા જિલ્લાઓના ભાવોમાં ફરક પણ રાખી શકાય.' આનાથી પરિસ્થિતિ એ થવાની કે, જે જિલ્લાઓમાં વધારે ભાવ આવતો હશે એ જિલ્લાઓમાં, ઓછા ભાવવાળાં જિલ્લાનો માલ ચોરી-છૂપીથી જતો રહેવાનો.

'ખરીદનાર-વેચનારમાં ઝઘડો થાય તો અદાલત પોતાનો નિર્ણય તે દિવસના કાયદેસર ભાવ મુજબ આપે' એ સૂચન માન્ય કરાય તો અદાલતી કામકાજ અનેકગણું વધી જાય-જોકે એનાથી વકીલોનો ધંધો ધીકતો ચાલે ખરો. શ્રી મશરૂવાળા એ લેખમાં કહે છે: 'આ બધું ગરજવાન ગરીબ લોકોની સગવડ માટે જરૂરી છે.' પરંતુ જ્યારે જરૂર હોય છે ત્યારે ગરજવાન ગરીબ લોકો અને ચીજ વેચનાર ગરજવાન વેપારી બન્ને મળી જાય છે; અને એક યા બીજા પ્રકારે કાળા બજારને ઉત્તેજન આપે છે. એ ભૂલી જવું જોઈએ નહિ જ્યાં સુધી બન્ને વચ્ચે મેળ રહ્યો ત્યાં સુધી ઠીક; એકબીજાને નુકસાન થતું દેખાશે કે તરત અદાલતનો આશ્રય લેવાના.

આ લેખમાં શ્રી મશરૂવાળા મધ્યમ વર્ગને તદ્દન વિસરી ગયા છે એ પણ આંહીં જણાવવું જોઈએ. તેમણે તો બે જ વર્ગ પાડ્યા છે-'ગરજવાન ગરીબ લોકો' અને 'સારી સ્થિતિના લોકો.' આમાં મધ્યમ વર્ગ કયાં? ગરજવાન ગરીબ કરતાં પણ આ વર્ગની સ્થિતિ કફોડી છે. ગરજવાન ગરીબ તો એક ચીજ વેચવા ચલાવી પણ લેશે, પણ મધ્યમ વર્ગના ગરજવાનને. સમાજમાં રહેવા માટે તાણીતૂણીને પણ ઊભું રહેવું પડશે.

પરંતુ આ યોજના કરતાં સરકાર જો આ રીતે વિચાર કરે તો? એનાથી 'પ્રમાનદાર નાગરિક'ને ધંધો કરવાની અને 'પ્રજાને ખુલ્લી રીતે ખરીદવાની' તક મળી રહેશે એટલું જ નહિ પણ સરકારની આવકમાં પણ ઘટાડો નહિ થાય. પરદેશમાં-યુરોપમાં કેટલેક સ્થળે આ રીતો અપનાવાઈ છે અને તેનાથી પ્રજાને અને સરકારને બન્નેને રાહત મળી છે.

યુરોપના કેટલાક દેશોમાં, જીવનને ઉપયોગી ચીજો પર સરકારી નિયંત્રણ સખત હોય છે, અને તે સરકારમાન્ય દુકાનોએથીજ મળે છે. પરંતુ એ જ ચીજ કોઈ કુટુંબને કોઈ કારણસર વધારે પ્રમાણમાં જોઈતી હોય તો ખૂબ ઊંચા ભાવે મળી શકે છે. આથી, એ ચીજ સસ્તે ભાવે આપવામાં સરકારને જે મદદ આપવાની જરૂર રહે છે તો આ મેળવેલા ઉંચા ભાવમાં વળતર મળી રહે છે-આપણા દેશને અનુકુળ આવે એ રીતે એક દાખલો લઈએ. અમુક જ ભાવે પ્રજાને 'તેલ' મળવું જોઈએ એમ સરકાર નક્કી કરે; તો 'તેલ'ની ખરીદ સરકાર હસ્તક જ રહે. સરકાર ધારે કે પ્રજાને સસ્તે ભાવે 'તેલ' આપવું છે, તો ખોટ સહન કરીને પણ, ઓછે ભાવે તે ચીજ આપી શકે. આમાં વ્યકિત દીઠ કેટલું 'તેલ' આપવું તે નક્કી કરાય. પાંચ વ્યકિતના એક કુટુંબમાં પાંચ રતલ તેલ દર મહિને ચોક્કસ ભાવે આપવાનું નક્કી થયું તો, તે પછી એ કુટુંબને વધારાનું તેલ જોઈએ તે સરકારમાન્ય દુકાનેથી મળી શકે, પણ તે ત્રણથી ચાર ગણા ભાવે. આ વધારાના ભાવમાંથી સરકારને આ ચીજ ઓછે ભાવે આપતાં જે ખોટ આવે છે તે પુરાઈ જાય.

ઈંગ્લન્ડમાં બટાકા બે પ્રકારના મળે છે-એક કાળી છાલવાળાં અને બીજાં સફેદ. બન્નેય પ્રકાર સરકારી દુકાનેથી જ મળી શકે છે. કાળી છાલવાળાં રેશનમાં અપાય છે અને તે છ કે આઠ આને રતલ, અને તે દર અઠવાડિયે ચોક્કસ પ્રમાણમાં; જ્યારે સફેદ જોઈએ તેટલાં મળે, પણ તે લગભગ રૂપિયે શેર. કાળી છાલવાળાં બટાકા જરા પણ ખરાબ નથી હોતાં એ પણ આંહી કહી દેવું જોઈએ.

ઝેકોસ્લોવેકિયામાં દરેક ધંધાનું રાષ્ટ્રીયકરણ છે. સરકારમાન્ય દુકાનેથી જોઈતાં પ્રમાણમાં અને પ્રજાને ઉપયોગી ચીજો મળી જ રહે. કોઈ ભૂખ્યું નહિ, કોઈ વસ્ત્ર વગરનું નહિ, કોઈ મકાન વગરનું નહિ, પણ કોઈને વધારાની કેટલીક ચીજ જોઈતી હોય તો તે પણ મળે ખરી-ખૂબ ઊંચા દામે-ખુલ્લા બજારમાંથી.

આપણી સરકાર પણ આ રીતે વિચાર કરી એકાદ વ્યવહારુ યોજના ઘડે એ સમય હવે પાકી ગયો છે. 'ગરજવાન ગરીબ લોકો' અને 'પ્રમાનદાર વેપારીઓ' તેઓ ધારે છે એટલા પ્રમાણમાં હિંદમાં સરળ નથી. તેઓનાં સૂચનો ગમે તેટલાં સારા હોય તો પણ કાળા બજારમાંથી ઢાંઢવાને બદલે બીજા વધુ એક વિષયક્રમાં લઈ જવાનો સંભવ છે.

મૂળ વાત તો એ છે કે, કોઈ પણ યોજનામાં સરકારને પ્રજાનો સહકાર ખૂબ જરૂરી છે-જે આપણા દેશમાં ઓછામાં ઓછો છે.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક સામાન્ય સભા

સ્થળ: સંઘનું કાર્યાલય

સમય: તા. ૧૭-૨-૫૧ શનિવાર સાંજના ૭ વાગે

સર્વે સભ્યોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કેટલાક સમાચાર અને નોંધ

દેશભક્તની પત્ની

આપણા સમાજમાં અવારનવાર એવી વ્યક્તિઓ પાકે છે કે જે રાષ્ટ્રની અનેકવિધ સેવા કરતે કરતે દેશભક્તની ખ્યાતિને પામે છે. આ રીતે દેશભક્ત તરીકે ઓળખાતી વ્યક્તિઓ ભાતભાતની હોય છે. કેટલાકની સેવા શુદ્ધ દેશનિષ્ઠાથી પ્રેરિત હોય છે; કેટલાકની સેવા પાછળ મહત્વાકાંક્ષાની બળવાન પ્રેરણા રહેલી હોય છે. કેટલાકે સેવા પાછળ પોતાની જાતને નીચોવી નાખી હોય છે. કેટલાક વસ્તુતઃ જે સેવા કરે છે તે કરતાં તેનો દેખાવ વધારે કરતા હોય છે. નાના ખુણે કાર્ય કરતા લોકસેવકની ગમે તેટલી સેવાઓ હોય છતાં તેને બહુ જ ઓછી પ્રસિદ્ધિ મળે છે. મોટા ક્ષેત્રમાં કાર્ય કરનારની નાની સેવાઓ પણ પ્રસિદ્ધિના અવકાશને લીધે મોટું સ્વરૂપ પામે છે. આવા વિવિધ ક્ષેત્રમાં અને વિવિધ રીતે કાર્ય કરતા દેશસેવકોની સેવાઓનો ખરો ભાર તેમની ગૃહિણી ભોગવતી હોય છે, જેને જગતમાં કોઇ જાણતું જ હોતું નથી. આ ગૃહિણીને નથી હોતી કોઇ જાહેરાતની આકાંક્ષા કે નથી હોતી પોતાના સર્વસમર્પણની કદર થવાની કોઇ એષણા. તેના દિલમાં માત્ર એક જ વૃત્તિ હોય છે કે " મારો ધણી મોટો દેશભક્ત છે અને રાષ્ટ્રની ભારે સેવા કરી રહેલ છે. મારે તેમને બને તેટલો સાથ આપવો અને ઘરના કારભારથી બને તેટલા નચિન્ત રાખવા કે જેથી તે દેશને બને તેટલી વધારે સેવા આપી શકે–આ જ મારો ધર્મ છે અને આમાં જ મારા જીવનની સફળતા છે." સાધારણ રીતે આપણો દેશભક્ત ગરીબીને વરેલો હોય છે અને ઓછામાં પુરતું એ પાંચ બાળકોનો પિતા હોય છે. જાહેરજીવનના વલવલાટમાં તે દ્રવ્યોપાર્જન તરફ પુરતું લક્ષ્ય આપી શકતો નથી, અને તેથી તંગીથી મુક્ત એવું જીવન તેને કદિ સાંપડતું નથી. છોકરાં ઉછેરવાં, ભણાવવા, ઘર સરખું રાખવું, તંગી હોવા છતાં ઉજળા દેખાવું–આ બધો ભાર દેશભક્તની પત્નીના શિરે આવે છે. આ બધી અગવડોમાં વળી દેશભક્તના ઘેર મેમાનોની સદા ભરતી જ રહે છે. આ ભાર ધણી વખત અસહ્ય બને છે. આમ છતાં પણ દેશભક્તની પત્ની એ બધો ભાર હસતુ મોઢું રાખીને જીવનના છેલ્લા શ્વાસ સુધી વેંઢારતી હોય છે. આપણા દેશભક્તની સેવા સંપૂર્ણપણે શુદ્ધ હો, મિશ્ર હો કે ભલીન પ્રકારની હો, પણ આ પતિપરાયણ ધર્મપત્નીનું જીવન તો શુદ્ધ સ્વાર્પણથી અને નિષ્કામ સેવા બુદ્ધિથી જ ભરેલું હોય છે. અનેક દેશભક્તોની સફળતાભરી જીવનકારકીર્દીમાં પ્રત્યેકની પત્નીની અખંડ સેવા અને સ્વાર્પણનો જ સૌથી મોટો ફાળો હોય છે, જેની કોઇ ઠેકાણે નોંધ કે જાહેરાત જોવામાં આવતી નથી.

પૂનાના જાહેરજીવનમાં, રાજકારણમાં કેટલાંય વર્ષોથી અગ્રભાગ લેતા અને જૈન સમાજના પણ એક બહુ જાણીતા આગેવાન અને પ્રખર વકતા તરીકે સુપ્રસિદ્ધ–એવા શ્રી પોપટલાલ રામચંદ શાહનાં પત્ની આવાં ધર્મપરાયણ, પતિપરાયણ સન્નારી હતાં. ભાઇ પોપટલાલની આર્થિક સ્થિતિ સાધારણ; કુટુંબનો પણ ઠીક ઠીક વિસ્તાર; વળી ભાઇ પોપટલાલના અનેકવિધ જાહેરજીવનને અંગે તેમના ઘેર અનેક માણસોનો ચાલુ અવરજવર રહેતો. આ કારણે તેમનાં પત્ની સોનુબાઇ અતિ વિકટ ગૃહસ્થાશ્રમનો બોજો વહી રહ્યાં હતાં. આઝાદીની લડત દરમિયાન ભાઇ પોપટલાલના ભાગે અનેકવાર જેલવાસ આવી પડેલો. આવા સમય દરમિયાન અને આર્થિક તંગી વચ્ચે ઘર કેમ ચલાવાય છે તે તો જેને વીતી હોય તે જાણે. સોનુબાઇ એક સતી સાધ્વી સ્ત્રી હતાં. ધર્મમાં તેમને ઉંડી શ્રદ્ધા હતી. તેમનું જીવન એક અખંડ એકધારી તપશ્ચર્યા–સમાન હતું. તેમના પરલોકગમનના સમાચાર થોડા દિવસ પહેલાં મુંબઇમાં ભાઇ પોપટલાલને અચાનક મલતાં મારા જાણવામાં આવ્યા અને મને ભારે દુઃખ થયું. આથી પણ વધારે વિસ્મય થયું તે બહેનનું કયા સંયોગોમાં અને કેવી રીતે અવસાન થયું તેની વિગતો જાણીને.

સોનુબાઇનું સમાધિમરણ

ગત વર્ષના આસો માસ પૂર્ણિમાએ પુરી થતી આંબેલની સૌ. સોનુબાઇએ ઓળી કરી હતી. તે દિવસોમાં ભગવાન મહાવીરનું નિર્વાણ કયા દિવસે અને કયા સમયે થયેલું તેની સહજ જિજ્ઞાસા ઉભી થતાં તેમણે સ્વજનસંબંધીઓને એ વિષે અનેક પૃચ્છા કરેલી અને આસો વદ અમાસની રાત્રીના ૪॥ વાગ્યે એ ઘટના બનેલી એવી તેમને જાણ થયેલી. ત્યાર બાદ અવારનવાર મહાવીર નિર્વાણનો સમય, નિર્વાણ સ્થળ, નિર્વાણનો પ્રકાર–આવા જ પ્રશ્નો તેમના ચિત્તમાં ઉપસ્થિત થયા કરતા. આવી પરિસ્થિતિ વચ્ચે આસો વદ ૧૪ આવી અને તેમણે છઠ્ઠનું એટલે કે એક સાથે બે ઉપવાસનું પચખ્ખાણ લીધું. એ બન્ને દિવસ તેમણે સતત ધર્મારાધનમાં ગાળ્યા. વ્યાખ્યાન–શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ, જપ પૂજા, ધ્યાન આવી અનેક ક્રિયાઓ તેમણે કરી. બીજે દિવસે પણ પોતાના પતિ સાથે વળી મહાવીરનિર્વાણને લગતી જ તેમણે ચર્ચા કરેલી. ભગવાન મહાવીરનું નિર્વાણ બીહારમાં આવેલ પાવાપુરી ખાતે થયું છે. તો સોનુબહેને ભાઇ પોપટલાલને પૂછ્યું કે "મનુષ્યને સદ્‌ગતિ પ્રાપ્ત થવા માટે તેણે પાવાપુરી જ જવું જોઇએ?" ભાઇ પોપટલાલે જવાબ આપ્યો કે "એવું કશું નથી. ધર્મી, શ્રદ્ધાવાન, તપસ્વી એવી ઉચ્ચ કોટિના આત્માને કોઇ પણ સ્થળેથી સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે." જાણે કે મહાવીરના નિર્વાણ સમયે પોતે પણ આ જગતમાંથી વિદાય લેવી એવો સંકલ્પ કરી લીધો હોય એવી જ તેમની બોલીચાલી અને રીતભાત લાગતી હતી. બપોરના ભાગમાં ભાઇ પોપટલાલ સાથે આ પ્રમાણે સંભાષણ કરીને બાજુએ રહેતા પોતાના સાસરા પાસે તેઓ ગયા અને "મને આરાધનાનું સ્તવન સંભળાવો" એવી તેમણે માંગણી કરી. સસરાજી આ સાંભળીને ભારે આશ્ચર્ય પામ્યા, કારણ કે જે સ્તવન સંભળાવવાની તેઓ માંગણી કરી રહ્યા હતા તે સ્તવન જૈન પરિપાટી મુજબ મૃત્યુ–શય્યાએ સૂતેલા માનવીને જ સંભળાવવામાં આવે છે. એ સ્તવનમાં સામગ્ર જગત પાસે પોતાના દોષઅપરાધની ક્ષમા માંગવાની ભાવના વર્ણવવામાં આવી છે. સસરાજીએ પૂછ્યું કે " આ તું શું બોલે છે? તારી તબિયત તો બહુ સારી છે અને આજના આનંદના દિવસે આ તે તું કેવી માંગણી કરે છે?" ફરી વખત આગ્રહ કરતાં સોનુબાઇએ કહ્યું કે "મને એ જ સ્તવન સંભળાવો. તમારા મોઢેથી મારે એ સાંભળવું જ છે." સસરાજીએ એમના આગ્રહને વશ થઇને એ સ્તવન આખરે સંભળાવ્યું. ત્યાર પછી તેઓ ઘેર આવ્યાં. દીવાળીનો દિવસ હતો. બધાએ સાથે મળીને ચોપડાપૂજન–સરસ્વતીપૂજન–કર્યું. ત્યારબાદ 'છોકરાંઓનું ધ્યાન રાખજો' એમ પતિને કહીને છોકરાંઓને પણ 'ધર્મ પ્રમાણે ચાલજો' એમ સૂચના કરી અને દેવમંદિર ગયાં. ત્યાં કેટલોક સમય ગાળીને તેઓ ઘેર આવ્યા. રાત્રે બાર વાગે ભાઇ પોપટલાલ ઘેર પાછા ફર્યા. સોનુબાઇએ પોતે ઉભા થઇને બારણું ઉઘાડ્યું. ત્યારબાદ જરા બેચેની લાગતાં સોનુબાઇ આગાસીમાં જઇને બેઠાં. તેમને બેચેન જોઇને ભાઇ પોપટલાલે પૂછ્યું કે " જો ઠીક ન લાગતું હોય તો પાણી લાવું!" તેમણે જવાબ આપ્યો કે "નહિ. મને ઉપવાસ છે." ત્યારબાદ થોડીવાર પછી સોનુબાઇ અચાનક બેભાન થયાં અને નીચે પડી ગયાં. ઘરના બધા લોકો

ત્યાં એકદમ થઇ ગયાં અને તેમને ઉપાડીને અંદર ખાટલા ઉપર સુવાડયા, પછી ડાકટરને બોલાવવામાં આવ્યા. ડાકટરે ઇન્જેકશન આપ્યું અને જણાવ્યું કે "કાંઇ ગભરાવા જેવું નથી. તેમને હવે શાન્ત નિદ્રા આવશે અને થોડા વખત પછી તેઓ શુદ્ધિમાં આવી જશે." ત્યાર બાદ ધીમે ધીમે ચાર વાગ્યા બાદ શ્વાસ ઓછો થવા લાગ્યો અને બરોબર સાડાચાર વાગ્યે – મહાવીર નિર્વાણની ઘડિએ–તેમણે પોતાનો દેહ છોડયો.

માનવી મૃત્યુ લઇને જન્મે છે, અને મૃત્યુ કેમ અને કયારે આવે છે તેની કોઇને ખબર પડતી નથી. પણ જાણે કે સંકલ્પપૂર્વક અને સ્વેચ્છાપૂર્વક બન્યું ન હોય એવી રીતે જ્યારે મૃત્યુની ઘટના બને છે ત્યારે અને તેની સાથે જ્યારે ધર્મની સમજણપૂર્વકની આરાધના જોડાયલી હોય છે ત્યારે આપણું ચિત્ત ભારે વિસ્મય અનુભવે છે અને એ રીતે આપણી વચ્ચેથી વિદાય લેનાર વ્યકિત કોઇ ઉચ્ચ કોટિનો પવિત્ર આત્મા હોવો જોઇએ એવાં સંવેદનપૂર્વક આપણું દિલ તેને નમન કરે છે.

ઉપધાનની ઘેલછા

આજે એક બાજુએ જૈન સમાજની આર્થિક પરિસ્થિતિ એકદમ ઘસાતી ચાલી છે. જૈન સમાજ એટલે મધ્યમ વર્ગનો સમુદાય. આ વર્ગનો ધંધો ધાપો તુટતો જાય છે અને નોકરીઓ પણ છૂટતી ચાલી છે. ઉપરના અલ્પ સંખ્યાના શ્રીમન્ત વર્ગને બાદ કરતાં બાકીનો આખો વર્ગ કલ્પી ન શકાય એવી મુંઝવણોમાંથી પસાર થઇ રહ્યો છે અને કોઇ કાળે નહિ જોયેલ કે જાણેલ એવો સ્થિતિકલહ અનુભવી રહેલ છે. કેટલાયે ધંધા બંધ થઇ ચુકયા છે. દલાલી કે કમીશનનાં ઝરણાં પણ સુકાઇ ચુકયાં છે. કમાણી તો દૂર રહી, પણ મુડી પણ ખાતે ખાતે લગભગ નષ્ટપ્રાય થઇ રહી છે. મધ્યમ વર્ગની દુર્દશાની આજે ચોતરફ એકસરખી ચુમ સંભળાઇ રહી છે.

બીજી બાજુએ રથળે રથળે ઉપધાનનાં ઉદ્યાપનો ઉજવાઇ રહ્યાં છે. આ ઉપધાન-ઉદ્યાપન પાછળ છેલ્લા બાર મહીનામાં જૈન સમાજે આશરે ૫૫ થી ૬૦ લાખ રૂપીઆનો ખર્ચ કર્યો હશે એમ અડસટવામાં આવે છે. ઉપધાનની ક્રિયા સાધારણ રીતે લગભગ દોઢ માસ ચાલે. એક દિવસ, ઉપવાસ; બીજે દિવસ એકાસણું. એકાસણામાં ભાતભાતનાં મિષ્ટાન્ન પીરસવામાં આવે છે. આ સામુદાયિક ક્રિયામાં સંખ્યાબંધ સ્ત્રી પુરૂષો જોડાય છે. થોડા દિવસ પહેલાં પાલીતાણામાં લગભગ ૧૫૦૦ ભાઇબહેનો આ ક્રિયામાં સામેલ થયા હતા. ખાવાનો દનિયાનો ૩૦૦૦ થી ૪૦૦૦ રૂપીઆ સુધીનો ખર્ચ આવતો હતો. તાજેતરમાં મુંબઇમાં યોજવામાં આવેલ ઉપધાનક્રિયા પાછળ છ થી સાત લાખનો ખર્ચ થયો હશે. આ ક્રિયા પુરી થયા બાદ મુંબઇમાં એક મોટો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તેમાં આશરે ૪૦૦ મોટર હતી જેમાં આશરે ૩૦૦ તો ભાડાની ટેકસીઓ હતી. દર ટેકસી દીઠ ભાડું તથા શણગાર પાછળ ૭૦ થી ૮૦ રૂપીઆનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ત્રણ કલાકના વરઘોડા પાછળ ૪૦ થી ૫૦ હજારનો ધુમાડો કરવામાં આવ્યો હશે એમ અનુમાન કરવામાં આવે છે. આમ આ આખી પ્રવૃત્તિ પાછળ અનગળ દ્રવ્યનો વિના વિચાર્યે ધુમાડો કરવામાં આવ્યો છે અને તે એવા વખતે કે જ્યારે જૈન સમાજનો ઘણો મોટો ભાગ ગળાપુડ આર્થિક કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે.

આજના ધર્માચાર્યો પણ રથળે રથળે આ જ ધંધો લઇ બેઠા છે. શ્રીમાનો વ્યાખ્યાન પીઠ આગળ મોખરે આવીને બેસે છે અને આવી યોજનાને વધાવી લે છે, અને મોટા ભાગે કાળા બજારનું નાણું આવા કાર્યોમાં ઠલવાયે જાય છે. અને એ રીતે પરભવનું ભાતુ બંધાય છે. આ ક્રિયા અને ઉદ્યાપનને અંગે હજારો મણ ઘી બોલાય છે અને તેની આવક સામાજિક દૃષ્ટિએ વંધ્ય એવા દેવદ્રવ્ય ખાતે જમે થાય છે. અન્ય સમાજની ગમે તેવી સ્થિતિ હોય–જૈન સમાજની જાહોજલાલીને કોઇ સીમા નથી એવી છાપ ચોતરફ ઉભી થાય છે. આવી છાપ ઉભી થવાથી જૈન સમાજ વિષે અન્ય સમાજના દિલમાં એક પ્રકારની અવમાનના પેદા થાય છે.

જૈનાચાર્યો વિશાળ રાષ્ટ્રના હિતાહિતની કે બહુજનસમાજના સુખશ્રેયની ભલે ચિન્તા ન કરે, પણ જે સમાજ ઉપર પોતાના નિર્વાહ અને પ્રતિષ્ટા નિર્ભરપણે અવલંબે છે તે જૈન સમાજના સુખશ્રેયની પણ આવી અક્ષમ્ય ઉપેક્ષા કેમ કરતા હશે અને ચાર દિવસના ચાંદરણા જેવી ક્રિયા પ્રક્રિયા પાછળ હજારો રૂપીઆનું આંધણ કેમ કરાવતા હશે તે સમજી જ શકાતું નથી. રોમ બળતું રહ્યું અને રોમન શહેનશાહ નીરોએ વાંજિત્ર વગાડીને આનંદ માણ્યો. આને આપણે નિષ્ઠુરતાની પરાકાષ્ટા લેખીએ છીએ. આજે સમાજના મોટા ભાગને ખાવાના અને ટકવાના સાંસા છે એ જાણવા છતાં બીજી બાજુએ ઉત્સવો પુર જોસમાં ચાલે છે, વરઘોડાઓ નીકળે છે અને મિષ્ટાન્નો આરોગાય છે. આ નીરોની નિષ્ઠુરતાની નાની સરખી પણ બીજી આવૃત્તિ નહિ તો શું છે! આજના જૈન સમાજના માનસને ધાર્મિક ઘેલછાએ ઘેરી લીધેલ છે. તેમાંથી વિવેક અને હિતાહિતની બુદ્ધિ લય પામી છે. ધર્માચાર્યોને પોતાની વાહવાહ બોલાવવી છે અને શ્રીમન્તો પરસ્પરની સ્પર્ધા પાછળ–જેનો લાંબદોર કશો જ ઉપયોગ કે લાભ નહિ તેવી ધાર્મિક લેખાતી પ્રવૃત્તિઓમાં દ્રવ્ય હોમ્યે જાય છે. વાસ્તવિક પરિસ્થિતિને કોઇ સામનો કરવા માંગતું નથી. શહામૃગ માટે એમ કહેવાય છે કે શીકારી જ્યારે તેની પાછળ લાગે છે ત્યારે પોતાની જાતને બીજી રીતે બચાવવાનો માર્ગ છોડીને પોતાનું માથું રેતીમાં ઢાંકી દે છે અને પોતાના મનને મનાવે છે કે હું સુખી છું, સુરક્ષિત છું. આજના ધર્માચાર્યો અને તેમના નાદને ઝીલતા ધનવાનો ઉત્સવો અને વરઘોડાના ઝાકઝમાળ અને ઢોલનગારાથી ઘેરાયલા રહીને પોતાની જાતને ભાગ્યશાળી, સુખી અને સુરક્ષિત માની રહ્યા છે. તેમને ખબર નથી કે કાળનું ચક્ર તેમની પાછળ અને જે સમાજના તેઓ પ્રતિનિધિ હોવાનો દાવો કરી રહેલ છે તેની પાછળ ઘસી રહ્યું છે અને તેમાંથી બચવાના ચોગ્ય માર્ગો વખતસર ચિન્તવવામાં નહિ આવે તો તેના ઝપાટામાંથી કોઇ બચી કે ઉગરી શકવાનું નથી.

એક નવું આન્તરરાષ્ટ્રીય લગ્ન

તા. ૧૧-૨-૫૧ ના રોજ અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાસભાના આચાર્ય શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખના પુત્ર ભાઇ પ્રમોદ અને એક અમેરિકન યુવતી શ્રીમતી રોઝ કલ્પર્ગ લગ્ન-ગ્રંથિથી જોડાયાં. આવાં આન્તરરાષ્ટ્રીય લગ્નસંબંધો હવે અવાર-નવાર નિર્માણ થતાં સંભળાય છે તેથી આવાં કોઇ નવા લગ્નની ખાસ નોંધ લેવાપણું હોય નહિ. આમ છતાં પણ આ લગ્ન-સંબંધની કેટલીક વિશેષતાઓ એવી છે કે જે સવિશેષ ઉલ્લેખને પાત્ર છે.

જ્યાં પરણનાર યુગલ હિંદી યુવાન અને પર રાષ્ટ્રની યુવતી હોય છે એવા લગ્નસંબંધોમાં સાધારણ રીતે વરપક્ષ શ્રીમન્ત હોય છે. એવી માન્યતા પણ પ્રવર્તે છે કે શ્રીમન્ત સ્થિતિ સિવાય પશ્ચિમની યુવતી સાથેના લગ્નસંબંધનો નિર્વાહ કરવો બહુ મુશ્કેલ પડે છે. પ્રસ્તુત કીસ્સામાં વરપક્ષની આર્થિક પરસ્થિતિ બહુ જ સાધારણ ગણાય. એમ છતાં પણ આ બાબતનો પુરો ખ્યાલ રાખીને એટલું જ નહિ પણ પોતે જાતે ભાઇશ્રી રસિકલાલના ઘરમાં અઢી માસ લગભગ સાથે રહીને તથા બધા કુટુંબીજનો સાથે એકરૂપ બનીને અને પોતાના તેમ જ આ પક્ષના વડિલ જનોના પ્રેમભર્યા આશીર્વાદ મેળવીને ભાઇ પ્રમોદ સાથે તેણે લગ્ન કર્યું છે.

ભાઇ પ્રમોદ અમેરિકા ચાર વર્ષ રહીને અઢી માસ પહેલાં હિંદ ખાતે પાછો ફર્યો છે. તે અમેરિકાની મીશીગન યુનિવર્સીટીનો

કેમીકલ એન્જિનિયર છે. રોઝ પણ ત્યાંની યુનિવર્સીટીની ગ્રેજ્યુએટ છે, તેમ જ નર્સીંગના વિષયમાં પ્રાવીણ્ય મેળવ્યું છે. રોઝ સાથે તેને કેટલાક સમય પહેલાં પરિચય થયો, તેમાંથી પરસ્પર સ્નેહ ઉત્પન્ન થયો અને તેમાંથી પરણવાનો વિચાર ઉદ્‌ભવતાં માતપિતાની તે માટે ભાઇ પ્રમોદે અનુમતિ માંગી. કાળબળને ઓળખનાર માતપિતાએ આ માંગણીથી ક્ષુબ્ધ ન બનતાં અહિંની અંગત તેમ જ સામાજિક પરિસ્થિતિનો રોઝને પુરો ખ્યાલ આપ્યો અને પરણવાનું નિશ્ચયાત્મક પગલું ભરતાં પહેલાં અહિં જાતે આવીને ઠીક ઠીક સમય સાથે રહીને સમગ્ર પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ લેવા સૂચના કરી. એ મુજબ રોઝ ભાઇ પ્રમોદ સાથે અહિં આવી અને શ્રી રસિકલાલને ત્યાં જ આવીને ઉતરી અને બે અઢી માસ સુધી ઘરનાં બધાંની સાથે ઓતપ્રોત બની ગઈ. પરિણામે ભાઇશ્રી રસિકલાલે તથા તેમનાં પત્નીએ આ સંબંધને હાર્દિક રીતે આવકાર્યો અને ઉપર જણાવ્યું તેમ પોતે જ તા. ૧૧-૨-૫૧ ના રોજ પોતાના પુત્રનો જાહેર લગ્નસમારંભ ગોઠવ્યો.

સાધારણ રીતે આવાં સંબંધો હજુ સહજપણે સ્વીકારી લેવાને આપણાં દિલ તૈયાર નથી. આવા લગ્નસંબંધ દીકરાને ઘણી વખત પોતાના માતપિતાથી છુટા પાડવામાં પરિણમતા જોવામાં આવે છે. રીતભાત, સંસ્કૃતિ તેમ જ ઉછેરકાળથી સરજાયલાં અને સંવર્ધિત થયેલાં માનસિક વળણો ભિન્ન ભિન્ન પ્રકારના હોઇને આવું લગ્ન સુખી નીવડે કે કેમ તે વિષે પણ આપણું ચિત્ત સા શંક રહે જ છે. આમ છતાં આવા સંબંધો હવે અપવાદજનક મટીને સાધારણતાને પામી રહ્યા છે એ આપણે બરોબર સમજી તેમ જ સ્વીકારી લેવું જોઇએ. અને તેથી આ વિષે આપણા ચિત્તમાં કંઇ કાળથી રૂઢ થયેલા પૂર્વગ્રહોને આપણે વિસર્જિત કરવા જોઇએ. અને 'આવા સંબંધો કદિ સુખી થાય જ નહિં' આવી આપણા મનમાં પડેલી ગાંઠ પાયા વિનાની છે એ પણ આપણે બરોબર સમજી લેવું જોઇએ. કોઇ પણ શક્તિશાળી યુવાન કોઇ પણ સમાન કક્ષાની યુવતી સાથે પરણી શકે છે અને બન્નેના અંગત કૌટુંબિક સંયોગો ગમે તેટલા ભિન્ન હોય તો પણ એકમેક સાથે બરોબર ગોઠવાવાની અને દિલની એકરૂપતા સાધવાની તાકાત ધરાવે છે. પ્રેમ એક એવું બળ છે કે જે ગમે તેવા વિઘ્નો અને અન્તરાયો વટવવાની પ્રેમના પાત્રોને તાકાત આપે છે. વળી રીતભાત, સંસ્કૃતિ, ધર્મ આદિ કારણોને લીધે દેખાતી અસમાનતાના તત્વ કરતાં માનવી માનવી વચ્ચે સમાનતાસ્થાપક તત્ત્વો ઘણાં વધારે છે અને તેથી જ એક યા બીજી રીતે દૂર દૂરના દેખાતા માનવીઓ કંઇ કાળથી ઉંડા પ્રેમભાવથી સંકળાતાં અને એવા જોડાણના કારણે અને પરિણામે જીવનની સફળતા અનુભવતા આવ્યા છે. માનવીમાં રહેલી માનવતા એ મૌલિક અને પાયાની વસ્તુ છે, નાત જાત, ધર્મ, રાષ્ટ્ર, રીતભાત કે ખાનપાન-આ બધી વસ્તુઓ આગન્તુક અને ઉપરછલ્લી છે. આ તથ્ય બરોબર સમજવામાં આવે તો એવા લગ્નસંબંધોને આપણો સમાજ સહેજે પચાવી શકે અને ગમે ત્યાંથી જીવનસહચરી શોધી લાવનાર વ્યક્તિને સમાજથી જુદાપણું ચિન્તવવાનું કશું પણ કારણ ન રહે.

ઉપર જણાવેલ લગ્નસંબંધની ઘટનામાં એક પિતા તરીકે શ્રી રસિકલાલે જે ભાગ ભજવ્યો છે તે પોતાનાં સંતાનોને શિક્ષણ લેવા માટે દૂર દૂર સુધી લાંબા કાળ માટે મોકલતા માતપિતાએ ધ્યાનમાં લેવો ઘટે છે. સાથે સાથે આપણે એમ પણ ઇચ્છીએ તેમ જ પ્રાર્થીએ કે ભાઇ પ્રમોદ પણ આવા હજુ અપવાદજનક લેખાતા લગ્નની-રાષ્ટ્ર અને સમાજની દૃષ્ટિએ-જવાબદારી બરોબર સમજે અને એવું સફળ દંપતીજીવન જીવી બતાવે કે જેથી આવાં લગ્નો સામેના પૂર્વગ્રહો નિર્મૂળ બને અને આવાં લગ્નોને લીધે ઉભી થતી સમાજની અને કુટુંબની એક નવી પરિસ્થિતિને સહજપણે સૌ કોઇ સ્વીકારતા થઇ જાય.

શબ્દરચનાની હરીફાઇ જુગાર છે ?

શબ્દરચનાની હરીફાઇ જુગાર ગણાય કે કેમ તે પ્રશ્નની આજકાલના સામયિકોમાં ઠીક ઠીક ચર્ચા ચાલી રહી છે. આ સંબંધમાં તા. ૮-૧૨-૫૦ ના હિન્દુસ્તાનમાં નીચે મુજબના સમાચાર ભારે અક્ષરે પ્રગટ થયા હતા :—

'શબ્દરચના હરીફાઇ એ જુગાર નથી તેમ જ હાલના આધુનિક યુગમાં દિવસભરના શ્રમ બાદ માનવીને માનસિક આરામ અને આનંદ પૂરો પાડવા માટેનું તે ઉત્તમ સાધન છે.' એ પ્રકારનો સ્પષ્ટ અને ભારપૂર્વકનો અભિપ્રાય મુંબઇના નગરપતિ અને મુંબઇ પ્રાન્તિક કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી. એસ. કે. પાટીલે આજે સાંજે અહિં સુન્દરાબાઇ હોલમાં હિંદુસ્તાન શબ્દરચના હરીફાઇના દીપોત્સવી બ્યૂહના વિજેતાને ઇનામ આપવાના સમારંભમાં પ્રમુખસ્થાનેથી બોલતાં આવ્યો હતો.

"શબ્દરચના હરીફાઇ જુગાર છે અને તેથી બંધ થવી જોઇએ એવી સરકારી વલણનો ઉલ્લેખ કરતાં શ્રી પાટીલે કહ્યું કે "આધુનિક યુગમાં કામના કલાકો ઘટવાથી નવરાશના સમયમાં માણસ સરકારની ટીકા કરવાની વિઘાતક પ્રવૃત્તિ આદરે છે. એનું કારણ એ છે કે તેમને માટે આનંદપ્રમોદનાં સાધનો જેવાં કે ફિલ્મ, બાગબગીચા, રમતગમતો વગેરેની પૂરી સગવડ નથી. એટલે માણસના મગજ માટે પુરસદના સમયનો વ્યવસાય સરકારે ઉભો કરવો જોઇએ અને તેવા વ્યવસાયો પૈકી શબ્દરચના હરીફાઇ અત્યન્ત મહત્ત્વનો અને ઉપયોગી વ્યવસાય છે.

"આમ છતાં શ્રી પાટીલે કહ્યું કે હરીફાઇમાં જુગારનું કંઇ તત્ત્વ હોય તો તે નાબુદ કરવાનાં પગલાં સરકાર ભરી શકે છે. પરંતુ હરીફાઇ તદ્દન બંધ કરવી જોઇએ નહિ."

આ સંબંધમાં ટીકા કરતાં શ્રી કિશોરલાલભાઇ જણાવે છે કે "શ્રી પાટિલની આ નેતાગીરી ભારે આક્ષેપજનક છે. જે ભાઇએ ચાર આઠ આનાને બદલે રૂા. ૧૦૦૦૦નું ઇનામ મેળવ્યું તેણે કયા શ્રમના યોગ્ય મહેનતાણા રૂપે એ મેળવ્યું ? જુગાર એટલે કેવળ નવરા બેઠાનો નાદ માત્ર ધંધો છે. લાગ કળે તો એક પૈસો ખરચી અનેક પૈસા ખેંચવાની તરકીબ છે. એવી તરકીબ યોજનાર જુગારનો અડો ચલાવનારની જેમ પોતાની કમાણી કરે છે અને તેનો એ જ હેતુ હોય છે."

શ્રી કિશોરલાલભાઇની આ ટીકા તદ્દન વ્યાજબી અને સમયોચિત છે, આપણે એ કબુલ કરીએ કે જુગાર જુગારમાં ફરક હોય છે. કેટલોક જુગાર નગ્ન સ્વરૂપનો જુગાર જ હોય છે તો કેટલાક જુગાર સાથે કોઇ રમતગમત કે બૌદ્ધિક વ્યવસાય જોડાયલો હોય છે. કોઇ જુગારમાં ખોવા કમાવાનું બહુ ઓછું હોય છે; કોઇ જુગારમાં બન્ને મોટા પ્રમાણમાં ચાલે છે. વળી કોઇ જુગારમાં ખોવાનું બહુ ઓછું અને કમાવાનું-જો નસીબ હોય તો-બહુ મોટું હોય છે. એક વખતે જુગાર માત્ર સામે આપણા સમાજમાં ઉંડી ધૃણા પ્રવર્તતી હતી; ત્યારે જુગાર નહોતો ચાલતો તેમ નહોતું, પણ બહુ ઓછા પ્રમાણમાં અને લગભગ ખાનગી રીતે. આજે જુગાર સામેની ધૃણા ઘણી ઓછી થઇ ગઇ છે અને આપણા જીવનના, રમતગમત તેમ જ વ્યાપારને લગતો અનેક વ્યવસાયોમાં જુગારે પ્રવેશ કર્યો છે. બીજા સાથે જોડાયલો જુગાર તો આજકાલ પ્રતિષ્ઠિત લેખાય છે. દા.ત. શેરનો સટ્ટો કરનારને આજે સમાજમાં કોઇ હીણપતભર્યું સ્થાન મળતું નથી. માણસની પ્રકૃતિમાં જુગારની વૃત્તિ વ્યસનની પ્રવૃત્તિ માફક કંઇ કાળથી સુપ્તાવસ્થામાં પડેલી જ છે. આજે તેને એક યા બીજી રીતે મોટા પ્રમાણમાં ઉત્તેજના મળી રહી છે અને તેને લગતી શરમ છુટી ગઇ છે. આજે જુગાર આપણા નિત્યજીવનનું એક નાનું સરખું અંગ બની બેઠેલ છે.

શબ્દરચનાની હરીફાઇ પણ આવી રીતે પ્રતિષ્ઠાપાત્ર બનેલો એક પ્રકારનો જુગાર જ છે. રાષ્ટ્રને નિત્યનૂતન માર્ગદર્શન આપવાનો દાવો કરનારા દૈનિકો અને સામયિકોનું આ એક અતિ અગત્યનું અંગ બની બેઠું છે. આજની મોંઘવારી અને કટોકટીના વખતમાં કેટલાક છાપાઓને ટકવાનું આ એક અને અદ્વિતીય સાધન છે. એવા પણ દૈનિકો આજે અસ્તિત્વ ધરાવે છે કે જેના એક વખતના સંચાલકોએ કોઇ નૈતિક શુભ ઘડિના આવેગમાં આ હરીફાઇના અંગને તિલાંજલિ આપી હતી. આજે એ જ પત્રના નવા સંચાલકોએ વ્યવહારબુધ્ધિને વશ થઇને આ હરીફાઇ પોતાના પત્રોમાં મોટા પાયા ઉપર શરૂ કરી છે.

આ આજની વસ્તુસ્થિતિ છે. પણ આશ્ચર્યજનક તો એ છે કે ઉપર જણાવ્યા મુજબ શ્રી. એસ. કે. પાટીલ જેવા મુંબઇના અગ્રતમ લોક નેતા શબ્દરચનાની હરીફાઇ જુગાર હોવાનો જાહેર રીતે ઇનકાર કરી રહ્યા છે. આ એક પ્રકારની લોકવંચના છે. એ જ પાટીલ મહોદય આગળ ચાલતાં સાધુતા ધારણ કરીને એમ જણાવે છે કે 'હરીફાઇમાં જુગારનું કંઇ તત્ત્વ હોય તો તે નાબુદ કરવાનાં સરકાર પગલાં ભરી શકે છે,' જાણે કે શબ્દરચનાની હરીફાઇમાં જુગાર જેવું કાંઇ હોઇ શકે કે કેમ તે વિષે તેમના દિલમાં શંકા છે અને આવો અભિપ્રાય તેઓ એ પ્રસંગે વ્યકત કરી રહ્યા છે કે જ્યારે તેઓ પોતે જ હિંદુસ્તાન શબ્દરચનાની હરીફાઇ એટલે કે સુયોજિત જુગારમાં વિજેતા બનેલી વ્યકિતને પોતાના વરદ હસ્તે ઇનામ આપી રહ્યા છે. શું તેઓ એમ માનતા હશે કે જે વ્યકિતને તેઓ ૧૦૦૦૦, ૨૦૦૦૦ કે ૩૦૦૦૦ નું ઇનામ આપી રહ્યા છે તે વ્યકિતને તેના પરસેવાનું રળતર આપવામાં આવે છે અથવા તો કોઇ જીવના જોખમની બહાદુરીની કદર કરવાનો પ્રસ્તુત ઇનામ પાછળ હેતુ રહેલો છે ? આ જુગારને નિર્દોષ જાહેર કરવો હોય તો તેઓ તેમ કરી શકે છે. આ જુગારની દોષમયતાના પ્રમાણમાં તેમાંથી નીપજતી બૌધ્ધિક કેળવણી અને વિનોદ પ્રમોદની કીંમત ઘણી વધારે છે એમ કહેવું હોય તો તેમ પણ તેઓ ખુલ્લે કહે. દેશકલ્યાણ માટે હિન્દુસ્તાન જેવા દૈનિક પત્રોનું પ્રકાશન અત્યન્ત આવશ્યક છે અને એ પ્રકાશન શબ્દરચનાની હરીફાઇ સિવાય ચાલી શકે તેમ છે જ નહિ એમ પણ પોતાના પક્ષે તેઓ જરૂર કહી શકે છે, પણ શબ્દરચનાની હરીફાઇ આજે જે રીતે એ ચાલે છે તે રીતે–જુગાર નથી એમ કહેવું તે અસત્યને સત્યમાં વટાવવા બરોબર છે.

અનુલોમ પ્રતિલોમ લગ્ન : ઉભય કાયદેસર

આપણે ત્યાં કાયદાનું ભારે અજ્ઞાન પ્રવર્તે છે. એમાં પણ ચાલુ કાયદામાં થતા ફેરફારોનો તો બહુ ઓછા લોકોને ખ્યાલ હોય છે. જ્યોતિર્ધરના તા. ૩૦–૧૨–૫૦ ના અંકમાં અનુલોમ તથા પ્રતિલોમ લગ્નસંબંધમાં ૧૯૪૯ ની સાલમાં કરવામાં આવેલ અતિ અગત્યના સુધારાની સમજુતી આપતું શ્રી. હેમેન્દ્ર શાહનું પ્રગટ થયેલું ચર્ચાપત્ર અહિં પ્રબુદ્ધ જૈનના વાચકોને ઉપયોગી થશે એમ સમજીને સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે :—

" થોડા જ વખત ઉપર આપણા પ્રાંતમાં આન્તરજ્ઞાતીય લગ્નો સંબંધે એક વ્યાપક કાયદો બહુ સરળતાથી અને બીલકુલ વિરોધ વિના પસાર થઇ ગયો છે એ ઘણાના જાણવામાં પણ નથી. એ નવા કાયદા મુજબ હિન્દુ સમાજમાં જુદી જુદી જ્ઞાતિઓનાં આન્તર લગ્ન કાયદેસર ગણવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલે અનુલોમ અને પ્રતિલોમ જેવો ભેદ નાબૂદ કરવામાં આવ્યો છે."

આ મુજબ અન્યત્ર પ્રગટ થયેલા લખાણોમાં થયેલા વિધાનમાં સહેજ સુધારો કરવાની જરૂર છે. જે ધારાનો તેમાં ઉલ્લેખ કર્યો છે તેવો ધારો મુંબઇ ધારાસભાએ પસાર કર્યો નથી, પરંતુ હિન્દની મધ્યસ્થ સંઘ પાર્લામેન્ટે ૧૯૪૯ ની ઓકટોબરની બેઠકમાં પસાર કર્યો છે. આ ધારાનું નામ ' હિન્દુ લગ્ન કાયદેસર હોવાનો ધારો, ૧૯૪૯ The Hindu Marriage Validity Act 21 of 1942) એ છે.

આ ધારો સમગ્ર હિંદને લાગુ પડે છે અને તે માત્ર ભવિષ્યમાં જ નહિ પરંતુ ભૂતકાળના પણ આંતરવર્ણીય લગ્નોને રપર્શે છે. અર્થાત તે retrospective છે, અને આ ધારો અમલમાં આવતા પૂર્વે જે આંતરવર્ણીય લગ્નો થઇ ગયેલાં તે બધાને કાયદેસર ઠેરવે છે.

આ ધારો પસાર થતા પૂર્વે આંતરવર્ણીય લગ્નો સંબંધી ધારાકીય સ્થિતિ આમ હતી. હિન્દુ ધારા પ્રમાણે ચાર મુખ્ય વર્ણો. બ્રાહ્મણ સર્વશ્રેષ્ઠ, ત્યારપછી અનુક્રમે ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર. આમાંથી ઉપલા વર્ણનો પુરૂષ નીચલા વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરે તે અનુલોમ લગ્ન કહેવાતા દા. ત. બ્રાહ્મણ વણિકની કન્યા સાથે પરણે. તેથી ઉલટું જે કોઇ ઉતરતા વર્ણનો પુરૂષ ચઢીયાતા વર્ણની કન્યા સાથે પરણે તો તે પ્રતિલોમ લગ્ન કહેવાતાં દા. ત. હરિજન પુરૂષ બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરે (ડો. આંબેડકરે કર્યું તેમ). આખા હિંદમાં અનુલોમ અને પ્રતિલોમ લગ્નો આ નવો ધારો આવતા પૂર્વે, ગેરકાયદેસર હતાં. અત્રે મુંબાઇ રાજ્યની અંદર અનુલોમ લગ્નો કાયદેસર ગણાતાં જો કે પ્રતિલોમ લગ્નો તો ગેરકાયદેસર ગણાતાં જ (મુંબાઇ રાજ્યમાં પ્રવર્તિત હિંદુ ધારો હિંદના બીજા બધા ભાગોમાં પ્રવર્તતા હિંદુ ધારા કરતાં હંમેશાં વધારે પ્રગતિશીલ રહ્યો છે). આ ધારો આવ્યા પછી આ બેઉ ભેદો નાબૂદ થયા છે. અને ગમે તે હિન્દુ (જૈન, બુદ્ધ, બ્રાહ્મણ, ચમાર વિગેરે) ગમે તે હિંદુ સાથે કાયદેસર રીતે હવે લગ્ન કરી શકે છે. પરિણામે જુદા જુદા વર્ણના પુરૂષ સ્ત્રીને લગ્ન કરવા માટે સીવીલ મેરેજ કરવાની જરૂર નથી. બીજું ઉપરના અવતરણમાં જે આંતરજ્ઞાતિય લગ્નો શબ્દ વાપર્યો છે તે મને યોગ્ય લાગતો નથી. આંતરજ્ઞાતીય લગ્નો એક રીતે કાયદેસર હતાં જ. બ્રાહ્મણ વાણિયા વિગેરે પોતપોતાની અનેક પેટા જ્ઞાતિઓમાં અંદર અંદર લગ્ન કરે તો તે કાયદેસર ગણાતાં માત્ર આંતરવર્ણીય લગ્નો ગેરકાયદેસર હતાં. એટલે નવા ધારાથી આંતરવર્ણીય લગ્નોની છૂટ થઇ છે. પણ ઉપરાંત અત્યાર-સુધી સગોત્ર લગ્ન સામે પણ હિંદુ ધારામાં પ્રતિબંધ હતો. આ પ્રતિબંધ પણ સંઘ પાર્લામેન્ટે કરેલા બીજા એક ધારાના પરિણામે નાબુદ થયો છે. હવે સમાન ગોત્ર કે અસમાન વર્ણ હોવાને કારણે કોઇ લગ્ન ધારાકીય દૃષ્ટિએ નિષ્ફળ થઇ શકશે નહિ."

જૈન વિદ્યાર્થીગૃહોમાં રાત્રીભોજન પ્રતિબંધ

જૈન સમાજ હસ્તક ચાલતાં કેટલાએક વિદ્યાર્થીગૃહોમાં રાત્રીભોજન અંગે સખ્ત પ્રતિબંધ પ્રવર્તે છે. જૈન ધર્મની ચિર–પ્રચલિત પરંપરાના કારણે રાત્રીભોજન નિષેધનું ગમે તેટલું મહત્ત્વ હોય પણ આજે ખાસ કરીને મોટા શહેરોમાં વસતા જૈન સમુદાયના ચાલુ જીવનમાં રાત્રીભોજનને લગતો નિયમ પળાતો લગભગ બંધ થયો છે અને એ બાબતનો આગ્રહ છુટી ગયો છે. જે સંસ્થામાં આ નિયમનો સખ્ત આગ્રહ રાખવામાં આવે છે તે સંસ્થાના સંચાલકો પોતે પણ ચાલુ રાત્રીભોજન કરતા હોય છે. આમ હોવાથી આ નિયમનો કશો પણ ધાર્મિક પ્રભાવ વિદ્યાર્થીઓ ઉપર પડતો નથી અને એ નિયમનું પાલન જ્યાં જેટલા પ્રમાણમાં થાય છે ત્યાં એક પ્રકારના અણગમાપૂર્વક થાય છે.

આમ છતાં પણ પૂર્વ પરંપરાને સન્માનીને જે સંસ્થા સૂર્યાસ્ત પહેલાં વિદ્યાર્થીઓને જમાડી લેવાની પ્રથાને વળગી રહેવા માંગતી હોય તે સંસ્થા તેમ ભલે કરે, પણ સાથે સાથે આ ચાલુ નિયમમાં કેટલીક છુટછાટને અવકાશ આપવાનું ગંભીરતાપૂર્વક વિચારે એ અતિ આવશ્યક છે. કેટલીક વખત સંસ્થાના મકાનથી કોલેજ એટલી બધી દૂર હોય છે કે વિદ્યાર્થી ગમે તેટલો પ્રયત્ન કરે પણ વખતસર પહોંચી જ શકતો નથી. આ સંયોગમાં તેને કાં તો ભુખ્યા રહેવું પડે છે અથવા અન્યત્ર રાત્રે ખાવાની ફરજ પડે છે. આવા બીજા પણ લગભગ અનિવાર્ય ગણાય એવા સંયોગ પ્રસ્તુત નિયમને આગે છુટછાટની અપેક્ષા રાખે છે. જૈન વિદ્યાર્થીગૃહોના સંચાલકો આ વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં લે અને તે સંબંધમાં જરૂરી પ્રબંધ કરે એવી વિજ્ઞપ્તિ છે.

પરમાનંદ

'ઉંચો ગઢ ગિરનાર, વાદળથી વાતો કરે'

ગત વર્ષના એપ્રીલ માસની ૨૬મી તારીખે એક કૌટુંબિક લગ્નપ્રસંગે ભાવનગર જવાનું બનેલું લગ્નપ્રસંગ વીત્યા બાદ મે માસની ૨૨મી તારીખે ભાવનગરથી અમે જુનાગઢ ગયા. બીજા દિવસે સવારે અમે ગિરનાર ચઢયા અને ઉપર આઠ દિવસ રહ્યા. ત્યાર બાદ બે ચાર દિવસ જુનાગઢમાં ગાળીને અમે પ્રભાસપાટણ, ઉના, અજરા પાર્શ્વનાથ, દેલવાડા તથા દીવ–આટલાં સ્થળો નિહાળીને જુનાગઢ પાછા ફર્યા, અને ગોંડલ, રાજકોટ, જામનગર તથા અમદાવાદ થઇને જુન માસની ૧૯મી તારીખે મુંબઇ આવી પહોંચ્યા. આ પ્રવાસ અનેક મીઠાં સ્મરણોથી ભરેલો છે. તેમાંથી ગિરનારને લગતાં કેટલાંક સ્મરણો અને માનસિક પ્રત્યાઘાતો શબ્દોમાં આલેખવાનો આ પ્રયત્ન છે.

સૌરાષ્ટ્રના લગભગ મધ્યભાગમાં ગિરનાર આવેલો છે, જેની સમીપમાં જાણીતું જુનાગઢ શહેર વસેલું છે. અમે આગલે દિવસ સાંજે ભાવનગરથી ઉપડેલા તે વહેલી સવારે જેતલસર જંકશન આવ્યું. ત્યાં જ અજવાળું થયું અને એક બાજુ ગિરિરાજ ગિરનારનાં મંગળમય દર્શન થયાં. ટ્રેન ઉપડી અને જેમ જેમ આગળ વધતી ગઇ તેમ તેમ સુકા અને સપાટ પ્રદેશને બદલે વધારે ને વધારે ફળદ્રુપ અને રળિયામણો પ્રદેશ આવવા લાગ્યો. જુનાગઢ પહોંચ્યા અને બીજે દિવસે સવારે ગિરનારની તળેટી તરફ અમે પ્રયાણ શરૂ કર્યું. શહેરથી તળેટી સુધીનો રસ્તો ભારે સુંદર છે. એ માર્ગે પ્રિયદર્શી સમ્રાટ અશોકના સુપ્રસિદ્ધ લેખો આવે છે અને આગળ ચાલતાં ભક્તકવિ નરસિંહ મહેતાનું ચરિત્ર જેની સાથે જોડાયલું છે તે દામોદરકુંડ આવે છે. તળેટી પહોંચ્યાં કે તરત જ પર્વત પરનું આરોહણ શરૂ કર્યું. ચઢાણનો આખો રસ્તો એકસરખા પથ્થરના પગથીઆથી બાંધેલો છે. જેમ જેમ ઉંચે ચઢતાં જઇએ તેમ તેમ આપણે કોઇ ભવ્ય પ્રદેશમાં આગળ વધી રહ્યા છીએ એવો રોમાંચ આપણે અનુભવીએ છીએ. ૩૧૦૦ ફીટની ઉંચાઇએ જૈન ધર્મશાળા અને મંદિરો આવેલાં છે. ગિરનારનું ઉંચામાં ઉંચુ શિખર ગોરખનાથ જેને ચોથી ટુંક તરીકે ઓળખવામાં આવે છે તેની ઉંચાઇ ૩૬૦૦ ફીટ છે. અમે જૈન ધર્મશાળા વટાવીને આગળ ચાલ્યા, થોડું ઉંચે ચઢયા, અને સહેસાવન તરફ ફંટાતા રસ્તા તરફ વળ્યા. એ રસ્તો પ્રારંભમાં લગભગ સીધો છે. આગળ ચાલતાં નીચાણ શરૂ થાય છે એ લગભગમાં બાજુએ 'પથ્થરચેટી' નામની એક જગ્યા આવે છે. ત્યાં અમે પહોંચ્યા. આ અમારૂં મુકરર કરેલું નિવાસસ્થાન હતું. અહિંના સ્વામીજીએ એક મોટો ઓરડો અમારા માટે ખોલી આપ્યો અને ત્યાં અમે ગોઠવાયાં, સ્થિર થયાં. ગિરનાર ઉપરનાં અન્ય વસતિસ્થાનો કરતાં આ સ્થળ વધારે શાન્ત, એકાન્ત અને વિશાળ છે. અહિંથી થોડે દૂર નીચાણમાં સહેસાવન, ભરતવન અને હનુમાનધારા જેવાં ગિરનારનાં વિશિષ્ટ સ્થળો નજરે પડે છે અને અનેક ટેકરા ટેકરીઓની પેલીપાર જેતલસર, જેતપુર આદિ ગામોને વટાવીને દૂર દૂરના ક્ષિતિજ વિભાગ ઉપર આવેલા સપાટ પ્રદેશોને આપણી દૃષ્ટિ સ્પર્શે છે. આ રીતે અમારા ઓરડાની બારીઓમાંથી દૂર દૂર સુધી નજર જઇ શકતી હતી અને અતિ વિસ્તીર્ણ પૃથ્વીતળને સ્પર્શી લેતું ભવ્ય દૃશ્ય અમે ઓરડામાં બેઠાં બેઠાં નિહાળી શકતાં હતાં.

સૌરાષ્ટ્ર સપાટ ભૂમિનો સુકો પ્રદેશ છે એમ ઘણા લોકો માને છે, પણ સૌરાષ્ટ્રનું ભૂમિતળ બારીકાઇથી જે લોકો નિહાળશે તેમને માલુમ પડશે કે આ માન્યતા બરોબર નથી. સૌરાષ્ટ્રનો ½ થી વધારે ભાગ ટેકરાળ છે. આમાં પણ શત્રુંજય અને ગિરનાર એ સૌરાષ્ટ્રનાં બે ભવ્ય ગિરિશૃંગો છે. સૌરાષ્ટ્ર દ્વિપકલ્પ હોઇને ત્રણે બાજુએ અરબ્બી સમુદ્ર પથરાયલો પડયો છે અને તેનો વિસ્તીર્ણ કાંઠાનો પ્રદેશ ખુબ રળિયામણો છે. સૌરાષ્ટ્રનું પૃથ્વીતળ કેટલુંક સુકું અને સપાટ છે પણ જેને સોરઠ કહેવામાં આવે છે અને જેનો અમુક વિભાગ 'લીલી નાઘેર'ના નામથી ઓળખાય છે તે તો ભારે ફળદ્રુપ અને ઝાડપાનથી ભરેલો છે. આ પ્રદેશમાં આપણે જેમ જેમ ફરીએ છીએ તેમ તેમ સૌરાષ્ટ્રના આપણા કલ્પનાચિત્રમાં અનેક નવા રંગો પુરાતા લાગે છે. આમાં પણ ગિરનાર એ તો જાણે હિમગિરિનો નાનો ખંડ–પ્રદેશ ન હોય એવો ભવ્ય અને અદ્‌ભુત ભાસે છે.

જે સ્થળનું સૌન્દર્ય આપણી કલ્પનાને સામાન્યતઃ સુપરિચિત હોય તે સ્થળને આપણે 'સુન્દર' વિશેષણથી વર્ણવીએ છીએ. પણ જે સ્થળનો કુદરતી વૈભવ કલ્પનાતીત હોય અને જે સ્થળનું દર્શન થતાં માત્ર સૌન્દર્યની જ નહિ પણ પરમ વિસ્મયની લાગણી આપણે અનુભવીએ અને આપણું ચિત્ત ન વર્ણવી શકાય એવા કોઇ આનંદરોમાંચને અનુભવવા લાગે અને સાથે સાથે પરબ્રહ્મના ચિન્તન તરફ આપણું મન સહજપણે ઢળે તેવા સ્થળને આપણે 'ભવ્ય' વિશેષણથી વર્ણવીએ છીએ. ગિરનાર આવું એક ભવ્ય સ્થળ છે. તેની અપૂર્વ ભવ્યતાનો શાબ્દિક વર્ણનોથી ખ્યાલ આપવો અત્યન્ત મુશ્કેલ છે.

કુદરતનું દર્શન બે પ્રકારનું હોય છે–સૌમ્ય તથા રૌદ્ર. કેટલાંક સ્થળો ભારે સૌમ્ય લાગે છે અને આપણામાં સ્વસ્થતા–શાન્તિ–ને પ્રેરે છે, તો કેટલાંક સ્થળો ભારે રૌદ્ર ભાસે છે અને આપણને ભયભીત બનાવે છે. કેટલાંક સ્થળોમાં આ બન્ને તત્ત્વનું અદ્‌ભુત સંમીશ્રણ દેખાય છે. વિશ્વની જે કોઇ નિયામક શક્તિ છે તેનું સ્વરૂપ પણ આ રીતે દ્વિવિધ કલ્પનામાં આવે છે. ગિરનારમાં કુદરતનાં આ બન્ને સ્વરૂપો જોવા મળે છે. તળેટીએ પહોંચીએ કે સામે દેખાતો કાળી કાળી શિલાઓનો બનેલો ગિરનાર સૌમ્યભાવ તથા રૌદ્રભાવ – ઉભય પ્રકારની લાગણીઓનો અનુભવ કરાવે છે. જેમ જેમ આગળ ચાલીએ છીએ તેમ તેમ ઝાડપાન ઓછાં થતાં જાય છે અને કેટલોક રસ્તો તો શ્યામવર્ણી શિલાઓમાંથી જ કોરી કોરીને કાઢેલો છે. ચોથી પાંચમી ટુંકનાં શિખરો પણ આવો જ અનુભવ કરાવે છે. જેને 'પાંચમી ટુંક' કહેવામાં આવે છે તે તો કેવળ શિલાઓની બનેલી શંકુ આકારની લગભગ સીધા ચઢાણવાળી ટેકરી, છે. તેની ટોચ ઉપર કેમ કરીને રસ્તો કાઢયો હશે તેની પ્રથમ દર્શને તો કલ્પના જ થઇ શકતી નથી. એ ટોચ ઉપર જઇને ઉભા રહીએ છીએ ત્યારે અલબત્ત આસપાસનું કેટલાયે માઇલો સુધી વિસ્તરતું ભવ્ય દૃશ્ય જોવા મળે છે, પણ એ પાતળી સરખી ટેકરીનું લગભગ ૩૫૦૦ ફીટ ઉંચાઇવાળું શિખર અને ત્યાં વાતી સખત પવનની ઝડીઓ–ત્યાં ઉભા ઉભા આપણને એમ જ લાગે કે આ ટેકરીનું શિખર હમણાં જ ઉથલી પડશે અને આપણે ક્યાંના ક્યાં ફેંકાઇ જઇશું. કુદરતની પારાવાર તાકાત આગળ આપણા માનવીઓનો કોઇ હિસાબ નથી– તેની તાકાત આગળ આપણે એક ક્ષુદ્ર જન્તુથી લેશમાત્ર વિશેષ નથી– આવા સંવેદનની ધારા એ ઘડીએ આપણાં ચિત્તમાં વહેવા લાગે છે અને સહજપણે આપણાથી ઇશ્વરપ્રણત બની જવાય છે.

શત્રુંજયનું સ્મરણ કરતાં ગિરનાર યાદ આવે છે અને ગિરનારનું ચિન્તન કરતાં આબુનું સ્મરણ થાય છે. આબુ ગિરનાર કરતાં ઘણો વધારે વિશાળ પર્વત છે. લગભગ ૩૫૦૦ ફીટ ઉંચાઇએ આબુનો ઘણો મોટો ભાગ સમતળ જેવો છે જ્યાં આબુ કેંપ, નખી તળાવ, દેલવાડાનાં મંદિરો આવેલાં છે તેમજ બીજાં પણ

કેટલાંક નાના મોટાં ગામડાંઓ વસેલાં છે. તેનું ઉચ્ચતમ શિખર–ગુરુશિખર–૫૫૦૦ ફીટની ઉંચાઇએ આવેલ છે. આમ આબુનું ક્ષેત્રફળ એક નાના તાલુકા જેટલું વિશાળ છે. ગિરનારની રચના તદ્દન ભિન્ન પ્રકારની છે. જાણે કે કોઇ વિરાટપુરુષ ઉભો હોય તેવી આસપાસના ભૂમિતળ ઉપર ગિરનારની એક સાથે ૩૫૦૦–૩૬૦૦ ફીટની ઉભારણી છે. કેવળ ચઢાણ, ચઢાણ અને ચઢાણ. જૈન મંદિરો પણ ઉપરનીચે બાંધવામાં આવેલ છે ગિરનારમાં સમતળ પ્રદેશ બહુ જ ઓછો છે. પાછળના ભાગમાં પણ ઉતરાણ અને ચઢાણ એવા ક્રમમાં જ એક પછી એક શિખરોની પરંપરા નજરે પડે છે. પર્વતની આવી વિચિત્ર રચનાના પરિણામે કે ગમે તે કારણે ત્યાંનું વાતાવરણ–શત્રુંજ્ય કે આબુ કરતાં–ઘણું વધારે અસમ–ક્ષુબ્ધ–ચંચળ રહે છે. કુદરતને પ્રકુપિત બનતાં વાર નથી લાગતી. શંકરનું ત્રીજુ લોચન અવારનવાર ઉઘડે છે ને બંધ થાય છે. ચોમાસામાં તો ધુમ્મસના ગાઢ ઘેરાવામાંથી ગિરનાર ભાગ્યે જ ઉંચુ માથું કરી શકે છે. પવનના વાવાઝોડાં એ તો જાણે કે ત્યાંનો નિત્યનો ક્રમ બની ગયો છે. પ્રકૃતિના રૂદ્ર સ્વરૂપનું અવારનવાર દર્શન થયા જ કરે છે. કુદરતે પ્રાકૃતિક તાંડવો માટે ગિરનારને ખાસ પસંદ કર્યું હોય એમ લાગે છે. ગિરનાર–જેવો ભવ્ય અને ભીષણ છે તેવી જ રીતે ત્યાંની કુદરત પણ ભવ્ય તેમજ ભીષણ સ્વરૂપો ક્રમસર પ્રગટ કરતી રહે છે.

સવારના પહોરમાં સાધારણ રીતે ગિરનારનો ઉપરનો ભાગ ધુમ્મસથી અને વાદળાંઓથી ગાઢપણે ઢંકાયલો રહે છે. ધુમ્મસના ચાલુ આવરણ–અનાવરણને લીધે ગિરનાર ભારે કાવ્યમય બની જાય છે. ઘણી વખત આ ધુમ્મસનું આક્રમણ બહુ ઘટ્ટ અને વેગવાન હોય છે. સાંજ પડે અને સૂર્યાસ્ત હજુ થયો ન થયો ત્યાં તો ધુમ્મસ અને વાદળાનો ઘેરો એકાએક શરૂ થાય છે અને આખી રાત સમસ્ત પ્રદેશ ઉપર ધુમ્મસ ગાઢપણે છવાયલું રહે છે. અમે ગિરનાર શુક્લપક્ષના પ્રારંભમાં ગયેલા અને ગિરનાર ઉપર ચાંદની ખુબ માણીશું એ આશાએ પુનમ સુધી ઉપર રોકાવાનો નિરધાર કરેલો, પણ અમે ગિરનાર ગયા એ ગ્રિષ્મ અને વર્ષાના સંધિકાળની ઋતુ હતી. એટલે એ દિવસોમાં વાદળ, વાવાઝોડાં અને ધુમ્મસનાં આક્રમણોની પરંપરા ચાલ્યાજ કરતી હતી. આ જ કારણે પાછળના દિવસોમાં ધુમ્મસનું જોર વધતું જ ચાલ્યું. તેરસ, ચૌદશ, પુનમ–ત્રણે દિવસ સાંજ પડે અને ન હોય ત્યાંથી વાદળાં અને ધુમ્મસના ઢગના ઢગ ગિરનારના શિખર વિભાગ આસપાસ ઘેરો ઘાલે અને એ ઘેરામાંથી સવારના આઠ નવ વાગ્યા સુધી ગિરનારનો છુટકારો ન થાય. પરિણામે પાછળના દિવસોમાં ચાંદની માણવાની અમારી મુરાદ અતૃપ્ત જ રહી ગઇ. બાકી સવારના ભાગમાં અંદર અંદર પાંચ પ્રુટથી પણ આગળ જોઇ ન શકાય એવા ગાઢ ધુમ્મસથી આક્રાન્ત ગિરિપ્રદેશોમાં પરિભ્રમણ કરવાનો જે આનંદ આવે છે તે કોઇ જુદો જ હોય છે. ગિરનારમાં ગૌમુખી ગંગાથી સહેસાવન જવાનો જે રસ્તો જુદો પડે છે તે ઉપરથી પસાર થતાં એક બાજુએ જૈન મંદિરો દેખાય છે અને નીચે દૂર જુનાગઢ શહેર અને આસપાસનો પ્રદેશ નજરે પડે છે. ધુમ્મસનું જ્યારે જોર હોય ત્યારે ઘડિમાં આસપાસ નીચે ઉપર સર્વ કાંઇ દેખાતું બંધ થાય છે તો વળી ઘડિમાં ધુમસ એકાએક ઓસરી જાય છે અને મંદિરો, તળેટી, જુનાગઢ શહેર અને એથી પણ આગળના પ્રદેશો એકાએક આપણને દૃષ્ટિગોચર થવા લાગે છે. આમ ધુમ્મસના આવરણ અને અનાવરણની જે પરંપરા ચાલે છે તે મનોમય ભૂમિકામાં રહેતા અને તેથી ઉપરની ભૂમિકામાં અવારનવાર પ્રવેશ કરતા જીવાત્માને પરમ તત્ત્વના–પરમાત્મસ્વરૂપના–પરબ્રહ્મના–ગોપન અગોપનનો કેવો અનુભવ થતો હશે તેનો કંઇક ખ્યાલ આપે છે. ધુમ્મસ પર્વતનો ખરેખર સ્વાભાવિક શણગાર છે. એ વિનાનો પર્વત તારા વિનાની રાત્રી જેવો, દાઢી વિનાના જોગી જેવો, ઉણો–અધુરો લાગે છે.

ગિરનારમાં અમે જ્યાં રહેતા હતા ત્યાં સામે જ એક બાજુએ પૂર્વ દિશા આવેલી હોઇને અમને હંમેશાં અદ્‌ભૂત સૂર્યોદય જોવા મળતો. ઘણી વખત પ્રાતઃકાળ થાય અને દૂર દૂરથી સફેદ વાદળોના ઢગના ઢગ શ્રેણીબંધ ચાલી આવતા અને પૂર્વ દિશા તરફ વહી જતા જોવામાં આવતા. નીચેની ખીણ વાદળોથી ઢંકાઇ જાય; કેટલાંક વાદળો આસપાસના ટેકરટેકરી ઉપર આળોટતાં આળોટતાં સ્થિર થઇ જાય; ધીમે ધીમે નીચેના સમસ્ત પ્રદેશ ઉપર રૂના પોલ જેવા વાદળાઓ ગાઢપણે છવાઇ જાય. અરુણોદય થઇ ચુકયો હોય અને પૂર્વાકાશ લાલ બનતું જતું હોય એવામાં દૂર દૂર ક્ષિતિજ ઉપર સૂર્યબિંબની આછી રેખા નજરે પડે અને ધીમે ધીમે સૂર્ય વાદળના પડમાંથી ઉંચે આવતો દેખાય. જેમ જેમ સૂર્ય ઉંચે આવે તેમ તેમ તેમાંથી કિરણો છુટવા લાગે, ફેલાવા લાગે, અને આસપાસ પથરાયલી વાદળની બીછાતને રંગ બેરંગી બનાવવા માંડે. આ રીતે નિર્માણ પામતા અનુપમ દૃષ્યને અમે એકીટશે નિહાળી રહેતા અને અવર્ણનીય આલ્હાદ અનુભવતા.

હિમાલયમાં કલકત્તાની ઉત્તરે આવેલું દારજીલીંગ હવા ખાવાનું મશહુર ઠેકાણું છે. ત્યાંથી કંચનગંગાનું શિખર હંમેશાં દેખાય છે. કહેવાય છે કે દારજીલીંગથી થોડેક દૂર ટાઇગર્સ હીલ નામની એક ટેકરી છે. આ ટેકરીની ટોચ ઉપર દુનિયામાં અનન્ય એવો રંગ-બેરંગી સૂર્યોદય જોવા મળે છે. આ માટે પ્રવાસીઓ વહેલી સવારના ઉઠીને આ સ્થળે પહોંચે છે અને આ સુપ્રસિદ્ધ મહિમાવાળો સૂર્યોદય નિહાળવાની તક શોધે છે. જો આકાશ નિર્મળ હોય તો જ પ્રવાસીઓને આમાં સફળતા મળે છે. આ સ્થળ લગભગ ૧૦૦૦૦ ફીટની ઉંચાઇએ આવેલ છે. નીચેની બધી ખીણો અને દૂર દૂરના સમતળ પ્રદેશો વાદળોના ઢગથી ખીચોખીચ ભરાઇ જાય છે, જેથી દૃષ્ય જગત્ કેવળ વાદળોનું જ બનેલું હોય એવો ભાસ થાય છે. સામે પૂર્વાકાશમાં નિર્મળ સૂર્યબિંબ ઉંચે આવે છે અને કિરણ વર્ષા વરસાવવા માંડે છે. આને લીધે સમસ્ત પ્રદેશ ઉપર કોઇ અજબ રંગલીલાની જમાવટ થાય છે, સ્થળે સ્થળે શ્વેતરંગ-માંથી મેઘધનુષ્યના સાત સાત રંગો ફૂટવા લાગે છે અને પળે પળે આખું દૃષ્ય પલટાતું ભાસે છે. આવું એ અપૂર્વ સૂર્યોદયનું વર્ણન સાંભળેલું તેની કાંઇક ઝાંખી અહિંના ભવ્ય સૂર્યોદય સમયે થઇ રહી છે એમ મને લાગતું. આ સૂર્યોદયની ભાત દિવસાનુદિવસ પલટાયા કરતી અને હંમેશાં અવનવાં કાવ્યો રચાયે જતાં અને તેની મોહકતામાં, વિલક્ષણતામાં, નિત્યનૂતનતામાં કદિ પણ ઘટાડો થતો નહિં.

અપૂર્ણ. **પરમાનંદ**

સાભાર સ્વીકાર

મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિ વિરચિત **યોગ દૃષ્ટિ સમુચ્ચય** સવિવેચન અવલોકન માટે મળ્યું છે. તે ગ્રંથનું વિવેચન ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ કર્યું છે. તેના પ્રકાશક શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા છે. તેનું મૂલ્ય રૂા. ૬) છે. મળવાનું ઠેકાણું : શ્રી મનઃસુખલાલ તારાચંદ મહેતા, નેશ્યુન બીલ્ડીંગ, હોર્નબી રોડ, મુંબઇ ૧.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુમંકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. ન. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨૧

મુંબઈ : ૧ માર્ચ ૧૯૫૧ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'ગરવો ગઢ ગિરનાર વાદળથી વાતો કરે!'

(ગતાંકથી ચાલુ)

આવી જ રીતે સાંજકાળે પણ એટલો જ ભવ્ય સૂર્યાસ્ત જોવા અમે ભાગ્યશાળી થતા. ગિરનારના જે વિભાગમાં જૈન મંદિર, ગૌમુખી ગંગા અને નાનાં મોટાં વનસ્પતિસ્થાનો છે તે સમગ્ર વિભાગ પશ્ચિમાભિમુખ છે. એટલે સાંજના કોઇ પણ બાજુએ ફરતા ફરતા કે બેઠા બેઠા અમે આથમતા સૂર્યને નિહાળી શકતા હતા. ઉનાળામાં આથમતો સૂર્ય જ્યાં ક્ષિતિજ અને આકાશ એકઠા થાય છે ઠેઠ ત્યાં સુધી સાધારણ રીતે નીચે ઉતરતો નથી પણ ફીકું ક્ષીણતેજ બનતું બનતું ધુળિધુસર સૂર્યબિંબ પશ્ચિમાકાશના ઉપરના ભાગમાં જ ઘણું ખરૂં અલોપ થઇ જાય છે. આ અસ્તધડિએ આખું દૃષ્ય જગત જાણે કે સ્થિર થઇ ગયું ન હોય તેમ વિલક્ષણ સ્તબ્ધતાને ધારણ કરે છે અને ધીમે ધીમે ઓસરતો જતો પ્રકાશ અને સંકેલાતો જતો સૂર્યપ્રભાવ માનવી માત્રના દિલમાં એક પ્રકારનો નિર્વેદ અને વિચારગાંભીર્ય પેદા કરે છે. જ્યારે ઉંચેના ગિરિવિભાગો હજુ સૂર્યપ્રકાશે ઉજ્જવળ હોય છે ત્યારે નીચેની ખીણના વિભાગોમાં અંધકારતિમિર પથરાઇ ચુકયું હોય છે અને રાત્રીનો પ્રારંભ થઇ ચુકયો હોય છે. આથમતા સૂર્યના આતપને લીધે દૂર દૂરનાં નદીનાળાં ચળકવા લાગે છે, અને કંઇ કંઇ ઠેકાણેથી ધૂમ્રશિખાઓ ઉંચે આકાશ તરફ વહી રહેલી નજરે પડે છે. સાંયકાળે નીચે સામે પથરાયલા જુનાગઢ શહેરની ભવ્યતા કોઇ જુદા જ પ્રકારની લાગે છે. આખરે સૂર્ય અસ્તાચલ થાય છે, રજનીનું શાસન પ્રવર્તમાન થાય છે, આકાશમાં તારાઓ ચળકવા લાગે છે, અને સામેના શહેરમાં વીજળીની દીપમાળા પ્રગટી ઉઠે છે. આવી રીતે ગિરનાર ઉપરથી સૂર્યાસ્ત સમયે અમે અવનવી રંગલીલા નિહાળતા અને પ્રકાશમાંથી તિમિરમાં સંક્રાન્ત કરતી સંધ્યાનું મુગ્ધભાવે અર્ચન કરતા.

શરૂઆતના દિવસોમાં રાત્રીના સમયે આકાશ સ્વચ્છ રહેતું, ચંદ્રની કળા ઉત્તરોત્તર વધ્યે જતી; અને ચોતરફ પથરાયલી ચાંદનીને લીધે સર્વ કાંઇ અત્યન્ત હૃદયંગમ લાગતું. આને લીધે પર્વતના રૂક્ષ ભાગો પણ અનેરી સૌમ્યતા ધારણ કરતા. ઋતુ ઉનાળાની હતી એટલે આટલો ઉંચો પ્રદેશ ઠંડો હોવા છતાં પણ ઠંડી સુસહ્ય હતી અને તેથી બાજુની અગાસીમાં સ્વસ્થપણે બેસી શકાતું હતું અને ચાંદની યથેચ્છપણે માણી શકાતી હતી. કદિ કદિ સ્વચ્છ આકાશમાં શ્વેત વાદળની આછી તેમ જ ઘટ્ટ શ્રેણીઓ ચાલી આવતી, ચંદ્રબિંબને બે પાંચ ક્ષણ ઢાંકી દેતી અને આગળ ચાલી જતી અમારી નજરે પડતી. કોઇ કોઇ વાર ન વાદળ કહેવાય, ન ધુમ્મસ કહેવાય—એવી આછી સફેદ વાદળી જાણે કે જાળીવાળું ઉત્તરીય વસ્ત્ર યા ચાદર ન હોય તેમ ચંદ્રબિંબને આવરી લેતી અને એકાએક ચંદ્રબિંબની આસપાસ નાનું સરખું શ્વેત ભામંડળ નિર્માણ થતું અને તેની આસપાસ મેઘધનુષ્યનાં અવનવાં ચક્રો રચાતા. જેવી રીતે શનીની આસપાસ તેજચક્રો ફરે છે તેવી રીતે મેઘધનુષ્યનાં આ ચક્રો ભામંડળયુકત ચંદ્રબિંબની આસપાસ ફરી રહ્યાં હોય એવો ભાસ થતો. અમારા માટે આ દૃષ્ય અપૂર્વ હતું. અમે જોઇએ, જોઇએ અને મોહીએ એવામાં તો વાદળનું આછું આવરણ સરકી જાય અને તે સાથે એ મેઘધનુષ્યનાં ચક્રો અને પેલું શ્વેત ભામંડળ પણ અલોપ થઇ જાય. આમ આછાં વાદળો આવતાં જાય, ભામંડળ અને મેઘધનુષ્યનાં ચક્રો સરજાતાં જાય અને વાદળાંઓ પાછા ખસતાં જાય અને રંગબેરંગી રચના લોપાતી જાય અને ચંદ્ર પાછો હતો તેવો ને તેવો સૂળ સ્વરૂપે દેખાતો જાય. આમ ચંદ્રના બે સ્વરૂપો દેખાતાં. એક ભામંડળ અને મેઘધનુષ્યનાં વર્તુલોથી વિરાજિત ચંદ્ર—અને આ સ્વરૂપ બે ઘડિ તો એવું સ્થિર અને સુપ્રતિષ્ઠિત બનતું કે ચંદ્રનું આ જ વાસ્તવિક સ્વરૂપ છે એમ લાગતું અને તરતમાં જ આ સોળે શણગાર અલોપ થઇ જતા અને ચંદ્રમા શુદ્ધ દિગંબર સ્વરૂપે પ્રગટ થતો. આમાંનું કયું સ્વરૂપ સાચું અને કયું સ્વરૂપ ખોટું એવો બે ઘડિ ભ્રમ થઇ આવતો. ઉપર વર્ણવેલું દૃષ્ય ડોક દુખવા આવી અને આંખો થાકી ત્યાં સુધી અમે જોયા જ કર્યું. આજે પણ એ અદ્‌ભુત દૃષ્યનું સ્મરણ રોમાંચિત કરે છે અને ફરીથી ગિરનાર જવાની ઉત્કંઠા પેદા કરે છે.

સાધારણ રીતે ગિરનારમાં રાત્રિ પડે એટલે કોઇ બહાર ન નીકળે. પહેલાં તો હિંસક પશુઓનો ભય રહેતો. પણ એવો કોઇ ભય હવે ત્યાં છે જ નહિ. હવે તો પહેલી ટુંક આગળની દુકાનો અને હોટેલો રાત્રીના મોડે સુધી ઉઘાડી રહે છે. આ વખતે એક દિવસ ગિરનારની ટોચ ઉપર આવેલાં અંબાજીના મંદિરના ઝરૂખા ઉપરથી ચાંદનીમાં આસપાસનું દૃષ્ય કેવું લાગતું હશે તે વિષે દિલમાં ઉત્કંઠા પેદા થઇ, સાંજ પડી, અંધારૂં થયું, રજની સુપ્રતિષ્ઠિત થઇ અને અમે પથ્થરચેટીથી ઉપડયા. ચંદ્રપ્રકાશની ધવળછાયા આખા પ્રદેશ ઉપર પથરાઇ ચુકી હતી. રાત્રીના સાડા આઠ લગભગ અંબાજી પહોંચ્યા, અને ત્યાં કેટલાય મોટા ભૌગોલિક વિસ્તારને આવરી લેતું દૃષ્ય નિરખી નિરખીને જોયું. વિવિધવર્ણી વસુંધરા કૌમુદીના ધવળ આવરણ વડે આચ્છાદિત થઇ રહી હતી. માણસોનો અવરજવર તદ્દન બંધ થયો હતો. નિરવ શાન્તિનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. શિતળ પવનની લહરીઓનો સુસવાટ ચાલ્યા કરતો હતો અને ગ્રિષ્મ ઋતુમાં શિશિરની ચમકનો અનુભવ કરાવતો હતો. સમીપમાં જૈન મંદિરોનાં સુધાધવળ પ્રાસાદો દૃષ્ટિગોચર થઇ રહ્યાં હતાં. સામે દૂર જુનાગઢ શહેરની દીપમાળાઓ નિહાળીને આંખો પ્રસન્નતા અનુભતી હતી. પેલા દીવા ઘોરાજીનાં, પેલું જેતલસર અને એની આગળ પ્રકાશિત દેખાય છે તે જેતપુર, બાજુએ સહેસાવનમાં તાજેતરમાં બંધાયલું ધર્મશાળાનું સફેદ મકાન, પાછળના ભાગમાં ગોરખનાથ અને દત્તાત્રેયનાં શિખરો, એક બાજુએ દાતારનો ડુંગર—આમ અનુમાન અને કલ્પના વડે ભિન્નભિન્ન સ્થળો અને સ્થાનકો અમારી આંખો તારવતી. આંખા પ્રદેશ ઉપર ચાંદની છવાઇ રહી હતી અને તેને

લીધે આખું દૃશ્ય અદ્‌ભુત સૌન્દર્યને ધારણ કરી રહ્યું હતું અને ન ઉકેલી શકાય એવી ગૂઢતાનો અનુભવ કરાવતું હતું. નવ વાગ્યા બાદ અમે ત્યાંથી પાછા ફર્યા. ચાંદનીના પ્રકાશમાં પગથીયા તારવવા મુશ્કેલ પડતા હતા, આમ છતાં કોઇને કશી અગવડ ન આવી અને આનંદ અને વિસ્મયથી પુલકિત બનેલા હૃદયે અમે અમારા નિવાસસ્થાને પહોંચી ગયા.

અમે ગિરનાર ગયા તે સમય ગ્રિષ્મની આખરનો હતો એમ છતાં આટલી ઉંચાઇ અને સતત ફરકયા કરતી પવનલહરિઓને લીધે ગરમી બીલકુલ લાગતી નહોતી. કદિ કદિ પવનનું જોર વધતું હતું અને વાયુના રૂદ્ર સ્વરૂપનો અમને અવારનવાર ઠીક ઠીક અનુભવ થતો હતો. એક દિવસ આખી રાત પવન એટલા બધા જોસથી ફુંકાઇ રહ્યો હતો કે જે મકાનમાં અમે સુતા હતા તે મકાન તો પાયામાંથી ઉખડી જશે એટલું જ નહિ પણ રખેને આખો ગિરનાર ડગમગી નહિ જાય એવી ભીતિ મનમાં ફરકી જતી હતી. સામાન્યતઃ સતત ફુંકાતા પવનને લીધે પર્વતની વનરાજિઓ ગાજ્યા જ કરતી હતી અને રાત્રીના ખાસ કરીને આ સતત ગુંજતું વાયુપ્રયોજિત સંગીત દિલને અવનવા તરંગોવડે ડોલાવ્યા કરતું હતું અને ચિત્તને કલ્પનાના ચગડોળે ચડાવીને આમતેમ ઘુમાવતું હતું. ગિરનાર ભર ઉનાળે પણ લીલોછમ દેખાય છે, કારણ કે ત્યાં અવારનવાર જે ઘુમ્મસ છવાઇ રહે છે તે જળબિન્દુઓથી ભરેલી હોય છે. આપણે ઘુમ્મસ વચ્ચે થોડું ચાલીએ કે આપણાં કપડાં ભીનાં થતાં લાગે છે અને ઉઘાડા માથે ભટકતા હોઇએ તો માથા ઉપરથી પાણીનાં ટીપાં ટપકવા માંડે છે, આવા સતત જળસીંચનના કારણે ગિરનારનાં ઝાડપાન તાજાં અને લીલાં રહે છે અને શ્યામવર્ણી શિલાઓમાંથી જ્યાં ત્યાં કુમળા છોડો ડોકિયાં કરતાં દેખાય છે. ગિરનારની ટળેટીનો પ્રદેશ તો વનસ્પતિથી–વૃક્ષરાજિઓથી–ભરેલો છે જ. પણ ઉપરના ભાગમાં પણ ચોતરફ છુટાં છવાયાં ઉપવનો ગિરનારની શોભામાં ખુબ વૃધ્ધિ કરી રહ્યા છે. ગિરનારની પૂર્વ બાજુએ બે જણીતાં ઉપવનો છે. એકનું નામ સહેસાવન, બીજાનું નામ ભરતવન. સહેસાવન નાનું છે; ભરતવન ઘણું મોટું છે. સહેસાવનમાં એક રામમંદિર છે. જૈનોના ૨૨ મા તીર્થંકર ભગવાન નેમનાથને આ સ્થળે કેવળજ્ઞાન થયેલું એવી માન્યતા પ્રવર્તે છે અને તેથી ગિરનારની યાત્રાએ આવતા જૈનો સહેસાવન સુધી આવ્યા વિના રહેતા નથી. ભરતવન સાથે રામચંદ્રજીના નાનાભાઇ રાજા ભરતની કથા જોડાયલી છે. અહિં જાત જાતનાં વૃક્ષો જોવામાં આવે છે, જેમાં કેટલાંક તો બહુ જ ઉંચા છે. આ પ્રદેશમાં વાંદરાઓની વસ્તી બહુ સારા પ્રમાણમાં છે. ભરતવનનું જંગલ બહુ ગાઢ અને વિશાળ છે. વનમાં દાખલ થયા એટલે પછી તડકાનું નામનિશાન ન મળે. અહિં પણ એક રામમંદિર છે અને પાણીનો મોટો કુવો છે, જેમાં ઉપરથી વહેતા ઝરણાઓનાં પાણીનો પુષ્કળ સંચય થાય છે. અહિં મંદિરના ઉપાસકો સ્થાયીપણે રહે છે અને યાત્રાળુઓ પણ રહી શકે એવી ખાવાપીવા વગેરેની સગવડ છે. અહિં આવતાં. પર્વતની સર્વ રૂક્ષતા અલોપ થઇ જાય છે અને લીલીછમ વનશ્રીનાં મધુર દર્શન થાય છે, તેમ જ ગાઢ શાન્તિનો અનુભવ થાય છે. અહિંના શીતળ–પ્રસન્ન વાતાવરણમાં પ્રવેશ કર્યા પછી ખસવાનું મન જ થતું નથી.

ભરતવનમાં એક આંબો છે. તેને પોલો આંબો કહેવામાં આવે છે. કારણ કે તેનું થડ ઉપરનું થડ પોલું અને ખુલ્લું છે. આ પોલાણના ઉપરના ભાગમાંથી આંબાનો રસ ટપકયા કરે છે અને નીચે તળીયે આ રસના મીશ્રણવાળું પાણી એકઠું થયેલું નજરે પડે છે. આ પાણીનું સ્વરૂપ કોઇ લાલ રસાયણ જેવું હોય છે. તેના અનુપાનથી દમ મટે છે એવી ત્યાં માન્યતા પ્રવર્તે છે.

ભરતવનમાં થોડે આગળ ચાલતાં ડાળાડાંખળાની બાંધેલી એક પણકુટિ નજરે પડે છે. ત્યાં એક બાવો રહેતો હતો. તેને ઉપર જણાવેલ પોલો આંબો બતાવવા અમે વિનંતિ કરી. તે અમને તે સ્થળે લઇ ગયો. પોલો આંબો જોઇને પાછા આવ્યા અને તે બાવાજીની ઝુંપડી આગળ અમે થોડો આરામ લેવા બેઠા. બાવાજી ઝુંપડીમાં બેઠા બેઠા ચલમ પીતા હતા; સામે ધુણીમાં એક બે લાકડાં ધખતાં હતાં. બાજુએ એકતારો પડયો હતો. બાવાજીને અમે ભજન સંભળાવવા વિજ્ઞપ્તિ કરી અને તેમણે એકતારા સાથે સુર મેળવીને બે ત્રણ ભજનો સંભળાવ્યા. આ ઝુંપડીના દીદાર એવા હતા કે ચોમાસામાં વરસાદ સામે તે કશું પણ રક્ષણ આપી ન શકે. એમને પૂછ્યું કે "ચોમાસામાં અહિં કેવી રીતે રહેશો?" તો તે કહે કે "ઇશ્વર સંભાળી લેશે. આ ઝુંપડી જેમ કોઇએ બાંધી આપી છે તેમ કોઇ આવીને ચોમાસા પહેલાં સરખી કરી આપશે." "અહિં તમારા ખાવા પીવાની શું વ્યવસ્થા?" તો કહે કે "આટલાં વર્ષ ઇશ્વરે મોકલી આપ્યું છે. અને તે જ મને જોઇતું મોકલી આપે છે." શરીરની જર્જરિત અવસ્થા, નિષ્કિંચન પરિસ્થિતિ, બેબો કર્યા કરે એવું નબળુ શરીર છતાં ઇશ્વરમાં તેને કેવી અટલ શ્રધ્ધા! આ જોઇને આપણને ભારે વિસ્મય થાય. તેણે ભજન સંભળાવ્યા તેમાં સંગીતની દૃષ્ટિએ કોઇ ખાસ વિશેષતા નહોતી પણ તેણે જે ગાયું તેની સાથે તેની પુરી તન્મયતા હતી અને તેનો એકતારો આ તન્મયતામાં સુન્દર પુરવણી કરતો હતો. આમ અમારી ઇચ્છાઓ પુરી કરવા છતાં તે નથી યાચના કરતો કે નથી જરા પણ દીનતા બતાવતો. તેને તમે કાંઇ આપ્યું તો ઠીક, ન આપ્યું તો પણ 'ભગવાન તેરા ભલા કરેગા!' એવા સમભાવપૂર્વક એનું જીવન વહ્યે જાય છે, અને ભગવાનનું ભજન ચાહ્યા કરે છે. તેને જીવનનો મોહ નથી, મૃત્યુનો ભય નથી.

(અપૂર્ણ) પરમાનંદ

પ્રકીર્ણ સમાચાર

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું અધિવેશન

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું ૧૦ મું અધિવેશન માર્ચ માસની તારીખ ૨૫-૨૬ (ફાગણ વદી ૨-૩)ના રોજ જુનાગઢમાંતે મળનાર છે. સ્વાગત સમિતિના પ્રમુખ જામનગરનિવાસી શેઠ સૂરચંદ પુરૂષોત્તમ તંબોળી છે અને અધિવેશનના પ્રમુખ તરીકે શેઠ કાંતિલાલ ઇશ્વરલાલની ચુંટણી કરવામાં આવી છે.

સાથે સાથે તારીખ ૨૭-૩-૫૧ના રોજ જૈન મહિલા પરિષદ પણ મળશે, અને તેનું પ્રમુખસ્થાન શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ શોભાવશે.

ભારત જૈન મહામન્ડળનું અધિવેશન

ભારત જૈન મહામન્ડળનું ૩૧મું અધિવેશન 'મૂરાર' (ગ્વાલીઅર) ખાતે માર્ચના બીજા અઠવાડીઆમાં ભરવામાં આવનાર છે. આ અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીમાન્ શાંતિપ્રસાદજી જૈનની ચુંટણી કરવામાં આવી છે. આ અધિવેશન ઉપર રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદજી હાજરી આપે એનો સંભવ છે.

ભારત જૈન મહામંડળનાં પ્રકાશનો

ભારત જૈન મહામંડળ તરફથી સમયોચિત સાહિત્ય પ્રગટ થતું રહે છે. અને તેની કીમત સાધારણ રીતે બહુ ઓછી રાખવામાં આવે છે. આગામી મહાવીર જયંતિને અનુલક્ષીને ચલ કીમતમાં નીચે મુજબ લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જે સજ્જન તારીખ ૧૦ માર્ચથી ૧૫ એપ્રીલ સુધીમાં પહેલાથી રકમ મોકલી આપશે તેને ૨૫ ટકા કમીશન આપવામાં આવશે.

નીચે આપેલ યાદી મુજબના બધા પુસ્તક જે મંગાવશે તેની પાસેથી પોસ્ટે જ ખર્ચ પણ લેવામાં આવશે નહિ.

૧. પ્યારે રાજા બેટા (ભાગ–૧)	૦–૧૦–૦
૨. ,, ,, ,, (ભાગ–૨)	૦–૧૦–૦
૩. જીવન ઝોહરી (જમનાલાલજી જજાજ)	૧—૪–૦
૪. ગીતા પ્રવચનો (મરાઠી)	૧—૮–૦
૫. મહાવીર વાણી	૧–૧૨–૦
૬. મણિભદ્ર	૧—૪–૦
૭. સમાજ ઔર જીવન	૧—૦–૦
૮. ધર્મ ઔર સંસ્કૃતિ	૧—૪–૦
૯. ઉજ્જ્વલ પ્રવચન	૦–૧૦–૦
૧૦. જો સન્તોને કહા	૦—૪–૦
૧૧. બુદ્ધ ઔર મહાવીર તથા દો ભાષણ	૧—૦–૦

જૈન સિદ્ધાન્તના તંત્રીની અક્ષમ્ય ધૃષ્ટતા

મુંબઇ શહેરમાં પાંચેક વર્ષ થયા 'જૈન સિદ્ધાન્ત સભા' એ નામની એક સંસ્થા સ્થાપવામાં આવી છે અને એ સંસ્થા તરફથી 'જૈન સિદ્ધાન્ત' નામનું એક માસિક કાઢવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થા તરફથી કેટલાક સમયથી દર વર્ષે એક નિબંધ હરીફાઇ યોજવામાં આવે છે. આ મુજબ ગયા વર્ષના જુન માસમાં એક ઇનામી હરીફાઇ જહાર પાડવામાં આવી હતી. આ હરીફાઇ માટે 'જૈન દૃષ્ટિ એટલે વિશ્વ દૃષ્ટિ' એ વિષય ઉપર જૈન વિદ્વાનો, વિચારકો તેમજ લેખકો પાસે નિબંધની માંગણી કરવામાં આવી હતી. આ હરીફાઇમાં ૮૦ ટકા માર્ક મેળવનારને રૂ. ૧૨૫, ૬૦ ટકા માર્ક મેળવનારને રૂ. ૮૦ તથા ૫૦ ટકા માર્ક મેળવનારને રૂ. ૬૦ અને ૪૦ ટકાથી વધારે માર્ક મેળવનાર બાકીના હરીફોને વહેંચવાના રૂ. ૧૦૦ એમ જાહેરાત કરવામાં આવી હતી.

આ હરીફાઇમાં માંડલવાસી શ્રી રતિલાલ મફાભાઇ શાહ ઉતર્યા હતા અને એકસરસાઇઝ બુકના ૧૫૩ પાનાં જેટલો લાંબો લેખ તેમણે લખી મોકલ્યો હતો. એ લેખ હરીફાઇમાં રજુ કરવામાં આવ્યો તે પહેલાં શ્રી. રતિલાલ શાહે મારી ઉપર મોકલ્યો હતો અને હું તે લેખ આખો વાંચી ગયો હતો. આ લેખદ્વારા એમ પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે જૈન ધર્મ આજના વિશ્વની અનેક વિકટ સમસ્યાઓનો ઉકેલ શોધી આપવાનું સામર્થ્ય ધરાવે છે અને દુનિયાના અન્ય ધર્મો સાથે સરખાવતાં ગુણવત્તાની દૃષ્ટિએ તેમ જ વિશાળતાના કારણે આજનો વિશ્વ ધર્મ બનવાની સૌથી વધારે યોગ્યતા ધરાવે છે.

શ્રી રતિલાલ મફાભાઇ શાહ કેટલાંય વર્ષથી એક શિક્ષક તરીકે માંડલની રાષ્ટ્રીય શાળામાં નોકરી કરે છે. તેઓ આમ તો સ્વતંત્ર વિચારક છે એમ છતાં પણ એક ચુસ્ત ગાંધીવાદી તરીકે તેમને ઓળખાવી શકાય. નોકરી સિવાયનો સમય તેઓ કાંતણ વાંચન અને મનનમાં ગાળે છે, અને ત્યાંની ઉગતી પ્રજાના એક માર્ગદર્શક મિત્ર જેવું સ્થાન તેઓ ધરાવે છે. આ ઉપરાંત જૈન ધર્મના તેઓ ભારે અનુરાગી છે, અને કોઇ પણ પ્રકારના ક્રિયાકાંડ પ્રત્યે તેમને લેશ માત્ર આકર્ષણ નથી એમ છતાં પણ તેમની રહેણી કરણી, આચારવિચાર એક આદર્શ જૈનને શોભાવે એવા છે. માંડલ જેવા દૂર ખુણે બેઠા બેઠા જે કાંઇ શક્ય અને સુલભ હોય તેવું ધર્મસાહિત્ય તેમ જ તત્ત્વસાહિત્ય તેઓ વાંચે છે, વિચારે છે અને પચાવે છે, તેમનું ચિન્તન તર્કપ્રધાન છે અને અનેક પ્રકારના પૂર્વાભિનિવેશોથી મુક્ત રહીને તેઓ તાત્વિક પ્રશ્નોની વિચારણા કરે છે અને આજના સામયિકોમાં અવારનવાર ચર્ચે છે. પ્રબુદ્ધ જૈનમાં તેમના અનેક લેખો છુટા છવાયા પ્રગટ થયા છે. અખંડાનંદમાં પણ તેમના લેખો અવારનવાર જોવામાં આવે છે. 'ત્રિશલાનંદન મહાવીર' એ નામનું એક સંક્ષિપ્ત ચરિત્ર 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' તરફથી હજુ થોડા સમય પહેલાં જહાર પાડવામાં આવ્યું છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કેટલાક સમય પહેલાં યોજવામાં આવેલ નિબંધ હરીફાઇમાં તેમને બીજું ઇનામ મળ્યું હતું. 'સ્યાદ્વાદ' એ વિષય ઉપર થોડા વખત પહેલાં ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા તરફથી યોજાયેલ નિબંધ-હરીફાઇમાં તેમનો નિબંધ ઉંચી કોટિનો લેખાયો હતો. હું ચાર કે પાંચ વર્ષ પહેલાં માંડલ ગયેલો ત્યારે તેમને પહેલીવાર મળેલો. આટલા નાના ગામમાં આવી એક સંસ્કારસંપન્ન સુશીલ વ્યક્તિ રહે છે એ જોઇ જાણીને મારું ચિત્ત તેમના વિષે આદરપ્લુત થયું હતું. તેમને જીવનમાં ગરીબી વરેલી છે એમ છતાં પુણીયા શ્રાવક માફક તેમનો જીવનવૈભવ જે કાંઇ છે તે સર્વ પ્રકારે ન્યાય-સંપન્ન છે.

ઉપર જણાવેલ જૈન સિદ્ધાન્ત સભા તરફથી યોજવામાં આવેલ નિબંધ હરીફાઇનું પરિણામ જૈન સિદ્ધાન્તના ફેબ્રુઆરી માસના અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. તે વાંચતાં માલુમ પડે છે કે ભાઇશ્રી રતિલાલ મફાભાઇ શાહનો નિબંધ ઉપર જણાવેલ એક પણ કોટિના ઇનામને યોગ્ય માલુમ પડયો નથી. અને જે વ્યક્તિઓને ઇનામયોગ્ય જાહેર કરવામાં આવી છે તેમાંની એક પણ વ્યક્તિ સુપ્રતિષ્ઠત લેખકોની દુનિયામાં જાણીતી નથી.

પ્રસ્તુત પરીક્ષામાં માર્ક આપવાનું ધોરણ આ પ્રમાણે જાહેર કરવામાં આવ્યું હતું. મુદ્દાસરની દલીલો અને પ્રમાણો માટે ૩૫, ક્રમબદ્ધ વિષયપ્રતિપાદન માટે ૨૫, ભાષાની સરળતા માટે ૨૦, પદ્ધતિસરની લેખનશૈલિ માટે ૧૦, સુંદર હસ્તાક્ષર માટે ૧૦. આને લગતી યોજનામાં એવું કોઇ પણ ઠેકાણે જણાવવામાં આવ્યું નથી કે નિબંધલેખકે પોતાના નિબંધમાં ચોક્કસ પ્રકારના ધાર્મિક મન્તવ્યોનું જ સમર્થન કરવાનું છે અને જે લેખક એ મર્યાદાની બહાર જશે તેની બીજી ગમેતેટલી યોગ્યતા હશે તો પણ તેને ઇનામપાત્ર કોટિમાં દાખલ કરવામાં નહિ આવે, તો પણ પ્રસ્તુત હરીફાઇનું પરિણામ નક્કી કરવામાં આ પ્રકારના ખ્યાલે જ અતિ મહત્વનો ભાગ ભજવ્યો હોય એમ લાગે છે. આમ છતાં પણ આ બાબત બહુ મહત્વની નથી, કારણ કે આવી બાબતમાં કોને કયું ઇનામ આપવું એનો નિર્ણય આખરે તો નિમાયેલા પરીક્ષકોની મુનસફી ઉપર જ આધાર રાખે છે અને સંભવ છે કે તેમને પ્રમાણિકપણે શ્રી રતિલાલ મફાભાઇ શાહનો નિબંધ બધી રીતે ઉતરતી કોટિનો માલુમ પડયો હોય. પણ આખા પ્રકરણ વિષે અત્યન્ત દુઃખદ ઘટના તો એ છે કે આ હરીફાઇ માટે મોકલાયેલા નિબંધનો જૈન સિધ્ધાન્ત સભાના સંચાલકોને બીજો કશો પણ ઉપયોગ કરવાનો હક્ક નહોતો-સિવાય કે જે નિબંધોને ઇનામ-યોગ્ય જાહેર કરવામાં આવ્યા હોય તેને પ્રકાશિત કરવાનો આ સભા અધિકાર ધરાવતી હતી-આમ છતાં પણ જૈન સિદ્ધાન્તના તંત્રી શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠે આવી કોઇ પણ સભ્યતાની પરવા કરી નથી અને એ નિબંધમાંથી ફાવે તેવો ઉતારા કરીને અને તેના ઉપર પોતાને યોગ્ય લાગે તેવા અર્થ બેસાડીને શ્રી રતિલાલ મફાભાઇ શાહને જૈન સમાજની નજરમાં ઉતારી પાડવાનો અઘટિત પ્રયત્ન કર્યો છે. જો શ્રી રતિલાલ મફાભાઇ શાહે અન્યત્ર કોઇ પણ સામયિકમાં પોતાનો નિબંધ પ્રગટ કર્યો હોત અથવા તો મૂળ લેખકની પરવાનગી મેળવીને જૈન સિદ્ધાન્તમાં પ્રસ્તુત નિબંધ પ્રગટ કરવામાં આવ્યો હોત અને તે ઉપર જૈન સિદ્ધાન્તના તંત્રીએ આવું અવલોકન લખ્યું હોત તો આવું અવલોકન કરવાપણ દોષપાત્ર ન લેખાત, કારણ કે અન્ય વિચારકોને મૂળ નિબંધ વાંચવા વિચારવાની અને પરિણામે તે ઉપર કરવામાં આવેલા અવલોકનનું વ્યાજબીગેરવ્યાજબીપણું તારવવાની તક મળત. પણ વસ્તુતઃ મૂળનિબંધ નથી અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યો કે નથી જૈન સિદ્ધાન્તમાં તેને પ્રસિદ્ધિ આપવામાં આવી. આ રીતનું મનસ્વી અવલોકન પ્રગટ કરીને જૈન સિદ્ધાન્તના તંત્રીએ એક મોટો વિશ્વાસદ્રોહ કર્યો છે.

એક જવાબદાર પત્રના તંત્રી સામે આ એક બહુ ગંભીર આક્ષેપ ગણાય અને તેથી તે આક્ષેપમાં રહેલું તથ્ય પ્રબુદ્ધ જૈનના વાંચકોના ધ્યાન ઉપર લાવવા માટે આ લેખના પરિશિષ્ટ રૂપે પ્રસ્તુત અવલોકનમાંનો જરૂરી વિભાગ જોડવામાં આવ્યો છે. એ અવલોકનમાં મૂળ લેખમાનાં કેટલાંક વિધાનો પૂર્વાપર સંબંધ તોડીને રજુ કરવામાં આવ્યા છે; કોઇ કોઇ ઠેકાણે જે અર્થ જે વિધાનમાંથી ઉપલબ્ધ જ થતો નથી તે અર્થ તે વિધાન ઉપર બેસાડવામાં આવ્યો છે. બે ઠેકાણે શ્રી રતિલાલ મફાભાઇ શાહ ઉપર 'હડહડતા જુઠાણા'નો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ આક્ષેપ જે

વિધાનોને અનુલક્ષીને કરવામાં આવ્યો છે તેમાં નથી કશું 'હડહડતું'– કે નથી કશું 'જુઠાણું' જોવામાં આવતું. તેમાં જે કાંઇ છે તે નિબંધલેખકનો અંગત અભિપ્રાય માત્ર રજુ કરે છે. એક ઠેકાણે પ્રસ્તુત અવલોકનકાર જણાવે છે કે ભાઇ રતિલાલનાં કહેવા મુજબ ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાન્તમાં ગાંધીજીએ સુધારા વધારા કર્યા છે એટલે કે તેમના મત પ્રમાણે ભગવાન મહાવીર કરતાં પણ ગાંધીજી ચડી જાય છે અને આમ જણાવીને આ આક્ષેપને અનુકુળ એવાં કેટલાંક વાકયો ભાઇ શ્રી રતિલાલના નિબંધમાંથી તેઓ તારવી કાઢે છે, પણ એ જ નિબંધમાં પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં આગળ વધતાં શ્રી રતિલાલ શાહે જણાવ્યું છે કે "ત્યારે એમની (ગાંધીજીની) અહિંસા ઉપરથી ખૂબ વ્યાપક બની જણાતી હોવા છતાં ભીતરમાં ઉંડી પહોંચી નથી એમ ઘણાને સમજાય છે. એમની એ રાજદ્વારી કારણે મર્યાદા હોય તેમ જ એનો ઉકેલ વિશાળ જનસમાજની દૃષ્ટિએ એમણે આપ્યો હોય એમ પણ બને." એમ સ્પષ્ટીકરણ કરીને છેવટે જૈન ધર્મની સર્વશ્રેષ્ટતા રજુ કરતાં શ્રી રતિલાલે જણાવ્યું છે કે "આટલી હદે જગતનો એક પણ ધર્મ પહોંચ્યો નથી; મહા કારુણિક બુધ્ધે પણ આટલી હદે જવાની હિંમત કરી નથી." આવું મૂળ લેખમાં સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે તેની પ્રસ્તુત અવલોકનકારે સમજણપૂર્વક ઉપેક્ષા કરી છે. અવલોકનના અન્તભાગમાં શ્રી રતિલાલ શું માને છે અને શું માનતા નથી એને લગતી એક લાંબી યાદી આપવામાં આવી છે જે યાદી તૈયાર કરવામાં પણ વાસ્તવિક તથ્ય રજુ કરવાને બદલે જૈન સિદ્ધાન્તના તંત્રીની વિકૃત કલ્પનાશક્તિએ જ ઘણું કામ કર્યું છે અને જે વ્યક્તિ ખરેખર આસ્તિક ભાવનાવાળી અને સત્યનિષ્ટ છે એ વ્યક્તિને એક પરમનાસ્તિક અને જૈન ધર્મના એક હિતશત્રુ તરીકે આલેખવાનો તેમણે પ્રયત્ન કર્યો છે.

શ્રી રતિલાલ મફાભાઇ શાહના નિબંધની જૈન સિદ્ધાન્તના તંત્રી આવી કડક સમાલોચના કરવા શા માટે પ્રેરાયા હશે એવો કોઇને પણ સહજ પ્રશ્ન થાય. તેના જવાબમાં એટલું જ કહી શકાય તેમ છે કે જો કે શ્રી રતિલાલ મફાભાઇ શાહ પણ નિબંધ-હરિફાઇના યોજકો માંગે છે તે મુજબ જૈન ધર્મ વિશ્વધર્મ બનવાની બધી રીતે યોગ્યતા ધરાવતો હોવાનું જ છેવટે જાહેર કરે છે, એમ છતાં પણ શ્રી રતિલાલનો સમગ્ર અભિગમ સ્થિતિચુસ્ત માનસથી તદ્દન જ ભિન્ન પ્રકારનો છે. તેઓ ધર્મને લગતી–સંપ્રદાયને લગતી–ચાલુ રૂઢ માન્યતાને એના એ સ્વરૂપે સ્વીકારવાને તૈયાર નથી. દરેક માન્યતાને દરેક અભિપ્રાયને બુદ્ધિના તાજવે તોળે છે, દરેક પ્રશ્નનો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરવાનો તેઓ પ્રયત્ન કરે છે. તેમની વિચારણામાં કલ્પના પણ ઠીક ઠીક કામ કરે છે. આ રીતે તેમણે તારવેલા બધા નિર્ણયો સાથે આપણે સંમત ન પણ થઇએ તો પણ પ્રમાણિક વિચારસ્વાતંત્ર્ય એ તેમની ખાસ વિશેષતા છે. પરિણામે તેમણે એવા કેટલાક વિચારો, તર્કો તેમ જ કલ્પનાઓ પોતાના નિબંધમાં રજુ કરેલ છે કે જે વાંચતાં સ્થિતિચુસ્ત માનસ આંચકો અનુભવે, રૂઢિગ્રસ્ત વૃત્તિને સખ્ત આઘાત લાગે. આ છે ભાઇ શ્રી રતિલલાનો ગુન્હો અને એટલા જ કારણે થોડા વખત પહેલાં પ્રગટ થયેલ તેમના ત્રિશલાનંદન મહાવીરે સ્થિતિચુસ્ત વર્ગમાં ભારે ખળભળાટ પેદા કર્યો હતો. શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ પણ આ જ કારણે શ્રી રતિલાલનો વિદ્વતાપૂર્ણ નિબંધ સમભાવપૂર્વક વાંચી કે વિચારી શકયા નથી અને તે સામે આ રીતે ખૂબ ખળભળી ઉઠયા છે અને વિવેકવિમુખ બનવા પ્રેરાય છે.

એક ગામડાના ખુણે આવી શીલસંપન્ન બુદ્ધિપ્રભાવિત વ્યક્તિ જૈન સમાજમાં પાકે એ બદલ જૈન સમાજના શિષ્ટ વર્ગે ગૌરવ ચિન્તવવું જોઇએ. આને બદલે તેવી વ્યક્તિને આ રીતે ઉતારી પાડવાનો એક જવાબદાર માસિકના તંત્રી તરફથી પ્રયત્ન થાય એ ભારે દુઃખદ છે. આ ઘટના પાછળ રહેલા અન્યાયનો જૈનસમાજને પુરો ખ્યાલ આવે એ હેતુથી પ્રસ્તુત અવલોકનની આટલી લાંબી આલોચના કરવી જરૂરી લાગી છે. આપણે આશા રાખીએ કે આવા વિવેકહીન અવલોકનો કે લેખો વડે જૈન સિદ્ધાન્ત હવે પછીથી દૂષિત ન બને એટલી દક્ષતા જૈન સિદ્ધાન્ત સભાના કાર્યવાહકો દાખવશે અને એટલું નિયમન તંત્રીની કલમ ઉપર મૂકવાનું યોગ્ય વિચારશે. પરમાનંદ.

પરિશિષ્ટ

(ઉપરના લેખમાં જેની ચર્ચા કરવામાં આવી છે તે 'અવલોકન' ફ્રેબ્રુઆરીના 'જૈન સિદ્ધાન્ત' માંથી અહિં નીચે ઉધ્ધૃત કરવામાં આવ્યું છે.)

શ્રી રતિલાલ મફાભાઇ શાહે ૧૬૪ પાનાનો મૂળ લેખ અને ૩૯ પાનાનો પૂર્તિલેખ મળી કુલ ૨૫૩ પાનાનો જૈન દૃષ્ટિ એ વિશ્વ દૃષ્ટિ નામનો નિબંધ લખી મોકલ્યો છે. તેમાંના શરૂઆતના ૫૬ પાનામાં તેમણે ઐતિહાસિક અવલોકન કર્યું છે.

શ્રી શાહ એક જૈન છે. અને એમની ખાસ ખૂબી એ છે કે તેમનું અવલોકન એક જડવાદી વિદેશી કે જેને હિંદના ધર્મોની ખબર ન હોય તેને જ્યાં ત્યાંથી ઇતિહાસ અને જુદા જુદા ધર્મોની છુટક છુટક માહિતી મળે તે ઉપરથી તે સળંગ ઇતિહાસ ઘડી કાઢે તેવી રીતે શ્રી શાહે પણ જડવાદી દૃષ્ટિએ ઐતિહાસિક અવલોકન લખેલું છે.

અને વળી એમની વિશેષ ખૂબી એ છે કે તેઓ પોતે જૈન હોવા છતાં જૈન ધર્મનાં સૂત્રો, શાસ્ત્રો અને પુસ્તકો ઉપર વિશ્વાસ નહિ રાખતાં વૈદિક ધર્મનાં પુસ્તકો ઉપર જ ખાસ વિશ્વાસ રાખી શ્રી રતિલાલે તેમનું અવલોકન લખેલ છે.

ધર્મની ઉત્પત્તિ અને તેનો ઉદ્દેશ

ધર્મને સત્ય સ્વરૂપમાં નહિ સમજનાર એક અર્ધદગ્ધ માણસના જેવું શ્રી રતિલાલનું અવલોકન છે. ધર્મની ઉત્પત્તિ સંબંધી લખતાં શ્રી રતિલાલ લખે છે કે:—

"સંઘર્ષો મટાડવા નીતિનું બંધારણ ઘડાયું પણ એથી વિષમતા મટી નહિ. તેથી સ્વર્ગ સુખની લાલચ કે નરકના દુઃખનો ડર બતાવી પરભવની વ્યવસ્થા થઇ. પણ એકલું લાલચ કે ડરનું તત્ત્વજ્ઞાન સફળ થઇ શકે તેમ ન હોઇ આંતરિક જીવનમાં ફેરફાર કરવાનું વિષમતા મટાડવાનું જે નૂતન તત્ત્વજ્ઞાન ઉભું થયું એ ધર્મ કહેવાયો. દુઃખમાં સમાજમાં વ્યાપેલી વિષમતા મટાડવા અર્થે જ ધર્મનું પ્રાગટય થયું છે."

આટલું લખ્યા પછી વળી તેમને વિચાર થયો કે તેમણે ધર્મની વ્યાખ્યા અધુરી કરી છે તેથી આગળ જતાં લખ્યું કે:—

"ધર્મનો ઉદ્દેશ સમાજસુખસંવર્ધન ઉપરાંત વ્યક્તિને પૂર્ણ તથા ઉચ્ચ જીવનમાં લઇ જવાનો રહ્યો છે."

"ઉચ્ચ જીવન" એ જ નિર્વાણ અથવા મુકિત એમ શ્રી શાહ માનતા હોય એમ લાગે છે! કેટલી બધી લાંબી દૃષ્ટિ!

"જૈન ધર્મો માનવ સમાજને ઘડે છે તેમ ધર્મ પણ સમાજના આંતર પ્રવાહો, કલ્પનાઓ, ભાવનાઓ અને વિચારો ઉપરાંત તત્કાલીન ભૌગોલિક પરિસ્થિતિ અને સમય સંયોગાનુસાર પોતનું સર્જન કરે છે."

સમાજના પ્રવાહો, કલ્પનાઓ, ભાવનાઓને અનુસરીને ધર્મ પોતાનું સર્જન કરે છે એમ અર્ધદગ્ધ સિવાય કોણ કહી શકે! ધર્મ જો સમાજને અનુસરે તો તે સમાજને ઊંચે કેમ ચડાવે?

બ્રાહ્મણ ધર્મ અને શ્રમણ ધર્મ

શ્રી શાહ પ્રાચીન જૈન ધર્મને અને નવા નીકળેલા બૌદ્ધ ધર્મને સમ કક્ષાએ મૂકે છે, અને તે બંને ધર્મને શ્રમણ ધર્મના

નામે ઓળખાવી તેને વૈદિક ધર્મમાંથી ઉત્પન્ન થયેલા બતાવે છે. એટલે જૈન ધર્મ શ્રી રતિલાલના હિસાબે વૈદિક ધર્મમાંથી ઉત્પન્ન થયો છે. જુઓ તે લખે છે કે—

"આર્ય ધર્મ બ્રાહ્મણ અને શ્રમણ એવા બે સંસ્કૃતિ પ્રવાહોમાં હજારો વર્ષથી વહેતો આવ્યો છે. વેદ ધર્મ બ્રાહ્મણ ધર્મ કહેવાય છે અને જૈન તથા બૌધ્ધ શ્રમણ ધર્મ કહેવાય છે. પંડિતોનું માનવું છે કે બ્રાહ્મણ ધર્મનો પાયો વૈદિક ધર્મ છે અને શ્રમણ ધર્મ એ વૈદિક ધર્મની પૂર્તિ યા એમાંથી સુધારા રૂપે પ્રગટી આવેલો ફાલ છે."

આ પ્રમાણે હડહડતું જુઠ્ઠાણું લખતાં શ્રી રતિલાલનું હૃદય ડંખી ગયું હશે તેથી થોડોક સુધારો કરવા માટે લખે છે કે—

"પ્રાચીનતાનો મોહ એ એક પ્રકારનું ગાંડપણ છે..... ખરી રીતે તો ધર્મની મહત્તા પ્રાચીનતામાં નહિ પણ એની જગકલ્યાણકારી સેવા પ્રવૃત્તિમાં છે."

ધર્મની મહત્તા એકલી પ્રાચીનતામાં નથી એમ કહેવું ઠીક ગણી શકાય. પણ પ્રાચીનતા એ પણ મહત્તા જ છે. ખરો ધર્મ જ લાંબો વખત ટકી શકે એટલે કે પ્રાચીન બની શકે, પરંતુ શ્રી શાહ વૈદિક ધર્મના ખાસ પક્ષપાતી છે. તેથી વળી પાછું લખે છે કે:—

"ઐતિહાસિક દૃષ્ટિએ તો કદાચ બ્રાહ્મણ ધર્મ પ્રાચીન હોવાનું ગૌરવ લઇ જાય."

શરૂઆતમાં નિશ્ચિત રીતે જૈન ધર્મને વૈદિક ધર્મમાંથી ઉપજેલો કહ્યો છતાં કાંઇક હૃદયનો ડંખ ચાલુ હશે તેથી ફરીથી લખતાં "કદાચ" શબ્દ ઉમેર્યો!

ઐતિહાસિક સત્ય શું?

ઇતિહાસના નામે જૈન ધર્મને ઉતારી પાડવાની શ્રી રતિલાલની ચળ કેટલી સખ્ત છે તે જુઓ. તે લખે છે કે—

"ઇતિહાસ તારવવાનો કોઇ શુદ્ધ પ્રયત્ન કરે છે તો ભક્તો એના પર ચડાઇ લઇ જાય છે. અને પછી મતાગ્રહિતાને કારણે વિવાદો ઉભા થવાથી ન્યાયી નિર્ણય અંધકારમાં જ રહે છે. ભગવાન ઋષભદેવ માટે પણ આમ જ બન્યું હોય તો તે અસંભવિત નથી લાગતું. અહિંસા અને તપનું બીજ વાવનાર એ જ મૂળ પુરૂષ હતા. ન તો એ વૈદિક હતા, ન જૈન. ત્યારે એવો કોઇ ભેદ જ નહોતો.

ભગવાન ઋષભદેવના વખતમાં ખરી રીતે જૈન સિવાય બીજો કોઇ ધર્મ નહતો. પણ એમ ખુલ્લી રીતે કબુલ કરવાનું જૈનોના હિતશત્રુ શ્રી શાહને પાલવતું નથી. તેથી શ્રી ઋષભદેવના વખતમાં પણ હોમ હવનાદિ હતા એમ નવી શોધ કરતાં લખે છે કે—

"સમય જતાં હોમ હવનાદિ જેવા કાર્યોથી જનતા કંટાળી ગઇ અને સ્વર્ગ સુખ એ પણ ક્ષણિક સુખ છે એવી માન્યતાથી દિશા બદલતા ભગવાન ઋષભદેવે નવું સમાજ બંધારણ ઘડ્યું. અને જનતાને નવીન આચારવિચારો શીખવ્યા. પણ એથી જનતાને શાંતિ થઇ નહિ. જેથી એમણે કોઇ નવો માર્ગ શોધવા તપશ્ચર્યાનો માર્ગ શોધી કાઢ્યો અને એવી ઘોર તપશ્ચર્યાઓ આદરી સત્યનું શોધન કર્યું."

શ્રી શાહ જૈનોના તીર્થંકરોને આપણા જેવા જ સર્વસામાન્ય માણસો જ ગણે છે. તીર્થંકરોને જન્મથી ત્રણ જ્ઞાન હોય છે એમ જૈનો માને છે. પણ શ્રી રતિલાલ માન્યતાએ જૈન નથી તેથી ત્રણ જ્ઞાનની વાત તેઓ માનતા જ નથી. તેથી તેઓ તીર્થંકરોને પણ સામાન્ય માણસની જેમ વિચારમાં અટવાઇ પડેલા જ વર્ણવે છે!

જૈન શાસ્ત્રો, સૂત્રોમાં આવેલો ઇતિહાસ ખોટો છે અને વૈદિક ગ્રંથોમાં આવેલી વાતો સાચી છે એમ બતાવવા માટે એટલે જૈન ધર્મ અને જૈન તીર્થંકરોને ઉતારી પાડવા માટે શ્રી રતિલાલ લખે છે કે—

"શ્રીમદ્ ભાગવતમાં એમણે કરેલી ઘોર તપશ્ચર્યાના લાંબા વર્ણનો આપવામાં આવ્યા છે. અને એ તપને કારણે એમને વિષ્ણુના ૨૪ અવતારોમાં ૮ મું અવતારપદ પ્રાપ્ત થયું છે. જૈન શાસ્ત્રોમાં એ આદિ તીર્થંકર છે."

આ રીતે શ્રી શાહ જૈન ધર્મ કરતાં ભાગવત ધર્મ ઘણો પ્રાચીન છે એમ બતાવે છે. કારણ ઋષભદેવ જૈન ધર્મના પહેલા તીર્થંકર હોવા છતાં તે ભાગવતના વિષ્ણુના તો આઠમા અવતાર હતા! એટલે કે મૂળ તો ભાગવતના વિષ્ણુ!

તીર્થંકરો થયા હોવાની શંકા

જૈનોના ૨૪ તીર્થંકરોમાંના ૨૧ તીર્થંકરોનો ઇતિહાસ નથી. માટે તેઓ શંકાપાત્ર છે એમ સમજી લખે છે કે—

"પ્રથમના ૨૧ તીર્થંકરોનું કોઇપણ ઐતિહાસિક પ્રમાણ હાલમાં ઉપલબ્ધ થતું નથી. સંભવ છે કે એ પૂર્વ પુરૂષોએ...અટવાઇ ગયેલી દુનિયાને નવ પ્રકાશ આપવા ઉંડું ચિંતન કરવા પાછળ જ સમય ગાળ્યો હોય, તેમજ એમને સૂઝેલા સત્યને ઝીલનાર કોઇ વિરલ વ્યક્તિઓ જ મળી હોય અને તેથી એ નિર્મળ ઝરણું વ્યાપક ન બની શક્યું હોય એમ પણ બને."

તીર્થંકરની જૈનો જે મહત્તા ગણે છે તેવું શ્રી રતિલાલ કાંઇ જ માનતા નથી. તેમને મન તીર્થંકરો પણ તેમના જેવા જ શંકાશીલ અજ્ઞાની સામાન્ય માનવીઓ જ હતા!

જૈન ધર્મમાં ભલે ગમે તેટલો ઇતિહાસ તેમના તીર્થંકરો સંબંધમાં હોય પણ તે શ્રી રતિલાલને માન્ય નથી! કારણ જૈન ધર્મના ઇતિહાસને માન્ય કરે તો જૈન ધર્મને ઉતારી પાડવાનું સાધન જ ખોઇ બેસે!

ભગવાન મહાવીર કોના અનુયાયી?

શ્રી શાહ પોતાની માન્યતાને મજબૂત ઠરાવવા તેમના જેવા જ બીજા જૈન ધર્મના વિરોધી કે શત્રુનો આશ્રય લેતાં લખે છે કે:—

"બૌદ્ધ ધર્મના શોધક અને પ્રચારક હતા શાક્યસિંહ ગૌતમ બુદ્ધ. મહાવીરની વિચારસરણી પણ મોટે ભાગે બુદ્ધની વિચારસરણીને જ મળતી હતી. અને એ બંનેને યોગીશ્વર ભગવાન પાર્શ્વનાથ તરફથી એ નિર્મળ તત્ત્વજ્ઞાનનો ઠીક ઠીક વારસો સાંપડ્યો હતો. (ધર્માનંદ કૌસંબી)"

ધર્માનંદ કોસંબીનું પ્રમાણ જૈન ધર્મ માટે શા માટે? જૈન ધર્મને ભાંજગડારી કહેનાર ધર્માનંદ કોસંબીનું પ્રમાણ જૈન ધર્મના શત્રુઓ સિવાય બીજું કોણ આપી શકે?

આમ ભગવાન મહાવીરને પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી ઠરાવ્યા પછી શ્રી શાહ ભગવાન મહાવીરનું મનોમંથન ચીતરતાં લખે છે કે—

"પ્રેમ સાથે જો કલ્યાણ ભાવના ઉભરાય તો વ્યક્તિ તેમજ સમષ્ટિ બંનેને પોતાનું કલ્યાણ સાધવાનો માર્ગ ખુલ્લો થઇ જાય. સાચા કલ્યાણ માર્ગમાં કોઇવાર પ્રેમને દબાવવો પણ પડે. એથી એ માર્ગને હું પ્રેમ નહિ પણ અહિંસાનું નામ આપું તો તે વધારે યોગ્ય કહેવાશે."

શ્રી શાહ જેમ તીર્થંકરોના ત્રણ જ્ઞાનને માનતા નથી. તેમજ તેઓ કેવળ જ્ઞાનને પણ માનતા નથી. અને તેથી જ તેઓ સર્વ તીર્થંકરોને સત્યની શોધમાં અટવાયેલા ચીતરે છે. અને સામાન્ય માણસ જેમ અનુભવથી કાંઇક સારું તત્ત્વ ઉપજાવે તેમ ભગવાન મહાવીરને અહિંસા તત્ત્વ ઉપજાવી કાઢેતાં ચીતર્યા છે. વળી પણ શ્રી શાહ લખે છે કે—

"ભગવાન મહાવીર પણ એક કાળે સૌની જેમ જ ભૂલાવામાં હતા. પણ અહિંસાની સાધનાએ પ્રગટેલી માનવતાથી એ વિરોધીઓનું દૃષ્ટિબિંદુ જાણવા જેટલા સહિષ્ણુ અને ઉદાર બન્યા, અને એમાં ઊંડા ઉતરતાં એમને નવ પ્રકાશ મળ્યો, અને બધી જ કૂટ સમસ્યાઓ હલ થઇ ગઇ."

આ ઉપરથી ખાત્રી થશે કે શ્રી શાહ જૈનોના તીર્થંકરોને સામાન્ય માણસના જેવા જ ગણે છે. અને તેથી તેઓ જૈનોના તીર્થંકરોને જીવનની અનેક જાતની ગૂઢ સમસ્યાઓમાં અટવાઇ ગયેલા ચીતરે છે.

વળી શ્રી શાહ કેવળજ્ઞાનને તો માનતા જ નથી. પણ તપશ્ચર્યાને અંતે હૃદયશુદ્ધિ થઇ નવ પ્રકાશ લાધે છે એમ માને છે. એ નવપ્રકાશ તે કેવળજ્ઞાન તો નહિ જ. બીજા કરતાં કાંઇક વિશેષ જ્ઞાનને એ નવ પ્રકાશ ગણે છે. અને એ નવપ્રકાશ તે માનવીની અંતિમ સિદ્ધિ ગણુતા હોય એમ લાગે છે.

કોની અહિંસા શ્રેષ્ઠ ?

સર્વ ધર્મોમાં થોડે ઘણે અંશે અહિંસાનું નિરૂપણ છે પણ અહિંસાનું નિરૂપણ ફકત જૈનધર્મમાં જ સંપૂર્ણ છે. જૈનધર્મના જેટલી સૂક્ષ્મતાથી કોઇપણ ધર્મે અહિંસાનો વિચાર કર્યો નથી. જૈનધર્મની આવી શ્રેષ્ઠતાને ઉતારી પાડી, માનવીની સગવડ ખાતર અહિંસાને ફેંકી દેનાર ગાંધીજીને શ્રી રતિલાલ મોખરે મૂકે છે!

"પાક ચરી ખાતા જનાવરોની હિંસાની અને અન્ન મુશ્કેલીના મિષે મચ્છીના વાપરની ગાંધીજી રજા આપે છે" આ વાત શ્રી શાહે કબુલ કરેલ છે. અને છતાં લખે છે કે—

"અહિંસામાં નવ સંશોધન કરી એની ભૂલાયેલી શક્તિનું ફરી આજે જગતને ભાન કરાવનાર મ. ગાંધીજી જાણીતા છે. એમાં એમણે કેટલાક સુધારા વધારા પણ કર્યા છે અને એ દૃષ્ટિએ એમણે અહિંસાના તત્ત્વજ્ઞાનમાં કેટલોક વિકાસ પણ કર્યો છે."

ભગવાન મહાવીરના અહિંસાની સિદ્ધાંતમાં ગાંધીજીએ સુધારા-વધારા કર્યા છે એટલે કે ભગવાન મહાવીર કરતાં પણ ગાંધીજી ચડી જાય છે! એક જૈન તરીકે આ છે શ્રી રતિલાલની માન્યતા! જરૂર પડયે હિંસાને અપનાવી સગવડપૂર્વક અહિંસાનું પ્રતિપાદન કરનારને શ્રેષ્ટપદ આપનાર શ્રી રતિલાલને ધન્યવાદ! જૈનધર્મમાં શ્રી રતિલાલ જેવા હિતશત્રુઓ પાકયા છે એ જૈનીઓનું કમનશીબ જ ગણવું જોઇએ. મહાવીરની અહિંસાને ઉતારી પાડતાં શ્રી રતિલાલ લખે છે કે—

"આજના યુગધર્મ પ્રમાણે વિચારીએ તો શયતાનના શયતાનમાં પણ આત્મા હોઇ એનામાં સૂતેલા આત્માને જાગૃત કરી એનામાં માનવતા પ્રગટાવવા માટે ગાંધીજીની સત્યાગ્રહિણી અહિંસા એક બળવાન શસ્ત્ર ગણાય. એથી એ શસ્ત્ર પાસે મહાવીરની અહિંસા ઘણાને નિષ્ક્રિય અને ફીકી લાગવાનો સંભવ છે. એમાં થોડું સત્યાંશ પણ છે."

ગાંધીજીના ચેલા તરીકે અંધભક્તિમાં ઘેરાઇને મહાવીરની અહિંસાને આ પ્રમાણે શ્રી રતિલાલ સાવ ઉતારી પાડે છે. ભક્તિમાં અંધ બનેલા શ્રી શાહને સત્યની રીતે વિચાર નથી કરવો પણ યુગધર્મની રીતે વિચાર કરવો છે! કારણ કે સત્યની રીતે વિચાર કરતાં મહાવીરની અહિંસા શ્રેષ્ટ છે એમ કહેવું જ પડે! યુગધર્મ શબ્દ ગાડરીઆ પ્રવાહના અર્થમાં વપરાયો હોય એમ દેખાય છે. ગાડરીઆ પ્રવાહમાં તણાવા માટે સત્યને છોડવા ઇચ્છનાર શ્રી રતિલાલને ધન્યવાદ!!

અર્ધદગ્ધ, બિનપ્રહાળી, શંકાશીલ માણસો ગોટાળામાં અટવાઇ પડે છે. શ્રી રતીલાલ શાહ પણ તેઓમાંના જ એક હોય એમ લાગે છે. કારણકે તેમણે પણ વદતો વ્યાઘાત જેવી ઉલટાસુલટી અથવા અચોઢકસ વાતો પણ લખી છે. પણ લેખ લાંબો થઇ જતો હોવાથી તે બતાવવાનું મોકૂફ રાખું છું.

તેમનાં આવા લખાણો માટે સમજુ સમાજ શું કહે છે તે શ્રી રતિલાલ સારી રીતે જાણે છે. અને તેથી એવો જવાબનો દોષ પણ સમાજ ઉપર ઢોળી પડતાં શ્રી શાહ લખે છે કે—

"આપણી અસહિષ્ણુતા પણ એવી પરકાષ્ટાએ પહોંચી છે કે અન્યની વિચારસરણી સાંભળવા કે તપાસવા પણ આપણે તૈયાર થઇ શકતા નથી. વિરૂદ્ધ વિચારસરણી મૂકનારને ધર્મદ્રોહી કે નાસ્તિક કહી આપણે એની ઉપેક્ષા કરીએ છીએ. અને ધર્મનું ફરી અવલોકન કરી સંશોધન કરવામાં ઉત્સૂત્ર પ્રરૂપણાના ભયે પાછા હઠીએ છીએ. પણ એ ઘોર અજ્ઞાન છે. નિર્મળ હૃદયથી સત્ય-શોધન કરવાની કે સ્વતંત્ર વિચારણાપૂર્વક પૂર્વગ્રહરહિત વસ્તુને ફરી તપાસવાની વૃત્તિમાં ઉત્સૂત્રપ્રરૂપણા નથી. પણ કદાગ્રહપૂર્વક સત્યને અસત્યરૂપે પ્રચાર કરવામાં ઉત્સૂત્રપ્રરૂપણા છે."

ખરી રીતે રતિલાલ "નિર્મળ હૃદયથી સત્યશોધન કરવાનું અને સ્વતંત્ર વિચારણા કરવાનું" જે પોતાને માટે લખે છે, તે પણ એક હડહડતું જુઠાણું જ છે. સ્વતંત્ર વિચારણાને બદલે તેઓ તો સ્વચ્છંદી વિચારણા જ કરે છે. કારણ કે જૈન સૂત્રો, શાસ્ત્રોમાંના ઇતિહાસને નકારી વૈદિકગ્રંથો અનુસાર જૈન તીર્થંકરોને માટે અનુમાન બાંધે એ સ્વચ્છંદી વિચારણા નહિ તો બીજું શું છે?

(આ પછી શ્રી. રતિલાલ મફાભાઇ શાહ શું માને છે અને શું નથી માનતા તેને લગતી એક યાદી તેમના નિબંધ ઉપરથી અવલોકનકારને જેવી ભાસી તેવી આપવામાં આવી છે. જે જગ્યાના સંકોચના કારણે અહિં આવી શકતી નથી. તંત્રી.

બેવકુફીનો નમુનો

પ્રબુદ્ધ જૈનના તંત્રી ઉપર એક છાપેલો પરિપત્ર આવ્યો છે. મૂળ હિંદીમાં છે તેનો અનુવાદ નીચે મુજબ છે.

વધાઇ વધાઇ વધાઇ

જય શ્રી મંગળમય ભગવાનજીની જય

પ્યારા ભાઇ!

ઇશ્વરની અપાર કૃપાથી તથા આપ લોકોની શુભ કામનાઓને લીધે અમારા શેઠજીને ત્યાં વિ. સં. ૨૦૦૭ માહવદી ૮ ના રોજ પુત્રની પ્રાપ્તિ થઇ છે. એમને ઇશ્વરની કૃપાથી કોઇ પણ જાતની કમી ન હતી, માત્ર આ એક જ ન્યૂનતા હતી કે જે ઇશ્વરે એમની આખરી ઉમ્મરમાં પૂરી કરી છે.

એમણે શ્રી મંગલમય ભગવાનની એમ માનતા માની હતી કે આ શુભ અવસર પર તેઓ રૂા. ૫૦૦૦ નું કેસર આપણા દેશના જૈન મંદિરોમાં ચઢાવશે.

તો કૃપા કરીને આપ મને જવાબ લખશો કે જેથી હું આપના મંદિર માટે પાંચ તોલા કેસર કે જે દરેક મંદિર માટે નક્કી કરવામાં આવ્યું છે તે મોકલી શકું. આપને ધર્મના બીજા કોઇ કામમાં એનો ઉપયોગ કરવો હોય તો તેમ પણ કરી શકશો. પણ એની કિંમત લેવી ધર્મની વિરૂદ્ધ છે.

આશા છે કે આપ અમારા નાના શેઠના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરશો.

ભવદીય

છોટેલાલ જૈન

મેનેજર : શેઠ મૂલચન્દ દામોદરદાસ જૈન,

કટડા ચોક, આહલૂવાલીયા, અમૃતસર.

આ પત્રને વિશેષ કોઇ ટીકાટીપ્પણની જરૂર છે જ નહિ.

સાભાર સ્વીકાર

૧. **જીવન જૌહરી** (જમનાલાલજી બજાજ) લે. શ્રી. રીષભદાસ રાંકા, પ્રકાશક શ્રી મૂળચંદ બરજાતે, ઠે ભારત જૈન મહામંડળ-વર્ધા કીં. રૂા. ૧-૪-૦.

૨. **સમાજ ઔર જીવન** લે. જમનાલાલ જૈન, પ્રકાશક શ્રી મૂળચંદ બરજાતે, ઠે. ભારત જૈન મહામંડળ કીં. રૂા. ૧-૦-૦.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક વૃત્તાંત

વિક્રમ સંવત ૨૦૦૭ ના પ્રારંભ સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, બાવીશ વર્ષ પુરાં કરીને ત્રેવીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષ દરમિયાન સંઘની ચાલુ પ્રવૃત્તિઓને એક સરખી રીતે ટકાવવામાં આવી છે.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

વાંચનાલયનો સરેરાશ બસેથી સવાબસો માણસો લાભ લઈ રહ્યા છે. સામાન્ય પ્રજામાં સામાયિક વાંચનનો શોખ દિનપ્રતિદિન વધતો જાય છે અને વાંચનાલયના નિયત સમય દરમિયાન વાંચનારાઓની ભીડ વધતી જાય છે. આવી જ રીતે પુસ્તકોની માંગ પણ વધતી ચાલી છે. ગયા વર્ષ દરમિયાન રૂા. ૯૦૦ નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. વાંચનાલય-પુસ્તકાલયને સાથેના આવક જાવકના હિસાબમાં દર્શાવ્યા મુજબ રૂા. ૩૩૫૨।।=) ની આવક થઈ છે જ્યારે ખર્ચ રૂા. ૪૮૧૫।।।) નો થયો છે. પરિણામે આ પ્રવૃત્તિમાં રૂા. ૧૪૬૨।।।=) ની ખોટ આવી છે. આ વાંચનાલય-પુસ્તકાલયનો લાભ વિના લવાજમે નાતજાતના ભેદભાવ સિવાય સૌ કોઈને આપવામાં આવે છે. આ લાભ લેનારાઓમાં કેટલાક સારી સ્થિતિના પણ હોય છે. આ ભાઈઓને આ સાર્વજનિક કલ્યાણની પ્રવૃત્તિમાં બને તેટલી આર્થિક સહાય આપતા રહેવા તેમ જ લાવી આપવા વિનંતિ છે.

પ્રબુદ્ધ જૈન

પ્રબુદ્ધ જૈન સંઘના આજીવન મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહના તંત્રીપણા નીચે શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ છેલ્લા બાર માસથી સંભાળે છે અને તેની શૈલી એક સરખી રીતે જળવાઈ રહી છે. કમનસીબે પ્રબુદ્ધ જૈનની આર્થિક બાજુ બહુ નબળી પડતી જાય છે, અને ગ્રાહક સંખ્યા ઘટતી જાય છે. ગત વર્ષ દરમિયાન આ પત્રના સંચાલન પાછળ સંઘને રૂા. ૧૫૧૯।।=) ની ખોટ આવી છે અને આને આ રીતે ચાલે તો આગામી વર્ષમાં રૂા. ૨૦૦૦) ની ખોટ અંદાજવામાં આવે છે. સંઘના વર્તમાન આર્થિક સંયોગો જોતાં આટલી મોટી ખોટવાળી પ્રવૃત્તિ હવે આગળ ચલાવવી કે નહિ એ પ્રશ્ન તા. ૨૪-૧-૫૧ના રોજ તેમ જ ત્યાર બાદ તા. ૩૦-૧-૫૧ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં ચર્ચવામાં આવ્યો હતો અને કેટલીક ચર્ચાના પરિણામે એમ નિર્ણય કરવામાં આવ્યો હતો કે સંઘના મુખપત્ર તરીકે પ્રબુદ્ધ જૈને આજ સુધીમાં જે અનેકવિધ સેવા કરી છે અને શિષ્ટ વર્ગમાં તેણે જે પ્રતિષ્ઠા સંપાદન કરી છે તે ધ્યાનમાં લેતાં પ્રબુદ્ધ જૈન સંઘની પ્રવૃત્તિઓનું એક અતિ અગત્યનું અંગ હોઈને જે પ્રમાણે ચાલે છે તે પ્રમાણે ચલાવવું અને તેની ખોટને પહોંચીવળવા દરેક સભ્યે બનતો પ્રયત્ન કરી છૂટવું. આ રીતે પ્રબુદ્ધ જૈનને ટકાવી રાખવાની જવાબદારી સંઘના સભ્યોની તો છે જ પણ એ ઉપરાંત પ્રબુદ્ધ જૈનના અનેક વાંચકો તથા પ્રશંસકો છે તેઓ પણ પ્રબુદ્ધ જૈનને આર્થિક રીતે મદદરૂપ થવા પ્રયત્ન શરૂ કરે, પ્રબુદ્ધ જૈનના નીભાવફંડમાં પોતાની બને તેટલી રકમ મોકલે તેમ જ પ્રબુદ્ધ જૈનના બને તેટલા ગ્રાહક બનાવે. અહિં જણાવતાં આનંદ થાય છે કે આગામી મે માસની પહેલી તારીખથી પ્રબુદ્ધ જૈન તેરમાં વર્ષમાં પ્રવેશ કરશે ત્યારથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તે પત્રનું સંપાદન હાથ ધરવા કબુલ કર્યું છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની બીજી પ્રવૃત્તિઓને કાળની ભરતી ઓટની અસર જણાય છે, જ્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળાની કળા હજુ પણ ઉત્તરોત્તર વધતી જાય છે, અને વધારે ને વધારે લોકપ્રિયતા પ્રાપ્ત કરતી જાય છે. ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ઉપર નાદુરસ્ત તબિયતના કારણે પંડિત સુખલાલજી આવી શકયા નહોતા અને તેમની જગ્યાએ સાધુચરિત શ્રી નાથુરામ પ્રેમીજીએ વ્યાનમાળાના આઠે દિવસ પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ વખતની વ્યાખ્યાનમાળાના પ્રથમ સાત દિવસની સભાઓ વિઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનમાં અને આઠમાં દિવસની સભા ભારતીય વિદ્યાભવનની રંગભૂમિમાં ગોઠવવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનોનો ક્રમ નીચે મુજબ હતોઃ—

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
માન્યવર કુન્દનમલ ફિરોદિયા	જૈન ધર્મનું સ્થાન
ડૉ. એરચ્ જહાંગીર તારાપોરવાળા	સાચી સાધુતા
ડૉ. હીરાલાલજી	કર્મસિદ્ધાંત
રાવસાહેબ પટવર્ધન	આપણી ખામિકતા?
અધ્યાપક શ્રી. ગૌરીપ્રસાદ ઝાલા	ઉપનિષદ્ વિચાર
શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	જૈન ધર્મ
પુરુષોત્તમ કાનજી	આચાર સંશોધન
શ્રી. કેદારનાથજી	વ્યવહારશુદ્ધિ
શ્રી. જમુ દાણી	પાયાનો ક્રાન્તિકાર
શ્રી. પિનાકિન ત્રિવેદી	ભજનો
શ્રી. કેશવદેવ પોદ્દાર	શ્રી. અરવિંદનું તત્ત્વદર્શન
શ્રી. મધુભાઈ પટેલ	લોકગીતો અને ભજનો
શ્રી. ઉમાશંકર જોષી	ઉત્તરરામચરિત
પ્રીન્સીપાલ એસ. એસ. દેશનવી	ભારતીય સંસ્કૃતિની ગંગાજમના
ભદન્ત આનંદ કૌશલ્યાયન	શ્રમણ સંસ્કૃતિ
કાકા સાહેબ કાલેલકર	વિશ્વશાન્તિ

છેલ્લા દિવસની ભારતીય વિદ્યાભવનમાં મળેલી સભા શ્રોતાઓથી ચીકાર ભરાઈ ગઈ હતી. એ સભાનાં વિશિષ્ટ વ્યાખ્યાનો ઉપરાંત અધ્યાપક શ્રી ઉમેદભાઈ મણિયારે બે સુન્દર પદો સંભળાવીને સૌકોઈના મનનું રંજન કર્યું હતું.

પ્રાસંગિક સંમેલનો

તા. ૪-૪-૫૦ના રોજ 'શ્રમણ' માસિકના તંત્રી શ્રી ઈંદ્રચંદ્રને આવકાર આપવા માટે સંઘ તરફથી એક નાનું સરખું સંમેલન ગોઠવવામાં આવ્યું હતું.

સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય તથા પ્રબુદ્ધ જૈનના સંપાદક શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહ વ્યાપારાર્થે યુરોપ જતા હોઈને તેને શુભવિદાય ઇચ્છવા માટે તા. ૮-૪-૫૦ ના રોજ એક મેળાવડો ભરવામાં આવ્યો હતો.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ન્યુઝીલેન્ડ ખાતે મળનારી બ્રીટીશ કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં હિંદની ધારાસભા તરફથી નીમાયલા પાંચ પ્રતિનિધિઓમાંના એક હતા. આ નિમિત્તે તેઓ અહિંથી તા. ૨૮-૧૦-૫૦ ના રોજ વિદાય થયા તેના આગળના દિવસે સંઘના મંત્રી શ્રી રમણલાલ સી. શાહ તરફથી શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહના સન્માનમાં એક ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો.

પ્રકીર્ણ

ગત વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ચુંટણી થઈ ત્યારથી આજ સુધીમાં કાર્યવાહક સમિતિની નવ સભાઓ મળી હતી. સંઘના સભ્યોની સંખ્યા વર્ષના પ્રારંભમાં ૨૫૫ હતી તે ઘટીને ૨૨૫ થઈ છે. આ સાથે જોડેલા (અને આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલા) હિસાબ-સરવૈયા ઉપરથી સંઘની આર્થિક પરિસ્થિતિ કેટલી પાતળી-નબળી-પડતી જાય છે તેનો ખ્યાલ આવશે. સંઘના માથે વાંચનાલય અને પુસ્તકાલયની તથા પ્રબુદ્ધ જૈનની ચાલુ જવાબદારી

છે. આ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રચનાત્મક કાર્યક્રમની દિશાએ તથા આજે હુંફતા જતા મધ્યમવર્ગને માટે આવશ્યક રાહતને અનુલક્ષીને વાર્ષિક સામાન્ય સભામાં કોઓપરેટીવ સોસાયટી સ્થાપવાને લગતી દરખાસ્ત મૂકવામાં આવનાર છે. સંઘ કોઇને કોઇ નવી પ્રવૃત્તિ શરૂ કરે, અને વધારે સક્રિય બને અને આજના મધ્યમ વર્ગને રાહતદાયી કોઇ યોજના હાથ ધરે–એવી કાર્યવાહક સમિતિના સભ્યોની તીવ્ર ઇચ્છામાંથી ઉપરની દરખાસ્તનો ઉદ્‌ભવ થયો છે જેને સામાન્ય સભા આવકારશે એવી આશા રાખવામાં આવે છે. એ યોજના સ્વીકારવામાં આવે તો તે પણ સંઘની આર્થિક જવાબદારીમાં વિશેષ વધારો જ કરશે. આ બધી જવાબદારીઓને કેમ પહોંચીવળવું તેનો દરેક ભવ્ય પુરી ગંભીરતાથી વિચાર કરે અને એક યા બીજા પ્રકારની જવાબદારીઓને અંદર અંદર વહેંચી લઇને સંઘના કાર્યને વધારે વેગ આપે એવી સંઘના દરેક સભ્યને પ્રાર્થના છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : વાર્ષિક સભા

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૨-૫૧ શનિવારના રોજ સાંજના ૭ વાગે સંઘના કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ બીરાજ્યા હતા. આગળની વાર્ષિક સભાની નોંધ મંજુર થયા બાદ સંઘના મંત્રી તરફથી સંઘનો ગત વર્ષનો વૃત્તાંત, સંઘનો તથા શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું અને નવા વર્ષનું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યાં હતાં જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યાં હતા. (આ વાર્ષિક વૃત્તાન્ત તથા આવક જાવકના હિસાબો તથા સરવૈયું આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે.)

બાદ પ્રબુદ્ધ જૈનના સંચાલન પાછળ ગયે વર્ષે રૂા. ૧૫૦૦) ની ખોટ આવી છે અને આગામી વર્ષના અંદાજપત્રમાં રૂા. ૨૦૦૦) ની ખોટ દર્શાવવામાં આવી છે. આવી આર્થિક વિષમ પરિસ્થિતિને કેમ પહોંચી વળવું તેને લગતી કેટલીક ચર્ચાના પરિણામે હવે પછીથી–અજમાયશ તરીકે–પ્રબુદ્ધ જૈનમાં 'જાહેર ખબર' લેવાની શરૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું હતું અને સાથે સાથે જાહેરખબર મેળવીને, ગ્રાહકો બનાવીને, બીજા પાસેથી મદદના આકારમાં મેળવીને અથવા તો પોતા તરફથી—કોઇ પણ રીતે પ્રબુદ્ધ જૈનને આવતા વર્ષમાં મદદ આપવાનાં–હાજર રહેલા સભ્યો તરફથી કેટલાંક વચનો મળ્યા હતાં.

ત્યારબાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી હતી.

નવા અધિકારીઓ

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ—**પ્રમુખ**
,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ—**ઉપપ્રમુખ**
,, મણિલાલ મોકમચંદ શાહ
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ } **મંત્રીઓ**
,, રમણલાલ સી. શાહ
,, ચીમનલાલ પી. શાહ—**કોષાધ્યક્ષ**

કાર્યવાહક સમિતિના સભ્યો

૧. શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા
૨. ,, નાનચંદભાઇ શામજી
૩. ,, તારાચંદ એલ. કોઠારી
૪. ,, જટુભાઇ મહેતા
૫. ,, જસુમતિબહેન મનુભાઇ કાપડિયા
૬. ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
૭. ,, પાસુભાઇ બીયસી પુરીયા
૮. ,, કાંતિલાલ ઉમેદચંદ ઝવેરી
૯. ,, ચંદુલાલ સાકરચંદ વકીલ
૧૦. શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
૧૧. ,, જયંતિલાલ સુંદરલાલ કોઠારી
૧૨. ,, રતીલાલ ચીમનલાલ કોઠારી
૧૩. ,, ટી. જી. શાહ
૧૪. ,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
૧૫. ,, વલ્લભદાસ પુલચંદ મહેતા

ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી કોઓપરેટીવ સોસાયટીની સ્થાપના કરવાને લગતી ભલામણ અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો:—

"મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રૂા. ૧૫૦૦૦) ના શેરોની મુડી સાથેની એક કોઓપરેટીવ સોસાયટીની સ્થાપના કરવી, અને તેમાંથી સ્ટોરો સ્થાપવા, ચલાવવા, મેળવવા વિગેરે પ્રવૃત્તિ કરવી. તેમાંથી શેરહોલ્ડરોને વધુમાં વધુ ૬½ ટકા વ્યાજ આપતા જે ચોખ્ખી આવક વધે તેનો ઉપયોગ બનતા સુધી સંઘ મારફત ચાલતા રાહત કાર્યો માટે કરવો.

આ સંબંધે ઘટતું કરવા કાર્યવાહક સમિતિને સત્તા આપવામાં આવે છે."

ગત વર્ષના સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના ચોપડાઓ તપાસી આપવા બદલ ઓડીટર મેસર્સ એચ. પી. કુબાણીની કું. નો આભાર માની ચાલુ સાલ માટે પણ તેમને જ ઓડીટર તરીકે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

વિશેષ સંઘ સમાચાર

તા. ૨૬-૨-૫૧ના રોજ સાંજના ૭ વાગે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની ચાલુ વર્ષની પ્રથમ સભા સંઘના ઉપ-પ્રમુખ શ્રી. જયંતિલાલ લલ્લુભાઇ પરીખના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે ચાલુ વર્ષ માટે કાર્યવાહક સમિતિનાં ચાર સભ્યો ઉમેરવામાં આવ્યા હતા. અને શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ તથા વૈદ્યકીય રાહત સમિતિ અને વાર્ષિક સભામાં કરવામાં આવેલ ઠરાવ મુજબ કોઓપરેટીવ સોસાયટીની સ્થાપના કરવા અંગે યોજના ઘડી કાઢવા માટેની એક સમિતિની પણ નીમણુંક કરવામાં આવી હતી. આ પ્રમાણે કરવામાં આવેલી નીમણુંકો નીચે મુજબ છે:—

કાર્યવાહક સમિતિમાં ઉમેરવામાં આવેલા ચાર સભ્યો

૧. શ્રીમતી ચંચળબહેન ટી. જી. શાહ
૨. શ્રી. પ્રવીણચંદ હેમચંદ અમરચંદ
૩. ,, પરમાનંદ હરજીવન કામદાર
૪. ,, અંબાલાલ ચતુરભાઇ શાહ

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વા. પુ. સમિતિ

૧. શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ—**મંત્રી**
૨. ,, કાંતિલાલ ઉમેદચંદ ઝવેરી
૩. ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
૪. ,, જયંતિલાલ સુંદરલાલ કોઠારી

વૈદ્યકીય રાહત સમિતિ

૧. શ્રી. રતીલાલ ચીમનલાલ કોઠારી—**મંત્રી**
૨. શ્રીમતી જસુમતીબહેન મનુભાઇ કાપડિયા
૩. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
૪. ,, રમણિકલાલ મણિલાલ શાહ

કોઓપરેટીવ-સોસાયટી-પ્રયોજ સમિતિ

૧. શ્રી રમણલાલ સી. શાહ—**મંત્રી**
૨. ,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
૩. ,, રતીલાલ ચીમનલાલ કોઠારી
૪. ,, તારાચંદ એલ. કોઠારી
૫. ,, પાસુભાઇ બીયસી પુરીયા

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૬ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

પ્રબુદ્ધ જૈન

જ		ઉ	
૧૧૯૪—૯—૦	લવાજમના	૧૦૩૪—૩—૬	પગાર, ભાડું, લાઇટ
૫૨૯—૧૪—૦	ભેટના	૩૫૫—૧૪—૦	પોસ્ટ ખર્ચ
૪૦૦—૦—૦	સભ્યો પાસેથી લવાજમના નીયમ પ્રમાણે	૧૯૦૭—૦—૦	છપામણી ખર્ચ
૧૫૧૯—૧૧—૯	વર્ષની આખરે ખોટનાં	૧—૦—૦	પરચુરણ ખર્ચ
		૩૪૬—૧—૬	કાગળ ખર્ચ
૩૬૪૪—૨—૯		૩૬૪૪—૨—૯	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

જ		ઉ	
૬૨૮— —૦	૨૦૦૬નાં સભ્ય લવાજમનાં	૧૦૩૪—૩—૬	પગાર, ભાડું, લાઇટ
૧૩૪—૧૧—૦	૨૦૦૫નાં સભ્ય લવાજમનાં	૩૨—૧૪—૯	પોસ્ટ ખર્ચ
૪૦૭—૪—૦	ભેટનાં	૨૮૧—૧૩—૯	પરચુરણ ખર્ચ
૧૬૮—૭—૦	વ્યાજનાં	૪૧—૧૩—૯	સ્ટેશનરી
૧૮૪—૭—૯	વર્ષની આખરે ખોટ	૩૨—૦—૦	છપામણી ખર્ચ
		૪૦૦—૦—૦	સભ્યોના પ્રબુદ્ધ જૈનના લવાજમના
૧૮૨૨—૧૩—૯		૧૮૨૨—૧૩—૯	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૬ની સાલનું સરવૈયું

જ			ઉ		
રીઝર્વ ફંડ		૧૧૦૦—૦—૦	રોકાણ		
જનરલ ફંડ			પ½ ટકાના ધી ઇન્ડીયન શુગરપાઇપ કું. લી. ના ડીબેન્ચર્સ રૂા. ૪૦૦૦) ની ફેસવેલ્યુના		૪૨૩૬—૬—૨
ગયા વરસના બાકી	૩૫૭૨—૨—૧				
ચાલુ સાલમાં સંઘની ખોટના	૧૮૪—૭—૯		**રોકડ બેંકમાં તેમજ હાથ ઉપર**		
	૩૩૮૭—૧૦—૪		હાથ ઉપર રોકડા ...	૭૬—૧૨—૦	
ચાલુ સાલમાં પ્રબુદ્ધ જૈનની ખોટના	૧૫૧૯—૧૧—૯		ધી બેંક ઓફ ઇન્ડીઆના ચાલુ ખાતામાં ...	૨૩૦૫—૨—૧૧	
		૧૮૬૭—૧૪—૭			૨૩૮૧—૧૪—૧૧
શ્રી. ભાવજત ખાતું		૨૭૩—૧૪—૬	શ્રી મ. મો. શાહ સા. વાં. પુ. ખાતે		૧૨૪૩—૯—૬
,, વ્યાખ્યાનમાળા ખાતું		૨૬૨—૧૧—૦	શ્રી પ્રબુદ્ધ જૈન પેપર ખાતે		૪૯—૦—૦
,, પુસ્તક પ્રકાશન ખાતું		૩૧૮૩—૧૦—૬			૭૬૧૦—૧૪—૭
,, ઉપલક ખાતું		૮—૦—૦			
,, વૈદ્યકીય રાહત ખાતું		૬૧૧—૫—૬			
,, ૨૦૦૭નાં સભ્ય લવાજમ ખાતું		૧૦૦—૦—૦			
,, ૨૦૦૮, ૬, ૧૦નાં સભ્ય લવાજમ ખાતે		૧૫—૦—૦			
,, છગનલાલ ધનજીભાઇનું ખાતું... ...		૧૩૨—૧૪—૩			
,, ડી. કરમાલીનું ખાતું		૫૫—૮—૦			
		૭૬૧૦—૧૪—૭			

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બનાવેલ છે તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું૦
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઇ તા. ૧૨-૧-૧૯૫૧

સંવત ૨૦૦૬ ની સાલનો શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાં. પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ

જ		ઉ	
૭૬—૮—૦	પાસબુકના	૪૪૦—૮—૬	શ્રી પેપર લાવાજમના
૨૬૪—૪—૦	દંડના	૨૨૬૬—૧૩—૫	શ્રી ખર્ચના
૧૨૦૫—૦—૦	વ્યાજના	૨૦૭૫—૨—૬	પગારના
૧૭૭૬—૧૫—૦	ભેટના		
૩૩૫૨—૧૧—૦		૪૮૧૫—૮—૮	
૧૪૬૨—૧૩—૮	ખોટના		
૪૮૧૫—૮—૮			

સંવત ૨૦૦૬ની સાલનું શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનું સરવૈયું

જ

૨૪૦૦૧	—૦—૦	શ્રી. મ. મો. વાં. પુ. ખાતે જમા
૬૦	—૦—૦	,, ફરતી લાયબ્રેરી ખાતે જમા
૪૮	—૦—૦	,, પુસ્તક વધારા ડીપોઝીટ ખાતે જમા
૧૦૬૭	—૨—૬	,, પુસ્તક ખાતે જમા
૩૦૮૯	—૮—૦	,, ડીપોઝીટ ખાતે જમા
૧૨૪૩	—૯—૬	,, મુંબઇ જૈન યુવક સંઘ ખાતે જમા
૨૯૫૦૯	—૪—૦	

ઉ

૧૦૦૦૦	—૦—૦	ધી રાવલગામ સ્યુગર ફર્મ લી. ના ડીબેન્ચર્સ ૪ ટકાના
૧૦૦૦૦	—૦—૦	ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. ૪॥ ટકાના ડીબેન્ચર્સ
૫૦૦૦	—૦—૦	ધી જયપુર મેટલ વર્કર્સ લી. ના ૪॥ ટકાના ડીબેન્ચર્સ
૩૬૧૫	—૦—૦	ધી બોમ્બે મ્યુનીસીપાલીટી લોન ૫ ટકાની ૧૯૨૬ની રૂા. ૩૦૦૦) ની
૩૧૭	—૧૩—૬	શ્રી આવક જાવક ખાતે ઉધાર
		૧૪૬૨—૧૩—૮ ચાલુ સાલની બોટ
		૧૧૪૫—૦—૨ ગઇ સાલની બચત
૩૧૭	—૧૩—૬	
૩૪૧	—૭—૬	ધી બેન્ક ઓફ ઇન્ડીયા લી. ના ખાતામાં
૧૫૦	—૭—૩	ધી સેન્ટ્રલ બેન્કના ખાતામાં
૮૪	—૭—૯	રોકડા–પુરાંત હાથમાં
૨૯૫૦૯	—૪—૦	

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેન્ક પાસ બુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું૦
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઇ તા. ૧૨-૧-૫૧

રૂપઘેલા વરરાજા વીલે મોઢે પાછા ફર્યા.

લગ્નની ઘડીઓ ગણાતી હતી. મુહૂર્તનો સમય થવા આવ્યો હતો. ઉતારેથી જાન પણ વિદાય થઇ ગઇ હતી. વરઘોડો પૂરા ઠાઠથી બજારમાં ઘૂમી રહ્યો હતો. વરરાજા બહારથી હસવાનો પ્રયત્ન કરતો હતો પણ તેના દિલમાં કંઇક દુઃખ હોય એમ લાગતું હતું. આ બાજુ કન્યાપક્ષ પણ તૈયારીમાં પડયો હતો. સ્વાંગતની તૈયારી પૂરી થઇ. જાન દરવાજે આવી પહોંચી. વરરાજા હેઠા ઉતર્યા. કન્યાની માતા પોંખવા આવ્યાં. બરાબર એ જ ટાણે વરરાજાએ ગંભીરતાથી કહ્યું: મેં ' સાંભળ્યું છે કે કન્યા રૂપાળી નથી; મોઢે શીળીના ડાઘ છે; અવાજ જરા ભારે છે. હું કન્યાને જોયા વિના નહીં પરણું !' જાન આશ્ચર્યચકિત થઇ ગઇ. કન્યાનો બાપ તો જાણે વાઢો તોય ટીપું લોહી ન નીકળે એવો થઇ ગયો.

બીજી બાજુ કન્યા માહ્યરામાં બેસવાને તૈયાર થઇ. ભગવાનની મુર્તિ પાસે જઇ શ્રદ્ધાથી પ્રણામ કરી રહી હતી. 'હે, પ્રભુ ! મારું જીવન સંયમપૂર્ણ સુખી બને. '

અશ્રુભરી આંખે સગાંવહાલાં ઘરમાં આવ્યાં. બધાંના ચહેરા જોઇને કન્યાએ પૂછ્યું: ' શું છે ? મને કહો તો ખરા ! '

પણ કોણ કહે ? શું કહે ? આખરે કન્યાનાં મામીએ ફોડ કર્યો. એમને બહુ સમજાવ્યા પણ એમના મનમાં કોઇએ ભૂસું ભરાવ્યું છે. હવે કોઇ રીતે માનતા નથી. એનાં માબાપ પણ કહે છે કે "આ તું શું કરવા બેઠો છે ?"

' એમ છે ?' કન્યાએ કહ્યું. ' તો એમને આવવા દો. હું એમની સાથે વાત કરી લઇશ. '

સૌ બહાર ગયાં. વરરાજા અંદર આવ્યા. કન્યાએ શાંત ચિત્તે પ્રભુની પ્રાર્થના કરી. થોડી વારે આંખ ખોલી. ' કેમ મારું રૂપ ગમ્યું ?' કન્યાએ કહ્યું.

' મને મારા એક મિત્રે કહ્યું હતું કે તમારા મોઢે શીળીનાં ચાઠાં છે. '

' હું, તો શું એ ચાઠાં હોત તો હું સ્ત્રી મટી જાત ?'

' ના પણ...

' પણ શું ? ઠીક આ વાત તો સાચી નહોતી પણ ખરેખર હું બદસુરત હોત તો ? તમે ખ્યાલ તો કરો, મારી શી દશા થાત ? તમે પુરૂષો તો રૂપ જુઓ છો. પણ સંબંધ બંધાતાં અમે અમારું દિલ હોમી દઇએ છીએ. ચાલો એ બધી વાતો કરવાનો અત્યારે સમય નથી. બોલો હું તમને ગમીને ?'

વરરાજાએ હકારમાં ડોકું ધુણાવ્યું. ' હવે પછી તો કોઇ દિવસ એમ નહિ કહો ને કે મેં જોઇ ન હતી. '

' ના ' કહી વરરાજા ઉઠવાની તૈયારી કરવા લાગ્યા.

' ઉભા રહો. ' કન્યાએ કહ્યું. ' મેં તમારી વાત સાંભળી. હવે તમે મારી એક વાત સાંભળો. '

' શું ? '

કન્યાએ ગંભીર થઇને કહ્યું : 'આજથી તમે મારા ભાઇ છો. હવે તમે બીજે સ્થળે પરણી લેજો. હું તો તમને પસંદ છું પણ તમે હવે મારે લાયક નથી. '

' પણ ' વરરાજાએ કહ્યું.

' પણ બણ કાંઇ નહિ. તમે મારું રૂપ જોવા આવ્યા ત્યારથી જ મેં ભગવાનની પાસે સંકલ્પ કર્યો હતો. ભગવાન તમોને સુખી કરે. '

વરરાજા વીલે મોઢે બહાર નીકળ્યા. કન્યાએ પોતાનો સંકલ્પ પગે લાગી પોતાનાં માતપિતાને કહ્યો: ' મા, દુઃખી ન થશો; આપણનેય સ્વમાન છે. '

'વિશ્વવાત્સલ્ય'માંથી સાભાર ઉધ્ધૃત — નવલભાઇ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર ૨ . ન. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨૨

મુંબઈ : ૧૫ માર્ચ ૧૯૫૨ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'ઉંચો ગઢ ગિરનાર વાદળથી વાતો કરે!'

(ગતાંકથી ચાલુ)

આવો જ એક બીજો અનુભવ ચોથી ટુંકથી પાંચમી ટુંક તરફ જતાં થયો. પાંચમી ટુંકે પહોંચવા માટે ચોથી ટુંકથી ઠીક પ્રમાણમાં નીચે ઉતરવું પડે છે. આ ઉતરાણ પુરું થાય એટલે બાજુએ જરા નીચાણમાં એક આશ્રમ જેવું મકાન જોવામાં આવ્યું. કુતુહલથી પ્રેરાયલા અમે ત્યાં ગયા. ત્યાં એક દાઢીવાળા પ્રભાવશાળી સ્વામી બેઠા હતા. તેમને અમે નમસ્કાર કર્યા. તેમણે અમને ભાવભર્યા શબ્દો વડે આવકાર્યા. તેઓ પંજાબી હતા. બહુ સુન્દર હિંદી બોલતા હતા. તેમણે અમારો જળપાન વડે સત્કાર કર્યો અને જણાવ્યું કે "અમે જીવનનું સાર્થક સેવામાં જ માનીએ છીએ અને તે હેતુથી અહિં અમે સદાવ્રત ચલાવીએ છીએ. અહિં જે કોઇ આવે તેને પીવાને પાણી મળે છે; ખાવાને અન્ન મળે છે. ગરીબ પૈસાદારનો અમારે મન કોઇ ભેદ નથી. થાકયાપાકયા યાત્રીઓ અહિં આવે છે અને અમારી પાસે જે કાંઇ હોય તે ધરીએ છીએ. ઉપર (પાંચમી ટુંક ઉપર) દત્તાત્રયના પગલાં છે ત્યાં અહિંનો એક સાધુ બેસે છે અને યાત્રાળુઓ જે કાંઇ ધરે તે અહિં લઇ આવે છે. વળી આવતા જતા માણસોમાંથી પણ જેની શક્તિ હોય અને જેના દિલમાં ભગવાન વસે તે કોઇને કાંઇ આપી જાય છે. તે ઉપર આ સદાવ્રત ચાલે છે. આમાં અમને કોઇ દિવસ તોટો પડતો નથી અને અમારાં અન્ન ભંડારને કદિ તળીયું દેખાતું નથી. કોઇ દિવસ એક સાથે ૧૦૦ માણસોને જમાડવા હોય તો પણ અમને મુંઝવણ થતી નથી. અહિં કામકાજ સાધુઓ કરે છે અને રસોઇ પણ સાધુઓ જ કરે છે. અમે ટીલાં ટપકાંમાં માનતા નથી; ભાંગતભાકુતું અમને કોઇ વ્યસન નથી. નાગા રહેવું, ભસ્મ લગાડવી એ બધાંનું અમારે મન કોઇ મહત્વ નથી. લોકોની સેવા કરવી અને ઇશ્વરનું ચિન્તન કરવું એ જ અમારે મન પરમ ધર્મ છે. અમે પથ્થરને પૂજવા કરતાં જીવન્ત માનવીમાં રહેલ ઇશ્વરને પૂજવામાં વધુ માનીએ છીએ. અમારું જીવન તો નદીમાં તરતા સુકા પાન જેવું છે. કયારે અહિં તો કયારેક ત્યાં એવી અમારા જીવનની ગતિ છે. અમારી સલામતી ઇશ્વરના હાથમાં છે અને તે અમને સંભાળે છે. કોઇ સુયોગથી તમે અહિં આવી ચઢયા છો તો અમારી લુખી સુકી ભાખરી જમીને જ જાઓ. ઉતાવળ ન હોય તો અહિં બપોરના સુધેથી આરામ કરો અને સાંજ સુધી રોકાઇ જાઓ" ઇત્યાદિ. એક વયોવૃદ્ધ સંન્યાસીને આવી લોકસેવાની વાતો કરતાં સાંભળીને હું ચકિત થઇ ગયો; તેમના વિશેષ પરિચયનો મને લોભ થયો એટલે તેમનું આમંત્રણ કશી પણ આનાકાની વગર સ્વીકારી લીધું. પાંચમી ટુંકે જવાનું હજુ બાકી હતું એટલે અમારા માટે રસોઇ થાય એ દરમિયાન અમે પાંચમી ટુંક જવા ઉપડયા. એ અદ્‌ભુત શિખર ઉપર દોઢ બે કલાક કેમ પસાર થયા તેની અમર સરખી ન પડી. એ દત્તાત્રયની ટેકરી ઉપર એક ધંટ છે. જે આવે તે વગાડે છે અને તેના રણકારથી ચારે દિશાઓ ગાજી ઉઠે છે. અહિંથી ઉઠવાનું મન થતું ન હોતું એમ છતાં આખરે મનને મનાવીને ત્યાંથી અમે ઉઠયા અને સ્વામીજી પાસે આવ્યા. અમારું તેમણે ખુબ ભાવભર્યું આતિથ્ય કર્યું. કલાક દોઢ કલાક આરામ કર્યો. સ્વામીજી સાથે કેટલોક સમય વાર્તાલાપમાં ગાળ્યો. સ્વામીજીના પૂર્વજીવન વિષે કાંઇક જાણવાની મેં ઇચ્છા દર્શાવી. તેમણે પોતાની જીવનકથા કહી સંભળાવી. તેઓ પણ એક વખત ગૃહસ્થાશ્રમી હતા. અહમદનગર બાજુ ટેકસીડ્રાઇવરનું કામ કરતા હતા. નાનપણથી ઇશ્વરભક્તિ તરફ તેમનું મન વળેલું હતું; પત્ની ગુજરી ગઇ; સંસાર વિષે વૈરાગ્ય આવ્યો; માબાપ જીવતા હતા. તેઓ કેમ રજા આપે? સંતાનમાં એક પુત્રી હતી તેને પરણાવી દીધી હતી. આખરે એક દિવસ વહેલી સવારે તેમણે છુપી રીતે ગૃહત્યાગ કર્યો. સંન્યાસ લીધો. હરદ્વારના ગંગાકિનારે ૩૦ વર્ષ ગાળ્યા. ત્રીશ વર્ષે સગા સંબંધીઓને તેમનો પત્તો લાગ્યો અને પોતા તરફ ખેંચવાનો તે દિશાઓથી પ્રયત્ન શરૂ થયો. આ ઉપાધિથી મુક્ત રહેવા માટે હરદ્વાર તેઓ છોડીને કેટલાક સમય વ્યંબક રહ્યા. ત્રણેક વર્ષથી અહિં આવીને રહ્યા છે. તેમની વાણીમાં ઉંડો સમભાવ અને નીતરતી પ્રસન્નતા હતી. તેમના પરિચયથી અમે કૃતકૃત્યતા અનુભવી. સાંજ પડવા આવી એટલે તેમની અમે રજા માંગી અને ફરતાં ફરતાં સૂર્ય જ્યારે પશ્ચિમના ક્ષિતિજની પેલેપાર અલોપ થઇ રહ્યો હતો તેવા સમયે અમે અમારા નિવાસસ્થાને પહોંચી ગયા.

ગિરનારની વિશેષતા એ છે કે એ સર્વ ધર્મોનું તીર્થસ્થાન છે. જેને પહેલી ટુંક કહે છે ત્યાં કેટલાંક ભવ્ય જૈનમંદિરો છે. આ દરેક મંદિરની રચના ભિન્ન ભિન્ન પ્રકારની હોઇને પ્રત્યેક મંદિર વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવે છે. આ જૈનતીર્થના મુખ્ય અધિષ્ઠાતા દેવ જૈનોના ૨૨ મા તીર્થંકર ભગવાન નેમનાથ છે. નેમનાથ રાજપુત્ર હતા. જૈન કથાનક પ્રમાણે શ્રી કૃષ્ણના પિતા વસુદેવના ભાઇ સમુદ્રવિજયના નેમનાથસ્વામી પુત્ર થાય. યોગ્ય ઉમ્મરે તેમનો ઉગ્રસેન રાજાની પુત્રી સાથે વિવાહ થયો અને તેમના લગ્નની જાન કાઢવામાં આવી. નેમનાથનો રથ શ્વશુરગૃહે પહોંચ્યો ત્યાં પશુઓનો કોળાહળ અને પોકાર સાંભળ્યો. રથના સારથિને પૂછતાં નેમનાથને માલુમ પડયું કે લગ્નના બીજા દિવસે થનાર વરોઢી અથવા તો હરખજમણ માટે કતલ કરવાને એકઠા કરવામાં આવેલા પશુઓનો આ કોળાહળ હતો. આ જાણીને તેમને ભારે આઘાત થયો રથ પાછો વળાવ્યો, અને સીધા ગિરનાર આવ્યા અને સંસારનો ત્યાગ કર્યો અને પંચમુષ્ટિ લોચ કરીને દીક્ષા અંગીકાર કરી; ગિરનારમાં જ રહીને આત્મસાધના કરી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જેનાં લગ્ન નેમનાથસ્વામી સાથે થવાના હતા તે સતી રાજુલ પણ ભગવાનની પાછળ જ ચાલી નીકળી અને તેણે પણ

ભગવાન પાસે જ દીક્ષા અંગીકાર કરી અને સમયાન્તરે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ ગિરનાર સાથે નેમનાથ અને રાજુલ ઉભયની આત્મસાધના જોડાયલી હોઇને જૈનોને મન આ તીર્થનું અસાધારણ મહત્વ છે.

ગિરનારનાં જૈન મંદિરોમાં મુખ્ય મંદિર ભગવાન નેમનાથનું છે. આ વિશાળ મંદિર આસપાસ મોટો ચોક છે અને ચારે બાજુએ દેરીઓની હાર છે. આમાંની એક દેરીમાં ભોંયરૂં છે અને ત્યાં 'અમીઝરા પાર્શ્વનાથ'ની એક ભવ્ય મૂર્તિ છે. શિલ્પકળાનો આ એક સુંદર નમુનો છે; આ પ્રતિમાનું વિધાન–સર્વ અંગ ઉપાંગોનું નિર્માણ–ભારે સપ્રમાણ સુઘટિત છે અને મુખમુદ્રા તો એટલી બધી રમ્ય છે કે તેમાંથી પ્રસન્નતા સતત ટપકી રહી હોય એમ જ આપણને લાગે છે. ગુફામાં કોઇ અદ્‌ભુત યોગી બેઠો હોય એવી પ્રશમરસનિમગ્ન આ પ્રતિમા છે. આ મૂર્ત સમક્ષ હું જ્યારે જ્યારે ગિરનાર ગયો છું ત્યારે ત્યારે મેં કેટલોયે સમય ગાળ્યો છે અને તો પણ મન હજુ ધરાયું નથી. આ તો જૈન મંદિરોની વાત કરી. પણ ગિરનારની ટોચ ઉપર દૂર દૂરથી દેખાતા અંબાજીના મંદિરનું શિલ્પવિધાન પણ એટલું જ ભવ્ય અને આકર્ષક છે. બીજાં પણ કેટલાંયે છુટાં છવાયાં વૈષ્ણવ તેમ જ શૈવ મંદિરો છે. આ ગિરનાર ઉપર જૈન કરતાં જૈનેતરો ઘણી મોટી સંખ્યામાં યાત્રાર્થે આવે છે. અહિં તરેહતરેહના લોકો જોવા મળે છે. વિદ્યાર્થીઓનાં ટોળે ટોળાં ગિરનાર ઉપર જ્યાં ત્યાં ભટકતાં દૃષ્ટિગોચર થાય છે. તળપદા લોકો, ખેડુતો, મજુરો, મદ્રાસીઓ, પંજાબીઓ, સાધુઓ, સંન્યાસીઓ, તરેહતરેહના વેશ અને જાત જાતનાં આભૂષણોથી શોભતાં નરનારીઓ આપણી નજરે ચઢે છે. ગિરનાર સમગ્ર હિંદુસમાજનું એક મોટું તીર્થધામ છે. વળી ગીરનાર સામે દાતારનો ઉંચો ડુંગર છે. ત્યાં એક ઓલીયા પીરની કબર છે અને મુસલમાનો માટે એ પણ એક મોટું યાત્રાનું સ્થળ છે. નવાબના વખતમાં એ સ્થળની રોણક જુદી હતી. નવાબીના અસ્ત સાથે એ સ્થળની રોનક ઘટવા માંડી છે. એમ છતાં પણ મુસલમાનોનું તે સ્થળ વિષેનું આકર્ષણ તો કાયમ રહેવાનું જ છે.

ગિરનાર ઉપર રહેવાનું બન્યું એ દરમિયાન શ્રી. અરવિન્દના Life Divine નું વાંચન ચાલતું હતું. સ્થળ અને વાતાવરણ ગ્રંથવિષયને સર્વ પ્રકારે અનુરૂપ હોઇને આ અતિ કઠણ લેખાતો ગ્રંથ મારા માટે સુગ્રાહ્ય બન્યો હતો. વાંચતાં વાંચતાં અવારનવાર એવું લખાણ આવે કે જેનો ભાવાર્થ તુરત બુદ્ધિમાં ન ઉતરે. આમ બને એટલે ચોપડી બંધ કરૂં અને ચોતરફના વિસ્તીર્ણ પ્રદેશ ઉપર, દુરના આકાશ તરફ, દૂરગામી ક્ષિતિજ પ્રતિ બેધડિ નજર ફેરવવા માંડું અને થોડી વારમાં કઠણ લાગતા લખાણનો ભાવાર્થ મનમાં ખુલી જાય અને વાંચન પાછું આગળ ચાલે. આ પુસ્તકમાં અનેક અગમનિગમની વાતો આવે છે. આ પર્વતનું ભવ્ય દર્શન પણ આપણને ઉંડા વિચાર અને ચિન્તન તરફ વાળે છે. પુસ્તકની ધુંચ ગિરનારના દર્શનમાંથી ઉકેલે છે; ગિરનારની વિરાટ રચના અને અપૂર્વ ભવ્યતાનો ઉકેલ આ પુસ્તકમાંથી સુઝી આવે છે.

Life Divine માં પ્રતિપાદ્ય વિષયોનું અનેકવાર પુનરાવર્તન આવ્યા કરે છે. તે વાંચતાં આપણને એમ જ લાગે છે કે કોઇ એક મહાન ગુરૂ તત્વવેત્તા જીવ, જગત અને ઇશ્વરને લગતા ગૂઢ પ્રશ્નોની આપણી સાથે ચર્ચા કરે છે, એક પછી એક નવાં નવાં તાત્ત્વિક રહસ્યો આપણી સામે પ્રગટ કરે છે, અઘરી બાબતો ફરી ફરીને સમજાવે છે, અને કોઇ પણ નવા વિષયનું નિરૂપણ શરૂ કરતાં પહેલાં અત્યાર સુધી શું શું કહ્યું તેનું વારે વારે પુનરાવર્તન કરતા જાય છે. ગુરૂ સમજાવતા થાકતા નથી અને શિષ્ય સાંભળતાં કંટાળતો નથી. "આપણે આટલે સુધી આવ્યા. હવે આગળ આલીએ એ પહેલાં આપણે કઇ કઇ બાબતો સમજી લીધી તે આપણે ફરીથી સંક્ષેપમાં તપાસી લઇએ" એમ કહીને આગળ ચર્ચેલી બધી બાબતોનો સંક્ષિપ્ત સાર કહેતા જાય છે અને જિજ્ઞાસુ વાંચકને આગળની ભૂમિકામાં પગલાં મંડાવતાં જાય છે. 'લાઇફ ડીવાઇન' વાંચવી એટલે કોઇ સદ્‌ગુરૂ સાથે અનન્તાતુગામી પ્રવાસ ખેડવો. લાઇફ ડીવાઇન વાંચવી અને ગિરનારમાં વસવું એ બન્ને એક મેકના ભારે પૂરક લાગતાં. જાણે કે એક અન્યનું પ્રતીક જ ન હોય–લાઇફ ડીવાઇન' એટલે તાત્ત્વિક ગ્રંથ સાહિત્યમાં જાણે કે ગિરનાર અને તીર્થાધિરાજ ગિરનાર એટલે લાઇફ ડીવાઇન–પવિત્રતાનું જ મૂર્ત સ્વરૂપ–આવા સંવેદનપૂર્વક આ મહાન ગ્રંથનું અહિં બેઠાં બેઠાં પરિશીલન કર્યું" અને જીવનની ધન્યતા અનુભવી.

ગિરનાર આ હું પહેલી વખત આવ્યો નહોતો. પહેલાં જ્યારે જ્યારે આવેલો ત્યારે જૈન ધર્મશાળામાં રહેલો અને એક રાત્રીથી વધારે સમય કદી પસાર કરેલો નહિ. આ વખતે તો આવા સુન્દર સ્થાનમાં એક સાથે આઠ દિવસ રહેવાનું બન્યું. અને ગિરનારની અનેક બાજુઓનો નિકટ પરિચય થયો. ગિરનારને અનેક વાર જોવા છતાં તે સદા નિત્યનૂતન હોય, અને તે વિષેનું આકર્ષણ જરા પણ ઘટતું ન હોય એવો અનુભવ થતો રહ્યો છે. ગિરનાર એક મહાકાવ્ય છે અને તેની મહત્તા તેના સ્થૂળ દર્શન કરતાં પણ તેની સાથે જોડાયલા અનેક ધાર્મિક સંવેદનો તેમ જ વિચાર-સંસ્કારોને અંગે ઘણી વધારે છે. ગિરનાર એક તપોભૂમિ છે અને આત્મસાધનાના કેન્દ્ર તરીકે તેની જગતભરમાં મોટી ખ્યાતિ છે. બાવા જોગી જાતની અનેક કથાઓ ગિરનાર સાથે સંકળાયલી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક ઐતિહાસિક પરિવર્તનોનો ગિરનાર સાક્ષી છે. કાળજુના જોગી માફક ઉત્તુંગકાય ગિરનારે અનેક ઐતિહાસિક ઘટનાઓ, રાજ્યવંશોના આરોહ અવરોહ, અને રાજકીય, સામાજિક તેમ જ ધાર્મિક વિપ્લવો નિહાળ્યા છે. કંઇ કંઇ સામાજિક, ધાર્મિક, પૌરાણિક કથાઓ ગિરનાર સાથે સંકળાયલી છે.

ગિરનાર ઉપરથી, સ્વચ્છ આકાશ હોય તો, પ્રાતઃકાળે કે સાંયકાળે દૂર દૂર લહેરાતા મહાસાગરનાં દર્શન થાય છે અને સૌરાષ્ટ્ર બાજુના સાગરપટ ઉપર વિચરતા નાવિકો ગિરનારને ભાવપૂર્વક વન્દન કરતા હોય છે. સૌરાષ્ટ્રના આકાશપટ ઉપર વિચરતાં વિમાનવાસીઓ ગિરનારને વિસ્મયપૂર્વક નિહાળે છે અને તેનાં પવિત્ર દર્શનથી આનંદમુગ્ધ બને છે. બે એક વર્ષ પહેલાં જ્યારે સૌરાષ્ટ્રનાં રાજ્યોનું વિસર્જન થયેલું અને જામનગર ખાતે આખા સૌરાષ્ટ્રને એક હકુમત તળે લાવતી સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના કરવામાં આવી ત્યારે એક મિત્ર સાથે નાના સરખા એરોપ્લેનમાં જામનગર જવાનું બનેલું અને ત્યાંથી સાંજના સમયે મુંબઇ તરફ પાછા ફરતાં આથમતા સૂર્યને લીધે તેજોજ્જવલ બનેલા પશ્ચિમ આકાશના પટ ઉપર ઉપસી આવતા શ્યામસુન્દર ગિરનારનું છાયાચિત્ર લગભગ ૧૦૦૦૦ ફીટ ઉંચાઇએથી જોયેલું. એ વખતે જોયેલું દિગન્તવ્યાપી દૃશ્ય અને શેષશાયી ભગવાનવિષ્ણુસમાન શોભતા ભગવતી વસુંધરાના ખોળામાં પોઢેલા તીર્થમહોદય ગિરનારનું છાયાચિત્ર આજે પણ ચિત્તમાં એટલું જ સુઅંકિત છે અને તેનું સ્મરણ આજે પણ રોમાંચ પેદા કરે છે.

આમ દૂરથી તેમ જ નજીકથી જેનું દર્શન આટલું બધું આલ્હાદક અને પ્રેરણાદાયી છે તેવા ગિરનાર ઉપર અમે આઠ દિવસ રહ્યા અને જાણે કે કોઇ સ્વપ્નસૃષ્ટિમાંથી પુનઃ જાગૃત જગતમાં પ્રવેશ કરતા હોઇએ એવી રીતે ભારે હૈયે અમે ગિરનાર ઉપરથી ઉતરીને ભૂતળ ઉપર નીચે આવ્યા અને વ્યવસાયવ્યાકુળ જુનાગઢ શહેરમાં પુનઃ પ્રવેશ કર્યો.

સમાપ્ત. પરમ.નં૬

'ધનવ્યયની દિશા ફેરવો'

'સુધારકો અને વિચારકોના અવિરત પરિશ્રમ છતાં, કુંભકર્ણની નિદ્રામાં પડેલ સમાજને જગાડવાનું કેટલીવખત કપરું થઈ પડે છે, ત્યારે કાળબળ કેટલી ઝડપથી પરિવર્તનનો માર્ગ મોકળો કરી આપે છે, તેનું સહજ ઉદાહરણ, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ફેબ્રુઆરી માસની પત્રિકા પૂરું પાડે છે. જૈન યુવક સંઘના કાર્યકરો અને જૈન સમાજના વિચારકોએ, જે સુધારણા માટે—દાનની દિશા બદલવા માટે—છેલ્લાં પચ્ચીસ વર્ષથી આગ્રહ કરેલો, વિનંતિઓ કરેલી, શાસ્ત્રનાં સમર્થનો ટાંકેલા, એ બધું જાણે કે બહેરા કાન પર ટકોરાં જેવું હતું. એ વિનંતિ અને આગ્રહો સામે ત્યારે પૂજા ઉઠાપાઠ મચતો અને 'દાનની દિશા બદલો' એવું કહેનારને નાસ્તિક અને અંબવી વિશેષણોથી નવાજવામાં આવતા. આજે એ જ 'નાસ્તિક' શબ્દ વાપરનારાઓ, જોકે જૂનો છતાં તેમને મન નવો એવો આગ્રહ કરી કહે છે: 'ધનનો વ્યય કરવાની દિશા બદલો.' એ ઘણું મોડું હોવા છતાંય સુધારક મનોવૃત્તિવાળાઓને આનંદ ઉપજાવે તેવી હકીકત છે.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના ઇતિહાસથી પરિચિત સૌ કોઈ જાણે છે કે, એ કેટલી નિષ્ક્રિય જૈન સંસ્થા છે. કાર્ય નહિ, પણ ઠરાવો એ તેની વિશિષ્ટતા છે. છેલ્લાં પાંચ વર્ષથી તેની કાર્યવાહી મંદ જ નહિ પ્રાયઃ જડ થઈ ગઈ છે; એટલું જ નહિ, ઠરાવોમાં શબ્દોની ભભક છાંટવા છતાં તેનામાં ચૈતન્ય આવતું નથી. એ સંસ્થાના કાર્યકર્તાઓએ રાષ્ટ્રને સ્વાતંત્ર્ય મળ્યા પછી, જોયું કે જો સંસ્થાએ જીવવું હોય તો કંઈક કરી બતાવવું જોઈએ. એટલે ગયે વર્ષે કાલના મુકામે મળેલ અધિવેશનમાં, સમાજનું ધ્યાન ખેંચી શકે તેવો એક ઠરાવ પસાર કર્યો—અને તે મધ્યમ વર્ગને રાહત આપવા માટે એક ફંડ શરૂ કરવાનો. કોન્ફરન્સના તે ઠરાવનો અધિવેશનના કાર્યકર્તાઓ, ભમતીધર અને બીજો ઉપાડી શકે તેવા હતા. એટલે સમાજને પણ લાગ્યું કે એ દિશામાં કંઈક કાર્ય થશે. કોન્ફરન્સના કાર્યકર્તાઓએ મધ્યમ વર્ગને રાહત આપવા માટે શરૂ કરેલા આ ફંડને સમૃદ્ધ કરવા યત્નો કરી જોયા; પણ પોતાના પગ ઉપર કુહાડો મારી શકે તેવા કોન્ફરન્સના આ કાર્યકર્તાઓ પોતાનો ફાળો આપવામાં જરૂરી ઉદારતા દાખવી ન શકયા એટલે એ ફાળામાં અમી ન આવી.

આમ હજુ આ ફાળાની વાત સિદ્ધ નથી થઈ ત્યાં, આવતા માર્ચ માસમાં આ કોન્ફરન્સનું અધિવેશન સૌરાષ્ટ્રમાં જૂનાગઢમાં મળે છે. તેના પ્રમુખ તરીકે શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ શેઠની વરણી થઈ છે. તેઓએ થોડા મહિના ઉપર જામનગર ખાતે કોન્ફરન્સના સ્થાયી સમિતિ સમક્ષ જે ભાષણ કરેલું તેની અને મુંબઈમાં ઉપધાનતપના કાર્યમાં સહાયભૂત થયેલા કાર્યકરોને અભિનંદન આપવા માટે જે સ્નેહસંમેલન યોજાયેલું તેના પ્રમુખસ્થાનેથી વ્યકત કરેલા વિચારોની કોન્ફરન્સના સ્થાયી કાર્યકર્તાઓ પર ઠીકઠીક અસર થઈ જણાય છે, કારણકે પ્રસ્તુત લેખમાં તેમના એ વિચારો પર વિવેચન જ છે એમ કહી શકાય. એ દૃષ્ટિએ અત્યાર સુધી રૂઢ વલણમાં સપડાયેલ કોન્ફરન્સ આ વર્ષે સમાજને કંઈક અંશે નવીન વિચારસરણી આપવા શકિતમાન થશે, એવી આ લેખ વાંચ્યા પછી પ્રતીતિ થાય છે.

શ્રી કાન્તિલાલે તેમના વ્યકતવ્યમાં જૈન સમાજનું ત્રણ બાજુનો તરફ લક્ષ દોરેલું:—૧. હવે દાનનો ચીલો બદલોર. મુનિમહારાજો તેમના ઉપદેશમાંનો અડધો સમય શ્રાવકશ્રાવિકા ક્ષેત્રમાં શ્રીમંતો અને શ્રદ્ધાળુઓ નાણાં આપે તેવો ઉપદેશ આપે અને ૩. વ્યવહારિક અને ધાર્મિક ઉત્સવોમાં સાદગી અને જરૂરપૂરતું ખર્ચ કરો.

આ જ મુદ્દાને વળગી, પત્રિકાના આ લેખમાં તેની વિશેષ છણાવટ કરવામાં આવી છે. એ લેખમાંના કેટલાક મુદ્દાઓ સાથે આપણે સંમત ન થઈએ તોપણ એક વાત તેના પરથી જણાય છે કે, નવીન વિચારસરણીથી આ કાર્યકર્તાઓ ધીમે ધીમે રંગાતા જાય છે.

પ્રસ્તુત લેખમાંની બે જ કંડિકા જોઈએ:—

"શાંતિસ્નાત્ર ની વાત વિચારીએ. એમાં રૂપરાતું મોટા ભાગનું ધન તો વરઘોડાના આડંબર, પ્રભુ સન્મુખ ધરવામાં આવતાં ફળ–ફળાદિકના ઢગલા, અને પૂજારી કે ગવૈયાના લાભમાં ખરચાય છે. એકાદ પ્રભાવના અને તે પણ સામાન્ય પ્રકારની બાદ કરીએ તો જૈનોના લાભમાં કંઈ જ હોતું નથી. રોજ ભણાવવાની પૂજામાં નથી હોતી સારી હાજરી, અને જેઓ અવકાશ મેળવી હાજર હોય છે તેઓનો મોટો ભાગ એ પૂજાઓના રહસ્યથી અજ્ઞાન હોય છે. એક કાળે એ ચલાવી લેવું તે ભલે ઉચિત મનાયું હોય, પણ આજના વિજ્ઞાનયુગમાં એ નથી તો આપણી પ્રગતિ સૂચવતું કે નથી તો આત્મશ્રેયરૂપ નીવડતું; કેમકે જ્ઞાની ભગવંતોએ પોતે જ સમજ વગરની કરણીને મહત્ત્વ આપ્યું નથી. ચાલુ સમયે હરકોઈ વ્યકિતને ધર્મ માર્ગે દ્રવ્ય ખરચવાની ઇચ્છા થાય તો એણે અર્ધી રકમનું બજેટ સ્વધર્મી બંધવોના લાભાર્થે પ્રથમ નક્કી કરવું ઘટે; બાકીની અર્ધી રકમમાંથી વિવિધવિધાન અંગે જરૂરી ખરચ કરાય. કદાચ રેશમી કપડું ન મળતું હોય તો સુતરાઉથી ચલાવાય. સોનેરી બાદલાને સ્થાને રૂપેરી ચાલે. એક જાતનાં ફળ સત્તાવીશ હોય તો બીજાં ઓછાવત્તાં ચાલે અને વરઘોડામાં એક વાજું વાગે તો પણ બાધો નહિ, પણ જે શ્રદ્ધાસંપન્ન પૂજકો નહિ હોય, હશે તેમનો પેટનો ખાડો પુરતો નહિ હોય, વધારામાં એ બધામાં ઉચ્ચ સંસ્કાર અને જૈનધર્મના ઉમદા તત્ત્વની પિછાન નહિ હોય તો, આ યુગમાં નહિ તો સાચી પ્રભાવના થાય, નહિ તો પૂર્વજોનો કિમતી વારસો સાચવી શકાય, અને હરગીજ જે ધર્મ વિશ્વધર્મની લાયકાત ધરાવે છે તે માત્ર મૂઠીભર માનવોનો બની જશે. ક્રિયાનો વિરોધ નથી, ખરચનારને રોકવાની જરૂર નથી પણ ખરચની મોટી રકમ, વધુ નહિ તો અર્ધી રકમ, સ્વધર્મી એવા શ્રાવક–શ્રાવિકાના હાથમાં જાય તેમ કરવાની જરૂર છે."

ગુજરાતભરમાં તાજેતરમાં ઉપધાનતપ પાછળ શ્રદ્ધાળુઓ ઘેલા બન્યા હતા. એ ઘેલછાએ હદ પણ ઓળંગી હતી. મુંબઈએ તેની પાછળ લાખો રૂપિયાનું મિરથંક અને જૈનેતરોમાં હાંસી કરાવે તેવું બચ કર્યું. આ બચ પછી પરિણામ? એ ઉપધાન તપ પાછળ પરિશ્રમ લેનાર, કોન્ફરન્સના કાર્યકર્તાઓમાંના એક એ વિધિને અંતે આ લેખમાં આ પ્રમાણે ઉદ્ગાર કાઢે છે:

"ઉપધાનતપ જેવા અણુમૂલા વિધાનની વાત કરીએ તો આજે, તપકરણીના દિવસો બાદ કરીએ તો જે ધન ખરચાય છે, જે પરિશ્રમ લેવાય છે અને વિદ્વાન મુનિરાજે ગળું ખેંચી જે જ્ઞાન પીરસે છે તે કેટલા પ્રમાણમાં અગલી જનતું દૃષ્ટિગોચર થાય છે? બે મહિના સુધી સંસારથી અલિપ્ત જીવન ગાળ્યા છતાં, ન તો એ પવિત્ર ક્રિયા પાછળનું રહસ્ય સમજાય, ન તો જ્ઞાનવૃદ્ધિ થાય, અને ન તો એ પછીના જીવનમાં એ અંગે કંઈ પરિવર્તન થયેલું જોવામાં આવે તો ભગવંતના આગમમાં કહ્યું છે તેમ આપણે ચિંતામણિ રત્નની સાચી પિછાન નથી કરી શકયા એમ માનવું જ પડે. આપણો તપ તો અંતરના વીર્ય પર અવલંબે છે. મિષ્ટાન્ન હોય તો જ બીજે દિને તપ થાય એમ નથી જ. સાત્ત્વિક ભોજન ભલે નિમિત્ત સાધન ગણાય, બાકી તો ખરું બળ આંતરિક ઉલ્લાસમાં છે. જૈનેતરે તપની કિંમત સમજે, અને તપસ્વીના બહુમાન કરે તેવી રીતે આપણા વરઘોડા નીકળે છે ખરા? એ પાછળ જેટલી રકમ ખરચાય છે તેને જો દેશકાળનાં સાધનોમાં વાપરીએ તો જૈનધર્મની પ્રભાવના વિશ્વધર્મના વિસ્તરે. મોટરોની લાંબી કતારથી કદાચ ધનિકતાનું પ્રદર્શન થતું

કેટલાક સમાચાર ને નોંધ

મહાપુરૂષોની ભસ્મવિસર્જનનો મહિમા !

તાજેતરમાં દેશના મોટા માણસોનું અવસાન થતાં તેમનાં મૃતદેહનો અગ્નિસંસ્કાર થયા બાદ અવશિષ્ટ રહેતી ભસ્મના વિસર્જનને ભારે મહત્વ આપવામાં આવે છે. આ મહત્વપ્રદાનનો પ્રારંભ સદ્‌ગત મહાદેવભાઇના અવસાનથી થયો. કસ્તુરબાના અવસાનપ્રસંગે આ બાબતને થોડું વધારે મહત્વ મળ્યું. ગાંધીજીની ભસ્મના તો સ્થળે સ્થળે સરઘસો નીકળ્યા, પ્રદર્શન સમારંભો ગોઠવાયા, અને અનેક નદીઓમાં ભારે ઠાઠમાઠપૂર્વક તેનું વિસર્જન કરવામાં આવ્યું. સરદાર વલ્લભભાઇની ભસ્મનો પણ પહેલાં અમદાવાદ તથા દીલ્હી ખાતે પ્રદર્શ સમારંભ ગોઠવવામાં આવ્યો અને પછી દરબારી ઠાઠમાઠપૂર્વક પ્રયાગમાં વિસર્જન કરવામાં આવ્યું. દેહમાંથી આત્મા ઉડી જવા બાદ દેહનું કશું પણ મહત્વ રહેતું નથી એવી આપણા પરાપૂર્વના સંસ્કારમાં ઉંડી અને વાસ્તવદર્શી સમજણ રહેલી છે. અને તેથી અંદર રહેલી ચેતના વિદાય થયા બાદ અને એ ચેતનાને વ્યકત કરતી આંખો નિશ્ચેષ્ટ બન્યા બાદ એ દેહને વિના વિલંબે અગ્નિશરણ કરવાની પ્રથા આપણા હિંદુ સમાજમાં પુરાણકાળથી પ્રચલિત છે. જે દેહને નકામો સમજીને આપણે ભસ્મીભૂત કર્યો તેની ભસ્મ કે અવશિષ્ટ અસ્થિઓ પણ કોઈ પણ પ્રકારની પૂજ્યપ્રભાવનાના અધિકારી રહેતા નથી એ સાદી સમજણથી સહેજે ગ્રહણ થઇ શકે તેમ છે. એમ છતાં આજે ભસ્મવિસર્જનનો આવો મહિમા કેમ વધારવામાં આવે છે અને તેની આદર પૂજામાં પંડિત જવાહરલાલ જેવા પણ કેમ ભાગ લે છે તે સમજી શકાતું નથી.

આ જ વિષય પરત્વે સરદાર વલ્લભભાઇનું અવસાન થયું અને તરતમાં જ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ તા. ૩૦-૧૨-૫૦ ના હરિજનબંધુમાં એક માર્ગદર્શક નોંધ લખી હતી. તે નોંધમાં તેમણે જણાવ્યું હતું કે,

"એવી ધારણા હતી કે પવિત્ર નદીઓનાં પાણીમાં સરદારની ભસ્મવિસર્જન પણ 'રાજકીય' આયોજનનો વિષય બની રહે. દુનિયાભરમાં જુદે જુદે સ્થળે નદી વગેરેનાં પાણીમાં ગાંધીજીની ભસ્મ પધરાવવાનો ગાંધીજીના વખતે જે કમનસીબ દાખલો પડયો છે એ નવા ક્રિયાકાંડની પ્રથા શરૂ કરવા જેવો ભયપ્રદ બનવા લાગ્યો છે. મારા જાણવા પ્રમાણે સાને ગુરૂજીની ભસ્મ પણ જુદે જુદે સ્થળે પધરાવવામાં આવી હતી. દરેક મહાપુરૂષોના મિત્રોને એમ લાગશે કે તેમના સદ્‌ગત ગુરૂની ભસ્મ દેશભરમાં જુદે જુદે સ્થળે પધરાવાય નહિ ત્યાં સુધી તેમણે પોતાના ગુરૂ પ્રત્યે પૂર્ણ માન બતાવ્યું ન કહેવાય. આ પ્રકારના દેખાવ માટે મને બીલકુલ સહાનુભૂતિ નથી; એમ કહીને બીજાની લાગણી દુભવતાં મને બહુ ખેદ થાય છે. ગાંધીજી પ્રત્યે મારી પુરી ભકિત હતી. છતાં હું તેમની બાબતમાં પણ એને સંમતિ આપી શકયો નહોતો. અને સરદાર માટેનો મારો પૂરો આદર અને અંગત પ્રેમ એ પ્રત્યે વધુ સદ્‌ભાનુભૂતિથી વિચારવાને અશકત બનાવે છે. સેંકડો તીર્થસ્થાનોમાં આપણે વહેમપૂર્વક થોડાં વધુનો ઉમેરો કરીએ છીએ, અને વિવેકશૂન્ય અને ભાવુકતામય શ્રદ્ધાંજલિઓને વધુ મહત્વની લેખવા ભોળા લોકોને ઉત્તેજન આપીએ છીએ, તેથી એ જાણીને મારૂં દિલ દુભાયું છે કે શ્રી ડાહ્યાભાઇ તથા મણિબહેન પટેલે આ વિચારને દૃઢતાપૂર્વક નાપસંદ કર્યો છે. આવા કાર્યક્રમની ફરીથી કોઇ પ્રસંગે સૂચના ન કરાય એમ મારી વિનંતી છે. અંગત રીતે હું જૂના ધાર્મિક રીતરીવાજ પ્રમાણે પણ ભસ્મવિસર્જન માટે નદીઓના સ્વામી સમુદ્ર કરતાં બીજું વધુ પવિત્ર સ્થાન કલ્પી શકતો નથી; અને મુંબઇ જેવા દરિયાની નજીકના સ્થાનમાં માણસની દહનક્રિયા થઇ હોય ત્યારે વિસર્જન માટે પ્રયાગ જેવાય દૂરના સ્થાને ભસ્મ લઇ જવી એ વિચિત્ર લાગે છે."

આપણે ઉપર જોયું તેમ સરદાર વલ્લભભાઇ સંબંધમાં આખરે શ્રી ડાહ્યાભાઇ અને મણિબહેનના વિચાર મુજબ અમલ કરવામાં આવ્યો નથી અને તેમની ભસ્મને પ્રયાગ ખાતે ત્રિવેણી સંગમમાં વિધિસમારંભપૂર્વક પધરાવવામાં આવી છે. આમ છતાં હવે પછીના વખત માટે શ્રી કિશોરલાલભાઇની વિચારણા ધ્યાનમાં રાખવી ઘટે છે અને અનેક વહેમોથી ભરેલા દેશમાં બીજા નવા વહેમો વધારવામાં ન આવે અને મૃત માનવીના શબને, ભસ્મને કે અસ્થિને વધારે પડતું મહત્વ આપવામાં ન આવે એ જરૂરી છે.

પ્રાન્તીયવાદથી પર બનો.

'હેરલ્ડ ટ્રીબ્યુન' પત્રે યોજેલી આન્તરરાષ્ટ્રીય વાર્તા હરીફાઇના અનુસંધાનમાં 'જન્મભૂમિ પત્રો' એ યોજેલી ગુજરાતી અને મરાઠી વાર્તાઓની હરીફાઇમાં સફળતા પ્રાપ્ત કરેલા વિજેતાઓને અભિનંદન અને પારિતોષિક આપવાને લગતા સમારંભ પ્રસંગે પ્રમુખસ્થાનેથી કાકાસાહેબ કાલેલકરે કરેલા પ્રવચન દરમિયાન પ્રારંભમાં ગુજરાત તથા મહારાષ્ટ્રના સાક્ષરોને ઉદ્દેશીને જણાવ્યું હતું કે:—

"હું જ્યારે ગુજરાતમાં ગયો ત્યારે ઠઠ્ઠર બાપાએ મને એમ પૂછ્યું હતું કે હું મહારાષ્ટ્રી થઇને ગુજરાતમાં કેમ આવ્યો? ત્યારે મેં એમને જવાબ આપ્યો હતો કે વડોદરાનો ઇતિહાસ વાંચો ત્યારે મેં જાણ્યું કે મરાઠાઓએ ગુજરાત પર રાજ્ય કર્યું છતાં તેઓ ગુજરાતનો પ્રેમ સંપાદન ન કરી શકયા. એટલે એક મહારાષ્ટ્રી તરીકે ગુજરાતની સેવા કરવા જવાનો અને તે રીતે ગુજરાતનો પ્રેમ સંપાદન કરવાનો મેં નિર્ણય કર્યો અને તેનો મેં અમલ પણ કર્યો. ગુજરાતમાં એક પ્રકારની રાષ્ટ્રસેવા કરીને સ્વરાજ્ય મળ્યા પછી, હું મહારાષ્ટ્ર પાછો ફર્યો. ત્યાં પણ મેં આજ કાર્ય કર્યું" છે. પણ જે ઉ શથી હું ગુજરાતમાં રહ્યો અને જે સમાધાનથી

હશે, પણ એમાં બેઠેલા માનવોએ જે પવિત્ર ક્રિયા કરી એથી જૈનેતર જનતા તો અજાણ જ રહે છે! જૈન સમાજ સામે જે કેટલાક મહત્વના પ્રશ્નો ખડા થયા છે તેનો ઉકેલ આણવો હોય, અને રાષ્ટ્રના નવવિધાનમાં જૈનોએ પોતાના પૂર્વજો જેવું સ્થાન પ્રાપ્ત કરવું હોય તો સૌથી પ્રથમ ધનવ્યયના માર્ગોની દિશા બદલવી પડશે. સ્વધર્મી બંધુઓને સંગીન સ્થિતિમાં મૂકવા પડશે."

ડરતાં ડરતાં, સમાજ ચમકશે એ ભીતિ છતાં, લેખમાં એ કહી જ દેવામાં આવ્યું છે કે, "આજીવિકાનો પ્રશ્ન રકત ચૂસી રહ્યો હોય; સંખ્યાબંધ જિનબિંબો અને રમણીય દેવાલયો મોજુદ છતાં ત્યાં ઉપાસકો કે પૂજકો ન હોય, ત્યાં મોટા ભાગનું ધન ધર્મી બંધુઓના હાથમાં જાય એ રીતે ખરચો એમ કહેવાનો અભ્યાસીનો ધર્મ છે."

આ બન્ને ફકરા એટલા સ્પષ્ટ છે કે તેના પર કંઇ પણ ટીકા કરવાને બદલે આટલું કહીએ કે, મધ્યમ વર્ગને ખાતર—મધ્યમ વર્ગનો જ જે બનેલો છે તે સમાજને ખાતર—કોન્ફરન્સના એક સમયના અને હજુ પણ પ્રત્યાઘાતી તત્વો, એક વખત પોતે જેને ધર્મ માની લીધો હતો એ ધર્મમાં અત્યારે આંશિક પણ ફેરફાર કરવાનું સૂચવે એ રાષ્ટ્રની પ્રગતિની નિશાની છે, પ્રત્યાઘાતી તત્વો દેશકાળને સમજી શકે એ આનંદની વાત છે; અને આપણે સૌ કોઇ ઇચ્છીએ કે, 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની મુખપત્રિકાએ વહેતા મૂકેલા આ વિચારને આગામી કોન્ફરન્સનું અધિવેશન હૃદયથી અપનાવે; અને 'ધનવ્યયની દિશા બદલી' મધ્યમ વર્ગને—સાધર્મી ભાઇઓને કંઇક પણ રાહત આપે.

ધીરજલાલ ધનજીભાઇ શાહ

હું મહારાષ્ટ્રમાં પાછો ફર્યો તે પછી આજે જ્યારે ક્ષુદ્ર બાબતો પરના પ્રાંતીય મતભેદોને કારણે આપણામાં ઉગ્રતા ઉત્પન્ન થતી જોઉં છું, ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ક્ષુદ્ર મતભેદો ઊભા કરીને પ્રાંતિક લાગણીઓને પંપાળનારા માણસોને ખબર નથી કે એમના આવા કાર્યથી આપણી વચ્ચે જે કલેશ ઊભો થાય છે તે જોઈને મારાં હૃદયના કેવા ટુકડા થઈ જાય છે! હું તમને બધાને ગુજરાતી અને મરાઠી સાહિત્યકાર મિત્રોને એટલું જ કહેવા આવ્યો છું કે તમે માત્ર પ્રાંતો કે દેશની નહિ પણ દુનિયાની એકતાની વાતો કરો. આવા ક્ષુલ્લક મતભેદો ઊભા થાય ત્યારે એક જ બાળક માટે બે માતાઓ વચ્ચે ઉદ્ભવેલી તકરારમાં બાળકની સાચી માતાએ જે કર્યું તેવી વલણ અપનાવો. મને થયું કે જ્યાં બન્ને ભાષાના સાહિત્યકારો એકઠા થાય ત્યાં જઈને આ વિનંતિ કરું એટલે હું તો અહીં રાષ્ટ્રીય સંકટ દૂર કરવાને એ વિનંતિ કરવા આવ્યો છું. ગુજરાતમાં સાહિત્યની જેઓ સેવા કરે છે તેને સાક્ષરો કહે છે. સાક્ષરો માટે સંસ્કૃતમાં એવી ઉક્તિ છે કે "साक्षराः विपरीताः राक्षसाः भवन्ति" પણ આ કહેવતને તમે ખોટી પાડો અને સૌ દેવ બનીને રહો."

આ શિક્ષાવચન બન્ને પ્રાન્તના સાક્ષરો, લેખકો, વિદ્વાનો તેમ જ સમાજસેવકો અન્તરમાં ઉતારે એ અત્યન્ત જરૂરી છે. આ બાજુ ગુજરાતમાં વસતા લોકોને એમ લાગે છે કે મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ વિરુદ્ધ ખુબ વિષમયતામયો પ્રચાર ચાલે છે. સંભવ છે કે મહારાષ્ટ્રવાસીઓને ગુજરાતીઓ વિષે પણ આમ જ લાગતું હોય. વિષનાથી વિષ સંવર્ધિત થાય છે અને પરિણામે ઉભયનાં શ્રેય કલ્યાણ અનેક રીતે જોખમાતાં જાય છે, અને સરવાળે કોઇને પણ કશો લાભ થતો નથી. જેનામાં આ સમજણ ઉગે–પછી તે ગુજરાતી હો કે મરાઠી હો–તે આ જાતના વાણીઅસંયમથી પાછો હઠે અને પરસ્પર સદ્‌ભાવ અને સ્નેહસંવર્ધિત થાય એવું બોલે, લખે તથા આચરણ કરે.

પ્રત્યાઘાતી બોંબશેલ : કૉન્ફરન્સહિતૈષિઓ સાવધાન!

તા. ૧૦–૩–૫૧ ના મુંબઇ સમાચારમાં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા છે.

"આજ રોજ માહ વદ ૧૪ મંગળવાર તા. ૬–૩–૫૧ ના રોજ શ્રી જુનાગઢ ખાતે મળેલી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ૬૮મા અધિવેશનના સ્વાગત સભ્યોની મીટીંગમાં જાહેર કર્યા મુજબ શ્રી જુનાગઢના જૈન સંઘ તેમજ સ્વાગત સભ્યોની સંયુકત રીતે મળેલી આ સભા એમ ઠરાવ કરે છે કે: "સુદેવને સેવવામાં, સુગુરુને આરાધવામાં અને સુધર્મને આચરવામાં જ પોતાનું કલ્યાણ માનનારી આ સંસ્થા સદ્‌ગુરુ શ્રી જીનની આજ્ઞાને યથાશકિત અનુસરવાના અને એ આજ્ઞાથી નિષેધાયલા કોઇ પણ કાર્યને નહિ કરવાના સુદૃઢ નિરધારવાળી હોવાથી પંચાંગી સ્વરૂપ શ્રી જીનાગામો અને તેને અનુસરતા શાસ્ત્રોથી વિરુદ્ધ જતી કોઇ પણ પ્રવૃત્તિને વિચારવા માટે પણ પોતાના કાર્યક્ષેત્રમાં નહિ આવવા દેવાની સદા માટે ઉદ્‌ઘોષણા કરે છે."

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયનો કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગ એ વિભાગની કૉન્ફરન્સની પ્રવૃત્તિથી કેટલાંય વર્ષોથી અલગ રહેતો હતો. એ વર્ગને કૉન્ફરન્સમાં સંલગ્ન કરવાના હેતુથી જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન શ્રીમાન શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ કૉન્ફરન્સને પીછેહઠ કરાવતા બે પ્રત્યાઘાતી ઠરાવો ઘડી આપ્યા હતા અને એ ઠરાવો પસાર કરવામાં આવે તો કૉન્ફરન્સને પોતે તો પુરો સાથ આપશે એટલું જ નહિ પણ કેટલાક કાળથી અલગ રહેતો કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગ સમગ્રપણે કૉન્ફરન્સમાં જોડાશે એવી તેમણે ખાત્રી આપી હતી. એ ઠરાવો મુંબઇમાં કેટલાક સમય પહેલા ભરાયલા કૉન્ફરન્સના સોળમા અધિવેશનમાં રજુ કરવામાં આવ્યા હતા અને બહુમતીથી ઉડી ગયા હતા. ત્યારબાદ ગયા વર્ષે કાલના જેવા દૂર રથળે આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિની છત્રછાયા નીચે ભરાયલા કૉન્ફરન્સના સત્તરમા અધિવેશનમાં એના એ જ ઠરાવો ફરીથી રજુ કરવામાં આવ્યા હતા, સુધારક પક્ષના આગેવાનો મોટા ભાગે એ અધિવેશનમાં હાજર રહ્યા નહોતા અને ઉપર જણાવેલા બન્ને પ્રત્યાઘાતી ઠરાવો ગુરુમહારાજની કૃપાથી બહુમતીથી પસાર થયા હતા. એ જ અધિવેશનમાં મધ્યમ વર્ગને રાહત પહોંચાડવાનો પ્રશ્ન પણ પહેલી જ વાર ગંભીરપણે હાથ ધરવામાં આવ્યો હતો. ત્યાર બાદ વચ્ચેના ગાળામાં કેટલુંક પાયાનું કામ કરીને, કેટલોક કાળો એકઠો કરીને તેમ જ કેટલોક પ્રચારપ્રવાસ કર્યા બાદ મધ્યમ વર્ગની યોજનાને વધારે વેગ મળે અને એ બાબતમાં સમાજ વધારે ગંભીરપણે વિચારતો થાય એ હેતુથી બાર મહીના પુરા થયા ન થયા એટલામાં જુનાગઢમાં અધિવેશન ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો. શરૂ કરેલા કાર્યને વધારે મજબુતી મળે એ હેતુથી શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલની અધિવેશનના પ્રમુખ તરીકે બીજીવાર વરણી કરવામાં આવી. આજે મધ્યમ વર્ગનો પ્રશ્ન અત્યન્ત ઉત્કટ બની રહ્યો છે તો અંગત મતભેદો ભુલી જઈને, બીજા અંગત્યના પ્રશ્નો બાજુએ રાખીને પણ આ પ્રશ્ન ઉપર જ સૌ કોઇ એકાગ્રચિત્ત બનીએ એવું વાતાવરણ ચોતરફ જામી રહ્યું હતું. જુનાગઢમાં આ રચનાત્મક દિશાએ બે ડગલાં પણ જરૂર આગળ વધાશે એવી આશા સર્વત્ર સેવાતી હતી. એ દરમિયાન ઉપરનો બોંબ શેલ ફૂટયો છે અને જુનાગઢનું અધિવેશન જે હેતુથી ભરવામાં આવે છે તે હેતુને જોખમાવનારાં આન્દોલનો વહેવા લાગ્યા છે. ઉપરનો ઠરાવ એટલે સર્વ પ્રગતિશીલ વિચારણાનો આમૂલ ઇનકાર. આજના પવનવેગી જમાનામાં આથી વધારે પ્રત્યાઘાતી ઠરાવ કલ્પી શકાય જ નહિ. એ ઠરાવમાં પ્રગતિ, ફેરફાર, સુધારણા સામે જેટલી વાડો બાંધી શકાય તેટલી વાડો બાંધવામાં આવી છે. 'દાનની દિશા બદલો' એ સમયોચિત વિચાર સામેની આ ઉદ્‌ઘોષણા છે. એની પાછળ કટ્ટર અને ધર્મઝનુની આચાર્યોની બળવાન પ્રેરણા છે. જે આગલા અધિવેશનમાં પીછેહઠ કરાવતા શેઠ કસ્તુરભાઇએ ઘડી આપેલા બે પ્રત્યાઘાતી ઠરાવો પસાર થઇ શકયા છે તો પછી એ જ કૉન્ફરન્સના હોદ્દેદારો વધારે મજબુતીથી શા માટે ન બાંધવા અને એનું મોહું દુનિયા દેખતે શા માટે સદાને માટે બંધ ન કરવું એ વૃત્તિએ કૉન્ફરન્સ સામે આ કાવતરું ઉભું કર્યું છે. અને તે એમ સમજીને કે સુધારકો આ અધિવેશનમાં આવવાના નથી અને મધ્યમમાર્ગી આજના સંચાલકોનું તો આ ઠરાવનો સામનો કરવાનું ગજું જ શું છે?

દુઃખની અને કમનસીબીની વાત તો એ છે કે આ ઠરાવમાં અધિવેશનની સ્વાગત સમિતિ સામેલ થઇ છે. જે હેતુથી આ અધિવેશન ભરવામાં આવ્યું છે તે હેતુને સાંગોપાંગ પાર પાડવો એ જ સ્વાગતસમિતિનો મુખ્ય કર્તવ્યધર્મ ગણાય. તેના બદલે એ જ સ્વાગતસમિતિના આગેવાનો આવો ઠરાવ ઉપસ્થિત કરે એ એક રીતે કૉન્ફરન્સને દગો દીધા જેવું જ બેસાય. પણ સંભવ છે કે આ ઠરાવના આવા ગોબીયંનું તેમને પુરું ભાન પણ ન હોય અને પાછળથી દોરીસંચાર કરનાર મુનિમહારાજઓના ભરમાવ્યા તેઓ ભરમાયા હોય.

પણ કૉન્ફરન્સનું હિત જેને હૈડે હોય અને કૉન્ફરન્સનું દ્વાર સૌ કોઇ શ્વેતાંબર મૂર્તિપૂજકોના માટે ખુલ્લું હોવું જોઇએ એમ જેઓ માનતા હોય તેમની ખાસ ફરજ બને છે કે આ પ્રત્યાઘાતી ઠરાવનો સખ્તમાં સખ્ત વિરોધ કરવો અને જે પ્રશ્નની વિચારણા માટે આ અધિવેશન બોલાવવામાં આવ્યું છે તે પ્રશ્નની વિચારણાના ક્ષેત્રની બહાર કૉન્ફરન્સની કાર્યવાહીને ચસકવા ન દેવી.

આગ છતાં પણ આવા ઠરાવની ચર્ચાને જો આ અધિવેશનમાં અવકાશ અપવામાં આવે તો સુધારક પક્ષની ફરજ થઇ પડે છે કે કચ્છના અધિવેશનમાં જે બે પ્રત્યાઘાતી ઠરાવો પસાર

કરીને ફ્રાન્ફર્ન્સે પીછેહઠ સ્વીકારી છે તે બે ઠરાવો રદ કરવાની દરખાસ્ત લાવવી અને એ રીતે ફ્રાન્ફરન્સના નામને લાગેલી નામોશી દૂર કરવા પ્રયત્ન કરવો. સંભવ છે કે આવો ક્ષોભ ઉભો કરવાથી જે હેતુસર આ અધિવેશન ભરવામાં આવે છે તેને ધક્કો લાગે. પણ આમ બને તો તેની સર્વ જવાબદારી ઉપર જણાવેલ પ્રત્યાઘાતી ઠરાવ ઉપસ્થિત કરનાર આગેવાનોની અને તે પાછળ દોરીસંચારનું કાર્ય કરતા પ્રગતિવિરોધી પ્રત્યાઘાતી બળોની છે.

આના અનુસંધાનમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇ માટે એક વિશિષ્ટ ફરેજ ઉભી થાય છે તે તરફ તેમનું પણ ધ્યાન ખેંચવું અસ્થાને નહિ લેખાય. ફ્રાન્ફરન્સના આગલા અધિવેશને તેમણે ઘડી આપેલા એ ઠરાવો એ પ્રતીતિ ઉપર પસાર કર્યા છે કે ફ્રાન્ફરન્સનું નાવ સુરક્ષિતપણે ચલાવવામાં તેઓ પુરતો સાથ આપશે. તેઓ આજે ખાસ કરીને સ્થિતિચુસ્ત વર્ગ ઉપર ભારે લાગવગ ધરાવે છે. તેમણે આ વખતના અધિવેશનમાં હાજર રહેવું જ જોઇએ અને આ વર્ગની સાન ઠેકાણે લાવવી જોઇએ. આશા રાખીએ કે તેઓ પોતાના કર્તવ્યમાં નહિ ચુકે.

'સહકાર-નિવાસ'નું ઉદ્‌ઘાટન

આજથી ત્રણ વર્ષ ઉપર મોડેલ કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડની સ્થાપના કરવામાં આવી હતી. એ સંસ્થા તરફથી મુંબઇ ખાતે તારદેવ બાજુએ હોર્નબી વેલાર્ડની નજીક છ માળનું એક મોટું મકાન સહકારી ધોરણ ઉપર બાંધવામાં આવ્યું છે. એ મકાનનું નામ 'સહકાર–નિવાસ' રાખવામાં આવ્યું છે. આ મકાનમાં બે રૂમના ૧૧૪ બ્લોક; ત્રણ રૂમના ૩૦ બ્લોક; સાત ગેરેજ, આઠ ગોડાઉન અને દશ દુકાનો છે. આ મકાન બંધાવવા પાછળ લગભગ રૂા. ૧૭,૦૦,૦૦૦ નો ખર્ચ થયો છે. જેમાં સરકારે રૂા. ૭,૫૫,૪૫૫ ની લોન આપી છે અને બાકીની રકમ સોસાયટીના સભ્યોએ રોકી છે. દરેક બે રૂમના બ્લોકના સભ્ય પાસેથી રૂ. ૫૦૦૦ અને ત્રણ રૂમના બ્લોકના સભ્ય પાસેથી રૂા. ૮૦૦૦ લેવામાં આવ્યા છે. આ રકમમાંથી અર્ધા શેર તરીકે અને અર્ધા કમ્પલસરી ડીપોઝીટ તરીકે રાખવામાં આવેલ છે. આ મકાનમાં વસતા બાળકોને માટે નિશાળની તથા સામાજિક ઉપયોગ અર્થે લેકચર હોલની સગવડ આપવામાં આવનાર છે. આ મકાનનો પાયો મુંબઇ પ્રાન્તના ગૃહસચિવ શ્રી મોરારજી દેસાઇના હાથે નાંખવામાં આવ્યો હતો અને તેનું ઉદ્‌ઘાટન પણ તેમના જ હાથે તા. ૧૦–૩–૫૧ ના રોજ કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય મકાનની યોજના પાર પાડવાનો મુખ્ય યશ શ્રી. ચુનીલાલ કામદારના ભાગે જાય છે. તેઓ સંસ્થાના પ્રારંભથી મંત્રી છે. આ કામ પાછળ તેમણે મુખ્ય શક્તિ ખર્ચી છે અને મધ્ય વર્ગના કુટુંબો માટે અનેક અદ્યતન સગવડોવાળું વસવાટસ્થાન તેમણે તનતોડ મહેનત લઇને ઉભું કર્યું છે. તેમની અદ્‌ભુત કાર્યશક્તિનો આ સુન્દર પુરાવો છે. તેઓ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે, જૈન પ્રકાશના તંત્રી છે. હજુ ચાર મહીના પહેલાં ઉજવાયેલ બાલકાનજી બારીના રજત મહોત્સવની સમગ્ર યોજના પાર પાડવામાં તેમણે મુખ્ય મંત્રી તરીકે ભારે મહત્વનો ફાળો આપ્યો હતો. આમ વિવિધ કાર્યોમાં ઉચ્ચ કોટિનું યોજનાકૌશલ્ય અને શક્તિમત્તા દાખવવા માટે શ્રી. ચુનીલાલ કામદારને સમાજના ધન્યવાદ અને મિત્રોના અનેક અભિનન્દન ઘટે છે.

શ્રી. રતિલાલ બાલાભાઇ નાણાવટીને ધન્યવાદ

થોડા સમય પહેલાં મુંબઇની ઇન્ડીયન મરચન્ટ્સ ચેંબર એન્ડ બુરોના ઉપપ્રમુખસ્થાને શ્રી. રતિલાલ બાલાભાઇ નાણાવટીની ચુંટણી થઇ તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. નાણાવટી કુટુંબ જૈન સમાજમાં કંઇ વર્ષોથી સુવિખ્યાત છે. શ્રી. રતિલાલ નાણાવટી મુંબઇની વ્યાપારી આલમમાં મોટી પ્રતિષ્ઠા ધરાવે છે; વીલેપારલેના અગ્રગણ્ય નાગરિક છે; ડૉ. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલ ઉભું કરવામાં તેમનો બહુ મોટો ફાળો છે; વીલેપારલેમાં 'સરલા સર્જન' નામની એક શિક્ષણ સંસ્થાના તેઓ નિર્માતા છે.

સાધારણ રીતે જાહેર સંસ્થાઓમાં ઉપપ્રમુખના સ્થાનને કોઇ વિશેષ મહત્વ હોતું નથી. પણ કોઇ કોઇ સંસ્થામાં એવી પ્રણાલિ સ્વીકારવામાં આવે છે કે આ વર્ષે જે ઉપપ્રમુખ ચુંટાય તે અધિકારની રૂએ જ બીજા વર્ષે પ્રમુખ તરીકે સ્વીકારાય. મુંબઇમાં તેમ જ સમસ્ત હિંદમાં મુંબઇની ઇન્ડીયન મરચન્ટ્સ ચેંબર એન્ડ બુરો વ્યાપારીઓની એક અતિ પ્રતિષ્ઠાપાત્ર અગ્રેડ સંસ્થા છે. સરકારમાં તેનું બહુમાન છે. આ સંસ્થાના ઉપપ્રમુખ થવા માટે દર વર્ષે બહુ મોટી હરીફાઇ ચાલે છે. આ હરીફાઇમાં સફળતા મેળવી શકવા એ શ્રી રતિલાલ નાણાવટીની એક વ્યાપારી તરીકે ખાસ નોંધ લેવા લાયક સિદ્ધિ ગણાય. જૈન સમાજના તેમને અનેક અભિનંદન ઘટે છે.

પરમાનંદ

હિંદુની દૃષ્ટિએ જૈન ધર્મ

[ફેબ્રુઆરી માસ દરમિયાન દિગંબર સમાજના મુખ્યક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીને તેમના પ્રશંસકો તરફથી તૈયાર કરવામાં આવેલ એક અભિનન્દનગ્રંથ કાકાસાહેબ કાલેલકરના હાથે અર્પણ કરવાનો એક જાહેર સમારંભ દિલ્હીમાં (આગ્રા બાજુ) આવે ગોઠવવામાં આવ્યો હતો. શ્રી ગણેશપ્રસાદજી વર્ણી દિગંબર સમાજના એક સાધુચરિત મહાત્મા છે. તેઓ ન્યાયાચાર્યની પદવી ધરાવે છે. આજે તેમની ઉમ્મર ૭૬ વર્ષની છે, તેમની ચારિત્ર્યપ્રતિભા બહુ ઉત્કૃષ્ટ પ્રકારની લેખાય છે અને ઉત્તર વિભાગના દિગંબર સમાજમાં તેઓ એક બહુમાન્ય પુરૂષ છે. ઉપર જણાવેલ પ્રસંગે કાકાસાહેબે આપેલા વ્યાખ્યાનનો નીચે સારભાગ આપ્યો છે. પરમાનંદ]

જૈનોની સાથે મારો ઋણાનુબંધ કોઇ અજબ પ્રકારનો છે. મારા બાળપણમાં એક દિગમ્બર જૈન કુટુંબ અમારી પડોશમાં રહેતું હતું. હું એમના ઘરમાં રમવા માટે જતો હતો. પણ મને માલુમ પડયું કે આસપાસના લોકો એમની સાથે સંબંધ રાખતા નહોતા અને કહેતા હતા કે આ "ભોગારી" લોકો સારા નથી. મારી સાથે તો એમનું વર્તન બહુ સારું હતું, તેથી અમારા લોકોને મેં પૂછયું કે આ લોકોમાં શું બુરાઇ છે? કહેવામાં આવ્યું કે એમના મંદિરોમાં નગ્ન મૂર્તિની ઉપાસના કરવામાં આવે છે. બીજું કારણ એ બતાવવામાં આવ્યું કે આ લોક અહિંસામાં તે માને છે પણ ચાલતાં ચાલતાં જે અપરિહાર્ય હિંસા થાય છે તેનું પાપ ભારે ખૂબીથી બીજાને માથે નાંખી દે છે. આ જવાબથી મને સંતોષ ન થયો પણ જૈનો વિષે માહિતી મેળવવાનું મારામાં કુતૂહલ ઉત્પન્ન થયું.

હું જોઉં છું કે આપણા દેશમાં આપણે હજારો વર્ષથી એવું કૂપમંડૂકનું જીવન જીવી રહ્યા છીએ કે આપણા પાડોશીઓ વિષે પણ આપણને ઘોર અજ્ઞાન હોય છે, લોકો પોતાના સંપ્રદાયથી બહાર કશું જાણતા પણ નથી હોતા–જે કાંઇ જાણે છે તે બધું વિકૃત રૂપમાં સમજે છે અને સંશોધન તો કોઇ દિવસ કરતા જ નથી. નગ્ન મૂર્તિની પૂજાનું નામ સાંભળતાંવેંત શાકત સંપ્રદાયની કલ્પના મનમાં ઉભી થાય છે અને સ્વાભાવિકપણે મનમાં જુગુપ્સા પેદા થાય છે. પરંતુ વીતરાગ મુનિઓની નગ્નતા કોઇ જુદી જ ચીજ છે. આજે કલા અને નીતિ બન્ને દૃષ્ટિએ હું આ નગ્નતાનો સમર્થક બન્યો છું, અને અહિંસાના સંબંધમાં તો કહી શકું છું કે પોતાનું પાપ બીજાને માથે ઓઢાડવાની વાત જૈન ધર્મમાં છે જ નહિ. કાયિક, વાચિક અને માનસિક હિંસાનું સ્વરૂપ વિચારતાં વિચારતાં જૈન મુનિ ખુબ ઉંડે સુધી પહોંચેલ છે. હિંસા કરવી, કરાવવી અથવા તો એનું અનુમોદન કરવું એ ત્રણેને તેઓ એક પ્રકારનું પાપ સમજે છે.

જેવો હું મુંબઇ અને ગુજરાત તરફ આવ્યો ત્યારથી તો જૈનો સાથેનો મારો સંપર્ક વધતો ગયો છે. પંડિત સુખલાલજી

જેવા પ્રખર વિદ્વાનો સાથે, શ્રી પરમાનંદ કાપડિયા જેવા સૌમ્ય સુધારકો સાથે, તથા શ્રી નગીનદાસ અમુલખરાય જેવા અનેક સાત્ત્વિક દાનવીરો સાથે જે સંબંધ બંધાયો છે તેનો મને ખુબ સંતોષ છે. અને હવે તો વળી એક જૈન કન્યાએ મારા મોટા દિકરા સાથે લગ્ન કરીને તેનું જીવન બધી રીતે સુવાસિત કર્યુ" છે. આ રીતે જન સમાજ સાથેનો મારો બહાર તેમ જ અંદરનો સંબંધ વધતો જ રહ્યો છે. અમદાવાદ, મુંબઈ ને કલકત્તા જેવા શહેરોમાં મારા જૈન મિત્રો મને પયુંષણ પર્વના કારણે બોલાવે છે. ઈદોર અને દિલ્હીના જૈન લોકો પણ મારી તરફ આત્મીયતા દાખવે છે. આ બધું હોવા છતાં પણ હું છું જૈનેતર. શ્રી ગણેશપ્રસાદ વર્ણી જેવી મેં જૈન ધર્મની દીક્ષા લીધી નથી. કદાચ હું કોઈ દિવસ કોઈ પણ ધર્મની દીક્ષા નહિ લઉં. પરંતુ સર્વધર્મ પ્રત્યે મારા હૃદયમાં અસીમ આદર છે.

ધર્મોની સ્થાપના ભલે શુદ્ધ સાત્ત્વિક લોકોએ કરી હોય, પરંતુ તેના સંપ્રદાયોનો વિસ્તાર અને પ્રચાર કરવાવાળાઓમાં રજોગુણની ઓછી વધતી માત્રાઓ હોવાને કારણે સર્વધર્મપરંપરાઓમાં કોઇને કોઇ દોષ આવી જાય છે. અતિશયોક્તિ, અહંકાર, અભિમાન, પરનિંદા, અસહિષ્ણુતા વગેરે દોષો સર્વ ધર્મના લોકોમાં જોવા મળે છે. જ્યાં આગ્રહ આવ્યો ત્યાં એકાંગિતા આવે જ છે. આ બધું માનતો હોવા છતાં પણ જેવી રીતે હું મારા પોતાના ધર્મમાં શ્રદ્ધાભક્તિ રાખું છું તેવી રીતે અન્ય ધર્મો પ્રત્યે પણ મારા દિલમાં શ્રદ્ધાભક્તિ ભરેલી છે. પોતાના દોષો વિષે જેવો સૌમ્યભાવ હું રાખું છું, તેવો સૌમ્યભાવ સર્વના દોષો પ્રત્યે પણ રાખવાની આવશ્યકતા હું સમજી ગયો છું. અથવા તો ભેદભાવ રાખવો જ હોય તો આપણે આપણા પોતાના દોષો પ્રત્યે જ કઠોર બનવું ઘટે છે. સ્યાદ્વાદે મને શિખવ્યું છે કે બીજાની સ્થિતિને આપણે બરાબર સમજી શકતા નથી તે કારણથી પણ અન્યના દોષો પ્રત્યે ક્ષમાભાવ અને સૌમ્યતા ધારણ કરવી જોઇએ.

વાર, એ ગમે તે હો, મારી જેવા જૈનેતરને આપે આ સમારોહમાં બોલાવ્યો તે માટે હું આપનો કૃતજ્ઞ છું અને શ્રી વર્ણીજી પ્રત્યે મારી શ્રધ્ધા પ્રગટ કરું છું. મારો જન્મ ને મારા બચપણના સંસ્કાર હિંદુ સંસ્કૃતિના છે, તેથી હું જે કંઇ કહીશ તે મારી હિંદુ દૃષ્ટિથી જ કહીશ.

'હિંદુ' શબ્દ આપણા ધર્મશાસ્ત્રમાં કોઇ ઠેકાણે જોવામાં આવતો નથી. અન્ય લોકોએ આપણો દેશ, આપણી સંસ્કૃતિ અને આપણા સમાજને માટે 'હિંદુ' શબ્દ યોજ્યો છે. સિંધુ નદીના કીનારે જે સંસ્કૃતિ સંગઠિત થઇ અને ફેલાઇ ગઇ તે સંસ્કૃતિ હિંદુ સંસ્કૃતિ છે.

"સંસ્કૃતિ"નો અર્થ છે જીવનદૃષ્ટિ અને જીવનવ્યવસ્થા. આ હિંદુ સંસ્કૃતિમાં અંતર્ગત અનેક ધર્મ, અનેક સંપ્રદાય, અનેક સાધનાઓ, પંથ અને ફીરકાનો સમાવેશ છે. તે દરેકની અંદર સુક્ષ્મ અને મૌલિક ભેદ જરૂર છે, પરંતુ જેવી રીતે એક જ કુટુંબના લોકોની મુખાકૃતિઓમાં આનુવંશિક સામ્ય જોવામાં આવે છે તેવી રીતે હિંદુ સંસ્કૃતિના સર્વ સંપ્રદાયોમાં એકજાતીયતા પ્રાપ્ત થાય છે. એ સર્વનો સ્વભાવ એક જેવો છે. એની સમાજવ્યવસ્થા ભગભગ એક જેવી છે. ગુણદોષ પણ એક જેવા માલુમ પડે છે. આ બધું ધ્યાનમાં લઇને હિંદુ શબ્દની વ્યાખ્યા કરવી જોઇએ. નિરૂક્તના આધારે આપણે કહી શકીએ કે—

'हिंसया दूयते चित्तं यस्यसो हिन्दुरीरितः।'

હિંસાના ખ્યાલથી જેમનું ચિત્ત દુઃખી થાય છે, ઉદ્વેગ પામે છે, એ હિન્દુ છે. હિંદુનો સ્વભાવ જ 'भूतानुकुल्यं भजते' એ પ્રકારનો છે. સર્વે પ્રાણીઓ સ્વભાવથી જ બીજાનો દ્રોહ કરીને જીવતા હોય છે. ધર્મ કહે છે કે દ્રોહ કરવો ખરાબ છે. "अद्रोहेणैव भूतानां अल्पद्रोहेण वा पुनः" પોતે પોતાની આજીવિકા મેળવવી જોઇએ. મનુષ્યથી માંડીને સુક્ષ્મ જીવો સુધીના બધાની પ્રત્યેનો પ્રતિકુલ ભાવ છોડી દેવો અને સહુ અનુકુલ બનવું—આ છે હિન્દુ વૃત્તિ, હિન્દુ સ્વભાવ. આ સ્વભાવ બધામાં એકસરખો નથી વિકસ્યો. કોઇ બહુ જ આગળ વધી ગયા છે, કોઇ થોડેક ગયા છે; પણ બધાનું પ્રયાણ એ એક જ દિશા તરફ છે. એથી એ સૌ હિન્દુ છે. આ હિન્દુઓની ધાર્મિક જીવનધારા પ્રાચીન કાળથી શ્રમણ અને બ્રાહ્મણ એ બે પ્રવાહોમાં વહેતી આવી છે. એ બેની વચ્ચે ગુણદોષની લેણદેણ હંમેશા ચાલી આવી છે. બ્રાહ્મણ અથવા તો વૈદિક ધારામાં જે હિંસામૂલક યજ્ઞસંસ્થા ચાલી રહી હતી એ શ્રમણ સંસ્કૃતિના બીજા સંતોના પ્રભાવથી નામશેષ થઇ ગઇ.

યજ્ઞસંસ્થાનો પ્રારંભ કદાચ હિંસાથી નહિ થયો હોય, પણ એનો વિસ્તાર પશુહિંસાના રૂપમાં જ થઇ ગયો.

જાત-પાત-ભેદ કદાચ શરૂઆતથી વૈદિક-સંસ્કૃતિમાં નહિ હોય. આજે જે રીતનો દેખાય છે તે રૂપનો ભેદભાવ તો હતો જ નહિ. પણ વર્ણવ્યવસ્થા અને જાતિવ્યવસ્થા વૈદિક સંસ્કૃતિનાં પ્રધાન રૂપ થઇ ગયાં. આ વર્ણ અને જાતિવ્યવસ્થા શ્રમણ સંસ્કૃતિને અનુકૂળ નહોતી, તો પણ એનું આક્રમણ શ્રમણ સંસ્કૃત પર સારી રીતે થયું છે. અને જ્યારે વૈદિક પરમ્પરામાં માનનારા આપણે આ જાતિવ્યવસ્થાને ધર્મવિરોધી સમજીને તોડવા તૈયાર થયા છીએ, ત્યારે શ્રમણ સંસ્કૃતિના લોકો એને પોતાના સમાજનો પ્રાણ સમજીને કેટલીક વાર મજબૂત કરવાની કોશિશ કરી રહ્યાં છે!!

જાતિભેદ તો સંકુચિતતા અને ઉંચનીચભાવ પર જ આધાર રાખે છે. વર્ણવ્યવસ્થામાં વ્યક્તિનો જીવન વિકાસ એકાંગી ઢંગથી થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર-ચાર વર્ણો જાણે કોઇ એક યંત્રના વિભાગો જેવા છે. યંત્રમાં સંપૂર્ણતા ભલે હો પણ વિભાગોમાં જીવન એકાંગી જ હોય છે. અથવા એમ કહીએ કે એમનું જીવન સ્વતંત્ર હોઇ શકતું જ નથી. આજની માનવતા કહે છે કે વ્યક્તિના જીવનમાં એકાંગિતાનો પ્રવેશ સમાજને માટે જોખમકારક છે.

શ્રમણસંસ્કૃતિએ વર્ણવ્યવસ્થાનો સ્વીકાર પણ ન કર્યો તેમ જ તેનો વિરોધ પણ ન કર્યો. તેની માત્ર ઉપેક્ષા જ કરી. વૈદિક પરમ્પરાના વિકાસમાં જ્યારે ક્રિયાકાંડ ચેતનહીન થઇ ગયો ત્યારે સંતોનો પ્રાદુર્ભાવ થયો. સંતોએ પણ વર્ણ તથા જાતિને અપ્રતિષ્ઠિત બનાવ્યા અને એટલું તો સ્પષ્ટતાથી જાહેર કર્યું કે માનવીવિકાસને માટે વર્ણ તથા જાતિ પોષક નહિ કિંતુ બાધક છે. શ્રમણસંસ્કૃતિનું જ આ પરિણામ હતું. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે શ્રમણસંસ્કૃતિ તથા બ્રાહ્મણ સંસ્કૃતિ બન્ને પ્રવાહો સમાંતર વહેતા આવ્યા છે. બન્ને વચ્ચે સારા તેમ જ બુરાં તત્ત્વોની લેવડદેવડ ચાલતી આવી છે.

હવે આપણે એ બન્ને વચ્ચે સમાનભાવથી વિકાસ પામી રહેલી એક બીજી સંસ્થાનો વિચાર કરીએ એ છે મંદિરોની સંસ્થા. મૂળ વૈદિક સંસ્કૃતિમાં કદાચ મૂર્તિપૂજા નહોતી. મંદિરો તો હતાં જ નહિ. યજ્ઞસંસ્થા જ માત્ર એ સંસ્કૃતિનું પ્રધાન બાહ્ય સ્વરૂપ હતું. સંભવ છે કે મૂર્તિપૂજા તથા મંદિરની સંસ્થા આ દેશમાં બહારથી જ આવી હોય. બૌદ્ધ વિદ્વાન ધર્માનન્દ કોસમ્બીનું કહેવું હતું કે મૂર્તિપૂજા આપણે ત્યાં કદાચ અરબસ્તાનથી આવી હોય. મારો એવો ખ્યાલ છે કે કદાચ ગ્રીક અને રોમન લોકોનું અનુકરણ કરીને આપણે અહિં મૂર્તિપૂજા તથા મંદિરોનો વિસ્તાર કર્યો છે. મૂર્તિ તથા મંદિરનો સ્વીકાર કદાચ શ્રમણસંસ્કૃતિમાં પહેલો થયો અને ત્યાર બાદ વૈદિક લોકોએ તેની પાસેથી ગ્રહણ કર્યો. આ બાબતમાં નિશ્ચિત રૂપથી આપણે કશું પણ કહી શકીએ તેમ નથી.

આગળ જતાં જ્યારે શ્રમણ-બ્રાહ્મણ બન્ને પ્રવાહોમાં શાશ્વતપ્રવર્તનનો પ્રચાર થયો ત્યારે મૂર્તિપૂજામાં અનેક દોષો પણ દાખલ થયા. અને મંદિરોદ્વારા અનેક બુરી બાબતોનું સમર્થન થવા માંડ્યું. સનાતન મંદિરોમાં નિપાન, ભોગનૈવેદ્યની બારે ઝંઝટ છે. કોઈ મહારાજાના સુખોપભોગ તથા વિલાસનું અનુકરણ મંદિરોમાં થઈ રહ્યું છે. જૈન મંદિરોમાં આ ઝંઝટ નથી. ભોગનૈવેદ્યના રૂપમાં જ્યાં ખાનપાનનો વ્યવહાર આવ્યો ત્યાં સ્પર્શાસ્પર્શનું પાખંડ આવ્યા વિના રહેતું નથી. જૈન મંદિરોમાં ભોગનૈવેદ્યનું વિધાન નહિ હોવાથી કોઈ પણ માનવીને દર્શનની પરવાનગી સહેલાઈથી આપી શકાય છે. જૈન ધર્મ એક વિશ્વધર્મ છે. તે દરેકને અહિંસા તપ તથા આત્મોન્નતિ તરફ પ્રેરે છે. તેના મંદિરમાં કોઈ પણ માનવી માટે દર્શનનો પ્રતિબંધ હોવો ન જોઈએ.

હિંદુ ધર્મની શ્રમણધારામાં ઉંચનીચભાવનું તથા સ્પૃશ્યા-સ્પૃશ્યનું સમર્થન સંભવતું નથી. મંદિરમાં જઈને દર્શન તથા પૂજા કરવાથી કદાપિ કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક લાભ થતો હોય તો હરિજનને તેથી વંચિત રાખવા ન જોઈએ.

અહિંસા મારી ભૂમિકા હું જરા વધારે સ્પષ્ટ કરી લઉં. જે લોકો આજકાલ મંદિરોમાં જાય છે, તેની આધ્યાત્મિક ઉન્નતિ કેટલી થાય છે તેનો હિસાબ કોઈએ કાઢ્યો નથી. એવી પરિસ્થિતિમાં મારો એવો કોઈ મનોરથ નથી કે હરિજનો મંદિરમાં આવવાનું નિયમિત રીતે મોટી સંખ્યામાં શરૂ કરી દે. હું તો એટલું જ ઇચ્છું છું કે મંદિર ચલાવવાવાળા લોકોની સંકુચિતતા તથા બહિષ્કારવૃત્તિ દૂર થાય. મંદિર બનાવવાવાળા, મંદિરના વ્યવસ્થાપકો તથા ત્યાં નિયમિત જવાવાળા—એ સર્વને હું મંદિર સંસ્થાના આધારસ્તંભ ગણું છું. એમના મનમાં જે રૂઢિવાદી સનાતની વૃત્તિ જામી પડી છે તે સમાજસ્વાસ્થ્ય માટે જોખમકારક છે. એ દૂર કરવી એ એક મંદિરપ્રવેશ-આંદોલનનો પ્રધાન ઉદ્દેશ છે. મંદિર સંસ્થા પ્રત્યે મને આદર છે. એ સંસ્થામાં ફરીથી ચૈતન્ય લાવી શકાય એમ છે. એવો વિશ્વાસ હોવાને કારણે હું મંદિર-પ્રવેશનો આટલો આગ્રહ કરી રહ્યો છું.

પારસી લોકોનો જરથોસ્તી ધર્મ, મુસલમાનોનો ઇસ્લામી ધર્મ અને ઈસાઈઓનો વિશ્વાસી ધર્મ—એ ત્રણે પરદેશથી આવેલા ધર્મ છે. યહૂદીધર્મ પણ એવો જ છે. એટલા ધર્મોને બાદ કરતાં બાકીના બધા ધર્મો આ ભૂમિમાંથી ઉદ્ભવ પામ્યા છે. અહિંની સમાજવ્યવસ્થાને પણ તેઓ માન્ય રાખતા આવ્યા છે. તે સર્વે હિંદુ ધર્મની શાખાઓ છે. ઉપર દર્શાવેલા પરદેશી ધર્મો પણ આદાનપ્રદાનદ્વારા ધીમે ધીમે સ્વદેશી બની રહ્યા છે. જોની અસરને લીધે સમસ્ત હિંદુધર્મમાં પણ મહત્ત્વનું પરિવર્તન થતું આવ્યું છે. હિંદુ ધર્મની આ જ ખુબી છે કે તેણે કદિ પણ આદાનપ્રદાનનો બહિષ્કાર કર્યો નથી.

મૂર્તિપૂજાનો પ્રશ્ન હવે તો બિલકુલ ગૌણ થઈ ગયો છે. એક જ મંદિરમાં દિગમ્બર ને શ્વેતામ્બરની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરીને આપણા ભેદભાવ કેમ ન મટાડીએ?

આહારનો પ્રશ્ન પણ નવી રીતે વિચારવો જોઈએ. જે લોકો માંસાહાર નથી કરતા તેમણે પોતાના શુભ સિદ્ધાંતોમાં દૃઢ રહેવા માટે માંસાહારી લોકોનો બહિષ્કાર કરવો એ શું આવશ્યક છે? ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રીકામાં હતા ત્યારે એક ખ્રિસ્તી મિશનરી ઈસાઈ ધર્મની વાતો સંભળાવવા માટે જ દર રવિવારે તેમને ભોજન માટે બોલાવતા હતા. માંસાહારી ઈસાઈના ઘરે જઈને પણ ગાંધીજી શુદ્ધ અન્નાહારનું ભોજન કરતા હતા. ગાંધીજીએ શબ્દોદ્વારા નિરામિષ આહારનો લેશમાત્ર પ્રચાર કર્યો નહોતો તો પણ તે મિશનરીના નાના મોટા છોકરાઓ ગાંધીજીનું ઉદાહરણ જોઈને માંસાહાર છોડવાનો નિશ્ચય કરી બેઠા. માબાપ ગભરાઈ ગયા અને તેમણે પોતાનો રવિવારનો ભોજનક્રમ નમ્રતાની સાથે બંધ કરી દીધો.

આ પરથી એમ પ્રતીત થાય છે કે અપ્રગતિશીલ રૂઢિવાદી લોકોને જ બહિષ્કાર તથા પાર્થક્યનો આશરો લેવો પડે છે. જૈન લોકોએ હિંદુ ધર્મમાં રહીને અહિંસાનો જેટલો પ્રચાર કર્યો છે એટલો પ્રચાર તેઓ હિંદુ ધર્મથી બિન્ન રહીને કરી શકશે નહિ. કિન્તુ આજકાલના કેટલાક જૈનોમાં ધાર્મિક વ્યક્તિવાદ ઘુસી ગયો છે અને એક બે કાનુનથી બચવાને માટે તેઓ કહેવા લાગ્યા છે કે અમે હિન્દુ નથી. હું તેનો પ્રતિવાદ નહિ કરું. હિંદુ સમાજનો સ્વભાવ જ છે કે બહાર જવા ચાહે તેને માટે દરવાજા ખુલ્લા રાખવા. ચોકી રાખવામાં આવે છે અંદર આવવા વાળાઓ ઉપર. મારું દિલ એટલું જ કહે છે કે હિંદુસમાજનું સૌથી મોટામાં મોટું પાપ અસ્પૃશ્યતા જેણે અપનાવેલ છે તેઓ કંઈ નહિ તો પુરેપુરા હિંદુ તો છે જ.

અહિંસાના કેટલાયે ક્ષેત્રો છે. આહારસંબંધમાં તો સૌ કોઈ જાણે છે. કોઈનો પણ દ્રોહ કર્યા વિના, કોઈની પણ મહેનતનો અયોગ્ય રીતે ફાયદો ઉઠાવ્યા સિવાય આજીવિકા પ્રાપ્ત કરવી એ છે અહિંસાનું સૌથી મોટું ક્ષેત્ર. કશા પણ અપરાધ સિવાય કોઈને નીચો અથવા ઉતરતો સમજવો એ છે સામાજીક હિંસા. આફ્રીકન, ચીની, અથવા તો યુરોપિયન કોઈ પણ વંશના લોકોને પોતાનાથી ઉતરતા સમજવા-તેનો બહિષ્કાર કરવો-એ પણ હિંસા છે; માનવતા તથા વિશ્વબંધુત્વનો તેમાં દ્રોહ છે. ગાંધીજી પછી અથવા તો સત્યાગ્રહનું શુદ્ધ સાત્વિક શસ્ત્ર પ્રાપ્ત કર્યા પછી પણ શસ્ત્રયુદ્ધ ચલાવવું તે પણ અનાવશ્યક પરિહાર્ય હિંસા છે. દુનિયાના રાષ્ટ્રોને કોઈને કોઈ દિવસ આ વાત માન્ય થવાની જ છે. જૈન ધર્મની એક વાત મને ખાસ ગમી છે. પ્રચારધર્મ હોવા છતાં પણ બીજા ધર્મોની માફક તેણે પોતાના અનુયાયીઓની સંખ્યા વધારવાની કોશિષ કરી નથી. જે કોઈ આદમી જરા રાજી થયો કે તરત જ તેની પર પોતાનું લેબલ લગાડીને સંખ્યાવૃદ્ધિનો અધાર્મિક સંતોષ અને લાભ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન જૈન ધર્મે કર્યો નથી. સંખ્યાવૃદ્ધિ નહિ પણ ગુણવૃદ્ધિ જ સાચા પ્રચારનું ફળ છે.

મારા મિત્ર શ્રી ધર્માનન્દ કોસમ્બી જન્મથી બ્રાહ્મણ હતા. આગળ જતા તેમણે બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી. બૌદ્ધ ધર્મ શીખવા માટે તેઓ નેપાળ, તિબેટ, સીલોન, બ્રહ્મદેશ, સિયામ વિગેરે દેશોમાં ભટકયા. પછી સેવાના હેતુથી કેટલીક વાર અમેરિકા તથા રશિયા ગયા. મારા આગ્રહથી જ્યારે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં આવીને રહ્યા ત્યારે તેમણે જૈન ધર્મનું અધ્યયન કર્યું, અને ભગવાન પાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ તેમને પસંદ પડયો. એનીપર એમણે એક પુસ્તક પણ લખ્યું છે. એમાં એમણે લખ્યું છે કે પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મથી જ ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરની બે પરમ્પરાઓ વેગ પામી. પાર્શ્વનાથના ઉપદેશની કોસંબીજી પર એટલી ઉંડી અસર થઈ હતી કે મરણાન્ત સંલેખનાનો પણ એમણે સ્વીકાર કર્યો હતો.

હું માનું છું કે જો જૈન ધર્મ રૂઢિવાદના બંધનમાંથી મુકત થાય તો તે અવશ્ય સર્વસમન્વયકારી વિશ્વધર્મ બનશે. સ્યાદ્વાદ સર્વ-સમન્વયમાં જ પરિણમવો જોઈએ.

મૂળ હિંદી ઉપરથી અનુવાદિત. કાકા કાલેલકર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨૩

મુંબઈ : ૧ એપ્રીલ ૧૯૫૧ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ : એક સમીક્ષા

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું ૧૮ મું અધિવેશન ગયા માર્ચ માસની ૨૫ તથા ૨૬મી તારીખે જુનાગઢ ખાતે મળવાનું હતું. આની વીસ દિવસ અગાઉ જુનાઢના સંઘના અને અધિવેશનનેલગતી સ્વાગત સમિતિના નામે સુદેવ-સુગુરૂ-સુધર્મના નામે ઓળખાતો એક પ્રત્યાઘાતી ઠરાવ પસાર કરવામાં આવ્યો જેનો ઉલ્લેખ આગળના અંકમાં કરવામાં આવ્યો છે. તદુપરાન્ત સ્વાગત સમિતિના એક ઉપપ્રમુખે અધિવેશનના વરાયલા પ્રમુખ શ્રી કાન્તિલાલ ધરચલાલને આ ઠરાવની ખબર પહોંચાડતાં એવી ધમ્કી વ્યકત કરી કે કૉન્ફરન્સની વાણી, વર્તન અને વિચારણા આ ઠરાવને અનુરૂપ હોવા જોઇએ અને તા. ૧૫-૨-૫૧ની જૈન શ્વે. કૉન્ફરન્સ પત્રિકાના 'ધર્મવ્યવસ્થા દિક્ષા ફેરવો' એ મથાળાના વાંધાભરેલા અગ્રલેખ સંબંધમાં ઉપરના ઠરાવને અનુલક્ષીને ઘટતું થવું જોઇએ. સાથે સાથે સ્વાગત સમિતિના પ્રમુખ શ્રા. પુલચંદ પુરૂષોત્તમ તંબોળી વીશથી પચ્ચીસ ગૃહસ્થોની હાજરીમાં અને કૉન્ફરન્સની કેટલીએક જવાબદાર વ્યક્તિઓની સમક્ષ કૉન્ફરન્સ પત્રિકાના ઉપર જણાવેલ અગ્રલેખ સામે રોષ ઠાલવતા એટલી હદ સુધી બોલી ગયા કે કૉન્ફરન્સ જો આવો ધર્મવિરૂદ્ધ પ્રચાર કરવા માગતી હોય તો તેવી કૉન્ફરન્સને બાળી નાંખતા પોતે અચકાશે નહિ-આવા સમાચાર બહાર આવ્યા. વળી સ્વાગત સમિતના મંત્રીઓએ પ્રસ્તુત અધિવેશન મુલતવી રાખવાનો વિચાર મુંબઇની સ્થાયી સમિતિને જણાવ્યો. ઉપર જણાવેલ પ્રત્યાઘાતી ઠરાવ, સ્વાગત સમિતના પ્રમુખનું એવું જ પ્રત્યાઘાતી વળણ અને આસપાસના પ્રતિકુળ સંયોગો ધ્યાનમાં લઈને તા. ૧૬-૩-૫૧ ના રોજ મળેલી કૉન્ફરન્સની સ્થાયી સમિતિ કે જેમાં બન્ને પક્ષના આગેવાનો બહુ મોટી સંખ્યામાં હાજર થયા હતા તેણે સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો :—

"આપણી કૉન્ફરન્સના આગામી ૧૮મા અધિવેશનને અંગે હાલમાં જે પરિસ્થિતિ ઉભી થઇ છે તે ઉપર સંપૂર્ણ વિચાર કરતાં સ્થાયી સમિતિની આજની સભા ઠરાવે છે કે જુનાગઢ ખાતે ભરવા માટે નિર્ણીત થયેલું અઢારમું અધિવેશન હાલ પુરત મુલતવી રાખવું."

આ ઠરાવની દરખાસ્ત મૂકનાર શેઠ નગીનદાસ કરમચંદ હતા અને શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે ટેકો આપ્યો હતો.

જે સંયોગોમાં કૉન્ફરન્સનું અધિવેશન મુલતવી રાખવામાં આવ્યું છે તે સંયોગો ધ્યાનમાં લેતાં મુલતવી રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો તે યોગ્ય થયું છે એમ જરૂર કહી શકાય, કારણ કે અન્યથા બન્યું હોત તો અધિવેશનમાં નવા પ્રત્યાઘાતી ઠરાવ ઉપર મારામારી જ થાત અને જે હેતુથી અધિવેશન ભરવામાં આવનાર હતું તે હેતુ અસિદ્ધ જ રહેત. આમ છતાં પણ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ જેવી સંસ્થાનું નિયત અધિવેશન આમ એકાએક મુલતવી રાખવું પડે તે કૉન્ફરન્સના દૃષ્ટિબિન્દુએ તેમજ જૈન શ્વે. મૂ. સમાજના દૃષ્ટિબિન્દુએ એક ભારે કમનસીબ ઘટના ગણાય એમાં કોઇ શક જ નથી.

આ કૉન્ફરન્સને અસ્તિત્વમાં આવ્યાને આજે લગભગ પચ્ચાસ વર્ષ થવા આવ્યા છે. એમ છતાં આ કૉન્ફરન્સનું નાવ કશી પણ પ્રગતિ સાધી શકતું નથી અને જાત જાતના વમળમા આમ તેમ કેવળ ચકરાવા જ ખાયા કરતું માલુમ પડે છે. આનું કારણ શું? બીજી બાજુએ જૈન શ્વે. સ્થાનકવાસી કૉન્ફરન્સની શરૂઆત જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના ઉદ્‌ભવ બાદ કેટલાક વખત પછી થઇ હતી, એમ છતાં પણ એ કૉન્ફરન્સ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી છે અને તેણે પોતાના શ્રાવક તેમ જ સાધુ સમુદાય ઉપર ભારે વર્ચસ્વ પ્રાપ્ત કર્યું છે અને પોતાના વર્ગના કલ્યાણકારી અનેક કાર્યો કરી રહી છે એનું કારણ શું? આ પ્રશ્નની સમીક્ષા આ પ્રસંગે અસ્થાને નહિ લેખાય.

સમગ્ર રાષ્ટ્રના ઐક્યની દૃષ્ટિએ આવી કોમી સંસ્થાઓની કેટલીક ઉપયોગીતા છે અથવા તો આવી કોમી સંસ્થાઓ રાષ્ટ્રના ઐક્યીકરણ અને સમગ્ર હિતને બાધક બનવા સંભવ છે કે કેમ એ પ્રશ્ન આપણે બાજુએ રાખીએ તો આપણે એમ જરૂર કહી શકીએ કે જે વર્ગને-પછી તે કોમી હો કે સાંપ્રદાયિક-પોતાનું અસ્તિત્વ કાયમ રાખવું હોય અને જે વર્ગને આજના તુમુલ સ્થિતિકલહમાં પોતાના હિતોની રક્ષા કરવી હોય, વર્ગવ્યાપી અન્તર્ગત પ્રશ્નોનો ઉકેલ લાવવો હોય, અંદર અંદર એકરૂપતા સ્થાપવી હોય, અને સામુદાયિક રીતે આગળ વધવું હોય, પ્રગતિ સાધવી હોય તે વર્ગે સામુદાયિક સંગઠ્ઠન સાધવું જ જોઇએ. આ સંગઠ્ઠન એવું હોવું જોઇએ કે જેનો તે વર્ગના પેટાવિભાગો ઉપર પુરો પ્રભાવ પડે, અને જેનું સૌ કોઇ શાસન સ્વીકારે. આ વિચારણામાંથી જ આવી કોમી તેમ જ સાંપ્રદાયિક કૉન્ફરન્સોનો જન્મ થતો રહ્યો છે. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનો ઉદ્‌ભવ પણ આ વૃત્તિ અને વિચારણામાંથી થયો હતો. આમ છતાં પણ આ કૉન્ફરન્સ આવા પ્રભાવશાળી વર્ચસ્વધારી સંગઠ્ઠનમાં હજુ સુધી પરિણામ પામી શકી નથી એનો કોઇથી ઇનકાર થઇ શકે તેમ નથી. આવી કૉન્ફરન્સ તો જ પ્રાણવાન સંસ્થા બની શકે અને તો જ આખી કોમના પ્રતિનિધિત્વનો દાવો કરી શકે કે જો તે કોમના વિવિધ અંગઉપાંગો આવી પ્રવૃત્તિને પુરેપુરો સાથ અને સહકાર આપે અને જે કોમની ભિન્ન ભિન્ન સંસ્થાઓ આવી કૉન્ફરન્સ જેવી સંસ્થાનું શિરછત્રપણું સ્વીકારે. પરંતુ કમનસીબે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની આ કૉન્ફરન્સ માટે આવી પરિસ્થિતિ હજુ સુધી ઉભી થઇ શકી જ નથી. પરિણામે આ કૉન્ફરન્સ પાંગળી જ રહી છે અને ખોડંગતી ખોડંગતી પોતાના પગલાં આજ સુધી માંડતી આવી છે.

જૈન શ્વે. મૂ. વિભાગ ઉપર જૈન સાધુઓ આજે પણ બહુ મોટું પ્રભુત્વ ધરાવે છે. આ સાધુસમુદાયમાં એક પણ એવો

સાધુ મળવો મુશ્કેલ છે કે જેને આપણે પ્રગતિશીલ, ક્રાન્તદર્શી અને જમાનાને ઓળખનાર સાધુ તરીકે ઓળખાવી શકીએ. સ્થાનકવાસી સમાજમાં સામાજિક સેવાના માર્ગે વળેલા એક સન્ત-બાલ પાક્યા, તેની જોડી પણ શ્વે. મૂ. વિભાગમાં શોધી જડતી નથી. કોઇ કોઇ આચાર્ય નવી કેળવણીની હીમાયત કરતા હોય છે, કોન્ફરન્સને પણ ટેકો આપવાની વૃત્તિ દાખવતા હોય છે. પણ બીજી બધી રીતે તેમનું માનસ કેવળ જુનવાણી ઢબનું જ હોય છે. કેટલાએક સાધુઓ કેવળ ઉદાસીન હોય છે. કેટલાકને સમાજના પ્રશ્નોની કશી સુઝ જ હોતી નથી અને પોત-પોતાના ક્રિયાકાંડમાંથી અને ધાર્મિક અનુષ્ઠાનોમાંથી તેઓ ઉંચા જ આવતા નથી. આમાંનો ચોક્કસ વર્ગ તો અત્યન્ત ધર્માંધ ઝનુની, સ્થિતિચુસ્ત અને પ્રગતિના સર્વ માર્ગોનો કટ્ટર વિરોધી છે.

કોન્ફરન્સના ઉગમ અને પ્રગતિ સાથે સામાન્યત: આખા સાધુસમાજમાં એક એવી લાગણી પેદા થવા લાગી કે આપણને પૂછનાર, આપણો જવાબ માંગનાર એવી આ સંસ્થા ઉભી થઇ રહી છે તેથી તેને આગળ વધવા ન દેવામાં જ પોતાના આખા સમુદાયનું હિત રહેલું છે. પરિણામે જૈન શ્વે. મૂ. વિભાગની સાધુ-સંસ્થા સામાન્યત: કોન્ફરન્સની વિરોધી જ રહી છે અને તેમાંના કેટલાએક સાધુઓએ કોન્ફરન્સ વિરૂદ્ધના પ્રચારને પોતાનું જીવન-કર્તવ્ય માન્યું છે અને કોન્ફરન્સને ધર્મદ્રોહી સંસ્થા તરીકે વગોવવામાં પોતાના મૃષાવાદવિરમણ વ્રતને જરા પણ વાંધો આવે છે કે કેમ તેનો વિચાર સરખો પણ તેમણે કર્યો નથી. આવા જીવતા જાગતા અને સતત પ્રચાર કરતા સાધુઓ સામે આગળ વધવાની તાકાત કોન્ફરન્સ કદી પ્રાપ્ત કરી શકી જ નથી.

આજના સાધુસમુદાયમાં પણ મોટો ભાગ કટ્ટર જુનવાણી માનસ ધરાવતો હોય છે. તે માનસનું વિશ્લેષણ કરતાં માલુમ પડે છે કે તેમને સામાજિક જવાબદારીનું લેશ માત્ર ભાન છે જ નહિ. ઉપાશ્રયમાં એકત્ર થતી શ્રાવક મંડળી કે જેમાં શ્રીમાનો હંમેશાં અગ્રસ્થાને હોય છે તે જ તેમની દુનિયા છે. મંદિરો, મૂર્તિઓ, પ્રતિષ્ઠા, ઉપધાન, વરઘોડા, નોકારશી, સ્વામીવાત્સલ્ય, અને તરેહતરેહના ક્રિયાકાંડો—આ સંસારમાં કરવા જેવું અને કરાવવા જેવું હોય તો માત્ર આ જ છે એમ તેઓ માને છે અને જ્યાં જાય ત્યાં તેઓ આજ બાબતનો ઉપદેશ આપે છે અને બાત બાતનાં અનુષ્ઠાનો યોજવામાં મશગુલ રહે છે. મધ્યમ વર્ગની આજે વધતી જતી હાડમારીઓ અને અસહ્ય બનતી જતી પરિ-સ્થિતિનો ખ્યાલ તેમને સ્પર્શતો જ નથી, કારણ કે તેમની બધી જરૂરિયાતો વણમાગી પુરી પડતી હોય છે અને પાણી માંગે ત્યાં તેમને દુધ મળતું રહે છે. આજે વધતી જતી બેકારીને તેમની વિચારણામાં કશું સ્થાન જ નથી. તેમના અભિપ્રાય મુજબ બેકારી એ કર્મનું પરિણામ છે, આ ભવે ધર્મકરણી કરે તો આવતા ભવે બેકારી નહિ અનુભવે. તેને નિવારવાના ઉપાયો માત્ર મિથ્યા છે. આ જ વિચારથી શ્રીમાનોની તેઓ હંમેશા વાહવાહ બોલે છે અને શ્રીમાનો તેમનાં મોટાં સામૈયાં કાઢે છે અને તેમની બધી સગવડો સાચવે છે. અહિંસાનો તેઓ જાપ જપે છે પણ તેમના દિલમાં નથી કરૂણા કે અનુકંપા. ન્યાયોપાર્જિત વૈભવની તેઓ વાતો કરે છે અને કાળા બજારીઆ શ્રીમાનોની ધાર્મિકતાના તેઓ મુક્તકંઠે ગુણ ગાન કરે છે. વળી તેમનું ધમંડ પણ પાર વિનાનું હોય છે. તેઓ ગમે તેમ વર્તે કે બોલે, તેમને કોઇ પુછી શકે જ નહિ એમ તેઓ માને છે. શિષ્યવ્યામોહમાંથી તેમ જ શિષ્યો વધારવાની વૃત્તિથી ભાગ્યે જ કોઇ મુક્ત હોય છે. તમે પૈસા કેવી રીતે કમાઓ છો તેવો પ્રશ્ન કોઇ સાધુ કોઇ શ્રીમાનને કદિ પૂછતો જ નથી, "મહાનુભાવ, ધન સારૂં કમાયા છો એ પૂર્વભવના સુકર્મોનું ફળ છે એમ સમજો અને આ ભવમાં પણ એવાં જ કર્મો કરો, મંદિરો બંધાવો મૂર્તિઓ પધરાવો, ઉજમણાં કરો, વરઘોડા કાઢો અને જીવનનું સાર્થક કરો એ તેમના સર્વ ધર્મોપદેશનો સાર હોય છે. જૈન શ્વે. મૂ. વિભાગ એ જ તેમનું દૃષ્ટિક્ષિતિજ છે અને બાકીની દુનિયા કુએ કે જીવે તેની તેમને લેશમાત્ર ચિન્તા હોતી નથી. અહિંસાનો ઉપદેશ આપે છે અને ગાંધીજીની વારે તહેવારે તેઓ પેટ ભરીને નિન્દા કરતા હોય છે. આધુનિક શિક્ષણના તેઓ કટ્ટર વિરોધી હોય છે. તેમના મત પ્રમાણે કોન્ફરન્સ પણ આ જ માર્ગે ચાલે તો જ તે જીવવાની અધિકારી છે અને તે વિચારમાંથી જ પેલો સુદેવ-સુગુરૂ-સુધર્મ વાળો પ્રત્યાઘાતી ઠરાવ પેદા થયો છે. આ જ વૃત્તિ અને વિચાર-સરણી તેમની આસપાસ ઘુમતા શ્રાવકસમુદાયની છે. પોતાની જાતને જ તેઓ ધર્મશ્રધ્ધાના રખેવાળ ગણે છે અને આ ધર્મ-શ્રધ્ધા ચોતરફથી જોખમમાં આવી પડી છે એવી ભડક તેઓ સદા સેવી રહ્યા છે અને કોન્ફરન્સનું ગમે તે થાઓ, મધ્યમવર્ગ જીવો કે મરો ધર્મશ્રદ્ધાની કોઇ પણ રીતે રક્ષા થવી જોઇએ—આ ઘેલ-છાએ તેમને વિવેકશૂન્ય બનાવી દીધા છે. આ જુનવાણી વર્ગ કોન્ફરન્સને કદિ સાથ તો આપ્યો જ નથી; કોન્ફરન્સને અહર જીવે રાખવામાં જ તેમણે ધતિકર્તવ્યતા અનુભવી છે.

બીજી બાજુએ અમદાવાદ શહેર જૈન શ્વે. મૂ. વિભાગનું મોટામાં મોટું મથક છે. ત્યાં અનેક તીર્થોનો વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજી નામની સુપ્રસિદ્ધ પેઢી છે. આ પેઢીના સંચાલકો પણ કોન્ફરન્સ પ્રત્યે હંમેશા ઇતરભાવથી જ જોતા આવ્યા છે. સંભવ છે કે એમના દિલમાં પણ એવી જ ભડક હોય કે કોન્ફરન્સના પ્રભુત્વની વૃદ્ધિમાં પોતાના પ્રભુત્વને હાનિ પહોંચવાનું જોખમ રહેલું છે. આના પરિણામે અમદાવાદનો જૈન સમુદાય મોટા ભાગે કોન્ફરન્સથી પરાઙમુખ રહ્યો છે.

આવા વિરોધી પ્રતિકૂળ બળો સામે કોન્ફરન્સ ટકી રહી છે. તેને જૈન સમાજના મધ્યમમાર્ગી કેટલાક ગૃહસ્થોનો ટેકો છે. મુંબઇ તેનું મુખ્ય મથક છે. સુધારક વર્ગ, કોન્ફરન્સ દ્વારા સમાજને બે પગલાં આગળ લઇ જઇ શકાશે એ આશાએ, પોતે સેવેલા વિચારક્રાન્તિનાં અનેક સ્વપ્નો ભાંગી જવા છતાં પણ, કોન્ફરન્સને ટેકો આપી રહેલ છે. આમ છતાં આજે કોન્ફરન્સની શું સ્થિતિ છે ? આજની કોન્ફરન્સ નથી સાધુના કોઇ ક્ષેત્રમાં માથું મારી શકતી, નથી દીક્ષાના પ્રશ્નને સ્પર્શી શકતી, નથા ધાર્મિક આચાર વિચારમાં ફેરફારની વાત આગળ લાવી શકતી. આણંદજી કલ્યાણજીની પેઢીને કશું પુછી જ શકતી નથી. આમ કોન્ફરન્સ-અહર પ્રાણે આજ સુધી જીવતી રહી છે. આવી સ્થિતિ કેટલાંય વર્ષોથી સ્વીકારવા છતાં પણ જુનવાણી વર્ગનો અસહકાર ચાલુ જ હતો. તે ટાળવા ખાતર ઇ. સ. ૧૯૪૨ ની સાલમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ બે ઠરાવો ઘડી આપ્યા. એક ઠરાવે દીક્ષા સંબધે કોન્ફરન્સે આજ સુધી જે કાંઇ જાણતાં અજાણતાં બોલી ચાલી હોય તે સર્વનો મન, વચન કાયાથી મિચ્છામિ દુક્કડમ કર્યો છે. બીજા ઠરાવથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના પ્રચલિત સિધ્ધાન્તોને અને ધાર્મિક અનુષ્ઠાનોને અભયદાન આપવામાં આવ્યું છે. આ રીતે જુનવાણી વર્ગ માંગતો હતો તેથી તેને બમણું મળ્યું. આમ છતાં પણ તે સંતોષ માનીને બેસી રહે અને સહકારનો હાથ પુરો લંબાવે એ સહજ માની શકાય તેવું નહોતું. અને બન્યું પણ એમ જ. ફાલના અધિવેશને બે ઠરાવો મંજુર કર્યા, મધ્યમ વર્ગને રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો, હવે સો કોઇ આગેવાનો વિના સંકોચે જોડાશે એવી સંચાલકો આશા સેવવા લાગ્યા. પણ જુનાગઢ અધિવેશનના દિવસો નજીક આવવા લાગ્યા એ દરમિયાન કોન્ફરન્સની કાર્યવાહીને વધારે મજબુતીથી જકડવાના હેતુથી પાલીતાણાના ખુણે શ્રી વિજય-રામચંદ્ર સૂરિની છત્રછાયા નીચે કોઇ જુદી જ મંત્રણા શરૂ થઇ. તેમના ફળદ્રુપ ભેજામાંથી આજે ખુબ ગવાયેલો સુદેવ-સુગુરૂ-સુધર્મવાળો ઠરાવ પેદા થયો. તેમના અનુયાયી શેઠ રતિલાલ લીલા-

ઘરને આ ઠરાવ કૉન્ફરન્સમાં પસાર કરાવવાનો આદેશ આપવામાં આવ્યો, અને તેમણે સ્વાગત સમિતિ અને જુનાગઢ સંઘના નામે આ ઠરાવ કૉન્ફરન્સની સ્થાયી સમિતિ ઉપર મોકલી આપ્યો. આ આખી જાળમાંથી કૉન્ફરન્સને બચાવી લેવા ખાતર જુનાગઢનું અધિવેશન મુલતવી રાખવામાં આવ્યું. પણ એ ઠરાવ તો કાંઇ મુલતવી રહ્યો જ નથી. હવે જ્યારે પાછું અધિવેશન ભરવામાં આવશે ત્યારે આ ઠરાવ સામે આવીને ઉભો રહેવાનો જ છે અને કાષ્ટ-ધંટાવિડંબના માફક કૉન્ફરન્સના કાર્યને અટકાવ્યા કરવાનો જ છે.

આમ જ્યાં કૉન્ફરન્સ સામે આવાં અનેક પ્રતિકુળ બળો ઉભેલાં છે અને સમાજ ઉપર પ્રભુત્વ ધરાવતા આચાર્યો ભોળા શ્રાવકસમુદાયને ધર્મશ્રદ્ધાના નામે ચાલુ ભડકાવ્યા જ કરે છે ત્યાં કૉન્ફરન્સના નસીબે આમથી તેમ અથડાયા સિવાય બીજી કોઇ મહત્ત્વની ફલશ્રુતિ નજરે પડતી નથી.

આની સરખામણીમાં જૈન શ્વે. સ્થાનકવાસી કૉન્ફરન્સનો ઉત્તરોત્તર થઇ રહેલો ઉત્કર્ષ કોઇનું પણ સહજ ધ્યાન ખેંચે તેવો છે. સ્થાનકવાસી સમાજની આગેવાન ગણાતી ઘણી ખરી વ્યક્તિઓએ આ કૉન્ફરન્સને અપનાવી છે. જે કાળબળને ઓછુંવધતું ઓળખે છે એવા સુકાનીઓના હાથમાં એનું સંચાલન છે અને આખા સમાજ ઉપર પણ તેમનો સારો પ્રભાવ પડે છે. સાધુસમુદાય સામાન્યતઃ તેને અનુકુળ છે એટલું જ નહિ પણ કૉન્ફરન્સના આદેશ નીચે ભિન્ન ભિન્ન ગચ્છના સર્વ આચાર્યોએ એકસરખી સમાચારી સ્વીકારી છે. કૉન્ફરન્સ સામે ઘડા તદ્દા બોલી શકે એવી એક પણ સાધુ તાકાત ધરાવતો નથી. ખાસ કરીને તીર્થોના પ્રશ્નમાં પોતાને ચક્રવર્તી ગણતી એવી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી એમના સમાજમાં કોઇ સંસ્થા નથી. કૉન્ફરન્સના કાર્યમાં બને તેટલી મદદ કરવી–મદદ ન બને તો સરળતા કરી આપવી–એમ સૌ કોઇ સમજે છે. પરિણામે આખા સ્થાનકવાસી સમાજની પોતે એક અને અજોડ પ્રતિનિધિ છે એવો દાવો આ કૉન્ફરન્સ કરી શકે છે. બીજી બાજુએ આવો દાવો કરવાની સ્થિતિ તો દૂર રહી પણ જુનાગઢનું અધિવેશન જો મુલતવી રહ્યું તો હવે અધિવેશન ક્યાં અને કયારે ભરવું એ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ માટે સવાલ છે. અમુક ઠરાવ પસાર કરો તો જ અને અમુક પસાર કરેલો ઠરાવ ભુંસી નાંખો તો જ અમે જોડાઇએ, વળી પોતાને પ્રતિકુળ એવો અમુક ઠરાવ પસાર થયે તો આ અમે ચાલ્યા–આવી ગાઠાગાંઠ ઉભી કરવાની વૃત્તિ સ્થાનકવાસી સમાજમાં હજુ ઉભી થવા નથી પામી એટલે એમની કૉન્ફરન્સનું ગાડું ક્ષેમકુશળ ચાલ્યા કરે છે, જ્યારે જૈન શ્વે. મૂ. વિભાગના સ્થિતિચુસ્ત વર્ગની મનોદશા 'કુવરાની પુંછડી વાંકી તે વાંકી' એ પ્રકારની પ્રવર્તે છે. આજે એ વર્ગમાંના કેટલાક આગેવાનો કૉન્ફરન્સની સ્થાયી સમિતિમાં આવીને બેઠા છે. પણ આખરે કૉન્ફરન્સનું બંધારણ તો લોકશાસનના ધોરણ ઉપર રચાયું છે અને બહુમતીના ધોરણે નિર્ણયો લેવાય છે. આમ હોવાથી જેનો આજે બને તેટલી પીછેહઠ સ્વીકારીને સાથ મેળવ્યો લાગે છે તેમનો સાથ કયાં સુધી ચાલુ રહેશે એ એક પ્રશ્ન છે. આવી ડગમગતી સ્થિતિમાં કૉન્ફરન્સે ટકવાનું છે, કામ કરવાનું છે. આજના સંયોગોમાં જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સદ્વારા કોઇ પણ મહત્વના કાર્યપરિણામની આશા વ્યર્થ છે, મૃગજળ સમાન છે.

આવું નિરાશાજનક ચિત્ર આલેખવામાં મને કોઇ આનંદ નથી. પણ વાસ્તવિક પરિસ્થિતિ સ્પષ્ટ આકારમાં આપણે સમજી લેવી જ જોઇએ એ હેતુથી આ આલોચના રજુ કરવા હું પ્રેરાયો છું. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની દુઃસ્થિતિના સ્પષ્ટ ભાનમાં જ તેનું યોગ્ય નિદાન રહેલું છે. જે પ્રતિકુળ બળો કૉન્ફરન્સને આગળ વધવામાં મોટા પ્રત્યવાયરૂપ બની રહ્યા છે તે બળોનું જ્યારે પ્રભુત્વ પામાનાંથી તુટે અને કૉન્ફરન્સ જેવી સંસ્થાના અવલંબન સિવાય કોમનો ટકાવ અશકય છે એવું જ્યારે કોમની દરેક વ્યક્તિને સચોટ ભાન થાય ત્યારે અને ત્યારે જ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ પ્રગતિના માર્ગે બે ડગલાં આગળ ભરવાની આશા સેવી શકે.

પરમાનંદ

પરિશિષ્ટ

ઉપરના લેખમાં જે ઠરાવોનો ઉલ્લેખ અવારનવાર કરવામાં આવ્યો છે તે ઠરાવો વાંચકોની સ્મૃતિને તાજી કરવાના હેતુથી નીચે આપવામાં આવ્યા છે. પહેલા બે ઠરાવો ડિસેમ્બર ૧૯૪૦ માં નીંગાળા ખાતે મળેલ પ્રસ્તુત કૉન્ફરન્સના અધિવેશને નીમેલી ઐક્ય સમિતિને શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ તા. ૯–૧–૪૨ ના રોજ ઘડી આપ્યા હતા. આ ઠરાવો તા. ૭, ૮, ૯ અપ્રિલ ૧૯૪૫ ના મુંબઇ ખાતે મળેલ ૧૬માં અધિવેશને બહુમતીથી ઉડાડી મૂકયા હતા પણ ત્યાર બાદ તા. ૨–૩ ફેબ્રુઆરી ૧૯૫૦ ના રોજ ફલોના ખાતે મળેલ અધિવેશને બહુમતીથી પસાર કર્યા હતા. ત્રીજો ઠરાવ શ્રી વિજ્યરામચંદ્ર સૂરિએ ઘડીને જુનાગઢના અધિવેશનમાં રજુ કરવા માટે પોતાના પટ્ટઅનુયાયી સ્વાગત મંત્રી શેઠ રતિલાલ લીલાધરને સુપ્રત કરેલો પણ કમનસીબે એ અધિવેશનની કસુવાવડ થતાં આ ઠરાવ હવે પછી મળનાર અધિવેશનની રાહ જોતો ઉભો છે.

ઠરાવ ૧. અન્યોન્ય દીક્ષા ઝીન્દાબાદ !

શ્રી. જૈન શ્વે. મૂર્તિપૂજક કૉન્ફરન્સ સને ૧૯૩૪માં અમદાવાદ મુકામે સાધુસંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને બધવી લે છે, અને તેણે (કૉન્ફરન્સે) અથવા તેની કોઇ પણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

ઠરાવ ૨. અનુષ્ઠાનપરંપરા ઝીન્દાબાદ !

ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન પ્રવેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાંતો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતાં આવ્યા છે, તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે હોદ્દેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિ.

ઠરાવ ૩. વિચારબધીરતા ઝીન્દાબાદ !

સુદેવને સેવવામાં, સુગુરને આરાધવામાં અને સુધર્મને આચરવામાં જ પોતાનું કલ્યાણ માનનારી આ સંસ્થા સદાય શ્રી જિનની આજ્ઞાને યથાશકિત અનુસરવાના અને એ આજ્ઞાથી નિષેધાયલા કોઇપણ કાર્યને નહિ કરવાના દૃઢ નિરધારવાળી હોવાથી પંચાંગી સ્વરૂપ શ્રી. જિનાગમો અને તેને અનુસરતા શાસ્ત્રોથી વિરૂદ્ધ જતી કોઇ પણ પ્રવૃત્તિને વિચારવા માટે પણ પોતાના કાર્યક્ષેત્રમાં નહિ આવવા દેવાની સદા માટે ઉદ્ઘોષણા કરે છે.

સાભાર સ્વીકાર

નીચેના પુસ્તકો અવલોકનાર્થે મળ્યા છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. **તંત્રો.**

મુક્તિ કે પથપર : લેખક શ્રી કેશરીચંદ સેઠિયા; પ્રકાશક સેઠિયા જૈન ગ્રંથાલય, બીકાનેર.

સાધુતાની પગદંડી : લેખક શ્રી નવલભાઇ શાહ; પ્રકાશક શ્રી મહાવીર પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ; કીમત રૂ. ૨.

સમાજ ઔર ધર્મ કે નામ પર : લેખસંગ્રહ, પ્રકાશક : ભારત જૈન મહામંડળ, વર્ધા.

માણસાઈ એટલે શું ? લેખક મુનિ રત્નચંદ્રજી, પ્રકાશક : જૈન સિધ્ધાંત સભા વતી શેઠ નગીનદાસ ગીરધરલાલ. ૨૫૯, લેમિંગટન રોડ, મુંબઇ. ૭ કીંમત–સદુપયોગ.

ચૈત્યવાદ સમીક્ષા : લેખક : પંડિત હંસરાજ શાસ્ત્રી આયુર્વેદાચાર્ય; પ્રકાશક : શ્રી આત્માનંદ જૈન મહાસભા, અંબાલા શહેર, પંજાબ. કીમત રૂ. ૫.

સૌહાર્દ મૂર્તિ સદ્‌ગત મોતીચંદભાઈ

परोपकाराय सतां विभूतयः ।

તા. ૨૭-૩-૫૧ મંગળવારના રોજ સવારે આઠ વાગ્યે નીપજેલ શ્રી મોતીચંદ ગીરધલાલ કાપડીઆનાં દુઃખદ અવસાનની નોંધ લેતાં ચિત્ત અગાધ ખિન્નતા અનુભવે છે. જન્મકાળથી માંડીને આજ સુધી જેના તરફથી અખંડ સ્નેહવાત્સલ્યનું હું અનુપાન કરતો આવ્યો છું, જેના મારી ઉપર અગણિત ઉપકારો છે, તેવા એક અતિ નિકટવર્તી સ્વજનનું પરલોકગમન અંગત રીતે કોઇ કાળે પણ ન પુરાય એવી ખોટ પેદા કરે જ છે, પણ સાથે સાથે તટસ્થ દૃષ્ટિએ વિચાર કરું છું ત્યારે પણ તેમના જવાથી સમાજને પડેલી ખોટ કાંઇ નાની સુની નથી એમ લાગ્યા વિના રહેતું નથી.

તેમનો જન્મ તા. ૭-૧૨-૧૮૭૯માં ભાવનગર ખાતે થયેલો અને બીએ. થતા સુધી તેમણે ભાવનગરમાં જ જીવન પસાર કરેલું. એલએલ. બી. ના અભ્યાસ માટે તેઓ મુંબઇ આવ્યા અને ૧૯૧૦ માં તેમણે સોલીસીટરની પરીક્ષા પસાર કરી અને તેમના મિત્ર શ્રી દેવીદાસ જેકીસનદાસ દેસાઇ પણ એ જ અરસામાં સોલીસીટર થયેલા તેમની સાથે મળીને મોતીચંદ એન્ડ દેવીદાસ એ નામની સોલીસીટરની પેઢીની સ્થાપના કરી. તેમના પિતા એક ધર્મનિષ્ટ કુશળ વ્યાપારી હતા. તેમના કાકા એટલે કે મારા પિતા જે જૈન સમાજની એક બહુ જાણીતી વ્યક્તિ હતા તેમના ખોળામાં જ તેઓ ઉછરેલા અને તેમની પાસેથી જ તેમણે ઉંડા ધાર્મિક સંસ્કારો અને ધર્મસાહિત્યમાં ઉંડી અભિરૂચિ પ્રાપ્ત કરેલી. સોલીસીટરની કારકીર્દી શરૂ કર્યાને આજે ચાલીશ વર્ષ પુરાં થવા આવ્યાં. આ ચાલીશ વર્ષ દરમિયાન તેમણે એક ધંધાદારી સોલીસીટર તરીકે તો સારી નામના મેળવી, પણ એ ઉપરાંત જાહેર જીવનનાં અનેક ક્ષેત્રોમાં તેમણે પ્રવેશ કર્યો અને દરેક ક્ષેત્રને અનેકવિધ સેવાઓ વડે તેમણે શોભાવ્યું. જૈન સમાજની તો એક પણ એવી પ્રવૃત્તિ નથી કે જેને તેમનું જીવન સ્પર્શ્યું ન હોય અને જેમાં તેમણે મહત્વનો ફાળો આપ્યો ન હોય. જૈન સમાજમાં પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ એ તેમની સેવાનું વિશિષ્ટ ક્ષેત્ર હતું. આ વિભાગની બે મુખ્ય પ્રવૃત્તિઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ સાથે તો તેમનું નામ સદાને માટે જોડાયેલું રહેશે. મુંબઇમાં કોલેજમાં ભણતા શ્વે. મૂ. વિભાગના વિદ્યાર્થીઓને રહેવા ખાવાની કોઇ ખાસ સગવડ નહોતી. આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી તેમણે અને તેમના બીજા કેટલાએક સહકાર્યકર્તાઓએ સાથે મળીને ૧૯૧૬ની સાલમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. આ સંસ્થાના પ્રારંભથી જ તેઓ મંત્રી હતા, તે ગયા વર્ષે જ પોતાની બગડેલી શારીરિક સ્થિતિના કારણે રાજીનામું આપીને તે જવાબદારીથી તેઓ મુક્ત થયા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેઓ માત્ર મંત્રી જ નહોતા પણ એક પ્રાણપૂરક આત્મા હતા. એ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઇ તેમ વ્યવસ્થાનું વહીવટી કાર્ય ઉત્તરોઉત્તર વધારે ને વધારે જટિલ થતું ગયું. બીજી બાજુ આ સંસ્થાના ચાલુ સંચાલન માટે દ્રવ્યની અપેક્ષાને કોઇ છેડો જ નહોતો. અણઘડ શ્રીમાનો પાસેથી પૈસા મેળવવા એ કેપરામાં કપરું કામ હતું. માન અપમાનનો જેને સવાલ ન હોય તેનાથી જ આ કામ થઇ શકે. ધક્કા ખાવાનો જેને કંટાળો હોય તે આવા કામ માટે નાલાયક ગણાય. પ્રારંભનાં વર્ષોમાં સદ્‌ગત શેઠ દેવકરણ મૂળજી, શેઠ મોતીલાલ મૂળજી વગેરે સાથીઓને સાથે લઇને સંસ્થાના ફંડ માટે તેઓ ઘેર ઘેર ભટકયા છે; અનેકનાં અપમાનો અને ધક્કારો તેમણે સહન કર્યા છે; તે કામમાં તેમણે નથી જોયો દિવસ કે નથી જોઇ રાત. મહાવીર જૈન વિદ્યાલય એ તેમની ચોવીશે કલાકની ચિન્તાનો વિષય હતો. આ સંસ્થામાંથી આજ સુધીમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ પસાર થયા છે અને સાંસરિક જીવનમાં સારાં સારાં સ્થાનો ઉપર ગોઠવાયા છે. સંસ્થા પણ આજે ખુબ વિકાસ પામી છે અને તેની અનેક શાખાપ્રશાખાઓ નિર્માણ થઇ ચુકી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ તેમની ૪૦ વર્ષની અખંડ તપશ્ચર્યાનું એક મૂર્તિમન્ત ચિરંજીવી સ્મારક છે. આવી જ રીતે શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સને અનેક પ્રતિકુળ તત્વો વચ્ચે જીવતી અને વેગવન્તી રાખવા માટે તેમણે પારવિનાનો પ્રયાસ કર્યો છે, અને તે ખાતર પણ સમાજના સ્થિતિચુસ્ત વર્ગનો અવારનવાર સામનો કર્યો છે. તેમના દિલમાં કોન્ફરન્સ માટે ભારે ઉંડી લાગણી હતી. જૈન સમાજને ટકવા માટે કોન્ફરન્સ સિવાય બીજો કોઇ આરો નથી એમ તેઓ માનતા હતા અને જૈન સમાજના મોટા વર્ગની આ બાબતને લગતી ઉદાસીનતા તેમને ખુબ ડંખતી હતી. કોન્ફરન્સના પ્રારંભથી તે ચારેક વર્ષ પહેલાં મુંબઇમાં કોન્ફરન્સનું અધિવેશન ભરાયું ત્યાં સુધી એ સંસ્થાનું તેઓ અગ્રસ્થાને રહીને કાર્ય કરી રહ્યા હતા.

સમયના પરિવર્તન સાથે તેમના વિચારો અને વળણમાં પણ ઉત્તરોત્તર પરિવર્તન થયે જ જતું હતું અને એક વખત આટલી બધી અંગ્રેજી કેળવણી છતાં અપ્રતિમ શ્રદ્ધાળુ જૈન તરીકેની જેમણે ખ્યાતિ અને પ્રતિષ્ઠા મેળવેલી. તેમની ધર્મશ્રદ્ધા તો જીવનના અન્ત સુધી એટલી જ જળવાઇ રહેવા છતાં અનેક સામાજિક તેમ જ ધાર્મિક પ્રશ્નો પરત્વે તેમના બદલાતા જતા વળણોને અંગે સ્થિતિચુસ્ત વર્ગની યાદીમાંથી તેમનું નામ લગભગ રદ થવા પામ્યું હતું. આમ વિચારક્ષેત્રમાં વ્યાપક અવલોકન અને અનુભવના અંગે ચાલુ પરિવર્તન થતું રહેવા છતાં સામાજિક કાર્યોમાં તેમનું વળણ અને કાર્યપદ્ધતિ હંમેશા સમાધાનની રહેતી. તેઓ વિચાર કરતાં કાર્યને વધારે મહત્વ આપતા. સમાજના વિવિધ કોટિના થરો સાથે હળીમળીને ચાલવું, કોઇને લેશ પણ દુઃખ થાય એમ ન બોલવું કે વર્તવું અને જે સંસ્થાઓનું એમના હૈડે હિત વસ્યું હતું એ સંસ્થાઓનો ઉત્કર્ષ કેમ થાય અને આર્થિક લાભ કેમ થાય એ ધોરણે સૌ સાથે કામ લેવું એ એમનો સહજ વૃત્તિ હતી. બાંધછોડ કરવી અને સમાધાન સાધતા રહેવું, જુના વર્ગને સંભાળવો અને નવા વર્ગ સાથે સંપર્ક ચાલુ રાખવો આ તેમની કાર્યનીતિ હતી, અને કોઇ પણ શુભકાર્યમાં-પછી તે કોમી હો, સાંપ્રદાયિક હો કે રાષ્ટ્રીય હો-પોતાથી બને તેટલા મદદરૂપ થવું આ તેમની જીવનએષણા હતી. તેમના હાથે સામાજિક ક્ષેત્રે અનેકવિધ સેવાઓનો જે ફાળો નોંધાયો છે તેના પાયામાં આ જ તેમની જીવનદૃષ્ટિ હતી.

સતત વિકાસશીલ તેમનું માનસ હતું અને સતત વિકસતી જતી તેમની જાહેર પ્રવૃત્તિ હતી. સોલીસીટરના ધંધામાં સ્થિરપ્રતિષ્ઠિત થવા બાદ તેમની દૃષ્ટિ મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશન તરફ વળી, તેમાં તેઓ ૧૯૨૮ની સાલમાં પહેલીવાર ચુંટાયા. મુંબઇની કોરપોરેશનને છુટી છવાઇ મળીને ૧૫ વર્ષની તેમણે સેવા આપી. બીજા વિશ્વયુદ્ધના કાળ દરમિયાન જ્યારે બીજા રાષ્ટ્રસેવકો જેલમાં હતા ત્યારે મ્યુનીસીપલ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ત્રણ વર્ષ સુધી તેમણે કાર્ય કરેલું. શરૂઆતના જીવનમાં રાજકારણમાં તેઓ ઓછો રસ લેતા અને પોતાના બચત સમયનો મોટા ભાગે કોમી પ્રવૃત્તિઓને લાભ આપતા, પણ દેશમાં ઉઠતાં ઉગ્ર રાજકીય આંદોલ-

નોથી. તેમની જેવો સેવાનિષ્ઠ આત્મા કેમ મુક્ત રહી શકે? પરિણામે ૧૯૩૦-૩૨ ની લડત દરમિયાન તેમના ભાગે બે વર્ષનો જેલવાસ આવ્યો જે તેમણે સહર્ષ સ્વીકારી લીધો. મુંબઈની પ્રાન્તિક કોંગ્રેસ કમીટીમાં પણ તેઓ અવારનવાર ચુંટાતા રહ્યા. આ રીતે બીનકોમી એવા અનેક કાર્યક્ષેત્રો તરફ તેઓ આકર્ષાતા રહ્યા.

આ તો આપણે તેમના જીવનના કર્મયોગની કેટલીક બાબતો ચર્ચી, પણ જેવો ઉજ્જ્વળ તેમનો કર્મયોગ હતો તેવો જ ઉજ્જ્વળ તેમનો જ્ઞાનયોગ હતો. તેમનું વાંચનક્ષેત્ર અતિ વિશાળ હતું એમ છતાં જૈન સાહિત્ય તેમના ઉંડા અવગાહનનો વિષય હતો. સાહિત્ય-વાંચનનો, અને તેટલા સામયિક પત્રો જોતા રહેવાનો, તેમને નાનપણથી ખૂબ શોખ હતો. સાથે સાથે લેખનપ્રવૃત્તિ તરફ તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારથી વળેલા. ભાવનગરમાં મારા પિતાએ બહુ નાની ઉમ્મરમાં સ્થાપેલી જૈન ધર્મ પ્રસારક સભા આજે પણ વિદ્યમાન છે અને તે સભા તરફથી આજથી લગભગ ૬૦ કે ૬૫ વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ જૈન ધર્મ પ્રકાશ નામનું માસિક આજે પણ ચાલે છે. આ માસિકમાં તેમણે લખવું શરૂ કરેલું. ત્યારબાદ તેમનાં લખેલાં પુસ્તકો ઉત્તરોત્તર પ્રગટ થવા લાગ્યાં. કેટલાંય વર્ષોથી તેઓ હંમેશા સામાયિક કરતા હતા. આ સામાયિકનો સમય મોટા ભાગે તેઓ લખવામાં પસાર કરતા હતા. આજે તેમનું લખેલું જે બહોળું સાહિત્ય આપણી આંખ સામે પડ્યું છે તે તેમના નિત્ય સામાયકનું જ સંચિત ફળ છે. તેમનાં લખાણોનો મોટો ભાગ જાણીતા જૈનાચાર્યોની વિશિષ્ટ કૃતિઓના સવિસ્તર વિવેચનોમાં રોકાયલો છે. અધ્યાત્મ અને વૈરાગ્યપ્રણુત સાહિત્ય તરફ તેઓ મૂળથી ઢળેલા હતા. એટલે વિવેચનો ભારે પસંદગી પણ તેઓ આ ઢબના સાહિત્યની જ કરતાં. સૌથી પ્રથમ મુનિસુન્દર સૂરિએ રચેલ અધ્યાત્મ કલ્પદ્રુમ ઉપરનું તેમનું વિવેચન ૧૯૦૬ ની સાલમાં પ્રગટ થયું અને એ અત્યન્ત લોકપ્રિય બન્યું. ત્યાર પછી આનંદઘન પદ રત્નાવલિનો પહેલો ભાગ બહાર પડ્યો. આ દળદાર ગ્રંથમાં આનંદઘનજીના પચ્ચાસ પદોનું સવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. જૈન મુનિ સિદ્ધર્ષિગણીએ રચેલ ઉપમિતિ-ભવપ્રપંચા કથા સંસ્કૃત ભાષાસાહિત્યનો એક ભવ્ય ગ્રંથ છે. તેનો આદ્યન્ત અનુવાદ ત્રણ ભાગમાં તેમણે બહાર પાડ્યો. તેમાના એક ભાગમાં સિદ્ધર્ષિના જીવન અને સાહિત્યની અતિ વિસ્તૃત અને ઐતિહાસિક સમાલોચના કરવામાં આવી છે. શાન્ત-સુધારસ નામના વૈરાગ્યરસપ્રધાન ગેય મહાકાવ્યનું તેમણે ઉલ્લાસ-મય વિવેચન પ્રગટ કર્યું. ડો. બુલરે લખેલા શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના જીવનચરિત્રનો તેમણે અનુવાદ કર્યો. આ ઉપરાંત જૈન દૃષ્ટિએ યોગ, નવયુગનો જૈન, યશોધર ચરિત્ર, મોતીશા શેઠનું ચરિત્ર, જહોત ગઇ થોડી રહી-આવાં તેમનાં લખેલાં અનેક નાના મોટાં પુસ્તકો આજ સુધીમાં પ્રગટ થઇ ચુકયા છે. અઢી વર્ષ પહેલાં તેમના ઉપર માંદગીનો મોટો હુમલો આવ્યો અને તેમાંથી ઉગર્યા તો ખરા, પણ એ માંદગીએ તેમનાં સર્વ ગાત્રો શિથિલ કરી નાંખ્યાં અને બહારની પ્રવૃત્તિઓ ચલાવવાની તાકાત તેઓ ગુમાવી બેઠા. પરિણામે ધંધાદારી તેમ જ જાહેરજીવન ઉભયમાંથી તેમણે નિવૃત્તિ સ્વીકારી લીધી, પણ તેમની લેખનપ્રવૃત્તિ તો જીવનના અન્ત ભાગ સુધી અખંડ ચાલુ જ રહી. આ અઢી વર્ષના ગાળા દરમિયાન 'પ્રશમ રતિ' નામના જાણીતા ધર્મગ્રંથ ઉપર તેમણે સવિસ્તર વિવેચન લખ્યું. આનંદઘનના બાકીના પદો અને ચોવીશી ઉપર આનંદઘનજી પદ રત્નાવલીના ઘોરણે વિવેચન લખી આનંદઘનને લગતું પોતાનું કાર્ય પુરું કર્યું. છેલ્લા છ આઠ મહીના પહેલાં મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર લખવાની તેમણે યોજના વિચારી. આ યોજના મુજબ તેમની ધરચના મહાવીરસ્વામી વિષે જે કાંઇ લખાયું હોય, વિચારાયું હોય તેમ જ તેમના વિષે જે કાંઇ કાવ્યો, સ્તવનો, ભજનો રચાયાં હોય તે સર્વને એક ગ્રંથાવલિમાં સંગ્રહિત કરવાની હતી. આ ગ્રંથાવલિની યોજનાને તેમણે પચ્ચીસ ભાગમાં વહેંચી નાંખી હતી. તેમાંથી મહાવીર સ્વામીના પૂર્વ ભવને લગતો પહેલો વિભાગ તેમણે પુરો કર્યો હતો અને બીજો વિભાગ હજુ થોડા સમય પહેલાં શરૂ કર્યો હતો. આમ તેમનું અપ્રગટ સાહિત્ય થોકડાબંધ પડેલું છે અને પ્રગટ થયેલ સાહિત્યમાંના પણ ઘણા ખરા ગ્રંથો આજે ઉપલબ્ધ નથી.

તેમના લેખન સાહિત્યનો સમગ્રપણે વિચાર કરતાં માલુમ પડે છે કે તેઓ આમજનતાના માનવી હતા અને તેમની આંખ સામે પણ ઓછું ભણેલી અને કમસમજણવાળી ભદ્ર જનતા હતી. તેમને ધર્મ માર્ગે, અધ્યાત્મના પંથે, વૈરાગ્યના રસ્તે વાળવાની તેમના દિલમાં ઉંડી તમન્ના હતી. પરિણામે એકની એક વાત ફરી ફરીને કહેતાં, એક જ તત્ત્વને ભિન્ન ભિન્ન સ્વરૂપમાં રજુ કરતાં તેઓ કદિ થાકતા નહોતા. ધર્મકથામાં પુનરુક્તિ એ દોષ નથી એમ તેઓ માનતા. સામાન્ય જનતા ટુંકામાં ન જ સમજે એવો તેમનો અનુભવ હતો. પરિણામે તેમની લેખનશૈલિ સાદી, સરલ, જાતજાતના ટુચકાઓથી ભરેલી અને પ્રસ્તુત વિષયને સામા-રણ રીતે વિસ્તારથી આલેખવા તરફ સદા ઢળતી રહેતી. જેને ધર્મસાહિત્ય સાથે કશો સંબંધ નહિ એવા બુરોપનાં સંસ્મરણો, વ્યવહાર કૌશલ્ય, વ્યાપાર કૌશલ્ય, સાધ્યને માર્ગે જેવાં પુસ્તકો પણ તેમણે લખ્યાં છે, પણ પ્રમાણમાં તે બહુ જુજ.

આમ જ્ઞાનયોગ અને કર્મયોગ-બન્ને દિશાએ અનેક પ્રવૃત્તિ-ઓથી ખીચોખીચ ભરેલું, સેવા માર્ગે વિચરતા સૌ કોઇને અનુકરણ યોગ્ય, વ્યવહાર અને આદર્શનો સુન્દર સમન્વય કરતું લાંબું જીવન વટાવીને તેઓ આજે અન્યલોક પ્રતિ સીધાવ્યા છે અને ચિરસ્મરણીય સુવાસ મૂકતા ગયા છે. સામાન્ય સંયોગોમાંથી એક સરખી ધર્મનિષ્ઠાપૂર્વક આગળ વધતે વધતે એક માનવી જીવનના અન્તે સંચિત સેવાકાર્યોનો કેવડો મોટો સરવાળો મૂકી જઈ શકે છે તેનો શ્રી. મોતીચંદભાઇનાં જીવન ઉપર નજર નાંખતાં ખ્યાલ આવે છે અને તેમાંથી આપણને અનેક પ્રેરણાઓ મળે છે.

તેમના ગુણોનો વિચાર કરીએ છીએ તો સૌથી મોટો ગુણ તેમનો અપ્રતિમ આશાવાદ આપણી આંખ સામે તરી આવે છે. તેમનો આશાવાદ અતિરેક તરફ તો નથી ઢળી જતો એમ મને ઘણીવાર પ્રશ્ન થતો, પણ તેમના સર્વ પુરૂષાર્થનું ઉગમસ્થાન તેમનો એ અસાધારણ આશાવાદ જ હતો એમાં કોઇ શક જ નથી. જ્યારે કોઇ પણ પ્રસંગ કે પરિસ્થિતિને અંગે અન્ય સર્વ અત્યન્ત નિરાશ બની બેઠા હોય ત્યારે તેમની નજર તેમાંથી પણ કોઇ નાનું સરખું આશાપ્રેરક કિરણ પકડી પાડતી અને પોતાનું નાવ પુરા ઉત્સાહપૂર્વક તેઓ હંકારી મૂકતા. બીજા જ્યારે પ્રતિકુળ સંયોગોનો જ સરવાળો કર્યા કરે ત્યારે તેઓ અનુકુળ સંયેગો ઉપર જ ખૂબ ભાર મૂકે અને જે છે તેમાં પુરો આનંદ, ઉલ્લાસ અનુભવે અને તેમાંથી આગળ ને આગળ ચાલતા રહેવાની પ્રેરણા મેળવે. તેમનો બીજો એક વિશિષ્ટ ગુણ તેમની પ્રકૃતિને વરેલું ઉમદા પ્રકારનું સૌહાર્દ હતું. મરતાને પણ મર ન કહેવું એ તેમનો સ્વભાવ હતો. નાના મોટા સૌ કોઇને દિલના ઉમળકાથી બોલાવે. કોઇનું પણ કામ કરી છૂટવામાં આનંદ માને. સમાજ-હિતકારી સર્વ કોઇ પ્રવૃત્તિઓ વિષે હાર્દિક સહાનુભૂતિ ધરાવે, અને જ્યાં જેટલો પોતાનો હાથ લંબાવી શકાય ત્યાં તેટલો લંબાવવામાં જરા પણ પાછી પાની ન કરે, જૈન ધર્મ પ્રત્યે અપ્રતિમ અનુરાગ તથા શ્રદ્ધા હોવા છતાં અન્ય ધર્મ કે સંપ્રદાય પ્રત્યે લેશ પણ

અનાદર ન ચિન્તવે–આ તેમનામાં રહેલાં અખૂટ સૌહાર્દનાં જ વ્યક્ત સ્વરૂપો હતાં. આગન્તુક મિત્રો, સ્વજનો, સ્નેહીઓ તેમ જ સહધર્મીઓનું આતિથ્ય કરવામાં તેમની ઉદારતાને કોઇ સીમા નહોતી. ત્રીજું, અવિરત પરિશ્રમ લેવાની તાકાત એ જ તેમના જીવનની સફળતાની મોટામાં મોટી ચાવી હતી. ૬૯ મા વર્ષે તેમને મોટી માંદગી આવી તે પહેલાં થાક શું તે તેમણે કદિ જાણ્યું નહોતું. સવારના ૭ વાગ્યે ઉઠે ત્યારના રાતના અગિયાર વાગ્યે સુવે ત્યાં સુધી. કામ કામ ને કામ. ધંધાદારીનું કામ તો સૌ કોઇ કરે, પણ બાકીનો વખત પણ આને મળવાનું છે, આની પાસે ફંડફાળા માટે જવાનું છે, આજે અહિં ભાષણ આપવાનું છે, કાલે ત્યાં ભાષણ આપવાનું છે, આજે આ સંસ્થાની તો આવતી કાલે બીજી સંસ્થાની મેનેજીંગ કમીટીની સભા છે, વળી લગ્ન–મરણના પ્રસંગો સંભાળવાના હોય જ, આ ઉપરાંત છાપાંઓ, તેમજ પુસ્તકોનું વાંચન ચાલુ, કોઇ પણ બાબતમાં પાછળ રહી ગયું પરવડે જ નહિ, ઘણી વાર કોંગ્રેસ પ્રચાર નિમિત્તે એક જ રાત્રે ત્રણ ત્રણ ઠેકાણે ભાષણ કરવા જવાનું હોય અને તે પણ કોઇ પોતાની ધરની મોટરમાં નહિ. આમ છતાં પણ એમની વિચારણામાં થાકની લાગણીને કોઇ અવકાશ જ નહોતો. કલબજીવન તરફ તો તેમણે કદિ નજર સરખી કરી નહોતી. એશઆરામ શું તે તેમણે કદી જાણ્યું નહોતું. તેમને વિધુર થયાને આજે વીશ વર્ષ ઉપર થવા આવ્યા. આમ છતાં વિધુર જીવનનું એકલવાયાપણું શું તે તેમણે કદિ જાણ્યું નહોતું કે બીજા કોઇને જાણવા દીધું નહોતું. આનું કારણ હતું તેમના ચિત્તનું સતત ઉર્ધ્વીકરણ અને જનસેવાની અદમ્ય તમન્ના અને સાથે સાથે વૈરાગ્યમય ધર્મભાવનાનો તેમના ચિત્ત ઉપર ગાઢ બનતો જતો રંગ. તેમનો બીજો એક અનુકરણયોગ્ય ગુણ નમ્રતાનો હતો. તેમના ભાગે જ્યારે કોઇ પણ વર્ગની કે સંસ્થાની નેતાગીરી આવતી તો તેને તેમણે પુરી દક્ષતા અને અપૂર્વ કાર્યશકિત દ્વારા શોભાવી હતી; તેમના ભાગે જ્યારે કોઇના અનુયાયી બનવાનું આવતું તો તે અનુયાયી ધર્મને એવી જ વફાદારી અને કાર્યનિષ્ટાથી તેમણે સાર્થક કર્યો હતો. તેમણે કોઇની પાછળ ચાલવામાં કદિ નાનપ અનુભવી નહોતી. જેમાં જેની વિશેષતા ત્યાં તે વિશેષતાને તેમણે આદરપૂર્વક સ્વીકારી હતી.

આમ જેમ જેમ આપણે યાદ કરીએ છીએ તેમ તેમ તેમની એક યા બીજી વિશેષતા સ્મરણમાં રફુરી આવે છે અને આ એક કેવું અણમોલ માનવીરત્ન આપણે ગુમાવી બેઠા છીએ તેનું દુઃખ ચિત્તને ગમગીન બનાવી મુકે છે. કાળ કાળનું કાર્ય કર્યે જ જાય છે અને સન્તો, સાધુઓ અને સમાજસેવકો આવે છે, જાય છે, અને સમાજધારણની નિત્યનૂતન પરંપરાઓ નિર્માણ કરતા જાય છે. આવી એક પ્રેરણાદાયી પરંપરા શ્રી મોતીચંદભાઇ આપણા માટે મૂકતા ગયા છે, તેને અનુસરીને આપણા જીવનને કૃતાર્થ કરતા રહીએ એ શુભ ભાવનાપૂર્વક તેમના નામનિર્વિશેષ આત્માને આપણે વન્દન કરીએ અને તે માટે શાશ્વત શાન્તિની આપણે પ્રાર્થના કરીએ! **પરમાનંદ**

સદ્‌ગત વ ઠીલાલ મોતીલાલ શાહ છબી

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માટે સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહનું તૈલચિત્ર તૈયાર કરાવવાનું છે. ત માટે તેમની એક સારી છબીની ખાસ જરૂર છે. તો જે કોઇ મિત્રની પાસે તેમની છબી કે ફોટો હોય તે અમારી ઉપર મોકલી આપશે તો અમે આભારી થઇશું.

આર. એમ. શાહની કું.
૮૧, નાગદેવી સ્ટ્રીટ,
પહેલી કે સગલી
મુંબઈ ૩.

ટી. જી. શાહ.
રમણિકલાલ મણિલાલ શાહ
મંત્રીઓ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના સમાચાર

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની પ્રથમ સામાન્ય સભા ૨૪-૨-૫૧ ના રોજ શ્રી. શાન્તિલાલ હરજીવન શાહના પ્રમુખપણા નીચે સંસ્થાના મકાનમાં મળી હતી જે વખતે સંસ્થાના ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સંસ્થાની આજસુધીની સમગ્ર પરિસ્થિતિનો ટુંક સાર રજુ કર્યો હતો, અને માટુંગા ખાતે ખરીદવામાં આવેલી જમીન ઉપર બાંધવાના મકાનના પ્લાન પણ રજુ કરવામાં આવ્યા હતા. તદુપરાન્ત સંસ્થાની કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યોની ચુંટણી કરવામાં આવી હતી. ત્યાર બાદ તા. ૧૭-૩-૫૧ ના રોજ કાર્યવાહક સમિતિની સભાએ બંધારણ અનુસાર કા. વા. સમિતિમાં બે સભ્યો ઉમેર્યા હતા અને અધિકારીઓની ચુંટણી કરી હતી. આ મુજબ ઉભી કરવામાં આવેલી કાર્યવાહક સમિતિમાં સંસ્થાના ટ્રસ્ટીઓ અને આશ્રયદાતાઓનો સમાવેશ થાય છે. તેની યાદી નીચે મુજબ છે.

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	ટ્રસ્ટી પ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ.	ઉપપ્રમુખ
,, રમણિકલાલ મણિલાલ શાહ ,, ટી. જી. શાહ	મંત્રીઓ
,, ચીમનલાલ પી. શાહ	કોષાધ્યક્ષ આશ્રયદાતા
,, મણિલાલ મોકમચંદ શાહ	ટ્રસ્ટી આશ્રયદાતા
,, માણેકલાલ અમુલખરાય મહેતા	ટ્રસ્ટી
,, શાંતિલાલ હરજીવન શાહ	ટ્રસ્ટી
,, શાંતિલાલ વાડીલાલ શાહ	ટ્રસ્ટી
,, ધીરજલાલ ધનજીભાઇ શાહ	સભ્યો
,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ	,,
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી	,,
,, પ્રેમચંદ વેલજી મહેતા	,,
,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી	,,
,, ચીમનલાલ મોતીલાલ પરીખ	,,
,, દુલભજી કેશવજી ખેતાણી	,,
,, ખુશાલભાઇ બેંગાર	,,
,, ચંદુલાલ કસ્તુરચંદ	,,
,, ગોકળદાસ શીવલાલ	,,
,, વલ્લભદાસ ખુબચંદ મહેતા	,,
,, શાંતિલાલ મગનલાલ શાહ	,,
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ	,,
,, હુકમીચંદ વસનજી	,,

શોકસભા

તા. ૩૧-૩-૫૧ શનીવારના રોજ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, મુંબઇ જૈન યુવક સંઘ, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ, ભાંગરોળ જૈન સભા વગેરે કુલ ૩૭ જૈન સંસ્થાઓ તરફથી શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલના પ્રમુખપણા નીચે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં સદ્‌ગત શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાના અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા માટે જાહેર સભા મળી હતી અને જૈન સમાજના સર્વ આગેવાનો તરફથી સદ્‌ગતને ભાવભરી અંજલિ આપવામાં આવી હતી.

ભુલ સુધારણા

તા. ૧૫-૩-૫૧ ના પ્રબુદ્ધ જૈનમાં કેટલાક સમાચાર અને 'નોંધ' નીચે પ્રગટ થયેલી છેલ્લી નોંધમાં શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટીના સ્થાને ભુલથી શ્રી રતિલાલ બાલાભાઇ નાણાવટી છપાયું છે. જે સુધારીને વાંચવા વિનંતિ છે. **તંત્રી, પ્રબુદ્ધ જૈન**

"ધનવ્યયની દિશા ફેરવો!"

(તા. ૧૫-૨-૫૧ની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ પત્રિકામાંનો આ અગ્રલેખ તેમાં રહેલી કોઈ મૌલિક વિચારણાના કારણે ઉધ્ધૃત કરવામાં આવતો નથી, પણ જૈન શ્વે. મૂ. વિભાગના અમુક વર્ગનું માનસ ધાર્મિક બાબતોમાં કેટલું બધું આળું અને વિચાર-બધીર છે તેનો ખ્યાલ આપવાના હેતુથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. આ લેખ પત્રિકાના તંત્રી શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીનો લખેલો છે. શ્રી. કસ્તુરભાઇ લાલભાઇએ ધડી આપેલા બન્ને પ્રત્યાઘાતી ઠરાવોના તેઓ ઉગ્ર સમર્થક હતા. તેમને જેણે કોઇ પણ સભામાં જૈન સમાજ કે જૈન ધર્મ વિષે બોલતા સાંભળ્યા હશે તે સૌ કોઇ કબૂલ કરશે કે તેમના ધર્મઝનુનને કોઇ સીમા નથી. આમ છતાં પણ જે ઉઘડી આંખે ચાલે છે અને મધ્યમ વર્ગ કે જેમાં આખા જૈન સમાજનો સમાવેશ થાય છે તેની દારૂણ બનતી જતી દુર્દશા જે નરી આંખે જુએ છે તેના દિલનો જે સ્વાભાવિક પ્રત્યાઘાત હોવો જોઇએ તેનું આ લેખમાં પ્રતિબિંબ પડયું છે. અધ્ધાળુમાં અધ્ધાળુ સ્થિતિચુસ્ત પણ તેમાં વાંધો કાઢી શકે એવું કોઇ પણ વિધાન કરવામાં આવ્યું નથી. કોઇ પણ ધાર્મિક અનુષ્ટાન કે ક્રિયાકાંડ વિરૂધ્ધ નાનોસરખો પણ ઉદ્‌ગાર તેમાંથી શોધ્યો જડે તેમ નથી. એમ છતાં પણ આ લેખ સામે જૈન શ્વે. મૂ. વિભાગમાં જોસભેર પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે અને આ લેખ પાછો ખેંચી લેવાનો જોઇએ, લેખકે માફી માંગવી જોઇએ, એવી કોઇ કોઇ દિશાએથી માંગણી પણ થઇ રહી છે. આજની પરંપરાને જરા ગૌણ કરીને, તે પાછળ ખરચાતા અનર્ગળ દ્રવ્યમાં થોડી કરકસર કરીને આજે કચડાતા જતા મધ્યમ વર્ગને આપણે ઓછી વધતી રાહત પહોંચાડીએ-આમ કહેનાર પણ કટ્ટર જુનવાણી માનસની દૃષ્ટિએ એક બહિષ્કારયોગ્ય ધર્મ-દ્રોહી વ્યકિત લેખાય છે. આ ભૂમિકા ધ્યાનમાં રાખીને આ લેખ વાંચવા વિનંતિ છે. પરમાનંદ)

સૌ પ્રથમ આપણે જનોએ સમજી લેવાની ખાસ જરૂર છે કે આપણું સંગઠન મજબૂત અને અડગ નહીં હોય તો આપણો અવાજ જે રાજકારણના ચણતર થઇ રહ્યા છે એમાં સંભળાવો અશકય છે. આપણને નાની-મોટી, ધનિક-નિર્ધન, ભણેલી-અભણ કિંવા રૂઢીચુસ્ત કે સુધારક, એકે એક વ્યકિતના સહકારની જરૂર છે. કૉન્ફરન્સની વ્યાસપીઠના દ્વાર એ દરેક માટે ખુલ્લા છે. ફાલના અધિવેશન પૂર્વે આ મહાન સંસ્થા માટે ગમે તેવો મત પ્રવર્તતો હોય, પણ આજે તો દરેક સંઘોએ જાણવું જોઇએ કે એની પ્રગતિ એ આપણી સર્વની પ્રગતિ છે અને એમાં કોઇ ઉણપ સંભવતી હોય અથવા તો એના દ્વારા કોઇ ખોટું કાર્ય થતું લાગતું હોય તો ધ્યાન ખેંચવાનો-એ અટકાવવાનો-આપણા સર્વનો ધર્મ છે. આ સ્થિતિ સ્પષ્ટ છે અને તેથી જ કોઇ કોઇ પત્રકારના મંતવ્યમાં સમજફેર જણાતા, અહીં એ અંગે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હોય કિંવા આવતું હોય તો એનો આશય એટલો જ છે કે ગેરસમજ દૂર થાય. બાકી નથી તો એ દ્વારા અરસપરસ ચર્ચાઓ લંબાવવાની ઇચ્છા કે નથી તો કોઇને ઉતારી પાડવાની ભાવના. જુનાગઢ બેઠકમાં ભાવિ કાર્યવાહીનો જે નકશો દોરવાનો છે એમાં શેઠ જીવાભાઇ, બકુભાઇ કે અન્ય આવા રહેલા ભાઇઓની હાજરી આવશ્યક છે જ. સાથેસાથ શ્રીયુત પરમાનંદભાઇ કે અન્ય યુવકોનો સાથ પણ જરૂરી છે. જ્યાં સંખ્યા અન્ય કોમના પ્રમાણમાં અલ્પ લેખાય ત્યાં એક પણ વ્યકિતને છોડી દેવી પરવડે તેમ નથી જ. સાથે બેસીને એવો માર્ગ શોધવાનો છે કે જેથી ધર્મની પ્રભાવના થાય અને એકતા જોખમાય નહીં. અનેકાંત દર્શનના ઉપાસકોને માટે આ કાર્ય અશકય નથી જ. ફકત જરૂર છે પરસ્પર સાથે બેસી અરસપરસના અંતર નિર્મળભાવે અવલોકવાની. 'જૈન' 'દુન્દુભિ' અને અન્ય પત્રો આ દિશામાં વાતાવરણ સર્જે અને જરૂરી માર્ગદર્શન કરાવતા રહે. જ્યાં આપણે સર્વ છદ્મસ્થ છીએ અને ઠેરઠેરના સૈકાથી રાજ્યકારણથી વિખુટા પડયા છીએ ત્યાં આપણી કામગીરીમાં-અરે આજે જેઓ સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે તેમના કામમાં-ભૂલ ન થતી હોય એમ કેમ કહેવાય? પણ સાથેસાથ એવી ભૂલો સુધરે, ભાવિ માર્ગ નિષ્કંટક બને એ સારૂ હવે બધો મિલાવી કામે લાગવું ઘટે. આ કોઇ રાજકીય સંસ્થા નથી, અને નથી તો એ દ્વારા કોઇ અધિકાર પ્રાપ્ત કરવાનો. ત્યાં હવે 'પક્ષ' કે 'પાર્ટી' ની વાત કરવાપણું ન હોય. સાથે બેસીને સમાજશ્રેયનો કાર્યક્રમ નિયત કરવો એ સૌ કોઇની ફરજ છે. એ લક્ષ્યથી કૉન્ફરન્સના પ્રમુખશ્રીનું જામનગરનું ભાષણ વાંચવામાં આવે તો સહજ સમજાશે કે દ્રવ્ય વાપરવા અંગેની સુચનમાં નથી તો ધાર્મિક અનુષ્ઠાન ઓછા કરવાની વાત કે નથી તો ધર્મ અંગેની ક્રિયાઓ પાછળ રકમ વાપરવા પર કાપ. હા, એમાં એક વાત દીપક જેવી પ્રકાશે છે અને તે એટલી જ કે જે કંઇ ખરચાય એનો મોટો ભાગ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રના ઉત્કર્ષને નજર સામે રાખીને ખરચવો જોઇએ. ચાહે તો પ્રસંગ વ્યવહારિક હોય કિંવા ધાર્મિક હોય. આ ઇશારો, જે પ્રવાસ કર્યો છે અને હિંદના જુદા જુદા પ્રદેશના જૈન સંઘોના સંપર્કમાં આવવાનું બન્યું છે તે જોતાં, તેમ જ દેશમાં પ્રવર્તી રહેલા સંયોગો પર વિચાર કરતાં, વાસ્તવિક જણાય છે અને એને અમલી બનાવવાની સૌ પ્રથમ અગત્ય છે.

ભગવંત શ્રી મહાવીરદેવે આત્મકલ્યાણ પર ખાસ ભાર મૂકયો છે. એ સિદ્ધ કરવા માટે 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ' જેવું ટુંકું છતાં ટંકશાળી વચન અગ્રપદે દર્શાવ્યું છે અને સાથેસાથ આત્મશ્રેય સાધવાના ચાર પ્રકાર-દાન-શીલ-તપ અને ભાવ અંતરીને સાથી વધુ ભાર ભાવ પર મૂકયો છે. 'ભાવના ભવનાશીની' જેવું વચન પ્રચલિત બન્યું છે એ જોતાં ધર્મપાલનમાં કિંવા એ અંગેના આચરણમાં નથી તો વધુ વજન સંખ્યાના આંક ઉપર મૂકવામાં આવ્યું કે નથી તો એ અંગે વપરાતા ધનના પ્રમાણપર રખાયું. 'કરણ, કરાવણ ને અનુમોદન; સરખા ફળ નિપજાવે.' એ વચન રહસ્યમય છે. 'ભાવ'ની શ્રેષ્ઠતા દાખવવા સારૂ કુમારપાળ રાજાના પૂર્વભવનું-પુષ્પપૂજા અંગેનું-ઉદાહરણ અપાય છે એ સમજવા જેવું છે. આ ઉપરથી આત્મશ્રેય માટે ઉત્કૃષ્ટ સાધન તો દરેક જીવ માટે સાચું જ્ઞાન અને સમજપૂર્વકની ભાવવાહી કરણી છે. દ્રવ્યવ્યય તો કેવલ બાહ્યસ્વરૂપ છે. જ્યાં પરિસ્થિતિ ઉપર મુજબની છે ત્યાં એ ધનના વ્યયમાર્ગો દેશકાળને અનુરૂપ હોય, અથવા તો વિવેકભર્યા હોય, તો એથી ધર્મ પ્રભાવના વધારવાની છે પણ ઘટવાની નથી. જ. અનુષ્ઠાનો અને ધર્મક્રિયાઓ કાયમ રહે જ પણ એ અંગેના ખરચવાના-પ્રકારો બદલાય. ધન વાપરવું એ વ્યકિતગત પ્રશ્ન છે, પણ વાપરનારે સ્વધર્મી બંધુઓના ઉત્કર્ષમાં એ વધુ વપરાય એ પર ધ્યાન આપવું જોઇએ અને ગુરૂદેવો કિંવા સમાજ-ધુરીણોએ એ સંબંધમાં મૂળ મંતવ્યને ક્ષતિ ન પહોંચે તે રીતે માર્ગદર્શન કરાવવું ઘટે.

એ કેવા રીતે બને એ સંબંધમાં આપણામાં સવિશેષ પ્રચલિત અનુષ્ઠાનના દાખલા લઇએ. વિચારમાં આગળ વધીએ તે પૂર્વે એટલું સ્પષ્ટીકરણ જરૂરી છે કે આ લખવામાં નથી તો એ કરણીઓ પ્રત્યે અશ્રદ્ધા કે નથી તો એ કરાવનારની ટીકા. માત્ર એક જ આશય છે કે એ ક્રિયાઓ દેશ-કાળના ઢાંચામાં બંધ બેસતી બને અને જૈનેતરોમાં પણ પ્રભા પાથરનાર નિવડે.

'શાંતિસ્નાત્ર' ની વાત વિચારીએ. એમાં વપરાતું મોટા ભાગનું ધન કયાં તો વરઘોડાના આડંબર, પ્રભુ સન્મુખ ધરવામાં આવતા ફળ ફળાદિકના ઢગલા, અને પૂજારી કે ગવૈયાના લાભમાં ખરચાય છે. એકાદ પ્રભાવના અને તે પણ સામાન્ય પ્રકારની બાદ કરીએ તો જૈનોના લાભમાં કંઇ જ હોતું નથી. રોજ ભણાવવાની પૂજામાં નથી હોતી સારી હાજરી, અને જેઓ અવકાશ મેળવી હાજર હોય છે તેઓનો મોટો ભાગ એ પૂજાઓના રહસ્યથી અજ્ઞાત હોય છે. એક કાળે એ ચલાવી લેવું તે ભલે ઉચિત બનાયું હોય, પણ આજના વિજ્ઞાનયુગમાં એ નથી તો આપણી પ્રગતિ સુચવતું કે નથી તો આત્મશ્રેયરૂપ નીવડતું. કેમ કે જ્ઞાની ભગવંતોએ પોતે જ સમજ વગરની ક્રિયાને મહત્ત્વ આપ્યું નથી. ચાલુ સમયે હરકોઇ વ્યકિતને ધર્મમાર્ગે દ્રવ્ય ખરચવાની ઇચ્છા

થાય તો એણે અર્ધી રકમનું બજેટ સ્વધર્મી બંધવોના લાભાર્થે પ્રથમ નક્કી કરવું ઘટે, બાકીની અર્ધી રકમમાંથી વિધિ વિધાન અંગે જરૂરી ખરચ કરાય. કદાચ રેશમી કપડું ન મળતું હોય તો સુતરાઉથી ચલાવાય, સોનેરી બાદલાને સ્થાને રૂપેરી ચાલે. એક જાતના ફળ સત્તાવીશ હોય તો બીજા ઓછાવત્તા ચાલે અને વરઘોડામાં એક વાજુ વાગે તો પણ વાંધો નહીં. પણ જો શ્રદ્ધા-સંપન્ન પૂજકો નહીં હોય, હશે અને તેમનો જો પેટનો ખાડો પુરાતો નહીં હોય, વધારામાં એ બધામાં ઉચ્ચ સંસ્કાર અને જૈનધર્મના ઉમદા તત્વની પિછાન નહીં હોય તો, આ યુગમાં નહીં તો સાચી પ્રભાવના થાય, નહીં તો પૂર્વજોનો કીમતી વરસો સાચવી શકાય, અને જે ધર્મ વિશ્વધર્મની લાયકાત ધરાવે છે તે માત્ર મુઠીભર માનવોનો બની જશે. ક્રિયાનો વિરોધ નથી. ખરચનારને રોકવાની જરૂર નથી, પણ ખરચની મોટી રકમ, વધુ નહીં તો અર્ધી રકમ, સ્વધર્મી એવા શ્રાવક-શ્રાવિકાના હાથમાં જાય તેમ કરવાની જરૂર છે. શાંતિસ્નાત્ર જેવી કલ્યાણકારી ક્રિયામાં જેઓ વિધિ કરાવતા હોય તેમના બહુમાન કરાય, જેઓ પૂજામાં હાજર રહેતા હોય તેમને સારી પ્રભાવના થાય-અરે રોકડ નાણું આપાય એ અંગે સારી રીતે પૂજા ભણાવનાર માટે હરિફાઇઓ ગોઠવાય, એનું રહસ્ય સમજાવનાર માટે પારિતોષિક રખાય, વિશેષમાં એ નિમિતે જ્ઞાન આપતી ધાર્મિક પાઠશાળાઓને, એના શિક્ષકોને અને જ્ઞાનના પુસ્તકોને માટે, સારી રકમ જુદી કાઢવામાં આવે. સ્નાત્રવેળા જીવદયા માટે ટીપ કરાય છે એ જ રીતે દ્રવ્ય ખર્ચનાર તરફથી એ દિને ગરિબ વર્ગને દાન અપાય તો જ જૈનેતરમાં ધાર્મિક કાર્યોની અસર થાય. બાકી આજે જે ચાલી રહેલ છે એ સાચી દિશામાં છે કે કેમ એ તો જ્ઞાની જ કહી શકે, છતાં એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી કે, સમજુ વર્ગને ગળે ઉતરે તેવું નથી. જ્ઞાનના બહુમાન નથી જણાતા; દેખાવમાં વધુ દેખાય છે.

'ઉપધાનતપ' જેવા અણમુલા વિધાનની વાત કરીએ તો આજે, તપકરણીના દિવસો બાદ કરીએ તો જે ધન ખરચાય છે, જે પરિશ્રમ લેવાય છે અને વિદ્વાન્ મુનિરાજો ગળું ખેંચી જે જ્ઞાન પીરસે છે તે કેટલા પ્રમાણમાં અમલી બનતું દ્રષ્ટિગોચર થાય છે? બે મહિના સુધી સંસારથી આલિપ્ત જીવન ગાળ્યા છતાં ન તો એ પવિત્ર ક્રિયા પાછળનું રહસ્ય સમજાય, ન તો જ્ઞાનવૃદ્ધિ થાય, અને ન તો એ પછીના જીવનમાં એ અંગે કંઇ પરિપતન થયેલું જોવામાં આવે; તો ભગવંતના આગમમાં કહ્યું છે તેમ આપણે ચિંતામણીરત્નની સાચી પિછાન નથી કરી શકયા એમ માનવું જ પડે. આપણો તપ તો અંતરના વીર્યપર અવલંબે છે. મિષ્ટાન્ન હોય તો જ બીજે દિને તપ થાય એમ નથી જ. સાત્વિક ભોજન ભલે નિમિત્ત સાધન ગણાય, બાકી તો ખરૂં બળ આંતરિક ઉલ્લાસમાં છે. જૈનેતરો તપની કિંમત સમજે, અને તપસ્વીના બહુમાન કરે તેવી રીતે આપણા વરઘોડા નીકળે છે ખરા? એ પાછળ જેટલી રકમ ખરચાય છે તેને જ દેશકાળના સાધનોમાં વાપરીએ તો જૈનધર્મની પ્રભાવના વિશ્વમાં વિસ્તરે. મોટરોની લાંબી કતારથી કદાચ ધનિકતાનું પ્રદર્શન થતું હશે પણ એમાં બેઠેલા માનવોએ જે પવિત્ર ક્રિયા કરી એથી જૈનેતર જનતા તો અજાણ જ રહે છે! જૈન સમાજ સામે જે કેટલાક મહત્વના પ્રશ્નો ખડા થયા છે તેનો ઉકેલ આણવો હોય, અને રાષ્ટ્રના નવ વિધાનમાં જૈનોએ પોતાના પૂર્વજો જેવું સ્થાન પ્રાપ્ત કરવું હોય તો સાપ્રથમ ધનવ્યયના માર્ગોની દિશા બદલવી પડશે. સ્વધર્મી બંધુઓને સંગીન સ્થિતિમાં મૂકવા પડશે. એ સાટ ધર્મક્રિયા ઓછી કરવાની જરૂર નથી. તેમ સ્નાત્ર કે ઉપધાનની અગત્ય નથી એમ કહેવાતું પણ કારણ નથી. જરૂર છે પૂર્વજોના ઇતિહાસને નેત્રો સામે રાખવાની. જગડુશાહે મંદિર બંધાવ્યું અને લાખો મણ ધાન વહેંચી પ્રજાનું કષ્ટ કાપ્યું. માંડવગઢના સંઘે મહેર અને ઈંટ આપી સ્વામીભાઇને ટટાર રાખ્યો અને સાથોસાથ માંડવગઢના ઇતિહાસને જીવંત બનાવ્યો. હડાલાના વણિક પુંગવ ખીમાદેદરાણીએ ધનના ચરૂ આપી દુકાળમાં જનતાનું રક્ષણ કર્યું. વિમળશાએ ગુજરાતની કીર્તિ અમર રાખી, અર્હન્ત પ્રભુના ઉપાસકો શૂરવીર છે અને એમની રાષ્ટ્રભક્તિ ના ઉણપ નથી એમ બતાવી જીવનના પ્રાંત ભાગે દુનિયાને આકર્ષે તેવા કળાધામના સર્જન કર્યા. આવો જ ગૌરવભર્યો-ભગવંત મહાવીરદેવના દર્શનને શોભાવે-જૈન સમાજનું સ્થાન અગ્રસ્થાને મૂકે અને મહાજન પદવી મહત્તાને યાદ કરાવે એવો-ઇતિહાસ રાજસ્થાનમાં ભામાશાહ, આશાશાહ અને દયાળશાહ આદિએ સરજ્યો છે. એ કાળે જૈનોની સંખ્યા કેટલી હતી? પૂજા માટે જોડીઓ રાખવા પડતા હતા કે જાતે પૂજા કરનારા હતા? સામૈયામાં કોટયધિપતિઓ અને લક્ષાધિપતિઓ કેટલા પ્રમાણમાં? કદાચ એ કાળે જમણ કે વરઘોડામાં હજારો ખરચતા હોય તો શોભે પણ ખરા. પણ આજે જ્યારે સંખ્યામાં હ્રાસ થઇ રહ્યો હોય, આજીવિકાનો પ્રશ્ન રકત ચુસી રહ્યો હોય, સંખ્યાબંધ જિનબિંબો અને રમણિય દેવાલયો મોજુદ છતાં ત્યાં ઉપાસકો કે પૂજકો ન હોય ત્યાં મોટા ભાગનું ધન સ્વધર્મી બંધુઓના હાથમાં જાય એ રીતે ખરચો એમ કહેવાનો અભ્યાસીનો ધર્મ છે. દેખાવના ખરચા ઓછા કરી, પ્રભાવના ટાણે શ્રીફળ ને બદલે રૂપીઆ કે સોનામહોર આપો એમ કહેવાપણું છે. આમાં ધર્મકરણીનો કે ક્રિયાનો અપલાપ નથી. એ પવિત્ર કરણી કરનાર વર્ગનું અપમાન પણ નથી. ફકત એક જ વાત છે અને એ જ કે સૌ પ્રથમ સ્વામીભાઇના મુખડા તેજસ્વી બનવા જોઇએ.

'અનુષ્ઠાનોમાં કરકસરનો વિચાર અધર્મ છે'!

(ઉપરની વિચારશ્રેણીનો પ્રતિવાદ નીચેના અવતરણમાં કરવામાં આવ્યો છે. આ અવતરણ જુનાગઢ અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ પુલચંદ પરસોતમ તંબોળીએ તેમના સ્વાગત પ્રમુખ તરીકેના રાજીનામાને લગતા પત્રમાંથી લેવામાં આવ્યું છે. તેમાં દર્શાવવામાં આવેલા વિચારો માત્ર તેમના પોતાના નથી પણ જે કટ્ટર જુનવાણી વર્ગના તેઓ પ્રતિનિધિ છે તે આખા વર્ગના છે.)

"કોન્ફરન્સની પોતાની જ મીલકત ગણાતી તા. ૧૫-૨-૫૧ ની પત્રિકામાં જે અગ્રલેખ લખવામાં આવેલ છે, તેમાં આપણા 'ધર્મના' મહાન અનુષ્ઠાનો જે પવિત્ર હૃદયના હુલ્લાસથી અને આપણા "જૈન" ધર્મ ઉપરના અખુટ શ્રદ્ધાબળથી કરવામાં આવે છે તે અનુષ્ઠાનોના ખરચમાં કાપ મુકી, કરકસર કરી, તે નાણા 'મધ્યમવર્ગ' ને રાહત આપવામાં, પોષવામાં ખર્ચો એવો પ્રવાહસુર બતાવવામાં આવ્યો છે. આ રાહ આપણા જૈન ધર્મને, તેમજ તેની અખુટ ભકિતભાવથી આરાધના કરનારાઓને હીણપત પહોંચાડે તેવો છે, એમ હું પણ માનું છું. જૈન ધર્મનો ધર્માનુરાગી જે વર્ગ આવા અનુષ્ઠાનો કરે છે, તેથી તો આપણો આખો જૈન સમાજ 'જૈન' તરીકે ગણાય છે. અને જૈન કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા થતાં ધર્માનુરાગી બને છે અને મુકિતને પામે છે. એટલે જો આવા મહાન અનુષ્ઠાનો અને ક્રિયાઓ શ્રદ્ધાપુર્વક-હૃદયના હુલ્લાસથી થતા રહેશે તો જ આપણો જૈન ધર્મ એક "ધર્મ" તરીકે ટકી રહેશે, પરંતુ જો તેમાં કાપકુપ કે કરકસર કરવાનો અવળો રાહ ખુદ કોન્ફરન્સ તરફથી અને તેના હોદ્દેદારો કે અધિકારીઓ તરફથી સમાજમાં પ્રચલિત કરવામાં આવે તો આપણો ગણાતો 'જૈન ધર્મ' દિવસે દિવસે કાપકુપ અને કરકસર કરાવતાં કરાવતાં નાસ્તિકતામાં પ્રવેશતાં ભવિષ્યમાં તદ્દન ભુંસાઇ જશે. એટલે 'ધર્મ'નો કોઇપણ અનુષ્ઠાનો પ્રત્યે આ અગ્રલેખમાં બતાવેલી ટીકાઓ કરી તેમાંથી ચ્યુત કરવાના કોઇપણ લખાણો કે પ્રચાર કોન્ફરન્સે કરવો તે હિતાવહ નથી."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨૪

મુંબઈ : ૧૫ એપ્રીલ ૧૯૫૧ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

આજનો 'માનવધર્મ'

[ઑલ ઇન્ડિયા રેડિયો–નાગપુરે, શ્રી ભદન્ત આનંદ કૌસલ્યાયનનો 'समाज और धर्म के नाम पर' એક વાર્તાલાપ યોજેલો. તેનો શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે કરેલો અનુવાદ નીચે આપ્યો છે. ભારત જૈન મહામંડળ વર્ધાથી પ્રકટ થયેલ આ લેખ ધર્મ "और संस्कृति" નામના પુસ્તકમાં પ્રકટ થયેલ છે. —તંત્રી]

જે વાત શરૂ શરૂમાં ખૂબ જ સરળ દેખાય છે, તે ઘણું કરીને ખૂબ કઠિન હોય છે. દિવસભર 'સમાજ' અને 'ધર્મ'ની ચર્ચા કરતાં રહેવું એ સહેલું છે, પરંતુ 'સમાજ' કોને કહે છે?' 'ધર્મ' કોને કહે છે?' એ કહેવું સરળ નથી.

હા, જો વ્યાખ્યા કરવા ધારીએ તો થઇ શકે. વૃક્ષોના સમૂહને આપણે 'જંગલ' કહીએ છીએ તેમ વ્યક્તિઓના સમૂહને 'સમાજ' કહી શકીએ. પરંતુ 'સમાજ'નો અર્થ આટલો જ નથી; એથી વિશેષ કાંઇક છે : 'એથી વિશેષ એટલે?' આપણે સરળતાથી તેનું સ્પષ્ટીકરણ કરી શકતા નથી.

'અને ધર્મ? સામાન્ય અર્થમાં એમ કહી શકાય કે, 'સમાજ' ને માટે ઉપયોગી નિયમો. તો બસ, ધર્મ આ નિયમોમાં આવી ગયો? ના, તેનો અર્થ આથી પણ વિશેષ છે. 'રહસ્યવાદી' કવિની કવિતાની જેમ 'ધર્મ' કોઇની સમજમાં નથી આવતો; કે નથી કોઇની પકડમાં આવતો.

સરળતાને ખાતર 'ધર્મ'ના બે ભેદ કરીએ. એક ચિંતન : બીજું આચરણ. આ બન્ને ભેદ વ્યક્તિગત અને સમાજગત હોઇ શકે છે; છતાં 'ચિંતન'નો પ્રકાર વ્યક્તને અવલંબીને છે; 'આચરણ'નો પ્રકાર સમાજને અવલંબીને.

ધર્મને નામે જે પ્રકારનું ચિંતન બજારમાં વેચાઇ રહેલું આપણે જોઇએ છીએ, તે કેવા પ્રકારનું છે? આત્મા–પરમાત્મા સંબંધી પણ એમાં ચિંતન છે. આપણા કોઇ રોગી–સંબંધી માટે, બજારમાંથી કોઇ દવાની શીશી લઇ આવીએ, એ શીશી ઉપર દવાનું 'લેબલ' હોય, પણ શીશીમાં કશું ન હોય તો ઘરવાળાં આપણને શું કહેશે? હું કહી શકું કે, 'देवानुप्रिय!' એટલે કે 'મૂર્ખ'! ખૂબ જ આશ્ચર્યની વાત છે કે, આત્મા–પરમાત્માની ચર્ચાઓમાં મશગૂલ રહેનારાઓ પોતાને દાર્શનિક કહેવડાવે છે; પંડિત કહેવડાવે છે.

એક વખત સિલોનમાં એક બાળકને સંસ્કૃતનું એક પુસ્તક વંચાવી રહ્યો હતો, તેના પ્રારંભમાં મંગલાચરણ—ઇશ્વરસ્તુતી હતી. બાળકે પૂછ્યું: 'ઇશ્વર એટલે શું?' હું શું કહું કે 'ઇશ્વર એટલે શું?' તેણે પૂછ્યું' "બ્રહ્મા?" મેં જવાબ આપ્યો તેને ચાર મુખ હોય છે. તેણે ફરી પૂછ્યું: "વિષ્ણુ?" મેં કહ્યું; વિષ્ણુ શેષ-નાગ પર શયન કરે છે." તેણે વધુ એક પ્રશ્ન પૂછ્યો : "મહેશ?" મેં કહ્યું: "તેના ગળામાં સર્પની માળા હોય છે." થોડીવાર પછી બિચારાએ તેણે કહ્યું: તો પછી ઇશ્વર એટલે શું?" હું તેને ઇશ્વર એટલે શું, એ કઇ રીતે સમજાવું? મેં કહ્યું :

"પગ બિનુ ચલે, સુનૈ બિનુ કાના,
કર બિનુ કર્મ કરૈ વિધિ નાના."

જેને પગ નથી, પણ ચાલી શકે છે; જેને કાન નથી પણ સાંભળી શકે છે; જેને હાથ નથી; પણ અનેક પ્રકારનાં કાર્ય કરી શકે છે તે ઇશ્વર છે :

છેને આ શીશીમાં શૂન્યવાદ—માત્ર શૂન્યવાદ. સ્થળે સ્થળે આ પ્રકારની ખાલી શીશીઓ વેચાયે જાય છે. અંદરથી આ શીશીઓ એકદમ ખાલી છે, છતાં લોકો એ નથી જોતાં કે, કોઇ પણ ભાવે આ શીશી મોંઘી છે.

એક વખત કોઇએ પૂછ્યું : "સ્વામીજી? સાકાર અને નિરાકાર વચ્ચે કેટલું અંતર છે" મેં કહ્યું; "ભાઇ, સૌ પહેલાં લોકોએ સાકાર ઇશ્વરની કલ્પના કરી. કેટલાકે કહ્યું : "બતાવો." મોટી મુશ્કેલી આવી ઊભી. ત્યારે તરત કહી દીધું : ઇશ્વર 'સાકાર' નહિ, 'નિરાકાર' છે. ત્યારથી ઇશ્વરને દેખાડવાની તરખટમાંથી હમેશને માટે છુટ્ટી મળી ગઇ."

ધર્મના નામ પર, બીજી એક ભયંકર ચીજ બજારમાં વેચાય છે, અને તે છે સ્વર્ગ–નરકની કલ્પનાઓ. સ્વર્ગ–નરકની કલ્પનાઓને 'ભયાનક' કહીને આડકતરી રીતે મેં 'ઇશ્વર' ને પણ ભયાનક કહી લીધો. આ ઠીક ન થયું. છતાં આ અન્યાયપૂર્ણ દુઃખદારિદ્રયથી ભરપૂર સંસાર તરફ નજર નાખો. સાથે લોકોની એ માન્યતાને પણ વિચારો કે, આ બધું ઇશ્વરે સર્જયું છે; અને એ માન્યતા પણ કેવી—આ ઇશ્વર 'કરૂણામય' છે; 'ન્યાયી' છે!

ઇશ્વરની કલ્પનાની અપેક્ષાએ સ્વર્ગ–નરકની કલ્પનામાં બીજી એક વિશેષતા છે. સ્વર્ગ–નરકની કલ્પના નિરાકાર નથી. કોઇ પણ દેશનો સારો નકશો મેળવવા માટે તમારે દશ દુકાને આથડવું પડશે; પરંતુ આ સ્વર્ગ–નરકના નકશાઓ. તમે, સડક પર બેઠેલા દુકાનદાર પાસેથી ખરીદી શકશો—ખાસ જર્મનીમાં તૈયાર થયેલાં! "માનવ-જાતની સંતતિ ચારે બાજુથી ચિરાઇ રહી છે; કોઇ ઘાણીમાં પિલાઇ રહી છે." તમે કહેશો કે, આ ચિત્રો ભલે જૂઠા રહ્યા, પરંતુ તેને જોઇને લોકો પાપ કરતાં ડરે છે. તો શું આપ એક પણ કાળા બજારના વેપારીનું નામ બતાવી શકશો, જે આ ચિત્રોને જોઇ કાળાં બજાર કરતો અટક્યો હોય? જો ન બતાવી શકો તેમ હો, તો પછી આ ચિત્રો કોને માટે છે?

ધર્મની દુકાનનો ત્રીજા પ્રકારનો તૈયાર માલ છે, પુરોહિત-શાહી. વકીલ કોઇ પણ મુકદ્દમામાં જિતાડે છે; યા પરાજય અપાવે છે. ઇશ્વરના આ વકીલોનો અધિકાર–આ પુરોહિતોનો અધિકાર આથી પણ વધારે છે. તે ધારે તો તમને સ્વર્ગમાં પહોંચાડી શકે છે; અને ચાહે તો નરકનું દ્વાર પણ દેખાડી શકે છે.

એક બાળકની મુસીબત મને યાદ આવી ગઇ. એક બાળક હતું. તેના ઘરમાં કોઇ વૃદ્ધ વ્યક્તિનું અવસાન થયું. ઘરમાં કોઇ

બીજું મોટું ન હોવાને કારણે તેનાં 'કૂલ' હરદ્વાર-ગંગાજીમાં પધરાવવા માટે તેને જવું પડયું, "કૂલો"ને જમીનપર રાખવાની મનાઇ છે, આથી એક સ્થળે આરામ લેતી વખતે આ 'કૂલો'ને તેણે વૃક્ષ પર લટકાવ્યા. પોતે નીચે સૂતો. જ્યારે તેની આંખ ઊઘડી ત્યારે તેણે જોયું તો 'કૂલો' ગૂમ! કદાચ, ખાવાની ચીજ સમજીને કૂતરાઓ તેને ખેંચી ગયા હોય; કદાચ એમ પણ હોય કે, કૂલો સાથે બાંધેલ ચારેક આનાની ચાંદીની રકમને ખાતર કોઇ તેને ઉપાડી ગયું હોય, પરંતુ બાળકે હવે શું કરવું? ગંગાજી હવે તે શા માટે જાય? અને ન જાય તો? છેવટે ઘરના લોકોની ભાવનાઓનો ખ્યાલ કરીને ખોટું તો ખોટું, પણ ગંગાજી જવાનો તેણે નિર્ણય કર્યો. મન અસ્વસ્થ હતું, છતાં જેમતેમ કરી ગંગાજી પહોંચ્યો. ત્યાં રસ્તામાં એક સાથી મુસાફરને તેણે પોતાની મુસીબત કહી બતાવી. મુસાફરે કહ્યું: "કોઇ ચિંતા નહિ," તે મુસાફર, બાળક સાથે ગંગાના પટ પર આવ્યો. ત્યાં પહોંચીને તેણે કહ્યું: "હું આંહીંનો પંડયા છું, અને તમારે માટે બધી ગોઠવણ કરી દઉં છું" તેણે તે બાળકના બન્ને હાથ રેતીથી ભરી દીધા, અને પછી કહ્યું: "કલ્પના કરો કે આ 'કૂલ' છે," બાળકે શ્રદ્ધાપૂર્વક આંખો બંધ કરી દીધી. પંડયાએ પૂછયું: હવે કહો, શું દક્ષિણા આપશો?" બાળકે ચારે બાજુ જોયું. આ પ્રકારની મહેનત-મજૂરી માટે ચાર પાંચ પૈસા આપવામાં આવતા હતા. બાળક અપરાધી હતો કારણકે આ કામ તેણે પંડયાને સોંપ્યું હતું; એટલે તેણે છેવટે દસ પૈસા આપવાનું કબૂલ રાખ્યું, પંડયાએ કહ્યું: "અઢી રૂપિયાથી ઓછું નહિ લઉં." બાળકની આર્થિક કે માનસિક સ્થિતિ અઢી આનાથી વધુ આપી શકવાની નહોતી. પંડયાએ આથી વિધિ ન કરાવી; અને ભગવાનના દરબારનો આ વકીલ તે બાળકને માનસિક ગુલામીની લોહશૃંખલામાં બાંધી ગંગાના પ્રવાહમાં એકલો ઊભો રાખી ચાલ્યો ગયો.

બાળકને ખૂબ દુઃખ થયું; પરંતુ તેના હૃદયમાં સાચો 'ધર્મ' હતો, 'ધર્મે' તેની રક્ષા કરી. તેણે પોતાની આંખો બંધ કરી શ્રદ્ધાપૂર્વક કહ્યું: "ગંગાજીનો જય!" અને હાથ ધોઇ તે બહાર આવ્યો.

તરત જ પંડયા તેની પાછળ પડયો; અને પૈસાની માંગ શરૂ કરી. બાળકે કહ્યું: "હવે પૈસાની વાત શી? મેં મારી જાતે મારૂં કામ કરી લીધું છે."

આજના જમાનાના 'ભોમિયા' ની જેમ તીર્થસ્થાનોમાં પંડયાની ઉપયોગિતા છે, પણ મુસીબત એ છે કે, જેનો બાપ પુરોહિત, તેનો દીકરો પણ પુરોહિત; અને જેનો બાપ પુરોહિત નહિ, તેનો દીકરો પણ પુરોહિત નહિ!

સુખની વાત એ છે કે, આ દેશની બિમારી માત્ર પુરોહિત-શાહીમાં જ રહી ગઇ છે. કદાચ રેલવે-ડ્રાઇવરો અને રેલવે-ગાર્ડોમાં પણ જો આ બિમારી લાગુ પડે તો રેલવે-ડ્રાઇવરો અને રેલવે-ગાર્ડ બનારના બાપ પણ રેલવે ડ્રાઇવર અને રેલવે-ગાર્ડ જોઇએ, અને તો તો 'જી. આઇ. પી.' રેલવે બંધ કરવાનો દિવસ પણ આવી પહોંચે!

નરક-સ્વર્ગની સડક હોય; નિરૂપયોગી જીવનની ગાડી હોય; પુરોહિત ડ્રાઇવર હોય અને પુરોહિત ગાર્ડ હોય, તો તો જેટલી લાંબી નિરર્થક યાત્રા ઇચ્છો એટલી થઇ શકે!

ધર્મ 'ચિંતન' ના ક્ષેત્રમાંથી અવતરી 'આચરણ' નું રૂપ ધારણ કરે તો સમાજરચના તેનું આવશ્યક અંગ બની જાય છે. આર્થિક દૃષ્ટિએ આજના સમાજના બે વર્ગ પડી જાય છે; પણ ધાર્મિક દૃષ્ટિથી ચાર-બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર આ સમૂહમાં અસ્પૃશ્યોની ગણના નથી કરવામાં આવી, કારણ કે તે ચારે પ્રકારની દીવાલની બહારનો છે. ગાંધીજીએ આપણી આ વર્ણવ્યવસ્થાને 'જૂના ચીલા' તરીકે ઓળખાવેલ છે; પણ વાસ્તવિક રીતે આ 'જૂનો ચીલો નથી, પણ આ તો ધર્મના આશ્રયે ટકી રહેલી સીડી છે. તેનું સૌથી નીચેનું પગથિયું શુદ્ર છે અને ઉપરનું બ્રાહ્મણ. એમ કહેવાય છે કે શુદ્રનું કામ વૈશ્ય, ક્ષત્રિય અને, બ્રાહ્મણની સેવા કરવાનું છે; વૈશ્યનું કામ શુદ્રની સેવા સ્વીકારવાનું અને ક્ષત્રિય-બ્રાહ્મણની સેવા કરવાનું; ક્ષત્રિયનું કામ વૈશ્ય-શુદ્રની સેવા સ્વીકારવાનું અને બ્રાહ્મણની સેવા કરવાનું અને બ્રાહ્મણનું કામ દરેક પાસેથી સેવા સ્વીકારવાનું અને કોઇની સેવા નહિ કરવાનું.

આ અવ્યવસ્થા-જેને વર્ણવ્યવસ્થા તરીકે ઓળખાવામાં છે-ને જો ધર્મનો આશ્રય ન હોય તો શું તે બે ઘડીભર પણ ટકી શકે?

અને છ-સાત કરોડોને અસ્પૃશ્ય લેખવા! તેઓ અછૂત તરીકે જન્મે 'અછૂત' તરીકે જીવે અને 'અછૂત' તરીકે મરી જાય! દુનિયાની કોઇ ચીજ તેને પવિત્ર ન કરી શકે! આ 'ધર્મ' ની કૃપા નહિ તો બીજું શું?

આનું કારણ શું? તેમાં બે કારણ છે. પહેલું તો એ કે, આ દુનિયામાં શક્તિશાળીની ઇચ્છા 'ન્યાય' કહેવાય છે. વર્ગ-વિશેષની ઇચ્છાઓનો 'ધર્મ'ના ધડતરમાં ઠીક ઠીક ફાળો છે.

બીજું કારણ એ છે કે, એક સમયે સમાજના હિતને ખાતર જે નિયમો ઘડવામાં આવે છે, અને જેનો સ્વીકાર કરવામાં આવે છે, તે જ નિયમો સમય વીત્યા બાદ નિરૂપયોગી નહિ, પણ સમાજના વિકાસમાં અવરોધક બની જાય છે.

'ધર્મ' તો એ છે, જે બદલાયે જતા સમાજની સાથોસાથ સ્વેચ્છાએ બદલાતો રહે. જો ધર્મમાં આ સામર્થ્ય હોત તો માનવ-ઇતિહાસમાં આટલી ક્રાંતિઓ પણ ન હોત. ધર્મનું કામ ધારણ કરવાનું છે; પકડી રાખવાનું છે. ધર્મનું કામ એ નથી કે તેણે નિરંતર 'પ્રગતિશીલ' થવું, તેના સ્વભાવમાં એ નથી.

'ધર્મ' અને 'સમાજ' ના નામ પર આપણે જ્યારે 'સમાજ'નું આટલું અકલ્યાણ થતું જોઇએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે એ પ્રશ્ન ઉઠે છે કે, "તો કરવું શું?"

કેટલાક લોકોના મંતવ્ય મુજબ જૂઠા ધર્મનું ખંડન અને સચા ધર્મનો પ્રચાર' એ તેનો ઉપાય છે; વળી કેટલાક 'ધર્મ' માત્રનું 'ખંડન'ના પક્ષપાતી છે.

સત્ય, અહિંસા, વગેરે ધર્મનાં જે દસ લક્ષણ છે તે આજે સૌ કોઇના જીભ પર રમે છે, પરંતુ યાદ રાખવું જોઇએ કે સિગારેટ અથવા સિનેમાપ્રચારની આકૃક ધર્મનો પ્રચાર ન થઇ શકે. 'સત્ય બોલવું' એ એક વાત છે; 'સત્ય બોલો' નો પ્રચાર કરવો એ બીજી વાત. પહેલું કાર્ય એકાદ માણસનો લાલ' કરી શકે છે; બીજું દરેક વ્યક્તિ-જેનું આજીવિકા માટેનું સાધન 'ધર્મ'-પ્રચાર છે.

પરંતુ એકાદ 'માણસનો લાલ' પણ આજના 'સમાજ'માં શું માણસને સત્ય બોલશે?

વિશ્વાસ ન બેસતો હોય તો 'સત્ય' બોલવાનો નિયમ કરી જુઓ; કેટલી બેસુમાર તકલીફો પડે છે? આ 'સત્ય' કથને જ કેટલાંને ઝેરનાં પ્યાલાં પિવડાવ્યાં છે; કેટલાંને ફાંસીને માંચડે ચડાવ્યાં છે; કેટલાંય ના જાણે આજે જેલમાં સડી રહ્યાં છે!

તો શું 'ધર્મ' માત્રનું ખંડન કર્યે જવું? ના. ધર્મનું ખંડન કરવાથી પણ 'ધર્મ' જિદ્દ પકડે છે. ધર્મપ્રચારદ્વારા જે લોકો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે તેઓ આની સામે, એકથી એક વધે એવા બુદ્ધિ-વ્યભિચારીઓ લાવીને ઊભા કરી દે છે; અને ત્યારે ધર્મખંડનદ્વારા તેમને પહોંચી નથી શકાતું.

તો? ઉપાય માત્ર એક જ છે. વૈજ્ઞાનિક રીતથી સર્વ ધર્મોનો સ્વાધ્યાય—સર્વ ધર્મોનું અધ્યયન.

કદાચ, આથી આપને શંકા જશે કે, આજ રોજ-બે-રોજ ભરાતાં સર્વધર્મ સંમેલનનો હું બહુ જ પક્ષપાતી હઇશ. ના, એવું જરા પણ નથી.

લોકો કહે છે કે, સર્વધર્મ સંમેલનથી શાંતિ પ્રસરશે. તે દિવસે કાનપુરમાં ઘાસવાળાઓનું બજાર જોયું હતું. ઘાસવાળાઓ એક જગાએ બેસી પોતપોતાનું ઘાસ વેચી રહ્યા હતા. એટલો શોરબકોર હતો કે, સાંભળ્યું કાને પડતું નહોતું. દરેક ધર્મવાળા એક જગાએ એકત્ર થઇ, પોતપોતાના ધર્મની હરાજી કરવા લાગે તેથી શું કદાપિ શાંતિની શક્યતા છે?

મારા નમ્ર મંતવ્ય મુજબ, બે રીતે આ પ્રશ્નનો નિકાલ આવી શકે. સૌથી પ્રથમ 'આપણો' અને 'બીજાનો' ધર્મ એવો ભેદ ટાળી દેવો જોઇએ, માનવે સૃષ્ટિના સર્જનકાળથી જેટલા ધર્મો જોયા જાણ્યા છે, તે સર્વ ધર્મો પર દરેક માનવનો અધિકાર છે, તેથી જ્યાંથી જે સારી વાત તેને મળે તે અનુસાર વર્તવાનો તેને અધિકાર હોવો જોઇએ. બીજું, 'જ્ઞાન' ના ક્ષેત્રમાં આ 'ધાર્મિક' અને આ 'લૌકિક' એવું જે મિથ્યા વર્ગીકરણ છે તે દૂર થવું જોઇએ અથવા તો બધું જ્ઞાન 'ધાર્મિક' છે, અથવા 'લૌકિક' છે એમ કહેવાવું જોઇએ.

જો 'ધાર્મિક' જ્ઞાન એમ કહે કે પૃથ્વી સપાટ છે; અને 'લૌકિક' જ્ઞાન એમ કહે કે, 'પૃથ્વી' ગોળ છે, તો બન્ને કથનોમાંથી જે સાચું લાગે તે કથન સ્વીકારવાનો દરેક વ્યક્તિનો 'ધર્મ' હોવો જોઇએ.

દરેક જગાએથી જ્ઞાનની પ્રાપ્તિ અને દરેક વ્યક્તિ તરફ મૈત્રી, એ જ આજનો 'માનવધર્મ' છે; બીજું કંઇ હોઇ શકે જ નહિ. (ઓલ ઇન્ડિયા રેડિયો-નાગપુરના સૌજન્યથી)

શ્રી. મોતીચંદભાઇને આદર અંજલિ

ગયા પખવાડીઆ દરમિયાન શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના અવસાન સંબંધે શોક પ્રદર્શિત કરતી મુંબઇ તેમ જ ભાવનગરમાં અનેક સભાઓ યોજવામાં આવી હતી તા. ૩૧-૩-૫૧ ના રોજ જૈન. શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં ભિન્ન ભિન્ન ૩૭ જૈન સંસ્થાઓએ એકત્ર થઇને શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલના પ્રમુખપણા નીચે શોકસભા ભરવામાં આવી હતી. તેવી જ રીતે તા. ૨-૪-૫૧ સોમવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આશ્રય નીચે ભરવામાં આવેલી મુંબઇના શહેરીઓની જાહેર શોકસભામાં મુંબઇ પ્રાન્તના મુખ્ય પ્રધાન શ્રી બાળાસાહેબ ખેર પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ સભામાં પ્રાન્તના અન્ય પ્રધાનો તથા અનેક સંભાવિત ગૃહસ્થોએ હાજરી આપી હતી. સંસ્થાના મંત્રી શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવા ખેરસાહેબને વિનંતિ કરી અને ત્યાર બાદ શ્રી અમૃતલાલ કાળીદાસ ઝવેરી, મુંબઇના મેયર શ્રી. એસ. કે. પાંટીલ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, શ્રી લીલાવતી બહેન દેવીદાસ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી નગીનદાસ મારતર તથા ન્યાયમૂર્તિ ભગવતીએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં. શ્રી. બાળાસાહેબ ખેરે ઉપસંહાર કરતા જણાવ્યું કે " અંગત સ્નેહી કે સ્વજનનું મૃત્યુ એક એવો સમય છે કે જ્યારે શોકનો આવેગ આપણા દિલમાં આવ્યા વિના રહેતો જ નથી. શ્રીમત્ શંકરાચાર્ય જેવા તત્વજ્ઞ ઋષિને પણ જ્યારે પોતાની માતાના મૃત્યુની ખબર પડી ત્યારે તેઓ બે ઘડિ શોકવિવ્હલ બની બેઠેલા. મોતીચંદભાઇ જેમણે આપણી વચ્ચે અને આપણી સાથે રહીને કેટલુંયે કામ કર્યું છે તેને આપણી વચ્ચેથી સદાને માટે વિદાય થયેલા જોઇએ છીએ ત્યારે આપણે સ્વાભાવિક રીતે શોકગ્રસ્ત બનીએ છીએ. તેમને હું ૧૯૧૦ ની સાલથી એક સોલીસીટર તરીકે ઓળખતો આવ્યો છું. પછી જાહેર જીવનમાં અનેકવાર તેમને મળવાનું બનતું. ૧૯૩૦-૩૨ માં સાથે જેલવાસ ભોગવ્યો ત્યારે તેમના નિકટ પરિચયમાં આવવાનું બન્યું અને તેમની વિશિષ્ટ ચારિત્ર્યપ્રતિભાની તેમ જ વિદ્વાન્વાસંગની ત્યારે જ મને ખરી પીછાણ થઇ. જેલવાસ એક એવો અનુભવ છે કે જ્યારે કોઇ પણ માણસ પોતાના સ્વભાવની ત્રુટિઓ છુપાવી શકતો નથી અને વિશેષતાઓ બહાર આવ્યા વિના રહેતી નથી. આ ગાળા દરમિયાન તેમનામાં મેં એકસરખી શાન્તિ અને સ્વસ્થતા અનુભવી હતી. આચાર: પ્રથમો ધર્મ: એ સૂત્ર તેમનામાં મેં આબાદ મૂર્તિમન્ત થયેલું જોયું હતું. વ્રતપાલન માટે તેમને ખૂબ આગ્રહ હતો. વળી એટલી જ આકર્ષક તેમની કર્તવ્યનિષ્ઠા હતી. તેઓ જેમ ગયા તેમ આપણે પણ વહેલાં મોડા જવાનું જ છે. તેઓ જે પાછળ આટલી મોટી સુવાસ અને કામગીરી મુકી ગયા છે તેમાં જ તેમના જીવનની ધન્યતા રહેલી છે. ત્યારબાદ નીચે મુજબનો શોકપ્રસ્તાવ સભાજનોએ ઉભા થઇને બે મીનીટ મૌન સેવીને પસાર કર્યો હતો.

"આજરોજ મળેલી જાહેર સભા શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના તા. ૨૭-૩-૧૯૫૧ મંગળવારના રોજ નીપજેલ અવસાન પરત્વે અત્યંત શોકની લાગણી પ્રદર્શિત કરે છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને તેમના અવસાનથી પડેલી ખોટ કોઇ કાળે પણ પૂરી શકાય તેમ નથી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્યસંસ્થાપકોમાંના તેઓ એક હોવા ઉપરાંત સંસ્થાના ઉગમથી એકસરખા ૩૪ વર્ષ સુધી માનદ મંત્રી તરીકે તેમણે સંસ્થાની અખંડ અને એકધારી સેવા બજાવી છે અને આ સંસ્થા આજે જે ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચી છે તે મુખ્યત્વે તેમના જ અથાગ પરિશ્રમનું ફળ છે. આ ઉપરાંત શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તેમજ અન્ય અનેક જૈન તેમજ જૈનેતર સંસ્થાઓની પણ તેમણે અનેકવિધ સેવાઓ બજાવી છે. મુંબઇની કોરપોરેશનના સભ્ય તરીકે તેમણે પંદર વર્ષ સેવા આપી છે. આઝાદીની લડતમાં પણ તેમણે બે વર્ષનો જેલવાસ સ્વીકારીને યથાશક્તિ ફાળો આપ્યો છે. વળી જેવો ઉજ્જવળ તેમનો કર્મયોગ છે તેવો જ ઉજ્જવળ તેમનો જ્ઞાનયોગ છે. તેઓ એક બહુશ્રુત વિદ્વાન અને સમર્થ લેખક હતા. અનેક વિશાળ ગ્રંથો લખીને તેમણે અદ્યતન જૈન સાહિત્યને ખુબ સમૃધ્ધ કર્યું છે. તેમનામાં અડગ ધર્મશ્રધ્ધા હતી અને તેમનું જીવન સાદું અને સંયમપરાયણ હતું. તેમની પ્રકૃતિમાં નિતાંત સૌહાર્દ હતું. તેઓ અપ્રતિમ આશાવાદી હતા અને તેમનામાં અસાધારણ કાર્યશક્તિ હતી. તેમના નામે નોંધાયલી વિવિધ કાર્યસિધ્ધિઓમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક અનુપમ ચિરસ્મરણીય કાર્યસિદ્ધિ લેખાશે. તેમના અવસાનથી વિશાળ જનસમાજ અને ખાસ કરીને જૈન કોમને એક સુચરિત ધર્મનિષ્ઠ સમાજસેવક, માર્ગદર્શક અને વિદ્વાન લેખકની ખોટ પડી છે. આજની આ સભા તેમને અંતરની અંજલી અર્પે છે તેમના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ ઇચ્છે છે, અને સદ્ગતના કુટુંબીજનો પ્રત્યે આ સભા ઉંડી સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરે છે."

૬૫ દિવસનું આમરણાન્ત અનશન

કચ્છમાં આવેલ પત્રી નામના ગામના સંઘ તરફથી ખબર મળે છે કે સ્થાનકવાસી સંપ્રદાયના સાધ્વી મહાસતી મેઘબાઇએ ૮૫ વર્ષની ઉમ્મરે જીવનલીલા સંકેલી લેવાનો નિરધાર કર્યો અને આમરણાન્ત અનશનવ્રત અંગીકાર કર્યું અને ૬૫ દિવસના અનશન સાથે પોતાના દેહનો ત્યાગ કર્યો. યોગ્યકાળે આવો સમાધિપૂર્વકનો દેહવિલય સાધીને પોતાના જીવનને તેમણે ધન્ય બનાવ્યું છે. મહાસતીજીને આપણાં અનેક વન્દન હો.

સદ્ગત વાડીલાલ મોતીલાલ શાહની છબી

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ માટે સદ્ગત વાડીલાલ મોતીલાલ શાહનું તૈલચિત્ર તૈયાર કરાવવાનું છે તે માટે તેમની એક સારી છબીની ખાસ જરૂર છે. તો જે કોઇ મિત્રની પાસે તેમની છબી કે ફોટો હોય તે અમારી ઉપર મોકલી આપશે તો અમે આભારી થઇશું.

ઠે. આર. એમ. શાહની કું.
૯૧, નાગદેવી સ્ટ્રીટ,
પહેલી ક્રોસગલી
મુંબઇ ૩.

ટી. જી. શાહ.
રમણિકલાલ મણિલાલ શાહ
મંત્રીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

પ્રબુદ્ધ જૈન અંગે જાહેરાત

મુંબઇ જૈન યુવક સંઘના આજીવન મંત્રી અને પ્રબુદ્ધ જૈનના પ્રારંભકાળથી આજ સુધીના તંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ પોતાની કેટલાય સમયથી એકસરખી નાદુરસ્ત રહેતી તબિયતના કારણે આ અંકના પ્રકાશન સાથે પ્રબુદ્ધ જૈનના તંત્રીની જવાબદારીથી મુકત થાય છે. હવે પછી તંત્રી તરીકેનું તેમનું સ્થાન શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ લેશે.

* * *

પ્રબુદ્ધ જૈનને ખમવી પડતી અસાધારણ ખોટને પહોંચી વળવા માટે પ્રબુદ્ધ જૈનનું નવું વર્ષ શરૂ થાય ત્યારથી પ્રબુદ્ધ જૈનમાં જાહેર ખબર લેવાનું શરૂ કરવાનો તા. ૧૭-૨-૫૧ ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભાએ નિર્ણય કર્યો હતો. ત્યાર બાદ પ્રબુદ્ધ જૈનના આજ સુધીના સ્વરૂપને જાહેર ખબરો વડે વિકૃત કરવું એ કેટલાએક સભ્યોને યોગ્ય ન લાગ્યું અને આગામી વર્ષની ખોટને પહોંચી વળવા માટે પોતાથી બનતું કરી છૂટવાની તેમણે તૈયારી દાખવી. પરિણામે પ્રબુદ્ધ જૈનમાં જાહેરખબર લેવાનો નિર્ણય હાલ તુરતને માટે મોકુફ રાખવામાં આવ્યો છે. પ્રબુદ્ધ જૈનનો જે કોઇ વાંચક પ્રબુદ્ધ જૈન ઉપયોગી સેવા કરે છે એમ માનતો હોય તેણે પણ સ્વયં મદદ મોકલીને તેમ જ નવા ગ્રાહકો બનાવી આપીને પ્રબુધ્ધ જૈનને બને તેટલો ટેકો આપવો ઘટે છે. વાંચકોને પ્રબુધ્ધ જૈનની આર્થિક પરિસ્થિતિ ગંભીરપણે લક્ષ્યમાં લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી પ્રબુધ્ધ જૈનના વાચકો જોગ

આજથી બાર વર્ષ પહેલાં, શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન' નામના એક પાક્ષિકનું પ્રકાશન શરૂ કરવું અને તત્કાલીન સંયોગોમાં તેના તંત્રી તરીકેની જવાબદરી મારે સ્વીકારવી એમ નિર્ણય કર્યો હતો અને તેના પરિણામે એ જવાબદારીનું મેં આજ સુધી વહન કર્યું છે. આજની મારી શારીરિક પરિસ્થિતિ ધ્યાનમાં લઇને એ જવાબદારીમાંથી મને મુકત કરવા મેં સંઘની કાર્યવાહક સમિતિને વિનંતિ કરી. એ વિનંતિનો સંઘની કાર્યવાહક સમિતિએ સ્વીકાર કર્યો છે. પરિણામે આજથી હું એ જવાબદારીથી મુકત થાઉં છું.

પ્રબુદ્ધ જૈનના આજ સુધીના સંપાદનકાર્યમાં મારા સહકાર્યકર્તા શ્રી. પરમાનંદભાઇ જેમનાં લખાણોથી પ્રબુદ્ધ જૈનના વાંચકો ખુબ પરિચિત છે તેમણે મને એકસરખો સાથ આપ્યો છે. પ્રબુદ્ધ જૈને આજે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે મોટા ભાગે તેમને આભારી છે. છેલ્લાં બે વર્ષો દરમિયાન મારા મિત્ર અને સાથી શ્રી જટુભાઇ મહેતાએ તથા શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે પણ સંપાદનકાર્યમાં મને ઘણી મદદ કરી છે. તે ત્રણે મિત્રોનો આ પ્રસંગે હું અન્તઃકરણથી આભાર માનું છું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આ મુખ્ય પ્રવૃત્તિ વિષે મારા દિલમાં ઉંડી મમતા છે. આત્મશ્લાઘાનો દોષ વહોરીને પણ હું જણાવું છું કે પ્રબુદ્ધ જૈને માત્ર જૈન સમાજની જ નહિ પણ વિશાળ રાષ્ટ્રની સારી સેવા કરી છે અને એક નાના સરખા સમાજને કોમી સાંકડાપણામાંથી ઉદાર વિચારણા તરફ લઇ જવા માટે પ્રબુદ્ધ જૈનની હંમેશ ચાલતા સામયિકોની ખુબ ઉપયોગીતા છે. પ્રબુધ્ધ જૈનની આજની આર્થિક પરિસ્થિતિ અતિ વિષમ હોવા છતાં જાહેર ખબર નહિ લેવાના નિયમને પ્રબુધ્ધ જૈન આજ સુધી વળગી રહ્યું છે અને હજુ પણ એ જ રીતે ચલાવવું જોઇએ એવો મારો અભિપ્રાય છે. કોઇ પણ સ્વાર્થના ખ્યાલ સિવાય અને શુધ્ધ સેવાબુધ્ધિથી અને સત્યાનષ્ઠાપૂર્વક પ્રબુધ્ધ જૈન આજ સુધી ચલાવવામાં આવ્યું છે, અને રાષ્ટ્ર અને સમાજના અનેક પ્રશ્નો ઉપર સ્પષ્ટ અને નિડર માર્ગદર્શન આપતું રહ્યું છે. પ્રબુધ્ધ જૈનના વાંચકોને મારી નમ્ર વિનંતિ છે કે તેમનામાંથી જે કોઇ ભાઇ કે બહેન આ રીતે ચાલતું પ્રબુધ્ધ જૈન ઉપયોગી સેવા કરે છે એમ માનતું હોય તે ભાઇ કે બહેન પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો બને તેટલા વધારી આપીને તેમ જ બીજી જે રીતે શકય હોય તે રીતે મદદરૂપ થઇને પ્રબુદ્ધ જૈનને સધ્ધર સ્થિતિએ પહોંચાડવા પોતાથી બનતો ફાળો આપે. હવે પછીથી પ્રબુદ્ધ જૈન શ્રી પરમાનંદભાઇની સીધી જવાબદારી નીચે પ્રગટ થવાનું છે તેથી તેના સ્થાયી સંચાલન વિષે હું નિશ્ચિન્તતા અનુભવું છું.

તા. ૧૫-૪-૫૧ **મણિલાલ મોકમચંદ શાહ**
મુંબઇ તંત્રી, પ્રબુદ્ધ જૈન

ભારત જન મહામંડળનું ૩૧ મું અધિવેશન

સ્થળ : મુરાર (ગ્વાલિયર)

શ્રી. ભારત જૈન મહામન્ડળનું ૩૧ મું અધિવેશન એપ્રિલ-માસની તારીખ ૧૫, ૧૬, ૧૭ ના રોજ ભરાશે. એ અધિવેશનનું ઉદ્‌ઘાટન શ્રી કમલનયન બજાજ કરશે. પહેલા બે દીવસ શ્રીમાન શાહુ શાન્તિપ્રસાદજી જૈન પ્રમુખસ્થાને બીરાજશે અને ત્રીજા દીવસે અધિવેશનનું કામકાજ ભદન્ત આનંદ કૌશલ્યાયનના નેતૃત્વ નીચે થશે.

શ્રીમદ રાજચંદ્ર અર્ધશતાબ્દિ ગ્રંથ

શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી મનહરલાલ કડીવાળા જણાવે છે કે આગામી ચૈત્ર વદ ૫ ના રોજ શ્રીમદ્ રાજચંદ્રનો દેહોત્સર્ગ થયાને પચાસ વર્ષ પુરાં થાય છે અને તે નિમિત્તે " શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથ " ની યોજના કરવાનો વિચાર ચાલી રહ્યો છે. આ માટે તેમને નીચે મુજબની માહીતીની અપેક્ષા છે.

૧. શ્રીમદ્‌ના જીવન સંબંધમાં અત્યાર સુધી બહાર પડેલા સાહિત્ય સિવાય વધુ કંઇ જાણવા જોગ માહિતિ.

૨. શ્રીમદ્‌ના પરિચયમાં આવેલા મુમુક્ષુઓ સંબંધિ માહિતી.

૩. શ્રીમદ્‌ની જયંતિ પ્રસંગે મોટા પુરૂષોએ કરેલાં પ્રવચનો તથા એમના સંબંધમાં અત્યાર સુધીમાં વર્તમાનપત્રો તથા સામયિકોમાં આવેલા લેખો સંબંધિ માહિતી.

૪. શ્રીમદ્‌ના નામથી ચાલતી સંસ્થાઓ સંબંધી બને તેટલી સંપૂર્ણ માહિતી અને તે સંસ્થા તથા તેના સ્થાપકના મળી શકતા હોય તો ઓલેાકસ અથવા ફોટોગ્રાફસ.

૫. શ્રીમદ્‌ના આ યોજવામાં આવેલા " અર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથ "નાં પ્રકાશન સંબંધી સૂચનો.

૬. શ્રીમદ્ રાજચંદ્ર કે તેમના તત્ત્વજ્ઞાન સંબંધી આપનો સ્વતંત્ર લેખ.

પ્રકાશન માટે સમય બહુ ઓછો છે એ ધ્યાનમાં લઇને જેની પાસે જે કાંઇ માહીતી હોય તે ભાઇએ કે બહેને નીચેના સરનામે ઉપલબ્ધ માહીતી મોકલી આપવી.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, **સ્ટેશન અગાસ,** (આણંદ થઇને)
બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે.

ચિંતન

ઘણીવાર એમ બને છે કે જે વ્યવસ્થા જે કાળે ઉચિત હોય તે જ વ્યવસ્થા બીજે કાળે હાનિકારક નીવડે છે. છતાં લોકોને જેમ ભૂત વળગે છે તેમ આપણને ભૂતકાળ એવો સજ્જડ વળગેલો છે કે તેનાં તમામ ઝોંડને આપણે એકદમ દૂર કરી શકતા જ નથી. જાણીએ છીએ કે અન્યાય કરીએ છીએ×××છતાં " આગુસે ચલી આતી હૈ " એ એક જ સૂત્રથી આપણે ભૂતકાળના વળગાડથી છૂટી શકતા નથી. **પંડિત બેચરદાસ દોશી**

'જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયા!'

એક સ્મરણનોંધ

એક મિત્રનું થોડાએક સમય પહેલાં અવસાન થયું. તેમનું નામ શ્રી નંદુલાલ માણેકલાલ મહેતા. હું એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી. એ નો અભ્યાસ કરતો હતો તે દરમિયાન તેમની સાથે ઓળખાણ થયેલી અને તે ઓળખાણમાંથી અમારી વચ્ચે ગાઢ મૈત્રી બંધાયલી. સ્વામી આનંદના પણ તેઓ સુપરિચિત મિત્ર હતા. એક વિદ્યાર્થી તરીકે તેમનું ચારિત્ર્ય બહુ ઉંચા પ્રકારનું હતું. તેમનું બધું કામ ચોકકસાઇ અને ચીવટથી ભરેલું જોવામાં આવતું. બી. એ. થયા; એલ એલ. બી. થયા. થોડો સમય સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીમાં નોકરી કરી અને યુરોપનો પ્રવાસ કરી આવ્યા. બે વર્ષ બાદ મોરારજી ગોકુળદાસ મીલમાં મંત્રી તરીકે જોડાયા. તેમનો અભ્યાસ પુરો થવા બાદ તેમને લગ્નસંબંધ નક્કી કરવા માટે ઘણે ઠેકાણેથી કહેણ આવતાં. પણ 'યોગ્ય કાળે એ બાબતનો હું વિચાર કરીશ' એમ તેઓ હંમેશા જવાબ આપતા. હવે જીવનમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે એમ સમજી લગ્ન તરફ તેમણે પોતાના મનને વાળ્યું. પોતાની પસંદગીની એક સુયોગ્ય યુવતી સાથે લગ્ન કર્યું. પણ એ સુખી ગૃહસ્થાશ્રમ લાંબો વખત ચાલ્યો નહિ. એક વર્ષની અંદર તેમનાં પત્નીનું અવસાન થયું. લગભગ ૩૦ વર્ષની ઉમ્મરે તેઓ વિધુર થયા. ત્યાર પછી તેમને મિત્રો તેમ જ સ્વજન સંબંધીઓ તરફથી લગ્ન માટે અનેક વાર કહેવામાં આવતું, પણ તે સૌ કોઇને તેઓ એક જ જવાબ આપતા કે "મારૂં લગ્નજીવન ઇશ્વરને મંજુર નથી. નહિ તો તે મારી પત્નીને આટલી વહેલી બોલાવી ન લેત." આ રીતે બાકીનું આખું જીવન તેમણે એકાકી ગાળ્યું.

બીજી બાજુએ પોતાના મીલના કામમાં તેઓ ઉત્તરોત્તર આગળ વધ્યે જતા હતા. મીલના મંત્રીમાંથી મેનેજર થયા; કાપડવણાટકામના નિષ્ણાત તરીકે તેમણે ભારે નામના મેળવી. કાપડઉત્પાદન અને મજુરહિતવિચારણાઓને લગતી અવારનવાર ઉભી થતી અનેક સમસ્યાઓના ઉકેલ માટે યોજાતી સરકારી કમીટીઓમાં તેમણે અપૂર્વ કામગીરી બજાવી. જીવનનાં છેલ્લાં વર્ષો મારવાડી સાત મીલોના ગ્રુપના જનરલ મેનેજર તરીકે કામ કરતાં કરતાં તેમણે વ્યતીત કર્યાં.

અસાધારણ કાર્યનિષ્ઠા અને પ્રમાણીકતા એ તેમના વિશિષ્ટ ગુણો હતા. પોતાના નિયત કાર્યક્ષેત્રથી બીજે કશે માથું ન મારવું એ તેમનો નિયમ હતો. જાહેર જીવનના પ્રલોભનમાં તેઓ કદી ફસાયા નહિ. તેમનું અંગત જીવન ચોકકસ આદર્શ અને સિદ્ધાન્ત ઉપર રચાયલું હતું. સાદાઇ, સુઘડતા, સંયમ, નિર્વ્યસન, શીલ અને ઉંચી સભ્યતા એ તેમના જીવનનાં વિશિષ્ટ લક્ષણો હતાં. અવકાશનો સમય વાંચન ચિન્તનમાં તેઓ ગાળતા. દુનિયાના રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પ્રવાહોથી તેઓ સંપૂર્ણ રીતે વાકેફ રહેતા. પોતાની શકિત મુજબ અનેક સંસ્થાઓને તેમ જ વિદ્યાર્થીઓને મદદ કરતા. આવું એક સરખું નિરવદ્ય અને સમધારણયુકત જીવન ભાગ્યે જ અન્યત્ર જોવા મળે.

વિધુર થવા બાદ થોડાં વર્ષ તેપણે રસોઇઓ રાખીને ચલાવેલું. પછી કંઇ કાળથી તેમણે રસોડાવિનાનું ગૃહજીવન સ્વીકારી લીધું હતું. માત્ર દુધ ફળ ઉપર જ તેઓ રહેતા. ઘરમાં એક તેઓ અને બીજો એક નોકર જે બધું સાફસૂફ રાખે. એ નોકર પણ તેમને મન પુત્ર સમાન હતો. કોઇ પણ માનવીને નીચો લેખવો તેમને મન ઇશ્વરનો ઇનકાર કરવા બરોબર હતું.

વરસેક દિવસ પહેલાં તેમને લકવાનો એક હુમલો થઇ આવ્યો અને તેમાંથી ઉગર્યા. ત્યારબાદ તેમનો વ્યવસાય એક સરખો ચાલ્યો જતો હતો અને તેમના શરીરસ્વાસ્થ્ય વિષે પણ ચિન્તાનું કોઇ ખાસ કારણ નહોતું. એવામાં આજથી લગભગ બે અઢી માસ ઉપરાંત એક દિવસ કાંઇક બરોબર ઠીક નહિ લાગવાથી ઓફીસે નહિ ગયેલાં. રાત્રે મિત્રો મળવા આવેલા તેમની સાથે કટલી-એક વાતચીત કરી. નિયમ મુજબ સુવાનો વખત થયો એટલે સ્વસ્થપણે બીછાનાવશ થયા અને સુવા સાથે અનન્ત નિદ્રાને આધીન થઇ ગયા. કયારે યમનું તેડું આવ્યું અને કયારે તેઓ ગયા તેની કોઇને ખબર સરખી ન પડી. સવારે નોકર માલીકને જગાડવા ગયો, પણ મૃતદેહ કેમ જાગે? કબીરના એક ભજનમાં આવે છે તેમ ભાઇ નંદુલાલે

દાસ કબીર જતનસો ઓઢી,
જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા,
ઝીણી ઝીણી ઝીણી ઝીણી ઝીણી ચદરિયા!

સ્વામી આનંદ તેમના વિષે લખતાં જણાવે છે કે "પછ વર્ષના એમના એકાકી જીવનની બધી બચત એમણે વસિયતનામું કરીને સખાવતમાં આપી. હાજતવાળા થોડાંક નિકટનાં સગાંને જરૂર રકમો બક્ષિસ આપવા ઉપરાન્ત પોતાની તમામ આશરે દોઢ લાખ જેટલી મિલકત મોટે ભાગે તેમણે ન્યાતજાત કે કોમના કક્ષા ભેદ વિના ગરીબો તથા દુખિયારાંના લાભાર્થે જુદાં જુદાં સખાવતી કામોમાં આપી, એટલું જ નહિ પણ બધી સખાવતોને અંગે આજના કાળમાં વિરલ એવી સરત મૂકીને દાનીઓને સારૂ એમણે ઊંચો દાખલો બેસાડયો. આ રહ્યો એમના વસિયતનામાના અંતિમ ભાગનો સારાંશ:

"છેલ્લે મારા આ વીલની અમલબજાવણી કરનારાઓને મારો ખાસ આદેશ છે કે મારા આ વીલમાં કહેલી કોઇ પણ સખાવતને અંગે લેવાતી ચીજસામગ્રી, યંત્ર, મકાન કે એવી કોઇ પણ વસ્તુ સાથે કયાંયે કદી મારૂં કે મારાં મૃત કે હયાત સગાંવહાલામાંના કોઇનું નામ જોડવું નહીં, અગર તો તેવી તખ્તી ચોડવી નહીં. વળી સદરહુ સખાવતોને અંગેની કોઇ પણ ચીજ, વસ્તુ, યંત્ર કે મકાન લેવા ખરીદવા કે બાંધવા બનાવવાના કામ જોડે મારા કોઇ પણ સગાસંબંધી કે કુટુંબીનો સંબંધ આવવા દેવો નહિ. જે દીન દુખિયાં કે ગરીબોના લાભાર્થે મેં મારી અઢના બચત બક્ષી છે તેમનાં અંતરની દુવા એ જ મારૂં સાચું ને પૂરૂં વળતર છે."

"ધરૂંચણાંનાં ખેતરોમાં આજને શિયાળે પાછલી રાતે આકાશની ઝાકળ ઊતરે છે ને ઊંઘતી દુનિયાથી અણદીઠ રહી પોતાની ભીનાશ વડે ધરિત્રીને ભીંજવી તેના પાકોમાં રસકસ પૂરે છે. એ ઝાકળની જેમ જ દુનિયાથી અણદીઠ રહીને મરહુમ પોતાનું સમૃધ્ધ જીવન જીવ્યા ને એ ઝાકળની જેમ જ પોતાની આસપાસની દુનિયાને સમૃદ્ધ કરી કોઇને પાવળા પાણીની પણ તકલીફ આપ્યા વગર અણુદીઠપણે એમણે દુનિયાની રૂખસદ લીધી. કેવળ પોતાના નમ્ર નિર્વ્યાજ જીવનની સરકારિતા ને સુગંધનો મઘમઘાટ પોતાની પાછળ મૂકતા ગયા. તે સાંજે ઊગેલાં આકાશી તારાનાં વૃંદોમાં એવા જ અણુદીઠપણે કયાંક એક નાનકડા તારાનો ઉમેરો અવશ્ય થયો હશે."

નામના ભુખ્યા અને મરણ પછી પણ અમર બનવાની ઝંખના ધરાવતા જૈન શ્રીમાનો ભાઇ નંદુલાલના દાખલા ઉપરથી કાંઇક ધડો લેશે?

પરમાનંદ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

હું બીડીના વ્યસનથી કેમ બચ્યો ?

અનુકરણ કરવાની બચ્ચાંઓની ખાસીયત હોય છે. વડીલોનું જેવું વર્તન હોય તેવું જ મોટે ભાગે બચ્ચાંઓનું વર્તન થાય છે. સદ્‌ગુણી માબાપના બચ્ચાં સદ્‌ગુણી પાકે છે અને વ્યસની માબાપના બચ્ચાં વ્યસની પાકે છે. બહારનું વાતાવરણ પણ બચ્ચાંના ઉછેરમાં ઘણો મોટો ભાગ ભજવે છે. મારૂં પોતાનું જ દૃષ્ટાંત આપું.

મારા નાનપણમાં હું મારા કાકાને રોજ બીડીઓ પીતાં જોતો અને રોજ બીડીઓ પીવાના વિચાર કરતો. પણ કાકાની બીકને લીધે બીડીઓ પી શકતો નહોતો. અમારી ગરીબાઇ પણ આમાં સારો ભાગ ભજવતી. જો પૈસાની છુટ હોત તો હું કયારનોય ચોરી છુપીથી બીડીઓ પીતો થઇ ગયો હોત.

કાકા મને શાક લેવા મોકલે ત્યારે એક અડધો પૈસો અને એક પાઇ એમ બે સિક્કા આપે અને સૂચના આપે જે અડધા પૈસામાંથી અડધી પાઇનું શાક લાવવાનું અને બે પાઇ પાછી લાવવાની. અને જો શાક મોંઘુ હોય તો પાઇનું શાક લાવવાનું અને અડધો પૈસો પાછો લાવવાનો. શાક અતિશય મોંઘુ હોય ત્યારે જ અડધો પૈસો વાપરતો. જ્યારે જ્યારે અડધી પાઇનું કુણું માંખણ જેવું અને ઘરના સાત માણસ જમે તેટલું શાક લાવતો અને બે પાઇ રોકડી પાછી આપતો ત્યારે ત્યારે ખૂબ શાબાશી મળતી. પણ આ પૈસામાંથી મારી બીડીઓ પીવાની ભભુકી ઉઠેલી આગને બુઝાવી શકતો નહોતો. તેથી એ આગને બુઝવવા મેં અનેક યુક્તિઓ અજમાવવા માંડી. તેમાંની એક મારે સફળ નીવડી.

વર્ણાશ્રમનો એ જમાનો હતો. ઢેઢ કે ભંગી દુકાને માલ લેવા આવે ત્યારે તેને અડકયા વિના દૂરથી માલ ફેંકતા અને તેનાં નાણાં આપે તે કાં તો અમે મુસલમાનના હાથે ઉપડાવી લેતા અગર તેના ઉપર પાણી છાંટી ઉપાડી લેતા. આ રૂઢિને હું ચુસ્તપણે માનતો હતો, છતાં રસ્તામાં પડેલા બીડીઓના ઠુંઠા ઉપાડી લેતા મને આ આભડછેટ બીલકુલ નડી નહિ. અને વાણીઆ, બ્રાહ્મણ, સથ સુતાર, ધાંચી, મોચી, ઢેઢ, ભંગી, ચમાર વિગેરે વિગેરે અઢારે વર્ણના રોગી કે નીરોગી થુંકવાળા અને એઠા થએલાં એ બોખાંઓ મોટી સખ્યામાં ગબડવામાં ભરવા લાગ્યો. આટલા બધા પીવા કેવી રીતે ? જેમ લોકો પીએ છે તેમ પીઉ તો તો દીવાસળીઓ પૂષ્કળ જોઇએ. જે વખતે અડધા પૈસાનું સ્વીડન નોર્વેની બનાવટનું ભીંતે ઘસવાથી સળગે તેવી દીવાસળીનું બાકસ મળતું, પણ તેટલું નાણું ખર્ચ કરવાની મારી શકિત નહોતી ત્યારે કરવુ શું ?

બા રસોડામાંથી બહાર નીકળે ત્યારે તેમાં છાનામાના ઘુસી જઇ બાકસમાંથી બે દિવાસળીઓ ચોરી લેવી તેવો નિર્ણય કર્યો, અને બા કયારે રસોડામાંથી બહાર નીકળે તેની વાટ જોતો જેમ ઉંદરની વાટ જોઇને બિલાડી બેસે તેમ બેઠો. અને લાગ મળતાં તુરત જ બે દિવાસળી ચોરી લઇ સફાઇથી બહાર નીકળી ગયો.

હવે કોઇ ન જાણે તેમ કયાં અને કયારે બીડીઓ પીવી તેની યુકિત રચવા લાગ્યો. મારા વતન વઢવાણ શહેરમાં ઘોળીપોળ બહાર બોહું તળાવ નામે એક તળાવ છે, તેની પાળ પર એક વિશાળ વડ છે. તેની ઓથમાં બપોરના ૧૨ વાગ્યે જ્યારે ત્યાં કોઇ ન હોય તે વખતે દિશાએ જવાના બ્હાને બીડીઓ પુંકવા નીકળ્યો. બીજે દિવસે ચોરી ન થઇ શકે તો સાચવી રાખેલી દિવાસળી કામ આવે એ ખ્યાલથી એ વડના થડના પોલાણમાં એક દિવાસળી સંતાડી અને બીજી દિવાસળીથી બધી જ બીડીઓ પીવી એવો નિર્ણય કર્યો અને એક ઠુંઠું આંગળી દાઝે તેટલી હદે પી તેના સળગેલા છેડેથી બીજું ઠુંઠું સળગાવી ધુમાડાના ગોટે ગોટા હવામાં ઉડાડવા લાગ્યો અને કાકા આવાજ ગોટા કાઢે છે એ ખ્યાલથી ખૂબ હરખાયો.

શરૂઆતમાં તો ફકત ધુમાડો કાઢવો એટલો જ ખ્યાલ હતો, પણ પાછળથી યાદ આવ્યું કે કાકા તો નાકમાંથી પણ ધુમાડા કાઢે છે એટલે મેં પણ મોં બંધ રાખી ધુમાડો ફેફસામાં ઉતારી નાક વાટે શ્વાસ બહાર કાઢવા પ્રયત્ન કર્યો કે તુરત જ શ્વાસ સાથે ધુમાડો પણ બહાર નીકળ્યો. હવે મારા આનંદનો પાર ન રહ્યો. અને કાકાનું બરાબર અનુકરણ કરી રહ્યો છું એ ખ્યાલથી મને ભારે સંતોષ થયો.

હવે જ્યારે જ્યારે રસોડું ખાલી હોય ત્યારે ત્યારે બબે દિવાસળીઓ ચોરી લેવાનું, બીડીઓના ઠુંઠાં રોજ વીણી ગજવામાં ભેગા કરી રાખવાનું અને જ્યારે કોઇ બહાર જવા ન નીકળતું હોય ત્યારે દિશાએ જવાના બ્હાને ઓડાતળાવના વડની છાંયે જાને ઓથે બીડીઓ પી નાક તથા મુખ બન્ને વાટે ધુમાડાના ગોટે ગોટા કાઢવાનું અને વળદ્વાર ધુમાડાને ઉંચે ઉડતા જોઇ ખૂબ હરખાવાનું ઘણા લાંબા સમય સુધી ચાલ્યું.

આને પરિણામે મારાં ફેફસા બહુજ ખરાબ થઇ ગયાં. મને ઉધરસ આવવા લાગી, ગળું ખરાબ થઇ ગયું, જીભ ઉપર છાલાં પડયાં, દાંત મેલા અને પીળા પડી ગયા. તેના ઉપર ખેરી જામવા માંડી, ખેરી નીકળી જતાં દાંત વચ્ચે પોલાણ વધવા લાગ્યું, દાંત ઉપરનો ચળકાટ ઘટવા માંડયો, મોઢું વાસ મારવા માંડયું, અને જે દિવસ બીડી પીવાની અનુકૂળતા ન મળે તે દિવસ ઝાડો પણ ન ઉતરે એટલી હદે મારી તન્દુરસ્તી જોખમાઇ ગઇ. હું વારંવાર માંદો પડવા લાગ્યો, મને પગે વા વરતાવા લાગ્યો, મારી આંખોનું તેજ પણ ઘટી ગયું. મને ખ્યાલ છે કે એક દિવસ મારા શિક્ષકે મને વાંચવાનું કહ્યું. હું વાંચવા ઉભો થયો. શરૂઆતમાં ચાર પાંચ લીટીઓ વાંચ્યા બાદ અક્ષરો ઝાંખા લાગવા માંડયા. મારાથી આગળ વાંચી શકાયું નહિ ત્યારે આટલી નાની ઉમરમાં નથી વાંચી શકતો તો મારૂં આખું જીવન કેમ જશે એ ખ્યાલે હું ખૂબ ખૂબ રડેલો. મારા શિક્ષકે મારી દયા ખાધી અને આ છોકરાને ચસમાં નહિં અપાવો તો મોટી ઉમરે આંધળો થશે એવી મારા કાકાને ચેતવણી આપી. કાકાએ મને અમદાવાદ ચસમા લેવા મોકલ્યો અને ૧૭ વર્ષની નાની વયે મારે ચસમા લેવા પડયા.

આ દરમિયાન એક વાર એવું બન્યું કે જે વડ નીચે હું બીડીઓ પુંકતો હતો તેની પાસેના બીજા વડ નીચેથી કચ્છના જૈન મુનિ શ્રી સવજી મુનિને શૌચ માટે પસાર થતા મને બીડીઓના ધુમાડા ઉડાડતો જોયો. તેઓ મારા કાકાના પરમ મિત્ર હતા. જેવો બીડીઓ ખલાસ કરી હું ઉભો થયો કે મારી પાછળ તેઓ પણ આવવા લાગ્યા અને મને "તભલા" (તભલા એ ત્રિભુવનનું ટુંક નામ છે) એમ જોરથી બૂમ મારી. પાછળ વળી મેં જોયું ત્યાં તો શ્રી સવજી મુનિ. એમને ભાળતાં જ મારા તો રામ જ રમી ગયા. બસ ઘેર જઇ મારા કાકાને વાત કરશે એટલી જ વાર. આજ સાંજ પહેલાં ઢાઢકા રંગાઇ જવાના. હવે શું કરવુ ? મહારાજને મેં વિનંતિ કરી "મહારાજ ! જો તમે મારા કાકાને આ વાત ન કરો તો આજથી બીડી પીવાનું છોડી દઉં" મહારાજે કહ્યું "જો તું મારા હાથથી પ્રતિજ્ઞા લે તો હું તારા કાકાને વાત નહિં કરૂં." હું કબુલ થયો અને હાથ જોડયા. "તારે આજથી જીવનભર બીડી પીવી નહિ. તસ્સ ભંડે પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ, આપાણં વોસિરામિ" એ પ્રમાણે બોલી પ્રતિજ્ઞા કરાવી.

કલ્યાણ થજો એ સાધુજીનું કે જેમણે મારૂં આખુંયે વેડફાઇ જતું જીવન બચાવી લીધું. મારી તબિયત ધીમે ધીમે સુધરતી ગઇ. મારૂં શરીર ભરાવા લાગ્યું અને દેખાવ સુધર્યો. આજ ૬૩ વર્ષની વયે મારાં દાંત દાડમની કળીઓ જેવા સ્વચ્છ અને ચકચકિત છે. હું કઠણમાં કઠણ શેરડી ચપ્પુ કે સુડી વગર ખાઇ શકું છું. મને પેટનો કોઇ રોગ નથી. ફેફસાં અને હૃદય બન્ને સારાં છે. મારો અવાજ પણ બુલંદ છે. મારી આંખો ઘણી જ સુધરી ગઇ છે. નાનપણમાં લીધેલા ચસમા હજી ચાલુજ છે, છતાં ઝીણામાં ઝીણા ટાઇપ વાંચી શકું છું. મને ભૂખ પણ સારી લાગે છે. ઉંઘ પણ સારી આવે છે. રોજ સવારે પાંચ વાગે ઉઠી ફરવા નીકળી પડું છું અને આશરે પાંચેક માઇલ ફરી છ વાગ્યે ઘેર પાછો ફરૂં છું અને એકંદરે ખૂબ નિરોગી અને સુખી જીવન ગાળું છું. ટી. જી. શાહ

જનતાનું ભોળપણ

નેપાળી બાબાના રણતલાઇ જઈ આવેલા એક ધનિક દરદીનો જાત અનુભવ સાંભળવાનો વીરમગામથી અમદાવાદ જતી બપોરની ગાડીમાં અચાનક મોકો મળ્યો. એ ભાઇ નેપાળી બાબાની ચમત્કારિક મનાતી દવાના ગુણ વર્ણવી કેટલ લોકોના જન્મના રોગ મટી ગયાની વાતો હાંકી રહ્યા હતા. કોઇ કશું બોલતું નહોતું પણ ત્યાં તો પાછળથી એક જુવાને 'એ ક્રુર ફારસના લાચાર પાત્રો બની લોકો પૈસે પાયમાલ થયા પારાવાર કષ્ટો વેઠયા અને સરકારે માથું ન માર્યું હોત તો હજારો કોલેરાથી રિબાઇ રિબાઇને મરણ પામત' કહી એ બોગસ તૂતની ભાટાઇ કરવા માટે કાકાને ઉધડા લીધા. કાકા પણ કંઈ જાય તેવા નહોતા, એ તાડુકી ઉઠયા. 'એ બધા તમારા કોંગ્રેસવાળાઓના કારસ્તાન છે. કેટલ આંધળા દેખતા થયા છે અને કેટલના જન્મના રોગ મટી ગયા છે, પણ એ માટે તો પ્રથમ ધર્મ પર શ્રદ્ધા જોઇએ પણ તમારી કોંગ્રેસ સરકારે શ્રદ્ધા જ કયાં રહેવા દીધી છે? પ્રચાર કરી લોકોની શ્રદ્ધા જ તોડી નાખી ને વાહનવ્યવહાર બંધ કરી ઉપરથી ત્રાસ ગુજર્યો પછી ઈશ્વરનો કોપ ઉતરે ને કોલેરા ફાટે એમાં નેપાળી બાબાનો શો દોષ! ખરૂં પૂછો તો અંગ્રેજોના રાજ્યમાંય આવી ડખલ નહોતી!

પણ જુવાને રોકડું જ પરખાવ્યું કે 'સરકાર તો છ મહિના સુધી શાંત હતી પણ જ્યારે એકે દર્દી સાજો ન થયો ને ઉપરથી કોલેરા ફાટયો ત્યારે જ સરકારને માથું મારવું પડયું હતું અને ત્યાં સુધી તો અનેક મોટા માણસોએ પણ એ દવાનો લાભ કયાં નહોતો લીધો! છતાં માની લોકે સરકારની ભૂલ હતી તો સરકારના પ્રધાનકાર્યકર્તાઓ પર નેપાળી બાબાની ખફગી ઉતરવી જોઇતી હતી પણ તમારા જેવા આસ્તિક ભોળા લોકોનો શો દોષ કે એમને ભરખાઈ ગયા! આમ ગરમાગરમ ભજીયાં ઉતરતાં હતાં ત્યાં અમદાવાદનું સ્ટેશન આવ્યું ને પેસેન્જરોની ચડઉતરની ધમાલમાં એ નાટકની પૂર્ણાહુતિ થઇ. સહુના જેમ હું પણ ગાડી છોડી રવાના થયો પણ નેપાળી બાબાનું નાટક મારા મનઃ પ્રદેશમાં ભજવાતું રહ્યું. મને વિચારો આવ્યા કે ખરેખર આ કમભાગી દેશનું કેવું દુર્ભાગ્ય છે કે પારાવાર યાતનાઓ અને ક્રુર હાંસીઓ ઉપરાંત કોઇ કોઇ વાર મૃત્યુના મુખમાં હોમાવા છતાંય સમયે સમયે ઉઠતા આવા તૂતો પાછળ જનતા કેમ ગાંડી બનતી હશે! હિંદમાં દર વર્ષે જેનો છેવટે પરપોટો ફુટી જવાનો છે એવું એકાદ ભુવાનું નાટક ચાલતું હોય છે, કયાંક પાણીની બાટલીનો વેપાર તો વળી કયાંક નવીન જ ફારસ ભજવાતું હોય છે. અને છતાં દરેક નવા તૂતની પાછળ કડવા અનુભવો હોવા છતાંય ભોળા લોકો ફરી એમાં પતંગિયાની જેમ હોમાઇ મરે છે એ ખરેખર આપણા ગાંડપણનો એક ઉત્કૃષ્ટ નમુનો છે. જોકે બિમારી, ગાંડપણ કે એવી જ કોઇ સંસારિક ઉપાધિની અકળામણ, કંઇક પુરૂષાર્થનો અભાવ અને થોડા કષ્ટે સુખ મેળવવાની પ્રલોભનવૃત્તિ આની પાછળ પડેલી હોય જનતા સહેજે જ ભોળવાઇ જતી હશે અને એમ બનવું સ્વાભાવિક પણ છે. પણ જેઓ અધ્યાત્મ માર્ગના પ્રવાસી હોવાનો દાવો કરે છે એવી વ્યકિતઓ પણ જ્યારે પોતાના ઇષ્ટ પ્રત્યે અંધશ્રધ્ધા ધરાવતી બની જાય છે અને એમના નામે ભળતી વાતો જોડી આંજીનાખનારી મોહક ઘટનાઓ દ્વારા જનતાને અવળે પાટે ચઢાવવામાં કારણભૂત બને છે ત્યારે સહેજે જ આવી અંધશ્રધ્ધા, વહેમ, ભોળપણ એ કઇ પ્રકારનો રોગ છે અને તેનું સાચું નિદાન શું હોઇ શકે એ એક કૂટ પ્રશ્ન સમાજ સામે ખડો થઇ જાય છે. વિચાર કરતાં લાગે છે કે માણસને મળેલા સંસ્કારોમાં વારસાગત લોહીનો સંસ્કાર એટલો પ્રબળ હોય છે કે સહેજે જ એ એમાંથી છૂટી શકતો નથી. ઉલટો એ એનો મજબૂત પક્ષ કરે છે. વિશ્વની પ્રાકૃતિક ઘટનાઓથી અજાણ આદિ યુગના માનવીઓએ પ્રકૃતિની ભેદલીલા પાછળ કોઇ અગમ્ય સત્તાના ચમત્કારનો જે સંસ્કાર પોષ્યો અને હજારો સદીઓથી પોષાતો રહી એ વારસાગત બન્યો, એ જ આપણી ચમત્કારપ્રિયતાનું મૂળ કારણ છે, અને એથી જ્યાં સુધી કોઇ પણ બાબતમાં ચમત્કારની કક્ષામાં આવે એવી મોહક ઘટનાનો એમાં ઉમેરો થતો નથી ત્યાં સુધી આપણને ચેન જ પડતું નથી. અને તેથી મૌલિક હોવા છતાંય સીધીસાદી વાત આપણને ગળે જ ઉતરતી નથી. વસ્તુસ્થિતિ આમ હોવા છતાંય જેમ આપણને ચમત્કારપ્રિયતાનો સંસ્કાર મળ્યો છે તેમ કુદરતી ઘટનાનું રહસ્ય ઉકેલવા મથતા પુરૂષાર્થી પૂર્વજોનો વારસો પણ મળ્યો છે. પણ પહેલાની અપેક્ષાએ બીજો સંસ્કાર આપણે પુરો પચાવી શકયા નથી. કારણ એ હતું કે ચમત્કારપ્રિયતાના કારણે બીજા માર્ગના પ્રભાવશાળી પ્રવાસીઓ પર મુગ્ધ બની એમના પુરૂષાર્થનું મહત્વ ગાવામાં જ અને એ રીતે એમના પુરૂષાર્થમાં ચમત્કારનું આરોપણ કરવામાં જ આપણે અટવાઇ ગયા. પણ સ્વયં એ માર્ગે જવા જેટલા વીર્યવાન ન નીવડી શકયા. આમ વધતાઓછા અંશે એક બાજુ ચમત્કારપ્રિયતા અને બીજી બાજુ પુરૂષાર્થ એવી દ્વિધાવૃત્તિમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ, જોકે મુખ્યત્વે આપણો ઝોક ચમત્કાર તરફ વધ્યો છે અને તેથી એને પરિણામે એમાંથી નિષ્પન્ન થતાં વહેમ, ભોળપણ અને અંધશ્રદ્ધા તરફ આપણે ધસડાયા છીએ, છતાં બીજી બાજુ પુરૂષાર્થમાંથી ઉઠતું આત્મવિશ્વાસનું ઝરણું સુકાવા નહોતું દીધું અને એમાંથી જ વ્યાપક અસરો જન્માવી આપણે વહેમ, ભોળપણ અને અંધશ્રદ્ધાની નિર્જળતાઓ પાર કરી સંતના પ્રતાપે આજે આઝાદીની ઉષાનું દર્શન કરી શકયા છીએ. આમ આપણે એક મંજીલ પુરી કરી છે પણ જનતાનો મોટો ભાગ તો આજે પણ પૂર્વરોગથી મુકત નથી અને એથી એ બીજી મંજીલ પર ન આવે ત્યાં સુધી સ્વાતંત્ર્યભાનુનું સાચું દર્શન થવું અશકય છે. આના ઉપાયો વિચારતાં આપણને ત્રણ વિકલ્પો સુઝી આવે છે.

(૧) આવા તૂતોને વેગ આપી જનતાના અંધવિશ્વાસને ફટકો આપવાનો.

(૨) આવા તૂતોની પાછળ રહેલા પોલાણને ઉઘાડું પાડવાનો. અને

(૩) નૂતન પ્રજાને વિશ્વની સહજપણે વર્તતી પ્રાકૃતિક ઘટનાનું શિક્ષક આપી સંસ્કારી બનાવવાનો.

પહેલો વિકલ્પ જોખમી છે. એટલે છેલ્લા બે જ વિકલ્પો રહે છે અને તેમાં પણ આજના ઉછરની પેઢીને વૈજ્ઞાનિક શિક્ષણ આપવાનો સુંદર વિકલ્પ વધારે આદરણીય છે. સુધારકોની સાથે જો શિક્ષકો નવસંસ્કારસિંચનનું કાર્ય ઉપાડી લે તો જનતા મોટે ભાગે વહેમમુકત બની સાચા પુરૂષાર્થ માર્ગ તરફ વળી શકે. મારા શિક્ષક તરીકેના અનુભવથી હું કહું છું કે બાળકો ભૂત-પ્રેત જેવા વહેમો—ચમત્કારો તથા અંધશ્રદ્ધાના ગાઢ સંસ્કારો સ્તનપાન સાથે જ લઇને આવે છે. એથી આવા વહેમો એ કેવળ કલ્પના જ છે એમ કહેનાર શિક્ષકો પર એ પોતાના સમગ્ર જોરથી તૂટી પડે છે. આવે સમયે શિક્ષક જો જાગૃત સંયમી અને ધૈર્યવાન હોય છે તો એ બાળમાનસનું પૃથક્કરણ કરી ધીમે ધીમે એમના માનસમાં નવવિચારો દાખલ કરી શકે છે. હજારો વર્ષથી પોષાતા આ સંસ્કારને ભૂંસી નાખવાનું કામ અત્યન્ત કઠણ તો છે જ, પણ પોતાના ઈંડા બચાવવા મથતી ટીટોડીના જેવો દૃઢ સંકલ્પ હોય તો કશું જ અશકય નથી.

ધર્મગુરૂઓ, શિક્ષકો તથા સમાજના સૂત્રધાર કાર્યકરો પોતે આવા વહેમમાંથી જેટલા વહેલા છૂટશે તેટલો દેશને અને સમાજને એ લાભ આપી જશે, પણ જેઓ પોતે જ આવા વહેમોમાં ફસાયા છે એટલું જ નહી એનો પ્રચાર કરવામાં ગર્વ લે છે તેમણે

વિચારવું જોઇએ કે આ વિશ્વની દરેક ઘટના તેના આંતરનિયમને વશ થઈને જ ચાલે છે. એમાં કદી પણ ફેરફાર થતો જ નથી. શક્તિશાળી આત્માઓ જો તત્ત્વના આ સ્વભાવને ફેરવવા શક્તિમાન હોત તો આ વિશ્વ અવ્યવસ્થા અને અરાજકતાનું ધામ બની નાશ જ પામ્યું હોત પણ એમ કદી બન્યું નથી, બનતું નથી અને બનવાનું પણ નથી. જગતના સર્વ ધર્મો અવતારો, પયગમ્બરો, તીર્થંકરો, બુદ્ધો કે તપસ્વી સંતોનું એક જ શિક્ષણ છે કે પ્રકૃતિની પકડમાંથી છૂટી આત્મસ્વાતંત્ર્યને પ્રાપ્ત કરવા મથો. પણ કોઇએ એમ નથી કહ્યું કે પ્રકૃતિને પલટાવી એમાંથી જ નિર્વાણ નિર્માણ કરો. કારણ એ છે કે પ્રકૃતિના સ્વભાવને ફેરવવા કોઇ જ સમર્થ નથી. પ્રકૃતિ પોતે જ પોતાના સ્વરૂપે સમર્થ શક્તિ છે. એથી ચમત્કાર જેવી કોઇ વસ્તુ જ નથી. પણ ભૂતકાળના માણસોને પ્રકૃતિની જુદી જુદી પ્રક્રિયાઓ વચ્ચેના ક્રમિક સબંધોનું જ્ઞાન નહીં હોવાને કારણે પ્રકૃતિની એક પ્રક્રિયામાંથી બીજી પ્રક્રિયામાં પલટાતા સ્વરૂપને તેઓ ચમત્કાર કહેતા. એમને મન એ ઘટના મોહક અને આકર્ષક હતી. આથી દરેક વસ્તુમાં મોહક અને આકર્ષક તત્ત્વ જોવા અને શોધવા ટેવાયેલી આપણી દૃષ્ટિ આપણા પૂર્વજોના સંસ્કારનું જ કારણ છે. એથી આજના આ વિકસતા વિજ્ઞાનયુગમાં જ્યારે પ્રકૃતિના ગહન તત્ત્વો અને તેમની ભિન્ન ભિન્ન પ્રક્રિયા વચ્ચેના ક્રમિક સંબંધોના જ્ઞાન પર પ્રકાશ પથરાઇ રહ્યો છે અને જેને પરિણામે આજે ઉત્કૃષ્ટ ચમત્કારમાં ખપતી તાર, ટેલીફોન, વિદ્યુત, વાયુયાન, રેડિયો, સિનેમા આદિ જેવી અદ્‌ભુત શોધો સામાન્ય માનવને પણ પ્રત્યક્ષ અનુભવની કસોટીએ ચડાવવા જેટલી સહજસુલભ બની રહી છે ત્યારે એનો ગૂઢ ભેદ પ્રકટ થઈ જવાથી આપણને સંતોષ થતો નથી. આપણું માનસ જ એવું ઘડાયું છે કે ગૂઢતામાં જ આપણને મહત્ત્વ લાગે છે, એથી જ્યાં સુધી એ ગૂઢતા પર પડદો હતો, આપણું અજ્ઞાન હતું ત્યાંસુધી આજની શોધો મહાન ચમત્કારમાં ખપતી અને તેથી ભોળા લોકો એક કાળે રેલ્વેએંજીન જેવી વસ્તુને ફુલના હાર પહેરાવતા, શ્રીફળ વધેરતા અને અંગ્રેજોની ચમત્કારશક્તિના ગુણગાન કરતા. પણ જ્યારે આજે પ્રકૃતિના ગૂઢ ભેદો ઉપરથી પડદો ખસી ગયો છે ત્યારે આપણે એ જ વિજ્ઞાનના દુશ્મન બની બેઠા છીએ. એ બતાવે છે કે પ્રકૃતિના ગૂઢ ભેદોને ચમત્કાર કહી આપણે ધર્મનું અંગ માનીએ છીએ અને જ્યારે એના પરથી પડદો હટી જાય છે ત્યારે આપણે એને વિજ્ઞાન કહી ધર્મના શત્રુ કહીએ છીએ.

એનો અર્થ તો એ થયો કે પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ વચ્ચેના સબંધનું જ્ઞાન એ વિજ્ઞાન છે અને એનું અજ્ઞાન વર્તે ત્યાં સુધી એ ચમત્કાર છે. જો આ માન્યતા બરોબર હોય તો તેથી ચમત્કાર એ ધર્મનું અંગ કહેવાય ખરું ! પણ ધર્મજીજ્ઞાસુ —ધર્મનિષ્ઠ ગણાતા ભોળા લોકોની 'જેનો ચમત્કાર મોટો એ દેવ મોટો' અને 'ચમત્કાર ત્યાં નમસ્કાર' એવી માન્યતા હોઇ આપણે આપણા મંદિરો–દેવો, સંતો, ચરિત્રો, કથાનકો તેમજ ધર્મમાન્યતાઓ વિ.ને ચમત્કારના એવા ઘેરા રંગે રંગી દીધાં છે કે એ ચમત્કારની સિફારસ વિના આજે એમને એમના મૂળરૂપમાં ઓળખવા પણ મુશ્કેલ થઇ પડે. અનંતશક્તિશાળી દિવ્યાત્માઓની લોકોત્તર મહામાનવતાને પણ આ જ કારણે ચમત્કારના લૌકિક ગજે માપવાનું ધોરણ રાખી આપણે એમને લોકોત્તર પદેથી નીચે ઉતાર્યા છે. આ સર્વવ્યાપી રોગના ઝપાટામાંથી ભારતનું ભાગ્યેજ કોઇ મંદિર દેવ કે સંત મુક્ત રહી શક્યો હશે. સંતોના ચરિત્રો વાંચો, દેવનો મહિમા ગાઓ કે મંદિરની મહત્તાનું શ્રવણ કરો, એની આજુબાજુ બુદ્ધિ–તર્કમાં ન ઉતરતી હજારો કાલ્પનિક વાતો જોડાયેલી હશે, એટલું જ નહીં આજ પણ એમાં ઉમેરો થયા કરે છે ને એમને નામે નવી નવી વાતો વહેતી કરવામાં આવે છે. જ્યારે વાસ્તવિકતાઓ તો એમાં કશું જ ચમત્કાર જેવું હોતું નથી. અને જ્યાં ચમત્કાર જેવું કંઇક સમજાય છે ત્યાં પણ દૃઢશ્રધ્ધા, સંકલ્પબળ, સાહસ કે પુરૂષાર્થને કારણે પલટાયેલી પરિસ્થિતિનું જ ફળ હોય છે. ઘણીવાર તો નિર્બળ મનની કેવળ ભ્રાન્તિ જ હોય છે.

પણ આવે સમયે ચમત્કારપ્રિય માનસનો, ઉસ્તાદ ખેલાડીઓ કાલ્પનિક વાતો કે કંઇક કરામત દ્વારા પુરો લાભ ઉઠાવી જાય છે અને સાથે પોતાના તૂતમાં અવાજ પુરનાર સંઘબળ પણ જમાવી લે છે અને ભોળા લોકો પણ એને ધર્મનું અંગ માની તેમજ આધ્યાત્મિકતાની કસોટી માની એથી ધર્મરક્ષા થઇ માની લે છે પણ જ્યારે એથી કોઇ વિશેષ ચમત્કાર બતાવનાર મળી આવે છે. ત્યારે એને ચરણે પોતાનો પ્રિય ધર્મ વારસો મૂકી દેતાંય એ અચકાયા નથી. જેના દૃષ્ટાંતો દરેક સંપ્રદાયમાંથી ઢગલાબંધ મળી આવે તેમ છે; જેનો કોઇ વિચાર જ કરતું નથી.

આથી જણાય છે કે ચમત્કાર એ જાદુનો પ્રયોગ હતો, ધર્મ નહીં. ધર્મ તો હૃદયની વસ્તુ છે જ્યારે જાદુગરી એ બાહ્ય આકર્ષણ છે અને તે પણ વિશ્વનિયમને સુસંગત રહીને જ ચાલે છે. એથી જો સમાજધડવૈયાઓ વિચારે તો જણાશે કે કોઇ પ્રસંગમાં ચમત્કારથી અલ્પ લાભ થયો હશે પણ સરવાળે તો એમાંથી ઉદ્‌ભવેલાં વહેમ, પાખંડ, ભોળપણ અને અંધશ્રધ્ધા તેમજ આત્મવિશ્વાસનો અભાવ જેવા તત્ત્વોથી પોષાયેલો સમાજ અધોગતિની ખાઇમાં ઉતરી ગયો છે. છેલ્લા દોઢ બે હજાર વર્ષનો ગુલામ ભારતનો ઇતિહાસ આવી અનેક લાચાર કથાઓથી ભર્યો પડયો છે. ગુલામીનું કારણ પણ એ જ હતું.

ઇતિહાસના પૃષ્ઠો ફેરવતાં જણાય છે કે મહમદ કાસમની સરદારી તળે ભારતમાં પ્રથમ પગ મુકનાર આરબ મુસ્લીમો સામે આર્ય પ્રજાએ લગભગ વિજયમાળ પહેરવા સુધીનું રણકૌશલ્ય બતાવ્યું હતું પણ પત્થરના ગોળા ફેંકી મુખ્ય મંદિરની પતાકા જ્યારે આરબોએ તોડી પાડી ત્યારે દેશભક્તિ અને શૌર્ય દાખવવાને બદલે ચમત્કારપ્રિય સિંધિઓ દેવથી નિરાશ થઇ નાઠા ને દેશ ગુલામ બન્યો. તેવી જ રીતે રાણા સંગના વહેમી સૈન્ય સામે એવો જ જબરો વહેમ ઉભો કરી બાબરે જે વિજય પ્રાપ્ત કરેલો એ તો આજનો ભણતો બાળક પણ જાણે છે. દેવ દુશ્મનને ભગાડી મૂકશે, આક્રમણખોરને આંધળા બનાવશે એવી અંધશ્રદ્ધા અને વહેમથી આત્મવિશ્વાસ ભારતીઓમાં ન જાગ્યો તે ન જ જાગ્યો. સિંધના શુમરા હિંદુ રાજાઓને તો આ જ કારણે મુસ્લીમ થવું પડેલું અને ત્યાર પછી જ એ સદા વિજયી બનતા રહેલા. આમ ભારતનો મધ્યયુગી ઇતિહાસ આવી અનેક મૂર્ખતાઓ અને જડતાની કથાઓથી ભરેલો છે. ધર્મને લીધે આપણે જેટલું પ્રાપ્ત નથી કર્યું એથી અનેકગણું આવી માનસિક દુર્બળતાઓથી આપણે ગુમાવ્યું છે. એથી જો આજના હિંદને દૃષ્ટિ-સ્વાસ્થ્ય બક્ષી આપણે સશક્ત, નીડર અને તેજસ્વી બનાવવું હોય તો આપણી સાની ફરજ છે કે આપણે જેમ બને તેમ વહેલા આવા વહેમોથી મુક્ત બની નવપ્રજાને પણ તેવું જ શિક્ષણ આપવું રહ્યું. ધર્મોપદેશકો તેમ જ એવી વિચારસરણી ધરાવનારાઓ એનો સખ્ત પ્રતિકાર કરશે, પણ એવો પ્રતિકાર તો એક કાળે યુરોપાદિ દેશોમાં પણ કંઇ ઓછો નહોતો થયો. પણ આજે જગત સાચી વાતનો સ્વીકાર કરવા જેટલું જાગૃત થઇ રહ્યું છે ત્યારે આપણો–ધર્મવારસો મેળવ્યાનો ગર્વ કરનાર ભારત જે દેશે મહાવીર–બુદ્ધ–ગાંધી જેવા અણમોલ માનવરત્નો પેદા કર્યા છે તેની–જવાબદારી ખૂબ વધી જાય છે. અને જ્યારે એવો સુભગ દિવસ ઉગશે ત્યારે જ નવભારતની પ્રતિભા ઝીલી જગત પણ શાંતિને માર્ગે વળવા જેટલું એને અનુસરી શકશે.

રતિલાલ મફાભાઇ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ યુવક જૈન સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧

મુંબઈ : ૧ મે ૧૯૫૧ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ભગવાન મહાવીરની તપસ્યા

[શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલકૃત શ્રી મહાવીર કથામાંથી સાભાર ઉધ્ધૃત]

સૂત્રકારોએ મહાવીરની છદ્મસ્થાવસ્થાની એ આખી તપસ્યાનું સળંગ વર્ણન આચારાંગ સૂત્રમાં સંધ્યું છે. તે રોમાંચકારી વર્ણન સાંભળી આપણે પાવન થઇએ.

" હે આયુષ્યમાન જંબુ ! શ્રી મહાવીર ભગવાનની તપશ્ચર્યાનું વર્ણન મેં જેમ સાંભળ્યું છે, તેમ તને કહી સંભળાવું છું. તે શ્રમણ ભગવાને ઉદ્યમવંત થઇ, સંસારનાં દુઃખ સમજી, પ્રવ્રજ્યા લીધી, અને તે જ દિવસે હેમંત ઋતુની કડકડતી ઠંડીમાં તે બહાર ચાલી નીકળ્યા. તે ઠંડીમાં વસ્ત્રથી શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો, અને જીવનપર્યંત કઠણમાં કઠણ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવનાર ભગવાન માટે તે ઉચિત જ હતું. (૧-૨)

" અરણ્યમાં વિહરતા ભગવાનને [તેમના દીક્ષાભિષેક વખતે તેમના ઉપરે સીંચવામાં આવેલાં ગંધાદિને કારણે આકર્ષાયેલાં]* નાનાં મોટાં અનેક જંતુઓએ ચાર મહિના સુધી ઘણો ત્રાસ આપ્યો અને એમનો લોહી-માંસ ચૂસ્યાં. (૩)

" તેર મહિના સુધી ભગવાને વસ્ત્રને ખભા ઉપર જ રાખી મૂક્યું. પછી બીજે વર્ષે શિશિર ઋતુ અડધી વ્યતીત થતાં તેને છોડીને ભગવાન સંપૂર્ણ ' અચેલક '–વસ્ત્રરહિત થયા. [૪, ૨૨]

" વસ્ત્ર ન હોવા છતાં તથા સખત ટાઢમાં તે હાથ લાંબા રાખીને ધ્યાન કરતા. ટાઢને કારણે કોઇ દિવસ તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. કોઇ કોઇ વાર શિયાળામાં તે છાયામાં જ બેસીને ધ્યાન ધરતા, અને ઉનાળામાં તાપમાં જ ખુલ્લે ડિલે ઉભડક બેસી ધ્યાન ધરતા. [૨૨, ૧૬-૭]

" તે વખતે શિશિર ઋતુના હિમાળુ વાયરા વાવાને લીધે અનેક લોકો કંપ્યા જ કરતા અને કેટલાયે સાધુઓ તે પવનોના ઉપદ્રવ વિનાનાં સ્થાન શોધવા લાગતા. કેટલાક કપડાં પહેરવાનો વિચાર કરતા, તો કેટલાક તાપણીઓ સળગાવતા. પરંતુ જિતેંદ્રિય અને આકાંક્ષા વિનાના મહાવીર ભગવાન તો એ શીતને ખુલ્લામાં રહીને જ સહી લેતા. કોઇ વાર ઠંડી અસહ્ય થઇ પડે, ત્યારે ભગવાન સાવધાનપણે રાત્રે જરા નીકળી થોડું ચાલતા. [૬-૮]

" વસ્ત્ર વિનાના હોવાથી ટાઢ-તાપના તીવ્ર સ્પર્શો ઉપરાંત તૃણના કઠોર સ્પર્શો, તથા ડાંસ-મચ્છરના સ્પર્શો ભગવાને સમપણે સહ્યા હતા. [૪૦]

" રસ્તે ચાલતાં ભગવાન આગળ આગળ પુરુષની લંબાઇ જેટલા માર્ગ ઉપર દૃષ્ટિ રાખીને, આડુ અવળું જોયા વિના સાવધાનીથી ચાલતા; કોઇ બોલાવે તો ઘણું ઓછું બોલતા અને દૃષ્ટિ સ્થિર કરીને અંતર્મુખ રહેતા. તેમને આવા નગ્ન જોઇને તથા તેમનાં તિરસ્કાર નેત્રોથી ભય પામતાં છોકરાં ટોળે વળી, તેમને મારતાં મારતાં રડી નાખતાં. [૫, ૨૧]

" કોઇ વાર ભગવાન ઉજ્જડ ઘરો, સભાસ્થાનો, પરબો અને હાટડાં એવાં સ્થાનોમાં રહેતા, તો કોઇ વાર લુહારની કોઢોમાં કે પરાળના ઢગલાઓ પાસે, તો કોઇ વાર ધર્મશાળાઓમાં, બગીચાઓમાં, ઘરોમાં કે નગરોમાં રહેતા હતા. આ રીતે એ શ્રમણે બાર વર્ષ કરતાં વધુ સમય વિતાવ્યો. તે વર્ષો દરમ્યાન રાત-દિવસ યત્નવાન રહીને ભગવાન અપ્રમત્તપણે સમાધિપૂર્વક ધ્યાન કરતા, પૂરી ઊંઘ પણ ન લેતા; ઊંઘ આવતાં, ઊઠીને આત્માને જાગ્રત કરતા. કોઇ વાર તે આડે પડખે થતા, પણ તે નિદ્રાની ઇચ્છાથી નહીં. કદાચિત્ નિદ્રા આવતી, તો તેને પ્રમાદ વધારનારી સમજી, ભગવાન ઊઠીને તેને દૂર કરતા, કોઇ વાર મુહૂર્ત સુધી રાત્રે ચંક્રમણ કરતા. [૨૪-૯]

" તે રહેઠાણોમાં ભગવાનને અનેક પ્રકારનાં ભયંકર સંકટો વેઠવાં પડ્યાં. તે સ્થળમાં રહેનારાં જીવજંતુઓ કે પંખીઓ તો તેમને ઉપદ્રવ કરતાં જ; પરંતુ હલકા મનુષ્યો દ્વારા પણ તેમને ઘણો ત્રાસ વેઠવો પડ્યો હતો. કોઇ વાર ગામના રખવાળો હાથમાં હથિયાર લઇ ભગવાનને એકલા જાણીને હેરાન કરતાં. રાત્રે એકલા ફરનારા લોકો ને તે સ્થાનોમાં એકલા રહેલા ભગવાનને અનેક પ્રશ્નો પૂછતા. જ્યારે ભગવાન કશો જવાબ ન આપતા, ત્યારે તેઓ ભગવાન ઉપર ચિડાઇ જતા. કોઇ એમ પૂછે કે, ' વચ્ચે આ કોણ છે ? ' તો ' હું ભિક્ષુ છું,' એમ ભગવાન કહેતા. તેથી વધારે નહીં બોલતા ભગવાન ઉપર તેઓ ગુસ્સે થઇ જતા; તો પણ ભગવાન સમભાવથી ધ્યાન જ કર્યા કરતા. [૩૦-૧, ૩૪-૫]

" જ્યાં બીજા અનેક લોકોનો ઉતારો હોય, એવાં સ્થાનોમાં રહેતી વખતે ભગવાન સ્ત્રીઓ સામે નજર પણ ન કરતા, પરંતુ અંતર્મુખ રહીને ધ્યાન ધરતા. પુરુષો સાથે પણ તેઓ કશો સંબંધ ન રાખતા. કોઇ પૂછે તો તેનો જવાબ નહોતા આપતા. કોઇ પ્રણામ કરે, તો પણ તેના તરફ નજર નહોતા કરતા. એવે વખતે તેમને નિષ્પુણ્ય મનુષ્ય દ્વારા મારનો તેમજ ત્રાસ પડતો. તે બધું તે સમભાવે સહેતા. તે જ પ્રમાણે આખ્યાનો, નાટકો, ગીતો, દંડયુદ્ધો અને મુષ્ટિયુદ્ધો તથા પરસ્પર કથામાં લીન થયેલા મનુષ્યો તરફ પણ કશી ઉત્સુકતા રાખ્યા વિના તે શોકરહિત જ્ઞાતપુત્ર મધ્યસ્થ દૃષ્ટિ રાખતા. સહી ન શકાય એવાં દુઃખો વટાવીને પરાક્રમ કરતા તે મુનિ સર્વત્ર સમભાવે રહેતા; તથા એ મોટાં સંકટો પાર કરતી વેળા કોઇનું શરણ ન શોધતા. [૬, ૧૦]

" દીક્ષા લેતાં પહેલાં પણ બે વર્ષ કરતાં વધારે વખતથી તેમણે ઠંડું પાણી પીવાનું છોડી દીધું હતું. પૃથ્વી, પાણી, તેજ, વાયુ, સેવાળ, બીયાં, વનસ્પતિઓ અને ત્રસ (જંગમ) પ્રાણો સચિત્ત છે એમ સમજી તેમને બચાવીને ભગવાન વિહાર કરતા હતા. [૧૧]

"ભગવાને પોતાને માટે તૈયાર કરેલું ભોજન કદી સેવ્યું નથી. કારણ કે, તેમ કરવામાં ભગવાન કર્મનો બંધ સમજતા. પાપકર્મ માત્રનો ત્યાગ કરતા ભગવાન નિર્દોષ ખાનપાન મેળવીને જ તેનો ઉપયોગ કરતા. તે કદી બીજાના પાત્રમાં ભોજન ન કરતા, કે બીજાના વસ્ત્રનો ઉપયોગ ન કરતા. માનાપમાનનો ત્યાગ કરીને કોઇનું શરણ ન ઇચ્છતા ભગવાન ભિક્ષા માટે ફરતા. [૧૮–૯]

"ભગવાન ખાનપાનનું માપ બરાબર સમજતા હતા. તે રસોમાં કદી લલચાતા નહીં, તથા તેમની આકાંક્ષા કરતા નહીં. ચોખા, સાથવો (મંથુ) અને બીચડી લૂખાં ખાઇને જ તે નિર્વાહ કરતા. ભગવાને આઠ મહિના સુધી તો એ ત્રણ વસ્તુઓથી જ ચલાવેલું. ભગવાન અડધા મહિના કે મહિના સુધી પાણી પણ ન પીતા. તે રીતે બે મહિના કે છ મહિના સુધી પણ વિહાર કરતા. હંમેશાં આકાંક્ષા વિનાના તે ભગવાન કોઇવાર ટાઢું અન્ન ખાતા; તો કોઇ વાર છ, આઠ, દશ કે બાર ટંકો પછી જ ખાતા. [૫૮–૬૦]

"ગામ કે નગરમાં જઇને બીજાને માટે તૈયાર થયેલો આહાર તે સાવધાનપણે શોધતા. આહાર લેવા જવાના માર્ગમાં ભૂખ્યાં તેમ જ તરસ્યાં કાગડા વગેરે પક્ષીઓને બેઠેલાં જોઇને, તેમ જ બ્રાહ્મણ, શ્રમણ, ભિખારી, અતિથિ, ચંડાળ, બિલાડો કે કૂતરો, એ બધાંને કોઇ ઘર આગળ ઊભેલાં જોઇને, તેમને આહાર મેળવવામાં વાંધો ન આવે, તેમ જ તેમને અપ્રીતિ ન થાય તે રીતે ભગવાન ત્યાંથી ધીરેધીરે ચાલ્યા જતા અને બીજે ઠેકાણે અહિંસાપૂર્વક ભિક્ષાની શોધ કરતા. કોઇ વાર પલાળેલો, સૂકો કે ઠંડો આહાર લેતા; ઘણા દિવસની બીચડી, બુક્કસ (બાકળા.) અને પુલાવ (જવનો ભાત) પણ લેતા. એવું પણ ન મળે, તો ભગવાન શાંતભાવે રહેતા. (૬૨–૭)

" ભગવાન રોગથી અસ્પૃષ્ટ છતાં પેટ ઊણું રાખીને જમતા, અને કદી ઔષધ ન લેતા. શરીરનું સ્વરૂપ સમજીને ભગવાન તેની શુદ્ધિ અર્થે સંશોધન (જુલાબ), વમન, વિલેપન, સ્નાન અને દંતપ્રક્ષાલન ન કરતા. તેમ શરીરના આરામ માટે ચંપી પણ ન કરાવતા. [૫૪–૫]

" આમ કામસુખોથી વિરત થયેલા એ અબહુવાદી 'બ્રાહ્મણ' વિહરતા હતા. તેમણે કષાયોની જ્વાળા શાંત કરી હતી અને તેમનું દર્શન વિશદ હતું. પોતાની સાધનામાં તે એટલા બધા નિમગ્ન હતા, કે તેમણે આંખ પણ કદી ચોળી નથી, કે શરીરને ખંજવાળ્યું નથી. રતિ તથા અરતિનો પરાજય કરી, તેમણે આ લોકનાં તથા દેવ–યક્ષ વગેરેનાં અનેક ભયંકર સંકટો, તથા અનેક પ્રકારના શબ્દો અને ગંધો સમભાવે સહન કર્યા. [૫૬, ૧૧, ૨૦, ૩૨–૩]

" ચાંચલ્યરહિતપણે ભગવાન અનેક પ્રકારનાં આસનોએ સ્થિત થઇ ધ્યાન ધરતા અને સમાધિદક્ષ તથા આકાંક્ષા વિનાના થઇને તે ઉર્ધ્વ, અધો અને તિર્યગ્ લોકનો વિચાર કરતા. કષાય વિનાના, લાલચ વિનાના, શબ્દ અને રૂપમાં મૂર્છા વિનાના, તથા સાધક દશામાં પરાક્રમ કરતા તે ભગવાન જરા પણ પ્રમાદ ન કરતા. તે પોતાની મેળે સંસારનું સ્વરૂપ સમજીને આત્મશુદ્ધિમાં સાવધાન રહેતા હતા. [૬૭–૯] "

* * *

ભગવાન મહાવીરનું જીવનદર્શન

(શ્રી. ગોપાળદાસ જીવાભાઇ પટેલકૃત શ્રી મહાવીર કથામાંથી સાભાર ઉધ્ધૃત.)

હિંદુ ધર્મના વેદાંતદર્શનનું મુખ્ય સૂત્ર જેમ અજ્ઞાનનિવારણ છે, બૌદ્ધધર્મનું જેમ તૃષ્ણાનિવારણ છે, તેમ જૈનધર્મનું હિંસાનિવારણ છે. વેદાંતદર્શન માણસના જ્ઞાનસ્વરૂપ ઉપર આધાર રાખી કહે છે કે, અજ્ઞાનમાં શા માટે સબડો છો ? બૌધ્ધદર્શન માણસના સાચા નિર્વાણસ્વરૂપ ઉપર આધાર રાખી કહે છે કે, તૃષ્ણાથી શા માટે દાઝયા કરો છો ? ત્યારે જૈનદર્શન સર્વ આત્માઓની એકતા તો નહીં પણ સમતાના રોજિંદા અનુભવ ઉપર આધાર રાખી કહે છે કે, અન્ય જીવની હિંસા શા માટે કરો છો ? વેદાંતદર્શન એમ માને છે કે, માણસ સ્વભાવે ચિતસ્વરૂપ હોઇ, અજ્ઞાનનિવારણ પસંદ નહીં કરે; બૌદ્ધદર્શન એમ માને છે કે માણસ નિર્વાણસ્વરૂપ હોઇ તૃષ્ણાનું શલ્ય પસંદ નહીં કરે; અને જૈનદર્શન એમ માને છે કે, ' પોતાના જેવા જ બીજા જીવો પણ છે ' એ સાહજિક અનુભવથી માણસ બીજાની હિંસા કરવાનું પસંદ નહીં કરે. અલબત્ત, ત્રણેનું લક્ષ્ય એક જ છે–જન્મમરણનો ત્યાગ : પણ ' અપીલ ' જુદી છે. સહેજ વિચાર કરીશું તો જણાશે કે મહાવીરની 'અપીલ' પણ સમજાય તેવી સુસંગત છે. હું સુખ માટે આટલો પ્રયત્ન કર્યા કરું છું, અને તે દરમિયાન મારા જેવા બીજા જીવો મને દુઃખ દઇ કે મારી નાખી, મારો પ્રયત્ન વંધ્ય કરી મૂકે એ જેમ હું પસંદ ન કરું, તેમ બીજા જીવો પણ મારા દ્વારા થતી તેવી બાધા કેમ પસંદ કરે? માટે મારી સુખની શોધ એવી તો ન જ હોવી જોઇએ કે જેથી બીજા જીવોની સુખની શોધમાં બાધાકારક નીવડે. પરંતુ મારા સુખ માટેના આરંભમાત્ર કોઇ ને કોઇ રીતે અન્ય જીવોની હિંસામાં પરિણમે જ છે; કારણ કે શરીરનું અસ્તિત્વ પોતે જ અન્ય જીવોની હિંસા વિના શક્ય નથી. એટલે શરીરને રાખી તેના સુખ માટે હું કોઇ પણ પ્રયત્ન એવો નથી કરી શકવાનો કે જે સંપૂર્ણ રીતે અહિંસક હોય. વળી હિંસક પ્રયત્ન દ્વારા આત્યંતિક સુખ પ્રાપ્ત થવાની કોઇ સૂરત પણ દેખાતી નથી; કારણ કે, હું જેમ મારા સુખ માટે બીજા જીવોની હિંસા કરવા ઇચ્છું, તેમ તે બીજા જીવો પણ પોતાના સુખ માટે મારી હિંસા કરવા ઇચ્છે જ. એટલે મનુષ્યની શોધનો વિષય વસ્તુતાએ અહિંસક સુખની શોધનો બની જાય છે; બીજા શબ્દોમાં કહીએ તો અશરીરી સુખની શોધનો બની જાય છે. શરીરવિહીન અવસ્થા જો શક્ય હોય, અને તે આત્યંતિક સુખની પણ અવસ્થા હોય, તો જૈનદૃષ્ટિએ માનવ પ્રાણીની આખીયે શોધનો છેડો મળી જાય. અને નવાઇની વાત એ છે કે, તે મુદ્દા ઉપર જ હિંદુ, બૌદ્ધ તેમજ જૈન ત્રણે દર્શનોની શોધ પૂરી થાય છે. વેદાંત પણ કહે છે કે, શરીરરહિત આત્મસ્વરૂપે સ્થિતિ તે સત્–ચિત્–આનંદની સ્થિતિ છે. બૌદ્ધ દર્શન પણ કહે છે કે, એ શરીરરહિત સ્થિતિ નિર્વાણ અથવા પરમ શાંતિની સ્થિતિ છે; અને જૈનદર્શન પણ કહે છે કે, એ શરીરરહિત અહિંસક સ્થિતિ સાચા સુખની સ્થિતિ છે.

સામાન્ય માનવી થોડો વિચાર કરતો થાય તો કેવું સારું ?

(ભારતજ્યોતિમાં પ્રગટ થયેલ શ્રી આદમના એક અંગ્રેજી લેખનો અનુવાદ).

શા માટે સામાન્ય માનવી વધુ વિચારતો નથી થતો ? ઇશુ ખ્રિસ્તથી ચારસો વર્ષ પહેલાં પ્લેટોએ સામાન્ય માનવીને કહ્યું હતું કે : "તમે સહી રહ્યાં છો. તેમાંના ઘણાં ખરાં સામાજિક અને રાજકીય દુઃખો તમારા જ કાબુમાં છે. એ માટે જરૂર છે માત્ર એને ફેરવવાના નિશ્ચયબળ અને હિમ્મતની–જો તમે પુરતું વિચારીને તે અમલમાં મૂકવાનું નક્કી કરો તો તમે અવશ્ય નવી અને વધુ ઉન્નતપણભરી રીતે જીવન જીવી શકો. તમને તમારી શક્તિઓનો ખરો ખ્યાલ જ નથી."

વિચાર કરવા જ ન માંગતા સામાન્ય માનવીની આ અસામાન્ય હકીકત પર ચિંતન કરીને તત્ત્વજ્ઞાનીઓ જણાવે છે કે એને જાતે વિચાર કરવા જ ન દે એટલી બધી એનામાં આળસ ભરી

(અનુસંધાન પૃષ્ઠ ૮ જુઓ)

ભારત જૈન મહામંડલનું અધિવેશન

કોઇ પણ પ્રકારના વિશેષ આડંબર વિના ભારત જૈન મહામંડળનું અધિવેશન ગ્વાલિયરના પરા મુરારમાં તા. ૧૭-૧૮ એપ્રિલના દિવસોમાં થયું. મંડલ ચારે જૈન ફિરકાની સંસ્થા છે, અને તેનું ધ્યેય જૈનોના બધા સંપ્રદાયોમાં મેળ કરવો એ છે. પચાસથી વધારે વર્ષ તેને સ્થપાયા થઈ ગયા. અને શ્રી વાડીલાલ મોતીલાલ શાહ જેવાઓએ તે સંસ્થાનું અધ્યક્ષપદ શોભાવ્યું છે. પણ તેને જીવતું રાખ્યું છે માત્ર એક જ વ્યક્તિએ અને તે શ્રી ચિરંજીલાલજી વડજાત્યે છે. તેના સંચાલનનો ભાર જ્યારથી શ્રી ઋષભદાસ સંઘવીએ લીધો છે ત્યારથી તેમાં નવું જીવન આવવા લાગ્યું છે. આ છેલ્લા વર્ષના અધિવેશનના પ્રમુખ હતા શ્રી શાંતિપ્રસાદ જૈન. એ મંડળમાં અધ્યક્ષ સિવાય એક કાર્યાધ્યક્ષ પણ છે, જે છેલ્લા કેટલાક વર્ષથી શ્રી રાજમલજી લલવાણી છે. માત્ર જૈનોનો જ નહીં પણ આનદેશની સમસ્ત પ્રજાને સર્વ પ્રકારે ઉત્કર્ષ કેમ થાય અને વિશેષે કરી વ્યાપારી તેમાં શું કરી શકે તેનો નમુનો શ્રી રાજમલજી પોતાની રમુજી વાણીદ્વારા જ નહીં પણ કાર્યદ્વારા પણ આપી રહ્યા છે. આટલા ઉત્સાહી સજ્જનોએ મળીને મંડળને નવું જીવન આપ્યું છે.

મંડળના અધિવેશનની વિશેષતા તેના પ્રસ્તાવોમાં છે. પ્રસ્તાવોની લાંબી હારમાળા તો કોઇ પણ અધિવેશનના ફળરૂપે હોવી જ જોઇએ એ માન્યતાનો ત્યાગ કરીને માત્ર બેચાર ઉપયોગી ઠરાવો કરવાનું ધ્યેય મંડળના અધિકારીઓએ રાખ્યું હતું. અને તેમ કરી અધિવેશનમાં ઉપસ્થિત ભાઇઓનો સમય બચાવવા સાથે બીજાં મંડળો માટે પણ આદર્શ ઉપસ્થિત કર્યો હતો. મોટું નામ, મોટા કામની જાહેરાત, લાંબા ઠરાવો વગેરેનો આડંબર કરીને પછી નિરાંતે સૌ સૌના ઘરે પહોંચી જવું અને ઠરાવોના પાલન માટે કશું જ ન કરવું એ હવે સામાન્ય રીતે મોટા ગણાતા મંડળોનો શિરસ્તો થઇ ગયો છે. તેથી વિરુદ્ધ માત્ર ચાર જ ઉપયોગી પ્રસ્તાવ મંડળે કર્યા અને તે પણ શબ્દાડંબરથી શૂન્ય. તેમાં જૈનોની સામુહિક પ્રાર્થનારૂપે નવકારમંત્ર અને ચત્તારિમંગલના સ્વીકારનો, સર્વ સંપ્રદાયના સાધુઓને ભેદભાવ વિના આહાર અને નિવાસ આપવાનો, જૈન બોર્ડિંગ અને સ્કોલરશીપોને અસાંપ્રદાયિક બનાવવાનો અને વ્યક્તિએ પોતાથી બનતી સેવા કરવાનો.

મંડળ અખિલભારતીય છે, ચારે ફિરકાનું છે, પણ શક્તિ તેની પરિમિત છે. પ્રચાર તો તેથી પણ અત્યલ્પ છે. એ ધ્યાનમાં રાખીને જ તીર્થોના ઝગડા વિષે મંડળે કોઇ પણ ઠરાવ કર્યો નથી. માત્ર ઉપરના ચાર ઠરાવો કર્યા છે. સામાન્ય વાચનારને તેમાં મહત્ત્વ જેવું કશું નહીં લાગે અને સાવ નજીવી વાતો ઉપર મંડળે ભાર આપ્યો છે તેમ લાગશે. પરંતુ મંડળ માને છે કે પ્રસ્તાવોનો અમલ કરવો જ હોય તો શક્તિ અનુસાર જ કાર્ય કરવાનો નિર્ણય કરવો જોઇએ. તીર્થોના ઝગડા ખતમ કરવા માટે પ્રથમ મંડળનું બળ વધારવું જોઇએ, જનતાનો સહકાર મેળવવો જોઇએ. એ બધું હજુ મંડળ પાસે નથી એટલે જે વસ્તુ થઇ શકે તેવી છે તે વિષે જ ઠરાવો કર્યા છે!

મંડળના મુખ્ય કાર્યકર્તાઓએ અખિલ ભારતનો પ્રવાસ કરવાનો નિર્ણય કર્યો છે. આથી મંડળના ઉદ્દેશોનો પ્રચાર કરવામાં, કરેલા ઠરાવો પ્રમાણે જૈનોને પ્રેરણા આપવામાં અને મંડળનું બળ વધારવામાં ભારે મદદ મળશે. હાલ તુરત મંડળ પોતાની ઓફિસ માટે કે પ્રવાસના ખર્ચ માટે કે ઉદ્દેશોની પૂર્તિ માટે કશો જ ફંડફાળો કરવાનો ઇરાદો ધરાવતું નથી. માત્ર મંડળનો સંદેશ સર્વત્ર ગૂંજતો કરવો એ એક જ ઉદ્દેશને લક્ષમાં મંડળના કાર્યકરો પોતાના ખર્ચે પ્રવાસ ખેડશે. ખાવા-પીવાની સામગ્રી પણ પોતાની જ સાથે રાખશે જેથી કમાંડ પણ તેઓ બોજારૂપ ન થઇ પડે અને ફંડફાળાથી ગભરાતા લોકો પણ તેમને સાભળવા ઉત્સુક રહે. જ્યાં જ્યાં જૈન બોર્ડિંગો ચાલે છે કે સ્કોલરશીપના ફંડો છે તેના કાર્યકર્તાઓને મળીને તેઓ તેમને સમજાવવાનો પ્રયત્ન કરશે કે તે તે બોર્ડિંગો અને સ્કોલરશીપો જૈનોના બધા ફિરકાને માટે ખુલ્લી રહેવી જોઇએ. સાંપ્રદાયિક કદાગ્રહને કારણે જૈન સાધુઓના વિરોધી સંપ્રદાયવાળા જે અનાદર કરે છે તેને આદરમાં પરિણત કરવા માટે લોકોને સમજાવશે અને સાંપ્રદાયિક વિરોધ ઠાળવો કરવા અને બધા જૈનોમાં ભાઇચારાની લાગણી વધારવા માટે લોકોને ઉપદેશ આપશે. આ પ્રમાણે તેઓ જૈન સમાજના સીધા સંપર્કમાં આવવા માગે છે અને એવી ભૂમિકા તૈયાર કરવા માગે છે કે જેથી લોકો તેમના આદેશ કે ઉપદેશને "જૈનજગત" દ્વારા જાણવા ઉત્સુક રહે અને તદનુસાર વર્તવાની પ્રેરણા પામી શકે. એ પ્રવાસ મોટરદ્વારા કરવાનો છે જેથી નાનું ગામડું પણ તેમના સંદેશને પામી શકશે. એ મોટર શ્રી શાંતિપ્રસાદ જૈને મંડળને પ્રવાસ પૂરતી વાપરવા આપવાનું વચન આપ્યું છે.

આ અધિવેશનમાં મંડળે કોઇ પણ પ્રકારનો ફંડફાળો કરવાનો ઇરાદો રાખ્યો જ ન હતો. તેથી નાણા માટે અધિવેશનમાં કોઇ પણ પ્રકારે ચર્ચાને સ્થાન હતું જ નહીં. મંડળના નવા બંધારણ વિષે ચર્ચા ચલી હતી પણ કામને વધારે મહત્ત્વ આપનાર માટે બંધારણની આંટીઘૂંટી કરતા સ્વતઃ પ્રેરણા જ વધારે ઉપયોગી નિવડશે એમ ચર્ચાને અંતે જણાયું એટલે હાલ તુરત જૂના બંધારણ પ્રમાણે જ મંડળ પોતાનું કાર્ય ચલાવશે. જ્યારે તેના સભ્યો મોટી સંખ્યામાં થઇ જશે અને પ્રદાયિકારી બનવા માટે પડાપડી થશે ત્યારે જ બંધારણની આંટીઘૂંટીમાં પડવું યોગ્ય મનાયું છે અને તેના કાર્યકર્તાઓને સર્વ પ્રકારે ઉદ્દેશોને અનુરૂપ પોતાની અંતઃપ્રેરણા પ્રમાણે જ કાર્ય કરવાની છૂટ અપાઇ છે.

મંડળની રીતિ નીતિ જોતાં બીજા બધા મંડળોથી કાંઇક જુદી જ છાપ તે પાડે છે. એકલોહીયા જુવાનો અને વૃદ્ધો તનથી કે મનથી એકત્ર થઇને સમાજહિત-લોકકલ્યાણ-જેટલું અને તેટલું કરવું એ એક જ ધ્યેય લક્ષને મંડળમાં જોડાયા છે. છેલ્લા બે વર્ષથી ટીકાકારની દૃષ્ટિથી એ મંડળમાં મેં રસ લીધો છે અને આજે નિઃસંકોચ કહી શકું છું કે મંડળનું ભવિષ્ય બહુ જ ઉજળું છે. એક સમય એવો અવશ્ય આવવાનો છે કે જ્યારે જૈન સમાજ આ એક જ મંડળના અભિપ્રાયને મહત્ત્વ આપતો થઇ જશે અને સાંપ્રદાયિક વિરોધ કરાવતા મંડળો કે વ્યક્તિઓના અભિપ્રાયની કશી જ કીંમત નહીં રહે. દલસુખ માલવાણિયા

પ્રબુદ્ધ જૈનને કાકાસાહેબનો સંદેશ

(પ્રબુદ્ધ જૈન આ અંકથી તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે કાકાસાહેબ કાલેલકર તરફથી નીચે મુજબનો સંદેશ મળ્યો છે. તંત્રો)

'પ્રબુદ્ધ જૈન' પોતાના વાચકોની જ નહીં પણ આખા જૈન સમાજની અને અન્ય લોકોની પણ ઉત્તમ સેવા કરી રહેલ છે. બાર વરસની આ તપસ્યા શ્રી પરમાનંદભાઇ જેવા સંસ્કૃતિ-સેવકોની ચીવટને આભારી છે. જૈન સમાજ અત્યાર સુધી ધનપરાયણ રૂઢીચુસ્ત અને શાસ્ત્રજડ ગણાતો હતો. પણ હું જોઉં છું કે છેલ્લા કેટલાંક વરસો થયા એ સમાજ નવી, વ્યાપક અને માનવહિતકારી દૃષ્ટિ કેળવી રહ્યો છે. હવે એ સમાજમાં કેટલાયે વિદ્વાનો, ધનિકો અને સમાજસેવકો અહિંસાનો યુગોચિત વ્યાપક અર્થ કરી, તેની સ્થાપના માટે અનેક યોજનાઓ વિચારી રહ્યા છે. એટલે આશા બંધાય છે કે જૈન સમાજ હવ પછી પોતાના વાડામાંથી બહાર નીકળી આખા હિંદુસ્તાનની, અને એની મારફતે, દુનિયાની ઉચ્ચમાં ઉચ્ચ સેવા કરવાની જવાબદારી સ્વીકારશે. મહાવીર સ્વામીના અને એમના પૂર્વગામી તીર્થંકરોના નામનો જય જયકાર કરવાની જરાય આવશ્યકતા નથી. એવી મદદ વિના એમનાં કાર્યનો પ્રચાર થશે. અને એમનું માહાત્મ્ય તો સ્વતઃ સિદ્ધ છે. શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે. તે કરનારા તે કરશે. આજે અહિંસાધર્મ યુગધર્મ કેમ બન્યો છે એ જોઇ વિશ્વના સવાલો ઉકેલવામાં અહિંસાશક્તિ કેળવવાની અને વાપરવાની છે. એ કામ ઉપાડવા જેટલી નવી દૃષ્ટિ જૈન સમાજ કેળવી શકશે એવી આશા બંધાય છે.

વર્ધા, તા. ૨૮-૪-૫૧. કાકા કાલેલકર

કેટલાક સમાચાર અને નોંધ

સોમનાથનો જલસો : સાત સમુદ્રનાં પાણી અને પાંચ ખંડની માટી

આજથી લગભગ અઢી વર્ષ પહેલાં જ્યારે જુનાગઢ રાજ્યમાંથી બાબી વંશના નવાબની હકુમતનો અસ્ત થયો અને હિંદની રાષ્ટ્રીય સરકારમાં જુનાગઢ રાજ્ય વિલીન થયું ત્યારે કેવળ આપખુદી અને ભોગવિલાસના પાયા ઉપર ઉભેલી એક રાજ્યસંસ્થા નાબુદ થવાના કારણે હિંદભરમાં ભારે આનંદની લાગણી વ્યાપી રહી હતી. આ ઉપરાન્ત હિંદુ સમાજને માટે પણ આ અવસર સવિશેષપણે ગૌરવવાહી બન્યો હતો. નવાબની હકુમત દરમિયાન હિંદુઓને તરેહ તરેહની કનડગત-પજવણી ચાલ્યા જ કરતી હતી. અમુક સ્થળોએ કોઇ પણ નવું મંદિર ઉભું જ કરવા ન દે. જીર્ણ થતા દેવાલયોની મરામત કરતા અટકાવે. એકાએક કોઇ પણ મંદિરનો કબજો લઇ લે અને તેની દર્શન પૂજા હંમેશાને માટે બંધ થાય. જાત જાતનાં કર નાખે. જરૂરી ધર્મશાળા બાંધવા ન દે. કોઇ પણ મંદિરની કોઇ પણ મુસલમાન અધિકારી આશાતના કરે, અપમાન કરે. હિંદુ આગેવાનોને રંજાડે, હેરાન કરે, ને કોમી હુલ્લડો ઉભા કરે. એ મનસ્વી હકુમતનું અવસાન થતાં હિંદુ જનતાએ પૂર્વે કદિ અનુભવી નહોતી એવી રાહત અનુભવી. તેના આનંદનો કોઇ પાર ન રહ્યો. જુનાગઢ રાજ્યના વિલીનીકરણ પ્રસંગે સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી. ઢેબરભાઇ, રાજપ્રમુખ જામસાહેબ, મધ્યસ્થ સરકારના પ્રધાન શ્રી ગાડગીલ વગેરે અનેક મહાજનો જુનાગઢ આવ્યા અને ત્યાંથી પ્રભાસપાટણ ગયા, સોમનાથ મહાદેવના પુરાણા મંદિરમાં પ્રવેશ કર્યો અને સમુદ્ર કિનારે જઇને સમુદ્રજળનું આચમન કર્યું. અનેક હુમલાઓનું ભોગ બનેલું સોમનાથ આજે આઝાદ થયું. આ ઘટનાએ સૌ કોઇના દિલમાં ન વર્ણવી શકાય એવી આનંદ-પ્રફુલ્લતા પ્રગટાવી. આ શુભ ઘડિનું સ્મરણ કાયમ રહે એવું કાંઇક સ્મારક કરવું જોઇએ એવી ભાવના સૌ કોઇના દિલમાં તરવરવા લાગી. પરિણામે ત્યાં એકઠા થયેલા રાજવીઓએ સારી રકમનું ફંડ ઉભું કર્યું અને જ્યાં ખંડિયેર ઉભું છે ત્યાં એક ભવ્ય શિવાલય નિર્માણ કરવાનો નિરધાર કરવામાં આવ્યો. પ્રારંભમાં ૨૫ થી ૩૦ લાખના અંદાજ ઉપર નકશાઓ દોરાવા શરૂ થયા. આ સર્વ યોજનાના શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી મુખ્ય પ્રણેતા બન્યા. મુનશીને મન તો કંઇ કાળથી સેવામલું સ્વપ્ન આજે મૂર્તિમન્ત બન્યું હતું. એટલે તેમના આનંદ ઉલ્લાસને કોઇ સીમા જ નહોતી. તેમના મગજમાં કલ્પનો ઉપર કલ્પના જન્મવા માંડી. આખા હિંદમાં અસામાન્ય ગણાય, હિંદુ શિલ્પનો અત્યુત્તમ નમુનો બને, ભવ્યતા અને વિશાળતામાં મીનાક્ષીના મંદિરને ટક્કર મારે એવું આ મંદિર નિર્માણ થવું જોઇએ એ ધોરણે કલ્પના કામ કરવા માંડી. અને માત્ર મંદિર જ શા માટે? સંસ્કૃત ભાષાની એક યુનીવર્સીટી કેમ નહિ? હિંદુ સંસ્કૃતિનું અનુપમ કેન્દ્ર શા માટે નહિ? આ વિચાર સાથે જ ૩૦ લાખના અડસટ્ટાના જ ૬૦ લાખ થયા અને વધતે વધતે આજે જે કાંઇ ત્યાં કરવાનું વિચારાઇ રહ્યું છે તેનો અંદાજ લગભગ એક કરોડ રૂપીઆના ખર્ચનો કરવામાં આવ્યો છે. પ્લાનો તૈયાર કરવા પાછળ જ આજ સુધીમાં અડધાથી પોણો લાખ રૂપીઆ ખરચાયા છે.

પછી પ્રશ્ન ઉભો થયો કે આજે જે સુપ્રસિદ્ધ સ્થાપત્ય ખંડિત દશામાં ઉભું છે તે મૂળમાંથી ઉખેડી નાંખવું કે તે રાખીને તેની બાજુએ નવું શિવાલય ઉભું કરવું. આ પ્રશ્ન ઠીક ઠીક ચર્ચાયો, ડોળાયો અને છેવટે નક્કી થયું કે એ જુનું બાંધકામ પાયામાંથી ઉખેડી નાંખવું અને તેની ઉપર જ નવા બાંધકામની શરૂઆત કરવી. પરિણામે એ ઐતિહાસિક ધ્વમારતનો નાશ કરવામાં આવ્યો છે અને ત્યાં આજે નવા બાંધકામનાં ચણતર ચાલી રહ્યાં છે.

હવે અહિં જે કાંઇ કરવું તે અનન્ય અને અજોડ હોવું જોઇએ-આ ધોરણે સાડા સાત ફીટનું સળંગ એક આરસનું શિવલિંગ તૈયાર કરાવવામાં આવ્યું છે. નવા મંદિરનું બાંધકામ જોસભેર આગળ વધી રહ્યું છે, અને શિખર વિભાગ પાસે પહોંચીને અટકયું છે. રૂઢિપરંપરા મુજબ શિવલિંગની પ્રતિષ્ઠા કર્યા બાદ જ શિખરનું બાંધકામ શરૂ કરી શકાય. તેથી આ મે માસની અગિયારમી તારીખે મજકુર શિવલિંગની પ્રતિષ્ઠા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રતિષ્ઠા હિંદના પ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદના હાથે થવાની છે. તેને લગતી વિધિ શુદ્ધ વૈદિક પદ્ધતિએ થવાની છે અને આજ સુધી કદિ જોવા કે જાણવામાં આવેલ ન હોય એવા વિરાટ પાયા ઉપર આખો સમારંભ ગોઠવાયો છે. સાત સમુદ્રનાં પાણી લાવવામાં આવ્યાં છે. પાંચ ખંડની માટી ભેગી કરવામાં આવી છે. પ્રતિષ્ઠા માટે પારવિનાની પૂજાસામગ્રી એકઠી કરવામાં આવી છે. ક્રિયાકાંડી બ્રાહ્મણોનું એક બહુ મોટું દળ સંમીલિત કરવામાં આવ્યું છે. સંતો, મહંતો અને શંકરાચાર્યોને નોતરવામાં આવ્યા છે. રૂઢિપરંપરા પ્રમાણે અને વૈદિક પરિપાટી મુજબ જરૂરી બ્રહ્મભોજન તો કરાવવાં જ પડશે. આ પ્રસંગે જાતજાતનાં પ્રદર્શનો, જલસાઓ અને નાટારંભ ગોઠવવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર સરકારે આ પ્રસંગને પહોંચી વળવા માટે પાંચ લાખ રૂપીઆ મંજુર કર્યા છે. સાંભળવા પ્રમાણે સોમનાથ ટ્રસ્ટમાંથી બીજા પાંચ લાખ રૂપીઆ આ પ્રસંગે વાપરવાનું નક્કી થયું છે. આ મેળામાં દોઢથી બે લાખ માણસો એકઠા થશે એમ માનવામાં આવે છે. તેમને ખાવાપીવાનું પુરતા પ્રમાણમાં મળી શકે એવી ગોઠવણ વિચારાઇ રહી છે. આ પ્રસંગ ઉપર દેશભરમાંથી અનેક આગેવાન રાજકારણી નેતાઓ પધારશે એવી આશા રાખવામાં આવે છે. આ પ્રતિષ્ઠામહોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવવાનો સર્વ પ્રબંધ નક્કી થઇ ચુકયો છે. જ્યારે અગિયારમી તારીખની સવારે ૭-૪૫ ના સમયે બાબુ રાજેન્દ્રપ્રસાદના હાથે નવા શિવલિંગની પ્રતિષ્ઠા કરવામાં આવશે ત્યારે તોપના સો ભડાકા કરવામાં આવશે અને ભેરી, શરણાઇ, ઢોલ તથા નગારાના અવાજથી માધલેાના માધલ સુધીનું દિગંત ગાજી ઉઠશે.

પ્રભાસપાટણમાં આજ સુધી જે કાંઇ થઇ રહ્યું છે અને આગળ ઉપર જે કાંઇ થવાનું છે તેની આ સામાન્ય રૂપરેખા છે. જ્યાં રાષ્ટ્રના અનેક આગેવાન રાજપુરૂષો એકરૂપ બનીને ભાગ લઇ રહ્યા હોય ત્યાં વિસંવાદનો નાનો સરખો પણ સુર કાઢતાં ઉંડો વિચાર કરવો ઘટે છે. એમ છતાં પણ સોમનાથના ઉધ્ધારની આ વિરાટ યોજના અને તેનો આવડો મોટો વિપુલ સમારંભ જોતાં કેટલાક મહત્વના પ્રશ્નો ઉભા થાય છે જેનું સમાધાન શોધ્યું જડતું નથી.

૧. હિંદનું નવું રાજ્યબંધારણ બીલકુલ અસાંપ્રદાયિક-secular-હોવાનો આપણો દાવો છે. એ રાજ્યબંધારણ ઉપર રચાયલી સરકાર અને તેના પ્રમુખ સૂત્રધારો એવી કોઇ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ ન લે અને સાક્ષ્ય સાથ ન આપે કે જે કેવળ સાંપ્રદાયિક હોય-આ સહજ અપેક્ષિત છે. આમ છતાં આપણી મધ્યસ્થ તેમ જ સૌરાષ્ટ્ર સરકાર આ પ્રવૃત્તિનાં પુરેપુરી આગેવાની લઇ રહી છે અને અસાંપ્રદાયિક રાજ્યતંત્રના પ્રમુખ પોતાના વરદહસ્તે શિવલિંગની પ્રતિષ્ઠા કરવા આવનાર છે. આમાં કોઇ પણ પ્રકારની સંગતિ ભાસતી નથી.

૨. સંસ્કૃત ભાષાની યુનીવર્સીટી કોઇ પણ યોગ્ય સ્થળે ઉભી કરવામાં આવે તે અવશ્ય આવકારદાયક લેખાવું જોઇએ, પણ

તે માટે યોજાયેલ સમગ્ર બાંધકામમાં મહત્તાનું સ્થાન શિવાલયનું છે અને શિવાલયના અંગમાં જ કરવામાં આવનાર ભવ્ય મંડાણ તથા પ્રાચીન હિંદુ શૈલીને અનુરૂપ થનાર ઉચ્ચ કોટિના શિલ્પ-શણગાર પાછળ લાખો રૂપીઆ ખરચાવાના છે. ઉપયોગીતાવાદના આ જમાનામાં આવો દ્રવ્યવ્યય કળાના નામે, પ્રાચીન શિલ્પના નામે, ધર્મના નામે કરવામાં આવે તે શું આજના યુગમાં ઉચિત છે ખરૂં?

૩. આજે જ્યારે ચોતરફ અન્નની અછતના પોકારો ચાલી રહ્યા છે, રાષ્ટ્રના અમુક વિભાગો ભુખમરા તરફ ધસી રહ્યા છે, જ્યાં ત્યાં ભુખના માર્યા લોકોના ટોળાં તોફાનો કરી રહ્યાં છે અને દેશની શાન્તિને જોખમાવી રહ્યાં છે ત્યારે પાંચમ હિંદના એક ખુણે એક ધાર્મિક જલસા પાછળ લંખલુટ પૈસો ખરચાય અને ભાતભાતના નાટારંભો યોજાય એ ભુખમરાની મશ્કરી કરવા બરોબર નથી તો બીજું શું છે? આજે કોઇ ધનવાન જ્યારે પોતાને ત્યાં કોઇ લગ્નપ્રસંગે અમર્યાદિત રીતે ખર્ચ કરે છે ત્યારે આપણું સામાજિક માનસ ઉકળી ઉઠે છે. સરકાર એક બાજુ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં બને તેટલી કરકસરથી વર્તવાનો આદેશ આપી રહી છે. અહિં બીજી બાજુ સરકાર પોતે જ આવા અસમયોચિત જલસાની ભાગીદાર બની રહી છે. આ અસંગતિ સરકારને કેમ દેખાતી નહિ હોય? બીજું તો કાંઇ નહિ પણ આપણા અન્નસચિવ આજની અન્નકટોકટીના વખતમાં કયા હળવા દિલે આ સમારંભમાં એક મુખ્ય પ્રયોજક તરીકે ભાગ લઇ રહ્યા છે તે તો બીલકુલ સમજણમાં જ આવતું નથી!

૪. આજે જ્યારે આપણું પુરાતન અવશેષોને જાળવાવની આપણે ભારે કાળજી સેવી રહ્યા છીએ અને એ અવશેષોને લેશ માત્ર ધક્કા પહોંચાડનાર દેશના કાયદાકાનુન અનુસાર કેદની શિક્ષાને પાત્ર થાય છે ત્યારે જે પુરાતન અવશેષ પાછળ સદીઓનો ઇતિહાસ વણાયલો હતો અને જેની કળા, શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ ઘણી મોટી કીંમત હતી તે સોમનાથ મંદિરના પુરાતન અવશેષને જમીનદોસ્ત કરવામાં આવ્યું છે તેનું કોઇ ઔચિત્ય સમજાવશે ખરૂં? એવું તો કંઇ નહોતું કે નવું બાંધકામ કરવા માટે જરૂરી જમીન ઉપલબ્ધ નહોતી. જમીન તો ત્યાં પારાવિનાની ખાલી પડી છે. એમ જાણવા મળે છે કે જે પુરાતન અવશેષ યવનોના હાથથી દુષિત થયેલું છે અને જે હિંદુ સમાજની હીણપતની સાક્ષીરૂપ ઉભું છે તેનું તો હવે નામ નિશાન જ ન રહેવું જોઇએ એ વૃત્તિએ આ અવશેષને નાબુદ કરવાના નિર્ણયમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. જો આ માહિતિ બરોબર હોય તો આપણે અસાંપ્રદાયિકતાની વાતો કરવાનું અને એ રીતે સ્વપરની વંચના કરવાનું જેટલી જલ્દિથી બંધ કરીએ તેટલું વધારે સારૂં.

૫. સંસ્કૃત યુનીવર્સીટીના સ્થળ તરીકે અથવા તો હિંદુ સંસ્કૃતિના કેંદ્ર તરીકે સોમનાથની પસંદગી યોગ્ય છે કે કેમ તે પણ એક સવાલ છે. સોમનાથ કંઇ કાળથી હિંદુ મુસલમાનની રપર્ધાનું કેન્દ્ર બનેલું છે. હિંદુ રાજાઓએ કંઇક વાર મંદિર બંધાવ્યું અને મુસલમાન સત્તાધીશોએ કંઇક વાર તેને તોડયું—આ પરંપરા લગભગ હજાર વર્ષથી ચાલતી આવી છે. આજે ભલે આપણે અસાંપ્રદાયિક રાજ્યબંધારણ ઉપર નવા રાજ્યતંત્રની સ્થાપના કરી હોય. એમ છતાં પણ હિંદુ અને મુસલમાનનાં દિલ સાફ થયાં નથી. બાજુએ પાકીસ્તાન તો દુશ્મનના ડેરે રાહ જોતું બેઠું જ છે. કંઇ કાળથી ચાલી આવતા રમણ સંસ્કારો એમ જલ્દીથી ભૂંસાતા નથી. જ્યારે પણ હિંદુ મુસલમાન વચ્ચે અથવા તો હિંદુસ્તાન અને પાકીસ્તાન વચ્ચે ઘર્ષણ ઉભું થશે ત્યારે આ નવનિર્મિત સોમનાથ જોખમાવાનું જ છે. સોમનાથને હંમેશાને માટે સુરક્ષિત રાખવાનો એક જ માર્ગ હતો કે સોમનાથ જેવું હતું તેવું ને તેવું તેને પડી રહેવા દેવું. કોમી વેરઝેરને કોઇ પણ પ્રકારની નવી ઉત્તેજના ન મળે એ રીતે વર્તવું એમાં જ સમયપ્રાપ્ત રાજકારણનું શાણપણ રહેલું છે. તેના બદલે આજે જે દ્રવ્યઆહુતિનો યજ્ઞ મંડાઇ રહ્યો છે તે પાછળ ધર્મઘેલછા, સાંપ્રદાયિક અહંકાર, મુસલમાની આક્રમણો સામે દિલના ઉંડાણમાં ઘર કરી રહેલા રોષની તૃપ્તિ—આવી અનિષ્ટ મનોદશાનું દર્શન થઇ રહ્યું છે જે ખરેખર દુઃખદ છે.

આનો અર્થ એવો કોઇ ન કરે કે આપણે મુસલમાનોથી સદા ડરતા જ રહેવું અને આપણાં તીર્થસ્થાનોનો, ધર્મકેંદ્રોનો ઉદ્ધાર કરવાની દિશાએ કશું જ ન કરવું. એમ પણ કહેવાનો આશય નથી કે આપણું રાજ્ય અસાંપ્રદાયિક થયું એટલે આપણે હિંદુ હોઇએ તો હિંદુ મટી જવું અને જૈન હોઇએ તો જૈન મટી જવું. આપણે હિંદુ રહીએ અને હિંદુ સંસ્કૃતિના ઉદ્ધાર અર્થે યોગ્ય લાગે તે જરૂર કરીએ, પણ રાષ્ટ્રની અદ્યતન પરિસ્થિતિના હાર્દને યથાસ્વરૂપે ધ્યાનમાં લઇને લાંબા કાળથી સુતેલાં ઝેર તાજાં થાય, તેને નવી ઉત્તેજના મળે એવું આપણે કશું ન કરીએ આ અત્યન્ત આવશ્યક છે. કાળે કાળે તીર્થસ્થાનો પણ બદલાતાં જાય છે. અમુક તીર્થસ્થાનોનું મહત્ત્વ ઘટતું જાય છે; અમુક તીર્થસ્થાનોનું મહત્ત્વ વધતું જાય છે. વળી દેશમાં મહાપુરૂષોના ઉગમ સાથે નવાં તીર્થસ્થાનો અને સંસ્કૃતિકેંદ્રો નિર્માણ થતાં જાય છે. જુનાં તીર્થોનો ઉદ્ધાર હંમેશા નવા ધર્મપ્રાણને જન્મ આપે છે એમ બનતું નથી; તે ઘણી વખત કેવળ ધાર્મિક અભિનિવેશોને જ પોષે છે, નવી ઉત્તેજના આપે છે. પ્રભાસપાટણ એક અસ્ત પામતું જતું તીર્થ હતું. તેમાં પ્રાણ પુરવાનો શ્રી મુનશીનો આ ભગીરથ પ્રયત્ન ભવિષ્યમાં ખરેખર હિતકર બનવાને બદલે અનર્થકારક નીવડવાનો વધારે સંભવ છે. પૂ. ગાંધીજીના ચિરનિવાસથી પુનિત બનેલ સાબરમતી કે સેવાગ્રામ, શ્રી અરવિંદના કારણે પોંદીચેરી, રમણ મહર્ષિના કારણે તિરૂવન્નમલઇ, રામકૃષ્ણ પરમહંસના કારણે દક્ષિણેશ્વર—એ આજના નવાં તીર્થસ્થાનો છે. તેની પાછળ કેવળ ઉદાત્ત ધર્મભાવનાનો ઇતિહાસ અને સંસ્મરણો છે. આપણે આપણી હિંદુત્વની બુદ્ધિને આવા સ્થળો ઉપર કેન્દ્રિત કરીએ અને હિંદુધર્મને નૂતન સંસ્કારોના સીંચન વડે નવપલ્લવિત કરીએ. સોમનાથનો ઉધ્ધાર એ કેવળ પુરાતન પૂજા છે અને તેમાંથી ધર્મના અચલાયતન સ્વરૂપને જ પોષણ મળવાનું છે. આ રીતે વિચારતાં સોમનાથનો આજે થેઇ રહેલો ઉધ્ધાર અને તેની પાછળ થનાર દ્રવ્યનો અનર્ગળ વ્યય—ઉભય પાછળ કોઇ સમ્યગ દૃષ્ટિનો ઉપયોગ થતો હોય એમ દેખાતું નથી. શાણા પુરૂષો પણ ધાર્મિક લાગણીઓને વશ વર્તીને આજે કોઇ ગંભીર ભુલ કરી રહ્યા હોય અને અજુગતું આચરી રહ્યા હોય એમ ભાસે છે. હવે આ રસ્તેથી પાછા ફરવું તેમના માટે બહુમુશ્કેલ છે. એમ છતાં પણ થતી ભુલને સુધારવાનો ઉપાય નથી એમ તો નથી જ.

શ્રી નાથાલાલ પરીખને અભિનન્દન

તાજેતરમાં શ્રી નાથાલાલ કાલાભાઇ પરીખ મુંબઇની કોરપોરેશનની સ્ટેન્ડીંગ કમીટીના પ્રમુખ નીમાયા તે બદલ તેમને જૈન સમાજના અભિનન્દન ઘટે છે. ભાઇશ્રી નાથાલાલનો અભ્યાસ લગભગ મેટ્રીક સુધીનો છે; તેમનો ધંધો ઝવેરાતનો છે. આમ તો મેટ્રીક સુધી પહોંચેલા અને ધંધામાં દાખલ થયેલા અનેક યુવાનો જોવામાં આવે છે, પણ ભાઇશ્રી નાથાલાલ મુંબઇના જાહેર જીવનમાં જે રીતે આગળ વધી રહ્યા છે અને એક પછી એક જવાબદારીભર્યા અધિકારો પ્રાપ્ત કરી રહ્યા છે તેવી કારકીર્દી બહુ વિરલ જોવા મળે છે. ભાઇશ્રી નાથાલાલની આ અનેક સફળતાઓથી ભરેલી પ્રગતિ તેમના વિશિષ્ટ વ્યક્તિતત્વને આભારી છે. ચાલુ ચીલે ચાલ્યે જવું, અને તેટલું ધન કમાતા રહેવું અને જીંદગીના ભોગઉપભોગ માણ્યે જવા એ વૃત્તિ ભાઇ નાથાલાલની નથી. કદિ નીચે પાડે, કદિ ઉંચે ચડાવે એવું તેમનામાં ચંચળ વૃત્તિઓનું મન્થન છે. તેમની દુનિયા માત્ર વ્યાપાર અને કુટુંબમાં પર્યાપ્ત થતી નથી. જનતાનાં સુખ-દુઃખ તેમના હૃદયને સ્પર્શે છે, હલાવે છે. અન્યનાં દિલ જીતવાની તેમનામાં કળા છે. મોટી લેખાતી વ્યક્તિ તેમના ઉપર ખુશ ખુશ

રહે એવી તેમનામાં વફાદારી અને આજ્ઞાધીનતા છે. તેમનામાં વિદ્વત્તા કે પાંડિત્ય નથી; પણ ઉંચી કક્ષાની વ્યવહારકુશળતા છે. આદર્શના આવેગમાં કોઇવાર ખુવાર પણ થઇ જાય એવી તેમનામાં તમન્ના છે. વાણીમાં મીઠાશ અને વર્તનમાં કોઇને પણ ઉપયોગી થવાની તત્પરતા છે. આ જ ગુણોને લીધે તેઓ રાષ્ટ્રવીર સુભાષચંદ્ર બોઝનો આટલો બધો પ્રેમ પ્રાપ્ત કરી શકયા હતા; આ જ કારણે સરદાર વલ્લભભાઇ પટેલનો વિશ્વાસ તેઓ સંપાદન કરી શકયા હતા. આ પ્રકારના વિશિષ્ટ વ્યક્તિત્વને લીધે જ નગરપતિ એસ. કે. પાટીલના એક વિશ્વાસુ મિત્ર અને સહકાર્યકર્તા તેઓ બની શકયા છે. તેમનો વિકાસ અને પ્રગતિ જોઉ છું ત્યારે મને સર પ્રભાશંકર પટ્ટણી યાદ આવે છે. એ જ સામાન્ય ભણતર, એ જ પ્રારંભિક જીવનના સામાન્ય સંયોગો પણ કેવળ મીઠાશથી અને રાજદ્વારી કુનેહથી સૌરાષ્ટ્રના છેલ્લા પચ્ચાસ વર્ષના ઇતિહાસમાં ચિરસ્મરણીય નામના તેઓ કમાઇ ગયા. ભાઇશ્રી નાથાલાલ પણ એ જ રીતે આગળ વધતા જાય અને સમાજને તેમ જ રાષ્ટ્રને અનેક ઉપયોગી સેવાઓનો લાભ આપતા જાય એવી શુભેચ્છા છે.

ભાઇ શિવાનંદનું શહીદી મૃત્યુ

તા. ૨૭-૪-૫૧ ની રાત્રીના સૌરાષ્ટ્રના એક આગેવાન કાર્યકર્તા અને ઝાલાવાડ કોંગ્રેસ કમીટીના પ્રમુખ ભાઇ શિવાનંદ વઢવાણ બાજુ આવેલા મુંજપર આશ્રમમાં સ્વસ્થપણે નિદ્રા લઇ રહ્યા હતા એવામાં કોઇ બંદુકધારી શખ્સે ભાઇ શિવાનંદ ઉપર ત્રણ ગોળીઓ છોડી અને તેમને ગંભીર રીતે ઘાયલ કર્યા. તુરત જ તેમને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા પણ તેમને ગંભીર ઇજાઓમાંથી ઉગારી ન શકાયા અને બીજે દિવસે એટલે ૨૮ મીની સાંજે સાડા પાંચ વાગે વિનશ્વર દેહનો ત્યાગ કરીને તેઓ પરલોક ભણી સીધાવ્યા. આ દારૂણ ઘટનાના પરિણામે સૌરાષ્ટ્રે એક પીઢ અને વર્ષો જુનો કાર્યકર ગુમાવ્યો છે. સંસ્થાની મૂર્તસભા સદ્‌ગત પ્રફુલચંદ્રભાઇના તેઓ પ્રારંભથી સહકાર્યકર્તા હતા અને સૌરાષ્ટ્રના આજ સુધીના ઉત્થાન-ઇતિહાસમાં તેમણે એક નિઃસ્વાર્થ દેશસેવક તરીકે અનેકવિધ ફાળો આપ્યો હતો. તેમના આ શહીદી મૃત્યુએ સૌરાષ્ટ્રની પ્રજાના દિલને ભારે આઘાત પહોંચાડયો છે, અને ઉંડી ગ્લાનિથી આવરી લીધું છે.

આ જાતનું ખુન; આજે કેવી વિકટ પરિસ્થિતિમાંથી આપણો દેશ પસાર થઇ રહ્યો છે તેનો ખ્યાલ આપે છે. આઝાદીની લડત દરમિયાન અનેક લોકોએ પોતાના જાનમાલની કુરબાની કરી અને આપણે આઝાદી પ્રાપ્ત કરી. ત્યાર બાદ દેશમાં જે લડત ચાલી રહી છે તે સમાજની નવરચનાને લગતી છે. દેશભરમાં જ્યાં સુધી સ્થાપિત હિતોનું પૂર્વવત્ પ્રભુત્વ ચાલ્યા કરે ત્યાં સુધી આઝાદીનો કોઇ લાભ દલિત વર્ગો સુધી પહોંચે નહિ. આ સ્થાપિત હિતોનું શોષણ બંધ કરવું અને તેટલું કમી કરવું અને સમાજના નીચેના ગણાતા થરોને ઉંચે લાવવો એ આજના સર્વ કાર્યદાતાઓનો આશય છે. કાઠિયાવાડમાં ગરાસદાર અને ખેડુતો વચ્ચે આજે ભારે ખેંચતાણ ચાલી રહી છે. અને સૌરાષ્ટ્ર સરકાર તેમ જ ત્યાંની કોંગ્રેસની પ્રવૃત્તિ આજે ખેડુતોને યોગ્ય સ્થાને પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. આને લીધે જેના હિતોને ધકકા લાગી રહ્યો છે તે આકુળવ્યાકુળ બની રહેલ છે અને આવા ખુનો દ્વારા પોતાનો રોષ તૃપ્ત કરવા માંગે છે. હિંદની આજની પરિસ્થિતિ જોતાં રાજકારણી ક્રાન્તિ કરતાં સામાજિક ક્રાન્તિ સાધવા માટે આપણે ઘણો વધારે ભોગ આપવો પડશે એમ લાગે છે. આજની નવરચનાનો વિરોધી વર્ગ ભાઇશિવાનંદ જેવા પુણ્ય પુરૂષોનો જીવ લેવાની હદ સુધી જાય તે અત્યન્ત દુઃખદ છે. આપણામાં વધતી જતી નૈતિક વિકલતાનું આ એક સૂચક ચિહ્ન છે. ક્રાન્તિલક્ષી પ્રજાએ આવી ઘટનાથી જરા પણ હતોત્સાહ ન પામતાં પોતાના માર્ગે નિડરતાપૂર્વક દૃઢતાપૂર્વક આગળ વધવું ઘટે છે અને તે ખાતર ગમે તેટલો ભોગ આપવાને તૈયાર રહેવાનો ધર્મ તેને પ્રાપ્ત થાય છે. ભાઇ શિવાનંદ આ જાતના મૃત્યુથી પોતાના જીવનને અમર બનવી ગયા છે અને કોઇ પણ ઉચ્ચ ધ્યેય ખાતર પ્રાણ આપતા વિરલ નરવીરોની નામાવલિમાં પોતાના નામનો ઉમેરો કરી ગયા છે. ભાઇ શિવાનંદ ની શહીદીને આપણા હૃદયના અંજલિ અર્પીએ અને તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાર્થીએ!

પરમાનંદ

પ્રભાસપાટણનો પરિચય

ગયે વર્ષે ઉનાળામાં ગિરનારની યાત્રા કર્યા બાદ પ્રભાસપાટણ જવાનું બનેલું. હું બાર તેર વર્ષની ઉમ્મરનો હતો ત્યારે મારા માતપિતા સાથે પ્રવાસ કરતાં કરતાં પ્રભાસપાટણ પહેલીવાર ગયો હતો. તે વખતે સમુદ્રતટે આવેલ સોમનાથનું પુરાણું મંદિર જોયેલું તેનું ઝાંખું સ્મરણ ચિત્ત ઉપર કોતરાયલું પડયું હતું, પણ એ સ્થળને લગતી વિશેષ કોઇ વિગત સ્મરણમાં જીવન્ત રહી નહોતી. ત્યાર બાદ તો અનેક વર્ષો વહી ગયાં અને એ વખતની સમજણ-રૂચિમાં પણ ઉત્તરોઉત્તર વિકાસ થતો ગયો. પરિણામે આવાં સ્થળો જોવા સમજવાની આજે જે દૃષ્ટિ પ્રાપ્ત થઇ છે તે દૃષ્ટિ તે વખતે નહોતી.

પ્રભાસપાટણ વેરાવળથી ત્રણેક માઇલ દૂર સૌરાષ્ટ્રના નૈરૂત્ય ખુણે આવેલું એક સુવિખ્યાત તીર્થસ્થળ છે. હિંદુસ્તાનની ચારે દિશાએ હિંદુ સમાજનાં ચાર મોટાં તીર્થસ્થાનો આવેલાં છે. ઉત્તરે હિમાલયમાં બદ્રીનાથ-કેદારનાથ, પૂર્વમાં જગન્નાથપુરી, દક્ષિણમાં શ્વેતાંબુ રામેશ્વર અને પશ્ચિમમાં શ્રી કૃષ્ણચંદ્રની રાજધાની દ્વારિકા. એ દ્વારિકાના સમકક્ષાનું બીજું તીર્થસ્થળ આ પ્રભાસપાટણ છે. ઐતિહાસિક દૃષ્ટિએ દ્વારિકા કરતાં પણ પ્રભાસપાટણનું મહત્વ ઘણું વધારે છે. સૌરાષ્ટ્રમાં જે કોઇ હિંદુ દ્વારિકાની યાત્રાએ જાય તે ગિરનાર ગયા વિના ન રહે અને સોમનાથના જ્યોતિર્લિંગનાં દર્શન કર્યા વિના પણ ન રહે. પ્રભાસપાટણની તીર્થભૂમિ તરીકે શિવના ઉપાસકો માટે જેટલી મહત્તા છે તેટલી જ મહત્તા વિષ્ણુના ઉપાસકો માટે પણ છે; કારણ કે પ્રભાસપાટણ વિષ્ણુના અવતારસ્વરૂપ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્રની દેહોત્સર્ગભૂમિ છે. તદુપરાંત જૈનોને મન પણ પ્રભાસપાટણ એક નાનું સરખું તીર્થસ્થાન છે. પ્રભાસપાટણમાં આશરે નવ જૈન મંદિરો છે. જૈનોના બહુ જુના ગ્રંથોમાં પ્રભાસપાટણનો એક પ્રમુખ જૈન કેન્દ્ર તરીકે અનેક ઠેકાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવું જેનું અનેકદેશીય મહત્વ છે તે પ્રભાસપાટણ જોવાની ઘણા વખતથી ઝંખના હતી જે આ વખતે પુરી થઇ.

સવારના નવેક વાગે અમે પ્રભાસપાટણ પહોંચ્યા, અને મુખ્ય જૈન મંદિરના કાર્યાલયમાં દાખલ થયા. ત્યાંના આગેવાન જૈન બંધુઓનો પરિચય થયો અને ત્યાંના જ વતની અને ત્યાં વર્ષોથી વસતા જાણીતા સલાટ શ્રી. પ્રભાશંકર ઓધડભાઇ સોમપુરાનો પણ સુયોગ સાંપડયો. સોમનાથના મંદિરનું ખંડિયેર આજે જ્યાં છે ત્યાં ઉભું કરવામાં આવનાર ભવ્ય શિવાલયના નકશાઓ તૈયાર કરવાનું કામ તેમને સોંપાયલું હતું. સોમનાથના ઇતિહાસથી તેઓ સારી પેઠે વાકેફગાર હતા. તેમની સાથે અમે સોમનાથનું જર્જરિત મંદિર જોવા ઉપડયા. આ મંદિર અરબ્બી સમુદ્રના કિનારે આવેલું છે. ભરતીના વખતે દરિયાના મોજા મંદિરના ધરટની દિવાલો સાથે અથડાય છે. તેમણે અમને મંદિરના ખૂણે ખૂણે ફેરવ્યા અને બધું સમજાવ્યું. વળી એક બાજુએ આ જ સ્થળમાંથી નીકળેલાં પ્રાચીન મૂર્તિઓનાં તેમ જ બાંધકામના અવશેષોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તે પણ અમને દેખાડયો અને અગત્યના નમુનાઓનું ઐતિહાસિક મહત્વ તેમનાથી બને તેટલું અમને સમજાવ્યું.

કોઇ વિશાળ શિવાલયના અવશેષરૂપ દેખાતા-મુસલમાની રાજ્યકર્તાઓના ધર્મઝનુનનું ભોગ બનેલાં-આ શિખરવિનાના અને જર્જરિત થઇ રહેલા ખંડિયેર વિષે સામાન્ય ખ્યાલ એવો છે કે આશરે નવસો વર્ષ પહેલાં મહમદ ગીઝનીએ હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરેલી તે વખતે તે ઠેઠ કાઠિયાવાડ સુધી આવેલો અને સોમનાથના જે મંદિરને તેણે તોડેલું અને લુંટેલું, તે જ આ મંદિર છે અને તે વખતથી આ દશામાં ઉભું છે. પણ ઐતિહાસિક રીતે તપાસતાં આ ખ્યાલ બરોબર નથી એમ માલુમ પડે છે. ભાઇશ્રી

પ્રભાશંકરે આપેલી માહીતી મુજબ સોમનાથના મંદિરની આજે નજરે પડતી જર્જરિત હાલત મોગલ શહેનશાહ ઔરંગઝેબના ધર્મઝનુની ફરમાનનું પરિણામ છે. સોમનાથના મંદિર ઉપર તેમના મત પ્રમાણે આ આઠમો હલ્લો હતો. સોમનાથની ઐતિહાસિક તવારીખ પુરી પાડતાં તેમણે જણાવ્યું કે આ સ્થાન ઉપર વલ્લભિના મૈત્રક રાજાઓની પણ પહેલાં કદાચ ગુપ્તના વખતમાં બાંધકામ કરવામાં આવ્યું હોય એમ અહિં મળતાં કેટલાંએક અવશેષો ઉપરથી અનુમાન થાય છે. વલ્લભિઓના વિ. સં. ૫૫૦ થી ૮૨૫ સુધીના રાજ્યકાળની ઘણી નિશાનીઓ હાલ કરવામાં આવેલા ખોદકામમાંથી મળે છે. તે વખતનું મંદિર કાષ્ટ અને ઈંટો વડે બાંધ્યું હોય એમ લાગે છે. વિ. સં. ૧૦૮૦ માં મહમદ ગીઝનીએ એ મંદિર તોડ્યું. ત્યાર બાદ ગુજરાતના ભીમદેવે એ જ વર્ષમાં નવું મંદિર બંધાવ્યું. આ મંદિર કેવળ પાષાણનું હોય અને તેમાં કાષ્ટનો ઉપયોગ બીલકુલ કરવામાં આવ્યો ન હોય એમ લાગે છે. આ નવા મંદિરનો ૧૪૫ વર્ષ બાદ વિ. સં. ૧૨૨૫ માં રાજા કુમારપાળે બહું મોટા પાયા ઉપર જીર્ણોદ્ધાર કર્યો અને મૂળ બાંધકામમાં કેટલાક સુધારાવધારા કરીને શિલ્પની એક મહાન કૃતિ નિર્માણ કરી. વીસનગર બાજુ આવેલા તારંગા નામની એક ટેકરી ઉપર રાજા કુમારપાળે જૈન તીર્થંકર અજીતનાથનું એક ભવ્ય મંદિર બંધાવ્યું છે તે પોરાણ ઉપર જ અને તે કરતાં લગભગ દોઢા કદનું આ મંદિર બંધાવવામાં આવ્યું હોય એમ તેના ચોતરફના વિસ્તારના અવશેષો જોતા માલુમ પડે છે. ત્યારપછી પણ આ મંદિરમાં અવારનવાર વધારાઓ થયા કર્યા છે. વિ. સં. ૧૩૫૩ માં દીલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીના સરદાર ઉલ્લુખાન કરણઘેલાને નસાડીને અહિં આવ્યો હતો અને આ મંદિરને તેણે ઘણું નુકસાન કીધું હતું. ત્યાર બાદ તે વર્ષ દરમિયાન જ જુનાગઢના રા' મહીપાળ એને તેના કુમાર રા'ખેંગારે આ મંદિરનો ઉદ્ધાર કર્યો હતો અને લિંગની પુનઃ સ્થાપના કરી હતી. વિ. સં. ૧૪૫૧માં ગુજરાતના સુબા મુઝફ્ફરખાને ઉર્ફે મુઝફ્ફરે સોમનાથ ઉપર ત્રીજો હલ્લો કર્યો હતો અને તે વખતે થયેલી લડાઈમા લાઠીના હમીર ગોહીલે અને વેગડા ભીલે પ્રાણ આપ્યા હતા. એવી પણ વાર્તા પ્રચલિત છે કે આ વખતે લિંગને લઈને મુઝફ્ફર અમદાવાદ તરફ જતો હતો એ દરમિયાન ખોટાદ-જસદણ વચ્ચે ગોહીલ રજપુતોએ તેના ઉપર હુમલો કરીને લિંગ પડાવી લીધું હતું. આ લિંગની તેમણે એ બાજુએ આવેલ ઘેલા નદીના કાંઠે સ્થાપના કરી હતી. આ સ્થળ આજે પણ 'ઘેલા સોમનાથ' તરીકે પૂજાય છે.

વિ. સં. ૧૪૫૮ માં મુઝફ્ફરે ફરી વખત સોમનાથના મંદિર ઉપર આક્રમણ કર્યું હતું અને લિંગનો નાશ કર્યો હતો. ત્યારબાદ વિ. સં. ૧૪૭૧માં અમદાવાદ વસાવનાર અહમદશાહે જ્યારે જુનાગઢ ઉપર આક્રમણ કરેલું ત્યારે સાથે સાથે અહિં પણ આવીને કેટલુંક નુકસાન કર્યું હતું અને લિંગની ભાંગફોડ કરી હતી. સોમનાથ ઉપર છઠ્ઠો હુમલો વિ. સં. ૧૫૪૬માં મહમદ બેગડાએ કર્યો હતો અને સાતમો હુમલો વિ. સં. ૧૫૮૬માં ગુજરાતના સુલતાન મુઝફ્ફર બીજાએ કર્યો હતો અને મંદિરને મસજીદના આકારમાં ફેરવવા પ્રયત્ન કર્યો હતો. હજુ હમણાં સુધી આ મંદિરના મંડપના બહારના ખુણે એક મીનારો હતો તે તે કાળનો હોય એમ અનુમાન થાય છે. મુઝફ્ફર પછી પોણા બસો વર્ષે વિ. સં. ૧૭૫૮માં મોગલ શહેનશાહ ઔરંગઝેબના ફરમાનથી સોમનાથના આ મંદિરને ભ્રષ્ટ કરવામાં આવ્યું હતું. આગ લગાડવામાં આવી હતી અને ચોતરફથી શીર્ષાવશીર્ષ કરી નાખવામાં આવ્યું હતું. ત્યારબાદ ૮૦ વર્ષ પછી મરાઠા કાળમાં ભકત રાણી અહલ્યાબાઇએ વિ. સં. ૧૮૩૪માં આ ઓડિયેરની નજીકમાં એક નવું જ મંદિર બંધાવ્યું અને ત્યાં નવા લિંગની પ્રતિષ્ઠા કરી. આજે યાત્રાએ આવતા પ્રવાસીઓ આ નવા મંદિરને જ સોમનાથના મુખ્ય મંદિર તરીકે લેખે છે અને એ મંદિરના શિવલિંગની જ દર્શનપૂજા કરે છે.

જે સ્થળનો આવો ઇતિહાસ છે, જે સ્થળ આવા અનેક રાજકારણી વાવાઝોડાઓમાંથી પસાર થયું છે તે સ્થળનું દર્શન થતાં આપણું ચિત્ત તરેહ તરેહના સંવેદનોનો અનુભવ કરે છે. ઇતિહાસની અનેક તવારીખો આપણી આંખ સામેથી પસાર થાય છે. વળી સાથે સાથે વિચાર આવે છે કે મુસલમાની રાજ્યકર્તાઓના દિલમાં આ તે કેવો ધર્મઝનુનનો વિચિત્ર સંસ્કાર વંશ-પરંપરાગત જીવતો ચાલ્યો આવ્યો છે કે જે તેમને અન્ય વર્ગની ધાર્મિક લાગણી ઉપર વારંવાર આવો નિષ્ઠુર પ્રહાર કરવા તરફ જ ધસડી જાય છે અને હિંદુ સમુદાયમાં એવી તે કઇ ત્રુટિ છે કે જેને લીધે પોતાને અત્યન્ત પ્રિય એવા ધર્મસ્થાનકને સદાને માટે કેમ સુરક્ષિત બનાવવું તેની તેને સુઝ જ પડતી નથી અથવા તો એટલું સામર્થ્ય અને સંગઠન તે કદિ જમાવી જ શકતો નથી! આ આખા પ્રદેશમાં વસતી જનતાનો મોટો ભાગ હિંદુઓનો જ છે એમ છતાં ગઇ કાલ સુધી આ પ્રદેશ ઉપર એક મુસલમાન નવાબની હકુમત હતી અને એ નવાબ હિંદુઓના ધર્મસ્થાનો ઉપર ફાવે તેવી મનસ્વી હકુમત ચલાવતો હતો. પ્રભાસ-પાટણની એક દિશાએ બે નદીઓ સંગમ પામી સમુદ્રને મળે છે તેની સમીપ આવેલા અમુક સ્થળને શ્રી કૃષ્ણચંદ્રની દેહોત્સર્ગ-ભૂમિ તરીકે ઓળખાવવામાં આવે છે. તે સ્થળે કાળજીનું એક ભવ્ય મંદિર આવેલું છે. આ મંદિર નવાબના હુકમથી કેટલાયે વર્ષો થયાં હજુ ગઇ કાલ સુધી બંધ હતું. ૧૯૪૮ માં નવાબી નાશ પામી અને રાષ્ટ્રીય સરકારની હકુમત શરૂ થઇ ત્યારે આ મંદિરના દરવાજા ખુલ્યા. હિંદુ સમાજની આવી અસહયતા હતી! નવાબી રાજ્યની આવી આપખુદી હતી!

સોમનાથનું પુરાણું મંદિર જોઇ લીધા બાદ આજે જેની પૂજાપ્રતિષ્ઠા છે તે નવું મંદિર પણ જોયું અને પછી જૈન મંદિરો પણ ફરી ફરીને જોઇ લીધાં. જૈન મંદિરો લગભગ બધાં બાજુએ બાજુએ આવેલ છે. તેમાંથી ચારેક મંદિરો બહુ જીર્ણ થવાથી જીર્ણોદ્ધારની અપેક્ષા રાખતા હતા આ મંદિરોનો વ્યક્તિગત જીર્ણોદ્ધાર કરવાને બદલે એક ભવ્ય જિનાલય નવેસરથી બંધાવવાનો ત્યાંના જૈન સંઘે નિર્ણય કર્યો છે, અને તેમાં પાંચેક લાખનો ખર્ચ અડસટવામાં આવ્યો છે. આ મંદિર તૈયાર થયે ઉપર જણાવેલ ચારે મંદિરોમાંની પ્રતિમાઓ તેમાં બેસાડવામાં આવશે અને નકામાં બનેલાં મંદિરો પછી રદ કરવામાં આવશે.

આ ઉપરાંત મુસલમાનોએ પોતાના સત્તાકાળ દરમિયાન અનેક મંદિરોને મસજીદમાં પલટાવી નાંખેલ છે તેના નમુના રૂપે બે બાંધકામો જોવા મળ્યાં. એક તો ગામના લગભગ મધ્યભાગમાં આવેલી જુમા મસજીદ. તેના શિલ્પની વિગતો બારીકાઈથી તપાસતાં આ મૂળ જૈન મંદિર હોય એમ સહેજે અનુમાન થાય છે. જુનાગઢ રાજ્યના વિલીનીકરણ સાથે મુસલમાનોને મસજીદનો કબજો છોડવો પડ્યો છે. શરૂઆતમાં ત્યાં વસતા હિંદુઓએ ત્યાં સૂર્યમંદિરની સ્થાપના કરી હતી. પણ પાછળથી સૌરાષ્ટ્ર સરકારે આ બધું કઢી નાખીને આ મકાનને પોતાના કબજાતળે રાખેલ છે. આવી જ રીતે આ જુમા મસજીદની ઉત્તરે એક બાંધામાં એક મકાન હતું જ્યાં મુસલમાન કુટુંબો ઘર માંડીને રહેતાં હતા. જુનાગઢ રાજ્યના વિલીનીકરણ વખતે આ મકાન તરફ સૌરાષ્ટ્ર સરકારનું ધ્યાન ગયું અને તે કોઇ જુનું પુરાણું મંદિર હોવું જોઇએ એમ લાગતાં તે સ્થળનો કબજો લેવામાં આવ્યો. આ મકાનનું પણ અમે બારીકાઈથી નિરીક્ષણ કર્યું, આની અંદરના ગર્ભાગાર આસપાસની દિવાલોમાં ૨૪ ગોખલા છે તે ઉપરથી તેમજ શિલ્પની કેટલીએક વિગતો ઉપરથી અનુમાન થાય છે કે આ મૂળ જૈન મંદિર હોવું જોઇએ. તેવી જ રીતે

વેરાવળ અને પ્રભાસપાટણ વચ્ચે માયાપુરી નામનું એક સ્થળ છે. ત્યાંની મસજીદ પણ મૂળ જૈન મંદિરને પલટાવીને ઉભી કરવામાં આવેલ હોય એમ ત્યાંના વિશિષ્ટ પ્રકારના શિલ્પને ધ્યાનમાં લેતાં અનુમાન થાય છે. આ ઉપરાન્ત ગામની અંદર તેમ જ આસપાસ ખોદકામ કરતાં જિનપ્રતિમાઓ તેમ જ પરિકરોના અનેક ખંડિત અવશેષો અવારનવાર મળી આવે છે. આ બધું સૂચવે છે કે જૈનોનો પણ આ સ્થળ સાથે પ્રાચીન કાળથી ઘનિષ્ટ સંબંધ ચાલતો આવ્યો હોવો જોઇએ.

આમ પ્રભાસપાટણની અંદર રહેલું મહત્ત્વનું ઘણું ખરું જોઇ કરીને અમે નમતા પહોરે ગામ બહાર નીકળ્યા અને કૃષ્ણ-દેહોત્સર્ગભૂમિ સમીપ જઇ પહોંચ્યા. આ સ્થળ સંબંધમાં કથા એવી છે કે યાદવાસ્થળીની દારુણ ઘટનાના કારણે અત્યન્ત શોકગ્રસ્ત અને હતાશ બનેલા શ્રીકૃષ્ણ દ્વારિકા છોડીને પરિભ્રમણ કરતાં કરતાં વેરાવળ બાજુ આવી ચઢયા અને વેરાવળથી પ્રભાસપાટણના રસ્તે 'ભાલુકા' નામનું સ્થળ આવે છે, જે ભાલુકા તીર્થના નામે ઓળખાય છે ત્યાં કોઇ એક વૃક્ષ નીચે તેઓ સૂતા હતા એવામાં તેમને કોઇ પશુ સમજીને કોઇ એક પારધિએ બાણ છોડયું અને તે બાણ મર્મભાગમાં વાગતાં શ્રીકૃષ્ણે દેહનો ત્યાગ કર્યો. આ મૃતદેહનો ઉપર જણાવ્યું તે સ્થળે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો અને એ કારણે આ સ્થળ કૃષ્ણની દેહોત્સર્ગભૂમિ તરીકે સુવિખ્યાત બન્યું. પ્રભાસપાટણથી લગભગ એકાદ માઇલ દૂર હિરણ્ય નામની નદી વહે છે. આ નદીને ઉપરના ભાગમાં સરસ્વતી નામની નદી મળેલી હોય છે અને પ્રસ્તુત દેહોત્સર્ગભૂમિની બાજુએ થઇને આગળ ચાલતાં, સમુદ્રમાં વિલીન થાય તે પહેલાં તેને કપિલા નામની નદી મળે છે, આ હિરણ્ય નદીના તટ ઉપર બાંધેલા ઘાટની સીડી ઉપર આવેલી ચોકસ જગ્યાને દેહોત્સર્ગભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. એ ભૂમિ ઉપર એક સોહામણું પિપ્પલ વૃક્ષ કોઇ જટાધારી ઋષિ માફક ઉભું છે.

આ આખો પ્રદેશ અત્યન્ત રમણીય અને મોહક છે. દેહોત્સર્ગ-ભૂમિની બાજુએ એક વૈષ્ણવ મંદિર છે જે આગળ જણાવ્યું તેમ નવાબની હકુમત દરમિયાન કેટલાંયે વર્ષોથી બંધ રાખવામાં આવ્યું હતું. હિરણ્ય નદીનો સમુદ્ર તરફ વહી રહેલો પ્રવાહ દૃષ્યની રમણીયતામાં ખૂબ વધારો કરે છે. એ જળપ્રવાહમાંની માછલીઓ અવારનવાર પાણીની સપાટી ઉપર આવે છે, ઉંચે ઉછળે છે અને પાછી પ્રવાહમાં અદૃષ્ય થઇ જાય છે. અમારા માટે આ એક અપૂર્વ દૃષ્ય હતું. આ સ્થળ ઉપર વિચરતાં શ્રીકૃષ્ણની સમગ્ર જીવનલીલા કલ્પનાકાશમાં તરવર્યા કરે છે અને મનમાં સહજપણે વિચાર આવે છે કે આવા એક લોકોત્તર પુરુષનું આ તે કેવું કરુણાપૂર્ણ અવસાન!

સાંજ પડી. સૂર્ય પશ્ચિમઆકાશમાં ધીમે ધીમે ક્ષિતિજ તરફ ગતિ કરી રહ્યો હતો. ફરતાં ફરતાં ફરીથી પાછા સોમનાથના કાલધ્વસ્ત મંદિર પાસે અમે આવી પહોંચ્યા. આ સમયે આખું દૃષ્ય કોઇ જુદી જ ભવ્યતાનો અનુભવ કરાવી રહ્યું હતું. આથમતા સૂર્યના આતપમાંથી બધી ઉષ્ણતા ઓસરી ગઇ હતી અને સૂર્યકિરણોનો સ્પર્શ પણ હવે મધુર અને આલ્હાદક લાગતો હતો. પવન આમતેમ ખુબ જોસભેર ફુંકાઇ રહ્યો હતો, અને સમુદ્રના પ્રચંડ મોજાંઓ કિનારા તરફ દોડાદોડ કરી રહ્યા હતા. મંદિરનું ખંડિયેર પણ બધી રક્ષાનો ત્યાગ કરીને જાણે કે કોઇ એક મહાન ધર્મ-ગ્રંથ કે ઐતિહાસિક મહાકાવ્ય ન હોય એમ કોઇ વિલક્ષણ કાવ્ય-મય કોમળતા ધારણ કરી રહ્યું હતું. આ ખંડિયેર અહિં કંઇ કાળથી ઉભું હતું અને કંઇ કંઇ પ્રકારના ઐતિહાસિક, સામાજિક તેમ જ ધાર્મિક પરિવર્તનો તેણે નિહાળ્યા હતા, અને નિષ્ઠુર યવનોના અનેક દારુણ પ્રહારો ઝીલ્યા હતા. અરબ્બી સમુદ્રમાં ઉત્તર-દક્ષિણ બાજુ પ્રવાસ કરતાં નાવિકો કંઇ કાળથી જાણે કે કોઇ શરવિધ્ધ યોદ્ધો પડેલો ન હોય અથવા તો કોઇ પ્રાણાયામમૂર્છિત ઋષિમુનિ આસનબધ્ધ બનીને બેઠા ન હોય એવા આ શિખર-વિહીન મંદિરને દૂર દૂરથી નિહાળતા અને સોમનાથ મહાદેવને પોતાનું મસ્તક નમાવતા આવ્યા છે.

ત્યાં બાંધેલા ઘાટ ઉપર આમ બેઠાં બેઠાં અને ભૂતકાળને વર્તમાનમાં પલટાવતી તરેહ તરેહની કલ્પનાઓમાં ડોલતાં ડોલતાં કેટલોક સમય વ્યતીત થયો. સૂર્યે પોતાની લીલા સંકેલવા માંડી. સૂર્યબિંબ ક્ષિતિજ રેખા ઉપર જાણે કે બે પાંચ ક્ષણ સ્થિર થઇને ઉભું. ચોતરફ વ્યાપેલી પ્રસન્નતા ઉપર કોઇ ન સમજી શકાય એવી ગંભીરતાની છાયા ફેલાવા લાગી. સતત ગતિમાન પવન પણ બે ઘડિ થંભી ગયો ન હોય એવી સ્તબ્ધતાનો અનુભવ થવા લાગ્યો. સૂર્યબિંબ ક્ષિતિજમાં ધીમે ધીમે સમાવા લાગ્યું, અને જોત-જોતામાં અદૃષ્ય થઇ ગયું. મેં પણ મારે મને આ પુરાણપ્રસિધ્ધ અને ઇતિહાસપ્રતિષ્ઠિત સ્થળની વિદાય લીધી, અને મારું ચિત્ત કંઇ સમય સુધી ઉંડા ચિન્તન વડે ઘેરાયલું રહ્યું. **પરમાનંદ**

(અનુસંધાન પૃષ્ઠ ૨ નું ચાલુ)

હોય છે. હેરોલ્ડ લાસ્કી પણ એમ જ સૂચવતા લાગે છે કે માણસ માત્ર એની જડતાને લીધે જ વિચારશીલ થતો નથી. 'Studies in History and Jurisprudence' માં બ્રાઇસ કહે છે કે માણસનો પ્રમાદ જ એનું ખરેખરું કારણ છે. જો મારી ભૂલ ન થતી હોય તો મને ખ્યાલ છે કે સત્તરમી સદીનો પ્રખ્યાત અંગ્રેજ ફીલસુફ હોબ્સ પણ બ્રાઇસનો જ મત ધરાવે છે.

સર હેન્રી મેઇન આજની દુઃસ્થિતિની બધી જવાબદારી, જેનો પ્રભાવ ઘણા સૈકાઓ સુધી સતતપણે ચાલ્યો આવ્યો છે તે આદતના પ્રાબલ્ય (એનો શબ્દોમાં–"force of habit") પર મૂકે છે. જ્યારે પ્રાચીન દુનિયા સામે આવી જ પરિસ્થિતિ ઉભી રહી હતી ત્યારે ગૌતમબુધ્ધ જાગ્યા અને જણાવ્યું કે પ્રમાદ અને જડતા એ સૌથી વધારે ઘાતક પાપ છે. ખરેખર એક કાળ એવો હતો કે જ્યારે પ્રાચીન કાળના લોકો પ્રમાદ અને જડતાને જીતી લેવામાં સફળ નીવડેલા અને પ્રાચીન હિંદની અને ચીનની ભવ્ય સંસ્કૃતિનું, પ્રાચીન ગ્રીસના પેરીક્લિયન પ્રજાસત્તાકનું અને રોમન ઇતિહાસના એન્ટોનિન્સના યુગનું તેમણે નિર્માણ કરેલું અને જ્યારે લોકોએ ખૂબ જ માનસિક જાગૃતિ, વૈજ્ઞાનિક આવડત, અસાધારણ સર્જન-શક્તિ, પ્રાણમયતા, પુરૂષાર્થ અને સાહસનો કોઇ અપૂર્વ આવેગ દાખવેલો–પણ જેમ જેમ લોકો વધુને વધુ પ્રમાદી અને જડ થતા ગયા તેમ તેમ પછીની સદીઓમાં આ ઉચ્ચ ગુણોનો આવીર્ભાવ એકદમ ઓસરવા લાગ્યો.

વીશમી સદીના ઉત્તરાર્ધના પુરુષો અને સ્ત્રીઓ પ્રમાદ ને જડતાની આ પ્રણાલિ ચાલુ રાખશે કે વિચાર ને વર્તનમાં નવું સાહસ ખેડવા પગલાં ભરશે? એક માર્ગે મૃત્યુ છે, બીજે માર્ગે જીવન છે. એક વખત આલ્ડુઅસ હકસલીએ વીશમી સદીના રાજકીય વિચારપદ્ધતિને ન કલ્પી શકાય એવી જંગલી કહેલી. હજી પણ એમ જ ચાલ્યા કરશે કે શું? સામાન્ય માનવી, બીજું કંઇ નહિ તો, આટલું તો જરૂર વિચારે.

એક પ્રખ્યાત સ્કોટીશ કવિ વિલિયમ ડ્રમોન્ડના ખૂબ લોકપ્રિય કથન સાથે હું આ લેખ પૂરો કરીશ. એણે કહેલું કે જે વિચારવા માંગતો નથી તે અંધશ્રધ્ધાળુ છે, જે વિચારી શકતો જ નથી તે મૂર્ખ છે, અને જે વિચારવાની હિમ્મત નથી કરી શકતો તે ગુલામ છે. **અનુવાદક: ગીતા કાપડિયા**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૨

મુંબઇ : ૧૫ મે ૧૯૫૧ મંગળવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

ફાધર ડિવાઈન

આપણા દેશમાં–અને ખાસ કરીને ગુજરાત પ્રાન્તમાં–છેલ્લાં ચાર પાંચ વર્ષમાં 'માતાઓ' 'માતાજીઓ', 'સ્વામિઓ,' 'મહારાજો' 'ભગવાનો' વગેરેના મોટા પ્રમાણમાં દર્શન થવા લાગ્યા છે અને દરેકને અંગે કોઈ કોઈ ચમત્કારની વાતો વહેતી મુકવામાં આવે છે. આવા ચમત્કારની વાત ભોળા શ્રદ્ધાળુઓ કોઇ પણ વિચાર કર્યા વગર માની લે છે, એ બધાનાં દર્શન કરવા દોડાદોડ કરે છે, ચમત્કારની વાત સાચી મનાવવા પોતાના મનને પણ છેતરે છે, કદિ કોઇ નાણાંની બાબતમાં ઠગાય છે, કોઇ સંતાન ગુમાવે છે, કોઇ ગાંડા થઇ જાય છે, કોઇની પત્નીઓ પોતાના પતિઓને રઝળતા મુકી આમાંના કોઇ 'સંત'ની સાથે ચાલી જાય છે. આવા અનેક કિસ્સાઓ છાપામાં વારંવાર પ્રકટ થાય છે, અને તેમ છતાં ભોળી જનતા ઠગાયે જ જાય છે.

ચમત્કાર, સામાન્ય ભૌતિક નિયમોથી વિરુદ્ધ અગર જુદું એવું જોવાની, અને જાણવાની; ભવિષ્ય જાણવાની, શ્રમ વિના ધનવાન થવાની, સન્તાન મેળવવાની, દુશ્મન ઉપર વિજય મેળવવાના વગેરે ઇચ્છાઓ માણસના મનમાં એટલી ઉત્કટ રીતે મૂળ ઘાલી બેઠેલી છે કે તે એવા કોઇ પ્રસંગની રાહ જોયા જ કરે છે, અને જ્યાં એવી કોઇ વાત સ્હેજ પણ સંભળાય ત્યાં દોડી જાય છે.

જે મનુષ્યોમાં સામાન્ય મનુષ્યો કરતાં કોઇ વિશેષ શક્તિ-ચારિત્રની અગર બુદ્ધિની હોય છે, જેમનું ખાસ વ્યક્તિત્વ હોય છે, જે સફાઇથી અને ભેદમરેલી રીતે વાતો કરી શકે છે તેવા માણસો આ ભોળી જનતાને ઠગવામાં સારી રીતે ફાવે છે અને સેંકડો હજારો તેમના અનુયાયી બની પાછળ પાછળ ઘસડાય છે.

આવી જાતની અન્ધશ્રદ્ધા આપણા દેશમાં જ છે એમ નથી, અમેરિકા જેવા પ્રગતિમાન અને વિજ્ઞાનમાં ખૂબ આગળ વધેલા દેશમાં પણ આવા 'સંત મહંતો' હોય છે અને હજારો સ્ત્રી પુરુષો તેમના અનુયાયી બને છે. આ વિશે થોડા સમય ઉપર અંગ્રેજીમાં પ્રકટ થયેલા લેખનો એક સાર આ સાથે અમે આપીએ છીએ:

"અમેરિકામાં વીસ લાખથી વધારે માણસો–ગોરાં અને કાળા અત્યારે એમ માને છે કે, એક ૭૪ વર્ષનો નીગ્રો તે સાક્ષાત્ ભગવાન છે. એ પોતાને 'ફાધર ડિવાઇન' એ નામે ઓળખાવે છે અને તે હવે બીજા દશ લાખ નવા અનુયાયી કરવાની પ્રવૃત્તિમાં પડયો છે.

એનું મુખ્ય ધામ ફિલાડેલ્ફીઆ છે. આ સ્થળેથી કેનેડા અને બીજા સંબંધ દેશોમાં તેનું સામ્રાજ્ય વ્યાપેલું છે. ચારે ખંડમાં એના દેવળો છે. એ દેવળોને અંગે રેસ્ટોરાં, હોટેલો અને ડોરમિટરીઝ (વિદ્યાર્થીઓને સહુને સાથે રહેવા સુવાની સગવડવાળા મોટા ખંડો) એણે જોડયા છે. આ જાતનાં દેવળોને એણે 'હેવન્સ' સ્વર્ગધામ એવું નામ આપ્યું છે. આવાં 'હેવન્સ' અત્યારે ઓસ્ટ્રેલિયાથી છેક ઑસ્ટ્રિઆ સુધીના પ્રદેશમાં આવેલા અનેક દેશોમાં છે.

થોડા જ વખત ઉપર સ્વિટઝરલેન્ડના રાજ્યે આ સંસ્થા તરફથી પ્રકટ થતા 'નૂતન દિન' નામના વર્તમાનપત્ર ઉપર પ્રતિબન્ધ મુક્યો હતો. એ પત્રમાં એવું જણાવવામાં આવ્યું હતું કે ફાધર ડિવાઇને ફીલાડેલ્ફીઆથી સમુદ્રપાર કરેલા કોલ વખતે ટેલિફોનના રિસીવરમાં માત્ર ફુંક મારીને અનેક મરણ પામેલા માણસોને પુનર્જીવિત કર્યા હતાં! એ પત્ર ઉપર પ્રતિબંધ મુકાયા છતાં અત્યારે સ્વિટઝરલેન્ડમાં બાર 'સ્વર્ગધામો' છે અને ત્રણ હજાર જેટલા અનુયાયીઓ છે.

ફાધર ડિવાઇનનો પોતાના અનુયાયીના મન ઉપર બેહદ જબરો કબજો છે. થોડા વખત પહેલાં ફાધર ડિવાઇને ફિલાડેલ્ફીઆના એક 'સ્વર્ગધામ'નું ઇન્સ્પેક્શન કર્યું હતું. આ સ્વર્ગધામ અગાઉ હોટેલ હતી. એ હોટેલ એણે એક લાખ ડોલર આપી ખરીદ કરી લીધી હતી. એને સમરાવી ફરફાર કરી ૬૦૦ માણસો બેસી શકે એવો વિશાળ વ્યાખ્યાન ખંડ, જમવાનો મોટો ખંડ, અને ડઝનબંધ સુવાના ખંડવાળું મોટું મકાન બનાવ્યું હતું. એ સ્થળે ફાધર ડિવાઇન જ્યારે આવી પહોંચ્યો ત્યારે લગભગ પંદરસો માણસનું ટોળું તેની રાહ જોતું તેનો સત્કાર કરવા માટે ઊભું હતું. ભભકદાર મોટી મોટરમાંથી એ ઉતર્યો એટલે ટોળામાંથી જોરથી અવાજ આવ્યો, 'શાન્તિ, પરમેશ્વર સાક્ષાત્ અહિં દેહધરીને આવ્યા છે. શાન્તિ ભગવાન!' 'ફાધર ડિવાઇન ધીના ધેરા અવાજે બોલ્યા "ભાઇઓ! શાન્તિ, બહેનો! શાન્તિ, બાળકો! શાન્તિ"

"શાન્તિ પિતા, શાન્તિ" એવો ટોળામાંથી ફરી અવાજ આવ્યો, ટોળામાં એ માણસની પાસે જઇ તેના હાથને ચુંબન કરવાની પડાપડી થવા માંડી, સંખ્યાબંધ માણસો આ માટે આગળ ધસવા લાગ્યા.

આ પુરુષના અનુયાયીમાં તેના પ્રત્યે જે ભક્તિભાવ છે તે વ્યક્ત કર્યાના સેંકડો દાખલા દેશદેશની કોર્ટોમાં નોંધાયલા છે. એક માતાએ પોતાનાં સાત બાળકોને આ સંપ્રદાયની દીક્ષા લેવડાવી એને સુપરત કર્યા હતા, મીસીસ મેરી શેલ્ડન નામની એક સ્ત્રી ૮૩ વર્ષ પોતાના મૃત્યુ સમયે આ માણસ પ્રત્યેના ભક્તિભાવથી વારસામાં તેને પાંચ લાખ ડોલર આપી ગઇ. એના સેંકડો અનુયાયીઓને પોલીસ સાથેની અથડામણના અનેક પ્રસંગો બન્યા છે.

પોતાના અનુયાયીઓને તે નવાં નામ આપે છે. એ નવાં નામે મત આપવા માટે એના અનુયાયી ઠઠે ભરાયલા હતા. પોતાના સાચાં નામ મતપત્રકમાં છપાયલાં હોવા છતાં, ફાધર ડિવાઇને આપેલાં 'વિશ્વાસુ મેરી' 'દેહધારી દત્તદૂત' 'પ્રેમનું ઝુમખું' એવાં નામે મત આપવાનો આગ્રહ આ લેખકો લાદ એટા હતા, અને જ્યારે મત નોંધનાર અમલદારે તેમ કરવા દેવાની ના પાડી ત્યારે એમણે હુલ્લડ મચાવ્યું.

આ સંપ્રદાયનું મુખ્ય ધ્યેય તે શુદ્ધ, પવિત્ર, શાન્તિમયું જીવન પ્રાપ્ત કરવાનું કહેવાય છે. શાન્તિ! કેવું આશ્ચર્યજનક! એ એમનુ મુખ્ય સૂત્ર છે. દારૂપીવાની અને બીડી પીવાની પણ આ સંપ્રદાયમાં બંધી છે. લગ્ન પ્રત્યે અરૂચિ અને અણગમો બતાવાય છે, આ પંથનાં અનુયાયીઓને પુરૂષો અને સ્ત્રીઓને એક-બીજાને ભાઇબહેન ગણવાનું ખાસ શીખવવામાં આવે છે. પ્રત્યેક અનુયાયીને કામ-શ્રમસાધ્યનું-કરવું પડે છે અને પોતાની કમાણીનો સારો મોટો ભાગ ફાધર ડિવાઇનને 'સલામતી' માટે સોંપવો પડે છે.

એક નીગ્રો સ્ત્રીએ ફાધર ડિવાઇનને છ હજાર ડોલર આપ્યા હતા, તે પાછા મેળવવા માટે તેણે કોર્ટમાં દાવો માંડયો હતો. તે દાવા અરજીમાં તેણે જણાવ્યું હતું કે 'આ બધા નાણાં મેં એટલા માટે આપ્યાં હતાં કે મને એમ સમજાવવામાં આવ્યું હતું કે જો હું નાણાં નહિ આપું તો અનન્ત કાળ સુધી દુઃખમાં પડી રહેવું પડશે, અને જો ફાધર ડિવાઇનને આપું તો તેના 'સ્વર્ગીય ખજાના'માં એ અનામત રહેશે અને તે કારણે મને અનન્ત જીવન પ્રાપ્ત થશે.'

ફાધર ડિવાઇન તે સાક્ષાત ભગવાન છે એનો સ્વીકાર કરવો એ તો આ સંપ્રદાયની દીક્ષા લેનાર માટે સૌથી મહત્ત્વની બાબત ગણાય છે. ફાધર ડિવાઇન કહે છે "ભગવાન પોતાને યોગ્ય જણાય તે રીતે અને યોગ્ય જણાય તે વ્યક્તિમાં પોતાનો અવિષ્કાર કરવા શક્તિમાન છે, મારા અનુયાયીઓ એમ માને કે હું જ ભગવાન છું, અને એ માન્યતાને પરિણામે તેમનાં જીવન પવિત્ર થતાં હોય અને સુખશાંતિ તથા આનન્દ તેમને પ્રાપ્ત થયાં હોય તો મને ભગવાન માનતાં મારે એમને શા માટે રોકવાં?"

આ સંપ્રદાયમાં નવી દીક્ષા લેનારને નીચે મુજબનાં વાકય ત્રણ વાર પ્રાર્થનામાં બોલવાનાં હોય છે:—

"પિતા હું સમર્પિત થાઉં છું." અને તે પછી "પિતા હું મારૂં સર્વસ્વ તને સમર્પણ કરું છું" એ પ્રમાણે બોલવાનું છે.

થોડા વખત પહેલાં ફાધર ડિવાઇને પોતાના અનુયાયીને જણાવ્યું હતું કે "અણુશક્તિનો ઉત્પાદક અને તેને સંપૂર્ણતાએ પહોંચાડનાર હું છું. મેં એ શક્તિનું નિયોજન કર્યું છે અને એ શક્તિ ઉપર કાબુ મેળવીને અનેક નવી શોધો હું રજુ કરવાનો છું. એ જ કાર્ય અત્યારે હું પૃથ્વી ઉપર તેમજ સ્વર્ગમાં કરી રહ્યો છું."

ફાધર ડિવાઇનનો જન્મ જ્યોર્જિઆના કિનારાથી દૂર આવેલા એક બેટમાં સને ૧૮૭૫ માં થયો હતો. બાલ્ટીમોરમાં જ્યોર્જ બેકરના નામથી એણે અનેક નાના મોટા ધંધા અને ફેરફાંટા કરી ૧૯૨૦ સુધી જીવન ગુજાર્યાનું જાણવામાં આવ્યું છે, અત્યારે એ પોતાની સહી રેવરન્ડ મેજર જે. ડિવાઇન એ પ્રમાણે કરે છે અને સાથે એટલું ઉમેરે છે 'ફાગર ડિવાઇન' તરીકે વધારે જાણીતો.

તેના અનુયાયીઓ જણાવે છે કે ઘેરા વાદળાંના ગોટામાં ફાધર ડિવાઇન ઉપરથી નીચે ઉતર્યા છેઃ જ્યારે એના પ્રદેશમાં વેપારધંધામાં અતિશય મંદી આવી ગઇ અને પુષ્કળ લોકો બેકાર બન્યા ત્યારે આ માણસે ૧૦ અને ૧૫ સેન્ટમાં અનેક માણસોને ખાવાનું પુરૂં પાડયું હતું. ત્યારથી એ પ્રખ્યાતીમાં આવી ગયો. તે પછી એણે ન્યુયોર્ક શહેરમાં, આખા ન્યુયોર્ક પ્રાંતમાં અને ન્યુજર્સીમાં આવાં ભોજનગૃહો શરૂ કર્યાં.

૧૯૩૦માં એ માણસ ઉપર જાહેર પ્રજાને અડચણરૂપ થવાનો અને પોતાના અનુયાયીઓના પગાર અને નિર્લક્ત ખાઇ જવાનો ગુન્હો સાબિત થવાથી તેને પાંચસો ડોલરનો દંડ અને એક વર્ષ જેલની સજા કરવામાં આવી હતી.

સજા કર્યા પછી થોડા જ દિવસમાં ન્યાયાધીશ હૃદય, બંધ થવાથી એકાએક મૃત્યુ પામ્યા તેથી ફાધર ડિલાઇનના અનુયાયીઓને, એની દૈવી શક્તિનો મોટો પુરાવો મળી ગયો હોય એમ લાગ્યું: ઉપલી અદાલતમાં એને કરેલી શિક્ષા જ્યારે રદ કરવામાં આવી ત્યારે તો એની કીર્તિ ખૂબ જ વધી ગઇ.

સને ૧૯૪૨માં એના એક અનુયાયીએ એના ઉપર દાવો માંડી એના ઉપર વીસ હજારનું હુકમનામું મેળવ્યું ત્યારે એ ખૂબ ગુસ્સે થઇ ન્યૂયોર્ક છોડી ફિલાડેલ્ફીઆ ચાલ્યો ગયો અને પોતાની કદર ન થવાની સર્વને ફરિયાદ કરવા લાગ્યો. તે પછી તરત જ એણે મોટી જાહેર સભા ભરી જણાવ્યું કે ન્યૂયોર્કની વસતિમાં પ્રવર્તેલી અનેક બદીઓ દૂર કરવાને એ સામર્થ્યવાન થયો હતો. હજારો સ્ત્રી-પુરૂષોએ અનીતિ અને અન્યાયનો માર્ગ છોડી નીતિ અને ન્યાયનો માર્ગ ગ્રહણ કર્યો હતો. ત્યાર પછી એ ન્યૂયોર્ક માત્ર રવિવારે રવિવારે આવતો, કારણ કે એ રજાને દિવસે તેના ઉપર સમન્સ બજાવી શકાય નહિ. એણે હજી પેલા છ હજાર ડોલરનું દેવું ભર્યું નથી અને કોર્ટે ફરમાવ્યા મુજબ દર અઠવાડીએ સો ડોલરના હફતાથી એ પુરૂં કરવાનું એનાથી પોષાય નહિ એમ એ જણાવે છે. એનો વકીલ જણાવે છે કે માનવ જાતિની સેવા માટે ફાધર ડિવાઇનને કોઇ જાતનો પગાર કે પુરસ્કાર મળતો નથી.

છેલ્લાં સાત વર્ષમાં આ સંપ્રદાયમાં લગભગ એક કરોડ ને પચાસ લાખ ડોલરની મૂડી એકઠી થઇ છે જેનો કબજો ફાધર ડિવાઇનનો છે. અમેરીકાનાં ત્રીસ સંસ્થાનોમાં "સ્વર્ગધામ" સ્થપાયાં છે.

પોતાના અનુયાયીઓ ઉપરની ધાર્મિક સત્તાને પરિણામે ફાધર ડિવાઇને રાજકીય બાબતમાં પણ તેમના ઉપર સત્તા પ્રાપ્ત કરી છે. એના અનુયાયીઓના મત મેળવવા માટે રાજદ્વારી કાર્ય કરનારા અનેક માણસો એની મદદની માગણી કરે છે. ત્યાં તો એટલે સુધી માનવામાં આવે છે કે ફાધર ડિવાઇન ચંદ્રલોકમાં વસનાર કોઇ કલ્પિત વ્યક્તિ માટે મત આપવું તેના અનુયાયીને કહે તો તેને પણ તેઓ મત આપે!

નવા અનુયાયીઓ મેળવવા માટે પોતાના ધર્મોપદેશકો તે દુનિયાના દરેક દેશમાં મોકલે છે. એ કહે છે કે જર્મની અને જાપાની પ્રજાને એના સંપ્રદાયમાં થોડા જ સમયમાં એ લાવી શકશે. "થોડા જ વર્ષોમાં હું એક કરોડ નવા અનુયાયીઓ મેળવવાની આશા રાખું છું." એમ એ હિમ્મતથી કહે છે.

'જ્યોતિર્ધર'માંથી સાભાર ઉધ્ધૃત ગટુલાલ ગો. ઘ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ : ખાતવિધિ સમારંભ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મકાન માટે માટુંગાથી આગળ જતાં શિવના રસ્તે પશ્ચિમ બાજુએ સોસાયટી પછી અને વીઠોબાના મંદિરની પાછળ બે પ્લેટ ખરીદવામાં આવ્યા છે. આ જગ્યાએ તા. ૨૧-૫-૫૧ સોમવાર સવારના નવ વાગ્યે શ્રી કેદારનાથજીના પ્રમુખસ્થાને નવા મકાનનો પાયો નાખવાનો સમારંભ ગોઠવવામાં આવ્યો છે. ખાતવિધિ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આત્મા સમાન શ્રી. મણિલાલ મોકમચંદ શાહના હાથે કરવામાં આવશે. આ પ્રસંગે પ્રબુદ્ધ જૈનના મુંબઇમાં વસતા સર્વ વાંચકોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

ટી. જી. શાહ
રમણકલાલ મણિલાલ શાહ
મંત્રીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

કેટલાક સમાચાર અને નોંધ

જય સોમનાથ!

તા. ૧૧-૫-૫૧ ના રોજ પ્રભાસ પાટણ ખાતે સોમનાથના નવા મંદિરમાં સાડા સાત ફીટના ભવ્ય શિવલિંગની રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ભારે ધામધુમ અને દબદબાપૂર્વક પ્રતિષ્ઠા થઇ ગઇ અને તેનાં અનેક વર્ણનો અને ચિત્રો છાપાઓમાં પ્રગટ થયેલાં આપણે જોયાં. પ્રતિષ્ઠા કર્યા બાદ રાષ્ટ્રપતિએ એક ટૂંકું પણ સુન્દર પ્રવચન કર્યું હતું. આ પ્રવચન ઉદાર વિચાર અને ઉદાત્ત ભાવનાથી ભરેલું હતું. અન્ય ધર્મો વિષે પુરી સહિષ્ણુતા અને સમભાવ કેળવવાનો તેમાં ઉપદેશ હતો. આમ છતાં પણ આવી એક શુદ્ધ સાંપ્રદાયિક પ્રતિષ્ઠાના અવસર સાથે પ્રવચનની ઉદાત્તતાનો કોઇ મેળ બેસતો ન હોતો અને વૈદિક સંપ્રદાયથી રંગાયેલા ન હોય એવા અનેકના દિલમાં સમસંવેદી રણકાર પેદા કરવામાં એ પ્રવચન અસમર્થ નીવડ્યું હતું.

આ આખી ઘટનાની વિરુદ્ધ તેમ જ પક્ષમાં અનેક અભિપ્રાયો આજના સામયિકોમાં જોવા મળે છે, પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં પ્રગટ થયેલ 'સોમનાથનો જલસો' એ લેખને ઘણા અંશે મળતા વિચારો રજુ કરતા એક પત્રના ઉત્તર રૂપે તા. ૫-૫-૫૧ ના 'હરિજનબંધુ' માં નોંધ લખતાં શ્રી. કિશોરલાલભાઇ જણાવે છે કે "આ મંદિરનો જીર્ણોધ્ધાર રાજ્ય તરફથી થતો નથી...શ્રી રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપ્રતિ તરીકે આ મંદિરની પ્રતિષ્ઠામાં ભાગ લે છે એમ માનવાને કશું કારણ નથી." ઉપર ઉપરની દૃષ્ટિએ શ્રી કિશોરલાલભાઇ કહે છે, તે બરોબર છે એમ છતાં પણ આ આખી ઘટના ઉભી કરવામાં મધ્યવર્તી સરકારે તેમ જ સૌરાષ્ટ્ર સરકારે જે મહત્વનો ભાગ ભજવ્યો છે અને બન્ને સરકારના ઉચ્ચ તમ કક્ષાના આગેવાનોએ જે સાથ આપ્યો છે તે જોતાં સોમનાથના જીર્ણોધ્ધાર સાથે તથા પ્રતિષ્ઠામહોત્સવ સાથે આપણી સરકારને કશી લેવાદેવા નહોતી એમ કહી શકાય તેમ છે જ નહિ એમ જણાવવામાં આવ્યું છે કે આ પ્રતિષ્ઠા-મહોત્સવ પાછળ સૌરાષ્ટ્ર સરકારે એક પાઇનો ખર્ચ કર્યો નથી. પણ શ્રી મુનશી કિશોરલાલભાઇ ઉપરના પત્રમાં જણાવે છે તેમ જ્યારે ધાર્મિક મેળાઓ પોતાની હદમાં ભરાય છે, ત્યારે બધી સરકારો જેવી સગવડો કરે છે તે મુજબ રસ્તા સુધારવા અને તેમાં દીવા ગોઠવવા તથા પાણીની વ્યવસ્થા કરવા અને યાત્રાળુઓ માટે સગવડો આપવા સૌરાષ્ટ્ર સરકાર જરૂરી ખર્ચ કરી રહી છે. ઉપલક દૃષ્ટિએ આ બરોબર છે એમ છતાં પણ જ્યારે બીજા મેળાઓ સરકારની કશી પ્રેરણા કે સહાનુભૂતિ વિના સ્વતઃ ઉભા થાય છે અને સ્થાનિક સરકારને માથે જરૂરી સગવડો પુરી પાડવાની ફરજ આવી પડે છે ત્યારે આ કીસ્સામાં તો સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન પોતે જ સ્વાગત-સમિતિના પ્રમુખ બન્યા છે, સૌરાષ્ટ્રના રાજપ્રમુખ જામસાહેબ અને હિંદી સરકારના અન્ન-સચિવ શ્રી. મુનશી આખી રચનાના પ્રમુખ સૂત્રધારો છે અને હિંદના રાષ્ટ્રપતિ લિંગપ્રતિષ્ઠા કરવા પધારે છે, હિંદની સમસ્ત આમ જનતાને આ સમારંભમાં ભાગ લેવા નોતરવામાં આવે છે અને જેટલી ઠઠ્ઠ પી શકાય એટલી વિશાળ પાયા ઉપર આખા સમારંભની યોજના કરવામાં આવે છે. આ રીતે પોતાથી જ ઉભા કરવામાં આવેલા સમારંભમાં એકત્ર થતી માનવમેદનીની સગવડો ખાતર જે કાંઇ બે પાંચ લાખનો સૌરાષ્ટ્ર સરકાર તરફથી ખર્ચ કરવામાં આવે તે ખર્ચ સૌરાષ્ટ્ર સરકાર પ્રતિષ્ઠા પાછળ જ કરી રહી છે એમ કહેવામાં જરા પણ અતિશયતા થતી નથી. શ્રી રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ તરીકે આ મંદિરની પ્રતિષ્ઠામાં ભાગ લેતા નથી એમ કહેવું પણ બરોબર નથી. લિંગ પ્રતિષ્ઠા માટે રાજેન્દ્રબાબુની પસંદગી તેઓ એક સનાતની મૂર્તિપૂજક હિંદુ છે-માત્ર એટલા માટે જ નહિ પણ તેઓ અદ્યતન રાષ્ટ્રપતિ છે એ ખાસ ધ્યાનમાં લઇને કરવામાં આવી હતી એ દૃષ્ટિબિંદુ છે અને એ કારણે જ એ પસંદગીને આટલું બધું મહત્વ આપવામાં આવ્યું છે. રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ ન હોત તો આવા શુભ કાર્ય માટે બીજી વ્યક્તિઓનો પણ જરૂર વિકલ્પે વિચાર કરવામાં આવ્યો હોત.

શ્રી કિશોરલાલભાઇ પોતાની નોંધમાં આગળ ચાલતાં જણાવે છે કે "સોમનાથની પાછળ રાજકીય કલેશનો ઇતિહાસ છે ખરો., પણ એમ તો કોઇ ન જ કહી શકે કે સોમનાથનો જીર્ણોદ્ધાર કરવાનો હિંદુઓને હક જ નથી. ઇતેથી એની જોડે રાજનીતિને ન જોડવી ઘટે. પાકીસ્તાન કે યુનોએ પણ તેમ ન જોડવી જોઇએ. પણ તેઓ જોડે જ તો તેથી ડરીને ભારત સરકાર પોતાની પ્રજાને તેમના હક વાપરતાં કેમ અટકાવે?" સોમનાથનો જીર્ણોદ્ધાર કરવાનો હિંદુઓને હક જ નથી એમ જરૂર કોઇ ન જ કહી શકે, વળી પાકીસ્તાનથી ડરીને ભારત સરકાર પોતાની પ્રજાને પોતાના હક વાપરતાં અટકાવી ન જ શકે એ પણ બરોબર છે. પણ અહિં પોતાનો અમુક હક વાપરવાને ઉદ્યુક્ત થયેલી પ્રજાનો કે પ્રજાના અમુક ભાગનો પ્રશ્ન જ નથી, આ કાર્યમાં તો આપણે ઉપર જોયું તેમ આપણી સરકાર જ સીધી રીતે નહિ તો આડકતરી રીતે ગાઢપણે સંકળાયેલી છે. અને સરકાર જ્યાં સંકળાયેલી હોય ત્યાં સરકારી સૂત્રધારોએ સોમનાથના આજ સુધીના 'ઇતિહાસનો, પાકીસ્તાનના માથા ઉપર ઉભેલા જોખમનો, મંદિર પાછળ થનાર ગંજાવર ખર્ચના ઔચિત્યનો, પ્રતિષ્ઠાસમારંભને લગતી આવડી મોટી ધામધુમના વ્યાજબીપણાનો, પુરાતન અવશેષના મહત્વનો-આવી અનેક બાબતોનો ગંભીરપણે વિચાર કરવો જોઇતો હતો. આ તો પ્રજાએ કર્યું છે, અમારે તેની સાથે કશી લેવા દેવા નથી-એમ કહીને આપણી સરકાર આ બાબતમાં દૂર ઉભી રહી શકતી નથી. જાણે કે કોઇ ધાર્મિક ઝનુન આપણા આગેવાનોને ગતિમાન કરી રહ્યું હોય અને આજ સુધીમાં અનેકવાર નાશ કરનાર યવનોને બતાવી દઇએ કે એ જ જગ્યા પર હતું તેથી બમણું મોટું દેવાલય અમે પાછું ઉભું કરી શકીએ તેમ છીએ-આવો કોઇ સત્તામદ આપણા શાણા અને ડાહ્યા રાજપુરૂષોના મગજને ભમાવી રહ્યો હોય એમ આ બધું તટસ્થપણે જોતાં લાગી આવે છે. જે રાજકીય કલેશના ઇતિહાસનો શ્રી કિશોરલાલભાઇ ઉલ્લેખ કરે છે તે કલેશને, ભક્ત સન્નારી અહલ્યાબાઇએ પુરાતન અવશેષને જેમનું તેમ રહેવા દઇને અને નજીકમાં જ નવું મંદિર બંધાવીને, હંમેશ્વાને માટે શમાવી દીધો હતો. આપણે તેનો વંશવારસો એ પ્રાચીન અવશેષને જમીનદોસ્ત કરીને અને તે જ સ્થાને બૃહત્ મંદિર ચોળને વિરામ પામેલા કલેશમાં વિના કારણ નવી ચીનગારી મુકી છે. આ બધું આપણા આજના આગેવાનોને સ્પષ્ટ દેખાતું નથી કારણ કે સોમનાથના પ્રશ્નને તેઓ કોમી પડળથી-સાંપ્રદાયિક અભિનિવેશથી-મુક્ત બનીને કમનસીબે જોઇ કે વિચારી શકતા જ નથી. જો આમ ન હોત તો જીવનના સર્વ ક્ષેત્રમાં પ્રણાલિકા ભંગના મુખ્ય પ્રણેતા શ્રી મુનશી એક સનાતની મૂર્તિપૂજક હિંદુમાં પલટાયેલા આપણે જોવા પામત નહિ. મીનમજહબી તંત્રના અધિષ્ઠાતા ડૉ. રાજેન્દ્રપ્રસાદને આવા શુદ્ધ મજહબી અનુષ્ઠાન સાથે આટલા બધા એકરૂપ બનેલા આપણે નિહાળત નહિ. મૂર્તિપૂજાથી દૂર રહેનારા અને કેવળ અસાંપ્રદાયિક જીવનચર્યા ધરાવતા સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી. ઢેબરભાઇ આવા પ્રતિષ્ઠા-સમારંભના સ્વાગતપ્રમુખ થાય એવી કલ્પના પણ આપણને હિંદુ

આવત નહિ. પણ આજે તો સોમનાથનો-આપણામાં ઉંડે ઉંડે જીવતી પડેલી કોમી ભાવનાનો-સાંપ્રદાયિક અભિનિવેશનો-જય થયો છે. આપણે પ્રગટાવેલો બીનમજહબી પ્રદીપ ઝાંખો પડયો છે. આપણે એક ડગલું પાછા હટયા છીએ. સોમનાથ એક કોમી કેન્દ્ર તરીકે પુનર્જીવિત થયું છે. જય સોમનાથ !

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સદ્‌ગત સાક્ષર શ્રી. વાડીલાલ મોતીલાલ શાહ તથા શ્રી મણિલાલ મોકમચંદ શાહનો જૈન સમાજને એક ગૌરવપ્રદ વારસો છે. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં જ્યારે જૈન સમાજની કેળવણીના પ્રશ્નો કેવળ ફીરકાભેદની દૃષ્ટિએ જ વિચારવામાં આવતા હતા ત્યારે તેઓએ પોતાની મેસર્સ બી. મણિલાલ કંપનીમાંથી રૂા. ૩૧,૦૦૦ ની રકમ આપીને ત્રણે ફીરકાના ઉચ્ચ શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપતી આ સંસ્થાની પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ પીરભાઇ બીલ્ડીંગ નં. ૨ માં શરૂઆત કરી હતી. એ સંસ્થાનો વહીવટ છેલ્લા ૨૫ વર્ષથી મુંબઇની હાઇકોર્ટે નકકી કરી આપેલ યોજના મુજબ ચાલી રહ્યો હતો અને આજે આશરે ૪૦ વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. મુડીમાં સંસ્થા પાસે રૂા. ૫૬,૦૦૦ ની લોન હોઇને અને તેના વ્યાજમાંથી બધો નિર્વાહ કરવાનો હોઇને વિદ્યાર્થીઓને માત્ર રહેવાની સગવડ આપવા ઉપરાંત વિશેષ કશું પણ થઇ શકતું નહોતું. આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમ જ જૈન એજ્યુકેશન સોસાયટી ભિન્ન ભિન્ન ફીરકાઓના કેટલાક વિદ્યાર્થીઓને સંભાળી રહેલ છે તેમજ તેમને અનેક પ્રકારની સગવડ આપે છે તથા ધર્મિક શિક્ષણનો પણ પ્રત્યેક સ્થળે પ્રબંધ કરવામાં આવ્યો છે. પણ કશા પણ ફીરકાભેદ સિવાય જૈન વિદ્યાર્થીઓને સગવડો આપવાની જવાબદારી તો મુંબઇ ખાતે માત્ર સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ જ વહન કરી રહ્યું છે. આજે આવી મદદની અપેક્ષા ધરાવતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મોટા પ્રમાણમાં વધતી ચાલી છે અને જગ્યા અને સગવડના અભાવે વિદ્યાર્થીઓની સંખ્યાબંધ અરજીઓ પાછી ઠેલવી પડે છે. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને અન્ય છાત્રાલયોનો મારફત બીજી પણ અનેક રીતે વિકસાવવાની ખાસ જરૂર હતી. જૈન સમાજ ધારે તો આ સંસ્થાને આખા જૈન સમાજનું મુંબઇ ખાતેનું એક મહત્વનું શિક્ષણકેન્દ્ર બનાવી શકે તેમ છે અને એ ભૂમિકા ઉપર જૈન સમાજની સાચી એકતાનો પાયો રચી શકે તેમ છે આ બધા મનોરથો સંસ્થાને પોતાનું મકાન ન હોય ત્યાં સુધી પાર પાડવાનું અશકય માલુમ પડવાથી સંસ્થા માટે આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવું એક સાધનસંપન્ન મકાન ઉભું કરવા માટે બે લાખ રૂપિયા એકઠા કરવાની યોજના સંસ્થાના ટ્રસ્ટીઓ તરફથી હાથ ધરવામાં આવી અને આ ફાળો એકઠો કરવાની જવાબદારી સંસ્થાના એક ટ્રસ્ટી અને આદ્યસંસ્થાપક શ્રી મણિલાલ મોકમચંદ શાહે ઉપાડી હતી. પોતે જ આ ફાળામાં રૂા. ૧૦૦૦૦ ભરીને આ ફંડની શરૂઆત કરી અને પછી ઘેર ઘેર અને પેઢીએ પેઢીએ ભટકીને ત્રણે ફીરકાના શ્રીમાનોમાંથી લગભગ બે લાખની રકમનાં વચન મેળવ્યાં, ને તેમાંથી રૂપીઆ ૧,૭૪,૦૦૦ વસુલ કર્યા. આ રકમમાં સંસ્થાના જુના તથા નવા વિદ્યાર્થીઓએ એકઠા કરી આપેલ રૂા. ૩૫૦૦ ની રકમનો સમાવેશ થાય છે. મકાન માટે શરૂઆતમાં દાદર સ્ટેશનથી નજીકમાં ૧૮૦૦ વાર જમીનનો એક પ્લોટ રૂા. ૭૨૦૦૦ આપીને ખરીદવામાં આવ્યો. આ જમીનનો ખાલી કબજો મેળવવામાં આશરે એક વર્ષ નીકળી ગયું અને પછી બૃહદ્ મુંબઇની યોજના અમલમાં મુકાતાં તે વિભાગના રસ્તાઓ નકકી ન થાય ત્યાં સુધી એ પ્લોટ ઉપર કશું પણ મોટા પાયા ઉપરનું બાંધકામ કરવાનું અશકય બન્યું. ત્યાર બાદ સંસ્થાના મકાન માટે માટુંગાથી આગળ જતાં શિવના રસ્તાની બાજુએ આશરે પંદરસો વાર જગા ખરીદવામાં આવી છે અને એ જગ્યા ઉપર ૭૫ વિદ્યાર્થી રહી શકે એવા મકાનના બાંધકામનો પાયો નાંખવાનો વિધિ તા. ૨૧-૫-૫૧ સોમવાર વૈશાખી પૂર્ણિમાને રોજ સવારના કરવામાં આવનાર છે. અને એ કાર્યને સાધુચરિત શ્રી કેદારનાથજીના આશીર્વાદ મળનાર છે.

અહિં એ પણ જણાવવાની જરૂર છે કે ઉપર જણાવેલ બે લાખની રકમ લગભગ પુરી થવા આવી તે દરમિયાન તા. ૨૫-૯-૪૮ ના રોજ દાતાઓની એક સભા બોલાવવામાં આવી હતી અને એ સભા તરફથી એક બંધારણ સમિતિની નીમણુક કરવામાં આવી હતી. આ બંધારણ સમિતિએ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન એજ્યુકેશન સોસાયટીના ધોરણે ઘડેલું બંધારણ તા. ૩-૮-૪૯ ના રોજ બોલાવેલી દાતાઓની બીજી સભાએ પસાર કર્યું હતું અને ત્યાર બાદ મુંબઇની હાઇકોર્ટે એ મંજુર કર્યું હતું. આ નવા બંધારણ મુજબ સંસ્થાના સભ્યોની સામાન્ય સભા તા. ૨૪-૨-૫૧ ના રોજ બોલાવવામાં આવી હતી અને આ સભાએ પહેલી કાર્યવાહક સમિતિની અને એ પહેલી કાર્યવાહક સમિતિએ અધિકારીઓની ચુંટણી કરી હતી. શરૂઆતનાં ૩૦ વર્ષ સુધી આ સંસ્થાનો વહીવટ માત્ર ટ્રસ્ટીઓ જ કરતા હતા. હવે એ વહીવટ દાતાઓના વિશાળ મંડળે રીતસર ચુંટેલી કાર્યવાહક સમિતિ દ્વારા શરૂ થયો છે અને આખું કાર્ય લોકશાસનની ઢબે ઘડવામાં આવેલા બંધારણ ઉપર ગોઠવવામાં આવ્યું છે.

આ સંસ્થાને રૂા. ૨૦૦૦૦૦ ની રકમ એકઠી કરી આપવાથી સંતોષ ચિન્તવીને બેસી ન રહેતાં આજે વધતી જતી મોંઘવારીમાં આ રકમ પુરતી નહિ પડે એમ વિચારીને શ્રી. મણિલાલ મોકમચંદ શાહે મકાનનો પાયો નખાયા પછી એક વર્ષમાં પુરું કરવામાં આવે તો બીજા રૂા. ૪૦૦૦૦ એકઠા કરી આપવાની જવાબદારી સ્વીકારી છે અને તેમાં પોતા તરફથી બીજા રૂા. ૧૦૦૦૦ ભરીને તેમણે શરૂઆત કરી છે. આ સેવાના બદલામાં નવા મકાનની વ્યાખ્યાનશાળા સાથે શ્રી મણિલાલ મોકમચંદ શાહનું નામ જોડવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ આજ સુધી ભાડુતી મકાનમાં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આપતું હતું. હવે તેને પોતાનું મકાન થોડા સમયમાં સાંપડવાની શકયતા ઉભી થઇ રહી છે. ૩૦ વર્ષના લાંબા ગાળાનો આ સંક્ષિપ્ત ઇતિહાસ છે. જેઓ જૈન સમાજની એકતાને ઇચ્છતા હોય તેમણે આ સંસ્થાને સર્વ પ્રકારે મદદરૂપ થવા અને સુસ્થિત જૈન બંધુઓને તથા બહેનોને પોતાનો ઉદાર હાથ આ સંસ્થા પ્રત્યે સતત લંબાવતા રહેવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

માન્યવર નગરપતિ પાટિલની શબ્દરચનાની હરીફાઇ વિષે ફરમાઇશ

તા. ૨૧-૪-૫૧ ના રોજ જન્મભૂમિ સંસ્થા તરફથી મુંબઇની જાણીતી રંગભૂમિ રોયલ ઓપેરા હાઉસમાં માન્યવર નગરપતિ શ્રી. એસ્. કે. પાટીલના પ્રમુખપણા નીચે જન્મભૂમિ પત્રમાં કેટલાએક વખતથી પુનઃ શરૂ કરવામાં આવેલ શબ્દરચના હરીફાઇના દશમા વ્યુહના ઇનામસમારંભ જે ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી. શાન્તિલાલ હરજીવન શાહે શ્રી એસ્. કે. પાટીલને તેમ જ અન્ય મહેમાનોને આવકાર આપતાં મુંબઇના ગૃહસચિવ શ્રી મોરારજી દેસાઇએ શબ્દબ્યૂહની હરીફાઇ સામે ઉગામેલી તરવાર મ્યાન કરી છે એ વિષે ખુશાલી જાહેર કરી હતી અને નૈતિક દૃષ્ટિએ આવી હરીફાઇની નિર્દોષતા જાહેર કરતાં જણાવ્યું હતું કે " આ હરીફાઇનું વિકૃત સ્વરૂપ જુગાર છે. "-જાણે કે હજારો માણસોના પૈસા હોમાય અને ગણ્યાગાંઠયા કમાય આવું

આ હરીફાઈનું સ્વરૂપ પૂરતું વિકૃત ન હોય ત્યારે ખાદ્ય નગરપતિ મહાશય શ્રી એસ. કે. પાટીલે પ્રમુખપરમાનથી ઉદ્ઘોષણા કરી હતી કે "આવું ધનાન દેવાનો આ મારા માટે બીજો પ્રસંગ છે. હું તો શબ્દરચનાનો હમદર્દી છું. અત્રે હું બે ધરાદથી ઉપસ્થિત થયો છું. જન્મભૂમિએ જનતાની સેવા કરી છે તેની કદર કરવા માટે અને શબ્દરચના હરીફાઈ એ જુગાર છે એવી જે ચોમેર હવા ઉઠી છે તેનો જવાબ આપવા માટે." નીતિમત્તાની વાતો કરનારાઓના ભાતભાતના ઉદ્ગારો આગે ઉલ્લેખ કરીને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "શબ્દરચનાની હરીફાઈ જુગાર નથી. નાની નાની બાબતોનું નૈતિકતાના ખ્યાલોથી માપ કાઢ્યા કરવું એ તો જીવનને દુઃસહ બનાવી દેવા જેવું છે. શબ્દરચના હરીફાઈ એક ગમ્મતભરી બાજી છે. એક પ્રકારનું મનોરંજન છે. આપણું દેશમાં ખુશ મીજાજ જીન્દગીની કમી છે. જીવનમાં આનંદ, ચમન, શાન્તિ વગેરે ન હોય તો જીવન ગુજારવું કેમ? મે ભારત વિદેશના પ્રવાસ દરમિયાન જોયું કે મુસીબતો તો તેમને પણ હતી છતાં તેઓ આનંદને ગુમાવતા નથી. શબ્દરચના હરીફાઈ પાછળ હજારો લોકો પાગલ (સારા અર્થમાં) બની રહ્યા છે; લોકોને તેની લગની લાગી છે. પ્રમાણીકતાથી આ હરીફાઈ ચાલે ત્યાં સુધી તે અરાજ નથી." વગેરે. હમણાં હમણાં પ્રજા જીવનમાં અને તેટલી આનંદની રસમયતાની પુરવણી કરવાની બાબતને નગરપતિ તરીકે શ્રી. પાટીલે પોતાના એક વિશિષ્ટ ધર્મ તરીકે સ્વીકારેલ હોય એમ લાગે છે. કેટલા એક સમય પહેલાં ચોપાટી ઉપર ઉપરા ઉપર આવેલા વાઅનેલી રેરટોરાંનું ઉદઘાટન કરતા તેમજ હજુ થોડા વખત પહેલા 'કાકા કાલા' નામના નવા અમેરીકન પીણાને મુબઈ નગરીમાં વહેતું કરતા પૂજ્ય શ્રી એસ. કે. પાટીલે આ મુજબના જ ઉદ્ગાર કાઢ્યા હતા. આજ રીતે ઘોડદોડની સરતો કે જેના ઉપર મુંબઈના ગૃહસચિવ શ્રી મોરારજી દેસાઈની કરડી નજર પડી ચુકી છે તે પણ આપણા નગરપતિની હમદર્દીના રહ્યા જેવી ઉભી છે. કારણ કે નગરપતિએ રજુ કરેલી વિચાર સરણી મુજબ ઘોડદોડ પણ કાંઈ જુગાર નથી; એ પણ પુરી પ્રમાણીકતાથી ચાલે છે; મુંબઈની પ્રજાનું આનંદ વિનોદનું એક અતિ મહત્વનું સાધન છે. તેમાં પણ શબ્દ હરીફાઈના સમર્થનમાં ઉપર જણાવેલ પ્રસંગે શ્રી શાન્તિલાલ શાહે જણાવ્યું હતું તેમ થોડું જોખમ, થોડું સાહસ અને અનિશ્ચિતમાંથી ઘણીવાર મોટો અર્થલાભ થવાનો સંભવ રહેલો છે.

ઘોડદોડની સરતોના આ દ્રષ્ટાન્ત ઉપરથી માલુમ પડશે કે જે વિચાર સરણી શબ્દરચનાની હરીફાઈમાં રહેલા જુગારના અંશોનો ઇનકાર કરવા માટે રજુ કરવામાં આવે છે તે જ વિચારસરણી વડે તેમાં જુગાર સિવાય કોઈ પણ પ્રકારની જુગારમીશ્રિત પ્રવૃત્તિનું સમર્થન થઈ શકે તેમ છે. સરવાળે જેમાં બુદ્ધિના ઉપયોગને થોડો પણ અવકાશ છે એવો જુગાર એક પ્રકારનો સદાચાર જ છે આવી ઉપપત્તિ ઉપર જ આ રીતે વિચાર કરનારે આવવાનું રહેશે.

શબ્દરચનાની હરીફાઈ ચાલતી હોય તો ભલે ચાલે. આજની પત્રકાર સંસ્થાઓ તે વિના ટકી શકે તેમ ન હોય તો ભલે તેનું અવલંબન લે. તે પણ આખર એક પ્રકારની વ્યાપારપ્રવૃત્તિ છે અને જ્યાં આર્થિક મોહું મોહું તેને ટકાવવા માટે સ્વીકૃત નીતિ અને સિદ્ધાન્તો સાથે સંચાલકોએ અમુક બાંધછોડ કરવી જ રહી. પણ જ્યારે આ હેતુથી સ્વીકારવામાં આવેલ અમુક પ્રવૃત્તિને શુદ્ધ સદાચારના વાઘા પહેરાવવામાં આવે છે, તેમાં રહેલ અસદ્ અંશોનો મૂળમાંથી ઇનકાર કરવામાં આવે છે, એક અનાચારને સદાચારમાં પલટાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તેની પ્રતિષ્ઠા વધારવા માટે આવા મોટા જલસાઓ ભરવામાં આવે છે અને નગરપતિ મહાશય જેવી વિશિષ્ટ વ્યક્તિ તેને ભાત ભાતની પ્રેરણાઓ નવાજે છે ત્યારે કેવા પ્રકારની નૈતિક વિકૃતિ તરફ આપણે સતત ઘસડાઈ રહ્યા છીએ તેની કલ્પના બારે દુઃખ અને ગ્લાનિ ઉપજાવે છે.

પરમાનંદ.

શ્રી મહાવીરદેવનું ઉદાર દર્શન

["મહાવીરજયન્તી" ની સભામાં મુનિશ્રી ન્યાયવિજયજીએ આપેલ-પ્રવચનનો સાર.]

જૈનધર્મ વસ્તુતઃ વાડારૂપ સંપ્રદાય નથી, કિન્તુ એ જીવન છે—જીવનવિધિ અથવા જીવનચર્યા છે. યદ્યપિ તીર્થંકરદેવ શ્રી મહાવીર ચતુર્વિધ અથવા 'ચતુર્વર્ણ' સંઘની સ્થાપના કરી છે અને આચારક્રિયાપ્રણાલી પણ પ્રદર્શિત કરી છે, અને આવકારભાગના હેતુએ-જનસમુદાયને માર્ગદર્શન મળે એ કલ્યાણરૂપ હેતુએ સંઘનું બંધારણ તથા આચારક્રિયાપ્રણાલીની રજુઆત જનતા આગળ કરવાં પડે જ, તથાપિ એ એનો અર્થ નથી જ કે જે એ સંઘમાં હોય અથવા એ પ્રકારની ક્રિયાપ્રણાલીને આચરતો હોય તે જ જૈન કહેવાય. જે એ સંઘમાં ન હોય અને એ આચારક્રિયાપ્રણાલી ન પાળતો હોય તે પણ [તે ચાહે તે દેશ-કુળ-જાતિ-વંશ-સંપ્રદાયનો હોય] જો સત્ય-અહિંસાના સન્માર્ગે ચાલતો હોય તો જૈન છે—અવશ્ય જૈન છે અને મોક્ષને પ્રાપ્ત કરી શકે છે એમ જૈન-ધર્મ કહે છે, તીર્થંકરદેવ અને તેમનું શાસન કહે છે. જૈનદર્શનનું એ મહદ્ ઔદાર્ય છે કે "अन्नालिंग सिद्धा" જેવા આર્ષ, પારમર્ષ સૂત્રોદ્વારા એ સ્પષ્ટ ઉદ્ઘોષે છે કે જૈનદર્શનસંમત દર્શનિક માન્યતાઓ ધરાવવા સિવાય પણ તથા તે સંપ્રદાયમાં પ્રમાણિત ગણેલા "ક્રિયાકાંડ" નાં અનુષ્ઠાન સિવાય પણ-સત્ય અહિંસાના સન્માર્ગે ચાલવાથી-વીતરાગતા પ્રાપ્ત થઈ શકે છે; અને સાથે જ "गिहिलिंगसिद्धा" જેવા સૂત્રાદેશથી એમ પણ જણાવે છે કે સાધુ ન હોય, ગૃહી (ગૃહવાસી) હોય તે પણ જ્ઞાન-સંયમના પ્રકર્ષ પર પહોંચી વીતરાગતાને પ્રાપ્ત કરી શકે છે. "મોક્ષપ્રાપ્તિ માટે વેષનું પ્રાબલ્ય નથી, કિન્તુ સમભાવ જ મોક્ષનો માર્ગ છે," "દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે, લિંગ કે વેષ નથી" "સમભાવભાવિત મનુષ્ય અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે-ચાહે તે દર્શન કે ધર્મસંપ્રદાયનો હોય"-આવા નિર્દેશો જૈનશાસ્ત્રોમાં ખૂબ વેરાયલા નજરે પડે છે, જે, એ દર્શનની અસાધારણ તટસ્થતા, ઉડી વિશેષજ્ઞતા અને અત્યુજ્જ્વલ ઉદારતા જાહેર કરે છે.

જીવનના બે અંશો: વિચાર અને આચાર. એ બન્નેને સુધારવા બે ઔષધિઓ જિનેન્દ્રભગવાન મહાવીરદેવે જગતને આપી: અનેકાન્તદૃષ્ટિ અને અહિંસા. પહેલી વિચારને શુદ્ધ કરી તેને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે અને બીજી આચારને શુદ્ધ અને મૈત્રીપૂત બનાવે છે.

શ્રી મહાવીરદેવના શાસનની ખાસ ધ્યાન ખેંચનારી વિશેષતાઓ ત્રણ: અનેકાન્તદૃષ્ટિ, અહિંસા અને અપરિગ્રહ. વસ્તુને એની અનેક બાજુથી અવલોકનારી દૃષ્ટિ તે અનેકાન્તદૃષ્ટિ. હિંસામાં અસત્ય, ચોરી વગેરે બધા દોષો અને બુરાઈઓનો સમાવેશ થઈ જાય છે. હિંસા, જૂઠ, ચોરી, લુચ્ચાઈ વગેરે બધા દોષો પરિગ્રહના આવેશમાંથી જન્મે છે. એ જ સમાજમાં વિષમતા આણે છે અને વર્ગ-વિગ્રહ જગાડી બાખલ અને ચિંગાર્યા બચાવરાવે છે. બધા પાપો અને સ્વચ્છંદતા તથા વિલાસોનાં મૂળ એ છે. એ માટે ગૃહસ્થ વર્ગના તેમજ સમગ્ર સમાજના ભલા માટે એ મહર્ષિઓએ પરિગ્રહપરિમાણ (પરિમિત પરિગ્રહ) કે જેના વગર સમાજમાં કે જનતામાં મૈત્રી તથા સુખશાન્તિ રચપાઈ શકતી નથી, તેના ઉપર પૂરતો જ ભાર મૂકયો છે, અને એ રીતે લોકોનું વ્યવહારુ જીવન ઊજળું તથા સુખશાન્તિવાળું બને એ દિશામાં એ સન્ત પુરુષોનો ઉપદેશપ્રચાર વ્યાપક બન્યો છે. આજે સમાજવાદ અને સામ્યવાદનું આન્દોલન જગત ઉપર ફરી વળ્યું છે, પણ સામ્યવાદનો વિશુદ્ધ-રૂપનો પ્રચાર પરિગ્રહપરિમાણ અને લોકમૈત્રીનો વિશાળ નાદ

ગજવી અઢી હજાર વર્ષ ઉપર સર્વપ્રથમ શ્રેષ્ઠ રીતે મહાવીરે કરેલો એ ઐતિહાસિક સત્ય છે.

એ તપોનિધિ મુનીન્દ્રે પોતાના સમયમાં પથરાયેલી દાસ-દાસીની બુરી પ્રથાઓ હટાવવા તીવ્ર તપશ્ચર્યા કરી લોકોને સમાનતાના પાઠ ભણાવ્યા છે. ધર્મને નામે અને સ્વર્ગાદિના પ્રલોભન પર પથરાયેલ અજ્ઞાન કર્મકાંડ, શાસ્ત્રવ્યામોહ અને ઈશ્વરવિષયક ગેરસમજ સામે સુસંગત તત્ત્વજ્ઞાન રજૂ કરી લોકોની વિચારણુદ્ધિને પરિષ્કૃત કરી છે. એ અહિંસામૂર્તિ ધર્માચાર્યે યજ્ઞાદિ કર્મોમાં ધર્મને નામે ફેલાયેલ ભયંકર પશુહિંસા સામે પોતાના તપ અને ચારિત્રના અસાધારણ બળે તેમ જ વાત્સલ્યપૂર્ણ પ્રવચનો તથા ઉપદેશોથી સાત્ત્વિક સામનો કરી જબરદસ્ત ક્રાન્તિ કરી છે, જેના પરિણામે હિંસાના રોગચાળા પર જબર ફટકો પડી અહિંસાની ભાવના પ્રચાર પામી છે.

એ મહાપુરુષે લોકોને કહ્યું—

કમ્મુણા બમ્ભણો હોઇ કમ્મુણા હોઇ ખત્તિઓ।
વઇસ્સો કમ્મુણા હોઇ સુદ્દો હવઇ કમ્મુણા ॥

(ઉત્તરાધ્યયન, ૨૫મું અધ્યયન)

અર્થાત્—કર્મથી બ્રાહ્મણ છે, કર્મથી ક્ષત્રિય છે, કર્મથી વૈશ્ય છે અને કર્મથી શૂદ્ર છે.

આમ મહાવીરે "कर्मणा वर्णः"ના સિદ્ધાન્ત ઉપર જોર આપ્યું છે. આ જ સિદ્ધાન્ત ઉત્તમ વ્યવસ્થાકારક છે. એને ન માનવાથી, એની જગ્યાએ "जन्मना वर्णः"ના અપસિદ્ધાન્તને સ્થાપિત કરી દેવાથી ભારતીય જનતાની વર્તમાન ઘોર દુર્દશા થઇ રહી છે.

ઉચ્ચ-નીચભાવની સંકુચિત વૃત્તિ એટલી કટ્ટર અને કઠોર તે વખતે પથરાયેલી હતી કે બીચારા-નીચ અને હલકા ગણાતા-માણસો ઉપર અતિનિષ્ઠુર સીતમ ગુજરતા અને ધર્મનાં દ્વાર તેમને માટે સખ્ત બંધ હતાં, જેની સામે એ મહાત્માએ—

उच्चो गुणे कर्मणि यः स उच्चो
नीचो गुणे कर्मणि यः स नीचः।
शूद्रोऽपि चेत् सच्चरितः स उच्चो
द्विजोऽपि चेद् दुश्चरितः स नीचः॥

[જે ગુણ-કર્મમાં ઉચ્ચ છે તે ઉચ્ચ છે અને જે ગુણકર્મમાં નીચ છે તે નીચ છે. કહેવાતો શૂદ્ર પણ સચ્ચરિત હોય તો તે ઉચ્ચ છે અને કહેવાતો બ્રાહ્મણ દુશ્ચરિત હોય તો તે નીચ છે.]

એ પ્રકારે ઉદ્બોધન કરી વિચાર અને વર્તનના સુસંસ્કાર ઉપર ઉચ્ચપણું પ્રતિષ્ઠિત હોવાનું લોકોને સમજાવ્યું. માત્ર વાણીથી જ ન સમજાવ્યું, પણ નીચ, દલિત કે અસ્પૃશ્ય ગણાતાઓને માટે પણ પોતાનાં ધર્મસંસ્થાનાં દ્વાર ખુલ્લાં કરી દીધાં. જૈન-દીક્ષાને પામીને ઋષિ-મહર્ષિ-મહાત્મા બનેલા એ માણસોનાં ચરિત 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં (બારમા-તેરમા અધ્યયનમાં) ગવાયાં છે. તે જમાનામાં સ્ત્રીનું સ્થાન કેટલું હીન બનાવી દેવામાં આવ્યું હતું અને વૈદિક ધર્મની તે વખતની રીતભાતે સ્ત્રીને કેટલી તિરસ્કારી દીધી હતી, ત્યારે અર્હન્ મહાવીરે જગતની આગળ સ્ત્રીને પુરુષની સમકક્ષ જાહેર કરી અને ધાર્મિક ક્ષેત્રમાં પુરુષના સરખે દરજ્જે ચડાવી તેને સંન્યાસદીક્ષામાં પણ સ્વીકારી લીધી. શ્રમણ ભગવાન મહાવીરનું ધર્મચક્ર તે વખતે વ્યાપકરૂપે ક્રાંતિકારક બન્યું હતું, જેણે પ્રગટાવેલ અથવા વિકાસમાં આણેલ ધર્મમાર્ગને એના સાચા રૂપમાં આપણે માનવધર્મ કહી શકીએ, જે, બધા (જગતના સઘળા માણસો) પ્રત્યે ન્યાય અને સમાનતાની દૃષ્ટિવાળો હોઇ જગતનો કોઇ પણ માણસ પોતાના સ્થિતિ-સંજોગ પ્રમાણે એને (એ ધર્મને) અનુસરી શકે છે, પાળી શકે છે. એ માર્ગ જિને પ્રગટાવેલ અથવા પ્રકાશમાં આણેલ હોવાના કારણે જ "જૈન ધર્મ" કહેવાય છે. બાકી એની વાસ્તવિકતા અને વ્યાપકતા જોતાં એ સર્વજનસ્પર્શી અને સર્વજનહિતાવહ ધર્મ જનધર્મ કહી શકાય (કહેવાવા લાયક છે.)

વિશ્વબન્ધુ મહાવીરે નામધારી કે ઢીલાપોચા શ્રમણો, બ્રાહ્મણો, મુનિઓ અને તાપસો એ બધાની પણ ખબર લીધી છે. 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં (પચીશમા અધ્યયનમાં) કહે છે કે—

नवि मुंडिण्ण समणो न ओंकारेण बंभणो।
न मुणी रण्णवासेणं कुसचीरेण न तावसो ॥३०॥

અર્થાત્—માથું મુંડાવા માત્રથી કોઇ શ્રમણ થતો નથી, ઓંકારના જપ કે આલાપ માત્રથી કોઇ બ્રાહ્મણ થતો નથી, નિર્જન વનમાં રહેવામાત્રથી કોઇ મુનિ થતો નથી અને ઘાસનું ચીવર કે વલ્કલ ધારણ કરવા માત્રથી કોઇ તાપસ થતો નથી. પરન્તુ

समयाए समणो होइ बंभचेरेण बंभणो।
णाणेण य मुणी होइ तवेण होइ तावसो ॥३१॥

અર્થાત્—સમતાથી શ્રમણ થવાય છે, બ્રહ્મચર્યથી (ઉચ્ચ જીવનમર્યામાં વિહરવાથી) બ્રાહ્મણ થવાય છે, જ્ઞાન (વિવેકજ્ઞાન)થી મુનિ થવાય છે અને (વિવેકયુક્ત નિષ્કામ) તપથી તાપસ થવાય છે.

અનુભવે જણાય છે કે જૈનદર્શન આધ્યાત્મિક દર્શન છે. એના દાર્શનિક તત્ત્વજ્ઞાનનો પણ ઓક પૂર્ણતયા આધ્યાત્મિક શ્રેયશ્ચર્યા ઉપર છે. એના વિવિધવિષયક સમગ્ર વાઙ્મયનો એક માત્ર ઉદ્દેશ વીતરાગતાની પ્રાપ્તિના માર્ગ પર ચડાવાનો છે. એ જ એનું સારભૂત રહસ્ય છે. એનું ચોખ્ખું અને ભાર દઇને અને પુનઃ પુનઃ એ કહેવું છે કે યથાર્થ કલ્યાણની પૂર્ણતા વીતરાગતા પર અવલંબિત છે. એની એ મુખ્ય સીખ છે કે—

જે જે રીતે રાગ-દ્વેષ ઓછા થાય, નષ્ટ થાય તે રીતે વર્તો! પ્રવર્તો!

આ સીખ (એના સમગ્ર વાઙ્મયનો ચરમ અને પરમ સાર રજૂ કરતી આ સીખ) સ્પષ્ટ જણાવે છે કે જે કોઇ વાદથી [દ્વૈત કે અદ્વૈત, ઈશ્વર કર્તૃત્વ કે પ્રકૃતિકર્તૃત્વ એવા જાતજાતના વાદોમાંથી જે કોઇ પણ વાદનો સહારો લેવાથી] અને જે કોઇ આચારક્રિયામાર્ગથી સચ્ચારિત્ર સધાતું હોય, એ સધાવામાં અનુકૂલતા પડતી હોય અને વીતરાગતા તરફ પ્રગતિ થઇ શકતી હોય તે રીતે ચારિત્ર્ય સાધો અને વીતરાગતાની ભૂમિએ પહોંચો—"मित्ती मे सव्वभूएसु" ને જીવનનો મન્ત્ર બનાવીને, અર્થાત્ સર્વભૂતમૈત્રીના સદ્ગુણને ખીલવતા રહીને.

શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું અધિવેશન

શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું મુલતવી રહેલું ૧૮ મું અધિવેશન મે માસની ૨૭ તથા ૨૮ (રવિવાર તથા સોમવાર) ના રોજ જુનાગઢ ખાતે ભરવામાં આવનાર છે.

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેક્શનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

હરિભદ્રસૂરિકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'

જૈનપરંપરામાં થયેલા આચાર્યોમાં મહાકવિઓ, વૈયાકરણો, નૈયાયિકો, સભાના મનને રંજન કરનારા, વાદવિવાદમાં વિજયનો ડંકા વગડનારા, પરવાદીઓનો પરાજય કરનારા એવા એવા ઘણા ઘણા મહાપંડિતો થયા છે, પણ સર્વપ્રકારે વિવેકપૂર્વક સમદર્શી, કેવળ આત્માભિમુખી અને વિશ્વકુટુંબી એવા આચાર્યો વિરલ થયેલા માલુમ પડે છે. એવા વિરલ આચાર્યોમાં આચાર્ય હરિભદ્ર જોખરે આવે એવા મહાપુરુષ કહેવાય. એ આચાર્ય હરિભદ્રે આ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથની રચના કરેલ છે.

જૈનશ્રમણોના ઇતિહાસમાં જૈનધર્મને અનુસરનારી એક જમાત ચૈત્યવાસી સાધુઓની ઉભી થયેલી. એ જમાત આચારમાં તદ્દન શિથિલ રહેતી અને વખતના વહેવા સાથે એ જમાતે વર્તમાનમાં મારવાડ-બીકાનેરમાં વસતાં જતિ અને જતણીઓ જેવી રહેણીકરણીને સ્વીકારેલી. આચાર્ય હરિભદ્રના સમયમાં ચૈત્યવાસી સાધુઓનું વિશેષ પ્રાબલ્ય હતું. એ આચાર્યે પોતાના રચેલા 'સંબોધપ્રકરણ' નામના ગ્રંથમાં ચૈત્યવાસીઓની ચર્યાનું આબેહૂબ વર્ણન આપેલ છે. એ વર્ણન વાંચતાં આપણને સ્પષ્ટ માલુમ પડે છે કે એ ચૈત્યવાસીઓએ જૈન આચાર અને ક્રિયાકાંડને નામે અને તેના આંચળા નીચે હાલના ગુંસાઈઓ જેવી લીલા વિસ્તારેલી. એઓ શ્રાવિકાઓ પાસે પોતાને માટે મિષ્ટાન્ન તૈયાર કરાવતા, કોઇ શ્રાવકને આગમ વગેરે સાંભળવું હોય તો સંભળાવવા બદલ પૈસા માંગતા, પોતાની પધરામણી કરાવીને ભોરૂ-ભોળા લોકો પાસેથી પૈસા પડાવતા, છડે ચોક પરિગ્રહ રાખતા અને મહાવ્રતોનો ભંગ કરતા. ધર્મને નામે તેઓએ ભયંકર અનાચારોને પોષણ આપેલું. આચાર્ય હરિભદ્રનો સમય વિક્રમનો આઠમો-નવમો સૈકો સુનિશ્ચિત છે. એ સમયમાં ચૈત્યવાસીઓનું એટલું બધું પ્રાબલ્ય હતું કે કોઇ સાચા નિષ્પરિગ્રહી સમભાવી મુનિને ટકવું ભારે કઠણ પડતું. એવા મુનિને માથે ભારે સંકટ ઉભાં કરવામાં આવતાં. આવે કપરે સમયે આચાર્ય હરિભદ્રનો પ્રાદુર્ભાવ થયો. કેમ જાણે "परित्राणाय साधूनाम्" એઓ ન થયા હોય? આચાર્ય હરિભદ્ર વાસ્તવિક શ્રમણ ધર્મને આચરવાને તીવ્રપણે તત્પર થયા અને પોતાના ચારિત્રનેજથી તેઓએ શિથિલ એવી ચૈત્યવાસીઓની જમાતને ખરેખરૂં આચારદર્શન કરાવ્યું, લોકોમાં એમનો દંભ અને પોકળ ખુલ્લા પાડયાં અને ધર્માર્થી શ્રાવક-શ્રાવિકાઓ તથા સાધુસાધ્વીઓને ખરો ધર્મ – આચારમાર્ગ – સમજાવ્યો. 'યોગદૃષ્ટિસમુચ્ચય' ને વાંચતાં એમ સ્પષ્ટ માલુમ પડે છે કે આચાર્ય હરિભદ્રે પોતાના સમયની એ શિથિલ ચૈત્યવાસીઓની જમાતને વાસ્તવિક ધર્મઅનુષ્ઠાનોને સમજાવવા સારૂ આ ગ્રંથની રચના કરેલી હોય. પ્રસ્તુત ગ્રંથ યોગમાર્ગનો ગ્રંથ છે. વૈદિકપરંપરામાં જેમ પાતંજલયોગસૂત્ર છે તેમ જૈન પરંપરામાં માત્ર યોગની જ ચર્ચા કરનારો કોઇ ખાસ ગ્રંથ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. ધ્યાનશતક નામે એક પ્રકરણ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે રચેલું કહેવાય છે તે નિર્યુક્તિ-ગ્રંથમાં લેવાઇ ગયેલું ઉપલબ્ધ છે તથા આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક વગેરે આગમોમાં ધ્યાન અને ત્યાગને લગતા આચારવિચારોનું સવિસ્તર વર્ણન મળે છે. તેમાં સમતાના વાંછું અને વિશ્વકુટુંબી થનારે કેમ વર્તવું, કેમ વિચારવું, કેમ બોલવું ચાલવું વગેરે પ્રક્રિયાઓ બતાવેલી છે અને જૈનસાધકો માટે વર્તમાનમાં યોગના ગ્રંથોની ગરજ સારે એવા એ જ ગ્રંથો કે તે ગ્રંથોમાંનાં પૂર્વોક્ત વર્ણનો છે. આ સિવાય યોગ માટેની ક્રમબદ્ધ હકીકતો તેના પ્રકારો, સાધનોનો ક્રમ વગેરે જેમાં પઠનપુસ્તકની શૈલીએ બતાવેલું હોય એવો કોઇ યોગગ્રંથ શ્રી હરિભદ્રના સમય સુધીનો મળતો નથી અને તે પછી પણ શ્રી હરિભદ્રની એક બે કૃતિઓ સિવાય બીજી કોઇ રચનાઓ કોઇએ રચેલી હોય એવું જાણવામાં નથી. વિક્રમના બારમા સૈકામાં થયેલા આ० હેમચંદ્રે રચેલું યોગશાસ્ત્ર મળે છે, પણ તેને યોગના પાઠયપુસ્તકની કોટિમાં મુકી શકાય તેવું નથી. આ. હરિભદ્રની 'યોગબિંદુ' 'યોગદૃષ્ટિસમુચ્ચય' અને 'યોગવિંશતિકા' એમ જે જે ચાર કૃતિઓ મળે છે તે પણ યોગવિદ્યા માટેના પઠનપુસ્તકની શૈલીની ગરજ સારે તેવી નથી. છતાં નેટનાં યોગમાર્ગના પ્રવાસીને સારૂ કેટલીક જાણવા-સમજવા-વિચારવા અને આચરવા જેવી ઘણી અગત્યની માહિતી આપેલી છે એટલે યોગવિદ્યાના ખાસ કોઇ ગ્રંથની અપેક્ષામાં તે વધુ ઉપયોગી છે. યોગદૃષ્ટિસમુચ્ચયના વિવરણમાં એક 'યોગનિર્ણય' નામના ગ્રંથનો નિર્દેશ યોગદૃષ્ટિ સમુચ્ચયના ગુજરાતી વિવેચક રા. ભગવાનદાસભાઇએ કરેલ છે પણ એ ગ્રંથ કોણે કરેલ છે વા એમાં યોગવિશે કઇ કઇ માહિતીઓ આપેલ છે એ વિશે કશું જાણવામાં આવેલ છે કે કેમ એ બાબત કશો ઉલ્લેખ કર્યો નથી. છતાંય આ० હરિભદ્રે એ ગ્રંથનું નામ પોતાના વિવરણમાં આપ્યું હોવાથી એટલું તો જણાય છે કે એ ગ્રંથ શ્રી હરિભદ્રની પહેલાંનો વા તેમનો સમકાલમાંથી હોય. આ० હરિભદ્રના સમયે બૌદ્ધધર્મ ભારે અભ્યુદયની ટોચે પહોંચેલો. તેમાં ધ્યાનમાર્ગ પ્રધાન હોવાથી બૌદ્ધપંડિતોએ ધ્યાનને લગતા ઘણા ગ્રંથો લખેલા છે. પાલિમાં 'विसुद्धिमग्ग' વગેરે ગ્રંથો ધ્યાનમાર્ગને સરસ રીતે સમજાવે છે. બૌદ્ધપરંપરાનું 'अभिधम्मपिटक' વિશેષે કરીને ચિત્તવૃત્તિઓને લગતી હકીકતોને ચર્ચે છે એટલે એમાં ધ્યાન વિશે વધુ માહિતી હોય એ સ્વાભાવિક છે. ઉપર જણાવેલો 'યોગનિર્ણય' કોઇ બૌદ્ધગ્રંથ છે કે જૈનગ્રંથ છે એ વિશે પણ કશું કહી શકાય એવું નથી, પણ એટલું તો ચોકકસ લાગે છે કે હરિભદ્રના સમયમાં જે જે બૌદ્ધગ્રંથો વા બ્રાહ્મણગ્રંથો ધ્યાનમાર્ગ વા યોગમાર્ગને લગતા ઉપલબ્ધ હતા તે બધા તેઓએ જરૂર અવગાહ્યા હોવા જોઇએ અને એના નિચોડરૂપે તથા પોતાના અનુભવના ઉમેરણ સાથે આચાર્ય હરિભદ્રને તદ્દન નવી જ શૈલીથી યોગવિશે ગ્રંથો લખવાની પ્રેરણા મળેલી હોવી જોઇએ. પ્રસ્તુત યોગદૃષ્ટિસમુચ્ચયમાં જે શૈલીથી યોગમાર્ગનું વર્ણન છે તે શૈલી પ્રાચીન કોઇ જૈન આગમમાં મળતી નથી તેમ જ તેમાં જે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ, સામર્થ્યયોગ, યોગઅવંચક, ક્રિયાઅવંચક, ફલઅવંચક, વિષઅનુષ્ઠાન, ગરઅનુષ્ઠાન, અનનુષ્ઠાન, અમૃતાનુષ્ઠાન વગેરે શબ્દો અને તેનું વિવરણ જે રીતે આપેલ છે, બરાબર તે જ રીતે અને તે જ ઢબે એ શબ્દો અને વિવરણ આગમાદિકમાં મળતું નથી; પ્રકારાંતરે વા સારરૂપે ભલે મળે; આ ઉપરાંત શ્રીહરિભદ્રે બતાવેલી આઠ દૃષ્ટિઓની યોજના પણ એક તદ્દન નવો અને મૌલિક પ્રકાર છે. આ બધું જોતાં એમ કહ્યા વિના રહી શકાતું નથી કે શ્રી હરિભદ્રે જૈન સાધકોને સારૂ એક તદ્દન નવું અને ભારે હિતાવહ પ્રસ્થાન કરેલું છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં બધા મળીને ૨૨૮ શ્લોકો છે. તેમાં મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, અને પરા એ નામની યોગમાર્ગને લગતી આઠ દૃષ્ટિઓના સ્વરૂપનું સવિસ્તર વર્ણન છે. પ્રાચીન પરંપરામાં ચૌદ ગુણસ્થાનકોને આધ્યાત્મિક વિકાસક્રમને સૂચવનારાં કહેવામાં આવેલ છે. આ० હરિભદ્રે એ જ આધ્યાત્મિક વિકાસક્રમને પૂર્વોક્ત આઠ દૃષ્ટિઓમાં સમાવેલો છે. ગુજરાતી વિવેચનકારે ગુણસ્થાનક અને દૃષ્ટિઓના તુલનાને સમજાવવા એક એક દૃષ્ટિના વિવરણને છેડે સરસ કોષ્ટકો આપેલા છે. પ્રથમ ચાર દૃષ્ટિઓ સુધી સાધકના ચિત્તમાં પ્રથમ ગુણસ્થાનકની પરિસ્થિતિ હોય છે. એ પરિસ્થિતિ પહેલી દૃષ્ટિ કરતાં બીજી દૃષ્ટિમાં અને બીજી કરતાં ત્રીજી દૃષ્ટિમાં તથા ત્રીજી કરતાં ચોથી દૃષ્ટિમાં ઉત્તરોત્તર વિકસતી ચાલે છે. ચોથી દૃષ્ટિમાં પ્રથમ ગુણસ્થાનકનો ભારે

પ્રકર્ષવાળો વિકાસ હોય છે. પછી જે સાધક પાંચમી દૃષ્ટિમાં આવે છે તેની ચિત્તશુદ્ધિ ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનક જેટલી હોય છે. ત્યારબાદ ઉત્તરોત્તર ચિત્તશુદ્ધિને વધારતો સાધક જ્યારે છઠ્ઠી અને સાતમી દૃષ્ટિની ભૂમિકામાં આવે છે ત્યારે તે સાતમા અને આઠમા ગુણસ્થાનકે પહોંચે છે અને છેક છેલ્લી આઠમી દૃષ્ટિએ પહોંચતા સાધકની મનઃશુદ્ધની પરિસ્થિતિ વધુ વિકસેલી હોય છે અર્થાત્ એ આઠમી દૃષ્ટિએ પહોંચેલો સાધક આઠમા નવમા દસમા બારમા તેરમા અને ચૌદમાં ગુણસ્થાનકની ભૂમિકાએ પહોંચે છે અને આ જ દૃષ્ટિમાં તેનો પૂરેપૂરો વિકાસ થાય છે અર્થાત્ આ દૃષ્ટિએ વર્તતો સાધક પૂર્ણપણે સમદર્શી બ્રહ્મરૂપ, સદાનંદી, સ્થિતપ્રજ્ઞ, વિશ્વકુટુંબી અને વીતરાગ બને છે. મૂળ ગ્રંથકારે પ્રથમ મિત્રાદૃષ્ટિના સ્વભાવને સમજાવવા ચાલીશ શ્લોકો આપેલાં છે, પછી બીજી તારા અને ત્રીજી બલા દૃષ્ટિને સમજાવવા આઠ આઠ શ્લોકો કહેલા છે. ત્યારબાદ ચોથી દીપ્રા-દૃષ્ટિના સ્વરૂપનું નિરુપણ કરતા ૯૭ શ્લોકો છે. અહીં સુધી પ્રથમ ગુણસ્થાનકની ભૂમિકાવાળી ચાર દૃષ્ટિઓનું નિરુપણ થયું. હવે પાંચમી સ્થિરાદૃષ્ટિ, છઠ્ઠી કાંતાદૃષ્ટિ તથા સાતમી પ્રભાદૃષ્ટિ વિશે આઠ આઠ શ્લોકોમાં સમજાવેલું છે અને છેલ્લી પરાદૃષ્ટિનું નિરુ-પણ એકાવન શ્લોકોમાં છે. ૨૨૬મા શ્લોકમાં શ્રી હરિભદ્ર કહે છે કે "हरिभद्र इदं प्राह नैतेभ्यो देय आदरात्" અર્થાત્ આ શ્લોકમાં મૂળગ્રંથકાર પોતાની સિંહનાદી વીરવાણીથી એમ સૂચવે છે કે આ ગ્રંથ અયોગ્ય અને અનધિકારી લોકોને આપવો નહીં અર્થાત્ જેઓ ભોગપરાયણ ભવાભિનંદી લોકો છે અને જેઓ માત્ર ગોત્રથી જ યોગીઓ છે પણ જેમને યોગમાર્ગની જિજ્ઞાસા કે સ્પર્શ જ નથી તથા જેમનામાં સમદર્શી બની અંતર્મુખ થવાની લેશ પણ રુચિ નથી એવા લોકોને આ ગ્રંથ શિખવવો નહીં એમ સમજવાનું છે.

પોતાના સમયમાં વર્તતા શિથિલાચારી ચૈત્યવાસી સાધુઓ અને તેમના અનુયાયી શ્રાવકોને ક્રમ જાણે સમજાવવા માટે ન લખતા હોય એમ આ૦ હરિભ પ્રથમ દૃષ્ટિની ભૂમિકાએ વર્તતા સાધકના સ્વભાવનું ઘણું સરસ નિરૂપણ આ પ્રમાણે કરેલ છે.

વેષધારી ચૈત્યવાસી સાધુઓને પોતાને છઠ્ઠે ગુણસ્થાનકે ચડેલા ગણાવતા જોઈને આ૦ હરિભદ્ર કહે છે કે એ ચૈત્યવાસી સાધુઓ પરિગ્રહી છે, દુઃશીલ છે, લોભી છે, મતાગ્રહી છે અને નિંદક છે એટલે છઠ્ઠે ગુણસ્થાનકે તો શું પણ વિકાસની અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાનકે પણ તેઓ ચડેલા નથી. પ્રથમ ગુણસ્થાનકની વિકસિત ભૂમિકાવાળી પ્રથમ મિત્રાદૃષ્ટિએ પહોંચેલા સાધકનો સ્વભાવ આ પ્રકારનો હોય છે.

૧. મિત્રાદૃષ્ટિને પામેલો પુરૂષ પ્રત્યેક સદાચારનું અનુષ્ઠાન સભાનપણે લક્ષ્ય રાખીને ઇચ્છાયોગપૂર્વક કરનાર હોય છે.

૨. સત્કર્મ તરફ તેને લેશ પણ કંટાળો કે ખેદ આવતો નથી.

૩. જે લોકો ભારે ક્રૂર અનાચારી અને વિપરીત વૃત્તિવાળા છે તેઓ તરફ દ્વેષ રાખનાર હોતો નથી.

૪. તે જે કાંઇ સદાચરણ કે ધર્માનુષ્ઠાન કરે છે તેની પાછળ તેની કોઇ પ્રકારની કામના, આશા કે અપેક્ષા નથી હોતી, તે એ બધાં અનુષ્ઠાન એકમાત્ર ચિત્તની શુદ્ધિ, ચિત્તનો સંતોષ કે પ્રસન્નતા સિવાયની કોઇ બીજી વૃત્તિથી કરતો નથી.

૫. પ્રપંચવાળી પ્રવૃત્તિઓ તરફ તેને રુચિ થતી નથી.

૬. દુઃખી જીવો પ્રત્યે તેને અત્યંત કરુણા રહે છે અને કરુ-ણાને વશ થઇને પોતાની મર્યાદા પ્રમાણે દુઃખીઓનાં દુઃખોને દૂર કરવા માટે પણ પ્રયત્નશીલ રહે છે.

૭. ગુણવંત લોકો પ્રત્યે તેના મનમાં હંમેશાં પ્રમોદવૃત્તિ રહે છે. ધર્મ, સંપ્રદાય, દેશ, કાળ, ભાષા, રંગ, વેશ વગેરે તેની એ પ્રમોદવૃત્તિમાં લેશ પણ બાધક થતાં નથી. नमो लोए सव्वसाहूणं અર્થાત્ સંસારમાં વિહરતા તમામ સંત પુરુષો તેની નજરમાં વંદનીય હોય છે-"સકળ લોકના સહુને વંદે, નિંદા ન કરે કેની રે" એ પ્રકારની તેની પ્રમોદવૃત્તિ પ્રકર્ષવંતી હોય છે.

૮. તેના દરેક પ્રવૃત્તિમાં ઔચિત્ય હોય છે એટલે જે કાળે જેમની પ્રત્યે જે ઉચિત વ્યવહાર કરવાનો હોય છે તેમ તે વર્તે છે તેમ જ ઉપભોગ્ય પદાર્થો તરફ પણ તે ઔચિત્ય રાખીને વર્તે છે.

પ્રથમ મિત્રાદૃષ્ટિમાં વિકાસની ભૂમિકા ઉપર વર્તતો મનુષ્ય યોગઅવંચક, ક્રિયાઅવંચક અને ફળઅવંચક હોય છે. અવંચક એટલે છેતરે નહીં-નિષ્ફળ ન જાય તે. સંતોનો સમાગમ એટલે યોગ તેને લાભદાયી થાય અર્થાત એવો સત્સમાગમ તેનાં ચિત્તની શુધ્ધિ પેદા કરે અને ઉત્તરોત્તર એવી શુદ્ધિ માટે અવશ્ય લાભદાયી થાય. સત્સમાગમ ચાલુ જ રહે અને ચિત્તની શુદ્ધિનો લેશ પણ લાભ ન થાય-ચિત્ત તો એવુંને એવું કલુષતામય જ રહે તો એ સમાગમ કરનારો યોગવંચક કહેવાય. સંતોનો આદર, સન્માન, સેવા, વંદન અને નમન વગેરે ક્રિયાઓ એના આશયની શુધ્ધિમાં વધારો કરતાં રહે તો એ ક્રિયાઓ અવંચક કહેવાય, નહીં તો એ બધી ક્રિયાઓ વંચક એટલે ઠગનારી કહેવાય. એજ પ્રમાણે ફલઅવંચક એટલે સત્સમાગમ વગેરેનું જે ફળ આવવું જોઇએ તે જ ફળ આવે તો ફલઅવંચક ગણાય અને વિપરીત ફળ આવે તો તે ફળવંચક ગણાય.

જેમ કોઇ ધનુર્ધર ધનુષ્યના યોગે કરીને તેને લક્ષ્યને વિંધ-વાના ઉદ્દેશથી ફેંકવાની ક્રિયા કરે અને બરાબર લક્ષ્યને વિંધી નાખે તો એ ધનુર્ધરને ધનુષ્ય મળ્યું સફળ ગણાય, તેને ફેંકયું સફળ ગણાય અને લક્ષ્ય વિંધ્યાનું પણ સફળ ગણાય. તેમ જ યોગઅવંચક, ક્રિયાઅવંચક અને ફળઅવંચકને સમજવાનો છે.

મનુષ્ય સમદર્શી થવા માટે, અપરિગ્રહી બનવા માટે અને ઉપશમ પામવાની દૃષ્ટિથી સંતોનો યોગ કરે, સંતોની સેવા કરે અને પરિણામે વિષમદર્શી થતો જાય, પરિગ્રહી બનતો જાય અને ફળમાં કષાયો, લોભ વગેરે વધતા જાય વા ભોગોની આકાંક્ષા ઘટવાને બદલે વિશેષ વૃદ્ધિ પામે વા સ્વર્ગાદિની અભિલાષા થતી રહે તો તેવો માનવ યોગવંચક, ક્રિયાવંચક અને ફલવંચક કહેવાય એમ ભાગવતી વાણી ગર્જી ગર્જીને કહે છે એમ શ્રી હરિભદ્રસૂરિનું કહેવાનું છે.

(અપૂર્ણ) **ચંચરદાસ દોશી**

ડૉ. તારાબહેન મણિયારને ધન્યવાદ

છેલ્લી એમ. ડી. ની પરીક્ષામાં ડૉ. તારાબહેન મણિયાર 'મેડીસીન' લઇને પ્રથમ પ્રયત્ને સફળ થયા છે. ડૉ. તારાબહેન જાણીતા સ્કીન સ્પેશિયાલીસ્ટ ડૉ. હરિલાલ અભેચંદ મણિયારનાં પુત્રી થાય. તેઓ મુંબઇ યુનીવર્સીટીનાં એમ. બી. બી. એસ છે. આજ સુધીની દરેક પરીક્ષામાં તેઓ પહેલા પ્રયત્ને પસાર થતા આવ્યાં છે. સાધારણ રીતે એમ. ડી. માટે પ્રયત્ન કરતી બહેનો મીડવાઇફરી અને ગાયનો કૅાલેજના વિષયો લે છે. વળી એમ. ડી. ની પરીક્ષામાં ભાગ્યે જ કોઇ પહેલા પ્રયત્ને પસાર થાય છે. તારાબહેન મેડીસીન લઇને એમ. ડી. થનાર પહેલાં જ ગુજરાતી બહેન છે. વિદ્યાર્થી તરીકેની આવી ઉજ્જવળ કારકીર્દી માટે તારાબહેનને ધન્યવાદ ઘટે છે. એક કુશળ ચિકિત્સક તરીકે તારાબહેન ઉંચી નામના પ્રાપ્ત કરે એવી આપણી તેમને શુભેચ્છા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૩

મુંબઈ : ૧ જુન ૧૯૫૧ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સોમનાથ

(તા. ૫-૫-૫૧ના હરિજનબંધુમાં એક ગૃહસ્થના પત્રના ઉત્તરમાં 'બિનમજહબી રાજ્યમાં મંદિરનું સ્થાન' એ મથાળા નીચે શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાએ એક નોંધ લખી હતી. આ નોંધમાંના કેટલાક મુદ્દાઓ વિષે મેં શ્રી. કિશોરલાલભાઇને એક પત્ર લખ્યો હતો. એવી જ રીતે અન્ય વ્યક્તિઓ તરફથી પણ તેમને લખવામાં આવેલું. તે સર્વના ઉત્તરરૂપે પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવા માટે શ્રી. કિશોરલાલભાઇ તરફથી મળેલો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

સોમનાથ વિષે મારા સાચા વિચારો મેં છૂટથી રજૂ કર્યા નથી એમ કેટલાકને લાગ્યું છે એમ મારા પર થયેલી ટીકાઓ પરથી જણાય છે. તેઓ મારી પાસેથી વધારે સ્પષ્ટ ભાષામાં અભિપ્રાયની અપેક્ષા રાખતા હોઇ કાંઇક અસંતુષ્ટ થયા છે.

અંગત રીતે સોમનાથના જીર્ણોદ્ધારમાં મને કોઇ રીતે રસ લાગ્યો નથી. મારા વિચારો મુજબ ઇશ્વર, ધર્મ કે સંસ્કૃતિનો મકાનોનાં આવાં ભવ્ય ચણતરો સાથે ઝાઝો સંબંધ નથી. જેમ તાજમહેલ, દેલવાડાનાં મંદિર, દિલ્હીની જૂમામસ્જિદ, વગેરે ભવ્ય ઇમારતો અને કલાનાં સ્થાનો છે, તેમ કદાચ સોમનાથનું મંદિર પણ મહાન કલાનો નમૂનો થયું હશે કે થશે. પણ તેનો ઇશ્વરોપાસના, ધાર્મિક જીવન કે સંસ્કૃતિના વિકાસ સાથે ઓછો સંબંધ છે. એ બધામાં રહેલી આકર્ષક કલા ભદ્ર સંસ્કૃતિની સૂચક છે, સંત સંસ્કૃતિની નથી. અને મારા વિચારો મુજબ મનુષ્યમાં રહેલી માણસાઇના વિકાસ માટે અને જીવનની ઉન્નતિ અને સુખ માટે ભદ્ર સંસ્કૃતિ યોગ્ય સાધન નથી, બલકે વિઘ્નરૂપ છે. માનવજીવનના ઉત્કર્ષ માટે મારી શ્રદ્ધા સંત સંસ્કૃતિમાં છે, ભદ્ર સંસ્કૃતિમાં નથી.

ભદ્ર સંસ્કૃતિ દુનિયાના સર્વે દેશોમાં સદાયે માનવમાનવમાં વિષમતા, ભેદભાવો અને સંકુચિત અભિમાનો તથા મોટાઇના ખ્યાલો નિર્માણ કરી તથા નિભાવીને જ વધી છે. એની આગળ સામાન્ય પ્રજાની ગણતરી નથી, તેથી ગરીબને ખાવાનું કે પહેરવાનું મળતું નથી, ત્યારે આવી ઇમારતો કેમ બંધાય, આવા જલસાઓ કેમ થાય વગેરે પ્રશ્નો એને મૂંઝવી શકતા નથી. એવા પ્રશ્નો એની આગળ રજૂ કરવામાં તેમ કરનારનું ભોળપણ કે બાઘડાઇ લાગે છે. પણ ભદ્ર સંસ્કૃતિ સદૈવ ભવ્ય અને આકર્ષક રહેલી છે. એટલે મનુષ્યોનાં ચિત્ત હરી લેવામાં એ સદા ફાવતી આવેલી છે. જેમની મહેનતમજૂરી પર તે ખીલે છે, તેમને પણ તે શિકારીની વાંસળી હરણને કરે છે તેમ મુગ્ધ કરે છે. લોકો શ્રદ્ધાથી તેનાં પૂજન, વંદન, યાત્રા વગેરે કરે છે, તેને પોતાના કલ્યાણનું સાધન માને છે. ભદ્ર સંસ્કૃતિના કુશળ ઘડવૈયાઓએ તેને આમ રજુ કરવાની કલા સિદ્ધ કરેલી છે અને કેટલાકને તે સ્વાભાવિક બની ગઇ છે, અને તેમની પોતાની પ્રામાણિક શ્રદ્ધાની વસ્તુ પણ બની ગઇ છે. છતાં તે માનવસમાજનું ખરું હિત સાધનાર ધર્મ કે શ્રદ્ધા નથી. માનવધર્મનું લક્ષણ તો મેં ' સમૂળી ક્રાંતિ ' માં કહ્યું છે તેમ

> માનો પરમાત્મા એક કેવલ ન માનો દેવ, દેવતા, પ્રતિમા સકલ.
> માનો જ્ઞાની વિવેકદર્શી કેવળ, સર્વે સદ્‌ગુરુ, બુદ્ધ, તીર્થંકર
> ન માનો કોઇ અવતાર, ગુરુ, પેગમ્બર,
> ન કો સર્વજ્ઞ અસ્ખલનશીલ, ભલે ઉંચા રહ્યાં૨.

પણ મારી એ અંગત માન્યતા કેટલું કરી શકે ? મારા જેવા વિચારના બીજા કેટલાકને જ તે માન્ય થાય, અને તેટલાજ તેને આચરવાનો કોઇ માર્ગ બનાવે તો તે પણ અનેક પંથો જેવો એક પંથ જ થઇ જાય. એ પણ આગલ જતાં ભદ્ર સંસ્કૃતિમાં ભળી જાય એમ બને. ઘણાખરા સંતસ્થાપિત ધર્મોનું એમજ બન્યું છે. બુદ્ધ, મહાવીર, ઇશુ સર્વે સંતો જ હતા, પણ ભદ્ર સંસ્કૃતિના પૂજકોએ ત્રણેના ધર્મોને પોતાનાં હથિયાર બનાવી દીધાં. એમજ નાનકનું થયું અને ગાંધીજીનું થઇ રહ્યું છે અને થશે.

સહજાનંદ સ્વામીએ એક વચનામૃતમાં બે સભાઓનાં વર્ણન કર્યાં છે :—

" એકમાં સુંદર સાત ભોંયની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય, અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ અને વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા ભરેલા પડ્યા હોય, અને વેશ્યાઓ થૈયાથૈયા કરી રહી હોય અને નાના પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, " અને બીજીમાં " તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલી ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિસહ વર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય. " પહેલીને એમણે કુસંગની સભા કહી છે, બીજીને સત્સંગની કહી છે. હું વધારે વિનયથી પહેલીને ભદ્રસભા કહું છું, અને બીજીને સંત સભા કહું છું.

પણ સહજાનંદ સ્વામી શું કે બુદ્ધ, મહાવીર, ઇશુ, નાનક, ગાંધી વગેરે સંતો શું–તેઓ પોતે કાં તો ભદ્ર (બુર્ઝવા) વર્ગના જ હતા, અથવા તેમણે ભદ્ર અને સંત બન્ને પ્રકારના અનુયાયીઓ કર્યા હતા. સંત ઇશુ ક્રોસ પર લટકયા અને સંત ગાંધી ગોળીથી વિંધાયા; એવું જ કેટલાક એમના સંત અનુયાયીઓનું થયું, અથવા તેટલા ફાટેલી ગોદડીવાળા થયા. પણ ભદ્ર શિષ્યોએ ગુરુના નામને વૈભવના પ્રદર્શન અને પ્રાપ્તિનું સાધન બનાવ્યું. ઇશુની ભદ્ર સંસ્કૃતિનું પોપનગર (વેટિકન) થયું, બુદ્ધ, નાનકની સંસ્કૃતિનાં સુવર્ણમંદિરો થયાં, મહાવીરની સંસ્કૃતિના શત્રુંજય, દેલવાડા વગેરે થયાં, મહમ્મદની સંસ્કૃતિનાં મેતી અને જૂમામસ્જિદો અને તાજમહેલ થયાં, ગાંધીનું કાંઇ એવું જ થવા માંડયું છે, અને શું થશે અને શું નહીં થાય તે ભવિષ્ય જ કહી શકે.

સોમનાથનું પણ એવું જ ગણો. જે દેવની એમાં પ્રતિષ્ઠા છે તેની પાછળ જો કોઇ ઐતિહાસિક વ્યક્તિ હોય તો તે દીન, દુર્બળ, દુઃખી, રોગી, મરવા પડેલા જંગલવાસીઓના પ્રતિનિધિ હશે. તે દિગંબર રહેતો કે હાથીનું ચામડું ઓઢતો, જંગલમાં પેદિયા પર બેસી ફરતો અને સાપ, સિંહ સાથે રમતો–આમ ભદ્ર વિશ્વ-

એજ તેની કથા કહી રાખી છે. એનું પ્રિય ગગનચુંબી શિખર તો ૩૦ હજાર ફૂટ ઉંચા હિમાલયના બરફમાં. એને આવા, પ્રમાણમાં વેંત જેટલી ઉંચી મંદિરની ધનારતમાં શો રસ આવે? મંદિરના શિખરને ગગનચુંબી કહેનાર કવિ પર એ હસ્યા વિના રહે નહીં. જેમ ગાંધીને બિરલા હાઉસ કરતાં ભંગી કોલોનીમાંજ વધારે સુહાણુ લાગતું છતાં શ્રદ્ધાળુ ગાંધીભક્તો તો બિરલા હાઉસને જ ગાંધીમંદિર કરવા ચાહે છે, તેમ ધનવાન શિવભક્તો સોમનાથને ઊંચું કરે તેમાં નવાઇ નથી. આપણે વૈભવના પૂજક, આપણે કાવ્યમાં જ શિવના અભદ્ર શરીરની કદર કરી શકીએ. પ્રત્યક્ષમાં તો સોના, ચાંદી અને હીરા વિભૂષિત શિવની જ આરાધના કરી શકીએ.

બીજો સવાલ એની પાછળ થયેલા પુષ્કળ ખર્ચનો. લોકોની ગરીબાઇ અને હાડમારીઓ છતાં આ ખર્ચ અટકાવવાનો માર્ગ હજુ મળ્યો નથી, અને જેઓ આવી ફરિયાદો કરે છે તેઓએ પણ લીધો નથી. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ થી માંડીને આજ સુધીમાં આવા અનેક ખર્ચાળ જલસાઓ થયા જ કર્યા છે. બજાડનારાઓએ બડબડાટ કર્યો છે, સતાધારીઓએ તે સાંભળીને કાન પરથી કાઢી નાંખ્યો છે, અને પોતાને જેમ ઠીક લાગ્યું તેમ કર્યું છે. કારણ કે બજાડનારાઓએ કોઇએ ત્યાં તમાશો જોવા જતા લોકોને ન જવા સમજાવવા, આવા જલસાઓનો બહિષ્કાર કરવા, કે સાચી ધર્મભાવના આપવા પ્રયત્ન કર્યો નથી. આવા ઉડાઉ ખર્ચો થઇ શકે છે, કારણ કે આપણે-ગરીબ તવંગર બધા-ભદ્ર સંસ્કૃતિના જ ઉપાસક છીએ. ભવ્ય દેખાવોની પાછળ ગાંડા થઇને ભેગા થઇએ છીએ અને પોતાને ત્યાં એવા પ્રસંગો આવે ત્યારે એવું જ કરીએ છીએ. ફુલણજી થવું આપણને ગમે છે, અને કરજ કરીનેયે પ્રસંગ પાર પાડવામાં માનીએ છીએ. જો કોંગ્રેસ પોતાના અધિવેશનોને પ્રસંગે ૫૦ બળદ કે ૫૧ હાથી કે ૬૦ ઊંટનો રથ કાઢે અને તેને લોકો હોંશથી વધાવે, તો કોંગ્રેસ રાજ પણ તેવીજ રીતે બીજા સાર્વજનિક પ્રસંગો ઉજવે તેમાં આશ્ચર્ય કે આઘાત શું કામ લાગવા જોઇએ? આપણે સમજવું જોઇએ કે જેને પણ રાજ્ય કરવાની અભિલાષા હોય છે તે આપણને જલસાઓ ગોઠવીને જ આંજી દઇ શકે છે, અને આપણો આદર મેવીવી શકે છે. કારણ કે એ આપણી-ભદ્ર સંસ્કૃતિના ઉપાસકોની-સરકાર છે.

સાધુઓ વાત કરે છે કે એક બાવા હતા, તે જમીનમાં પુરાઇ જઇને વર્ષની સમાધિ લે, લોકોને પોતાની બહાર નીકળવાની મિતિ કહી રાખે, તે દિવસે તેના શિષ્ય તેનું ભોંયરું ઉઘાડે. તે દિવસે ત્યાં મોટી યાત્રા ભરાય. લોકોને દર્શન આપી પાછા ભોંયરામાં ઉતરી પડે. કંઇ ખાધાપીધા વિના શી રીતે જીવતા હશે તેનું લોકોને આશ્ચર્ય થાય. એક બીજા મહાત્માને આ ચમત્કાર સમજાવવા કહ્યું. તેમણે સલાહ આપી કે હવે પછી જે દિવસે નીકળવાના હોય તે દિવસે ત્યાં કોઇ યાત્રાળુએ પહોંચવું નહીં, બીજે દિવસે પહોંચવું. લોકોને ખબર પાડી કે યાત્રાનો દિવસ બદલાયો છે. ઠરેલે દિવસે કોઇએ જવાનું નથી, બીજે દિવસે જવાનું છે. સમાધિનિષ્ઠ બાવાજીને આની ખબર નહીં, એના શિષ્યે સૂચના મુજબ ભોંયરું ઉઘાડયું. મહારાજે આંખો ઉઘાડીને જોયું તો કોઇ દર્શનાર્થી ન મળે? આનો બાવાજીને જે આઘાત લાગ્યો તેથી એમનું હૃદય બંધ પડી ગયું!

'કનક તજિ, કમિની તજિ, તજિ ધાતુનકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવન માનકે અંગ.'—

તે આનું નામ. જો ખર્ચાળ જલસાઓમાં કોઇ જાય નહીં, તો કોઇ ભગવાનને માટે જલસા ગોઠવે નહીં. જો રાજાની સવારી જોવા કોઇ માણસ રસ્તા પર કે ઝરખામાં દેખાય જ નહીં તો ઠઠમાઠથી સવારી કાઢવામાં એને કશો રસ રહે નહીં.

છેલ્લો સવાલ સોમનાથના કે એવા કોઇ કાર્યક્રમમાં રાજ્યાધિકારીઓ અને રાજ્યતંત્ર તરફથી ભાગ લેવાય કે નહીં. એ બાબતમાં શ્રી રાજેન્દ્રબાબુ, શ્રી કનૈયાલાલ મુનશી તથા શ્રી ઢેબરભાઇએ જે મંતવ્યો રજૂ કર્યાં છે તે સિવાય બીજો કોઇ વહેવારૂ માર્ગ નથી. તેઓ પણ પ્રજાનોજ એક ભાગ છે. ઘણા લોકોના જે ધાર્મિક વિચારો છે તે તેમનાયે છે. ધર્મની બાબતમાં કોંગ્રેસે સામાન્ય લોકોના ધર્મો કરતાં જુદા ધર્મસિદ્ધાન્તો રજૂ કરવાનો ઉદ્દેશ રાખ્યો નથી, પ્રયત્ન પણ કર્યો નથી.

કાયદાથી રાજ્ય જે ખર્ચ ન કરી શકે તેટલી મર્યાદામાં તેમણે રાજ્ય પર તેનો ભાર નથી નાંખ્યો. જે કરતાં કાયદો અટકાવી શકતો નથી, તેવા ખર્ચ માટે તેમની પોતાની આ કામમાં શ્રદ્ધા હોવાથી રજાની મદદ લીધી છે, એટલે કે ખર્ચ કર્યો છે.

જે રીતે આપણા દેશમાં રાજ્યતંત્ર ગોઠવાયું છે તેમાં, રાજાની જેમ, રાષ્ટ્રપતિ ખાનગી કામ માટે જાય કે રાષ્ટ્રના કામ માટે જાય, એમની સર્વે વ્યવસ્થા રાજ્ય દ્વારા જ થાય છે. જે ખર્ચ એમને પોતાના પગારમાંથી કરવું પડતું હોય તે એમની પાસેથી મજરે લેવામાં આવે, તોયે એમના નિવાસ, ઉતારા, રક્ષણનો અને ફરવા હરવાનો પ્રબંધ રાજ્ય તરફથી જ થાય છે. રાજના કામ માટે હોય ત્યારે કોડિયામાં રાજ્યનું દીવેલ બળે અને ખાનગી કામ માટે દીવો જોઇએ ત્યારે બીજું ઘરનું દીવેલ ભરેલું કોડિયું સળગાવવામાં આવે એવો સૂક્ષ્મ વિવેક ઉમ્મર ખલીફ કરતા એમ કહેવાય છે. તે એમ કરતા હશે કારણકે તે સંત સંસ્કૃતિના ઉપાસક હતા. પણ ત્યાર પછીના ખલીફો ભદ્ર સંસ્કૃતિના ઉપાસક થયા. તેમણે એવો નિયમ રાખ્યો કે જેટલું ખર્ચ રાજ્ય પાસેથી ન જ લેવાય તેટલું જ જાતે કરવું. જે રાષ્ટ્રપતિ વિષે કહ્યું તે મંત્રીઓ વગેરે વિષે ઘટતી મર્યાદામાં સમજવું. ઉપર કહ્યું તેમ આપણું રાજ્ય હાલ ભદ્ર સંસ્કૃતિનું છે. તેથી તેમાં ઉમ્મર ખલીફના વિવેકની આશા ન રખાય.

વર્ધા. તા૦ ૧૬-૫-૫૧ કિશોરલાલ ઘ. મશરૂવાલા

શ્રી શાન્તિલાલ શાહને શુભવિદાય

તા. ૨૧-૫-૫૧ સોમવારના રોજ શ્રી શાન્તિલાલ હરજીવન શાહને વિદાયમાન આપવાના હેતુથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં એક નાનો સરખો સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી. શાન્તિલાલ શાહ સોલીસીટરનો વ્યવસાય કરે છે, શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય છે, મુંબઇ પ્રાન્તની લેજીસ્લેટીવ કાઉન્સીલના ઉપપ્રમુખ છે, ઇન્ડીયન નેશનલ ટ્રેડ યુનીયન કોંગ્રેસના કોષાધ્યક્ષ છે, જન્મભૂમિ સંસ્થાના મેનેજીંગ ડીરેકટર છે. ચાલુ જુન માસની છઠ્ઠી તારીખે જીનીવા ખાતે આન્તરરાષ્ટ્રીય મજુર પરિષદ ભરાવાની છે. તે પરિષદમાં જુદા જુદા દેશની સરકારના, ઉદ્યોગપતિઓના તથા રાષ્ટ્રીય મજુર સંસ્થાના પ્રતિનિધિઓ ભાગ લેવાના છે. ઇન્ડીયન નેશનલ ટ્રેડ યુનીયન કોંગ્રેસ જે હિંદુસ્થાનની પ્રમાણીત મજુર સંસ્થા છે તેના પ્રતિનિધિ તરીકે તે જ સંસ્થાના પ્રમુખ શ્રી હરિહરનાથ શાસ્ત્રીની નિમણુક કરવામાં આવી છે, અને શ્રી શાન્તિલાલ હરજીવન શાહ, તાતાના કારખાનાના મજુર યુનીયનના નેતા શ્રી. માઇકલ જોન્સ તથા બંગાળાના મજુરનેતા મીસીસ ડો. મૈત્રીયી બોઝ-આ ત્રણ સભ્યોનું સલાહકાર મંડળ શ્રી. હરિહરનાથ શાસ્ત્રીને મદદ કરનાર છે. આ કાર્ય માટે મે માસની ૨૪મી તારીખે ઉપડતા શ્રી શાન્તિલાલ હરજીવન શાહનું અભિનન્દન કરતાં સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે, શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ તથા ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ શ્રી રીષભદાસ રાંકાએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં. અને સમારંભ સંયોજકોનો આભાર માનતા શ્રી. શાન્તિલાલ શાહે પોતે જે કાર્ય માટે જાય છે તેનો, જીનીવા ખાતે ભરાતી મજુર પરિષદનો, ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ ટ્રેડ યુનીયનની સમગ્ર રચના, બંધારણ, અને નીતિનો વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો અને મજુરોના જગદ્વ્યાપી પ્રશ્ન ઉપર એક ભારે ઉદ્બોધક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ અલ્પાહાર સાથે સમારંભ વિસર્જિત કરવામાં આવ્યો હતો.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ : ખાતવિધિ સમારંભ

ત્રણે ફિરકાના સમન્વયની દૃષ્ટિ નજર સમક્ષ રાખીને, લગભગ બત્રીસ વર્ષ ઉપર સ્થપાયેલ શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મકાનની ખાતવિધિની ક્રિયા, સંસ્થાના આદ્યસ્થાપકોમાંના એક શ્રી મણિલાલ મોકમચંદ શાહના શુભ હસ્તે તા. ૨૧-૫-૫૧ ને સોમવારના રોજ સવારે નવ વાગે થઇ હતી. પ્રમુખસ્થાને વ્યવહાર-શુદ્ધિ મંડળના પ્રમુખ સાધુચરિત શ્રી કેદારનાથજી બીરાજ્યા હતા.

ભાડુંગાથી શિવ જવાના રસ્તે, જૈન સોસાયટીની બાજુમાં જ, સંસ્થાએ ખરીદેલ બે પ્લોટ પર આ ક્રિયા થઇ હતી. આ પ્રસંગે મુંબઇ લેજિસ્લેટિવ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ હ. શાહ, ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ શ્રી ઋષભદાસ રાંકા, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના એક વખતના પ્રમુખ શ્રી રવજી સોજપાળ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો; દાતાઓ, સંસ્થાના હાલના વિદ્યાર્થીઓ વગેરેએ હાજરી આપી હતી.

મંગળાચરણ બાદ, કાર્યની શરૂઆત કરતાં શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે, "આ શુભ પ્રસંગે સૌને આવકાર આપતા મને આનંદ થાય છે. ત્રીસ વર્ષ ઉપર સ્થાપાયેલ આ સંસ્થાને વ્યાપક સ્વરૂપ આપવા માટે છેલ્લાં ચાર વર્ષથી મારા મુરબ્બી અને સહકાર્યકર્તા શ્રી મણિલાલ મોકમચંદ શાહ તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમની એ તપશ્ચર્યા આજે ફળી છે તેથી મને આનંદ થાય છે. આ સંસ્થા અત્યાર સુધી ભાડાના મકાનમાં ચાલતી હતી, તેનો પોતાનું મકાન કાં નહિ ? એ વિચારમાંથી શ્રી મણિભાઇને પરિશ્રમ કરવાનું સૂઝયું; અને તેનું ફળ આપણે સૌ જોઇ શકીએ છીએ. આ સંસ્થાને આજે પોતાનું વ્યવસ્થાપક મંડળ છે; પોતાનું બંધારણ છે; અને તેની પાસે ચોકકસ પ્રકારની દૃષ્ટિ છે.

આ શુભ પ્રસંગે પ્રમુખ તરીકે કોને પસંદ કરવા, એ અમારે માટે મૂંઝવણભર્યો પ્રશ્ન હતો. પ્રમુખ એવા જોઇએ, જેનાથી ભાવિ માર્ગદર્શન મળે. અમારી સૌની નજર શોધતાં શોધતાં શ્રી નાથજી પર ઠરી. આ પવિત્ર કાર્ય તેમની રાહબરી નીચે થાય એ અમને સૌને રૂચ્યું, એટલે આ પ્રસંગની પ્રમુખ વ્યકિત તરીકે પણ પસંદગી પણ તેમના ઉપર ઢળી. તેઓ આપણા સૌથી એટલા સુપરિચિત છે કે, તેમને પરિચય આપવાની જરૂર નથી. છેલ્લાં પાંચ-સાત વર્ષથી જીવનની અશુદ્ધિઓ દૂર કરી વ્યવહાર શુદ્ધિનું કાર્ય તેમણે હાથ ધર્યું છે ને ચોવીસે કલાક તેની પાછળ ખર્ચે છે. આવા સંત પુરૂષને રંજાડવા માટે આપણે નસીબદાર છીએ. તેઓના આશીર્વાદથી આ સંસ્થા જરૂર વિકાસના માર્ગે આગળ વધતી રહેશે એવી મારી શ્રધ્ધા છે.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ એ કોમી સંસ્થા છે. એ દૃષ્ટિએ આપ સૌ વિચાર ના કરશો. જૈન સંસ્કૃતિ અને વિચારસરણીમાં ચોકકસ પ્રકારની સંજીવની શકિત છે. જગતનું કલ્યાણ અને સંસ્કૃતિની ધારાને જીવન્ત રાખવા માટેનાં જે યત્નો થઇ રહ્યા છે તેમાં સ્પષ્ટ માર્ગદર્શન આપે એવી આ વિચાર પરંપરા છે. જનકલ્યાણના ઘોરી માર્ગમાં કંઇક ફાળો આપવાની એ સંસ્કૃતિની નેમ છે. એ દૃષ્ટિ નજર સમક્ષ રાખીને જ અમે સૌ આ સંસ્થામાં જોડાયા છીએ. તેમાં આપ સૌનો હું સહકાર માગું છું."


શ્રી. ટી. જી. શાહે, આ પ્રસંગે આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા; જેમાં ધારાસભાના સ્પીકર માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, અન્નસચિવ શ્રી કનૈયાલાલ મુનશીના મુખ્ય હતા.

ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે સંસ્થાનો પરિચય આપતાં જણાવ્યું કે, "આ મંગળ દિને મને ખૂબ ખૂબ સંતોષ થાય છે. તેનાં બે કારણો છે. શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેવા, જૈન સમાજના નિઃસ્વાર્થ સદ્‌ગૃહસ્થને શુભ હસ્તે આ સંસ્થાની ખાતવિધિ થાય; અને સાથે જ શ્રી નાથજી જેવા સંત પુરૂષના આશીર્વાદ વડે. સંસ્થા માટે આ ભારે ગૌરવદાયક હકીકત છે.

"આ પ્રસંગે, ચોવીસ વર્ષ પહેલાંની વાત યાદ આવે છે, ત્યારે તો હું શાળામાં ભણતો પંદર વર્ષનો વિદ્યાર્થી હતો. આ સંસ્થાની સ્થાપનાના પ્રસંગે એક વિદ્યાર્થી તરીકે જિજ્ઞાસાવૃત્તિથી ગયેલો. ઝાલરાપટ્ટણ (રજપૂતાના) ના મહારાજાના હસ્તે આ સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સંસ્થાની સ્થાપના વખતનું શ્રી વાડીલાલ મોતીલાલ શાહનું ભાષણ હજુ પણ મારા કાનમાં ગૂંજી રહ્યું છે. આ સંસ્થાના સ્થાપક શ્રી વાડીલાલ હતા એમ કહીએ છીએ પણ તે અર્ધસત્ય છે; કારણ કે બીજા આ-શ્રી મણિભાઇ પણ બે સ્થાપકોમાંના એક છે. બન્નેએ પોતાની ભાગીદારીની દુકાનમાંથી રૂા. ૩૧૦૦૦) આપી આ સંસ્થાની શરૂઆત કરી; અને આજે શ્રી મણિભાઇના પ્રયત્નથી ફાલીફુલી રહી છે.

"'૧૯૧૭ માં' ગાંધીજીની અસર હિંદુસ્તાન પર થવા લાગી હતી. નવા યુગની શરૂઆત થતી હતી. જો કે ત્યારે વાતાવરણ તદ્દન સંકુચિત હતું, છતાં આ સંકુચિત વાતાવરણમાંય જૈન સમાજના ત્રણે ફિરકાના વિદ્યાર્થીઓ માટે સંસ્થાની શરૂઆત કરવી એ સહેલું કાર્ય નહોતું. સદ્‌ગત શેઠ માણેકચંદ પાનાચંદે દીર્ઘદરી

ખાતવિધિ સમારંભનાં દૃશ્યો



૩ (૧) સમારંભ મંડપ (૨) પ્રમુખસ્થાને શ્રી કેદારનાથજી તથા બાજુએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ શાહના હાથે ખાતવિધિ (૩) શ્રી મણિલાલ મોકમચંદ (૪) સમારંભ સભા. ૪

વિદ્યાર્થીઓ માટે છાત્રાલય શરૂ કર્યું હતું; શ્રી મોતીચંદ કાપડિયાએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી હતી; પણ તેનો લાભ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ લઇ શકતા; જ્યારે શ્રી વા. મો. શાહે અને શ્રી મણિભાઇએ સમન્વયની દૃષ્ટિએ આ સંસ્થાની શરૂઆત કરી.

"આજે જ્યારે કોમી ભાવનાને દૂર કરવાની વાત કરીએ છીએ ત્યારે મારી છાપ એવી છે કે એ ભાવના અદૃશ્ય રીતે સૌ કોઇમાં વધતી જ રહી છે—રાજકીય ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે. એવી સૂક્ષ્મ રીતે આ ભાવના પોષાતી રહી છે કે તેનો ખ્યાલ પણ ન આવે. અજ્ઞાન અને નિરક્ષર પ્રજા કરતાં કેળવાયેલાં તેનો વધુમાં વધુ ભોગ બન્યા છે. આ પરિસ્થિતિમાં આ સંસ્થાનો વિકાસ થાય ત્યારે મારા જેવાને સૌથી વધુ આનંદ થાય.

"૧૯૩૨ માં કોટ'ના હુકમ પછી એક યોજના તૈયાર થઇ, અને આ સંસ્થા એકધારી રીતે ચાલતી આવી. પણ આશરે વર્ષ ઉપર શ્રી મણિભાઇને ઇચ્છા થઇ કે, આ સંસ્થાને સંગીન પાયા પર મૂકવી જોઇએ. આ સંસ્થાને પોતાનું મકાન જોઇએ. અમે સૌએ ટેકો આપ્યો; પણ પોતાની ઇચ્છાને પરિપૂર્ણ કરવાનો પરિશ્રમ તો તેમણે જ લીધો. જરા પણ અતિશયોક્તિ વગર કહું કે, તેમણે એકલાએ જ મહેનત કરીને બે લાખ રૂપિયા એકત્ર કર્યા. ત્રણે ફિરકાના ગૃહસ્થોએ શ્રી મણિભાઇની ઝોળીને ભરવામાં આનાકાની વિના સહાય કરી.

" શ્રી મણિભાઇને આ કાર્ય જલદી પૂરું કરવાની કેટલી ચીવટ હતી; કેટલી તીવ્રતા હતી તેનો ખ્યાલ આપ સૌને આપવો મુશ્કેલ છે; સાથે રહેનારને જ તેનો ખ્યાલ આવે. ધારેલું એક કામ પૂરું ન થાય ત્યાંસુધી તેમને જંપ નહિ; બીજાને જંપવા દે પણ નહિ. ધગશ અને ઉત્સાહ પણ એટલા જ. જો એ ગુણો તેમનામાં ન હોત તો આ શુભ કાર્ય હજુ પણ કેટલું મોડું થાત તે કહી શકાય નહિ. વળી તેમની આસપાસ મિત્રોનો જે સમૂહ છે તે પણ તેમના વિચારોને પોષે તેવો છે. એમને પણ એમ થયું કે, શ્રી મણિભાઇની ઇચ્છા પૂરી થવી જ જોઇએ. પાંચેક મહિના પહેલાનો જ પ્રસંગ કહું.

રકમ માટે અમારે તેમની સાથે વાતચીત થઇ રહી હતી; ત્યાં તેઓએ અમને પૂછ્યું : 'હવે મકાનનું પૂરું કયારે કરો છો?" અમે કહ્યું, " પૈસા પૂરા થાય એટલે " શ્રી મણિભાઇ કહે, 'પૈસા વગર નહિ અટકે; બોલો, કેટલા તૂટે છે?" અમે કહ્યું. પચાસ હજાર.' તો તેઓ કહે; વાંધો નહિ, અને તરત જ ઉમેર્યું'.

" મારી શારિરિક અવસ્થા બરાબર નથી; છતાં તમને ખાતરી આપું છું કે આમાંના ચાળીસ હજાર હું તમને બાર મહિનામાં એકઠા કરી આપીશ. જો નહિ થાય તો હું પોતે એટલી રકમ આપીશ. " આ તેમના કાર્ય કરવાના ખંતનો નમૂનો છે. શ્રી મણિભાઇની આર્થિક સ્થિતિ કેવી છે તે તમે અને હું બધા જાણિએ છીએ; પણ પોતે જે કામ લીધું તેને માટે તેમની કેટલી તીવ્રતા હોય છે તેનો આના પરથી ખ્યાલ આવશે. એ તીવ્રતાનો ગુણ, આજના તેમના શુભ હસ્તે ખાતવિધિ થયા પછી આપણા સૌમાં ઊતરો.

" હું ઘણી સંસ્થાઓમાં કાર્યવાહક સમિતિમાં અથવા જવાબદારીવાળી જગા ઉપર છું. અતિશયોક્તિ વગર કહું કે શ્રી મણિભાઇમાં મેં જે સેવાની ધગશ જોઇ છે; કાર્ય. કરવાની ઉત્કટતા નિહાળી છે તે બીજે કયાંય જોયાં નથી. નિરભિમાનપણે કંઇ પણ કરી છૂટવું એ તેમનો વિશિષ્ટ ગુણ છે. તેમનું નામ લેવાય તે પણ તેમને ગમે નહિ. જાહેર પ્રસંગોમાં તેમને આગળ બેસાડવા એ પણ મુશ્કેલ. એથી જ અગાઉ કહ્યું હતું તેમ, આ શુભ પ્રસંગ માટે કોઇ મોટા માણસ નહિ, પણ પવિત્ર ભાવનાવાળા માણસ આપણને મળ્યા છે તે મારે મન આનંદની વાત છે.

મુરબ્બીશ્રી મણિભાઇને ખાતવિધિ કરવાની હું આપ સૌ વતી વિનંતિ કરું છું; અને તેમને આપ સૌ વતી ખાતરી આપું છું કે જે વસ્તુની શરૂઆત તેમના વરદ હસ્તે આજે થાય છે, તે કાર્યને અમે સૌ બાર મહિનામાં જ પૂરું કરીશું.

" આપ સૌએ જે સહકાર આપ્યો છે, તે માટે આપ સૌનો સંસ્થા તરફથી આભાર માનું છું. "

શ્રીમતી તારાબહેન માણેકલાલ પ્રેમચંદે બોલતાં જણાવ્યું કે, "આ સંસ્થાની સ્થાપના કે તેના વિકાસમાં મારો કાંઇ જ ફાળો નથી; છતાં શ્રી મણિભાઇ માટે, તેમના કાર્ય માટે મને ખૂબ માન છે. તેથી આ પ્રસંગે બે શબ્દો બોલવાનું મન થઇ આવે છે. ત્રણે ફિરકાના સમન્વયની તેમની ભાવના સાચે જ પ્રશસ્ય છે. બહેનોમાં કામ કરતાં કરતાં મારા જોવામાં આવ્યું છે કે, જન બહેનોમાં ફિરકાભેદની ભાવના જ નથી. તેઓ કોઇ પણ સંપ્રદાયના બહેનની સાથે રહી કાર્ય કરી શકે છે. શ્રી મણિભાઇના આ પ્રયત્નને ખૂબ જ ટેકો મળી રહે, અને તેમને એ કાર્ય માટે દીર્ઘ આયુષ્ય મળે એવી મારી હૃદયની પ્રાર્થના છે. તેમના શુભ હસ્તે નંખાતો પાયો, સમાજનો પાયો મજબૂત કરવા માટે ખૂબ ઊંડે ઊંડે જાય એમ આપણે સૌ પ્રાર્થીએ."

શ્રી ઋષભદાસજી રાંકાએ, હિંદીમાં પ્રવચન કરતાં કહ્યું કે. " જૈન સમાજ સાથેના અવારનવાર પડતાં પ્રસંગો દ્વારા એ વસ્તુની મને વિશિષ્ટતા ખાસ જણાઇ આવી છે. જૈન સમાજ પાસે અમોઘ શક્તિ છે. તેની પાસે ત્યાગીઓ છે, વિદ્વાનો છે; વિચારકો છે; સાથે સાથે ધનીકો પણ છે. સંસ્કૃતિના પ્રચાર માટે જૈન સમાજ એક યા બીજી રીતે કુલ્લ રૂપિયા દર વર્ષે ખર્ચે છે. આટલી તેની શક્તિ છતાં પરિણામ? પરિણામ એ છે કે, સંસ્થાઓ પોતપોતાને માર્ગે કાર્ય કરી રહી છે; ખર્ચ અલગ અલગ થઇ રહ્યો છે. આથી ઘણીવાર ઘર્ષણ પણ ઉત્પન્ન થાય છે. આમ અમોઘ શક્તિનો દુરૂપયોગ થઇ રહેલો હું જોઉં છું. જો આ શક્તિ કેન્દ્રિત થાય તો સમાજ કેટલો બળવાન થાય? કાકાસાહેબ કાલેલકર સાથે મારે ચર્ચા થઇ. તેઓ કહે જૈન સમાજમાં જે કાર્યકરો છે તેમની અસાંપ્રદાયિક વૃત્તિ અને કામ કરવાની ધગશ જોઇને મારો અભિપ્રાય બંધાયો છે કે તે હિંદુ સમાજને આગળ દોરવાની પુરી યોગ્યતા ધરાવે છે. શ્રી ઝવેરીલાલ મશરૂવાળાએ વાત વાતમાં કહ્યું કે મારી સાથે જે પત્રવ્યવહાર ચાલે છે, તેમાં ચોથા ભાગથી અધિક જૈન ભાઇઓનો છે. આવા શક્તિશાળી સમાજની શક્તિઓ જો કેન્દ્રિત થાય તો પરિણામ ખૂબ જ સરસ આવવા સંભવ છે.

આ પ્રસંગે એક વાત કહી લેવાનું મન થઇ આવે છે. આજે જૈન યુવકને અભ્યાસ પછી શું કરવું તેની કશી સૂજ નથી પડતી. એ પરિસ્થિતિમાં વ્યવહાર ચલાવવો પણ તેને માટે મુશ્કેલ થઇ પડે છે. એટલે શિક્ષણની સાથે કામ કરવાની પણ તેને સંસ્થામાં આદત પાડજો; જેથી સંસ્થામાંથી તે બહાર નીકળે ત્યારે સમાજને ભારરૂપ ન થઇ પડે; તેમ જ તેને પોતાને પણ મુશ્કેલી અનુભવવી ના પડે."

શ્રી રતનચંદ ઝવેરીએ, ત્રણે ફિરકાના સમન્વયના ઉદ્દેશથી શરૂ થતી આ સંસ્થાની ફતેહ ઇચ્છી હતી, અને શ્રી મણિભાઇ, આ સંસ્થાને સમૃદ્ધ થયેલી જોવાને દીર્ઘાયુ મેળવે એવી ઇચ્છા વ્યકત કરી હતી.

ત્યારબાદ શ્રી મણિલાલ મોકમચંદ શાહે અરિહંતનું સ્મરણ કરી ખાતવિધિ કરી હતી, અને પછી બે શબ્દો બોલતાં જણાવ્યું હતું કે, "તેત્રીશ વર્ષ ઉપર આ સંસ્થાની સ્થાપના થઇ, ત્યારે અમારી કલ્પના એવી હતી કે, ફિરકા ભેદ સિવાય જૈન સમાજનો કોઇપણ વિદ્યાર્થી આ સંસ્થાનો લાભ લઇ શકે અને મને સંતોષ

છે કે અત્યાર સુધીમાં કોઇપણ પ્રકારના ભેદભાવ સિવાય જૈનનાં વિદ્યાર્થીઓએ આ સંસ્થાનો લાભ લીધો છે–કેટલીકવાર જૈનેતર વિદ્યાર્થીઓએ પણ.

"પરંતુ કેટલાક સમયથી–કેલ્લાં પાંચ વર્ષથી મારાં મનમાં એમ થયા કરતું હતું કે, જો સંસ્થાને પોતાનું મકાન હોય તો સારું. પણ એ માટે પૈસા કોણ એકત્ર કરે? મિત્રો સમક્ષ મારો વિચાર રજૂ કર્યો, અને સાથે સાથે એ પણ કહી દીધું કે, જો તમે સહકાર આપો તો હું મકાન માટે રકમ એકઠી કરવાનું માથે લઉં. ત્યારબાદ બે લાખ રૂપિયા આ કાર્ય માટે એકત્ર કરવાનો નિર્ણય કર્યો, અને માત્ર બે વર્ષના ટુંકા ગાળામાં જ આ રકમ એકત્ર કરી શકયો. આપને એ જાણીને આનંદ થશે કે, સમાજમાં કામ કરતી વખતે કેલીકવાર મતભેદો ખૂબ ઉગ્ર બને છે, છતાં આ ફંડ માટે ત્રણે ફિરકાના ગૃહસ્થો પાસે પહોંચતાની સાથે જ તેમણે ઐકયના વિચારને અપનાવી પોતાનો ઉદાર હાથ લંબાવ્યો છે; અને મારા જૈનેતર મિત્રોએ પણ કોમીય દૃષ્ટિ રાખ્યા વગર આ ફંડને સમૃદ્ધ કરવામાં યથાશકિત ફાળો આપ્યો છે.

'કેટલાંય સમયથી શારીરિક દૃષ્ટિએ હું સાવ અશકત છું, અને આ શુભ પ્રસંગ જોવાની તક મને મળશે એની જરા પણ શ્રદ્ધા નહોતી–આશા પણ નહોતી; પરંતુ એ શ્રદ્ધાને ફળતી જોઇ આજે મને અત્યંત આનંદ થયો છે. આ શુભ કાર્યને માટે મેં મારી જાતને કદી યોગ્ય ગણી નથી; પણ મિત્રોએ બળજબરીથી આ જવાબદારી મારે માથે નાખી મને બાંધી લીધો ને તેમના સ્નેહનાં બંધનથી મુકત પણ ન થઇ શકયો, એટલે હવે તો એ જવાબદારીનો બોજ સ્વીકારી, ઇશ્વર પાસે પ્રાર્થના કરું છું કે, એ જવાબદારી અદા કરવાનું મને બળ આપે.

આ પ્રસંગે મારા મનની એક ઇચ્છા પણ જણાવી લઉં; જૈન સંસ્કૃતિનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી આજે ભાગ્યે જ મળશે. એટલે તેના અભ્યાસ માટે જો એકાદ સ્કોલરશીપ આપણે ઉભી કરીએ તો, થોડાં થોડાં વર્ષને અંતરે જૈન સંસ્કૃતિના અભ્યાસીને ઊભા કરી શકીએ.

"બીજી વાત એ છે કે, આ સંસ્થા ત્રણે ફિરકાના વિદ્યાર્થીઓ માટે છે. મારી એવી ઇચ્છા છે કે, એમાં પણ થોડો ફેરફાર કરી, અમુક ટકા સુધી જૈનેતર વિદ્યાર્થી–જે યોગ્ય હોય તેને જગા આપીએ. સરકાર કંઇ પણ નિયમન મૂકી આપણને ફરજ પાડે તેના કરતાં આપણે જ સ્વેચ્છાએ, આપણી દૃષ્ટિને વિશાળ કરીએ તો તે આવકારદાયક ગણાશે; અને મને તેથી ખૂબ જ આનંદ થશે.

"બોલવાનું ખૂબ મન છે; મનમાં કેટલીય વાતો ભરી છે; પણ એ બોલી શકાતી નથી એ વાતનું દુઃખ છે. પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું કે, મારી મનની જે ભાવના છે, તે સફળ કરવા માટે મને શકિત આપે; અને આપ સૌનો સહકાર આપે.

"આંહીં વકતાઓએ મારે માટે જે પ્રશંસાના શબ્દો કહ્યા, તેને માટે, મને પોતાને જ લાગે છે કે હું યોગ્ય નથી; પણ ગુણીજનો હમેશાં બીજાનાં ગુણો તરફ જુએ છે, એટલે જે ગુણો તમે મારામાં જોયાં છે તેને માટે લાયક થાઉં; એવી મારી પ્રાર્થના છે.

"ફરી આપ સૌનો અને શ્રી નાયજીનો આભાર માનું છું"

સમારંભના પ્રમુખ શ્રી કેદારનાથજીએ હિંદીમાં બોલતાં જણાવ્યું કે, "જૈન સમાજ સાથે મારે ત્રીસ વર્ષથી સંબંધ છે; જૈન સમાજમાં કેટલાય પ્રસંગોમાં મારે જવું પડયું છે; અને એ સંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો ગયો છે. જૈન સમાજના વિદ્વાનો અને વિચારકો મારા મિત્રો છે. ગાઢ સંબંધ થવાનું આ પણ એક કારણ છે.

"દરેક સંસ્થા કે વ્યકિત સાથે કામ કરવાની મારી વૃત્તિ છે. લોકસંગ્રાહકની દૃષ્ટિએ માનવતાનો હું ઉપાસક છું; એટલે જ્યાં જ્યાં માનવતાની ભાવનાને વેગ મળતો હોય ત્યાં ત્યાં જવાની તક લઇ લઉં છું. આથી સમાજ મને જાણવા મથે છે અને હું સમાજને વધારે જાણવા મથું છું. એકબીજા વધુ નિકટ આવીએ છીએ, અને એમાંથી એકબીજા માટે સહાનુભૂતિ જન્મે છે.

"પરંતુ સમાજને જાણવો અને સમાજને માટે કાર્ય કરવું એ તદ્દન ભિન્ન ભિન્ન વાતો છે. સમાજને જાણવાની હકીકત સહેલી છે; સમાજને માટે કાર્ય કરવાની હકીકત કઠિન છે. સમાજને માટે કાર્ય કરનારાઓ બહુ જ ઓછા હોય છે. તેમાં સદ્ભાગ્યની વાત છે કે જૈન સમાજને શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેવા કાર્યકર્તા મળી ગયા છે. જે સંસ્થાની ખાતવિધિ તેમના હાથે થઇ, તેની સ્થાપના તો ત્રીસ–બત્રીસ વર્ષ પહેલાં થઇ ગઇ હતી; પણ સાચા અર્થમાં કહીએ તો તેની વિધિ આજે થઇ છે.

"આ સંસ્થાની સ્થાપના પાછળ ત્રણે ફિરકાના સમન્વયની ભાવના છે. ઘડીભર વિચાર કરો, અહિંસાની પ્રતિષ્ઠા કરનાર મહાવીરને મન ત્રણે ફિરકાનો પ્રશ્ન હતો? કદી નહિ; જ્યારે આજે કમનસીબે ત્રણે ફિરકાને એકત્ર કરવાની વાત કરવી પડે છે. ખરી રીતે તો આજે માનવજાતના ઐકયની વાત કરવાની જરૂર છે.

"મહાવીરને મન સારીય ચેતન સૃષ્ટિ સમાન હતી. બ્રાહ્મણથી લઇ શુદ્ર સુધી; ધનિકથી લઇ ગરીબ સુધી, પૂણ્યવાનથી લઇ પાપી સુધી – સારીય ચેતન સૃષ્ટિ તરફ તેમની એક જ દૃષ્ટિ હતી. તેમને કશા માટે ભેદભાવ ન હતો; કારણ કે અહિંસક વૃત્તિના–અહિંસક આચારના તે પ્રતિષ્ઠાપક હતા. એમાં ભેદની દૃષ્ટિ પાલવે નહિ. એ મહાવીરને જ્યારે આપણે ગુરૂ માનીએ છીએ, ત્યારે તેના કાર્યને પણ આપણે વેગ આપવો જોઇએ. એ કાર્યને માટે પછી મર્યાદા ન હોઇ શકે. કાર્યને મર્યાદા ન હોય તો કર્તવ્યને પણ નહિ. કર્તવ્ય અને જ્ઞાનનાં ક્ષેત્ર તો અપાર છે; અસીમ છે. તેના તરફ કર્તવ્યશીલ વ્યકિતની નજર પડવી જોઇએ.

"આજના દિવસને હું શુભ માનું છું; કારણકે મહાવીરે ચીંધેલા પથ તરફ આપણે સૌ જઇ રહેવા આજે કર્તવ્યશીલ બનીએ છીએ; ત્રણે ફિરકાના સમન્વય માટે એક કાર્ય શરૂ કરીએ છીએ. મને આશા છે કે, એક દિવસ એવો આવશે જ્યારે ત્રણે ફિરકા તરફ આપણી સૌની દૃષ્ટિ નહિ હોય પણ માનવસમાજ તરફ સૌની દૃષ્ટિ હશે.

"આ સાથે જ એક વિચાર આવે છે. આ ફિરકાભેદ શા માટે? શા માટે ફિરકાઓ, સમાજે કે માનવસમાજનું ઐકત્વ નહિ? આગગાડી, વાહન, એરોપ્લેન, વિમાન વગેરેનો લાભ લેતી વખતે કોઇના મનમાંય ભેદભાવ હોતો નથી; ભિન્નતા હોતી નથી; તો પછી સામાજિક વ્યવહારમાં ભેદભાવ શા માટે? કેટલાક કહે છે કે આ ભેદભાવ ધર્મને લીધે છે; પણ વાસ્તવિક રીતે આવો ભેદભાવ ધર્મ નહિ કરે; એ આપણામાં છે; આપણાથી છે.

"કેટલીક સંસ્થાના જ દાખલા લઇએ. તેની કાર્યવાહી એકધારી સુસંગત રીતે ચાલતી હોય છે. પણ તેમાં એકાદ ઝઘડા કરનાર ભાઇ દાખલ થઇ ગયા તો? આખી સંસ્થા ખલાસ કરી નાંખશે. ગામમાં તદ્દન શાંતિ હોય, ત્યાં એક વકીલને મોકલી આપો; પછી જુઓ, ગામની શી સ્થિતિ થાય છે? જો વકીલ ભેદભાવ પ્રકટ ન કરાવે તો તેની વકીલાત ચાલે શી રીતે? આથી ગામડાંઓમાં જ્યારે હું જઉં છું ત્યારે ભાર દઇને કહું છું કે તમારા ગામમાં બિનબેડુતને ટકવા દેશો નહિ; વાતો કરનારને રહેવા દેશો નહિ.

"જ્યાં જ્યાં ભેદ થાય છે ત્યાં ત્યાં કપટ આવે છે; પાપ આવે છે. ભેદનો નાશ થતાં પ્રેમ, સત્ય, સંગઠન, પુણ્યનું વાતાવરણ પ્રકટે છે. એટલે આટલું સત્ય સમજી આપણે સૌ આગળ વધીએ કે, પ્રેમ આપવાથી પ્રેમ મળે છે; પ્રામાણિકતા આપવાથી પ્રામાણિકતા મળે છે, માનવતા પ્રકટાવવાથી માનવતા મળે છે. માનવીહૃદય એકબીજાનું પ્રતિબિંબ છે; તરત જ એકની છાયા બીજામાં પડે જ છે. એટલે આ શુભ પ્રસંગે પ્રાર્થના કરીએ કે, ત્રણે ફિરકામાંથી જ નહિ પણ માનવજાતમાંથી ભેદ દૂર થાય. જ્યાંસુધી આ ભેદ રહેશે ત્યાંસુધી એકબીજાને ભય છે; ધાસ્તી છે; બોમ્બની ફડક છે; હૃદયપૂર્વક એ ભેદ દૂર થશે ત્યારે વિશ્વાસ અને પ્રેમ પ્રકટશે; નિર્ભયતા આવશે અને માનવતા પ્રકટશે.

"શ્રી મણિભાઇના ઉમંગની વાત શી કહું? તેમણે કહ્યું કે, મનની વાત તેઓ કહી શકતા નથી. એ વાત શી હશે? એક વાત તો તેમણે કહી લીધી. આ સંસ્થામાં ત્રણે ફિરકાના વિદ્યાર્થીને સ્થાન મળે એ જાણે ઠીક પણ અજૈન વિદ્યાર્થીનો પણ જોગવાઇ થાય તેવી તેમની ઇચ્છા છે. વાત સાચી છે કારણ કે તેમની 'આજ' પર દૃષ્ટિ નથી; 'ભવિષ્ય' તરફ દૃષ્ટિ છે. અને એ દૃષ્ટિ સાચી છે; માનવતાથી ભરેલી એ દૃષ્ટિ છે. એ દૃષ્ટિનું કારણ પણ છે; અને તે એ કે એ દૃષ્ટિ તેમને પોતાના જીવનમાંથી મળેલી છે; સેવાનું કાર્ય કરતાં કરતાં લાધેલી છે. તેમની આ વિશાળ દૃષ્ટિ, કાર્ય કરવાની પરાયણતા અને ઉમંગ પ્રશંસનીય છે. તેમના સેવાપરાયણ જીવનની આપણા સૌ પર અસર થાઓ."

"શ્રી મણિભાઇએ આ શુભ કાર્ય માટે ઇચ્છા કરી, પ્રયત્ન કર્યો, ઇચ્છા પૂરી થઇ. હવે તેમના મનની જે વાત છે, તે વાત પૂરી કરવા માટે તેઓ દીર્ઘાયુ થાઓ; તેમને એ માટે પ્રેરણાશક્તિ મળી રહો, અને યુવાનોનો સહકાર મળો, અને ઉત્તરોત્તર સંસ્થાની પ્રગતિ થયા કરે એવી મારી પ્રાર્થના છે. (શ્રી મણિભાઇને હાર પહેરાવતાં પહેરાવતાં) મારું એ ભાગ્ય છે કે, શ્રી મણિભાઇ જેવા કાર્યકરનું અભિનંદન કરવાની આપ સૌએ મને તક આપી છે. આ પ્રસંગને હું ખુશનશીબી જ ગણું છું.

શ્રી મણિભાઇ : "આશીર્વાદ આપો : વધારે કામ કરી શકું."

શ્રી કેદારનાથજી : "મારી પ્રાર્થના છે કે, તમને આયુષ્ય અને આરોગ્ય બન્ને મળે.

" આપ સૌનો ફરી આભાર માનું છું."

શ્રી ચિમનલાલ પી. શાહે સૌનો આભાર માન્યો હતો; અને રાષ્ટ્રગીત સાથે સભા વિસર્જન થઇ હતી.

કેટલાક સમાચાર અને નોંધ

'સાધુતાની પગદંડી'

શ્રી મહાવીર પ્રકાશન મંદિર તરફથી આ પુસ્તક હજુ થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવ્યું છે. 'વિશ્વવાત્સલ્ય' ના તંત્રી શ્રી નવલભાઇ શાહ તેના લેખક છે. આ પુસ્તકમાં નવલભાઇએ જૈન મુનિ સન્તબાલજીના આજ સુધીના જીવનની ઝાંખી કરાવી છે. ભાલનળકાંઠાની પ્રજાની કેટલાંય વર્ષથી સેવા કરતા સન્તબાલજીને કોણ ઓળખતું નથી? કાઠિયાવાડમાં ટંકારા ગામની બાજુએ આવેલ ટોળ ગામ તેમની જન્મભૂમિ. સંસારીપણાનું તેમનું નામ શિવલાલ. નાનપણમાં કરવામાં આવેલો વિવાહ સંબંધ તોડીને યૌવનના પ્રારંભકાળમાં સ્થાનકવાસી મુનિ શ્રી. નાનચંદ્રજી પાસે તેમણે દીક્ષા લીધી, અને સૌભાગ્યચંદ્રના નામથી તેઓ ઓળખાયા. કેટલાંક વર્ષ ગુરૂ સાથે રહેવા બાદ જૈન સાધુના ચાલુ આચારવ્યવહારને લગતી અમુક બાબતોમાં ગુરૂ સાથે તેમને મતભેદ પડયો. સ્થાનકવાસી સાધુઓ મોઢા ઉપર ચાલુ મુહપત્તિ બાંધી રાખે છે. જ્યારે બોલવાનું હોય ત્યારે તો મુહપત્તીની જરૂર સમજાય પણ બોલવાનું ન હોય ત્યારે પણ મુહપત્તી શા માટે બાંધી રાખવી? તેમના મતભેદનો આ પહેલો મુદ્દો હતો. બીજો મુદ્દો હતો લોચનો. જૈન સાધુઓ માથાના વાળ હાથવડે તોડીને લોચ કરે છે. તેમને લાગ્યું કે આમાં બાહ્ય તપશ્ચર્યા જરૂર છે અને સહનશક્તિની પણ કસોટી છે પણ એથી મગજના જ્ઞાનતન્તુઓ નબળા પડે છે. આમ હોવાથી શસ્ત્રથી મુંડન કરાવવું ખોટું નથી એવા નિર્ણય ઉપર તેઓ આવ્યા. ત્રીજું સાધારણ રીતે જૈન સાધુઓ જૈન ગૃહસ્થોને ત્યાંથી જ અન્ન વહોરે છે. તેમને લાગ્યું કે જે કુટુંબ કે ઘરમાં માંસાહાર અને દારૂ ન લેવાતાં હોય ત્યાંથી સ્વચ્છતાથી શુધ્ધ કરાયલી રસોઇ મળે તો ભિક્ષાર્થે લેવામાં કશો પણ વાંધો હોવો ન જોઇએ. ચોથો મુદ્દો હતો સ્નાનનો. સાધારણ રીતે જૈન સાધુઓ સ્નાન કરતા નથી. તેમને શરીરશુધ્ધિ માટે સંયમપૂર્વકના જળસ્નાનની આવશ્યકતા લાગી. પાંચમું જૈન પરંપરા મુજબ ગમે તેટલા નાના દીક્ષાપર્યાયનો સાધુ હોય તેને ગમે તેટલા લાંબા દીક્ષાપર્યાયવાળી સાધ્વીએ વન્દન કરવું જ જોઇએ. એથી ઉલટી રીતે પોતાથી વધારે દીક્ષાપર્યાયવાળી સાધ્વીને સાધુ કદિ પણ વન્દન ન કરે. વળી સાધુ હોય ત્યાં સાધ્વી કદિ વ્યાખ્યાન ન વાંચે. આ અસમાનતા તેમને અસ્વીકાર્ય લાગી.

આમ પરંપરાગત આચારમાં અમુક ફેરફાર કરવાના વિચારવાળા સોભાગ્યચંદ્રને પોતાના ગુરૂ સાથે રહેવાનું અશક્ય બનવા લાગ્યું અને પરિણામે એ પ્રકારના ગુરૂશિષ્યના સંબંધનો અન્ત આવ્યો. આ ઘટના બન્યા પહેલાં તેમણે સન્તબાલના નામથી જૈન પ્રકાશ તેમજ અન્ય સામયિકોમાં લખાણો લખવાનું શરૂ કર્યું હતું. આ રીતે પોતાના સંઘાડાથી છુટા પડયા અને લોકસેવાના માર્ગે વળ્યા. ત્યાર પછીથી તો તેઓ સંતબાલજી તરીકે જ ઓળખાવા લાગ્યા. ભાલનળકાંઠાના વિભાગમાં આજે સંતબાલજી કેટલાંએક વર્ષોથી ઉત્તમ પ્રકારની લોકસેવા કરી રહ્યા છે. આમ છતાં પણ જૈન સાધુનો કેટલોક આચાર જેમ કે મુહપત્તી બાંધવી, રજોહરણ ધારણ કરવું, પગપાળા ફરવું, ગોચરી ઉપર નિર્વાહ કરવો, ઉકાળેલું પાણી પીવું, રાત્રીભોજન ન કરવું; તિથિ તહેવારે વ્રતનિયમ કરવા, જૈન સાધુની વેશભૂષાને વળગી રહેવું–આ બધું આજે પણ એટલી જ ચોકસાઇથી તેઓ પાળે છે. લોકોને સદાચાર તરફ વાળવા, વ્યસન અને માંસાહારથી મુક્ત કરવા, સામાજિક અનિષ્ટ રૂઢિઓને તોડવાની પ્રેરણા આપવી, સરકારી રંજાડ અને પજવણીમાંથી લોકોને રાહત અપાવવી, સર્વસામાન્ય ધર્મનો લોકોને ઉપદેશ આપવો અને સન્માર્ગ ઉપર સુદૃઢ કરવા, દુષ્કાળ જેવી આફત વખતે લોકોને રાહત પહોંચાડવાની યોજનાઓ કરવી અને તેનો ગામેગામ ફરીને અમલ કરાવવો–આ આજની તેમની મુખ્ય પ્રવૃત્તિઓ છે. ઉપાશ્રયમાં કેવળ નિષ્ક્રિયતામાં જ જીવન વીતાવતા સાધુઓએ સંતબાલજીના ચરિતાર્થ બની રહેલા જીવન તરફ નજર કરવાની જરૂર છે. એક જૈન સાધુ પોતાના દીક્ષાવ્રતને વળગી રહીને પણ કેટલું લોકોપયોગી કામ કરી શકે છે અને પછાત વર્ગોનો કેવો ઉધ્ધાર સાધી શકે છે એનો સંતબાલજીના ચરિત્ર ઉપરથી આપણને ભારે સરસ ખ્યાલ આવે છે. સંતબાલજી જે પ્રદેશમાં કાર્ય કરી રહ્યા છે તે પ્રદેશની જનતાનું દિલ પોતાના વિશુદ્ધ ચારિત્ર્ય અને નિઃસ્વાર્થ સેવા વડે અને અવિરત પરિશ્રમ વડે તેમણે જીતી લીધું છે. આ રીતે તેમણે જૈન સમાજના ગૌરવમાં ભારે વધારો કર્યો છે. જૈન સમાજમાં સાધુઓ તો અનેક છે પણ સંતબાલજીની જોડીનો બીજો એક પણ સાધુ આજે નજરે પડતો નથી.

આ એક પવિત્ર સેવાપરાયણ સન્તનું 'સાધુતાની પગદંડી' દ્વારા આપણને મીઠું દર્શન થાય છે અને તેનો યશ શ્રી નવલભાઇની વિચારગંભીર લેખનશૈલિને આભારી છે. લોકભોગ્ય શિષ્ટ સાહિત્યમાં આ પુસ્તક વિશિષ્ટ સ્થાનું અધિકારી છે. સંતબાલજીનો

આવો સુન્દર પરિચય કરાવવા બદલ શ્રી. નવલભાઇને ધન્યવાદ ઘટે છે.

કેટલાંક વર્ષથી શ્રી નવલભાઇના તંત્રીપણા નીચે 'વિશ્વવાત્સલ્ય' નામનું એક પાક્ષિક પત્ર નીકળે છે. આ પત્રમાં સંતબાલજીનાં લખાણો અને પ્રવૃતિના સમાચારો નિયમિત રીતે વિસ્તારથી પ્રગટ થાય છે. વિશ્વવાત્સલ્યનું તેઓ શ્વાસે શ્વાસે રટણ કરે છે. સર્વ-ધર્મસમભાવ તેમની પ્રકૃતિમાં વણાઇ રહેલું તત્વ છે. 'વિશ્વવાત્સલ્ય'માં આપણા સમાજને સ્પર્શતા અનેક પ્રશ્નોની સન્તબાલજી નિર્ભયતાપૂર્વક ચર્ચા કરે છે. સરકારી નીતિની પણ તેમાં અવાર-નવાર કડક ટીકા કરે છે. ગામડાંની પ્રજાની શ્રેયસાધનાને લક્ષ્ય-સ્થાને રાખીને વિશ્વવાત્સલ્યનું સંચાલન કરવામાં આવે છે. સંત-બાલજીના વિચારો જાણવાની ઇચ્છા ધરાવનારને વિશ્વવાત્સલ્યના ગ્રાહક થવાની ભલામણ કરવામાં આવે છે.

કિરપલાણીજીના કોંગ્રેસ સાથે છુટાછેડા

આચાર્ય કિરપલાણીજીએ જે સંસ્થાની પોતે જીંદગીભર અપાર સેવા કરી છે તે રાષ્ટ્રીય મહાસભામાંથી થોડા સમય પહેલાં રાજી-નામું આપ્યાના સમાચાર પ્રગટ થયા છે. કોંગ્રેસની સંસ્થામાં અને કોંગ્રેસી વહીવટમાં જે સડો પેઠો કહેવાય છે અને જે અનવસ્થા વ્યાપી રહી છે તે સામેના કેવળ વિરોધ ખાતર તેમણે રાજીનામું આપ્યું હોત તો આવી હીંમત અને નીડરતા દાખવવા ખાતર અને ન્યાય અને સત્યની ઉપાસના ખાતર પોતાની વહાલામાં વહાલી સંસ્થાનો ત્યાગ કરવા માટે તેમને આપણે મુક્ત કંઠે ધન્યવાદ જ આપવાના રહેત. પણ આ રાજીનામું પાછળ આજથી લગભગ આઠ મહીના પહેલાં નાસીક ખાતે ભરાયલા અધિવેશનમાં પ્રમુખ થવા માટે તેમણે કરેલી ઉમેદવારી અને તેમાં સાંપડેલી નિષ્ફળતા અને પ્રત્યાઘાત રૂપે તેમણે કોંગ્રેસ સામે ઉભો કરેલો લોકશાહી મોરચો—આવી ઘટનાઓ રહેલી હોઇને આ રાજીનામું આપણા દિલમાં ઉપર જણાવ્યો તેવો પ્રત્યાઘાત પેદા કરી શકતું નથી.

ગાંધીજી દક્ષિણ આફ્રીકાનું કાર્ય સમેટીને હિંદ ખાતે પાછા ફર્યા ત્યારે યુવાન કિરપલાણીજી બીહારની મુઝફ્ફરપુર કોલેજમાં એક અધ્યાપક તરીકે કામ કરતા હતા. ગાંધીજીએ અહિં આવ્યા બાદ સૌથી પહેલી લડત ચંપારણ્યના નીલવરો સામે ઉપાડી. તે પ્રસંગે કિરપલાણીજી ગાંધીજીને પહેલીવાર મળ્યા અને ત્યારથી ગાંધીજીના અવસાન સુધી ગાંધીજી સામે એક વફાદાર સાથી તરીકે તેઓ જોડાયલા રહ્યા. ગાંધીજીને લીધે કોંગ્રેસી રાજકારણ સાથે પણ તેમનો સંબંધ વધારે ને વધારે ગાઢ થતો ગયો. આઝાદીની લડતના લગ-ભગ સાડા બાર વર્ષ સુધી તેમણે કોંગ્રેસના મંત્રી તરીકે કામ કર્યું. આઝાદી પછીની પહેલ વહેલી કોંગ્રેસના તેઓ પ્રમુખ તરીકે ચુંટાયા. ગાંધીયુગ દરમિયાન હિંદને અપ્રતિમ નિષ્ટાવાળા, નિઃસ્વાર્થ, નીડર અને પ્રતિભાસંપન્ન જે કેટલાક ગણ્યાગાંઠ્યા રાષ્ટ્રસેવકો પ્રાપ્ત થયા તેમાં કિરપલાણીજીનું સ્થાન બહુ ઉંચું લેખાય. વળી ગાંધીવાદના કિરપલાણીજી એક ઉત્કૃષ્ટ કોટિના નિરૂપક છે. તેના મર્મને સમજનાર અને સમજાવનાર તેમની જેવી બહુ ઓછી વ્યક્તિઓ દેશમાં મળે તેમ છે. તેમના વ્યક્તિત્વની પ્રતિભા પણ કોઇ વિલક્ષણ પ્રકારની છે. કોઇથી આંજ્યા અંજાય નહિ અને ઝાંખ્યા ઝંજાય નહિ એવી તેમની સ્વાભાવસિદ્ધ ધીરોદાત્તતા છે. સ્પષ્ટવકતૃત્વથી ભરેલી અને કદિ કદિ અત્યુક્તિઓથી દૂષિત બનતી અને એ કારણે સમભાવની સીમાને ઓળંગતી તેમની વાણી છે. તેમનાં કટાક્ષોનાં તીર જ્યારે છૂટવા માંડે ત્યારે પ્રતિપક્ષે પરાસ્ત થયે જ છૂટકો. એમ કરતાં કદિ કદિ પ્રતિપક્ષને અન્યાય થઇ બેસવાનો પણ સંભવ ખરો જ. જીવન સાદું અને મોટી ઉમ્મરે ગૃહસ્થધર્મ સ્વીકાર્યા છતાં પણ એક સરખી સાધુતાથી ભરેલું સ્વભાવ એક ઓલી . જેવો. નિખાલસ પ્રકૃતિ અને એવું જ નિખાલસ તેમનું અટ્ટહાસ્ય. કોઇ વસ્તુની આકાંક્ષા નહિં, કોઇ અધિકારનો મોહ નહિ. પોતાને માર્ગે ચાલતાં જે જવાબદારી આવે તે સ્વીકારવી અને પાસે ધન તો મળે નહિ પણ પોતાનાં તનમન પરોવીને એ જવાબદારીને બને તેટલી પાર પાડવી—એવો તેમનો કર્મયોગ. સંયોગવશાત્ એ જવાબદારી છોડવાનો વખત આવે તો તેની સામે કદિ પાછું વાળીને તેઓ જુએ નહિ. તેઓ ગુજરાત વિદ્યાપીઠના એક વખત ઉપકુલપતિ હતા. કાળક્રમે એ પદથી છુટા થવાનો વખત આવ્યો તો ઉપવસ્ત્રની માફક તે સ્થાન છોડીને તેઓ ચાલતા થયેલા. ત્રણ વર્ષ પહેલાં તેઓ કોંગ્રેસના પ્રમુખ હતા. રાજ્યવહીવટમાં પ્રમુખસ્થાન ધરાવતા તેમના સહકાર્યકર્તાઓ તેમની સાથે દિલ ખોલીને વર્તતા નથી એમ તેમને લાગ્યું અને તેમણે રાજીનામું આપી દીધું. આવી બેપરવાઇ, નિરપેક્ષ વૃત્તિ, ગાંધીવાદથી દૂર જઇ રહેલા પોતાના ચિરકાલીન સાથીઓને કડવામાં કડવાં વેણ સંભળાવતાં રહેવા જેટલી નીડરતા અને ગાંધીનિષ્ટા—આવા ગુણ-વિશેષોને લીધે કિરપલાણીજીએ પ્રજાના દિલમાં બહુ ઉંડું અને ઉંચું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉગતી પ્રજાના તેઓ એક આરાધ્ય દેવતા હતા.

આમ એકધારું જીવન તેમનું વહ્યે જતું હતું. ધારાસભામાં સરકારી સડો, અવ્યવસ્થા અને ગાંધીવાદવિરોધી પ્રવૃત્તિઓ સામે તેમની અસ્ખલિત વાગધારા ચાલ્યા કરતી હતી. પ્રારંભથી રાજ-કારણ સાથે સંકળાયલા હોવા છતાં કોઇ મેલી રાજકીય ખટપટ કે પક્ષાપક્ષીમાં તેઓ કદી સંડોવાયા નહોતા. આ દરમિયાન નાસીક કોંગ્રેસના પ્રમુખની ચુંટણીનો પ્રશ્ન ઉપસ્થિત થયો. રાષ્ટ્રના જુના અને જાણીતા આગેવાન બાબુ પુરૂષોત્તમદાસ ટેન્ડનના નામની દર-ખાસ્ત મૂકવામાં આવી, તેમને સરદાર વલ્લભભાઇ પટેલનો બળવાન ટેકો મળ્યો. આ સંબંધમાં એવી માન્યતા પ્રવર્તે છે કે કોણ જાણે શા કારણે પણ પંડિત જવાહરલાલ નહેરૂને ટેન્ડન બાબુનું નામ પસંદ ન આવ્યું. તેમની નજર આચાર્ય કિરપલાણીજી ઉપર પડી, અને કહેવાય છે કે પ્રમુખસ્થાન માટે ઉભા રહેવાની પંડિતજી તરફથી તેમને સૂચના કરવામાં આવી. પ્રમુખસ્થાનનો સ્વાદ હજુ થોડા વખત પહેલાં જ તેમણે ચાખ્યો હતો. જે કારણોસર તેમણે કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજીનામું આપેલું એ કારણો એના એ સ્વરૂપે ઉભાં હતાં. કયા સંયોગોને લીધે તેમને આ ઉમેદવારી કરવાનું કહેવામાં આવે છે અને તે પાછળ કેવી રાજખટપટ છે તે પણ તેઓ બરોબર જાણતા હતા. એમ છતાં તેઓ આ સ્થાન હાથ કરવા લોભાયા. કિરપલાણીજી પ્રમુખસ્થાન માટે ઉભા રહેવા માંગે છે એ સમાચારે અનેક લોકોને આશ્ચર્યચકિત બનાવ્યા. આ બન્ને ઉમેદવારની એક સરખી ઉજ્જવલ કારકીર્દી. કોને મત આપવો અને કોને મત ન આપવો એ વિષે પ્રજાના દિલમાં ભારે દ્વિધા પેદા થઇ. બન્ને વચ્ચે તીવ્ર હરીફાઇ શરૂ થઇ. કોંગ્રેસના પ્રમુખ સૂત્રધારોમાંથી અમુકે અમુક બાજુએ અને અમુકે બીજી બાજુએ પોતાનું વજન ઠાલવ્યું. પોતાની યોગ્યતા અને અન્યની અપાત્રતા રજુ કરતાં નિવેદનો અને પ્રતિનિવેદનો, બળાબળો અને પ્રતિબળાબળો – આવું દ્વેષમત્સર વધારતું સાહિત્ય પ્રગટ થવા લાગ્યું, અને ચોતરફ વાતાવરણ બહુ કલુષિત બની ગયું. ચુંટણી થઇ. તેમાં બન્ને બાજુએ લાગવગનો ઠીક ઠીક ઉપયોગ થયો. સંભવિત છે કે એક બાજુએ અયોગ્ય સાધનોનો અને અણઘટતી લાગવગનો ઘણો વધારે ઉપયોગ થયો હોય, બીજી બાજુએ પ્રમાણમાં ઓછો થયો હોય. ઉમેદવારો વિશુદ્ધ હોય, છતાં તેમને ઉપાડનારાઓ આજે ચોતરફ વ્યાપી રહેલી મલીનતાથી મુક્ત હતા જ નહિ. આખરે ટેન્ડનબાબુ ચુંટાયા. કિરપલાણીજી નિષ્ફળ નીવડ્યા. આ નિષ્ફળતાની તેમના મન ઉપર ભારે ચોટ લાગી, તેમનું દિલ ખુબ ઘવાયું. ટેન્ડનજીને મળેલા મતો પાછળ મેલી રમત રમવામાં આવી છે એમ

તેમનું મન પોકારી ઉઠ્યું. સાધારણ રીતે રાજકારણમાં આમ ઘણીવાર બનતું જ આવ્યું છે; કાંઇક ધારીએ અને કાંઇક પરિણામ આવે. રાજકારણમાં રીઢા બનેલા પુરૂષો આવી હારજીતને હળવા દિલે સ્વીકારી લે છે અને સમગ્ર પરિસ્થિતિનો અને પોતપોતાની સંસ્થાનો તટસ્થ રીતે વિચાર કરે છે અને આખરે સંસ્થાને હિતાવહ હોય એવા માર્ગે આગળ પ્રયાણ કરે છે. શ્રી કિરપલાણીજી આમ કરી ન શકયા. ટેન્ડનબાબુ ખોટી રીતે પ્રમુખસ્થાન ઉપર આવ્યા છે, તેને ત્યાંથી હાંકી કાઢવા જોઇએ–આ વિચારે અને વૃત્તિએ કિરપલાણીજીના મનને ઘેરી લીધું. ગીતામાં કહ્યું છે કે संगात्संजायते कामः, कामात्क्रोधोऽभिजायते । આ સ્થિતિ કિરપલાણીજીની થઇ. ચુંટણીની નિષ્ફળતાના કારણે ધવાયલા અહંમાંથી કોંગ્રેસ વિરોધી લોકશાહી મોરચો–Democratic Front–ઉભો થયો. જે કોંગ્રેસને સંગઠિત રાખવાની આજ સુધી તેઓ તપશ્ચર્યા કરી રહ્યા હતા તે કોંગ્રેસની અંદર જ કોંગ્રેસ સામે કિરપલાણીજીએ આવું એક બળવાખોર જુથ ઉભું કર્યું. અલબત્ત આની પાછળ આજે કોંગ્રેસમાં તેમજ તેના સરકારી વહીવટમાં જે સડો પેઠો છે, જે નૈતિક અધોગતિ ઘર કરી રહી છે તે સામેની તેમની બળતરા જરૂર મહત્વનો ભાગ ભજવી રહી હશે એ આપણે કબુલ કરીએ, તો પણ આ બધી હીલચાલ પાછળ કિરપલાણીજીનું અંગત રાજકારણ જબરજસ્ત ભાગ ભજવી રહેલું છે એમ આપણને પગલે પગલે લાગ્યા કરે છે અને તેથી આપણી સામે આજ સુધી કિરપલાણીજીનું જે અનુપમ ચિત્ર આલેખાયલું પડયું હતું તે ચિત્ર ઉપર પ્રતિકુળ રેખાઓ અંકાતી માલુમ પડે છે. આજ સુધીના કેવળ નિષ્કામ જાહેર જીવનમાં એક નાની સરખી વિકૃતિનું ઝેર ભેળાતાં એકસરખા નિર્મળ જીવનનાં જળ ડોળાં થતાં ભાસે છે. અને નાસીક કોંગ્રેસ પહેલાના કિરપલાણીજી અને પછીના કિરપલાણી બન્ને જાણે કે એક ન હોય–ભિન્ન હોય–એમ આપણને લાગે છે. નાસીક કોંગ્રેસ પછીનો કોંગ્રેસ પ્રમુખ સાથેનો તેમનો પત્રવ્યવહાર જોઇએ તો તે પણ અંગત ડંખથી ખુબ દુષિત બનેલો જણાય છે. તેમનુ એક એક પગલું આગળની પ્રતિભાથી દૂર અને દૂર જતું લાગે છે. કોંગ્રેસની અંદર આવું બળવાખોર જુથ અને તેનો કોંગ્રેસ વિરોધી પ્રચાર જવાબદાર નેતાઓ શી રીતે નીભાવી લે ? પરિણામે થોડા સમય પહેલાં ગમે તેવી મોટી વ્યકિતની પણ આવી સંસ્થાદ્રોહી પ્રવૃત્તિ હવે પછીથી કોંગ્રેસ નીભાવી નહિ લે એવો કોંગ્રેસની કારોબારીએ ઠરાવ કર્યો. તત્કાળ કિરપલાણીજી સાથે સમાધાન સાધવાને લગતી વાટાઘાટ શરૂ થઇ. કિરપલાણીજીનો સૌથી મોટો વિરોધ કોંગ્રેસની છેલ્લી ચુંટણીમાં આચરવામાં આવે મેલી રીતભાત સામે હતો. હવે પછી આ બાબતમાં પુરી તકેદારી રાખવામાં આવશે એમ જવાબદાર નેતાઓ તરફથી ખાત્રી આપવામાં આવી. લોકશાહી મોરચો છેવટે વિસર્જિત કરવામાં આવ્યો. કોંગ્રેસની પાર્લામેન્ટરી ઇલેકશન કમીટીમાં લોકશાહી મોરચાના મુખ્ય આગેવાનો આચાર્ય કિરપલાણીજી અને રફી અહમદ કીડવાઇને જોડાવાનું કોંગ્રેસ પ્રમુખ તરફથી નિમંત્રણ મોકલવામાં આવ્યું. લોકશાહી મોરચાના વિસર્જનની સ્વાભાવિક ઉપપત્તિ તરીકે આવેલા આ નિમંત્રણને તેમણે સહર્ષ સ્વીકારી લેવું જોઇતું હતું. પણ એનો અર્થ તો ભુતકાળને ભુલી જવો, લાગેલા ડંખને વિસરી જવો એમ થતો હતો. કિરપલાણીજી માટે આ શકય નહોતું. આ નિમંત્રણનો તેમણે અસ્વીકાર કર્યો અને આગળના કહેવાતા ગોટાળાનો તપાસ સમિતિ નામી નીકાલ લાવવાની તેમણે માંગણી કરી. ચોકકસ કીસ્સાઓ રજુ ન કરવામાં આવે ત્યાં સુધી આ બાબતમાં કોંગ્રેસ પ્રમુખે આગળ વધવાની ના કહી. પરિણામે કિરપલાણીજીએ કોંગ્રેસમાંથી છુટા થવાની માંગણી કરતું રાજીનામું મોકલી આપ્યું. આ રાજીનામું કારોબારીના નિર્ણયની રાહ જોતું ઉભું છે. આમ જે સંસ્થાની આખી જીંદગી સુધી અડગ નિષ્ઠાથી પોતે સેવા કરી છે તે સંસ્થામાંથી આ રીતે છુટા થવાનો વખત આવે તે કોંગ્રેસ તેમ જ કિરપલાણીજી ઉભય માટે ભારે દુઃખદ અને કમનસીબ બીના લેખાય. આથી કોંગ્રેસને ભારે નુકસાન છે, કારણ કે કિરપલાણીજી સાથે બીજા પણ અનેક સભ્યો કોંગ્રેસને ગૂમાવવા પડે તેમ છે અને માથે જ્યારે ધારા–સભાઓની ચુંટણી ઉભી છે ત્યારે આનું પરિણામ કોંગ્રેસને વધારે નિર્બળ બનાવવામાં આવવાનું છે. કિરપલાણીજીને પણ આથી ભારે નુકસાન થવાનું છે, કારણ કે તેઓ આજે પોતાનું સ્વાભાવિક કાર્યક્ષેત્ર છોડી અરણ્યયાત્રા આદરી રહ્યા છે. તેમનાથી જુદો પક્ષ ઉભો થઇ શકવાનો નથી. સમાજવાદી પક્ષનું સંચાલન કરવા જતાં સમાજવાદી પક્ષ તેમને ગળી જવાનો છે. જે તેમના સ્વભાવમાં નહોતું તેવી એક કામના–કોંગ્રેસના પ્રમુખ બનવાની લાલસા–અને તેમાં નિષ્ફળતા મળતાં રૂંવેલું અહં–આમાંથી આ માઠાં પરિણામોની પરંપરા જન્મી છે. આ વિકૃતિને તેઓ વશ થયા નહોત તો તેમનું સ્થાન આજે સુરક્ષિત હોત. કોંગ્રેસને વિશુદ્ધ બનાવવામાં તેઓ બહુ ઉપયોગી ફાળો આપી શકયા હોત, અને ગાંધીવાદને પણ તેઓ ઘણો વધારે વેગ આપી શકયા હોત. પણ ભાવીએ તેમને ભુલાવેલ છે અને એક અતિ ઉજ્જવળ કારકીર્દીનો તેઓ પોતાનો હાથે જ અન્ત લાવી રહ્યા છે.

કમનસીબે આજે આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ કે જ્યારે આપણા ચિત્તમાં ચિરકાળથી સ્થપાયલી અનેક નાની મોટી મૂર્તિઓ ખંડિત થઇ રહી છે. કોઇને કાળા બજારનું તો કોઇને લાંચ રૂશ્વતનું કલંક લાગે છે; કોઇ નૈતિક અધોગતિનું તો કોઇ બૌદ્ધિક ક્ષતિનું દર્શન કરાવે છે. ગઇ કાલ સુધી આદરણીય વ્યકિત આજે આપણા અનાદરનું પાત્ર બને છે. ગઇ કાલનો રાષ્ટ્રવાદી આજે કોમી લેબાશમાં છતો થાય છે. આમ માનવી માનવી વિષે આપણે ચિન્તવેલાં મૂલ્યો અણધાર્યા ખોટાં પડતાં જાય છે અને સારા સારા માણસો વિષેની આપણી શ્રદ્ધા ડોલતી જાય છે. આવું જ કાંઇક આપણા આજ સુધીના લોકપ્રિય નેતા આચાર્ય કિરપલાણીજી વિષે આપણે અનુભવી રહ્યા છીએ. ગીતામાં વર્ણવેલા અનાસક્તિપૂર્ણ કર્મયોગનું જેના જીવનમાં આપણે આછું આછું દર્શન કરી રહ્યા હતા તેઓ આજે આત્મશ્રી ધડિએ અધિકારની વાંછના કરતાં અને તે ફળીભૂત ન થતાં ક્રોધવશ બનતાં અને પરિણામે બુદ્ધિસંભ્રમ તરફ ધસડાતાં માલુમ પડે છે. આ જોઇને આપણું ચિત્ત વેદના અનુભવે છે. હજુ પણ તેઓ પાછા ફરી શકે તેમ છે. આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ કે ઇશ્વર તેમને સન્મતિ આપે અને જે આજ સુધી આપણા હતા તે હવે પછી પણ આપણા બનીને આપણી વચ્ચે ઉચ્ચપદપ્રતિષ્ઠિત રહે.

કીડવાઇની કોંગ્રેસભક્તિ ! સત્તાની મંધલાળ !

હિંદની મધ્યવર્તી સરકારના વાહનવ્યવહાર તથા તારટપાલ ખાતાના મંત્રી શ્રી રફીઅહમદ કીડવાઇ અદ્યતન હિંદી રાજકારણમાં એક કોયડો બની રહ્યા છે. તેઓ મૂળ ઉત્તર પ્રદેશના એક જુના જાણીતા કોંગ્રેસી કાર્યકર્તા છે. ઉત્તર પ્રદેશની કોંગ્રેસમાં કેટલાએક સમયથી બે પક્ષો ચાલ્યા આવે છે. એકના નેતા છે બાબુ પુરૂષોત્તમદાસ ટેન્ડન અને અન્યના નેતા છે શ્રી રફીઅહમદ કીડવાઇ. નાસીક અધિવેશન વખતે કોંગ્રેસ પ્રમુખની ચુંટણી દરમિયાન બાબુ પુરૂષોત્તમદાસ ટેન્ડનના વિરોધમાં તેઓ આચાર્ય કિરપલાણીજીની બાજુએ ઉભા રહ્યા હતા. અધિવેશન બાદ કોંગ્રેસની કારોબારીની રચના કરવામાં તેમના કારણે ઘણી મોટી ખેંચ ઉભી થઇ હતી અને વિલંબ લાગ્યો હતો. કહેવાય છે કે પંડિત જવાહરલાલ નહેરૂ તેમના પ્રત્યે ખુબ મમતા ધરાવે છે. પંડિત નહેરૂના આગ્રહથી તેમને કારોબારીમાં આખરે લેવા

પડયા અને પછી જ કારોબારીની રચના થઇ શકી. ત્યાર બાદ કિરપલાણીજી સાથે રહીને તેમણે કૉંગ્રેસની અંદર કૉંગ્રેસ વિરોધી મોરચો ઉભો કર્યો. વળી મધ્યવર્તી પ્રધાન મંડળમાંથી એક યા બીજા મુદ્દા ઉપર તેઓએ રાજીનામું આપવાની અવારનવાર ધમકી તો આપતા જ રહ્યા છે. તાજેતરમાં કિરપલાણીજી અને કૉંગ્રેસ પ્રમુખ સાથે છેલ્લાં છ સાત માસથી ચાલી રહેલો પત્રાવ્યવહાર પ્રગટ થયો છે. આ પત્રવ્યવહારમાં રજુ કરવામાં આવેલ કિરપલાણીજીના કૉંગ્રેસ વિરોધ દરેક મુદ્દા સાથે તેમની સંમતિ હોવાનું તેમણે જાહેર કર્યું છે. છેવટની વાટાઘાટોમાં એક બાજુએ ટેન્ડનબાબુ, જવાહરલાલ નહેરૂ અને અબુલ કલામ આઝાદ હતા. બીજી બાજુએ તેઓ તથા કિરપલાણીજી હતા. છેવટે વાટાઘાટો ભાંગી પડી, કિરપલાણીજીએ રાજીનામું આપ્યું, તેમની નજર સાથે નજર મેળવતા બીજા અનેક કૉંગ્રેસી કાર્યકરો પોતાપોતાનાં રાજીનામાં મોકલી રહ્યા છે અને રફી અહમદ કીડવાઇએ પણ રાજીનામું આપવું રહ્યું એમ સૌ કોઇ માની રહ્યા હતા. પણ આવા જ આશયના કોઇ એક સામયિકમાં પ્રગટ થયેલા અગ્રલેખનો જવાબ આપતાં શ્રી રફીઅહમદ કીડવાઇ જણાવે છે કે ઓલ ઇન્ડીઆ કૉંગ્રેસ કમીટીના આગામી અધિવેશનમાં, કૉંગ્રેસની અંદર સુધારો કરવાનો પ્રશ્ન ચર્ચાવાનો છે અને તેથી આજની પરિસ્થિતિમાં સુધારણાની આશા તેઓ સેવી રહ્યા છે. તેઓ જણાવે છે કે "એ. આઇ. સી. સી. ની સભાની હું રાહ જોઇ રહ્યો છું અને ત્યાં થનાર ચર્ચાના પરિણામે કૉંગ્રેસની સંસ્થાનો વહીવટ સારા પાયા ઉપર મુકાવાની ખાત્રી થશે તો મને શક નથી કે જે મિત્રો કૉંગ્રેસના આદર્શ પ્રત્યે ભક્તિભાવ ધરાવે છે તેઓ કૉંગ્રેસના સભ્ય તરીકે ચાલુ રહેશે અને જેમણે છેલ્લાં બે વર્ષ દરમિયાન રાજીનામાં આપ્યા છે તેઓ પણ પાછા ફરશે અને કૉંગ્રેસમાં જોડાશે." કૉંગ્રેસને છોડી જતાં પોતે કેમ અચકાય છે તેનો ખુલાસો કરતાં શ્રી કીડવાઇએ જણાવ્યું કે "લગભગ છેલ્લા બાર મહીનાથી હું કૉંગ્રેસમાંથી રાજીનામું આપવાની અને એક વિરોધી પક્ષ ઉભો કરવાની ખુલ્લી રીતે વાત કરી છું. બીજા લોકોને કૉંગ્રેસમાંથી નીકળી જવાની ઉત્તેજના હું આપી રહ્યો છું, અને આજે જ્યારે વિરોધી પક્ષ નિર્માણ થવાની તક સામે આવીને ઉભી રહી છે ત્યારે તેમાં જોડાવાને મારૂં મન આનાકાની કરે છે, મને લાગે છે કે કૉંગ્રેસ સંસ્થા સાથે મને કશો મતભેદ નથી. તેની પોલીસી--નીતિ-- તે મારી પોલીસી છે. મારી ફરિયાદ એટલી જ છે કે તેનુ તંત્ર યોગ્ય રીતે અથવા તો લોકશાહી ઢબે ચાલતું નથી. આ કાંઇ સંસ્થાનો દોષ નથી. આ તો યંત્રના સંચાલકોનો દોષ છે. આજની પરિસ્થિતિની ગંભીરતાને જે કૉંગ્રેસી સભ્યો યથાસ્વરૂપે પીછાણે છે તેઓ કમર કસીને પ્રયત્ન કરે તો કૉંગ્રેસમાં એકતાની જરૂર પુનઃ સ્થાપના કરી શકાશે. આવી એકતા સાધવાની તેમને તક આપવા માટે થોડો વખત રાહ જોવામાં મને કશો વાંધો નથી."

વૃષ્ટતાની અવધિસમાન આ નિવેદન વાંચીને આપણે એક પ્રકારની સ્તબ્ધતા અનુભવીએ છીએ. આ તે કેવી કૉંગ્રેસ ભક્તિ કે કૉંગ્રેસમાં ફાચર ઉપર ફાચર મારીને, લોકશાહી મોરચો ઉભો કરીને, આખરે કૉંગ્રેસમાં ભંગાણ પડાવવાની હદ સુધી જતાં આ કૉંગ્રેસભક્તને નાનો સરખો આંચકો આવતો નથી ? પણ "હવે તમારૂં શું ? તમે કયારે રાજીનામું આપો છો ?" એ પ્રશ્ન ઉભો થાય છે ત્યારે શ્રી કીડવાઇ ગળગળા થઇ જાય છે અને 'જેની સાથે મારે કોઇ પાયાનો મતભેદ નથી એવી આ વ્હાલસોઇ સંસ્થાને હું કેમ છોડી શકું ?' એમ કહીને કૉંગ્રેસ પ્રત્યેની પોતાની ઉંડી મહોબ્બત પ્રગટ કરે છે. પણ આ કેવળ ધૂર્તવાણી છે. ખરી રીતે સત્તાની મખલાળ તેમનાથી છોડાતી નથી. તેમનું રાજકારણ લાભા-લાભની ગણતરી ઉપર જાણે કે રચાયું હોય એમ લાગે છે. સાથીઓને વાગી દેતાં તેઓ અચકાયા નથી. અંદર રહીને કૉંગ્રેસને જર્જરિત કરતાં તેમનું રૂંવાડું ફરકયું નથી. પણ છેવટનો નિર્ણય લેવાનો વખત આવે છે ત્યારે કિરપલાણીજી સાથે તેઓ અરણ્ય-યાત્રાએ જવા તૈયાર નથી. આજે કૉંગ્રેસના અગ્રગણ્ય કાર્યકર્તાઓના દિલમાં એકવાકયતા રહી નથી, શિથિળતા અને નબળાઇઓથી આખું તંત્ર ઢીલું પડી ગયું છે, હાઇકમાન્ડમાં પક્ષાપક્ષી વ્યાપી રહી છે. એવા સંયોગોમાં તેઓ પોતે જ્યાં સુધી રાજીનામું ન આપે ત્યાં સુધી તેમને કોઇ આંગળી અડાડી શકે તેમ નથી. આમ છતાં એટલું તો આપણે બેધડક કહી શકીએ તેમ છે કે કૉંગ્રેસમાં જે કોઇના સામે શિસ્તના પગલા ભરવાની સૌથી વધારે જરૂર હોય તો તે શ્રી રફી અહમદ કીડવાઇ છે. કારણ કે તેમણે કૉંગ્રેસની અંદર રહીને કૉંગ્રેસને ભાંગવાનું જ કામ કર્યું કર્યું છે. પ્રધાન તરીકે તેમને સોંપવામાં આવેલા ખાતાઓ તેઓ ગમે તેટલી બાહોશીથી ચલાવતા હોય--અને સાંભળવામાં આવે છે કે તેઓ એક ભારે કુશળ વહીવટકર્તા છે--તો પણ જેની કૉંગ્રેસ પ્રત્યેની વફાદારી શંકાસ્પદ છે તેણે પ્રધાન મંડળમાં ચાલુ રહેવાની યોગ્યતા ગુમાવી છે. તેમને પ્રધાન મંડળમાંથી અને કૉંગ્રેસની કારોબારીમાંથી સત્વર રૂખસદ આપવી ઘટે છે.

સાત વરસની છોકરીને દીક્ષા

બાલદીક્ષા સામે આટલો બધો પ્રચાર થયા બાદ આપણે એમ માનતા થયા હતા કે બાલદીક્ષા એ હવે ભૂતકાળની ઘટના બની ગઇ છે. પણ આ માન્યતા ભૂલ-ભરેલી છે. હજુ હમણાં જ છાપાદ્વારા જાણવા મળે છે કે અમદાવાદમાં તાજેતરમાં એક સાત વર્ષની છોકરીને છુપી રીતે દીક્ષા આપવામાં આવી હતી, અને તેને ઉપાશ્રયમાં પુરી રાખવામાં આવી હતી. આ સમાચાર ચોતરફ ફેલાઇ ગયા અને અમુક યુવકોએ તેનો કબજો લેવા માટે ઉપાશ્રય ઉપર હલ્લો કર્યો અને બારણાં ભાંગી નાંખ્યાં. પણ એ દરમિયાન પેલી છોકરીને સાધ્વીઓએ અન્ય સ્થળે ખસેડી મુકી. ત્યાર બાદ તે યુવકોએ એક સ્ત્રીસંસ્થાના સંચાલકોની મદદ લીધી અને તેમની મારફત એ નવદીક્ષિત છોકરીનો કબજો મેળવી શકયા. તે છોકરીને સત્તાધીશોને સુપ્રત કરવામાં આવી અને તેમણે તેને ચીલ્ડ્રન્સ રીમાન્ડ હોમમાં મૂકી છે. ત્યાર પછી તેનું શું થયું તેનાં ખબર હજુ સુધી મળ્યા નથી. આ રીતે વખતસર પગલાં લેનાર યુવકોને ધન્યવાદ ઘટે છે. સમાજમાં જે સુધારાઓ કરવાની અને અનિષ્ટ રૂઢિઓને નાબુદ કરવાની જરૂર છે તે કેવળ વાતો કરવાથી નહિ જ બની શકે. સમાજની સતત ચોકી કરતા રહેવું અને વખતસર પગલાં ભરવાની તૈયારી રાખવી--આજ માત્ર અનિષ્ટ રૂઢિઓને નાબુદ કરવાનો અને સમાજને પ્રગતિના માર્ગે લઇ જવાનો રાજમાર્ગ છે. નાનાં બાળકોને છુપી રીતે મુંડવાની વૃત્તિ એક પ્રકારનું જંગલીપણું છે. આ જંગલીપણાનો શકય તેટલો સામનો કરીને આજના વખતમાં તેને તદ્દન અસંભવિત બનાવી દેવું ઘટે છે.

'સુખ ઉપર સંશોધન'

'સુખ ઉપર સંશોધન' એ મથાળાનું એક નાનું સરખું પુસ્તક ભાઇ શ્રી વસન્તલાલ કાન્તિલાલ મોરખીઆ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં સુખના વિષયમાં કોઇ સાંગોપાંગ તાત્ત્વિક વિચારણા નિબંધના આકારની રજુ કરવામાં આવી છે એમ નથી, પણ સુખના પ્રશ્નને જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી ચર્ચવાનો અને એ સંબંધમાં પૂર્વ અને પશ્ચિમના ભિન્ન ભિન્ન વિદ્વાનો, વિચારકો, કવિઓ તથા તત્ત્વવિવેચકોના મન્તવ્યો રજુ કરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. પુસ્તક વાંચતાં આ ઉગતા લેખકનું વાંચન બહુ જ બહોળું અને અનેક વિષયોને સ્પર્શતું હોય એમ લાગે છે. લેખન શૈલિ પણ રસાળ અને રોચક છે. ભાષામાં અમુક પ્રકારની કુમાશ છે. પુસ્તક વાંચતાં અનેક સુંદર પુષ્પોથી સુશોભિત કોઇ ઉપવન વાટિકામાં ફરતા હોઇએ એમ લાગે છે. વિચારો પાછળ હજુ અનુભવનું દર્શન નથી આમ છતાં લેખક

તરીકેનો તેમનો આ પહેલો પ્રયાસ એ દિશાએ ઉજ્જવળ ભાવીની આશા આપે છે.

શુદ્ધિ સપ્તાહ

મુંબઇ શહેરમાં છેલ્લાં બે વર્ષથી શ્રી કેદારનાથજીની પ્રેરણા અને દોરવણી નીચે વ્યવહાર શુદ્ધિ મંડળની સ્થાપના કરવામાં આવી છે. આજના લોકજીવનમાં કાળા બજાર, લાંચરૂશ્વત, ભેળસેળ, ઘાણચોરી, આદિને લીધે જે સડો પેઠો છે અને નૈતિક અધોફેલાઇ રહી છે તે દૂર કરવી, અને લોકોને નીતિ, પ્રમાણીકતા અને શુદ્ધિના માર્ગ પાછા વાળવા એ આ મંડળનો હેતુ છે. આ દૃષ્ટિએ આ મંડળમાં જોડાવા ઇચ્છનારાઓ માટે સંપૂર્ણ રીતે અથવા તો આંશિક રીતે નૈતિક બંધનોનો સ્વીકાર કરતાં બે પ્રકારનાં પ્રતિજ્ઞાપત્રો રાખવામાં આવ્યા છે. એક પ્રતિજ્ઞાપત્ર સંપૂર્ણ તયા સભ્યત્વનું અને બીજું અંશતઃ સભ્યત્વનું છે. બીજા પ્રકારના સભ્યને સહાયક સભ્ય તરીકે ઓળખવામાં આવે છે. પોતપોતાની નૈતિક તાકાત મુજબ કોઇ પણ પ્રતિજ્ઞા પત્રમાં સહી કરીને કોઇ પણ વ્યક્તિ આ વ્યવહાર શુદ્ધિ મંડળમાં જોડાઇ શકાય છે.

આ વ્યવહાર શુદ્ધિ મંડળ તરફથી એક શુદ્ધિ સપ્તાહની યોજના કરવામાં આવી છે. તેની પહેલી સભા તા. ૨૮-૫-૫૧ ના રોજ વ્યવહાર શુધ્ધિ મંડળ અને મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આનંદ ભવનમાં યોજવામાં આવી હતી. પ્રમુખસ્થાને શ્રી કેદારનાથજી બીરાજમાન હતા. શુધ્ધિ સપ્તાહનું ઉદ્‌ઘાટન જાણીતા ગાંધીવાદી શ્રી કૃષ્ણદાસ જાજુજીના હાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી. જાજુજીએ એક અત્યન્ત પ્રેરક અને ઉદ્‌બોધક પ્રવચન કર્યું હતું જે પ્રબુધ્ધ જૈનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. બાકીના દિવસો દરમિયાન ભિન્ન ભિન્ન સ્થળોએ ભિન્ન ભિન્ન વકતાઓનાં વ્યાખ્યાનો ગોઠવવા આવ્યા છે. પ્રજા જીવનના નૈતિક સંશોધનની દિશાએ આ શુધ્ધ સપ્તાહ એક પ્રાણદાયી અને આશાપૂર્ણ આન્દોલન જગાવી રહેલ છે. આ શુભ પ્રવૃત્તિને જેટલો અને તેટલો વેગ આપવો તે આપણો ધર્મ છે.

એક ઉજ્જવળ કારકીર્દીનો એકાએક અન્ત

ડૉ. અનન્ત પંડયા જેમના અકાળ અવસાનના સમાચાર તાજેતરમાં દૈનિક છાપાઓમાં પ્રગટ થયા છે તેમના અવસાનથી આપણા દેશે એક ઉત્કૃષ્ટ ખ્યાતિના એન્જિનિયર અને અણમોલું માનવીરત્ન ગુમાવેલ છે. તેમનો જન્મ ૧૯૦૮માં ભાવનગરમાં થયેલો. તેમના પિતા શ્રી હીરાલાલ હરગોવિંદદાસ પંડયાએ ગ્વાલિયર રાજ્યમાં ઘણાં વર્ષ ખેતીવાડી ખાતાના મુખ્ય અધિકારી તરીકે સેવા કરેલી અને હાલ ભાવનગરમાં તેઓ નિવૃત્ત જીવન ગાળે છે. ડૉ. અનન્ત પંડયા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં ભણેલા. શ્રી નાનાભાઇ ભટ્ટ તથા હરભાઇ ત્રિવેદીના તેઓ વિદ્યાર્થી. મેટ્રીક થયા પછી એન્જિનિયરીંગ કોલેજમાં જોડાયા. બી. ઇ. ની પરીક્ષામાં સૌથી પહેલા નંબરે પસાર થયા. આવી રીતે પસાર થનારને એ સમયમાં સારા પગારની સીધી સરકારી નોકરી મળતી હતી. પણ એ નોકરીનો અસ્વીકાર કરીને તેઓ ૧૯૩૦ માં આગળ અભ્યાસ માટે અમેરિકાના મેસેચ્યુસેટ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં દાખલ થયા. ત્યાં એમ્. એસ. સી. ની પરીક્ષામાં સૌથી પહેલા નંબરે પસાર થયા. કેટલીક શિષ્યવૃત્તિઓ તથા જેમ્સ બકૅલી ગોલ્ડ મેડલ મેળવ્યુ. અને પોતાની યુનીવર્સીટીના મોટા પગારે કેલો નિમાયા. ૧૯૩૩ માં ડોકટર ઓફ સાયન્સની ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યાર બાદ ૧૯૩૫માં લંડનની ટ્રસેડ કોંક્રીટ સ્ટીલ કંપનીમાં તેઓ જોડાયા અને લગભગ ચાર વર્ષ ઇંગ્લાંડમાં રહ્યા. એ દરમિયાન મી. આર. જે. ફાઉલર સાથે મળીને વેલ્ડીંગના વિષયને લગતો એક નિબંધ તૈયાર કર્યો અને તેને લગતી આન્તરરાષ્ટ્રીય હરીફાઇમાં રજુ કર્યો. તેમનો નિબંધ બીજા નંબરે આવ્યો અને પરિણામે તેમને તથા તેમના સાથીને મળીને ૧૩૦૦૦ ડોલરનું ઇનામ મળ્યું. લંડનની નોકરી કરતા હતા તે દરમિયાન કંપનીના કામે તેમનું દશેક દિવસ માટે હિંદ ખાતે આવવાનું બનેલું અને તે વખતે શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહની મોટી દીકરી લીલાવતી સાથે તેમણે લગ્ન કરેલું. ૧૯૩૯માં તેમની કલકત્તાની જાણીતી એન્જિનિયરીંગ કોલેજના પ્રીન્સીપાલ તરીકે નિમણુક થઇ. આ અધિકાર ઉપર નીમાનાર તેઓ પહેલવહેલા હીન્દી હતા. ૧૯૪૩માં તેમણે કોલેજ છોડી અને હિંદી સરકારના તેઓ 'ડેપ્યુટી ડીરેકટર જનરલ ઓફ મ્યુનીશન્સ'ના અધિકાર ઉપર તેઓ આવ્યા. અને બે વર્ષ સુધી ભિન્ન ભિન્ન સરકારી જવાબદારીઓ તેમણે સંભાળી ૧૯૪૫ માં તેઓ સરકારી નોકરીથી છુટા થયા અને હિંદ કન્સ્ટ્રકશન લીમીટેડના ડીરેકટર અને જનરલ મેનેજર થયા. ૧૯૪૮ દરમિયાન વળી સરકારે તેમની નોકરીની લોન માંગી અને નવ મહીના સુધી હિંદુસ્તાન એરક્રેફટ લીમીટેડના મેનેજર તરીકે તેમણે કામ કર્યું. ત્યાર બાદ પટેલ એન્જિનિયરીંગ કંપની લીમીટેડના તેઓ મેનેજીંગ ડીરેકટર થયા. વૈતરણાના બંધને અંગે મોટી ટનલ બાંધવાની હતી તેનો તથા જી. આઇ. પી નો ટનલનું નવું બાંધકામ કરવાનું હતું તેનો કોન્ટ્રેકટ તેમને મળેલો. દામોદર વેલીના બાંધકામનો કોન્ટ્રેકટ બીજી બેત્રણ કંપનીઓ સાથેના ભાગમાં તેમને મળેલો હતો અને તે કામ આજે ચલી રહેલું હતું. કંડલા બંદરે જે મોટું બંદર અને મીલીટરી બેઝ કરવાનું છે તેને લગતું ટેન્ડર ભરવા માટે હજુ થોડા સમય પહેલાં અમુક જર્મન કંપનીઓ સાથે વાટાઘાટ કરવા માટે તેઓ યુરોપના પ્રવાસે ગયા હતા. તેઓ સૌરાષ્ટ્ર સરકારના કનસલ્ટીંગ એન્જિયર હતા. મુંબઇ તથા કલકત્તા યુનીવર્સીટીના ફેલો હતા. આજે પ્લાનીંગ કમીશનના અંગે પોતાના વિષયને લગતી કેટલીક ખાસ જવાબદારી તેઓ ધરાવતા હતા. વૈતરણાના કામને અંગે છેલ્લાં બે વર્ષથી તેઓ મુંબઇ આવીને રહ્યા હતા. યુરોપ અને અમેરિકાનો પ્રવાસ તેમના કામને અંગે અવારનવાર ચાલ્યા જ કરતો હતો. વળી મુંબઇ રહેવા છતાં પણ ઘડિમાં કંડલા, ઘડિમાં દામોદર વેલીના કામે એમ તેમનો પ્રવાસ તો હિંદના એક છેડેથી બીજા છેડે ચાલુ જ રહેતો. તેઓ એક સંસ્કારી અને ધર્મપરાયણ કુટુંબના ફરજંદ હતા. તેમનામા રહેલાં ઉચ્ચ કોટિના સૌજન્યે અને પ્રસન્ન સ્વભાવે અનેકનાં દિલ જીતી લીધાં હતાં. એક કુશળ એન્જિનિયર તરીકે તેમણે માત્ર હિંદમાં જ નહિ પણ યુરોપમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. હજુ ચાર દિવસ પહેલાં તેઓ દામોદર વેલીના કામે કલકત્તા ગયેલા. કલકત્તાથી ૨૫૦ માઇલ જ્યાં તેમનું કામ ચાલતું હતું ત્યાંથી પાછા ફરતાં પહેલી તારીખની સવારે ચાર વાગ્યે તેમની મોટાર સામેથી આવતી ટ્રકસાથે અથડાઇ. મોટાર ડ્રાઇવર અને તેમના અન્ય સાથી ઘાયલ થયા અને શ્રી અનન્ત પંડયાએ બે ત્રણ કલાકમાં જાન ગુમાવ્યો. આવી રીતે ઉત્તરોત્તર ઉજ્જવળતાને ધારણ કરતી એક ભવ્ય અને આશાસ્પદ કારકીર્દીનો ૪૩ વર્ષની અપરિપક્વ ઉમ્મરે અન્ત આવ્યો અને દેશે એક પનોતો પુત્ર ગુમાવ્યો. પરમાનંદ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી વૈદ્યકીય રાહત સમિતિ

હરિભદ્રસૂરિકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'

(ગતાંકથી ચાલુ)

ઉપશમાર્થી ગૃહસ્થ કે સાધુ પ્રથમદૃષ્ટિએ પહોંચી ત્યાંથી ઉત્તરોત્તર વિકાસ પામતી ચોથી દીપ્રાદૃષ્ટિએ આવે છે ત્યારે તેના ચિત્તનો વિકાસ વિશેષ થયેલ હોય છે. આ દીપ્રાદૃષ્ટિ તે પ્રથમગુણસ્થાનકનો પ્રકર્ષપૂર્ણ વિકાસ છે એ યાદ રાખવાનું છે. આ દૃષ્ટિએ તે જ્યારે ધર્માનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે ગ્રંથકાર તેની સામે અનુષ્ઠાનોના પ્રકારો જણાવે છે, જેથી તે કોઇ ભળતાજ વા છેતરામણવાળા અનુષ્ઠાનમાં પડી પોતાની જાતને બરબાદ ન કરી નાખે. પહેલું વિષઅનુષ્ઠાન, બીજું ગરઅનુષ્ઠાન, ત્રીજું અનનુષ્ઠાન, ચોથું તદ્હેતુઅનુષ્ઠાન અને પાંચમું અમૃતઅનુષ્ઠાન.

ધર્મક્રિયા, સત્યપ્રવૃત્તિ, અહિંસાનું પાલન વગેરે સદાચરણો જીવનશુદ્ધિનાં પોષક છે અને એ જો બરાબર કરવામાં આવે તો કર્તા ખરેખર સમભાવી, અલોભી અને ઉપશમી બને છે, પણ જે, એ અનુષ્ઠાનોને આચરતાં ધન, માનપ્રતિષ્ઠા, પુત્રપ્રાપ્તિ, સ્ત્રીસમાગમ, ધંધામાં લાભ વગેરે ફળો પામવાની વૃત્તિને મુખ્ય રાખે તેનાં એ તમામ અનુષ્ઠાનો વિષઅનુષ્ઠાન ગણાય છે.

એજ રીતે એ તમામ અનુષ્ઠાનો આચરતાં જન્માંતરમાં રાજ્યઋદ્ધિ, સ્વર્ગના ભોગો, દેવાંગના અપસરા વગેરેના સમાગમો, તેમનું દિવ્યસંગીત વગેરે લાભોને પામવાની વૃત્તિ મુખ્ય હોય તો એ બધાં અનુષ્ઠાનો ગરઅનુષ્ઠાનો ગણાય. ગરનો અર્થ એક પ્રકારનું 'ઉગ્ર ઝેર' એવો છે.

ઉપર કહેલાં બધાં સદનુષ્ઠાનો બેભાનપણે, શૂન્યમનથી અંધપ્રવાહમાં પડીને અને ગતાનુગતિક રીતે એટલે 'આ કરે છે તેથી હું પણ કરું' એ રીતે વગર વિચાર્યે ઇચ્છાયોગ વિના કરવામાં આવે તો એ બધાં અનુષ્ઠાનો અનુષ્ઠાનકોટિનાં રહેતાં નથી એટલે બેભાનપણે શૂન્યવૃત્તિથી કરવામાં આવતાં તમામ સતઅનુષ્ઠાનો પણ અનનુષ્ઠાનો (અન્-અનુષ્ઠાનો) છે.

એ બધાં અનુષ્ઠાનો કેવળ ચિત્તશુદ્ધિને માટે, ઉપશમની પ્રાપ્તિ માટે અને લોભ વગેરે કષાયો મંદ પડે એ દૃષ્ટિથી સભાનપણે વિવેક સાથે આચરવામાં આવતાં હોય તો તે તદ્હેતુઅનુષ્ઠાન કહેવાય.

અને જ્યારે એ જ બધાં અનુષ્ઠાનો ચિત્તશુદ્ધિ પ્રગટાવતાં હોય, ઉપશમની વૃદ્ધિ કરતાં અનુભવાતાં હોય અને લોભઆદિ કષાયોના બળને દૂર કરવામાં સહાયભૂત થતાં જણાતાં હોય ત્યારે તેમનું નામ અમૃતઅનુષ્ઠાન છે.

આમ અનુષ્ઠાનોના ભેદની સમજણ આપીને આ. હરિભદ્રે પોતાના સમયના ચૈત્યવાસી સાધુઓને અને તેમના અનુયાયી વર્ગને અનુષ્ઠાનોની શુદ્ધિ માટે વિશેષ જાગતા કર્યા છે અને વર્તમાનમાં પણ આપણે ત્યાં જે તપશ્ચર્યાઓ, મંદિરોની પ્રતિષ્ઠા વગેરે ઉત્સવો, શાંતિસ્નાત્રો, વર્ધમાનતપની ઓળીઓ, સિદ્ધચક્રનું આરાધન, ઉપધાનો, દીક્ષાઓ, અણુવ્રતો, જિનપૂજાઓ, યાત્રાઓ, સંઘોની પ્રવૃત્તિ વગેરે જે જે અનુષ્ઠાનો ચાલી રહ્યાં છે તે પણ વિષઅનુષ્ઠાનો છે કે ગરઅનુષ્ઠાનો છે વા અનનુષ્ઠાનો કે તદ્હેતુ વા અમૃતઅનુષ્ઠાનો છે એનો આપણે પણ જરૂર વિચાર કરવો ઘટે છે. ધર્માર્થી મનુષ્ય આ જાતનો વિચાર કર્યા વિના બેભાનપણે અને શૂન્યમનથી પ્રવૃત્તિ કરશે તો તે જ અનુષ્ઠાનો તેના આત્મવિકાસનો નાશ કરનારાં નીવડશે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી. જેને તરવાર રાખતાં ન આવડે અને જો તે તરવાર રાખવા જાય તો તરવાર તેના રાખનારનો જ ઘાત કરવામાં નિમિત્ત બને છે એજ રીતે ધર્માનુષ્ઠાન કરવાની માર્ગાનુસારી ગુણોની પ્રાપ્તિ વગેરે યોગ્ય ભૂમિકા મેળવ્યા વિના જે અનુષ્ઠાનો કરે છે તેના જ વિકાસને એ રૂંધી નાખે છે એવું આગમવચન છે, જે ભુલવા જેવું નથી. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથમાં આ. હરિભદ્રે અકદાગ્રહવૃત્તિ ઉપર ઘણોજ ભાર મુકેલો છે. કદાગ્રહવૃત્તિ ચિત્તશુદ્ધિને રોકનારી છે, કષાયોની જનક છે અને ધર્માચરણમાં પ્રબળ વિઘ્નકર છે એમાં તમામ સંતો સહમત છે. ભારતવર્ષનાં જૈનદર્શન, વૈદિકદર્શન અને બૌદ્ધદર્શન એ ત્રણેના પ્રવાહો ફેલાયેલા છે. એ ત્રણેના અનુયાયીઓમાં જેઓ આત્માર્થી જનો છે તેઓ પોતપોતાની પરંપરા પ્રમાણે આત્મશ્રેય પોષે એવી પોતપોતાની ધર્મક્રિયાઓ કરતા રહે છે. પરંતુ એમાં જે કદાગ્રહી જનો છે તે કેવળ મતાર્થને પોષે છે, મતને આગળ કરીને એકબીજાને નિંદે છે, એકબિજાનું ખંડન કરે છે અને એ રીતે સાધારણ જનતાને વ્યામોહમાં પાડે છે. તેવા લોકોને માટે આ. હરિભદ્રજી કહે છે કે કદાગ્રહ મહાભયંકર છે, આત્મધનનો નાશક છે અને આમપ્રજાના કલ્યાણનો ધ્વંસક છે. દાખલા તરિકે જૈનો કહે છે કે અમારા તીર્થંકર જ સર્વજ્ઞ છે, વૈદિકો કહે છે એમ નહીં પણ અમારા અવતારો જ સર્વજ્ઞ છે અને બૌદ્ધો કહે છે કે એમ નહીં પણ અમારા 'સુગતબુદ્ધો' જ સર્વજ્ઞ છે—આમ આ ત્રણે મતવાળા એકબીજા લડે છે, એકબીજાને નિંદે છે અને નહીં કહેવાનાં વેણ ભક્તિને નામે કાઢે છે. ન્યાયના ગ્રંથોને નામે જે ગ્રંથો જાણીતા છે તેમાં સર્વજ્ઞવાદની ભારે ચર્ચા હોય છે. એ ચર્ચામાં ધર્મભક્તિને નામે કેવળ એકબીજાનું ખંડન, નિંદા અને નહીં કહેવાનાં વેણ વધારે પ્રમાણમાં ભરેલાં હોય છે. આ બધું કદાગ્રહમય કથન, ધર્માર્થીને વા ઉપશમાર્થીને વા કષાયોને ટાળવાની વૃત્તિવાળાને શોભતું નથી, ઉચિત પણ નથી, તેથી આ ગ્રંથમાં આચાર્ય એ વિશે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે વીરવર્ધમાન, સુગતબુદ્ધ કે રામકૃષ્ણ વગેરે જે જે મહાજનો થયેલા છે તે બધા તેમના તેમના કાળની વા તેમના તેમના અનુયાયીઓની સપેક્ષાએ સર્વજ્ઞો છે અને સંસારની વ્યધિનો નાશ કરવા માટે ધન્વંતરિસમાન વૈદ્ય છે. એટલે આત્માર્થીએ તો એવી વિતંડામય ચર્ચામાં ન પડવું અને પોતાપોતાનું ધર્માનુષ્ઠાન વિવેકપૂર્વક આચરવું. આ તેમનું કથન પણ આજે આપણે માટે ઘણું હિતકર છે. વર્તમાનમાં આપણે શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી સંપ્રદાયમાં વેંચાયેલા છીએ. તે તે સંપ્રદાયમાં શુદ્ધ ધર્માનુષ્ઠાનો નથી એમ કોણ કહી શકે એમ છે? આત્માર્થી સાધક પોતાના ચિત્તની શુદ્ધિ માટે વા લોભાદિક કષાયોના ઉપશમ માટે પોતપોતાના સંપ્રદાયમાં જે જે ઉત્તમ પ્રકારની ક્રિયાઓ અને સાધનાની પ્રક્રિયાઓ બતાવેલ છે તે પ્રમાણે વર્તી ઉપશાંતિને મેળવશે. પણ આ સંપ્રદાય ખોટો છે, વા અમુક સંપ્રદાય નિંદનીય છે વા અપ્રમાણ છે એવાં સામાનાં ચિત્તને વિંધી નાખનારાં હિંસક વેણ નહીં બોલે અને એકબીજા સંપ્રદાયની નિંદા કે બદબોઇ પણ કદી નહીં કરે. અર્થાત્ શ્રી હરિભદ્રનું અકદાગ્રહ માટેનું જે ભારપૂર્વકનું કથન છે તે વર્તમાનમાં આપણે માટે પણ તેટલું જ સાચું છે અને સમજીને આચારમાં મૂકવાજેવું છે.

શ્રી હરિભદ્રજીએ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એવા પ્રવૃત્તિના ત્રણ પ્રકાર બતાવેલા છે. ઇચ્છાયોગ એટલે સભાનપણે જાગૃત દશાએ વિવેકપૂર્વક થનારી ધર્મપ્રવૃત્તિ વા સતઅનુષ્ઠાનોની આચરણા. આ પછી શાસ્ત્રયોગ એટલે શાસ્ત્રમાં વર્ણવેલી વિધિપ્રમાણે—જરાપણ ફેર વગર ઇચ્છાયોગ સાથે થનારી ધર્મક્રિયાઓ વા સતઅનુષ્ઠાનની પ્રવૃત્તિઓ. સામર્થ્યયોગ એટલે પોતાના અનુભવ પ્રમાણે કરવામાં આવતી પવિત્ર આચરણાઓ. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ સાથે વિશેષ પવિત્ર આચરણાઓ. માટે સામર્થ્યયોગ છે એ ધ્યાનમાં રાખવાનું છે. દાખલા તરિકે આપણે શ્રીજિન મંદિરે જતા હોઇએ ત્યારે આપણે જો ભાનપૂર્વક અને વિવેકપૂર્વક જતા

હોઇએ તો જતી વખતે જ્યારથી આપણો પગ શ્રી જિનમંદિર સન્મુખ ઉપડ્યો ત્યારથી શ્રી જિનના સ્વરૂપવિચાર સિવાય બીજો એક પણ વિચાર કે સંકલ્પ આપણા મનમાં ન થવો ઘટે–આનું નામ ઇચ્છાયોગ. આમ ન થતું હોય તો સમજવું કે આપણું શ્રી જિનમંદિરતરફનું ગમન મૂર્છિતદશામાં બેભાનપણે અને શૂન્યમને થાય છે. આવું આચરણ આપણા ચિત્તને ભાગ્યેજ લાભદાયી નીવડે, એટલું જ નહીં પણ વિશેષ હાનિકર થાય છે અને આપણામાં મિથ્યાઅભિમાન અને દંભને પેદા કરી તેને પોષણ આપનારૂં થાય છે. વર્તમાનમાં આપણે જે કાંઇ ધર્મક્રિયા કરીએ છીએ તે તમામ વિશે આપણે આ દૃષ્ટિયે વિચારવા જેવું છે.

આ. હરિભદ્ર કહે છે ચંદન શીતળ છે પણ તેમાંથી નિપજતો અગ્નિ દાહક હોય છે તેમ સતઅનુષ્ઠાનો શીતળ છે છતાં તેમાંથી ઉત્પન્ન થનારી ભોગની આકાંક્ષા આપણા આત્માનો દાહ કરનારી છે. અવિવેકપૂર્વકના ભોગો જરા જેટલા હોય તો પણ ભારે બંધક છે અને આત્માને અવગતિએ લઇ જનારા હોય છે તો પછી રાજા, ચક્રવર્તી રાજા, દેવદેવીઓ અને ઇંદ્ર ઇંદ્રાણીઓના ભોગોની વાંછા તો આપણી જીવનશુદ્ધિનું નખ્ખોદવાળનારી જ છે, એટલે કોઇ સતઅનુષ્ઠાન કરતાં આવી આશા સર્વથા તજવા જેવી છે એમ સૂત્રકારો અને શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે. એ હકીકત આપણે હવે ક્યારે સાંભળીને સમજ્યું ? આજુબાજુના લોકો વા આપણો જ સમાજ અજ્ઞાનમાં, દરિદ્રયમાં, બેકારીમાં અને ભાંદગીમાં સબડતો હોય તે તરફ ઉપેક્ષા રાખી મંદિરોને ચણાવ્યે જવાં અને તેમાં પ્રતિમાઓની પ્રતિષ્ઠા કર્યે જવી વા ઉપધાનની ક્રિયાઓ ચલાવ્યે જવી, વરઘોડાઓ ચડાવ્યે જવા વગેરે બધું કર્યે જવું એમાં શું ઇચ્છાયોગ છે, શાસ્ત્રયોગ છે કે સામર્થ્યયોગ છે એ જરૂર વિચારવા જેવું છે. કેટલાક કહે છે કે તીર્થંકરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાથી તીર્થંકરપદ મળે છે, પણ એ પ્રતિષ્ઠા કરનારા ભાઇઓ, ધર્મની પ્રથમ ભૂમિકારૂપ માર્ગાનુસારી થયા છે કે નહીં એ વિચારી જુએ. જો એવા ન હોય તો તેમને સારુ તીર્થંકરની પ્રતિષ્ઠા કરવાનું સાધક નહીં નીવડે પણ બંધક નીવડશે એમાં શંકા નથી. આચારાંગસૂત્રમાં કહેલ છે કે જે નિર્જરામાં હેતુઓ છે તે જ બંધના હેતુઓ બની જાય છે એ આવા અનધિકારીઓને ઉદ્દેશીને કહેલ છે. તીર્થંકરની મૂર્તિની પ્રતિષ્ઠા જરૂર તીર્થંકરપદનું સાધન બને. પણ તે પ્રતિષ્ઠા કરનાર વા કરાવનાર પ્રથમ માર્ગાનુસારી હોવો જ જોઇએ, ઇચ્છાયોગી, શાસ્ત્રયોગી અને અમૃતઅનુષ્ઠાની પણ હોવો જ જોઇએ એ ધ્યાનમાં રાખવાનું છે. સાતમી પ્રભાદૃષ્ટિ ધ્યાનપ્રધાન છે તેમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન બાબત વીગતવાર વર્ણન છે. શ્રીજિન પોતે વિદ્યમાન નથી માટે જ ઉપશમવાંછુ સાધકોએ શ્રીજિનની પ્રતિમાને શ્રીજિન સરખી માનીને તેનું ધ્યાન કરવાનું હોય છે. હવે આપણે શ્રી જિનનું ધ્યાન કરનારા વિચારીએ કે શ્રીજિનપ્રતિમા અને વિદ્યમાન જીવંત જિન એ બે વચ્ચે ફરક સમજવાનો નથી એમ માનીને આપણે તેમનું ધ્યાન કરીએ છીએ કે બીજું કાંઇ સમજીને તેનું ધ્યાન કરિએ છિએ ? વર્તમાન કાળે શ્રીજિન વિદ્યમાન હોત તો હાલ આપણે જે રીતે તેમની પૂજા વગેરે કરીએ છીએ એજ રીતે કરત કે બીજી રીતે ? શું વિદ્યમાન જિનને માથે આપણે મુગટ પહેરાવત, તેમની આંખે ઉપર બીજી ચકચકતી આંખો ચડાવત, તેમના શરીર ઉપર આપણે આંગી ચડાવત ? આપણે વર્તમાનમાં જે રીતે પૂજા વગેરે કરીએ છીએ તેમાં ' જિનમૂર્તિ જિનસારિખી ' ની માન્યતા જરા પણ જળવાતી નથી. તે ત્યારેજ જળવાય જ્યારે આપણે તેમની આજ્ઞાને અધીન થઇને વર્તતા હોઇએ. જ્યાં સુધી આપણામાં શ્રીજિનઆજ્ઞાનું અધીનપણું આવ્યું નથી ત્યાં સુધી આપણાથી ધર્મ હજારો ગાઉ દૂરને દૂર રહેવાનો. આ રીતે યોગદૃષ્ટિસમુચ્ચયમાં ઘણી ઘણી વાતો સમજવા જેવી ગ્રંથકારે વર્ણવેલી છે. કોઇ પણ ઉપશમવાંછુ વિચારક મનુષ્યને માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે. ગ્રંથ ઉપર મૂળકારનું ટુંકું વિવરણ પણ છે. આવો ઉત્તમ ગ્રંથ લખીને શ્રીહરિભદ્રસૂરિજીએ તેમના સમયના ચૈત્યવાસીઓ વા તેના અનુયાયીઓ ઉપર મહા અનુગ્રહ કરેલ છે અને તેમના પછીના કાળમાં પણ જે જૈનો વા અજૈનો છે તેમના ઉપર પણ તેમણે મહાન ઉપકાર કરેલો છે.

ગ્રંથનું પ્રકાશન

આ ગ્રંથ સંસ્કૃત મૂળ અને સંસ્કૃત સંક્ષિપ્ત વિવરણ સાથે પહેલાં છપાયેલ હતો પણ તે અશુદ્ધ છપાયેલ હતો. હવે તો તે પણ મળતો નથી. વર્તમાનમાં આ ગ્રંથને મૂળ અને વિવરણ, તથા મૂળનો પદ્યમાં અનુવાદ, વિવરણનો શબ્દાર્થ તથા તે ઉપર સવિસ્તર વિવેચન એ બધાં સાથે ભાઇ મનસુખલાલ તારાચંદ મહેતાએ પોતાના સદ્‌ગત પત્ની શ્રી લીલાવતીબહેનના પુણ્યસ્મરણાર્થે પ્રકટ કરેલ છે. ભાઇ મહેતા નેપ્ચુન વીમાકંપનીના પ્રધાન સંચાલક છે અને ખાસ કરીને ઇચ્છાયોગે સમદર્શી થવાની વૃત્તિવાળા છે. ગ્રંથના વિવેચક ડો. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા છે. વિવેચકે ગ્રંથનું વિવેચન ઘણું જ સ્પષ્ટરીતે કરેલ છે અને ગ્રંથની એકેએક બાબતને સમજાવવા પુનરુક્તિની પરવા કર્યા વિના સવિસ્તર વિવેચન કરેલ છે. વિવેચનમાં તેમણે જૈનપરંપરાના અને બીજી પરંપરાના પણ સુનિદિતનામધેય સંતોનાં વચનોનો બહુ ઉપયોગ કરીને ગ્રંથની હકીકતને સ્પષ્ટ કરવા સાથે વધારે સુગ્રાહ્ય બનાવેલ છે. મૂળગ્રંથ માત્ર ૨૨૮ શ્લોકોનો છે ત્યારે તેનું વિવેચન લગભગ છસેં–સાતસેં પાનાં રોકે છે, એથી જાણી શકાય એમ છે કે વિવેચન કરનારે ગ્રંથના આશયને સ્પષ્ટ કરવાને કેટલી જહેમત ઉઠાવેલ છે. આખું વિવેચન તદ્દન સરળ ગુજરાતી ભાષામાં લખાયેલ છે, અને બહુ ઉપકારી થાય એવું છે, એમ મને એના વાચનથી ખાત્રી થયેલ છે. વિવેચન કરનાર મહાનુભાવે પ્રત્યેક દૃષ્ટિ વિશે પૂરું વિવેચન–સમજુતી આપ્યા પછી તેને વધારે સ્પષ્ટ કરવા એકેક દૃષ્ટિના વિવેચનની પૂર્ણાહુતીને છેડે કેટલાંક ઉપયોગી ફોટાઓ અને ખાસ પ્રકારની આકૃતિઓ આપેલ છે. વચ્ચે વચ્ચે પણ જ્યાં જરૂર જણાઇ ત્યાં વિવેચનને સ્પષ્ટ કરનારી આકૃતિઓ આપેલ છે. યોગવંચક વગેરે ત્રણ અવંચકોને સમજાવવા પણછ ઉપર ચડાવેલ બાણવાળા લક્ષ્ય તરફ તાકતા ધનુષ્યની આકૃતિ આપેલ છે. આ આકૃતિથી પ્રસ્તુત મુદ્દો ખુબ સ્પષ્ટ થઇ જાય છે. વિવેચેન વાંચીને કહેવાની ફરજ પડે છે કે વિવેચકે આખા ગ્રંથને પોતાના મનમાં પચાવેલ છે એટલે વિવેચક ખાસા એક અધિકારી આત્માર્થી છે એમ માનવાને જરાપણ વાંધો નથી. તેમના પિતાશ્રી મનસુખલાલ કીરતચંદ મહેતા પણ ખાસ વિશિષ્ટ અધિકારી હતા અને એમના પુણ્યવંતા આ પુત્રે પણ એવાજ વિશિષ્ટ અધિકારી બનીને પિતાની સંપત્તિમાં વધારો કર્યો છે એમ અનિશ્ચયોકિત વગર કહી શકાય એમ છે. દ્રવ્યથી જાતે ડોકટર છે અને ભાવથી પણ એ ભાઇ ડોકટર છે એમ એમનું આ વિવેચન જ કહી બતાવે છે.

સમાપ્ત

ચંચરદાસ દોશી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ પનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૪

મુંબઈ : ૧૫ જુન ૧૯૫૧ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

પાંચ વર્ષ માટે પણ "દાનની દિશા બદલો"

(તા. ૨૭-૫-૫૧ ના રોજ જુનાગઢ ખાતે મળેલ શ્રી. જૈન શ્વેતાંબર મુર્તિપૂજક કોન્ફરન્સના અઢારમાં અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલે આપેલ વ્યાખ્યાનમાંથી મહત્વનો ભાગ નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે. —તંત્રી)

છેલ્લાં વિશ્વયુદ્ધનું એવું તો કારમું સ્વરૂપ આપણે જોયું કે અહિંસાનું નામ નિશાન પણ હંમેશ માટે જોખમાય. તેવી ભીતિ આપણને હજુયે યાદ આવે છે અને હાલના જગતના સંયોગો પણ એવા ઉપસ્થિત થવા માંડયા છે કે તેમાં હિંસા તેનું જે કારમું સ્વરૂપ પ્રકટાવશે તેનો ખ્યાલ કરતાંય કંપારી છુટે છે. જગતના આવા કપરા સંયોગોમાં ફકત જૈન ધર્મ જ સાચો માર્ગ દાખવી શકે. પણ આજે આપણી પાસે એવી કોઇ વ્યવસ્થિત સંસ્થા, શકિત કે યોજના નથી કે ભગવાન શ્રી મહાવીરની અહિંસા ને સ્યાદ્વાદનો પ્રચાર ખુણે ખુણે કરી શકીએ–જેના પરિણામે સામાજિક, રાષ્ટ્રિય, આર્થિક કે જાતીય વિગ્રહના અનેક કારણો સ્વતઃ ઓછા અથવા નાબુદ થઈ જાય અને એને સ્થાને વિશ્વ-મૈત્રિ ભાવનાનો પુનર્જન્મ થાય. આવો પ્રચાર આ યુગમાં કેટલાક અંશે મહાત્માજીએ કરી બતાવ્યો અને આવતા કારમા યુદ્ધને અટકાવવા તેમના વારસદાર અને આપણા માનનીય વડાપ્રધાન પંડીત જવાહરલાલ જેવી એકજ વ્યકિત તનતોડ પ્રયત્ન કરી રહી છે. અને તે માટે વધારે ગૌરવ અને અભિમાન આ દેવાંશી પુરૂષ માટે આપણે જૈનોએ લેવા જેવું છે.

છેલ્લાં ત્રણ વર્ષથી આપણું રાષ્ટ્ર સ્વતંત્ર થયું છે. આપણે સ્વતંત્ર રાષ્ટ્રના શહેરી બન્યા છીએ, એટલે આપણી જવાબદારી આપણે ત્યાં અને જગતમાં ખૂબ વધી છે. ફાલના અધિવેશનના મારા વકતવ્યમાં મેં કહ્યું હતું તેમ બ્રિટીશ સરકારે આપણને એવું તો જીણું કરીને વસ્ત્ર આપ્યું છે કે તેને એક જગ્યાએ સાંધતાં બીજે તુટે છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં અનેક મુશ્કેલીઓ અને ગુંચો વચ્ચે આપણે દેશ પસાર થતો જાય છે, વેપારની સ્થિતિ દિનપ્રતિદિન એટલી તો બગડતી જાય છે કે દેશની નાણાકીય સ્થિતિ તદ્દન કફોડી હાલતમાં આવી પડી છે. નવા વિશ્વયુદ્ધના ભણકારાઓ જોશભેર સંભળાય છે. અને તે માટે આવતા યુદ્ધની પરિસ્થિતિને પહોંચી વળવા દરેક દેશ ચીજોનો આંખ મીંચીને સંગ્રહ કરતો જાય છે. આના લીધે જીવનની જરૂરીયાતની ચીજોની મોંઘવારીમાં અસહ્ય વધારો થતો જાય છે. દેશના વહીવટી ખાતામાં જે કાર્યકરો ગોઠવાયા છે તેમાંનો મોટો ભાગ બીનઅનુભવી અને દેશદાઝ વિનાનો પુરવાર થતો જાય છે. મોટી મોટી યોજનાઓ પાછળ લખલૂટ ખર્ચ થવા છતાં તેનું પરિણામ શુન્ય જેવું દેખાય છે. અને આના લીધે પ્રજાનો અસંતોષ દિનપ્રતિદિન વધતો જાય છે, વેપારી વર્ગ તરફથી પણ રાજ્યને જે જાતનો સહકાર મળવો જોઇએ તે પણ અપાતો નથી. સેંકડો વર્ષમાં દેશ ગુલામી તત્ર હેઠળ હોવાથી આપણી માનસિક વૃત્તિ રાષ્ટ્રવાદના માનસને પીછાનવા તદ્દન ટેવાઇ ગઇ છે. રાજ્ય અને પ્રજાને જાણે કાંઇ સંબંધ જ ન હોય તેવું બે ફારીકયું વલણ આપણે દાખવી રહ્યા છીએ. આવી પરિસ્થિતિમાં આપણી સ્વતંત્રતાને આપણે કેવી રીતે પચાવીને નભાવી શકશું ?

રાષ્ટ્રની દરેક મુશ્કેલી એ આપણી અંગત મુશ્કેલી છે અને તે ટાળવા આપણી વ્યકિતગત જવાબદારી એક ધર્મના ભાગ તરીકે જ્યારે સમજતાં થઇશું ત્યારે આ દરેક મુશ્કેલીઓ આપણને નાના રૂપમાં દેખાશે અને તેનો અંત આવશે. સ્વતંત્ર દેશના શહેરી તરીકેનું આપણું પહેલું કર્તવ્ય આપણા વ્યકિતગતપણાને હંમેશને માટે ભુલી જઇ આખા દેશ સાથે આત્માને જોડી દઇએ તે હોઇ શકે. આખા જગતને આજે સમાજવાદનો પંથ સીધી કે આડકતરી રીતે સ્વીકારવાની જરૂર લાગતી જાય છે. આજે આ જગતમાં જે અશાંતિનું વાતાવરણ જોઇ રહ્યા છીએ તે ટાળવાનું મુખ્ય સાધન વ્યકિતગત હિતની જગ્યાએ સમષ્ટિવાદના હિતનું આરોપણ કરવું તે છે.

આ જગતનો એવો નિયમ છે કે કોઇ બાબતમાં એક વસ્તુનો જ્યારે અતિરેક થાય ત્યારે તેની સામે કુદરતી રીતે જ પ્રતિકાર ઉઠે છે. જગતના ઇતિહાસમાં આવા ફેરફારો અનાદિકાળથી ચાલ્યા જ કરે છે અને તેવા ફેરફારોની શરૂઆત સીધી નહિ તો આડકતરી રીતે આપણા દેશમાં પણ થવા લાગી છે. વ્યકિતગત હિતને જ્યારે આપણે સમષ્ટિના હિતમાં ફેરવવાના માર્ગ કાઢીશું ત્યારે જૈનધર્મના સિદ્ધાંતોને બરાબર સમજ્યા ગણાઇશું ને તેના ખરા અનુયાયી ગણાઇશું. જગતને અહિંસાનો બોધપાઠ આપવાનો ઇજારો જેમ જૈનધર્મના અનુયાયીઓના માથે છે તેવી જ રીતે આપણા વ્યકિતગત હિતની હોંચણી સમષ્ટિમાં કરવાની ફરજ પણ આપણા જૈન સિદ્ધાંત પ્રમાણે તેમની જ છે. ભગવાન શ્રી મહાવીરની વારસારૂપે મળેલ આવી ઉદાર ભાવનાને આપણે પચાવી શકીએ તો જનજગત દેશને તો શું પણ આખા વિશ્વને દોરવણી આપી શકે.

આપણી ચાલુ પરિસ્થિતિ

ગૃહસ્થો ! દેશની ચાલુ પરિસ્થિતિ અને જગત જે ક્રાંન્તિકાળમાંથી પસાર થઇ રહ્યું છે તેના અંગે ટુંકમાં વિવેચન મેં આપ સમક્ષ રજુ કર્યું. જૈનસમાજ પણ રાષ્ટ્રનું એક અંગ છે એટલે રાષ્ટ્રના સુખ કે દુઃખની અસર તેમાં થવા વગર રહે નહિ. જૈન કોમ મુખ્યત્વે વેપારી કોમ હોઇ તેની નાણાંકીય સ્થિતિ વિશેષ પ્રમાણે કઢંગી બનતી જાય છે. સમાજના પાંચદસ ટકા શ્રીમંત ગણાતા કુટુંબોથી સમાજની સાચી પરિસ્થિતિનો આંક કાઢી ન શકાય. લગભગ નેવુથી વધુ ટકાનો આપણો વર્ગ એવી એવી તો કઢંગી હાલતમાં મુકાઇ ગયો છે કે તેને આવતી કાલનો દિવસ શી રીતે પસાર કરવો તે ચિંતાની વેદનામાં રાત પસાર કરવી પડે છે. જ્યારે આખું જગત વ્યકિતગત હિતમાંથી સમષ્ટિવા-

દના હિત તરફ ઢળતા જવાના પ્રયત્નો શરૂ કરે એવા સમયે આપણા સમાજના સંસ્કારરૂપ ગણાતા, સૌથી બુદ્ધિશાળી અને મહત્વના આ વર્ગની સ્થિતિનો જો આપણે યોગ્ય માર્ગ ન કાઢીએ તો આપને નથી લાગતું કે જૈન સમાજ થોડા જ વર્ષના ગાળા બાદ લગભગ મૃતઃપ્રાય સ્થિતિમાં આવી પડે? જો સમાજનો નેવું ટકા વર્ગ આવતી કાલની ચિંતા સેવતો હોય અને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન ધરીને ધર્મ અને શુક્લ ધ્યાનથી વંચિત રહેતો હોય તેને યોગ્ય માર્ગે વાળવા આપણી ધાર્મિક ફરજ ખરી કે નહિ? જો સમાજનો નેવું ટકા વર્ગ દયાપાત્ર સ્થિતિ ભોગવતો હોય અને છતાંય આપણા ભવ્ય વારસારૂપ તીર્થો, જ્ઞાનભંડારો અને કેળવણીની અનેક નાની મોટી સંસ્થાઓને સાચવવાની જવાબદારી જે વર્ગને ઉપાડવાની હોય તે વર્ગનો વિચાર જો આપણે હવે ન કરીએ તો અહિંસાના વારસદાર તરીકે ગણાવવાનો આપણો જન્મસિદ્ધ હક્ક જગત સમક્ષ ગુમાવી ન દઈએ? આપને નથી લાગતું કે સમાજની અને દેશની નાણાંની અત્યારની તંગ હાલતમાં પણ આપણે કેટલા ખર્ચો વધુપડતા કરી રહ્યા છીએ? જૈન કોમ નાણાંશાસ્ત્રો હોવાનો દાવો કરે છે તે જ કોમ પોતાના ઘરઆંગણાનું અર્થશાસ્ત્ર ન સમજે હોય તે કેટલી દુઃખદાયક બીના છે. આપણો સુખી અને શ્રદ્ધાળુ ગણાતો વર્ગ આપણા નેવું ટકા વર્ગનું દયાપાત્ર ચિત્ર નજર સમક્ષ નહિ રાખે તો હું તો નજરે જોઈ રહ્યો છું કે આપણી વસ્તીના મોટા ભાગને આ મહાન ધર્મનો ત્યાગ કરવા સુધીની કદાચ ફરજ પણ પડે. હવે આપણા માટે એક જ માર્ગ છે કે આપણી દરેક શક્તિને સાચવતાં શીખીએ, તેનો સંગ્રહ કરીએ અને ખુબ વિચાર અને વિવેકપૂર્વક શ્રાવક અને શ્રાવિકા વર્ગને ટકાવવાની યોજના પાછળ તે શક્તિનો ઉપયોગ કરીએ.

મહાત્માજી ઢીંચણ સુધીની લંગોટ પહેરતાં તે શા માટે? પોતાના દેશના ભાઇ ભાંડુઓના વસ્ત્રની હાલત તેમના ખ્યાલમાં ચીતરાઇ અને એ ખ્યાલ તાજો રહે તે ખાતર એમણે આ પગલું ભર્યું. માનવક્ષેત્રમાં અહિંસા અને અનુકંપાને સાચા સ્વરૂપમાં સમજનાર ને પચાવનારનો આ કેટલો ઉદ્ગાર દાખલો છે? તેમની તહેનાતમાં અનેક શ્રીમંતો ને મીલમાલિકો હતાં. તેમને કપડાની શું ખામી હતી? પણ એમને મન દેશની તેત્રીશ કરોડની પ્રજાનું હિત વસેલું હતું. એટલે જ હું કહું છું કે આપણા નેવું ટકા વર્ગની સ્થિતિનું ચિત્ર સમાજે હરહંમેશ નજર સમક્ષ રાખવા જેવું છે–જેથી આપણી શક્તિ ખર્ચતાં સમાજની સાચી સ્થિતિનો ખ્યાલ આપણી નજર સમક્ષ હોય તો આપણા બે મહાન શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્ર તરફ આપણી શક્તિને વાળી શકીએ. આ પરિસ્થિતિ અંગે આપણી એક દિવસની આળસ કે બેદરકારી સમાજ માટે શ્રાપરૂપ ગણાય તેવી છે. હું શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રને મજબુત બનાવવાની બાબતમાં આટલો ભાર મુકી રહ્યો છું તે પાછળનો મૂળ આશય જૈન શાસનને સમૃદ્ધ બનાવવાનો રહેલો છે. આપણા નેવું ટકા વર્ગ માટે આપણે લાંબા ગાળાની યોજનાઓ જો ઘડવી હોય અને તેને બરાબર અમલમાં મુકવી હોય તો તે માટે ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી આપણું માનસ મુખ્યત્વે કરીને આ ક્ષેત્રો ઉપર કેન્દ્રિત કરવાની જરૂર છે.

ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી આખો દાનનો ચોકો આપણે બદલાવીએ. દરેક શ્રીમંત કે શ્રધ્ધાળુ વર્ગ એમ મનમાં નિશ્ચય કરે કે પોતાના દાનની લગભગ પોણી રકમ પાંચ વર્ષ સુધી શ્રાવક ને શ્રાવિકા ક્ષેત્રને મજબુત બનાવવામાં ખરચવાની પોતાની ધર્મિક ફરજ સમજે. શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને મજબુત બનાવવું તેને હું આજનો યુગધર્મ માનું છું. અને એ યુગધર્મને જો હું પારખી ન શકું તો મને ભય છે કે ભવિષ્યની પ્રજા મારા પર આળ ચઢાવે કે જ્યારે જૈન સમાજ ભડકે બળતો હતો તે વખતે કોન્ફરન્સનો પ્રમુખ ફીડલ વગાડતો હતો. જ્યારે જવાબદારી આખા સમાજની મારા પર મુકી છે ત્યારે મારા હૃદયની સાચી હકીકત જો આપ સમક્ષ રજુ ન કરું તો તમને અને ભાવી પ્રજાને હું બીનવફાદાર થયેલો ગણાઉં. એકેક ડગલું જેની સન્મુખ ભરવાથી કોડો ભવના પાપ નાશ પામે તેવા આપણા તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો દર્શનનો લાભ થોડા વર્ષ પહેલાં ત્રણ વર્ષના લાંબા ગાળા સુધી આપણે જતો કર્યો. અને તે પણ સકળ સંઘની સ્વેચ્છાપૂર્વકની અનુમતિથી. આમાં તો ફક્ત તે વખતના રાજ્યકર્તા સાથે થોડાક હજાર રૂપિયાની ભાંજગડનો જ સવાલ હતો. જો આપત્તિ કાળમાં ન છુટકે આવા ફેરફારો જૈન સમાજ કરવાની હિંમત કરી શકતી હોય તો હું તો ફક્ત દાનના પ્રવાહને જ ફક્ત પાંચ જ વર્ષ સુધી શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર તરફ વધુ પ્રમાણમાં વાળવા વિનંતિ કરી રહ્યો છું.

આપણો પૂજ્ય મુનિવર્ગ તેમના વ્યાખ્યાન સમયમાંથી અડધો સમય શ્રીમંત અને શ્રદ્ધાળુ વર્ગને તે જ સલાહ આપે કે તેમના દાનનો પ્રવાહ સમાજના ઉપયોગી ગણાતા ને સાતે ક્ષેત્રના પ્રાણવાયુરૂપ ગણાતા શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રમાં મજબુત કરવામાં વાળવો જોઈએ. આ વિનંતિ હું આપણા પૂજ્ય મુનિવર્ગને એટલા માટે કરી રહ્યો છું કે સમાજના સારા નસિબે આપણો પૂજ્ય મુનિવર્ગ ખુબ ઉચ્ચ ચારિત્ર્યને આ કલિકાળમાં ટકાવી રહ્યો છે. અને આ કાલમાં ચારિત્ર્યથી વધારે કિમત બીજી કશાની નથી તેવું જગત સમજતું થયું છે. ઉપરાંત એમના પવિત્ર વેષની છાયા પણ જૈન સમાજ એટલા આલ્હાદિત મનથી ઝીલી રહ્યું છે કે આ મહાન ત્યાગી વર્ગનો એકેકએક બોલ જૈન સમાજને મન સાચા મોતીના દાણાની તુલ્ય છે. આપણા નેવું ટકા વર્ગને પડતાં ઝીલવાનું કાર્ય સકળ સંઘના સહકારથી જ થઈ શકે. અને સકળ સંઘમાં પૂજ્ય મુનિવર્ગનું સ્થાન સર્વોપરી છે. હું ખૂબ નમ્રપણે આપણા પૂજ્ય અને પવિત્ર મુનિવર્ગને અંતઃકરણની ઉંડી લાગણીથી વિનંતિ કરું છું કે અમારા નેવું ટકા વર્ગનો ઉદ્ધાર આપના હાથમાં છે. તેના ઉદ્ધારની વાત આપના અપૂર્વ વ્યક્તિત્વળ આગળ તદ્દન નાની બાબત છે અને થોડા વર્ષમાં આ વર્ગ જ્યારે પગભર થશે ત્યારે શાસનને દિપાવવામાં પાછી પાની નહિ કરે તેવો આપણા સર્વને વિશ્વાસ હોઇ શકે જ.

વ્યવહારિક કે સામાજીક ઉત્સવો પાંચ વર્ષ સુધી સંપૂર્ણ સાદાઇથી અને ફક્ત ખપ પુરતું જ ખર્ચ કરવાની ને કરાવવાની જૈન સંઘને પ્રતિજ્ઞા લેવાની જરૂર છે. જાહેર ઉત્સવોને ખૂબ આનંદપૂર્વક ઉજવવામાં હું માનનારો છું. તેનાથી જીવનમાં અનેક જાતની પ્રેરણાઓ મેળવી શકાય છે. મેં પણ મારા અંગત જીવનમાં કેટલાય ઉત્સવો ખુબ ઉલ્લાસપૂર્વક ઉજવ્યા છે, પણ આજે સમાજ પર આપત્તિકાળ પથરાઇ રહ્યો છે એટલે ખૂબ દુઃખી હૃદયે સાદાઇ અને ખપપૂરતું જ ખર્ચ કરવાની આ સલાહ હું આપ સમક્ષ રજુ કરી રહ્યો છું.

કોઇ રખે ભૂલ કરે કે હું ક્રિયા માર્ગનો અવરોધ કરી રહ્યો છું. આત્મજાગૃતીપૂર્વકના ક્રિયામાર્ગને હું રત્નચિંતામણિ સમાન ગણું છું. આત્મજાગૃતી પૂર્વકની ક્રિયાની મહત્વતા બતાવવા માટે તો આપણા શાસ્ત્રમાં વર્ણવેલા મહાન પુણીઆ શ્રાવક પાસે ભગવાન મહાવીરે અત્યંત સમૃદ્ધિવાન રાજા શ્રેણીકને સામાયિકની માગણી કરવા મોકલેલા. ભગવાનને મન ભકત શ્રેણીકની સમૃદ્ધિ કરતાં પુણીઆ શ્રાવકનું સામાયિક વધારે મૂલ્યવાન હતું. આપણા આદર્શ શ્રાવક પુણીઆએ બે આનાની કમાઇમાં પણ આદર્શ આત્મોત્સવ પરિપૂર્ણપણે થઇ શકે છે તે દ્રષ્ટાંત પુરું પાડી ભાવની સાચી કિંમત આપણને સમજાવી છે.

ગૃહસ્થો! ઉપરની હકીકતો શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવાના શુદ્ધ આશયથી જ મેં જુ કરી છે. આપણો આખો

દ્વાનપ્રવાહ થોડાંક જ વર્ષ માટે આ તરફ વાળવાનું જૈન શાસનને સમૃદ્ધ બનાવવાની શુભ ભાવનાથી હું કહી રહ્યો છું. એટલે મારી આ હકીકતો ઉપર આપ ખૂબ શાન્ત અને તટસ્થ ચિત્તથી વિચારણા ને મનન કરજો. સમાજની નાણાકીય સ્થિતિ કેટલી કઢંગી બનતી જાય છે તેનું એક નાનું ઉદાહરણ આપું. ચારેક માસ પહેલાં મુંબઈમાં સઘળા દહેરાસરોના ટ્રસ્ટીઓની એક સભા બોલાવવામાં આવેલી. સમાજની નાણાકીય કઢંગી બનતી સ્થિતિના અંગે આપણા દેરાસરના વહીવટી ખર્ચમાં પણ મોટો ટોટો જણાવા માંડયો છે તેથી સમયને ઓળખી આ સભાએ સંઘવી શેઠ નગીનદાસ કરમચંદના અધ્યક્ષપણા હેઠળ દરેક ઘીની બોલી પર સવા રૂપીયાનો સરચાર્જ લેવાની વિચારણા સર્વાનુમતે કરેલી. સવેળાએ આ દીર્ઘદ્રષ્ટિવાળી વિચારણા માટે હું શેઠ નગીનદાસ અને સભામાં મળેલ સર્વ વ્યક્તિઓને અભિનંદન આપું છું. હું આશા રાખું છું કે આ મુજબની વિચારણા દેશના આપણા દરેક મોંદેરોના ટ્રાષ્ટઓ જલ્દીથી કરે અને તેને અમલી બનાવે, જેથી સંઘ દેવ દ્રવ્યના દેવાના દોષમાંથી મુક્ત રહે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ આવી વિચારણા જરા પણ સમય ગુમાવ્યા વિના જલ્દીથી કરવા જેવી છે. આપણી આ પેઢીનો વહીવટ સૌથી મોટો હોવાથી જેટલો વહેલો આ ઠરાવ જો તેના તરફથી કરવામાં આવે તો વધુ લાભ તેને એટલે સકળસંઘને થવા બરાબર છે. આનાથી વધારે વ્યવહારૂ માર્ગ સમાજની નાણાકીય સ્થિતિ જોતાં હવે બીજો રહ્યો નથી. આવા સરચાર્જના વધારાથી દેરાસરમાં વપરાતા કેસર, સુખડ કે ન્હાવાના ગરમ પાણી વિગેરેના ખર્ચને ટેકો મળશે તો એટલા પ્રમાણમાં પણ આપણો નેવું ટકા વર્ગ આ ડૂબતા ખાતાઓના દેવાદારપણાના દોષમાંથી મુક્ત થશે. એટલું પણ ઓછું નથી.

ધાર્મિક ખાતાઓમાં જ્યાં આવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે ત્યારે આપણી સામાજિક કે કેળવણીની સંસ્થાઓની શું વલે થતી હશે તેનો વિચાર કરનાર આપણે ત્યાં કમનશિબે બહુ ઓછો વર્ગ છે. આજે આપણી કેળવણીની એક પણ સંસ્થા એવી નહિ હોય કે જેના બે પાસાં વર્ષની આખરે સરખાં થતાં હોય. જે સંસ્થાઓ ઉપર ભાવિ પ્રજાના વિકાસનો સંપૂર્ણ આધાર છે અને જે ભાવિ પ્રજા ઉપર આખા શાસનનો આધાર છે તેને નભાવતી સંસ્થાઓને માટે કોઇ ફરજિયાત આવકનો માર્ગ શોધી આપે તો ભાવિ પ્રજા પર કરેલો મોટો ઉપકાર થયેલ ગણાય ? આજે કેળવણીની સંસ્થાઓને દિવાળીના દિવસે પાંચ દશ રૂપિયાની બોણી તરીકે ભીખ માગવી પડે છે. ને તેમાં પણ સંતોષકારક પરિણામ આવતું નથી એવું આવી સંસ્થાના કાર્યવાહકો તરફથી મેં સાંભળ્યું છે. દર વર્ષે આપણે લાખો શુભ માર્ગે ખર્ચનારા છતાં આપણી કેળવણીની સંસ્થાઓ પૈસા માટે ટળવળે એ આપણી દાનવૃત્તિને કેટલું નીચું જોવડાવનારી હકીકત છે.

આઠેક વર્ષ પહેલાં દેશવિરતિ આરાધક સમાજના આઠમા અધિવેશનના એક વિદ્વાન, ધર્મચુસ્ત અને વયોવૃદ્ધ પ્રમુખ શ્રી સુચંદભાઇ બહામી સાહેબના ભાષણમાંથી એક નાનો પણ ઉપયોગી ફકરો આ પ્રસંગે આપ સમક્ષ વાંચુ છું..

" આપણા કાર્યોમાં આપણે ઘણે ભાગે બહારના દાઠમાઠમાં ને દેખાવ કરવામાં ટેવાઇ ગયા છીએ, આપણે ઘણે ભાગે જુના ચીલામાં ચાલ્યા કરવાનું પસંદ કરીએ છીએ અને તે માટે પૈસાનો વ્યય કરીએ છીએ. પણ મારૂં તો માનવું એવું છે કે આપણે જમાનાને ઓળખીને કયા માર્ગમાં ખર્ચ કરવો તે સમાજના હિતમાં વિશેષ પ્રકારે છે તે બાબતમાં પાકો વિચાર કરી જે માર્ગમાં વિશેષ હિત થતું હોય તે માર્ગમાં ખર્ચ કરવો જોઇએ."

એક વિદ્વાન, વયોવૃદ્ધ અને ધર્મચુસ્ત પુરૂષના આ સાદા કથનમાં ખૂબ ગૂઢ અર્થ સમાયો છે તે તરફ આપ મુરબ્બીઓનું હું બહુ ગંભીરતાપૂર્વક લક્ષ્ય ખેંચું છું. આ મુરબ્બીના સાદા પણ ગંભીર કથનને જો આઠ વર્ષ પહેલાં સ્વીકારી અમલમાં મુકયું હોત તો આજે ઓછામાં ઓછી આપણે બે જૈન યુનીવર્સિટીઓ બોલી શકત. અને તેમાં આપણા પ્રાચીન સાહિત્યનો આધુનિક દ્રષ્ટિએ અને પશ્ચિમની શાસ્ત્રીય પધ્ધતિથી શિક્ષણ પામેલ વિદ્વાનો બહાર પાડી જુદી જુદી ભાષામાં જગતમાં ફેલાવો કરી શકત. વળી તેમાંના કેટલાકો આપણા મંદિરો અને સામાજીક સંસ્થાઓની આધુનિક પદ્ધતિએ દેખરેખ રાખી સમાજના નાણા યોગ્ય માર્ગે ખરચવાનું અને ખરચાવવાનું વધુ સારી રીતે સમજી શકત. થોડીક કોલેજો અને હાઇસ્કૂલો બોલી શકત, જેમાં ભાવિ પ્રજા પોતાનો વિકાસ આ કપરા સમયમાં સહેલાઇથી સાધી શકત અને આપણને આશીર્વાદ આપતા હોત. કેટલાક ઉગતા બુદ્ધિશાળી યુવાનોને પરદેશ મોકલી હુન્નર ઉદ્યોગનું તેઓ શિક્ષણ લઇ સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવામાં પોતાનો ફાળો આપત. પણ આજે તો આઠ વર્ષ પછી સમાજની સ્થિતિ તદ્દન વણસી ગયેલી નજરે પડે છે અને તેનો જો અમલ હવે આપણે ન કરીએ તો હવે પછીના આઠ વર્ષ પછી આપણા માટે માથે હાથ દેવા સિવાય બીજો રસ્તો નહી હોય. હું ફરી એક વખત હૃદયના ઉંડાણમાંથી આપ સર્વેને કરગરૂં છું કે દરેક શક્તિને બચાવી તેનો વ્યય ફકત થોડાંક જ વર્ષ માટે આપણા શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને મજબૂત કરવામાં વાપરજો. આ નેવું ટકા વર્ગમાં પણ સત્તાએ તેમાં સિદ્ધનો આત્મા રહેલો છે. વહેલાં કે મોડાં આ દરેક ભવ્ય જીવો સિધ્ધ થવાને સર્જાયેલાં છે. એવા મહાન આત્માઓનો લાભ લેવાની આ અમુલ્ય તક ચુકવા જેવી નથી. આ વિષયને સમાપ્ત કરતાં ફરી એક વાર કહું છું કે શ્રાવક–શ્રાવિકાના ક્ષેત્રને મજબૂત બનાવવું તે આપણા માટે 'યુગ ધર્મ' છે.

મારી ઋતુઓ

(શિખરિણી)

શિયાળામાં મારી હૃદયરસની ઉર્મિઝરણી
જતી થીજી; વિણા હિમપડ વિષે મૂક બનતી.
મહા ઝંઝાવાતો પ્રબળ સુસવે બુદ્ધબળના,
કરે રક્ષા કો ત્યાં? ન ધરસધરી, કાષ્ટ પણ ના!

અને ગ્રીષ્મે તાપે તપી તપી અતીશે ઉકળવું,
અને રોમેરોમે કરમ લખિયું છે પ્રજળવું!
ન ઘેને ઘેરાયો કંઇ સમજતો કે જીવન શું,
અને તાપે મારૂં છણછણી ઉઠે ઊર્મિઝરણું!

અહા! ત્યાં તો વર્ષા કરૂણરસ રેલંત વરસે,
અને થાતાં મારૂં ઉર સભર ભાવે, નવ રસે
હસે, નાચે, કૂદે, વિહગ વનવેલીથી રમતું,
તરંગો ઉર્મિના દુરદુર સમુદ્રે વહવતું.

પ્રવાતે બુદ્ધિના જીવનતણું થીજેલ ઝરણું,
હરી ભાવોર્મિએ નવલ રસ ઝીલે અણુ અણુ.

'ગંગોત્રી' માંથી સાભાર ઉધ્ધૃત ઉમાશંકર જોષી

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

કેટલાક સમાચાર અને નોંધ

આ તે કોંગ્રેસની કેવી શોચનીય સ્થિતિ !

તા. ૧૨–૬–૫૧ ના 'ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ'ના અગ્રલેખમાં અત્યારની કોંગ્રેસની પરિસ્થિતિ અને પંડિત જવાહરલાલ નહેરૂના મનની દ્વિધાનું એક બહુ સુન્દર અને મર્મસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું છે. તે અગ્રલેખના મહત્વના ભાગનો અનુવાદ નીચે મુજબ છે.

" કોંગ્રેસમાં એકતાને સજીવન કરવાનો પંડિત જવાહરલાલનો પ્રયત્ન માત્ર પોતાના બે હાથ વડે આગ ઓલવવા મથનાર માનવી જેવો લાગે છે. પટનામાં જુન માસની ૧૬ મી તારીખે ભરાનાર કિરપલાણીજીના અનુયાયીઓના સંમેલનના ભણકારા વાગી રહ્યા છે એ દરમિયાન ૧૨મી તારીખે કોંગ્રેસની કારોબારીની સભા દીલ્હીમાં બોલાવવામાં આવી છે. જે કીડવાઇ કોંગ્રેસથી છુટા થતા સભ્યો પ્રત્યે એક નર્સનું વાત્સલ્ય દાખવી રહ્યા છે તે જ કીડવાઇ કોંગ્રેસના એક મહાન શુભેચ્છક અને પરિચારકનો પણ પાઠ ભજવી રહ્યા છે. કોંગ્રેસની અંદર રહેવું કે બહાર રહેવું તેને લગતી તેમની મથામણનું કારણ મહાઅમાત્ય સાથેનો તેમનો લાંબા કાળથી ચાલી આવતો ગાઢ સંબંધ હોય એમ લાગે છે. તેઓ નહેરૂને પોતાની સાથે ખેંચી જવા જરૂર ઇચ્છતા હોવા જોઇએ. પણ શ્રી. નહેરૂ હંમેશાની માફક બુદ્ધિ અને હૃદયની અથડામણમાં આમ તેમ ગોથાં ખાતા હોય એમ લાગે છે. તેમની બુદ્ધિ શ્રી. ટેન્ડન બાબુ તરફ ઝુકી રહી છે, પણ તેમનું દિલ કિડવાઇ સાથે મહોબ્બત કરી રહ્યું છે. કમનસીબે એવી જ કફોડી સ્થિતિ વાહનવ્યવહાર ખાતાના પ્રધાનની છે. તેમની બુદ્ધિ કિરપલાણીજી તરફ ઢળેલી છે, પણ તેમનું હૃદય હજુ નહેરૂના નામ ઉપર ક્ષુબ્ધતા અનુભવ્યા કરે છે. મહાઅમાત્યની મુંઝવણ દયાજનક છે. જો તે કોંગ્રેસમાં રહેવાનું પસંદ કરે તો જેના સર્વ વિચારો સાથે તેમને હવે સ્પષ્ટપણે મેળ રહ્યો નથી એવા કોંગ્રેસવાદી આગેવાનોને હાજીહા ભણવા સિવાય તેમના માટે બીજો કોઇ વિકલ્પ રહેનાર નથી. જો તેઓ ટેન્ડન બાબુને છોડીને કિરપલાણી–કીડવાઇ મંડળનું સંચલન કરવા જાય છે તો કોંગ્રેસનો ભાંગીને ભુકો કરવાનું તેઓ પોતે જ નિમિત્ત બનવાના છે.

"દેશે આઝાદી પ્રાપ્ત કરી ત્યાર બાદ ગાંધીજીએ એક રાજકારણી પક્ષ તરીકે કોંગ્રેસનું વિસર્જન કરવાની અને સામાજિક કાર્યને કોંગ્રેસની સર્વ શક્તિ અને તાકાત સમર્પિત કરવાની સલાહ આપી હતી. આ સલાહ આપીને ગાંધીજીએ પોતાની દીર્ઘ દૃષ્ટિનો આપણને સૌથી વધારે સચોટ પરિચય કરાવ્યો છે. એક રાજકીય પક્ષ તરીકે કોંગ્રેસની બહુ નજીકના ભવિષ્યમાં થનાર છિન્નભિન્નતા બીજા બધા કરતાં તેમને વધારે સ્પષ્ટપણે દેખાઇ હશે. ગાંધીજી હંમેશાં હકો કરતાં જવાબદારીઓ ઉપર વધારે ભાર મૂકતા. અને જ્યારથી કોંગ્રેસના ધ્રુવતારકનું સ્થાન સેવાને બદલે સત્તાએ લીધું છે ત્યારથી કોંગ્રેસ ભાવી વિનાશના માર્ગે પોતાનું પ્રયાણ શરૂ કરી ચુકી છે. શું સર્વોદય તેને બચાવી શકશે? જવાહરલાલ ગાંધીજીના રાજકારણી વારસ જરૂર બન્યા છે પણ ગાંધીજીના સિદ્ધાન્તોની સાચી સમજ હોવાનો દાવો બીજાઓ જ કરી રહ્યા છે. કિરપલાણી અને કિડવાઇના વ્યક્તિત્વના અનેક પાસાઓ કલ્પી શકાય તેમ છે, પણ સર્વોદયના મૂર્તિમન્ત પુરસ્કર્તા તરીકે તેમને સ્વીકારી શકાય તેમ છે જ નહિ. માત્ર જ્યારથી કિરપલાણીજીને માલુમ પડ્યું કે કોંગ્રેસના પ્રમુખની ગાદીનો હવે કશો માનભરતો રહ્યો નથી ત્યારથી જ કોંગ્રેસની રીતભાત સામે કિરપલાણીજીના બાણગામાની–ધૂણાની–શરૂઆત થઇ છે. શ્રી. કિડવાઇ અનેક પ્રાન્તિક પૂર્વગ્રહો અને અભિનિવેશોથી ગ્રસ્ત હતા જ. હવે તેમના એ જ પૂર્વગ્રહો અને અભિનિવેશો વિશાળ રાજકારણી ક્ષેત્રને સ્પર્શી રહ્યા છે. આ પરસ્પર વિરોધી પક્ષો એક નક્કર હકીકત હજુ સુધી સમજી શકયા હોય એમ લાગતું નથી. અને તે હકીકત એ છે કે ગાંધીજીની કલ્પનાની કોંગ્રેસ કયારની મરી ચુકી છે અને આજના આગેવાનોમાંનો કોઇ તેમાં નવો પ્રાણ પુરી શકે તેમ છે જ નહિ."

કોંગ્રેસનું આવું આત્યન્તિક નિદાન કદાચ આપણમાંના ઘણાને સ્વીકાર્ય ન હોય, પણ એ તો કોઇને પણ કબુલ કર્યા સિવાય છુટકો નથી કે કોંગ્રેસની આધ્યાત્મિક અને નૈતિક પ્રતિભા આજે બહુ મોટા ભાગે લુપ્ત થઇ ચુકી છે અને તેની ઉતરોત્તર જર્જરિત થઇ રહેલી સ્થિતિમાંથી તેને કેમ ઉગારવી તેનો રામબાણ ઉપાય કોઇને સૂઝતો નથી. સત્તાશીલ રાજકારણ આપણે પચાવી શકયા નથી અને પરિણામે શિથિલતાનો સામનો કરવાની તાકાત આપણે ગુમાવી બેઠા છીએ. આ ઉપરાંત 'ઘર ફૂટયે ઘર જાય' એવી કોઇ વિચિત્ર કમનસીબી કોંગ્રેસના માથે નિર્માણ થઇ રહી છે. આમ ધસારાનું દર્દ અને ચોતરફ વાવંટોળ–એમાંથી કોંગ્રેસ કેમ બચે?

ડાંગ વિષે પ્રતિકુળ નિર્ણય

આગામી ચુંટણી અંગે મતદાર ક્ષેત્રો નક્કી કરનાર સમિતિએ ગુજરાત–મહારાષ્ટ્રના અંગે વિવાદાસ્પદ બનેલા ડાંગ પ્રદેશને સુરત જીલ્લા સાથે જોડયો હતો અને તેને રાષ્ટ્રપતિની સંમતિ મળી ચુકી હતી. આ સામે મહારાષ્ટ્રમાં મોટો ખળભળાટ પેદા થયો અને આખો પ્રશ્ન મધ્યવર્તી ધારાસભા સુધી પહોંચ્યો. ધારાસભામાં આ પ્રશ્નની ખુલ્લી ચર્ચા થવા દેવાને બદલે પંડિત જવાહરલાલની સૂચનાથી ત્રણ સભ્યોની એક તપાસસમિતિ નીમવામાં આવી. ગુજરાત તરફથી સચિવમહોદય ક. મા. મુનશીએ અને મહારાષ્ટ્ર તરફથી સચિવમહોદય ગાડગીલે પોતપોતાના પક્ષની રજુઆત કરી અને આખરે આ ચુંટણી પુરતું ડાંગને નાસીક સાથે સલગ્ન ગણવું એવો ઉપર જણાવેલ સમિતિએ નિર્ણય આપ્યો.

ડાંગનો જેઓ આજ સુધીનો ઇતિહાસ જાણે છે તેમના માટે આવો નિર્ણય સહેજે સ્વીકાર્ય બને તેમ નથી. ગુજરાતમાં આ નિર્ણયે ઠીક ઠીક અસંતોષ પેદા કર્યો છે એમ સાંભળવામાં આવે છે. આપણો પક્ષ બરોબર રજુ કરવામાં ન આવ્યો, તપાસ સમિતિ મહારાષ્ટ્રવાસીઓની દમદાટી આગળ નમી પડી ઇત્યાદિ આક્ષેપો પણ કોઇ કોઇ દિશાઓથી કરવામાં આવેલ છે. આમ છતાં પણ સમિતિનો નિર્ણય સ્વીકારવાને બન્ને પક્ષ બંધાયલા હતા, ડાંગના પક્ષની રજુઆત કરનાર શ્રી. ક. મા. મુનશી કરતાં કોઇ વધારે સમર્થ ગુજરાતી મળવો શકય નહોતો, આ નિર્ણય માત્ર આ ચુંટણી પુરતો જ છે–તેને મહારાષ્ટ્ર કે ગુજરાતના એક એક પ્રાન્ત તરીકના સીમાનિર્ણય સાથે કોઇ સંબંધ નથી–આમ સમજીને પ્રસ્તુત નિર્ણયને સામાન્યત: ગુજરાતી પ્રજાએ સમભાવપૂર્વક સ્વીકારી લીધો છે. સાથે સાથે મહારાષ્ટ્રના આગેવાનોમાં આ સંબંધે જે આનંદની ઘેલછા જોવામાં આવે છે તે જોઇને શેકસપીયરના 'મરચન્ટ ઓફ વેનીસ' માં એવા જ કોઇ વિવાદાસ્પદ કરારનામા સંબંધમાં પોતાને સર્વથા અનુકુળ અભિપ્રાય વ્યકત કરતી પોર્શીઆને સાંભળીને શાયલોકના A Daniel is come to judgment–ખુદ ધર્મરાજા ન્યાય ચુકવવા આવેલ છે–આ પ્રકારના ઉદ્‌ગારનું સ્મરણ થાય છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સીમ નિર્ણયનો પ્રશ્ન જ્યારે પણ સમયાન્તરે ઉભો થાય ત્યારે કોઇ પણ બાબતમાં પોતાને પ્રતિકુળ નિર્ણય મળતાં મહારાષ્ટ્રની પ્રજા ગુજરાતી પ્રજા જેટલો સંયમ દાખવી શકશે કે કેમ એ એક સવાલ છે. કારણ કે આજે પણ આવો કોઇ પ્રશ્ન ઉભો થતાં મહારાષ્ટ્રના

આગેવાનો અને પત્રકારો કડવામાં કડવી ભાષા વાપરતાં અને સભ્યતાની સીમા ઓળંગી જતાં વાર લગાડતા નથી. તેમની આંખો લાલ બની જાય છે! તેમની વાણી હિંસાપ્રચુર જોવામાં આવે છે અને જાણે કે આખું મહારાષ્ટ્ર લુંટાઇ રહ્યું ન હોય એવો શોરબકોર તેમના તરફથી મચાવવામાં આવે છે. મુંબઇ વિષે મહારાષ્ટ્રી આગેવાનોની વિચારસરણી લગભગ આવી જ જોવામાં આવે છે. તેમની કટ્ટર પ્રાન્તીયતાનો ચેપ ગુજરાતને પણ અમુક અંશે લાગે છે. પરિણામે આવા પ્રાન્તવાદના નીશામાં સમગ્ર હિંદ વિષેની વફાદારી બાજુએ મુકાવાનું જોખમ ઉભું થાય છે. કોઇ પણ પ્રસંગે ગમે તેવો પ્રશ્ન ઉભો થાય તો પણ આપણે ગુજરાતીઓ–તેમજ મહારાષ્ટ્રીઓ–પ્રમાણ ગુમાવીને કોઇ પણ પ્રશ્નને વધારે પડતું મહત્વ ન આપીએ અને તેને લગતો નિર્ણય આ બાજુએ આવે કે તે બાજુએ આવે–આપણે બધાં એક માતાનાં સન્તાન છીએ અને સમગ્ર રાષ્ટ્રનું હિત, સુલેહ, શાન્તિ અને આબાદી–એમાં જ આપણું શ્રેય રહેલું છે એ ધ્યાનમાં રાખીને પરસ્પરના સંબંધમાં જરા પણ કડવાશ આવવા ન દઇએ–આટલું સ્વીકારીને ચાલીશું તો બન્ને પાડોશી પ્રાન્તોની મહોબ્બત જળવાઇ રહેશે અને સમગ્ર હિંદના શ્રેયને બાધક એવું કશું પણ આપણ બન્નેમાંથી કોઇના હાથે બનવાનું જોખમ નહિ રહે.

સામ્યવાદીઓ અહિંસાનો સ્વાંગ ધારણ કરે છે

દિન પ્રતિ દિન જેમ જેમ ચુંટણી નજીક આવે છે તેમ તેમ દરેક પક્ષ પોતાના નામેલા ઉમેદવારો કેમ મોટી સંખ્યામાં ચુંટાય તેની પોતાને સુઝે એવી તજવીજ કરી રહેલ છે. અ જ સુધી ભાંગફોડની હિંસક નીતિને અનુસરીને હિંદના સામ્યવાદી પક્ષે તરેહ તરેહના ધંધા કર્યા અને દેશ ઉપર જાત જાતની આફત ઉતારી. હવે તેમને ભાન થાય છે કે આ માર્ગે ચાલતાં પોતાનો પક્ષ આગળ વધી શકતો નથી. એટલે હવે આ પક્ષ નવી નતિ અખત્યાર કરે છે અને આગળની નીતિનો અમલ કરતા સામ્યવાદી પક્ષના મુખ્ય મંત્રી શ્રી. રાજેશ્વર રાવ પાસે રાજીનામું અપાવે છે. વળી શ્રી. એસ. એ. ડાંગે, મુઝફ્ફર અહમદ, સોહનસિંહ જોષ, ઝેડ. એ. અહમદ, એ. કે. ગોપાલન, બંકિમ મુકરજી, અને જ્યોતિ બસુની એક ચુંટણીસમિતિની નિમણુક કરવામાં આવે છે. રાજેશ્વર રાવના ચાર સાથી સભ્યો પણ રાજીનામું આપે છે અને કામચલાઉ મંત્રી તરીકે શ્રી. અજય ઘોષ કામ કરશે એમ જાહેર કરવામાં આવે છે. દેશના જુદા જુદા ભાગોમાં થઇ રહેલ હિંસા અને ખુનરેજી માટેની જવાબદારીનો સામ્યવાદી પક્ષ પોતાના નિવેદનમાં સર્વથા ઇનકાર કરે છે અને પોતાના બચાવમાં લડતા લોકોને દાબી દેવા માટે બળજબરીભર્યા પગલા લેવા માટે સરકારને ગુનેહગાર જાહેર કરે છે. છેવટે એ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે " દેશમાં ચાલતી કે.પી પણ વ્યક્તિગત કે સામુદાયિક ગુંડાગીરી સાથે સામ્યવાદીઓને કશો પણ સંબંધ હોઇ ન જ શકે. આવી ગુંડાગીરીથી લોકપક્ષને નુકસાન થાય છે. અને તેથી જ્યાં જ્યાં આવી ગુંડાગીરી ચાલતી હોય ત્યાં ત્યાં તેને અટકાવવા માટે બનતું કરવું જોઇએ." આવા નિવેદનથી આમજનતાના દિલમાં સામ્યવાદી પક્ષ નવો વિશ્વાસ પેદા કરવા માંગે છે. પણ આવા નિવેદનથી પ્રજા છેતરાઇ જાય એવી ભોળી નથી. વારે તહેવારે વેશ બદલતા સામ્યવાદી પક્ષ ઉપર દેશના જનસમુદાયના દિલમાં જરાદ્દ વિશ્વાસ બેસે એમ છે જ નહિ. જે પક્ષની ગળથુથીમાં હિંસાનું અનુપાન ભરેલું છે તે પક્ષ હવે અહિંસક રીતીથી દેશને આગળ લઇ જવાનો પ્રયત્ન કરશે એવી જાહેરાત કેવી રીતે શ્રધ્ધેય બની શકે? આ ઉપરાંત હિંદનો બીજો ગમે તે પક્ષ હશે. તેની વફાદારી આખરે હિંદ પ્રત્યે રહેવ ની અને બહારની કોઇ પણ સત્તાનું નિયંત્રણ કે નિયમન તે કદિ નહિ સ્વીકારે. પણ હિંદના સામ્યવાદ પક્ષનો તો બધો દોરીસંચાર રશીઆ કરે છે એ જાણીતી હકીકતનો, સામ્યવાદી પક્ષ તરફથી કદિ સંતોષકારક ઇનકાર કરવામાં આવ્યો જ નથી. વળી તેઓ રાષ્ટ્રવાદના કેવળ વિરોધી છે. મુસલમાનો માફક તેમનું મક્કા મોસ્કો છે અને તેમનું લક્ષ્ય સામ્યવાદનાં આન્તરરાષ્ટ્રીય પ્રચારને વરેલું છે. આવા પક્ષના આ દેશમાં ઉંડા મૂળ જામે અને સાર્વત્રિક ફેલાવો થાય એ આજને તબક્કે અસંભવિત જેવું લાગે છે. સામ્યવાદી પક્ષના શબ્દછળથી લોકો ચેતતા રહે એ તરફ ખાસ ધ્યાન ખેંચવાનો આ નોંધનો હેતુ છે.

મહામાત્યે ગુમાવેલો વાણી સંયમ

મધ્યવર્તી ધારાસભાએ હિંદી બંધારણમાં સરકાર તરફથી રજુ કરવામાં આવેલા ત્રણ સુધારા મંજુર કર્યા તેને લગતી ચર્ચાનો ઉપસંહાર કરતાં અને છેવટનો જવાબ આપતાં મહામાત્ય જવાહરલાલ નહેરૂએ જણાવ્યું હતું કે " ડો. શ્યામપ્રસાદ મુકરજીએ પોતાના છેલ્લા ભાષણમાં તેમ જ આગળના ભાષણમાં જે વિધાનો કર્યાં છે તે અત્યન્ત વાંધાપડતા (Scandalous) છે કારણ કે તે વિધાનોને સત્ય સાથે કશો સંબંધ નથી. આ સાંભળીને ડો. મુકરજીએ જણાવ્યું કે "આપની અસહિષ્ણુતા અત્યન્ત વાંધાપડતી (Scandalous) છે." નહેરૂએ જણાવ્યું કે " કોનું શું વાંધાપડતું છે તેનો નિર્ણય માત્ર આ ધારાસભા જ નહિ પણ આખો દેશ કરશે. દેશમાં રાષ્ટ્રવાદને અને સ્વાતંત્ર્યના નામ ઉપર દેશમાં પરિભ્રમણ કરવું અને કોમીવાદનો પ્રચાર કરવો એ આજ કાલ કેટલાક લોકોનો વ્યવસાય થઇ પડયો છે."

પંડિતજીએ આગળ ચાલતાં જણાવ્યું કે " વારંવાર અમને કહેવામાં આવે છે કે તમે છાપાના સ્વાતંત્ર્ય ઉપર અંકુશ મૂકો છો, તેનો નાશ કરો છો. હું કહું છું કે જે કોઇ માણસ કે છાપું આમ કહે છે તે જૂઠું બોલે છે, અને પોતે જાણે છે કે પોતે જૂઠું બોલે છે અને આ બાબત હરકોઇને હું પડકાર કરૂં છું." આ તબક્કે શ્રી કામઠ અને હસન ઇમામે વાંધો ઉઠાવ્યો કે " જુઠાણું " શબ્દ ચાલવા દેવો ન જોઇએ કારણ કે એવો શબ્દ-પ્રયોગ પાર્લામેન્ટની સભ્યતાનો વિરોધી છે " પંડિત નહેરૂએ જવાબ આપ્યો કે " હું ફરીથી કહું છું કે આ મારો સુધારો છાપાની સ્વતંત્રતા ઉપર કાપ મુકે છે એમ જે કોઇ માણસ કહે છે તે નરાતર જૂઠું બોલે છે."

વસ્તુતઃ મૂકવામાં આવેલા સુધારાનો હેતુ વાણીપ્રકાશનની સ્વતંત્રતા ઉપર અમુક સંયોગોમાં અંકુશ મૂકવાનો જ હતો એમાં તો પંડિતજીથી પણ ના કહી શકાય તેમ છે જ નહિ, તો પણ પોતાના બચાવમાં પંડિતજી એમ કહી શકે છે કે આ સુધારાનો હેતુ આજે જે ગંદા છાપાઓ નીકળે છે અને ચોતરફ જાતજાતની બદબો ફેલાવે છે અને લોકોમાં હિંસક વૃત્તિને ઉત્તેજન આપે છે તેવા સ્વછંદી છાપાઓ ઉપર અંકુશ મૂકવાનો હતો, નહિ કે સંયમપૂર્વક પોતાનો વાણીવ્યવસાય ચલાવતા છાપાઓ ઉપર. આમ છતાં પણ, કાયદા કરતી વખતે ચોકકસ મર્યાદાનું ધોરણ રજુ કરવામાં આવ્યું હોય એમ છતાં કાયદાઓ અને તેનો અમલ કરવામાં એ મર્યાદાઓ ઓળંગી જવામાં આવી હોય એવા ભૂતકાળના ઘણી વખતના અનુભવના આધારે જાહેર વ્યક્તિઓ તેમજ છાપાવાળાઓ પોતા ઉપર અણઘટતા અંકુશો આવવાની ભીતિ દાખવે તો તેમને જૂઠા કહેવા તે અસહિષ્ણુતાની પરાકાષ્ટા કહેવાય આવી જ રીતે ડો. શ્યામપ્રસાદ જેવી પ્રતિષ્ટાપાત્ર અને દેશદાઝ ધરાવતી વ્યક્તિને કારણ કે તેમનો એક કાળે હિંદુ મહાસભા સાથે ગાઢ સંબંધ હતો અને આજે પણ હિંદુ જનતાના સુખદુઃખ વિષે તેઓ વધારે ચિન્તા સેવે છે એટલા ખાતર જ તેમના માથા ઉપર કોમીવાદનો ધબ્બો મારવો એ પંડિત જવાહરલાલ જેવી આજે દેશમાં ઉચ્ચતમ અધિકાર ધરાવતી વ્યક્તિને શોભતું નથી. બંધારણમાં આવા સુધારા લાવીને પ્રજાને, છાપાવાળાઓને, પ્રતિપક્ષીઓને વાણી-

સંયમ શિખવવાની જેમ ધરાવતી વ્યક્તિઓએ પ્રત્યેક પ્રસંગે ઉચિત-વાણીસંયમ દાખવવાની સૌથી વધારે જરૂર છે. તે જ જો આમ અસંયત બનીને વર્તે તો બીજાઓના બોલવા વિષે ફરિયાદ કરવાનો તેને કશો અધિકાર નથી. જેમ માણસનું સ્થાન ઉંચું તેમ તેના શબ્દનું પરિણામ-મૂલ્ય મોટું. તેમાં પણ ઉચ્ચ સ્થાનેથી દાખવવામાં આવતી વાણીની અસભ્યતા ઘણી વખત ભારે અનિષ્ટ પરિણામોની જનેતા બને છે, અને તેને લીધે શુદ્ધ સેવાની વૃત્તિ હોવા છતાં પોતાના જ હાથે દેશની મોટી કુસેવા થઇ જાય છે. ગાંધીજીએ આપણને આદર્શ વાણીસંયમના અનેક પાઠ ભણાવ્યા છે. જવાહરલાલ ગાંધીજીના વારસ ગાંધીજીની આ વિશેષતાની જો ઉપેક્ષા કરે તો તેમનો વારસો લાજે. આપણે ઇચ્છીએ કે પંડિતજી આ બાબતની પુરી સંભાળ રાખે અને અનેક દુશ્મનોથી ઘેરાયલી આજની પરિસ્થિતિમાં માત્ર બોલીચાલીની ભૂલના કારણે નવા દુશ્મનો પેદા ન કરે.

શ્રી. વાડીલાલ ડગલી

શ્રી. વાડીલાલ ડગલી અહિં બી. એ. સુધીનો અભ્યાસ પુરો કરીને વિશિષ્ટ અભ્યાસ માટે આજથી લગભગ અઢી વર્ષ પહેલાં અમેરિકા ગયેલા અને કેલીફોર્નીઆ ખાતે આવેલી બર્કલીની યુનીવર્સિટીમાં જોડાયલા. તેમણે International Affairs-આન્તરરાષ્ટ્રીય વ્યવહાર-એ વિષયનો અભ્યાસ કરી ગયા મે માસની ૨૦ મી તારીખે હિંદ ખાતે પાછા ફર્યા છે. અહિંના કેટલાક શુભેચ્છકો પાસેથી તેમણે અહિંથી અમેરિકા જતી વખતે પોતાને જરૂર પડશે એટલી રકમના આર્થિક મદદનાં વચનો મેળવેલાં આમાંનાં કેટલાંક વચનો પળાયાં, કેટલાંક ન પળાયાં. વળી તેમનો અમેરિકા જવા બાદ બહુ થોડા સમયમાં ડોલરની અપેક્ષાએ રૂપીઆના ભાવમાં ઘણો ઘટાડો થયો. તેમની સ.મે. આ રીતે અત્યન્ત મુંઝવતી આર્થિક કટોકટી ઉભી થવા છતાં જરા પણ હિંમત ન હારતાં ગાળે ગાળે જ્યાં ત્યાં ગમે તે પ્રકારની મજુરી કરીને કમાઇને તેમણે પોતાનો અભ્યાસ ધાર્યા મુજબ અને ધારી મુદતમાં પુરો કર્યો છે. જે વિષયના તેઓ નિષ્ણાત થઇને આવ્યા છે તેવા નિષ્ણાતોની આજે હિંદની પરદેશી 'એમ્બસીમાં'-એલચી ખાતામાં-ઘણી માંગ રહે છે. ભાઇ ડગલી આવા ખાતાના કોઇ પણ વિભાગની સેવા કરતે કરતે ઉતરોત્તર વિશિષ્ટ અધિકારોને શોભાવે અને આપણા દેશની નામના ખૂબ વધારે એવી આપણી આશા અને શુભેચ્છા છે.

કુ. તારાબહેન દીપચંદ શાહને અભિનન્દન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. દીપચંદ ત્રીભોવન-દાસ શાહનાં પુત્રી તારાબહેન ગુજરાતીનો વિષય લઇને એમ. એ. ની પરીક્ષામાં બીજા વર્ગમાં પસાર થયાં છે. તે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે. બે વર્ષ પહેલાં બી. એ. ની પરીક્ષામાં ગુજરાતી ઓનર્સમાં સૌથી વધારે માર્ક મેળવીને તે બહેન પસાર થયાં હતાં. તે બહેન સાહિત્ય દ્વારા આપણા સમાજને તથા દેશને ખૂબ સેવા આપે એવી આપણી પ્રાર્થના છે. **પરમાનંદ.**

દિક્ષિત જીવનથી કંટાળેલો સાધુ

"એક જૈન સાધુ લખે છે કે "હું એક જૈન સાધુ છું. અત્યારે મારી ઉંમર ૨૮ વર્ષની છે. નાની વયમાં ફોસલાવીને મને દીક્ષા આપી સાધુ બનાવી દેવામાં આવ્યો છે. સચ્ચાઇપૂર્વક હું આ જવાબદારી ઉઠાવી શકવા અસમર્થ છું એમ મને વારંવાર લાગ્યા કર્યું છે અને મારો અંતરાત્મા મને ડંખે છે. કેટલાક મિત્રો તો મને જણાવે છે કે-બીજાની જેમ તમે પણ પાખંડ ચલાવો પરંતુ કેવળ રોટી, કપડાં તથા માનસન્માન માટે પાત્રતા વગર સાધુપણાનું પાખંડ હું શા માટે ચલાવું? શું હું મારા જીવનમાં ફરી વસંત લાવી શકું? સંભવ છે કે આ બાબતમાં આપની સલાહ મને અમૂલ્ય થઇ પડશે. કૃપા કરી આપના સમયમાંથી બે-ચાર ક્ષણ મારા જેવા પતિત માટે પણ ફાજલ પડી કોઇ માર્ગ બતાવી મને કૃતાર્થ કરશો. બાલ્યાવસ્થામાંથી જેમનાં જીવન આવી રીતે બરબાદ કરાયાં હોય તેવા અમારા સમાજમાં અનેક સાધુઓ છે.

ઉત્તર "નાની વયમાં ફોસલાવીને જેમને સાધુ બનાવી દેવામાં આવ્યા હોય તેમની ઇચ્છા વિરૂધ્ધ સાધુ થઇ રહેવાની કોઇ જવાબદારી નથી એમ હું માનું છું. બાલ્યવયમાં અજ્ઞાન છોકરા છોકરીના જે વિવાહ કરી દેવામાં આવે છે તેને જ હું અનુચિત માનું છું તો સાધુતાની દીક્ષાનું તો પૂછવું જ શું? તમારી ઉંમર પણ કાંઇ વધારે ન કહેવાય. તમે હિંમતથી ફરી સંસારમાં પ્રવેશો અને સત્ય તથા ધર્મના રાહ પર ચાલનાર ગૃહસ્થી બનો. અનેક સંતોની જેમ તમે પણ દુનિયાને બતાવો કે ગૃહસ્થ પણ ઉત્તમ સાધુ રહી શકે છે.—વિનોબા." ('સર્વોદય'માંથી)

આ જૈન સાધુનો પ્રશ્ન અને તેનો શ્રી વિનોબાએ આપેલો ઉત્તર ઘણું ઘણું કહી જાય છે. નાની વયમાં કે અણવિકસી બુદ્ધિના સમયમાં દીક્ષિત થએલા સાધુઓમાંનો એક ભાગ સાધુત્વને કેવી રીતે નિભાવી રહેલો હોય છે તે એમાંથી જાણવા મળે છે, અને તે સાધુત્વમાંથી કેમ બહાર નીકળવા ઇચ્છતો હોય છે તે પણ જાણવા મળે છે. સાધુત્વ છોડી દેનારાઓના સંબંધમાં સ્વાભાવિક રીતે તો એમજ કહેવાય છે કે સંયમ ધર્મને પાળવો અને તેના ઉચ્ચ કરણીને કે તપશ્ચર્યાને નિભાવવી એ જેની શક્તિથી નથી બનતું તે સાધુત્વ છોડીને પતિત થાય છે. વસ્તુતઃ સ્થિતિ એથી ઊલટી જ હોય છે. આ જુવાન સાધુ જે કહે છે કે પાખંડ-પૂર્વક સાધુવેશ નિભાવવો એ મુશ્કેલ નથી, પરન્તુ તેને એવું પાખંડ ચલાવતાં આત્મા ડંખે છે, તેથી જ તે તેમાંથી છૂટકારો ઝંખે છે, પછી ભલે તેને લોકો પતિત કહે. જૈનોમાં નાની વયમાં સાધુત્વ અંગીકારાયું હોવાના દાખલાઓ મળે છે. કોઇ એવા સાધુઓ ચારિત્ર અને વિદ્વત્તામાં નામના કરી ગયા હોવાનો ઇતિહાસ જેવી રીતે મળે છે તેવી રીતે બાળવયમાં દીક્ષા લઇ, સંસારથી અજાણ અવસ્થામાં, વિષય-કષાયમાં ફસી પડયા હોવાના દાખલા નોંધાયા છે. એક અરણિક મુનિનું નામ તો શાસ્ત્રમાં આવે છે કે જેને તેની માતાએ નાની વયમાં સાધુ બનાવ્યો હતો અને પોતે પણ સાધ્વી બની હતી. એ મુનિ આહાર વહોરવા જતાં એક વેશ્યાના ગૃહમાં મુગ્ધ થઇ ત્યાં જ રહી જાય છે અને પતિત થાય છે. તેની સાધ્વી માતા તેને શોધવા નીકળે છે અને છેવટે એ બાલમુનિ ભાનમાં આવી પ્રાયશ્ચિત કરી પાછા સાધુ બને છે. આવાં દૃષ્ટાંતો બાળ-સાધુત્વનું ભયસ્થાન ચિંધે છે, પરન્તુ લોકો તેમાંથી યુગાનુકુલ બોધ લેતા નથી અને મહાન આચાર્ય નીવડેલા બાલસાધુ હેમચંદ્રનો જ દાખલો આંગળ કરીને બાળકોને સાધુ બનાવવાનું કાર્ય ચાલુ જ રાખે છે. યુગને અનુકૂળ બનીને બુદ્ધિવિકાસ થયા પૂર્વેના સાધુત્વને અયોગ્ય માનવું જોઇએ.

પાખંડપૂર્વક સાધુવેશ નિભાવવો તે કરતાં તો ગૃહસ્થ બની બની ઉદ્યમ કરી અન્નવસ્ત્ર કમાવાં એ વિશેષ હિતકર છે. **નિવૃત્ત-રાગસ્ય ગૃહં તપોવનમ્** હોય છે. એ વાત શ્રી વિનોબાએ યથાર્થ કહી છે. આપણા દેશમાં બધા ધર્મ સંપ્રદાયોમાં 'સાધુત્વ' બહુ ઊતરતી કોટિએ પહોંચી ગયું છે, અને દેશ ઉપર એ વર્ગ બોજા-રૂપ હોવાનું પણ મનાય છે. તેને વખતે બધા સંપ્રદાયોએ સાધુત્વને વેશધારીપણાથી મુક્ત બનાવીને સ્વચ્છ બનાવવું જોઇએ છે. સાધુ પરિષદે તે માટે યોગ્ય દૃષ્ટિબિંદુનો જોઇએ તેટલો પ્રચાર કર્યો નથી. સેંકડો સાધુઓ બધા સંપ્રદાયોમાં વધ્યે જાય છે અને સમાજ ઉપરનો બોજો વધાર્યે જાય છે. એવા સાધુઓ કરતાં જવાબદાર નાગરિકો વિશેષ ઉપકારક છે એવી માન્યતા પ્રસર્યા વિના દેશને સાચા સાધુઓને લાભ મર્યાદિત રહેવાનો છે અને તેની ઉપરનો સાધુસંખ્યાના ભરણપોષણનો ભાર અમર્યાદિત રહેવાનો છે.

'જાગૃતિ'માંથી સાભાર ઉધ્ધૃત

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની ઉદ્‌ઘાટન-ક્રિયા : ચોત્રીસ વર્ષ પહેલાં

(ગયા મે માસની ૨૦મી તારીખે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મકાનના ખાતવિધિ સમારંભને લગતો વૃત્તાન્ત પ્રગટ કરવામાં આવ્યો છે. તેના અનુસંધાનમાં ઇ. સ. ૧૯૪૭ના જુન માસની ૨૪મી તારીખે મુંબઇ ખાતે પીરભાઈ બિલ્ડીંગમાં સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની ઉદ્‌ઘાટનક્રિયા, ઝાલાવાડ-નરેશ મહારાજા સર ભવાનીસિંહજી બહાદુરે કરી હતી તે પ્રસંગનો અહેવાલ તથા શ્રી વાડીલાલ મોતીલાલ શાહે કરેલ નિવેદનમાંથી મહત્ત્વનો ભાગ 'જૈન હિતેચ્છુ' ત્રૈમાસિકમાંથી અહીં નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે. આ ઉપરથી આ સંસ્થાની સ્થાપના કેટલા ઊચ્ચ આશય અને વિશાળ દૃષ્ટિથી કરવામાં આવી હતી તેનો પ્રબુદ્ધ જૈનનાં વાંચકોને ખ્યાલ આવશે. તંત્રી)

[૧]

તા. ૨૪ જુન ૧૯૧૭ રવિવારની સાંજના ત્રણ વાગે મુંબઇની પ્રિન્સેસ સ્ટ્રીટમાં, પીરભાઇ બિલ્ડીંગ સામેના ખુલ્લા જમીનના ટુકડા ઉપર ખાસ બાંધેલા ભવ્ય મંડપમાં સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ–સંસ્થાની ઉદ્‌ઘાટન માટે એક દૃશ્યમાભર્યો મેળાવડો ભરવામાં આવ્યો હતો; જેમાં રાજા, પ્રજા, સાધુવર્ગ, સ્ત્રીવર્ગ, વિદ્યાર્થીવર્ગ સર્વની હાજરી મોટા પ્રમાણમાં હતી. મહાત્મા ગાંધી, મિ. પોલાક શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિ, શ્રી હંસરાજભાઇ પ્રાગજી ઠાકરશી, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા, શેઠ સુરજી વલ્લભદાસ, શેઠ રેવાશંકર જગજીવન, શેઠ શાંતિદાસ આસકરણ, ખરતરગચ્છીઆ, ઉપાધ્યાય સુમતિસાગરજી પન્યાસ, શ્રી રિદ્ધિમુનિજી, શ્રી વસિષમુનિજી, શ્રી મણિસાગરજી વગેરે મુનિમંડળ તથા સ્ત્રીવર્ગ મળીને શુમારે એક હજારની સંખ્યાથી મંડપ ચિકાર ભરાઇ ગયો હતો, અને ઘણાને બહાર ઊભા રહેવું પડ્યું હતું. મંડપને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો, અને દરવાજા આગળ બેન્ડ રાખવામાં આવ્યું હતું.

ઝાલાવાડ સંસ્થાન (રજપૂતાના) ના મહારાજા સર ભવાનીસિંહજીએ પ્રમુખસ્થાન લીધું હતું.

શ્રી વાડીલાલ મોતીલાલ શાહે બોલતાં જણાવ્યું હતું કે, "આ સંસ્થાનો આશય, અગાઉ ઇસારો થઇ ગયો છે તેમ, જૈન કોમમાં કેળવણીનો પ્રચાર કરવો, ત્રણે ફિરકા વચ્ચે ઐકય વધારવું અને સેવાભાવ પ્રેરવો એ છે.

આ સંસ્થાની પહેલાં જન્મ પામેલી તમામ જૈન બોર્ડિંગોને આબાદી ઇચ્છું છું, અને એ સર્વ સંસ્થાઓના Complement તરીકે–પૂરણી તરીકે (નહિ કે તેમની જગા લેવા માટે–Supplement તરીકે) આ સંસ્થા બોલવામાં આવે છે. હું ઇચ્છું છું કે સઘળી જૈન બોર્ડિંગો પરસ્પર ભગિનીભાવથી વર્તે અને એક દિવસ પોતાના દરવાજા સઘળા ફિરકાના જૈન વિદ્યાર્થીઓ માટે તદ્દન ખુલ્લા રાખતી થાય...જે ભાવથી આ કામ ઉઠાવવામાં આવે છે તે ભાવને–તે સેવાભાવને–આ સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓનાં દિલ ઝીલતા શીખે અને તેઓ સમાજની અનેક જરૂરિયાતોને પૂરી વળવા પોતાની શક્તિઓનો વ્યય પુરનારા ઉપયોગી શહેરીઓ થવા પામે. અને આ શુભ મુહૂર્તે મહાત્મા ગાંધીની હાજરીથી ઉત્પન્ન થતા સેવામય વાતાવરણની તેમના દિલ પર છાપ પડે."

મુનિશ્રી મણિસાગરજીએ હિંદીમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે, "જૈન સમાજમાં ઐકય અને વિદ્યાના પ્રચાર અર્થે આદરેલા શુભ કાર્યમાં સામેલ રહેવાની અમો મુનિવર્ગે ફરજ વિચારી છે. ત્રણે ફિરકાના સજ્જનોને ઉત્સાહિત ચહેરે અત્રે ઉપસ્થિત થયેલા જોઇ, તથા જૈનેતર મહાશયોની પણ આ શુભ જૈન કાર્યમાં આટલી લાગણી અને સહાનુભૂતિ જોઇ મને ઘણો હર્ષ થાય છે. સજ્જનો, ખાત્રીથી માનજો કે જે જે દેશમાં, જે જે પ્રજામાં અને જે જે કોમમાં ઐકય, વિદ્યા અને પુરૂષાર્થ હશે તે જ દેશ, તે જ પ્રજા અને તે જ કોમ ટકી શકશે, આગળ વધી શકશે, આબાદી ભોગવી શકશે. આજે જન્મ પામતી સંસ્થા આવા ઉદ્દેશથી જ સ્થપાય છે, એ જૈન કોમના રૂડા ભવિષ્યનું ચિહ્ન છે."

શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિએ બોલતાં જણાવ્યું હતું કે, "જૈન સમાજને જે જે તત્ત્વોની જરૂર હતી તે તે તત્ત્વો પૂરાં પાડવામાં આજે ખુલ્લી મુકાતી સંસ્થા કૃતેહમંદ થશે એવો મને વિશ્વાસ છે. જૈનના ત્રણે ફિરકાઓને પોતાના કુટુંબી ગણીને જ નહિ, પણ થોડાએક અજૈન વિદ્યાર્થીઓને પણ આ સંસ્થામાં રાખવાનું ઇચ્છયું છે; એટલું જ નહિ પણ સંસ્થાની મેનેજિંગ તથા એડવાઇઝરી કમિટીમાં પણ અજૈન તત્ત્વ રાખ્યું છે. આવા ઉદાર વિચારોની અસર આ દેશને થવાની જરૂર છે. જૈનો શ્રીમંત છે, કેટલાક જૈનો સખાવતો પણ મોટી કરે છે; પરન્તુ ઉપયોગીપણાના વિવેકથી કરાતી આવી સખાવતોનું અનુકરણ થાય તો જ જૈનો પોતાને અને દેશને વધારે લાભકર્તા થઇ પડે. જૈન અને અજૈન સજ્જનોની અત્રે હાજરી હોવાથી મારે એક અગત્યનો ઇશારો કરવો જોઇએ છે કે, જૈન અને અજૈન બન્ને એક જ શરીરના ભાગો છે. તેમના વચ્ચે વિરોધ હોવો ન જોઇએ. દેવદારની ડાળીઓ એક બીજા સાથે સમાગમમાં આવી અથડાઇ અગ્નિ ઉત્પન્ન કરે છે તેવું થવું ન જોઇએ. જૈનોએ રાસો રચ્યા, અને જૈન ધર્માચાર્યોએ પ્રાકૃત વ્યાકરણ રચ્યાં, તેનો વારસો સમસ્ત પ્રજાને મળ્યો છે, નહિ કે એકલા જૈનોને. અજૈન સમાજે એ ઉપકાર ભૂલવો જોઇતો નથી, અને જૈન સમાજે હર્ષાવેશાળતા છોડવી જોઇતી નથી."

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ, શ્રી હિમતલાલ ગણેશજી અંજારિયા, કુમારી લલિતા મણિલાલ મહોકમચંદ, તથા બે વિદ્યાર્થીઓના પ્રવચન પછી શ્રી વાડીલાલ મો. શાહે શ્રી ઝાલાવાડ નરેશને સંસ્થાને ખુલ્લી મૂકવાની વિનંતિ કરી હતી.

શ્રી ઝાલાવાડ નરેશે સંસ્થાને ખુલ્લી મુકાયેલી જાહેર કરતાં જણાવ્યું હતું કે, "સજ્જનો, તમારા સેંકડો ગરીબ યુવાનો કેળવણી લેવાની ઇચ્છા છતાં સાધનોને અભાવે આથડયા કરે છે, અને ટૂંકા પગારની ગુલામીમાં જિંદગી બરબાદ કરે છે, તે વાત તરફ ધ્યાન આપો અને ટંટામાં લાખ્ખો રૂપિયા ગુમાવવાને બદલે ઐકય કરી તે લાખ્ખો રૂપિયા કેળવણીના ફેલાવા માટે આજે બોલવામાં આવતી સંસ્થામાં અને નવીન સંસ્થાઓ સ્થાપવામાં ખર્ચો તમારૂં વાસ્તવિક કલ્યાણ કરો. તમારી સમક્ષ હમણાં જ એક નાની બાળકીએ તમને મૂગી ટકોર કરી છે કે એકઠા મળવામાં અને છૂટા પડવામાં શો ફેર છે. જો હજુયે ઐકય કરવામાં જૈનો પાછા પડશે તો એક બાળકી નહિ પણ તમામ બાળકીઓ કહેશે કે અમારા વડીલોમાં અમારા જેટલી પણ શુભમતિ રહેવા પામી નથી. આજે ત્રણે ફિરકાના જૈન ગૃહસ્થો આ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ નિમિત્તે એકદિલીથી એકઠા મળ્યા છે તો કેવો આનંદ ઉપજ્યો છે ? સંપ, પ્રેમ અને ઐકયબળ વગર કોઇ કોમ હયાત રહી શકે નહિ."

તાળીઓની ગર્જના વચ્ચે નામદાર મહારાજાએ પોતાની જગા લીધા બાદ શ્રી. વાડીલાલે મહાત્મા ગાંધીના હાથમાં હારતોરા આપતાં અરજ કરી હતી કે તેમના પવિત્ર હાથે તે માળ નામદાર મહારાજાને પહેરાવવી. મહાત્મા ગાંધીએ તે અરજ સ્વીકારીને મહારાજાને હાર પહેરાવ્યો હતો અને ત્યારપછી મિ. વાડીલાલે મહાત્મા ગાંધી, મિ. પોલોક તથા અન્ય સંભાવિત ગૃહસ્થોને હારતોરા અર્પણ કર્યા હતા.

શ્રી નાથુરામ પ્રેમી તથા શ્રી મણિલાલ મહોકમચંદ શાહે પ્રમુખ મહાશયનો આભાર માનતા સમયોચિત ભાષણો કર્યાં હતાં.

[૨]

(સંસ્થાના મુખ્ય પ્રયોજક સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહના નિવેદનમાંથી.)

ઉત્થાન અને પ્રગતિના આ જમાનામાં કેળવણીના પ્રચારની ઉપયોગિતા અને કેળવણી લેતા યુવાન વિદ્યાર્થીઓને સ્થૂલ અને સૂક્ષ્મ જરૂરિયાતો પૂરી પાડી આપવાની ફરજ સંબંધે કાંઈ પણ કહેવું એ સમાજની વિચારશક્તિની કિંમત ઓછી આંકવા બરાબર છે. અત્રે એટલું જ કહેવું બસ થશે કે, વખત એવો આવતો જાય છે કે જ્યારે ગુજરાનનાં સાધનનાં સ્વરૂપ બદલાઈને એક દિવસ કેળવાયેલા વર્ગથી જ ધંધા, નોકરી અને હુન્નરનાં ક્ષેત્રો ભરાઇ જશે. એ વખતે આજનો વૃદ્ધવર્ગ હયાત નહિ હોય અને સમાજનું નેતાપદ-ઇચ્છાએ કે અનિચ્છાએ-કેળવાયેલા વર્ગના શિર પર જ આવી પડશે. એટલા માટે એ તદ્દન જરૂરનું છે કે, અત્યારથી ચેતીને સ્કૂલો અને કોલેજોમાં કેળવણી લેતા યુવાનોના હૃદયમાં ઐક્યપ્રેમ, સ્વાતંત્ર્ય અને સેવાભાવ પ્રેરવાનું બની શકે એવી જાતનાં વિદ્યાર્થીગૃહો (Hostels) સ્થળે સ્થળે ખોલવાં. આ જરૂરિયાતને દૃષ્ટિ સમક્ષ રાખીને જ મુંબઇ અને અમદાવાદ ખાતે ' સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ' આજે સ્થાપવામાં આવે છે.

હમણાં ખોલવામાં આવતી સંસ્થા એ નથી કોઇ પાઠશાળા કે નથી કોઇ સ્કૂલ-કોલેજ, તેમ જ તે કાંઇ એકલી લોજ કે વીશી પણ નથી; પાઠશાળા કે કોલેજની પૂરવણી (Complement) તરીકે કાર્ય બજાવનાને તેનો જન્મ થાય છે; અર્થાત્ કોલેજ અને સ્કૂલોમાં નહિ મળતા ધાર્મિક સંસ્કારો અને સેવાધર્મની આગ યુવાનોના હૃદયમાં ભરવાના ખાસ ઇરાદાથી આ સંસ્થા ખોલવામાં આવે છે. આ સંસ્થાના આ ખાસ લક્ષણ ઉપરાંત ત્રણે ફિરકાના જૈન વિદ્યાર્થીઓ એકઠા રહેવાના હોવાથી તેમનામાં ખીલવા સંભવતા મતસહિષ્ણુતા, બંધુપ્રેમ, પરસ્પરસહાય કરવાની વૃત્તિ આદિ અનેક ઉપયોગી તત્ત્વો, એ પણ આ સંસ્થાનું ખાસ લક્ષણ જ ગણી શકાય.

આ સંસ્થાનું વધારેમાં વધારે હિત જળવાય એ દૃષ્ટિથી એની વ્યવસ્થા કરવામાં અને સલાહ લેવામાં તેમ જ અનુભવી અજૈન મહાશયોનું તત્ત્વ કાર્યવાહી તેમ જ એડવાઇઝરી કમિટીઓમાં રાખવાનું ઉચિત ધાર્યું છે.

બન્ને ગૃહોને લગતી વ્યવસ્થાનું કામ એક વર્ષ માટે નીચેના ગૃહસ્થોથી બનેલી કાર્યવાહક કમિટીને હસ્તક મૂકવામાં આવ્યું છે:—

૧ શ્રી લાલચંદજી શેઠી (દિગમ્બર જૈન)
૨ ,, નાથુરામજી પ્રેમી (સંપાદક જૈન હિતૈષી.)
૩ ,, મોહનલાલ દલીચંદ દેસાઇ (સંપાદક શ્વે. ફ્રાન્ક્ફર્ન્સ હેરલ્ડ. શ્વે. મૂ. જૈન.)
૪ ,, મણિલાલ મહોકમચંદ શાહ (શ્વે. મૂ. જૈન)
૫ ,, તુલસીદાસ મોનજીભાઇ શાહ (શ્વે. સ્થા. જૈન)
૬ ,, વાડીલાલ મોતીલાલ શાહ (શ્વે. સ્થા. જૈન)
૭ ,, કેવળરામ ગીરધરલાલ ગણાત્રા (અજૈન)

વળી મુંબઇ ખાતે તેમ જ અમદાવાદ ખાતે વ્યવસ્થાપક કમિટીના સભ્યો ઉપરાંત નીચે જણાવેલા ગૃહસ્થોની બનેલી એડવાઇઝરી બોર્ડ આ સંસ્થાના કામને અવારનવાર તપાસવા અને સલાહ આપવા માટે બોલાવવાનું ઉચિત માન્યું છે :—

મુંબઇ ખાતે

અજૈન

૧ શ્રી હંસરાજભાઇ પ્રાગજી ઠાકરશી મૂળજી
૨ ,, કનૈયાલાલ એમ મુન્શી M. A. LL. B. એડવોકેટ
૩ ,, ત્રિભોવનદાસ ગણેશજી ત્રંબાડિયા M. A.
૪ ,, રણજિતરાય વાવાભાઇ B. A.
૫ ,, અમૃતલાલ ત્રિકમદાસ ઠક્કર L C. E.

દિગમ્બર જૈન

૧ દાનવીર શેઠ હુકમચંદજી સાહેબ
૨ રા. બા. શેઠ કલ્યાણમલજી સાહેબ
૩ શ્રી લલ્લુભાઇ પરમાણંદદાસ L. C. E.

શ્વે. મૂ. જૈન

૧ શ્રી ગુલાબચંદ દેવચંદ ઝવેરી
૨ ,, લખમશી હીરજી મહેશરી B. A. LL. B

શ્વે. સ્થા. જૈન

૧. શ્રી વેલજીભાઇ લખમશી નપુ B. A. LL. B.
૨. રા. બા. કાળીદાસ નારણદાસ
૩. મેસર્સ. નગીનદાસ અને માણેકલાલ (આ સંસ્થાના ઓડિટર્સ.)

અમદાવાદ ખાતે

અજૈન

૧ ઓન. રા. બા. રમણભાઇ મહીપતરામ નીલકંઠ B. A; LL. B.
૨ આચાર્ય આનંદશંકર બાપુભાઇ ધ્રુવ M. A LL. B.
૩ શ્રી હરિપ્રસાદ કાલાભાઇ છત્રપતિ B. A.

દિગમ્બર જૈન

૧. દિગમ્બર જૈન બોર્ડિંગના વ્યવસ્થાપક

શ્વે. મૂર્તિપૂજક જૈન

૧ શેઠ પ્રતાપસિંહ મોહનભાઇ (વાડીવાળા)
૨ શ્રી હીરાલાલ મૂળચંદ મહેતા B. A.
૩ ,, મણિલાલ નથુભાઇ દોશી B. A.

શ્વે. સ્થા. જૈન

૧ શેઠ જેશીંગભાઇ ઉજમશી શાહ
૨ ડૉ. જીવરાજભાઇ ઘેલાભાઇ દોશી L. M. & S.

સ્વ. સાને ગુરૂજીના સ્મરણાર્થે
' આંતરભારતી ' ફાળા માટે જાહેર વિનંતી

મહારાષ્ટ્રના આધુનિક સંત, મહાન વિચારક, પ્રખ્યાત લેખક અને નમ્ર સેવક, પ્રેમમૂર્તિ સાને ગુરૂજીનું અવસાન થયે લગભગ વર્ષ થવા આવ્યું. ગૂજરાતને તો હવે એમનો થોડો ઘણો પરિચય છે.

સ્વ. સાને ગુરૂજીની અંતિમ ઇચ્છા ' આંતરભારતી ' સંસ્થા સ્થાપવાની હતી. દેશમાં આજે ચોમેર પ્રાંતીયતા, જાતીયતા, સંકુચિતતા ને સ્વાર્થનું વાતાવરણ ફેલાયું છે તે દૂર કરવા સારૂ તથા ભારતીય ઐક્ય ને પરસ્પર સમભાવ, ઉદારતા, સહિષ્ણુતા કેળવાય એ હેતુથી, સાને ગુરૂજીએ આ સંસ્થાની હિમાયત કરી હતી. ગુરૂદેવ રવીન્દ્રનાથની ' વિશ્વભારતી ' જેમ હિંદને વિશ્વ સાથે જોડે છે તેમ આ ' આંતરભારતી ' ભારતના સૌ પ્રાંતોને પ્રેમભાવથી જોડે એ જોવાની એમની ખ્વાહેશ હતી. પરંતુ, કમનસીબે, તેઓ એ કલ્પનાને સાકાર કરતાં પહેલાં જ ચાલ્યા ગયા !

' આંતરભારતી ' ની આ સાંસ્કૃતિક યોજનાને મૂર્તસ્વરૂપ આપવાના હેતુથી રૂપિયા પાંચ લાખનો ફાળો ભેગો કરવાનું ઠરાવવામાં આવ્યું છે. સાને ગુરૂજીનું આનાથી વધુ યોગ્ય સ્મારક બીજું કયું હોઇ શકે ? દેશભરના આગેવાનોએ આ કલ્પનાને તથા ફાળાને ટેકો આપ્યો છે. આવા સુંદર કાર્ય માટે યથાશક્તિ પૈસા આપવા, અમે મહાગુજરાત તથા સૌરાષ્ટ્રના સૌ ભાઇ-બેનોને વિનંતિ કરીએ છીએ. મદદ મોકલનાર ભાઇબહેનો પોતાનો ફાળો ચેક યા મનીઓર્ડરથી અગર સમક્ષમાં શ્રી. પુરૂષોત્તમ ગણેશ માવળંકરને (" પ્રગતિ " ૧૫, મહારાષ્ટ્ર સેવા સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ-૬) જૂન, ૧૯૫૧ ની આખર સુધીમાં મોકલી આપે એવી વિનંતિ છે. ફાળા અંગેની વધુ વિગતો પણ એમની પાસેથી મળી શકશે.

લી., રવિશંકર મહારાજ, મુનિશ્રી સંતબાલજી, ડૉ. ચંદુલાલ દેસાઇ (ભરૂચ), પંડિત સુખલાલજી, ઇશ્વરલાલ છો. દેસાઇ (સુરત), ઝીણાભાઇ દેસાઇ, વસંત હેગડે, જ્યોત્સ્ના શુકલ (સુરત), રતિલાલ મો. ત્રિવેદી, હરભાઇ ત્રિવેદી, (ભાવનગર), પ્રો. એસ. આર. ભટ્ટ. કે. જી. પ્રભુ. ગણેશ વાસુદેવ માવળંકર, અશોક મહેતા. હરિસિંહભાઇ દિવેટિયા, જુગતરામ દવે, ઉમાશંકર જોષી, પરીક્ષિતલાલ મજમુદાર, શં. અ. ખેર, પરમાનંદ કુ. કાપડિયા (મુંબઇ), ઇન્દ્રવદન બ. ઠાકોર, મા. રામપ્રસાદ શુકલ, ડૉ. જી. વી. મેહિલે, લીલાધર ભટ્ટ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૧.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૫

મુંબઈ : ૧ જુલાઇ ૧૯૫૧ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

વ્યવહાર શુદ્ધિ મંડળનો બે વર્ષનો વૃત્તાન્ત

(શ્રી. કેદારનાથજીની પ્રેરણાથી ઉદ્‌ભવ પામેલા અને તેમની દોરવણી નીચે કામ કરતા વ્યવહાર શુદ્ધિ મંડળનો ગયા બે માસની આખરમાં યોજાયેલ શુદ્ધિ સપ્તાહની પહેલી સભામાં મંત્રી શ્રી. કાન્તિલાલ મોદીએ રજુ કરેલ વૃત્તાન્ત)

આજથી લગભગ બે વર્ષ ઉપર શ્રી નાથજીની સૂચના ઉપરથી તા. ૨૯–૫–૪૯ ના રોજ બપોરે દાદરમાં આવેલા તેમના રહેવાને ઠેકાણે, શાંતિકુંજમાં કેટલાક લોકોની સભા બોલાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે " વિશ્વયુદ્ધ ચાલુ હતું ત્યારે જણાતું હતું કે તે પુરું થયા બાદ આપણી સ્થિતિ સુધરશે. પરંતુ વિશ્વયુધ્ધ પછી આપણી સ્થિતિ સુધરી નહિ. ત્યારે લાગ્યું કે સ્વરાજ્ય આવ્યા પછી આપણી સ્થિતિમાં સુધારો થશે. પરંતુ આ કલ્પના પણ ખોટી ઠરી. દિવસે દિવસે આપણી સ્થિતિ તો બગડતી જ ગઇ. સામાન્ય લોકોને પોતાના કુંટુંબનો નિર્વાહ ચલાવવો અત્યંત મુશ્કેલ બન્યો. સૌથી દુઃખની વાત તો એ થઇ કે આપણી નૈતિક અધોગતિ વધતી જ ગઇ. આજની સ્થિતિ આપ બધા ભાઇઓ જાણો છો. આ સ્થિતિ આમને આમ ચાલુ રહી તો આપણી ભાવી પેઢીને એવી ભયંકર અવસ્થામાં દિવસો કાઢવા પડશે કે જેની કલ્પના પણ આવી શકતી નથી. તો પછી સમાજની સેવા કરવાવાળા લોકો આવી સ્થિતિમાં સ્વસ્થ રહે એ સંભવિત નથી. ચારે બાજુએ સ્થિતિ ખરાબ થતી જતી જોતા રહેવું એ તેમને માટે ઘણું જ કઠણ છે, આવા વિચારો કેટલાય દિવસથી મારા મનમાં ચાલતા હતા. આ જ અરસામાં રાઉમાં સર્વોદય સંમેલન થયું. ત્યાં વ્યવહાર શુદ્ધિ વિષે કંઇક ચર્ચા થઇ–ત્યાર પછી મારા મનમાં નિશ્ચય થયો કે આ દિશામાં કંઇ કામ કરવું જ જોઇએ. તમે મારા મિત્રો છો. મારા સાથી છો. હંમેશાં મારા સંબંધમાં આવો છો, જે સારું કામ હું કરું તેમાં તમે સામેલ રહેશો એવા વિશ્વાસથી મેં તમને બોલાવ્યા છે."

ત્યાર પછી આ વિષય ઉપર કેટલીક ચર્ચા થઇ અને છેવટે એમ નક્કી કરવામાં આવ્યું કે આ વિષે વ્યક્તિગત રીતે પોતાના વ્યવસાય અને કૌટુંબિક પરિસ્થિતિનો વિચાર કરીને આ કામ આગળ કેમ ચલાવવું એનો વિચાર કરવા માટે બધાએ એક મહીના પછી આ સ્થાન પર ફરી મળવું.

તા. ૩–૬–૪૯ ના રોજ શાંતિકુંજમાં બીજી સભા થઇ. તેમાં બધાએ ચાલુ વ્યવહાર શુદ્ધ કરવા માટે વ્યક્તિગત પ્રયત્ન કરવાનું અને સામુદાયિક રીતે એક મંડળ સ્થાપવાનું નક્કી કર્યું. આ મંડળનું નામ 'વ્યવહાર શુદ્ધિ મંડળ' રાખવામાં આવ્યું. અને તેના સભાસદ થવા માટે એક પ્રવેશપત્ર બનાવવામાં આવ્યું. પહેલાં અમે એકજ પ્રકારનું પ્રવેશપત્ર બનાવેલું હતું અને જે બધો જ દુર્વ્યવહાર છોડવાનો નિશ્ચય કરે તેને માટે તેમાં સ્થાન હતું. પરંતુ કેટલાક મિત્રોનું કહેવું થયું કે " અમારો ધંધો સંયુક્ત છે. કુટુંબ પણ સંયુક્ત છે. આજે અમો કુટુંબ અને ધંધો છોડી શકતા નથી. પણ કેટલાક દુર્વ્યવહાર છોડી શકીએ છીએ અને ધીરે ધીરે એક એક દુર્વ્યવહાર છોડવાનો અમે પ્રયત્ન કરી શકીશું એવી અમને આશા છે. તેથી અમને પણ આ મંડળમાં સ્થાન મળે અને પ્રગતિને માટે કંઇક અવકાશ રહે એવો પ્રબંધ કરવાની આપને અમારી વિનંતિ છે. " તે ઉપરથી બીજુ સહાયક સભ્યોનું એક પ્રવેશપત્ર બનાવવામાં આવ્યું. સહાયક સભ્ય જે દુર્વ્યવહાર છોડે તે તેણે કદાપિ ન કરવો જોઇએ, પણ જે નથી છોડતો તે હંમેશાં કરતા રહેવાની આમાં પરવાનગી આપવામાં આવે છે એવો અર્થ આ પ્રવેશપત્રનો નહિ સમજવો જોઇએ. જે પ્રમાણે વિદ્યાલયમાં કોઇ વિદ્યાર્થી દાખલ થાય છે તે જેમ પોતાની પ્રગતિ કરીને ઉપરની શ્રેણીમાં જવાની ઇચ્છા કરે છે તેવી રીતે સહાયક સભ્યોએ બધો જ દુર્વ્યવહારો છોડવા માટે સતત્ પ્રયત્નશીલ રહેવું જોઇએ. આ પ્રમાણે આ પ્રવેશપત્રની સ્પષ્ટતા કરતી વખતે શ્રી નાથજીએ કહ્યું હતું.

તે દિવસની સભામાં એવો પણ નિશ્ચય થયો કે દરેક મહીનાના પ્રથમ રવિવારે બધાએ ભેગા મળવું. ત્યાર પછી દરેક મહીનામાં સભા થતી રહી અને મંડળમાં લોકો પ્રવેશપત્ર ભરવા લાગ્યા. પ્રવેશપત્ર ભરવા માટે મંડળ તરફથી કોઇને આગ્રહ કરવામાં આવતો નહતો. પણ કોઇ ભાવનાવશ થઇને પ્રવેશપત્ર ભરે છે એમ લાગતું તો તેને કહેવામાં આવતું કે " એક મહીનો વિચાર કર્યા બાદ આ મંડળમાં દાખલ થાઓ. શરૂમાં સભાસદની સંખ્યા ૬૨ હતી આજે ૯૬ છે. શરૂઆતમાં દરેક સભા પછી શ્રી નાથજી કહેતા કે પ્રવેશપત્ર ભરતી વખતે ખૂબ વિચાર કરો અને ભર્યા પછી તેના ઉપર દૃઢ રહો. આ પ્રતિજ્ઞાપત્ર તમારી જાગૃતિ માટે જ છે. તમારે એટલા પ્રમાણીક રહેવું જોઇએ કે જ્યારે એમ લાગે કે તમે પોતે આ મંડળના નિયમોનું પાલન નથી કરી શકતા તો તમે મંડળને આ વાત સ્પષ્ટ રીતે કહી દેશો કે જેથી કરીને વ્યક્તિ અને મંડળમાં દંભ ન થાય અને ન વધે. આવી સાવધાની રાખવામાં ન આવે તો એકના દોષને લીધે આખાયે મંડળનું નામ બદનામ થઇ જાય. '

ત્યાર પછી થોડા દિવસમાં એક પરિપત્ર હિન્દીમાં કાઢવામાં આવ્યો હતો. પછી મંડળની તરફથી મુંબઇના જુદા જુદા ભાગોમાં અને ઉપનગરમાં સભાઓ કરવાનો ક્રમ રાખવામાં આવ્યો હતો. કુલ ૬૧ જુદી જુદી સભાઓ થઇ તેમાં ૧૬ સભ્યોની હતી. આ અરસામાં અમે ૬૪ વ્યાપારી સંસ્થાઓને એક પત્ર મોકલ્યો અને મંડળના ઉદ્દેશો સમજાવવા માટે તેમના પ્રમુખની સાથે મુલાકાતનો સમય માગ્યો. ફક્ત બે સંસ્થાઓ સાથે અમારી વાતચીત થઇ અને તેમના તરફથી સભા બોલાવવામાં આવી. બાકી સંસ્થાઓ તટસ્થ રહી.

મુંબઇ બહાર જ્યાં જ્યાં મંડળના ઉદ્દેશો સમજાવવા માટે અમને બોલાવવામાં આવ્યા ત્યાં ત્યાં અમે ગયા. આમાં પૂના,

સતારા, ફલટન, જલગાંવ, દહાણું, સુરત, માણેકપુર (વસઈરોડ) એ મુખ્ય સ્થાનો છે. કોઈ કોઈ શહેરમાં ચાર ચાર અને આઠ આઠ સભાઓ થઈ હતી. આ સાથે આ જ વખતે ધાર્મિક સંસ્થાઓ સાથે સંબંધ સાધી તેમની દ્વારા આ કામ વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. પરંતુ આમાં પણ ત્રણ ચાર જગ્યા સિવાય અમો સફળ થયા નહિ. સાથે સાથે અમે આ કામ વધારવાને અને સભ્યોમાં માનસિક દૃઢતા લાવવાની દૃષ્ટિથી દર રવિવારે સભા કરવાનો ક્રમ ચાલુ કર્યો. મંડળ માટે એક દફ્તરની જગ્યા કોટમાં બચુભાઇ બીલ્ડીંગમાં કાયમ કરી. એથી મંડળનું કાર્ય આગળ વધારવા માટે સગવડ થઇ. આ પ્રમાણે બે વર્ષ સુધી મંડળની તરફથી શુદ્ધિનો પ્રયત્ન કરવામાં આવ્યો.

મંડળનો પહેલો ઉદ્દેશ પોતાની શુદ્ધિ સાધવાનો છે. આજની સ્થિતિ દરેકને ખરાબ લાગે છે. એનો ઉપાય શો કરવો જોઇએ એ દરેક પૂછે છે. દરેકે પોતાની શુદ્ધિ ઉપર ભાર દેવો જોઇએ એવો અમારો વિચાર છે. પોતાના દરેક વ્યવહારને શુદ્ધ કરવા માટે આપણે જાગૃત રહેવું જોઇએ. આપણે જ્યાંસુધી પોતાની અશુદ્ધિ દૂર નથી કરતા ત્યાંસુધી બીજાની અશુદ્ધિ દૂર કરાવવામાં કોઇ પણ પ્રકારે મદદરૂપ નથી થઇ શકતા. પોતાના વ્યવહારની શુદ્ધિ કરીને બીજાનો વ્યવહાર શુદ્ધ કરાવવામાં તેને મદદ આપવી એને અમારૂં કર્તવ્ય માનીએ છીએ. જે પ્રમાણે આપણો વ્યવહાર શુદ્ધ કરવાનું અમે કર્તવ્ય માનીએ છીએ તે પ્રમાણે જ સારા વિચારવાળાઓનું સંગઠ્ઠન કરીને સામુદાયિક રીતે અશુદ્ધિને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ પણ અમારો ઉદ્દેશ છે. માનવજીવન એકાકી ન હોઇ સામુહિક છે. દરેકની બાબતમાં આપણે સામુદાયિક રીતે વિચાર કરીએ તો જ આપણું કર્તવ્ય પુરૂં કરવાની શક્તિ આપણને પ્રાપ્ત થઇ શકે છે. શુદ્ધિ અને સંગઠ્ઠન એ બે તત્ત્વો જ્યાં સુધી આપણા જીવનમાં નહિ આવે ત્યાં સુધી વ્યક્તિ અને સમાજની દૃષ્ટીથી આપણી ઉન્નતિ થવી એ અમને અસંભવ લાગે છે. તેથી આત્મશુદ્ધિની સાથે સાથે પોતનું સંગઠ્ઠન કરીને માનવીવ્યવહાર શુદ્ધ કરવાનો મંડળનો હેતુ રાખવામાં આવ્યો છે. દુર્જનો પણ સમાજમાં અનિષ્ટ ફેલાવે છે તે પણ એકલા નથી ફેલાવી શકતા. તેઓ પણ સંગઠિત થઇને દુષ્કૃત્યો કરે છે. આપણા સમાજની સ્થિતિ જોઇને અમને આશ્ચર્ય અને દુઃખ થાય છે કે દુર્જન પણ સંગઠ્ઠન થાય છે, પરસ્પર પ્રેમ વિશ્વાસ રાખીને પોતાનું ધારેલું કામ કરે છે, પરંતુ જે પોતાને સજ્જન અને સત્શીલ સમજે છે તે લોકો ભેગા મળીને કામ નથી કરી શકતા. જગતમાં દુર્જનોથી જે અનિષ્ટો થયાં છે તેનું કારણ દુર્જનોની કેવળ દુર્જનતા જ નહિ પણ સજ્જનોની દુર્જળતા તેમની શિથિળતા અને તેમનું એકાકીપણું એ પણ છે અને તે જ કારણથી આજે સમાજમાં કાળા બજાર, નફાખોરી અને લાંચરૂશ્વતો વગેરે આફતો વધી રહી છે એનું મૂળ કારણ અમર્યાદ ધનલોભ છે અને વ્યવહાર શુદ્ધિ મંડળની મુખ્ય દૃષ્ટ સમાજમાં જે ધનની પ્રતિષ્ઠા વધી ગઇ છે તે બદલીને તેને યોગ્ય સ્થાન પર લાવવાની છે.

આ હેતુ અને દૃષ્ટિથી કામ કર્યા પછી અમને અનુભવ થયો છે કે ધનવાન લોકો અમારા સંપર્કમાં આવતા નથી. સર્વસાધારણ જનતાને અમારી વાત રૂચે છે અને તે અમારે માટે શુભેચ્છા રાખે છે. અમારા મંડળમાં કેટલાક સામાન્ય વ્યાપારીઓ દાખલ થયા છે એમાં કેટલીક વ્યક્તિઓ એવી છે કે જેમણે નૈતિક નિષ્ઠાને લીધે પોતાનો ખોટો વ્યવહાર ઓછો કર્યો છે. અમારામાં એક વ્યક્તિ એવી છે કે જેણે અશુદ્ધ વ્યવહાર ન કરવાની પ્રતિજ્ઞાને લીધે સંતોષથી પોતાનો ધંધો છોડી દીધો છે. કેટલીક વ્યક્તિઓને શુદ્ધના આગ્રહને લીધે આર્થિક નુકશાન અને કૌટુંબિક અડચણો સહન કરવી પડી છે. સારાંશ કે અમે આજ સુધીના કાર્યોથી એટલું કહી શકીએ છીએ કે મંડળમાં દાખલ થએલી વ્યક્તિઓની અને સંબંધ રાખવાવાળી બીજી વ્યક્તિઓની ધીરે ધીરે માનસિક શુદ્ધિ અને પ્રગતિ થઇ રહી છે. જેમની સાથે અમારો સંબંધ વધે છે તેમના જીવનમાં મંડળના ઉદ્દેશો કાયમનું સ્થાન પ્રાપ્ત કરે છે. આટલું કરીને પણ અમે એટલી ખાત્રી નથી આપી શકતા કે અમારામાં અને અમારા મંડળના કોઇ સદસ્યમાં અશુધ્ધિ છે જ નહિ. અમે પરમાત્મા ઉપર નિષ્ઠા રાખીને અમારા ઉદ્દેશો સાથે પ્રમાણિક રહેવાનો પ્રયત્ન કરીએ છીએ.

અમે સમજીએ છીએ કે અમારી સામે જે કાર્ય છે તે અત્યંત વિકટ અને અપાર છે. તેના પ્રમાણમાં અમારી શક્તિ અલ્પ માત્ર છે. અમે ઇચ્છીએ છીએ કે આવા પ્રકારના મંડળો જગ્યાએ જગ્યાએ સ્થાપિત થાય અને બધા સંગઠ્ઠિત રીતે ચાલુ અનિષ્ટોને દૂર કરવાનો પ્રયત્ન કરે તો આપણે જલ્દી સફળ થઇ શકીશું. ભવિષ્યને માટે અમે આશા રાખીએ છીએ કે શુદ્ધિ અને રાષ્ટ્ર-વ્યાપી સંગઠ્ઠનદ્વારા ચાલુ દુર્વ્યવહાર અને અનીતિને દૂર કરવાનો વિચાર દરેકના હૃદયમાં જાગૃત થાય અને તે પ્રમાણે પ્રયત્ન પણ થાય.

પરિશિષ્ટ

ઉપરના વૃત્તાન્તમાં દર્શાવેલ બે પ્રકારના પ્રવેશપત્રો નીચે મુજબ છે.

સભ્ય

આજના ચાલુ વ્યાપારી વ્યવહારમાં લાંચ રૂશ્વત, કાળાબજાર, દાણચોરી (કોઇ પણ પ્રકારના ટેકસની ચોરી) ભેળસેળ વગેરે અનિષ્ટો મોટા પાયા ઉપર ફેલાઇ રહ્યા છે. તે સર્વને દૂર કરવા માટે હું.....વ્યવહાર શુદ્ધિ મંડળનો સભ્ય થાઉં છું. હું હવેથી જે કાંઇ વ્યવહાર કરીશ તે ઉપર જણાવવામાં આવેલ કોઇ પણ અનિષ્ટમાં હું ભાગ નહિ લઉં. એવી રીતે વર્તવામાં મને જે કાંઇ મુશ્કેલી પડશે તે દૂર કરવા માટે મને જો કોઇ ઉપાય નહિ જડે તો મારી અગવડ મંડળ સમક્ષ રજુ કરીશ. મંડળ જે સલાહ અથવા આજ્ઞા આપશે તે પ્રમાણે વર્તવાને હું બંધાઉં છું.

તા. સહી.....

સહાયક સભ્ય

આજના ચાલુ વ્યાપારી વ્યવહારમાં લાંચ રૂશ્વત, કાળા બજાર, ભેળસેળ વગેરે અનેક પ્રકારનાં અનિષ્ટો બહુ મોટા પાયા ઉપર ફેલાઇ રહ્યાં છે. તે અનિષ્ટો દૂર કરવા માટે હું ..... વ્યવહાર શુધ્ધિ મંડળનો સહાયક સભ્ય થાઉં છું. નીચે જણાવેલ જે વ્યવહારની સામે મારી સહી છે તે વ્યવહાર હું નહિ કરું. અને બાકીના સર્વ વ્યવહારમાંથી છુટવાનો હું સતત પ્રયત્ન કરતો રહીશ. આ પ્રયત્નમાં હું વ્યવહાર શુદ્ધિ મંડળની સલાહ અને આજ્ઞા અનુસાર ચાલવાને હું બંધાઉં છું.

તા. સહી.....

અનિષ્ટોની યાદી

લાંચ રૂશ્વત, કાળાબજાર, ભેળસેળ, અનાજના કાળાબજાર, કપડાના કાળાબજાર, ખોટા માપતોલ, દાણ ચોરી (કોઇ પણ પ્રકારના ટેકસની ચોરી.)

ભૂલ સુધાર

પ્રબુદ્ધ જૈનના તા. ૧૫-૬-૫૧ ના અંકમાં શ્રી ઉમાશંકર જોષીનું 'મારી ઋતુઓ' એ મથાળાનું એક કાવ્ય પ્રગટ કરવામાં આવ્યું છે તેમાં છેલ્લી લીટીમાં ભૂલથી 'હરી' શબ્દ છપાયેલ છે તેના બદલે 'ફરી' વાંચવું. એ રીતે સુધારીને છેલ્લી બે પંકિતઓ નીચે મુજબ વાંચવી.

પ્રવાતે બુધ્ધિના જીવનતણું થીજેલ ઝરણું,
ફરી ભાવોર્મિએ નવલ રસ ઝીલે અણુ અણુ.

સમયને ઓળખી લઈએ : નહિ તો ફરજિયાત ઓળખવો પડશે.

(તા. ૨૧-૬-૫૧ ના જૈન પ્રકાશમાં શ્રી ચુનીલાલ કામદારનો 'ઉપાશ્રય અને ધર્મસ્થાનક પર જપ્તી?' એ મથાળાનો લેખ પ્રગટ થયો છે. લેખનો ગર્ભિત આશય વધારે સારી રીતે વ્યક્ત થાય એ હેતુથી ઉપર મુજબ મથાળામાં ફેરફાર કરીને નીચે સાદર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

મુંબઇ સરકારના પ્રકાશન ખાતા તરફથી બહાર પડેલી એક યાદી જણાવે છે કે "ખાલી પડેલા અથવા બીન ઉપયોગી રહેલા ધર્મસ્થાનો શિક્ષણની શાળાઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે. જે કોઇ શિક્ષણની શાળાને આવા સ્થાનની જરૂર હોય તેવી સંસ્થાઓએ સરકારને જણાવવું; સરકાર આવી શિક્ષણ સંસ્થા માટે ધર્મસ્થાનની જગ્યા કબજે કરી આપશે." ગતાંકમાં જ મેં જણાવ્યું હતું કે જૈનસમાજ 'બાળદિક્ષાની' બાબતમાં આપમેળે નહિ સમજે તો કાયદા દ્વારા તેમણે સમજવું જ પડશે. 'નિક્ષુક બીલ'માં સમગ્ર જૈન સમાજનો વિરોધ હોવા છતાં પણ જૈન સાધુઓને 'ભીખારી' ગણાવી, તે કાયદાની ભીખને લગતી કલમ સરકારે લાગુ પાડી છે. આ રીતે રાજ્ય પોતાની સર્વ પ્રજાના સમાન હિત અને હક માટે કાયદા ઘડવા પ્રયત્ન કરી રહેલ છે. સમાજના ઘણા ભાગના લોકોને આ પ્રયત્નોમાંના કેટલાંક વાસ્તવિક અને અંધેસતા લાગતા ન પણ હોય, છતાં જે યુગમાં આપણે જીવીએ છીએ તેના પડઘારૂપ તે છે.

જુનવાણી રીતે સદીઓથી જીવવા ટેવાએલા આપણને રાજકિય ક્રાન્તિ–કે જે વિશ્વક્રાન્તિના એક ભાગરૂપ છે તે–સતત આંચકા આપે છે, પણ તે ન ગમતા આંચકાઓ સહન કરીને પણ જીવવાનું રહે છે; તેવી જ રીતે પરદેશી શાસન દરમ્યાન ધર્મમાં દરમ્યાનગીરી ન કરવાને નામે વહેમ, અંધશ્રદ્ધા, જડતા અને રૂઢીના બંધનો ચલાવી લેવામાં આવેલ હતા, તે હવે આપણા પોતાના પ્રાગતિક રાજ્યમાં ચલાવી લેવામાં આવતાં નથી. તેથી ચાલુ પરિસ્થિતિને વળગી રહેનારા, સમયપ્રવાહના ફેરફારને ન ઓળખી શકનારા લોકોને વારંવાર આશ્ચર્યચકિત બનવું પડે છે. આપણામાંના ઘણા લોકો સરકારના પ્રાગતિક કાર્યોને દખલગીરી તરીકે ગણતા થયા છે. પણ સમાનતાના જે યુગમાં આપણે જીવીએ છીએ તેમાં એકને અઢળક અથવા ઘણું અને બીજાને કશું જ નહિ–તે સ્થિતિ ચલાવી લઇ શકાય તેમ નથી. કોંગ્રેસના તથા સરકારના આજના કાર્યોને પ્રજાનો મોટો ભાગ–ખાસ કરીને શ્રમજીવીઓ, સંપૂર્ણ પ્રગતિવાદી લેખતા નથી. સરકાર મૂડીવાદી છે તેમ આક્ષેપ રોજ ને રોજ સંભળાય છે. તો કોંગ્રેસને સ્થાને હવે પછી જે રાજકીય પક્ષ પાંચ–દશ વર્ષે પણ સત્તા પર આવશે તે પક્ષ–પછી સમાજવાદી હોય, કૃષક પ્રજા પક્ષ હોય કે સામ્યવાદી હોય તે વધુ ઉગ્ર ક્રાન્તિકારી તથા ઉદ્યમવાદી હોવાનો જ. ધર્મને નામે જે રૂઢીચુસ્તપણું ચલાવવામાં આપણે આનંદ તથા ગર્વ લઇએ છીએ તે હવે ટકી શકવાનું નથી જ. ઉપાશ્રયો તથા ધર્મસ્થાનકો જે ધર્મકરણીના નામે વર્ષનો બહુધા ભાગ ખાલીખમ પડી રહે છે તેનો સામાજિક કલ્યાણ માટે ઉપયોગ થવો જ જોઇએ, નહિ તો તેવી ખાલી જગ્યાઓ જનહિતાર્થે સરકાર પોતાને હસ્તક લઇ, જીવતી જાગતી સંસ્થાઓને આપી દે, તો તેમાં નવાઇ નથી.

આપણી ધર્મશાળાઓ, મંદિરો, દેવાલયો, ઉપાશ્રયોમાં જે વિશાળ જગ્યાઓ સમસ્ત વર્ષ ખાલી પડેલી હોય છે તેનો એકંદરે બહુ જ થોડી વ્યકિતઓ ધર્મલાભ લ્યે છે. આજે જ્યારે રાષ્ટ્રમાં સમગ્ર ચીજોની ભારે તંગી જણાય છે; મકાનો રહેવા માટે તથા શિક્ષણ માટે શોધ્યાં મળતા નથી; તે સમયે રાષ્ટ્રની સંપત્તિના એક ભાગ રૂપ મનાતા આવા ધર્મસ્થાનકો બીન–ઉપયોગી અથવા થોડા ઉપયોગી કાર્ય માટે ફાજલ પડી રહેવા દઇ શકાય નહિ; તેમ કરવું ઠીક પણ નથી. રાષ્ટ્રના બાળકો જ્યારે શિક્ષણ વગરના ફાંફા મારતા હોય, ચીજોની તંગીને કારણે નવા મકાનો થવા મુશ્કેલ હોય; વસતીની વચ્ચે આવી નવી જગ્યાઓ મળી શકતી ન હોય તે વખતે મુંબઇ સરકારે ખૂબ જ વિચાર પછી આ નિર્ણય લીધો છે. સંભવ છે કે પ્રત્યેક સમાજનો મોટો ભાગ આ નિર્ણયનો વિરોધ કરે, કિન્તુ એમ તો દરેક સારા નવા કાર્યનો વિરોધ કરવાની આપણી જુની ટેવ એકદમ સુધરી શકે પણ નહિ; તેથી સારા કાર્યો અવગણી શકાય પણ નહિ, એટલે સંભવ છે કે મુંબઇ રાજ્યમાં થોડા જ વખતમાં ધડાકો થશે અને એકાદ ઉપાશ્રય કે ધર્મસ્થાનકનો, મંદિરનો કે ધર્મશાળાનો ભાગ સરકાર શિક્ષણસંસ્થા માટે કબજે કરી લેશે ત્યારે જ બહુધા સમાજના જુનવાણીઓની આંખ ઉઘડશે અને ખાલી પડી રહેલા ધર્મસ્થાનોમાં જીવન્ત પ્રવૃત્તિઓ શરૂ કરશે.

પણ આપણે જૈનો કે જેઓ ડાહ્યા કહેવાઇએ છીએ તેઓ પાણી પહેલાં જરૂર પાળ બાંધશે અને ખાલી પડેલા ધર્મસ્થાનોમાં લોકોપયોગી પ્રવૃત્તિઓ આદરશે તેમાં શંકા નથી. કાંદાવાડી તથા ચીંચપોકલી ધર્મસ્થાનોની વધારાની જગ્યાઓમાં સાર્વજનિક દવાખાનાઓ વગેરે જે લોકહિતની પ્રવૃત્તિઓ શરૂ થઇ છે તે અનુકરણીય છે. આવા કાર્યો શરૂ કરી જૈન સમાજને યોગ્ય માર્ગદર્શન આપવા માટે આવી સંસ્થાઓ અભિનંદનને પાત્ર છે. બીજી સંસ્થાઓ વહેલી તકે પોતાની વધારાની જગ્યાઓમાં શિક્ષણની કે બીજી જનહિતની પ્રવૃત્તિઓ વહેલી તકે શરૂ કરશે એમ આશા રાખવી અસ્થાને નથી.

જૈન સમાજના કાર્યકરો, સંઘો અને શ્રીમન્તો જાગો; બહુ મોડું થતા પહેલાં જ જાગો; અને વિચારે કે યુગ આજે કાર્ય માટે પ્રેરણા આપી રહેલ છે. આળસ ખંખેરી, જડતા ખંખેરી, અંધશ્રદ્ધા અને આળસુપણું ખંખેરી, સમાજહિતના તથા ઐકયના કાર્યો વહેલી તકે ઉપાડી લેવા જરૂરી છે. યુવાન પ્રજાનો સાથ લઇ, તેમની માનવતાને જાગૃત કરે તેવા સંઘોપયોગી કાર્યો કરવાની તેમને તક આપે, તેવી યોજનાઓ ઘડે. આ લોક અને પરલોકમાં જનતાનું ભલું કરવા સંસાર ત્યાગનાર મુનિરાજો પણ ચેતે અને સાચા ધર્મ ખાતર, માનવતા ખાતર, આત્મા ખાતર, લોકોમાં પ્રેમધર્મ અને માનવધર્મનો ઉપદેશ આપે; તેવા કાર્યો કરવા પ્રેરણા આપે; આપણા સંઘો કે મુનિરાજો જો સવેળા ચેતશે નહિ તો નૂતન યુગના ઘૂઘવતા મહાસાગરના ઉછળતા મોટા મોજાઓમાં ફાળભળ ધસડી જશે; તે વખતે બળાત્કારે પણ જનહિતના કાર્યો કરવા પડશે.

આપણે સમયને ઓળખીશું કે સમય આપણને બળાત્કારથી ધસડી જઇ તેમ કરવાની ફરજ પાડે, ત્યારે જ આંખ ઉઘડશે ?

ચુનિલાલ કામદાર

અભિનન્દન સંમેલન

શ્રી તારાબહેન દીપચંદ શાહ એમ. એ. ની પરીક્ષામાં બીજા વર્ગમાં પસાર થયા અને સોફીઆ કોલેજમાં 'લેકચરર' તરીકે નિમાયાં તે કારણે શ્રી. તારાબહેનનું અભિનન્દન કરવા માટે શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી તા. ૨૯-૬-૫૧ ના રોજ તેમના નિવાસસ્થાને એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મુંબઇ જન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ બીજા કેટલાક સ્નેહી સંબંધીઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રારંભમાં શ્રી પરમાનંદભાઇએ તારાબહેનનો પરિચય આપ્યો હતો અને ત્યાર બાદ અધ્યાપક શ્રી ઝાલા, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. લીલાવતીબહેન દેવીદાસ તથા શ્રી લીલાવતીબહેન કામદાર તરફથી તારાબહેનનું સવિશેષ અભિનન્દન કરવામાં આવ્યું હતું. તારાબહેને જવાબ આપતાં શ્રી. મણિભાઇ તથા અન્ય વડિલજનોનો ઉપકાર માન્યો હતો અને અલ્પ ઉપાહાર બાદ સંમેલન વિસર્જન કરવામાં આવ્યું હતું.

એક આન્તરધાર્મિક લગ્ન

શ્રી. ટી. જી. શાહનાં પુત્રી શ્રી. કંચનબહેન એક ખ્રીસ્તી સહાધ્યાયી સાથે લગ્નસંબંધથી જોડાયાં છે.

સ્વ. મૂળચંદ આશારામ વૈરાટી

અમદાવાદ જૈન યુવક સંઘના એક સમયના અગ્રણી કાર્યકર શ્રી. મૂળચંદ આશારામ વૈરાટીનું, ગઇ તા. ૨૪મીએ, અમદાવાદ ખાતે, હૃદય બંધ પડવાથી અવસાન થયું છે. સ્વર્ગસ્થ મૂળ ધોળકાના વતની હતા, એટલે તેઓ પોતાને વૈરાટી (ધોળકામાં પાંડવો થોડો સમય રહેલા તેથી એ વિરાટનગર પણ કહેવાય છે.) તરીકે ઓળખાવવામાં ગૌરવ લેતા. વર્ષોથી અમદાવાદને તેમણે નિવાસસ્થાન કરેલું, અને પોતાની પ્રવૃત્તિ પણ અમદાવાદમાં જ વિકસાવી. ઝવેરાતના વેપાર ઉપરાંત, સામાજિક તથા રાજકીય ક્ષેત્રને પણ તેમણે અપનાવ્યો. અમદાવાદ જૈન યુવક સંઘની સ્થાપનામાં અને તેની કેટલીક પ્રવૃત્તિઓને વેગ આપવામાં તેમનો ગણનાયોગ્ય ફાળો કહી શકાય. 'સુઘોષા' નામના પાક્ષિકના કેટલાક સમય સુધી તેઓ તંત્રી હતા. આ પત્રે જૈન સમાજમાં પ્રગતિશીલ વિચારો ફેલાવવામાં સારો સહાય કરી હતી. ૧૯૩૦-૩૨ તથા ૧૯૪૦-૪૨ ના રાષ્ટ્રીય આંદોલન-સમયે તેમની દુકાન કેટલાય કાર્યકરોનું પ્રવૃત્તિધામ બની ગયેલ. આ કારણે તેમને આર્થિક દૃષ્ટિએ નુકસાન સહેવું પડેલ; પરંતુ તેનો તેમને જરાયે રંજ નહોતો. ઊલટાનું પોતાના બન્ને પુત્રોને તેઓ સામાજિક તથા રાજકીય કાર્યમાં રસ લે તે માટે ઉત્તેજન આપતા.

અમદાવાદ જૈન યુવક સંઘે, અમદાવાદ ખાતે આમંત્રેલ 'યુવક પરિષદ'ના તેઓ એક ઉત્સાહી કાર્યકર્તા હતા. 'વિધવા-વિવાહ'ના ઠરાવને કારણે, યુવક પરિષદની કાર્યવહી માટે થોડો સમય તેમને મનદુઃખ થયેલું; પરંતુ ત્યાર બાદ પરિષદના પ્રમુખ શ્રી. પરમાણંદ કુંવરજી કાપડિયાને, અમદાવાદના જૈન સંઘે સંઘ બહાર મૂકવાનો ઠરાવ કર્યો ત્યારે, અમદાવાદના જૈન સમાજને જાગૃત રાખવા સ્વર્ગસ્થે પરિશ્રમ લીધેલો. 'સંઘ બહાર'ના પ્રકરણ સમયે જ અમદાવાદના જૈન યુવક સંઘનો કબજો નવા લોહીએ લીધો, ત્યારથી તેઓ એ સંસ્થાથી અલગ થયા હતા, છતાં જીવ્યા ત્યાંસુધી યુવક સંઘ માટે તેમને અનુરાગ હતો. ધાર્મિક વાતાવરણમાં જ તેઓ ઊછરેલા, એટલે સ્વભાવે સ્થિતિચુસ્ત, પરંતુ રાષ્ટ્રીય પ્રવૃત્તિની સાથે સંકળાયેલા હોઇ, તેમના વિચારો સુધારાની પ્રવૃત્તિ તરફ ઢળ્યા. રૂઢ સ્વભાવને કારણે યુગનાં નવાં વહેણોને સાથે તેમનો મેળ બહુ બેઠો નહિ, પરંતુ એ વહેણોને તેઓ સમજી શકતા, અને શક્ય તેટલું તેની સાથે રહેવા યત્ન કરતા. અમદાવાદનો જૈન સમાજ એટલે ગાયકવાડીઓનો કિલ્લો. તેમાં અઢી દાયકા પહેલાં ધંધાદારી વ્યક્તિએ સુધારક તરીકે બહાર આવવું અને જીવવું એ અશક્ય ગણાય; એવે સમયે સ્વર્ગસ્થે એ ગાયકવાડી કિલ્લા પર હલ્લો કરવા પ્રયત્ન કર્યો તે પ્રશંસનીય ગણાય.

આ ઉપરાંત તેઓ શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના, અમદાવાદ ખાતેના વર્ષો સુધી સ્થાનિક મંત્રી હતા. કેળવણીના પ્રચાર માટેની સમિતિના પણ એક કાર્યકર હતા. સ્થાનિક ભંડારોના ઉદ્ધાર માટેની અને અભ્યાસીઓ તેનો વધુમાં વધુ લાભ લે તે માટે તેઓ ઉત્સુક રહેતા; અભ્યાસીઓને મદદકર્તા થઇ પડતા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓની તબિયત અસ્વસ્થ હતી; ક્વચિત્ જ બહાર નીકળતા; છતાં જૈન સમાજની એકેએક પ્રવૃત્તિથી માહિતગાર રહેવા યત્ન કરતા. બેએક મહિના ઉપર તેમના મોટા પુત્ર શ્રી વિમળભાઇનું અચાનક અવસાન થતાં તેમને ખૂબ જ આઘાત લાગેલો, અને ત્યારથી જ તેમની તબિયત વધુ બગડેલી, બેએક મહિનામાં તો તેનું શરીર ઘસાઇ ગયું, અને તેમણે દેહ છોડી દીધો.

તેમના અવસાનથી અમદાવાદનાં જૈન યુવકોની પ્રવૃત્તિએ એક મુરબ્બી અને અમદાવાદના જૈન સમાજે એક સહૃદયી કાર્યકર ગુમાવ્યો છે. **ધીરજલાલ ધ. શાહ**

શ્રીમાનોની ધાર્મિક ફરજ

તા. ૨૩-૬-૫૧ ના રોજ શ્રી. મુંબઇ અને માંગરોળ જૈન સભાના પ્રમુખ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી તરફથી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, નિવૃત્ત થયેલા બે મંત્રીઓ શ્રી. પુલચંદ શામજીભાઇ તથા શ્રી ભાઇચંદ નગીનભાઇ અને નવા ચુંટાયલા મંત્રીઓ શ્રી. નાથાલાલ ડી. પરીખ અને શ્રી. ચંદુલાલ ટી. શાહ-આ પાંચ મહાશયોનું સંયુક્ત સન્માન કરવાના હેતુથી એક ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું. પ્રસ્તુત પ્રસંગે સન્માનની ઔપચારિક વિધિ પતાવીને આગળ વધતાં શ્રી રતિલાલ મણિલાલ તરફથી દેશ તથા જૈન સમાજની અદ્યતન પરિસ્થિતિને અંગે નીચે મુજબ નિવેદન કરવામાં આવ્યું હતું :—

"રાજકીય સ્વાતંત્ર્ય મેળવ્યે લગભગ ચાર વર્ષ વીતવા આવ્યાં છતાં હજી જનસમાજે નથી જોઇ આર્થિક ઉન્નતિ કે નથી માણ્યો સ્વતંત્ર જીવનનો ઉલ્લાસ. રામરાજ્ય તો હજી સ્વપ્ન સમું દૂર ને દૂર જ છે. સમય સાચે જ કપરી કટોકટીનો છે. છતાંએ, પરિસ્થિતિ પલટાતાં વાર લાગતી નથી એટલું આપણે યાદ રાખીએ. શ્રદ્ધા, ધીરજ અને શાંતિથી કામ કર્યે જઇશું તો જ શ્રેય સાધી શકાશે.

આવા કટોકટીના સમયમાં જ સાચા ધર્મની, પુરૂષાર્થની, માનવતાની, સાચી કસોટી અને કિંમત થાય છે. જૈન ધર્મે અને જૈન સમાજે ભૂત કાળમાં ભવ્ય જાહોજલાલી ભોગવ્યાં હતાં; ભગવાન મહાવીરે પ્રબોધેલા અહિંસાધર્મના આપણે અનુયાયીઓ છીએ; "અનેકાન્ત"ના ઉચ્ચતમ સિદ્ધાંત અને સંસ્કૃતિનો વારસો આપણને મળેલો છે; જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વીરપુરૂષને છાજે એવું જીવન જીવવાની પ્રેરણા આપણને આપણા પુણ્યશ્લોક પૂર્વજો શ્રી. ગૌતમ સ્વામી, શ્રી હરિભદ્રસુરીશ્વરજી, શ્રી. હેમચંદ્રાચાર્યજી, મંત્રીશ્વરો મુંજાલ અને ઉદયન મહેતા, દાનેશ્વરીઓ ભામાશા અને જગડુશા, પરમવીર વસ્તુપાલ તેજપાળ અને વિમળશા વિગેરે સદૈવ આપી રહ્યા છે. આ હિંસાત્રસ્ત જગતને અહિંસા અને જીવદયાનો પાવક સંદેશો જૈન ધર્મના અનુયાયીઓએ પોતાના જીવન અને કાર્યદ્વારા આપવો જોઇએ.

જેમ વિશ્વ, જેમ દેશ, તેમ આપણો જૈન સમાજ પણ કારમી કસોટીમાંથી પસાર થઇ રહ્યો છે. યુદ્ધોત્તર આર્થિક અવ્યવસ્થાને પરિણામે આપણા લગભગ નેવું ટકા સ્વધર્મી બંધુઓને માથે દુઃખ, દૈન્ય અને દારિદ્રનાં વાદળ ઘેરાઇ રહ્યાં છે. જીવનનિર્વાહ માટે આપણો મુખ્ય વ્યવસાય તે વ્યાપાર: એ તો ચારેકોરથી રૂંધાઇ ગયો છે. ઝવેરાતનો ધંધો તો છેકજ ખોરવાઇ ગયો છે, અને અનાજ તેમજ કાપડનો વેપાર લગભગ નિષ્પ્રાણ બની ગયો છે. આથી બેકારી, અને દરિદ્રતાએ ઘર ઘાલ્યું છે. મોંઘવારી દિન પ્રતિદિન વધતી જાય છે. કરવેરા અને કન્ટ્રોલોની હાડમારીઓથી રોજીંદા જીવનમાંથી રસકસ ઉડી ગયો છે. પરિણામે, માત્ર વ્યાપાર ધંધા ઉપરજ નભનારો વર્ગ જૈન કોમનો બહુજ મોટો ભાગ અત્યંત મુંઝાઇ રહ્યો છે; એની દશા ખરેખર દીન અને દયાપાત્ર થઇ રહી છે! અને આ વર્ગ જ મહેનતુ, અને બુદ્ધિશાળી, શ્રમજીવી અને સંસ્કારી હોઇ, સંખ્યા અને સત્વની દૃષ્ટિએ, જૈન સમાજનું મુખ્ય અને મહત્વનું અંગ છે. માટે એની વેદનાનો વિચાર કરી, આર્થિક આપત્તિઓ સામે સ્વમાન, હિંમત અને વીરતાથી એ ટકી શકે એટલું જોર અને જોમ એ વર્ગમાં જાગે એવા માર્ગ આપણા સમાજનેતા અને સમાજસેવકોએ શોધવા જ રહ્યા; અને સમગ્ર સમાજે અપનાવવા જ રહ્યા. અત્યારની પરિસ્થિતિમાં આ આપણો પ્રથમ સમાજધર્મ છે."

તેમણે કૉન્ફરન્સની મધ્યમ વર્ગની યોજનાનો ખ્યાલ આપીને જણાવ્યું હતું કે "મારા અભિપ્રાય મુજબ આ યોજનાઓને વિશેષ વ્યાપક, વ્યવહારિક અને સર્વોપયોગી બનાવવી જોઇએ."

તેમણે જણાવ્યું હતું કે આપણી આશા ફળીભૂત થાય એ માટે જૈન સમાજના દરેક શ્રીમંત અને શ્રદ્ધાળુ સજ્જનની ફરજ છે કે પોતાની દાનધારા આ પુણ્ય પ્રવૃત્તિને, મધ્યમ વર્ગને રાહત આપવાની યોજનાને યોજવામાં વાળે. જૈન સમાજની સંપત્તિ સુપ્રસિદ્ધ છે. એ સંપત્તિ જો સમાજને આપત્તિને સમયે કામમાં ન આવે તો તે શા કામની છે? અત્યારની પરિસ્થિતિનો વિચાર કરતાં મધ્યમ વર્ગ જે જૈન સમાજનો લગભગ નેવું ટકા જેટલો મોટો ભાગ છે તેને મજબુત બનાવવાની શ્રીમંત વર્ગની ધાર્મિક ફરજ છે. જનસેવા એ જ સાચી ધાર્મિક સેવા છે, પ્રભુસેવા છે. છૂટું-છવાયું દાન તો પ્રત્યેક જૈન શ્રીમંત કરતા હશે પણ તે સાથે જ કેટલુંક દાન કૉન્ફરન્સ મારફતે વ્યવસ્થિત રીતે થાય એ સર્વથા ઇષ્ટ છે. માટે, મારી શ્રીમંત વર્ગને ખાસ વિનંતિ છે કે કૉન્ફરન્સની પ્રવૃત્તિઓને આપના દાનપ્રવાહથી સફળ થવા દો.

અહીં મધ્યમ વર્ગને, ખાસ કરીને યુવાન વર્ગને પણ એક બે શબ્દો કહેવાનું મન થાય છે. મધ્યમ વર્ગ પ્રત્યે સંપૂર્ણ હમદર્દી અને સહાનુભૂતિ સાથે મારી નમ્ર સલાહ છે કે નિરાશ કે નાહિંમત ન થતાં, મુશ્કેલીઓનો સામનો કરો. સક્રિય અને સર્જનાત્મક ધંધાદારીના ક્ષેત્રોમાં કામે લાગી જાઓ. સરકારે મોટા પાયા ઉપર કેટલીય યોજનાઓ સહકારી ધોરણ પર શરૂ કરી છે એનો લાભ ઉઠાવો. હાથપગ પકડી બેસી રહ્યે, દુઃખના રોદણાં રડ્યે, કે વિઘાતક ટીકાઓ કર્યા કર્યે નહિ ચાલે. વ્યાપાર વ્યવહાર વિના જગતને ચાલ્યું નથી, ચાલવાનું નથી, એટલે એ ક્ષેત્ર ઉપરનો કાબુ આપણે સાચવવાનો છે જ. સમય અને સંયોગો પલટાયા છે તો તેને અનુરૂપ થઇ મળતી બધી તકોનો ઉપયોગ કરો, સહેલાઇથી પૈસાદાર થઇ જવાની વૃત્તિને અંકુશમાં રખો, સખત કામ કરી સજ્જનશીલ રસ્તે જ જીવનરોજી મેળવવામાં ફરજ સમજો. જેની પાસે તંદુરસ્ત શરીર અને તંદુરસ્ત મન છે અને મહેનત કરવામાં જેને જરા પણ શરમ નથી તે ગમે તેવા કપરા કાળમાં પણ પોતાનો રસ્તો કરી શકે છે–એ શ્રદ્ધા હંમેશાં સતેજ રાખો?

પાલીતાણા સાધુસંમેલનના ઠરાવો

પાલીતાણા ખાતે વૈશાખ શુદી ૬ થી વૈશાખ શુદી ૧૦ સુધી શ્રીમદ્ વિજયવલ્લભસૂરિની આગેવાની નીચે એક સાધુ સંમેલન મળ્યું હતું. આ સંમેલનમાં પાલીતાણામાં તે કાળે વસતા જૈન શ્વે. મૂ. સંપ્રદાયના ઘણા ખરા સાધુઓએ ભાગ લીધો હતો અને સર્વાનુમતે નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

૧ આ શ્રમણસંઘ માને છે કે–આજની સરકાર ધર્માદા ટ્રસ્ટ બીલ, ભીક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજનપ્રવેશ અને બિહાર રીલીજીઅસ એફૂટ વિગેરે નિયમો ઘડી ધર્મમાં અનુચિત હસ્તક્ષેપ કરે છે તે ઠીક નથી. તેમ કરવાનો સરકારને કોઇ અધિકાર નથી. વિદેશી સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો ન હતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખુબ જ અનિચ્છનીય વસ્તુ છે.

૨ આ શ્રમણસંઘ માને છે કે, વિ. સં. ૧૯૯૦ માં મુનિ સમ્મેલને પટ્ટકરૂપે જે નિર્ણયો તૈયાર કર્યા છે તેના છેલ્લા ચાર ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણ સંઘના અગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સમ્મેલનની તુરત અગત્ય છે. તો અમદાવાદ પાનસર પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરતમાં મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

૩ આ શ્રમણ સંઘ માને છે કે, જૈનોની જે જે સંસ્થાઓ, સાતક્ષેત્રો ધર્મસ્થાનો દેરાસરો અને ઉપાશ્રય વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની મીલકતો છે, તેના વહીવટદારો તે શ્રમણ સંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઇ પણ કરવાનો હક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક ઉઠાવી વહીવટદારોને જ તે સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક જમાવવાની જરૂર નથી. છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતાં રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

(ઉપર જણાવેલ બીજા ઠરાવમાં જે ચાર ઠરાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં ખાસ અગત્યનો ઠરાવ નીચે મુજબ છે:

ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી – ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.)

સોમનાથનો બગાડ

કેટલાક ભાઇઓ તરફથી સોમનાથના સમારંભમાં થયેલા અનાજના બગાડ વિષે મને પત્રો મળ્યા છે. તેમાં એમણે સરકારે આપેલી ખાતરી કે તેમાં માપબંધીનું અનાજ વપરાયું નહોતું તેની સત્યતા વિષે શંકા દેખાડી છે અને ઘણા મોટા જથ્થામાં (લગભગ પોણા ભાગ જેટલા) લાડુઓનો બગાડ થયો હતો એમ જણાવ્યું છે.

એ બાબતમાં તપાસ કરતાં જાણીને મને ખેદ થયો કે એમાં કાયદાના શબ્દાર્થનું કદાચ પાલન થયું હશે, પણ તેનો ઉદ્દેશ તો જળવાયો નથી જ. મને દિલાસો અપાયો છે કે લાડુ માપબંધીની ચીજોમાંથી નહિ પણ ચણાના લોટમાંથી બનાવવામાં આવ્યા હતા, અને જો કે 'સારી પેઠે' લાડુ વધ્યા હતા, પણ મારા પત્રલેખકો લખે છે તેટલા બધા નહિ; મળી તેનો બગાડ થયો નહોતો પણ તે આજુબાજુનાં ગામડાઓમાં વહેંચી દીધા હતા. આવા બચાવથી હરકોઇને ચીડ આવે. ચણા ભલે માપબંધીની ચીજ ન હોય, પણ તે સસ્તા હોવાથી ગરીબનો ખોરાક છે અને બીજા અનાજને બદલે વપરાય છે. સોમનાથના ચણાથી બિહારના ઓછામાં ઓછા એક લાખ દુષ્કાળગ્રસ્ત લોકોને ખવડાવી શકાત. વળી, લાડુમાં ફકત ચણાનો લોટ જ હોતો નથી, પણ લગભગ એટલી જ ખાંડ અને અનેક મણ ઘી કે વનસ્પતિ જે વપરાયું હોય તે જોઇએ. જેમને ખવાડવાની જરૂર નહોતી એવા આજુબાજુના ગામડાઓના લોકોમાં લાડુ વહેંચ્યા તેથી ભાગ્યે જ દિલાસો મળી શકે.

આ બધી વસ્તુઓ સરકારને નામોશી જ લાવે છે. 'આંડંબરના મેળા'માં આવું ન બને તો શું બનશે?

'હરિજન બંધુમાં' થી ઉધ્ધૃત **કિશોરલાલ ઘ. મશરૂવાળા.**

વર્ષાનો મીઠો અનુભવ

(એક મિત્રને ગયે વર્ષે વર્ષાઋતુ દરમિયાન મુંબઇથી રેલ્વે માર્ગે ઇન્દોર જવાનું બનેલું. એ અનુભવનું વર્ણન ઇન્દોર પહોંચ્યા બાદ પોતાનાં બાળકોને તેમણે લખી મોકલેલું. એ પત્રની નકલ તેમણે મને દેખાડી અને મને ગમી–આજે જ્યારે આપણે વર્ષાઋતુની મધ્યમાં ઉભા છીએ ત્યારે એ વર્ણનવાળો પત્ર પ્રબુદ્ધ જૈનના વાંચકોને રોચક લાગશે એમ સમજીને લેખકની સંમતિથી નીચે પ્રગટ કરું છું. તંત્રી)

ઇન્દોર તા. ૩૧–૭–૫૦.

ચિ. પ્રિય સૂર્ય, અરૂણ તથા સુધીર

હું ઇન્દોર ખુશીથી પહોંચી ગયો તે બાબતના સમાચાર તમને મળ્યા હશે. તમે બધા ત્યાં અતિ આનંદમાં હશો.

મુંબઇથી રેલગાડીમાં બેઠો ત્યાંથી તે છેક ઇન્દોરમાં ઘેર પહોંચ્યો ત્યાંસુધી આખે રસ્તે, આખી રાત અને આખા દિવસ દરમિયાન સતત અને પ્રચંડ વરસાદ પડયો હતો. ત્રેવીસ કલાકની ટ્રેઇનની ચાલુ વરસાદે કરેલી મુસાફરીનું થોડું વર્ણન લખવાની ઇચ્છા થઇ આવે છે.

સ્ટેશન પર મને મૂકીને તમે ગયા ત્યારબાદ મ્હારા ડબ્બાની ઉપલી પાટલી પર હું તો નિરાંતે ઊંઘી ગયો. લગભગ ૧૧॥–૧૨ વાગે રાત્રે અચાનક જાગી ઊઠયો ત્યારે જોયું કે ડબ્બાની છતમાંથી આખા ડબ્બામાં પાણી ધીમે ધીમે પણ અવિરત ટપકી રહ્યું હતું.

નીચે પાણી, ઉપર પાણી, આજુબાજુ પાણી, મારી પથારીમાં પાણી, અને ડબ્બાની બહાર તો પણીની હેલી!

રહવાર થઇ, પણ વરસાદ ન થંભ્યો. વડોદરા આવ્યું, ભરૂચ ગયું, ગોધરા પસાર થયું, ને દાહોદ દેખાયું. પણ વરસાદજી તો વણઅટકયા ચાલુ જ રહ્યા. છેવટે, બપોરે રતલામ આવ્યું. ગાડી બદલી. દેમાર વરસાદમાં શરીર ભીંજાયું, કપડાં ભીંજાયાં, સામાન ભીંજાયો. લગભગ સાડાત્રણ વાગે ચાલુ વરસાદે નાની ગાડી ઇન્દોર તરફ ઉપડી. જેમ જેમ ગાડીએ ગતિ વધારી, તેમ તેમ મેઘરાજાએ પણ પોતાની ગતિ વધારી દીધી.

સમસ્ત આકાશ ઘનઘોર વાદળાંની ઘટાઓથી છવાયું હતું, પાણીના ધોધ વર્ષારૂપે આકાશમાંથી પડતા હતા અને સકળ ધરતી જળપ્રચૂર બની ગઇ હતી. નહાના મોટા ખાડાખાબોચીઆઓ એ તળાવનું સ્વરૂપ ધારણ કયું હતું. ખજૂરનાં વૃક્ષો, એ તળાવોમાં હોડી જેવા લાગતા, અને ખજૂરીની ફેલાએલી શાખાઓ શઢ જેવી જણાતી. તળાવમાં જાણે સઢવાળાં વહણો તરતાં ન હોય તેવું, અથવા સાગરમાં નહાના નહાના બેટ ન હોય, તેમ, બધે દૃશ્યમાન થતું હતું. વળી, રેલ્વેલાઇનની બન્ને બાજુએ, દૂર દૂર સુધી, મનુષ્ય, પ્રાણી કે પંખી, અરે એકાદ રડયું ખડયું કૂતરું પણ દૃષ્ટિગોચર થતું નહોતું. નરી નિર્જનતા. માત્ર ઉપર મેઘવર્ષન્તો આભ અને નીચે વારિ ઝીલંતી પૃથ્વી. હવે તો ધરા પણ મેઘરાજાના જળ-દાનથી ધરાઇ ગઇ હતી. તે વખતે મને કવિ બોટાદકરની એક પંક્તિ યાદ આવી :—

ના વારિને વસુમતી અવકાશ આપે,
ના સંધરે જલનિધિ ઉરમાં લગારે;
ચૂંઝાઇ બે સદનના અતિથિ સરીખું,
જ્યાં જ્યાં પડયું સલિલ ત્યાં બની શાંત સ્તુતિ.

આવા મેઘરાજાના તાંડવથી મનુષ્ય કે પશુ ગભરાય અને ડરે એ તો સ્વાભાવિક હતું. પણ, આખી પૃથ્વીને ઉષ્ણતા, જીવન અને પ્રકાશ આપનાર 'સહસ્રરશ્મિ' પણ 'છત્રી' ખોલીને અને 'રેઇન કોટ' ઓઢીને કયાંય સંતાઇ ગયા હતા!

ઘોધમાર વરસતા વરસાદમાં, મંદ ગતિએ દોડતી આગગાડીનાં બંધ કરેલી બારીના કાચમાંથી પ્રકૃતિનું આવું પ્રત્યક્ષ ચિત્ર, અને મેઘરાજાનું સ્થપાએલું આવું મુક્ત અને પ્રબળ સામ્રાજ્ય જોવાની પળો આ જીંદગીમાં જવલ્લે જ મળે છે.

બપોર ગઇ અને સંધ્યા આવી, પણ મેહુલો કયાં અટકે છે? ખેતરો બધાં સરોવરો થઇ જાય, નદીઓમાં પ્રચંડ પૂર આવે, કૂવા-વાવડીઓ છલોછલ ભરાઇ જાય, બધે પાણીપાણી ને પાણી થઇ જાય, તોયે એને કયાં પરવા છે? એને કોનો ડર છે?

સંધ્યા વિદાય થઇ ને રાત્રિ આવી. મેઘ અને રાત્રિ વચ્ચે ગાઢ સખીપણું. રાત્રિ આવી અને મેઘરાજા તો વધુ વિફર્યા. અને તેમાં વાયુદેવે સાથ પૂરાવ્યો. પછી તો પૂછવું જ શું?

પૂર્ણિમાની રાત હતી. એ રાતે આકાશમાં શું શું હોય તે તમે જાણો છો ને? તમે કહેશો "ચાંદ ને તારા." પણ તે રાત્રે આ સાહેબો ગેરહાજર હતા! નિશાનાથ નિશાને અનાથ મૂકી, કાનટોપ, સ્વેટર અને મોજાં પહેરી, મ્હોટો કાળો કામળો ઓઢીને કયાંય પોઢી ગયા હતા!

અને બિચારા તારલાઓ! પોતે દિનાનાથ સવિતાનારાયણથી કરોડોગણાં મોટાં છે એમ ડંફાસ મારનારા, તથા જેમને માટે કવિએ કહ્યું છે કે "ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ" એવા અસંખ્ય તારાઓમાંથી એક પણ શોધ્યો જડતો નહતો. કાળી સ્મશાન જેવી રાત્રી, ઘોધમાર વરસતો વરસાદ, ઠંડીથી કમકમાવતો પ્રચંડ વાયુ, અને સર્વત્ર ભીષણ સુનકાર! કલ્પના કરજો કેવું ભયાનક વાતાવરણ હશે?

એવામાં રાતના આઠ સવાઆઠ થયા ને ઇન્દોર સ્ટેશન આવ્યું. હું ડબ્બામાંથી છત્રી ઓઢી બહાર નીકળ્યો. સામાન મજૂરને માથે મૂકાવી ટાંગા-સ્ટેન્ડ સુધી ગયો, તેટલામાં તો અતિશય ઠંડી હવા અને મૂસળધાર વરસાદથી ધ્રુજી ઉઠયો. જેમ તેમ કરી ટાંગામાં બેઠો. ટાંગાવાળાએ બધા પડદા બોલી નાખ્યા હતા. તો પણ ચાલતી ગાડીએ અસહ્ય ઠંડી લાગતી હતી ને દેહ કંપતો હતો. સૂસવાટા કરતો વાયુ સેંકડો તીરોના જેમ, શરીરને વીંધતો હતો. શીત અને વર્ષાથી ધ્રુજતા હાથે કંપતા ઘોડાને હાંકતો હાંકતો ટાંગાવાળો, આખરે, યશવન્ત રોડ પર આવી પહોંચ્યો અને મને ઉતાર્યો. શહેર હોવા છતાં રસ્તાઓ, રાજમાર્ગો સુધ્ધાં બધા નિર્જન હતા. પોલીસદાદાઓ ચૌરસ્તા પર તેમ જ બેરી રસ્તા પર પણ નજરે પડતા ન હતા. નગરમાં સર્વત્ર નિર્જનતા અને નિર્જનતા દેખાતી હતી.

ભીંજાએલ કપડે હું ભીંજાએલા સામાનને ઉપર આપણે ઘેરે લઇ ગયો. બારણું ઠોકયું. પૂ. કાકાસાહેબે દરવાજો બોલ્યો. મને આવા વેશે ને આવે વખતે અણધાર્યો આવેલ જોઇ વિસ્મય પામ્યા અને ચિંતાતુર થયા. દરમિયાન, હું પહેલા રૂમમાં દાખલ થયો તો ત્યાં શું જોયું? પાણીનું નાનકડું તળાવ. મે વિચાર્યું કે મને દૃષ્ટિભ્રમ તો થયો નથીને? બધે જ પાણી પાણી દેખતો આવ્યો છું એટલે કદિ પણ આંખો મને છેતરી રહી હશે. પણ એટલામાં તો કાકાસાહેબે શંકાનિવારણ કરતાં કહ્યું કે "ગઇ કાલ રાતથી પડતા ઘોધમાર સતત વરસાદને લીધે આખી છત ચૂએ છે અને મોટી પરાતો અને બાલટીઓ ભરાઇ જાય એટલું બધું પાણી ટપકી રહ્યું છે." ત્યાં પડેલી મોટી પરાત પાણીથી છલોછલ ભરાઇ ગઇ હતી. મને થયું કે જો શરદ મ્હારી સાથે આવ્યો હોત તો કાગળની હોડીઓ બનાવી આ પરાતના તળાવમાં તરાવી આનંદ માણત.

આખે રસ્તે, છેક સવારથી તે રાત સુધી આવી અપ્રતિમ મેઘ-લીલા જોવામાં હું એવો તો તન્મય બની ગયો હતો કે મને ખાવાપીવાની યાદ કે ભાન પણ નહોતાં રહ્યાં અને મ્હારાથી એમ જ "ચોવિહાર ઉપવાસ" થઇ ગયો હતો.

બીજી રાત્રી પણ મૂશળધાર વર્ષામાં વિતાવી. સવારે હું ઊઠયો ત્યારે પણ ઇન્દોર નગરી પર મેઘરાજાનું આક્રમણ ચાલુ જ હતું. સવારના આઠ વાગ્યા, નવ થયા, અને દશના ટકોરા થયા. હાશ! હવે મેઘરાજા થાકયા હોય એમ લાગ્યું. વળી પાછી એકાદ પંક્તિ યાદ આવી :—

રેડી મહાપ્રલય તુલ્ય અચિંત્ય વારિ
ભૂમિ અને જલધિનો દૃઢ ભેદ ટાળી;
સંતપ્ત ઊર્વી-ઉરને રસથી રીઝાવી,
લેતો વિરામ, નભમાં, ઘડી, મેઘ થાકી.

અને હવે જેમ, સિંહ જંગલમાં અદૃશ્ય થઇ જાય ને સંતાએલો શિકારી ઝાડીમાંથી બ્હીતો બ્હીતો બહાર નિકળે તેમ, મેઘના ગયા બાદ અત્યાર સુધી છુપાઇ રહેલા એવા ભાસ્કર ભગવાને ગગનમાં દેખાવ દીધો. પણ કેવા નિસ્તેજ અને નિર્વીર્ય લાગતા હતા તેઓ? જાણે પાંડુરોગથી પીડાતા કોઇ માણસની મુખ-મુદ્રા જોઇ લ્યો!

નિર્જન રસ્તાઓ હવે ઉભરાવા લાગ્યા. વટેમાર્ગુઓનો શોરબકોર હવે સંભળાવા લાગ્યો. ટાંગા, મોટર, ઘોડા, હાથી (તમે જાણો છો કે ઇન્દોરમાં હાથી ઘણા છે), કૂતરાં, માણસો-બધાની અવર-જવર હવે પૂર્વવત્ ચાલુ થઇ ગઇ, અને રસ્તાઓ તો જાણે સાબુથી ઘસી ઘસીને ધોયા હોય તેવા ચોકખા ને પારદર્શક બની ગયા હતા-બધા નદિ હો. આપણા યશવંત રોડ જેવા રાજમાર્ગો જ

ધાર્યા કરતાં 'પ્રવાસ વર્ણન' લાંબું લખાઇ ગયું છે છતાં તમને બધાને વાંચીને મઝા પડશે એમ ધારું છું. હવે હું વિરમીશ.

લી. તમારો **ગણુભાઇ**

શુદ્ધિસપ્તાહની પહેલી સભાનો અહેવાલ

પૂજ્ય શ્રી. જાજુજીનું પ્રવચન

તા. ૨૮-૫-૫૧ ના રોજ વ્યવહારશુદ્ધિ મંડળ અને મુંબઇ જૈન યુવક સંઘના સંયુક્ત આશ્રય નીચે મળેલી શુદ્ધિ સપ્તાહની પહેલી સભાનું ઉદ્‌ઘાટન સર્વોદય પ્રણેતા શ્રી જાજુજીના હાથે કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં વ્યવહાર શુદ્ધિ મંડળના એક અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી કાન્તિલાલ મોદીએ પ્રસ્તુત મંડળના આજ સુધીના કાર્યનો વૃત્તાન્ત વાંચી સંભળાવ્યો હતો. (જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.)

શ્રી જાજુજીનો પરિચય

ત્યારબાદ શ્રી પુરૂષોત્તમ કાનજી (કાકુભાઇ) એ પૂજ્ય જાજુજીની ઓળખાણ આપતાં જણાવ્યું હતું કે "તેઓ ધાંધલીઆ રાજકારણમાં કોઇ પણ વખતે પ્રવેશ્યા નથી. બહુ જ નાની ઉમ્મરે તેમણે વકીલાતની પરીક્ષા પસાર કરી અને તેમની કમાણી ધીકતી ચાલતી હતી. પણ મૂળથી જ સંયમશીલ જીવન અને ઉત્કટ ત્યાગભાવનાને લીધે ધંધા તરફ તેલતું દુર્લક્ષ થતું ગયું અને છેવટે તેમણે તે ધંધો છોડયો અને ગાંધીજીના સંપર્કમાં આવી રચનાત્મક કાર્યમાં જીવનસમર્પણ કર્યું. સ્વર્ગસ્થ જમનાલાલજી ગાંધીજી સાથે જોડાયા તે પહેલાં તેમનું જીવન ઘડવામાં કોઇ એક વ્યક્તિ કારણભૂત હોય તો તે પૂજ્ય જાજુજી જ છે. આ પ્રમાણે ત્યાગમય જીવન વ્યતીત કરતાં તેમને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઇ અને તેને પરિણામે તેઓ ચરખા સંઘના મંત્રી થયા, ગ્રામોદ્યોગ સંઘના ટ્રસ્ટી થયા અને છેલ્લા ચાર વર્ષથી રક્તતીપીનીઆ મહારોગી આશ્રમમાં રહી સેવા કરી રહ્યા છે. આવી એક પ્રખર વ્યક્તિના હાથે વ્યવહારશુદ્ધિના આ સપ્તાહનું ઉદ્‌ઘાટન થાય છે તે આપણું બહુ મોટું સદ્‌ભાગ્ય છે."

શ્રી જાજુજીનું પ્રવચન

ત્યારબાદ પૂજ્ય શ્રી જાજુજીએ વ્યાખ્યાન આપતાં કહ્યું કે "આ સપ્તાહ મનાવવાનો જે વિચાર થયો છે તે એક શુભ સંકલ્પ છે, તેમાં અંતઃકરણની શુદ્ધિની વાત છે. હિન્દુ શાસ્ત્રો પણ એમ જ કહે છે. પૂજ્ય નાથજી મહારાજ અહિં છે એ જ બહુ મોટી વાત છે. મને આજ્ઞા થઇ તેથી જ હું અહિં આવ્યો છું. સારા કામમાં ઇશ્વરનો આશીર્વાદ છે એમ માનીને દૃઢતાથી આગળ ચાલવું જોઇએ.

મેં હમણાં મંડળનો એ વર્ષના કામકાજનો રીપોર્ટ સાંભળ્યો. અને મારે ચર્ચા પણ થઇ હતી, તે ઉપરથી જોઇ શકાય છે કે આ મંડળનું કામ ઘણી જ સાવધાનીથી ચલાવવામાં આવ્યું છે. એમાં કશો આડંબર નથી. કોઇના ઉપર દબાણ લાવવાની વાત નથી. કોઇને સંકોચ થાય તેવું પણ નથી. પ્રસન્નતાથી જેટલું થઇ શકે એટલું જ દરેક કરવું એવો જ વિચાર રાખવામાં આવેલો છે. જે દિવસે કોઇને લાગે કે હવે નભી શકાય તેમ નથી ત્યારે છુટા થવાની સગવડ પણ આમાં રાખેલી છે. માનવીનિર્બળતાને માટે જેટલું સ્થાન આપી શકાય એટલાને આમાં સ્થાન છે. પણ સાથે સાથે માણસ જેટલો ઉપર જવા ઇચ્છે તેટલું જવાને પણ સ્થાન છે.

રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઘણાને અમો મળ્યા તો ખરા પણ તેમાં પુરતી સફળતા મળી નથી. મારે આપને કહેવું જોઇએ કે જ્યારે આવી જાતના આંદોલનો ચાલે છે ત્યારે આપણું કર્તવ્ય એ છે કે આપણે સાંભળી તો લઇએ, કારણ જેમ ધર્મની વાત સાંભળીએ છીએ પછી તે બાબત કંઇ કરીએ કે ના કરીએ એ જુદું એવું જ આમાં પણ છે.

મને જણાય છે કે આગળ જતાં ભારતવર્ષમાં જો શુદ્ધિનું કામ ખૂબ જોર પકડે તો તેના પ્રારંભનો યશ મુંબઇને ફાળે જશે. અને તેથી હું ભારપૂર્વક જણાવું છું કે મુંબઇવાળાઓએ આ બાબતમાં ઘણું જ આગળ વધવું જોઇએ.

આપ જોશો કે સડક ઉપર, રેલમાં, બસમાં, સભામાં જ્યાં માણસો ભેગાં થાય છે ત્યાં એક જ વાત સાંભળવામાં આવે છે કે ભ્રષ્ટાચાર, કાળા બજાર, લાંચરૂશ્વત વિગેરે વધી રહ્યાં છે. કરોડોને મોઢે આ જ વાત સાંભળવામાં આવે છે. આમ નિંદા કરવાવાળા અંદરથી જોતા નથી પણ તેમણે અંદરથી જોવાની ટેવ પાડવી જોઇએ. બીજા શું કરે છે તે તરફ ન જોતાં પોતા તરફ જોવું જોઇએ અને એમ વિચારવું જોઇએ કે મારા હૃદયમાં કંઇ બુરાઇઓ તો નથી ને? અજાણતાં, લોભથી કે ડરથી મારામાં દોષો દાખલ તો થઇ ગયા નથી ને? અરસપરસ બુરું કહેવાથી તો કશું જ કંઇ થતું નથી. તેને દૂર કરવાનો પ્રયત્ન આપણે કરવો જોઇએ. વ્યક્તિગત રીતે અને સામુદાયિક રીતે કામ કરવા માટે આવાં શુદ્ધિ-મંડળોની જરૂર છે, જો પ્રયત્ન જ ના કરીએ તો કશું જ થશે નહિ.

હવે હું મુખ્ય વિષય ઉપર આવું છું. જે બુરાઇઓ આપણામાં આવી ગઇ છે, સંગ્રહખોરી, નફાખોરી, લાંચરૂશ્વત વગેરે વ્યવહારમાં સરકારમાં, તેમ જ સામાન્ય લોકોમાં જોવામાં આવે છે તે દૂર થવી જોઇએ. વ્યવહારશુદ્ધિ એ તો સત્યની ઉપાસના છે. આપણી વૃત્તિ એવી બનવી જોઇએ કે સત્યની બહાર જે કંઇ છે તે તરફ આપણું ધ્યાન જ ના જાય. સત્યની ઉપાસના જેટલી વધે તેટલા પ્રમાણમાં દોષો દૂર થશે.

દરેક ધર્મવાળા માને છે કે સત્ય એ ઇશ્વરરૂપ છે. તે તરફ જો ધ્યાન ન આપીએ અને સત્યનો અપલાપ કરીએ તો દોષ વધશે. પૂજ્ય બાપુજીએ સત્ય અને અહિંસા એટલે પ્રેમ પર જોર આપ્યું અને જીવનના બધા ક્ષેત્રોમાં કુંટુંબ, વહેવાર, સમાજ, રાજકારણ બધે જ તેને વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન કર્યો. આપણે પણ તેમજ કરવું જોઇએ. ઘણા કહે છે કે વ્યવહારમાં સત્ય કેમ ચાલે? ચોપડીઓમાં ઠીક છે. વ્યવહારમાં તો કંઇક મિશ્રણ જ જોઇએ. જુના શાસ્ત્રોમાંથી ધર્મરાજ વિગેરેનાં ઉદાહરણો પણ આપવામાં આવે છે. ખરી રીતે તો આ આપણી દુર્બળતાનું જ સમર્થન છે. પણ આવા ભ્રામક તત્ત્વજ્ઞાનમાંથી આપણે જેમ બને તેમ જલ્દી નીકળી જવું જોઇએ. મોહ, લોભ કે ડરથી જે કંઇ કરીએ તેનું સમર્થન તો આપણે ન જ કરીએ. તે દુર્બળતા છે એમ માનીએ તો કયારેક પણ તેમાંથી આપણે નીકળી શકીશું.

કેટલાક દોષો પરિસ્થિતિને લીધે થયા છે અને વધ્યા છે. નફો લેવો વિગેરે મામુલી વેપારની પરંપરા તો હતી જ, પણ આજે તેનું સ્વરૂપ ઘણું જ વધી ગયું છે. એક અનાજનું જ ઉદાહરણ લઇએ. અનાજ જ ઓછું છે અને તેથી સરકાર નિયંત્રણ મૂકે છે. એ જો તેમ ન કરે તો ગરીબોને ભૂખે મરવાનો જ પ્રસંગ આવે. જુના વખતમાં દુકાળો પડતા અને માણસો મરતા. તે વખતે બધું તેમના ભાગ્ય ઉપર છોડી દેવામાં આવતું, પણ આજે એ વાત રહી નથી. લોકોને અનાજ પુરૂ પાડવું એની જવાબદારી સરકારની જ સમજવામાં આવે છે. ૧૯૪૪ના દુકાળ વખતે વેપારી સીનીકેટ બનાવવામાં આવી હતી. અને લાખો માણસો મરી ગયા તો પણ એ વેપારી સીન્ડીકેટનું ધ્યાન પૈસા કમાવા તરફ જ રહ્યું હતું. પણ હવે લોકોમાં જાગૃતિ આવી છે. જુની વિચારધારા રહી નથી. કર્મ પુનર્જન્મની દલીલ હવે ટકી શકતી નથી. આ સ્થિતિમાં સરકાર પોતાની જવાબદારી અદા ન કરે તો ગરીબોને મરવાનો જ વારો આવે અને તેથી નિયંત્રણની પ્રથા ઉભી કરવામાં આવી છે. અને એ નિયંત્રણમાંથી કાળા બજાર વિગેરે દોષો ઉભા થયા છે. તેના પરિણામે દેશમાં ભયાનકતા આવી રહી છે તે તરફ આપણા બધાનું ધ્યાન જવું જોઇએ. ભારતમાં શું થશે તે કહી ના શકાય. તેથી આવા શુદ્ધિ આંદોલનોની જરૂર છે.

મારૂં આપને નિવેદન છે કે પરિસ્થિતિ જરૂર કઠણ છે, પણ ઇમાનદારીથી અને હિંમતથી આપણે તેનો મુકાબલો કરવો જોઇએ. થોડી થોડી મુશ્કેલીઓ આવે તે સહન કરવી જોઇએ અને જ્યારે નભી ન જ શકાય ત્યારે હિંમત હારીએ તો દોષ ન ગણાય. આપણે બધાએ ત્યાગ અને તપશ્ચર્યાથી જીવન ગાળવાની ટેવ પાડવી જોઇએ. આરામ અને સુખચેનથી રહેવું અને આવા આંદોલનમાં જોડાવું એ બે વાત બની ન જ શકે.

વખત એવો આવશે કે આવા આંદોલનોનું જોર વધશે અને લોકોમાં સરકારના અયોગ્ય કાનુનો તોડવાની શક્તિ આવશે. હમણાંનો ગોળનો બનેલો એક દાખલો તમને આપું. ગુજરાતના એક ગામનો તે છે. ગમે તેમ કરીને ખરાબ ગોળથી તે ભાઇએ નભાવ્યું. છેવટે તેણે કલેકટરને લખ્યું કે "બજારમાં ગોળ છે, પણ કંટ્રોલ ભાવે મળી શકતો નથી. આજથી પંદર દિવસ હું ગમે તેમ નભાવીશ અને નિયંત્રિત ભાવે મેળવવા પ્રયત્ન કરીશ અને ત્યાર બાદ જો નહિ મળે તો જે ભાવે મળશે તે ભાવે ખરીદીશ અને સરકારનો સેલ્સટેકસ તે ભાવ ઉપરનો હું સરકારને ભરીશ. જે ભાવે ખરીદ્યો હશે તે જણાવીશ. પરંતુ વેપારીની રજા વગર તેનું નામ નહિ જણાવું અને તે બદલ મારે જે સજા ભોગવવી પડશે તે માટે હું તૈયાર છું" મુદ્દતની અંદર તે ભાઇને સરકારે ગોળ મેળવી આપ્યો. આ રીતે મુશ્કીબતમાંથી ઇમાનદારીથી માર્ગ નીકળી શકે છે.

હવે લાંચરૂશ્વતની વાત આપણે આપણા કામોને માટે રેલ્વેમાં, પોલીસમાં, કોર્ટમાં વગેરે જગ્યાઓએ લાંચ ન આપતાં થોડી રાહ જોઇએ તો આપણું કામ જરા બગડશે ખરૂં, પરંતુ તેથી હિંમત ન હારતાં લાંચ ન આપવી જોઇએ, એકાકી કે સંગઠીત રીતે આપણે લડવું જોઇએ, ઝગડવું જોઇએ. અને તો જ આમાંથી ઇમાનદારીનો રસ્તો નીકળશે.

સરકારને ટેકસ ન ભરવો એને અત્યારે કુશળતા માનવામાં આવે છે. એનું કારણ એ છે કે ખરાબ વાતને સારી માનવાની પ્રથા પડી છે. અને આપણે સત્યની ઉપાસના છોડી દીધી છે. પરંતુ આ ખોટું છે. હા ટેકસ વધારે હોય તો સામનો કરવો જોઇએ, સત્યાગ્રહ કરવો જોઇએ.

આ આંદોલન શરૂ થયું તેમાં એક વાત મેં જોઇ છે. જે માણસ મંડળના સંપર્કમાં આવે છે ત્યારથી તે વિચાર કરવા લાગે છે. દોષને દોષ રૂપે જોવા લાગે છે. જે બુરાઇએ કરી રહ્યો છે તેનો વિચાર કરવા લાગે છે આ એક ઘણી સારી વાત છે. આ રીતે મનોમંથન ચાલી રહ્યું છે તે એક શુભ કામ છે.

સદીઓ પછી સ્વરાજ્ય મળ્યું છે. સરકાર ગમે તેટલા સારા કાયદા ઘડે તો પણ લોકો તેને ટાળવાનો જ પ્રયત્ન કરે છે આમ થાય તો સ્વરાજ કેમ નભશે? તે નભવા માટે તો આપણી નૈતિક શક્તિ વધવી જોઇશે. પોતાના સ્વાર્થ કરતાં દેશનો સ્વાર્થ જોવો પડશે. લાખો માણસો ભૂખ્યા મરે અને થોડા માણસો સુખચેન આરામથી રહે તે હવે ચાલવાનું નથી આખા જગતમાં આંદોલન ચાલી રહ્યું છે એથી આપણે પરિગ્રહ ઓછો કરવા તરફ, લોકોને ન્યાય મળે અને આર્થિક સમતા થાય તે તરફ પ્રયત્ન કરવો જોઇએ. આ શુદ્ધિના આંદોલનમાં વ્યક્તિના કલ્યાણ સાથે સમાજનું કલ્યાણ છે જ, આપ ભાઇબેનો આમાં યથાશક્તિ મદદ કરો. તમને બધાને ધન્યવાદ હું આપું છું."

શ્રી કેદારનાથજીનું પ્રવચન

પૂજ્ય નાથજીએ કહ્યું કે "શુદ્ધિસપ્તાહનો જે સંકલ્પ રાખ્યો હતો તે પ્રમાણે તે પવિત્રપણે શરૂ થાય છે તે જોઇને મને ઘણો આનંદ થાય છે. દરેક જગાએ જ્યાં સભાઓ થાય છે ત્યાં ઉત્સવ મનાવવામાં આવે છે. તેને આનંદઉત્સવનું સ્વરૂપ આપવામાં આવે છે. હિન્દુ ધર્મમાં શ્રાવણીનું એક પર્વ છે. તેને ઉત્સવ નહિ પરંતુ પવિત્ર બનવાનું પર્વ માનવામાં આવે છે. હું આ સપ્તાહને ઉત્સવ, મેજમજા કે મનોરંજન નથી સમજતો, પરંતુ પ્રાયશ્ચિતરૂપે જોઉં છું પશ્ચાતાપ, પ્રયશ્ચિત કે શુદ્ધિનો કોઇ દિવસ સમાજમાં છે શું? આપણું જીવન ખરાબ થતું જાય છે, ધર્મથી દૂર થતું જાય છે તેથી પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતની ઘણી જ જરૂર છે; તીર્થમાં લોકો પ્રતિષ્ઠા માટે જાય છે તે વાત અલગ છે, પરંતુ ત્યાં પવિત્ર થવાય છે એ મુખ્ય વાત છે, હું આ સપ્તાહને તીર્થ રૂપે સમજું છું. મારી એટલી પ્રતિષ્ઠા છે કે હું આ સપ્તાહ માટે હિંદભરમાંથી ગમે તેને બોલાવી શકત પણ વિચાર કરીને મે શ્રી જાજુજીને બોલાવ્યા છે. મારા મનમાં તેમના પ્રત્યે આદર છે તે આદર હું કૃતિથી જ બતાવી શકું.

સભ્યોને મેં કહ્યું કે આ સપ્તાહમાં સંયમથી રહો, બધી ઇન્દ્રિઓને તાબે રાખો, કોઇ પણ પ્રકારનું મનોરંજન મોજમજા ન કરો, જેટલી સાવધાનીથી ચલાય એટલું સાધવા પ્રયત્ન કરો; આ વાત બધા સભ્યો સમજ્યા. વળી અમારા મંડળને ઘણા લોકોએ પૈસા મોકલ્યા પરંતુ કોના પૈસા લેવા, કોના ન લેવા? પૈસા કાળા બજારના છે કે કઇ રીતના તે ખબર ના પડે તો કેમ લઇ શકાય તેની ચર્ચા થઇ અને અંતે નક્કી થયું કે જે સભ્યો છે જે હિતેચ્છુ છે અને જે શુદ્ધ થવામાં પ્રયત્નશીલ છે તેનાજ પૈસા લેવા અને મંડળનું કામ ચલાવવું, આપણે પૈસા સાવધાનીથી લેવા જોઇએ. મંડળમાં પૈસા તરફ કૃષ્ટિ ન રાખતાં માણસના હૃદય તરફ કૃષ્ટિ રાખવી જોઇએ. આપણે ઘણી સાવધાનીથી એકએક પગલું ભરીએ છીએ. મને કહેતાં આનંદ થાય છે કે જે જે ભાઇઓ સંપર્કમાં આવે છે તેમનું પહેલાંનું જીવન ગમે તેવું હશે પરંતુ આજે તેઓ વિચાર કરતા થઇ ગયા છે અને જાગ્રત થતા જાય છે. તેઓ એમ વિચારે છે કે મારે મંડળને પુછવું જોઇએ. વિકારવશ થઇને આવેશમાં કે ધનતૃષ્ણાથી હું આ કામ નથી કરતો ને?

આપણે બધા ધર્મ ઉપર, ઇશ્વર ઉપર સત્ય ઉપર શ્રદ્ધા રાખીએ તો કઠણ દિવસો નહિ આવે. આપણે માણસ છીએ. માનવતા માટે આપણો જન્મ છે. માણસની માફક ચાલવાનો પ્રયત્ન કરીશું અને તે માટે કષ્ટ ઉઠાવીશું તો આજની મુશ્કેલીઓ અને સંકટોનો કશોજ હિસાબ નથી. જે હિંમતવાન છે તેને કશું જ મુશ્કેલ હોતુ નથી. જાપાન આવે છે એવું સાંભળતાં જ લોકો મુંબાઇમાંથી ભાગવા લાગ્યા હતા. હું તે વખતે કહેતો કે ભાઇઓ ભાગો નહિ પણ તેમને તો લાગતું જ કે જે મુંબાઇમાં રહ્યો તે મરી જ ગયો. બોંબ પડશે તો તેના મહોલ્લામાં અને તેના ઘર ઉપર જ પડશે. પણ જેને પરમાત્મા ઉપર ભરોસો છે જે માનવધર્મને સમજે છે તે જાણે છે કે મૃત્યુ આવશે ત્યારે પોતે બચી શકશે નહિ. આવો માણસ દરરોજ મરતો નથી. એને એવો વિશ્વાસ છે કે જીવીશ તો પણ ધર્મ માટે અને મરીશ તો પણ ધર્મ માટે. એવાને રોટી તો મળશે જ. એક જ પરિસ્થિતિ કાયરને કાયર અને નીડરને શૂર બનાવે છે, લોભીને લોભી અને નિર્લોભીને નિર્લોભી બનાવે છે. જે પ્રસંગ કાયર માટે ભાગવાનો છે તે જ પ્રસંગ શુરવીરને શુરવીરતા બતાવવાનો છે. ભાઇઓ અને બહેનો! પ્રસંગ કંઇ અલગ અલગ હોતા નથી. આ ઉપરથી આપ સમજશો કે આ પ્રસંગ માનવતાની પ્રાપ્તિનો છે.

જ્યારે મેં જોયું કે દ્રવ્ય માટે જ દરેક વ્યક્તિ બીજાને નુકશે છે, તેની અડચણનો ફાયદો ઉઠાવે છે તો મને લાગ્યું કે આ તો ખરાબમાં ખરાબ વસ્તુ પ્રકટ થાય છે અને આપણું અધઃપતન થાય છે. વ્યાજબી ભાવ, વ્યાજબી દર તેનું કંઇ ઠરાવી કમાતું નથી. કેવળ બીજાની અડચણનો જ લાભ ઉઠાવવામાં આવે છે. આ સૌથી ભયંકર વસ્તુ છે. પણ જે માણસ સંતોષથી ધર્મનું પાલન કરે છે તે જ સુખી છે. આજે જાજુજી સાહેબે જે સહજ રીતે ધર્મ તથા સત્ય ઉપર આટલું વિસ્તૃત કહ્યું એવું ભાગ્યે જ કોઇએ કહ્યું હશે. તમે બધા તેમણે કહ્યું તે જીવનમાં લાવવાનો પ્રયત્ન કરો.

હવે એકજ વાત કહીને હું સમાપ્ત કરીશ. માણસ તીર્થમાં જાય છે ત્યાં જઇને આવવાનું તો કંઇ મહત્વ નથી, પણ કંઇક વ્રત લઇએ એજ મહત્વનું છે. આજે તમે જે સાંભળ્યું તે જો યોગ્ય લાગ્યું હોય તે વિષે તમને આદર છે તે હું માનું છું તો તમે નાનામાં નાનું પણ વ્રત લો. માળા પહેરાવવી એ આડંબર છે; ખરો આદર નથી. સાચો આદર એજ છે કે આજે મે કહ્યું તે મુજબ આચરણ કરો."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુવરજી કાપડિયા.

વર્ષ : ૧૩ અંક : ૬ | મુંબઈ : ૧૫ જુલાઇ ૧૯૫૧ રવિવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

આચાર શુદ્ધિ

(મુંબઇ ખાતે મહાવીર જયન્તી નિમિત્તે તા. ૧૯-૪-૫૧ ના રોજ યોજાયેલ સભાના પ્રમુખસ્થાનેથી શ્રી કેદારનાથજીએ આપેલ પ્રવચનની સંક્ષિપ્ત નોંધ.)

જૈનોમાં ત્રણ ફીરકા છે. તેઓ આજ જયંતિ પ્રસંગે એકત્ર થયા છે, અને ભેગા મળી જયંતી મનાવે છે તે અત્યંત આનંદની વાત છે. આવી રીતે આપણા દેશના બધા જ સંપ્રદાયો અને ધર્મો એકત્ર થઇ એક જ દિવસની ઉજવણી કરે તો વધુ આનંદ થાય. આમ કરી આપણામાં જે ભેદો છે તે નીકળી જાય તો કેટલા આનંદની વાત કહેવાય!

મહાવીરસ્વામીની શ્રેષ્ઠતા એટલી ભવ્ય છે કે તેનું ગમે તેટલું વર્ણન કરીએ છતાં તે પુરું થાય નહિ. તેમણે પ્રરૂપેલો જૈનધર્મ વિશ્વધર્મ હોવાને લાયક છે, પણ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહને પાળવાનું મહત્વ જ્યાં સુધી આપણે સમજીએ નહિ અને તે પ્રમાણે વર્તન કરીએ નહિ ત્યાં સુધી આપણામાં સાચું મનુષ્યત્વ આવ્યું કહેવાય નહિ. મહાવીર સ્વામી જે કંઇ કહી ગયા તે બધું અનુકરણ કરવા માટે અને આચરણ કરવા માટે છે. આપણે બધા સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહને જીવનમાં મહત્વ આપી માનવીસમાજના કલ્યાણ માટે જીવીએ ત્યારે જ આપણે મહાવીરના સાચા અનુયાયી કહેવાઇએ.

ઇશ્વરના નામે બલિદાન વધ વગેરે થતાં હતાં, અને તેમાં પુણ્ય છે, પાપનો નાશ થાય છે અવી માન્યતા પ્રચલિત હતી તેનો વિરોધ કરી મહાવીર સ્વામીએ શુધ્ધ ચારિત્ર્યથી બતાવી આપ્યું કે માનવીના જીવનમાં સદાચારની અને વ્રતપાલનની અત્યંત આવશ્યકતા છે અને ઇશ્વર હિંસાથી સંતુષ્ટ થાય છે એવું માનવું એ ઇશ્વરનું અપમાન છે અને સાથે સાથે એવી જડ માન્યતામાં માનવીનું પતન છે. તેઓએ સત્યતત્વના આચરણ ઉપર ભાર મૂકયો અને તે પ્રમાણે શુદ્ધ જીવન જીવી બતાવ્યું. આપણે પણ તેમના સંતાનો છીએ તો તે પ્રમાણે શુદ્ધ અને તત્વનિષ્ટ જીવન જીવવું જોઇએ. તેમની જયંતી નિમિત્તે તેમના જીવનની મહત્તા યાદ કરી માત્ર તેમનાં ગુણગાન ગાયે ચાલશે નહિ, પરંતુ તેમણે જે જે ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે વર્તન કરી માનવીજીવનનો ઉત્કર્ષ કરવામાં આપણે ફાળો આપવો જોઇએ અને શુદ્ધ જીવન જીવી માનવી જીવન સાર્થક કરવું જોઇએ. જ્યાં સુધી આપણે ખુદ શુદ્ધ આચરણ કરીએ નહિ ત્યાં સુધી ગ્રંથોમાં આપણને ઉંચે લઇ જવાની કોઇ પણ જાતની તાકાત નથી એ આપણે બરોબર સમજી લઇએ. ધર્મમાં પ્રાણ ત્યારે ઉત્પન્ન થાય છે, જ્યારે મનુષ્ય તેનું આચરણ કરે છે. ચેતન સાથે તેનો સંબંધ આવે છે, માટે જ્યારે આપણે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહનું પાલન કરીશું અને તત્વનિષ્ટ જીવન જીવીશું ત્યારે જ આજે જે હિન્દુસ્તાનની સ્થિતિ છે.તે સુધરશે. મહાવીર સ્વામીના વખત કરતાં આજની સ્થિતિ વધારે કઠણ છે. આજે ઘણાં અનિષ્ટો આપણી નજરે પડે છે. આપણા દીવાળીમાં ચોપડા પર પવિત્ર નામો લખવામાં આવે છે. પણ પછી અંદર શું ? કર્યા ગઇ આપણી ઇશ્વરનિષ્ઠા ? સંવત્સરિના દિવસે આપણે સત્ય, અહિંસા વિગેરેની મોટી મોટી વાતો કરીએ છીએ; પરંતુ સંવત્સરિનો ઉત્સવ ઉજવાઇ ગયા પછી આપણે આપણો વ્યવહાર તપાસવો જોઇએ. સરકાર જાગૃત હોવા છતાં તેને આટલા બધા પ્રયત્નો કેમ કરવા પડે છે તેનો આપણે વિચાર કરવો જોઇએ. જો આપણે બધા શુધ્ધ વ્યવહાર કરતા હોઇએ, તત્વનિષ્ટ જીવન જીવન હોઇએ તો આજે જે જે મુશ્કેલીઓ જણાય છે તે સરળ થઇ જાય. આપણો આત્મા સર્વજ્ઞપન્ન છે, સર્વજ્ઞ છે, સર્વશક્તિમાન છે. મહાવીર, બુધ્ધ, રામ વિગેરેએ પ્રયત્નો કર્યા અને તે મહાન થયા તેમ આપણે પણ પ્રયત્ન કરીએ તો એવા થઇ શકીએ.

આજે આપણો વ્યાપાર ખરાબ થઇ ગયો છે તેનું ખરું કારણ ધનલોભ છે. તેને સુધારવો હોય તો આપણે અસ્તેય અને અપરિગ્રહનું પાલન કરવું પડશે. મહાપુરૂષોનું ચરિત્ર ફકત વાંચવા માટે અને ગુણગાન માટે નથી, પરંતુ તેમાંથી બોધ લઇ આચરણ કરવા માટે છે. આચરણ કર્યે બધાનો ઉધ્ધાર થઇ શકે છે. શુદ્ધ આચરણ કરનાર જો ચંડાળ હોય તો પણ તેનો ઉધ્ધાર થઇ શકે છે. તેણે યમનિયમોનું પાલન કરવું જ જોઇએ. જે વ્યાયામ કરે તે આરોગ્યવાન થાય. એક જે કરી શકે તે બીજો જરૂર કરી શકે. મહાવીર કરી શકયા તે આપણે કરી શકીએ. ફકત તેમના જેવું શુધ્ધ આચરણ કરવું જોઇએ.

હજારો વર્ષ થયા પણ આપણે શુધ્ધ વ્યવહાર કરતા નથી. જે આપણા વડીલોની કીર્તિ ગાય છે પરંતુ તેમના આચરણ મુજબ આચરણ કરતો નથી તે મુર્ખ છે. તેઓએ તપ કરી સિધ્ધિ પ્રાપ્ત કરી તેવી જ રીતે આપણે પણ તેમના ગુણગાન ગાવાનું છોડી દઇ સિધ્ધ મેળવવા માટે તપ કરવું પડશે, શુદ્ધ જીવન જીવવું પડશે, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહનું પાલન કરવું પડશે, એકલા ગુણગાન ગાવાનો કંઇ અર્થ નથી.

જેમ અન્ન પચાવવું આવશ્યક છે ત્યાં સુધી વ્યાયામની આવશ્યકતા છે. તેમ જ્યાં સુધી મન છે ત્યાં સુધી તેને શુદ્ધ કરવાની આવશ્યકતા છે. જેને શરીર છે તે જેમ શરીરને શુદ્ધ રાખે, શરીર ઉપરના કપડા શુદ્ધ રાખે તેમ જેને મન છે તેણે મન શુદ્ધ રાખવું જ જોઇએ. જેમ શરીરને બળવાન બનાવવા પરિશ્રમની આવશ્યકતા છે તેમ મનને બળવાન બનાવવા યમનિયમોનું પાલન આવશ્યક છે. કોઇ પુણ્યવંત પુરૂષ નિર્માણ થશે અને તે આપણને સર્વ દુઃખોમાંથી છોડાવશે તેવી આશા છોડી દઇ મહાનપુરૂષોએ જે પુણ્યનો અને તપનો માર્ગ બતાવ્યો છે તે પ્રમાણે વર્તન કરી આપણે જ તૈયાર થઇ જઇએ અને કોઇ

(અનુસંધાન પૃષ્ઠ ૫૨)

यद्यपि शुध्धं लोकविरुध्धं

શ્રી. ટી. જી. શાહની પુત્રી બહેન કંચને પોતાના સહાધ્યાયી એક ખ્રીસ્તી યુવક સાથે લગ્ન કર્યાના સમાચાર પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં આપવામાં આવ્યા છે. આ લગ્નઘટનાએ જૈન સમાજમાં અને ખાસ કરીને સ્થાનકવાસી સમાજમાં મોટો ખળભળાટ પેદા કર્યો છે કારણ કે શ્રી. ટી. જી. શાહ સ્થાનકવાસી સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિ છે અને તેઓ તથા તેમનાં પત્ની એક ધર્મપરાયણ અને સ્થિતિસંપન્ન યુગલ છે. તેમના જીવનમાં પણ આ અણચિન્તવ્યા બનાવે એક ધરતીકંપ જેવો ક્ષોભ પેદા કર્યો છે. આ લગ્નઘટનાના ગુણદોષની ચર્ચા કરતાં પહેલાં આ આખી ઘટના કેમ બનવા પામી તેની અહિં સંક્ષિપ્ત રજુઆત કરવી જરૂરી લાગે છે.

બહેન કંચન મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા બાદ અંધેરીમાં આવેલી મેઘજી મથુરાદાસ કોલેજમાં દાખલ થઇ હતી અને જેની સાથે તે લગ્નસંબંધથી જોડાઇ તે ઓલીવર આલ્ફ્રેડ ફ્રેસાઇ પણ તે જ કોલેજમાં દાખલ થયો હતો અને ત્યાંની હોસ્ટેલમાં રહેતો હતો અને અહિં જ ઉભયના પરિચયનો પ્રારંભ થયો હતો. આ પરિચય ઉત્તરોત્તર વધતો ચાલ્યો અને ગાઢ મૈત્રીમાં પરિણમ્યો અને તેમાંથી જ ધીમે ધીમે એકમેક સાથે લગ્નસંબંધથી જોડાવાનો વિચાર જન્મ્યો. આ વસ્તુસ્થિતિથી બહેન કંચનના માતપિતા તદ્દન અજાણ્યા હતા. બહેન કંચન ઇન્ટર પાસ થઇ અને પછી પોતાને બી. એ. માં જે વિષય લેવો હતો તે શિખવાની વધારે અનુકુળતા એલ્ફીન્સ્ટન કોલેજમાં લાગવાથી બી. એ. નું ભણવા માટે બહેન કંચન એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થઇ. આમ છતાં પણ શ્રી ઓલીવર સાથેનો તેનો પ્રેમસંબંધ ચાલુ જ રહેલો. આજથી પોણા બે વર્ષ પહેલાં પોતાના જ સમુદાયના એક શ્રીમન્ત કુટુંબના યુવાન સાથે બહેન કંચનનો લગ્નસંબંધ કરવાની વાતચિત જ્યારે શ્રી. ટી. જી. શાહે ચલાવી, ત્યારે બહેન કંચને પોતાની દિલની વાત પોતાનાં માતપિતાને પહેલી જ વાર જણાવી અને પોતા માટે આવી કશી ખટપટમાં નહિ ઉતરવા વિનંતિ કરી. આ વાત જાણીને બન્નેને ઘણો સખ્ત આઘાત લાગ્યો, આ વાત કોઇ કાળે બની ન જ શકે એવો પોતાનો મક્કમ અભિપ્રાય તેમણે બહેન કંચનને જણાવ્યો અને શ્રી. ટી. જી. શાહે પોતે ઓલીવર પાસે જઇને આ વાતને આટલેથી જ બંધ કરવા સખ્ત અનુરોધ કર્યો. આમ માતપિતા તરફથી સખ્ત પ્રતિબંધ મુકાવા છતાં ઓલીવર અને કંચનનો સંબંધ જો કે ચાલુ રહ્યો તો પણ બાહ્ય દૃષ્ટિએ બહેન કંચનની સર્વ પ્રકારે આજ્ઞાધીનતા અનુભવીને માબાપ એ વિષયમાં નચિન્ત બનીને બેઠા. ઉપર જણાવેલ ઘટનાના પરિણામે કંચન અને તેના માબાપ વચ્ચે આ પ્રશ્ન પુરતી એક દીવાલ ઉભી થઇ અને કંચનના હૃદયનો સંપર્ક માબાપ ખોઇ બેઠા એ તેઓ જોઇ ન શકયા. ક્રમશ : બી. એ. ની પરીક્ષા ઓલીવરે પાસ વર્ગમાં અને કંચને બીજા વર્ગમાં પસાર કરી અને એમ. એ. માં બન્નેએ પ્રવેશ કર્યો, અને તેને પણ એક વર્ષ પુરૂં થવા આવ્યું. આખરે આ અનિશ્ચિત પરિસ્થિતિનો અન્ત આણવાનો બન્નેએ નિરધાર કર્યો. આ બાજુ શ્રી ટી. જી. શાહ તથા તેમનાં પત્ની આ લગ્નને કોઇ પણ કાળે અનુમતિ આપશે જ નહિ એમ બહેન કંચને જોઇ લીધું; બીજી બાજુ ઓલીવરના માતાપિતા પણ સ્થિતાન્યુસ્ત ખ્રીસ્તી હોઇને પોતાનો દીકરો કોઇ અખ્રીસ્તી કન્યાને પરણે એ તેમને બીલકુલ અસ્વીકાર્ય હતું. પરિણામે ગયા માર્ચ માસની પંદરમી તારીખે બન્નેએ પ્રત્યેકના માતપિતાથી છાનગી રીતે સીવીલ મેરેજ વિધિથી લગ્ન કર્યું. આમ છતાં બન્ને જુદું ઘર માંડીને રહી શકે એવી કોઇ તેમની તત્કાળ સ્થિતિ જ નહોતી. લગ્નના સમાચાર પોતાના માતપિતાને કેમ આપવા એ કંચનને માટે એક ભારે મુંઝવતો પ્રશ્ન હતો. ઘેર એ વખતે કેટલાએક મહેમાન આવેલા હતા. આ બધા વચ્ચે ઘરમાં કયાં ખળભળાટ પેદા કરવો એમ વિચારીને કંચન મૌન રહી. મહેમાન ગયા અને એપ્રીલ તથા મે માસ માબાપે મહાબળેશ્વર તથા માથેરાનમાં પસાર કરવાનો નિર્ણય કર્યો. આ પ્રવાસમાં પણ વિક્ષેપ પેદા કરીને આનંદભંગ કરવાની કંચનની હીંમત ન ચાલી અને લગ્ન સંબંધે તે તદ્દન મૌન જ સેવતી રહી. માથેરાનથી જુન મહીનામાં તેઓ પાછા મુંબઇ આવ્યાં. જુનની ૧૮ મી તારીખે ઓલીવરે કંચનના પિતાને પત્રદ્વારા લગ્નની હકીકત જણાવી. આ સમાચારથી કંચનના માતપિતાના દિલ ઉપર એક અણકલ્પ્યો વજ્રપાત પડયો. આજે પણ એ આઘાતની અસરમાંથી બન્ને હજુ પણ મુકત થઇ શકયા નથી.

આ છે આ લગ્નઘટનાનો ઇતિહાસ. આ લગ્નઘટના સ્વત : એક બાબત છે; તે કેવી રીતે નીપજી તે બીજી બાબત છે. આ ઘટનાના ઇતિહાસ ઉપરથી એ તો સ્પષ્ટ છે કે કોઇ એક છોકરીને ભોળવીને ભગાડી મૂકવાનો, ભરમાવવાનો કે છળપ્રપંચનો આ કોઇ કીસ્સો નથી. જે સ્થિતિસંયોગમાં બહેન કંચન ઉછરી, મોટી થઇ અને ધાર્મિક સંસ્કારો પામી તે જોતાં, તેને સ્વપ્ને પણ વિચાર આવવો ન જોઇએ એવી એક અન્યધર્મી વ્યક્તિ સાથે પરણવાનો કંચને નિર્ણય કર્યો એ જરૂર એક ભારે આશ્ચર્યજનક બીના છે. એમ છતાં પણ આ કોઇ એકાએક પાંચ પંદર દિવસની ઓળખાણ અને મહોબ્બતમાં લેવામાં આવેલો અવિચારી નિર્ણય નથી, પણ ઉતરોત્તર ચાર પાંચ વર્ષ દરમિયાન દૃઢીભૂત થયેલી પ્રેમગ્રંથિનું સ્વાભાવિક પરિણામ છે એ ઉપર આપેલી વિગતો ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય તેમ છે. આમ છતાં પણ ઉભયે માતપિતાથી તદ્દન છાનગી રીતે લગ્ન કર્યાં અને લગભગ ત્રણ મહીના સુધી આ હકીકતને પ્રગટ થવા ન દીધી આ બાબત પ્રસ્તુત લગ્નને અમુક અંશે સદોષ બનાવે છે અને આટલી હદ સુધી જવાને તૈયાર થયેલા યુવક યુવતીમાં હોવી જોઇતી નૈતિક હિંમતનો અભાવ સૂચવે છે એ કોઇથી પણ ના કહી શકાય તેમ છે જ નહિ.

આજે આપણે વિશાળ જનસમાજના વધારે ને વધારે નિકટ પરિચયમાં આવતા જઇએ છીએ; ભિન્નભિન્ન આચાર વિચાર અને જુદી જુદી ધાર્મિક માન્યતા ધરાવતા વર્ગો સાથેનો આપણો સંપર્ક વધતો જાય છે. એમ છતાં પણ લગ્નક્ષેત્ર જેવા પ્રશ્નમાં આપણું મન અમુક હદથી આગળ જઇ શકતું નથી. સર્વધર્મસમભાવનો આદર્શ બહુ બહુ તો આપણને એટલે સુધી લઇ જઇ શકયો છે કે અન્ય ધર્મોને આપણા ધર્મ કરતાં આપણે ઉતરતા ન ગણીએ. એમ છતાં પણ પોતાના ધર્મ વિષેનું મમત્વ, અન્ય ધર્મોથી નિરાળાપણું અને પોતા માટે પોતાના જ ધર્મનું સવિશેષ આદરણીયપણું એટલો ભેદભાવ તો સામાન્યત: આપણા મનમાં રહે જ છે. હિંદુ અને મુસલમાન અથવા તો હિંદુ અને ખ્રીસ્તી વચ્ચે આપણે હજુ જાણે કે કદિ ન પુરાય એવું અન્તર અનુભવીએ છીએ. આવી પરિસ્થિતિમાં આપણી એક કન્યા અન્ય કોઇ ખ્રીસ્તી યુવક સાથે જોડાય એ હકીકત આપણું દિલ સમભાવપૂર્વક સ્વીકારી ન શકે એ તદ્દન સ્વાભાવિક છે. સ્થિતિસ્યુસ્ત માબાપને માટે એ કડવો ઘુંટડો કેમે કરીને ગળે ન ઉતરે એવો છે.

બીજી બાજુએ આજે આપણાં ઉગતી ઉમ્મરનાં ભણતાં છોકરા છોકરીઓનું વાતાવરણ અને પરિસ્થિતિ બહુ જુદા પ્રકારની છે. આપણા પૂર્વગ્રહોથી, સાંપ્રદાયિક અભિનિવેશોથી, જ્ઞાતિ યા વર્ણના ઉંચ નીચાપણાના ખ્યાલોથી તેઓ બહુધા મુકત હોય છે. ભિન્નભિન્ન વર્ગના છોકરા છોકરીઓ સાથે ભણે છે, એકમેકના પરિચયમાં આવે છે અને તેમાં અનેક વચ્ચે મૈત્રો સંબંધો નિર્માણ જન્મે થાય છે. મુસલમાન યા ખ્રીસ્તી વિષે પણ આપણે જેટલું અન્તર

અનુભવીએ છીએ તેટલું અન્તર તેઓ અનુભવતા હોતા નથી. જેમ ખાનપાન સંબંધે અમુક સાથે ન જ ખવાય એવો ખ્યાલ આજે સર્વત્ર લુપ્ત થતો જાય છે તેવી જ રીતે અમુક જ્ઞાતિ, જાતિ કે ધર્મવાળા સાથે લગ્નસંબંધનો વિચાર જ થઇ ન શકે એવા આગ્રહની તેમના દિલ ઉપર પકડ કદિ જામતી જ નથી. આ રીતે બહેન કંચન અને ઓલીવરનું લગ્ન આજના કૉલેજ-જીવનના વાતાવરણનું એક સાહજિક પરિણામ છે એ આપણે સમજી લેવું જોઇએ. જો આપણે આપણાં છોકરા છોકરીઓના ઉચ્ચ શિક્ષણને આવકાર્યું, અને લગ્નની વય લંબાવી તો આ પરિસ્થિતિના આપણને ગમતાં તેમ જ અણગમતાં સર્વ પરિણામો સ્વીકારવાને તૈયાર રહેવું જોઇએ. આપણાં સન્તાનો જે કાંઇ કરે તેનો સઘળો વિચાર માત્ર આપણા ધોરણે જ નહિ પણ સંતાનોનું પોતાનું માનસ અને ચોતરફના સંયોગોને અનુલક્ષીને કરવો જોઇએ. આ રીતે વિચારતા કંચન અને ઓલીવરનું લગ્ન આપણને પ્રમાણમાં વિરલ છતાં સ્વાભાવિકપણે નીપજતી ઘટના લાગવી જોઇએ.

મુંબઇ જેવા મોટા શહેરોમાં વસતા આપણે આપણી દીકરીઓને મોટી ઉમ્મર સુધી ભણાવીએ છીએ અને સાધારણ રીતે અઢાર વીશ વર્ષ લગભગની થાય ત્યારે તેના વિવાહસંબંધનો વિચાર કરવા માંડીએ છીએ. વળી દીકરીની સ્પષ્ટ અનુમતિ સિવાય આજે વિવાહસંબંધ નિશ્ચત થઇ શકતો જ નથી. આમ છતાં પણ મોટા ભાગના વિવાહસંબંધો જ્ઞાતિ અને સંપ્રદાયના વર્તુળની અંદર જ ગોઠવાય છે અને આ તદ્દન સ્વાભાવિક છે. સમાન આચારવિચાર તથા રહેણી કરણીવાળા અને પરસ્પર પરિચિત એવા કુટુંબો વચ્ચે જ સામાન્યતઃ સર્વ જનસમાજમાં વિવાહસંબંધો યોજાતા આવ્યા છે. તદ્દન ભિન્ન પ્રકારની રહેણીકરણીવાળા અને જુદા જ પ્રકારના ધાર્મિક આચારવાળા કુટુંબમાં કન્યાને ગોઠવાવું બહુ જ મુશ્કેલ પડે છે એ આપણો ચાલુ અનુભવ છે. આમ હોવાથી ગમે તેવી વિશાળતાની વાતો કરવા છતાં આપણી દીકરી માટે વર પસંદ કરવાનો હોય ત્યારે આપણી નજર પરિચિત વર્તુળોમાં જ ફર્યા કરતી હોય છે. માતપિતાની હુંફમાં રહેતી છોકરીઓ પણ આજ રીતે ઘણું ખરૂં પસંદગી કરતી જોવામાં આવે છે.

આપણા સમાજની સામાન્ય પરિસ્થિતિ આવી હોવા છતાં પણ ચાલુ સીમાડાઓ તોડીને આજે કેટલાયે વિવાહસંબંધો યોજાતા આપણે અવારનવાર સાંભળ્યા કરીએ છીએ. અહિંથી પરદેશ ભણવા જતા વિદ્યાર્થીઓમાંથી કોઇ કોઇ પરદેશી યુવતી સાથે લગ્ન સંબંધથી જોડાય છે. આપણા દેશની યુવતીએ પરદેશી વિધર્મી સાથે લગ્ન કર્યાની ઘટનાઓ પણ બની ચુકી છે. આપણા દેશમાં પણ એક બાજુ હિંદુ અને બીજી બાજુ પારસી, ખ્રીસ્તી કે મુસલમાન વચ્ચે પણ અવારનવાર લગ્નસંબંધો નિર્માણ થતાં આપણે સાંભળતા આવ્યા છીએ. કંચન અને ઓલીવરનું જોડાણ પણ આ જ પ્રકારનું છે. અલબત્ત આવા બનાવો હજુ અપવાદરૂપ છે, એમ છતાં પણ સમયના વહેવા સાથે આવી ઘટનાઓ અધિકતર પ્રમાણમાં બની રહી છે એ સ્વીકાર્યા વિના છુટકો નથી.

આ લગ્નને સુધારક ગણવું કે કેમ તે તો અ પણે સુધારક કહીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. સાધારણ રીતે સમાજસુધારાની આપણી કલ્પના મર્યાદિત હોય છે સ્થિતિચુસ્ત લોકે વર્તમાનનાં વહેણને સમજી જ શકતા નથી હોતા અને ભૂતકાળની રૂઢિ પરંપરાને બને તેટલું વળગી રહેવામાં સમાજનું શ્રેય અને સ્થિરતા રહેલી છે એમ તેઓ માને છે. સુધારકો વર્તમાનની જરૂરિયાતોને પીછાણે છે અને તે પીછાણ મુજબ ચાલુ રીતરીવાજોમાં જરૂરી ફેરફારો કરતા રહેવાનું કહે છે. આમ છતાં પણ જે પગલું ભરવાના લાભાલાભ વિષે પોતાનું દિલ શંકારપદ હોય તે પગલાને તેઓ સંમત કરતા નથી. લગ્નની પસંદગી સંબંધમાં સુધારકો જરૂર ધરાવે છે કે આ પસંદગીમાં હવે નાતજાત કે ધોળાનાં બંધનો આડે આવવાં ન જોઇએ અને પસંદગીનું ક્ષેત્ર બને તેટલું વિશાળ થવું જોઇએ. આમ છતાં પણ જે બે વર્ગો વચ્ચે, ધર્મો વચ્ચે અથવા તો બે જાતિ વચ્ચે આચારવિચાર અને માન્યતાનું અસાધારણ અન્તર જોવામાં આવે છે તેવા વર્ગો, ધર્મો કે જાતિઓના છોકરાછોકરીઓના પરસ્પર લગ્નસંબંધને આવકારવાને તેઓ તૈયાર હોતા નથી. આ દૃષ્ટિએ વિચારતાં પ્રસ્તુત લગ્નસંબંધને સમાજસુધારકો અનુમત નહિ કરે.

પણ આજના આપણા સમાજદૃષ્ટાઓએ હિંદી પ્રજા સમક્ષ ભાવી સમાજરચના સંબંધમાં જે આદર્શ મૂક્યો છે તે આદર્શની દૃષ્ટિએ આવાં અપવાદજનક લગ્નો આવકારદાયક લેખાવાં જોઇએ. આ આદર્શ છે હિંદમાં નાતજાતના અને મતમતાન્તરના ભેદભાવ વિનાનો વર્ગવિહીન, જ્ઞાતિવિહીન સમાજ નિર્માણ કરવાનો. હિંદના નવા બંધારણે આ આદર્શનો સ્વીકાર કર્યો છે. ચાલુ રીતરીવાજ અને પરંપરાને બાજુએ રાખીને આવાં લગ્નસંબંધો અધિકાધિક નિર્માણ થતાં ચાલ્યા છે તે ભાવી સમાજરચનાના દ્યોતક છે. જેઓ આવા સમાજનિર્માણનું ક્રાન્તિકારી સ્વપ્ન સેવી રહ્યા છે તેઓ આવા સંબંધોને એક શુભચિહ્ન તરીકે સ્વીકારશે,—આવકારશે અને આવાં લગ્નો લાગતા વળગતા સ્વજનોમાં જે ક્ષોભ, અસુખ, માનસિક પરિતાપ પેદા કરે છે તે સર્વ નવા સમાજની પ્રસૂતિની અનિવાર્ય યાતના છે એમ સમજીને તે કારણે નિર્ધારિત આદર્શથી વિચલિત ન થતાં શ્રધ્ધા અને આશાપૂર્વક આગળ વધશે.

પ્રસ્તુત લગ્નઘટના અંગે કેટલાકોએ લોકો એવો અભિપ્રાય પ્રગટ કરી રહ્યા છે કે આને લીધે કન્યાકેળવણીને ભારે ધક્કો લાગશે અને માબાપો પોતાની દીકરીઓને કૉલેજમાં ભણાવતાં અટકી જશે. તેઓ એમ પણ પ્રશ્ન કરે છે કે તો પછી નાનપણમાં વિવાહસંબંધ ગોઠવવાની અને અઢાર વીશ વર્ષ પહેલાં લગ્ન કરી નાંખવાની પહેલાંની રીત શું ખોટી હતી? આવી રીતે વિચારવું એ વર્તમાન દેશકાળને નહિ સમજવા બરોબર છે. દેશને આગળ વધવા માટે સ્ત્રી જાતિનું સામર્થ્ય બને તેટલું વધારવું એ અત્યન્ત આવશ્યક છે. માનવ સમાજનું એક અંગ આગળ વધ્યે જાય અને બીજું અંગ પાંગળુ રહે તો બીજા દેશોની હરીફાઇમાં આજે ટકી રહેવાનું કે આપણે જ્યાં છીએ ત્યાંથી આગળ વધવાનું અશકય બનવાનું છે. સ્ત્રીસમાજનું સામર્થ્ય વધારવાના બે ઉપાયો છે. કન્યાઓને બને તેટલી ઉચ્ચ કેળવણી આપવી અને લગ્નની વય ઉંચે લાવવી. વળી એ પણ આપણે ભુલવાનું નથી કે કેળવાયલો યુવાન કેળવાયલી કન્યાની જ અપેક્ષા કરવાનો છે. આવા બનાવોથી ડઘાઇ જઇને જે માબાપો પોતાના દીકરીઓને આગળ ભણતી અટકાવશે તેમને પોતાને જ પસ્તાવાનો વખત આવશે. શાણાં માબાપો પોતાની દીકરીઓને ઉચ્ચ કેળવણી આપવામાં આવા છુટાછવાયા બનાવો બને તેથી ડરી જઇને પીછેહઠ કરે એ સંભવિત જ નથી.

આ આખા કીસ્સાને અંગે કોઇ એમ પણ પ્રશ્ન કરી શકે છે કે આ છોકરી કેવી નિષ્ઠુર અને કૃતઘ્ની કે પોતાના માર્ગે મનસ્વીપણે ચાલવામાં પોતાના માબાપને કેટલા મોટા પરિતાપનું પોતે નિમિત્ત બનશે તેનો તેણે લેશ માત્ર વિચાર ન કર્યો? જે કોઇ કંચનને અંગત રીતે ન જાણતા હોય તેના માટે આવું અનુમાન તદ્દન સ્વાભાવિક છે. 'માબાપ પડે ખાડમાં, હું તો મારા માર્ગે જ જવાની અને મારૂં સુખ જ શોધવાની' આવી વૃત્તિવાળાં સ્વાર્થી આપમતલબી અને કેવળ મનસ્વી છોકરા – છોકરીઓના અવનવા કીસ્સાઓ આપણે અવારનવાર સાંભળીએ પણ છીએ. પણ બહેન કંચનને જેઓ જાણે છે તેઓ તેના વિષે એવો અભિપ્રાય દર્શાવી શકે તેમ નથી. કંચન સુશીલ, નમ્ર, વિનીત અને માબાપ પ્રત્યે અત્યન્ત આદર ધરાવતી એવી એક ઉગતી ઉમ્મરની બહેન છે. આજની આ-

છકલાઇ કે ફેશનની ટાપટીપ તેને અંશ માત્ર સ્પર્શી નથી. ખાદી પહેરે છે અને સેવિકાદળમાં કામ કરે છે. પોતાનો અભ્યાસ આજ સુધી તે એકાગ્ર ચિત્તે કરતી આવી છે અને હજુ પણ એમ. એ. તથા એલ. એલ. બી. થવાની હોંશ ધરાવે છે. કંચનને જેઓ જાણે છે તેમને મન તો એ પ્રશ્ન થવો જોઇએ કે માબાપને સ્વપ્ને પણ દુઃખ દેવાની વૃત્તિ ન ચિન્તવે એવી એક સરળ અને નિર્દોષ બહેન આપણા ચાલુ આચાર વિચાર અને સંસ્કારોથી જેને આપણે બહુ દૂરની વ્યક્તિ લેખીએ તેવા એક ખ્રીસ્તી યુવક તરફ કેમ આકર્ષાઇ અને તેની સાથે લગ્ન કરવાની હદ સુધી જઇને માબાપના દિલ ઉપર અત્યન્ત કારમો ઘા કરવાનું નિમિત્ત કેમ બની? આનો એક જ ખુલાસો થઇ શકે છે કે સ્ત્રી હો કે પુરૂષ હો–ઉગતી ઉમ્મરના માનવીના દિલમાં અન્ય વ્યક્તિ વિષે કોઇ કોઇ વાર એક એવી અદમ્ય કામના–પ્રેમવિવશતા જન્મે છે કે તેને નથી ટાળી શકાતી કે વાળી શકાતી. વિવશ પ્રાણીની માફક તે દિશાએ તે ઘસડાયે જ જાય છે અને સાથે સાથે આસપાસનાં સ્વજનોને વ્યથિત થતાં જોઇને પોતે પાર વિનાની વ્યથા અને મન્થન પણ અનુભવે છે. કવિ ભવભૂતિ વર્ણવે છે કે :—

વ્યતિષજતિ પદાર્થાન્ અન્તરઃ કોઽપિ હેતુઃ।
ન ખલુ બહિરુપાધીન્ પ્રીતયઃ સંશ્રયન્તે ॥

"ન કલ્પી શકાય એવો કોઇ અગમ્ય હેતુ બે પદાર્થોને–વ્યક્તિઓને–જોડે છે; આવી પ્રીતી બાહ્ય સંયોગો સાથે કશો પણ સંબંધ ધરાવતી નથી." ઉપર વર્ણવેલો પ્રેમ સંબંધ આવો જ કોઇ પ્રીતિયોગ હોય છે. આને ઘેલછા કહો ખેવકુફી કહો, ઉન્માદ કહો અથવા તો સારૂં નામ આપવું હોય તો પૂર્વજન્મનો કોઇ અગમ્ય ઋણાનુબંધ કહો પણ આવી કોઇ બળવાન વૃત્તિ જ્યારે માનવી ચિત્તમાં જન્મે છે, ત્યારે નાત જાત ધર્મ સંપ્રદાય આચાર વિચાર કશું જ તે જોતી નથી. આમાંથી કદિ કદિ સ્વજનોમાં અને સમાજમાં અનિષ્ટ ઘર્ષણો પણ જન્મે છે. જાણીતી કહેવત છે કે 'પ્રેમ ન જુએ જાત કજાત.' પણ આપણે વ્યવહાર નિપુણ લેખાતા માણસો આવા કોઇ આવેગના અસ્તિત્વને સ્વીકારવાને તૈયાર હોતા નથી અને આવું જ્યારે પણ કાંઇ બને છે ત્યારે તેને 'સ્વચ્છંદ' શબ્દથી ઓળખાવવા સિવાય બીજો કોઇ શબ્દ આપણી પાસે હોતો નથી. શેકસપીયરનાં રોમીઓ જુલિયટની આપણે પ્રશંસા કરીએ છીએ. શેણી વિજાણંદની ઓળખાણ કરાવનાર લોકકવિ મેઘાણી વિષે આપણે અહોશાનમંદી દાખવીએ છીએ. પણ વાસ્તવમાં આપણી સામે આપણા સમાજમાં જ્યારે આવો કોઇ કીસ્સો બને છે ત્યારે આપણે તેને ઓળખી શકતા નથી. આવા કીસ્સાને આપણે ઉપર છલ્લી રીતે તપાસીને તે ઉપર ધૃણા અને ધીક્કાર વરસાવવામાં કદિ કદિ એક પ્રકારનો આનંદ પણ અનુભવીએ છીએ.

આપણે આમ કેમ વર્તીએ છીએ? આવા કીસ્સાને એકાએક નિન્દી નાંખવાને બદલે શાન્તિથી, ધીરજથી અને તે વિષે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા અને તેનું યોગ્ય તોલન કરવા આપણે બે ઘડિ ઉભા કેમ રહેતા નથી? આનું એક જ કારણ છે કે કોઇ પણ ઘટનાનું વાસ્તવમાં મૂલ્ય ગમે તે હોય, પણ આપણી પાસે તો આવી ઘટનાને માપવાનું એક જ માપ હોય છે અને તે એ કે આ ઘટના લોક વિરૂધ્ધ છે કે લોકસંમત? અને આપણા સર્વ જીવન વ્યવહારનો અનુશાસક નિયમ પણ ઘણા મોટા ભાગે એક જ હોય છે કે યદ્યપિ શુધ્ધં લોકવિરુધ્ધં નાકરણીયં નાચરણીમ્ ।. આ બાબતમાં સ્થિતિચુસ્ત કે સુધારકમાં બહુ તફાવત હોતો નથી. ફરક હોય તો તે માત્ર 'લોકવિરૂધ્ધ'ની મર્યાદાના ઓછા-વધતાપણાનો હોય છે. સત્યશોધ નો અને ન્યાયતોલનનો માર્ગ લોકઅભિપ્રાયની સર્વથા ઉપેક્ષા કરીને 'શુધ્ધ'ને યથાર્થ રીતે મોલવવામાં રહેલો છે. એમ ન કરીએ તો આપણા હાથે કેટલ પણ શુધ્ધ કૃત્યને અકારણ અન્યાય થવાનું ભારે જોખમ રહેલું છે એ આપણે કદી ભૂલીએ.

આ રીતે બહેન કંચન તથા ઓલીવરના લગ્નને આપણે મોલવવા પ્રયત્ન કરીએ તો આપણને લાગવું જોઇએ કે આ લગ્ન આજની પરંપરા અને પ્રણાલિથી અત્યન્ત વિરૂદ્ધ છે, તેની સાથે જોડાયલું બાનગીપણું તેને અમુક અંશે સદોષ બનાવે છે, આવી પસંદગીમાં શાણપણ કરતાં સાહસે ઘણો વધારે ભાગ ભજવ્યો છે. એમ છતાં પણ આ લગ્નઘટના પાંચ પાંચ વર્ષની પ્રેમનિષ્ઠાનું પરિણામ છે, તેની સાથે બીજો કોઇ છળપ્રપંચ કે અનૈતિક તત્ત્વ સંકળાયેલ નથી, કંચને પસંદ કરેલો માર્ગ સુખસાહેબીનો નહિ પણ કાંટાળો અને પારત્રિનાની અગવડોથી ભરેલો છે–આ હકીકતની આપણે પુરી કદર કરવી જોઇએ અને કોઇ પણ યોગ્ય ઉમ્મરના અપરિણીત યુવક યુવતી લગ્નસંબંધથી જોડાવાને હકદાર છે એ કુદરતી કાનુનને અનુસરીને નિર્માણ થઇ ચુકેલા આ સંબંધ પ્રત્યે આપણી સહાનુભૂતિ અને શુભેચ્છા હોવી જોઇએ. કંચને તથા ઓલીવરના માતપિતાઓએ પણ આ લગ્ન સંબંધને આ રીતે નિહાળવો જોઇએ અને પોતાના અંગત અભિનિવેશો, સમાજપ્રતિષ્ઠા, આસપાસનાં સ્વજનોના અભિપ્રાય, રૂઢિચુસ્ત વર્ગનો સખ્ત અણગમો–આ બધાંની ઉપેક્ષા કરીને જેવી રીતે વૃક્ષ પોતાનું છેદન તાડન કરનારને પણ શીળી છાંયની શીતળતા આપે છે તેમ પોતાનાં સંતાનોને તેમણે વાત્સલ્યની હુંફથી સ્વસ્થ બનાવવા જોઇએ.

પરમાનંદ

પ્રત્યાઘાતી સાધુસંમેલન

ભારતને આઝાદી પ્રાપ્ત થયા બાદ પ્રાન્ત પ્રાન્તમાં કોંગ્રેસ સરકારની સ્થાપના થઇ અને મધ્યવર્તી સરકારનો વહીવટ પણ કોંગ્રેસે હાથમાં લીધો. ત્યાર બાદ આપણા સામાજિક અને ધાર્મિક જીવનને સ્પર્શતા અનેક કાયદાકાનુનો થવા લાગ્યા છે. કોંગ્રેસ સરકારને પ્રજાના ધાર્મિક જીવનમાં સીધો હસ્તક્ષેપ કરવાની લેશમાત્ર ઇચ્છા નથી. એમ છતાં પણ કોંગ્રેસ સરકાર પ્રજાજીવનને અનેક દિશાઓથી ઉંચે લાવવા ઇચ્છે છે, આપણા જીવનમાં ઘર કરી રહેલી અનેક બદીઓની સાફસુફી કરવા માંગે છે, આપણી સંસ્થાઓ જે પ્રજાજીવનને ઘડવામાં ઘણો મોટો ભાગ ભજવે છે તેનું પણ દેશકાળના ફેરફારો મુજબ સંમાર્જન કરવા અને પ્રગતિગામી બનાવવા ચાહે છે. આમ છતાં પણ આપણા જીવન સાથે સાંપ્રદાયિકતા એટલી બધી વણાયલી છે કે ધાર્મિક બાબતથી અલગ કરીને કોઇ પણ સામાજિક પ્રશ્નનો ઉકેલ લાવવાનું કે સામાજિક પરિસ્થિતિમાં ફેરફાર કરવાનું શકય નથી. ભૂતકાલીન અંગ્રેજ સરકાર એક પરદેશી હકુમત તરીકે આપણા ઉપર રાજ્ય કરતી હતી અને આપણી સામાજિક–પ્રગતિની તેને લેશ માત્ર ચિન્તા કે પરવા નહોતી અને તેથી એકાદ બે અપવાદ સિવાય તેણે આપણી સામાજિક–ધાર્મિક પરિસ્થિતિને સુધારવાનો–ઉંચે લાવવાનો તેણે કદિ પ્રયત્ન સરખો પણ કર્યો ન હોતો. સ્વભાવથી સ્થિતિચુસ્ત એવા આપણા જનસમુદાયને આ નીતિ ખૂબ ગમતી હતી અને એ કારણે અંગ્રેજી હકુમત વિષે તે સંતોષ અનુભવી હતી.

આજે આ નીતિ ચાલી શકે તેમ છે જ નહિ. આજે નવા સમાજની આપણે રચના કરવાની છે, દબાયલા અને રૂંધાયલા સામાજિક થરોને ઉંચે લાવવાના છે. અસ્પૃશ્યતા જેવી બદીને જડમૂળથી ઉખેડવાની છે, સ્ત્રી જાતિને પુરૂષ જાતિના સમાન સ્થાને સ્થાપવાની છે, કોમી ભેદભાવ ઘરમૂળથી દૂર કરવાના છે, ધર્મના નામે ભેગું થતું અઢળક દ્રવ્ય કામે લગાડવાનું છે, બેકારી અને ભીક્ષ વૃત્તિ નાબુદ કરવાની છે, પ્રગતિરોધક રૂઢિઓ અને પ્રણાલિકાઓનો ઉચ્છેદ કરવાનો છે, સાંપ્રદાયિક અને નાત જાતનાં ધોરણે નાના વર્ગોમાં વહેંચાયલા વર્ગોનું એકીકરણ કરવાનું છે, દબાયલી શક્તિઓને મોકળી કરીને રાષ્ટ્રોત્થાનના કાર્યમાં લગાડવાની છે. આવા ઉદાત્ત હેતુથી પ્રેરાઇને આજે પ્રાન્ત પ્રાન્તમાં અનેક ધારાઓ થવા લાગ્યા છે.

આવા ધારાઓનો વિરોધ કરતાં ઉપર જણાવેલ સાધુ સંમેલને ઠરાવ કર્યો છે કે " આ શ્રમણ સંઘ માને છે કે આજની સરકાર ધર્માદા ટ્રસ્ટ બીલ, ભીક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજન પ્રવેશ અને બીહાર રીલીજીયસ એકટ વિગેરે નિયમો ઘડી ધર્મમાં અનુચિત ભરતક્ષેપ કરે છે તે ઠીક નથી. તેમ કરવાનો સરકારને કોઇ અધિકાર નથી. વિદેશની સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો નહતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખૂબ જ અનિચ્છનીય વસ્તુ છે."

આ ઠરાવ કયા પ્રકારનું પ્રત્યાઘાતી માનસ રજુ કરે છે એનો બહુ વિસ્તાર કરવાની જરૂર નથી. આ ઠરાવદ્વારા એક એવા પ્રકારનો ભાવ વ્યક્ત થાય છે કે અમારે તો અંગ્રેજ સરકાર સારી હતી કે જે કદી અમારા ધર્મમાં હસ્તક્ષેપ કરતી ન હોતી. આમ છતાં પણ આઝાદી આવી તો ભલે આવી, પણ તેણે અમારા ધર્મમાં જ્યાં ત્યાં હાથ નાંખવા માંડયો છે તે અમારા માટે અસહ્ય વસ્તુ છે અને તેમ કરવાનો આ સરકારને કોઇ અધિકાર નથી. ઉપરના ઠરાવમાં સૂચવવામાં આવેલા બારાઓ માત્ર જૈન સમાજને જ અનુલક્ષીને કરવામાં આવે છે એમ નથી, પણ કેટલાક આખા હિંદુ સમાજને અને કેટલાક પ્રજાના સર્વ વર્ગોને લાગુ પડે છે. એમ છતાં પણ બીજા કોઇ સમાજને કે વર્ગને આ બારાઓ સામે કોઇ ખાસ વાંધો કે વિરોધ નથી. માત્ર જૈન સમાજ જ કોણ જાણે કયા પ્રકારના આળા માનસની ભોગ બની બેઠી છે કે તેને જ્યાં ત્યાં ધર્મ જોખમમાં લાગે છે. તેને આ સરકારની આવી એક પણ વાત ગમતી નથી. આ સાધુ સંમેલને જેમ આજની સરકારની ચાર બાબતો વખોડી છે તેમ મદ્યનિષેધ જેવી કોઇ એક પણ બાબતની કદર કરી હોત તો આટલો પણ ગુણદોષ વિવેક આ સંમેલનના અગ્રગણ્ય સાધુઓ ધરાવે છે એમ માનીને આપણે આશ્વાસન અનુભવત. પણ તેની નજરમાં તો જાણે કે આ સરકાર જૈન ધર્મની દુશ્મન જ હોય અને જૈન ધર્મનું નખોદ વાળવા બેઠી હોય એમ આવા કાયદા કાનુનની વિરૂદ્ધમાં વ્યાખ્યાનપીઠ ઉપરથી આપણા સૂરિસમ્રાટો પ્રચાર કર્યા કરે છે અને તેથી ભોળી જનતા ભરમાયા કરે છે.

પ્રશ્ન તો એ છે કે આવા કાયદાઓ શું ખરેખર જૈન ધર્મને કે જૈન સમાજના હિતને બાધક છે? મુંબઇ સરકારના ધર્માદા ટ્રસ્ટ બીલના પરિણામે ધાર્મિક સંસ્થાઓના વહીવટ વધારે વ્યવસ્થિત પાયા ઉપર મુકાશે એ લાભ આપણે બાજુએ રાખીએ અને એને લીધે ધારો કે અમુક મંદિરમાં એકઠા થયેલ નિર્જીવ દ્રવ્યનો સામાજિક ઉપયોગ કરવાની ફરજ પડી તો તેથી જૈન ધર્મ કે જૈન સમાજને શી હાનિ થઇ બેસવાની છે એનો કોઇ જવાબ આપશે? ભીક્ષાબંધીને લીધે ધારો કે ભીક્ષાર્થી જૈન સાધુઓને અમુક પાસ રાખવાનો ફરજ પડી તો તેમાં તેના પંચ મહાવ્રતપાલનને શી બાધા પહોંચવાની છે? કયાંક કોઇ સુધારો ઇચ્છતા હોઇએ તો કયાંક કોઇક બંધન પણ સ્વીકારવું જ પડે. મધ્યભારતની સરકારે બાળદીક્ષા પ્રતિબંધક કાયદો કર્યો છે કે નહિ તેની ચોકકસ ખબર નથી, પણ ધારો કે એવો ધારો પસાર કર્યો હોય અને દીક્ષા ઉપર વયનો કોઇ અમુક અંકુશ મુકાયો હોય તો શું તેથી સાધુ સમાજનું અસ્તિત્વ જોખમાઈ જવાનું છે? હરિજન મંદિર પ્રવેશનો આ સાધુ સંમેલન વિરોધ કરે છે એ તો અવિચારીપણાની અવધિ છે. બીહાર રીલીજીયસ એકટ એ ધાર્મિક સંસ્થાવતોનું નિયમન કરતો એક કાયદો છે. આ તથા ઉપર જણાવેલા કાયદાઓમાં એક યા બીજા પ્રકારની ત્રુટિઓ હોય કે જેને લીધે લાભ ઓછા થતો હોય અને સમાજની અગવડ બહુ વધી જતી હોય તો તેનો નિર્દેશ કરીને તે સુધારવાનું કહેવું તે એક વાત છે અને સમાજને ઉન્નતિને માર્ગે લઇ જતા બધા કાયદા કાનુનોનો એક સરખો ધર્મના નામે વિરોધ કરવો એ બીજી વાત છે. આવો વિરોધ કરવા છતાં કાયદાઓ થવા જ કરવાના છે, તેનો અમલ પણ થવાનો છે અને સમાજ આગળ વધ્યે જવાની જ છે. માત્ર આવો વિરોધ જોઇને વિશાળ જનસમાજ આપણી સમજણની, શાણપણની કીંમત કરે છે અને આપણો સાધુ સમાજ કેટલો પ્રત્યાઘાતી વળણે થી ભરેલો છે તેનું વિશાળ જગતને આપણે ભાન કરાવીએ છીએ. દુઃખની વાત તો એ છે કે આ અને આવા ઠરાવોનો ચોતરફ ઢંઢેરો પીટાવવામાં આવે છે અને એ ઠરાવો સર્વત્ર પસાર કરવામાં આવે એવું આન્દોલન ચલાવવામાં આવે છે. આજની સરકાર સામે આ રીતે અર્થ વિનાનું વાયુ મંડળ પેદા કરતા સાધુઓ તેમ જ શ્રાવકોને ભાન નથી કે રાષ્ટ્ર અને સમાજના અદ્યતન અનુશાસક બળો કઇ દિશાએ ગતિ કરી રહ્યાં છે!

પરમાનંદ.

"પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો"

('જાપસીની આંખે' એ તખલ્લુસથી શ્રી કીસનસિંહ ચાવડા 'સંસ્કૃતિ'માં ઘણા સમયથી પોતાનાં ભુતાં છવાયાં સ્મરણો બહુ રોચક ભાષામાં આળેખે છે. આવી જ એક સુન્દર સ્મરણોંધ સંસ્કૃતિના જુન માસના અંકમાંથી ઉધ્ધૃત કરીને નીચે આપવામાં આવે છે. એ એ સમયની વાત છે કે જ્યારે ગાંધીયુગનો આરંભ થયો નહોતો અને ઉંચા નીચા અને અસ્પૃશ્યતાના ખ્યાલો આપણા સમાજમાં જીવન્ત હતા. આમ છતાં પણ નીચેના આલેખનમાં આપણને જે મીઠા સૌહાર્દનું દર્શન થાય છે તે મીઠા સૌહાર્દ અને મોટા નાના વચ્ચે વાત્સલ્ય અને પ્રેમભર્યા આદરનું આજનો જમાનો કે જ્યારે ઉંચા-નીચાના ભેદો બહુ જ હળવા થયા છે અને અસ્પૃશ્યત્વની લગભગ નાબુદી થઈ છે એમ આપણે ગૌરવ ચિન્તવી રહ્યા છીએ ત્યારે આપણને દર્શન થતું નથી આ આપણી મોટી કમનસીબી છે. પરમાનંદ.)

પિતાજી ભક્ત હતા. નિરાત સંપ્રદાયમાં એમની ગુરૂ પરંપરા હતી. 'અજુનવાણી'વાળા અજુર્ન ભગત એમના ગુરૂબંધુ થાય. પિતાજીએ પણ ઇ. સ. ૧૯૨૩-૧૪માં એક કાવ્યસંગ્રહ 'તત્વસાર ભજનાવલિ'ને નામે પ્રસિદ્ધ કર્યો હતો. એમને ભજનો ગાવાનો ખૂબ શોખ હતો. કુદરતે બુલંદ કંઠની એમને બક્ષિસ કરી હતી. જૂના ઢાળોની એમની જાણકારી સારી હતી એમ મારી બા પણ કહેતાં. મારૂ, ધનાશ્રી, ગોડી જેવા જૂના રાગો અને લોકભજનોના શુદ્ધ પરંપરાગત ઢાળો એમના ગળામાં સચવાયા હતા. પોતાના રચેલાં ભજનો ઉપરાંત સુર, તુલસી, કબીર, રૈદાસ, દાદુ અને નિરાંતનાં અસંખ્ય ભજનો એમને કંઠસ્થ હતાં. એટલે રોજ સમીસાંજે પિતાજીની મહેફીલ જામતી. ચાંપાનેર દરવાજાવાળા ખુશાલદાસ કાકા પોતાની જોડા શીવવાની દુકાન સાંજે બંધ કરીને નાહીધોઇને આ ભજનમંડળીમાં સામેલ થતા. આખો દિવસ કડી-આની કાળી મજૂરી કરીને સાંજે જમીપરવારીને હાથમાં ચલમ લઇને ફકીરકાકા આવી પહોંચતા. બપોરના આકરા તડકામાં ઘાટ પર કપડાં ધોબીધોઇને જેમનો ચામડીનો વાન પાકો થઇ ગયો હતો એવા અમારા ફળિયાના જ ધોબી લલ્લુકાકા પણ હાજર થઇ જતા. આખો દિવસ શહેરસુધરાઇની ટપાલ પહોંચાડીને થાકી ગયેલા જમાદાર ઠાકોરસિંહકાકા રસ્તામાંથી જ તંબૂરાનો તાર છેડતા આવી જતા. સવાર, બપોર ને સાંજ જેને મન એક જ વાત છે એમ સમજીને આખો દહાડો પોતાના ચાકના પેડા ઉપર માટલાં અને કુંડા ઉતારતા ધૂળીકોઇના વર શામળકુવા બાજુ ઢેલક ભેરવીને આવતા ત્યારે ફળિયાને નાકે જ ઢોલક ઉપર થાપ મારીને એ પોતાનું આગમન સૂચવાતા. ધૂળીકોઇને પિતાજીએ બહેન કહેલી. દર વરસે અમારે ત્યાંથી એક મણ બાજરી એ લઇ જાય અને તેને બદલે આખા વરસનાં ઘર માટે માટીનાં વાસણો પૂરાં પાડે. ફળિયાના જાહેર નળ ઉપર નાહીધોઇને પરસોતમકાકા બારોબાર જ આવતા. મારા પિતાજી વાત કરતા કે પરસોતમ જેવી હજામત કરનાર બિલાયતમાં પણ કોઇ

નહીં હોય. એમનો હાથ એટલો નાજુક હતો કે એ હળમળ કરતા હોય ત્યારે માણસને ઉંઘ આવે.

આ બધી મંડળી સંધ્યાટાણે જમતી. પહેલાં જરા આમતેમ અલકમલકની વાતો થાય. એટલામાં ચલમ અને હુક્કા આવી લ્યે. ઢોલકની કડીઓ ચઢી જાય. તંબુરાના તાર મળી જાય. મંજીરાનો રણકાર બોલે અને પછી ભજનો શરૂ થાય. આઠેક વાગે રાતે ફળિયાનો ભંગી ધૂળાભાઇ મેરો માગવા આવે તે મેરો માગ્યા વિના જરા દૂર બેસીને ભજનમાં મસ્ત થઇ રહે. અને એની આ બેદરકારી વિષે એની વહુ મહાકોર રોજ સવારે વાળવા આવે ત્યારે મારી બાને ફરિયાદ કરે. લલ્લુકાકા ઘેનમાં પહેલાં બહુ દારૂ પીતા, પણ જ્યારથી એમણે આ ભજનમંડળીમાં આવવા માંડયું ત્યારથી એમણે દારૂ સમૂળગો છોડયો હતો. એવી રીતે શામળકુવાએ ગાંજો અને ઠાકોરસિંહકાકાએ ભાંગ છોડી દીધાં હતા. રાતે આઠેક વાગે ગિરિધરકાકા તંબોળી આવી પહોંચતા અને ભજનોમાં રંગ જામતો. રાતે નવેક વાડે મંડળી વિખરાતી. ગિરધરકાકા ઘણી વખત રાતે પિતાજી સાથે જ જમતા. અઠવાડિયામાં બે ત્રણ વખત છેક વાડીના રંગમહાલથી મગનકાકા દાળિયા અને પીરામિતારથી ગંગારામકાકા પણ આ મહેફિલમાં ભાગ લેવા આવતા. ગંગારામકાકાની ઘાણીનું શુદ્ધ તલનું તેલ એ વખતે અમારા આખા લત્તામાં બહુ જ વખણાતું.

એક દિવસ મારાં બાએ પિતાજીને કાને વાત નાંખી કે ધૂળાભાઇ રાતે મેરો માગવા નીકળે છે અને પછી ભજનમાં બેસી રહે છે. તે રાતે એમના છોકરાંછૈયાં ભૂખ્યાં સૂઇ જાય છે એવી આજીજી અનેક વખતે મહાકોરે કરી છે. પણ જ્યારે આ ફરિયાદનું કંઇ ન વળ્યું ત્યારે ધૂળાભાઇની સાથે મહાકોરે પણ મેરો માગવા નીકળવા માંડયું. ધૂળાભાઇ ભજનમાં બેસી પડે ને બિચારી મહાકોર મેરો માગીને ભજન પૂરાં થયે ધૂળાભાઇને લઇને ચાલતી થાય. ફળિયાનાં છોકરાંઓ ધૂળાભાઇને ધૂળાકાકા અને મહાકોરને મહાકોરકાકી કહેતાં. મારાં બા પણ મેરો નાંખવા બૂમ પાડે ત્યારે "લ્યો મહાકોર લઇ જાવ." એવા માનવાચક ભાવવાળું બોલે. વારતહેવારે મહાકોર માટે ખાવાનું ખાસ જુદું ઢંકાય.

એક વખત એવું બન્યું કે ત્રણચાર દિવસ લાગલગાટ ધૂળાભાઇ મેરો માગવા આવ્યા નહિં. એકલી મહાકોર આવી. મહાકોર પિતાજી સાથે તો સીધી વાત ન કરે; કારણ કે લાજ કાઢે. એટલે પિતાજીએ મારી બા મારફત ધૂળાભાઇની ગેરહાજરીનું કારણ પૂછાવ્યું ત્યારે ખબર પડી કે ધૂળાભાઇ માંદા છે. ચોથે દિવસે પિતાજીએ બા પાસે સુદર્શનચૂરણ ગરમ કરાવ્યું; અને એનો રસ ગાળીને એક શીશીમાં ભર્યો. એ શીશી ધૂળાભાઇ માટે મહાકોરને આપી આવવા પિતાજીએ મને ઢેડવાડે મોકલ્યો. આવી ત્રણેક મોટી શીશી પીને ધૂળાભાઇ સાજા થયા અને એમણે રાબેતા મુજબ ભજનમંડળીમાં આવવા માંડયું.

ધૂળાભાઇની માંદગીની સારવારમાં પડેલી મહાકોરથી નિયમિત વાળવા અવાતું નહીં, એટલે આંગણું અને જાજરૂ બંનેમાં ગંદકી વધતી જતી હતી. પિતાજી, હું અને બા સા થે હું ઘણું કરી લેતા, પણ ધૂળાભાઇ જેવી સફાઇ થતી જ નહીં. આને કારણે ધીરેધીરે બાને મહાકોર ઉપર થોડી ચીઢ પણ ચઢી હતી. એક રાતે ધૂળાભાઇ અને મહાકોર મેરો માગવા આવ્યાં -લાકડીને ટેકે અને મહાકોરના ખભા ઉપર હાથ મૂકીને ધૂળાભાઇ આવ્યા ને ભજનમંડળીમાં સામેલ થઇને દૂર બેઠા એટલામાં બાએ 'મહાકોર' કહીને ત્રણચાર બૂમો પાડી. પણ મહાકોર દૂર ગઇ હશે કે કોણ જાણે પણ આવી નહી: એટલે બાએ મને બોલાવીને કહ્યું: "પેલી માકલી આવે તેને આટલું ખાવાનું આપી દેજે."

ભજન પૂરાં થઇ ગયાં. મંડળી વીખરાઇ ગઇ. બાએ બહાર આવીને જોયું તો મહાકોર હજી આવી નહોતી. ધૂળાભાઇ સામી ભીંતે અઢેલીને અર્ધજાગૃત અવસ્થામાં ઝોલાં ખાતા હતા. પિતાજીનો નિયમ હતો કે મેરો નંખાયા પછી જ જમવા બેસવું. બાએ બહાર આવીને જોરથી બૂમ પાડી: "મહાકોર મહાકોર," પણ મહાકોરનો સામે અવાજ ના આવ્યો એટલે એમણે ચિઢાઇ છણકો કર્યો: "માકલી મરતીય નથી ને જંપવા પણ દેતી નથી." બસ બાનો આ અજંપો નીકળ્યો ના નીકળ્યો ત્યાં મહાકોરનો આવાજ આવ્યો: "બા મેરો નાંખજો." "લે માકલી, કયાં મરી'તી કયારની ?" કહીને બાએ ખાવાનું પછડાય એ રીતે ટોપલામાં નાંખ્યું.

થોડીવારે બાએ સૌને જમવા બોલાવ્યા. બાના બે ત્રણ વાર બોલાવ્યા છતાં પિતાજી આવ્યા નહીં એટલે બા પોતે બહાર તેડવા આવ્યા. પિતાજીએ જમવાની ના પાડી. એટલું જ નહીં પણ સૌના આશ્ચર્ય વચ્ચે એમણે પાંચ ઉપવાસ કરવાનું જાહેર કર્યું. બા તો બિચારાં આ નિર્ણય સાંભળીને દિગમૂઢ જેવાં જ બની ગયાં. થોડીવાર પછી અતિશય ગદ્‌ગદ અવાજે એમણે કારણ પૂછ્યું. પિતાજીએ કહ્યું: "તમે મહાકોરને કેવી રીતે બોલાવી? એની સાથે તોછડાઇભરી રીતે વર્તન કરીને એનું જે અપમાન કર્યું તેનાથી આપણું ઘર લાજ્યું છે. એનું પ્રાયશ્ચિત મારે કરવું જોઇએ. હું પાંચ ઉપવાસ કરીશ." હંમેશની ટેવ પ્રમાણે બાએ હાથ જોડીને માફી માગી, પણ પિતાજી એકના બે ન થયા. બાપુજીની સાથે બાએ પણ પાંચ ઉપવાસ કર્યા. એ વખતે હું ત્રીજા અંગ્રેજી ધોરણમાં ભણતો હતો. મારા માનસ ઉપર અંગ્રજી ભણતરનો કંઇક રૂઆબ છંટાતો હતો. ખ્રિસ્તી અને પારસી સાથીદારોની સોબતને કારણે ઘરની નમ્રતાની નિર્મળતા ઉપર ગર્વના ડાઘ પડવા માંડયા હતા. ત્યાં જ આ પ્રસંગ બન્યો.

પાંચમે દિવસે સમીસાંજે મંડળી પાછી જામી હતી. બા અને પિતાજી પારણાં કરવાનાં હતાં. છેલ્લું ભજન ગવાયું "પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો" અને સૌ વિખરાયા. તે રાતે અમે જમવા બેઠાં ત્યારે બા અને બાપુજીના મુખ પરનો અવર્ણનીય આનંદ જોઇને મારું મુગ્ધ અંતર પુલકિત થઇ ગયું. મારા અંતઃકરણમાંથી ભજનની પેલી પંક્તિ ખસતી જ નહોતી:

"પ્રભુ મોરે અવગુણ ચિત ન ધરો. !"

આજે આ પ્રસંગ સંભારું છું ત્યારે ઉપરની પંક્તિ જ સજીવન થાય છે.

ભિખારી

અતિ શ્રીમંત અને અતિ ઉદાર એવી એની ખ્યાતિ હતી. એનાં દ્વાર સામે સર્વદા ભિખારીઓની હઠ જામી જ હોય. આવે તે ભીખારીને માગે તે વસ્તુ આપવાનો એનો નિયમ હતો.

એક ભિખારી તો નિયમિત રીતે એને ત્યાંથી ભિક્ષા માગી કેટલાંક વર્ષો પછી શ્રીમંત થયો.

અને કેટલાંક વર્ષો પછી બધા ભિખારીઓની માગણીઓ પૂરી કરતાંકરતાં એ શ્રીમંત ભિખારી થયો.

ભિક્ષા માગતાં માગતાં એક દિવસ એ પોતાની જ ઉદારતાથી શ્રીમંત થયેલા એ ભિખારીને ત્યાં ગયો.

એણે એ શ્રીમંત થયેલા ભિખારીને ઓળખી કાઢયો, પણ ભિખારી થયેલા એ શ્રીમંતને એ પહેલાના ભિખારીએ ઓળખ્યો નહી. ઓળખાણ આપ્યા વગર એણે ભિક્ષા માંગી.

એ એને જરૂર સારી જેવી ભિક્ષા આપશે એવી એની ખાતરી હતી.

'હું ભિક્ષા આપવાની વિરૂદ્ધ છું.' એ શ્રીમંત થયેલાં પહેલાંના ભિખારીએ કહ્યું.

'કેમ વારૂ?' એ ભિખારી થયેલા શ્રીમંતે પૂછ્યું.

'કારણ ભિક્ષા આપવાની ખરાબ ટેવને લીધે એક શ્રીમંત ગૃહસ્થ ભિખારી થયો છે એમ મેં હમણાં જ જાણ્યું!'

એ શ્રીમંતે ઉત્તર આપ્યો.

'અખંડઆનંદ'માંથી સાભારઉધ્ધૃત. શ્રી. અનન્ત કાણેકર

રાષ્ટ્રભાષા અને ભગવાન મહાવીર

ભિન્નભિન્ન પ્રકારની ભાષા, બોલી, રીતરીવાજ તથા પોશાકને કારણે ભારત જેવો વિશાળ દેશ સાંસ્કૃતિક દૃષ્ટિએ એક હોવા છતાં, જુદી જુદી જાતિઓ અને જૂથોમાં વહેંચાયેલો હોઇ કોઇ પણ સંત, સુધારક કે રાજદ્વારી નેતાના સંદેશને ઘરઘરવ્યાપી બનવામાં હંમેશા મોટો અંતરાય નડયા કર્યો છે અને તેમાં પણ મુખ્ય કારણ તો ભાષાનું જ છે, ભાષા એ વિચાર અને ભાવના વ્યકત કરવાનું વાહન હોઇ જ્યાં એક જૂથ બીજા જૂથની ભાષા સમજી શકતું નથી ત્યાં કોઇ પણ ધાર્મિક સંદેશ, સામાજિક સુધરણા કે રાજ્યદ્વારી અનુશાસનો સર્વવ્યાપી રૂપ ધારણ કરી શકતા નથી. એથી ભિન્ન ભિન્ન સમાજો એક બીજાને સમજી શકે, પાસે પાસે આવી એક બીજામાંથી લાભ લઇ શકે તેમજ દેશના કોઇ પણ ભાગમાં ઉઠેલા નૂતન સંદેશને ઝીલી જીવન ઘડતર કરી શકે એ માટે બધા જૂથો વચ્ચે બોલચાલની એક ભાષા હોવી જોઇએ યા તો બધા જ સમજી શકે એવી કોઇ ભાષા નિર્માણ થવી જોઇએ. ત્યાંસુધી દેશનું અખંડ રાષ્ટ્રરૂપે ઉત્થાન ન થઇ શકે. આવી વિચારસરણીમાંથી મહાત્માજીએ તેમજ બીજા દેશભકતોએ સમાજસુધારણા તેમજ રાજકીય પ્રચાર સાથોસાથ દેશની એક સર્વસામાન્ય ભાષા ઉભી કરવા તરફ પણ તેટલોજ પુરૂષાર્થ સેવ્યો છે.

બહુ પ્રાચીન કાળમાં સર્વસામાન્ય વ્યવહાર માટે સંસ્કૃતનો અને અદ્યતન યુગમાં અંગ્રેજીનો ઉપયોગ થયેલો આપણે જોઇએ છીએ. પણ તે વિદ્વાનો, પંડીતો તથા ભણ્યાગણ્યા ઉપલા થરના લોકો પુરતી જ એ પ્રચલિત હોઇ સામાન્ય આમ જનતા તો આવા સંદેશથી અપરિચિત જ રહેતી અને જે કંઇ પણ સંદેશ અનુવાદરૂપે એમના સુધી પહોંચતો તે પણ વચમાં વિકૃત થયા વિના ભાગ્યે જ એના શુદ્ધ સ્વરૂપે પહોંચી શકતો. પરિણામ એ આવતું કે સમાજમાં સંસ્કૃત અને અસંસ્કૃત એવા બે વર્ગો પડી જતા અને તેથી સમાજનું એક અખંડ ઘટકરૂપે ઉત્થાન થઇ શકતું નહિ. રાજકીય કે ધાર્મિક હીલચાલોને પણ આ જ કારણે જોઇએ તેવો વેગ મળી શકતો નહિ. આજે પણ આવી જ મુશ્કેલીઓ આપણને નડયા કરી છે. એથી જેમ એ અડચણો દૂર કરવા આજના નેતાઓએ એક અખંડ રાષ્ટ્રભાષા સ્થાપિત કરવાના પ્રયત્નો કર્યા છે તેમ એક કાળે ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે પણ એવો જ પ્રયોગ કર્યો હતો અથવા તો એમ કહી શકાય કે એવી રાષ્ટ્રભાષા ઉભી કરવાનો મૂળ મંત્ર એમણે જ જગતને પ્રથમ આપ્યો હતો. જો કે ત્યારે સંસ્કૃતનો ધર્મભાષા તથા આંતરપ્રાંતીય વ્યવહાર માટે ઉપયોગ થતો, જ્ઞાન-વિજ્ઞાનના પ્રસાર વિકાસ માટે પણ એનો જ વ્યવહાર ચાલતો, પણ તે કેવળ પંડીતોની દુનિયા પુરતો જ હતો. કરોડોની આમજનતા માટે તો એ અવ્યવહારૂ ભાષા હતી. આથી પ્રથમ ભગવાન મહાવીરે અને બુધ્ધે પોતાનો ધર્મસંદેશ ઘરઘરવ્યાપી બનાવવા લોકભાષાનો આશ્રય લીધો હતો અને તેને ધર્મસંદેશનું વાહન બનાવી એની પ્રતિષ્ઠા વધારી મૂકી હતી.

આમ જો કે મહાવીરે લોકભાષાની પ્રતિષ્ઠા તો સ્થાપી હતી, પણ એથી એમને પૂર્ણ સંતોષ નહોતો. જનતા પોતાની ભાષામાં સમજે એટલું જ નહિ, ભિન્ન ભિન્ન ભાષાભાષી લોકો પણ એક બીજાને સમજી શકે એવી એક સર્વસામાન્ય-રાષ્ટ્રભાષા ઉભી કરવાનો અને એ રીતે એને વ્યાપક થયેલી જોવાનો એમનો મનોરથ હતો.

આથી જ્યારે બુધ્ધે કેવળ માગધી ભાષાનો જ ઉપયોગ કર્યો [બુદ્ધની ધર્મભાષા કહેવાતી પાલી એ કોઇ ખાસ ભાષા નથી, પણ ધર્મના ઉપદેશ માટે વપરાતી ભાષાને પાલી ભાષા તરીકે ઓળખવામાં આવતી. બુદ્ધની ધર્મભાષા તો માગધી જ છે. (વાંચો 'આર્ય, બુદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તોનો સમન્વય' લે. પંડિત બેચરદાસ જીવરાજ દોશી)] ત્યારે, અન્ય પ્રાંતના લોકો પણ સમજી શકે એવી એક સર્વ સામાન્ય ભાષા ઉભી કરવા જેમ આજે કેવળ ખડી બોલી હિંદી નહી તથા એરેબીક છાપવાળી ઉર્દુ નહિ પણ એ બેના આધારે લોકોની જીભે ચડી પ્રચલિત થાય એવા ભિન્નભિન્ન ભાષાના શબ્દો તથા રૂઢિપ્રયોગોને સમાવતી-સર્વસાધારણ આમજનતાને બોલચાલમાં સરળ થાય તેવી-એક નૂતન રાષ્ટ્રભાષા વિકસાવવાનો પ્રયત્ન છે તેમ ભગવાન મહાવીરે પણ તે કાળમાં માગધીના આધારે સર્વસામાન્ય ભાષા તરીકે અર્ધમાગધીને આકાર આપ્યો હતો અને એને પોતાના ધર્મપ્રચારની ભાષા બનાવી હતી.

પણ આકારનો અર્થ એ નહી કે સત્યસમાજના સ્થાપક સ્વામી સત્યભકતજીએ જે રીતે આજે માનવભાષા નામ આપી એક નૂતન ભાષાની સ્વતંત્ર રચના કરી છે એ રીતે મહાવીરે કોઇ નૂતન ભાષાની રચના કરી હતી, પણ જેમ મોગલ યુગમાં ભિન્નભિન્ન-ભાષાભાષી સૈનિકોની બોલચાલની ભાષામાંથી 'ઉર્દુ' પ્રગટી આવી હતી તેમ અર્ધમાગધીને આકાર મળ્યો હોય, યા તો જેમ આજે નવસંસ્કરણદ્વારા ખડી બોલી હિંદીને રાષ્ટ્રભાષાનું પદ આપવામાં આવ્યું છે તે રીતે સર્વસામાન્ય ભાષા બનવાની યોગ્યતા ધરાવતી કોઇ ભાષાને મહાવીરે ધર્મપ્રચારનું વાહન બનાવ્યું હોય જે પાછળથી અર્ધમાગધી નામ પામી હોય યા તો પ્રચલિત અર્ધમાગધીનો ઉપયોગ કરી એને એમણે એ પદે સ્થાપી હોય.

જો કે આ બાબતમાં 'અર્ધમાગધીનું મૂળ શું હતું?' 'એનું સંસ્કરણ-વિકાસ કેવી રીતે થયો?' તેમજ 'એ કોઇ ભાષાઓના સંયોગવિકાસમાંથી જન્મ પામી હતી?' કે 'એનું સ્વતંત્ર ઝરણું ધર્મભાષા બનવાથી વ્યાપક બન્યું હતું?' એ વિષયો પર તો ભાષાશાસ્ત્રીઓ જ પ્રકાશ પાથરી શકે, આમ છતાં આ વિષય પરત્વે ભાષાશાસ્ત્રના ઉંડા અભ્યાસી પંડિત બેચરદાસ જીવરાજ તેમના એક પત્રમાં એટલું તો જણાવે છે કે 'સંતો પાદવિહાર કરતા એટલે તેમની જીભ પર એક એવી ભાષા રમતી જે લોકો સહેજે સમજી શકતા, આ ઉપરથી એક વસ્તુ તો નિર્વિવાદ રીતે તરી આવે છે કે મહાવીરે પોતાના વિહારકાળ દરમ્યાન ભિન્નભિન્ન પ્રાંતના લોકો સમજી શકે એવી કોઇ સર્વસામાન્ય ભાષાનો ઉપયોગ કર્યો હતો, જેનો હેતુ આજની ભાષામાં કહીએ તો એક એવી રાષ્ટ્રભાષા ઉભી કરવાનો અને એ દ્વારા એક અખંડ રાષ્ટ્રના ઉત્થાનને વેગ આપવાનો હતો, એ જ હોઇ શકે. કારણ કે નાના ના । સામંતો તથા નાના મોટા રાજ્યોને સ્થાને એમણે એકચક્રી રાજ્ય તરફ પસંદગી ઢોળી હતી જેના પુરાવા રૂપે જૈનશાસ્ત્રોમાં ચક્રવર્તી-વાસુદેવોને મળેલું મહત્વ એ છે.

પણ આ વિષયના અભ્યાસી પંડિતોનું માનવું છે કે 'એક અખંડ રાષ્ટ્ર તરીકે હિંદનો કદી કોઇ વિચાર કરતું જ નહોતું અને તેથી મહાવીરે કે બીજા કોઇએ એ યુગમાં એવી રાષ્ટ્રભાષા ઉભી કરવાનો વિચાર કર્યો હોય એ વસ્તુ શંકાસ્પદ છે.

આજના 'રાષ્ટ્ર'ના દૃષ્ટિબિંદુથી જોઇએ તો પંડિતોનું માનવું યથાયોગ્ય લાગે છે અને તેથી મહાવીરના 'રાષ્ટ્ર'ની પાછળ આજની જેમ ચોકકો રાજકારણી કે કોઇ એવો જ સામાજિક હેતુ ન પણ હોય. સત્યના અમર સંદેશને વ્યાપકરૂપે પ્રસારવાની અનુકૂળતા પ્રાપ્ત થાય એવી એમના 'રાષ્ટ્ર' પાછળ કેવળ ધાર્મિક દૃષ્ટિ જ હોય, અને તેટલા પુરતો જ એમણે રાજકીય કે સામાજિક હેતુ રાખ્યો હોય, તેમજ આજની જેમ રાષ્ટ્રની ભૌગોલિક મર્યાદા

પણ એમને મન જુદી હોય અને એને સ્થાને શાસ્ત્રમાં કહેલા સાડી પચ્ચીસ આર્ય દેશોને સમાવતા ભૂમિ-પ્રદેશ પુરતી જ એની મર્યાદા એમણે વિચારી હોય એમ બને. જે હો તે, પણ એક વાત તો છે જ કે ભલે રાષ્ટ્ર પાછળની દૃષ્ટિ તેમજ રાષ્ટ્રની વ્યાખ્યા એમણે જુદી રીતે વિચારી હોય, પણ એમની રીતે એમની કલ્પનામાં રાષ્ટ્ર અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજનું પૂર્ણ ભાન તો હતું જ. જેનો પુરાવો આપણને દશાશ્રુત સ્કંધમાંથી મળી રહે છે. ભગવાન કહે છે કે :—

'जे नायगं च रट्ठस्य.....हन्ता महामोहं पकुव्वई'

(જે રાષ્ટ્રનો નેતા છે.....તેનું જે મૃત્યુ ઉપજાવે છે તે ભયંકર એવું મહામોહનીય કર્મ ઉપાર્જન કરે છે.)

આ પ્રમાણે જે પુરૂષે રાષ્ટ્રનેતા પ્રત્યેની ફરજદ્વારા રાષ્ટ્ર-ધર્મનું ભાન કરાવ્યું છે એ પુરૂષની દૃષ્ટિમાં રાષ્ટ્રની ભવ્ય કલ્પના હતી અને તેથી જ એમણે રાષ્ટ્રભાષાને સ્થાપિત કરવાનો ખ્યાલ રાખ્યો હતો, એ સહેજે સમજી શકાય એવી વાત છે. અને રાષ્ટ્ર-ભાષાની બાબતમાં તો આપણને દિગંબર-શાસ્ત્રો ખૂબ જ ઉપયોગી માહિતી પુરી પાડે છે.

દિગંબર શાસ્ત્રો પ્રમાણે ભગવાનના જે અતિશયો વર્ણવવામાં આવ્યા છે તેમાં બીજો અતિશય ભાષા સબંધીનો છે. એ ઉપર ટીકાકારો લખે છે કે 'अर्धं मगधदेशभाषात्मकं, अर्धं च सर्वभाषात्मकं' ભગવાન અર્ધી ભાષા માગધી અને અર્ધી બીજી ભાષાઓના સમુહરૂપ એક એવી ભાષા વાપરે છે જેને બધા જ લોકો સમજી શકે છે. એને આપણે અર્ધમાગધી કહીએ છીએ. દિગંબર શાસ્ત્રોના આ પ્રાચીન ટીકાકારોના કહેવા મુજબ ભગવાને પોતાની માતૃભાષા માગધીને સ્થાને બધા લોકો સમજી શકે એવી ભાષાને આકાર આપ્યો હતો, યા તો રાષ્ટ્રભાષાનું સ્થાન લઇ શકે એ રીતે માધ્યમ બનવા યોગ્ય કોઇ ભાષાને વિકસવામાં વેગ આપ્યો હતો. આગળ જતાં ટીકાકારો તો એટલે સુધી લખે છે કે આ નૂતન રાષ્ટ્રભાષાને વેગ મળવાથી અને ભિન્નભિન્ન ભાષાભાષી લોકોએ એને બોલચાલની ભાષાનું રૂપ આપ્યાથી પ્રદેશાંતર લોકો એક બીજાને એવી રીતે સમજતા થયા તેમ જ પાસે પાસે આવવાથી મિત્રતાનો સંબંધ કેળવતા થયા કે જેથી અર્ધમાગધી જોતજોતામાં લોકપ્રિય અને વ્યવહારસુલભ બની ગઇ, અને આમ અન્યોન્ય મિત્રતા-નિકટતા કેળવવાનું સાધન બની જવાથી આ અતિશય પાછળથી 'पारस्परिक मित्रता' ના નામે ઓળખાતો થઇ ગયો.

દિગંબર શાસ્ત્રોમાં સચવાઇ રહેલું આ 'પારસ્પરિક મિત્રતા' ના અતિશયનું વર્ણન આપણને એ કાળમાં ભગવાન મહાવીરે એક અખંડ રાષ્ટ્રભાષા નિર્માણ કરવામાં કેટલો બધો અગત્યનો ફાળો પુરાવ્યો છે અને એ રીતે જગતને એક નવો પ્રકાશ આપ્યો છે, એ વિચાર તરફ લઇ જાય છે. આ તરફ આપણું ભાગ્યે જ ધ્યાન દોરાયું છે.

ભગવાન મહાવીર રાજકારણી પુરુષ નહોતા. એમનું જીવન-કાર્ય ધાર્મિક પાયા પર જ પ્રતિષ્ઠિત હતું. એથી એમના જીવનની બહુવિધ ખુબીઓ આપણા સમજવામાં આજ પણ નથી આવતી; કારણ કે બીજી રીતે આપણે એમને વિચાર્યા જ નથી. ખરી રીતે તો જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોને એમણે જે રીતે વિકસાવ્યા છે, એ એમના જીવનનો અદ્‌ભુત મહિમા તો જ્યારે એમના જીવન પરથી ઇતિહાસે પાથરેલો અંધારપડદો ઉંચકાશે ત્યારે જ જાણવા મળશે.

જેવા એ તીર્થંકર હતા, ધર્માચાર્ય હતા, તેવા જ એ સમાજ-સુધારક હતા, રાષ્ટ્રભક્ત હતા, જનસેવક હતા. અસ્પૃશ્યોના ઉધ્ધારક, લોકશાહીના નિર્માતા, કચડાયેલી નારીજાતિના પક્ષકાર તેમજ અખંડ રાષ્ટ્રભાષાને જગવનાર અને એને વેગ આપનાર પણ એ જ પ્રથમ હતા.

રતિલાલ મફાભાઇ શાહ

(અનુસંધાન પૃષ્ઠ ૪૫ નું ચાલુ)

એવો પેદા થાય એવી આશા રાખી હાથ જોડી બેસી ના રહીએ એ આવશ્યક છે. જ્યારે ધર્મના નામે પશુઓનો પ્રાણ લેવાતો હતો ત્યારે બુદ્ધ, મહાવીર જેવા ઉકળી ઉઠયા અને તે બોલું છે એવું તેમના તપથી અને કર્તવ્યના સામર્થ્યથી સિધ્ધ કર્યું તેમ આજે જ્યારે લાખો લોકોનું શોષણ થઇ રહ્યું છે ત્યારે આપણે શું કરવું જોઇએ? મહાત્માજીએ રચનાત્મક કાર્યક્રમની ઘોષણા કરી અને પરિશ્રમના પાઠ ભણાવ્યા. આપણે પરિશ્રમી અને સ્વાવલંબી બનીએ અને રચનાત્મક કાર્યક્રમમાં લાગી જઇએ. મહાવીરના સમય કરતાં આજનો સમય વધારે કઠણ છે. આજે જે સંકટ છે તે દૂર કરવાની જવાબદારી આપણા બધા ઉપર છે, મહાવીર, રામ બુદ્ધની નથી. આપણે આપણો વ્યવહાર શુદ્ધ કરીએ, જીવન શુદ્ધ કરીએ, તો જ દેશની પરિસ્થિતિ સુધરશે. જ્યાં ડાકટરો વધારે ત્યાં બિમારી વધારે. જ્યાં કાયદો વકીલ વધારે ત્યાં અધર્મ વધારે. આપણે માટે રોજ નવા નવા કાયદા કરવા પડે એ શરમની વાત છે. સરકારને આપણે શિસ્તથી વર્તતા નથી માટે કુચના લાકડા લગાડવા પડયા છે. લાકડા તો ઢોરને માટે હોય. મને આનો વિચાર કરતાં ઘણું દુખ થાય છે. ધર્મ આપણા હૃદયમાં હોવો જોઇએ. શુદ્ધ આચરણ કરશું તો જ માનવતા વધશે. મહાવીર સ્વામીએ એ પ્રમાણે આચરણ કરવાનું શીખવ્યું. કોઇ ધર્મે કહ્યું નથી કે માનવી સમાજનું શોષણ કરો. દરેકે જુદી જુદી રીતે એકજ વાત કરી છે કે સમભાવ રાખો. આજે ધર્મ આપણી જીભ સુધી આવ્યો છે, હૃદયમાં ઉતર્યો નથી. ધર્મને હૃદયમાં ઉતારવો પડશે. માનવતા અને સમભાવનાનો અમલ કરવો એ જ ધર્મ છે. સ્વાર્થ નષ્ટ થતાની સાથે જ રાગદ્વેષ વિગેરે નષ્ટ થઇ જાય છે. સહન કરવું એ જ આપણો ધર્મ છે. સહન કરતાં કરતાં એજ સ્વભાવ બની જશે અને એમાંજ આનંદ આવશે. "शूर संग्रामको देख भागे नहि." જેને માનવતા પ્રાપ્ત કરવી હોય તેણે રાતદિવસ જાગૃત રહેવું જોઇએ.

"रात दीन युद्धका प्रसंग अंतर आण....." જો આપણે માનવ બનવું હોય તો કોઇ પણ મહાન પુરુષનાં નામનું માત્ર રટણ કર્યે નહિ ચાલે, પરંતુ તેના જીવનનું અનુકરણ કરવું પડશે, સદ્‌વર્તન કરવું પડશે.

જો પ્રજાનો અને તેના સ્વાસ્થ્યનો વિચાર કરવો હોય તો બ્રહ્મચર્યનો વિચાર કરવો જ જોઇએ અને જો બ્રહ્મચર્ય ખપતું હોય તો સંયમનો વિચાર કરવો પડશે. રામ ત્યાં કામ નહિ, કામ ત્યાં રામ નહિ. સ્વાર્થ અને નિસ્વાર્થ, સંયમ અને અસંયમ, બ્રહ્મચર્ય અને વાસના એક સાથે રહી શકે નહી.

આખો માનવસમાજ એક કુટુંબ જેવો થઇ જાય એવી મારી અભિલાષા છે. આજે આપણને સાચા નાગરિક બનવાની અત્યંત જરૂરીઆત છે. વ્યવહાર શુદ્ધિ ત્યારે જ થઇ શકે જ્યારે આપણું જીવન શુધ્ધ થાય. દરેક વ્યક્તિએ પોતાનું જીવન શુદ્ધ કરી બીજાનું જીવન શુદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઇએ અને સંગઠ્ઠન સાધવું જોઇએ.

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩ અંક : ૭ | મુંબઈ : ૧ ઓગસ્ટ ૧૯૫૧ બુધવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

કાકાસાહેબનો વ્યોમવિહાર

કાકાસાહેબ કાલેલકર ગયા વર્ષે પૂર્વ આફ્રીકા બાજુ લગભગ ત્રણ માસનો પ્રવાસ કરી આવ્યા. મુંબઇથી તેઓ ૧૯૫૦ ના મે માસની આઠમી તારીખે ઉપડયા અને પૂર્વ આફ્રીકાથી એડીસ અબાબા (આબીસીનીઆનું મુખ્ય શહેર) તથા એડન થઇને ઓગસ્ટ માસની પાંચમી તારીખે મુંબઇ પાછા આવ્યા. આ પ્રવાસનાં સંસ્મરણો 'પૂર્વ આફ્રિકામાં' એ નામથી પુસ્તકાકારે નવજીવન પ્રેસ તરફથી પ્રગટ કરવામાં આવ્યાં છે અને તેની કીંમત રૂા. ૩, રાખવામાં આવી છે.

ગાંધીજીના અતિ નિકટવર્તી સાથીઓમાં કાકાસાહેબ એક જંગમ જ્ઞાનતીર્થ સમા છે. વળી તેઓ એટલો બધો પ્રવાસ કરતા હોય છે કે પરિભ્રમણ એ જ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હોય એમ જ આપણને કદિ કદિ લાગે. પરિભ્રમણ પણ જ્ઞાનપ્રાપ્તિનું એક ઘણું મોટું સાધન છે કાકાસાહેબને મળવું એટલે સતત વહેતી જ્ઞાનગંગામાં નહાવા બરોબર હોય છે. તેમનું પ્રવાસવર્ણન એટલે એક સ્થળેથી બીજા સ્થળે એમ સ્થળ સ્થળનાં કેવળ સ્થુળ વર્ણનો નહિ, પણ અનેક પ્રકારના અનુભવો, સંવેદનો, સંપર્કોની રોચક તેમ જ ઉદ્બોધક જ્ઞાનકથા. 'પૂર્વ આફ્રીકામાં'નું વર્ણન આ રીતે અન્ય પ્રવાસવર્ણનોથી બહુ જુદું પડે છે અને એ કારણે સંસ્કારવાંચ્છુ નરનારીઓએ વાંચવા તેમ જ વસાવવા યોગ્ય અગ્રંથ છે.

પૃથ્વીતળના ભિન્ન ભિન્ન ખંડોમાં સૌથી મોટો ખંડ આફ્રિકા છે. તેના ભૂતળ અંદર હીરા, સોનું, કોલસો, લોઢું એમ પારવિનાની સમૃદ્ધિ ભરેલી છે. ભૂતળ ઉપર વિશાળ સરોવરો, ગગનચુંબી પર્વતો, બારે માસ વહેતી સરિતાઓ અને વિશાળ ક્ષેત્રફળને આવરી લેતા વિશાળ જંગલો, પથરાયલા પડયાં છે. ત્યાંનું સૃષ્ટિ-સૌન્દર્ય અદ્‌ભુત અને અવર્ણનીય છે. ભિન્ન ભિન્ન જાતિના જંગલી જાનવરોની પણ ત્યાં પુષ્કળ વસ્તી છે. આવા બૃહત્કાય આફ્રિકાના એક મહત્વભર્યા વિભાગનો કાકાસાહેબના પુસ્તક દ્વારા આપણને રોમાંચક પરિચય મળે છે. કુદરતને જોવાની માણવાની કાકાસાહેબની તૃષ્ણા આ ઉમ્મરે લેશ માત્ર કમી થઇ નથી. આ તૃષ્ણાની તમન્ના અને તૃપ્તિનો આસ્વાદ બન્ને તેમનાં ઉત્કંઠા અને ઉલ્લાસભર્યાં વર્ણનોમાંથી સારી પેઠે અનુભવવા મળે છે.

પૂર્વ આફ્રિકામાં કાકાસાહેબ જણાવે છે તેમ ત્રણ જાતિનો શંભુમેળો છે. એક તો એ દેશના તળપદા આફ્રિકનો, બીજા હિંદીઓ અને ત્રીજા રાજ્યકર્તા અંગ્રેજો. આ ત્રણે વચ્ચે સમન્વયની સાધના એ ત્યાંની ઉત્કટ સમસ્યા છે. અંગ્રેજો ત્યાંના ધણીરણી હોય એમ એ પ્રદેશના સારામાં સારા વિભાગો પચાવીને બેઠા છે અને રાજ્ય ચલાવે છે. હિંદીઓ કંઇ કાળથી ઘણી મોટી સંખ્યામાં વ્યાપાર ઉદ્યોગના કારણે વસેલા છે અને પૂર્વ આફ્રિકાના વિકાસમાં તેમણે ઘણો મહત્વનો ફાળો આપ્યો છે. આફ્રિકનો underdogની-અધમ નિત પ્રજાની-સ્થિતિમાં હોવા છતાં તેમનામાં જાગૃતિ આવતી જાય છે, ધંધો, ઉદ્યોગ તથા કેળવણીમાં આગળ વધતા જાય છે અને પોતાની પરતંત્ર પરિસ્થિતિ વિષે સભાન થતા જાય છે. હિંદીઓના માથે અંગ્રેજી શાસન છે જે હિંદીઓનો ઉત્કર્ષ સહન કરી શકતું નથી; નીચે આફ્રિકનો છે જેમના દિલમાં હિંદીઓ એ દેશના શોષક હોય એવો ભાવ પેદા કરવાના પ્રયત્નો અંગ્રેજી શાસકો તરફથી ચાલી રહ્યા છે. આ વિષમ પરિસ્થિતિમાં હિંદીઓ માટે એ વિશિષ્ટ ધર્મ બને છે કે તેમણે આફ્રિકનો સાથે બંને તેટલું તાદાત્મ્ય કેળવવું જોઇએ અને તેમના હસ્તક ચાલતી કલ્યાણકારક પ્રવૃત્તિઓનો ત્રણે વર્ણના લોકોને કશા પણ ભેદભાવ સિવાય બને તેટલો લાભ મળે એવો પ્રબંધ કરવો જોઇએ, અને ત્યાંનું કમાયલું ધન ત્યાંની વિવિધ જનહિતકર પ્રવૃત્તિઓ પાછળ સારા પ્રમાણમાં ખરચાવું જોઇએ. આ મુદ્દા ઉપર કાકા સાહેબ જ્યાં જ્યાં ગયા અને તેમને બોલવા કહેવાનો પ્રસંગ મળ્યો ત્યાં ત્યાં તેમણે ખૂબ ભાર મૂક્યો હતો. વસ્તુતઃ કેનીઆમાં ગાંધીસ્મારક રૂપે ત્રણે વર્ણના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી હોય એવી એક કોલેજની યોજના વિચારવા અને તેનો પ્રચાર કરવા માટે જ પોરબંદરનિવાસી શેઠ નાનજી કાલીદાસના નિમંત્રણના પરિણામે કાકાસાહેબનો આ પરિચય યોજાયો હતો. આવી એક કોલેજની એક બીજા કારણે પણ ખાસ આવશ્યકતા છે. આજની પરિસ્થિતિમાં મેટ્રીકથી આગળ ભણવાની આપણા હિંદીઓ માટે ત્યાં કોઇ વ્યવસ્થા કે સગવડ નથી. વિદ્યાર્થીને આગળ ભણવું હોય તો કાં તો તેને ઇંગ્લાંડ જવું પડે અથવા તો હિંદુસ્તાન આવવું પડે. નહિ તો પછી અભ્યાસને મેટ્રીકથી અટકાવીને તેને કોઇ પણ ઉદ્યોગ, ધંધો કે નોકરીમાં જ જોડાઇ જવાની ફરજ પડે છે. આ પ્રકારની કોલેજની કલ્પનાને હજુ મૂર્ત સ્વરૂપ આપવાનું બની શકયું નથી, પણ એ દિશાએ પ્રચાર તેમ જ વિચારજાગૃતિ કાકાસાહેબના જવાથી બહુ સારા પ્રમાણમાં થઇ શકી છે.

પૂર્વ આફ્રિકામાં જે હિંદીઓની વસ્તી છે તેમાંનો ઘણો મોટો ભાગ ગુજરાત કચ્છ અને કાઠિયાવાડના હિંદુ મુસલમાનોનો છે. મુસલમાનોમાં સારો એવો ભાગ નામદાર આગાખાનના અનુયાયીઓનો છે. પરિણામે ત્યાં વસતા હિંદીઓનું ભાષામાધ્યમ મોટા ભાગે ગુજરાતી છે અને ત્યાંની શિક્ષણસંસ્થાઓમાં પણ ગુજરાતી દ્વારા જ શિક્ષણ અપાય છે. આ હિંદી સમુદાય હિંદના ભાગલા પડયા તે પહેલાં એકમેક સાથે હળીમળીને રહેતો હતો; અને ત્યાંની શિક્ષણસંસ્થાઓ તેમજ સામાજિક પ્રવૃત્તિઓ સુખરૂપ ચલાવવામાં આવતી હતી. આ મીઠાશને અને સંબંધમાધુર્યને હિંદની પાકીસ્તાની હીલચાલે ઘણો ધક્કો પહોંચાડયો છે, અને મુસલમાનો હવે પોતા વિષે જુદાઇથી વર્તતા વિચારતા થવા લાગ્યા છે. પરિણામે સંસ્થાના વહીવટોમાં ઝગડા શરૂ થયા છે અને મુસલમાનોએ પોતાની અલગ સંસ્થાઓ ઉભી કરવાનું શરૂ કર્યું છે. આ મુસલમાનો લગભગ સમગ્રપણે

હિંદુસ્તાન બાજુના–ગુજરાત અને કચ્છ કાઠિયાવાડ તરફના જ છે એમ છતાં તેમની નિષ્ઠા હવે પાકીસ્તાન તરફ ઢળી રહી હોય એવો ભાસ થાય છે. આ ફેરફાર અત્યન્ત દુઃખદ છે.

આ ફેરફારનું વિષ ઠળવું કરવાના નાબુદ કરવાના હેતુથી કાકાસા'બે 'આપણે બધા એશીઆઇ' એવા એક લોકસૂત્રનો સ્વીકાર કરાવવાનો સ્થળે સ્થળે ખૂબ જોરશોરથી પ્રયત્ન કર્યો છે. પણ આ દિશાએ તેમને કેટલી સફળતા મળી છે અથવા મળશે એ સંશયાસ્પદ છે. કારણ કે ધર્મવાદનું અફીણ મુસલમાન પ્રજાને નાનપણથી એટલા મોટા પ્રમાણમાં પાવામાં આવે છે કે તેમને રાષ્ટ્રવાદ કે ખંડવાદ ભાગ્યે જ ઊંડાણુથી સ્પર્શે છે. એમ ન હોત તો પાકીસ્તાનનો કોઇ કાળે જન્મ જ થાત નહિ. આજે હિંદમાં પણ હિંદુઓ અને મુસલમાનોનાં હિતો એટલા બધાં એકમેક સાથે સંકળાયલા છે કે એકમેકને અન્ય ભાવે જોવા એ કોઇના લાભમાં છે જ નહિ. આમ છતાં પણ મુસલમાનો વિષે આ બાબતમાં આપણી આશંકતા હજુ નાબુદ થઇ શકતી જ નથી.

પૂર્વ આફ્રિકા નામદાર આગાખાનનું મોટામાં મોટું થાણું છે. તેમના તરફથી અનેક શિક્ષણ સંસ્થાઓ તેમ જ બીજી પણ કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે અને તે પણ બહુ વ્યવસ્થિત રીતે અને અદ્યતન ઢબે. હમણાં હમણાં એક કોલેજની પણ શરૂઆત કરવામાં આવી છે, પણ આ બધું મોટા ભાગે પોતાના આનુયાયીઓ માટે અને બહુ બહુ તો મુસલમાન કોમ માટે. આવી જ્યાં સ્થિતિ છે ત્યાં વ્યાપક દર્શન કે ભાવનાની આશા રાખવી વધારે પડતી છે.

આ તો આપણે એક સંસ્કૃતિના પ્રતિનિધિ તરીકે કાકાસાહેબ સામે જે પ્રશ્નો ઉભા થયા હતા તેમાંના કેટલાકની આલોચના કરી. પણ કાકાસાહેબ જેટલા સમાજ શ્રેયના ઉપાસક છે તેટલા જ સૃષ્ટિસૌન્દર્યના પણ તેઓ એક બહુ મોટા આશક છે. જો આજે ચંદ્રલોક સુધી પણ જઇ આવી શકાતું હોય તો ત્યાં સુધી પહોંચવામાં પણ તેઓ પાછી પાની ન જ કરે. આવી તેમની સૌન્દર્ય ભુખ છે. એક યુવાનને પણ શરમાવું પડે એવા ઉત્સાહથી તેઓ પૂર્વ આફ્રિકાના ભિન્નભિન્ન સૌન્દર્યમથકોએ ભટકયા છે; રાની પશુઓની ચેષ્ટાઓ નીહાળવા પાછળ તેમણે કલાકોના કલાકો વીતાવ્યા છે; વિશાળ સરોવરોની તેમણે પ્રદક્ષિણા કરી છે; અને પ્રસુપ્ત જ્વાળામુખીના શિખર સુધી તેઓ પહોંચ્યા છે. આફ્રિકાના મોટામાં મોટા સરોવર વીકટોરીઆ ન્યાન્ઝાનું ક્ષેત્રફળ ૨૭૦૦૦ ચોરસ માઇલ છે. આફ્રિકાનું ઉચ્ચતમગિરિ શિખર કીલીમાન્ઝારોની ઉંચાઇ આશરે ૧૪૦૦૦ ફીટ છે અને તેની બાજુએ [illegible] એક બીજો પણ ઘણો ઉંચો પર્વત આવેલો છે તે મેરૂ પર્વતના નામે ઓળખાય છે. નાઇલ નદીનું મૂળ જેને કાકાસાહેબ નીલોત્રીના નામથી ઓળખાવે છે તે વીકટોરીઆ સરોવરમાંથી નીકળે છે; એબીસીનીઆનું મુખ્ય શહેર એડીસ અબાબા ૮૦૦૦ ફીટની ઉંચાઇએ આવેલ છે. આવી કેટલીયે અવનવી માહીતી તેમના અદ્‌ભુત નિસર્ગવર્ણનોમાંથી મળે છે. વિમાનમાં બેઠાં બેઠાં જોયેલાં દૃશ્યો તેઓ વર્ણવે છે ત્યારે તેમના વર્ણનઝુલે ઝુલતાં આપણે કોઇ જુદો જ આનંદ અનુભવીએ છીએ. રાની પશુઓમાં પણ સિંહને જોવાની–નિહાળ્યા કરવાની–કાકાસાહેબની ઘેલછા આપણને કાંઇક આશ્ચર્ય પમાડે છે. આમ આ પ્રવાસ સંપર્કવૈવિધ્યની અને નિસર્ગચિત્રિતાનો એક અદ્‌ભુત નોંધપોથા છે.

કાકાસાહેબનો આ પ્રવાસ વાંચીએ છીએ ત્યારે તેમનો પૂર્વકાળનો હિમાલયનો પ્રવાસ યાદ આવે છે. એના એ જ કાકાસાહેબ છતાં એ વખત અને આજના વખતમાં કેવડું મોટું રિથત્યન્તર આપણી આંખ સામે ખડું થાય છે?

આગળના પ્રવાસો દરમિયાન તેમની ઉગતી ઉમ્મર હતી; તેમની સ્થિતિ સાધકની, પરિવ્રાજકની, જ્ઞાનપિપાસુની હતી. તે પ્રવાસ તેમણે પગપાળા કર્યો હતો, અને ઓછામાં ઓછા ખર્ચે કેમ નિર્વાહ કરવો તેવી તેમની દૃષ્ટિ અને તે પ્રકારના તેમના સંયોગો હતા. આગળની અપેક્ષાએ આજે તેમની સ્થિતિ એક સિદ્ધ પુરૂષની લેખાય. તેઓ પૂર્વ આફ્રિકા હિંદી સંસ્કૃતિના એક સર્વમાન્ય પ્રતિનિધિ તરીકે ગયા હતા. તેમની પાછળ ગાંધીજીના નિકટવર્તી સાથી, શિક્ષણ આચાર્ય, બૌદ્ધિક લેખક અને દૃષ્ટા–આવી અનેકવિધ પ્રતિષ્ઠા હતા. તેમનો પ્રવાસ એક ઉચ્ચ કોટિના રાજપુરૂષ તરીકેનો હતો. મોટા ભાગે મોટરમાં અને જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાં વિમાનમાં જ તેમણે પ્રવાસ કર્યો હતો. હિંદી સરકાર તરફથી તેમના માટે સર્વ પ્રકારની ભલામણો હતી. કેનીયા ખાતેના હિંદના હાઇ કમીશનર અપ્પાસાહેબ પંતે તેમના માટે સર્વ પ્રકારની ગોઠવણ કરી હતી. સ્થળે સ્થળે તેમની બાદશાહી પરોણાગત કરવામાં આવી હતી. એ તો ખરૂં જ છે કે આટલી સુખસગવડ ન હોય તો આટલા ટુંકા સમયમાં આટલો વિસ્તૃત પ્રવાસ થઇ ન જ શકે. ત્યાંના આપણાં હિંદી ભાઇ બહેનોને મન પણ કાકાસાહેબનું પોતાના આંગણે પધારવું અહોભાગ્યની નિશાની સમાન હતું. ત્યાંના યજમાનોને અગવડ ન પડે તે હેતુથી સ્વભાવે અત્યન્ત આગ્રહી એવા કાકાસાહેબે સામાન્ય રીતે ખાનપાનને લગતા જે ખાસ નિયમો તેઓ પાળે છે તે નિયમો (મધ, ઈંડા કે આમિષ આહાર ન જ લેવાય એ સિવાયના) આફ્રિકાના પ્રવાસ પુરતા મોકુફ રાખ્યા હતા. તેમના પ્રવાસ દરમિયાન સ્થળે સ્થળે ભોજન સમારંભો અને સન્માન સભાઓનો ક્રમ અતૂટપણે ચાલ્યા જ કરતો હતો. આટલી લાંબી જીવનસાધનાને અન્તે આવા વ્યોમવિહારના તેઓ અધિકારી હતા એમ આપણે જરૂર કહેવું જોઇએ. અથવા તો આવા સુખપૂર્ણ પ્રવાસને આપણે બીજી રીતે પણ ઘટાવી શકીએ. સાધારણ રીતે આ જન્મમાં મોટા પાયા ઉપર પુણ્યોપાર્જન કર્યું હોય તો તેનો બદલો પછીના ભવે પ્રાપ્ત થતા સ્વર્ગમાં મળે છે–આવી કલ્પના અને માન્યતા આપણે ત્યાં સુપ્રચલિત છે. પણ વિધાતાએ કાકાસાહેબની અપૂર્વ જ્ઞાનોપાસના અને જીવનસાધના લક્ષ્યમાં લઇને આજ ભવમાં અને આજ દેહે ભલે ત્રણ મહિના માટે પણ સ્વર્ગવાસના આનંદનો તેમને અનુભવ કરાવવાનો જાણે કે નિરધાર કર્યો ન હોય એમ સુખરૂપ અને અગણ્ય મધુર સંવેદનોથી ભરચક એવો આ તેમનો પૂર્વ આફ્રિકાનો પ્રવાસ વિધાતાએ નિર્માણ કર્યો હતો. આને લગતું તેમનું લખેલું વર્ણન વાંચીને આપણે તેમના સહપ્રવાસી થઇ શકીએ છીએ એ આપણું પણ પરમ સદ્‌ભાગ્ય છે.

છેવટે આ પુસ્તકના અન્ત ભાગમાં કાકાસાહેબે જે લખ્યું છે તે અવતરિત કરીને આ સમાલોચના પુરી કરીએ. સમગ્ર પ્રવાસનો ઉપસંહાર કરતાં કાકાસાહેબ જણાવે છે કે " જિંદગીમાં પહેલી જ વાર પરદેશ જઇ આવ્યો હતો. સ્વતંત્ર હિંદુસ્તાનના સ્વતંત્ર શહેરી તરીકે પૂર્વ આફ્રિકામાં ફરી શકયો હતો. ત્યાંના હિંદવાસીઓની મહેમાનગીરી ચાખી શકયો હતો. ત્યાંના રાજ્યકર્તા અંગ્રેજો સાથે વિચાર વિનિમય કરી શકયો હતો. અને ખાસ કરીને આફ્રિકાના વતની આફ્રિકન લોકોના કેટલાક આગેવાનોનો વિશ્વાસ મેળવી શકયો હતો. એ બધા જ ધન્યતાના વિષયો હતા. હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચે સ્નેહ સંબંધ વધારવાની જવાબદારી માથે લઇને સ્વદેશ આવ્યો છું, તેથી હિંદુસ્તાનની આઝાદીનું ઊંડાણ વધારે અનુભવતો થયો છું." **પરમાનંદ**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી. **રતિલાલ ચીમનલાલ કોઠારી**
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

કેટલાક સમાચાર અને નોંધ

પાકીસ્તાનની યુધ્ધવિકળતા અને ભારતની શાન્તિપ્રિયતા

આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે કોરીઆનું યુધ્ધ જ્યારે શાન્ત થવાની અણી ઉપર આવ્યું છે અને ઇરાનનો તેલી ઝગડો પણ પતાવટની દિશાએ આગળ વધી રહ્યો છે ત્યારે પાકીસ્તાને એકાએક હિંદ સામે યુધ્ધરાણ શરૂ કરી મૂકયું છે અને યુધ્ધની આબોહવા જોસ-ભેર ફેલાવવા માંડી છે. પાકીસ્તાન ખરેખર હિંદ સાથે લડી લેવા માંગે છે કે ધાકધમકીથી હિંદ પાસેથી જે કાંઇ સાધી શકાય તે સાધી લેવા માંગે છે તે વિષે આજે કોઇ ચોકકસપણે કહી શકે તેમ નથી, પણ ત્યાંના મુખ્ય પ્રધાન જનાબ લિયાકતઅલીખાન જે વેરઝેરની વાણી વરસાવી રહ્યા છે અને ત્યાંના લોકમાનસને યુધ્ધ-પરાયણ બનાવવા માટે જે તરકીબો શરૂ કરવામાં આવી છે તે જોતાં ગમે ત્યારે પણ ધડાકો થાય અને પાકીસ્તાન અને હિંદ વચ્ચે યુધ્ધનો ઉલ્કાપાત એકાએક શરૂ થાય એવી ભીતિ આપણા માથે ટમટમી રહી છે. આ જોખમી વસ્તુસ્થિતિની કોઇથી પણ ના કહી શકાય તેમ છે જ નહિ.

આટલો બધો પાકીસ્તાનનો ધમધમાટ શા માટે? હિંદમાં કે કાશ્મીરમાં એવું તે શું બન્યું છે કે જેથી પાકીસ્તાન યુદ્ધની નોબત આટલા જોરથી વગાડી રહ્યું છે અને હિંદને દુનિયાભરમાં બદનામ કરી રહ્યું છે. એ તો જાણીતું છે કે કાશ્મીરમાં ઓગસ્ટ માસમાં લોકપ્રતિનિધિ સભાની ચુંટણી થવાની છે અને સપ્ટે-મ્બરના પ્રારંભમાં આ સભાની બેઠકની શરૂઆત થવાની છે. આને અને યુનોના ઠરાવ નીચે કાશ્મીરના હિંદ સાથેના જોડાણ વિષે લોકમત લેવાનો છે તેને કશો પણ સંબંધ નથી એમ હિંદ તરફથી ફરી ફરીને ચોખવટ કરવામાં આવી છે. એમ છતાં પણ કાશ્મી-રમાંના હિંદની હકૂમતના પ્રદેશમાં ચુંટણી થાય અને લોકપ્રતિ-નિધિસભાની શરૂઆત થાય એ પાકીસ્તાનને કોઇ પણ રીતે ગમતી વાત નથી અને એ અટકાવવાના પાકીસ્તાનના આ બધા ધમપછાડા છે. પાકીસ્તાનની આ મુરાદની હિંદને પુરી જાણ હોવાથી હિંદે પાકીસ્તાનને લગતી સરહદને લશ્કરી દૃષ્ટિએ પુરી મજબુત અને સુરક્ષિત કરી છે. આને પાકીસ્તાને હિંદની આક્રમક તૈયારી લેખાવીને આન્તરરાષ્ટ્રીય દુનિયામાં કોલાહલ મચાવી મૂકયો છે, અને ત્યાંના મુખ્ય પ્રધાન જનાબ લિયાકતઅલીખાને પાકીસ્તાની પ્રજાને યુધ્ધના નિશાથી ચકચુર બનાવવા માટે વિષમય વાણીનો પ્રવાહ વહેતો કર્યો છે એટલું જ નહિ પણ હિંદને અમારો આ જ જવાબ હશે એમ કહીને હિંદ સામે મુકકો ઉગામ્યો છે.

આના જવાબમાં હિંદના મહામાત્ય શ્રી જવાહરલાલ નહેરૂએ તા. ૨૯-૭-૫૧ ના રોજ દીલ્હી ખાતે એક લાખ માન-વીઓની મેદની સામે હિંદના વલણને સ્પષ્ટ કરતું એક ભવ્ય પ્રવચન કર્યું છે, અને હિંદ હંમેશા શાન્તિપ્રિય રહ્યું છે અને તેના દિલમાં પાકીસ્તાન વિષે યુધ્ધાભિમુખતાની લેશ માત્ર વૃત્તિ નથી એ મુદ્દાને ભારે વિશદતાથી રજુ કરતાં જણાવ્યું છે કે "યુધ્ધ એક મોટું અનિષ્ટ છે અને ભારે અનર્થજનક ઘટના છે, કારણ કે તેનાથી પારવિનાની આફતો જન્મે છે. અલબત્ત આ દુનિયામાં રાજ્યસત્તાના શિખરે બેઠેલા એવા કેટલાયે સત્તાધીશો છે કે જેઓ એક યા બીજા રાષ્ટ્રને પડકાર ફેંકે છે અને યુધ્ધમાં પરિણમતાં નિર્ણયો લે છે. પણ યુધ્ધ શરૂ થાય છે ત્યારે તેનાં પરિણામો તો લાખોની સંખ્યામાં આમજનતાને જ ભોગવવા પડે છે, અને પોતાના થાણામાં સુરક્ષિત એવા આ સત્તાધીશોને આ પરિણામો લેશમાત્ર સ્પર્શતાં નથી.

"આ હેતુથી પાકીસ્તાન જે રીતે બોલી રહ્યું છે તે રીતે હું કોઇ આગ વરસાવતું ભાષણ કરવા માંગતો નથી. એ રીત તો સહેલામાં સહેલી છે. ગરમાગરમ શબ્દો વાપરવા, લોકોને ઉશ્કેરવા અને તેમનામાં દ્વેષમત્સર પેદા કરવા એ જરા પણ મુશ્કેલ નથી. પણ હિંદના લોકોએ આ કટોકટીની ઘડીએ પોતાનો મુખ્ય ધર્મ શું છે, પોતાના દેશનો બચાવ કરવા અને પ્રજાનું રક્ષણ કરવા માટે શું કરવું જોઇએ તે બરોબર સમજી લેવું જોઇએ. આજની પરિસ્થિતિ વધારે ઉગ્ર બને અથવા તો દેશ આખો ભયમાં મૂકાઇ જાય એવી જોખમી ઘટના અનિવાર્ય બને એવું કશું પણ કોઇ કરી ન બેસે એની લોકોએ પુરી તકેદારી રાખવી જોઇએ. આ સંયોગોમાં પાકીસ્તાનના પડકાર સામે પડકાર ફેંકવાનો અને ઝેરની સામે ઝેર વર-સાવવાનો હું પ્રયત્ન નહિ કરું." એમ કહીને કયા અનિવાર્ય સંયો-ગોમાં હિંદની સરહદને સુરક્ષિત બનાવવા ખાતર કેટલીક લશ્કરી ટુકડીઓને સરહદ ઉપર ગોઠવવાનું હિંદી સરકારે ઉચિત ધાર્યું હતું તેનો ખુલાસો કરીને પાકીસ્તાને આ સામે કેવો ધોંધાટ મચાવી મૂકયો અને અંધારપટ ફેલાવવો, બાકીઓ બોદવી, રક્ષણકાનુનો જાહેર કરવા વગેરે ઉપાયો વડે પોતાની પ્રજામાં કેવી ભયત્રસ્તતા ફેલાવી છે તેનો ખ્યાલ આપ્યો હતો અને આગળ ચાલતાં જણાવ્યું હતું કે "આમ કરવામાં પાકીસ્તાનની શું દાનત છે તે હું કહી શકતો નથી. પણ હિંદ અને પાકીસ્તાન વચ્ચે જો સશસ્ત્ર યુદ્ધ ઉભું થશે તો તેનું પરિણામ પાર્વવનાની યાતનાઓ અને જાન-માલના અઢળક વિનાશમાં આવશે એમાં કોઇ શક નથી. કોરીઆનો જ દાખલો વિચારો! એ નાનાસરખા દેશમાં શક્તિશાળી મહાન રાષ્ટ્રોએ ઉભું કરેલું યુદ્ધ હતું. પરિણામે ત્યાંની ત્રણ કરોડની વસ્તીમાંથી બોંબમારો, ભૂખમરો, ભાગનાશ કે ઠંડીને લીધે ઓછામાં ઓછી એક કરોડની વસ્તીનો નાશ થયો છે અને કોરીઆના ઓછામાં ઓછા ૭૦ ટકા મકાનો ભાંગીને ભુકકો થયા છે. આ હકીકત ધ્યાનમાં લઇને યુદ્ધ વિષે જેટલી ઘૃણા ચિન્ત-વવામાં આવે તેટલી ઓછી છે. આમ છતાં હજુ પણ જો કેટ-લાક લોકો લડાઇની વાતો કરતા હોય તો એ કેવળ પાગલપણું છે. કયાં તો તેમનાં ચિત્ત સાવ વિકલ બની બેઠાં છે અથવા તો દુનિયાના આત્મઘાતને તેઓ માંગી રહ્યા છે."

હિંદ અને પાકીસ્તાનના પરસ્પર સંબંધનો ઉલ્લેખ કરતાં જવાહરલાલજીએ જણાવ્યું હતું કે "હિંદ પાકીસ્તાન સાથે લડવા માંગે છે એમ કહેવું તે તદ્દન અકલ્પવિનાની વાત છે. દુઃખની વાત એ છે કે પાકીસ્તાનની પ્રજાના મગજમાં બોટી વાતો અને બોટા વિચારો ભરવામાં આવ્યાં છે અને તેમના દિલમાં બૂબ ઝેર સીંચવામાં આવ્યું છે. જો લોકોને સાચી દોરવણી આપવામાં આવી હોત તો સર્વ કાંઇ શુભમાં જ પરિણમત. એક રાષ્ટ્રના અને અન્ય રાષ્ટ્રના લોકો-વચ્ચે કોઇ મહત્વનો તફાવત હોતો નથી. સૌ એક જ માટીના બનેલા હોય છે. હિંદ અને પાકીસ્તાનની પ્રજા એકમેક સાથે ગાઢપણે સંકળાયલી હોઇને એ બે વચ્ચે ભાગ્યે જ આવો કોઇ પ્રશ્ન ઉભો થવાનો સંભવ હતો.

"આજે તમે પાકીસ્તાનમાં યુધ્ધપોકારો સાંભળી રહ્યા છો પણ તમને ખબર નહિ હોય કે આજથી હજુ નવ દિવસ પહેલાં પૂર્વ-પંજાબની એક હોકી ટીમ (હોકી બેલનારી મંડળી) લાહોર ગઇ હતી અને લાહોરની પોલીસ ટીમ સાથે મેચ રમી હતી. આ મેચ જોવા માટે દશેક હજાર માણસો એકઠા થયા હતા. હિંદી ટીમ જીતી હતી. પણ આ કોઇ હારજીતનો પ્રશ્ન નહોતો, પણ ત્યાં પ્રગટ થયેલ પરસ્પર વિષે હાર્દિકતા ભરેલી લાગણીનું બરું મહત્વ હતું. જુના મિત્રો એકમેકને ભેટી પડયા હતા. માત્ર મેચમાં ભાગ લેના-રાઓ વચ્ચે જ આ લાગણી પ્રગટ થઇ હતી એમ નહોતું, પણ મેચ જોવા ગયેલા અનેક લોકો પણ રમતના ક્ષેત્ર ઉપર ધસી આવ્યા હતા અને પોતાના પુરાણા મિત્રો સાથેનો સંબંધ તેમણે

તાજો કર્યો હતો. આ પાકીસ્તાનમાં એક બાજુએ હિંદ ઉપર ગાળોનો વરસાદ વરસવવામાં આવે છે અને બીજી બાજુએ પુરાણા મિત્રો એકમેકનું અભિવાદન કરે છે અને જુની મૈત્રીને તાજી કરે છે.

"આવા સંયોગોમાં દેશના આગેવાનોની ફરજ છે કે તેમણે લોકોના દિલમાં ખોટાં વલણો પેદા ન કરવા જોઇએ. પાકીસ્તાનના આગેવાનો આ બાબતમાં લોકોને ખોટી દોરવણી આપી રહ્યા છે. એ ભારે દુઃખનો વિષય છે. હું સચ્ચાઇની મૂર્તિ છું એવો મારો કોઇ દાવો નથી, પણ ગાંધીજીની દોરવણી નીચે હું કશા પણ અંદેશા સિવાય એકનિષ્ઠાથી સુલેહશાન્તિના માર્ગે ચાલી રહ્યો છું.

"ગઇ કાલના છાપામાં તમો લોકોએ વાંચ્યું હશે કે પાકીસ્તાનના મુખ્ય પ્રધાને પોતાના આવેશભર્યા ભાષણ દરમિયાન મુઠ્ઠી વાળીને હાથનો મુક્કો બતાવ્યો હતો અને જણાવ્યું હતું કે હવેથી પાકીસ્તાનનું આ નવું Symbol–માર્ગદર્શક રાજ્ય–ચિહ્ન–રહેશે. અલબત્ત પાકીસ્તાનના મુખ્ય પ્રધાન પોતાને ફાવે તેવું રાજ્યચિહ્ન–symbol–પસંદ કરવાને મુખ્તયાર છે પણ હિંદે પણ પોતાનું રાજ્યચિહ્ન પસંદ કરેલું જ છે. અને તે અશોક–ચક્ર છે. તે શાન્તિનું–હિંદની પ્રાચીન સંસ્કૃતિ અને શાન્તિપ્રિયતાનું–ચિહ્ન છે."

પંડિત જવાહરલાલના આ ઉદ્‌ગારો વાંચતાં લિયાકતઅલીખાન અને જવાહરલાલના વ્યક્તિત્વ વચ્ચે રહેલો જમીન આસમાન જેટલો તફાવત આપણી આંખ સામે મૂર્તિમન્ત થાય છે. જવાહરલાલની વાણીમાં ગાંધીજીના શાન્તિપ્રિય આત્માની છાયા નીતરતી દેખાય છે અને ભારતની ભવ્ય સંસ્કૃતિ અને સભ્યતા પ્રતિબિંબિત થતી નજરે પડે છે અને તેમાંથી આપણા ક્ષુબ્ધ માણસને સમ્યગ્ માર્ગદર્શન મળે છે. અન્ય પક્ષે લિયાકતઅલીખાનની વાણીમાં સવાઇઝીણા થવાની ઘેલછા, હીટલરના માર્ગે ચાલવાની તમન્ના અને વેરઝેરના પાયા ઉપર રચાયેલ પાકીસ્તાનના આસુરી માનસની છાયા આપણી આંખ સામે તરી આવે છે અને પોતાની પ્રજાને અને સાથે સાથે હિંદને તેમજ આખી દુનિયાને કેવા વિનાશને માર્ગે તે ધસડી રહેલ છે એ જોઇને આપણું દિલ કંપાયમાન થાય છે.

આજે જ્યારે પાકીસ્તાન સાથે સશસ્ત્ર યુધ્ધની સંભાવના ઉભી થઇ છે ત્યારે ગાંધીજી અને તેમનો અહિંસાવાદ આવે છે અને તે એ રીતે કે આજ સુધી આપણે દુનિયાના કોઇ પણ ક્ષેત્રમાં ચાલતા યુધ્ધની નિરર્થકતા જગતના લોકોને ગાંધીજીના નામે સમજાવતા આવ્યા છીએ અને આજે કમનસીબે ઘરઆંગણે આપણે નિરૂપાયપણે સશસ્ત્ર યુધ્ધ તરફ ધસડાઇ રહ્યા છીએ. જો અનિવાર્ય જ બને તો અહિંસાના નામે આવા યુધ્ધથી પાછા ફરવાનો કે શાન્તિવાદીઓ માફક હાથ જોડીને બેસી રહેવાનો આ કોઇ પ્રશ્ન નથી. પણ ગાંધીજીની અહિંસાનું થોડું સરખું પણ જેણે અનુપાન કર્યું છે તેની સામે સ્વાભાવિક રીતે આ પ્રશ્ન ઉભો થવો જોઇએ કે પાકીસ્તાનને હંફાવવા માટે સશસ્ત્ર યુદ્ધની અપેક્ષાએ શું બીજો કોઇ અહિંસક ઉપાય આપણી સામે છે જ નહિ? આજે ગાંધીજી જીવતા હત તો શું આપણને સશસ્ત્ર યુદ્ધની સંમતિ આપત ખરા? અથવા તો અંગ્રેજ સરકાર સામે લડવાનો જેમ તેમણે આપણને તદ્દન નવો નુસખો બતાવ્યો હતો તેવી જ રીતે કોઇ નવી યોજના શું તેમણે આપણી સામે રજુ કરી ન હોત? ગાંધીજી હયાત નથી. પણ તેમણે અનેક વિચારકોના દિલમાં પ્રગટાવેલી અહિંસાની પ્રજ્ઞા ઓલવાઇ ગઇ નથી. આ પ્રજ્ઞા થી જેની ચિત્તવૃત્તિ પ્રેરિત હોય તેણે આજની પરિસ્થિતિનો ઊંડાણથી વિચાર કરવો ઘટે છે અને પોતે જે કાંઇ કહેશે તેનો અમલ થશે કે નહિ તેની પરવા કર્યા સિવાય પોતાને સૂઝે તેવી યોજના તેણે પ્રજા સમક્ષ રજુ કરવી ઘટે છે. આવી કટોકટી ના વખતે માત્ર ખુવારીના વિચારથી ડરવા કે ભડકવાની જરૂર છે જ નહિ. સશસ્ત્ર યુદ્ધ પણ મોટી ખુવારી માંગવાનું જ છે. શસ્ત્ર સામે શસ્ત્ર ઉગામવાની રીત તો આપણે કંઇ કાળથી જાણીએ છીએ. મારીને આજ સુધી આપણે મરતા આવ્યા છીએ અને તેનું પરિણામ આપણા વિજયમાં જ હંમેશાં આવ્યું છે એમ નથી બન્યું. માર્યા વિના મરવાની–ભલેને હજારોની સંખ્યામાં–અને એ રીતે દુશ્મનના બળને ગાળી નાંખવાની આપણી પાસે કોઇ યોજના સંભવે છે કે નહિ અને એ યોજનાનો નેતા બનવાની કોઇનામાં તાકાત અને યોગ્યતા છે કે નહિ? આજે યુધ્ધની કટોકટી વખતે ગાંધીવાદીઓએ આ પ્રશ્ન આ રીતે પુરી ગંભીરતાથી વિચારવો ઘટે છે. આ પ્રશ્નનો આપણને કોઇ અહિંસક ઉકેલ સુઝે તો અને તેનો અમલ કરી શકીએ તો આપણે મરીએ કે જીવીએ, પણ ગાંધીજીના વારસાને આપણે શોભાવ્યો લેખાશે અને આજની યુદ્ધપરાયણ દુનિયાને નવો માર્ગ દેખાડવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થશે.

રાજકારણી જવાબદારી અને અંગત આસક્તિ

राजा मित्रं केन दृष्ट श्रुतं वा। આવું એક બહુ જાણીતું નીતિવાક્ય છે. એનો અર્થ એ છે કે "રાજા કદિ કોઇનો મિત્ર જોયો છે કે સાંભળ્યો છે?" આનો સાદો ભાવાર્થ તો એવો છે કે રાજાના સ્વભાવમાં ભારે મનસ્વીતા રહેલી હોય છે. આજે તે કોઇનો મિત્ર હોય અને આવતી કાલે તે જ વ્યક્તિ ઉપર રૂઠતાં તેને વાર નથી લાગતી. માટે રાજાની મૈત્રીનો કોઇએ કદિ વિશ્વાસ ન કરવો.

પણ આ સુત્રના ગર્ભમાં બીજું એક ઊંડું સત્ય રહેલું છે. રાજધર્મ એટલો જટિલ છે અને લોકકલ્યાણની સાધના એટલી કઠણ છે કે જેણે રાજ્યવહીવટની જવાબદારી લીધી હોય તેણે પોતાના શાસન નીચે આવતી પ્રજાના કલ્યાણનો જ એકધારો વિચાર અને ચિન્તન કરવું જોઇએ અને તેનું પ્રત્યેક કાર્ય પણ આ ધોરણ ઉપર જ નિર્માણ થવું જોઇએ. સગાં, સંબંધી સ્નેહી, સ્વજન, મિત્રો–આ બધા ખ્યાલોને પોતાના જીવનમાં તેણે ગૌણ સ્થાન આપવું જોઇએ. લોકકલ્યાણની સાધના ખાંડાની ધાર ઉપર ચાલવા જેટલી વિકટ છે. તે સાધનામાં વ્યક્તિગત પક્ષપાતને લેશમાત્ર અવકાશ હોઇ ન જ શકે. ભગવાન રામચંદ્ર ઉત્તરરામચરિતમાં એક સ્થળે સહજપણે બોલી ઉઠે છે કે :—

स्नेहं दयां तथा सौख्यं, यदि वा जानकीमपि।
आराधनाय लोकस्य, मुञ्चतो नास्ति मे व्यथा॥

"સ્નેહ, દયા, સૌખ્ય, અરે જાનકીને પણ લોકઆરાધન ખાતર છોડતાં મને કશી વ્યથા થવાની નથી."

અને આ આદર્શને અનુસરીને જ્યારે રામચંદ્રજીને લાગ્યું કે લોકસંગ્રહ ખાતર સીતાત્યાગ આવશ્યક છે ત્યારે સીતાનો ત્યાગ કરતાં એક ઘડિની પણ તેમણે વાર ન લગાડી.

આ ધોરણે જવાહરલાલ–કીડવાઇનો સંબંધ વિચારતાં પંડિત જવાહરલાલ વિષે આપણા દિલમાં રહેલી ઉંડા આદરની લાગણીને સખ્ત આઘાત લાગે છે. શ્રી રફી અહમદ કીડવાઇનું કોંગ્રેસવિષયક સળંગ વર્તન એકદમ નાલાયકીથી ભરેલું છે; તેમાં પણ પ્રધાન તરીકેનું રાજીનામું ખેંચતાં રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બાબુ પુરૂષોત્તમદાસ ટેન્ડન ઉપર શ્રી કીડવાઇએ જે પાદપ્રહાર કર્યો છે તે કેવળ અક્ષમ્ય છે. કોંગ્રેસની અંદર રહીને કોંગ્રેસમાં મેળ ભંગાણ પડાવનાર, કોંગ્રેસથી છુટા થઇને કોંગ્રેસના પ્રમુખનું આવી રીતે હડહડતું અપમાન કરનાર આવી વ્યક્તિને કોંગ્રેસના જ પ્રતિનિધિ પંડિત જવાહરલાલ નહેરૂ પોતાના પ્રધાનમંડળમાં કાયમ રાખે એ કોઇ રીતે સમજી ન શકાય એવી એક વિચિત્ર ઘટના છે. એની પાછળ શ્રી રફી અહમદ કીડવાઇ વિષે અંગત વ્યામોહ સિવાય બીજું કોઇ કારણ કલ્પી શકાતું નથી. હજુ થોડા દિવસ પહેલાં કોંગ્રેસમાં એકતાની અપીલ કરનાર પંડિતજીએ પોતાના આ આંધળા

પક્ષપાતથી એ એકતામાં જ મોટી ફાંસ મારી છે અને કૉંગ્રેસની પ્રતિષ્ઠાને ભારે ધક્કો પહોંચાડયો છે. પોતાના નેતૃત્વ સિવાય કૉંગ્રેસને કે દેશને ચાલે તેમ નથી એ પ્રતીતિ ઉપર આવી કૉંગ્રેસદ્રોહી વ્યક્તિને પ્રધાનમંડળમાં સંધરી રાખવાની પંડિતજી ધૃષ્ટતા દાખવી રહ્યા છે એમ ઘણાને લાગે છે અને એ જોઇને સૌ કોઇને દુઃખ થાય છે.

આજે ઉભી થયેલી પરિસ્થિતિનાં ત્રણ પરિણામ કલ્પી શકાય છે. શ્રી રફીઅહમદ કીડવાઇને પ્રધાનમંડળમાંથી રૂખસદ આપવામાં આવે, અથવા તો ટેન્ડનબાબુ કૉંગ્રેસના પ્રમુખપદેથી નિવૃત્ત થાય, અથવા તો પંડિતજી મહાઅમાત્યની જવાબદારીથી છુટા થાય. આજના અસાધારણ વિષમ સંયોગોમાં પંડિતજીને છોડયા આપણને પાલવે જ નહિ. ટેન્ડનબાબુ જો આ કારણે પ્રમુખપદનું રાજીનામું આપે :તો બીજો કોઇ સ્વમાની નેતા આ સ્થાન સ્વીકારવાને તૈયાર નહિ થાય સિવાય કે પંડિતજી પોતે જ કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારે, અને જો આમ બને તો તત્કાળ કૉંગ્રેસનું નાવ તો ચાલે, પણ આવા રાજીનામામાંથી આઘાત પ્રત્યાઘાતની એક અનિષ્ટ પરંપરા શરૂ થાય અને કૉંગ્રેસને પારાવાર નુકસાન થાય. આમ હોવાથી જો કૉંગ્રેસને સુરક્ષિત અને સંગઠિન રાખવી હોય તો કીડવાઇએ જ પ્રધાનમંડળમાંથી જવું જોઇએ.

અલબત્ત વર્તમાન પ્રધાનમંડળની રચના વિચારતાં કીડવાઇ કૉંગ્રેસથી છુટા થવા છતાં મધ્યવર્તી પ્રધાનમંડળમાં ચાલુ રહી શકે છે. કારણ કે બીનકૉંગ્રેસી એવા આ પ્રધાનમંડળમાં બીજા ત્રણ પ્રધાનો છેઃ શ્રી. ચિન્તામણ દેશમુખ, શ્રી ગોપાલસ્વામી આયંગર, ડો. ભીમરાવ આંબેડકર. પણ આ ત્રણે પ્રધાનોએ પોત પોતાનાં ખાતા વફાદારીથી સંભાળ્યા છે અને ડો. આંબેડકરને લગતી એક ઘટના બાદ કરતાં આ ત્રણમાંનાં કોઇ પણ પ્રધાને કૉંગ્રેસને પ્રતિકુળ નાનો સરખો. પણ ઉદગાર કાઢયો નથી. મૂળ કૉંગ્રેસી છતાં આજે કૉંગ્રેસથી અવમાનિત અથવા તો કૉંગ્રેસદ્રોહી એવી એક પણ વ્યક્તિ રફી અહમદ કીડવાઇ સિવાય આ પ્રધાનમંડળમાં નથી.

કેટલાએક લોકો એમ કહે છે કે શ્રી રફી અહમદ કીડવાઇ પોતાને સોંપાયલાં ખાતાં અપ્રતિમ કુશળતાથી ચલાવે છે. પણ આનો અર્થ એમ નથી કે આવડા મોટા દેશમાં બીજો કોઇ માણસ એવી તાકાત ધરાવતો મળી શકે એમ છે જ નહિ. આ પ્રધાનમંડળમાં અનેક આવ્યા અને અનેક ગયા. જેમના વિના ચાલે જ નહિ એમ મનાતા સરદાર વલ્લભભાઇ પટેલને પણ વિધાતાએ આપણી પાસેથી ઝુંટવી લીધા. તો પણ રાજ્યકારભારનો વણઝાર એક સરખી ચાલી રહી છે, તો પછી શ્રી કીડવાઇનો એવો તે શું મોટો હીસાબ છે?

પંડિત જવાહરલાલ આપણા દેશની પ્રમુખ વ્યક્તિ છે. તેમના લીધે બહારની દુનિયામાં આપણે ખુબ ઉજળા છીએ. આજની દુનિયાનો તે એક મોટો આશાસ્તંભ છે. તેમના વિષે એક પણ પ્રતિકુળ ઉદ્ગાર કાઢવો તે અત્યન્ત દુઃખનો વિષય છે. એમ છતાં સમગ્ર રાષ્ટ્રના કલ્યાણને અનુલક્ષીને આપણે તેમનાં ભયસ્થાનો તરફ તેમનું તેમ જ પ્રજાનું ધ્યાન દોરવું જ રહ્યું. જેમ તેમનામાં અસાધારણ વિશેષતાઓ છે તેમ જ તેમનામાં અમુક મોટી નબળાઇઓ છે. એક તો તેમનો આવેશ ભર્યો સ્વભાવ, આ સ્વભાવનાં આજ સુધીમાં અનેક અનિષ્ટ પરિણામો આવ્યાં છે અને અનેક મોટી મોટી વ્યક્તિઓનાં દિલ અકારણ દુભાયાં છે. વૃત્તપત્રમંડળ સાથેની આજની અથડામણ કેટલાક અંશે તેમના આવેશ અને ક્રોધમય પ્રકૃતિને આભારી છે. બીજી નબળાઇ તેમનો વ્યક્તિ વ્યક્તિ વિષે ઉગ્ર ગમોઅણગમો – strong likes and dislikes–છે. આની પણ આ રાજ્યતંત્ર ઉપર પડેલી માઠી અસર સાવ નજીવી નથી. પરતુત કિસ્સામાં ટેન્ડનબાબુ વિષે તેમનો વિપક્ષબુદ્ધિ અને શ્રી કીડવાઇ વિષે તેમની સંપક્ષબુધ્ધિ જ કૉંગ્રેસમાં તેમ જ વર્તમાન રાજકારણમાં એક મોટો વિસંવાદ પેદા કરી રહી છે. નબળાઇથી બીલકુલ મુકત એવો કોઇ માનવી સંભવી શકતો નથી. આ દુનિયામાં કોઇ પૂર્ણ પુરૂષ છે જ નહિ. પોતાની નબળાઇઓને જાણવી અને જીતવી એ એક મોટો પુરૂષાર્થ છે. જેના માથે આવડી મોટી દેશની જબાબદારી છે તેને નાનો સરખો પણ પ્રમાદ પરવડે નહિ. શ્રી કીડવાઇ પ્રત્યેના અધિળા પક્ષપાતને જીતવાની અને આજે વણસતી જતી પરિસ્થિતિને સુધારી લેવાની પ્રજ્ઞાહૃદયના સ્વામી પંડિત જવાહરલાલ તાકાત દાખવે એવી આપણ સર્વની પ્રાર્થના છે.

તા. ૬:–આ નોંધ પ્રેસમાં જવા બાદ છાપામાં ખબર આવ્યા છે કે મધ્યસ્થ પ્રધાનમંડળમાંથી શ્રી કીડવાઇએ રાજીનામું આપ્યું છે.

પશ્ચિમના પરગજુ મિત્રો

તા. ૩૧-૭-૫૧ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં (‘Officious Samaritan’ એ મથાળા નીચે એક માર્મિક નોંધ પ્રગટ થઇ છે જેનો અનુવાદ નીચે મુજબ છે :—

“બીજા વિશ્વયુધ્ધ પછી એશીઆ સામે એક ચૂંચવણ ઉભી કરે એવી ઘટના પેદા થઇ છે અને તેથી શું સમજવું તેની સુઝ પડતી નથી. આ ઘટના તે ત્રાસ જનક થઇ પડે તેવા વળગાડ સમા પશ્ચિમના મિત્રની ઉપસ્થિતિ છે. આ મિત્ર તમને મદદ કરવા માગે છે, તમારૂં શેમાં ભલું છે અને શેમાં ભલું નથી તે તે જ જાણે છે, તમારા માથા ઉપર સલાહ શિખામણ ઝીંકયે જાય છે, અને ખુરા ભવિષ્યની ધમકી આપીને અથવા તો વખતસરની કોથળીઓ વડે તમારૂં મોહું દાબી દઇને પોતાની ઇચ્છા મુજબ તમને આગળ ધકકેલે છે. તે અમુક એક શુભ આશય ધરાવતા માણસ જેવો છે. ભલું કરવાને હંમેશા તત્પર એવા આ માણસે એક નવપરિણીત યુગલને ઘર માંડી આપવામાં મદદ કરી, અને પછી આ એકલા પડી ગયેલા યુગલને ‘કંપની’ આપવા ખાતર રાત્રે પણ તેમની સાથે જ રહેવાનું તેણે પસંદ કર્યું”. કોઇ બેકદર માણસ કદાચ આવા શુભેચ્છક મિત્રને ‘માન ન માન, મેં તેરા મહેમાન’ સાથે સરખાવવાને લલચાય. આ શુભેચ્છક મિત્રને ખાત્રી થઇ ચુકી હોય છે કે તમને તેની મદદની ખાસ જરૂર છે અને આ યુધ્ધ પછીની જોખમી દુનિયા કે જ્યારે રટેલીનનો પડછાયો સર્વવ્યાપક ભૂતની માફક તમારી પાછળ ઘુમી રહ્યો છે તેવા વખતે તમારી જાતની તમે સંભાળ લઇ શકશો એવો તમારા વિષે વિશ્વાસ રાખી શકાય તેમ છે જ નહિ.

“આજની ઘડિએ ઇરાનને પોતાની જાતથી બચાવવાની ખાસ જરૂર છે. આ રીતે પશ્ચિમના મિત્રો વિચારી રહ્યા છે. ઇરાની લોકોને પોતે શું કરી રહ્યા છે તેનું ભાન નથી. કારણ કે તેલના ઉદ્યોગનાં રાષ્ટ્રીયકરણનો અર્થ જ અરાજકતા છે, દીવાળું, સામ્યવાદ, અને સર્વતોમુખી વિનાશ છે. ડો. મોસાડીકને સાચી સમજણ આપવી જ જોઇએ અને સાચી સમજણ એટલે તેને સાફ સાફ કહી દેવું જોઇએ કે જો તેને આપવામાં આવેલી સલાહ મુજબ તે નહિ વર્તે તો પછી પરિણામોને માટે તે જ જવાબદાર રહેશે. પરિણામો એટલે ટેકનીકલ–વૈજ્ઞાનિક–મદદ આપવાનો ઇનકાર અને પશ્ચિમનો સર્વસાધારણ બહિષ્કાર. જે કોઇ આ પધ્ધતિને કનિષ્ટ કોટિની રાજ ખટપટ તરીકે વર્ણવે છે તે બેશક સામ્યવાદી છે અથવા તો તેનો સહયાત્રી છે. ઇન્ડો ચાઇનાના લોકો હો. ચી. મીંહ પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે એ સમાચાર જો સાચા હોય તો તેનું કારણ એટલું જ છે કે તેમનામાં વધારે ઊંડી સમજણનો અભાવ છે. જો હિંદ અને પાકીસ્તાન વચ્ચે તંગદિલી ઉભી થઇ છે તો પાકીસ્તાનને એમ માનવાની પ્રેરણા આપવી જ રહી કે તે જ હંમેશા સચ્ચાઇના પક્ષે હોય છે. આજની કટોકટીની ઘડિએ પણ શ્રી. નહેરૂને મોકલવામાં આવેલું જનાબ લિયાકતઅલીખાનનું નિમંત્રણ અથડામણ તરફની ધસડામણને અટકાવવાનો એક વિશિષ્ટ પ્રકારનો બહાદુરી ભર્યો પ્રયાસ છે એમ વર્ણવવાની ‘લન્ડન ટાઇમ્સ’ તક ચુકાવવું જ નથી. હિંદને યાદ આપવામાં આવે છે કે ભલેને પોલાદી મુકકો હોય તો પણ જો તેવા હાથથી પણ સુલેહની ચેષ્ટા કરવામાં આવી હોય તો તે સાચી સુલેહની જ ચેષ્ટા છે એમ હિંદે સમજવું જોઇએ. શ્રી નહેરૂએ એક વખત કહેલું કે પશ્ચિમ પૂર્વ પ્રત્યેના અભિગમમાં ઝીણવટનો–સુક્ષ્મ સમજણનો–ખેદજનક અભાવ દાખવે છે. આ તેનું કથન તદ્દન બરોબર છે.” પરમાનંદ

ટોલ્સ્ટોય અને ગાંધીજી

(જાણીતા અમેરિકન લેખક શ્રી લુઇ ફીશરે મહાત્મા ગાંધીનું એક સવિસ્તર અને અત્યન્ત ઉદ્બોધક ચરિત્ર પ્રગટ કર્યું છે, તે ગ્રંથમાં ઉપરના મથાળાનું એક પ્રકરણ છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા અને ત્યાં વસતા હિંદીઓ સાથેના ત્યાંની સરકારના અન્યાયભર્યા વર્તન સામે લડત ઉપાડવાની તૈયારી કરી રહ્યા હતા તે દરમિયાન રશિયન સન્ત કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોયનો ગાંધીજીને પત્રો દ્વારા સંપર્ક થયો હતો એટલું આપણે જાણતા હતા. પણ એ સંબંધમાં એથી વધારે કશી પણ પ્રમાણભૂત માહીતી આપણને ઉપલબ્ધ નહોતી. ઉપરના પ્રકરણમાં આ પત્રવ્યવહારને લગતી કેટલીક વિગતો આપણને જાણવા મળે છે. કમનસીબે આખો પત્રવ્યવહાર શબ્દશ: આ પ્રકારણમાં પણ આપવામાં આવ્યો નથી. એમ છતાં ટોલ્સ્ટોય અને ગાંધીજી એકમેકની ઉમ્મરમાં ઘણું અન્તર હોવા છતાં સમકોટિના મહાપુરૂષો અને સમાન ભૂમિકા ઉપર માનવી જીવનનો વિચાર કરતાં ચિન્તકો હોઇને તેમની વચ્ચે ચાલેલા વિચારવિનિમય વિષેનું આપણું કુતુહલ તૃપ્ત થાય એવી કેટલીએક વિગતો આ પ્રકરણમાં આપેલી છે અને તેનો અનુવાદ અહિં નીચે રજુ કરવામાં આવે છે. પરમાનંદ.)

મધ્ય રશીઆમાં એક સ્લાવ જાતિનો ઉપરાવ એ જ અધ્યાત્મિક સમસ્યાઓનો ઉકેલ શોધી રહ્યો હતો કે જે સમસ્યાઓ દક્ષિણ આફ્રીકામાં એક હિંદુ બેરીસ્ટરનું પણ ધ્યાન ખેંચી રહી હતી. એક ખંડમાં વસતા કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોય અન્ય ખંડમાં વસતા મોહનદાસ ક. ગાંધીને દોરવણી આપી રહ્યા હતા અને તેના મંથનમાં એક પ્રકારની આત્મીયતા અનુભવી રહ્યા હતા.

ટોલ્સ્ટોયે ધાર્મિક વિષયો ઉપર લખેલાં અનેક પુસ્તકો ગાંધીજીની ઓફીસમાં નજરે પડતાં હતાં. આમ છતાં પણ કારાવાસમાં નવરાશ મળી તે પહેલાં ગાંધીજી આ રશીઅનના ઉપદેશોનું મનન કરી શકયા ન હતા.

દુનિયાની કદાચ મોટામાં મોટી નવલકથા 'વોર એન્ડ પીસ' (વિગ્રહ અને સુલેહ), રીસરકશન (ઇશુ ખ્રીસ્તનું પુનરાગમન), આના કેરીના અને કળા સંબંધેની તેની અન્ય કૃતિઓ અસાધારણ લોકપ્રિયતા પ્રાપ્ત કરી ચુકી હતી અને તેને લીધે ટોલ્સ્ટોય જગવિખ્યાત બની ગયા હતા. આમ છતાં પણ તેનો આત્મા હંમેશા મન્થનક્ષુબ્ધ રહેતો. ઇશુ ખ્રીસ્તનો ઉપદેશ અને તેના અનુયાયીઓની રહેણીકરણી ઉભય વચ્ચેનો તફાવત તેના દિલમાં ભારે દુ:ખ ઉપજાવતો. અત્યન્ત સમૃધ્ધ એવા એક ઉમરાવ કુટુંબમાં ૧૮૨૮ માં તેનો જન્મ થયો હતો અને તેનું કુટુંબ ઉંચું ખાનદાન ગણાતું– આમ છતાં ટોલ્સ્ટોય ઉમરાવ મંડળથી અલગ થઇ ગયો હતો અને તેણે સાદું જીવન સ્વીકાર્યું હતું. તે ઉઘાડા પગે ચાલતો, અને પહેરણ પહેરતો, લેંઘો ખેડુતો સાથે મળીને ખેતી અને કરતો, બીડી પીવાનું તેણે છોડી દીધું હતું. માંસાહાર અને શીકારનો તેણે ત્યાગ કર્યો હતો અને ગામડાંઓમાં આમ તેમ પગે ચાલીને કે સાઇકલ ઉપર તેનું અનવરત પરિભ્રમણ ચાલ્યા કરતું હતું. અસહ્ય બનેલા ભોગવિલાસથી મુકત થવા માટે ૧૮૯૧ માં તેણે પોતાની મીલકતનો ઘણો મોટો ભાગ પોતાની પત્ની અને બાળકોને આપી દીધો અને ગ્રામશિક્ષણ તથા દુષ્કાળરાહતની પ્રવૃત્તિને તેમ જ નિરામિષઆહાર, લગ્નસંસ્થા તથા ધર્મસંસ્થા વિષેના લેખનકાર્યને તેણે પોતાનો બધો સમય સુપ્રત કરી દીધો. તે વર્તમાન ધાર્મિક રૂઢિઓની ઘણી કડક ટીક કરતો હતો એમ છતાં ધર્મજિજ્ઞાસાથી પ્રેરાયલા અનેક સ્ત્રી–પુરૂષો તેના નિવાસસ્થાનને એક તીર્થભૂમિ તરીકે લેખવા લાગ્યા હતા. જેણે ઐહિક ભોગવિલાસ ધરાઇને માણ્યા હતા અને જેના દિલમાં આજે ૭૦ વર્ષની ઉમ્મરે ઇશ્વરના સાક્ષાત્કારની અદમ્ય તમન્ના જાગી હતી તેવા આ સુવિખ્યાત તેજોજ્વળ મહાપુરૂષના ચરણે બેસવા માટે પૃથ્વીના ચારે ખુણેથી ખ્રીસ્તીઓ, યાહુદીઓ, મુસલમાનો અને બૌદ્ધધર્મીઓ આવવા લાગ્યા હતા. અન્ય દેશોમાંથી તેના મહેમાન બનીને આવતા યાત્રીઓમાં શીકાગોના હલ હાઉસની જેઇન આદમ્સ, પછીના ગાળામાં યુનાઇટેડ સ્ટેટસના 'સેક્રેટરી ઓફ સ્ટેટ'ના અધિકાર ઉપર આવેલા વિલિયમ જેનીંગ્સ બ્રાયન, ફીલાડેલ્ફીઆના રાબ્બી જોસફ કેસ્કોફ, સુપ્રસિદ્ધ લેખક જ્યોર્જ કેનન કે જેણે ઝારના સત્તાધીશોની રજા મેળવીને સાઇબીરીઆનો પ્રવાસ કર્યો હતો અને ત્યાર બાદ ત્યાંના કેદીઓ ઉપર ગુજરવામાં આવતા જુલ્મોને સારી રીતે વખોડી નાંખ્યા હતા, જર્મન કવિ રેઇનર–મેરીઆ રીલ્કે, પાછળથી ઝેકોસ્લેવાકીઆનું પ્રમુખસ્થાન શોભાવનાર થોમસ જી. મેસારીક–આવી અનેક વ્યક્તિઓનો ઉલ્લેખ થઇ શકે તેમ છે.

આ યાત્રીઓને મન ટોલ્સ્ટોય એક એવો વીર પુરૂષ હતો કે જેણે પોતાના સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. માન્યતા અને આચાર વચ્ચે પોતાના જીવનમાં એકરૂપતા સાધવાનો તેનો પ્રયત્ન– એ જ તેના તરફ અનેકને આકર્ષતું એક બળવાન કારણ હતું. આ પ્રયત્ન એટલે હાથમજુરી, બને એટલી ઓછી જરૂરિયાતો, પરિગ્રહ ત્યાગ અને હિંસાનિવૃત્તિ. તે જમીનદારીને એક મહાપાપ સમાન લેખતો, હેન્રી જ્યોર્જની 'સીંગલ ટેકસ'ની લડતનો મોટો પ્રશંસક હતો, ફરિજિયાત લશ્કરી ભરતીનો સખ્ત વિરોધી હતો, અન્ત: કરણના અવાજને માન આપીને યુધ્ધનો વિરોધ કરનારાઓનો મોટો પક્ષકાર હતો, શાન્તિવાદી ડયુકોબોર્સ રશીઆ છોડીને કેનેડા તરફ જઇ રહ્યા હતા તેમનો સક્રિય સહાયક હતો, વિલિયમ ગેરીસનના સવિનયભંગનો અનુમોદક હતો. કોઇ ગામડાની પ્રાથમિક શાળામાં તેણે શિક્ષકનું કાર્ય સ્વીકાર્યું હતું અને નોબેલ પારિતોષિકનો તેણે અસ્વીકાર કર્યો હતો, કારણ કે પૈસો તેને મન વર્જ્ય હતો.

રશીઆના સ્થિતિચુસ્ત ધર્મસંપ્રદાયે તેનો બહિષ્કાર કર્યો હતો.

પોતાના એક કારાવાસી મિત્રને ટોલ્સ્ટોયે લખેલું કે "કમનસીબે હું જેલમાં નથી...."

તેના પુસ્તકોનાં નામો તેના અન્તરનું મન્થન બરોબર વ્યકત કરતાં હતાં. 'તું કોઇની હિંસા ન કરતો,' 'એકમેકને ચાહો,' 'શા માટે સામાન્યત: ખ્રસ્તી લોકો અને ખાસ કરીને રશીઆના લોકો આફતના ભોગ બને છે?' 'બાળકો માટે ઇશુ ખ્રીસ્તનો ઉપદેશ,' 'દેહાન્ત દંડ અને ખ્રીસ્તી ધર્મ,' 'ધાર્મિક સહિષ્ણુતા,' 'આત્મપૂર્ણતા,' અને આવાં બીજાં કેટલાંક પુસ્તકો.

કોઇ મઠમાં કે આશ્રમમાં શાન્તિ પ્રાપ્ત કરવાની આશાએ તે ઘર છોડીને ચાલી નીકળ્યો અને પરિભ્રમણ દરમિયાન ૧૯૧૦ ના નવેંબર માસની ૨૦મી તારીખે તેણે ક્ષણભંગુર દેહનો ત્યાગ કરેલો.

ગાંધીજી The Kingdom of God is Within You– ઇશ્વરનું રાજ્ય તારી અંદર છે–એ નામના ગ્રંથ દ્વારા ટોલ્સ્ટોયને પહેલીવાર જાણવા પામ્યા હતા. પુસ્તકનું નામ સુચવે છે તે મુજબ જ તે પુસ્તકનો અંદર ટોલ્સ્ટોયની પોતાનો ધર્મોપદેશ છે.

ટોલ્સ્ટોયે કઠોર બનીને કહેલું કે "ખ્રસ્તી સંપ્રદાયનો ઇતિહાસ એ કેવળ જુલમ અને ત્રાસનો જ ઇતિહાસ છે. જેમાં ઉધ્ધાર અને મોક્ષના સિધ્ધાન્તો રહેલા છે એવો દરેક સંપ્રદાય અને ખાસ કરીને મૂર્તિપૂજાને સ્વીકારતી એવી આજની સ્થિતિચુસ્ત ધર્મસંસ્થા ઇશુ ખ્રીસ્તના સિધ્ધાન્તોના પાયામાંથી ઇનકાર કરે છે" તટસ્થતાપૂર્વક, સચોટ દલીલબાજી વડે, અને પારવિનાનાં અવતરણો સાથે ટોલ્સ્ટોયે આત્મસંતોષપૂર્વક પુરવાર કરેલું કે ખ્રીસ્તીધર્મના આધુનિક સર્વ સંપ્રદાયો ઇશુ ખ્રીસ્તના ખરા સિધ્ધાન્તને ગોપવવાનું જ કાર્ય કરી રહ્યા છે.

ટોલ્સ્ટોય તત્કાલીન રાજ્યતંત્રોનો પણ એટલો જ કડક ટીકાકાર હતો. તેણે જાહેર કરેલું કે પ્રાચીનતમ કાળથી स्वत्ति तुभ्यम्–

તમારૂં શ્રેય થાઓ, તમને શાન્તિ પ્રાપ્ત થાઓ. આ રીતે માણસ માણસનું અભિવાદન કરતો આવ્યો છે, એમ છતાં પણ યુરોપની આજની ખ્રીસ્તી પ્રજાઓ બે કરોડ એંશી લાખ માણસોને પોતપોતાના પ્રશ્નોનો હિંસાવડે નીકાલ લાવવા માટે શસ્ત્રસજ્જ રાખતી આવી છે. પોતાના વિચારોના સમર્થનમાં તેણે જાણીતા ફ્રેંચ લેખક ગાય દી મોપાસાંની શહાદત આપેલી કે 'યુધ્ધ' એ શબ્દ સામે સમાજ એકત્ર થઈને બળવો કરતો નથી એ ભારે વિસ્મય જનક છે.

રશીઆના મોટા વિદ્વાન સમાલોચક એલેગ્ઝાન્ડર હરઝને કહ્યું હતું કે ઉત્તરોત્તર વધ્યે જતી યુધ્ધસજ્જતાએ આજની દરેક સરકારને ટેલીગ્રાફીક સામગ્રીથી સજ્જ બનેલા ચંગીસખાનનું રૂપ આપ્યું છે. ટોલ્સ્ટોયનો પણ આવો જ અભિપ્રાય હતો અને વિશેષમાં તે ઉમેરતો કે જુલમની બાબતમાં ખ્રીસ્તી પ્રજાઓ મુસલમાનોને વટાવી જાય તેવી છે.

ટોલ્સ્ટોયે યાદ કરીને જણાવ્યું હતું કે "હું ધારૂં છું કે એ મેક્સમુલર (એશીઆ વિષે જે એક પ્રમાણભૂત વ્યક્તિ લેખાય છે) હતો કે જેને ખ્રીસ્તી બનેલા એક હિંદીએ અનુભવેલા પરમ આશ્ચર્યની વાત કહી હતી. ખ્રીસ્તી ધર્મના મર્મનો અભ્યાસ કર્યા બાદ તે હિંદી યુરોપ આવેલો અને ખ્રીસ્તીઓનું ચાલુ જીવન નજરે નિહાળતાં તેણે પરમ આશ્ચર્ય અનુભવેલું. 'થોરો' માફક ટોલ્સ્ટોયના માટે પણ સિદ્ધાન્ત અને આચરણ વચ્ચેનું મહદ અન્તર એ હંમેશની ચર્ચાનો વિષય બનતો.

તો પછી કરવું શું? ટોલ્સ્ટોયનો જવાબ સાદો સીધો હતો. એક ખ્રીસ્તીએ જેવી રીતે વર્તવું જોઇએ અને રહેવું જોઇએ તેવી રીતે વર્તો અને રહો! વધારે સ્પષ્ટતાથી કહીએ તો ખરો ખ્રીસ્તી પોતાના પાડોશી સાથે કદી ઝગડો કરતો નથી, તે કદિ આક્રમણ કરતો નથી કે હિંસા આચરતો નથી. ઉલટું તે પોતે સામનો કર્યા સિવાય સહન કરે છે, અને અનિષ્ટ સામેના પોતાના ચોક્કસ પ્રકારના વ્યવહાર વડે માત્ર પોતાની જાતને જ નહિ પણ આખી દુનિયાને બહારની સઘળી સત્તાના દમનથી મુક્ત કરે છે."

ગીતા અને બાઇબલના ગિરિપ્રવચનમાંથી ગાંધીજીએ પણ એ જ સાર કાઢયો હતો.

કોઇ પણ અનિષ્ટ સરકારની સેવા કરવાનો કે તેના હુકમને માન્ય રાખવાનો શાન્તિપૂર્ણ દુઃખજનક ઇનકાર કરો એમ ટોલ્સ્ટોય ઉપદેશ કરતો હતો. આ અભિપ્રાયની વિગતપૂર્વક સ્પષ્ટતા કરતાં તે જણાવતો કે કોઇ પણ સરકાર પ્રત્યે વફાદારીના સોગંદ અથવા અદાલતમાં અપાતા સોગંદ કોઇએ લેવા ન જોઇએ– કારણ કે ધર્મશાસ્ત્રમાં સોગંદ લેવાની ખાસ મના કરવામાં આવી છે, તેમ જ પોલીસની કે લશ્કરની કોઇએ નોકરી કરવી ન જોઇએ. અને સરકારને કોઇ પણ પ્રકારનો કર પણ આપવો ન જોઇએ "આવા માણસોને સરકાર શું કરી શકવાની છે?" ટોલ્સ્ટોયનો એ પ્રશ્ન હતો.

આ જનરલ સ્મટ્સનો પણ પ્રશ્ન હતો. હિંદીઓનું શું કરવું તેની તેને પણ સુઝ પડતી નહોતી. ટોલ્સ્ટોયે જણાવ્યું હતું કે "જે લોકો ખ્રીસ્તી ધર્મના ખરા અનુયાયી હોય તેમની હાજરીમાં સરકારની દશા એવી કટોકટીભરેલી બની જાય છે કે તેની હકુમતને ઉથલાવી નાંખવા માટે પછી વિશેષ કરવાપણું રહેતું જ નથી." થોરોએ પણ એ જ વાત કહી હતી.

ગાંધીજીએ મનથી બંધનમુકત બનીને લડતની શરૂઆત કરી. એ બહુ વિકટ પ્રયોગ છે, કારણ કે માનવી અનેક જંજીરોથી જકડાયલો છે અને આ જંજીરો ધર્મસંપ્રદાય કે રાજ્યસંસ્થાએ નિર્માણ કરેલી નથી હોતી. એ જંજીરો તો અંદરથી ઘડાયલી હોય છે.' 'ઇશ્વરનું રાજ્ય તમારી અંદર છે' તમારી જાતને જેવી તમે બનાવો તેવા તમે હો છો. તમે મુકત હોતા નથી, કારણ તમારી જાતને મુકત કરવાનો તમે પ્રયત્ન કરતા નથી.

ટોલ્સ્ટોયે જણાવ્યું હતું કે "ઇશ્વરનું રાજ્ય સત્યની ખાતર બહારના સર્વ સંયોગોનો ભોગ આપવાથી નિર્માણ થાય છે."

ગાંધીજીનો માર્ગ અનેકવિધ પરિગ્રહ અને જીવનની ભોજ-મજાના પ્રલોભનથી રૂંધાયલો હતો. પોતામાં રહેલા ઇશ્વરી રાજ્યની પ્રાપ્તિના માર્ગે પ્રવાસ શરૂ કરતાં ગાંધીજીએ આ સર્વનો પરિત્યાગ કર્યો હતો.

ટોલ્સ્ટોય સાથે ગાંધીજીનો પહેલવહેલો અંગત પરિચય એક લાંબા પત્રના આકારમાં થયો. આ પત્ર ગાંધીજીએ ૧૯૦૯ ની ઓકટોબર માસની પહેલી તારીખે લખેલો અને લંડન થઇને મધ્ય રશીઆમાં આવેલા યારનયા પોલીયાના ખાતે ટોલ્સ્ટોયને કેટલાક દિવસ બાદ મળ્યો. એ પત્રમાં ટ્રાન્વાલમાં પોતે શરૂ કરવા ધારેલી સવિનય ભંગની લડતની ગાંધીજીએ એ રશીયન નવલકથાકારને કેટલીએક માહીતી આપી હતી.

પોતાની રોજનીશીમાં આ પત્રની નોંધ લેતાં ટોલ્સ્ટોયે લખ્યું કે 'ટ્રાન્સવાલના એક હિંદુ તરફથી એક આનંદદાયક પત્ર મળ્યો. ચાર દિવસ બાદ ટોલ્સ્ટોયે પોતાના એક નિકટવર્તી મિત્ર અને આગળ ઉપર તેના ગ્રંથસંગ્રહના સંપાદક શ્રી લેડીમીર જી ચેરકોવ ઉપર કાગળ લખતાં જણાવ્યું કે "ટ્રાન્સવાલના હિંદુના પત્રે મારા મન ઉપર ભારે અસર નીપજાવી છે."

યારનયા પોલીયાનાથી ઓકટોબરની ૨૦ મી તારીખે ટોલ્સ્ટોયે રશીયન ભાષામાં ગાંધીજીને જવાબ લખ્યો. આ પત્રનો ટોલ્સ્ટોયની પુત્રી ટેટીઆનાએ અનુવાદ કરીને ગાંધીજી ઉપર રવાના કર્યો. તે જવાબમાં ટોલ્સ્ટોયે લખેલું કે "તમારો અત્યન્ત રસપ્રદ પત્ર મને હમણાં જ મળ્યો છે, જે વાંચીને મને ખૂબ આનંદ થયો છે. ટ્રાન્સવાલમાં વસતા આપણા ભાઇઓ અને સહકાર્યકર્તાઓને ઇશ્વર મદદ કરો! નરમનો કઠોર સામે, નમ્રતા અને પ્રેમનો અહંકાર અને હિંસા સામે તમારે ત્યાં ચાલે છે તે જ પ્રકારનો ઝગડો અહિં અમારી વચ્ચે પણ દિવસાનુદિવસ વધારે ને વધારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતો જાય છે.....હું તમારૂં બંધુભાવે અભિનન્દન કરૂં છું અને તમારી સાથે સંપર્ક ઉભો થવા બદલ ખુબ આનંદ અને સુખ અનુભવું છું. (સહી) ટોલ્સ્ટોય."

ગાંધીજીએ બીજો પત્ર જોહાનસબર્ગથી ૧૯૧૦ ના એપ્રીલની ચોથી તારીખે લખ્યો અને તેની સાથે 'હિંદ સ્વરાજ્ય' નામની તેમણે લખેલી નાની પુસ્તિકાની એક નકલ મોકલી. એ પત્રમાં ગાંધીજીએ લખેલું કે "આપના એક નમ્ર અનુયાયી તરીકે આ સાથે મારી લખેલી નાની પુસ્તિકા મોકલું છું. તે મૂળ ગુજરાતી લખાણનો મેં પોતે કરેલો અનુવાદ છે. આપને જરા પણ ઉપાધિરૂપ નહિ બનવાની હું ખૂબ ચિન્તા ધરાવું છું. પણ જો આપની તબિયત અનુકુળ હોય અને અને આ પુસ્તકા વાંચી જવા જેટલો સમય આપ જો કાઢી શકો તો એ કહેવાની જરૂર નથી કે આ લખાણ ઉપર આપની સમાલોચનાનું ગારે મન બહુ મોટું મૂલ્ય રહેશે."

૧૯૧૦ના એપ્રીલ માસની દશમી તારીખે ટોલ્સ્ટોએ પોતાની રોજનીશીમાં નીચે મુજબ લખ્યું; "આજ સવારે બે જાપાનીઝ આવ્યા. યુરોપીય સભ્યતા ઉપર તેઓ ગાંડાતુર હોય એવા લાગ્યા. બીજી બાજુએ તે હિંદુની ચોપડી અને પત્ર બન્ને યુરોપીય સભ્યતાની સર્વ ત્રુટિઓની અને તેના સમગ્ર અનૌચિત્યની ઉંડી સમજ વ્યકત કરતા હોય એમ લાગ્યું."

પછીના દિવસે ટોલ્સ્ટોયની રોજનીશીમાં બીજો ઉલ્લેખ જોવામાં આવે છે "ગઇ કાલે આધુનિક સભ્યતા વિષે ગાંધીના વિચારો વાંચ્યા. ભારે સરસ છે." અને વળી બીજે દિવસે "ગાંધી વિષેનું પુસ્તક વાંચ્યું. ભારે મહત્વનું છે. તેને મારે જવાબ લખવો જ જોઇએ." ગાંધી વિષેનું પુસ્તક તે જે. જે. ડોકે લખેલ ગાંધીનું જીવનચરિત્ર હતું અને આ પુસ્તક પણ ગાંધીજીએ મોકલ્યું હતુ.

એક દિવસ બાદ ટોલ્સ્ટોયે પોતાના મિત્ર ચેરકોવને પત્ર લખ્યો અને તેમાં 'આપણને, મને, અત્યન્ત નજીકની વ્યકિત' એ રીતે ગાંધીજી વિષે તેણે ઉલ્લેખ કર્યો.

ટોલ્સ્ટોયે યાસ્નયા પોલીયાનાથી ૧૯૧૦ના મે માસની ૮મી તારીખે નીચે મુજબ પત્ર લખ્યોઃ-

"પ્રિય મિત્ર

તમારો પત્ર તથા તમારી ચોપડી 'ઇન્ડીયન હોમ રૂલ'- એ બન્ને ક્રમશઃ મળ્યાં. તમારી ચોપડી હું વાંચી ગયો અને તેમાં તમોએ ચર્ચેલી બાબતો અને પ્રશ્નોને અંગે એ ચોપડી વાંચતાં મને ખૂબ રસ પડયો. અહિંસક સામનો (Passive Resistance) માત્ર હિંદુસ્તાન માટે નહિ પણ સમગ્ર માનવજાત માટે સૌથી વધારે મહત્વનો પ્રશ્ન છે.

"તમારા આગળના પત્રો હાલ મને જડતા નથી, પણ જે. જે. ડોકે લખેલ તમારું જીવન ચરિત્ર હું વાંચી ગયો અને તે દ્વારા તમારા પત્રના ભાવોને યથાર્થપણે સમજવાની મને પુરી તક મળી. હાલ તુરત મારી તબિયત સારી નથી અને તેથી તમારા પુસ્તક વિષે તેમ જ તમારી પ્રવૃત્તિ વિષે મારે જે કાંઇ લખવાનું છે તે હાલ તુરત મુલતવી રાખું છું. એમ છતાં તમારી પ્રવૃત્તિની હું ખૂબ કદર કરું છું. તબિયત સારી થયે તમને વિગતવાર લખવાની હું આશા રાખું છું. તમારો મિત્ર અને બંધુ, ટોલ્સ્ટોય."

ગાંધીજીએ ત્રીજો પત્ર જોહાનેસબર્ગથી ૧૯૧૦ના ઓગસ્ટ માસની ૨૫મી તારીખે લખ્યો. તે પત્રમાં ગાંધીજીએ ટોલ્સ્ટોયના આઠમી મેના પત્રની આભાર સાથે પહોંચ સ્વીકારીને જણાવ્યું કે " મારા પુસ્તકની સવિસ્તર આલોચના લખી મોકલવાનું આપે આપના પત્રમાં વચન આપ્યું છે તેની હું રાહ જોતો રહીશ." તદુપરાન્ત કેલનબેક અને પોતે મળીને ટોલ્સ્ટોય ફાર્મની સ્થાપના કર્યાના ગાંધીજીએ ટોલ્સ્ટોયને ખબર આપ્યા અને કેલનબેક આ ફાર્મ વિષે વિગતથી લખશે એમ જણાવ્યું. ગાંધીજી કેટલાએક વખતથી 'ઇન્ડીયન ઓપીનિયન' નામનું એક સાપ્તાહિક પત્ર કાઢતા હતા. તે પત્રના કેટલાક અંકો પણ ગાંધીજીએ ટોલ્સ્ટોય ઉપર મોકલ્યા. આ બધી સામગ્રી મળતાં ટોલ્સ્ટોયની ગાંધીજી વિષેની જિજ્ઞાસા ખૂબ વધી ગઇ. ૧૯૧૦ના સપ્ટેમ્બર માસની ૧૯ મી તારીખની પોતાની રોજનીશીમાં ટોલ્સ્ટોયે લખ્યું કે " નવા સ્થપાયલા સત્યાગ્રહ કેન્દ્ર વિષે ટ્રાન્સ્વાલથી બહુ આનંદજનક સમાચાર આવ્યા છે." ટોલ્સ્ટોયે આ વખતે બહુ ગંભીર આધ્યાત્મિક નિર્વેદથી પીડાતા હતા અને શરીરે પણ માંદા હતા. એમ છતાં પણ જે દિવસે ગાંધીજીનો પત્ર મળ્યો તે જ દિવસે તેમણે જવાબ લખાવવા માંડયો. તે પત્ર પૂરો કરતા તેમને બે દિવસ લાગ્યા, અને સપ્ટેમ્બરની વીસમી તારીખે ટોલ્સ્ટોયે એ પત્ર સુધારી લીધો અને તેનો અંગ્રેજી અનુવાદ કરીને ગાંધીજી પર રવાના કરવા માટે ચેરકોવને મોકલ્યો. ચેરકોવે એ પ્રમાણે ટોલ્સ્ટોયનો પત્ર ગાંધીજી ઉપર રવાના કર્યો અને સાથે સાથે પોતે પણ એક પત્ર ગાંધીજી ઉપર લખ્યો જેમાં તેણે જણાવ્યું કે " મારા મિત્ર લીઓ ટોલ્સ્ટોયે ઓગસ્ટની ૧૫ મી તારીખના તમારા પત્રની પહોંચ સ્વીકારવાની અને મૂળ રશીયન ભાષામાં લખાયલા તેમના વીશમી સપ્ટેંબરના પત્રનો અંગ્રેજી અનુવાદ તમારી ઉપર રવાની કરવાની મને વિનંતિ કરી છે.

"કેલનબેક વિષે તમે જે કાંઇ લખ્યું છે તેમાં ટોલ્સ્ટોયને ખૂબ રસ પડયો છે અને કેલનબેકના પત્રનો જવાબ લખી મોકલવાની તેમણે મને સૂચના કરી છે. ટોલ્સ્ટોય તમને તેમ જ તમારા સાથીઓને અન્તરના અભિનન્દન મોકલે છે અને તમે ત્યાં જે કામ ઉપાડયું છે તેમાં તમને સંપૂર્ણ સફળતા ઇચ્છે છે. તમારા કાર્ય પ્રત્યે તેઓ કેટલી બધી સહાનુભૂતિ ધરાવે છે તે તેમના તમારી ઉપરના પત્ર ઉપરથી માલુમ પડશે. ટોલ્સ્ટોયના પત્રનો અંગ્રેજીમાં અનુવાદ કરતાં રહી ગયેલી ભૂલો માટે તમારી હું ક્ષમા ચાહું છું. રશીઆમાં હું જ્યાં રહું છું ત્યાં મારી ભૂલો સુધારી આપે એવો કોઇ અંગ્રેજ સુલભ નથી.

"ટોલ્સ્ટોયની અનુમતિથી તમારી ઉપરનો તેનો પત્ર લંડનમાં રહેતા અમારા કેટલાક મિત્રો તરફથી પ્રગટ થતા એક નાના સરખા સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. તે પત્ર વાળા અંકની નકલ તેમ જ 'ધી ફ્રી એજ્જ પ્રેસ' તરફથી પ્રગટ કરવામાં આવેલા ટોલ્સ્ટોયનાં લખાણોના કેટલાક અંગ્રેજી અનુવાદ તમારી ઉપર મોકલવામાં આવશે.

"તમારી હીલચાલ વિષે અંગ્રેજીમાં વધારે પ્રસિદ્ધિ મળવી જોઇએ એ મને અત્યન્ત આવશ્યક લાગે છે અને તેથી તમારી સાથે સંપર્ક સાધવા માટે ગ્લાસગોનાં મીસીસ મેયો કે જે મારા તેમ ટોલ્સ્ટોયના પરમ મિત્ર છે તેમને હું લખું છું....."

ચેરકોવે એક બીજો પત્ર કેલનબેક ઉપર લખ્યો.

ગાંધીજી ઉપરનો ટોલ્સ્ટોયનો પત્ર સમગ્ર પત્રવ્યવહારમાં સૌથી વધારે લાંબો હતો. ૧૯૧૦ના ૨૦ મી સપ્ટેંબરની તારીખ વાળો તે પત્ર ઇંગ્લાંડમાં રહેતા એમના મિત્ર ઉપર ગાંધીજી ઉપર રવાના કરવાની સૂચના સાથે મોકલવામાં આવ્યો હતો. આ મિત્ર આ સમય દરમિયાન માંદગીના બીછાને હતા અને તેથી નવેંબર માસની ૧૪મી તારીખ પહેલાં ટોલ્સ્ટોયનો પત્ર ગાંધીજી ઉપર રવાના થઇ ન શકયો. ગાંધીજીને એ પત્ર કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોયના અવસાન બાદ કેટલાય દિવસે ટ્રાન્સવાલ ખાતે મળ્યો.

ટોલ્સ્ટોયે એ પત્રમાં જણાવેલું કે " આજે હું મૃત્યુની સમીપ બહુ જલ્દિથી જઇ રહ્યો છું એમ મને લાગે છે. એમ છતાં પણ જો હું લાંબું જીવું તો જેને Passive Resistance- અહિંસક સામનો-એ નામથી ઓળખવામાં આવે છે પણ જે વાસ્તવિક રીતે ખોટી ટીકા ટીપ્પણથી દૂષિત થયો નથી એવો શુધ્ધ પ્રેમનો જ માર્ગ છે તે વિષે બીજા લોકોને હું ખૂબ કહેવા માગું છું, કારણ કે આ બાબત મને બહુ સ્પષ્ટપણે સમજાઇ છે અને મારે મન આ બાબત અતિ મહત્વની છે.

" એ પ્રેમ...માનવી જીવનનો મોટામાં મોટો એક અને અનન્ય નિયમ છે અને દરેક માનવી પોતાના દિલના ઉંડાણમાં (બાળકોમાં જે આપણને બહુ જ સ્પષ્ટપણે દેખાય છે) આ નિયમ અનુભવે છે અને જાણે છે. અને દુનિયાના ખોટા અને ઉન્માર્ગગામી ઉપદેશો વડે તેની બુદ્ધિ વિકૃત થતી નથી ત્યાં સુધી આ જ નિયમ તેના ચિત્ત ઉપર અંકિત થયેલો હોય છે. હિંદી તેમ જ ચીની, હૈબ્રુ, ગ્રીક તથા રોમન-દુનિયાના સર્વ સાધુસન્તો આ નિયમની-આ કાયદાની-ઘોષણા કરતા આવ્યા છે.....

"વસ્તુતઃ જ્યારથી પ્રેમનું સ્થાન બળજબરીએ લીધું ત્યારથી જીવનના અનુશાસક નિયમ તરીકે પ્રેમનું કશું સ્થાન પણ રહ્યું નહિ, રહી શકે તેમ હતું પણ નહિ અને પ્રેમનો કાનુન જે નાબુદ થયો તો પછી બળજબરી-સૌથી વધારે બળવાનની સત્તાશાહી-એ સિવાય બીજો કોઇ કાનુન રહેશે નહિ."

મૃત્યુના સીમાડે ઉભેલા એક વૃધ્ધ પુરૂષે એક યુવાનને આ પ્રમાણે લખેલું. ગાંધીજી પોતાની વાસ્તવિક ઉમ્મર (૪૧ વર્ષ) કરતાં ભાવના અને તાકાતની દૃષ્ટિએ ૨૫ વર્ષ નાના હતા. ટોલ્સ્ટોય અત્યન્ત દુઃખી, વેદનાવ્યાકુલ હતો. 'વોર એન્ડ પીસ' (ટોલ્સ્ટોયની સર્વોત્કૃષ્ટ નવલકથા)માં રજુ કરવામાં આવેલ જીવન-દર્શન ધરાવતી વ્યક્તિકતને જ્યારે એવો સતત અનુભવ થાય છે કે ઇશુ ખ્રીસ્તના ઉપદેશોમાં સમાયું સુખ પ્રાપ્ત કરવાની જે ચાવી રહેલી છે તેનો ઉપયોગ કરવાની માણસજાત તાકાત ધરાવતી નથી અથવા તો તેનો ઉપયોગ કરીને માણસજાત સુખી થવા માંગતી નથી, સુખી થવા ઇચ્છતી નથી, ત્યારે તે વ્યક્તિ માટે દુઃખી થવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો જ નથી. આમ છતાં ગાંધીજીને શ્રધ્ધા હતી કે પોતે પોતાની જાતને તેમ જ અન્ય લોકોને સુધારી શકે તેમ છે. એ પ્રમાણે તેઓ કાર્ય કરી રહ્યા હતા. તેથી તેઓ સુખ અનુભવી રહ્યા હતા. **અનુવાદક પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૮

મુંબઈ : ૧૫ ઓગસ્ટ ૧૯૫૧ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ધર્મકુટુંબની નવી સ્મૃતિ

મુંબઇના "પ્રબુદ્ધ જૈન" માં હમણાં એક મિશ્ર વિવાહનું વર્ણન આવ્યું છે. સમાજના ઋઢ આદર્શોનું પાલન કરીને જેમણે પોતાના સમાજમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે એવા એક જૈન સદ્‌ગૃહસ્થની સુશીલ પુત્રીએ એક દેશી-ખ્રિસ્તી યુવાન સહાધ્યાયીની સાથે સીવીલ મેરેજ એક્ટ પ્રમાણે લગ્ન કર્યા અને પરિસ્થિતિને વશ થઇને બન્નેએ પોતપોતાના માબાપથી ત્રણ મહિના સુધી આ વાતને ગુપ્ત રાખી. 'પ્રબુદ્ધ જૈન' ના સમાજ-હિતૈષી સંપાદક શ્રી. પરમાનંદભાઇએ આ લગ્ન પર એક વિચારપ્રેરક લેખ લખ્યો છે. લેખ બહુ મોટો ન હોત તો આખો લેખ 'મંગલ પ્રભાત' માં પ્રગટ કર્યો હોત. કારણ કે પરમાનંદભાઇ સામાજિક બાબતોમાં સમતુલા જાળવનાર એક પ્રતિષ્ઠિત વિદ્વાન છે. યુવાનના ખ્રિસ્તી માતપિતા પણ આ વિવાહની વિરુદ્ધ હતા. કન્યાના ઋઢિ-પરાયણ માતપિતા તો વિરુધ્ધ હતા જ.

સૌથી પહેલો મનમાં એ વિચાર આવે છે કે કાયદા મુજબ હિંદુ, જૈન, બૌદ્ધ, શિખ, આર્યસમાજી વિગેરે ભારતીય વ્યક્તિને સીવીલ મેરેજ એક્ટનો આશ્રય લેતી વખતે, હું કોઇ ધર્મમાં માનતો નથી એવી કોઇ પ્રતિજ્ઞા લેવી પડતી નથી. એથી ઉલટું ખ્રિસ્તી, મુસલમાન, યાહુદી અથવા પારસી લોકોને જ્યારે સિવીલ મેરેજ એક્ટનો આશ્રય લેવો પડે છે ત્યારે પોતાના સંપ્રદાયના ખાસ કાયદાથી બચવા માટે જાહેરાત કરવી પડે છે કે હું કોઇ પણ સંપ્રદાયનો અનુયાયી નથી.

સ્વરાજ્યના દિવસોમાં આપણા કાયદાઓમાં આટલો ફેરફાર થવાની જરૂર છે કે લગ્નના કારણે કોઇ પણ યુવક કે યુવતિને પોતાનો ધર્મ છોડવાની, બદલવાની અથવા તો ધનકાર કરવાની આપત્તિ વહોરવી ન પડે. પતિ-પત્ની કોઇ પણ ધર્મના હોય અથવા તો કોઇ પણ ધર્મના ન પણ હોય, તેઓ અધર્મના ઉપાસક ન બને એટલું જ બસ છે. વિવાહસંબંધ માટે પતિ-પત્નીનો ધર્મ એક જ હોવો જોઇએ એવો આગ્રહ છોડવાનો દિવસ એ માટે આવ્યો છે કે આપણે હવે સમજવા લાગ્યા છીએ કે દુનિયાના સર્વ પ્રતિષ્ઠિત ધર્મો સારા છે. દરેક ધર્મના રીતરિવાજોમાં કોઇને કોઇ દોષ અથવા તો ત્રુટિઓ રહેલી જ હોય છે. દરેક ધર્મના સિધ્ધાંત સૌ કોઇને ગમે છે એમ નથી હોતું. દરેક ધર્મમાં એવી કેટલીયે વાતો હોય છે કે જે તે ધર્મને માનવાવાળા લોકોને પણ માન્ય નથી હોતી. આમ હોવાથી સદાચરનું પાલન, સામાજિક કર્તવ્યોનો સ્વીકાર અને સર્વ પ્રત્યે આદરભાવ તથા સહિષ્ણુતા-આટલી ભૂમિકા ઉપર કોઇ પણ ધર્મની વ્યક્તિ પોતાના અથવા બીજા કોઇ પણ ધર્મની વ્યક્તિ સાથે લગ્ન કરે તેમાં સમાજે અથવા તો કાયદાએ વિરોધ કરવો જોઇએ નહિ. જેમને લગ્ન કરીને સહજીવનનો અનુભવ કરવો છે તેઓ તો એક-બીજાની રહેણીકરણી તથા વિચારસરણી પરસ્પરને અનુકુળ છે કે નહિં એટલું જરૂર જોવાના જ છે. જો હિન્દુ વ્યક્તિએ કોઇ અન્ય ધર્મીની સાથે લગ્ન કર્યું હોય તે વ્યક્તિને હિન્દુ ધર્મમાંથી બહિષ્કૃત કરવાનો રિવાજ અમલમાં મૂકીને આપણે અનેક આફતો નોતરી છે. કોઇ હિંદુની સાથે કોઇ અન્યધર્મી વ્યક્તિએ લગ્ન કર્યું તો તે વ્યક્તિને હિંદુ ધર્મમાં લાવવાનો આગ્રહ આપણે શા માટે રાખવો જોઇએ? આ સાંકડાપણાએ જ આપણી માનવતા ક્ષીણ કરી નાંખી છે.

લોકો પૂછે છે કે "ભિન્ન ધર્મી વ્યક્તિઓએ લગ્ન કર્યા તો ભલે કર્યા પણ એમના સંતાનોનો ધર્મ કયો રહેવાનો?" આપણે તેને જવાબ આપીએ કે "તેની ચિંતા આપણે શા માટે કરીએ? સંતાનોનો ધર્મ ગમે તે હોય. નવી વ્યવસ્થામાં તેને નથી મુશ્કેલી આવવાની ખાનપાનમાં, તેના લગ્નમાં કે વારસાને લગતા અધિકારમાં.

જ્યાં સર્વ ધર્મો સાચા છે, અને સર્વ ધર્મો સારા છે, ત્યાં ધારો કે સંતાનોનો ધર્મ ખિચડી-ધર્મ બન્યો તો પણ કોનું શું બગાવાનું છે? પિતા દ્વૈતવાદી અને પુત્ર અદ્વૈતવાદી-આવું તો ઘણે ઠેકાણે જોવામાં આવે છે. પતિ શૈવ અને પત્ની વૈષ્ણવ- આવો પ્રકાર પણ કેટલેય ઠેકાણે નજરે પડે છે. પતિ માંસાહારી અને પત્ની નિરામિષાહારી-આવાં ઉદાહરણો પણ કેટલાય પ્રાંતોમાં સારા પ્રમાણમાં નિહાળવામાં આવે છે-તો પછી ભિન્નધર્મી વિવાહસંબંધમાં આટલો ઘેધાટ અને ધમાલ શા માટે કરવામાં આવે છે? ભિન્ન-ધર્મી લોકોને આપણે પારકા શા માટે માનીએ? એક જ પરમપિતાનાં સૌ સંતાન છે. ભિન્ન ગોત્રની કન્યાને જેવી રીતે આપણે અપનાવીએ છીએ તેવી જ રીતે ભિન્ન ધર્મની વહુ કે જમાઇને આપણે શા માટે ન અપનાવીએ?

ધારો કે, મારી દીકરી સનાતન ઋઢિને અનુસરીને જ લગ્ન કરે છે. આવી પરિસ્થિતિમાં પણ તેના પ્રત્યે હું બે પ્રકારનું વલણ અખત્યાર કરી શકું છું. હું તેને કહી શકું છું કે "દીકરી! તેં એક ભિન્નકુળના છોકરાને પસંદ કર્યો છે, બીજાના કુળમાં તું ગઇ છે. તેથી તારો અને અમારો સંબંધ હવે તૂટી જાય છે. હવે તું પરાઇ થઇ, અમારી ન રહી."

અથવા તો હું મારી દીકરીને એમ પણ કહી શકું છું કે, "દીકરી! તું મારો પ્રાણ છે. તને હું કેમ દૂર કરી શકું? ઉલટું, જે પરાયા માણસને તેં અપનાવ્યો છે તે હવે અમારા માટે પરાયો રહેતો નથી. તે પણ અમારો જ થઇ ગયો છે. એ યુવાનને અમે અપનાવીશું. તેના કુટુંબને પણ અમે અપનાવીશું. જે પંથનો તે અનુયાયી છે તે પંથ પણ અમારે માટે પરાયો રહેતો નથી."

આ બે વલણમાંથી પહેલું વલણ અભિમાનનું છે, તંગદિલીનું છે, માનવતાના ધનકારનું છે. તેના માટે કોઇ ભવિષ્ય નથી.

બીજું વલણ પ્રેમનું છે. 'यत्र भवति विश्वं एकनीडम्' (જ્યાં વિશ્વ એક માળા જેવું બને છે) એવી માનવતાથી ભરેલું છે.

જ્યાં જ્યાં પ્રેમધર્મનો પ્રભાવ પડેલો છે ત્યાં ત્યાં માબાપોએ પોતાનું અભિમાન છોડીને પોતાનાં પુત્રપુત્રીઓને, વહુજમાઇને અને તેનાં બાળબચ્ચાંઓને ખુશીથી અપનાવ્યા છે, એટલું જ નહિ પણ તેના ભિન્નધર્મી વિવાહનું સંપૂર્ણપણે સમર્થન કર્યું છે. સર્વધર્મ સમભાવનું પર્યવસાન સર્વધર્મસમભાવમાં થશે જ.

જ્યાં ભિન્નધર્મી યુવકયુવતિ પોતપોતાના ધર્મના સિદ્ધાંત, સંસ્કાર તથા રિવાજોનું શ્રદ્ધાપૂર્વક પાલન કરે છે ત્યાં પણ ભિન્નધર્મી વ્યક્તિને પસંદ કરવાની અને તેની સાથે રહેવાની ઉદાર દૃષ્ટિ બન્નેમાં હોવી જોઇએ. પરંતુ આજકાલ આવી સ્થિતિ રહી નથી. યુવકયુવતિઓમાં પોતપોતાના ધર્મનું જ્ઞાન પણ બહુ ઓછું જોવામાં આવે છે. સંસ્કારનો તો ક્યારનોયે લોપ થઇ ચૂક્યો હોય છે. સિદ્ધાંતો વિષે આગ્રહ કે આદર રહ્યો હોતો નથી. બન્નેનો જીવનરસ પણ હવે નવી દિશામાં વહેવા લાગ્યો હોય છે. ઋઢ ધર્મ, ઋઢ સંસ્કાર, પોતપોતાના કુટુંબની ખાસિયતો એ બધી બાબતમાં એક પ્રકારની ઉદાસીનતા જોવામાં આવે છે. તો પછી આપણે એમ કેમ ન કહીએ કે આ યુવકયુવતિ એક જ ધર્મના છે, જે ધર્મનું નામ છે સાર્વભૌમ-ઉપેક્ષાધર્મ!

આવો ઉપેક્ષાધર્મ પસંદ કરવા લાયક ચીજ નથી. ઉત્તમ સ્થિતિ તો એ છે કે વ્યક્તિનો સરકાર એવો હોય કે સર્વ ધર્મો તેના અધ્યયન અને પરિચયના વિષય હોઇને સર્વ એકસરખા આદરણીય અને એકસરખા ગ્રાહ્ય હોય!

જરૂર, ગુણદોષનું પૂર્ણજ્ઞાન ધરાવતા વિવેકયુક્ત આદરની જ અહિં વાત છે.

'મંગળ પ્રભાત'માંથી સાભાર ઉધ્ધૃત કાકા કાલેલકર

કેટલાક સમાચાર અને નોંધ

હરિજન મંદિર પ્રવેશ ધારો અને જૈનો

હરિજન મંદિર પ્રવેશ ધારો જૈનોને લાગુ પડે છે કે નહિ એટલે કે એ ધારાના પરિણામે હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો હક્ક મળે છે કે નહિ એ સંબંધમાં મુંબઇની હાઇકોર્ટે એક અગત્યનો ચુકાદો આપ્યો છે. આનો સાર મુંબઇ સમાચારમાં તેમજ અન્ય સામયિકોમાં પ્રગટ થયો છે.

આ ચુકાદા પાછળ નામદાર જજોનો એ અભિપ્રાય રહેલો છે કે હિંદુ કોમ અને જૈન કોમ અલગ અલગ કોમ છે અને તેથી જ્યાં સુધી હિંદુઓને કાયદો અથવા તો રીવાજથી જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો હક્ક મળે છે એમ પુરવાર ન થાય ત્યાં સુધી હરિજનોને પ્રસ્તુત ધારાને લીધે એવો કોઇ વિશેષ હક્ક મળી શકે નહિ. જે અભિપ્રાય ઉપર આ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે તે અભિપ્રાય સ્વીકારવામાં આવે તો પછી તે ઉપર લેવામાં આવેલો નિર્ણય પણ આપણે સ્વીકારવો જ રહ્યો. પણ હિંદનું રાજ્યબંધારણ જોતાં નામદાર જજોનો ઉપરનો અભિપ્રાય વ્યાજબી લાગતો નથી. એ બંધારણની ૨૫ મી કલમ કે જેનો આધાર હરિજનમંદિર પ્રવેશ-વિરોધી જૈનોએ પોતાના અભિપ્રાયનું સમર્થન કરવા માટે લીધો છે તે જ કલમનો બીજો ખુલાસો નીચે મુજબ છે:—

"Explanation II—In sub-clause b of clause (2) the reference to Hindus shall be construed as including a reference to persons professing the Sikh, Jaina or Buddhist religion and the reference to Hindu religions institutions shall be construed accordingly."

"ખુલાસો બીજો—બીજા નિયમના પેટા નિયમ 'બી' માં જે 'હિંદુ' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે 'હિંદુ'માં શિખ, જૈન અને બૌધ્ધધર્મીઓનો સમાવેશ થાય છે એમ લેખવામાં આવશે અને હિંદુ ધાર્મિક સંસ્થાઓને લગતો ઉલ્લેખ પણ એવા વ્યાપક અર્થમાં ગ્રહણ કરવાનો રહેશે." એ જ કલમના બીજા નિયમનો 'બી' વિભાગ આ મુજબ છે:—

"Nothing in this article shall affect the operation of any existing law or prevent the state from making any law providing for spcial welfare and reform or the throwing open of Hindu religious institutions of public character to all classes and sections of Hindus."

"આ નિયમ (એટલે ૨૫ મી કલમનો પહેલો નિયમ કે જેમાં હિંદની પ્રજાને પોતાની ઇચ્છા મુજબ પોતપોતાના ધર્મને અનુસરવાની અને તેનો પ્રચાર કરવાની છુટ આપવામાં આવી છે) કોઇ એવા ચાલુ કાયદાને કે હવે પછી થનાર કાયદાને કોઇ પણ રીતે બાધાકારક નીવડશે નહિ કે જે કાયદાનો હેતુ હિંદુધર્મની જાહેર સંસ્થાઓને હિંદુ સમાજના સર્વ વિભાગો અને વર્ગો માટે ખુલ્લી મૂકવાનો હોય."

આ કલમ મુજબ હિંદુઓમાં જૈનોનો અને હિંદુ મંદિરોમાં જૈન મંદિરોનો સમાવેશ થાય છે અને એ રીતે વિચારતાં હિંદુ મંદિરોમાં હરિજનોને પ્રવેશહક્ક આપતા ધારા મુજબ જૈન મંદિરમાં પણ હરિજનોને કાયદાથી દાખલ થવાની છુટ મળવી જોઇએ. આપણે આશા રાખીએ કે મુંબઇ સરકાર આટલેથી નહિ અટકતાં બંધારણની ઉપરની કલમનો આધાર લઇને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે અને જૈન મંદિરમાં હરિજનો માટે કાયદેસરની પ્રવેશ-અનુમતિ મેળવશે.

આજે મળેલા ચુકાદાથી અસ્પૃશ્યતાપક્ષી સ્થિતિચુસ્ત જૈનો મલકાશે અને અમારાં મંદિરો હરિજનોથી અભડાતાં બચી ગયાં એમ માનીને ખૂબ આનંદ માનશે. પણ જે કોઇ જૈન ધર્મના વિશાળ સ્વરૂપને જાણે છે અને જૈન મંદિરના આદર્શને સ્વીકારે છે તેને હરિજનપ્રવેશવિરોધી જૈન આગેવાનો માટે ખેદ થયા વિના નહિ રહે. હિંદુઓમાં જૈનો અન્તર્ગત ગણાય કે ન ગણાય, કાયદાથી હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ મળે કે ન મળે, પણ અમારા મંદિરમાં જૈનેતરો પ્રવેશી શકતા નથી અને હરિજનોના પ્રવેશથી અમારાં મંદિરો અભડાય છે એમ કહેનારા અને માનનારા જૈન ધર્મના હાર્દને અત્યન્ત વિકૃત આકારમાં સમજે છે અને રજુ કરે છે, કારણ કે જૈન ધર્મ પ્રારંભકાળથી જૈનેતરોને પોતાના ધર્મસ્થાનકોમાં આવકારતો આવ્યો છે. જન્મે જૈન હોય તે જ જૈન થઇ શકે એવી કોઇ કાળે જૈનધર્મની માન્યતા હતી જ નહિ. જૈન મંદિર કોઇના પણ આગમનથી અભડાય એવી કોઇ કલ્પના જૈન ધર્મશાસ્ત્રોમાં શોધી જડતી નથી. આ બાબતમાં જૈન ધર્મ હિંદુ ધર્મ કરતાં ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામની વધારે નજીક છે. આમ છતાં પણ કમનસીબે આજના જૈન સમાજના કેટલાક આગેવાનો અસ્પૃશ્યત્વના પડળથી અંધ બનીને જૈન ધર્મ અને જૈન સમાજને દીવાલળહ કરવા ધમ્યા છે, અને પરિણામે પારસીઓ માફક જૈન ધર્મને જ વિશાળ દુનિયાથી અસ્પૃશ્ય બનાવી રહ્યા છે. અમારો જૈન ધર્મ વિશ્વધર્મ બનવાની યોગ્યતા ધરાવે છે એવી બાંગ પોકારનારા જૈનો કેટલા ઠીંગણા, સાંકડા મનના અને કલ્પનાવિહીન છે અને જૈન ધર્મને વાડા ધર્મ બનાવવાનો આત્મઘાતક પ્રયત્ન કરી રહ્યા છે તેનો ઉપર જણાવેલ પ્રત્યાઘાતી વળણ ઉપરથી પૂરેપૂરો ખ્યાલ આવે તેમ છે. ગંગાજળ કદિ અભડાય ખરું? પરબે પાણી પીવા આવનારનો નાતજાતના કારણે ટાળો કરી શકાય ખરો? જૈન મંદિર કે ઉપાશ્રયનાં દ્વાર કોઇ પણ શ્રેયાર્થી માટે બંધ કરી શકાય ખરાં? કાયદો ગમે તે કહે, 'સવી જીવ કરું શાસનરસી' આ આપણી ભાવના હોવી જોઇએ, અને અમારાં મંદિરો સૌ કોઇ શ્રેયાર્થી માટે ખુલ્લાં છે એવી જાહેરાત કરીને જૈન ધર્મની વિશાળતા આપણે ઉદ્‌ઘોષિત કરવી જોઇએ.

જૈન સંપ્રદાય અને દુનિયાના અન્ય સંપ્રદાયો

ઉપરની નોંધમાં જૈન ધર્મનાં દ્વાર સૌને માટે ખુલ્લાં હતાં અને હોવા જોઇએ એવું વિધાન કરવામાં આવ્યું છે તેના અનુષંગમાં દુનિયા ઉપર પ્રભુત્વ ધરાવતા વિવિધ સંપ્રદાયોની આ દૃષ્ટિકોણથી સમાલોચના કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. દુનિયાના મુખ્ય સંપ્રદાયો આ પ્રમાણે ગણાવી શકાય. હિંદુ, ઇસ્લામ, ખ્રિસ્તી, પારસી અને યાહુદી. હિંદુના પેટા ભાગમાં વૈદિક, જૈન, બૌદ્ધ અને શિખને મૂકી શકાય. વૈદિકના બે ભાગ કરીએ તો સનાતની અને આર્યસમાજી એમ થઇ શકે. આ સર્વ સંપ્રદાયોમાંથી એક યા બીજો સંપ્રદાય આપણને કુળપરંપરાથી પ્રાપ્ત થાય છે. આપણા કેટલાએક એવા સંપ્રદાય છે કે જે અન્ય સંપ્રદાયોને પોતામાં દાખલ કરી શકે છે, આવકારે છે. હિંદુ વિભાગમાં જૈન, બૌદ્ધ અને શિખ સંપ્રદાય આ પ્રકારના છે. તદુપરાન્ત વૈદિકમાંથી આધુનિક કાળમાં આર્યસમાજની એક એવી પરંપરા ઉભી થઇ છે કે જે કોઇ પણ અન્યધર્મીને પોતાના સંપ્રદાયની દીક્ષા આપી શકે છે. ઇસ્લામ અને ખ્રિસ્તી પણ આ પ્રકારના જ સંપ્રદાયો છે. બીજી બાજુએ સનાતની હિંદુ, યાહુદી અને પારસી એવા સંપ્રદાય છે કે જે માત્ર કુળપ્રાપ્ત જ હોય છે અને જેમાં અન્યધર્મીને પ્રવેશનો કોઇ હકક હોતો નથી. ઉપર જણાવ્યું તેમ જે સંપ્રદાયો અન્ય ધર્મીને સદા આવકાર આપતા હોય છે તેનું સ્વરૂપ પ્રચારલક્ષી હોય છે. તેમાં ઉદારતા અને વિશાળતાને ખૂબ અવકાશ હોય છે. તેના મંદિરો અને ધર્મસ્થાનકો સૌને માટે ખુલ્લાં હોય છે. તેમાં ઉંચા નીચાના ભેદને બહુ જ ઓછો અવકાશ હોય છે. દેશકાળ અનુસાર ફેરફાર કરતા રહેવાની તેનામાં સાહજિક વૃત્તિ હોય છે. ક્રિયાકાંડ કરતાં આચારવિચારની શુધ્ધિ અને વ્યાપક બંધુત્વ ઉપર તે વધારે ભાર મૂકે છે. એકને અંગ્રેજીમાં Ethnic Religion કહે છે; અન્યને Credal Religion કહે છે. આ રીતે જૈન ધર્મ Credal Religion છે. હરિજન-મંદિર પ્રવેશ-વિરોધ પાછળ ઉંચાનીચાનો ખ્યાલ રહેલો છે. જૈન ધર્મના હાર્દને આવું વલણ તદ્દન પ્રતિકુળ છે. જૈન ધર્મના વિશાળ અને ઉદાર સ્વરૂપને ન સમજતાં જેઓ સનાતની વૈદિક ધર્મીઓના માર્ગે જવાનું પસંદ કરે છે તેઓ જૈન ધર્મને વિકૃત આકાર આપી રહ્યા છે. આનું પરિણામ જૈન ધર્મને ચોગઠાધર્મ બનાવવામાં જ આવે. આવી સંકીર્ણતા કદાચ જૈન ધર્મના બોખાને બચાવી શકશે, પણ તેમાંથી આત્માની ચમક અને ચેતના અલોપ થઇ જવાની.

આખરે માબાપ તે માબાપ!

'ધર્મકુટુંબની નવી સ્મૃતિ' એ મથાળાના આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલા લેખમાં કાકાસાહેબ જણાવે છે કે "જ્યાં જ્યાં પ્રેમધર્મનો પ્રભાવ પડેલો છે ત્યાં ત્યાં માબાપોએ પોતાનું અભિમાન છોડીને પોતાનાં પુત્રપુત્રીઓને, વહુ જમાઇને અને તેનાં બાળબચ્ચાંઓને ખુશીથી અપનાવ્યા છે." આના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે તા. ૧૫-૭-૫૧ ના પ્રબુધ્ધ જૈનમાં 'यद्यपि शुद्धं लोकविरुद्धं' શિર્ષક લેખમાં બહેન કંચન તથા ઓલીવરના જે મિશ્રધર્મી લગ્નની આલોચના કરવામાં આવી હતી, તે સંબંધમાં પણ કાકાસાહેબે નિર્દેશેલું શુભ પરિણામ બહુ જલ્દીથી નિપજતા પામ્યું છે. એ આલોચનામાં જણાવવામાં આવ્યું હતું તે મુજબ પ્રારંભમાં ઉભયના સ્થિતિચુસ્ત માબાપો આ લગ્ન પરત્વે અત્યન્ત પ્રતિકુળ વળણ ધરાવતા હતા. પણ ધીમે ધીમે બહેન કંચનનાં માતપિતા અનેક મિત્રોની સમજાવટ, ચર્ચા તથા મંથનના પરિણામે બહેન કંચનને પૂર્વવત્ વાત્સલ્યથી આવકારતા થયા છે અને પોતાનો અભિપ્રાય ગમે તે હોય એમ છતાં પણ પોતાની ચોગ્ય ઉમ્મરની પુત્રીને પોતાનું ભવિષ્ય નકકી કરવાનો સંપૂર્ણ અધિકાર હતો એ હકીકતને સહજપણે સ્વીકારતા થયા છે. બીજી બાજુએ શ્રીયુત ઓલીવરના માતપિતા જેઓ વલસાડમાં નિવૃત્ત ધર્મપરાયણ જીવન ગાળે છે તેમનો પ્રસ્તુત લગ્ન સંબંધે કટ્ટર વિરોધ ચાલુ જ હતો એ દરમિયાન ઉપર જણાવેલ લેખ તેમના વાંચવામાં આવ્યો અને તેમના દૃષ્ટિકોણમાં એકાએક પલટો આવ્યો, પોતાના પુત્ર તથા પુત્રવધુ સામેનો વિરોધ યોગ્ય નથી એમ તેમને માલ્યું અને બન્નેને પોતાને ત્યાં વલસાડ આવવાનું તેમણે ઉમળકાભર્યું નિમંત્રણ મોકલ્યું. એ બન્ને ત્યાં ગયાં અને તેમને પૂરા ભાવથી અપનાવી લેવામાં આવ્યાં. તદુપરાન્ત બહેન કંચન તથા ઓલીવરના ત્યાં જવા બાદ ઓલીવરના પિતાએ બહેન કંચનના પિતા શ્રી. ટી. જી. શાહને નીચે મુજબ ગુજરાતીમાં પત્ર લખ્યો:—

વલસાડ, તા. ૨૬-૭-૫૧

"રા. રા. **શ્રી. અને શ્રીસીસ ટી. જી. શાહ,**

આપનો પત્ર મળ્યો. વાંચી પુરો સંતોષ અને ઘણો આનંદ થયો.

"તમારી ધીરજ, નમ્રતા અને પ્રેમ જોઇને હું મુગ્ધ થયો છું. જાતજાતના વિચારો અને સિધ્ધાન્તો વિષેના દ્વંદ્વયુધ્ધમાં ગરકાવ થયો અને મુંઝાઇ ગયેલો તેમાં શ્રી પરમાનંદભાઇના લેખથી કંઇ નવો જ પ્રકાશ પડયો અને વિચારો કંઇક અંશે સ્થિર થયા અને પરિણામે કંચન અને ઓલીવરનો સ્વીકાર કરવા નિશ્ચય કરી તેમ કર્યું પણ ખરું. પ્રભુની યોજનાનો પાર પામર મનુષ્ય શી રીતે પામી શકે? તેના નામને માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ હમણાં, સદા અને સર્વકાળ હોજો!

"બન્ને પક્ષની વિરૂધ્ધતા અને મક્કમતામાં બીચારાં છોકરાં પીસાઇ ગયાં અને તેમની તબિયત બગડી ગઇ તેથી હવે વિશેષ દુઃખ થાય છે. પરંતુ હવે સર્વ શકિતમાન પ્રભુ સૌ સારાં વાનાં કરશે એવો અમારો વિશ્વાસ છે. આમેન!

"હવે આપણો મેળાપ થાય અને એક બીજાને રૂબરૂ મળી વધુ પરિચયમાં આવીએ એ વધુ ઇચ્છવા જોગ છે, જેથી તમને જ્યારે અનુકુળ હોય ત્યારે વલસાડ આવી જશો. તમને બન્નેને મળી અમને બન્નેને ઘણો સંતોષ અને આનંદ થશે. ઇશ્વર આપણો મેળાપ જલદી કરાવો એવી આશા અને પ્રાર્થના!

આપના શુભેચ્છકો,

એ. એમ. દેસાઇ

અને ભાઇબાઇ"

ત્યાર બાદ શ્રી. ટી. જી. શાહ એકલા વલસાડ શ્રી. આલ્ફ્રેડ દેસાઇને ત્યાં જઇ આવ્યા અને તેમની સાથે એક દિવસ ખૂબ આનંદમાં ગાળી આવ્યા અને બન્ને મી. અને મીસીસ દેસાઇનો મીઠો પ્રેમ અનુભવી આવ્યા. શ્રી ટી. જી. શાહના પત્ની સાથે જવા પૂરતું મન મકકમ કરી ન શકયાં. શ્રી. ટી. જી. શાહના પાછા આવવા બાદ થોડા દિવસે મીસીસ આલ્ફ્રેડ દેસાઇનો શ્રી. ટી. જી. શાહના પત્ની ઉપર નીચે મુજબ ગુજરાતીમાં પત્ર આવ્યો:—

"પ્રિય ચંચળબહેન તથા ભાઇ ત્રીભુવનદાસ તથા સૌ. કંચનને અમારી પ્રેમી સલામ.

"વિ. તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો છે. અને વિશેષ મારા ભાઇના આવવાથી ઘણો આનંદ થયો. તેમના નૈતિક વિચારો જાણી ઘણો જ ખુશી થયાં છીએ. રૂબરૂ મળવાથી એકબીજાના વિચારો જાણવાથી ઘણા ખુલાસા થઇ જાય છે, અને એક બીજાના આચારવિચાર મળતા આવે ત્યારે સલાહસંપથી રહી શકાય છે અને એ પ્રમાણે બન્યું છે. તેથી અમે ઘણાં ખુશી થયાં છીએ. આપણે બન્ને પક્ષો ભેગાં મળી કાશીષ કરીએ અને છોકરાંઓને મદદરૂપ થઇએ તો તેઓ પણ જરૂર સુખી થાય અને એવી આશા પણ ઉત્પન્ન થઇ છે. સર્વ શકિતમાન તેમાં આપણું

બધાને સહાય થાઓ એવી અમારી પ્રાર્થના છે. ઓલીવરની તબિયત સુધારા ઉપર છે. માટે તે સંબંધી ફાંફાં ફીકર કરશો નહિ. સારો સુકકો દિવસ થાય ત્યારે તમે વલસાડ જરૂર આવજો. હાલ વરસાદને લીધે બધું ભીનું હોવાથી ગમે તેવું નથી. આવવાના હો ત્યારે પત્ર લખશો. સૌ. કંચનની સંભાળ લેશો. એવું લખવાની જરૂર તો નથી જ છતાં લખું છું. તેને કોલેજમાં રજા પડયે વલસાડ મોકલાવી આપશો. અહિંની બધી ખબરો સારી છે. તમારી ખબરો લખશો. હાલ એજ. લી. માફીભાઇ એ. દેસાઇ"

આ આખી ઘટના કાકાસાહેબના કથનમાં રહેલું તથ્ય બહુ સુન્દર રીતે પુરવાર કરે છે, એટલું જ નહિ પણ ઉપર આપેલા બે પત્રોમાં આપણને ઉંચ્ચ કોટિની માનવતાનું—ગમે તેવા આઘાતોને ગણી જઇને પણ પોતાનાં સંતાનોનાં અખંડ શ્રેયને જ સદા ચિન્તવતા માતપિતાના ઉંડા વાત્સલ્યનું—આપણને ભારે સુખદ દર્શન થાય છે.

સીવીલ મેરેજ એક્ટ અને ધર્મનો ઇનકાર

કાકાસાહેબ કાલેલકરના 'ધર્મકુટુંબની નવી સ્મૃતિ' ના લેખમાં એક એવી ઇચ્છા પ્રગટ કરવામાં આવી છે કે સીવીલ મેરેજ કરવા ઇચ્છનાર અમુક વર્ગોની વ્યકિતઓને પોતપોતાના ધર્મનો ઇનકાર કરવાની જે આપત્તિ આવી પડે છે તે આપત્તિ, આ સર્વધર્મસમભાવના યુગમાં અને મિશ્રવર્ણી લગ્નોની ઘટનાઓ હવે વધતી ચાલી છે એ ધ્યાનમાં લઇને, અને તેમ જલ્દિથી દૂર થાય તેવો કાનુની ફેરફાર સત્વર થવો ઘટે છે. હિંદમાં આને લગતા કાયદાને સ્પેશિયલ મેરેજ એકટના નામથી ઓળખવામાં આવે છે. ધર્મના ઇનકાર સંબંધમાં આજના કાયદાની પરિસ્થિતિ એવી છે કે હિંદુ બૌધ્ધ, શિખ અથવા જૈનમાંથી એક ધર્મનો અનુયાયી અન્ય ધર્મના અનુયાયીઓ સાથે આ સ્પેશિયલ મેરેજ એકટની રીતે લગ્ન કરવા ઇચ્છે તો કોઇએ પણ પોતાના ધર્મનો ઇનકાર કરવાની જરૂર છે જ નહિ. પણ કોઇ હિંદુ, બૌધ્ધ, શિખ કે જૈન અન્ય કોઇ ખ્રિસ્તી, યાહુદી, પારસી કે મુસલમાન સાથે લગ્ન કરવા ઇચ્છે તો અથવા તો, ખ્રિસ્તી, યાહુદી, પારસી કે મુસલમાનમાંથી એક ધર્મનો અનુયાયી અન્ય ધર્મના અનુયાયી સાથે લગ્ન કરવા ઇચ્છે તો બન્નેને લગ્ન કર્યા પહેલાં પોતપોતાના ધર્મનો ફરજિયાત ઇનકાર કરવો પડે છે.

હવે આ વખતની મધ્યસ્થ ધારાસભામાં સરકાર તરફથી સ્પેશિયલ મેરેજ એકટને સુધારીને એવું બીલ રજુ કરવામાં આવનાર છે કે જેના પરિણામે આ ધારા નીચે લગ્ન કરનારમાંથી કોઇએ પણ પોતાના ધર્મનો ઇનકાર કરવાપણું નહિ રહે. એટલું જ નહિ પણ લગ્ન કરનાર પક્ષો ગમે તેવી લગ્નવિધિ કરે, પણ સ્પેશીયલ મેરેજ એકટને લગતી આગળની સરતો પુરી પાડે અને લગ્નવિધિ બાદ રજીસ્ટ્રાર સમક્ષ ત્રણ સાક્ષીઓની હાજરીમાં વર તેમજ કન્યા જો એટલું જ જાહેર કરે કે 'હું તમને મારી પત્ની (યા પતિ) તરીકે સ્વીકારું છું' તો તે લગ્ન આ સ્પેશિયલ મેરેજ એકટ નીચે થયેલું ગણાશે. કાકા સાહેબે વ્યકત કરેલી ઇચ્છા આમ બહુ થોડા સમયમાં પૂરી થનાર છે તે જાણીને તેમને તો આનંદ થશે જ પણ સાથે સાથે આ જરૂરી સુધારો સમીપ આવી રહ્યો છે એ જોઇને મિશ્રધર્મી લગ્નોને ઇચ્છનારા સુધારકો પણ આ ફેરફારને આનંદપૂર્વક વધાવી લેશે.

સોમનાથ મંદિર અને ઈશ્વરપરાયણ સરકાર!

થોડા દિવસ પહેલાં મેસર્સ કામાણી એન્જીનિયરીંગ કોરપોરેશન લીમીટેડ તરફથી સોમનાથ મંદિર માટે ફરગ્યુસન ટ્રેકટરની અન્નસચિવ શ્રી. ક. મા. મુનશીને ભેટ કરવાના હેતુથી તાજમહાલ હોટેલમાં એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ ભેટના સ્વીકાર પ્રસંગે સોમનાથના મંદિરના પુનરૂધ્ધારનો ઉલ્લેખ કરતાં તા. ૩-૮-૫૧ ના જન્મભૂમિમાં જે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે તે મુજબ માન્યવર શ્રી મુનશીએ કહ્યું હતું કે "સોમનાથ મંદિરનું પુનરૂત્થાન એ ભારતની બીનસાંપ્રદાયિક સ્વરૂપ સાથે સુસંગત નહોતું એવી કેટલાંક વર્તુળોમાં થયેલી ટીકા ચોગ્ય નથી. ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય હોવાથી તે ઇશ્વરવિહીન છે એમ કહેવું એ અજ્ઞાનનું પ્રદર્શન કરવા સમાન છે. દુનિયામાં કોઇ પણ બિનસાંપ્રદાયિક રાજ્યમાં પ્રત્યેક વ્યકિતને પોતાનો ધર્મ મુકતપણે પાળવાની છૂટ હોય છે.

"સોમનાથ મંદિરનું પુનરૂત્થાન એ તો ભારતની હજારો વર્ષોની જુની રાષ્ટ્રીય પ્રણાલિ જાળવી રાખવા સમાન છે. ભારત આઝાદ થાય ત્યારે આ પ્રણાલિ પુનર્જીવિત કરવાની ભારતના પ્રજાજનોની ઇચ્છા હતી અને એ પાર પડી છે. આમ છતાં સોમનાથની ભકિત કરવાની ફરજ કોઇ પર પાડવામાં આવી નથી.

"આ પ્રશ્નમાં ગાંધીજીની સલાહ લેવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે જો રાજ્ય તરફથી ખર્ચ કરવામાં ન આવે અને બિનસરકારી નાણાં વડે સોમનાથનો પુનરૂધ્ધાર થતો હોય તો મને એમાં વાંધો નથી."

જો આ અહેવાલ સાચો હોય તો સોમનાથમંદિરના પુનરૂત્થાન સાથે સંકળાયલી ભારતની તેમ જ સૌરાષ્ટ્રની સરકારનો શ્રી. મુનશીને આવો કઢંગો બચાવ કરતા જોઇને ભારે આશ્ચર્ય થાય છે. ભારતની સરકાર બિનસાંપ્રદાયિક છે તેનો અર્થ એટલો જ છે કે તે સરકાર કોઇ પણ ચોકકસ ધર્મ કે સંપ્રદાયના સંબંધમાં સપક્ષ બુધ્ધિથી વર્તી ન શકે. આ બિનસાંપ્રદાયિકતાને ઇશ્વરની માન્યતા કે અમાન્યતા સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ છે જ નહિ. તેથી ઇશ્વરને લગતા શ્રી મુનશીએ કરેલો ઉલ્લેખ તદ્દન અપ્રસ્તુત અને અપ્રાસંગિક છે. સોમનાથનું મંદિર આખરે એક સાંપ્રદાયિક સંસ્થા છે એ વિષે બે મત હોવા સંભવ નથી. એમ છતાં પણ સોમનાથના મંદિરના પુનરૂત્થાનને શ્રી મુનશી ભારતની હજારો વર્ષોની જુની રાષ્ટ્રીય પ્રણાલિની રક્ષા સાથે જોડે છે. આ પ્રણાલિ તે કઇ અને તેને અને સોમનાથના મંદિરને શું સંબંધ તે બુધ્ધિથી કે કલ્પનાથી સમજી જ શકાતું નથી. આ ઉપરાંત શ્રી મુનશી ગાંધીજીની શહાદત આપે છે, પણ ગાંધીજીની સલાહનું તાત્પર્ય તો એમ નીકળે છે કે સોમનાથમંદિરના પુનરૂધ્ધાર જેવા કાર્યમાં આપણી બિનસાંપ્રદાયિક સરકાર કશો પણ અર્થિક સાથ આપી ન શકે. અને અહિં યાદ આપવાની ખાસ જરૂર છે કે જુનાગઢમાં ભારત સરકારની હકુમત સ્થાપિત થયા બાદ તરતમાં જ સરદાર વલ્લભભાઇ પટેલ, કાકાસાહેબ ગાડગીલ, માન્યવર મુનશી, જામસાહેબ, ઢેબરભાઇ વગેરે રાજ્યમંડળી પ્રભાસપાટણ ગયેલી અને એ વખતે સોમનાથના મંદિરનો પુનરૂધ્ધાર હિંદી સરકાર કરશે એવી સરદારે જાહેરાત કરેલી. આ જાહેરાત હિંદી સરકારના બિનસાંપ્રદાયિકપણા સાથે બીલકુલ સંગત નથી એ રીતે આ જાહેરાતનો વિરોધ કરતાં ગાંધીજીએ ઉપર જણાવેલી સલાહ આપેલી. આ સલાહમાં શ્રી મુનશી પોતાના કયા અભિપ્રાયનું સમર્થન માને છે તે સમજાતું નથી.

સોમનાથ મંદિરને ફરગ્યુસન ફર્ટીલાઇઝર ભેટ આપવા માટે તાજમહાલ હોટલમાં શ્રી. મુનશીને આમંત્રણ અને એક નાના સરખા જલસાનો સમારંભ—આ બધી ક્રિયાકાંડ અને પૈસાનો આવો દુર્વ્યય આ માટે? જ્યાં નિર્માણ દાનવૃતિ નહિ પણ પ્રસિધ્ધિ અને જાહેરાત એ જ મુખ્ય હેતુ હોય છે ત્યાં આવું ચલ્યા જ કરે છે. આજના જમાનાની આ એક તાસીર છે!

આચાર્ય કિરપલાણીજી અને કીસાન મઝદૂર-પ્રજાપક્ષની રચના

આચાર્ય કિરપલાણીજી કોંગ્રેસથી છુટા થયા પછી તેમણે કીસાન-મઝદૂર-પ્રજાપક્ષની સ્થાપના કરી છે. આ પક્ષને સંક્ષેપમાં 'પ્રજાપક્ષ' ના નામથી ઓળખવામાં આવે છે. "શાન્ત

સાધનો દ્વારા સુક્ત, લોકશાહી, વર્ગવિહીન અને કોમવિહીન સમાજની સ્થાપના કરવી" એ આ પક્ષનો હેતુ છે. ૧૮ કે તેથી વધુ વર્ષનો કોઇ પણ નાગરિક પ્રજાપક્ષનો હેતુ સ્વીકારીને અને વાર્ષિક ચાર આનાનું લવાજમ આપીને પ્રજાપક્ષનો સભ્ય થઇ શકે છે. આ પક્ષ તરફથી એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જેમાં રાષ્ટ્રના ભિન્નભિન્ન પ્રશ્નો સંબંધમાં પોતાની નીતિ અને કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

પોતાના પક્ષનો પ્રચાર કરવાના હેતુથી કિરપલાણીજી દેશભરમાં પ્રવાસે નીકળ્યા હતા. સોરાષ્ટ્ર તથા ગુજરાતનો પ્રવાસ કરીને તેઓ મુંબઇ આવ્યા હતા. મુંબઇમાં તેમને બે પ્રસંગે સાંભળવાનું બન્યું હતું. આને લીધે તેમનાં મન્તવ્યો અને વળણ વધારે સ્પષ્ટતાથી સમજવાની તક મળી હતી.

એ તો સુવિદિત છે કે કોંગ્રેસસંસ્થા તથા કોંગ્રેસી વહીવટ ઉભયથી અત્યન્ત અસંતુષ્ટ થઇને કિરપલાણીજી કોંગ્રેસથી છુટા થયા છે. તેથી તેમનાં પ્રચારપ્રવચનોમાં કોંગ્રેસી વહીવટની ટીકા સારા પ્રમાણમાં સાંભળવા મળે તે સ્વાભાવિક છે, પણ કિરપલાણીજી ટીકા એટલે તરવારની તીણી ધાર માફક પ્રતિપક્ષને આરપાર વીંધી નાંખે તેવી, તેમાં ન મળે કશું પ્રમાણ કે વિવેક. આજે જે કાંઇ દુઃશા વ્યાપેલી છે તે બધું જાણે કે કોંગ્રેસી વહીવટને જ આભારી છે, અને બિનઆવડત, લાંચરૂશ્વત અને કાળાબજાર ઉપર જ આખો વહીવટ ઊભો છે એમ તેઓ કહેવા માંગતા હોય એમ જ આપણને લાગે. આજે જેઓ રાજદ્વારભારના સિંહાસન ઉપર બેઠા છે તેઓ ગઇ કાલ સુધી તેમના સાથીદારજ હતા. કેવા કપરા સંયોગોમાં આઝાદી આવી, ત્યાર પછી પણ દેશને કેવી વિકટ સ્થિતિમાંથી પસાર થવું પડ્યું, લાંચરૂશ્વત કે કાળાબજારની બદી પ્રજાજીવનમાં કેટલી ઉંડી ઘર કરી રહી છે, સાચા દિલના પ્રયત્નો છતાં પણ તેમાં સફળતા મેળવવી કેટલી મુશ્કેલ છે અને સાથે સાથે આપણા રાજ્યકર્તાઓ કેવા ખોટા માર્ગે ચાલી રહ્યા છે અને દેશની દુઃશા દ્વિગુણીત કરી રહ્યા છે અને તેમાંથી નીકળવાના કયા કયા રચનાત્મક માર્ગો છે—આવી તુલનાત્મક સમાલોચનાને તેમનાં ભાષણોમાં કોઇ અવકાશ જ ન મળે. કોંગ્રેસી વહીવટની કેવળ નિન્દા—એ જ તેમનાં સર્વ વક્તવ્યોનું ધ્રુવપદ બની રહેતું અને આખર જોને આ વહીવટથી, આ કોંગ્રેસથી અસંતોષ હોય તે બધાને પોતાના પક્ષમાં જોડાવાનું તેમના તરફથી નિમંત્રણ આપવામાં આવતું.

તેમની આજના વહીવટ સામે મોટી ફરિયાદ એ છે કે આજના શાસકો ગાંધીજીનું નામ વાપરે છે અને ગાંધીવાદની વિરોધી એવી તેમની સમગ્ર રાજનીતિ છે. પોતે ગાંધીજીએ બતાવેલા માર્ગે દેશને લઇ જવા માગે છે એવો તેમનો દાવો છે. તેમના જણાવવા મુજબ ગાંધીજીની પ્રાર્થના કે એવા કોઇ ક્રિયાકાંડ કે ધાર્મિક માન્યતા સાથે તેમને કશી લેવાદેવા નથી, પણ સામાજિક તેમજ આર્થિક બાબતોમાં ગાંધીજીએ દર્શાવેલો માર્ગ જ સાચો છે અને તે રસ્તે આજના રાજકારણને વાળવું એ જ તેમનું ધ્યેય છે. આમ જો હતું તો જેમને ચુસ્ત ગાંધીવાદી તરીકે ઓળખવામાં આવે તેવા વિનોબાજી, કિશોરલાલ મશરૂવાલા, કાકાસાહેબ કાલેલકર વગેરે કાર્યકર્તાઓ કે જેઓ આજે રાજકીય ક્ષેત્રે તટસ્થતાનું વલણ ધારણ કરીને ઉભા છે અને જેઓ તેમના જીંદગીભરના સાથીઓ છે તેમનો કિરપલાણીજીએ કોંગ્રેસથી છુટા પડ્યા બાદ તુરત સંપર્ક સાધવો જોઇતો હતો. અને તેમના સાથે વિગતવાર મંત્રણા કરીને પોતાના પક્ષનું રૂપ અને કાર્યક્રમ ઘડવા જોઇતા હતા. આમ કરવાને બદલે તેઓ માત્ર કોંગ્રેસવિરોધી આગેવાનો વચ્ચે જ ઘુમી રહ્યા છે અને પોતાના પક્ષનો સત્તાકાંક્ષી રાજકારણની રીતે જ વિચાર કરી રહ્યા છે.

પોતાનાં પક્ષમાં પથ ગમે તેવા માણસોની તેઓ છુટથી ભરતિ કરી રહ્યા છે. પક્ષમાં જોડાનાર માટે ગાંધીવાદ સ્વચક કોઇ સરત કે બંધન નથી. સરત માત્ર એક જ છે કે કોંગ્રેસથી તે અસંતુષ્ટ હોવો જોઇએ. કોઇએ તેમને પ્રશ્ન પૂછ્યો કે "આમ કરવાથી પ્રજાપક્ષમાં અનેક તકવાદીઓ ઘુસી જશે અને જે દશા કોંગ્રેસની થઇ છે તેવી વધારે ખરાબ દશા પ્રજાપક્ષની થવાનું જોખમ ઉભું થશે એમ તમને નથી લાગતું?" તેના જવાબમાં તેમણે કહેલું કે "આજે સત્તારૂઢ ઉપર છે તેમાં કોણ તકવાદી નથી? એક વખત જેને આવવું હોય તે આવે પછી ચાળણીમાં ચળાતાં સાચા ઉપર રહેશે અને ખોટા ખરી પડશે."

કોંગ્રેસ સામે નવો પક્ષ ઉભો કરવા તેઓ શા માટે પ્રવૃત્ત થયા છે તેનો ખુલાસો કરતાં તેમણે જણાવેલું કે આજે મારી ઉમ્મરનો અને શારીરિક સ્વાસ્થ્યનો વિચાર કરતાં મારે નિવૃત્તિ તરફ જ વળવું જોઇતું હતું. મેં ધાર્યું હત તો હું કોઇ પણ પ્રાન્તનો ગવર્નર થઇ શકત અને મારા દિવસો સુખચેનમાં વીતાવી શકત. પણ હું જોઇ રહ્યો છું કે દેશ આખામાં એકાએક મોટા પાયા ઉપર હિંસા ફાટી નીકળવાના સંયોગો ઉભા થઇ રહ્યા છે અને જો વખતસર ચેતવામાં નહિ આવે અને લોકોની જરૂરિયાતો પુરી પાડીને સંતોષનું વાતાવરણ ઉભું કરવામાં નહિ આવે તો હિંસાનો દાવાનળ આખા દેશને ભસ્મીભૂત કરી નાંખશે. આ ભયાનક આપત્તિ ટાળવાના હેતુથી શારીરસ્વાસ્થ્યના જોખમે પણ દેશને નવી દોરવણી આપવા હું પ્રવૃત થયો છું." આ હેતુ ખરેખર શુધ્ધ અને ઉદાત્ત છે. પણ આ હેતુને પાર પાડવો અદ્યતન સંયોગોમાં કેટલો મુશ્કેલ છે તે તો જેના માથે જવાબદારી આવશે તેને ખબર પડશે.

કોંગ્રેસવિરોધી કેવળ નિન્દાત્મક પ્રચારથી અથવા તો કોંગ્રેસવિરોધી શત્રુમેળાથી કશું પણ સંગીન પરિણામ નિપજવા સંભવ નથી. કિરપલાણીજી પાસે કોંક્રિટ વિધેયાત્મક—રચનાત્મક—કાર્યક્રમની આશા અને અપેક્ષા રાખનારને નિરાશા ઉપજે છે. કોંગ્રેસ સામે ઉભા થનાર પક્ષે તત્કાળ સત્તા પ્રાપ્ત કરવાનો લોભ છોડીને વિશુધ્ધ કોટિની વ્યક્તિઓને પોતાના ધ્વજ નીચે એકઠા કરવાનો આગ્રહ રાખવો જોઇતો હતો. પક્ષના સભ્યો માટે ગ્રિસ્તનું પણ ચોક્કસ અને કડક ધોરણ રાખવું જોઇ હતું. એમ નહિ બને તો આવા નવા પક્ષો ઉત્તરોત્તર ઉભા થશે અને આજના ડોળા પાણી વધારે ડોળા મેશે. કિરપલાણીજી તત્કાળ સત્તા પ્રાપ્ત કરવાની દોડાદોડમાં આપણી પરિસ્થિતિનો પૂરી શાન્તિ અને ધીરજથી વિચાર કરી શકતા નથી એમ લાગે છે. કોંગ્રેસનો સામનો કરવા જતાં કોંગ્રેસથી પણ ઉતરતી આવૃત્તિ નિર્માણ થશે તો દેશને તેથી કોઇ લાભ થવાને બદલે વિશેષ નુકસાન થવા સંભવ છે.

કિરપલાણીજીએ નવો પક્ષ ઉભો કર્યા બાદ કોંગ્રેસમાંથી જેમણે રાજીનામાં આપ્યા છે અને જેઓ કોંગ્રેસ છોડીને નવા પક્ષમાં જોડાયા છે તેમાંની જે કોઇ વ્યક્તિઓ કોંગ્રેસ ટીકીટ ઉપર ચુંટાઇને મધ્યસ્થ કે પ્રાન્તની ધારાસભામાં સભ્યો તરીકે ભાગ લેતી હોય તેમણે પોતાની ધારાસભામાંથી રાજીનામું આપવું જોઇએ એવો ઉત્તર પ્રદેશની મહાસભા સમિતિએ ઠરાવ કર્યો છે. આ સંબંધમાં કિરપલાણીજીએ એવી સલાહ આપી છે કે આ સભ્યોએ જ્યાં સુધી તેમને ચૂંટનાર મતદાર મંડળ પાછા ન બોલાવે ત્યાં સુધી પોતાની ધારાસભામાંથી રાજીનામું આપવાની બીલકુલ જરૂર નથી. આજે કિરપલાણીજી જે કોંગ્રેસના જવાબદાર અધિકાર ઉપર હાલ તો ઉપર જણાવી તેથી તદ્દન વિરૂધ્ધ જ સલાહ આપત એટલું જ નહિ પણ તેવો તેમણે આદેશ કાઢ્યો હોત. પણ આજે કોંગ્રેસની સ્થિતિ જેમ બને તેમ વહેલાં ડહોળાયેલી થાય એ કિરપલાણીજીને ઇષ્ટ છે. શ્રી રફી અહમદ કીડવાઇના વિચિત્ર વર્તન વિષે સવાલ પૂછાતાં શ્રી કિરપલાણીજીએ જવાબ આપેલો

કે "તે શું કરે છે અને કેમ વર્તે છે તેની સાથે મને નસબત નથી. કૉંગ્રેસમાં અને આજની કેબીનેટમાં-મારા દુશ્મન પક્ષમાં-તે ગુંચવાડાભરી પરિસ્થિતિ ઉભી કરી રહ્યા છે તે મારા પક્ષ માટે બહુ આવકારદાયક છે એટલું હું સમજી છું" આમ કહેનાર પક્ષ-પ્રણેતા ઉપર જણાવેલ સલાહ આપે એ તદ્દન સ્વાભાવિક છે. પણ આથી પોતાના પક્ષની નૈતિક પ્રતિભાને અને શિસ્તબંધીને કેટલો આઘાત તેઓ પહોંચાડી રહ્યા છે તેનો કદાચ પક્ષનિષ્ઠામાં તેમને પૂરો ખ્યાલ નહિ હોય !

આ પક્ષનું ભાવી અત્યારે તો બહુ ઉજળું દેખાતું નથી. કહેવાય છે કે ઉત્તર પ્રાન્ત તથા બંગાળામાં તે પક્ષને સારો ટેકો મળવા સંભવ છે. બાકી ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઇ કે મહારાષ્ટ્રનો તેને બહુ જ ઓછો સાથ મળ્યો છે. આમ છતાં કૉંગ્રેસની કારોબારીમાંથી પંડિત જવાહરલાલે આપેલા રાજીનામાએ એક એવી પરિસ્થિતિ ઉભી કરી છે કે જેનાં પરિણામોનું માપ કઢવું આજે શક્ય નથી. એમ પણ કલ્પના થઈ શકે છે કે જો કૉંગ્રેસની અંદર સમાધાન ન થાય તો મછી જે રસ્તે ફિરપલાણીજી ગયા અને જે રસ્તે રફી આઝાદ કીડવાઇ ગયા તે જ રસ્તે પંડિત જવાહરલાલે જવું રહ્યું. આમ બને તો ફિરપલાણીજીએ ઉભો કરેલો પક્ષ સહેજે અસાધારણ મહત્તાને પ્રાપ્ત કરે.

પંડિત જવાહરલાલ નેહરુનું કૉંગ્રેસ કારોબારીમાંથી રાજીનામું

તાજેતરમાં હિંદના મહામંત્રી શ્રી જવાહરલાલ નહેરુએ કૉંગ્રેસની કારોબારીમાંથી અને મધ્યવર્તી ચુંટણી સમિતિમાંથી રાજીનામું આપ્યું છે. આ સમાચારે આખા દેશમાં અને ખાસ કરીને કૉંગ્રેસ મંડળોમાં ભારે ક્ષોભ પેદા કર્યો છે. આજના કટોકટીના વખતમાં કે જ્યારે પાકીસ્તાનના આક્રમણનો ભય દેશ માથે ઝઝુમી રહ્યો છે અને ચૂંટણી પણ એકદમ નજીક આવી રહી છે ત્યારે એવું તે શું એકાએક બન્યું હશે કે જેને લીધે જવાહરલાલજીને આવું છેવટનું પગલું લેવું પડ્યું હશે તે વિષે જાતજાતનો અટકળો ચાલી રહી છે, પણ કશું પણ સત્તાવાર રીતે હજુ બહાર પાડવામાં આવ્યું નથી. આજના રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય સંજોગોમાં સરકારી અગ્રતમ સ્થાન ઉપર પંડિત જવાહરલાલ વિના આપણને ઘડિભર ચાલી શકે તેમ નથી અને તેથી રાષ્ટ્રની દૃષ્ટિએ આ ઘટના અત્યન્ત નાજુક છે. આવે વખતે પૂરતી માહીતીના અભાવે શ્રી. જવાહરલાલજીના રાજીનામાની કશી પણ ચર્ચા કરવી એ યોગ્ય લાગતું નથી. પ્રગટ થયેલા સમાચાર ઉપરથી માલુમ પડે છે કે આ ઘટના જવાહરલાલજી અને કૉંગ્રેસપ્રમુખ શ્રી. પુરુષોત્તમદાસ ટેન્ડન વચ્ચેના વિચારભેદ અથવા તો ધર્ષણમાંથી પેદા થવા પામી છે અને બન્ને વચ્ચે સમાધાનીનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો છે. ટેન્ડનબાબુ જવાહરલાલજીનું રાજીનામું લેવાને તૈયાર નથી; જવાહરલાલજી ટેન્ડનબાબુને કૉંગ્રેસનું પ્રમુખસ્થાન છોડવા દેવાને તૈયાર નથી. આ વિષમ પરિસ્થિતિનો નીકાલ લાવવા માટે બહુ જલ્દિથી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક આઠમી સપ્ટેમ્બરના રોજ બોલાવવામાં આવી છે. આજે ઉભી થયેલી મડાગાંઠનો જલ્દિથી ઉકેલ આવે અને જવાહરલાલજી રાજીનામું પાછું ખેંચી લે એવી સૌ કોઇના અન્તરની તીવ્ર ઇચ્છા અને પ્રાર્થના છે.

આજનો આઝાદી દિન

આજે આઝાદી દિને છે. સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યાને આજે ચાર વર્ષ થયાં. હિંદવાસી સૌ કોઇને મન આજનો દિવસ આનંદ અને ઉત્સવનો હોવો જોઇએ. કૉંગ્રેસવાદીઓના દિલનો ઉત્સાહ અન્ય કરતાં પણ ઘણો વધારે હોવો જોઇએ, કારણ કે આ આઝાદી હાંસલ કરવામાં પોતાનો કોઇક હીસ્સો હતો એમ દરેક કૉંગ્રેસવાદી માને છે અને પોતા વિષે ગૌરવ ચિન્તવે છે. આમ છતાં આજે આપણે એ આનંદ, એ ઉલ્લાસ એટલી ઉત્કટ માત્રામાં અનુભવતા નથી. કારણ કે આપણી અદ્યતન સ્થિતિ અનેક પ્રકારની આધિ, વ્યાધિ તથા ઉપાધિઓથી ઘેરાયલી છે. પાકીસ્તાન આપણી સામે યુધ્ધની નોબત વગાડી રહ્યું છે. આપણાં ચિત્ત અનેક ચિન્તાઓથી વ્યાકુળ છે. ઓછામાં પૂરું પંડિત જવાહરલાલ નહેરુના રાજીનામાએ આપણાં મન ઊંચા કરી નાંખ્યાં છે. આમેય કૉંગ્રેસ આન્તરબાહ્ય આઘાતોથી જર્જરિત થઈ રહી હતી. તેના જીંદગીભરના કાર્યકર્તાઓમાંથી કેટલાક કૉંગ્રેસ છોડીને ચાલતા થયા છે અને પ્રતિપક્ષ માંડીને બેઠા છે. આવી પરિસ્થિતિમાં પંડિતજીના રાજીનામાએ વજ્રપાતનું કાર્ય કર્યું છે. આપણે આશા રાખીએ કે આજની મડાગાંઠનું સુખદ સમાધાન થઈ જશે, અને કૉંગ્રેસ આજની કટોકટીમાંથી બળવત્તર બનીને બહાર નીકળશે. પણ ધારો કે આપણે ધારેલી ઇચ્છીએ છીએ તેવું સુખદ સમાધાન ન થયું તો કૉંગ્રેસની શી સ્થિતિ થાય ? જવાહરલાલ વિનાની કૉંગ્રેસ અથવા તો કૉંગ્રેસ વિનાના જવાહરલાલ-ઉભય કલ્પના આપણને બેચેન બનાવી મૂકે છે. આવી ગમગીનીની વચ્ચે આપણું ચિત્ત ઉત્સવપરાયણ બની શકતું નથી, આનો અર્થ એવો કોઇ ન કરે કે આજના દિવસનું આપણે મન લેશ પણ ઓછું મહત્વ છે. આજની કસોટીમાંથી આપણે સકળતા-પૂર્વક પાર ઉતરીએ અને ગુમાવેલી પ્રફુલ્લતા જલ્દિથી પુનઃ પ્રાપ્ત કરીએ એ જ પ્રાર્થના !

પરમાનંદ

પ્રબુદ્ધ જૈનમાં જોડણી દોષો

સ્વામી આનંદ જેમને ગાંધીજીના એક સમીપસ્થ સહકાર્યકર્તા તરીકે આપણામાંના ઘણાખરાને સુપરિચિત છે અને જેઓ હાલ હિમાલયમાં કૌસાની ખાતે કેટલાએક સમયથી રહે છે તેમના તરફથી નીચેનો પત્ર મળ્યો છે :—

"પ્રિય ભાઈ

'પ્રબુદ્ધ જૈન' પાક્ષિક ઘણાં વર્ષોથી શ્રી. મણિલાલ મોકમચંદ શાહના તથા આપના સૌજન્યથી મારા પર આવ્યા કરે છે. આ પાક્ષિકનું લગભગ બધું સંપાદન ઘણાં વર્ષોથી મુખ્યપણે આપ જ કરતા આવ્યા છો. ને હવે તો તે સીધું આપના જ તંત્રીપદ તળે મૂકાયું છે. આ પત્ર વર્ષોથી લગભગ નિયમિતપણે હું વાંચું છું. ખાસ કરીને જૈન સંપ્રદાય અને દિગંબરને લગતી ચર્ચાઓ તથા લખાણો સિવાયનાં સામાન્ય વિષયોનાં લખાણો, જે તેમાં નિયમિત અને સારા પ્રમાણમાં આવે છે.

આ અને બીજા સામયિકોમાં આપના લેખનવ્યાસંગ દ્વારા એક પીઢ, સંસ્કારી, પ્રગતિશીલ લેખક, સુધારક અને વિચારક તરીકેનું પદ ગુજરાતી સાક્ષરઆલમમાં આપે પ્રાપ્ત કર્યું છે. સામાન્યપણે ગાંધીજીએ પ્રજાને આપેલા સામાજિક, રાજકીય તથા આર્થિક આદર્શોને અને તેમણે પાડેલી પ્રણાલિકાઓને આપ આપની વિચારણાઓમાં અનુસરો છો.

આમ છતાં ગાંધીજીએ નક્કી કરાવેલી અને ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રચારેલી ગુજરાતી ભાષાની જોડણીને આપનાં લખાણોમાં આપ અનુસરતા નથી અગર તો કદાચ જોડણીની બાબત તરફ આપનું દુર્લક્ષ જ રહ્યું છે એમ મને હમેશાં લાગ્યું છે ને એ બાબત મને હમેશાં ખટક્યા છે.

અંગ્રેજ ભાષાનું એક વાક્ય પણ ગમે ત્યાં, ગમે તેવા સંજોગોમાં કદી પણ લખાયું હોય તો તેના જોડણીની એક પણ ભૂલ લખનાર કે વાંચનાર કદી ન સાખે એવો તમામ ભણેલા વર્ગમાં આપણો સાર્વત્રિક અનુભવ છે. છતાં ગુજરાતી ભાષા લખતી વેળાએ, ગાંધીજીએ દોરી આપેલી પ્રણાલિકાઓને સ્વીકારનારા અને અનુસરવામાં ગૌરવ માનનારા એનો એ આપણે, ગાંધીજીએ જોડણી-કોશ તૈયાર કરાવીને 'હવેપછી કોઇએ સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી' એવો આદેશ આપ્યા પછી પણ ગુજરાતી

જોડણીની બાબતમાં આપણાં લખાણોમાં સાવ ઉપેક્ષાવૃત્તિ સેવીએ છીએ એ કેવી તાજુબીભરી બીના છે ?

દા. ત. આજે જ મળેલા તા. ૧૫-૭-૫૧ ના 'પ્રબુદ્ધ જૈન'ના અંકમાં આપની સહી હેઠળ પ્રગટ થએલા 'યદ્યપિ શુદ્ધ'વાળા લેખમાં.

'ફીસ્સો,' 'એપ્રીલ' 'ખ્રીસ્તી' 'નચિન્ત,' 'પુરતો', 'મુંઝવતો,' 'રજુઆત' 'પ્રીતી,' 'પીછાણ,' 'રૂણાનુબંધ,' 'મેલવવા,' 'પ્રતિષ્ટા,' 'રીટકાર,' ઇ૦, તથા.

' પ્રત્યાઘાતી સાધુસમ્મેલન ' વાળા લેખમાં.

'ભીક્ષા,' 'રાષ્ટ્રોત્થાન,' 'હકુમત,' 'કાનુન' વગેરે શબ્દોની જોડણી ખૂંચે એટલી બોટી છે. ઉપરાંત, 'અનેક વચ્ચે મૈત્રી-સંબંધો **નિર્માણ જન્મે થાય છે,**' 'પ્રસ્તુત લગનસંબંધને સમાજસુધારકો **અનુમત નહિ કરે,** જેવાં વાકયોમાં ભાષાદોષ છે, ક્યાં ભાષા કઢંગી છે.

સ્નેહાંકિત,

કૌસાની (જિ. આલ્મોરા) ૨૩-૭-૫૧ **સ્વામી આનંદ.**"

આના જવાબમાં ખુલાસારૂપે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે ગુજરાત વિદ્યાપીઠનો શબ્દકોષ મને માન્ય છે અને ગુજરાતી લખનાર સૌ કોઇને માન્ય હોવો જોઇએ એ પણ મને સ્વીકાર્ય છે. આમ છતાં પણ જે જોડણીની અનેક ભૂલો પ્રબુદ્ધ જૈનમાં દૃષ્ટિગોચર થાય છે તેનાં કારણો જણાવું તો મારે કબુલ કરવું જોઇએ કે એક તો સચ્ચી જોડણીનો મને પૂરો ખ્યાલ નથી રહેતો; ઘણી વખત લખતી વખતે ભ્રમ પેદા થવાને લીધે પણ ભૂલો થવા પામે છે; જોડણીના નિયમો જાણવા છતાં વિસરી જવાય છે. જ્યાં પ્રબુદ્ધ જૈન છપાય છે તે પ્રેસ પણ આ માટે એટલો જ જવાબદાર છે. ઘસાઈ ગએલા ટાઇપોને લીધે જ્યાં ત્યાંથી કાના, માત્રા, મીંડાં અવારનવાર ઉડી જાય છે. સુધારેલું ધાર્યા મુજબ સુધરતું નથી. અને પરિણામે જોડણીની દૃષ્ટિએ પ્રબુદ્ધ જૈન સંપૂર્ણાંશે વિશુધ્ધ હોવું જોઇએ એવી ભાવના હોવા છતાં પ્રબુદ્ધ જૈન અશુધ્ધિઓથી ભરેલું પ્રગટ થાય છે. સ્વામી આનંદે આ બાબતમાં ધ્યાન ખેંચ્યું છે તે માટે તેમનો હું ઉપકાર માનું છું અને આ બાબતમાં હું વધારે ચીવટવાળો થવા પ્રયત્ન કરીશ એમ જણાવું છું. મને ખબર કે ખ્યાલ નથી હોતો તેવી પણ લખાણમાં અનેક ભૂલો મારાથી થતી રહે છે. આ બાબતમાં જાણકાર મિત્રોને મારું ધ્યાન સતત ખેંચતાં રહેવા વિનંતિ છે.

પરમાનંદ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૯-૮-૫૧ બુધવારના રોજ શરૂ થશે અને તા. ૫-૮-૫૧ ના રોજ પુરી થશે. પહેલા સાત દિવસની સભા વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ-ભવનમાં મળશે અને તેનો સમય સવારના ૮॥ થી ૧૦॥ રહેશે. છેલ્લા દિવસની સભા રોકસી થીએટરમાં સવારના ૯ વાગે શરૂ થશે અને ૧૧ વાગ્યે પુરી થશે. નિશ્ચિત કરેલાં વ્યાખ્યાતાઓનાં નામ નીચે મુજબ છે : કાકાસાહેબ કાલેલકર, શ્રી કેદારનાથજી, શ્રી ચીમનલાલ ચકુ-ભાઇ શાહ, શ્રી. શાન્તિલાલ હ. શાહ, શ્રી જે. એસ. વીલિયમ, પ્રીન્સી. પાલ એસ. એસ. દેશનવી, અધ્યાપક માધવાચાર્ય, શ્રી ઉમાશંકર જોષી, શ્રી કિસનસિંહ ચાવડા, શ્રી જમુ દાણી, અધ્યાપક જગદીશ-ચંદ્ર શાસ્ત્રી, આચાર્ય રામપ્રસાદ બક્ષી, શ્રી ઇશ્વરચંદ્ર શર્મા શ્રી પદ્મનાભ જૈન, બહેન લતા મુનશી, શ્રી. માધુભાઇ પટેલ. આ સર્વનાં વ્યાખ્યાન વિષયો તેમજ ક્રમ હજુ સંપૂર્ણાંશે નિશ્ચિત થયેલા નહિ હોવાથી અહિં વિગતવાર જાહેર કરી શકાતા નથી. વળી આ વખતે પંડિત સુખલાલજી અમદાવાદથી પધારશે અને આઠે દિવસની સભાનું પ્રમુખસ્થાન તેઓ શોભાવશે એવી આશા રહે છે. તેમના આવવાનો આધાર તબિયતની અનુકુળતા ઉપર રહે છે. જો તેઓ આવી નહિ શકે તો જાણીતા વિદ્વાન અને સાહિત્ય-વેત્તા શ્રી નાથુરામ પ્રેમીને એ જવાબદારી સ્વીકારવાની વિનંતિ કરવામાં આવશે.

વ્યાખ્યાનમાળાની પ્રત્યેક સભા વખતસર શરૂ કરવામાં આવશે સભામાં ભાગ લેતા ભાઇ બહેનોને સભા દરમિયાન પૂરેપૂરી શાન્તિ જાળવવા, અને સમગ્ર વ્યવસ્થાને બધી રીતે અનુકુળ થવા વિનંતિ કરવામાં આવે છે. આનંદભવનની સભામાં જોડા બહાર ઉતારવાના હોવાથી ઉપડી જવાનું જોખમ રહે છે. આ માટે કાગળની કોથ-ળીઓ જેને જોઇશે તેને પુરી પાડવામાં આવશે. દરેક સભામાં ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જૈનના વાંચકોને વિજ્ઞપ્તિ

જે જે સભ્યોનાં ચાલુ સાલનાં વાર્ષિક લવાજમો ભરાયા ન હોય તે સભ્યોનાં લવાજમો પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વસુલ કરવામાં આવે છે. જે સભ્યોનાં લવાજમો બાકી છે તે દરેકને પત્ર લખવામાં આવેલ છે, તો આ બાબત સભ્યો ધ્યાનમાં રાખે અને નહિ ભરાયલાં લવાજમો જરૂર ભરી દે એવી વિનંતિ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ત્રણ મુખ્ય પ્રવૃત્તિઓ છે. એક દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા. આ વ્યાખ્યાનમાળામાં કેટલાએક વ્યાખ્યાતાઓને બહારથી બોલાવવામાં આવે છે. આ કારણે તેમજ આનંદભવનનું ભાડું, ધ્વનિવર્ધક યંત્ર, પરચુરણ ગાડીભાડું, પ્રચાર પ્રત્રિકાઓ વગેરે મળીને ૭૦૦ થી ૮૦૦ રૂપીઆનો ખર્ચ થાય છે. વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇબહેનો આ ખર્ચ વિષે અમને નચિન્ત કરે એવી વિનંતિ છે.

બીજી પ્રવૃત્તિ પ્રબુદ્ધ જૈનના પ્રકાશનને લગતી છે. પ્રબુદ્ધ જૈન આજે તેર તેર વર્ષથી જૈન સમાજની તેમજ ભારતની જનતાની એકસરખી અખંડ સેવા કરી રહેલ છે અને સમાજ તેમજ રાષ્ટ્રને સ્પર્શતા અનેક ઉપયોગી પ્રશ્નો ઉપર સ્પષ્ટ, નિડર-શ્રેયલક્ષી માર્ગદર્શન કરાવી રહેલ છે. વળી આ પ્રવૃત્તિ જાહેરખબ-રની વિકૃતિથી દૂર રહીને ચલાવવામાં સંઘને દર વર્ષે ઘણી મોટી બોટ આવે છે. જે ભાઇ બહેનો પ્રબુદ્ધ જૈન વિષે પક્ષપાત ધરાવતા હોય તેમને વિનંતિ કે આ બોટમાંથી બે રીતે સંઘને રાહત આપી શકાય. એક તો પોતાની લાગવગના ઉપયોગ વડે ગ્રાહકો વધારી આપીને અને બીજું આને લગતી રૂા. ૧૦૦, ૫૦, તથા ૨૫ ની પાવતીઓ રાખી છે. આ પાવતીઓ દ્વારા જે કાંઇ રકમ એકઠી થશે તેનો અરધો ભાગ પ્રબુદ્ધ જૈનના ખાતે જમે થશે અને અરધો ભાગ સંઘની ત્રીજી અગત્યની પ્રવૃત્તિ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયના ખાતે જમે થશે. આ વાંચનાલય તથા પુસ્તકાલય સૌ કોઇને માટે ખુલ્લું છે અને તેનો હંમેશાં આશરે ૧૫૦ ભાઇઓ લાભ લે છે. આ પ્રવૃત્તિ પાછળ દર વર્ષે રૂા. ૪૦૦૭ નો ખર્ચ કરવામાં આવે છે. સંઘના સભ્યો, પ્રબુદ્ધ જૈનના વાંચકો, વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇબહેનો ઉપર જણાવેલ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને પોતપોતાની શક્તિ મુજબ દ્રવ્યસીંચિત કરે અને જે સંસ્થા પાસે કોઇ મોટી મુડી કે મીલકત નથી અને દર વર્ષે દ્રવ્ય મેળવવું અને ખરચવું—એ ઉપર જ જેનો ટકાવ નિર્ભર છે તે સંસ્થાની આ વર્ષની આશરે રૂા. ૫૬૦૦ જેટલી આર્થિક જરૂરિયાત પાવતીઓ ખરીદીને કે ફંડમાં ભરીને પુરી કરે એટલી અમારી નમ્ર પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી કેદારનાથજીનો 'આત્મપરિચય'

(નવજીવન પ્રકાશન તરફથી 'વિવેક અને સાધના' એ નામનું એક પુસ્તક બહાર પડ્યું છે. તેની કિંમત રૂા. ૪ છે. તે પુસ્તકમાં માનવી જીવનની ધાર્મિક તેમ જ આધ્યાત્મિક બાજુને સ્પર્શતા વિષયો ઉપર શ્રી કેદારનાથજીના લેખોનો સંગ્રહ છે. શ્રી કેદારનાથજી અનેકના માર્ગદર્શક એવા એક વિદ્વાન શાસ્ત્રજ્ઞ સાધુપુરુષ છે. મુંબઇમાં થોડા સમયથી શરૂ કરવામાં આવેલ વ્યવહારશુદ્ધિ મંડળના તેઓ મુખ્ય પ્રણેતા છે. આપણામાં કંઇ કાળથી જડ ઘાલીને બેઠેલી અનેક વિચારગ્રંથિઓને સખ્ત આઘાત આપે તેવા અનેક વિચારો આ પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે. જેવા તેમના વિચારો છે તેવું જ તેમનું ધ્યેયાર્થી સત્યપરાયણ જીવન છે. આ પુસ્તકમાં શ્રી કેદારનાથજીએ પોતાનું આજ સુધીનું ચરિત્ર અને અનેક મનોમંથનોનાં પરિણામો સંક્ષિપ્તમાં રજુ કર્યાં છે. પ્રબુદ્ધ જૈનના વાંચકોને શ્રી કેદારનાથજીનો સીધો પરિચય થાય એ હેતુથી 'વિવેક અને સાધના'માં આપેલાં આત્મપરિચયનો પહેલો હપ્તો નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

૧. જીવનની રૂપરેખા

મારા પિતાશ્રીનું નામ આપ્પાજી બળવંત. અટક કુળકર્ણી. કાર્ય અંગે દેશપાંડે પણ કહેવાતા. કોલાપુર જિલ્લાનું પાલી અમારા પૂર્વજોનું ઘણાં વર્ષોથી રહેવાનું ગામ. ત્યાંનું મુખીપણું અને બીજાં વતન પણ વંશપરંપરાથી અમારા કુટુંબમાં ચાલતાં આવેલાં. મારા પિતાશ્રી અને તેમના પાંચ ભાઇ અને એ બધાનો પરિવાર મળીને અમારું કુટુંબ ઘણું વિશાળ હતું. પિતાશ્રીને સરકારી નોકરીને કારણે બહારગામ રહેવું પડતું. થાણા, રત્નાગિરિ, ખાનદેશ વગેરે જિલ્લાઓમાં અનેક જગ્યાએ તેમને નોકરી અંગે રહેવાનું થયું હતું. મારું બાળપણ આ ત્રણ ચાર જિલ્લાઓમાં ગયું છે. મારો જન્મ ઇ. સ. ૧૮૮૩ માં થયો.

શિક્ષણ

અમે કુલ છ ભાઇઓ અને ત્રણ બહેનો મળીને નવ ભાંડુઓ હતાં. ઘરની સ્થિતિ મધ્યમ હોવાથી અમારી રહેણી પણ સાદી હતી. અમારાં માતુશ્રી હું નવદશ વર્ષનો હતો ત્યારે અવસાન પામ્યાં. ત્યારથી અમારી સંભાળ લેવાની બધી જવાબદારી પિતાશ્રી પર પડી. માતુશ્રીના મૃત્યુ પછી અમે બધા ભાઇઓ અને એક નાની બહેન પૂના રહેવા ગયાં. ત્યાં મારું થોડુંક ભણતર થયું. ૧૮૯૩ થી '૯૭ સુધીનો મારો સમય પૂનામાં ગયો. ત્યાર પછી ખાનદેશમાં શિરપુર અને ધૂળિયામાં મારું થોડુંક શિક્ષણ થયું. ધૂળિયામાં અંગ્રેજી પાંચમીમાં હતો ત્યારે મેં શાળા છોડી. ૧૯૦૧ ની સાલ હશે. મારી ઉંમર તે વખતે સત્તર વર્ષની હશે.

દેશપ્રેમના સંસ્કાર

મેં શિક્ષણ છોડ્યું તે વખતે કોઇ પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિ દેશમાં ચાલુ નહોતી. રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિ ત્યારે એટલી સંકુચિત હતી કે તેનો વિદ્યાર્થીવર્ગ સાથે કશો જ સંબંધ આવતો ન હતો. વર્તમાન પત્રો કે ભાષણોનો પણ તે કાળ નહોતો. નાનપણમાં ચાર પાંચ ભાષણો સાંભળવાના પ્રસંગો મને યાદ છે. તેમાંનાં બે ત્રણ સ્વદેશી પર હતાં. ઇતિહાસના વાંચન પરથી આપણા દેશ અને પૂર્વજો વિષે અભિમાન અને ચાલુ પરિસ્થિતિ વિષે દુઃખ થતું એવું મને સ્મરણ છે. કયા કારણો કે સંસ્કારોને લીધે તે હું નક્કી કહી શકતો નથી, પણ આઠમા વરસથી મારા મનમાં સ્વતંત્રતાની ભાવના અસ્પષ્ટપણે પેદા થયાનું મને યાદ આવે છે. મને એ પણ યાદ આવે છે કે તે વખતે હું રત્નાગિરિ જિલ્લામાં રાજાપુર ગામે હતો. તે વખતે પિતાશ્રી પાસે એક ગૃહસ્થ આવતા. તેઓ ૧૮૫૭ ના બળવામાં હતા અને તેમણે પોતાનું નામ બદલી નાખ્યું હતું. તેમના તરફથી અજાણપણે કોઇ સંસ્કારો મને મળ્યા હતા કે કેમ તે મને અત્યારે યાદ આવતું નથી. તે કાળે ઉદ્ભવેલી તે ભાવનાનું પોષણ પૂના આવ્યા પછી થયું. રેંડ અને આયર્સ્ટનાં ખૂન થયાં ત્યારે હું પૂનામાં હતો. ૧૮૯૭ અને ૯૯ ના દુકાળ વખતની લોકસ્થિતિ જોઇને અને સાંભળીને મન બહુ વ્યાકુળ થતું. તેર ચૌદ વર્ષનો થયો ત્યારથી દેશ સ્વતંત્ર થવો જોઇએ એમ સ્પષ્ટપણે લાગવા માંડ્યું હતું. એ જ ભાવના આગળ જતાં વધુને વધુ પ્રબળ થતી ગઇ. ચાલુ શિક્ષણથી દેશને સ્વતંત્ર કરી શકાવાનો નથી એમ ખાતરીપૂર્વક સમજ્યા પછી એ જ શિક્ષણ લેતાં રહેવું મને અસહ્ય થઇ પડ્યું. અને તેનું જ પરિણામ છેવટે શિક્ષણ છોડવામાં આવ્યું.

આદર્શ વિષે મારી કલ્પના

શિક્ષણમાં પ્રથમ કોટિના વિદ્યાર્થીઓમાં મારી ગણના નહોતી થતી. એવી અભિલાષા પણ મને નહોતી. તેમ છતાં વર્ગમાં મારો નંબર સાધારણ રીતે ઉપર જ રહેતો. ક્રિકેટ અને બીજી કેટલીક રમતોમાં માત્ર મારી બરોબરીના વિદ્યાર્થીઓમાં હું પહેલા વર્ગનો હતો. પણ દેશના વિચારો જેમ જેમ મનમાં વધારે ને વધારે આવવા લાગ્યા, સ્વાતંત્ર્ય માટે આપણે કંઇક કરવું જોઇએ, કંઇક ત્યાગ, સાહસ, પુરુષાર્થ કરવો જોઇએ, વગેરે વિચારો જેમ જેમ આવવા લાગ્યા તેમ તેમ રમતગમતનો શોખ ઓછો થવા માંડ્યો, અને વ્યાયામ તથા તેને અંગેના શિક્ષણની જરૂર જણાવા લાગી; અને એ જ હેતુથી તે શિક્ષણ લેવા લાગ્યો. શાળાનું ભણતર છોડી દીધા પછી તરતજ વ્યાયામની મારફત જુવાનોમાં બળ અને ઉત્સાહ પેદા કરી તેમને રાષ્ટ્રીય કાર્યમાં પ્રવૃત્ત કરવાનો પ્રયત્ન મેં શરૂ કર્યો. જાતે સ્વદેશી વ્રત લીધું અને બીજા પાસે પણ તે લેવડાવવા લાગ્યો. પચાસ વર્ષ પહેલાંના તે જમાનામાં સમાજમાં મારા વિચાર પ્રમાણેની કોઇ પણ આદર્શ વ્યક્તિ મારી જાણમાં નહોતી. તેથી સમર્થ રામદાસ અને છત્રપતિ શિવાજી મહારાજ મને આદર્શ વિભૂતિઓ લાગતા. મારા રાષ્ટ્રીય વિચારોનું વલણ લગભગ તેમના વિચારોને અનુરૂપ હતું. ઇશ્વર, ધર્મ, નીતિ, ચારિત્ર્ય, શીલ અને સદાચાર પર મારી પહેલેથી જ શ્રદ્ધા હતી. પોતાના સુખ માટે રૂચિ નહોતી. સેવાવૃત્તિ હતી. **દાસબોધ, મનાંचे श्लोक,** અને સંત તુકારામના અભંગોની ખૂબ ઊંડી અસર મન પર તે જ કાળે થયેલી. પિતાશ્રીને મોઢે કોઇ કોઇ વાર સાંભળવા મળતા ભક્તિનાં પદો અને શ્લોકોને લીધે એ જ સંસ્કારો દૃઢ થતા ગયા.

ચારિત્ર્યનો સંસ્કાર

વ્યાયામ દ્વારા શરીરબળ અને ઇશ્વર, સદાચાર વગેરે પરની શ્રદ્ધાને લીધે ચારિત્ર્યબળનો વિકાસ થયા વગર આપણે દેશનું કાર્ય કરી શકીશું નહિં એવી શરૂઆતથી જ મારી દૃઢ માન્યતા હોવાથી, એજ જાતના સંસ્કારો પોતાના પર તેમજ સમાજ પર પાડવાનો મારો પ્રયત્ન મારી શક્તિ પ્રમાણે ચાલુ હતો. એજ અરસામાં શસ્ત્રવિદ્યામાં પારંગત એવા એક ગૃહસ્થની મને સોબત થઇ. તેઓ પોલીસખાતામાં સરકારી નોકર હતા અને પેન્શન લેવાની તૈયારીમાં હતા. જાતે મરાઠા હતા. તેમનું શરીર કસાયેલું હતું. જુવાનીમાં સરકારની સામે બળવો કરેલો. તેમાં સરકારે તેમને માફી બક્ષીને પોલીસખાતામાં નોકરી આપેલી. મારા પર તેઓ બહુ પ્રસન્ન હતા. મને શીખવવા માટે તેઓ કોઇ કોઇ વખત વ્યાયામશાળામાં આવતા. શસ્ત્રવિદ્યામાંની તેમની પ્રવીણતા જોઇને મને તેમને માટે ઘણો આદર લાગતો. પણ તે કરતાં ય વધારે આદર તેમની ચારિત્ર્ય પરની નિષ્ઠા જોઇને થતો. પેન્શન લઇને પોતાને ગામ જતી વખતે તેમણે અમારામાંના કેટલાક ખાસ ભાઇઓને જે ઉપદેશ કર્યો તે મારા ધ્યાનમાં કાયમનો રહ્યો છે. તેમણે કહ્યું, " મારા પિતાશ્રીએ મારી ભરજુવાનીમાં મને કરેલા ઉપદેશનાં શબ્દો હું આજે તમને કહું છું. તેમનો હું એકનો એક

દીકરો હતો. તેમણે મને આગ્રહપૂર્વક કહ્યું હતું કે 'ત્રીસ વર્ષનો થાય તે પહેલાં તું લગ્ન કદીશ નહીં. શરીર અને મન દૃઢ અને પવિત્ર રાખજે. વ્યાયામ કદી છોડીશ નહીં. તારું શરીર એવું ખડતલ અને મજબૂત થવું જોઈએ કે તારે પથ્થર પર પડવાનો પ્રસંગ આવે તો પથ્થરને તારો ડર લાગે, પણ તને તેનો ડર ન લાગવો જોઈએ. સદાચાર અને શીલ પર શ્રદ્ધા રાખજે. ધનથી લેભાઈશ નહીં. સ્ત્રીઓને વિષે આદર અને પવિત્ર ભાવ રાખજે. ઈશ્વરને કદી ભૂલીશ નહીં. પોતાને સુખી કરવા કરતાં બીજાને સુખી કરવામાં આનંદ માનજે. આ રીતે વર્તીશ તો તારું જીવન ધન્ય થશે.' તેમનો મને આ ઉપદેશ હતો. હું પણ આ જ વસ્તુ તમને આગ્રહપૂર્વક કહું છું. આ પ્રમાણે વર્તવામાં તમારું કલ્યાણ છે." આટલું કહીને તેઓ આગળ બોલ્યા : "પિતાશ્રીના મૃત્યુ પછી કેટલીક કૌટુંબિક મુશ્કેલીઓને લીધે મારે અઠ્ઠાવીસમે વરસે લગ્ન કરવું પડયું, પણ તેમણે કહેલો ઉપદેશ ભૂલીને હું કદીયે વર્ત્યો નથી." આવા અર્થનો ઉપદેશ તેમણે ટૂંકમાં અમને આપ્યો. વ્યાયામ અને બીજાઓને ઉપયોગી થવા વિષે તેમાં આગ્રહ હોવાથી મને તે તરત જ ગળે ઊતરી ગયો. દ્રવ્ય અને સ્ત્રી વિષેનો મોહ એ શી બાબતો છે એનું મને તે ઉંમરે ભાન સરખું ન હતું, છતાં તે વિષેના ઉપદેશમાં પણ મને ઘણી ગંભીરતા લાગ્યા વિના રહી નહીં. ત્યાગ અને સાદાઈ પ્રત્યે પહેલેથી જ મને કંઈક અંશે આકર્ષણ હોવું જોઈએ એમ મારું જીવન તપાસતાં લાગે છે. અંગ્રેજી બીજામાં હતો ત્યારે હંટરના ઇતિહાસમાંથી ગૌતમ બુદ્ધના ગૃહત્યાગનું વર્ણન વાંચતાં જ તેની છાપ મારા મન પર પડી હતી. તે જ પ્રમાણે શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, રામદાસ વગેરેનાં જીવનચરિત્રોની પણ મારા મન પર અસર થઈ હતી. ત્યાગી પુરુષોનાં જીવનની અસર નાનપણથી જ મારા મન પર વિશેષ થતી. આવા જ કોઈ કારણસર ઉપર આપેલા ઉપદેશની મારા મન પર ઊંડી અસર થઈ હશે. આપણા સમાજમાં બાપે દીકરાને આવી જાતનો ઉપદેશ કર્યાનાં દાખલા ભાગ્યે જ મળશે.

મારી પ્રવૃત્તિ

વ્યાયામ અને તેને જ અંગે બીજી કેટલીક પ્રવૃત્તિ થોડો સમય ખાનદેશમાં કર્યા પછી હું અમારા મૂળ ગામ પાલી આવ્યો અને ત્યાં તે જ પ્રવૃત્તિ અને સાથે સાથે ઘરની ખેતી વગેરેનું કામ પણ કરવા લાગ્યો. મારી પ્રવૃત્તિને અંગે હું અવારનવાર બહારગામ પણ જતો. તે સમયની મારા મનની સ્થિતિનો વિચાર કરતાં મને આજે પણ લાગે છે. કે મારામાં આત્મવિશ્વાસ ઘણો જ હતો. દેશસેવાના અને કાર્યના હેતુથી જેમને જેમને હું મળ્યો, મારા કામમાં જોડાવા માટે જેમને જેમને મેં આગ્રહ કર્યો તેમાંથી ઘણું કરીને કોઈએ પણ મને નાકારો દીધો નહીં. તેમાંના ઘણા અનેક દૃષ્ટિથી મારા કરતાં મોટા અને શ્રેષ્ઠ હતા, તેમ છતાં દરેકના મન પર મારા બોલવાની છાપ પડયા વગર રહેતી નહીં. તેથી મારામાં આત્મવિશ્વાસ સારી પેઠે વધતો ગયો.

ગૃહત્યાગ અને પુનરાગમન

આવી સ્થિતિમાં ત્રણ ચાર વરસ વીતી ગયા પછી મને લાગવા માંડયું કે મારા સંકલ્પિત હેતુની પાછળ પૂરેપુરી રીતે લાગ્યા વગર એ કામ પાર નહીં પડે. આવો વિચાર કરીને હું પિતાશ્રીને પૂછ્યા વગર, કોઈને જણાવ્યા વગર, ઈ. સ. ૧૯૦૪માં ઘર છોડીને ચાલી નીકળ્યો. પિતાશ્રીને છોડીને જવું ઘણું કઠણ લાગતું હતું. તિતૂસેવાની ભાવના અને મારા જવાને લીધે પિતાશ્રીને થનારા દુઃખની કલ્પના મનને અત્યંત વ્યાકુળ કરતી હતી. તે મનની એવી સ્થિતિમાં આશરે દોઢસો માઈલ ઉઘાડે પગે પ્રવાસ કરીને સાધુ વેષે સજ્જનગઢ પર ગયો. સમર્થ રામદાસની સમાધિનું દર્શન કર્યું. ત્યાં જ થોડા દિવસ રહી પૂરા આત્મવિશ્વાસથી ત્યાંથી નીકળ્યો. મારી ઉંમર, સંસ્કારો, જ્ઞાન, અનુભવ, સ્વભાવ, અને આત્મવિશ્વાસ—એ બધાંને અનુરૂપ એવી જ મારા કાર્યની યોજના હતી. તે પાર પાડવાના ઉદ્દેશથી ફરતો હતો તે દરમ્યાન, તે સમયના સતારા જિલ્લાના એક આગળ પડતા આગેવાન ગૃહસ્થને હું મળ્યો. મારી ઉંમર તે વખતે ૨૦-૨૧ વરસની અને તેમની ૫૦-૫૨ વરસની હતી. મેં મારા વિચારો તેમને કહ્યા, પણ તે અમલમાં મૂકવા તેમને અશક્ય લાગ્યું. અને તેમ કરવા જતાં મારો માત્ર ચોકકસ વિનાશ થશે એમ લાગવાથી તેમને મારી દયા આવી હોય, અથવા મારે વિષે વાત્સલ્ય લાગ્યું હોય, તેમણે એ વિચારોથી મને પાછો વાળવાનો ઘણો પ્રયત્ન કર્યો. અને હું તેમનું માનતો નથી એમ જોઈને આ સાધુવેષ છોડયા વગર હું તને અહીંથી જવા દેવાનો નથી એવો એમણે આગ્રહ પકડયો. દેશને ઉપયોગી થાય એવું કંઈક શીખવા બાબત તેમણે મને ઉપદેશ કર્યો. ત્યાંથી નીકળ્યા પછી ફરીને સાધુવેષ લેવાનો મારો વિચાર હતો; પણ એટલામાં મારા એક મિત્ર પાલીમાં ઘણા બીમાર હોવાની મને ખબર પડી એટલે હું ફરી ઘેર ગયો. પિતાશ્રીને બધી હકીકત કહી. તે જરાય ગુસ્સે થયા નહીં. મિત્ર સાજો થયો. હું ફરી પાછો પહેલાંની જેમ થોડીક મારી પોતાની પ્રવૃત્તિ અને ઘરની ખેતીનું કામ કરવા લાગ્યો.

બંગાળના ભાગલા અને મારી નિરાશા

આ જ અરસામાં બંગાળના ભાગલાને લીધે પેદા થયેલા પ્રક્ષોભમાંથી સ્વદેશીનું આંદોલન ઊઠયું. લોકજાગૃતિની દ્રષ્ટિથી મને તે સારું લાગ્યું. લોકોમાં દેશાભિમાન અને દેશ માટે સહન કરવાની વૃત્તિ પેદા થતી જોઈને ભાવિને વિષે મારા મનમાં આશા બંધાવા લાગી. થોડાંક સાહસભર્યાં કામો પણ તે કાળમાં થયાં પણ બોમ્બ કે ગોળીની મદદથી કોઈ વ્યક્તિનું ખૂન કરવાને માર્ગે આપણો હેતુ પાર પડવાનો નથી એમ મને લાગતું હોવાથી તે સાધનો હાથમાં હોવા છતાં તે માર્ગે જવાની મને ઇચ્છા થઈ નહીં. ૧૯૦૮-૦૯ સુધી દેશનું વાતાવરણ ક્ષુબ્ધ જ રહ્યું. પણ ત્યાર પછી સરકારની ઉગ્ર દમનનીતિને લીધે બધે ભયનું વાતાવરણ ફેલાયું. દેશકાર્યની બાબતમાં બધે શિથિલતા આવી. અમે જે માર્ગે જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા તે માર્ગે જનારી ઘણી વ્યક્તિઓ નિરાશ થઈને પોતપોતાના જીવનવ્યવસાયમાં લાગી ગઈ. આવી સ્થિતિમાં મને મારી શક્તિનો અને લોકમાનસનો અંદાજ આવ્યો. અને આપણે ઇચ્છીએ છીએ તે પ્રમાણે

એકાંતનો નિશ્ચય

કરવાની મારા પોતાનામાં કે બીજા કોઈમાં પણ પાત્રતા નથી એ મને સમજાયું. હવે પછી શું કરવું એ સવાલ મારી સામે ઉપસ્થિત થયો. દેશવિષયક કે સમાજવિષયક ધ્યેય છોડીને કેવળ વ્યક્તિગત કાર્યમાં જીવન ગાળવા જેવી મારા મનની સ્થિતિ ન હતી. મને કશું સૂઝતું નહોતું. રસ્તો દેખાતો નહોતો. દેશની સ્થિતિ દિવસે દિવસે અસહ્ય થવા લાગી. એ સ્થિતિમાં સુખથી સમાધાનપૂર્વક દિવસ કાઢવાનું મારે માટે અશક્ય થયું. પરમેશ્વરની કૃપા સિવાય હવે આપણે માટે બીજો આધાર નથી અને આશા નથી એમ લાગવા માંડયું.

સાધના અને કેટલાક અનુભવો

દાસબોધ, જ્ઞાનેશ્વરી વાંચવાનો રિવાજ પહેલેથી જ હતો, એ સંસ્કાર આ વખતે પ્રબળ થયો. એકાંતમાં જઈ પરમેશ્વરનો આદેશ મેળવવો અને એ જ હવે આપણને આગળનો રસ્તો બતાવશે, એવા વિચારથી અને નિશ્ચયથી હું તેની આરાધનાને માર્ગે લાગ્યો. ઉપવાસ, પારાયણ, અનુષ્ઠાન, ચિંતન, ધ્યાન વગેરે સાધનો દ્વારા મેં એકાંતમાં આરાધના શરૂ કરી.

ઈ. સ. ૧૯૧૦ સુધી ખાનદેશ અને સતારા જિલ્લામાં કયારેક ભાજેની ગુફામાં રહ્યો. પણ ત્યાંય મને જોઈએ તેવી નિરૂપાધિકતા મળતી નથી એમ લાગવાથી ૧૯૧૧ માં હું હૃષીકેશ તરફ જઈને ત્યાં એકાંતમાં રહેવા લાગ્યો. આસનોનો અભ્યાસ પહેલેથી જ હતો.

પ્રાણાયામનું પણ થોડુંક જ્ઞાન હતું. તે જ અભ્યાસ આગળ ચલાવ્યો. તેમાંથી જ આગળ ધારણા અને ધ્યાન પર ગયો.

એ સ્થિતિમાં માનસિક શક્તિ વધ્યાના અનેક અનુભવો થયા. પરંતુ જે મુખ્ય હેતુ માટે મેં આ બધો પ્રયત્ન ચલાવ્યો હતો તે સિદ્ધ ન થયો. સાધનામાં થતા જુદા જુદા અને વધતા અનુભવોને લીધે મારા વિચારમાં અને તાત્કાલિક સાધ્યમાં પણ આગળ જતાં ફરક પડતો ગયો. ઈશ્વરનો આદેશ, તેનું દર્શન, તેનો સાક્ષાત્કાર, એ સાધ્યો ગૌણ પડી જઈ તેનું 'જ્ઞાન' મેળવવું એ સાધ્ય પર હું પછી આવ્યો એ બધા કાળ દરમ્યાન વ્યાકુળતા વધતી ગઈ. વચમાં વચમાં ભયંકર નિરાશા પણ થતી તે વખતે કોઈ માર્ગદર્શક મળે તો સારું એમ થતું. તેની કૃપાથી પણ આપણું સાધ્ય આપણને પ્રાપ્ત થશે એ વિચારથી એવો પ્રયત્ન પણ મેં ચાલુ રાખ્યો. એક સત્પુરૂષના સમાગમમાં કેટલાક દિવસ ગાળ્યા પણ ખરા. મારા પર તેઓ પ્રસન્ન હતા, પણ તેમનું ધ્યેય કેવળ સંન્યાસ પર હોવાથી તેમને માર્ગે જવાની મને ઈચ્છા થઈ નહીં. સંસાર અને વહેવાર છોડીને વૈરાગ્ય અને પરમાર્થને નામે હજારો માણસોને સંન્યાસીની ઢબે જીવન ગાળતા તે કાળે મેં જોયા. તેમાં કેટલાકનો મારી સાથે ઓછો વધતો સંબંધ પણ આવ્યો. તેથી મારા જીવનધ્યેયની દૃષ્ટિથી મને કશો લાભ ન થયો, તોય તેમનાં વિચાર રહેણી, ટેવો, સંસ્કાર, સ્વભાવ, તેમનાં ધ્યેયો વગેરેની મને માહિતી મળી. જુદા જુદા સંપ્રદાયો, પંથો, ગુરૂ-શિષ્ય સંબંધો, અને પરંપરાઓ. જુદાંજુદાં સાધનો શક્તિપાત, શક્તિસંચરણ વિદ્યાઓ, દૂરદૃષ્ટ, દૂર-શ્રવણ જેવી સિદ્ધિઓ વગેરે વિષે મને થોડું ઘણું જ્ઞાન થયું. ભક્તિ અને અધ્યાત્મ વિષેની આપણી જુદી જુદી કલ્પનાઓ, ભાવનાઓ, માન્યતાઓ, તર્કો અને તત્ત્વજ્ઞાનની જુદી જુદી પ્રણાલીઓ વગેરે ઘણી બાબતો હું જાણી શક્યો. વૈરાગ્યના ખરાં ખોટા પ્રકારો; તેનાં જુદાં જુદાં કારણો; ભ્રમ, દંભ તેમ જ સાધુવેરાગીઓના અખાડા, તે બધા વિષેનું તેમનું અભિમાન, તેમના ઠાઠ, તેમના આડંબર તેમના વ્યસનો, અને તેનાં કારણો વગેરેની માહિતી મને તે કાળમાં જ થઈ. આવી રીતે સમાજ અને અધ્યાત્મ વિષેના મારા જ્ઞાનમાં એકંદરે ઉમેરો થયો. સાધનાના ઉદ્દેશથી મારે બે ત્રણ વખત હૃષીકેશ તરફ જવું પડયું. એક વાર જન્મોત્રી, ગંગોત્રી, કેદાર, અને બદ્રીનારાયણ સુધી હું ભ્રમણ કરી આવ્યો. એ પ્રવાસ દરમ્યાન કેટલીક સારી વ્યક્તિઓ સંન્યાસપદ્ધતિથી રહી પોતાની વિચારસરણી પ્રમાણે સાધન અને અભ્યાસ કરતી હતી, તેમની સાથે મારે મુલાકાત થઈ. તેમના અને મારા જીવનધ્યેયમાં જોકે ફરક હતો તોય તેમની શાંતિ અને પ્રસન્નતા જોઈને મને આનંદ થયો. ભ્રમણ કરી રહ્યો હતો ત્યારે જ મને સમજાયું કે પોતાના ઉદ્દેશ માટે જેને કોઈ સાધન મળ્યું હોય છે તે તે છોડીને રખડયા કરતો નથી. સાનધમાં ગતિ અટકયા પછી જ મારી વૃત્તિ ચંચળ બની અને ત્યારે જ હું કશી જ્ઞાનપ્રાપ્તિની આશા ન હોવા છતાં સેંકડો માઇલ નિરર્થક ફરતો રહ્યો.

સત્યનો નિર્ણય થયા વગર આપણો ધર્મ અને આપણું આ કાળે સમાજવિષયક કર્તવ્ય શું છે અને તે કેમ પાર પાડી શકાય તે આપણને નહીં સૂઝે એવી સમજણને લીધે ઉત્તરોત્તર થયેલા અનુભવો પરથી મારાં તાત્કાલિક સાધ્યો બદલાતાં ગયા એ હું અગાઉ કહી ગયો છું. આગળ અભ્યાસ કરતાં આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, અદ્વૈતાનુભવ, ચિત્તનો લય વગેરે સાધ્યો પર પણ હું ધીમે ધીમે પ્રગતિ કરતો ગયો. ગ્રંથ પ્રામાણ્ય એટલે ગ્રંથ પરથી પોતે કે તે વિષયમાં જ્ઞાની ગણાયેલાઓએ કરેલી કલ્પનાઓને પ્રમાણભૂત માનતો આવ્યો હોવાથી જે વખતે જે કલ્પના મને સત્ય જણાઈ તેની પાછળ હું પડયો. જીવનનાં પૂર ઉમંગ અને ઉત્સાહનાં લગભગ દશ વરસ સતત આ જ પ્રયત્નની પાછળ અત્યંત વ્યાકુળતામાં ગયાં. જુદી જુદી ભૂમિકાઓ સાધીને મેં જુદા જુદા અનુભવો લીધા, પણ એટલું કરવા છતાં તે પરથી મારો ધર્મ કે મારું કર્તવ્ય નકકી કરી શકયો નહીં, અથવા જે કાર્ય કરવું જોઈએ એમ મને પહેલેથી લાગતું હતું તે કરવાની શક્તિ અથવા પાત્રતા પણ મારામાં આવી નહીં.

અનુભવોનું પૃથક્કરણ

ઈશ્વર સાક્ષાત્ દર્શન આપીને આપણને જ્ઞાન, બળ અને સામર્થ્ય આપે છે એ શ્રધ્ધાથી હું પ્રથમ તેના દર્શન પાછળ પડયો. શ્રદ્ધા, સતત ચિંતન, ધ્યાન, અનુસંધાન, એકાગ્રતા અને બીજાં સાધનોને લીધે દર્શનના જેવા અનેક અનુભવો મને થયા, પણ તે આપણી જ કલ્પનાથી નિર્માણ કરેલા થોડા વખત પૂરતા અર્ધ-જાગ્રત અવસ્થાના આભાસો માત્ર છે, એવું તે અનુભવોને વિવેક-દ્રષ્ટિથી બધી બાજુએથી તપાસતાં મને જણાયું. તે બધા અનુભવોને રંગ, રૂપ, મેં જ આપેલા હોવાથી તે બધાનો કર્તા હું જ છું એ મારા ધ્યાનમાં આવ્યું. તે જ પ્રમાણે આત્મા અને બ્રહ્મનો સાક્ષાત્કાર, દર્શન, અદ્વૈતાનુભવ, વગેરેની બાબતમાં પણ પ્રયત્ન કર્યા પછી તેમાં પણ ભ્રમ કર્યો, અને સત્ય શું, એનો મને બોધ થયો. ઈશ્વર, આત્મા, બ્રહ્મ, એ તત્વો જુદાં જુદાં નથી; પરંતુ એકજ મહાન વ્યાપક તત્વને આપણે આપેલા જુદા જુદા સંકેત કે નામ છે. એ તત્વ દેખાય તેવું નથી, ભાસે તેવું નથી, તેમાંથી જ જગત અને આપણે બધા નિર્માણ થયાં છીએ, અને તે જ આપણા બધાનો આધાર છે, એ વાત તત્વજ્ઞાનના અભ્યાસથી અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયના નિરીક્ષણથી મારા ધ્યાનમાં આવી. અને વિવેક અને નિશ્ચયથી એ વિચાર પર હું દૃઢ પણ થઈ શકયો. અનંત વિશ્વના વ્યાપારમાં, તેમ જ આપણા શરીર, બુદ્ધિ અને મનના દરેક કર્મમાં એ જ મહાન તત્વ-એ જ શક્તિ-પ્રેરણા આપીને કામ કરે છે. તેનું કાર્ય દેખાઈ આવે છે પણ તે શક્તિ પોતે અલગ દેખાવી શકય નથી. આપણે પોતે પણ તે જ શક્તિ છીએ. તેથી આપણું જ આપણને દર્શન થાય એ સંભવિત નથી, એ મને સમજાયું. ધ્યાન ધારણાના અભ્યાસથી ચિત્તની એક પછી એક ભૂમિકા સાધતાં સાધતાં છેવટે તેનો લય પણ સાધી શકાય છે. તેમ જ ઈશ્વર વિષેની ભાવનામાં ને ચિંતનમાં ચિત્તને તદ્રૂપ કરી શકાય છે એ પણ મને સમજાયું. પરંતુ ઉપર દર્શાવેલી કોઈપણ ભૂમિકા કે અવસ્થા પ્રાપ્ત કરવાથી, અથવા બધી ભૂમિકાઓ અને અવસ્થાઓ સિદ્ધ કરવાથી પણ માનવીકર્તવ્ય પૂરું થતું નથી, એમ લાગવાથી તે અનુભવો પૈકી એકેથી મારું સમાધાન થયું નહીં કે મને ધન્યતા લાગી નહીં. મારા સદ્ભાગ્યે મને કયાંક સારા પ્રામાણિક સાધકો પણ મળ્યા. તેમાંના કોઈ એક ભૂમિકામાં, તો બીજા તેનાથી જુદી જ અવસ્થામાં મગ્ન રહેતા. કોઈ સાક્ષી અવસ્થાને સર્વશ્રેષ્ઠ માનતા, કોઈ લયાવસ્થાને, ઉન્મન અવસ્થાને જ આત્માનુભવ કે બ્રહ્માનુભવ સમજતા. કોઈ દિવ્ય શક્તિ પ્રાપ્ત કરવાની પાછળ પડયા હતા. પણ તેમાંના ઘણાખરાની સ્થિતિ તપાસતાં તેઓ પોતાની જ કલ્પનાને, વૃત્તિને, અથવા નિવૃત્ત સ્થિતિને કે પોતાની માનસિક શક્તિને ઈશ્વર, આત્મા, બ્રહ્મ, કે દિવ્યત્વ સમજીને તેમાં જ કૃતાર્થતા માનતા હોય એમ દેખાતું. આવા સાધકો સાથે વાતચીત કરવાનો મને પ્રસંગ આવતો ત્યારે કેટલાકના ધ્યાનમાં તેમની પોતાની ભ્રાંતિ આવતી, તો કેટલાક પોતાની સ્થિતિને આગ્રહપૂર્વક વળગી રહેતા.

સાધનોને કારણે સાધકને પહેલાં કદી ન થયેલા અને કયારેક તદ્દન અકલ્પિત એવા જુદી જુદી જાતના અનુભવો થાય છે. સાધનમાં ચિત્તની થતી જુદી જુદી સૂક્ષ્મ અવસ્થાઓનાં તે પરિણામ હોય છે. પણ સાધકને એ વાત ન સમજાવાથી તેમાંના કોઈ પણ રમ્ય, ભવ્ય, કે આકર્ષક અનુભવને જ મુખ્ય માનીને તેમાં તે તલ્લીન કે મસ્ત રહેવાનો પ્રયત્ન કરે છે. એ સ્થિતિમાં તેને એક જાતનો આનંદ અને શાંતિ મળે છે. સાધકનું ધ્યેય તેથી ઉદાત્ત હોય તો તે સ્થિતિને તે સર્વશ્રેષ્ઠ માનતો નથી. સુખ, આનંદ, ઉન્નતિ, લાભ વગેરે દરેક બાબતનો સામુદાયિક લાભ અને હિતની દ્રષ્ટિથી જે વિચાર કરે છે તેનું ગમે તેટલા મોટા વ્યક્તિગત લાભથી સમાધાન થતું નથી.

અપૂર્ણ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઈ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૯

મુંબઈ : ૧ સપ્ટેમ્બર ૧૯૫૧ શનિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

નિવૃત્તિના ચક્રનું ભેદન

ધર્મ એ માત્ર ધારક જ હોય તો મનુષ્યને જે સ્થિતિમાં તે હોય તેમાં જ જે પકડી રાખે તે ધર્મ કહેવાય. પરંતુ ધર્મની માન્યતા સ્થિતિસ્થાપકતામાં નથી. તેથી જ પાપમાં ન પડવા દે ને એમ કરી જે ધારી રાખે-પકડી રાખે-તે ધર્મ સામાન્ય રીતે કહેવાય છે. પણ એ વ્યાખ્યા પણ ધર્મની શક્તિ સામે અધૂરી છે, એટલે મનાયું કે જે ઉદ્ધારક હોય તે ધર્મ છે. આમ માની લેવાયું છે કે મનુષ્ય કે પ્રાણીમાં એવી એક સ્થિતિ છે જે તેના હિતમાં નથી. એટલે તે સ્થિતિમાંથી તેનો ઉદ્ધાર આવશ્યક છે. તેના ઉદ્ધારનો જે માર્ગ તે ધર્મ.

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે એ તો હવે નિશ્ચિત સિદ્ધાન્ત જેવું સત્ય છે. વૈજ્ઞાનિકો તો માત્ર મનુષ્યને જ નહીં પણ ક્ષુદ્ર જંતુઓને પણ સામાજિક પ્રાણી માનવા લાગ્યા છે. તેથી ધર્મ એ પણ સામાજિક હોવો જોઇએ. જીવનો સ્વભાવ જો સમાજ બાંધી રહેવાનો હોય તો ધર્મનો સ્વભાવ પણ એક વ્યક્તિનિષ્ટ નહીં પણ સમાજનિષ્ટ હોવો જોઇએ. આચરણ ભલે વ્યક્તિનિષ્ઠ હોય, કર્તવ્ય ભલે વ્યક્તિનિષ્ઠ હોય, પણ તેનું લક્ષ્ય સ્વ સાથે પરનો પણ ઉદ્ધાર એ હોવું જોઇએ. જો આમ બને તો જ ધર્મ તેના પૂર્ણ સ્વરૂપમાં દીપી નીકળે. અન્યથા સમાજવિરોધી ધર્મ એ ધર્મ નહીં પણ વિડંબના માત્ર બની જાય. આ જ કારણ છે કે આચરણમાં-ચારિત્રમાં સ્વશુદ્ધિમાં-ભગવાન મહાવીર કે ગમે તે કોઇ તીર્થંકર સમાજથી વિરક્ત થઇને ગમે તેટલા દૂર ગયા, માત્ર સ્વવ્યક્તિત્વના વિકાસ ખાતર સમાજને છોડીને દૂર દૂર ચાલ્યા ગયા પણ તેની પૂર્ણતા ત્યારે જ થઇ જ્યારે પાછા આવીને સમવસરણમાં બેસી-સભામાં બેસી-પોતાનો ધર્મ બીજાને ઉપદેશ્યો, પોતે જે પામ્યા તે સૌ પામે એવી ભાવનાથી સમાજમાં ફરી પ્રવેશ કર્યો અને છેવટે કૃતકૃત્ય થઇ મુક્ત થયા. કે વળી તો ઘણા થયા પણ તેમને કોઇ યાદ નથી કરતું અને માત્ર ભગવાન મહાવીરને જ કે તેમના જેવા બીજા તીર્થંકરોને શા માટે યાદ કરે છે? એનું રહસ્ય આપણે જોઇએ તો જણાશે કે ભગવાન સમાજ છોડીને ગયા પણ તે પાછા સમાજ વચ્ચે આવીને બેઠા તે માટે જ. આથી આપણે નક્કી કરી શકીએ છીએ કે ધર્મ એ સામાજિક છે અને હોવો જોઇએ. વ્યક્તિગત ધર્મ-જેથી માત્ર વ્યક્તિને જ લાભ થાય તેને ધર્મનું મોટું નામ આપી શકાય નહીં. તેને તો સ્વાર્થસિદ્ધિનું નામ આપી શકાય. પણ સ્વ જ જ્યાં સામાજિક હોય ત્યાં એને સ્વાર્થસિદ્ધિ પણ કહી શકાય કે કેમ તેમાં પણ શંકા છે. સમાજમાં રહેલાનો ખરો સ્વાર્થ જ એ હોય છે કે સ્વ-વ્યક્તિત્વ સાથે તેના જે બીજા સ્વજનો છે-સમાજ છે તેનો અર્થ પણ સિદ્ધ થવો જોઇએ. જો આમ ન બને તો સ્વાર્થસિદ્ધિ પણ પૂર્ણતાને ન પામે. એટલે સ્વાર્થસિદ્ધિ માટે પણ ધર્મ એ સામાજિક હોવો આવશ્યક છે. અને ખરી રીતે વ્યક્તિગત ધર્મને ધર્મનું નામ આપી શકાય જ નહીં. મનુષ્યની સાધનાને ધર્મ એવું નામ અપાય છે એ સાધના, પણ જો સમાજ-વિરોધી હોય તો તેને પણ ધર્મ કેમ કહી શકાય?

ધર્મ જો વ્યક્તિગત જ હોત, તેને સમાજ સાથે કશી લેવા-દેવા ન હોત તો ધાર્મિક સમાજો બન્યા ન હોત, ધાર્મિક સંપ્રદાયો બન્યા ન હોત, આ હિંદુ, આ બૌદ્ધ, આ જૈન એવા ભેદો પડ્યા ન હોત. ધર્મ જો સામાજિક ન હોત તો પજુસણ વર્ષમાં અમુક જ દિવસે આવે, આયંબિલની ઓળી વર્ષમાં અમુક જ દિવસોમાં આવે એવું કશું જ ન હોત. જેને જ્યારે ફાવે ત્યારે તે ઉજવી લેત. પણ તેમ બન્યું નથી, બનતું નથી. દરેક ધર્મોના તહેવારો નિશ્ચિત દિવસે જ થાય છે. પર્વોના દિવસો નિશ્ચિત જ છે. તે બતાવે છે કે ધર્મ એ સામાજિક છે. અધ્યાત્મિક ધર્મવાળાને વળી દિવસનું શું મહત્ત્વ, કાળ-ચોઘડીયા એ બધાનું જ શું મહત્ત્વ? છતાં એ બધુ વ્યવસ્થિત રીતે ગોઠવાઇ ગયું છે તે સિદ્ધ કરે છે કે ધર્મ એ સામાજિક છે, માત્ર વ્યક્તિગત નથી.

આ પ્રમાણે જો આપણે સ્વીકારીએ કે ધર્મ એ સામાજિક છે તો તેના પ્રકાશમાં હવે એ જોવું આવશ્યક છે કે ધર્મમાં શું હોવું જોઇએ અને શું ન હોવું જોઇએ. ઉપર કહેવામાં આવ્યું છે કે પ્રાણીની એવી એક સ્થિતિ છે-અવસ્થા છે જે તેના હિતમાં નથી. અને તે અવસ્થામાંથી તેનો જે ઉદ્ધાર કરે તે ધર્મ. હવે એ સ્થિતિ કે અવસ્થાનું જ વિવરણ કરીએ તો ધર્મની વ્યાખ્યા સ્પષ્ટ થઇ જશે.

બધા ધર્મોએ તૃષ્ણાને સંસારના મૂળમાં કહી છે. એટલે કે તૃષ્ણા-લોભ-પરિગ્રહ એ જ સર્વપાપનું મૂળ છે. એ તૃષ્ણાના પણ મૂળમાં મિથ્યાત્વ છે. એમ બધા ધર્મોએ કહ્યું છે. પણ એ મિથ્યાત્વના તત્ત્વમાં એકરૂપતા છતાં વિવરણમાં બધા ધર્મો જુદા પડી જાય છે. પણ તૃષ્ણા અને તેના વિવરણમાં બધા ધર્મો એક છે એટલે આપણે સંસારના કારણ તરીકે તૃષ્ણાને વર્ણવીએ એ ઉચિત જ છે.

જે પોતાનું નથી, સમાજનું છે, સર્વ કોઇનું છે, તે ઉપર પોતાનો જ અધિકાર જમાવવા પ્રયત્ન કરવો તે તૃષ્ણા. આ તૃષ્ણામાંથી જ સર્વ પાપોનો ઉદ્‌ભવ થાય છે. આટલી વાત સર્વ શાસ્ત્રોએ સ્વીકારી છે. અધિકાર જ્યારે કોઇ વસ્તુ ઉપર જમાવવા પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે બીજાના હિતની બેપરવાઇ થાય છે અને માની લીધેલા પોતાના હિતમાં જ પ્રવૃત્તિ થાય છે. એ પ્રવૃત્તિ સમાજહિતની વિરોધી હોવાથી જ ઇર્ષ્યા-દ્વેષનું કારણ બને છે, અને સરવાળે તો પોતાનું હિત પણ સાધી શકતી નથી કારણ કે તે સમાજશત્રુ બની જતો હોવાથી તેના શત્રુઓ એક નહીં પણ અનેક બની જાય છે. આમ માની લીધેલા સ્વહિત ખાતર તે આખા સમાજને પોતાનો શત્રુ બનાવતો હોવાથી ખરી રીતે તે સ્વહિત સિદ્ધ કરે છે એમ તો કહી જ ન શકાય.

વસ્તુતઃ તે સ્વહિત કરવા જતાં પોતાનું અહિત જ કરી બેસે છે. આમ બનતું હોવાથી તૃષ્ણા એ સર્વ પાપનું મૂળ છે. જે કાર્ય કરવાથી સમાજમાં કશી પ્રતિક્રિયા ન થાય તે કાર્યનો સમાજ સાથે કશો સંબંધ નથી. અને એવા કાર્યના વિધિ કે નિષેધોનો કોઇ પણ ધર્મમાં અવસર જ નથી. તૃષ્ણા જેવા દોષોને ત્યાગવાનું કે નિર્મમભાવ વધારવાનું ધર્મશાસ્ત્રોમાં એટલા જ માટે કહેવામાં આવે છે કે તેથી સમાજમાં શાન્તિ બની રહે છે. જ્યાં કોઇ પણ બીજો મનુષ્ય ન હોય એવા જંગલમાં કોઇ એકલો જ રહેતો હોય ત્યાં તૃષ્ણા એ દોષ એટલા પ્રમાણમાં નથી બનતો જેટલા પ્રમાણમાં સમાજ વચ્ચે રહેનાર વ્યક્તિની તૃષ્ણા. વસ્તુતઃ તૃષ્ણા વગેરે દોષો છે એ વસ્તુની પ્રતીતિ સમાજમાં જ થાય છે. અમુક દોષ છે અને અમુક ગુણ છે તેની વ્યાખ્યા સમાજના હિતાહિતને આધારે જ ઘડાઇ છે. એટલે ધર્મ એ તૃષ્ણાના ત્યાગમાં છે અને તૃષ્ણા એ સર્વ પાપોનું મૂળ છે એ નક્કી થયું.

હવે પ્રશ્ન એ થાય છે કે તૃષ્ણાનો ત્યાગ કરવો એટલું જ ધાર્મિક થવા માટે પર્યાપ્ત છે કે બીજું પણ કોઇક કર્તવ્ય છે? સામાન્ય રીતે ત્યાગપ્રધાન ધર્મોએ તૃષ્ણાત્યાગનો અર્થ કર્યો કે બધી વસ્તુ સાથેનો સંબંધ છોડી દેવો. એટલે કે મનુષ્યે સામાજિક પ્રાણી માટી જવું. શું આ વસ્તુ શક્ય છે? ભગવાન મહાવીરે અને બુદ્ધે આ વસ્તુનો પ્રયોગ કરી જોયો. તેમણે પણ પ્રારંભમાં એકાંત નિવૃત્તિનો ઉપદેશ આપ્યો. સર્વ સંબંધોનો સર્વથા ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો. પણ તેમનું જ જીવન અને સમગ્ર ઉપદેશ જોઇએ તો એ લાગ્યા વિના નહીં રહે કે તેઓ પણ એકાંત નિવૃત્તિને નભાવી શક્યા નથી. બૌદ્ધ ધર્મ તો મહાયાનમાં રૂપાન્તર પામીને નિવૃત્તિ-પ્રવૃત્તિનો સુંદર સમન્વય કર્યો. તેણે તો સ્વીકાર્યું કે સર્વ પ્રાણીની મુક્તિ વિના એક વ્યક્તિની પણ મુક્તિ સંભવી શકે જ નહી. એટલે જનહિતના કાર્યોનું સમર્થન મહાયાનમાં કરવામાં આવ્યું. પણ જૈનધર્મના મૂળમાં જ કાંઇક એવી ભાવનાનો પ્રચાર કરવામાં આવ્યો કે જેથી પ્રવૃત્તિમાં અનિવાર્યપણે તણાયા છતાં ફરી ફરી નિવૃત્તિ-એકાંત નિવૃત્તિ-તરફ જ ભાર આપી જૈન ધર્મની શુધ્ધિ કરવામાં આવી છે.

સમગ્ર ઇતિહાસનું વિહંગાવલોકન કરતા જણાશે કે ભગવાન મહાવીરે સર્વ સંગનો ત્યાગ કરવા પ્રબલ પ્રયત્ન કર્યો. એકાંત નિવૃત્તિનો આગ્રહ રાખવામાંથી એ પણ ફલિત થાય છે કે બીજાનો સંબંધ સર્વથા છૂટી જવો જોઇએ. પણ ભગવાનના જ જીવનથી આપણે એ સિધ્ધ કરી શકીએ છીએ કે નિવૃત્તિના એકાંત આગ્રહી છતા તેમને પણ નમતું મૂકવું પડયું છે-બીજાના ઘરમાં રહેવું પડયું છે, બીજાનું અન્ન ખાવું પડયું છે. તેઓ એટલું અવશ્ય કરી શકયા કે ઘણા લાંબા ઉપવાસ કર્યા પણ સર્વથા અન્ન ત્યાગ ન કરી શકયા. પણ એકાંત નિવૃત્તિના આગ્રહી ભકતોને લાગ્યું કે એ બંધન પણ છૂટવું જ જોઇએ. એટલે જ આપણે જોઇએ છીએ કે દિગંબર સંપ્રદાયે ભગવાનની કેવલાવસ્થામાં આહાર તેમણે લીધો જ નહી. એમ પ્રતિપાદન કરવા માંડયું. એકાંત નિવૃત્તિ માનનારે એ માન્યા સિવાય ચાલે તેમ હતું જ નહી. તે જ પ્રકારે ભગવાને જે ઉપદેશ આપ્યો તેમની એ પ્રવૃત્તિ પણ એકાંત નિવૃત્તિની કલ્પના સાથે સંગત નથી. એટલે આપણે જોઇએ છીએ કે શ્વેતામ્બરોએ તો તેને કર્મના ફલ ભોગ તરીકે વર્ણવી, જ્યારે દિગંબરોએ ત્યાંજ ન અટકતા કહ્યું કે તેમણે ઉપદેશ આપ્યો જ નથી. એ તે દિવ્ય ધ્વનિ છે. એ વાણી સ્વતઃ ઝરે છે.

જે આચાર્યો નિવૃત્તિની આવી ઝીણવટમાં ઉતર્યા તેમણે પણ બીજી તરફ પ્રવૃત્તિનો આડંબર એટલો બધો વધારી મૂકયો છે કે તેમાં બીચારી નિવૃત્તિ અટવાઇ જ ગઇ. ભગવાને તીર્થ સ્થાપ્યું, શાશન જમાવ્યું. દેવોનાં ટોળેટોળાં આવી તેમના સમવસરણની રચના કરવા લાગ્યા અને છતાં ભગવાને તેમને મના પણ ન કરી. મોટાં મોટાં ચૈત્યો અને દેવાલયો બંધાયાં, સ્તૂપો બન્યા અને આ બધું નિવૃત્તિના પોષણ અર્થે મનાયું. પ્રવૃત્તિ કરીને નિવૃત્તિનું પોષણ કરવું એવો વિચિત્ર સિદ્ધાંત ચલાવવામાં આવ્યો. આની પ્રતિક્રિયા સ્થાનકવાસીઓમાં થઇ અને તેઓ આ બધા આડંબરમાંથી કેટલુંક દૂર કરીને પાછા આખા સમાજને નિવૃત્તિ તરફ લઇ જવા પ્રયત્ન કરવા લાગ્યા. તેમના એ પ્રયત્નથી પણ અસંતુષ્ટ થઇને ઉત્કટ નિવૃત્તિનો માર્ગ તેરાપંથીઓ પકડયો. આમ આ એક ચક્ર પૂરું થયું. પણ જૈન સમાજ હજી એ નિવૃત્તિના ચક્રથી બહાર નીકળી શકયો નથી. દિગંબર હોય, શ્વે. મૂર્તિપૂજક હોય કે સ્થાનકવાસી કે તેરાપંથી હોય-એ બધાને ભગવાનનો ધર્મ અત્યન્ત નિવૃત્તિમાં જ જણાય છે. જો કોઇ નિવૃત્તિમાં થોડી પણ પ્રવૃત્તિને સમન્વિત કરવાની વાત કરે છે તો તેને તરત જૈન ધર્મની પરિભાષા પ્રમાણે મિથ્યાત્વનું બિરૂદ મળી જાય છે. આજ કાલ જૈન સાંપ્રદાયિક છાપાઓ મુનિશ્રી સંતબાલની પ્રવૃત્તિની નિંદા કરે છે તેના મૂળમાં નિવૃત્તિના એ દૃઢમૂળ ખ્યાલ સિવાય બીજુ કશું જ નથી. એટલે હવે એ પ્રશ્ન જ વિચારવાનો રહે છે કે તૃષ્ણાનો ત્યાગ અને નિવૃત્તિ-પ્રવૃત્તિને પરસ્પર શો સંબંધ છે.

ઉપર કહ્યું જ છે કે તૃષ્ણા એટલા માટે ખરાબ છે કે તેથી સ્વ તેમજ પર હિત થવાને બદલે બન્નેનું અહિત થાય છે. પણ જો માણસ બધાનું ભલુ કરવાની તૃષ્ણા રાખે અર્થાત્ બધાને પોતાના બનાવે; થોડાને બદલે બધાને પોતાના માને તો તે તૃષ્ણા તૃષ્ણા રહેતી નથી. તૃષ્ણામાં દોષ રહેતો નથી. એટલે એ તૃષ્ણામાં બંધ નથી. સ્વયં ભગવાને જ્ઞાન થયા પછી જ્યાં તેમના ઉપદેશના ગ્રાહકો બેઠા હતા ત્યાં એક રાતમાં લાંબો વિહાર કર્યો એ શું એકાંત નિવૃત્તિનો પોષક હતો? તેમની એ પ્રવૃત્તિ શારીરિક હતી કે નહીં? જો હતી તો અત્યારે કોઇ સાધુ શરીરથી કોઇની સેવા કરે છે તો તેમાં તેની પ્રવૃત્તિમાં શો દોષ છે? હા, એટલું અવશ્ય જોવું જોઇએ કે એ પ્રવૃત્તિમાં તેનો પોતાનો સ્વાર્થ છે કે નહીં? એ સ્વાર્થ જો હીનકોટીનો હોય અર્થાત્ એથી તેની પોતાની સુખ-સગવડમાં વૃદ્ધિની આશા હોય તો આપણે તે પ્રવૃત્તિને ધર્માનુકૂલ ન ગણીએ. પણ જેમાં તેના પોતાના શરીરને તો કષ્ટ જ પડવાનું છે અને લાભ તો બીજાને જ થવાનો છે એવી પ્રવૃત્તિ કર્મબંધક શા માટે થાય? મોઢેથી ઉપદેશ આપવામાં પાપ ન થાય અને હાથ પકડી ખાણમાં પડતો બચાવવામાં પાપ થાય એ કઇ પ્રકારની પાપની વ્યાખ્યા છે તે સમજાતું નથી. હાથ અને મોઢું બન્ને શરીરાંગ છે. બન્ને પ્રવૃત્તિ પાછળ બીજાના ભલાનો જ ભાવ છે તો પછી એકમાં પાપ નહીં અને બીજામાં પાપ શાથી એનું કારણ કોઇ જડતું નથી. ખરી રીતે આવા આપણા ખ્યાલો નિવૃત્તિની ઊંધી સમજમાંથી જ જનમ્યા છે.

શ્રી સંતબાલે સર્વજનહિતકારી પ્રવૃત્તિ શરૂ કરી એટલે તેમણે જે કાંઇ લખ્યું હોય તે પણ મિથ્યાત્વપોષક જ હોય એવી દૃષ્ટિથી તેમના સાહિત્યનો બહિષ્કાર કરવાનો લોકોને સલાહ આપનારાનો તોટો નથી. આવા લોકો જૈનધર્મની અને સમાજની કુસેવા જ કરી રહ્યા છે એમ મને તો લાગે છે.

જૈનધર્મને વિશ્વધર્મ બનાવવાની આશા પણ આવા લોકો જ સેવી રહ્યા છે. તેમને ખબર નથી કે દુનિયા કઇ તરફ જઇ રહી છે અને આપણે તેમાં શું કરવું જોઇએ?

એટલે તૃષ્ણાત્યાગનો અર્થ એટલો જ છે કે આપણા મમત્વના વર્તુલને અતિ વિસ્તૃત કરવું. માત્ર પોતાના માતાપિતા કે કુટુંબીમાં જે મમત્વ છે તેથી નિવૃત્ત થવું અને સમસ્ત સંસારમાં મૈત્રીભાવ વધારી પ્રવૃત્ત થવું. આમ એ ત્રણે વસ્તુનો-તૃષ્ણા ત્યાગ-નિવૃત્તિ-પ્રવૃત્તિનો સુમેળ છે.

એવો સુમેળ સાધવો અત્યન્ત આવશ્યક છે. એ સાધવાથી જ નિવૃત્તિના ચક્રનું ભેદન થઇને આપણે કંઇક માર્ગ ઉપર આવી શકીશું. ખોટા મોહથી આચરવામાં આવતી નિવૃત્તિથી મનુષ્ય સર્વથા નિવૃત્ત તો થઇ શકતો નથી અને સત્પ્રવૃત્તિ પણ આચરી શકતો નથી. તેને બદલે તૃષ્ણા ત્યાગ કરીને નિવૃત્ત થયેલી બધી સત્પ્રવૃત્તિને અપનાવે તો તેનું અને સમાજનું કલ્યાણ થાય અને આ નિવૃત્તિચક્રમાંથી પોતે અને સમાજ મુક્ત થાય.

દલસુખ માલવણિયા

શ્રી કેદારનાથજીનો 'આત્મપરિચય'

ગતાંકથી ચાલુ

૨. અનુભવોનો સાર

વિવેકદૃષ્ટિ અને મહાજાગ્રત અવસ્થા

મારા જીવનનું ધ્યેય પહેલેથી જ વ્યાપક અને સામુદાયિક હોવાથી સાધનાના દરેક અનુભવને અને તે વખતની ચિત્તની ભૂમિકાને હું એ જ દૃષ્ટિથી તપાસવા લાગ્યો અને તે પરથી બધાને તપાસનારી, પારખનારી, સર્વ-હિતકારી વિવેકદૃષ્ટિ સૌથી શ્રેષ્ઠ છે એવું હું સમજ્યો.

ઘણા સાધકો, ઘણા સાધુ-સંન્યાસીઓ તેમજ પોતાને અવતાર માનનારા અને પોતાના અનુયાયીઓ પાસે પોતાને ઈશ્વર કહેવડાવનારા લોકોનો અનુભવ અને તેમની ભૂમિકાઓ સમજી લેવાના અને પારખવાના પ્રસંગો મને આવ્યા. તે પરથી પણ મને આ જ વાત વધારે સ્પષ્ટતાથી સમજવા લાગી. કોઈ પણ ભ્રમમાં, વ્યસનમાં કે અનર્થમાં પોતાની જાતને ન ફસાવા દેતાં અથવા કોઈ પણ શ્રેષ્ઠ કે દિવ્ય ગણાતા અનુભવમાં, સ્થિતિમાં કે આનંદમાં તલ્લીન થવા ન દેતાં મને હંમેશ ઉન્નતિ તરફ લઈ જવામાં મારી આ જ દૃષ્ટિ મને કામ લાગી છે. આ દૃષ્ટિને લીધે હું સમજ્યો કે સમાધિ કરતાં તે પછીની વ્યુત્થાન દશા શ્રેષ્ઠ છે; કારણ કે, તે દશામાં સમાધિમાં થયેલો જ્ઞાનાનુભવ કાયમ હોઈ તેનો જીવનમાં ઉપયોગ કરવાની શક્તિ અને શક્યતા હોય છે. કોઈ પણ અનુભવમાં કેવળ તલ્લીન થઈને તેમાં જ ગરકાવ ન રહેતાં જુદા જુદા અનુભવોથી માણસે સમૃદ્ધ થઈ જ્ઞાનને વધારતા રહી મહાજ્ઞાની થઈને આજની જાગૃતિમાંથી તેને મહાજાગૃતિમાં જવાનું છે, એ પણ મને તે વિવેકદૃષ્ટિને લીધે સમજાયું.

સાધનોથી થયેલા કાયમી લાભો

સાધનકાળ દરમિયાન થયેલા જુદા જુદા અનુભવો અને પ્રાપ્ત થયેલી જુદી જુદી અવસ્થાઓ, ભૂમિકાઓ અને શક્તિઓથી મારું પૂરેપૂરું સમાધાન જો કે થયું નહિ, તો પણ તે બધાનો મારા જીવન માટે કશો જ ઉપયોગ થયો નહીં એમ ન કહી શકાય. ઈશ્વરના દર્શન માટે સહન કરવી પડેલી વ્યાકુળતા જો કે વ્યર્થ હતી તો પણ તે કાળે તે નિમિત્તે વૃદ્ધિંગત થયેલો ઈશ્વરવિષયક પ્રેમ અને નિષ્ઠા, સત્ય વિષેની જિજ્ઞાસા, સહિષ્ણુતા અને અન્ય સદ્‌ગુણોનો આજે પણ મારા જીવનમાં મને ઘણો ઉપયોગ થાય છે. ધ્યાનાભ્યાસથી ચિત્તમાં આવેલી સ્થિરતા, દૃઢતા, સૂક્ષ્મતા, પૃથક્કરણશક્તિ અને એ બધાંને લીધે પ્રાપ્ત થયેલું વૃત્તિઓનું જ્ઞાન વગેરે બધા લાભો મને આજ સુધી ઘણા ઉપયોગી થયેલા છે. તત્વજ્ઞાનના અભ્યાસથી સમભાવનું તત્ત્વ ગળે ઉતરવાથી સત્ય, દયા, ક્ષમા ઉદારતા, સેવાવૃત્તિ, પરોપકાર, ત્યાગ વગેરે સદ્‌ગુણોનો પાયો દૃઢ થવામાં અને અહંકારરહિત બુદ્ધિથી તેમનો વિકાસ કરવામાં મને તેની ઘણી મદદ થાય છે.

ના માર્ગમાં રહેલા ભયો

આ બધા લાભો ધ્યાનમાં લેવા છતાં એટલું તો લાગે જ છે કે, તે કાળની મારી ઈશ્વર વિષેની ભૂલભરેલી કલ્પનાઓ; તત્વજ્ઞાન અને સાક્ષાત્કાર અંગેની ભ્રામક માન્યતાઓ; આદેશ, દિવ્યદર્શન, દિવ્ય શક્તિ વગેરે વિષેની પરંપરાગત શ્રદ્ધા; ધાર્મિક ગણેલા થયેલા વિષે પ્રામાણ્યબુદ્ધિ; તેમાં રહેલાં સત્યાસત્ય ખોળી કાઢવાની મારી અશક્તિ વગેરેને લીધે મારે કેટલાંક શારીરિક અને માનસિક કષ્ટ નકામાં સહન કરવાં પડ્યાં. તે વખતે મારામાં વિવેક અને જ્ઞાન હોત અથવા મને કોઈ માર્ગદર્શક મળ્યો હોત તો મારે એવી રીતે સહન ન કરવું પડત. આનો અર્થ એવો નથી કે ઈશ્વર કે અધ્યાત્મ વિષેના આપણા બધા વિચારો ખોટા છે, બધા થયો ભ્રામક કલ્પનાઓથી ભરેલા છે, અથવા આ બાબતો પાછળ પડવું એ જીવન વ્યર્થ ગુમાવવા જેવું છે. મારા અનુભવ પરથી હું એમ કહી શકતો નથી. પણ આ બાબતોની પાછળ પડવા માટે યોગ્ય સમજણ અને યોગ્ય સાધનોની જરૂર છે. એ વસ્તુઓ ન મળે તો જીવનનો હેતુ પવિત્ર હોય તો પણ તે સિદ્ધ ન થતાં માણસને નકામું સહન કરવું પડે છે. એટલું જ નહીં, પણ એવી પરિસ્થિતિમાંથી ભ્રમ, દંભ, અથવા નાસ્તિકતાની ઉત્પત્તિ થવાનો મોટે ભાગે સંભવ હોય છે. દાખલા તરીકે, કોઈ સાધક ઈશ્વરદર્શન, આત્મસાક્ષાત્કાર વગેરેની ભૂલભરેલી માન્યતા પ્રમાણે કશું સાધન શરૂ કરે અને જો તેની સમજણ પ્રમાણે બનવું શક્ય જ ન હોય તો પછી તે ભ્રમથી કોઈ પણ આભાસ કે કલ્પનાને દર્શન કે સાક્ષાત્કાર માની લે છે. સાધકની પ્રજ્ઞા અભ્યાસકાળ દરમ્યાન વિકાસ પામી હોય તો તેમાંનો ભ્રમ જલદી તેના ધ્યાનમાં આવે છે, અને પછી તે તાત્વિક વિચારો તરફ વળે છે. અને જો તે ભ્રમને જ અનેક પ્રકારે મજબૂત કરવાના અને સત્ય ઠરાવવાના પ્રયત્નમાં પડે તો તેનામાં ધીરે ધીરે દંભ આવવા લાગે છે. જે સાધકને દર્શન, સાક્ષાત્કાર જેવો કોઈ આભાસ થતો નથી અને સાધનોનું કષ્ટ વેઠીને પણ કશું પ્રાપ્ત થયું નથી એ કહેવાની જેનામાં હિંમત નથી, અને જેની પ્રજ્ઞા પણ વિકસિત થયેલી હોતી નથી, તે કાં તો દર્શન, સાક્ષાત્કાર વગેરે થયાનો ઢોંગ કરવા લાગે છે, અથવા ઈશ્વર, અધ્યાત્મ વગેરે બધી કેવળ ભ્રામક કલ્પનાઓ છે એમ માનતો થાય છે અને પૂરેપૂરો નાસ્તિક બને છે. ખરું જોતાં દાંભિક પણ નાસ્તિક જ છે. ફરક એટલો જ છે કે તે પોતાની નાસ્તિકતા છુપાવી શ્રદ્ધાનો ઢોંગ કરે છે. આ પરથી વિચાર કરતાં લાગે છે કે આમાંનો કોઈ પણ પ્રકાર વ્યક્તિની ઉન્નતિ અને સામાજિક હિતની દૃષ્ટિથી ચોક્કસ અહિતકર છે.

ભ્રમ અને દંભનાં કારણો

અનેક પંથોના, જુદા જુદા હેતુસર સાધન કરનારા, અનેક પ્રકારના સાધકો મેં જોયા છે. તેમનાં પરિણામની પણ મને ખબર છે. તેમાંથી જ કેટલાક સાધકોના સિદ્ધ કેવી રીતે બન્યા, કેટલાક સિદ્ધોના મહાત્મા અને ગુરુ બનીને આગળ જતાં તેમાંથી જ પરમેશ્વરના અવતાર કે સાક્ષાત્ ઈશ્વર કેવી રીતે બન્યા તે પણ મેં જોયું છે. એ બધા પરથી અને મારા પોતાના અનુભવ પરથી ખાતરી થઈ છે કે માણસમાં રહેલાં અજ્ઞાન, મોહ, અધૈર્ય આદિ દોષો તેને ભ્રમમાં અને દંભમાં નાખવાનું કે નાસ્તિકતા તરફ લઈ જવાનું કારણ બને છે. જનહિતકારી અને પરોપકારી વૃત્તિવાળી કેટલીક વ્યક્તિઓ પણ કોઈ કોઈ વાર દિવ્યશક્તિ પ્રાપ્ત કરવા માટે સાધકદશા સ્વીકારે છે. ઈશ્વરની આરાધના કરી જ્યાં સુધી તેઓ તેની કૃપા પામે છે, ત્યાં સુધી કદાચ ભ્રમમાં હોય તોય ઓછામાં ઓછું પ્રામાણિક તો હોય છે. પણ ઈશ્વરની કૃપા થઈને આપણામાં કંઈક દિવ્યશક્તિ આવી છે, એમ જ્યારે તેઓ લોકોને બતાવવા માંડે છે, ત્યારે તેઓ જાણીબૂજીને દંભમાં પડે છે. આપણા દેશમાં બુદ્ધિમાન ગણાતા લોકોમાં પણ પુરુષાર્થના અભાવને લીધે કેટલું અંધશ્રદ્ધાળુપણું છે એ ગુરુશાહીના અનેક પ્રકારો પરથી આપણે બધા સારી રીતે જાણીએ છીએ. તે સમાજમાંથી અનેક માણસો આવી વ્યક્તિઓની આજુબાજુ શ્રદ્ધા અને આશાથી ભેગા થાય છે. પોતાની ભાવતૃપ્તિ માટે તેઓ તે વ્યક્તિઓને ઈશ્વર બનાવે છે. તેમને ઈશ્વર બનાવવાથી ભાવિકોની પ્રતિષ્ઠા પણ વધે છે. લોકોની શ્રદ્ધા પરથી એ વ્યક્તિઓને પોતાનામાં પણ ઈશ્વરપણાનો ભ્રમ અને મોહ પેદા થાય છે. પહેલાંનો સાધારણ દયાળુ વૃત્તિવાળો સાધક, ઈશ્વરની કૃપા યાચનારો આરાધક, અને

પોતાને સંપૂર્ણપણે ઈશ્વરાપણ કરનારો ભાવિક, ભોળા લોકોનાં સ્તુતિસ્તોત્રોથી અને તેમણે કરેલા પૂજનથી થોડા જ દિવસમાં પોતાને ઈશ્વર માનવા લાગે છે એ શું ઓછા દુઃખની ને નવાઇની વાત છે? અજ્ઞાન, ભ્રમ, દંભ, અને ભોળપણના આવાં ઉદાહરણો આપણા હિંદુસ્તાન સિવાય બીજે કયાંય મળશે નહીં એમ લાગે છે. પરમેશ્વરના અવતાર કે ઈશ્વરી સામર્થ્યનો સંચાર જેમનામાં થયો છે એવી વિભૂતિઓ હિન્દુસ્તાન સિવાય બીજે કયાંય પેદા થતી નથી. એ પરથી હિન્દુસ્તાનને પૂણ્યભૂમિ માનવી કે પાપભૂમિ માનવી? કે હિન્દુસ્તાન એ ભોળા લોકોનું બજાર છે એમ સમજવું?

માનવીશક્તિની મર્યાદા

સાધનકાળનાં સંયમ અને એકાગ્રતાને લીધે કેટલાક સાધકોમાં એક પ્રકારની વિશેષ શક્તિ આવે છે. તે શક્તિનો પ્રભાવ પણ કોઇ કોઇ વાર બીજી વ્યકિતઓ પર પડેલો દેખાઇ આવે છે. પણ એવો ગમે તેટલો મોટો પ્રભાવ દેખાઇ આવે તો પણ માણસ કદી ઈશ્વર થઇ શકતો નથી. ગમે તેવી મહાન્ સિધ્ધિ મળી હોય તો પણ તેથી માણસ પોતાની જાતને ઈશ્વર માને એ ઝટ ધ્યાનમાં ન આવનારૂં આપણું કેવળ ભોળપણ નથી, પણ તેમાં મોહનો પણ ઘણો મોટો ભાગ છે એમ વિચાર કરતાં લાગે છે. અને જ્યારે તે ઈશ્વરપણું બહારના ઠાઠમાઠથી, બીજાઓ તરફથી મળતી પૂજ્યતા પરથી અથવા બુદ્ધિને મોહમાં પાડનારી અને નશો લાવનારી વાક્જાળ પરથી સિધ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે વિવેકી માણસને એમાં કેવળ નાટકીપણું અને દંભ દેખાય છે અને ઈશ્વરત્વનો ભ્રમ થયેલી વિભૂતિઓની તેમ જ તેમના ભકતોની સ્થિતિ તેને દયાજનક લાગે છે.

માણસના અહંકાર અને મહત્વાકાંક્ષા જ્યારે પરમેશ્વર થવા સુધી જઇ પહોંચે છે ત્યારે તેમાં જ્ઞાન અને વૈરાગ્યના કરતાં અજ્ઞાન અને મોહનું જ વધારે સ્પષ્ટ દર્શન થાય છે. પણ આ દોષોને લીધે જ આ વસ્તુ તે વખતે તેના ધ્યાનમાં આવતી નથી. ઈશ્વરનું પદ, તેમજ વિશ્વનો સઘળો કારભાર અને ઉત્પત્તિ સ્થિતિ, લયની બધી જવાબદારી માણસ ઈશ્વરની પાસેજ રહેવા દે, અને પોતાનું મનુષ્યત્વજ એકલું સંભાળે, તેને વિકસિત કરે તો તેટલાથી પણ તેનું અને દુનિયાનું ઘણું ભલું થાય. તેથી ઈશ્વરને નામે ચાલતા કેટલાય ભ્રમ, દંભ, અને અનર્થ દુનિયામાંથી નાશ પામે; આપણામાં ચાલતા કલહ, અને વૈર ઝેર ઓછાં થાય; માનવતા વધે; સમભાવની મહત્તા સમજાય; બંધુતા અને મિત્રતા વધતા લાગે; સંયમ અને ચિત્તશુદ્ધિને મહત્વ મળે; કર્તૃત્વ અને પુરૂષાર્થનો વિકાસ થાય; અને એકંદરે આપણે બધા સુખી થઇએ.

ધર્મનિશ્ચય

અજ્ઞાનને કારણે અને યોગ્ય માર્ગદર્શકને અભાવે જો કે મારે ઘણું સહન કરવું પડયું તો પણ મેં કરેલી સાધનાથી મારૂં અકલ્યાણ ન થતાં જીવનને જરૂરી એવું જ્ઞાન અને શક્તિ હું તેમાંથી પ્રાપ્ત કરી શકયો. એનું કારણ મારામાં પહેલેથી જ રહેલી સામુદાયિક હિતની બુધ્ધિ, સેવાવૃત્તિ અને એજ જાતના મારા જીવનસંકલ્પો હતા. બધી ભૂમિકાઓ અને અનુભવો તપાસ્યા પછી હું સમજ્યો કે તે ભૂમિકાઓ અને અનુભવો પ્રાપ્ત કરતાં જે શારીરિક અને માનસિક સદ્ગુણો આપણામાં આવ્યા હોય તેમનો બધાના હિત માટે પ્રમાણિકતાથી ઉપયોગ કરવામાં જીવનની સાર્થકતા છે. મારી મૂળ કલ્પના પ્રમાણે પરમેશ્વરનું દર્શન, તેનો આદેશ, એ મારા હેતુઓ, પછીના અનુભવથી જો કે ભ્રામક પુરવાર થયા તો ય તે નિમિત્તે કરવા પડેલા પ્રયત્નો અને પરિશ્રમમાંથી માનવી પ્રકૃતિ, માનવી મન, ગુણો તથા ધર્મોનું જ્ઞાન મને થયું. વ્યકિત, કુટુંબ, ગામ, દેશ, રાષ્ટ્ર, અને માનવજાતિ એમાંથી કોઇનાય કલ્યાણના અવિરોધી એવા માનવધર્મનો વિચાર કરવાના કામમાં તે જ્ઞાનનો મને ઉપયોગ થયો. અને એ જ્ઞાનને લીધે જ વ્યકિત અને માનવ જાતિનું કલ્યાણ કરવાનું સામર્થ્ય આ ધર્મમાં છે, એવો વિશ્વાસ પણ મારામાં પેદા થયો.

પરિશ્રમનો પ્રયત્ન

વિવેક અને સાધનાને લીધે મનને થોડી શાંતિ મળ્યા પછી વચગાળામાં મનની વ્યાકુળ અવસ્થામાં છોડી દીધેલું પરિશ્રમી જીવન ફરી ચાલુ કરવાનો મેં વિચાર કર્યો. કારણકે પરિશ્રમી જીવન માનવીધર્મનો એક મહત્વનો ભાગ છે એ મને સમજાયું હતું. ૧૯૦૮ થી '૧૮ સુધીના કાળમાં મારી કૌટુંબિક અને બહારની રાષ્ટ્રિય પરિસ્થિતિમાં ઘણો જ ફરક પડી ગયેલો હોવાથી તે તે જગ્યાએ પહેલાંનાં જ કામો કરતા રહેવાનું મારે માટે શકય નહોતું. તેથી સ્વતંત્ર રીતે જાતમહેનતનું કોઇ કામ શીખી લેવું અને તે વડે જ પોતાની આજીવિકા ચલાવવી એમ મેં નક્કી કર્યું. પોતાનું જીવન બધી બાજુએથી પવિત્ર, પ્રામાણિક અને ધર્મ્ય બનાવીને પછી તે દ્વારા જનસેવા કરતા રહેવું એ વિચારથી મેં સુથારી, સીવણ કામ, વણાટ વગેરે ઉદ્યોગો શીખવાનો પ્રયત્ન કર્યો. તે માટે જુદા જુદા કારખાનામાં પણ રહ્યો; અને વણાટ અને સુથારીમાં થોડો ઘણો પ્રવેશ પણ કર્યો. એકાદ વરસ નિયમિતપણે સતત તેની પાછળ ગાળું તો એ કામ કરીને હું સ્વાવલંબી થઇશ એવો વિશ્વાસ પણ મારામાં પેદા થયો, પણ ઘરનાં તેમજ બહારના મારા પહેલાંના જ એકંદરે વ્યાપક જીવનને લીધે મારા સંબંધો અગાઉથી જ એટલા વિશાળ થયેલા હતા કે તે બધા સંબંધોને લીધે મારા પર આવી પડતી ફરજો કર્તવ્યબુધ્ધિથી પાર પાડવા જતાં કોઇ પણ ઉદ્યોગ રીતસર શીખવા જેટલી સવડ જ મને મળી નહીં. તેથી ધારેલા હેતુની પાછળ સતત હું લાગી શકયો નહીં. વળી આધ્યાત્મિક ચિંતનમાં અને સાધનમાં મારો કેટલોક વખત પસાર થયો હોવાથી તેટલા પરથી મિત્રમંડળમાં અને ઓળખીતા લોકોમાં તે માર્ગનો હું જ્ઞાતા કે માર્ગદર્શક ગણાવા લાગ્યો હતો. તેથી જિજ્ઞાસુ અને શ્રેયાર્થી સાધકોને મિત્રભાવે સહાનુભૂતિપૂર્વક મદદ કરવાના પ્રસંગો મારા પર આવવા લાગ્યા. આવી જાતનું આધ્યાત્મિક સ્વરૂપનું કોઇ કામ કરવું એવી મારી ઇચ્છા કે સંકલ્પ કદી પણ ન હોવા છતાં-ઊલટું એ જાતના કામો હું ટાળતો હતો છતાં-અભ્યાસી સાધકોને મારે નિરૂપાયે મદદ કરવી પડી. જરૂરી બીનજરૂરી એવા અનેક જાતના ત્રાસ સહીને છેવટે વિવેકપૂર્વક મેં મારૂં મન શાંત કર્યું હતું એટલું જ. બીજાઓની બાબતમાં સાધનાની દૃષ્ટિથી મેં વિચાર કર્યો નહોતો. પણ તેમની જવાબદારીનો ભાર જેમ જેમ વધવા લાગ્યો તેમ તેમ મારે તે વિષયમાં વધારે લક્ષ આપવું પડયું. અને વધારે વિચાર કરવાની ફરજ પડી. એ કારણે પણ ઉદ્યોગના શિક્ષણમાં વારંવાર ખંડ પડવા લાગ્યો આવી રીતે જીવન પસાર થતાં થતાં શારીરિક શક્તિ પણ દિવસે દિવસે ઘટવા લાગી. બીજા કામોનો પસારો પણ વધતો ગયો. એવાં અનેક કારણોને લીધે ઉદ્યોગનું શિક્ષણ પાછળ પડી ગયું. પૂરૂં થઇ શકયું નહીં. આદર્શ જીવનનો હેતુ સિધ્ધ થયો નહીં. તેમ છતાં સેવાભાવથી લોકશિક્ષણનું કાર્ય તેમજ મારી શકિત પ્રમાણે રચનાત્મક કાર્યો વગેરેમાં હાલ વખત ગાળું છું, અને બને તેટલું સાદું અને પરિશ્રમી જીવન બનાવવાનો મારો પ્રયત્ન છે.

વાચનનો ઉદ્દેશ

વિદ્વાન લોકોના પ્રમાણમાં મારૂં વાચન ઘણું જ ઓછું છે. વાચન મનન માટે અને મનન જ્ઞાન માટે છે, અને વાચનનો ઉદ્દેશ પર્યવસાન છેવટે સદાચારમાં થવું જોઇએ એમ મને લાગે છે. તેથી આપણામાં રહેલી સદ્ભાવનાઓ જાગ્રત થઇને વિકાસ પામે એવી જાતના વાચન તરફ મારા મનનું વલણ છે. ઇતિહાસ, પુરાણો, ધાર્મિક, નૈતિક અને ચરિત્રવિષયક,

ગ્રંથોના વાચનનો મને ઘણો ઉપયોગ થયો. સંતવાક્યોને લીધે ભક્તિ, નીતિ, પવિત્રતા, સમતા વગેરેના સંસ્કારો દૃઢ થયા. તે ભાવનાઓનું પોષણ અને સંવર્ધન થતું ગયું. ચિત્તશુદ્ધિ અને સદ્‌ગુણોના વિકાસ સાથે કર્મમાર્ગ તરફ મનનું સ્વાભાવિક આકર્ષણ હોવાથી અને વાંચેલું જીવનમાં ઉતારવાનો આગ્રહ હોવાથી મારું થોડું વાચન પણ જીવનવિકાસની દૃષ્ટિએ મને ઘણું ઉપયોગી થયું.

કર્મ અને જીવ– નનું સાફલ્ય

દેશહિતની દૃષ્ટિથી વ્યાયામનું મહત્વ મને લાગવાથી એ વિષયનો મેં થોડો ઘણો અભ્યાસ કર્યો અને એ જ દૃષ્ટિથી જીવન વિષે વધારે ઊંડો અને વ્યાપક વિચાર કરતાં વ્યાયામનાં સાધનો અને પદ્ધતિ વિષે મારા વિચારમાં આગળ જતાં ફરક પડતો ગયો. જેમ જેમ હું જીવનની સફળતાનો વિચાર કરવા લાગ્યો તેમ તેમ મને એમ લાગવા માંડયું કે કેવળ વ્યાયામની બાબતમાં જ નહીં પણ માણસની શારીરિક, બૌદ્ધિક, અને માનસિક બધી જાતની શક્તિઓ, તે શક્તિઓ પ્રાપ્ત કરવાનાં સાધનો અને ઉપાયો અને એ શક્તિ દ્વારા પ્રકટ થનારું દરેક કર્મ–એ બધાંનું વલણ જીવન શક્તિશાળી, તેજસ્વી અને પવિત્ર કરવા તરફ હોવું જોઇએ. તે સિવાયના બીજા હેતુઓથી થતાં શારીરિક, બૌદ્ધિક, અને માનસિક કર્મોમાં મનોરંજન હશે, પ્રતિષ્ઠા હશે, આનંદ અને શાંતિ આપવાનું સામર્થ્ય હશે; એટલું જ નહીં પણ તેમાં વિકાસનો આભાસ પણ હશે. પરંતુ તેટલાથી માનવીજીવન કૃતાર્થ ન થઇ શકે. આપણે અને આપણી સાથેજ બીજાઓ પણ સુખી થાય અને આપણા બધાનું જીવન સાર્થક થાય એમ આપણને લાગતું હોય તો આપણે આ બધા પ્રકારોમાંથી નીકળી જઇ જેથી કરીને આપણામાં રહેલી બધી શક્તિઓના વિકાસ સાથે તેમની શુદ્ધિ પણ થતી રહે એવોજ માર્ગ ગ્રહણ કરવો જોઇએ. સંયમ અને સાદાઇ અને તેની સાથે સદ્‌ગુણયુક્ત પુરૂષાર્થ એમાંજ જીવનની સફળતા છે એ વાત મારા પ્રયત્નના પ્રમાણમાં મને અનુભવસિદ્ધ થયેલી છે.

મનઃશક્તિનું સંશોધન

આ પુસ્તકના "મનઃશક્તિની શોધ' નામના પ્રકરણમાં મોટા ભાગના વિચારો સ્વાનુભવને આધારે લખેલા છે.

અંધશ્રદ્ધા અને સાધુતા પરની શ્રદ્ધાને લીધે ચમત્કારના ભ્રમો મોળપણ

સમાજમાં કેવી રીતે નિર્માણ થાય છે અને પ્રસરે છે તેનો મને જાતઅનુભવ છે. હું એકાંતમાં રહેવા લાગ્યો ત્યારથી મારે વિષે કેવળ ભોળા લોકોમાં નહીં પણ વિદ્વાન લોકોમાંય શ્રદ્ધા ઉત્પન્ન થવા લાગી. તેના કરતાંય નવાઇની વાત એ કે, મારો દ્વેષ કરનારી કોઇ કોઇ વ્યક્તિઓમાં ય એક પ્રકારના ભયનો અને પછી શ્રધ્ધાનો ઉદ્‌ભવ થવા લાગ્યો. તેને લીધે કેટલાકને સ્વપ્નમાં મારું દર્શન થવા લાગ્યું. કોઇને મારા તરફથી સ્વપ્નમાં ઉપદેશ મળવા લાગ્યો, કોઇના સંકટનું નિવારણ થયું, કોઇનો રોગ મટી ગયો. કોઇ મરતાં મરતાં મારી કૃપાથી બચી ગયો. કોઇ મારી બાધા આખડી રાખવા લાગ્યા. તેમની માનતાને હું પૂરી કરવા લાગ્યો. આવી રીતે ભાવિક અને કામનિક લોકોમાં મારી ખ્યાતિ થવા લાગી. ચમત્કારની અનેક વાતો મારે નામે ફેલાવા લાગી. શ્રધ્ધાવાળા લોકોને તેને લીધે આનંદ થવા લાગ્યો અને તેમની શ્રધ્ધા અનેકગણી વધવા લાગી. પણ જે મારી દિવ્ય શક્તિનો અનુભવ અને સાક્ષાત્કાર લોકોને થતો હતો અને જે બાબતોનું કર્તૃત્વ તેઓ મારા પર આરોપતા હતા. તેમાંના કશાનોય મારી સાથે સંબંધ નહોતો. એ હું જાણતો હતો તેથી અને લોકોમાં આ જાતની માન્યતા અને શ્રધ્ધા નિર્માણ થવામાં આપણું અને જનતાનું અકલ્યાણ છે એવી મારી દૃઢ માન્યતા હોવાથી મેં ચમત્કારોના કર્તૃત્વનો ઇનકાર કર્યો અને આ જાતની શ્રધ્ધા તમારું અને મારું બન્નેનું અહિત કરનારી છે એમ મેં તેમને જણાવ્યું, ત્યારે તે વાત તેમણે પ્રથમ માની નહીં. ઊલટું નિરભિમાનને લીધે હું પ્રતિષ્ઠા ટાળું છું અને મારી દિવ્ય શક્તિનો વ્યય ન થાય માટે પોતે અપ્રગટ રહેવા ઇચ્છું છું વગેરે કલ્પનાઓ તેમણે કરી અને મારી સાધુતા વિષે તેમના મનમાં વળી વધારે શ્રદ્ધા પેદા થઇ. પણ દરેક વખતે મારા સ્પષ્ટ કહેવાથી અને સાદાઇથી લોકસમજણ આખરે ઠેકાણે આવી અને મારે વિષેની અંધશ્રદ્ધા ઊડી ગઇ. તે વખતે લોકશ્રધ્ધાનું મેં પોષણ કર્યું હોત તો લોકોમાં ભ્રમ અને મારામાં દંભ વધત અને અમારા બધાની દુર્ગતિ થાત એ વિષે શંકા નથી. સાધકની સાથે ચમત્કાર કેવી રીતે જોડી દેવામાં આવે છે તેની મને જાત અનુભવથી ખબર પડી ત્યારથી કોઇ પણ ચમત્કારપૂર્ણ કથા વિષે મારું મન સાશંક રહેવા લાગ્યું છે.

મનઃ શક્તિનું સંશોધન

આ વિષયની આ ભ્રમની અને ભોળપણની બાજુ છોડી દઇ બીજી શોધકપણાની બાજુ એટલે કે ચમત્કાર કરી શકે એવી કોઇ વિશેષ શક્તિ માણસ પોતાનામાં નિર્માણ કરી શકે કે નહીં એ સવાલને લગતી છે.

તે બાબતમાં મને એમ લાગે છે કે તેવી શક્તિ માણસ અમુક મર્યાદા સુધી પ્રાપ્ત કરી શકે છે. તેનામાં તેવી શક્તિ નિર્માણ થઇ શકે છે. પોતાની શારીરિક શક્તિ જેમ માણસ અમુક પ્રમાણમાં વધારી શકે છે તેમજ યોગ્ય પ્રયત્નથી માણસ પોતાની માનસિક શક્તિ પણ અમુક હદ સુધી વધારી શકે છે. આ શક્તિના કાર્યકારણ ભાવ સૂક્ષ્મ અને ગૂઢ હોવાથી આપણે તેને દૈવી શક્તિ કહીએ છીએ; પણ સૂક્ષ્મ વિચાર કરતાં તેમ કહેવાનું કશું કારણ નથી; અથવા જેનામાં એવી શક્તિ આવી હોય તેને પણ દૈવી પુરૂષ કે ઇશ્વર માનવાની જરૂર નથી. કેવળ તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો કયું પ્રાણી, કઇ શક્તિ, કે કઇ ક્રિયા ઇશ્વરી નથી? એક જ ચિત્‌શક્તિમાંથી, વિશ્વશક્તિમાંથી, દૃશ્યઅદૃશ્ય પસારો પેદા થયો છે અને તેનો કારભાર ચાલી રહ્યો છે. સૂર્ય જેવા અને તેના કરતાંય પ્રચંડ અને દેદીપ્યમાન ગોળાથી માંડીને અણુથી પણ નાના જીવ સુધી એ જ શક્તિ બધામાં ભરેલી છે, અને બધાને ચલાવી રહી છે. વિશ્વની સ્થાવર જંગમ, ચર અચર, બધી વસ્તુઓનું તેજ નિયમન કરે છે. તો પછી માણસમાં થોડીક વધારે શક્તિ દેખા દે, તો તેને આપણે દિવ્ય કે દૈવી શક્તિ શા માટે માનવી? તેથી ચમત્કારના ભ્રમમા ન પડતા અને ઇશ્વરત્વના મોહમાં ન ફસાતાં આપણી માનસિક શક્તિનો ક્રમ વિકાસ કરવો એના સંશોધન તરફ આપણે ધ્યાન આપવું ઘટે. તે શક્તિને આપણે વધારે ક્રિયાશીલ, ગતિશીલ, તીવ્ર અને શુધ્ધ ક્રમ બનાવી શકીએ અને તેની મદદથી માનવી સ્થૂળ વ્યવહાર પર પણ ઇષ્ટ અસર કેવી રીતે ઉપજાવી શકાય એનો શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરવા તરફ આપણું મન વળવું જોઇએ. હું પોતે આ વિષયનો સિદ્ધ કે શાસ્ત્રો નથી, છતાં આ વિષયના મારા અને બીજાઓના થોડાક અનુભવો પરથી મારી આ વિષયમાં કેવળ શ્રદ્ધા જ નહીં પણ ખાતરી છે કે માણસ યોગ્ય પ્રયત્નથી પોતાની માનસિક શક્તિ અમુક મર્યાદા સુધી વધારી શકે છે, તેને સ્વાધીન રાખી શકે છે અને ભ્રમ અને દંભ ન વધારતાં જગતનાં દુઃખો દૂર કરવા માટે સહૃદયતાથી તેને વાપરી શકે છે. માનવજાતિને આ મનઃશક્તિની કેટલી જરૂર છે અને તે માટે માણસે કેવી રીતે પ્રયત્નશીલ રહેવું જોઇએ તેનું આ વિષેના પ્રકરણમાં વિવેચન કરેલું છે.

* * *

પરિચય લખવામાં મારા પ્રથમના સંકલ્પિત કાર્યમાં મને પડેલી હાડમારીઓ; કરવા પડેલા ત્યાગ; એ ધર્મ કર્તવ્યો આવી પડયાં હોય એવે વખતે નિર્ણય કરતાં થયેલું મનોમન્થન; નાનપણથી ઉદ્દાત્ત હેતુની પાછળ પડવાને લીધે પેદા થયેલી કૌટુંબિક મુશ્કેલીઓ; કુટુંબના માણસોનાં જોવાં પડેલાં દુઃખ; તેમની ઉપેક્ષા અને અવહેલના માટે પોતાને થયેલો મનસ્તાપ; તેમની યોગ્ય

જરૂરિયાતો પણ પૂરી ન પાડી શકવાને કારણે વખતો વખત થયેલી માનસિક વેદના; મારી પ્રવૃત્તિની સાહસિક યોજના; તે કાળનો સાહસના પ્રસંગો અને કૃત્યો; અસીમ મિત્રપ્રેમ; બીજાને માટે તેમજ દેશને માટે બતાવવી પડેલી ઉદારતા અને સહન કરવાં પડેલાં સંકટો; નિરાશા, અજ્ઞાતવાસ અને ચિંતાગ્રસ્ત અવસ્થામાં પસાર કરવા પડેલા દિવસો; વગેરેનું વર્ણન મેં જાણી-જોઈને છોડી દીધું છે. તે જ પ્રમાણે એકાંતવાસ અને સાધનકાળની મનની વ્યાકુળતા; તપ, સંયમ, ઉપવાસ, પ્રવાસ વગેરે દરમ્યાન કષ્ટના અને સહનશક્તિની કસોટી કરનારા પ્રસંગો; જીવન જાણી બૂજીને અગવડવાળું કરવાથી સહન કરવી પડેલી જાત જાતની મુસ્કેલીઓ; વિયોગને લીધે પ્રિયજનોને સહન કરવાં પડેલાં દુઃખ વગેરે હકીકતો લખવાનું પણ મેં ટાળ્યું છે. દર્શન, સાક્ષાત્કાર, તદ્રુપતા, વગેરે જુદી જુદી ભૂમિકાઓમાં થયેલા જુદી જુદી જાતના આનંદાનુભવ, અને તે કાળમાં વધેલા માનસિક સામર્થ્યના મળેલા પ્રત્યયનું અહીં મેં વર્ણન કર્યું નથી. જીવનમાં નાનીમોટી, પ્રસિદ્ધ અપ્રસિદ્ધ વ્યક્તિઓ સાથે આવેલા અને આખા જીવન દરમ્યાન વધારેને વધારે દ્રઢ અને ગાઢ થતા ગયેલા સંબંધોનોય મેં આમા નિર્દેશ કર્યો નથી. હિમાલયમાં રહ્યા છતાં ને ત્યાં ખૂબ રખડ્યા છતાં ત્યાંની કુદરતનું ભવ્ય, રમ્ય અને આકર્ષક વર્ણન કરવાનો વિચાર પણ મારા મનમાં આવ્યો નથી. જીવનનો પ્રવાહ કયા કયા વિચાર-આચારમાંથી પસાર થતો થતો કેવા કેવા સંસ્કારો ધારણ કરતો કરતો કઈ કઈ પ્રવૃત્તિમાંથી, સાધનામાંથી અને અભ્યાસમાંથી આજનું સ્વરૂપ પામ્યો છે અને આજના વિચારો કયા કયા અનુભવોમાંથી અને તેના પરીક્ષણમાંથી પરખાઈને નીકળેલા છે એટલું જ કહેવાનો આમાં સાધારણપણે પ્રયત્ન કર્યો છે.

હવે એક જ મહત્વની વાત મારે પોતાને વિષે કહેવાની રહે છે. દરેક માણસને પોતાને વિષે મમતા હોય છે, તેથી પોતાના આચાર વિચાર તેને પ્રિય લાગે છે. તેને કારણે પોતાના જીવનમાં તેને ઉદાત્તતા, ભવ્યતા, સજ્જનતા, વિશેષતા વગેરે બધું જ લાગે છે. તે વખતે જીવનમાં પોતાના તરફથી થયેલી ગમે તેવી મોટી ભૂલો, દોષો, અપરાધો, તેમજ પોતાના દુર્ગુણો, દુર્બુદ્ધિ અને વિકારો, એ બધાંનું તેને વિસ્મરણ થાય છે. પણ આ વાત સત્ય અને પ્રામાણિકતાની સાથે મેળ ખાતી નથી. માણસ માત્રમાં ગુણદોષો ઓછાવત્તા પ્રમાણમાં રહેલા જ છે. એ નિયમ પ્રમાણે જોતાં મારા કોઇ પણ દોષો મેં "પરિચયમાં બતાવ્યા ન હોય તોય બીજાઓની જેમજ મારામાં પણ ગુણદોષોનું મિશ્રણ છે. જેમના દોષની દુનિયાને ઝાઝી ખબર હોતી નથી કે જેમના દોષોથી કોઇને ઘણું નુકસાન થયેલું હોતું નથી, અથવા જેઓ દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે અને જેમના ગુણોને થોડી ઘણી ખ્યાતિ મળેલી હોય છે તેઓ દુનિયામાં "ભલા" ગણાય છે. એવા અનેક "ભલા" માંનો હું એક છું એટલું જ વાચકોએ મારે વિષે સમજવું. જે જીવનસિદ્ધ વિષે મેં પુસ્તકમાં વારંવાર લખ્યું છે તે હજુ મને પૂરેપૂરી પ્રાપ્ત થઇ નથી. તેમ છતાં તે દિશા તરફ હું શક્ય તેટલો પ્રયત્નશીલ છું.

પોતાને વિષે સારું કે ખોટું કશું પણ કહેવાનો સ્વભાવથી જેને કંટાળો છે એવા અને કેવળ કર્તવ્યનિષ્ટ રહેવાનો પ્રયત્ન કરનારા મારા જેવાને પોતાનો આટલો વિસ્તારપૂર્વક પરિચય લખવો પડ્યો છે. 'અહંવૃત્તિ' ને બને તેટલી ઓછી કરીને મેં જે પોતા વિષે લખ્યું છે તે પણ મિત્રોના આગ્રહના કારણે તેમ જ પુસ્તકમાં આપેલા વિચારોની પાછળ જીવનભરની પ્રયત્નશીલતા છે એ વાત વાચકોના ધ્યાનમાં આવે એટલા માટે. તેમ છતાં આમાં કોઇને આત્મસ્તુતિનો દોષ જણાય તો તેનો મારે નમ્રતાપૂર્વક સ્વીકાર કરવો જ રહ્યો. તે બદલ વાચકો મને ઉદારતાપૂર્વક ક્ષમા કરે એટલી તેમને વિનંતી છે.

સમાપ્ત

પર્યુષણના પ્રાણ

ધર્મ બે પ્રકારનો છે. પહેલો સામાજિક અને બીજો વ્યક્તિ-ગત. સામાજિક ધર્મનાં મૂળ અને તેનું મુખ બહાર તરફ હોય છે, જ્યારે વ્યક્તિગત ધર્મનાં મૂળ અને તેનું મુખ અંદરની બાજુએ હોય છે. સામાજિક ધર્મ બહિર્મૂળ અને બહિર્મુખ એટલા માટે છે કે તે ધર્મ મોટે ભાગે જન્મ સાથે જ પ્રાપ્ત થયેલો અને છેક બાળપણથી જ આચરાતો આવે છે. વળી એ ધર્મ સમાજમાં એકબીજાની દેખાદેખીથી પોષાય છે, ભય, લાલચ તેમજ નવી સૂઝનો અભાવ અને કેટલીકવાર નવી સૂઝ હોય છતાં પણ તે પ્રમાણે પગલું ભરવા જેટલી હિંમતનો અભાવ વગેરે કારણો સામાજિક ધર્મના પોષક બને છે. તે તે સમાજમાં પ્રચલિત એવાં ક્રિયાકાંડો, વ્રતનિયમો, તપ અનુષ્ઠાનો, અને બીજા ધર્મ પ્રથાઓને અનુસરી સામાજિક વ્યક્તિ મોટે ભાગે સંતોષ અનુભવે છે. તેને એ પ્રમાણે ન વર્તવામાં સામાજિક ટીકાનો અને મોભામાં ઉણપ આવ-વાનો પણ ઊંડો ઊંડો ભય હોય છે. મોટે ભાગે સામાજિક ધર્મની વ્યાપ્તિ આંખ, કાન અને જીભ સુધી રહે છે. કેમકે સામાજિક ધર્મમાં ઉત્સવનું પ્રાધાન્ય હોય છે અને ઉત્સવો તો ધર્મ્ય ગણાતી એવી બધી જ ઇન્દ્રિયતર્પક કે મનોરંજક પ્રથાઓ વિના નથી પોષાતા કે નથી આકર્ષક બનતા.

વ્યક્તિગત ધર્મનું સ્વરૂપ સાવ જુદું છે. તેનો ઊગમ જીવન વિશેના વિચારમાં રહેલો છે. આવો વિચાર ઉંમરનો અમુક પરિપાક માગી જ લે છે. માત્ર શ્વાસોશ્વાસ લેવા અને શરીર નભાવવું એ જ જીવન છે કે ખરું જીવન તેથી પર છે? વળી વૈયક્તિક ભિન્ન દેખાતાં જીવનનો બીજા જીવનનો સાથે તાત્ત્વિક અને નૈતિક શો સંબંધ છે? એવા સંબંધોને વિકસાવવા અને નિર્મળ કરવાના ઉપાયો છે કે નહીં? અને હોય તો તે કયા? આવા અનેક પ્રશ્નો જ્યારે એક અથવા બીજી રીતે અંતરમાં ઉદ્ભવે છે અને તેનો સંતોષકારક ખુલાસો મેળવ્યા વિના તેમજ તે ખુલાસા પ્રમાણે વર્ત્યા વિના અંદરથી અજંપો અકળાવે છે ત્યારે જ તે વ્યક્તિની ચેતનાના આકાશમાં ધર્મનું પ્રભાત ફૂટે છે. આવું પ્રભાત હંમેશા સામાજિક ધર્મ્ય પ્રથાઓનું દાસ કે અનુગામી જ હોય એમ નથી બનતું, કારણ કે તેમાં નવી સૂઝ સાથે તે પ્રમાણે વર્તવાની અને તેમ કરવા જતાં ઇતરજનોની પ્રશંસા કે નિંદાથી તટસ્થ રહેવાની સ્વતઃ-સિદ્ધ હિંમત પણ પ્રગટે છે. આચાર્ય હરિભદ્રે આ જ અંતરમૂળ અને અંતર્મુખ ધર્મને પ્રતિસ્રોતોગામી એટલે કે સામાન્ય લોક-પ્રવાહની સામે જતો–સામે પૂરે ચાલતો–ધર્મ કહેલ છે. તેમણે જે ધર્મને અનુસ્રોતોગામી કહેલ છે તે જ સામાજિક ધર્મ છે. વિશેષ પ્રચલિત જૈન પરિભાષામાં કહેવું હોય તો એકને 'દ્રવ્યધર્મ' અને બીજાને 'ભાવધર્મ' કહી શકાય.

દ્રવ્ય અને ભાવ એ બે વચ્ચે હંમેશા વિરોધ જ હોવો જોઇએ એમ સમજવાનું નથી. વૃક્ષના બે ભાગ છે: એક જમી-નની અંદર અને બીજો જમીન બહાર. બહારનો ભાગ હોય છે તેવડો મોટો અંદરનો ભાગ નથી હોતો. વળી વડ જેવા વૃક્ષનો બહારનો વિસ્તાર જેટલો આકર્ષક તેમજ આશ્રયપ્રદ હોય છે તેવો અને તેટલો આકર્ષક કે આશ્રયપ્રદ અંદરનો ભાગ નથી હોતો એ ખરું, પણ આપણે જાણીએ છીએ કે અંદરનાં મૂળ જીવતાં હોય અને પાર્થિવ રસ ખેંચી ઉપરના ભાગને પોષતાં હોય ત્યાં લગી જ એ વૃક્ષની સર્વશોભા અને જીવનશક્તિ રહે છે. ઉપરનો ભાગ ગમે તેટલા પાણીથી સિંચાય કે ગમે તેટલા હવા પ્રકાશ આદિ તત્ત્વો તેને લાધતા રહે, છતાં જો અંદરના મૂળિયાં કોહાયાં કે એના રસ શોષવાની અને ઉપરના ભાગ સુધી રસ પહોંચાડવાની શક્તિ ન રહી તો ખાતરીથી એ ઉપરનો ભાગ પણ વૃક્ષ મટી જઇ માત્ર ઠૂંઠો બનવાનો. દ્રવ્ય અને ભાવ એ ધર્મો વચ્ચે પણ કાંઇક આવો

અત્યન્ત ખુંચી રહ્યું છે. જે સંસ્થાના પ્રતિનિધિ તરીકે પોતે રાષ્ટ્રનું રાજ્યતંત્ર ચલાવી રહ્યા છે તે સંસ્થાની કારોબારીની આવી દ્વિધા મનોદશાએ જ માત્ર નહિ, પણ એવા જ વિચિત્ર વર્તનને જવાહરલાલજીને અસ્વસ્થ બનાવી મૂકયા હોય એમ અનુમાન થાય છે. અને તેથી કૉંગ્રેસની કારોબારીના પૂરેપૂરા સાથનો પોતાને વિશ્વાસ પડે એવી કારોબારીની પુનરૂરચના થવી જોઇએ એવો જવાહરલાલજીનો આગ્રહ છે. ટેન્ડનબાબુ આનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું એમ છે કે "કૉંગ્રેસની કારોબારી ચુંટવાનો કૉંગ્રેસના પ્રમુખને જ સંપૂર્ણ અધિકાર છે અને તેમાં લેશ માત્ર દખલગીરી કરવાનો કોઇને હકક નથી. વળી આજની કારોબારી મેં પોતે ચુંટી છે તે કારોબારીને માત્ર જવાહરલાલજીની આવી પાયાવિનાની કલ્પનાઓ અને ભ્રમણાઓને આધીન બનીને હું કેમ વિસર્જિત કરી શકું ? કારોબારીમાં બે જગ્યાઓ ખાલી છે તે જવાહરલાલજી કહે તેમ હું પુરી કરું; હજુ બીજા બે સભ્યો વધારવા ઉમેરવાનું કહે તો તે પણ કરવાને હું તૈયાર છું. પણ તેઓ હુકમ કરે તે મુજબ આજની કારોબારીને રૂખસદ આપું અને નવી કારોબારીની નિમણુક કરું એ મારાથી બની ન જ શકે. કૉંગ્રેસના પ્રમુખના સ્વતંત્ર અધિકારની બાબતમાં કૉંગ્રેસના એક પ્રતિનિધિને આવી દખલગીરી કરવાનો કોઇ હકક નથી." આવા ખ્યાલ અને વલણ ટેન્ડનબાબુના છે.

બંધારણની દૃષ્ટિએ કૉંગ્રેસપ્રમુખના વલણમાં વાંધો કાઢી શકાય તેમ નથી, પણ જવાહરલાલ માંગે છે કૉંગ્રેસીઓમાં વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા, જે કાંઇ નિર્ણય કરવામાં આવે છે તેનો સાચા દિલનો અમલ. આજે કૉંગ્રેસ અને જનતાનો સંપર્ક લુપ્ત થઇ ગયો છે; કૉંગ્રેસમાંથી આદર્શનિષ્ઠા અદૃષ્ય થઇ ગઇ છે. સત્તાશાહી રાજકારણે કૉંગ્રેસીઓમાં એક પ્રકારનો પ્રમાદ પેદા કર્યો છે. પ્રજાજીવન અને કૉંગ્રેસપ્રવૃતિ વચ્ચેનો સુસંવાદ તુટી ગયો છે. ઉપદેશ અને આચાર વચ્ચે કશો મેળ રહ્યો નથી. જો કૉંગ્રેસે પૂર્વવત્ સત્તાશાળી સ્થાન પ્રાપ્ત કરવું હોય તો કૉંગ્રેસ ધ્યેય વિના, ધારણા વિના દિશાશૂન્યપણે ધસડાઇ રહી છે તે સ્થિતિ એકદમ અટકવી જોઇએ અને પ્રજાજીવન અને કૉંગ્રેસ વચ્ચે સુમેળ ઉભો થવો જોઇએ અને જે રાજનીતિ સ્વીકારવામાં આવી હોય તેનાં સર્વ અંગોને પૂરેપૂરી અમલી બનાવવા માટે કૉંગ્રેસી નેતાઓએ ખરા દિલનો પ્રયત્ન કરવો જોઇએ. મોહાની સહમતી આપવી અને પાછળ રહીને ઠેકડી કરવી, જવાહરલાલનાં આ બધાં તુત છે એમ કહીને મજાક ઉડાવવી-આવી આજે કૉંગ્રેસ વર્તુળોમાં ચોતરફ પ્રવૃત્તિ ચાલી રહી છે એમ જવાહરલાલ માને છે અને તે કારણે તેઓ ઊંડી વેદના અનુભવી રહ્યા હોય એમ તેમના ઉદ્‌ગારો ઉપરથી લાગે છે. પોતે જે કાંઇ કરી રહ્યા છે તેને કૉંગ્રેસની કારોબારીને પૂરેપૂરો ટેકો હોવો જ જોઇએ. આજની કારોબારી આ ઢબની નથી એવો જવાહરલાલજીનો અભિપ્રાય છે, અને તેથી તેની પુનરૂરચના ઉપર જવાહરલાલજી ખૂબ ભાર મૂકી રહ્યા છે.

આ આખું કોકડું સપ્ટેમ્બરની આઠમી તારીખે મળનાર અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક સમક્ષ રજુ થનાર છે. આજની કક્ષાએ કાં તો ટેન્ડનબાબુ અને કાં તો જવાહરલાલ બેમાંથી એકની પસંદગી કરવી જ પડે-કારણ કે બન્ને વચ્ચે સમાધાનીનો કોઇ સંભવ દેખાતો નથી-આવી પરિસ્થિતિ ઉભી થઇ છે અને પસંદગી જ કરવાની હોય તો જવાહરલાલના પક્ષમાં બહુમતી ઢળવાનો ઘણો વધારે સંભવ છે અને આજની પરિસ્થિતિમાં તે જ યોગ્ય વ્યવહાર માર્ગ લાગે છે.

હવે આજે કલ્પવામાં આવે છે તેમ જ જો બને તો થોડા દિવસ બાદ મળનારી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠકમાં કૉંગ્રેસની કારોબારીની પુનરૂરચનાને લગતી જવાહરલાલની માંગણી મંજુર કરવામાં આવશે, પરિણામે ટેન્ડનબાબુ પ્રમુખસ્થાનનું રાજીનામું આપશે, પણ પછી કૉંગ્રેસના પ્રમુખસ્થાને કોણ આવે એ સવાલ ઉભો થાય. કૉંગ્રેસના મુખ્યસ્થાન ઉપર રહેલી વ્યકિત વહીવટી અધિકાર સ્વીકારી ન શકે-આવો એક કેટલાએક વખતથી સ્વીકારવામાં આવેલો શિરસ્તો છે. આ શિરસ્તા મુજબ જવાહરલાલ કૉંગ્રેસના પ્રમુખ થઇ ન શકે, પણ આ શિરસ્તામાં અસાધારણ સંયોગોમાં અપવાદ થઇ શકે છે એમ જવાહરલાલજીએ જ જણાવ્યું છે. તેથી ઉપરની ચુંચનો હવે ઉકેલ શોધવાપણું રહેતું જ નથી, સિવાય કે જવાહરલાલજી પોતાને સર્વ પ્રકારે અનુકુળ હોય અને કૉંગ્રેસને મંજુર હોય એવી કોઇ વ્યકિતનું નામ પ્રમુખસ્થાન માટે સૂચવે.

આ બધા ફેરફારો કરવાથી કૉંગ્રેસની આજની સ્થિતિમાં કશો મહત્વનો સુધારો થશે કે કેમ તે શંકાપડતું છે. કારણ કે આજે જે વિચારભેદ પેઠો છે તે માત્ર કૉંગ્રેસની કારોબારી પુરતો નથી. એ વિચારભેદ પ્રાન્તે પ્રાન્તે અને સમિતિએ સમિતિએ છે, અને આવી સાર્વત્રિક સાફસુફી કરવાનું, આજે જ્યારે ચૂંટણી માથા ઉપર ઊભી છે ત્યારે, શકય જ નથી. બીજી બાબતો બાજુએ રાખીએ તો આટલું તો સ્પષ્ટ દેખાય છે કે આજના સંયોગોમાં પોતે પૂરેપૂરા વિશ્વાસનિર્ભર બની શકે એવી કૉંગ્રેસની કારોબારી જવાહરલાલજીને જોઇએ છીએ; તદુપરાન્ત આગામી ચુંટણી માટે કૉંગ્રેસી ઉમેદવારોની પસંદગીમાં પોતાનો સંપૂર્ણપણે અસરકારક અવાજ હોય એવી જવાહરલાલની અપેક્ષા હોવાનું અનુમાન થાય છે. આ બન્ને લક્ષ્ય જવાહરલાલજી પોતાના આ પગલાથી સિદ્ધ કરી શકશે એમ લાગે છે. આજના લોકશાસનના ચોગઠા નીચે જેટલા સત્તાધીશ બની શકાય તેટલા સત્તાધીશ બનવું અને પોતાની કલ્પના મુજબ દેશના ભાવીને ઘડવું એવી મુરાદ જવાહરલાલજી દિલમાં સેવતા હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

આ જવાહર-ટેન્ડન-ધર્ષણે એ બન્ને વિશિષ્ટ વ્યકિતઓ વિષે લોકોને ગમે તેમ વિચારવાની અને બોલવા લખવાની તક આપી છે અને આજનું વળણ પ્રમાણમાં વધારે જવાહરપક્ષી હોઇને ટેન્ડનબાબુ વિષે બોલવા લખવામાં છાપાવાળાઓએ અને કેટલાક કૉંગ્રેસવાદી નેતાઓએ સંયમની બધી મર્યાદા બાજુએ મૂકી દીધી હોય એમ લાગે છે. સામસામા કાદવ ઉછાડવાની આજે શબ્દલીલા ચાલી રહી છે. આ અત્યન્ત દુઃખદ છે, આપણને ભારે શરમાવનારી છે.

જવાહરલાલજીના રાજીનામાથી ઉભી થયેલી કટોકટી અંગે ઉપજતા કેટલાક વિચારો ઉપર રજુ કર્યા છે. અધુરી માહીતીના કારણે તેમાં ક્ષતિ હોવાનો ઘણો સંભવ છે. આખી પરિસ્થિતિ વિષે પૂરી સ્પષ્ટતા તો સપ્ટેમ્બરની આઠમી તારીખની બેઠક પછી જ થઇ શકશે. કૉંગ્રેસનું નાવ આજે ચકડોળે ચડયું છે, તેનો છેડો કયારે અને કેવો આવશે તેની આજે તો કશી સૂઝ પડતી નથી.

પરમાનંદ

વાનર

વાનરોના રાજ્યમાં એ દિવસે એકી અવાજે હાહાકાર મચી રહ્યો હતો.

તેમાંથી એક તરૂણ વિચારવંતે પોતાની નવી શોધ જાહેર કરી કે વાનરોના મૂળ પૂર્વજ માણસો હતા.

આખોયે વાનરસમાજ ખળભળી ઊઠયો હતો.

વૃદ્ધ વાનરો કહેવા લાગ્યા કે 'માનવીઓ આપણા પૂર્વજો! તેમને પૂંછડાં નથી. તેમને ઝાડ પરથી કૂદતાં આવડતું નથી. વધું શું? એમને જીંદગીનો આનંદ લૂંટતાં પણ આવડતું નથી. ફકત જીવવા માટે તેમને એટલી તો ઉપાધિઓ કરવી પડે છે કે છેવટે તેઓ તેમાં જ મરી જાય છે!

'બરોબર છે! બરોબર છે!' દરેક ખૂણેથી એક જ અવાજ આવ્યો! 'માનવી અમારા પૂર્વજો હોય એ શકય જ નથી. કોઇક શ્રેષ્ટ વાનર જ અમારો પૂર્વજ હોવો જોઇએ!'

'અખંડાનંદ'માંથી ઉધ્ધૃત **શ્રી. અનંત કાણેકર**

શુદ્ધ–વ્યવહાર આંદોલન

ધીમે ધીમે વેપારીઓના હાથમાંથી વેપાર જવા માંડયો છે. કાનૂનો અને નિયંત્રણોના બંધનો માન્ય રાખીને વેપારીઓ માટે કામ કરવું મુસ્કેલ અને અસંભવિત થતું જાય છે. ખાસ કરીને મધ્યમ વર્ગના વેપારીઓ માટે વેપારમાંથી પોતાને જરૂરી જીવન-ખર્ચ કાઢવો મુસ્કેલ થઇ રહ્યો છે. તેઓ નવું કામ હાથમાં લેવા માટે પોતાને અકુશળ અને અયોગ્ય માને છે. આ હાલતમાં તેઓ શું કરે? એમના બાપદાદાની પેઢીઓથી જે કામ ચાલી રહ્યું હોય છે તે કામ તેઓ સહેલાઇથી હાથ કરી લે છે; કારણ કે એમને એની જાણકારી છે, આજના નિયંત્રણોને લીધે એક બાજુ પોતાની જાણકારીના વ્યવહારકુશળતાના ઉપયોગ માટે અવકાશ નહિ રહેવાથી આ લોકો બેકાર બની રહ્યા છે. બીજી બાજુ આ નિયંત્રણોને લીધે જનતાને પણ કોઇ વિશેષ સગવડ થઇ હોય એમ નથી. નિયંત્રણ નીચે મૂકાયલી વસ્તુઓ પ્રાપ્ત કરવામાં કલાકો સુધી રાહ જોવી પડે છે છતાં એ પૂરા પ્રમાણમાં મળતી નથી, અને સારી ચીજો મેળવવાનું તો લગભગ અસંભવિત થઇ ગયું છે. પછી એ ચીજો પૂરતા પ્રમાણમાં મેળવવા માટે કાળા બજારમાંથી બહુ ઉંચા ભાવે લેવી પડે છે. આ રીતે આજે સચ્ચાઇ પ્રમાણીકતા જાળવવી કે કાયદાસર વર્તવું બહુ જ મુસ્કેલ થઇ ગયું છે.

સરકારને પણ આ વિષે ઓછી મૂંઝવણ નથી. પોતાની શક્તિનો ઘણો મોટો અંશ આ કામમાં તેને વાપરવો પડે છે, જેથી કેટલાય આવશ્યક રાષ્ટ્રનિર્માણનાં કાર્યો અધ્ધર રહી જાય છે. આટલું બધું કરવા છતાં પણ ન તો લોકોની સગવડ વધી છે કે ન તો સરકારની લોકપ્રિયતા. જો સરકારના પલ્લામા કંઇ પણ પડયું હોય તો તે અપ્રિયતા અને અસંતોષ જ છે.

પાછો પ્રશ્ન ઉભો થાય છે કે આ નિયંત્રણો શા માટે રાખવામાં આવે છે? કાનૂનોના નવાં નવાં બંધનો શા માટે ચાલુ ઉભા કરવામાં આવે છે? એનું કારણ એ છે કે લોકો પોતાના સ્વાર્થની સામે સમાજ તથા જનતાનું હિત જોતા નથી. જો વેપારી પોતાનો વેપાર સચ્ચાઇ અને જનકલ્યાણને ધ્યાનમાં રાખીને કરતો હોય, ઉત્પાદકોની દૃષ્ટિ વધારે નફો મળે તે તરફ નહિ, પણ સમાજને માટે આવશ્યક ચીજો ઉત્પન્ન કરવા તરફ હોય, અને ઘરાકોમાં એમ સમજશક્તિ હોય કે જે વસ્તુ ઓછા પ્રમાણમાં મળતી હોય તેના વગર અથવા જેટલી મળે તેટલાથી ચલાવી લેવું જોઇએ તો નિયંત્રણની જરૂર જ ન રહેત અને નિયંત્રણ નાખવામાં આવે તો પણ તે અસફળ નિવડત.

પરંતુ આપણા બધામાં સ્વાર્થવૃત્તિ ઘણા વધારે પ્રમાણમાં છે. સમાજ કે રાષ્ટ્ર કે પછી બીજા માટે કંઇ કરવાની વૃત્તિ કે સંસ્કાર આપણામાં બહુ જ ઓછા છે. જો આપણે બીજા માટે જીવતા શીખ્યા હોત તો જુદી જ પરિસ્થિતિ નજરે પડત. પણ સર્વસાધારણ જનતામાં આ વૃત્તિનો અભાવ હોવાથી નિયંત્રણો અને કાનૂનો હોવા છતાં પણ જનતાની સગવડો ઓછી થતી ગઇ છે. જેમનાં પર નિયંત્રણો કે કાનૂનોના અમલની જવાબદારી મૂકવામાં આવી છે તે અધિકારીઓ પણ સ્વાર્થને ખાતર પોતાના કર્તવ્યની ઉપેક્ષા કરતા હોય છે. તેઓ બરાબર કામ કરે તેની દેખરેખ રાખવા માટે તેમની ઉપર બીજા અધિકારીઓ નિમાયલા હોય છે, પણ આ અધિકારીઓ પણ લાંચરૂશ્વતનો એ જ રીતે ભોગ બનેલા હોય છે. પરિણામે લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચારનું દૂષિત ચક્ર ચાલ્યા જ કરે છે. વેપારીઓ પણ કાયદા અને નિયમોને બેકાર બનાવવામાં પોતાની બુદ્ધિ વાપરે છે. લાંચ દઇને કાનૂનોમાં રહીને પણ તેઓ પોતાની ઇચ્છા મુજબ કામ કઢાવી લે છે. આમ સ્થિતિ સુધરવાને બદલે બગડી રહી છે. આ બધી વાતોનું પરિણામ એમ આવી રહ્યું છે કે ચાલબાજી કે અપ્રામાણિકતા સિવાય કોઇ વહેવાર ચાલી જ ન શકે. કાં તો વ્યાપાર છોડી દે અથવા અપ્રામાણિકતાથી વ્યવહાર કરે.

આ સ્થિતિ કોઇ પણ દૃષ્ટિએ શ્રેયસ્કર નથી. આ સ્થિતિ બદલવા માટે શું કરવું જોઇએ? એકબીજાને દોષ દેવાથી કે ટીકા–ટિપણી કરવાથી કંઇ આ સમસ્યાનો ઉકેલ નહિં આવી શકે. સમસ્યાના ઉકેલના બે માર્ગ છે. એક છે કાનૂનનો અને બીજો હૃદય–પરિવર્તનનો. કાનૂન પણ લોકોના હૃદયમાં સદ્‌ગુણોનો વિકાસ કરવા માટે જ બનાવવામાં આવે છે, પણ જણાય છે એવું કે લોકોમાં સદ્‌ગુણો ન હોય તો કાનૂન ઉપયોગી નિવડતા નથી અને કાનૂનો સદ્‌ગુણો વધારવામાં હંમેશા નિષ્ફળ નીવડયા છે. એથી પ્રજા સ્વેચ્છાએ જ પોતાના સદ્‌ગુણો વધારે એજ ઇચ્છવાયોગ્ય છે. સદ્‌ગુણો વગર કોઇ રાષ્ટ્ર કે સમાજ ટકી શકતો નથી અને વ્યક્તિઓ પણ સુખ કે શાંતિમાં રહી શકતી નથી.

એટલા માટે જેમને સચ્ચાઇ અને પ્રામાણિકતા વગર વ્યક્તિ સમાજ કે રાષ્ટ્રનું હિત જળવાઇ ન જ શકે એવો વિશ્વાસ હોય તે લોકો પોતાના વ્યવહારની શુદ્ધિ કરે અને સચ્ચાઇ અને સમાજ-હિતનો ખ્યાલ કરીને વ્યવહાર કરે એ આવશ્યક છે. ભલે આજનું વાતાવરણ બહુ જ અશુદ્ધ હોય તો પણ સચ્ચાઇથી વ્યવહાર કરવાની ઇચ્છા ધરાવનારા લોકો આ દેશમાં ઓછા નથી. તેઓ સચ્ચાઇભર્યું આચરણ રાખવા ઇચ્છે છે, પણ અપ્રામાણિકતા અને બેઇમાનીનું વાતાવરણ ચારે બાજુએ એટલું બધું ફેલાઇ ગયું છે કે તેઓ પણ અનિચ્છાએ એ પ્રવાહમાં ઘસડાઇ જાય છે, અને કાયદાઓની વિરૂદ્ધ હોય એવાં અસત્ય કાર્યો એમનાથી થઇ જાય છે. અને ધીરે ધીરે એવાં કામોની બુરાઇનો ખ્યાલ પણ વિસરી જવાય છે. આથી શુદ્ધ વ્યવહારના આંદોલનની જરૂરિયાત છે. શુદ્ધ વ્યવહારની ઇચ્છા ધરાવતી વ્યકિત પોતાના જીવનના દરેક વ્યવહારમાં સાવધાની રાખે, એની શોધ કરે અને કરવા યોગ્ય કર્તવ્યની શરૂઆત પોતાનાથી જ કરે. એમાં થોડી અગવડો સહેવી પડે તો તે સહન પણ કરી લે. સચ્ચાઇ અને સમાજ–હિતનો ખ્યાલ રાખીને વ્યવહાર કરવાનો દૃઢ નિશ્ચય કર્યા પછી આવનારી સર્વ અગવડોમાંથી શુધ્ધતા રાખીને કઇ રીતે રસ્તો કાઢી શકાય તેનો બુધ્ધિપૂર્વક વિચાર કરે. આ જાતની માન્યતા ધરાવનારાઓની સંખ્યા વધવાથી વાતાવરણ બદલાઇ જશે. મુસ્કેલીઓમાંથી માર્ગ કાઢવામાં મદદ થશે અને આજે જે સચ્ચાઇ પરથી લોકોનો વિશ્વાસ ઉઠી રહ્યો છે તે પાછો પેદા થશે.

દરેક વેપારી પોતાનો વ્યવહાર કે વેપાર કરતી વખતે જો સમાજનું હિત ધ્યાનમાં રાખે તો એમાં ભલે શરૂઆતમાં ઓછો નફો મળે પણ એ ભૂખે નહિં મરે. એક વાર શાખ જામ્યા પછીયે એને ભલે નફો ઓછો મળે તો પણ એનો વેપાર વધવાથી એ ખોટમાં નહિં રહે. એને સાદાઇ અને ઓછા ખર્ચમાં જીવન ગુજારવામાં પણ મુસ્કેલી નહિં પડે. આવા વેપારી દેશ અને સમાજ માટે ઉપયોગી નિવડીને વ્યાપારી સમાજની પ્રતિષ્ઠા વધારશે.

માલની તંગીને લીધે જ જ્યારે નિયંત્રણ મૂકવામાં આવે છે ત્યારે જેટલો માલ મળે તેટલાથી ચલાવવા એ કોશિષ કરે છે. કેટલાક લોકો એવા પણ જોવા મળે છે કે જેઓ આ ચીજોનો ઉપયોગ જ નથી કરતા હોતા અથવા તો પછી ઓછામાં ઓછો ઉપયોગ કરે છે. જેવી રીતે ઘરમાં દસ માણસો હોય અને નવની ખાદ્યસામગ્રીથી આપણે ચલાવી લઇએ છીએ એવો જ ભાવ આવા પ્રસંગે આપણા મનમાં હોવો જોઇએ.

સરકારી નિયંત્રણોનો આપણી સ્વાર્થસિધ્ધિના સાધન તરીકે ઉપયોગ ન કરતાં આપણા કર્તવ્યનું બરાબર પાલન કરીએ. લાંચ

જ સંબંધ છે. જે દ્રવ્યધર્મ ભાવધર્મમાંથી બળ મેળવે કે પોષાય તેનો ભાવધર્મ સાથે વિરોધ છે જ નહીં, પણ જે દ્રવ્યધર્મ ભાવધર્મના મૂળ વિનાનો હોય છે તેનો વિરોધ અવશ્યભાવી છે. જીવનમાં અનેક ક્ષણો એવી આવે છે કે જ્યારે આત્મગત અને સામાજિક ધર્મો વચ્ચે એકની પસંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વખતે નબળો માણસ સામાજિક ધર્મપ્રથાને અનુસરતો રહેશે. અને એ જ માર્ગે જવાનું પસંદ કરશે. તેમ કરવા જતાં તે નીતિ, પ્રામાણિકતા, સત્ય અને સરળતાના પાયા ઉપર ઊભેલા ભાવધર્મને જતો પણ કરશે, જ્યારે વિરલ એવો કોઇક જ સબળો માણસ ભાવધર્મને જતો કરવાનું જોખમ કદી પણ નહી ખેડે– ભલે એમ કરવા જતાં તેને ગમે તેટલું સહવું પડે.

પજ્જુસણનું કલેવર સામાજિક ધર્મથી અર્થાત્ દ્રવ્ય ધર્મથી ઘડાયેલું હોય છે, પણ તેનો પ્રાણ અગર તેનું જીવાતુભૂત આત્મતત્ત્વ એ તો ભાવધર્મ જ છે. હવે જોવાનું એ રહે છે કે ત્યારે એ પજ્જુસણનો પ્રાણ એટલે શું? એનો ખરો અર્થ અધ્યાત્મિક જાગૃતિ થાય છે. આધ્યાત્મિક જાગૃતિ પ્રગટે ત્યારે તેને પરિણામે નીચેનાં લક્ષણો અવશ્ય ઉદ્ભવવાના જ: (૧) માત્ર વર્તમાન ઐહિક અદ્યતન જીવનમાં જ દૃષ્ટિમર્યાદા બધ્ધ ન રહેતા જીવનદૃષ્ટિ પોતાના ભૂત અને ભાવી ભણી લંબાય છે. એટલે જીવનદૃષ્ટિ કાળભેદે ખંડિત ન થતાં ત્રણેય કાળમાં એકતા અનુભવે છે. (૨) એવી જ રીતે પોતાનાં ચૈતન્યનો બીજાં ચેતન્યોથી ભેદ હોવા છતાં બધામાં કોઇ એકતાની ગૂઢ કડી હોવાનું ભાન પ્રગટે છે.

ભૂતકાળ ગયો તે તો ગયો જ. પણ તેમાંથી પસાર થઇ ચાલ્યા આવતા પોતાના ચૈતન્યના ભાન કે શ્રદ્ધાને પરિણામે સૌથી પહેલાં આધ્યાત્મિક જાગૃતિ વખતે પોતામાં રહેલા વિકારો કે દોષોનાં બીજો શોધવાની પ્રેરણા જાગે છે. આવી અન્તઃપ્રેરણા જ વાસનાઓને વેગ પકડતાં રોકે છે. આનું જ નામ ઉપશમ. જ્યાં એકવાર વિકારોનું બળ શમ્યું ત્યાં સારાસારનો વિવેક કરવાની કળા પણ પ્રગટવાની. ભવિષ્યમાં પણ મારું અસ્તિત્વ છે જ એવી ચોક્કસ માન્યતા બંધાતાં કે તેવું ભાન પ્રગટતાં જ હવે પછીના જીવનમાં અશુદ્ધિ ન આવે તે માટેનો ચોકિયાત પ્રયત્ન પણ શરૂ થવાનો જે સંવર કહેવાય છે. ઉપશમ, વિવેક અને સંવરની ત્રિપુટી એ પજ્જુસણનાં આત્માનો એક ભાગ થયો. એનો બીજો ભાગ ઇતર જીવો સાથેની પોતાની ગૂઢ તાદાત્મ્યની કડીના ભાનમાં સમાય છે. મારા પોતાના અને બીજાના ચૈતન્ય વચ્ચે દેખાય છે તેવો અગર મનાય છે તેવો ભેદ કે જુદાઇ નથી જ–એવું ભાન ન થાય ત્યાં લગી ઇતર જીવોના દુઃખમાં ભાગીદાર થવાની અને પોતાના સુખમાં બીજાને ભાગીદાર બનાવવાની ખગશ જાગી જ ના શકે. ઇતર સાથે પોતાના ઐક્યનું અનુસંધાન એ જ એક એવું આધ્યાત્મિક બળ છે કે જેને લીધે માણસ અનેક પ્રસંગોમાં બીજા સાથેના કરાતા ભેદોને ભૂંસી સમાનતાના અનુભવનો આનંદ માણે છે. મૈત્રી અને કરુણા એ એવી સમાનતાનાં પ્રાસાદ છે.

પજ્જુસણ એ પ્રાકૃત શબ્દ છે. તેનો અર્થ છે પરિ અર્થાત્ આંતરિક ઉપશમ. આવા ઉપશમના પાયા ઉપર જ પજ્જુસણ જેવા ધર્મપર્વનું મંડાણ છે. કોઇ આધ્યાત્મિક જાગૃતિવાળા મહાપુરુષે જ્યારે ઉપશમ વગેરે ઉપર વર્ણવેલાં લક્ષણો પોતામાં અનુભવ્યાં ત્યારે બીજા અધિકારીઓ પણ એ દિશામાં પ્રગતિ કરે એવાં ઉદાત્ત હેતુથી પજ્જુસણ પર્વની યોજના કરી. એ યોજના મુખ્યપણે તો વ્રત નિયમો, તપ અનુષ્ઠાનો, આત્મભાનમાં મદદ કરે એવાં શાસ્ત્રોનું શ્રવણમનન, સત્–સમાગમ વગેરે ઉચ્ચલક્ષી કાર્યક્રમથી ઘડાએલી છે. પણ આપણે બધા જાણીએ છીએ કે આવો કાર્યક્રમ ઘણીવાર તેમજ મોટે ભાગે માત્ર ચીલારૂપ બની જાય છે અને તેનો મૂળ હેતુ સચવાતો નથી. વળી આપણે ઘણીવાર એમ પણ માની લઇએ છીએ કે આપણી પરંપરામાં ચાલ્યો આવતો પજ્જુસણનો કાર્યક્રમ એ એક જ આધ્યાત્મિક ધર્મનો કાર્યક્રમ છે. પણ આવી દૃષ્ટિ તે એકાંગી છે.

આધ્યાત્મિક જાગૃતિ એ કાંઇ કોઇ એક દેશ, એક જાતિ કે એક સમાજની મૂડી નથી. એ તો ગમે તે દેશ, ગમે તે જાતિ અને ગમે તે સમાજમાં સંભવે છે. ઇતિહાસ પણ એમ કહે છે. ભાષાની, બાહ્ય આચારની કે તેવી સ્થૂળ જુદાઇથી આધ્યાત્મિક જાગૃતિના સ્વરૂપમાં અંતર પડતું નથી. આજ વસ્તુ ધ્યાનમાં રાખી આચાર્ય હરિભદ્રે જૈન, બૌધ્ધ, શૈવ આદિ પરસ્પર વિરોધી ગણાતા સંપ્રદાયોમાં પણ ભાવધર્મનું ઐક્ય હોવાની સ્પષ્ટ સૂચના કરી છે. પજ્જુસણનો સામાજિક કાર્યક્રમ સગવડ અને રૂચિ પ્રમાણે ગમે તે હોય, છતાં જો એ કાર્યક્રમનો આધાર ઉપશમ, વિવેક અને સંવર તેમ જ મૈત્રી અને કરુણાવૃત્તિ પોષવાનો હોય તો માનવું કે આપણે પજ્જુસણના પ્રાણને ઓળખ્યો છે.

પજ્જુસણનો કાર્યક્રમ તો અમુક દિવસો પૂરતો હોય છે, પણ તેના પ્રાણનું એમ નથી. પ્રાણ એ તો જમીનમાંથી ફૂટતાં અંકુર ઝરણાની પેઠે જીવનને પ્રતિક્ષણ વ્યાપે છે. જેનું બાહ્ય અને આંતરજીવન પરસ્પર વિસંવાદી હોય તેમાં પજ્જુસણનો આત્મા નથી જ.

યાહુદી, ક્રિશ્ચિયન ઇસ્લામ અને જરથુસ્ત્ર જેવા ધર્મોની પરંપરાઓમાં પણ આધ્યાત્મિક ભૂખ સંતોષવાની જુદી જુદી પ્રણાલિકાઓ છે. તેનો પ્રસ્તુ આ પ્રસંગે સંક્ષેપમાં નિર્દેશ કરવો અસ્થાને નથી.

યાહુદી ધર્મમાં પેશા નામનો ધાર્મિક તહેવાર એપ્રિલ અને મેની વચ્ચે આઠ દિવસનો પડે છે. તેમાં માંસ, ખાંડ જેવી વસ્તુઓ ખાવાનો નિષેધ છે અને એક જ અન્ન ખાવાની ફરમાઇશ છે. કહેવાય છે કે ઇજિપ્તમાંથી યાહુદીઓ પેલેસ્ટાઇન તરફ ભાગી આવ્યા ત્યારે આઠ દિવસ લગી ખાવા નહીં મળેલ તેની આ યાદગાર પ્રથા છે. ગમે તે હોય, એમાં સ્થૂળ સયંમનું તત્ત્વ ભક્તિસાથે આવે જ છે. વળી સપ્ટેમ્બર અને ઓક્ટોબરની વચ્ચે ચાલીશ દિવસના ઉપવાસનો પણ ધાર્મિક ઉત્સવ આવે છે. એમાં પ્રશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કે ભૂલોના સંશોધનનું તત્ત્વ સમાયેલું છે.

ખ્રીસ્તીધર્મમાં પણ ઇસ્ટર જેવા તહેવારો ખાસ ધર્મિક પર્વ છે અને એની કોઇ કોઇ પરંપરામાં ચાળીશ જેટલા ઉપવાસોની પ્રથા પણ ચાલી આવે છે. ખ્રિસ્તી લોકો એ દિવસોમાં પ્રભુપ્રાર્થના પૂર્વક જીવનશુદ્ધિનો આદર્શ સેવે છે.

પારસી લોકો ઓગસ્ટ અને સપ્ટેમ્બરની વચ્ચે દશ દિવસનો ફરવરદેગાન નામનો તહેવાર ઉજવે છે, જેને મુકતાદ પણ કહે છે. આ સામાજિક ધર્મ છે. તેમનો પતેતી દિવસ બહુ જાણીતો છે. એનો અર્થ છે પાપથી પાછા ફરવું, જેને જૈનો પ્રતિક્રમણ કહે છે. જરથુસ્ત્ર ઝેમ્બરનો જન્મ દિવસ તે ખોરદાદસાલ અને નિર્વાણ દિવસ એ દોસો–આ બન્ને જૈનોના જન્મ અને નિર્વાણ કલ્યાણક જેવા તહેવારો છે.

ઇસ્લામની નમાજ જાણીતી છે. નમાજના બે ભાગ છે. એક ખુદાની પ્રાર્થના જેમાં એની મોટાઇના વખાણ છે. તે જૈનોના ચતુર્વિંશતિસ્તવ નામના બીજા આવશ્યકને સ્થાને છે. બીજો ભાગ ખુદા પાસેથી પોતાને સાચે રસ્તે દોરવાની દુવા માગવાને લગતો છે. ઇસ્લામમાં સામુદાયિક પ્રાર્થના ઉપર મુખ્ય ભાર છે અને શક્ય ન હોય ત્યાં જ વ્યક્તિગત પ્રાર્થના કર્તવ્ય બને છે. દિવસ અને રાતના જુદા જુદા ભાગોમાં નમાજ પાંચવાર કરવાની હોય છે, જેથી ખુદા અને તેનું ફરમાન ભુલાય નહીં તેમજ ફરજ વિસરાય નહીં. ઇસ્લામનો રમઝાન તહેવાર જાણીતો છે. એમાં એની પ્રથા પ્રમાણે ઉપવાસ કરાય છે. રમઝાન–માસ એ ખાસ જીવન શુધ્ધિનો માસ ગણાય છે. અરબસ્તાન દેશની અને આરબોની ખાસિયત પ્રમાણે ઉપરનું બધું જુદું દેખાય એટલું જ.

પજ્જુસણ સંબંધે કાંઇક લખતાં ઉપર જે ઇતર ધર્મોના પર્વોની તુલના કરવામાં આવી છે તેનો હેતુ એ છે કે માણસમાત્રને

જવાહરલાલજીનું રાજીનામું અને કૉંગ્રેસમાં કટોકટી

હિંદના મહા અમાત્ય શ્રી જવાહરલાલ નહેરૂએ કૉંગ્રેસની કારોબારીમાંથી તથા પાર્લામેન્ટરી ઇલેકશન બોર્ડમાંથી એકાએક રાજીનામું આપ્યાના સમાચાર આજથી વીશેક દિવસ પહેલાં જ્યારે આપણા સાંભળવામાં આવેલા ત્યારે આપણને ભારે આશ્ચર્ય થયેલું અને આમ બનવાના કારણ વિષે અનેક કલ્પનાઓ અટકળો કરવા છતાં કોઇ નિશ્ચિત અભિપ્રાય ઉપર આપણે આવી શકતા ન હોતા. આજે પણ આપણે આ સંબંધમાં પૂરેપુરી સ્પષ્ટતા પ્રાપ્ત કરી શકયા નથી. એમ છતાં પણ તા. ૨૧ ઓગસ્ટના રોજ જવાહરલાલજીએ પાર્લામેન્ટના કૉંગ્રેસપક્ષના સભ્યો સમક્ષ જે નિવેદન કર્યું છે તે વિચારતાં પ્રસ્તુત રાજીનામાની ભૂમિકાનો કાંઇક ખ્યાલ આવી શકયો છે.

૧૯૪૭ ના ઓગસ્ટ માસમાં આપણને આઝાદી મળી ત્યાર પછી કૉંગ્રેસ માટે એક એવી ગુંચવણભરી નવી પરિસ્થિતિ પેદા થઇ છે કે જેનો નિશ્ચિત ઉકેલ હજુ સુધી આવી શકયો નથી. આઝાદી પહેલાં કૉંગ્રેસના પ્રમુખનું સ્થાન સર્વમાન્ય અને સર્વોચ્ચ લેખાતું. તે પહેલાં જો કે કૉંગ્રેસના સભ્ય નહિ હોવા છતાં પણ ગાંધીજીનું આખી કૉંગ્રેસ ઉપર અને કૉંગ્રેસના પ્રમુખ ઉપર અસાધારણ પ્રભુત્વ પ્રવર્તતું હતું અને તેમની ઇચ્છા કે અભિપ્રાય વિરૂધ્ધ સાધારણ રીતે બેમાંથી કોઇ પણ આગળ ચાલવાની હીંમત ધરતું નહિ, તોપણ બંધારણની રીતે કૉંગ્રેસના પ્રમુખનું જ સ્થાન સર્વોપરિ લેખાતું. આઝાદી બાદ બંધારણની રીતે તો આની આ જ પરિસ્થિતિ ચાલુ રહી છે, એમ છતાં પણ કૉંગ્રેસપક્ષના પ્રતિનિધિ તરીકે આઝાદ ભારતના મહાઅમાત્ય તરીકે જવાહરલાલજીની નિમણુંક થયા બાદ તેમણે કૉંગ્રેસ પ્રમુખ કરતાં અધિકતર નહિ તો સમોવડિયા જેવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લોકોની નજરમાં જવાહરલાલજી વધારે આગળ છે, કૉંગ્રેસના પ્રમુખ પાછળ ને પાછળ પડતા જતા હોય એમ લાગે છે. પહેલાં કૉંગ્રેસના પ્રમુખ 'રાષ્ટ્રપતિ' તરીકે ઓળખાતા હતા. હવે એ શબ્દ હિંદી સરકારના પ્રેસીડેન્ટને માટે વપરાવા લાગ્યો છે. પ્રજાના વર્તમાન તથા ભાવી નિર્માણની બધી જવાબદારી મહાઅમાત્યને માથે છે; કૉંગ્રેસના પ્રમુખનું સ્થાન આ દૃષ્ટિએ ગૌણ બનેલું છે.

વાસ્તવિકતા આ પ્રકારની હોઇને પ્રશ્ન એ ઉભો થાય છે કે જ્યારે પ્રમુખ અને મહાઅમાત્ય વચ્ચે મતભેદ પડે, જ્યારે પ્રમુખની માંગણીને મહાઅમાત્ય પૂરી પાડવાની ના કહે અથવા તો મહાઅમાત્યની ચોકકસ અપેક્ષાને કૉંગ્રેસના પ્રમુખ પહોંચી વળવાનો ઇનકાર કરે ત્યારે કોનું ધાર્યું થાય અને કોણે કોનું શાસન સ્વીકારવું ?

આઝાદી મળ્યા પછીના કૉંગ્રેસના અધિવેશનના પ્રમુખ આચાર્ય કિરપલાણીજી હતા. પ્રમુખસ્થાને ઉપર આવ્યા બાદ તેમને જ્યારે માલુમ પડયું કે રાજ્યવહીવટને લગતા અથવા તો રાજ્યનીતિ સાથે ગાઢ સંબંધ ધરાવતા અનેક મહત્વના મુદ્દાઓના નિર્ણયો તેમની સાથે કોઇ પણ જાતની ચર્ચા કે સલાહ કર્યા સિવાય લેવામાં આવે છે ત્યારે તેમણે વાંધો ઉઠાવ્યો કે આવી બધી બાબતોમાં મહાઅમાત્યે કૉંગ્રેસના પ્રમુખને વિશ્વાસમાં લેવા જોઇએ. આ વાંધાનો સંતોષકારક ઉત્તર ન મળતાં તેમણે રાજીનામું આપ્યું અને તેમનું સ્થાન ડો. રાજેન્દ્રપ્રસાદે સંભાળી લીધું.

ત્યાર પછી જયપુરના અધિવેશનમાં પ્રમુખસ્થાને આવ્યા ડો. પટ્ટાભિ સીતારામૈય્યા, અને ઉપર જણાવ્યું તે પ્રકારનું પરિસ્થિતિ–વૈચિત્ર્ય ધ્યાનમાં લઇને મહાઅમાત્ય સાથે અથડામણમાં આવવું ન પડે એવી સંભાળ લઇને તેમણે પોતાની મુદત પૂરી કરી. પછી ગયે વર્ષે નાસીક કૉંગ્રેસના પ્રમુખસ્થાન માટે બે દેશનેતાઓએ પોતાની ઉમેદવારી જાહેર કરી. એક તો બાબુ પુરૂષોત્તમદાસ ટેન્ડન; બીજા આચાર્ય કિરપલાણીજી. ટેન્ડનબાબુને સરદાર વલ્લભભાઇનો ટેકો હતો; કિરપલાણીજીને જવાહરલાલજીનો ટેકો હતો. ટેન્ડનબાબુને વધારે મત મળ્યા અને કૉંગ્રેસના પ્રમુખસ્થાને ચુંટાયા. નાસીક કૉંગ્રેસમાં ટેન્ડનબાબુ સાથે કેટલીને કોઇ મુદ્દા વિષે અથડામણ થયા વિના નહિ રહે એમ જવાહરલાલજીએ આશંકા સેવેલી. પણ જવાહરલાલજીએ જે કાંઇ માંગણીઓ રજુ કરી તે સંપૂર્ણીશે સ્વીકારવામાં આવી અને જવાહરલાલજીમાં કૉંગ્રેસે પોતાનો અખંડ વિશ્વાસ જાહેર કર્યો. સરદારના અવસાન બાદ ચાલુ વર્ષના પ્રારંભમાં અમદાવાદ ખાતે અખિલ હિંદ મહાસભા સાંમતિની બેઠક મળી ત્યાં તેમ જ થોડા સમય પહેલાં બેંગેલોરમાં મળેલી બેઠકમાં પણ જવાહરલાલજીએ જે કાંઇ કહ્યું તે સર્વ કબુલ રાખવામાં આવ્યું. અને કૉંગ્રેસની કાર્યવાહી સામે જવાહરલાલજીને કશું પણ કહેવાપણું ન હોય એવી સુસંવાદી પરિસ્થિતિ સૌ કોઇ અનુભવવા લાગ્યા. આમ બધી અનુકુળતા દેખાવા છતાં જવાહરલાલજીએ શા માટે કૉંગ્રેસની કારોબારીમાંથી રાજીનામું આપ્યું ?

ટેન્ડનબાબુની ચુંટણી જવાહરલાલજીની ઇચ્છા વિરૂદ્ધ થઇ ત્યારથી તેમની અને જવાહરલાલજી વચ્ચે અથડામણની શરૂઆત થયેલી. નાશીકના અધિવેશન પછી ટેન્ડનબાબુને કૉંગ્રેસની કારોબારીની રચના કરતાં જવાહરલાલજીના કારણે ખૂબ તકલીફ પડેલી અને લગભગ એક મહીનો લાગેલો. શ્રી રફી અહમદ કીડવાઇને આ કારોબારીમાં લેવા જોઇએ એવો જવાહરલાલજીનો આગ્રહ હતો; તે સામે ટેન્ડનબાબુનો સખ્ત વિરોધ હતો. આખરે કીડવાઇ વિનાની કારોબારી જવાહરલાલજીએ સ્વીકારી. ત્યારબાદ કિરપલાણી પ્રકરણ ઉભું થયું તેણે તથા કીડવાઇએ અને અજિત પ્રસાદ જૈને કૉંગ્રેસમાંથી આપેલા રાજીનામાએ બન્ને વચ્ચે બહુ ઘર્ષણ અને કડવાશ પેદા કરી. આમ છતાં પણ જવાહરલાલજીએ કૉંગ્રેસની કારોબારીમાંથી રાજીનામું આપવું પડે એવું બહારની નજરે કોઇ કારણ દેખાતું નહોતું.

તા. ૨૧ ઓગસ્ટના રોજ પર્લામેન્ટના કૉંગ્રેસ પક્ષના સભ્યો સમક્ષ જવાહરલાલજીએ કરેલા નિવેદન ઉપરથી માલુમ પડે છે કે કૉંગ્રેસના પ્રમુખ અને કારોબારી તેમને બધી બાબતમાં બહારથી ટેકો આપે છે પણ અંદરથી તેઓ કાંઇ જુદું જ બોલે છે ચાલે છે અને વર્તે છે–આવી કાંઇક જવાહરલાલની ફરિયાદ છે. આજે દેશ સામે પાકીસ્તાન સાથેની કટોકટી ચાલી રહી છે, પર રાજ્યો સાથે આપણે અમુક પ્રકારની નીતિ ધારણ કરી છે, દેશમાં અનેક પ્રકારના કંટ્રોલો પ્રવર્તમાન છે, સંપૂર્ણ અસાંપ્રદાયિકતાના આદર્શ ઉપર રાજ્યવહીવટની રચના કરવામાં આવી છે. આ બધી બાબતમાં કૉંગ્રેસની કારોબારી ખરા દિલથી પોતાની પાછળ નથી એમ જવાહરલાલજીને લાગે છે, અને આવું દ્વિધા વર્તન જવાહરલાલજીને

જેમ ઉત્સવ પ્રિય છે એમ તેને વહેલી મોડી ઓછીવત્તી આધ્યાત્મિક શુધ્ધિની ભૂખ પણ લાગે છે. તેથી જ દરેક દેશના દરેક પંથમાં તેના અનુયાયીઓના બૌધ્ધિક અને નૈતિક વિકાસક્રમ પ્રમાણે સામાજિક અને આધ્યાત્મિક પર્વો યોજાય છે. કેટલીકવાર સામાજિક તથા ધર્મિક પર્વોનો આકાર એકબીજાથી ઘણો જુદો દેખાય છે, પણ તેમાં જે આધ્યાત્મિકતાનું વલણ હોય છે તે જુદું નથી હોતું, કારણ કે દરેક પંથનો અધિકારી જ્યારે આધ્યાત્મિક જાગૃતિમાં હોય ત્યારે તેનો આત્મા એવો ઊર્ધ્વગામી બને છે કે તેનાથી મેલી વાસનાઓ અને સંકીર્ણતાઓ સહાતી જ નથી. આને કારણે બધા દેશ અને બધા જ કાળના સંતો માત્ર એક ધર્મકુટુંબ બની રહે છે. પજ્જુસણના દિવસોમાં આપણે આ સમજણનો વિકાસ કરીએ તો બીજા પંથો પ્રત્યેની આપણી મૈત્રીપૂર્ણ વિવેક–વૃત્તિ વિકસ્યા વિના ન જ રહે. અને 'મિત્તિ મે સવ્વ ભૂએસું, વેરં મઝં ન કેણઇ' એ પજ્જુસણને આત્મા આપણામાં આવીભાવ પામે.

પંડિત સુખલાલજી

લઈને બહુજનસમાજના હિતની અવગણના ન કરીએ તો દેશમાં જે પરિસ્થિતિ ઉત્પન્ન થઇ ગઇ છે એ જલ્દિથી સુધરી શકશે.

ઉત્પાદક વધારે નફો મેળવવાની આશાએ સમાજ માટે જરૂરી ચીજોને બદલે એવી ચીજો ન ઉત્પન્ન કરે કે જેની વગર સમાજનું કામ ચાલી શકે છે. જીવન માટે આવશ્યક ચીજોના ઉત્પાદનમાં જ પોતાની શક્તિ વાપરે એ જરૂરી છે.

આ રીતે સૌ લોકો જો પોતાનો વ્યવહાર સમાજહિતને અનુલક્ષીને ઘડે તેમ જ સચ્ચાઇપૂર્વક રાખે, અને આવો વિચાર ધરાવતાં લોકોનો સહયોગ વધવાથી વ્યવહારમાં શુદ્ધતા આવે તો દેશની સામે અતિ વિકટ લાગતી સમસ્યાઓનો ઉકેલ સહજમાં આવી જશે અને સરકારને રાષ્ટ્ર-હિતનું કાર્ય કરવામાં સરળતા થશે, રાષ્ટ્રમાં સદ્‌ગુણોનો વિકાસ થશે, તેમ જ લોકોમાં પરોપકારી વૃત્તિની વૃદ્ધિ થશે. આથી રાષ્ટ્રની શક્તિ વધશે અને લોકો પણ સુખી થશે.

આથી જેમને આ વિચાર બરાબર લાગે એમને પ્રાર્થના છે કે તેઓ આ કાર્યનો પોતાથી પ્રારંભ કરે અને એમાં જો કોઇ મુશ્કેલીઓ આવે તો અમને લખે કે જેથી એ દૂર કરવાની રીત બતાવી શકાય. પૂજ્ય શ્રીકૃષ્ણદાસ જાજુજી જેવા અનુભવી નેતા એમના માર્ગદર્શનને માટે આપણને મળ્યા છે. આપણે એમનો પૂરેપૂરો ઉપયોગ કરી લઇએ. આ સંબંધમાં મંત્રી, શુદ્ધ વ્યવહાર સમિતિ, બજાજવાડી, વર્ધા, એ સરનામે પત્રવ્યવહાર કરી શકાશે.

ઋષભદાસ રાંકા

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેક્શનોની તેમ જ ડોક્ટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

શ્રી ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા સ્મારકનિબંધ

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. શ્રી ડાહ્યાભાઇ બાલાભાઇ કોરાના સ્મારકમાં "ધાર્મિક શિક્ષણ પધ્ધતિ" એ વિષય ઉપર જૈન સમાજ પાસેથી નિબંધ આવકારવામાં આવે છે.

૧. નિબંધ ફુલસ્કેપ સાઇઝના ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધું ૨૫ પૃષ્ઠમાં એક જ બાજુ ગુજરાતી અથવા હિંદી ભાષામાં સ્પષ્ટ અક્ષરે લખાયેલ હોવા જોઇએ.

૨. આ નિબંધ તા. ૩૦ સપ્ટેમ્બર ૧૯૫૧ સુધીમાં નીચેના સ્થળે રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવો જોઇએ.

૩. બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નીમેલ નીચેના સભ્યોની સમિતિદ્વારા આવેલા નિબંધો તપાસવામાં આવશે અને તેનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે.

સભ્યોના નામ :—(૧) શ્રી હીરાલાલ એચ. દલાલ બાર-એટ-લો (૨) શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ (૩) શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી (૪) શ્રી કુંવરચંદ ઝવેરભાઇ શાહ (૫) શ્રી કાંતિલાલ ડી. કોરા એમ. એ. અને (૬) શ્રી સૌભાગ્યચંદ ઉ. દોશી અને (૭) શ્રી અબલચંદ કેશવલાલ મોદી-મંત્રીઓ.

૪. પ્રાપ્ત થયેલા સર્વ નિબંધોની માલીકી વિ. હક્ક શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડનો રહેશે. અને યોગ્ય જણાશે તો તે છપાશે.

૫. સર્વશ્રેષ્ઠ પ્રથમ અને દ્વિતીય નિબંધ લખનારને અનુક્રમે રૂ. ૧૦૧ અને રૂા. ૫૧ નાં ઇનામો આપવામાં આવશે.

લિ. સેવકો

નિબંધ મોકલવાનું ઠેકાણું
શ્રી જૈન શ્વેતાંબર
એજ્યુકેશન બોર્ડ
ગોડીજી બિલ્ડીંગ,
૨૦, પાયધુની ૨ જે માળે,
મુંબઇ, ૨.

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
અબલચંદ કેશવલાલ ગોદી
માનદ મંત્રીઓ,
શ્રી જૈન શ્વેતાંબર
એજ્યુકેશન બોર્ડ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ પર્વ પ્રસંગે યોજાયલી વ્યાખ્યાનમાળા માટે નક્કી કરેલો કાર્યક્રમ નીચે મુજબ છે :—

તારીખ			વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
ઓગસ્ટ	૨૯	બુધવાર	શ્રી. લતાબહેન મુનશી	રામકૃષ્ણ પરમહંસ
,,	,,	,,	શ્રી. શાંતિલાલ હ. શાહ	મજુર પ્રશ્ન
,,	૩૦	ગુરૂવાર	અધ્યાપક માધવાચાર્ય	સર્વધર્મસમન્વય
,,	,,	,,	શ્રી. જમુ દાણી	શિક્ષણનું નવદર્શન
,,	૩૧	શુક્રવાર	પંડિત ઈશ્વરચંદ્ર શર્મા	કર્મસિધ્ધાંત
,,	,,	,,	પ્રિન્સીપાલ એસ્. એસ્. દેશનવી	ગાંધીજી
સપ્ટેમ્બર	૧	શનીવાર	શ્રી. જે. એસ. વિલિયમ	પ્રભુ ખ્રિસ્ત
,,	,,	,,	શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	સમાજરચના
,,	૨	રવિવાર	શ્રી. જગદીશચંદ્ર શાસ્ત્રી	ભગવાન મહાવીર
,,	,,	,,	શ્રી. પદ્મનાભ જૈન	વૈદિક, બૌદ્ધ અને જૈન
,,	૩	સોમવાર	આચાર્યશ્રી. રામપ્રસાદ બક્ષી	પ્રાચીન માન્યતા અને અર્વાચીન ભાવના
,,	,,	,,	શ્રી. ઉમાશંકર જોષી	મહાભારત
,,	૪	મંગળવાર	શ્રી. કિસનસિંહ ચાવડા	શ્રી. અરવિંદ: અતિમાનવની સંભાવના
,,	,,	,,	શ્રી. મધુભાઇ પટેલ	ભજનો અને લોકકથાઓ
,,	૫	બુધવાર	શ્રી. કેદારનાથજી	સાંવત્સરિક પ્રતિક્રમણ
,,	,,	,,	કાકાસાહેબ કાલેલકર	ઇષ્ટતમ મધ્યમમાર્ગ

આ કાર્યક્રમ મુજબ પહેલા સાત દિવસની સભાઓ સવારના ૮॥ થી ૧૦॥ સુધી વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભવનમાં મળી રહી છે અને આઠમા દિવસની સભા સવારના ૯ થી ૧૧ સુધી લેમીંગ્ટન રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં મળનાર છે. આ વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજી શોભાવી રહ્યા છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શિષ્ટતાની મર્યાદા ન લોપાય !

(શ્રી છબીલદાસ કોઠારી તરફથી થોડા સમય પહેલાં બહાર પાડવામાં આવેલી 'ખુલ્લો પત્ર' એ મથાળાની એક અત્યન્ત અશિષ્ટ પત્રિકા જૈન પ્રકારના પર્યુષણ અંકમાં પ્રગટ થઇ છે. અને સાથે સાથે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે તે પત્રિકામાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓનો જૈન પ્રકાશ અને સ્થાનકવાસી કોન્ફરન્સના દૃષ્ટિબિન્દુથી જવાબ આપ્યો છે. એજ પત્રિકાને અનુલક્ષીને મળેલું ચર્ચાપત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રો)

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના સૌરાષ્ટ્ર પ્રદેશના એક કાર્યકર્તા શ્રી. છબીલદાસ હરખચંદ કોઠારીએ જામનગરથી ગામેગામના સ્થાનકવાસી જૈન સંઘો, મુની મહારાજો અને સંઘના ભાઇ બહેનોને ઉદ્દેશીને એક ખુલ્લો પત્ર પત્રિકારૂપે છપાવીને પ્રસિધ્ધ કરી, જૈન સમાજની આગેવાન વ્યક્તિઓ તથા સંઘો પર મોકલી આપી, તેનો શકય તેટલો બહોળો પ્રચાર કર્યો છે.

આ પત્ર મારા વાંચવામાં આવતાં તેમાં જે વિષયો જે રીતે શ્રી. છબીલદાસ કોઠારીએ ચર્ચ્યા છે, તેથી મને અત્યંત ખેદ થયો છે. શ્રી. કોઠારી જેવા અગ્રગણ્ય અને પીઢ કાર્યકર્તા–સજ્જનતા, વિવેક, અને વિનયની બધી જ મર્યાદાઓ ઓળંગીને આવું કેમ લખી–પ્રસિધ્ધ કરી શકયા એજ મને સમજાતું નથી !

શ્રી કોઠારીનો મને સારો એવો પરિચય છે. તેઓ શ્રીમંત છે, વયોવૃધ્ધ છે અને કેટલીક જૈન સંસ્થાઓના અધિકારપદે રહેલા જવાબદાર કાર્યકર્તા છે. તેમનામાં સહેજે જ વિવેક, સંયમ અને ખેલદીલીની આશા રાખી શકાય. પરંતુ આ પત્ર વાંચતા કેવળ જુગુપ્સા ઉપજે એટલી હદે તેમના વિચારો અને વાણીતું થએલું પતન જોઇ શકાય છે.

શ્રી. કોઠારી જૂની પેઢીના અને જુના વિચારના પ્રતિનિધિ છે, એમના વિચારોનો મને પરિચય છે. જુના વિચારો ધરાવવા એમને સંપૂર્ણ સ્વતંત્રતા હોઇ શકે. પરંતુ એથી જુદા વિચારો ધરાવનાર સામે ન કલ્પી શકાય એટલી નીચી હદે તેઓ ગયા છે.

સૌરાષ્ટ્રના જૈન સમાજના જૂના વિચારો ધરાવનારા સંખ્યાબંધ સજ્જનોની સાથે રહીને અને કેટલીકવાર સામે પડીને પણ મેં કામ કર્યું છે. તેમની સાથે તીવ્રતમ મતભેદ હોવા છતાં તેમના વિનય, વિવેક, સજ્જનતા, અને ખેલદીલીએ મારા હૃદયમાં તેમને માટે માન ઉપજાવ્યું છે. નવા વિચારના પ્રતિનિધિઓ પ્રત્યે શિષ્ટતા કે સુરુચીનો ભંગ થાય એવું કોઇ વર્તન તેમણે કદી બતાવ્યું નથી. એટલે શ્રી કોઠારીના આ પત્રથી મને પારાવાર ખેદ થઇ રહ્યો છે.

શ્રી. કોઠારીને સ્થાનકવાસી કોન્ફરન્સના મંત્રીમંડળ સામે ઘણું કહેવાનું છે; અને તે કહેવાનો પ્રયાસ કરવા જતાં આ પત્રમાં તેઓશ્રી કોઇ જુદા જ ચીલે ચડી ગયા છે; અને જેની સામે તેમને કંઇ લેવાદેવા નથી, એવી બે નિર્મળ વ્યક્તિઓ સામે અશિષ્ટ અને અણઘટતા હુમલા કરી ગયા છે.

સ્થાનકવાસી કોન્ફરન્સના એક આગેવાન કાર્યકર્તા શ્રી. ટી. જી. શાહની પુત્રી બેન કંચને તેના એક ખ્રીસ્તી સહાધ્યાયી સાથે કરેલા લગ્નનો પ્રશ્ન તેમણે આ પત્રમાં ચર્ચ્યો છે. કોન્ફરન્સનું મંત્રીમંડળ અને બેન કંચનના લગ્નને કોઇ સંબંધ ન હોવા છતાં, કંચનના આ લગ્નથી શ્રી. કોઠારીએ કોન્ફરન્સના મંત્રીમંડળને વગોવવાની જાણે કે તક ઝડપી લીધી છે.

કોન્ફરન્સના મુખપત્ર 'જૈન પ્રકાશ' માં બેન કંચને કરેલાં આંતરધાર્મિક લગ્નના જે સમાચાર પ્રગટ કરવામાં આવ્યા છે, તેની સામે તેમનો વિરોધ છે. 'પ્રકાશ' એક સમાચારપત્ર હોઇને અવારનવાર જૈન સમાજમાં બનતા પ્રસંગોના સમાચાર એમાં છપાય છે તે સૌ કોઇ જાણે છે, અને એટલે કોન્ફરન્સના એક આગેવાન કાર્યકરની પુત્રીનાં લગ્ન, ધર્મ અને જ્ઞાતિના વાડાને ભેદીને 'સીવીલ મેરેજ'ની વિધિથી થાય એ સમાચાર 'પ્રકાશ'માં છપાય એમાં કંઇ ખોટું નથી. આ સમાચાર મેં વાંચ્યા છે. એ કેવળ ત્રણ લીટીના સમાચાર જ છે. એમાં તંત્રોની નોંધ, અભિપ્રાય કે ટીકાનો એક શબ્દ પણ નથી. એવી નોંધ તો હોવી જ જોઇતી હતી એમ હું ઇચ્છતો હતો; છતાં એવી કોઇ નોંધ 'પ્રકાશ' માં પ્રગટ થઇ નથી એનો મને તો અસંતોષ જ રહ્યો છે, જ્યારે શ્રી. કોઠારી એ સમાચાર માત્રથી જ છેડાઇ પડયા છે.

અને એટલેથી બસ નથી થયું. શ્રી. કોઠારી કોન્ફરન્સના સંચાલકોને એટલા માટે વખોડી રહ્યા છે કે આ સમાચારમાં આ લગ્નને 'આંતર્ ધાર્મિક' કહેવામાં આવ્યા છે. તેમની દલીલ એ છે કે 'આંતરધાર્મિક' એટલે તે લગ્ન ધાર્મિક તો ગણાય જ.

આવા લગ્નને 'ધાર્મિક' શબ્દ લગાડાય તે સામે તેમનો વાંધો છે. આ વાંચીને શ્રી. કોઠારીના ગુજરાતી ભાષાના ઘોર અજ્ઞાનની મને દયા આવે છે. બે જુદા ધર્મની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્ન એટલે 'આંતર ધાર્મિક' લગ્ન જ કહેવાય. કેવળ પોતાનાં અજ્ઞાન કે ભ્રમને કારણે શ્રી. કોઠારી કોન્ફરન્સના મંત્રીમંડળ ઉપર તૂટી પડયા છે ! એટલું જ નહી પણ પોતાની સાથે સહમત ન થનાર વ્યક્તિઓને તેમની કન્યાઓને ખ્રીસ્તીઓને પરણાવી દેવાની સૂચના કરી રહ્યા છે !

આ સમાચાર 'પ્રકાશ'માં છપાવા સામે વિરોધ કરીને જ શ્રી. કોઠારી અટકયા નથી; પરંતુ વિવેક, સજ્જનતા અને શિષ્ટતાની બધી જ મર્યાદા ઓળંગીને તેઓ એક કન્યાના ચારિત્ર્ય ઉપર અતિનિંદ્ય એવો આક્ષેપ કરી ગયા છે. કોન્ફરન્સના મંત્રીમંડળ પ્રત્યેના દ્વેષના નશામાં શ્રી. કોઠારી ભૂલી ગયા છે કે બેન કંચન જૈન સમાજની એક સુશિક્ષિત, મકકમ મનની, અતિ સહનશીલ અને ચારિત્ર્યવતી કન્યા છે, અને પોતાના સહકાર્યકરની પુત્રી તે પોતાની જ પુત્રી સમાન છે. કોન્ફરન્સના મંત્રીમંડળ સામે લડવા માટે તેમણે એક અતિનાજુક શસ્ત્રને પસંદ કર્યું છે ! શ્રી. કોઠારીના આ પત્રમાં તેમની પોતાની નિર્મળતા જ આપોઆપ ઉઘડી પડી જાય છે. પીઢતા અને જવાબદારીભર્યું પોતાનું સ્થાન પણ શ્રી. કોઠારી વીસરી ગયા છે.

આ પત્રમાં શ્રી. કોઠારીએ સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિરલ સેવક શ્રી. સંતબાલનું નામ પણ સંડોવ્યું છે; એટલું જ નહિ પણ તુંકારે ઉદ્બોધીને જણાવ્યું છે કે, "કોન્ફરન્સે આપણા બાળકોમાં કુસંસ્કાર પડે તેવા પાઠયપુસ્તકો તેની પાસે લખાવ્યા છે." શ્રી. સંતબાલજીની રાજકીય વિચારસરણી સાથે હું સહમત ન હોવા છતાં એટલું તો કબૂલું છું કે તેઓ એક ધર્મનિષ્ઠ, સેવાભાવી, નિર્લોભી, ત્યાગી, ઉચ્ચ ચારિત્ર્યવાન અને સંયમી રાષ્ટ્રસેવક છે. ગુજરાતની પછાત કોમોની સેવામાં તેઓ પરોવાઇ ગયા છે. સાંપ્રદાયિકતાના મતમતાંતરોમાં તેઓ પડતા નથી. તેઓ ગુજરાતનું અમોલું ધન છે.

એમના લેખોથી જો બાળકોમાં કુસંસ્કાર પેસે એમ શ્રી. કોઠારીને લાગતું હોય, તો મારે કહેવું જોઇએ કે શ્રી. કોઠારીની 'સંસ્કાર– કુસંસ્કાર' ની વ્યાખ્યા વિચિત્ર હોવી જોઇએ.

એ દિવસ ધન્ય હશે કે જ્યારે આપણાં બાળકોમાં શ્રી. સંતબાલજીનાં સંસ્કારો પ્રવેશ પામશે. શ્રી. કોઠારી કેવળ વેશમાંજ સંસ્કાર-કુસંસ્કાર જોઇ રહ્યા લાગે છે. ધર્મનિષ્ઠ શ્રી. સંતબાલજીને ધર્મભ્રષ્ઠ–પડવાઇ કહેનાર શ્રી. કોઠારી પોતે કયાં જઇ ઉભા છે તે જોઇ શકે તો સારૂં

વિશેષ શું કહું ? જીવનયાત્રાના છેલ્લા તબકકામાં શ્રી. કોઠારી જરા સૌજન્ય અને ગંભીરતા બતાવે એમ ઇચ્છીએ !

જટુભાઇ મહેતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩ | અંક : ૧૦] મુંબઇ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૧ શનીવાર [વાર્ષિક લવાજમ રૂપિયા ૪

વૈરાગ્ય અને અધ્યાત્મની ધર્મમૂર્તિ

(વીસમી સદીમાં થઈ ગયેલા વૈરાગ્ય ને અધ્યાત્મની પરાકાષ્ઠાને પ્રાપ્ત થયેલા શ્રીમદ્ રાજચંદ્રના પ્રભુત્વભર્યા વ્યક્તિત્વનું નીચેના લેખમાં એક આછું દર્શન કરાવવામાં આવ્યું છે.)

આધ્યાત્મિકતા શ્રીમદ્‌માં બીજરૂપે જન્મસિદ્ધ હતી. આધ્યાત્મિકતા એટલે મુખ્યપણે આત્મચિંતન અને આત્મગામી પ્રવૃત્તિ. એમાં સ્વનિરીક્ષણ અને તેને લીધે દોષનિવારણની તેમજ ગુણ પોષવાની વૃત્તિનો જ સમાવેશ થાય છે. આધ્યાત્મિકવૃત્તિમાં દોષદર્શન હોય તો મુખ્યપણે પોતાનું જ હોય છે, અને બીજા તરફ પ્રધાનપણે ગુણદૃષ્ટિ જ હોય છે. આખું 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક વાંચી જઇએ તો આપણને પહેલી છાપ તેમની આધ્યાત્મિકતાની જ પડે છે. 'પુષ્પમાલા'થી માંડી અંતિમ સંદેશ સુધીનું કોઈ પણ લખાણ લો અને તપાસો તો એકજ વસ્તુ જણાશે કે તેમણે ધર્મકથા અને આત્મકથા સિવાય બીજી કથા કરી નથી. જ્યારે તેઓ જુવાનીમાં પ્રવેશ કરે છે અને પ્રારબ્ધોદયે ગૃહસ્થાશ્રમ માંડે છે અને અર્થઉપાર્જનના ક્ષેત્રમાં ઉતરે છે, ત્યારે પણ તેમના જીવનમાંથી આધ્યાત્મિક વૃત્તિ જ જોઈ શકાએ છીએ. કામ અને અર્થનો સંસ્કારે તેમને પોતા તરફ પરાણે જ ખેંચ્યા અને સહજવૃત્તિ તો તેમની ધર્મ પ્રત્યેજ હતી, એ ભાન આપણને તેમનાં લખાણો ઉપરથી સ્પષ્ટ થાય છે.

શ્રીમદ્‌ની આધ્યાત્મિકતાને પણ મુખ્ય પોષણ જૈન પરંપરામાંથી મળ્યું છે, અને એ અનેક રીતે જૈન પરિભાષાદ્વારા જ તેમનાં પત્રોમાં વ્યકત થઈ છે, એટલી વસ્તુ તેમનો વ્યાવહારિક ધર્મ સમજવા ખાતર ધ્યાનમાં રાખવી ઘટે છે.

અહીં એક પ્રશ્ન થાય છે અને તે એ કે, અમદાવાદ અને મુંબઇ જેવા જાહેર હિલચાલના સ્થળોમાં રહ્યા પછી તેમજ તે વખતે ચોમેર ચાલતી સુધારાની પ્રવૃત્તિથી પરિચિત થયા પછી અને એક અથવા બીજી રીતે કાંઇક દેશચર્યાની નજીક હોવા છતાં તેમના જેવા વિચક્ષણ પુરૂષને સામાજીક કોઈ સુધારા વિષે કે દેશપ્રવૃત્તિ વિષે વિચાર આવ્યો હશે કે નહિ ? અને આવ્યો હોય તો એમણે એ વિષે કેવો નિર્ણય બાંધ્યો હશે ? જો કાંઈ પણ વિચાર્યું હોય કે નિર્ણય બાંધ્યો હોય તો તેમનાં લખાણોમાં એ વિષે કયાંય સ્પષ્ટ નિર્દેશ કેમ નથી જણાતો ? ટંકારામાં જન્મેલ બ્રાહ્મણ મૂળશંકરને ધર્મભાવના સાથે જ સમાજસુધારા અને રાષ્ટ્રકલ્યાણની ભાવના સ્ફુરે, જ્યારે એ જ ટંકારા પાસેના વવાણિયામાં જન્મેલ તીક્ષ્ણપ્રજ્ઞ વૈશ્ય શ્રીમદ્ રાજચંદ્રને જાણે એ ભાવના સ્પર્શ જ નથી કરતી અને માત્ર અંતર્મુખી આધ્યાત્મિકતા જ એમને વ્યાપે છે, એનું શું કારણ ?

એમના સ્વભાવમાં પહેલેથી તે છેલ્લે સુધી આત્મલક્ષી નિવૃત્તિનું તત્ત્વ મુખ્ય જણાય છે, તેથી એમણે બીજા પ્રશ્નોને કદાચ જાણીને જ સ્પર્શ્યા નથી. એમણે જે સાહિત્ય, જે શાસ્ત્રો વાંચ્યા છે અને જે દૃષ્ટિએ વિચાર્યા છે, તે જોતાં પણ એમનામાં પ્રવૃત્તિના સંસ્કારો પોષાવાનો સંભવ જ નથી. શરૂઆતથી ઠેઠ સુધી તેમનું ભ્રમણ અને પરિચયક્ષેત્ર માત્ર વ્યાપારી પૂરતું રહ્યું છે. વ્યાપારીઓમાં પણ મુખ્યપણે જૈન. જેને જૈન સમાજના સાધુ કે ગૃહસ્થ વ્યાપારી વર્ગનો પરિચય હશે, તેને એ કહેવાની તો ભાગ્યે જ જરૂર રહે છે કે મૂળગામી જૈન પરંપરામાંથી પ્રવૃત્તિનું-કર્મયોગનું બળ મેળવવું કે સવિશેષ ફેલવવું ભાગ્યે જ શકય છે, તેથી શ્રીમદ્‌ના નિવૃત્તિગામી સ્વભાવને વ્યાપક પ્રવૃત્તિમાં વાળે એવો કોઈ પ્રબળ વેગ તેમની બાહ્ય પરિસ્થિતિમાંથી પ્રગટે એવો ભાગ્યે જ સંભવ હતો.

તેમનો સ્વભાવ જ ચિંતન અને મનનશીલ હતો. એમનું એ ચિંતન પણ આત્મલક્ષી જ હતું. તેથી બાહ્યલક્ષી સાહિત્ય જેવું કે વાર્તા, નવલકથા, નાટક, કાવ્ય, પ્રવાસવર્ણન આદિ તરફ તેમની રસવૃત્તિ સ્વાભાવિક રીતે જ રહેલી લાગતી નથી. એમણે એવું સાહિત્ય વાંચવામાં મનોયોગ આપ્યો હોય કે સમય ગાળ્યો હોય એમ તેમના લખાણો જોતાં લાગતું નથી, છતાં તેમના હાથમાં છૂટું છવાયું એવું કાંઇક સાહિત્ય પડી ગયું હશે, તો પણ એનો ઉપયોગ એમણે પોતાની તત્ત્વચિંતક દૃષ્ટિએ જ કરેલો હોવો જોઇએ. એમની જિજ્ઞાસા અને નવું નવું જાણી તે પરત્વે વિચાર કરવાની સહજવૃત્તિ અપૂર્વ હતી. એ વૃત્તિ અન્ય સાહિત્ય તરફ ન વળતાં માત્ર શાસ્ત્ર તરફ જ વળેલી લાગે છે.

વિદુરનીતિ, વૈરાગ્યશતક, ભાગવત, પ્રવીણસાગર, પંચીકરણ, દાસબોધ, શિક્ષાપત્રી, પ્રબોધશતક, મોહમુદ્ગર, મણિરત્નમાલા, વિચારસાગર, યોગવાસિષ્ઠ, ગીતા, બુદ્ધચરિત આદિ તેમણે લખાણોમાં નિર્દેશેલા અને બીજા કેટલાક નામપૂર્વક નહિ નિર્દેશેલ છતાં તેમના લખાણોના ભાવ ઉપરથી સ્પષ્ટ સૂચિત થતાં જૈનેતર શાસ્ત્રીય પુસ્તકો તેમણે એકાગ્રતા અને તીક્ષ્ણદૃષ્ટિથી વાંચ્યા છે ખરા, પણ એકંદર તેમણે જૈન શાસ્ત્રો જ મોટા પ્રમાણમાં વાંચ્યા છે. તેમાંનાં ઝીણા ઝીણા તાત્ત્વિક અને આચારવિષયક મુદ્દાઓ ઉપર તેમણે અનેકવાર ગંભીર વિચારણા કરી છે. તેમણે વાંચેલું જૈનેતર સમગ્ર શ્રુત, જૈનશ્રુત જૈન ભાવનાના પરિપોષણમાં જ તેમને પરિણમ્યું હતું.

ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને પ્રાકૃત એ ચાર ભાષામાં લખાયેલ શાસ્ત્રો એમણે વાંચેલા લાગે છે. આશ્ચર્ય તો એ છે કે, ગુજરાતી સિવાય એમણે બીજાઓની પેઠે સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષાઓનો અભ્યાસ કર્યો નથી છતાં, તે તે ભાષાના વિશારદ પંડિતો શાસ્ત્રોના ભાવોને સ્પર્શે તેટલીજ યથાર્થતાથી અને ઘણે સ્થળે તો તેથી પણ આગળ વધીને તેમણે એ ભાષાનાં શાસ્ત્રોનાં ભાવોને તાગ્યા છે એટલું જ નહિ પણ તે ભાવોને તેમણે ગદ્ય કે પદ્યમાં વ્યકત કર્યા છે. ઘણીવાર તો તે ભાવોના માર્મિક વિવેચનો કર્યા છે. એ વસ્તુ એમની અર્થસ્પર્શી તીક્ષ્ણ પ્રજ્ઞા સૂચવે છે.

જૈન પરંપરાના તાત્ત્વિક પ્રધાન ગ્રંથો એમણે વેધક દૃષ્ટિથી સ્પર્શ્યા છે. કેટલાક મૂળ સૂત્રો જેવાં કે ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ,

દશવૈકાલિક, પ્રજ્ઞાવ્યાકરણ ઇત્યાદિ તો એઓ શબ્દ, ભાવ અને તાત્પર્યમાં પી ગયા હતા એમ લાગે છે. કેટલાક તર્કપ્રધાન ગ્રંથો પણ એમણે વાંચ્યા છે. વૈરાગ્યપ્રધાન અને કર્મવિષયક સાહિત્ય તો એમની નસેનસમાં વ્યાપેલું હોય એમ લાગે છે.

પ્રાજ્ઞ મનુષ્ય ગમે તે પરિસ્થિતિમાંથી લાભજ ઉઠાવી લે છે, એ ન્યાયે શ્રીમદ્‌ને પ્રથમ સ્થાનકવાસી પરંપરા પ્રાપ્ત થઈ એ તેમનાં એક ખાસ લાભમાં જ પરિણમી. તે એ કે સ્થાનકવાસી પરંપરામાં પ્રચલિત એવો મૂળ આગમનો અભ્યાસ એમને તદ્દન સુલભ થયો અને તેની અસર એમના જીવનમાં સુદૃઢ બની ગઈ. પાછળથી શ્વેતાંબર પરંપરાના પ્રચલિત સંસ્કૃતપ્રધાન અને તર્કપ્રધાન ગ્રંથોનાં અવલોકને તેમની આગમરુચિ અને આગમપ્રજ્ઞાને સવિશેશ પ્રકાશી, દીગંબરીય સાહિત્યના પરિચયે તેમની સહજ વૈરાગ્ય અને એકાંતવાસની વૃત્તિને કાંઈક વિશેષ–પણે ઉત્તેજી.

તેમણે સંપૂર્ણ પુસ્તકનું ભાષાંતર માત્ર એકજ દીગંબરઆચાર્ય કુંદકુંદસ્વામીકૃત પ્રાકૃત પંચાસ્તિકાયનું ગુજરાતીમાં કરેલું છે. મૂળ લેખક જ ગુજરાતીમાં લખતા હોય તેવી પ્રૌઢ અને ગંભીર શૈલીમાં એ અનુવાદ થયેલો છે.

તર્કપટુતા પણ શ્રીમદ્‌માં કેવી સૂક્ષ્મ અને નિર્દોષ હતી એ એમનાં લખાણોમાંથી અનેક સ્થળે ચમત્કારિક રીતે જાણવા મળે છે.

પ્રસિદ્ધ દીગંબર તાર્કિક સમંતભદ્રાચાર્યના માત્ર એકજ પ્રસિદ્ધ સંસ્કૃત શ્લોકનું વિવેચન તેમણે કર્યું છે. આ વિવેચનો પણ પ્રમાણની દૃષ્ટિએ નહિ પણ ગુણની દૃષ્ટિએ એવા મહત્વના છે કે કોઈ પણ વિવેચકને તે માર્ગદર્શક થવાની યોગ્યતા ધરાવે છે. એ વિવેચનો પાંડિત્યમાંથી નહિ પણ સહજભાવે ઉગેલી આધ્યાત્મિકતામાંથી જ જન્મ્યા હોય એવો ભાસ થાય છે.

"ષડ્‌દર્શન જિન અંગ ભણીજે" એ પ્રસિદ્ધ અને સમન્વયગામી શ્રી આનંદઘનજીની કડીની ભાવના જૈનપરંપરામાં તર્કયુગથી વિશેષ પ્રતિષ્ઠિત થયેલી છે. એ ભાવનાનું વિશ્લેષણ અને પરીક્ષણ કેવળ જૈન શાસ્ત્રોનો જ નહિ પણ તે તે દર્શનોનાં મૂળ ગ્રંથોનો તેમાં યોગ્ય રૂપમાં અને મધ્યસ્થ દૃષ્ટિએ અભ્યાસ માગે છે. આ ભાવનાનો વારસો શ્રીમદ્‌માં હતો, જે તેમણે સ્પષ્ટ વ્યકત કર્યો છે.

શ્રીમદ્‌ની અસાધારણ સ્મૃતિનો પૂરાવો તો તેમની અવધાન શકિત જ છે. તેમાંય પણ તેમની કેટલીક વિશેષતા છે એક તો એ કે બીજા કેટલાક અવધાનીઓની પેઠે એમનાં અવધાનની સંખ્યા કેવળ સંખ્યાવૃદ્ધિની ખાતર યથાકથંચિત્ વધેલી ન હતી. બીજી અને ખાસ મહત્વની વિશેષતા તો એ હતી કે તેમની અવધાનશકિત બુધ્ધિવ્યભિચારને લીધે જરાય દૂષિત બની ન હતી. ઉલટું એમાંથી વિશિષ્ટ સર્જનબળ પ્રગટયું હતું, જે અન્ય અવધાનીઓમાં ભાગ્યે જ દેખાય છે. ખાસ વાત તો એ છે કે, એટલી અદ્‌ભુત અવધાનશકિત કે, જે દ્વારા હજારો અને લાખો લોકોને ક્ષણવારમાં આંજી અનુગામી બનાવી શકાય, અસાધારણ પ્રતિષ્ઠા અને અર્થલાભ સાધી શકાય, તે હોવા છતાં તેમણે તેનો પ્રયોગ યોગથી પ્રગટ થતી વિભૂતિઓની પેઠે ત્યાજ્ય ગણી તેનો ઉપયોગ અંતર્મુખ કાર્ય ભણી કર્યો, જેમ બીજા કોઈ સાધારણ માણસથી થવું શકય નથી.

દેશનેતા મ. ગાંધીજી જે પુરૂષને મહાન્ પુરૂષ ગણે, રસ્કિન અને ટૉલ્સ્ટૉય કરતાં પણ ચડિયાતા ગણે, તે પુરૂષની વિભૂતિ અસાધારણ હોવી જોઇએ, એમ સહેજે સમજાય તેવું છે.

એક સ્થળે મ૦ ગાંધીજી લખે છે કે–

"મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઇના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમનાં જીવનમાંથી શિખ્યો છું."

"તેમને ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઇ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં જોયું નથી."

વળી તેઓશ્રી લખે છે કે– "હું આજે ત્રીસ વર્ષ થયાં હિંદુસ્તાનમાં ધાર્મિક પુરુષની–તત્વજ્ઞાનીની શોધ કરું છું, પણ શ્રીમદ્ રાજચંદ્રની હરિફાઇ કરી શકે તેવો એક પણ આત્મજ્ઞાની પુરુષ મારા જોવામાં આવ્યો નથી."

બંગાળી, મરાઠી, હિન્દી અને ગુજરાતી આદિ પ્રાંતિક ભાષાઓ, જેમાં ગૃહસ્થ કે ત્યાગી જૈન વિદ્વાન્ અને વિચારક વર્ગની લેખન–પ્રવૃત્તિ થાય છે, અને વિશેષ સંભવે છે. તેથાંથી પ્રસિદ્ધ જૈન આચાર્ય આત્મારામજીની હિન્દી કૃતિઓને બાદ કરતાં એકે ભાષામાં વીસમી શતાબ્દિમાં લખાયેલું એક પણ પુસ્તક મેં એવું નથી જોયું કે જેને શ્રીમદ્ રાજચંદ્રના લખાણો સાથે ગંભીરતા, મધ્યસ્થતા અને મૌલીકતાની દૃષ્ટિએ અંશથી પણ સરખાવી શકાય, તેથી આધુનિક સમગ્ર જૈન સાહિત્યની દ્રષ્ટિએ, વિશેષે કરી જૈન તત્ત્વજ્ઞાન અને ચારિત્રવિષયક ગુજરાતી સાહિત્યની દ્રષ્ટિએ શ્રીમદ્‌ના લખાણોનું ભારે મૂલ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહે નહિ. એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણાં વહ્યા કરે છે, એ ગ્રંથ કોઈ ધર્મનો વિરોધી નથી. કારણ કે એની શૈલી બહુ ગંભીર પ્રકારની છે.

જેમને દર્શનશાસ્ત્રની અભિરુચિ નથી, ફિલસૂફી (તત્વજ્ઞાન) પ્રત્યે જેમનો અણગમો છે, તેમને શ્રીમદ્ રાજચંદ્રના લખાણોમાં કદાચ બહુ રસ નહિ આવે, પણ શ્રીમદ્ રાજચંદ્રની પારમાર્થિકતા, આત્મતત્ત્વ શોધવાની એકાગ્રતા અને જીવન સત્ય સરળ કરવાનો આગ્રહ એ ત્રણ વસ્તુ વિચારકર્તા જીવને આકર્ષ્યા વગર નહિ રહે.

એમના જીવનમાંથી પાંચ વસ્તુ આપણે શિખી શકીએ:—(૧) શાશ્વત (આત્મ) વસ્તુમાં તન્મયતા (૨) અધ્યાત્મને વૈરાગ્યની પરાકાષ્ઠા (૩) જીવનની સરળતા, – આખા વિશ્વ–સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર (૪) સત્ય અને (૫) અહિંસામય જીવન.

આ ગુણો પૂર્વસંસ્કારના બળવાન ક્ષયોપશમી અને પ્રબળ આરાધક તથા વર્તમાનમાં તીવ્ર વૈરાગ્યસંપન્ન આત્મગામી–આત્મલક્ષી પુરૂષાર્થી સિવાય અન્યમાં ન સંભવે.

અર્હત–ઉપાસક

આપણે સહેજ તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં થઇએ તો?

(શ્રી આદમ અદીલના "ભારત જ્યોતિ"માં પ્રગટ થયેલા એક લેખનો અનુવાદ)

તત્ત્વજ્ઞાન પરના પુસ્તકો લખતી વખતે જાણીતા ફિલસુફ કેન્ટનો ઉદ્દેશ એના શિષ્યોને "તત્ત્વજ્ઞાન શીખવવાનો નહિ પણ તાત્વિક રીતે વિચારતા કરવા"નો હતો. આનો અર્થ શું? શું એનો અર્થ એમ છે કે કેન્ટ બધા માનવીઓને પ્લેટો જેવા તત્ત્વચિંતક બનાવવા ઇચ્છતો હતો?

કેન્ટ જાણતો હતો કે દરેક માણસ પ્લેટો જેવો તત્ત્વજ્ઞ થઇ ન જ શકે. પણ સાથે સાથે તે એમ તો માનતો જ હતો કે કોઈ પણ વ્યકિત પોતપોતાની રીતે તત્ત્વચિંતક બની શકે છે.

રોજીંદુ જીવન તાત્ત્વિક જિજ્ઞાસા ઉપજાવતી અનેક વાતોથી ભરેલું હોય છે. એમાંથી ફિલસુફી શોધી કાઢવાની કળા આવડવી જોઇએ. દાખલા તરીકે એક બાળક લ્યો! જરા ઉંડાણથી એને જાણો! શું આપણને એમાંથી ઘણું શીખવા યોગ્ય અને એના જીવન પરથી કોઇ નવું તત્ત્વજ્ઞાન નિર્માણ કરવા યોગ્ય સામગ્રી નથી મળતી?

એક વધુ દાખલો લ્યો! બેહુતનો! એની અકૃતિમ રીતભાત અને વર્તનમાં સાદાઇ, સત્યનિષ્ટા અને પ્રમાણિકતાનો કેવો અમૂલ્ય ખજાનો ભર્યો છે? શું એની તદ્દન સ્વાભાવિક રીતે વહી રહેલી જીંદગી આપણને એક ફિલસુફીનું સર્જન કરવા નથી પ્રેરતી? શું શેક્સપીયરે એક ગામડી ભરવાડમાં ફિલસુફી નહોતી નિહાળી?

આજની દુનિયા ઉપાધિઓથી ભરપૂર છે. સમાજ તેમજ વ્યક્તિ બન્નેનું જીવન આપણા ખ્યાલમાં પણ ન હોય એવી અનેક આપત્તિઓથી ભરેલું હોય છે. આવા સંજોગોમાં શું કરવું જોઇએ? આપણે માત્ર હાથ જોડીને એટાં એટાં ચિન્તા કર્યા કરવી અને સત્તા–ધીશો પર શ્રાપ વરસાવ્યા કરવો એ શું બરોબર છે? ખરૂં પૂછો તો મુશ્કેલીભર્યા સંયોગોનો સામનો કરી શકે અને આશા, ધૈર્ય અને આત્મવિશ્વાસ વડે હૃદયને સભર રાખે એવી તત્ત્વવિચારણાની આપણા દરેકમાં તાકાત રહેલી છે. કોઈ એક રઠીખડી વ્યક્તિ હેરાન થાય છે એમ નથી, લાખો લોકો તરેહતરેહની આફતમાં સપડાયલા છે.

એ ખરૂં છે કે ઘણા લોકોને તાત્ત્વિક રીતે વિચારવું ગમતું જ નથી. અરે, જાણીતા કવિ બાઇરને પણ એક વાર કહેલું, "હું હવેથી તાત્ત્વિક દ્રષ્ટિએ નહિ વિચારું." આવા લોકો અમેરિકાના એક સુપ્રસિધ્ધ ઇતિહાસકાર હેન્રી આદમ્સ સાથે એવી માન્યતા ધરાવતા હોય છે કે "ફિલસુફી એ એક ન ઉકેલી શકાય તેવા પ્રશ્નોનો ન સમજાય તેવો જ ઉત્તર છે". અને શા માટે એવી નકામી માથાકૂટમાં ઉતરવું એમ એ લોકો પ્રશ્ન કરે છે.

પણ તત્ત્વજ્ઞાન અને તત્ત્વચિંતન પ્રત્યે એવું કટ્ટર વિરોધી વલણ ધરાવવા માટે એ લોકોનો વાંક કાઢવો યોગ્ય નથી. કારણ કે તત્ત્વજ્ઞો પોતે જ એ માટે જવાબદાર છે. પંડિત જવાહરલાલ કહે છે તેમ "કોઈ કાળથી તત્ત્વજ્ઞો જે કાંઇ બોલતા આવ્યા છે તે માત્ર તેઓ જ સમજતા હોય છે, લોકો તેમાંથી કશું પણ સમજતા નથી."

આ રહ્યો એનો એક સચોટ દાખલો :

એમ કહેવાય છે કે એકવાર એક નિરાશ થયેલો આશક હેગલ પાસે આશ્વાસનની આશાએ ગયો, અને જ્યારે તેણે પ્રશ્ન કર્યો કે, "પ્રેમની વ્યાખ્યા શું?" ત્યારે હેગલે જવાબ દીધો કે "અનંતતાના સંપૂર્ણ સર્વદેશીય સ્વરુપના એક અનંત અણુમય ભાગમાં રહેલા સત્યતત્ત્વ સાથે સંબંધ ધરાવતું ભાવસ્વરુપ તે પ્રેમ છે." તે બીચારો નાસીપાસ થયેલો પ્રેમી આ સાંભળીને કેવળ આભો જ બની ગયો.

ટૂંકામાં કહું તો જીવનના પ્રશ્નોના આવા સમજી જ ન શકાય તેવા જવાબો આપવાના કારણે તત્ત્વજ્ઞાન અને તત્ત્વજ્ઞાનીઓ લોકોની પ્રીતી સંપાદન કરી શકયા નથી. જેન ફ્રોર્ડ તેથી જ કટાક્ષ કરેલો કે "તત્ત્વજ્ઞાનીઓ તો ચંદ્રલોકમાં વસે છે."

પણ સાચી ફિલસુફી તો, જાણીતા અંગ્રેજ ન્યાયાધીશ સેલ્ડને કહેલું તેમ, બીજું કંઈ નહિ પણ માત્ર વિચારવાની ટેવ સાથે સંકળાયેલી વિવેકબુધ્ધિ છે. ઉપર કહ્યું તે મુજબ નાની અને સામાન્ય વસ્તુઓમાંથી મેળવાતું જ્ઞાન એ પણ ફિલસુફી જ છે. દુઃખને વખતે મનને ચિન્તા કરતું અને આશા છોડતું અટકાવવું એ પણ ફિલસુફી જ છે. આબાદીના કાળમાં, પોતાની સમૃધ્ધિમાં બીજાઓને ભાગ આપવો એમાં જ સુખનું રહસ્ય રહેલું છે એવી માન્યતાપૂર્વક પોતાની આબાદી સમૃદ્ધિમાં સૌ કોઇને સહભાગી બનાવવા એ પણ તત્ત્વદર્શનનો જ એક પ્રકાર છે.

અનુવાદક : **ગીતા કાપડિયા**

જવાહરલાલ નહેરૂની પરદેશનીતિ

"હું હિન્દુસ્તાનને એટલા માટે સ્વતંત્ર અને શક્તિશાળી જોવા ઇચ્છું છું કે તે વિશ્વની ઉન્નતિ માટે સ્વેચ્છાથી પોતાનો પવિત્ર ભોગ આપે. હિન્દની આઝાદીએ દુનિયાની યુધ્ધ અને શાંતિની વિચારસરણીમાં ક્રાંતિ લાવવી જોઇએ. હિન્દની નિર્બળતા સમગ્ર વિશ્વને અસર પહોંચાડે છે."

"મારી મહત્વાકાંક્ષા હિન્દની સ્વતંત્રતા કરતા બહુ જ મોટી છે. હિન્દની મુક્તિદ્વારા હું વિશ્વની તમામ કહેવાતી નબળી પ્રજાઓને પાશ્ચાત્ય શોષણની બેડી નીચેથી મુકત કરવા માંગું છું."

મહાત્મા ગાંધી

છેલ્લા પોણાબસો વર્ષથી હિન્દની પરદેશનીતિ જેવું કશું નહોતું. હા. બ્રિટિશ સરકાર હિન્દી લશ્કરનો, પોતાની પરદેશનીતિ અમલમાં મૂકવા, ઇરાન, અફઘાનિસ્તાન કે ઇટલીમાં ઉપયોગ કરતી. આથી હિન્દની અસહાયતા અને શરમની લાગણી વધતી ચાલી. પહેલા વિશ્વયુદ્ધ બાદ, જ્યારે લીગ ઓફ નેશન્સની સ્થાપના થઈ ત્યારે હિન્દી પ્રતિનિધિઓ લીગ ઓફ નેશન્સમાં ગયા. પણ એ સૌ શોભાના ગાંઠીયા હતા. બ્રિટનને કોઈ પણ ઠરાવમાં એક વધુ મત મળે એ સિવાય એમની બીજી કોઇ કિંમત ન હતી. દુનિયાના મહત્વના પ્રસંગો જાણે હિન્દને સ્પર્શતા જ નથી એમ લાગતું, જ્યારે બીજી બાજુ બંને વિશ્વયુધ્ધોમાં હિન્દ આર્થિક રીતે ધોવાઇ ગયું હતું. આ દરમિયાન હિન્દ શાંત બેસી રહે એ કેમ બને? અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ પં. નહેરૂ વિધવિધ પ્રકારોથી વિશ્વને જણાવતા રહ્યા કે હિન્દના હાથ મુકત હોત તો હિન્દિ પ્રજા શું કરત.

૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે હિન્દ સ્વતંત્ર બન્યું. પં. નહેરૂ હિન્દના વડાપ્રધાન અને પરદેશમંત્રી બન્યા. હિન્દી પ્રજાના એ પરદેશમંત્રી તો વર્ષોથી હતા જ. હવે એ કાયદેસરના પરદેશમંત્રી બન્યા. આ કાર્ય માટે તેમની શી યોગ્યતા છે?

પં. નહેરૂ પશ્ચિમમાં લાંબા સમય સુધી અધ્યયન માટે રહ્યા હતા. જ્યારથી તેમણે હિન્દી રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારથી તેમણે હિન્દની આઝાદીનો પ્રશ્ન વિશ્વના એક પ્રશ્ન તરીકે જોયો છે અને હિન્દી પ્રજાને તે રીતે જોતાં શીખવ્યું છે. દુનિયાભરની ગુલામ પ્રજાઓની મુકિત માટેના સંગ્રામનો હિન્દી સ્વાતંત્ર્ય–સંગ્રામ માત્ર એક ભાગ છે એ તેમણે સચોટપણે સમજાવ્યું. સામ્રાજ્યવાદ, શોષણ, યુધ્ધ અને સરમુખત્યારશાહીના એ એક અગ્રગણ્ય વિરોધી બન્યા. આથી જ રાષ્ટ્રીને કિનારે સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કર્યા પહેલા એ બ્રસેલ્સમાં સ્થપાએલ શાહીવાદ વિરોધી સંઘના સભ્ય બન્યા હતા. યુરોપના રાજકારણ અને પ્રમુખ રાજકીય આગેવાનો સાથે તેમને નીકટનો સંપર્ક હતો. જ્યારે હિટલર સત્તા પર આવ્યો ત્યારે પં. નહેરૂએ પણ તેમના કવિ–ક્રાંતિકાર–નાટયકાર મિત્ર અર્નેસ્ટ ટોલીર સાથે દુનિયાને એ પાશવી સરમુખત્યાર વિરૂધ્ધ ચેતવણી આપી. ૧૯૩૫ માં ઇટલીએ એબિસિનિયા ગળી જવા ઝેરી ગેસ સાથે 'પછાત' આફ્રિકામાં કૂચ કરી ત્યારે ઇંગ્લાંડ અને ફ્રાંસે નામનો વિરોધ કર્યો. લીગ ઓફ નેશન્સ અસહાય બની. આ સમયે પં. નહેરૂએ એબિસિનિયાની તરફેણમાં હિન્દી લોકમત કેળવ્યો અને જગત સમક્ષ એ રજુ કર્યો. તેમની સચ્ચાઈની પ્રતીતિ જગતને ત્યારે થઈ કે જ્યારે મુસોલિનીએ એબિસિનિયન યુધ્ધ દરમિયાન પં. નહેરૂને મળવા ખૂબ પ્રયત્ન કર્યા અને એ સરમુખત્યારને મળવાની પં. નહેરૂએ સાફ સાફ ના કહી.

૧૯૩૬ માં સ્પેઇનની સ્થાપિત લોકશાહી સરકારને ઉથલાવી નાખવા જનરલ ફ્રાંકોએ બળવો કર્યો અને સ્પેઇનમાં આંતરવિગ્રહ શરૂ થયો. આ આંતરવિગ્રહ એ હિટલરના મહાયુદ્ધનો એક પૂર્વપ્રયોગ હતો. ભારતના પ્રજાકીય પરદેશમંત્રી પં. નહેરૂની આગેવાની નીચે રાષ્ટ્રીય મહાસભાએ ફ્રાંકો વિરૂધ્ધ સ્પષ્ટ નીતિ જાહેર કરી. હિન્દની લાગણીના પ્રતીકરૂપે પં. નહેરૂએ ડો. અતલને તબીબી સેવા માટે સ્પેઇન મોકલ્યા. સ્પેઇનના પ્રજાશાસન પ્રત્યે હિન્દની સહાનુભૂતિ વધુ સ્પષ્ટ કરવા પં. નહેરૂએ સ્પેઇનની મુલાકાત લીધી.

આ જ સમયે ચીનમાં એક ભયંકર માનવસંહાર ચાલી રહ્યો હતો. 'મહાન' 'ઔદ્યોગિક' 'અધતન' અને પ્રગતિશીલ જપાન 'પ્રાચીન' 'પછાત' અને 'જંગલી' ચીનને કચડી રહ્યું હતું. આ સમયે ચીન માટે કંઈ કરી છૂટવાની ભાવના પ્રત્યેક હિન્દીમાં જાગે એમાં આશ્ચર્ય નથી. એ ભાવનાને વાચા આપી અને ચરિતાર્થ કરી. જ્યારે અમેરિકા જપાનને શસ્ત્રસામગ્રી અને તેલ પુરૂં પાડતું હતું, અને જ્યારે જપાનના યુધ્ધદેવોને રાજી રાખવા બ્રિટને ચીનની જીવાદોરી સમા બર્મારોડને બંધ કર્યો હતો, ત્યારે પરાધીન હિન્દે પં. નહેરૂની દોરવણીથી ચીનમાં તબીબી સેવામંડળ મોકલ્યું હતું. હીટલરે ઉંકોરલોવાકીઓનો

એકાએક કબજો લીધો અને બીજા વિશ્વયુધ્ધના નગારા વાગવા માંડયાં. આ સમયે હિન્દની પ્રજા વતી પં. નહેરૂએ ઝેકોસ્લોવોકીઆ પ્રતિ ઉંડી હમદર્દી વ્યકત કરી, જણાવ્યું કે માત્ર આઝાદ હિન્દુસ્તાન જ કચડાયેલા રાષ્ટ્રોની આઝાદીની રક્ષા માટે કાંઈક કરી શકે.

બીજું વિશ્વયુધ્ધ શરૂ થયું. અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાએ પોતાનું નાઝીવાદવિરોધી વલણ જાહેર કર્યું. રાષ્ટ્રીય મહાસભાએ સાથી રાજ્યોની યુધ્ધનેમ સ્પષ્ટ કરવા માંગણી કરી. હિન્દને યુધ્ધમાં સક્રિય ફાળો આપવા માટે જે સ્વમાનભરી છુટછાટો જરૂરી હતી તે પણ કોંગ્રેસે સ્પષ્ટ કરી. યુધ્ધનેમ ચર્ચીલે સ્પષ્ટ કરી અને જણાવ્યું કે બ્રિટિશ સામ્રાજ્યનું વિસર્જન કરવા પોતે વડાપ્રધાન થયો નથી. બીજી છુટછાટો આપવાનો પ્રશ્ન જ નહોતો. આવી પરિસ્થિતિમાં ક્વીટ ઇન્ડીયા –હિંદ છોડો–ની લોકલડત શરૂ થઇ. પં. નહેરૂ સહિત હિંદી આગેવાનો કારાવાસમાં ગયા. અને બીજા વિશ્વયુધ્ધ દરમિયાન હિન્દ અસહાયપણે નીચોવાતું ગયું. હિન્દને સ્વાતંત્ર્યની કિંમત આ સમયે સમજાણી તેટલી કયારેય નહોતી સમજાણી.

હિન્દ સ્વતંત્ર થયું એ પૂર્વેની પરિસ્થિતિનું આટલું વિસ્તારથી વિવેચન કર્યું છે તેનાં બે કારણ છે. એક તો એ કે જે વ્યકિત આજે આપણી પરદેશનીતિનું સંચાલન કરે છે તે કેવળ લાગણીપ્રધાન, આદર્શવાદી થિયારક જ નથી, પણ દુનિયાનાં રાજકારણનો પ્રત્યક્ષ અનુભવ લીધેલ સંવેદનશીલ રાજપુરૂષ (Statesman) છે, અને બીજું એ કે હાલની આપણી પરદેશનીતિ સમજવા માટે પરાધીન ભારતની મથામણો આપણા ખ્યાલમાં હોવી આવશ્યક છે.

હિન્દ સ્વતંત્ર થયું ત્યારે બીજું વિશ્વયુધ્ધ પૂરૂં થઇ ગયું હતું. જપાન, જર્મની અને ઇટલીનો સંપૂર્ણ પરાજય થયો હતો. રશિયા અને ચીનની ખૂબ ખાનાખરાબી થઈ હતી. પશ્ચિમ યુરોપ સાવ ભાંગી ગયું હતું. પૂર્વ એશિયામાં રાષ્ટ્રીય આઝાદીનાં પૂર ફીલિપીન્સથી સીલોન સુધી ફરી વળ્યા હતા. અમેરિકા સૌથી વધુ શકિતશાળી રાજય તરીકે લડાઇમાંથી બહાર આવ્યું હતું. બ્રિટન, ફ્રાંસ અને બીજા યુરોપીય શાહીવાદી રાજ્યો બોખરાં થઇ ગયાં હતાં. જર્મની અને જપાન થોડા સમય માટે રાષ્ટ્રો તરીકે જ ભુંસાઈ ગયા હતા. આવી પરિસ્થિતિમાં સત્તા–શૂન્યતા (Power Vaccum) યુરોપ અને એશિયામાં નજરે પડતી હતી. અમેરિકાએ જુદી જુદી મદદને નામે અને સંધિકરારો દ્વારા પોતાની સત્તાનું ક્ષેત્ર વિસ્તારવા માંડયું. રશિયાએ પૂર્વ યુરોપમાં અને બાલ્કન રાજ્યોમાં સામ્યવાદી પક્ષોની એકહથ્થુ સત્તા ઠોકી બેસાડી. ધીમે ધીમે, અમેરિકા અને રશિયા વચ્ચે અંતર એટલું બધું વધ્યું કે દુનિયા જાણે બે જુથોમાં વહેંચાઇ ગઇ. અણુબોંબ બંને જુથોનો આરાધ્યદેવ થઇ ગયો. હિન્દ સ્વતંત્ર થયું ત્યારે અણુબોંબનું રાજકારણ શરૂ થઈ ગયું હતું.

પરદેશનીતિના મુખ્ય સિધ્ધાંતો

કોઈ પણ રાષ્ટ્રની પરદેશનીતિ રાષ્ટ્રના મૂળભૂત હિતોનું રક્ષણ કરવાનું એક સાધન છે. જરાયે ઉર્મિલ બન્યા સિવાય, વાસ્તવિકતાથી અને માત્ર હિતોની દૃષ્ટિએ વિચારનાર પણ ઉપરની વ્યાખ્યા માન્ય રાખશે.

છેલ્લા ચાર વર્ષની પં. નહેરૂની પરદેશનીતિ જોતાં નીચેના ચાર સિધ્ધાંતો સ્પષ્ટ થાય છે.

(૧) હિન્દે કોઈ પણ જુથ સાથે જોડાવું નહિ. અમેરિકન જુથ અને રશિયન જુથમાંથી આપણે કાંઇ પસંદ કરવા જેવું નથી. અમેરિકન જુથ શાહીવાદી ફ્રાંસ, ઇંગ્લેંડ વગેરેને પૂરતી સહાય આપે છે એટલું જ નહિ પણ બીજા સ્વતંત્ર દેશોમાં અમેરિકા પોતે પગપેસારો કરે છે. રશિયા પણ પોતાની સત્તાનું ક્ષેત્ર યેનકેનપ્રકારેણ વિસ્તારતું જાય છે. પુર્વ યુરોપનાં રાજ્યો અને બાંડિયા રાજ્યો વચ્ચે કાંઇ તફાવત નથી.

(૨) પરદેશી તંત્ર સામે મુકિતયુધ્ધ કરી રહેલ દરેક પ્રજાને ટેકો આપવો. કોઇ પણ પ્રકારના શોષણ સામે થયેલ લોકક્રાંતિને આવકારવી.

(૩) શસ્ત્રીકરણ અને નિઃશસ્ત્રીકરણ–યુદ્ધ અને શાંતિ–એ વિકલ્પોમાંથી હિન્દે હંમેશા શાંતિ અને નિઃશસ્ત્રીકરણની નીતિને ટેકો આપવો.

(૪) પરદેશનીતિ તટસ્થ નહિ પણ સ્વતંત્ર રહેશે. હિન્દ તીરે ઉભું રહીને કેવળ તમાશો નહિ જુએ.

હવે આ સિદ્ધાંતો આપણા મૂળભૂત હિતોનું રક્ષણ કઇ રીતે કરે છે તે જોઇએ. આપણી પરદેશનીતિ વિષે માત્ર અભિપ્રાયો આપ્યા સિવાય, નકકર હકીકતો તપાસીએ.

પૂર્વ એશિયા

ફિલિપિન્સથી બ્રહ્મદેશ સુધીના એશિયાના વિભાગને હું પૂર્વ એશિયા કહું છું. હિન્દની પરદેશનીતિ આ વિસ્તારમાં સૌથી વધુ ક્રિયાશીલ છે. હિન્દ પૂરેપુરૂં આઝાદ થયું એ પહેલાં પં. નહેરૂએ માર્ચ, ૧૯૪૭ માં એશિયન રાજ્યોની એક પરિષદ ન્યુ દિલ્હીમાં બોલાવી હતી. દુનિયાના ઇતિહાસમાં પહેલી જ વાર એશિયાના સ્વતંત્ર અને અર્ધ–સ્વતંત્ર રાજ્યો એક બનીને ચર્ચા–વિચારણા કરવા એકત્ર થયા હતા. 'એક એશિયા'ની વાત ઘણી થતી, પણ એ દિશામાં નક્કર પગલું ન્યુ દિલ્હીએ જ ભર્યું.

ઇન્ડોનેશિયાએ ઓગષ્ટ, ૧૯૪૫માં પોતાની સ્વતંત્રતા જાહેર કરી હતી. પણ જપાની બળથી ગભરાઇ નાસી ગયેલ ડચ સામ્રાજ્યવાદીઓ એ વાત સ્વીકારતા નહોતા. અંગ્રેજોએ જપાની પરાજય બાદ ડચ શાહીવાદ વતી 'કાયદો અને વ્યવસ્થા' જાળવવા પોલીસતું કાર્ય કર્યું. 'લીંગાજાતિ' અને 'રેનવીલ સંધિઓ' થઇ અને ડચ સરકારે આખરે ઇન્ડોનેશિયાની આઝાદી શરતો સાથે સ્વીકારી. આ બંને કરારોના ભંગ કરી, ડચ હવાઇ દળે ઇન્ડોનેશિયા પર અચાનક છાપો માર્યો. પ્રમુખ સુકાર્ણો અને શ્રી. હાટાને કેદ કર્યા. સભ્ય દુનિયામાં હાહાકાર પ્રવર્તી ગયો. આ સમયે હિન્દે ખાસ ઇન્ડોનેશિયાના પ્રશ્ન અંગે જ ન્યુ દિલ્હીમાં એશિયન રાજ્યોની એક પરિષદ બોલાવી. આ પરિષદની નૈતિક અસર એટલી બધી પડી કે ઇન્ડોનેશિયાના પ્રશ્નનું નિરાકરણ જલદી થયું. ઇન્ડોનેશિયનો પં. નહેરૂને 'Grand pa Nehru'ના લાડીલા નામે ઓળખે છે. પૂર્વ એશિયાના એક પ્રગતિવાદી મુસ્લીમ રાજ્ય સાથે હિન્દે આ કાર્યથી મિત્રતાની હીરગાંઠ બાંધી છે.

ચીને પ્રત્યાઘાતી ચ્યાંગ-કૈ-શેકની સરકારને એક અપૂર્વ ક્રાંતિદ્વારા ઉથલાવી નાખી. ચીની પ્રજાના પ્રશ્નો સમજી જઇને, નિશ્ચય અને પ્રમાણિકતાથી કાર્ય કરનાર ચીની સામ્યવાદીઓએ ઉઘાડા પગે પીકીંગ લીધું. સરમુખત્યાર ચ્યાંગના સૈનિકોને અમેરિકા તરફથી મળેલાં શસ્ત્રો અને સાધનસામગ્રી અકબંધ સામ્યવાદીઓના હાથમાં પડી. ૧૯૪૯ માં કોઈ રાષ્ટ્રની મદદ વિના માઓત્સુતુંગે ચીની પ્રજાસત્તાકની ઘોષણા કરી. આ નવા ચીનને માન્ય કરવા હિન્દે હિમાયત કરી. ફોર્મોસામાં ભરાઇ બેઠેલ ચ્યાંગ પીકીંગ સર કરશે અને ફરી અમેરિકન આધિપત્ય ચીન પર સ્થપાશે–એ દિવાસ્વપ્નમાં જ અમેરિકા રાચતું હતું. દુનિયાની રંગીન પ્રજાઓમાં જે આનંદનો વિષય હતો એ પશ્ચિમના શાહીવાદી રાજ્યો માટે શોકપ્રસંગ હતો.

હિન્દે ચીનને માન્ય કર્યું તે પાછળ પ્રગતિશીલ ભાવના તો હતી જ. હિન્દને એમ પણ લાગ્યું કે જો ચીન એકલું પડી જશે તો વધુ ને વધુ રશિયાના પ્રભુત્વ નીચે આવશે. ચીન રશિયાનું બાંડિયું રાજ્ય છે એ દલીલ નૂતન ચીનના સર્જનનો ઇતિહાસ બોટી પાડે છે. ૧૯૪૫ સુધી સ્ટાલીન ચીની સામ્યવાદીઓને માત્ર 'Peasant–Reformers' કહીને મજાક કરતા હતા. વળી ચીન એ કાંઇ બોબા જેટલું આલ્બેનિયા નથી. ચીન એ રશિયાનું બાંડિયું બને એ વાત જ અશકય છે. હિન્દે ચીનને માન્ય કર્યું અને તરત દુનિયાની મોટાભાગની પ્રજાએ નવા ચીનને માન્ય કર્યું. માત્ર અમેરિકાની આડબીલ વૃત્તિને લીધે સંયુકત રાષ્ટ્ર સંઘમાં ચીનને હજુ સુધી સ્થાન મળી શકયું નથી.

જો ચીનને સંયુકત રાષ્ટ્ર સંઘમાં સ્થાન મળ્યું હોત તો કોરીઆનો પ્રશ્ન આટલો વણસત નહિ; અને પરિસ્થિતિ બગડત તો પણ તેનો ઉકેલ જલ્દી આવત. કોરીઆના પ્રશ્નમાં આપણે ઉત્તર કોરિઆએ આક્રમણ

કર્યું તેનો વિરોધ કર્યો. પણ જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સૈન્યોએ ૩૮મી સમાંતર ઓળંગી ઉત્તર કોરીઆ જીતવા પ્રયત્ન કર્યો ત્યારે હિન્દે ચેતવણી આપી કે ચીન પોતાની સરહદ સાચવવા જરૂર યુધ્ધમાં ઝંપલાવશે. આ ચેતવણી પશ્ચિમે ન ગણકારી, અને જ્યારે ધોડાપુરે આગળ ધસતા ચીની સૈન્યે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સૈન્યને ઠેઠ દક્ષિણ કોરીયાના પુસાન સુધી હડસેલી દીધું ત્યારે હિન્દની ચેતવણીની યથાર્થતા અમેરિકા સમજ્યું. હિન્દે જ્યારે મેકઆર્થરની બિનજવાબદાર નીતિની હળવી ટીકા કરી ત્યારે અમેરિકાને પસંદ ન આવ્યું, પણ આખરે પ્રેસિડેન્ટ ટ્રુમેનને મોટી નામોશી સાથે મેકઆર્થરને બરતરફ કરવા પડ્યા.

હિન્દે જપાનના શાંતિ કરાર વિશે જે પગલું ભર્યું તે વિરૂધ્ધ ઘણી ટીકા થઇ છે. જે ખરડા પર આંકેલી લીટી પર અમેરિકાએ સહી કરવા જ બોલાવેલા એ પરિષદમાં હાજરી આપવાનો શો અર્થ હતો ? પરિષદ ચાલતી હતી તે દરમિયાન જ જપાની લોકમતે આ સંધિ વિરૂધ્ધ પોતાનો અણગમો વ્યક્ત કર્યો હતો. બીજું આ જપાનીઝ શાંતિ કરાર વર્સાઇલિની સંધીની કદાચ બીજી આવૃત્તિ ન થાય, પણ જપાન સાથે જેણે સૌથી પ્રથમ કરાર કરવા જોઇએ એ ચીનને જ પરિષદમાં સ્થાન ન મળે એવી સંધિથી એશિયાની અશાંતિ દૂર નહિ થાય એમાં શક નથી. જપાનના પોતાના બૌનીન અને રિયુકુ ટાપુઓ અમેરિકા પોતાના વાલીપણા નીચે લશ્કરી મથકો તરીકે રાખે છે એ સામે જપાનમાં તીવ્ર અસંતોષ છે. સમયપારખુ જપાનીઝ વડાપ્રધાન શ્રી. શિગેરૂયોશીદાએ પણ એ વિશે સાન ફ્રાંસિસ્કોમાં હળવી ટકોર કરી હતી. જપાન જેવું સ્વમાની રાષ્ટ્ર આ ધુંટડો ભલે ગળી ગયું, પણ એ ધુંટડાનો ભારેલો અગ્નિ કોઇ પણ વખતે એશિયાની શાંતિને જોખમાવશે એવો ભય તો હજ છે. જપાનના બધા જ પક્ષોએ અત્યંત સંયત ભાષામાં હિન્દની લાગણીની આભારભરી નોંધ લીધી છે. બીજી બાજુ, ચીને, હિન્દે ફોર્મોસા વિશે જે દલીલો રજુ કરી હતી તે વિશે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. આપણું ભવિષ્ય જપાનના ઉદ્યોગો અને ચીનના કાચા માલના બજારો સાથે સંકળાયેલું રહેવાનું છે. કમકે અમેરિકા તથા પશ્ચિમના રાજ્યોની આપણને ઉત્પાદક યંત્રો (Capital Goods) આપવાની ઇચ્છા હશે તો પણ નહિ આપી શકે અને કાચો માલ પણ આપણને બીજેથી મળવો મુશ્કેલ છે, કમકે યુધ્ધની તૈયારી કરતા દેશો જ બધું ભરખી જાય છે. આવી સ્થિતિમાં જપાનની ઔદ્યોગિક શક્તિ અને ચીનની કાચો માલ પૂરો પાડવાની શક્તિ તરફ આપણા ઉદ્યોગપતિઓની નજર હોય એ સ્વાભાવિક છે. પં. નહેરૂના જાપાનીઝ શાંતિ–કરાર પરિષદમાં હાજરી નહિ આપવાના નિર્ણયે ચીન, જપાન અને હિન્દુસ્તાનને વધુ નિકટ આણ્યા છે.

અપૂર્ણ

વાડીલાલ ડગલી

પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૨૯–૮–૫૧ બુધવારથી તા. ૫–૯–૫૧ બુધવાર સુધી યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા નિર્વિઘ્ને સફળતાપૂર્વક પાર પડી, અને જૈન જૈનેતર અનેક લોકોએ આ વ્યાખ્યાનમાળાનો સારા પ્રમાણમાં લાભ લીધો. આઠે દિવસની સભાના પ્રમુખસ્થાને પંડિત સુખલાલજી બીરાજ્યા હતા. તેમની નાજુક તબિયતના કારણે તેઓ આ વખતે આવશે કે કેમ એ અનિશ્ચિત હતું અને તેથી વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં તેમનું કોઇ એક વિષય ઉપર સ્વતંત્ર વ્યાખ્યાન રાખવામાં આવ્યું નહોતું. એમ છતાં જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે તેઓ માર્ગદર્શન આપતા હતા તેમ જ જુદા જુદા વ્યાખ્યાનોના ઉપસંહારરૂપે અવાર નવાર બે શબ્દો કહેતા હતા. પ્રારંભની સાત વ્યાખ્યાનસભા વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદભવનમાં ભરવામાં આવી હતી, જ્યારે છેલ્લી સભા રોકસી થીએટરમાં ભરવામાં આવી હતી. શરૂઆતથીજ વ્યાખ્યાનશાળા શ્રોતાઓથી ઠીક ઠીક ભરેલી રહેતી હતી અને તેમાં પણ દિવસાનુદિવસ શ્રોતાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી, અને રજાનો દિવસ હોય કે કોઇ વિશિષ્ટ ખ્યાતિવાળા લોકપ્રિય વક્તાનું વ્યાખ્યાન હોય ત્યારે શ્રોતાઓનો સમાવેશ કરવો અશક્ય થઈ પડતો હતો. આ વ્યાખ્યાનમાળાનો લાભ જેટલા પ્રમાણમાં ભાઇઓ લે છે લગભગ તેટલાજ પ્રમાણમાં બહેનો લાભ લે છે અને ઉત્તરોત્તર જૈનેતર શ્રોતાઓની સંખ્યા વધતી જ જાય છે. ભાઇ ઉમાશંકર, કેદારનાથજી કે કાકાસાહેબ કાલેલકર જેવા વ્યાખ્યાતાઓ હોય ત્યારે વિદ્યાર્થીઓને લીધે શ્રોતાઓની ભીડ એકદમ વધી જાય છે. આ રીતે આ પર્યુષણ વ્યાખ્યાનમાળા એક સાંપ્રદાયિક મેળો મટીને ધીમે ધીમે એક સાર્વજનિક સંસ્કારપર્વનું સ્વરૂપ પકડતી જાય છે. અને આ વખતે કોણ કોણ વ્યાખ્યાતાઓ આવવાના છે અને કયા કયા વિષય ઉપર બોલવાના છે એ વિષેનું કુતૂહલ આમપ્રજામાં પણ દૃષ્ટિગોચર થતું જાય છે.

આ વ્યાખ્યાનમાળા સાથે સંગીતને વધારે ને વધારે સંકલિત કરવાની ભાવના ધીમે ધીમે મૂર્ત સ્વરૂપ પકડતી જાય છે. આ વખતે શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં સારી રીતે તાલીમ પામેલી બહેનો તરફથી હમેશાં બે કે ત્રણ ભજનો રજુ કરવામાં આવતા હતા. આ સંગીત–ક્રમના આયોજનની જવાબદારી બહેન ગીતા કાપડિયાને સોંપવામાં આવી હતી અને તે ક્રમ પાર પાડવામાં બહેન વાસન્તી કોડીકલ, સુલોચના ખાંડવાળા, ઉષાબહેન, સુલોચનાબહેન, પ્રમીલાબહેન, સુરંગીબહેન તથા દમયન્તીબહેન– આ બહેનોએ બહુ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વળી બીજી તારીખ અને રવિવારના રોજ ચાલુ કાર્યક્રમને લંબાવવામાં આવ્યો હતો અને મુંબઇના જાણીતા ગાયક શ્રી શાન્તિલાલ શાહે પોતે જ પદ્યમાં રચેલ કેટલાંએક જૈન કથાનકો તેમ જ અન્ય પદો સંગીતના સંપૂર્ણ સાજ સાથે સંભળાવ્યા હતા અને સભાને આનંદમુગ્ધ કરી હતી. આ ઉપરાંત ન્યુ એરા સ્કૂલના કળાશિક્ષક શ્રી. મધુભાઇ પટેલનો ગયા વર્ષ માફક આ વખતે પણ ભજનો અને લોકકથાઓનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પર્યુષણ વ્યાખ્યાનમાળાની ચાલુ રચનાથી પ્રસન્નચિત્ત બનેલા તેઓ એકલા આવવાને બદલે ભાઈ પિનાકિનને તેમ જ ભજનોમાં સાદ તથા સંગીત પુરાવે તે માટે પોતાની આખી મંડળીને લઈ આવ્યા હતા અને કેટલાક ભજનો સમુહસંગીતના સ્વરૂપમાં તેમણે સંભળાવ્યા હતા. અમારી વ્યાખ્યાનમાળાને આ રીતે રસપલ્લવિત બનાવવા માટે આ બધાં ભાઈ બહેનોના અમે ખરેખર ખૂબ ઋણી છીએ.

આ વખતે વ્યાખ્યાતાઓની ચુંટણીમાં વૈવિધ્ય હતું તેમ જ વિષયોમાં ખૂબ નવીનતા હતી. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાએ સદ્‌ભાગ્યે એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે કે જેને જેને વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપવામાં આવે છે તેમાંથી ભાગ્યે જ કોઇની ના સાંપડે છે– વિદ્વાનો, વિચારકો અને સમાજસેવકો માટે આ વ્યાખ્યાનમાળા ઠીક ઠીક આકર્ષણનું નિમિત્ત બનેલ છે, અને તેથી વ્યાખ્યાનો ગોઠવવાનું કાર્ય હવે બહુ મુશ્કેલ લાગતું નથી. પ્રત્યેક વક્તા પોતપોતાને સોંપાયલા વિષય માટે તૈયાર થઇને આવે છે અને નિયત સમયમાં પોતાનું વક્તવ્ય પૂરું કરે છે. આ વ્યાખ્યાનમાળા પાછળ રહેલી સર્વધર્મસમભાવની ભાવના બરોબર ધ્યાનમાં રાખીને દરેક વક્તા પોતાના વિચારો રજુ કરે છે અને શ્રોતાઓને કંઈ ને કંઈ નવું જાણવાનું, સમજવાનું ને વિચારવાનું મળે છે. આ વખતની વ્યાખ્યાનમાળાની શરૂઆત શ્રી. લતા મુનશીના વ્યાખ્યાનથી થઈ અને આ યુગના ઋષિ–દૃષ્ટા સમાન શ્રી. કેદારનાથજી, કાકાસાહેબ તથા પંડિત સુખલાલજીનાં મંગલ પ્રવચનો વડે પૂર્ણાહુતિ થઈ. વ્યાખ્યાનમાળાની સફળતાનો મૂળ આધાર વ્યાખ્યાતાઓના સહકાર ઉપર રહેલો છે. તેથી જે જે વિદ્વાન વ્યક્તિઓએ અમારા નિમંત્રણને માન આપીને આ વ્યાખ્યાનમાળામાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા તે સર્વનો સૌથી વિશેષ આભાર માનવો ઘટે છે. આ વ્યાખ્યાતાઓ–માંના ઘણા ખરા મુંબઈ બહારગામથી બોલાવવામાં આવ્યા હતા. કાકાસાહેબ કાલેલકરને, પંડિત સુખલાલજીને, ઉમાશંકર જોષીને, કિસનસિંહ ચાવડાને તથા પદ્મનાભ જૈનને આ વ્યાખ્યાનમાળા માટે ખાસ બહારગામથી બોલાવવામાં આવ્યા હતા.

રોકસી થીએટરના માલીક મેસર્સ કપુરચંદ એન્ડ કંપનીવાળાએ છેલ્લા દિવસની સભા ભરવા માટે પોતાના ભવ્ય થીએટરનો તથા ધ્વનિવર્ધક યંત્રનો કશું પણ મૂલ્ય લીધા સિવાય અમને ઉપયોગ કરવા દીધો હતો: આ માટે અમે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આ થીએટરમાં લગભગ ૧૬૦૦ ખુરશીઓ છે. એ ઉપરાંત ઉપર નીચે જ્યાં જ્યાં ખાલી જગ્યાઓ હતી તે તેમ જ સ્ટેજ- બધું શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. આ રીતે આ સભાનો લગભગ ૨૦૦૦ ભાઈ બહેનો લાભ લઈ શકયા હતા અને જગ્યાના અભાવે લગભગ ૫૦૦ ભાઈ બહેનોને પાછા જવું પડયું હતું. અમને કશી અગવડ ન પડે તે માટે તેમના સ્ટાફના માણસોએ ખૂબ કાળજી રાખી હતી અને શ્રી. કપુરચંદભાઇ તથા શ્રી. કેવળચંદભાઇ પોતે પણ હાજર રહ્યા હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળાની આગળના સાત દિવસની સભાઓ ભરવાની અમારી અગવડ ધ્યાન ઉપર આવતાં શ્રી. કપુચંદભાઇએ પોતે છેલ્લા દિવસની સભામાં જો તેમને વખતસર ખબર આપવામાં આવે તો રોકસી થીએટરમાં આઠે દિવસની સભા ભરી શકાય તેવો પ્રબંધ કરી આપવાની ઇચ્છા એ સભામાં જાહેર કરી હતી, અને અમારે ત્યાં આટલા બધા ભાઇ બહેનો આવા શુભ કાર્યો માટે એકઠા થાય-અને અમારા થીએટરનો આવો લાભ લેવાય તેથી વિશેષ મોટું અમારું બીજું શું ભાગ્ય હોઈ શકે. એવા ઉંડા સદ્‌ભાવભર્યા ઉદ્‌ગારો વડે આખી સભાને આનંદમગ્ન કરી હતી અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રયોજકોને પોતાની પ્રવૃત્તિને વિસ્તારવા માટે અણધાર્યું પ્રોત્સાહન અને ઉત્તેજન આપ્યું હતું. આ તેમની ઉદારતા અને સદ્‌ભાવ અનેક ધન્યવાદને પાત્ર છે.

છેવટે આઠે દિવસની સભામાં વ્યવસ્થા અને શાન્તિ જાળવવામાં અનેક રીતે ઉપયોગી થનાર અને ઉભે પગે કામ કરનાર શ્રી. ઝાલાવાડ જૈન સ્થાનકવાસી સ્વયંસેવક મંડળનો અન્તઃકરણપૂર્વક આભાર માનવો ઘટે છે. દર વર્ષે તેઓ અમને પુરો સહકાર આપી રહ્યા છે અને અમે પણ આવા પ્રસંગે તેમને જ યાદ કરતા રહીએ છીએ.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

જવાહરલાલનું પ્રમુખપદારોહણ

આખરે આપણે જેની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક ભરાઇ ગઇ. તે બેઠક સમક્ષ પંડિત જવાહરલાલનું, કોંગ્રેસ પ્રમુખ પુરૂષોત્તમદાસ ટેન્ડનનું તથા કોંગ્રેસ કારોબારીના સર્વ સભ્યોનાં રાજીનામાં રજુ કરવામાં આવ્યાં. ટેન્ડનબાબુના રાજીનામાએ સમિતિનું કામ સરળ બનાવી દીધું. ટેન્ડનબાબુનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું અને તેમના સ્થાને નહેરૂની નીમણુંક કરવામાં આવી.

આ બેઠકમાં શું થશે તે વિષે જાતજાતની અટકળો કરવામાં આવી હતી. મુખ્ય મુખ્ય આગેવાનો વચ્ચે ખૂબ ધર્ષણ પેદા થશે, ગરમાગરમ ભાષણો થશે, એકમેક માટે મનદુઃખનાં અનેક કારણો ઉભાં થશે એવી કંઈ કંઈ કલ્પનાઓ સેવાતી હતી. આને બદલે બન્ને દિવસ બેઠક એક એક કલાક લગભગ ચાલી અને કશા પણ ધર્ષણ કે શાબ્દિક યુધ્ધો સિવાય અગત્યની બાબતો વિષે સરળપણે લેવા ઘટતા નિર્ણયો લેવાઈ ગયા.

પ્રમુખસ્થાનેથી નિવૃત્ત થતા ટેન્ડન બાબુએ સમયોચિત વાણી અને સંયમપૂર્ણ વર્તનદ્વારા એક ઉત્કૃષ્ટ કોટિની પ્રતિભાનું આપણને દર્શન કરાવ્યું અને તેમના વિરોધીઓના દિલમાં પણ સદ્‌ભાવ અને આદરની લાગણી પેદા કરી. પોતાનું સ્થાન ખાલી કરવામાં તેમણે લેશ માત્ર આનાકાની ન કરી કે અણગમો ન દાખવ્યો, પણ પોતે પ્રમુખ હોય

સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવી છે. આ રીતે મદદ આપનાર ભાઈ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય તથા પ્રબુધ્ધ જૈનને સંયુકત ભેટ.

૨૦૦	શ્રી. ચીમનલાલ પી. શાહ	
૧૦૦	,, દીપચંદ એન્ડ કું.	
૭૫૦	,, રસિકલાલ મોહનલાલ ઝવેરી	
૫૦	,, નાનચંદભાઇ શામજી	
૫૦	,, સુરજબહેન કોઠારી	
૫૦	,, લીલાધર પાસુ	
૨૫	,, લવણપ્રસાદ શાહ	
૨૫	,, નરોત્તમદાસ અમરચંદ શેરદલાલ	
૨૫	,, જેઠાલાલ ડી. શાહ	
૨૫	,, મણિબહેન સવચંદ કાપડીયા	
૨૫	,, ખેતસી માવસી	
૨૫	,, મફતલાલ ભીખાચંદ	
૨૫	,, ચંદુલાલ મણિલાલ	
૨૫	,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી	
૨૫	,, ચીમનલાલ જે. શાહ	
૨૫	,, મણસી લખમસીની કું.	
૨૫	,, રતનસી કાનજીની કું.	
૨૫	,, નાનજી ધારસીની કું.	
૨૫	,, નરસી જેઠાની કું.	
૨૫	,, રતનસી મોનજીની કું.	
૨૫	,, જેઠા મણસીની કું.	
૨૫	,, નરસીદાસની કું.	
૨૫	,, ખીમજી વેલજીની કું.	
૨૫	,, ધારસી રાયસીની કું.	
૨૫	,, મણિબહેન દેવસી ખેતસી	
૨૫	,, અંબાલાલ એલ. પરીખ	
૨૫	,, મંગળદાસ જગજીવનદાસ તલસાણીઆ	
૨૫	,, કાંતિલાલ હરખચંદ	
૨૫	,, લખમસી ઘેલાભાઈ	
૨૫	,, વાડીલાલ પોપટલાલ ગોસળીયા	
૨૫	,, ચીમનલાલ નાથાલાલ	
૨૫	,, લીલાધર પી. શાહ	
૨૫	,, મણિબહેન શિવલાલ શાહ	
૨૫	,, નાથુરામ પ્રેમજી	
૨૫	,, અંબાલાલ ચતુરભાઈ	
૨૫	,, ખીમજી માંડણ ભૂજપરીઆ	
૨૫	,, મનુભાઈ ગુલાબચંદ કાપડીયા	
૨૫	,, મોહનલાલ નગીનદાસ જરીવાલા	
૪૪૭-૮-૦	થેલીમાં આવ્યા. બહેનોએ એકઠા કરેલા	
૧૭૪૭-૮-૦		

વ્યાખ્યાનમાળા

૧૦૧	શ્રી. રમણલાલ લાલભાઇ શેઠ	
૧૦૦	,, ભોળાભાઈ જેસિંગભાઈ	
૧૦૦	,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી	
૫૧	,, રસિકલાલ મોહનલાલ ઝવેરી	
૫૧	,, મોંઘીબહેન હીરાલાલ	
૫૦	,, પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ	
૨૫	,, ખીમજી માંડણ ભૂજપરીઆ	
૨૫	,, ચંદુલાલ મોહનલાલ ગાંધી	
૨૫	,, મેનાબહેન નરોતમદાસ શેઠ	
૧૬	એક સદ્‌ગૃહસ્થ	
૧૦	શ્રી. દીપચંદ કેશરીચંદ	
૧૦	,, લલિતાબહેન	
૧૦	,, રમણીકલાલ કાળીદાસ	
૧૦	,, વિન્ધ્યાબહેન પરીખ	
૫	,, જેઠાલાલ પાશવીર લાલન	
૫	,, ગંભીરલાલ ચુનીલાલ ડગલી	
૫	,, મુરજી મેગણ	
૫	,, રાયચંદ હીરાચંદ ઝવેરી	
૫૯૯-૦-૦		

સંઘને ભેટ

૫૧	શ્રીમતી ચંદનબહેનનાં ડાહ્યાભાઇ
૧૦	શ્રી. રમણલાલ પટણી
૫	,, ચીનુભાઈ
૧	,, સુરજબહેન કોઠારી
૬૭-૦-૦	

વૈદ્યકીય રાહત

૨૫	શ્રી. ખુશાલચંદ કેશવજી સંઘવી

ત્યાં સુધી અન્ય કોઇના આદેશ મુજબ પોતાની કારોબારીની પુનરરચના થઈ ન જ શકે એ મુદ્દાને તેઓ મજબુતપણે વળગી રહ્યા. અને પોતે નિવૃત્ત થવા છતાં જવાહરલાલને પ્રમુખ બનાવીને પોતાનો મુદ્દો તેમણે ખરી રીતે કાયમ રાખ્યો. આ રીતે તેઓ હારવા છતાં પણ જીત્યા એમ કહી શકાય.

આવી જ રીતે જવાહરલાલજીએ પણ આદરણીય ઉદારતા દાખવી અને આખા પ્રકરણમાં લેશ માત્ર કડવાશને સંચરવા ન દીધી. પરિણામે ઓકટોબર માસમાં દીલ્હી ખાતે કોંગ્રેસનું અધિવેશન ભરવાના ઠરાવ સાથે બેઠક વિસર્જિત થઇ અને સૌ કોઈ હસતા મોઢે છુટા પડયા.

આમ બધું બાંધ્યે ભારે પતી ગયું એ જોઇને મન એક પ્રકારની નીરાંત અનુભવે છે. પણ વધારે વિચાર કરતાં લાગે છે કે આવી અગત્યની બેઠકમાં–અને તે પણ બાનગી આકારમાં મેળવેલી હોવા છતાં–દિલ ખોલીને બધાએ વાતો ન કરી અને કોણ કોનાથી કઇ બાબતમાં જુદો પડે છે એ વિષે કશી સ્પષ્ટતા ન થઇ એ ઠીક ન થયું. જવાહરલાલ વિરૂધ્ધ એવા ટેન્ડનં બાબુ પક્ષના જેમને લેખવામાં આવતા હતા તે બધાય લગભગ જવાહરલાલના પક્ષે ઢળી પડયા. જવાહરલાલજીનું કારોબારીમાંથી રાજીનામું આવ્યું ત્યાર બાદ દેશના ઘણા મોટા ભાગનું જવાહરલાલ પ્રત્યે અત્યન્ત પક્ષપાત દાખવતું, વલણ ધ્યાનમાં લઇને ટેન્ડન બાબુએ કશા પણ વાંધા વિરોધ, કટાક્ષ કે કડવાશ સિવાય જવાહરલાલજીને પોતાનું સ્થાન ખાલી કરી આપ્યું તે તો ભારે સુન્દર થયું, પણ જવાહરલાલજીએ આ રાજીનામાનો ખેલ શા માટે ફેંકયો અને હવે જો ટેન્ડન બાબુને ખસેડીને તેમના સ્થાને પોતે આવ્યા છે તો તેઓ શું કરવા માંગે છે, કોંગ્રેસમાં પેદા થયેલ જે દ્વિધાની તેઓ ફરિયાદ કરે છે તે શું છે અને તેઓ પોતાના સાથીઓ અને અનુયાયીઓ પાસેથી શી અપેક્ષા રાખે છે. આ બધા મુદ્દાઓ ઉપર તેમણે વિગતવાર નિવેદન દ્વારે પ્રજાને સ્પષ્ટ માર્ગદર્શન કરાવવું જોઇતું હતું અને કોંગ્રેસનું અધિવેશન આટલી જલ્દિથી બોલાવવામાં આવે છે ત શા માટે તેનો પણ પ્રજાને સ્પષ્ટ ખ્યાલ આપવો જોઇતો હતો. આવું કશું જ બન્યું નહિ અને પરિણામે માત્ર મુખીની ફેરબદલી સિવાય બીજી બધી રીતે કોંગ્રેસ, આપણે અને આમપ્રજા–બધાં હતાં ત્યાંના ત્યાં જ હજુ ઉભાં છીએ એવી સ્થિતિ હજુ પ્રવર્તે છે એટલું જ નહિ પણ આગેવાન નેતાઓમાં મતભેદના તત્ત્વને એક નવી ઉત્તેજના મળી છે, જે કોંગ્રેસ પક્ષે લાભકારક છે કે કેમ એ એક સવાલ છે.

અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક દ્વારા આપણે જે સ્પષ્ટ માર્ગદર્શનની આશા રાખી હતી તેના બદલે જાણે કે બધું ભીનું સંકેલાયું હોય એવી છાપ ઉઠે છે. પરિણામે કોંગ્રેસ કયાં ઉભી છે અને કયાં જઇ રહી છે તેની હજુ કોઇને પૂરી સુઝ પડતી નથી.

ટેન્ડન–જવાહર પ્રકરણને અંગે એક બાબતનો જરા વિગતવાર ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે. જવાહરલાલને કપાળો પુરવાર કરવા માટે ટેન્ડન બાબુ હોય તેથી પણ તેમને વધારે કાળા ચીતરવાની કશી જરૂર નહોતી. આમ છતાં અનેક આગેવાન નેતાઓએ તેમજ પત્રકારોએ પ્રસ્તુત પ્રકરણની સમાલોચના કરતાં જવાહરલાલનો પક્ષ લઇને આવું જ કાંઇક અણઘટતું કર્યું હોય એમ જોવામાં આવે છે. ટેન્ડન બાબુ એટલે પ્રત્યાઘાતી, સ્થિતિચુસ્ત, જુનવાણી, કોમવાદી, હિંદુમહાસભાવાદી–આવાં વિશેષણો નિરંકુશપણે તેમના માટે વાપરવામાં આવ્યા છે. જ્યારે ટેન્ડન બાબુ અને ક્રિપલાણીજી વચ્ચે કોંગ્રેસના પ્રમુખસ્થાન માટે હજુ દશ મહીના પહેલાં જ રસાકસી ચાલતી હતી ત્યારે તેમને આવા સમજવા છતાં મત આપવા જેટલા આપણે ખરેખર બેવકૂફ હતા ? વસ્તુતઃ આજે પણ ટેન્ડન બાબુ જવાહરલાલજીથી ખરેખર કોઈ બાબતમાં પાયામાંથી જુદા પડે છે કે કેમ અને જુદા પડે છે તો કઈ કઇ બાબતોમાં તેની આપણને સ્પષ્ટ માહીતી છે જ નહિ. એમ છતાં પણ ટેન્ટન બાબુનું આવું અઘટિત ચિત્રામણ કરીને આપણે તેમને ભારે અન્યાય કર્યો છે એ આપણે કબુલ કરવું જ રહ્યું. આવું વર્તન આપણામાં વિવેકનો અભાવ દર્શાવે છે. ત્રીશ ત્રીશ વર્ષ સુધી દેશની અખંડ સેવા કરનાર અને ગાંધીજીના માર્ગે ચાલવાનો નિષ્ઠાપૂર્ણ પ્રયત્ન કરનાર એવી એક વ્યકિતને–તેમની અમુક બાબતો અને રીતભાત આપણને પસંદ ન હોય એ કારણે તેમ જ જવાહરલાલના પક્ષનું આ રીતે જ સમર્થન થઈ શકે એમ માનીને પોતાના અણગમામાં કલ્પનાના ઘેરા રંગો પુરીને–ઉતારી પાડવાનો વ્યવસાયનું પરિણામ એ આવે કે દેશને એક ખરેખરા ઉપયોગી માણસને આપણે હમેશને માટે ગુમાવી બેસીએ અને તે ત્યારે કે જ્યારે આપણને સાચા માણસોની પૂરી ખેંચ છે. જવાહરલાલને ટેકો આપવા માટે તેમની આવી બુશામત કરવાની કશી જરૂર નહોતી. પ્રશ્ન તો સીધો સાદો હતો. આજે અગ્રસ્થાન ઉપર બે માણસો સાથે કામ કરી શકે તેમ નહોતું. આજના સંયોગોમાં એક સિવાય આપણને ચાલે તેમ નહોતું. અન્યને જવા દીધા સિવાય છુટકો નહોતો. એ પણ ખરૂં છે કે જવાહરલાલજીએ અખત્યાર કરેલી રાજનીતિને સંપૂર્ણાંશે ટેકો આપે છે એવી જેમના વિષે તેમને પૂરી પ્રતીતિ ન હોય તેવી વ્યકિત કોંગ્રેસના પ્રમુખસ્થાને હોય તો જવાહરલાલજીને આગળ ચાલવામાં પોતાના પગ અટવાયા કરે છે એમ લાગ્યા કરે એ સ્વાભાવિક હતું. જવાહરલાલજીનો આ બાબતમાં માર્ગ સરળ કરી આપવો એ પ્રજાનો ધર્મ હતો, પણ તે ખાતર ટેન્ડન બાબુને બેડોળ ચીતરવાની કોઇ જરૂર નહોતી. પણ કમનસીબે આજના સતત ક્ષુબ્ધ વાતાવરણમાં આવી વિવેકરક્ષા વધારે ને વધારે વિકટ બનતી જાય છે, જે ખરેખર શોચનીય છે.

હવે આજે આપણા રાજકારણમાં જે મતભેદ પ્રવર્તતો હોવાનું કહેવાય છે અને એમ છતાં જે વિષે પૂરી સ્પષ્ટતા કરવામાં આવતી નથી તે શું છે તેનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરીએ. રાષ્ટ્રના રાજકારણ સાથે સંબંધ ધરાવતી ત્રણ બાબતો વિષે આપણા અગ્રગણ્ય કોંગ્રેસી નેતાઓ અને વિચારકોમાં આજે મતભેદ અથવા તો મનભેદની કાંઇક છાયા પ્રવર્તતી હોય એમ લાગે છે. પહેલી બાબત આપણી વિદેશનીતિને લગતી છે. આપણી આજની વિદેશનીતિ સ્વતંત્ર, અમુક રીતે તટસ્થ, અમુક અંશે અમેરિકાવિરોધી અમુક અંશે ચીન વિષે પક્ષપાત ધરાવતી; આ પ્રકારની છે. આની સામે બીજો વિચારપક્ષ ઇંગ્લાંડ–અમેરિકાને અનુકુળ વિદેશનીતિ આજના આપણા સંયોગોમાં વધારે ઇચ્છવાયોગ્ય છે એમ માને છે. બીજી બાબત આજના વહીવટની કંટ્રોલ–પ્રચુરતાને લગતી છે. આજની આપણી રાજયનીતિ ખોરાક વસ્ત્ર વગેરેમાં કંટ્રોલને વળગી રહેવામાં અને તેને બને તેટલા સુદૃઢ કરવામાં માને છે. બીજો પક્ષ આજના કંટ્રોલોમાંથી બને તેટલી જલ્દિથી મુકિતને ઇચ્છે છે. ત્રીજી બાબત રાજ્યની અસાંપ્રદાયિકતાને લગતી છે. આપણી રાજ્યનીતિ સંપૂર્ણતયા અસાંપ્રદાયિકતાને સ્વીકારે છે અને હિંદુ–મુસલમાન વચ્ચે કશો પણ ભેદભાવ ન જ હોઈ શકે એ વિચારને આગળ ધરે છે. બીજો પક્ષ સિધ્ધાંત તરીકે આ વાત સ્વીકારે છે, પણ તેમની વૃત્તિ અમુક અંશે હિંદુસાપેક્ષ છે અને ખાસ કરીને પૂર્વ પાકીસ્તાનમાં હિંદુઓની ચાલી રહેલી દુર્દશા તેમને સદા ક્ષુબ્ધ રાખે છે અને પરિણામે આ બાજુના મુસલમાનો વિષે તેમનું દિલ જોઇએ તેટલો સમભાવ અનુભવી શકતું નથી. આમાંથી કેટલાએકનું એમ પણ માનવું છે કે પાકીસ્તાનના ઉત્તર રૂપે આપણી સમગ્ર રાજ્યનીતિ હિંદુત્વપ્રધાન હોવી જોઇએ.

આ ત્રણ મુદ્દાઓ સંબંધમાં જે પ્રકારની રાજ્યનીતિ આજે અખત્યાર કરવામાં આવી છે તે પ્રત્યે જવાહરલાલજી માંગે છે પોતાના સહકાર્યકર્તા કોંગ્રેસીઓની સંપૂર્ણ વફાદારી, અને તેમની આ માંગણી તદ્દન વ્યાજબી અને જરૂરી છે. આમ છતાં પણ આ મુદ્દાઓ વિષે ઉપર જણાવ્યા મુજબનો અન્યથા અભિપ્રાય ધરાવનારને પ્રત્યાઘાતી કહેવો કે દેશદ્રોહી તરીકે વર્ણવવો તે ઉચિત નથી. દેશના પ્રાણપ્રશ્નો ઉપર આવા મતભેદો રહેવાના જ અને જેની બહુમતી હશે તેના અભિપ્રાય મુજબ રાજ્ય ચાલવાનું.

આમ છતાં એટલું તો ખરું જ છે કે ઉપરે જણાવેલ ત્રણ મુદ્દાઓ પરત્વે જે મતભેદ છે તે ભારે મહત્વના છે અને આ સંબંધમાં દરેક જવાબદાર કોંગ્રેસવાદીએ પોતાનું શું વલણ છે તે સ્પષ્ટપણે જાહેર કરવું જોઇએ. આ બાબતમાં ઉપરથી એક અભિપ્રાય જાહેર કરવો અને અંદરથી બીજો અભિપ્રાય ધરાવવો એ ન જ ચાલે. આજે આવી વંચના ચોતરફ ચાલી રહી છે એમ જવાહરલાલજી માને છે અને તે સામે તેમનો બળવો છે. કોંગ્રેસમાં આજે પ્રવર્તતા મતભેદ કે મનભેદની ભૂમિકા આવી કાંઇક હોય તેમ લાગે છે. વિશેષ સ્પષ્ટતા માટે આપણે બધાએ હવે તો કોંગ્રેસનાં આગામી અધિવેશન સુધી રાહ જોવાની રહે છે.

પરમાનંદ

ડૉ. રાજેન્દ્રપ્રસાદની આત્મકથા

ડૉ. રાજેન્દ્રપ્રસાદે હિંદી ભાષામાં પોતાની એક સવિસ્તર જીવનકથા લખી છે. આ જીવનકથામાં પોતાના જન્મકાળથી માંડીને ૧૯૪૭ ની આઠમી જાન્યુઆરી સુધીનાં અનેક સંસ્મરણો ક્રમશઃ અન્તર્ગત કરવામાં આવ્યા છે. આ ગ્રંથ એક રીતે આપણી આઝાદીની લડતનો જ ક્રમબધ્ધ ઇતિહાસ છે. ૧૯૧૭ માં ગાંધીજીએ ચંપારણની લડત ઉપાડી અને રાજેન્દ્રબાબુ એ લડતમાં જોડાયા ત્યારે તેમની ઉમ્મર આશરે ૩૦ વર્ષની હતી. એ વખતે છ એક વર્ષથી જ તેમણે બીહારમાં વકીલાત શરૂ કરી હતી. ચંપારણની લડતથી રાજેન્દ્રબાબુના જાહેર જીવનની શરૂઆત થઈ અને વકીલાતના ધંધામાં મોટા અન્તરાય પડવા માંડ્યા. ત્યાર પછી ૧૯૨૧ માં અસહકારની લડત ઉપડી ત્યારથી તો તેમણે વકીલાતનો વ્યવસાય હંમેશાને માટે છોડી દીધો. ગાંધીજી ૧૯૧૫ માં દક્ષિણ આફ્રીકાથી હિંદ ખાતે પાછા ફર્યા. શરૂઆતનાં બે વર્ષ લગભગ તેમણે મૌનપણે આખા દેશમાં પ્રવાસ કર્યો અને ૧૯૧૭ માં ચંપારણની લડત ઉપાડી ત્યારથી દેશનું રાજકીય વાતાવરણ બદલાતું ચાલ્યું અને કેવળ બંધારણીય માર્ગે ચાલતી કોંગ્રેસમાં ક્રાન્તિકારી ફેરફારો થવા લાગ્યા. ત્યાર પછીનાં ૩૦ વર્ષ દરમિયાન ઉત્તરોત્તર વધારે ઉગ્ર એવાં ત્રણ રાજકીય વિરાટ આન્દોલનોમાંથી દેશ પસાર થયો અને ૧૯૪૭ ના ઓગસ્ટની ૧૫ મી તારીખે આ દેશને સંપૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત થયું. આ ૩૦ વર્ષની લડત દરમિયાન પોતાના પ્રાન્ત બીહારને કેન્દ્રસ્થાને રાખીને ગાંધીજીના અત્યન્ત નિકટવર્તી વફાદાર સાથી તરીકે રાજેન્દ્રબાબુએ દેશને જે સેવા આપી છે તે સેવાની ગણ્યાગાંઠ્યા રાષ્ટ્રસેવકોની સેવા સાથે સરખામણી થઇ શકે તેમ છે. તેમાં પણ રાજેન્દ્રબાબુના આવા અસ્ખલિત અને અનેકવિધ સેવાયોગની એ વિશેષતા છે કે રાજેન્દ્રબાબુનું શરીરસ્વાસ્થ્ય જ્યારે ને ત્યારે લોપાતું રહ્યું છે; દમના વ્યાધિથી બહુ નાની ઉમ્મરથી તેઓ સતત પીડાતા આવ્યા છે. તબિયતની કશી પણ નાદુરસ્તી સિવાય એક સાથે છ મહીના પણ તેમનાં ભાગ્યે જ પસાર થયા છે. તન તોડીને કામ કર્યું અને દમથી પટકાયા જ છે અને એ દમમાંથી કેટલીયે વાર ન્યુમોનીઆ થયો છે અને મહીના મહીના સુધી તેમને ગંભીર માંદગીને અંગે પથારીવશ થઈ રહેવું પડ્યું છે. આમ છતાં પણ તેઓ કદિ થાક્યા કે કંટાળ્યા નથી. ગાંધીજીના જીવનસાથીઓની ગણના કરતાં રાજગોપાલાચાર્ય, જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ પટેલ, ફીરપલાણીજી એવાં કેટલાંક નામો યાદ આવે છે. રાજગોપાલાચાર્યને ગાંધીજી સાથે અનેકવાર મતભેદ પડ્યાનું આપણે સૌ એણીએ છીએ; એવી જ રીતે જવાહરલાલને પોતાનો મતભેદ ગણી જઇને પણ ગાંધીજીને વળગી રહેતા આપણે જોયા છે. સરદાર વલ્લભભાઈ ગાંધીજી પ્રત્યે છેક સુધી એકસરખા વફાદાર રહેવા છતાં તેમના વ્યક્તિત્વની આખી ભાત ગાંધીજીથી ઘણે અંશે નિરાળી હતી એ આપણે બરોબર જોયું છે. ફિરપલાણીજીને આપણે ચુસ્ત ગાંધીવાદી તરીકે ઓળખી શકીએ એમ છતાં તેમની આખી કામગીરી ગાંધીજીના એક ઉપગ્રહ જેવી જ રહી છે. રાજેન્દ્રબાબુની ગાંધીનિષ્ઠા જેટલી ઉંડી હતી તેટલું જ તે નિષ્ઠાને અનુરૂપ તેમનું વ્યક્તિત્વ હતું. ગાંધીજી જો સૂર્ય હતા તો રાજેન્દ્રબાબુ ગાંધીજીની વિચારધારણાને ઝીલતા અને અપનાવતા એક શીતરશ્મિ ચંદ્ર હતા. તેમની નમ્રતા, સરળતા, લોકકલ્યાણ સાધવાની તીવ્ર તમન્ના, અમાપ આત્મભોગ, અપૂર્વ સૌરભથી ભરેલી સુજનતા, નીતરતી પ્રસન્નતા, ઉંડી ધાર્મિકતા, અદ્‌ભુત નીડરતા અને આ સર્વના શિખરરૂપ ઉત્કૃષ્ટ કોટિની.., શીલસંપન્નતા– આ બધા ગુણવિશેષના કારણે તેમના વ્યક્તિત્વમાં આપણને કોઈ અપ્રતિમ દ્યુતિનો ચમકાર દેખાય છે. રાજેન્દ્રબાબુ વિષે છુટું છવાયું કેટલુંક સાંભળ્યું હતું, પણ આ જીવનકથા વાંચતાં આપણું દિલ સહેજે નમી પડે એવી એક ભવ્ય પ્રતિભાનું આપણને દર્શન થાય છે. ગૃહસ્થાશ્રમી હોવા છતાં તેમનો ત્યાગ અને તપશ્ચર્યા કેવાં હતાં તેનો ખરો ખ્યાલ ત્યારે આવે છે કે જ્યારે પોતાના લગ્નજીવન સંબંધમાં તેઓ જણાવે છે કે "જો કે આજે (એટલે કે ૧૯૪૦માં) લગ્ન થયે લગભગ ૪૪–૪૫ વરસ થયાં હશે છતાં બધા દિવસો મળીને એટલા મહીના પણ અમે માંડ સાથે રહ્યા હોઇશું." ૧૯૩૪ માં મુંબઇ ખાતે મળેલા કોંગ્રેસના અધિવેશનનો તેઓ વરાયલા પ્રમુખ હતા. આ ઉપરાંત બબ્બે વાર તેઓ ભાંગ્યાના ભેરુ થયા છે. ૧૯૩૯માં કોંગ્રેસ પ્રમુખ સુભાષચંદ્ર બોઝે રાજીનામું આપ્યું ત્યારે અને ૧૯૪૬માં ક્રિપલાણીજી પણ કોંગ્રેસના પ્રમુખપદેથી છુટા થયા ત્યારે–બન્ને વખતે કોંગ્રેસની ધુરા રાજેન્દ્રબાબુને સોંપવામાં આવી હતી. તેમના સાથીઓનો તેમના વિષે કેટલો ઉંડો વિશ્વાસ હશે તે આ બે ઘટના ઉપરથી સરસ રીતે સ્પષ્ટ થાય છે. આવા રાજેન્દ્રબાબુ આજે રાષ્ટ્રપતિનું સ્થાન સુન્દર રીતે શોભાવી રહ્યા છે. દેશની તેઓ એક અનુપમ વિભૂતિ છે. બીહારની તેમણે એટલી બધી સેવા કરી છે કે બીહારમાં તેમનું સ્મરણ કોઇ કાળે ભુંસાવાનું નથી. આવી વ્યક્તિને યથા સ્વરૂપે જાણવા સમજવા માટે એટલું જ નહિ, પણ આપણી ૩૦ વર્ષની આઝાદીની ગૌરવભરી કથાની ક્રમબધ્ધ વિગતો જાણવા માટે પણ તેમનું લખેલું દળદાર પુસ્તક "મારી જીવનકથા" જેનો નવજીવન પ્રકાશન મંદિર તરફથી અનુવાદ પણ પ્રગટ કરવામાં આવ્યો છે તે સૌ કોઇએ વાંચવા તેમ જ વસાવવા યોગ્ય ગ્રંથ છે એમ જરૂર કહેવું પડશે.

પરમાનંદ

કોંગ્રેસ કારોબારી વિષે જાહેરાત

આ અંક છપાઈ રહ્યો છે તે દરમિયાન કોંગ્રેસ પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરુ તરફથી પોતાની નવી કારોબારી સંબંધમાં નીચે મુજબ નામાવલિ પ્રગટ થઈ છે:–

શ્રી. લાલબહાદુર શાસ્ત્રી તથા શ્રી. શ્રીનિવાસ મલપ્પાને મુખ્ય મંત્રીઓ તરીકે નીમવામાં આવ્યા છે અને મૌલાના અબુલ કલામ આઝાદ, ગુલઝારીલાલ નંદા, (મધ્યવર્તી સરકારના મંત્રીઓ) પંડિત ગોવિંદ–વલ્લભ પન્ત–ઉત્તર પ્રદેશ, મોરારજી દેસાઇ–મુંબઇ અને નબકૃષ્ણ ચૌધરી ઓરીસ્સા (પ્રાન્તિક સરકારના મંત્રીઓ), પુરુષોત્તમદાસ ટેન્ડન, કામરાજ નદાર, શંકરરાવ દેવ, સંજીવ રેડી, પ્રતાપસિંહ કાયરણ, બી. એસ. હોરે, વી. આઇ. મુન્નીસ્વામી પીલે અને માણિકયલાલ વર્મા.

આ રીતે પંડિત જવાહરલાલનો આમાં સમાવેશ કરતાં કુલ ૧૫ સભ્યોની કારોબારી જાહેર કરવામાં આવી છે અને તેમાં બીજા પાંચ સભ્યો ઉમેરવાના છે જેમનાં નામો હવે પછી જાહેર કરવામાં આવનાર છે.

સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

સંઘનું વર્ષ દીવાળીએ પુરું થતું હોઇ હજુ જે સભ્યોના લવાજમો બાકી છે તેમને આથી વિનાવિલંબે પોતાના લવાજમો સંઘના કાર્યાલયમાં મોકલી આપવા અથવા તો માણસ લેવા આવે તો તુરત આપવા વિનંતિ કરવામાં આવે છે. જે સભ્યોનાં લવાજમો દીવાળી સુધીમાં નહિ આવે તે સભ્યો દીવાળીબાદ સંઘના સભ્ય તરીકે આપોઆપ રદ થયેલા ગણાશે, એ બંધારણની કલમ તરફ પણ દરેક સભ્યનું આથી લક્ષ દોરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કુસ્તીબાજમાંથી કેળવણીકાર

(કેટલાએક દિવસ પહેલાં 'અમેરિકન સંદેશ'માં મહારાષ્ટ્રના એક લોકસેવક શ્રી. ભાઉરાવ પાટીલનો શ્રી. પૌલ ગ્રાઈમ્સ નામના એક લેખકે પરિચય કરાવ્યો હતો. જ્યારે જૈન મંદિરમાં હરિજન પ્રવેશનો કેટલાએક જૈનો કટ્ટર વિરોધ કરી રહ્યા છે ત્યારે આ કર્મવીર માનવવિભૂતિ જૈન છે અને હરિજનકાર્યથી પોતાના સેવાન્યવસાયનો પ્રારંભ કરે છે. જૈન સમાજને ગૌરવપ્રદ એવી આ વ્યક્તિનો પરિચય અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

કોઇ પણ ઉગતા, શક્તિભરપૂર તરવરિયા કિશોરને શાળામાં બેસીને શિક્ષકનો ઘરેડિયો અવાજ સાંભળતા સાંભળતા આખો દિવસ વીતાવવાનું કે મોડી રાત સુધી જાગીને પાઠ વાંચવાનું ન જ ગમે. પણ સામાન્ય રીતે તો એને શારીરિક પ્રવૃત્તિમાં જ વધુ રસ પડે છે. પોતે કેટલો જુવાન ને તંદુરસ્ત દેખાય છે ને પ્રોતાનામાં કેટલી શકિત છે એ બતાવવું એને ખૂબ ગમે છે. અભ્યાસની તો કોણ દરકાર કરે? ભવિષ્યમાં જે થવાનું હશે તે થઈ રહેશે.

ઘણાં વરસો પહેલાં ૧૯૦૦ માં જ્યારે સતારાના શ્રી. ભાઉરાવ પાટીલે કુસ્તીબાજ થવાનું નક્કી કર્યું ત્યારે એના મનમાં આવી જ કાંઈક લાગણીઓ હતી. એણે ઘર છોડયું ને કોલ્હાપુર જઈને ત્યાંના મહારાજાના કુસ્તીબાજ તરીકે નોકરી કરી. થોડાં વરસો પછી એને શિક્ષણની અગત્ય કેટલી છે એ સમજાવા માંડયું, પણ ત્યારે તો એને માટે બહુ મોડું થઈ ગયું હતું.

ત્યાર પછી એણે નક્કી કર્યું કે એના જીલ્લાનાં બીજાં બાળકો અને ખાસ કરીને જેમની આર્થિક સ્થિતિ નબળી હોય એમણે તો શાળામાં અભ્યાસ કરવો જ જોઇએ. આ નિર્ણય જ ત્યાર પછી એના જીવનનું કાર્યબળ બની રહ્યો અને આજે ૬૦૦ જેટલી કેળવણી સંસ્થાઓનું અસ્તિત્વ આ એક માણસનાં કાર્ય તથા માર્ગદર્શનને આભારી છે.

પોતે કોલ્હાપુર ગયા ને કેળવણીને જીવનકાર્ય તરીકે અપનાવી, એ પહેલાંથી જ ધર્મ કે જ્ઞાતિને કારણે જેમનો વિકાસ કુંઠિત બની ગયો હોય એવા ગરીબ યુવાનોના ઉધ્ધારક માટેની પ્રવૃત્તિ તો એમણે અપનાવી લીધી હતી.

૧૭ વરસની ઉંમરે, એક હરિજન બાળકને પોતાને ઘેર જમવા બોલાવીને ભાઉરાવે એના જૂનવાણી જૈન કુટુંબને ચોંકાવી મૂકયું હતું. ગુસ્સે થયેલી માતાએ જુવાન ભાઉરાવને સખત માર્યો. ભાઉરાવને સમજાયું કે પોતે ઘરે હશે ત્યાંસુધી હરિજનોને જોઇએ તેટલી મદદ આપી શકશે નહિ. એથી જ્યારે તે કોલ્હાપુર ગયા ત્યારે એમણે એને પોતાની સાથે લીધો અને ત્યાં શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરવામાં મદદ કરી.

સ્વાલંબી શિક્ષણ

આ માત્ર શરૂઆત હતી અને કર્મવીર (જે નામે તેઓ આજે જાણીતા છે) એક સુસ્ત કેળવણીકાર બન્યા ત્યારે સર્વપ્રથમ તેમણે હરિજનોનો જ વિચાર કર્યો. એની પાસે પોતાની ભાગ્યે જ કાંઈ મિલકત હતી, પણ એને લાગ્યું કે કચડાયેલા ને અન્ય ગરીબ વર્ગના લોકો માટે શિક્ષણ તો મફત જ રાખવું જોઇએ. એમણે એક એવી યોજના ઘડી કાઢવાનો પ્રયત્ન કર્યો, જેમાં વિદ્યાર્થી પોતે જ પોતા પૂરતું કામ કરી શિક્ષણ મેળવી શકે અને એને રોકડ નાણાના રૂપમાં કોઈ પૈસા આપવા ન પડે.

શ્રી. પાટિલ આ વિચાર સંતોષકારક રીતે વ્યવહારમાં મૂકી શકે એ પહેલાં તો કેટલાંય વરસો વીતી ગયા. બે વખત એણે સતારાના યુવાનો અમુક વખત માટે કારખાનામાં કામ કરે એવો કાર્યક્રમ ઘડયો, પણ પછી ૧૯૨૭ માં તેમણે એ વિચાર પડતો મૂકયો. ત્યારપછી તેમણે પોતાનું ધ્યાન શાળા તથા છાત્રાલયો પર જ કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો.

૧૯૧૯માં પોતે જ સ્થાપેલી રાયત શિક્ષા સંસ્થા દ્વારા શ્રી. પાટીલે ૧૯૨૪માં એક છાત્રાલય શરૂ કર્યું. એનું નામ કોલ્હાપુરના ગત મહારાજા છત્રપતિ શાહુ પરથી પાડવામાં આવ્યું. છાત્રાલયનો સહુથી પ્રથમ એકમાત્ર વિદ્યાર્થી એક હરિજન હતો.

ગાંધીજીએ ઉદ્‌ઘાટન કર્યું

ટુંક સમયમાં જ છાત્રાલયનો વિકાસ થયો અને ૧૯૨૭ માં, મહાત્મા ગાંધીએ એનું ઉદ્‌ઘાટન કર્યું. ૧૯૩૬ માં છાત્રોની સંખ્યા ૭૨ ની હતી. ૧૯૪૫ માં એ સંખ્યા ૪૩૬ સુધી પહોંચી. અહીં રહેવા, જમવાનું તથા ભણવાનું મફત છે, પણ અહીં કોઈ નોકર નથી. બધું કામ વિદ્યાર્થીઓએ જાતે જ કરી લેવાનું હોય છે.

આ છાત્રાલયનું એક મહત્વનું કાર્ય એ છે કે બાળગુનેગાર અદાલત તરફથી વિદ્યાર્થીઓને ત્યાં મોકલવામાં આવે છે. અધિકારીઓના કહેવા પ્રમાણે, આથી, બીજા બાળકો પર કોઈ અસર થતી નથી, પણ એથી ઉલટું ગુનેગાર બાળકોની ચાલચલગત તથા વર્તણૂંક સુધરે છે.

છાત્રાલયના જૂના વિદ્યાર્થીઓ ભારતભરની જુદી જુદી કોલેજોમાં ગયા છે. એમાંથી ઘણા ઈંગ્લેન્ડ ગયા છે અને થોડાક અમેરિકા પણ ગયા છે.

ગાંધીજીનો રસ

ગાંધીજીને આ છાત્રાલય જોતાં જ તેમાં ખૂબ રસ પડયો અને ત્યાર પછી દર વરસે તેમણે રૂા. ૬૦૦નું દાન આપવાનું ચાલુ રાખેલું. પહેલાં તો આ મકાનના ખર્ચ તથા રાયત શિક્ષણ સંસ્થાની વિસ્તૃત બનતી જતી પ્રવૃત્તિઓનો ખર્ચ કર્મવીરનાં પત્નીનું ઝવેરાત વેચીને કાઢવામાં આવતો. વિદ્યાર્થીઓ જે કામ કરતા તેનાથી તેમનું પોતાનું ખર્ચ તો નીકળી જતું પણ શિક્ષણ માટે ઘણું વધારે ખર્ચ થતું.

પણ હવે તો આ કાર્ય એટલું પ્રખ્યાત થઈ ગયું છે અને જનતામાં એની પ્રશંસા પણ એટલી બધી થાય છે કે દાન ત્યાં ચાલ્યાં જ આવે છે. મોટા ભાગની જરૂરિયાતને તો સરકાર તરફથી મળતી ગ્રાન્ટ પહોંચી વળે છે.

પુનામાં છાત્રાલય

૧૯૩૨ માં કર્મવીરે એક બીજું છાત્રાલય પુનામાં ખોલ્યું. એનો ઉદ્દેશ મુખ્યત્વે પુના વિસ્તારમાં આવેલી કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને રહેવા માટેની સગવડો પૂરી પાડવાનો હતો, અને આજે પણ તે એ જ પ્રમાણે કામ કરે છે.

બે છાત્રાલયોની સફળતા વિષે ખાત્રી થયા પછી શ્રી. પાટિલને લાગ્યું કે તેમણે જે કર્યું તેનાથી તો મહારાષ્ટ્રના એક અતિ નાના વર્ગની જ કેળવણીની જરૂરિયાત સંતોષાતી હતી. ત્યાર પછી એમણે સતારાના તમામ ગામડાંઓમાં શાળાઓ શરૂ કરવાનો નિશ્ચય કર્યો.

દેખીતી રીતે જ આ કામ મુશ્કેલ હતું, એ વાત એ જાણતા હતા, કારણ કે ઘાટની તળેટીમાં પથરાયેલાં નાનાં નાનાં ગામડાંની જનતા કેટલી ગરીબ છે તેનો તેમને સારો એવો ખ્યાલ હતો, એમ છતાં આજે ૫૫૭ પ્રાથમિક શાળા, ૪૬ માધ્યમિક શાળા, એક કોલેજ અને ત્રણ ટ્રેનીંગ કોલેજ રાયત સંસ્થાને જ આભારી છે. કેટલાંક નાનાં ગામમાં હજુયે શાળાઓ નથી; આમ છતાં સારું એવું કામ આ દિશામાં થઈ શકયું છે.

શિક્ષકોની તાલીમ

૧૯૩૦ની શરૂઆતથી શિક્ષક તાલીમ શાળા (ટીચર્સ ટ્રેનીંગ કોલેજ) કર્મવીરના કાર્યનું એક મહત્વનું અંગ બની રહ્યું. તેમને સમજાયું હતું કે પ્રાથમિક શાળાઓ સ્થાપવા માટે શિક્ષકોની જરૂર છે અને એને માટે યોગ્ય તાલીમની આવશ્કતા છે.

અધ્યાપક વિદ્યાલય

૧૯૩૫ના સપ્ટેમ્બરમાં કર્મવીરે એક નિવૃત્ત સરકારી અમલદાર સાથે મળીને સાતારામાં મહાત્મા ફુલે અધ્યાપક વિદ્યાલય શરૂ કર્યું, પહેલે જ વરસે ૨૧ શિક્ષકોએ નામ નોંધાવ્યા.

પણ કૉલેજને બીજે દિવસે એમાંથી માત્ર સાત જ વિદ્યાર્થીઓ રહ્યા. બીજાઓએ હરિજન સાથે રહેવાની ના પાડી ને કૉલેજ છોડી; જે સાત રહ્યા તે તમામ વર્ષને અંતે તેમની પરીક્ષામાં પાસ થયા.

પોતાની માન્યતામાં અડગ કર્મવીરે જ્ઞાતિભેદની કૉર્પણ દીવાલ ખડી કરવાની ના પાડી. અંતે એમનો જ વિજય થયો. શરૂઆતથી અત્યાર સુધીમાં આ કૉલેજમાં ૧૫૦૦ જેટલા શિક્ષકોએ તાલીમ લીધી છે.

ગામડે ગામડે શાળા

૧૯૩૮ માં શ્રી. પાટિલે 'ગામડે ગામડે શાળા'ના પોતાના કાર્યક્રમ પર ખૂબ આગ્રહપૂર્વક ભાર મૂક્યો અને આખરે એને કૉંગ્રેસ સરકારનો સહકાર સાંપડ્યો. પોતાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે તેમને સરકાર તરફથી ગ્રાન્ટ મળી અને શિક્ષકોને વારાફરથી પોતાને ઘેર જમવા માટે લઈ જઈને ગ્રામવાસીઓએ તેમને સહાય કરી.

શાળા જ્યાં સ્થપાઈ હતી એવા કેટલાંક ગામડાંઓમાં બહારથી આવતા ગરીબ વિદ્યાર્થીઓ માટે પણ સંસ્થાએ છાત્રાલયો ખોલ્યાં. મોટા ભાગની શાળાઓ સાંજ પડ્યે પ્રૌઢ શિક્ષણ વર્ગો તેમજ મફત પુસ્તકાલયો બની જતી.

૧૯૪૦માં સતારામાં મહારાજા સયાજીરાવ વિદ્યાલય સ્થાપીને તેમણે માધ્યમિક શાળાના ક્ષેત્રમાં પ્રવૃત્તિ આદરી. ત્યાર પછી ૧૯૪૨માં શિક્ષિકાઓ માટેની ટ્રેનીંગ કૉલેજ અને સ્ત્રીઓ માટેના છાત્રાલયની સ્થાપના થઈ. બીજી શાળાઓ અને પુસ્તકાલયો ત્યાર પછી આવ્યાં.

આજે સંસ્થા તરફથી ચાલતી તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ પાછળ વરસે લગભગ ૯ લાખ રૂપિયા જેટલું ખર્ચ થાય છે. પૈસા ખરચ્યા લેખે લાગે છે, કારણ કે લગભગ ૧૦૦૦ શિક્ષકો ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે.

કર્મવીર સામે અત્યારે જે મોટો મુંઝવતો પ્રશ્ન આવી ઉભો છે તે, ૧ હજારથી વધુ વસ્તીવાળાં ગામની શાળાઓને જ ગ્રાન્ટ આપવી એવા છેલ્લા સરકારી નિર્ણયને પરિણામે ઉભી થયેલી પરિસ્થિતિ અંગેનો છે. શ્રી પાટીલના અંદાજ પ્રમાણે આનો અર્થ એમ થાય કે શાળાની સરેરાશ હાજરી રોજના ૨૫ વિદ્યાર્થીઓની હોવી જોઇએ.

પણ એમની મોટા ભાગની શાળાઓ નાનાં ગામડાંમાં છે અને એની સરેરાશ હાજરી ઓછી હોય છે. એમને ભય છે કે સરકારની આર્થિક સહાય વગર એમાંની કેટલીક શાળાઓ કદાચ બંધ કરવી પડે.

કર્મવીરને મદદ કરનારા તેમના સાથીઓમાંના એક અખૂટ ઉત્સાહથી ભરેલા અંજલવેલ મેથ્યુ છે, જેઓ છત્રપતિ શિવાજી કૉલેજના નવા પ્રિન્સિપાલ છે. કર્મવીરના કાર્યના તેઓ લાંબા સમયથી પ્રશંસક હતા.

જેમાં મુસલમાનો, બ્રાહ્મણો ને હરિજનો છૂટથી એકબીજા સાથે ભળતા, એવા એક જૂનવાણી જૈને સ્થાપેલી કૉલેજના વડા તરીકે એક ખ્રિસ્તીભાઈ આવતા ત્યાંના વિસ્તારમાં ઠીક ઠીક કુતૂહલ ને નિંદા જન્મેલાં.

આજે કામની નવનવી યોજનાઓ ઘડતા ને વિદ્યાર્થીઓને સતત ઉત્સાહિત બનાવતા તથા માર્ગદર્શન આપતા ડો. મેથ્યુ, નવી કૉલેજમાંની તેમની ઓફીસમાં બેસે છે.

"હવે અમારી પાસે બહુ અધિકારો નથી રહ્યા." એ કહે છે: 'પણ અમે ધડતર કરીએ છીએ ને આગળ ને આગળ ધપ્યે જઇએ છીએ.'

શાળાના 'દિવસના વર્ગો' શરૂ થાય તે પહેલાં કેટલાક સમય અગાઉથી કર્મવીર તેમના ભૂખરા રંગની શેવ્રોલેટ મોટરગાડી (તેમના મિત્રો અને પ્રશંસકોએ ચાર વરસ પહેલાં તેમને આપેલી ભેટ)માં તેમની ફરવાની લાકડીને ખોળામાં મૂકી બહાર નીકળી પડે છે, તેમના કાર્યને ઉડતી નજરે નિહાળવા આવેલા કોઈ મુલાકાતીની સાથે ફરીને તેને બધું બતાવે છે.

અને પછી મહેમાનની સાથે, સતારાના ઉદ્યોગી બજારોને વીંધીને સંસ્થાના સહકારી સ્ટોર તરફથી તે ગાડી હંકારી મૂકે છે. આ સ્ટોર શ્રી. પાટિલના સતારાના મૂળ ઘરમાં આવેલો છે અને ત્યાં અત્યારે તેમનાં ૮૭ વરસનાં ધરડાં મા પોતાના પૌત્રોની સારસંભાળ રાખે છે. સ્ટોરના વ્યવસ્થાપક કર્મવીરના જ પુત્ર શ્રી. આપ્પાસાહેબ પાટિલ પોતાના પિતા સાથે વાત કરવા માટે ઘડીએક થોભી જાય છે. એની વાત ટૂંકી ને ઝડપી હોય છે. કારણ કે થોડો જ સમય ત્યાં થોભીને તેના પિતા ચાલ્યા જાય છે.

બીજું મુલાકાતસ્થાન છે સહુથી પ્રથમ બંધાયેલું છાત્રાલય. જુવાનો ત્યાં વડનાં ઝાડ નીચે બેસીને ભણે છે. કર્મવીર આવતાં તેઓ તમામ તેમના સત્કારાર્થે ઉભા થાય છે અને શિક્ષકો ટૂંકો અહેવાલ આપે છે.

આફ્સીંજ

ત્યાર પછી ૧૦ માઇલ દૂર આવેલા આફ્સીંજ ગામ ભણી શેવરોલેટ ગાડી દોડી જાય છે. આ ગામના ૭૦૦ માણસોમાંથી ૪૨૫ તો ભારતના જુદા જુદા ભાગમાં ભારતીય સેનાના સૈનિકો છે, તે દિવસે આફ્સીંજમાં શાળા ચાલુ નહોતી અને મોટા ભાગના વિદ્યાર્થીઓ એક નવો કૂવો ખોદવાના કામમાં લીન હતા.

પોતાની શેવરોલેટ ગાડી અને નાનાં બાળકોનાં ટોળાંને પોતાની પાછળ આવવા દઈને, કર્મવીર ઝડપથી આફ્સીંજની શેરીઓને વીંધીને શાળાના મકાન તરફ જાય છે, એની તપાસ કરે છે. આ શાળાનો કેટલોક ભાગ સરકારને હસ્તક છે, ત્યાર પછી એ તેમના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી સાથે ચા પીવા થોભે છે.

ભોજનનો સમય ટૂંકો હોય છે. બાલી વીતાવી દેવા માટે અહીં સમય નથી.

બપોરે કર્મવીર તેમના પ્રથમ છાત્રાલય પર પહોંચે છે. થોડા વિદ્યાર્થીઓ ત્યારે બેતરમાં કામ કરતા હોય છે.

આ 'શેરડી જુઓ તો'—ગર્વપૂર્વક તે આંગળી ચીંધે છે. "ગયે વરસે અમે રૂા. ૫,૦૦૦ નો પાક વેચ્યો હતો."

કૉલેજ-વિદ્યાર્થીઓની 'સેના' આવે છે. સતારાના બીજા વિભાગમાં આવેલી તેમની છાવણીમાંથી અહીં સુધી, તેઓ આખે રસ્તે ચાલતા આવ્યા છે, પણ તેમણે પણ બેતરમાં કામ તો કરવું જ જોઇએ. એટલામાં જુવાનોનું એક જૂથ છાત્રાલયમાંથી રસોડા ભણી સાંજના વાળુ માટેની ભાખરીઓ વણવા જાય છે.

કામ કરો!

મહેમાનને ઘરે લઇ જવા માટે અહીંની વિદાય લેતા કર્મવીર નિશ્વાસ નાખીને કહે: જોયું ને! આ કંઇક છે તો પણ મારું કામ હજુ કાંઈ પૂરું થયું નથી!

ગાંધીજીએ લખ્યું હતું: 'કર્મવીર ભાઉરાવ પાટીલે જનતા માટે જે કાર્ય કર્યું છે તે ખરેખર યશપ્રદ છે. તેઓ દીર્ઘજીવન અને પ્રશંસાને પાત્ર છે.'

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઈ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઈન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાંત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૧

મુંબઇ : ૧ ઑક્ટોબર ૧૯૫૧ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

સંસ્કૃતિસમન્વયનું એક મોટું કાર્ય

('સાધના' નામના મરાઠી સાપ્તાહિકમાંથી સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત)

નાનપણથી મહારાષ્ટ્રમાં ઠેકઠેકાણે જૈન કુટુંબોને વસી રહેલા હું જોતો આવ્યો હતો, પણ નાનપણ દરમિયાન આ ધર્મ વિષે કે સમાજ વિષે અમને બહુ થોડી માહિતી હતી. જૈન લોકો કીડી માંકડ જેવા ક્ષુદ્ર જીવોને મારતા નથી, પાણી હંમેશાં ગાળીને પીએ છે, તેમનાં મંદિરોમાં મૂર્તિઓ નગ્ન હોય છે. આટલી જ માહિતી અમે એ વખતે ધરાવતા હતા. આગળ ઉપર જાણવામાં આવ્યું કે જૈનો બટાટા કે રીંગણાં ખાતા નથી. બટાટાને જેટલી આંખો તેટલા અંકુર તેમાંથી ફુટે છે, રીંગણામાં જેટલા બી તેટલા જીવ હોય છે, એક બટાટું કે એક રીંગણું ખાઈએ તો એટલા જીવોની હત્યા કરવા જેટલું પાપ લાગે,—આમ સમજીને જૈનો બહુબીજ કે બહુઅંકુર વનસ્પતિ ખાતા નથી.

જૈનોની આવી ઝીણી દૃષ્ટિ જોઇને અમને કૌતુક થતું અને ધાર્મિક નિયમને તેઓ અવ્યવહારૂ એવી અન્તિમ કોટિ સુધી લઈ જાય છે એ રીતે આ બધું અમને વિચિત્ર લાગતું હતું. જ્ઞાનેશ્વરીમાં પણ અહિંસાનું વિવરણ કરતાં આ રીવાજનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આગળ ઉપર જ્યારે એમ જાણવામાં આવ્યું કે પલંગમાં રહેતા માંકડોને પોષણ મળવું જોઇએ એમ સમજીને જૈનો પૈસા આપીને પલંગ ઉપર સુવા માટે તથા માંકડોને આ રીતે મનુષ્યરક્તની ઉજાણી આપવા માટે ખાસ માણસને બોલાવે છે ત્યારે આ જૈન સમાજ વિષે એક જાતની તિરસ્કારની લાગણી અમે અનુભવવા લાગ્યા.

આપણા દેશના એક ભવ્ય અને સૂક્ષ્મ ધર્મ સંબંધમાં આપણને આવી ઉપરછલ્લી માહીતી હોય અને આપણા દેશના એક સમર્થ સમાજ વિષે આટલી અધુરી અને વિકૃત માહિતી હોય એ ખરેખર શરમજનક ગણાય એમ જ્યારથી લાગવા માંડ્યું ત્યારથી જૈન ધર્મ વિષે માહિતી મેળવવાના પ્રયત્નની શરૂઆત થઈ.

બૌદ્ધ ધર્મ અને બુદ્ધ ભગવાનના જીવનચરિત્ર પ્રત્યે આકર્ષણ થવા બાદ જૈન અને બૌદ્ધ ધર્મ—બન્ને પરંપરા વચ્ચેનો ભેદ સમજી લેવાની ઇચ્છા થઈ. આગળ ઉપર જાણવામાં આવ્યું કે આ બન્ને પરંપરા એક જ સમયે બિહાર પ્રાન્તમાં ફેલાવો પામી હતી અને તેમાંની બૌદ્ધ પરંપરા લંકા, બ્રહ્મદેશ, સિયામ અને ચીન વગેરે પડોશના અનેક દેશોમાં પસરી ગઇ હતી અને ખ્રિસ્તી ધર્મની સરખામણીએ બૌધ્ધ ધર્મના અનુયાયીઓની સંખ્યા આજે ઓછી નથી. આમ હોવાથી આ બન્ને ધર્મો વિષે રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક—આમ ત્રણે દૃષ્ટિથી મારા દિલમાં આદરયુકત કુતૂહલ ઉત્પન્ન થયું.

સાધુચરિત સ્વ. ધર્માનંદ કોસંબી સાથેના સ્નેહપૂર્ણ સંબંધના કારણે બૌધ્ધ ધર્મની પુષ્કળ માહિતી મળી અને ગુજરાતમાં જઇને રહેવાનું બનતાં પંડિત સુખલાલજી જેવા અનેક સમાજહિતૈષી પ્રકાંડ વિદ્વાનોનો અને શ્રી પરમાનંદ કાપડિયા જેવા અનેક પ્રેમાળ સ્નેહીઓનો સહવાસ પ્રાપ્ત થયો. મહાત્મા ગાંધીએ જે અહિંસાધર્મને સત્યાગ્રહનું રૂપ આપીને એક નવી સંસ્કૃતિની શરૂઆત કરી તેની સાથે અત્યન્ત ગાઢ સંબંધ હોવાના કારણે અહિંસાવાદી મહાવીર અને અવૈરવાદી ગૌત્તમબુધ્ધ વિષે આત્મીયતાનો અનુભવ થવા લાગ્યો. આ પ્રકારના વાતાવરણ વચ્ચે જૈનોની એક અભિનવ ધાર્મિક તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે મારો સંબંધ ઉભો થયો. તે પ્રવૃત્તિ એટલે પર્યુષણ—વ્યાખ્યાનમાળા.

જૈન લોકો જેમ આત્મવાદી છે તેમ જ કર્મવાદી છે. આમ હોવાથી પોતાના હાથે દુષ્કર્મ થવાના પરિણામે અન્ય જીવોનો જે કાંઇ દ્રોહ થયો હોય તેનું અવારનવાર પ્રાયશ્ચિત કરવું—આ બાબત આ ધર્મમાં મોટું મહત્ત્વ ધરાવે છે.

હિંદુઓ જે પ્રમાણે હંમેશાં અઘમર્ષણ અથવા સંધ્યા કરે છે, ખ્રિસ્તીઓ પાદરી પાસે કરેલા પાપો કબુલ કરીને જે રીતે ક્ષમા મેળવે છે; તે જ રીતે જૈન લોકો પ્રતિક્રમણ કરીને પશ્ચાત્તાપ કરે છે અને ફરીવાર આવા પાપ નહિ કરું એવી પ્રાર્થના કરે છે.

આ ક્ષમાયાચનાનું કામ પર્યુષણપર્વમાં સામુદાયિક પધ્ધતિથી કરવામાં આવે છે. આ પ્રાચીન પ્રથાને પંડિત સુખલાલજી અને શ્રી. પરમાનંદ કાપડિયા જેવા સમાજસેવકોએ નવીન જ રૂપ આપ્યું છે. લોકમાન્ય તીલકે સાર્વજનિક ગણેશોત્સવ ચાલુ કર્યો તે પ્રકારની જ આ પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ સામે રૂઢિવાદી વૃત્તિના લોકોનો વિરોધ હોય એ સ્વાભાવિક છે. આ વ્યાખ્યાનમાળાનો અમદાવાદ અને મુંબઇમાં પ્રારંભ થયો. બન્ને ઠેકાણે આ વ્યાખ્યાનમાળા મોટા ઉત્સાહથી ચલાવવામાં આવે છે. આ જ પ્રકારની વ્યાખ્યાનમાળા બીજે પણ ચાલે એવો ઓછો વધતો સફળ પ્રયત્ન કલકત્તા, ઇન્દોર, જળગાંવ, ધુળીયા વગેરે ઠેકાણે થવા માંડ્યો હતો. આમ હોવાથી આ પ્રવૃત્તિ હવે સ્થાયી સ્વરૂપે ચાલતી રહેશે એમાં શંકા નથી. આનું મુખ્ય કારણ એ છે કે આ પ્રવૃત્તિનો જેણે પાયો નાંખ્યો છે તેમની દૃષ્ટિ સાત્વિક, સમાજ—હિતૈષી અને અભિનિવેશરહિત છે.

વ્યાપારી જૈન સમાજ કેવળ ઝગડાખોર સમાજ નથી. સર્વ પ્રકારના સમાજમાં મળી હળીને વ્યાપાર કરવો, પોતાનું હિત સાધીને સ્વકીય જનોની સેવા કરવી અને 'सर्वेषां अविरोधेन' જીવનયાત્રા યશસ્વી કરવી—આવા સ્વભાવના જૈન સમાજમાં આધુનિક સર્વસમન્વય કારી સંસ્કૃતિનું વળણ પેદા કરવું—આવા આશયથી આ વ્યાખ્યાન—માળાની શરૂઆત કરવામાં આવી છે. દિગંબર—શ્વેતાંબર મૂર્તિપૂજક અથવા સ્થાનકવાસી એવા ભેદ ભૂલી જઇને માત્ર જૈન જ નહિ પણ જૈનેતર સમાજસેવકોને પણ વ્યાખ્યાન માટે આમંત્રણ આપવું—આવી પ્રથા પ્રારંભથી જ પાડવામાં આવી છે. ધર્મચિન્તનના દિવસોમાં ખ્રિસ્તી, મુસલમાન, પારસી ઇત્યાદિ ધર્મોના સજ્જનોને બોલાવીને તેમની પાસેથી તેમનો ધર્મવિચાર શાન્તિથી અને આદરપૂર્વક સાંભળવા સુધીની કક્ષાએ આ સમાજ પહોંચ્યો છે. ધર્મકારણ, સમાજકારણ, સાહિત્ય, અર્થકારણ ઇત્યાદિ સંસ્કૃતિમૂલક સર્વ વિષયોની ચર્ચા આ વ્યાખ્યાનમાળામાં કરવામાં આવે છે.

આની વ્યાખ્યાનમાળા યોજવાનું કાર્ય દેખાય છે તેટલું સહેલું નથી. વિશિષ્ટ સભ્યતાની ભૂમિકા ઉપર સર્વકલ્યાણકારી વિચારોને લોકસુલભ ભાષામાં રજુ કરનાર વક્તાઓ શોધી કાઢવા, અને તેમની સાથે વિચારવિનિમય કરીને તેમના વિષયો નક્કી કરવા–આ રીતે બધું ગોઠવવું એ સહેલી વાત નથી. પર્યુષણવ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન દેવા માટે જેમને આમંત્રણ આપવામાં આવે છે તેમની માનવતા વિષે, સાત્વિકતા વિષે, તેમ જ સમન્વયકારી દૃષ્ટિ વિષે સર્વ કોઇ આપોઆપ આદર અનુભવે છે અને વ્યાખ્યાતા ઉપર પણ આ આખી પ્રવૃત્તિના વાતાવરણનો સારો પ્રભાવ પડે છે.

કોઈ એક પ્રવૃત્તિ ઉત્તમ પ્રકારે ચાલવા માંડે છે એટલે તુર્તાતુરત તેમાંથી એક સંસ્થા ઉત્પન્ન કરવી, કોઇ એક ક્રિયાત્મક પ્રવૃત્તિ શરૂ કરવી–આવો લોભ અથવા મોહ ઉત્પન્ન થવો–એ તદ્દન સ્વાભાવિક છે. પણ કોઇ એક વિચારપ્રવૃત્તિ આવું રૂપ પકડે છે અને તેમાંથી કદિ જોખમદાર કાર્યપ્રવૃત્તિ પણ ચાલવા માંડે છે તો પણ તેના પરિણામે વિચારોની વ્યાપકતા તેમાંથી ઓસરવા માંડે છે અને એક પ્રકારનો અભિનિવેશ શરૂ થાય છે. આવું ભયસ્થાન ધ્યાનમાં લઇને પર્યુષણવ્યાખ્યાનમાળાના સંચાલકોએ આ બાબતમાં આજ સુધી બહુ મોટો સંયમ દાખવ્યો છે, અને વ્યાખ્યાનમાળાને કોઇ એક કર્મ-પ્રવૃત્તિમાં વહેતી ન કરતાં વ્યાખ્યાનમાળાની કક્ષા બને એટલી ઉંચી કરતા રહીને તેની ઉપયોગીતા વધારવી અને સમાજમાં વિચારક્ષમતા અને દૃષ્ટિની વ્યાપકતાને બને તેટલો વેગ આપવો – આ મૂળ ઉદ્દેશોને તેઓ આગ્રહપૂર્વક વળગી રહ્યા છે.

આપણી વસન્તવ્યાખ્યાનમાળા અને હેમન્તવ્યાખ્યાનમાળા જેટલી આ પર્યુષણવ્યાખ્યાનમાળા વ્યાપક અને સરળ નથી. એક વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્ય કરવાના દૃઢ નિશ્ચયપૂર્વક આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. ગુજરાતી, મરાઠી, હિંદી, ઉર્દૂ વગેરે અનેક ભાષા બોલવાવાળા વક્તાઓને બોલાવવામાં આવે છે. સર્વ ધર્મોનું વિવરણ અને તત્ત્વદર્શન તેમાં કરાવવામાં આવે છે અને વ્યાપક અર્થમાં ધાર્મિક કહી શકાય એવા વાતાવરણમાં જીવનના સર્વ અંગોપાંગનું રહસ્ય લોકો સમક્ષ રજુ કરવામાં આવે છે. સદ્‌ભાગ્યે શ્રી. કેદારનાથજી જેવા મહારાષ્ટ્રીય સાધુપુરુષે આ પ્રવૃત્તિમાં પોતાની આત્મીયતા દાખવી છે. આમ હોવાથી મુંબઇની આ વ્યાખ્યાનમાળા મહારાષ્ટ્ર–ગુજરાતના સજ્જનોના સહકાર્યની નિદર્શક બની છે. ખરી ધાર્મિકતા ભિન્ન ભિન્ન વર્ગોને જોડે છે, નજીક લાવે છે અને સ્વાર્થ, અભિમાન અને સંકુચિતતાનો નાશ કરે છે–આ તત્ત્વ ઓળખવા માટે આ વ્યાખ્યાનમાળા એક ઉત્તમ સાધન બની રહેલ છે. **કાકા કાલેલકર**

સાચો પત્રકાર એટલે શું ?

(‘કુમાર’ના તંત્રી શ્રી. બચુભાઇ રાવતને ગુજરાત સાહિત્ય સભા તરફથી થોડા સમય પહેલાં રણજીતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો તે પ્રસંગે શ્રી. બચુભાઇ રાવતે આપેલા મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનમાંથી ઉદ્ધૃત.)

પત્રકારત્વનો અર્થ સામાન્ય રીતે, સમાચારો આપવાનું તથા અમુક વિષયો પરત્વે પ્રજામત ઘડવાનું કાર્ય, એટલો જ આપણે ત્યાં થતો જોઇએ છીએ. પણ આ ઘણી સંકુચિત દૃષ્ટિ છે. વસ્તુતઃ તો પ્રજાની સર્વાંગીણ કેળવણીની જવાબદારી પત્રકારને માથે છે. પ્રજાનાં રાજકીય અને સામાજીક દૃષ્ટિબિંદુ ઘડવા તથા વિકસાવવા ઉપરાંત તથા તેનામાં રાષ્ટ્રીય અસ્મિતા, સાંસ્કૃતિક ગૌરવ કે બહુ તો વિશ્વપંથુત્વની ભાવના–પ્રગટાવવા ઉપરાંત પ્રજાના જીવનના એકેએક પાસાને ઉપસાવીને ઊજળું ને સુરેખ કરવાની દૃષ્ટિવાળા પ્રજાશિક્ષણનો એક સુચિંતિત, નિશ્ચિત ને વ્યવસ્થિત કાર્યક્રમ પત્રકાર પાસે હોવો જોઇએ. પ્રજાના દેહઘડતર ને આરોગ્ય, આચાર વિચાર અને વ્યવહાર સંસ્કાર, ખોરાક પોશાક અને ગૃહવ્યવસ્થા, વેપાર વણજ અને અર્થકારણ, રંગરાગ અને મનોરંજન, નીતિમત્તા અને ધર્મદૃષ્ટિ, જ્ઞાન વિજ્ઞાન અને સાહિત્યકલા વગેરે જીવનને સ્પર્શતા એકેએક વિષયમાં પ્રજાને માહિતગાર કરી, તેને કેળવી તેની સમજદારી અને બુદ્ધિશક્તિનું ઘોરણ પત્રકારે ઉંચે લાવવાનું છે. પણ આ બધા વિવિધ વિષયોના ઉપરછલ્લા લેખો લખી–લખાવીને છાપી મારવાથી એ અર્થ નથી સરવાનો. એમાંના પ્રત્યેક વિષયના છેક નાનામાં નાના અંગઉપાંગ સુધીનું જ્ઞાન પ્રજાની નસમાં ઉતારવાનું મહાભારત કામ એ છે.

ઉદાહરણ તરીકે એક કલાનો વિષય લઇએ. એમાં એક સ્થાપત્ય-કલાના જ્ઞાન સાથે કેટલી બધી વસ્તુઓ આવે? આપણી આબોહવા અને સામાજિક જીવનને અનુરૂપ ગૃહરચના, આપણા સામૂહિક જીવનને અનુરૂપ મંદિરો, નાટ્યગૃહો વગેરેની માંડણી, આપણી પ્રકૃતિ સાથે મેળ લે તેવાં તેનાં ઘાટરૂપ ને સુશોભન, એ સુશોભનોમાં પાછા શિલ્પ અને ભાસ્કર્યના અનેક પ્રકાર, એ બધાંનો પરિચય આવે. સામાજિક જીવનને સ્પર્શતી કલાઓમાં આપણાં વાસણકુસણોના ઉપયોગાનુસારી ઘાટ, આપણા ગૃહસાધનો ને ઉપસ્કરો, આપણાં બાળકોનાં રમકડાંથી માંડીને દેવમંદિરની મૂર્તિઓ સુધીનાંની રૂપાકૃતિઓ, આપણાં કાપડ ઉપરની ભાતો અને રંગયોજના પાછળ રહેલા માનસતંત્રના તથા ઐતિહાસિક પરંપરાના તાર, આપણાં પગરખાંથી માંડીને હથિયારો સુધીની વસ્તુઓ પાછળની ઉપયોગદૃષ્ટિ અને રૂપ-દૃષ્ટિની સમજણ એમાં આવે. ચિત્રકળાની વાત કરીએ તો જળરંગી, તૈલરંગી કે રેખાંકન, વૂડકટ, ઇચિંગ કે ડ્રાઇપોઇન્ટ આદિ પદ્ધતિઓનું ભલભલા ભણેલાઓને યે આજે જ્ઞાન નથી. આ તો આપણી ચારુકલા અને કારુકલા (fine arts and applied arts)ના વિસ્તારનો માત્ર ઉડતો ખ્યાલ આપ્યો. એ જ પ્રકારે જીવનસ્પર્શી એકેએક વિષયની ઝીણામાં ઝીણી વિગતનું જ્ઞાન અને સમજ પ્રજાને આપવાનો ધર્મ પત્રકારનો છે.

કોઈ કહેશે આ તો કોઈ શાળા–કોલેજના અભ્યાસક્રમ જેવી વાત લાગે છે. ના, તેથી યે વધારે; શાળા–કોલેજમાં તો પ્રજાનો અમુક જ વયનો અને અમુક જ કક્ષાનો વર્ગ જઈ શકે છે. પણ વર્તમાનપત્ર તો પ્રજાનો એકેએક વર્ગ વાંચે છે. માત્ર સવારે કે સાંજે મળતી નવરાશમાં વાંચતા વેપારીઓ, મહેતાજીઓ કે અન્ય નોકરિયાતો, યા કામકાજમાંથી પરવારેલો સ્ત્રી વર્ગ જ નહિ, પણ પહેરાપરથી છૂટેલો પોલિસ, મોટરમાં શેઠની રાહ જોતો શોફર, હજામની દુકાનમાં પોતાનો ક્રમ આવતાં સુધી બેસી રહેલો મીલ–કારીગર, ઓછી ઘરાકીને વખતે પોરો ખાતો કાપડિયા–કાછીયા જેવો નાનો દુકાનદાર વર્ગ–એવો પ્રજાના એકેએક ઘરનો માણસ પત્ર વાંચતો હોય છે. પત્રકારે આ વિશાળ ફલક પોતાની નજર સમક્ષ રાખવાનો છે. અને એના શિક્ષણની કેવી ગંભીર જવાબદારી પોતાની છે તેનો ખ્યાલ રાખવાનો છે. શાળા–કોલેજનું ક્ષેત્ર તો અમુક હદ સુધી જ પહોંચે છે. તેને અનુસંધાને કેળવણીનો તંતુ ઉચકી લઇને પત્રકારે પ્રજાને આગળ લઇ જવાની છે. એમાં શાળા–કોલેજનું લોકોનું જ્ઞાન તેને અમુક ભૂમિકા પૂરતું જ ખપ લાગે છે, અને તે પણ બહુ જ મર્યાદિત વર્ગનું. એટલે તેણે તો પોતાના કાર્યની પરિપાટી નવી જ ઘડવાની છે. જૂની ભૂમિકા ઉપર આગળ ચણતર લેવા ઉપરાંત કેટલાક પ્રદેશો તો તેણે નવા ઉઘાડવાના છે. જરા મહત્ત્વાકાંક્ષી શબ્દ વાપરીને કહું તો Encyclopaedic Knowledge તેણે પ્રજાની માનસલોમમાં સીંચવાનું છે. પહેલી નજરે એ શબ્દ મહત્ત્વાકાંક્ષી લાગે; પણ તત્ત્વતઃ તો, જ્ઞાનની એકેએક શાખામાં પ્રજાને પ્રવેશ કરાવવાનો વિશાળ ફલક જો આપણે સ્વીકારીએ છીએ તો એ શબ્દ સાર્થ બની રહે છે. આવી વિશાળ અને ગંભીર જવાબદારી જેના શિરે છે તે પત્રકાર તો પ્રજાના ગુરુસ્થાને છે. સમસ્ત જન-સમુદાયનું ઉદ્ધરણ કે પતન તેના હાથમાં છે. તે સત્યસંકલ્પપૂર્વક ધારે તો એક સુચિંતિત, વ્યવસ્થિત, રેખાઉતાર કાર્યક્રમદ્વારા, ધીમા પણ સ્થિર ને નિશ્ચિંત રૂપમાં આ પરોક્ષ કેળવણી વડે, એકાદ બે તપમાં તો આખા પ્રજાસમુદાયનું માનસ સ્વસ્થ, નિરામય, વિકસિત ને ઉન્નત કરી શકે. પોતાના આવા ગુરુસ્થાનની જવાબદારીના ભાનવાળો સાચો પત્રકાર, એક કર્તવ્યનિષ્ઠ શિક્ષકની જેમ, સંચિત ધર્મબુદ્ધિપૂર્વક, પ્રજાશિક્ષણના વિવિધ માર્ગો અને સાધનોનો વિચાર કર્યા જ કરે છે.

ભારતીય સંસ્કૃતિનો પોકાર

ચાલુ ચીલાથી કાંઇક નવું કરવાની વાત હોય ત્યાં ચારે કોરથી સંસ્કૃતિના ધ્વંસનો કોલાહલ મચે છે. હિન્દુ કોડ બીલને લઇને વળી પાછો એ કોલાહલ શરૂ કરવામાં આવ્યો છે કે એથી તો હિન્દુ સંસ્કૃતિ-ભારતીય સંસ્કૃતિનો હ્રાસ થઇ જશે. એ ટાણે એ વિચારવું પ્રાપ્ત થાય છે કે એવી તે કઇ હિન્દુ સંસ્કૃતિ છે જેના નાશનો ભય વારે વારે દેખાડવામાં આવે છે.

હિન્દુ સંસ્કૃતિનું પ્રથમ લક્ષણ જો કોઇ સર્વાનુમત હોય તો તે એ છે કે વર્ણાશ્રમ ધર્મ. પરંતુ એમાં વિચારવાનું એ છે કે વર્ણધર્મ અને આશ્રમધર્મનું કયું રૂપ રક્ષણીય છે. વેદકાળમાં તો વર્ણધર્મનું નામ નિશાન નથી. આજે જે જાતિઓ છે એવી જાતિઓ અને વર્ગોની કલ્પના વેદકાળમાં હતી નહિ અને આજે જે જાતિનો આધાર જન્મ-રોટી-બેટી વ્યવહાર માનવામાં આવે છે તેવો કોઈ વ્યવહાર વૈદિક લોકોમાં પ્રચલિત હોવાનું કોઈ પ્રમાણ નથી. વેદકાળના અંતિમ ભાગમાં વર્ણોની કલ્પના થઇ એ સાચું, પણ તેમાં પણ બ્રાહ્મણ બ્રાહ્મણ જ રહે અને ક્ષત્રિય ક્ષત્રિય જ રહે એવો નિયમ નથી. અર્થાત માત્ર જન્મને કારણે કોઇ પણ એક જાતિને માની લેવામાં આવી હોય એવું નથી. બ્રાહ્મણકાળમાં વર્ણવ્યવસ્થા જન્મને કારણે દૃઢ થઈ, પણ તેમાં પણ રોટી-બેટી વ્યવહાર જે અર્થમાં આજે જાતિના મૂળમાં મનાય છે એવો કોઈ વ્યવહાર સ્થિર થયો ન હતો. બલકે આજની હજારો જાતિઓ જ તે વખતે ન હતી. માત્ર ચાર વર્ણો હતા. વળી એ જ કાળમાં જૈનોએ અને ત્યાર પછીના કાળમાં જૈનોએ અને બૌદ્ધોએ એ પ્રકારની જન્મના કારણે વર્ણવ્યવસ્થાનો વિરોધ કર્યો હતો. પરિણામે આપણે જોઇએ છીએ કે બ્રાહ્મણ અને શ્રમણ બન્ને વર્ગના સંન્યાસીઓમાં એવી કોઈ વ્યવસ્થા ટકી શકી નહિ. ગૃહસ્થવર્ગમાં એ વ્યવસ્થા ટકી રહી, પણ તેમાં પણ બ્રાહ્મણોના હજાર પ્રયત્નો છતાં સમસ્ત ભારતવર્ષમાં એકરૂપતા રહી શકી નથી. પંજાબના બ્રાહ્મણના અને દક્ષિણના બ્રાહ્મણના આચારમાં જમીન-આસમાન જેટલું અંતર રહ્યું છે. વળી રાજપુતાનાના અનેક રાજપુતોએ પોતાની કન્યાઓને મ્લેચ્છ ગણાતા મુસલમાનોને આપી હતી તેમાં તેમને કશું અજુગતું નહોતું લાગ્યું. અલબત્ત ત્યારે કેટલાક એવા હતા જેમણે એ બાબતનો વિરોધ કર્યો હતો, પણ પ્રમાણમાં તે અપવાદરૂપ હતો. એટલે એ મધ્યકાળમાં પણ આજ જે અર્થમાં વર્ણધર્મ મનાયો છે તે અર્થમાં સર્વથા પળાયો નથી. વળી હિન્દુસ્તાનમાં શક-હૂણ-ગ્રીક જેવી અનેક જાતિઓ આવી અને બ્રાહ્મણ કે ક્ષત્રિય બની બેઠી અને આજે તેમના મૂળનો પણ પત્તો નથી એવું રક્તમિશ્રણ થઇ ગયું છે. ઘણા બ્રાહ્મણો કાળા છે અને ઘણા શૂદ્રો ધોળા છે. એ પરિસ્થિતિમાં વર્ણધર્મની રક્ષા ભારતીય સંસ્કૃતિમાં સર્વથા થઈ છે એમ માનવું પ્રમાણવિરૂધ્ધ છે. એટલે માની શકાય કે અત્યારે જન્મને કારણે જાતિવ્યવસ્થા છે તે સાચું છે, છતાં તે ભારતીય સંસ્કૃતિનું મૌલિક અને અનિવાર્ય અંગ નથી અને તેથી જ તે રક્ષણીય પણ નથી.

વળી આજની જાતિવ્યવસ્થા અને તે કાળની વર્ણવ્યવસ્થા પણ એક નથી. વર્ણવ્યવસ્થાનું ભ્રષ્ટ રૂપ તે આજની જાતિવ્યવસ્થા છે. અને હવે જો એ ભ્રષ્ટ રૂપનો ભ્રંશ જ થવા બેઠો છે તો તેને ભારતીય સંસ્કૃતિના અમર પ્રતીકની જેમ વળગી રહેવાનો કશો જ અર્થ નથી. આજના સંસ્કાર તો માગે છે વિશ્વબંધુત્વ. એ વિશ્વબંધુત્વની ઉદાત્ત ભાવના સામે જાતિવાદની નિકૃષ્ટ ભાવના ભારતીય સંસ્કૃતિમાં જૂની હોય છતાં ટકાવવા યોગ્ય તો નથી જ.

વળી વેદકાળ પછીનો વર્ણધર્મ તો એ હતો કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો યજ્ઞો કરે. તેમાંના અમુક યજ્ઞો અમુક વર્ણો માટે નિયત હતા. એ યજ્ઞોમાં ગાય, અશ્વ અને મનુષ્ય સુધીનો મારવામાં આવતા. ભારતની કે હિન્દુઓની એ યજ્ઞસંસ્કૃતિ જૈન અને બૌધ્ધોના તીવ્ર વિરોધને કારણે કયારની મરી ચૂકી છે. ભારતીય સંસ્કૃતિની રક્ષાને નામે એ યજ્ઞસંસ્કૃતિ હજાર પ્રયત્નો છતાં હવે જીવિત થઈ શકે તેમ નથી. રક્ષા તો થઇ શકી જ નથી એટલે હવે તેની રક્ષાનો પણ પ્રશ્ન નથી. તેને સ્થાને અહિંસક યજ્ઞો દાખલ થયા. તે પણ મોટે ભાગે ભારતીય જીવનમાંથી વિદાય લઇ ચૂકયા છે. આચાર્ય દયાનંદે વૈદિક ધર્મના ઉદ્ધારને નામે એ અહિંસક યજ્ઞોનો પ્રચાર ફરી શરૂ કર્યો, પણ તેમને પણ એ બાબતમાં ઝાઝી સફળતા મળી તે આપણી સામે જ છે. એ પરિસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિને નામે એ યજ્ઞસંસ્કૃતિને પુનર્જીવન કે રક્ષણ આપવાની પણ જરૂર નથી. અને સ્વયં લોકો જ એ કશું કરવા માગતા નથી એ પણ સ્પષ્ટ છે. એટલે ફરી જે વસ્તુ જંગલી હોવાથી ભારતીયો છોડી ચૂકયા છે તેના પુનરૂધ્ધારની વાત કરવી તેમાં માત્ર કેટલાક લોકોના સ્વાર્થ સિવાય બીજું કશું તત્ત્વ નથી. એ યજ્ઞ-સંસ્કૃતિને સંપૂર્ણ ભારતની સંસ્કૃતિ કહી પણ ન શકાય, કારણ કે પ્રારંભથી જ જૈન શ્રમણો તેનો વિરોધ કરતા આવ્યા છે. એટલે ભારતીય સંસ્કૃતિને નામે એના પણ પુનરૂધ્ધારની આવશ્યકતા નથી.

જુદા જુદા વર્ણોને કાયદાની દૃષ્ટિએ જુદા જુદા અધિકારો હતા. તેમાં બ્રાહ્મણોને કાયદાની દૃષ્ટિએ સર્વાધિક લાભો હતા અને શૂદ્રોને સર્વાધિક ગેરલાભો. ભારતીય સંસ્કૃતિના પુનરૂધ્ધાર કે રક્ષણને નામે આ વીશમી શતાબ્દિમાં અપરાધની સમાનતા છતાં સજાની અસમાનતા વર્ણધર્મને નામે કોઇ પણ ભારતીય ટકાવી રાખવા માગતો નથી. અને જૂની વ્યવસ્થા અંગ્રેજોના રાજ્યમાં પણ લગભગ નષ્ટ થઇ ચૂકી હતી. અને એ વ્યવસ્થાનો નાશ તો તે પહેલાં પણ શરૂ થઇ ચુકયો હતો. એટલે હવે એ વ્યવસ્થાનું પુનર્જીવન કરવાનો એ જ અર્થ થાય કે આપણે પાછો સભ્ય મનુષ્યના ન્યાયના સ્થાને જંગલી ન્યાય દાખલ કરવો. હું નથી ધારતો કે આજના શ્રી શંકરાચાર્યોની હજાર દલીલો છતાં આજનો બહુમતસમાજ એ વ્યવસ્થા પાછી લાવવા સંમત થાય.

સ્ત્રીઓના સમાનાધિકારની વાત લઇએ તો વૈદિક યુગમાં તો શું પણ ઉપનિષદકાળ સુધી નારી પુરૂષ સમોવડી ગણાતી. પણ જેમ જેમ પુરૂષ સ્વાર્થી થતો ગયો, તેમ તેમ વર્ણધર્મની રક્ષાને નામે તેણે સ્ત્રીને દબાવવા માંડી, તે એટલે સુધી કે તેનું સ્થાન પુરૂષની સંપત્તિમાં ગણાવા લાગ્યું. આજે સ્ત્રી જાગૃત થઇ છે. તેને ભારતીય સંસ્કૃતિની રક્ષાને નામે દબાવી શકાય તેમ નથી. સ્ત્રીની પરાધીનતા એ વળી ભારતીય સંસ્કૃતિનું સદાકાળ અનિવાર્ય અંગ રહ્યું પણ નથી. વળી આખા વિશ્વમાં જ્યાં લોકશાહીને નામે સર્વસમાનાધિકારની ઘોષણા થઇ રહી છે ત્યાં ભારત પોતાના અર્ધાંગને ગુલામીમાં સડવા દઇ પોતાના જ સમાજને બલહીન કરવા તત્પર થાય એ સંભવ પણ નથી. એટલે ભારતીય સંસ્કૃતિના નામે સ્ત્રીઓને દબાવવાનું શકય જ નથી અને આવશ્યક પણ નથી.

વળી સ્ત્રીઓની સર્વથા પરાધીનતા સમસ્ત ભારતવર્ષે કદી સ્વીકારી પણ નથી. જૈન અને બૌધ્ધ જેવા શ્રમણસંઘોમાં પ્રવેશ પ્રાપ્ત કરીને સામાજિક દૃષ્ટિએ હીન ગણાતી સ્ત્રીઓ પણ પૂજ્ય બની ગઇ છે એટલું જ નહીં, પણ પુરૂષોની જેમ જ આધ્યાત્મિક કલ્યાણનું ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવા સમર્થ બની છે. એટલે સ્ત્રીઓની અસમાનતા એ ભારતીય સંસ્કૃતિનું અંગ કહી ન શકાય. તો પછી તેના રક્ષણનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

હવે આશ્રમ ધર્મ વિષે વિચાર કરીએ. એક સમય એવો હતો. જ્યારે આશ્રમધર્મનું ભારતમાં નામનિશાન પણ હતું જ નહિ. વેદકાળમાં આશ્રમધર્મ હતો નહિ. બ્રાહ્મણ-શ્રમણના સમન્વયમાંથી આરણ્યક કાળમાં બ્રાહ્મણોએ આશ્રમધર્મ અપનાવ્યો. પણ એ આશ્રમધર્મનું પાલન અનિવાર્ય નથી એવું શંકરાચાર્ય જેવા સમર્થ આચાર્યોએ પ્રતિપાદન

કર્યું છે. અને જૈન-બૌધ્ધ જેવા શ્રમણોએ પણ આશ્રમધર્મનો વિરોધ કર્યો છે. એટલે આશ્રમધર્મને પણ ભારતીય સંસ્કૃતિના અનિવાર્ય અંગ તરીકે માની શકાય નહી. તેના ગમે તેટલા લાભો હોય પણ તેને ભારતીય સંસ્કૃતિના અનિવાર્ય અંગ તરીકે ગણી શકાય નહીં. એ પરિસ્થિતિમાં તેના રક્ષણ કે ઉધ્ધારનો પ્રશ્ન અસ્થાને છે. જેને તેનું પાલન કરવું હોય તે ભલે કરે, પણ તેનું પાલન ભારતીય સમગ્ર પ્રજા ઉપર તો લાદી શકાય જ નહી.

આ પ્રમાણે વર્ણધર્મ અને આશ્રમધર્મ એ બે ભારતીય સંસ્કૃતિના બે સ્તંભો જેવી ગણાતી બાબતો જ જ્યાં તેના અનિવાર્ય અંગરૂપે સિધ્ધ થઇ શકતી નથી અને આવશ્યક પણ ગણાતી નથી ત્યાં બીજી નાની મોટી બાબતો વિષે તો વિચાર કરવાની પણ જરૂર નથી.

વસ્તુતઃ સંસ્કૃતિ એ વહેતો પ્રવાહ છે. એ એકરૂપ રહી શકે નહી. વેદકાળનો મનુષ્ય આજે આપણી સમક્ષ આવીને હાજર થાય તો અત્યારના અને તેનાં સમાજ વચ્ચે બાહ્ય કે આંતર અસમાનતા એટલી બધી વધી ગઇ છે કે તે આપણને તેની પરંપરાના ગણવા તૈયાર ન થાય અને આપણે પણ તેને પોતાનો પૂર્વજ માનતા શરમાઇએ. નદીપ્રવાહમાં પડીને ખરબચડા પત્થર પણ શાલીગ્રામ બની જાય છે તેમ સંસ્કૃતિના પ્રવાહમાં પડેલા મનુષ્યો પણ ઉત્તરોત્તર સંસ્કૃત થતા જાય છે. એ વિકાસને વિકૃતિ ગણી ફેંકી ન દઇ શકાય. મનુષ્ય જો ઉત્તરોત્તર વિકસતો ન હોય તો આજે વૈદિક કાળની જંગલી દશામાં જ તે હોત. ફરી પાછા એ દશામાં જવા કોઇ તૈયાર નથી. જેઓ ભારતીય સંસ્કૃતિના અવાજને બુલંદ કરે છે તેઓ પણ વૈદિક લોકોની જેમ જંગલમાં લાકડા સળગાવી માંસ શેકી ખાવા તૈયાર નથી. તો બીજાની તો વાત જ શી કરવી ? એટલે વસ્તુતઃ જે લોકો સુધારાનો વિરોધ કરે છે તેઓ અજ્ઞાન-ભોળી જનતાને ધર્મ ને નામે ભડકાવવા સિવાય બીજું કશું જ કરતા નથી. તેઓ એ સ્પષ્ટીકરણ કરતા જ નથી કે ભારતીય સંસ્કૃતિના અમુક તત્ત્વો અમારે જોઇએ અને આજની સરકાર એ તત્ત્વોનો નાશ કરી રહી છે. જો તેમ તેઓ કરે તો તુરત તેમનું અજ્ઞાન પકડાઈ જાય તેમ છે, કારણ કે એવું કોઈ તત્ત્વ નથી કે જે અનાદિકાળથી અનિવાર્યરૂપે ભારતીય સંસ્કૃતિનું અંગ બન્યું હોય. જે તત્ત્વો છે તે કાળબળે કરીને સમાજમાં દાખલ થયા છે અને કાળ જ તેને નકામાં ગણીને ઘસી નાખે છે. એ પ્રક્રિયામાં સ્થાયી જેવું કશું જ તત્ત્વ નથી. અને જે સ્થાયી છે, ત્રિકાલાબાધિત છે તે તો ભારતીય સંસ્કૃતિ તો શું કોઈ પણ સંસ્કૃતિમાં બધ્ધ નથી. તે તો માનવ સંસ્કૃતિમાં બધ્ધ છે અને સર્વત્ર સમાનભાવે છે. તેનો તો નાશ કોઇ પણ કદી પણ કરી શકયું નથી, કરી શકે પણ નહી. એ તત્ત્વો છે અહિંસા, મૈત્રી, વાત્સલ્ય અને એના જેવા બીજા સાર્વભૌમ ગુણો. **દલસુખ માલવણિયા**

કેટલાક સમાચાર અને નોંધ

અજ્ઞાન અને વહેમે નીપજાવેલો ભયંકર ઉપ-દ્રવ

મારવાડમાં આવેલા 'નાણા' નામના ગામમાં જૈન સાધુઓ તથા શ્રાવકો ઉપર આસપાસના લોકોએ તા. ૬૭-૯-૫૧ ના રોજ અત્યાચાર કર્યાના જે સમાચાર છાપાઓમાં પ્રગટ થયા છે તેની વિગત નીચે મુજબ છે.

આ દુર્ઘટનાના થોડા દિવસ અગાઉ મારવાડમાં આવેલા એડા નામના ગામમાં શ્રી નાથજી એવા નામની સહી સાથે ચીઠીઓ કાઢવામાં આવી હતી અને તેમાં જૈન સાધુઓ સાથે મળીને પોતે વરસાદ અટકાવ્યો છે એવું કાંઇક સૂચન હતું અને તે માટે રજપુતો, ભીલો વગેરેને 'નાણા' ગામ પાસે કુંભસાગર તળાવ ઉપર તોફાનના દિવસે અમુક સમયે એકઠા થવાની સૂચના આપવામાં આવી હતી. આ ચીઠ્ઠીના પરિણામે આશરે બે થી ત્રણ હજાર લોકોનું ટોળું ઉપર જણાવેલા સ્થળે ભેગું થયું હતું. આ લોકો પાસે તીરકામઠાં, તલવાર, લોખંડની મુદ્દાળી લાકડીઓ, કુહાડા વગેરે હથિયારો હતા.

નાણાં ગામની બહાર વાવડી પાસે મંદિર નજીક વડની નીચે એક બ્રાહ્મણ સંન્યાસી કે જેનું નામ શ્રીનાથજી હતું તેની પાસે આ ટોળું ગયું અને તેને પૂછ્યું કે તમે વરસાદ કેમ બાંધી રાખ્યો છે? આ પ્રશ્નના જવાબમાં આ સંન્યાસીએ લોકોના ટોળાને સમજાવવા પ્રયાસ કર્યો કે તેમણે એવી કોઈ પ્રવૃત્તિ કરી નથી તેમ જ આવું કામ કરી શકે એવી કોઇનામાં તાકાત નથી. આ ઉપરથી આ સંન્યાસી જૈન સાધુ સાથે મળી ગયેલ છે એમ જણાવીને તેને ખૂબ અપશબ્દો સંભળાવ્યા અને માર માર્યો અને ત્યાંથી લોકોનું ટોળું ગામ તરફ વળ્યું. અને ગામમાં દાખલ થઇને જૈનોની દુકાનો લુંટી, કેટલાક જૈનોને માર્યા અને ત્યાર બાદ જૈન ઉપાશ્રયમાં દાખલ થઇને ત્યાં રહેતા ત્રણ જૈન સાધુઓ ઉપર ખૂબ હીચકારો હુમલો કર્યો અને ત્રણે સાધુઓને સારી રીતે ઘાયલ કર્યા.

આ બાબત વિષે સત્તાધીશોનું પુરતું ધ્યાન ખેંચવામાં આવ્યું છે અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તે સંબંધે જરૂરી પગલા ભરાઈ રહ્યા છે. આ વિષે એમ પણ જાણવા મળે છે કે જો કે મારવાડના પ્રદેશમાં આવો બનાવ પહેલી જ વાર બન્યો છે એમ છતાં પણ અગાઉ પીંડવાડા, એડા, વિજાપુર વગેરે ગામોમાં જૈનો સામે ઉસ્કેરણીના પરિણામે લોકોનાં ટોળાંઓ ધસી આવ્યા હતા, પરંતુ તે તે ગામના આગેવાનોની સમયસૂચકતા અને સાવધાનીના કારણે કોઇ માઠો પ્રસંગ આ પહેલાં બનવા પામ્યો નહોતો.

ઉપર વર્ણવેલી દુર્ઘટનાથી આખા જૈન સમાજના દિલને સખ્ત આઘાત લાગે તે સ્વાભાવિક છે. આ બાબતમાં સત્તાધીશોએ પુરી તપાસ કરીને આવી ઉસ્કેરણી કરતા લોકોને સખ્ત રીતે દબાવવા જોઇએ, આ હુમલામાં ભાગ લેનાર આગેવાનોને સખ્ત શિક્ષા કરવી જોઇએ અને જૈનોને તેમ જ જૈન મંદિરો તથા ઉપાશ્રયોને ત્યાં સુધી આવું વાતાવરણ ચાલુ રહે ત્યાં સુધી પુરતું રક્ષણ આપવું જોઇએ. સાથે સાથે આ દુર્ઘટનાના સ્વરૂપને જૈનોએ બરોબર સમજી લેવું જોઇએ. કારણ કે આવું બન્યારે કોઈ એક કોમને લગતું કાંઇક અનિચ્છનીય બને છે ત્યારે તે કોમના લોકોની લાગણી ખૂબ ઉસ્કેરાયલી રહે છે, કલ્પના ખૂબ કામ કરવા માંડે છે અને તેની વિવેકબુદ્ધિ વિકૃત બનવાનું જોખમ ઉંચું થાય છે.

આ દુર્ઘટનાને કેવળ એક કોમી કલહ તરીકે ચિન્તવવી તે યોગ્ય નથી. વરસાદનો અભાવ અને લોકોના દિલમાં ભારી વિષેની ચિન્તા,- આ બે બાબતનો લાભ લઇને અમુક વ્યકિતઓએ ભોળા લોકોને ભમાવ્યા કે જૈન ગોરજી સાધુઓ મંતરજંતરથી વરસાદને અટકાવી રહ્યા છે અને આપણા માટે દુર્દશા પેદા કરી રહ્યા છે. ચિન્તાવ્યાકુળ લોકોના દિલમાં આટલી ચીનગારી બસ હતી. ખડની ગંજીમાં તણખો પડે અને પવન વાય કે આખી ગંજી સળગી ઉઠે-આવું જ એડા અને આસપાસના લોકોમાં બન્યું અને વહેમના માર્યા લોકોએ વિવેક ગુમાવ્યો, જંગલી બન્યા અને ન કરવાનું કરી બેઠા.

જૈન સમાજ માટે કદાચ આવી દુર્ઘટના પહેલી હશે પણ હરિજનો આ રીતે હેરાન થયાની ઘટનાઓ હિંદના ગામડે ગામડે અને શહેરે શહેરે અનેક વાર નોંધાયલી પડી છે. ગામમાં કે શહેરમાં ઢોર મરવા માંડે કે કોઇ ઉપદ્રવ શરૂ થાય અને લોકોને કોઇ ચડાવનારા નીકળે એટલે પછી હરિજનોનું આવી બને. આખું ગામ હાલી ઉઠે અને હરિજનવાસ સળગાવી મૂકે અને હરિજનોના હાલબેહાલ કરી મૂકે.

બીજી એ બાબત પણ આપણે ધ્યાનમાં લેવી ઘટે છે કે વરસાદને લાવવાની કે ટાળવાની શકિત કોઈ માનવીમાં હોવાને લેશમાત્ર સંભવ નથી. વિજ્ઞાન આ દિશામાં મહેનત કરી રહ્યું છે પણ તેમાં હજુ તેને પણ કશી સફળતા મળી જાણવામાં આવી નથી. આમ છતાં પણ દોરાધાગા તથા જંતરમંતર કરતા જૈન જતિઓ વિષે તેઓ ધારે તો વરસાદ અટકાવવાની અને વરસાદ લાવવાની તાકાત ધરાવે છે-આવી પાયા-વિનાની માન્યતા આમજનતાના કેટલાક વર્ગોમાં કંઈ કાળથી ઘર કરી

રહેલી છે. આવા જતિઓ અને જૈન સાધુઓ વચ્ચે સામાન્ય લોકોને મન બહુ ભેદ નથી હોતો. ઉપર બનેલી દુર્ઘટના આવી લોકમાનસમાં ઉંડે ઉંડે પડેલી માન્યતામાંથી પેદા થવા પામી હોય એમ અનુમાન થાય છે. આ ઉપરાંત પ્રસ્તુત ઘટના પેદા થવાના બીજા પણ કારણો હોવા સંભવ છે, પણ તે વિષે હજુ કોઈ સ્પષ્ટ પ્રકાશ પડયો નથી.

આ રીતે વિચારીને આ દુર્ઘટના એ જૈન સમાજ સામે વ્યવસ્થિત રીતે યોજાયલા કાવત્રાનું પરિણામ છે અથવા તો જૈન વિરોધી કોઇ દેશવ્યાપી હીલચાલ કે વલણમાંથી આ ઘટના પેદા થઇ છે એવો અતિશયતાભર્યો કાલ્પનિક રંગ આ ઘટનાને આપવાની જરા પણ જરૂર નથી. આ એક પ્રકારનો સામાજિક અલ્પકાલીન ઉપદ્રવ છે, એમ સમજીને તેને વૈર વિરોધનું રૂપ આપવાને બદલે સમભાવને ધારણ કરવો અને ત્યાંના લોકોનું અજ્ઞાન અને વહેમ દૂર કરવાનો પ્રયત્ન કરવો–એ આવી દુર્ઘટનાની પુનરાવૃત્તિ અટકાવવાનો સાચો ઉપાય છે એ આપણે બરોબર સમજી લઇએ. આપણા દિલમાં આપણા પડોશી વિષે સાચો પ્રેમ અને સેવાભાવ હશે તો તેના આપણા વિષેના વહેમો અને પૂર્વગ્રહો બહુ લાંબો વખત ટકી શકવાના જ નથી એવી શ્રધ્ધા આપણે ધારણ કરીએ.

હિંદુ કોડ બીલ વળી પાછું આગળ ઠેલાયું

હિંદમાં વસતા હિંદુસમાજ ઉપર અંગત કાયદાનું એકસરખું ધોરણ સ્થપાય અને લગ્નસંસ્થા તેમ જ વારસાહકના સંબંધમાં બદલાયેલા કાળને અનુરૂપ અને સ્ત્રી–પુરૂષસમાનતાના આદર્શને પ્રતિબિંબિત કરે એવા જરૂરી ફેરફારો થાય એ આશયથી ઘડવામાં આવેલું અને છેલ્લા પાંચ વર્ષથી ધારાસભાની એરણ ઉપર ટીપાતું ઘડાતું અને આમ તેમ પછડાતું હિંદુ કોડ બીલ આ વખતે પણ પાછું આગળ ઠેલાયું અને હવે તો નવી ચુંટાયેલી ધારાસભા મળે ત્યાં સુધી મુલતવી રખાયું–આ એક અત્યન્ત દુઃખ ઉપજાવે એવી ઘટના છે. આમ બનવા માટે આજની સરકારને જરા પણ દોષ દેવો ઉચિત નથી. કારણ કે આ બાબતમાં સરકાર એકસરખી નિષ્ઠાથી કામ કરી રહી હતી અને ચાલુ ધારાસભા પુરી થાય તે પહેલાં હિંદુ કોડ બીલને કોઇ પણ રીતે પસાર કરાવવું એવો સરકારનો ખરા દિલનો આગ્રહ હતો. પણ વર્તમાન ધારાસભા કે જ્યાં કોંગ્રેસની બહુ મોટી બહુમતી છે, તે ધારાસભાના સભ્યોમાં જ જ્યાં એ મત પ્રવર્તે છે અને બીલને આગળ વધવા દેવામાં જાત જાતનાં વિઘ્નો નાંખવા એ જ જ્યાં કેટલાક સભ્યોની સ્વીકૃત નીતિ છે ત્યાં સરકાર શું કરે?

હિંદુ કોડ બીલ જેવા એક પ્રગતિશીલ સામાજિક પ્રબંધની આવી દશા થાય એ શું સૂચવે છે? અને તે પણ કોંગ્રેસીઓને હાથે–આનું શું કારણ? આ બાબતનો વિચાર કરતાં માલુમ પડે છે કે કોંગ્રેસના અનુયાયીઓમાં મોટે ભાગે આઝાદીની પ્રાપ્તિ સિવાય બીજું કોઈ ધ્યેય કે જીવન–દર્શન હતું જ નહિ. આઝાદી આવે એટલે એ આઝાદીને સ્થિરપ્રતિષ્ઠ કરવા માટે, દેશની આમ પ્રજાને સુખ તેમ જ ઉન્નતિના માર્ગે લઈ જવા માટે આર્થિક તથા સામાજિક ક્ષેત્રમાં કયા કયા પ્રકારના ફેરફારોની આવશ્યકતા–અનિવાર્યતા–ઉભી થાય છે તેનું બહુ ઓછાને ભાન હતું. પરિણામે આઝાદી આવ્યા બાદ નાના મોટા પ્રશ્નો ઉપર મહાસભાવાદીઓને જાહેર રીતે કે છાનગી રીતે એક યા બીજા ભાગલામાં આપણે વહેંચાઈ જતા જોઇએ છીએ. અને ક્રાન્તિકારી કોઈ પણ કાયદાને પસાર કરાવવામાં ભાત ભાતની મુશ્કેલીઓ ઉભી થતી માલુમ પડે છે.

આ હિંદુ કોડ બીલ સામે દેશમાં જે પ્રકારનું વિરોધી આન્દોલન આપણે જોઈ રહ્યા છીએ તે આજનું લોકમાનસ હજુ કેટલું રૂઢિગ્રસ્ત છે અને કોઇ પણ દિશાએ આગળ વધવામાં કેટલું પ્રતિકુળ છે તેનો સારો ખ્યાલ આપે છે. આ આન્દોલનમાં માત્ર અભણ, અજ્ઞાન, કે ભોળા લોકો જ ભાગ લે છે એમ નથી, પણ તેના મોખરે અનેક ઉચ્ચ કેળવણી પામેલ, પ્રખર બુદ્ધિશાળી વ્યક્તિઓ નજરે પડે છે. પૂર્વગ્રહો અને અભિનિવેશો માનવીની બુદ્ધિને કેવી કુંઠિત કરે છે અને મૌલિક વિચારણાની તાકાત કેમ હરી લે છે એ હિંદુ કોડ બીલ વિરોધી ચળવળમાંથી આપણને સારી રીતે જોવા મળે છે. આ બીલની અમુક એક યા બીજી કલમ વિષે મતભેદ હોય એ સમજી સકાય તેવું છે અને તેનો નીકાલ પણ થઈ શકે છે, પણ આખા બીલનો મૂળમાંથી જ જ્યારે વિરોધ કરવામાં આવે ત્યારે એમ જ સમજવું રહ્યું કે હિંદુ સમાજના અમુક વર્ગને સામાજિક રીત રીવાજ કે કાયદામાં નાનો સરખો પણ ફેરફાર સંમત નથી. કંઇ પણ ફેરફારની વાત કરો એટલે તેમને મન હિંદુ ધર્મ, હિંદુ સંસ્કૃતિ, હિંદુ સમાજ–સર્વ કાંઇ જોખમમાં આવી પડે છે અને ધર્મના નામની બાંગ પોકારવાનું તેઓ એકાએક શરૂ કરી મૂકે છે.

આ હિંદુ કોડ બીલ આખા હિંદુ સમાજને એક કાયદા નીચે સંગઠિત કરતું હોઇને હિંદુ સમાજે તેને એક અવાજે આવકારવું જોઇતું હતું પણ તેને બદલે તે સમાજનો રૂઢિચુસ્ત વર્ગ આ બીલનો સૌથી વધારે વિરોધ કરી રહ્યો છે. આખા સમાજના ભાવી શ્રેય કરતાં પણ પ્રચલિત રૂઢિની રક્ષા તેમને મન વધારે આદરણીય છે. એક–પત્નીવ્રતધારી રામચંદ્રની પૂજા કરનારને એક પત્નીવ્રત ફરજિયાત કરનારું કાયદાનું અનુશાસન પસંદ નથી. પુરૂષપક્ષે છુટાછેડાની છુટ આપે ગરજ સારનાર બહુપત્ની પ્રથાના વારસદારોને અસાધારણ વિરલ સંયોગોમાં પુરૂષ યા સ્ત્રીને લગ્નબંધનથી મુક્તિ મળે તે પસંદ નથી. સ્ત્રી–પુરૂષ સમાનતાના આદર્શને આગળ ધરનાર પોતાના પુત્રપુત્રીઓને સમભાગી કરવા ઇચ્છતો નથી. આ તે કેવી વિચારજડતા? આ પાર્લામેન્ટ તો ખલાસ થઈ, પણ જ્યાં આવી આંધળી રૂઢીપૂજા પ્રવર્તે છે અને જ્યાં ધર્મઝનુન, બુદ્ધિનાં સર્વ દ્વારો બંધ કરી શકે છે ત્યાં હવે પછીની નવી ધારાસભા પણ હિંદુ કોડ બીલ સંબંધમાં કઈ રીતે આગળ ચાલશે અને એ સંબંધ આ બાબતમાં ક્યારે કાશીએ પહોંચશે એની કલ્પના આજે આવી શકતી નથી.

આ હિંદુ કોડ બીલ હિંદુઓ ઉપરાંત જૈન, શિખ, બૌદ્ધ તથા લિંગાયતોને લાગુ પડે છે. હિંદુ કોડ બીલ વિરોધી આન્દોલનમાં જૈનોએ પોતાનો સુર પુરાવ્યો નથી એ વિસ્મયજનક તેમ જ આનંદજનક છે. આ પ્રશ્ન પુરતું તેમણે કાળબળને ઠીક ઠીક ઓળખી લીધું છે એમ જરૂર કહી શકાય, અને તે માટે તેને ખરેખર અભિનન્દ ઘટે છે.

શ્રી. બબલચંદ કેશવલાલ મોદીનો સ્વર્ગવાસ

તા. ૧૭–૯–૫૧ સોમવારના રોજ શ્રી. બબલચંદ કેશવલાલ મોદીના ૫૧ વર્ષની ઉમરે થયેલા અકાળ સ્વર્ગવાસથી જૈન સમાજે એક જાણીતા પ્રતિષ્ઠાપાત્ર વ્યાપારીને ગુમાવેલ છે. તેમના પિતા શ્રી. કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાવાદના એક જાણીતા વકીલ હતા અને જૈન સાહિત્યના અખંડ અભ્યાસી અને સારા જાણકાર તથા સંશોધક હતા. ભાઈ બબલચંદે સાધારણ આર્થિક પરિસ્થિતિમાં પોતાનું જીવન શરૂ કર્યું અને વ્યાપારીકુશળતા, સતત ઉદ્યોગ અને ખંત વડે તેઓ ખૂબ આગળ વધ્યા. તેમણે સાઇકલના વ્યાપારથી શરૂઆત કરી અને પછી તો રબ્બરની વસ્તુઓ બનાવવાની ફેકટરી ઉભી કરી. વ્યાપાર સંબંધમાં તેઓ બહોળો અનુભવ ધરાવતા હતા અને મુંબઇની અમુક મોટી વ્યાપારી પેઢીઓને વ્યાપાર સંબંધે નિયમિત સલાહ આપવાનું કામ પણ તેઓ કરતા હતા. તેઓ ભારે વ્યવહારકુશળ કાર્યકર્તા હતા અને કોઇ પણ વ્યાપારી બાબતોને લગતા કે સામાજિક બાબતોને લગતા ઝગડાઓનો નીકાલ લાવવામાં તેમ જ પક્ષકારો વચ્ચે બાંધછોડ કરાવીને સમાધાન કરાવવામાં તેમણે અનેક પ્રસંગોએ ભારે કાબેલિયત દાખવી હતી. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિભાગની મુંબઇની અનેક સંસ્થાઓમાં તેઓ જોડાયલા હતા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના તેઓ એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. આજે જ્યારે મધ્યમ વર્ગના ટકવાનો પ્રશ્ન આટલો જટિલ બની બેઠો છે ત્યારે તેમની જેવા વ્યવહારદક્ષ પુરૂષની આપણને ખૂબ જરૂર હતી. ઉંચું ચારિત્ર્ય, ઉંડી સહાનુભૂતિ અને કોઇને પણ ઉપયોગી થવાની

તત્પરતા આ તેમના વિશિષ્ટ ગુણો હતા. જીવન સાદું, વૃત્તિ ધર્મપરાયણ અને સ્વભાવ નમ્ર, સરળ અને સૌ સાથે મીલનસાર—આ તત્ત્વો ઉપર તેમનું વ્યકિતત્વ ઘડાયું હતું. તેઓ કેટલાએક વખતથી ડાયાબીટીસથી પીડાતા હતા; હૃદયરોગ પણ અવારનવાર ઉપાધિ ઉભી કરતો હતો. આમ છતાં તેઓ ગયા ત્યારે આવી કોઈ પણ વ્યાધિ કે ઉપાધિનો તેમના ઉપર હુમલો થયો નહોતો. તેમના છેવટના દિવસો પણ શારીરિક સ્વાસ્થ્યના હતા. એક સવારે ઉઠ્યા; નિત્યકર્મથી પરવારીને વળી પાછા સુઇ ગયા. અને સુતા તે સુતા જ—આવું તેમનું આકસ્મિક છતાં સુખરૂપ અવસાન થયું. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના.

પણ આ અવસાનની નોંધ કોણ લેશે ?

જેણે સમાજમાં શ્રીમન્તાઇ, વિદ્વતા, અથવા સત્તાધિકારની રૂઇએ ખ્યાતિ મેળવવી છે તેના અવસાનની તો અનેક છાપાવાળા નોંધ લેશે, પણ જેનું નામ કોઇએ છાપાએ ચડયું નથી, અને જેનું કોઇ વિશિષ્ટ કાર્ય સમાજના દફતરે નોંધાયું નથી અને એમ છતાં જેણે અનેક પ્રતિકુળ સંયોગો સામે ઝગડી ઝગડીને સદાચારી અને ભાવનાપરાયણ જીવન ગાળવા જીવનની છેલ્લી ઘડિ સુધી પ્રયત્ન કર્યો છે તેવી વ્યકિતના અવસાનની કોણ નોંધ લેવાનું છે ? આવી એક વ્યકિતએ આજથી એક માસ પહેલાં આ દુનિયામાંથી આખરી વિદાય લીધી. તેનું નામ શ્રી નરોત્તમદાસ હરજીવન ઝવેરી. તેઓ મુંબઇમાં વર્ષોથી ઝવેરાતની દલાલી કરતા હતા અને પ્રમાણીકતાપૂર્વક જે કાંઈ મળે તે વડે જીવન નિર્વાહ સંભાળતા હતા. કુટુંબમાં તે, તેમની પત્ની અને એક પુત્રી હતાં, પણ પુત્રી તો ઘણાં વર્ષો પહેલાં સુવાવડમાં મૃત્યુ પામેલી. પુત્રીના મરણની તેમનાં પત્નીના મગજ ઉપર માઠી અસર થઈ અને મગજની સમતુલા ઉત્તરોત્તર અસ્થિર બનતી ચાલી. છેવટનાં કેટલાંય વર્ષો નહિ ગાંડા, નહિ ડાહ્યાં એવી અસમ દશામાં તેમનાં પત્ની જીવન વીતાવી રહ્યાં હતાં, પત્નીપરાયણ પતિ પત્ની માટે પોતાનાથી થાય તે કરી છૂટતો. થોડો સમય મુંબઇમાં રાખે, વળી ભાવનગર લઈ જાય, પાછા વળી પોતાના ભાઇને ત્યાં અમદાવાદ લઇ જાય. જે કોઈ બતાવે તે દવાદારૂ દોરાધાગા કરે. કોઇએ મરોલી આશ્રમ બતાવ્યું તો ત્યાં પણ લઈ ગયા. પણ પત્નીની માનસિક સ્થિતિ ઉત્તરોત્તર બગડતી જ રહી. મુંબઇનાં ઘીચ લત્તામાં આવેલી એક ચાલીમાં તેઓ રહેતા. સવારના પહોરમાં ચાર વાગે ઉઠે, પોતાનાં તથા પોતાની સ્ત્રીનાં કપડાં ધુએ, સ્નાન કરે, ચાપાણી પતાવી મરીન ડ્રાઇવ નિયમિત ફરવા નીકળે. આઠ વાગ્યા લગભગ ઘેર પાછા ફરે, દેવદર્શન કરી આવે, પછી બજારમાં આવે, બપોરના પોતાથી જે કાંઇ થઈ શકે તે અથવા તો પત્નીએ કાંઇ કર્યું હોય તો તે ખાઇને ચલાવે. ત્યાર બાદ થોડે આરામ લઇને પાછા બજારમાં આવે અને સાંજે પાછા ઘેર જાય. યથાશકિત ધર્મધ્યાન કરે. વિકળ ચિત્તતા કારણે પત્નીનો કકળાટ ચોવીશે કલાક ચાલુ જ હોય. પણ જરાય મીજાજ ગુમાવે નહિ. સર્વ કાંઈ શાન્તિથી સહન કરે.

પોતે બહુ ભણેલા નહિ, પણ નવું નવું જાણવાની બહુ જ હોંશ એટલે જે કોઇ ભણેલા ગણેલા દેખાય તેનો હંમેશાં સમાગમ શોધે અને જાણવા સમજવાની ભુખ શમાવે. સ્વભાવે અત્યન્ત સરળ અને વિનમ્ર, પાપભીરૂ અને નિરૂપદ્રવી. કોઇનું બુરૂં સ્વપ્ને પણ ન ચિન્તવે. દ્રવ્યનો કોઇ લોભ ન મળે. જે કાંઈ મળે તેમાં સંતોષ અનુભવે. પત્નીની ઉપાધિએ તેમના આખરી જીવનને શીખળવીખળ કરી નાંખ્યું હતું. એમ છતાં પ્રકૃતિની પ્રસન્નતા તેમણે કદિ ગુમાવી નહોતી. મારૂં નસીબ મારે જ ભોગવવાનું એમ સ્વીકારીને દુનિયા સામે તેમણે કદિ ફરિયાદ કરી નહોતી. કેવળ ભલમનસાઈની મૂર્તિ.

આજે જ્યારે માણસ જન્મે છે, મોટો થાય છે અને જીવનના અન્ત સુધી કાળાં ધોળાં ચિતરામણ કરતો કરતો અને કલહકંકાસનાં, રાગદ્વેષ અને કુડકપટનાં અનેક બીજો રોપતો રોપતો આ જગતમાંથી કાળનું કહેણ આવતાં વિદાય લે છે ત્યારે આ અનન્ત કાળ પટ ઉપર જાણે કે શીતળ સમીરની એક મૃદુલહરિ ફરકી ગઇ ન હોય એવું જીવન જીવનાર અને એવું મીઠું સ્મરણ મૂકી જનાર એક અજાણ્યા અગોચર આદમીના જીવનનું મૂલ્ય નાનું સૂનું નથી. ગમે તેટલી સાધારણ વ્યકિત પણ "મને સર્વ ભૂત સાથે મૈત્રી હતી; મને કોઇ સાથે વૈર વિરોધ નહોતો" એમ જીવનની અંન્તિમ ઘડિએ કહેવાના તે ખરેખર અધિકારી હતા. તેમના દ્રષ્ટાન્ત ઉપરથી આપણે આપણી જાતને પૂછવું ઘટે છે કે મને જ્યારે કાળનું તેડું આવશે ત્યારે આટલું હું મારા વિષે મુકત કંઠે આ મુજબ કહી શકીશ કે નહિ. જો અંદરથી હકારનો જવાબ આવે તો જાણવું કે આ જગતમાં આપણું આવવું લેખે લાગ્યું છે. જો એમ ન હોય તો ગમે તેટલી મોટી સેવાઓનો આપણો દાવો હોય તો પણ સમજવું કે માનવીજીવન વિષેની સમ્યગ્ દૃષ્ટિ આપણને લાધી નહોતી.

પરમાનંદ

પ્રબુદ્ધ જૈન અને સૂર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસ

"પ્રબુધ્ધ જૈન" શરૂ કર્યાને આજે લગભગ સાડા બાર વર્ષ થવા આવ્યાં. શરૂઆતના થોડાક અંકો બાદ કરતાં આજ સુધી "પ્રબુદ્ધ જૈન" કાલબાદેવી રોડ ઉપર પ્રીન્સેસ સ્ટ્રીટના નાકા આગળ આવેલ સૂર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતું હતું. આ અંકથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની બાજુમાં આવેલ શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસમાં "પ્રબુદ્ધ જૈન" છપાવવાનું શરૂ કરવામાં આવેલ છે. સૂર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસ સાથેનો અમારો સંબંધ કેવળ ધંધાદારી નહોતો. તે પ્રેસના માલીક શ્રી. હર્ષચંદ કપુરચંદ દોશી અમારા સંઘના વર્ષોથી સભ્ય છે અને અમુક વખતે તેઓ અમારી કાર્યવાહક સમિતિના પણ સભ્ય હતા. તેઓ વ્યાપારવ્યવસાયના કારણે કેટલાક સમયથી સીંગાપુર રહે છે. અહિં તેમના પ્રેસનું કામ સંભાળતા મુખ્ય મેનેજર ભાઇ શ્રી. મનસુખલાલ લાભશંકર માંકડ તથા તેમની નીચે કામ કરતા શ્રી ધીરૂભાઇ સાથે પણ અમારો સંબંધ ખૂબ સ્નેહસભર્યો હતો અને "પ્રબુદ્ધ જૈન"ના કામને તેઓ કેવળ ધંધાદારી દૃષ્ટિથી કદિ જોતા નહોતા. જે ભાવનાથી પ્રબુધ્ધ જૈનનું સંચાલન કરવામાં આવે છે તે ભાવના તેમને પણ સ્પર્શી હતી અમે એકમેકની સગવડ અગવડ સંભાળતા રહ્યા હતા અને આજ સુધીના લાંબા ગાળામાં એક પણ વખત કોઇ પણ પક્ષે મનદુઃખનું કારણ ઉભું થયું નહોતું. અમારે જણાવવું જોઇએ કે આજ સુધી અસ્ખલિતપણે અને નિયમિત રીતે પ્રબુધ્ધ જૈન પ્રગટ થઈ શકયું છે તે તેમના દિલના સહકારને આભારી છે. આમ હોઇને તે પ્રેસ સાથેનો સંબંધ અમારે દુઃખ સાથે છોડવો પડયો છે. આમ કરવાનાં બે કારણો છે.

(૧) અમારો કેટલાય સમયથી આગ્રહ હતો કે તેઓ ટાઈપનો જુનો સ્ટોક રદ કરી નવા ટાઈપ મોટા પ્રમાણમાં વસાવે કે જેથી પ્રબુદ્ધ જૈન છપાઇની દૃષ્ટિએ વધારે શુદ્ધ અને સુન્દર બને. વર્તમાન સંયોગોમાં તેમના માટે આ શકય ન બન્યું.

(૨) નવું છાપખાનું—શ્રી મહાવીર પ્રીન્ટીંગ પ્રેસ—સંઘના કાર્યાલયની બાજુએ જ આવેલ છે. વળી મારી પેઢી નજીકમાં જ હોવાથી પ્રબુધ્ધ જૈન સંભાળવામાં મારી સગવડ પણ વધે છે. તેની માલેકી થોડા સમય પહેલાં એક જૈન બંધુના હાથમાં આવી છે અને તેમણે પ્રબુદ્ધ જૈન નફાનુકસાનનો વિચાર કર્યા સિવાય ચાલુ દરે છાપી આપવા ઇચ્છા દર્શાવી છે.

આ બે કારણોથી છાપખાનાની ફેરબદલી કરવી અમને જરૂરી લાગી છે. આ પ્રસંગે સૂર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસે પ્રબુધ્ધ જૈનને આજ સુધી જે સેવા આપી છે તે સેવાની આ રીતે નોંધ લઇને કદર કરવી એ અમારો ધર્મ છે.

તંત્રી, પ્રબુધ્ધ જૈન

એક સ્પષ્ટતા

'સંસ્કૃતિ સમન્વયનું એક મોટું કાર્ય' એ મથાળાના આ અંકમાં પ્રગટ થયેલ કાકા સાહેબ કાલેલકરના લેખના અનુવાદમાં એક નાની સરખી સ્ખલના થઇ છે. એ લેખમાં જૈન સમાજનો પરિચય આપતું "વ્યાપારી જૈન સમાજ કેવળ ઝગડાખોર સમાજ નથી" એમ વાકય આવે છે તે સુધારીને "વ્યાપારી જૈન સમાજ કોઈ એક ઝગડાખોર સમાજ નથી" આ મુજબ વાંચવા વિનંતિ છે.

તંત્રી

સુચારિત્ર્ય અને જનસેવા વડે માનવીજીવનને સફળ કરો !

(દક્ષિણ ભારત શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભાના તાજેતરમાં બ્યૂસિંગપુર ખાતે મળેલા પાંચમા અધિવેશનમાં શ્રી નેમચંદ નગીનચંદ વકીલવાળાએ પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાંથી કેટલાક વિભાગો તારવીને નીચે આપવામાં આવે છે. શરૂઆતમાં તેરાપંથી સંપ્રદાયનો ક્રમ ઉદ્‌ભવ થયો અને આજે તે કઈ કક્ષાએ પહોંચ્યો છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે. તેરાપંથી સમાજ દાન દયાનો વિરોધી છે એવો ખ્યાલ જૈનોના કેટલાક વર્ગોમાં પ્રવર્તે છે. તેના જવાબરૂપે જાણે કે ન હોય એવાં કેટલાંએ વિધાનો આ વ્યાખ્યાનમાં આપણને જોવા મળે છે, જે વાંચતાં આનંદ થાય છે. તંત્રી)

જૈન ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે એ નિર્વિવાદ વાત છે. આ અવસર્પિણીમાં શ્રી ઋષભદેવ ભગવાનથી જૈન ધર્મની શરૂઆત થઇ. તેઓ સંસારમાં હતા ત્યારે જુગલીઆઓને સંસારમાં કેમ ચલાવવું અને વર્તવું તે તેમણે શિખવ્યું અને સંસાર છોડી સાધુ થયા ત્યારે આત્મકલ્યાણ કેમ કરવું તે બતાવ્યું. તેમણે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ બતાવ્યો. તેઓ પછી બીજા બાવીશ તીર્થંકર ભગવાનો થયા. બાદ છેલ્લા ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાન થયા. તેમણે પણ લોકોને સર્વવ્રતી સાધુ ધર્મ યાને અણગાર ધર્મ અને શ્રાવકો માટે આગાર ધર્મ એટલે અનુવ્રત ધર્મ બતાવ્યો. શ્રી મહાવીર ભગવાન ઈ. સન પૂર્વે ૫૨૬ વિક્રમ સંવત ૪૭૦ પૂર્વે મોક્ષે પધાર્યા પછી ઘણા વખત સુધી એમના પાટોની પરંપરા ચાલી અને પછી દિગમ્બર સંપ્રદાય થયો અને વળી ગચ્છ ભેદો પણ થયા. તે પછી સંવત ૧૫૩૧ માં લોંકાગચ્છની સ્થાપના થઈ. લોંકાગચ્છમાંથી નીકળેલી એક સંપ્રદાય શાખાના આચાર્ય શ્રી રૂગનાથજી સ્વામી પાસે સંવત ૧૮૦૮ માં શ્રી ભિક્ષુસ્વામીએ દીક્ષા લીધી અને પછી તેમની જોડે ક્રિયા અને પ્રરૂપણા બાબત મતભેદ પડતાં સંવત ૧૮૧૭ ના અશાડ સુદી ૧૫ ને રોજ શ્રી સિદ્ધ ભગવાનની સાક્ષીએ પુનઃ નવી દિક્ષા અંગીકાર કરી. આ સંપ્રદાયનું નામ તેરાપંથ એટલે જે પંથમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું યથાર્થ પાલન થાય છે, તે હે ભગવાન તારો જ પંથ, મારવાડી બોલીમાં તેરા પંથ નામ પડ્યું. આ મુજબ તેરાપંથ નામથી પ્રસિધ્ધ થયા.

શ્રી ૧૦૦૮ શ્રી ભિક્ષુસ્વામીએ પોતાના શાસનના સાધુ સાધ્વી-જીઓના ચારિત્ર શુદ્ધ નીભાવવા અને ધર્મશ્રદ્ધા બરાબર રાખવા માટે મર્યાદાઓ બાંધી તેમાં ફરમાવ્યું છે કે દરેક સાધુ સાધ્વીઓએ એક જ આચાર્યની આજ્ઞામાં રહેવું. ચેલા ચેલી કરવા તો એક આચાર્યના નામે જ કરવા, દીક્ષા લેનારને તેના માતા, પિતા કે વાલી વારસની આજ્ઞા વગર દીક્ષા આપવી નહી, દીક્ષાર્થીને જરૂરી ધાર્મિક જાણપણું જેવું કે જીવ, અજીવ, નવ તત્ત્વ, છ દ્રવ્યનો સમાવેશ થાય છે એવા પચ્ચીસ બોલ, પ્રતિક્રમણ વીગેરે આવડતા હોય અને તેના વૈરાગ્યની બરાબર પૂરી તપાસ ને પરીક્ષા કરીને દીક્ષા આપવી. જેને તેને વગર વિચાર્યે દીક્ષા આપવી નહીં. શાસ્ત્ર સિદ્ધાંત અનુસારે માન્યતા રાખીને ભગવાનની આજ્ઞા મુજબનો ઉપદેશ આપવો અને વર્તવું. આવી જે સારી સારી બાબતોની મર્યાદાઓ બાંધી છે તેને લીધે આ સંપ્રદાય ધીમે ધીમે બહુ સારી પ્રગતિ કરી રહ્યો છે. ચાલુ સમયે જૈનોમાં ચાર મોટા સંપ્રદાયો છે (૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક (૨) શ્રી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી (૩) શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી અને (૪) શ્રી જૈન દિગમ્બર સંપ્રદાય છે.

શ્રી ભિક્ષુસ્વામી સંવત ૧૮૬૦ ના ભાદરવા સુદી ૧૩ ને દીવસે સ્વર્ગે સિધાવ્યા પછી બીજા પાટે શ્રી ભારીમાલજી સ્વામી બિરાજમાન થયા. તેમની પાટે શ્રી રાયમલજી સ્વામી આવ્યા અને તેમની પછી શ્રી જીતમલજી સ્વામી (જય મહારાજ) પાટ બિરાજ્યા. તેમણે ઘણા સૂત્રોનું સરળ ભાષામાં ભાષાન્તર કર્યું છે અને શ્રી ભગવતીજી જેવા મહાન ગહન સૂત્રનું પદ્યમાં ભાષાંતર કર્યું છે, જેના લગભગ ૬૦૦૦૦ સાઠ હજાર શ્લોકો છે. તેમની પછી શ્રી મઘરાજજી સ્વામી પાટે શોભાયમાન થયા. તેમની પછી શ્રી માણેકલાલજી સ્વામી પાટે બિરાજ્યા અને તેમની પાટે સાતમા પટધર શ્રી ડાલચંદજી સ્વામી બિરાજ્યા, અને તેમની પછી શ્રી કાળુરામજી સ્વામિ પાટે બિરાજ્યા. જેઓએ શ્રી જૈન શ્વેતાંબર તેરા પંથી ધર્મનો પ્રચાર બહુ સારી રીતે હિંદુસ્તાનમાં કર્યો.

શ્રી કાલુગણિ મહારાજે અખૂટ મહેનત લઇને શાસનની બધી રીતે સારી વૃદ્ધિ કરી. તેઓ શ્રી સંવત ૧૯૯૩ માં સ્વર્ગે સિધાવ્યા. તેઓ પછી નવમી પાટે આજે શ્રી ૧૦૦૮ શ્રી તુલસીરામજી સ્વામી બિરાજે છે. તેઓશ્રીએ ૧૧ અગીઆર વર્ષની ઉંમરે દીક્ષા લીધી છે. તેઓ બહુજ થોડા વર્ષોમાં સૂત્રો, સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને જૈનેતર મતોના જાણકાર થયા. તેઓશ્રી એકવીસ વર્ષની ઉંમરે આચાર્ય-પદે બિરાજ્યા. તેઓએ આટલી નાની ઉંમરમાં પણ સારી અને મહાન વિદ્વતા પ્રાપ્ત કરી છે. હાલ તેઓશ્રીની ઉંમર છત્રીસ વર્ષની છે. તેઓ અથાગ પરિશ્રમ સેવી લોકો જેટલી અને તેટલી લધુ સંખ્યામાં ધર્મબોધ પામે અને લોકોનો આત્મઉદ્ધાર થાય તેનો સતત પ્રયાસ કરી રહ્યા છે. તેઓશ્રીનું આ વર્ષનું ચાતુર્માસ ભારતની રાજ્યધાની દિલ્હીમાં છે. વર્તમાન સમયે શ્રી ભિક્ષુ શાસન તેરા પંથ સંપ્રદાયમાં ૬૪૦ છસો ચાલીસ સાધુ અને સાધ્વીજીઓ આચાર્યશ્રીની આજ્ઞામાં વિચરે છે. હિન્દુસ્તાનના ૯ પ્રાંતોનાં ૧૧૦ નોના મોટા શહેરોમાં ચોમાસા કરી ધર્મબોધ લોકોને આપી રહ્યા છે.

જૈન ધર્મ વિશ્વવ્યાપી ધર્મ છે. જે જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન કરે, ઇન્દ્રીયો ઉપર જીત મેળવવાની કોશીષ કરે તથા શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની આરાધના કરે તે જૈન કહેવાય. જૈનોમાં નીચે લખેલા (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ પાંચ મહાવ્રતો કહ્યા છે. તે જ પ્રમાણે ક્રિશ્ચિયન ધર્મમાં પણ દશ મોટા ફરમાનો માંના પાંચ નીચે મુજબ છે. (1) Thou shalt not kill, (2) Thou shalt not bear a false witness against thy neighbour, (3) Thou shalt not steal, (4) Thou shalt not commit adultery, (5) Thou shalt not covet એટલે (૧) તારે હિંસા કરવી નહિં (૨) તારા પડોશી સામે જુઠા સાક્ષી થવું નહિં એટલે જુઠું બોલવું નહિં (૩) તારે ચોરી કરવી નહિં (૪) તારે વ્યભિચાર સેવવો નહિં (૫) તારે ધનનો લોભ કરવો નહિં. તે જ પ્રમાણે શ્રી મહાભારતમાં પણ કહ્યું છે કે:-

अहिंसा – सत्यमस्तेय – ब्रह्मचर्य – अपरिग्रही ।
कामक्रोधनिवृतस्तु ब्राह्मणः सः युधिष्ठिर ॥

હે યુધિષ્ઠિર, અહિંસાનું પાલન કરે, જુઠું નહિં બોલે, ચોરી નહિં કરે, બ્રહ્મચર્ય પાળે, પરિગ્રહ રાખે નહિં, કામક્રોધ રાગદ્વેષનું સેવન કરે નહિં તે બ્રાહ્મણ કહેવાય. વેદમાં પાંચ મહા યમ કહેતાં પાંચ મહાનિયમો આ જ પ્રમાણે છે. બૌધ્ધ ધર્મનો પાયો પણ આ પાંચ મહાવ્રતો ઉપર રચાયો છે. ટુંકામાં એટલું જ કહેવાનું કે સર્વે ધર્મોનો સમાવેશ.

" अहिंसा सत्यमस्तेयम् त्यागो मैथुनवर्जनम् ।
पंचस्वेतेषु धर्मेषु सर्वे धर्मा प्रतिष्ठिता : ॥

એટલે હિંસા કરવી નહિં, જુઠું બોલવું નહિં, ચોરી કરવી નહિં બ્રહ્મચર્ય પાળવું અને અપરિગ્રહી રહેવું તેમાં બધા ધર્મોનો સમાવેશ થાય છે. સર્વે ધર્મો પછી તે જૈન, વેદ, બૌધ્ધ, ક્રિશ્ચિયન અને બીજો કોઈ પણ હોય તેમાં જોશો તો ધર્મની વ્યાખ્યા એટલે તત્ત્વ આ જ નીકળશે.

તીર્થંકર ભગવાનોએ આપણા શાસ્ત્રોમાં ફરમાવ્યું છે કે ધર્મ, દયામાં, વીતરાગ પ્રભુની આજ્ઞામાં, ત્યાગમાં, ઉપદેશદ્વારા હૃદય પલટામાં આત્મિક શાતામાં, સમતાની વૃદ્ધિમાં, રાગદ્વેષ ઘટાડવામાં અમૂલ્ય છે, જ્યારે તે હિંસામાં, આજ્ઞા બહારના કાર્યોમાં, ભોગમાં, બળજબરીમાં, મમતાની વૃદ્ધિમાં કે રાગદ્વેષમાં નથી તેમજ તે વેચાતો પણ મળતો નથી. જેટલાં જેટલાં કામો આપણે આત્મઉન્નતિના કરીએ, બીજા પાસે કરાવીએ અને કરે તેને અનુમોદીએ તે આપણું અને બીજાનું આત્મ-ઉધ્ધારનું કર્તવ્ય છે.

આપણે સંસારી જીવો છીએ. સંસાર ચલાવવો આપણા માટે જરૂરી છે માટે સંસારના ઉન્નતિના કાર્યો જેવાં કે આપણા દેશ ને સમાજના લોકો અને બચ્ચાંઓના શારીરિક સ્વાસ્થ્ય માટે બનતું કરવું, તેઓને પુરતું જ્ઞાન આપવું, તેમને નીતિ ને રીતી શિખવવી, ધંધો શિખવવો અને સુખી થાય તેવું આપણે સંસારમાં રહેનારાઓને કરવું જરૂરી રહે છે તેવી જ રીતે તેમના આત્મવિકાસ ને આત્માના ઉદ્ધાર માટે ધર્મની કેળવણી આપી, ધર્મક્રિયા શિખવવાની તથા તે કરવા ઉદ્યમી બનાવવાની હંમેશા કાળજી રાખવી એ પણ આપણી ધાર્મિક ફરજ છે. તેઓને માનસિક, શારીરિક અને આત્મિક દૃષ્ટિએ સુખી બનાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

મનુષ્ય અવતાર મળવો બહુ મુશ્કેલ છે તે આપ બધા સારી રીતે જાણો છો. તે વારંવાર મળતો નથી. લાખ ચોર્યાસી યોનિમાં ભમતાં ભમતાં ઘણે લાંબે સમયે આપણને મળ્યો છે, તે ફોગટમાં એટલે ખાણીપીણી, મોજમજાહ ને એશઆરામમાં નહીં ગુમાવી દેતાં, બને તેટલું વધારેમાં વધારે ધર્મ ધ્યાન કરી ભવિષ્યને માટે આત્મઉધ્ધાર કરવો ઘણું જરૂરી છે. શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી તુલસીરામજી સ્વામી મહારાજ આપણા આત્મઉધ્ધારને માટે આપણને શ્રાવકના બાર વ્રત યથા શકિત લેવાને, અણુવ્રતી સંઘમાં જોડાવાને તથા માનવતાના અને આત્મકલ્યાણના નિયમો ગ્રહણ કરવાને અને પાળવાને ઉપદેશ ફરમાવે છે. આપણે બને તેટલા વધારે પ્રમાણમાં પોતે ગ્રહણ કરવા જોઇએ અને અન્ય ભાઈ બહેનોને પછી તે ગમે તે જાતિ, ધર્મ કે માન્યતા, સંપ્રદાય કે દેશના હોય તેને તે ગ્રહણ કરવાનો ઉપદેશ આપવાની કોશિષ કરવાની આપણી પવિત્ર ફરજ છે. આ વાત ધ્યાનમાં રાખીને દરેક ભાઈ અને બહેનોએ ઉદ્યમ કરવો જોઇએ.

કોઈ પણ ધર્મ સંપ્રદાય, કુટુંબ જાતિ, સંસ્થા, પ્રાંત કે દેશનો ઉધ્ધાર ને ઉન્નતિ તેના દરેક પ્રકારના સંગઠનમાં છે, જેમ જેમ સંગઠન સારૂં અને વધારે તેમ તેમ તેનો ઉધ્ધાર અને ઉન્નતિ વધારે થતી જાય છે. આપણો જૈન ધર્મ પણ વિશ્વ ધર્મ થવાને દરેક રીતે લાયક છે, માટે અંદર અંદરના પરસ્પર દ્વેષો, વિરોધો, ઝઘડા, કુસંપ કે વૈમનસ્ય થાય તેવાં કાર્યો નહિં કરવા અને સંપ, સુલેહ ને ઐકયતા સાધી જૈન ધર્મનો ફેલાવો કરવા માટે દરેક બનતા વધુ સારા પ્રમાણમાં પ્રયાસો ને પ્રચાર કરવાની દરેક જણની ફરજ હોઇ, તે દિશામાં વ્યકિતગત કે સમુહમાં હંમેશા કોશીશ કરતા રહે, તે ખાસ જરૂરી છે. આપણા જૈન ધર્મના સાહિત્યનો બની શકે તેટલી વધુ ભાષાઓમાં અને સર્વે દેશોમાં સારી રીતે પ્રચાર કરવાની ખાસ જરૂર છે.

મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્યના પાઠો શીખવી અને તેને અમલમાં મુકી આપણા દેશને માનભરી રીતે સ્વતંત્ર કર્યો છે; અને પંડિત જવાહરલાલજી નહેરૂ અને એમના જેવા બીજા આપણા પ્રિય નેતાઓએ દેશની દરેક રીતે સેવા કરી છે, અને કરી રહ્યા છે, તેવે પ્રસંગે આપણા દેશના હિતને માટે જેટલું બને તેટલું વધારે કરી છુટવાની આપણી પવિત્ર ફરજ છે. અંદર અંદર સંપનો વધારો કરવો, લાંચરૂશ્વત આપવી નહિં, કાળા બજાર કરવા નહિં અને દરેક વ્યવહાર શુધ્ધ રીતે કરવો બહુ જરૂરી છે.

અહિંસા અને નીડરતા

દેવલાલી ગામે એક ખેતરમાં ખૂબ નજીક નજીક ઉગેલા આંબાના બે ઘટાટોપ વૃક્ષ નીચે એક શેતરંજી ઉપર હું અને મારો એક અંગ્રેજ મિત્ર અલક મલકની વાતો કરી રહ્યા હતા. તેવામાં એક મોટો કાદવીઓ વીંછી શેતરંજી ઉપર ચઢી પેલા અંગ્રેજ તરફ ધીમી ગતિએ જઇ રહ્યો હતો.

અમારી બનેની નજર તે વીંછી પર પડી. અંગ્રેજ નીડરતાથી તે નજીક આવતા વીંછી તરફ જોઇ રહ્યો હતો.

મને બીક લાગી રખે તે વીંછી પેલા અંગ્રેજને કરડે. સાથે સાથે વિચાર આવ્યો જે ઇંગ્લંડમાં વીંછીની ઉત્પત્તિ નહિ હોય તેથી તેને નિરૂપદ્રવી સમજી તે પોતા તરફ આવવા દેતો હશે.

મારાથી ન રહેવાયું અને પૂછ્યું " Do you know what it is ?" " એ શું છે તે તમે જાણો છો ?"

તેણે શાન્તિથી જવાબ આપ્યો " Yes, I know it is a scorpion " " હા, હું જાણું છું કે તે વીંછી છે."

વળી મને વિચાર આવ્યો જે આ માણસને ખબર નથી લાગતી કે વીંછી કરડે તો કેટલી અનહદ પીડા થાય.

વળી મારાથી ન રહેવાયું અને પૂછ્યું " Do you know what happens when it bites ?" તે કરડે ત્યારે શું થાય તે તમે જાણો છો ? "

તેણે ખૂબ શાન્તિથી જવાબ આપ્યો " Yes, I know it gives severe pain when it bites " હા, હું જાણું છું તે કરડે ત્યારે અનહદ પીડા થાય છે. "

આ વાતચીત દરમિયાન પેલો વીંછી તો ધીમે ધીમે પેલા અંગ્રેજ તરફ ચાલ્યો જ આવતો હતો. નથી તે ઉડી જતો કે નથી વીંછીને દૂર ફગાવતો. પણ. ખૂબ શાન્તિપૂર્વક નજીક આવતા વીંછીને જોયા જ કરે છે.

જ્યારે વીંછી ફકત ૪ ઇંચ છેટે હતો ત્યારે તો મારાથી ન રહેવાયું અને કહ્યું " You know that it is a scorpion and you know also that it gives severe pain when it bites. Still why don't you get away or throw it off ?" " તમે જાણો છો કે તે વીંછી છે અને તમે એ પણ જાણો છો કે તે કરડે તો ભયંકર વેદના થાય છે.છતાં તમે શા માટે નથી ઉડી જતા કે નથી તેને ફગાવી દેતા ?"

તેણે જવાબ આપ્યો " What harm have I done to it that it will bite me ?" " મે તેનું શું નુકશાન કર્યું છે કે તે મને કરડશે ?"

આ શબ્દો ઉચ્ચારતાની સાથે વીંછીએ દિશા બદલી અને શેતરંજી ઉપરથી નીચે ઉતરી ખેતરમાં ચાલ્યો ગયો.

અહિંસા અને નીડરતામાં એક જૈન કરતાં અજૈન ચડ્યો!!!

ટી. જી. શાહ

જવાહરલાલ નહેરૂની પરદેશનીતિ

આ લેખનો બાકીનો હફ્તો પુરો કરીને લેખક મોકલી શકેલ નથી તેથી આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, સીલ્વર મેન્સન, મુંબઈ, ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩ અંક : ૧૨] મુંબઇ : ૧૫ ઓક્ટોબર ૧૯૫૧ સોમવાર [વાર્ષિક લવાજમ રૂપિયા ૪

જવાહરલાલ નહેરૂની પરદેશનીતિ

(તા. ૧૫-૯-૫૧ ના અંકમાં આ લેખનો પહેલો હપ્તો છપાયો હતો. અહિં આ લેખનો બીજો હપ્તો આપવામાં આવ્યો છે.)

પશ્ચિમ એશિયા

ઇઝરાઇલથી અફઘાનિસ્તાન સુધીના પ્રદેશને પશ્ચિમ એશિયા કહીશું. પશ્ચિમ એશિયાના આરબ રાજ્યો સાથે હિન્દે મીઠા સંબંધો કેળવ્યા છે. પૂર્વ એશિયાની માફક જ, આ વિસ્તારમાં આપણે રાષ્ટ્રવાદની ભાવના તથા શોષણ સામેની લડતને ટેકો આપ્યો છે. ઇરાનના તેલના રાષ્ટ્રીયકરણનું હિન્દે સ્પષ્ટ ભાષામાં સમર્થન કર્યું હતું. ઇજીપ્ત અને બીજી આરબ રાજ્યોની રાષ્ટ્રીય ચળવળોને હિન્દે હંમેશા ટેકો આપ્યો છે. ઇઝરાઇલ અને આરબ પ્રશ્ન વિશે હિન્દે તટસ્થતા ધારણ કરી છે. પેલેસ્ટાઇનના ભાગલા પડયા તે પહેલા સંયુકત રાષ્ટ્ર સંઘના પેલેસ્ટાઇન કમીશનના એક સભ્ય તરીકે હિન્દે પેલેસ્ટાઇનના ભાગલાનો વિરોધ કર્યો હતો.

આ નીતિના બે પ્રત્યક્ષ પરિણામ આવ્યાં છે. પાન ઇસ્લામ (Pan-Islam) ની પાકિસ્તાની ચળવળને અરબ રાજ્યોએ દાદ દીધી નથી. ઇજીપ્ત અને ટર્કીના રાજપુરૂષોએ સ્પષ્ટ ભાષામાં એ મધ્યયુગી વિચારસરણી વિરૂધ્ધ નિવેદનો બહાર પાડયાં છે. બીજું, હિન્દ વિરૂધ્ધ પાકિસ્તાની પ્રચાર આ વિસ્તારમાં એટલી હદ સુધી નાકામયાબ નીવડયો છે કે આરબજગતના આગેવાન શ્રી. આઝમ પાશાએ એક નિવેદનમાં હિન્દની પરદેશનીતિ અને શાંતિપ્રિયતાની પ્રશસ્તિ કરી છે. તેમણે હિન્દ, પાકિસ્તાન પર કદી આક્રમણ નહિ કરે તેની ખાત્રી આપી છે. ઇરાને પાકિસ્તાનને હિન્દ વિરૂધ્ધ ઇરાનમાં ઝેર ન ફેલાવવા સૂચના કરી છે.

પાકિસ્તાન

શ્રી. જવાહરલાલ નહેરૂની પાકિસ્તાન વિશેની નીતિ અત્યંત વાસ્તવદર્શી (Realistic) છે. કોઈ પણ આક્રમક નીતિનો હિન્દે હંમેશા મક્કમ વિરોધ કર્યો છે. પાકિસ્તાનમાં જ્યારે યુધ્ધજવર (War Hysteria) ચાલે છે ત્યારે હિન્દની સરહદના સ્થળો પર પણ શાંતિથી જીવનવ્યવહાર ચાલે છે એ હિન્દની શક્તિશાળી પ્રજાની ખાસિયત સુચવે છે, પાકિસ્તાન સાથે હિન્દ જરા પણ ઉતાવળિયું પગલું ભરશે તો બંને દેશોની ખાનાખરાબી થશે. પં. નેહરૂ જાણે છે કે એ અથડામણ અમદાવાદ કે મુંબઇની ખંજરબાજી નહિ હોય; પણ મુંબઇ, અમદાવાદ, કલકત્તા, લાહોર, કરાંચી અને પેશાવર પર બોમ્બવર્ષા હશે. હિન્દની; પાકિસ્તાની પ્રચાર ગણકાર્યા સિવાય સરહદો સાચવવા લશ્કર ગોઠવી દેવાની નીતિ કે કાશ્મીરમાં ફરી વાર પઠાણોના ધાડાં નહિ પ્રવેશે તેની સંપૂર્ણ ખાત્રી ન મળે ત્યાં સુધી હિન્દી લશ્કર કાશ્મીર નહિ છોડે એ હિન્દની નીતિથી વધુ મક્કમ નીતિ કઈ હોઇ શકે ? પાકિસ્તાન સાથે યુધ્ધની વાત કરનારા આગેવાનોએ જર્મની, ઇટલી, ગ્રીસ, પોલેંડ, રશિયા અને કોરિયાની મુલાકાત લેવી ઘટે છે.

આફ્રિકા

હિન્દીઓ અને બીજી રંગીન પ્રજા સામે દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષ પ્રવર્તે છે. હિન્દીઓને નાગરિક તરીકેના કોઇ અધિકારો નથી. આ મુદ્દા વિષે હિન્દે સંયુકત રાષ્ટ્ર સંઘમાં લડત આદરી છે. દક્ષિણ આફ્રિકા જણાવે છે કે રંગદ્વેષનો પ્રશ્ન એ આંતરિક પ્રશ્ન છે, માટે આંતરરાષ્ટ્રીય સંઘમાં તેની ચર્ચા ન-થઇ શકે. હિન્દની અણથક વકીલાતથી સંયુકત રાષ્ટ્રસંઘે મોટી બહુમતીથી નક્કી કર્યું કે રંગ-દ્વેષનો પ્રશ્ન એ આંતરરાષ્ટ્રીય પ્રશ્ન છે. આ ઉપરાંત, જર્મની અને ઇટલીના આફ્રિકાના સંસ્થાનોની (Colonies) મુકિત માટે હિન્દે સારો એવો ફાળો આપ્યો છે.

પશ્ચિમ યુરોપ

હિન્દ યુરોપના પ્રશ્નો વિશે બેદરકાર નથી, પણ તેણે જેટલો રસ એશિયામાં લીધો છે, તેટલો યુરોપમાં લીધો નથી. પશ્ચિમ યુરોપના વિરોધને ગણકાર્યા સિવાય અમેરિકાએ ફ્રાંકો સામેના સંયુકત રાષ્ટ્રસંઘના પ્રતિબંધને દૂર કરવા પ્રયત્ન કર્યો તે સામે હિન્દે વિરોધ નોંધાવ્યો. જે નહેરૂ ફ્રાંકો સામે લડતા સૈનિકોને મળવા સ્પેઇનના રણમોરચે ગયા હતા તેમની પાસેથી સભ્ય દુનિયા આટલી તો અપેક્ષા રાખે ને ? જર્મનીનું શસ્ત્રીકરણ ફરી વાર યુરોપના ઇતિહાસનું પુનરાવર્તન કરશે એમ હિન્દને લાગે છે. આથી આકરકતરી રીતે હિન્દે તેનો વિરોધ કર્યો છે. જર્મની અને ઇટલી પાસેથી બદલો (war-reparations) લેવાની ના પાડી હિન્દે યુરોપની પ્રજા પર હિન્દની નીતિમાન, ઉદાર અને દીર્ઘદર્શી પરદેશનીતિની ઉંડી છાપ પાડી છે. હિન્દની યુરોપમાં સૌથી મોટી અસર એ છે કે ત્રીજા જુથ (Third Force)માં માનતા રાજકીય પક્ષોને હિન્દ જેવા મહત્વના રાષ્ટ્રની સ્વતંત્ર પરદેશ-નીતિથી હિંમત મળે છે. સ્વીટઝર્લેંડના એક અગ્રગણ્ય પત્રકાર માને છે કે હિન્દની પરદેશનીતિ ત્રીજું વિશ્વયુધ્ધ દૂર ને દૂર ઠેલવામાં સારો એવો ફાળો આપી રહી છે.

રશિયા અને પૂર્વ યુરોપ

રશિયા સાથે હિન્દના સંબંધો નથી મિત્રતાના કે નથી અમિત્રતાના. અંગ્રેજીમાં જેને Correct Relations કહે છે તેવા સંબંધો છે. રશિયન ક્રાંતિ સમયના રશિયામાં અને સ્ટાલિનના રશિયામાં કોઈ પણ સામ્ય હોય તો માત્ર સૂત્રોનું સામ્ય છે. હિન્દ એમ માને છે કે રશિયા ધીમે ધીમે પોતાનું સામ્રાજ્ય વિસ્તારતું જાય છે. 'જનતાની સરકાર' ના છળવેશમાં રશિયન શાહીવાદ હંમેશા ડોકિયાં કરે છે. એમ ન હોત તો યુગોસ્લાવીઆના ટીટોનો પ્રશ્ન ઉભો ન થાત. પ્રથમ પંકિતના કોમ્યુનિસ્ટ આગેવાનો જરા પણ પોતાના રાષ્ટ્રનું હિત વિચારતા થયા કે તુરત ફાંસીને માચડે ચડી ગયા. હંગેરીનો રાયક, બલ્ગેરિયાનો કોસ્તોવ, પોલાંડનો ગોમુલ્કા, આલ્બેનિયાનો ઝોજે અને ઝેકોસ્લોવેકીઆનો ક્લાડામીર કલેમેન્ટિસનો ગુનો એટલો જ હતો કે સામ્યવાદી પરિભાષા વાપરીને રશિયા પૂર્વ યુરોપનું શોષણ કરી રહ્યું છે તે સામે અત્યંત ગુપ્ત રીતે સૌએ વિનયપૂર્વક વિરોધ કર્યો હતો. શાંતિ, શાંતિ અને

શાંતિના સૂત્ર પોકારતું રશિયા એકાએક શસ્ત્રીકરણ કર્યે જાય છે એ હકીકત માત્ર શ્રધ્ધાળુ સામ્યવાદીઓથી જ અજાણી છે.

અમેરિકા

હિન્દ અને અમેરિકાના સંબંધો લગભગ હિન્દ અને રશિયા જેવા સંબંધો છે. જીહજુરિયા વૃત્તિની અપેક્ષા રાખતું અમેરિકા હિન્દની સ્વતંત્ર નીતિથી અકળાઈ ઉઠે છે. અમેરિકા અત્યંત સાધનસંપન્ન અને સમૃધ્ધ રાષ્ટ્ર છે. બીજા વિશ્વયુધ્ધની ખાનાખરાબી તેના કિનારાને સ્પર્શી નથી; આથી યુદ્ધ એ શું હકીકત છે તેનો અમેરિકાને પ્રત્યક્ષ અનુભવ નથી. અમેરિકાને–ખાસ કરીને અમેરિકાના કેટલાક સ્થાપિત હિતોને–એમ લાગ્યું છે કે દુનિયાની બજારો અને કાચો માલ અનિયંત્રિત રીતે મેળવવામાં માત્ર રશિયાની આડખીલી છે. આ ઉપરાંત અમેરિકાને એમ પણ લાગે છે કે તેણે જે પ્રગતિ કરી છે-તે પ્રગતિ માત્રની પ્રતિશ્રી છે. આથી જ દુનિયા અમેરિકન સૈકામાં (American Century) માં જીવે છે એમ અમેરિકા માને છે. જે દેશમાં સામ્યવાદીઓ સત્તા પર આવે એ દેશની પ્રજાને અમેરિકન ડોલર અને બૉમ્બથી બચાવી લેવાની અમેરિકાને પવિત્ર ફરજ લાગે છે. અમેરિકાને પોતાના રાષ્ટ્રીય હિતો તો છે જ; અને એમાં સામ્યવાદ સામેની અવિચારી જેહાદ નથી. આથી જ અમેરિકા મલાયામાં શાહીવાદીઓને સહાય આપે છે અને ચીન, ફિલિપિન્સ કે કોરિયાના પ્રજાશત્રુ સરમુખત્યારને લોનના ઓક્સિજનથી જીવાડે છે. અમેરિકાને માત્ર એક ધૂન છે. ચારેબાજુથી સામ્યવાદી સરકારોને લશ્કરી મથકોથી ઘેરી લેવી. શસ્ત્રીકરણ! શસ્ત્રીકરણ! શસ્ત્રીકરણ! વિશ્વની પ્રત્યેક વ્યાધિ માટેનો આ અમેરિકન ઈલાજ છે. વિશ્વની પ્રત્યેક ગેરવ્યવસ્થા કે ગુલામ પ્રજાની મુક્તિલડતમાં અમેરિકાને સામ્યવાદીઓનો જ હાથ દેખાય છે. અને અમેરિકાને શસ્ત્રસામગ્રી જ સામ્યવાદને ખતમ કરવાનું એક માત્ર સાધન લાગે છે. આથી જ, આટલાંટિક લશ્કરી કરાર, જેવા સંખ્યાબંધ લશ્કરી કરારો અમેરિકાએ કર્યા છે. હિન્દ, અમેરિકાની આ વિચારસરણી સ્વીકારતું નથી. હિન્દને લાગે છે કે સામ્યવાદ એ કાંઈ નાઝીવાદ જેવો અવિચારી લશ્કરવાદ નથી. તે એક વિચારસરણી છે. દુનિયાના કચડાયેલા લોકોને તે આકર્ષે છે. તે લોકોને સ્ટાલીનની સામ્રાજ્યવાદી નીતિની કાંઈ પડી નથી. ઇન્ડોચાઇનામાં અને મલાયામાં અમેરિકન મદદથી જ જો ફ્રાંસ અને ઈંગ્લેંડ અઢારમી સદીનો અમાનુષી શાહીવાદ ઠોકી બેસાડે, તો ઇન્ડોચાઇનીઝ કે મલાયન પ્રજા સામ્યવાદમાં પોતાની મુક્તિ નિહાળે એમાં કશું જ આશ્ચર્ય નથી. હિન્દ, આથી, સામાજિક, આર્થિક અને રાજકીય અન્યાયો સામે જેહાદ જગાવવાની માંગણી કરે છે. એશિયાની કચડાયેલી અને કંગાલ પ્રજાએ હવે આળસ મરડી છે એ પં. નહેરૂએ પ્રત્યક્ષ નિહાળ્યું છે; ચીને દીવા જેવું ઉઘાડુ કરી દીધું છે. અમેરિકા આ સ્વીકારે છે, પણ તે માને છે કે સૌથી પ્રથમ સામ્યવાદનો પરાજય, પછી બધી વાત. આમ એશિયાના પ્રશ્નોનાં ઉકેલ માટે હિન્દ અને અમેરિકાના દૃષ્ટિબિંદુઓ જ જુદા છે. "આપણે આમ ન કર્યું હોત તો ઠીક કે આપણે આ પરિષદમાં ગયા હોત તો ઠીક" એવી ટીકા આપણા દેશવાસીઓ કરે છે. એ ટીકા તદ્દન ઉપરછલ્લી છે. આપણો અમેરિકા સાથેનો મતભેદ પાયાનો છે. અમેરિકા, ચીન, ઇન્ડોચાઇના, ફિલિપિન્સ, દક્ષિણ કોરિયા, મલાયા, થાઇલેન્ડ અને જપાનને જોઇએ તેટલાં શસ્ત્રો પૂરા પાડે છે. આપણે ત્યાંની કચડાતી પ્રજા પ્રતિ આંગળી ચીંધીએ છીએ. મને પૂરેપૂરી ખાત્રી છે કે આપણી આ સ્પષ્ટનીતિથી ભવિષ્યમાં હિન્દ અને અમેરિકા વચ્ચે વધુ સાચા અને મજબુત સંબંધો બંધાશે. મિત્રતાનો પાયો પ્રમાણિકતા અને સચ્ચાઈ છે, ખુશામત નહિં.

કેટલાક પ્રાસ્તાવિક મુદ્દાઓ

આપણી પરદેશનીતિની નકકર હકીકતો તપાસતાં અને તે ઉપર અભિપ્રાય આપતા પહેલાં એક હકીકત ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. તે એ કે હિન્દુસ્તાન ઔદ્યોગિક દૃષ્ટિએ પછાત રાષ્ટ્ર છે અને હિન્દની લશ્કરી તૈયારી (Military Preparedness) ત્રીજા વર્ગની છે. અડસઠ લાખની વસ્તીવાળા સ્વીડનની ઔદ્યોગિક અને લશ્કરી શકિત પાંત્રીસ કરોડ હિન્દીઓ કરતાં પ્રમાણમાં અનેકગણી વધારે છે. આ હકીકત માટે ઐતિહાસિક કારણો છે. પણ તે કારણો જેની વિગતમાં આપણે ન ઉતરીએ. પણ વર્તમાન હિન્દની વાસ્તવિક પરિસ્થિતિ (જો જુની કહેવતનો ઉપયોગ કરીએ તો) પછેડી છે અને પછેડીના પ્રમાણમાં હિન્દ પરદેશનીતિની સોડય તાણી શકે.

હિન્દની પરદેશનીતિ, આગળ જણાવેલ ચાર મુખ્ય સિધ્ધાંતો –અમેરિકન કે રશિયન જુથનો ત્યાગ, ગુલામ અને શોષિત પ્રજાઓની લડતને ટેકો, શાંતિ અને નિઃશસ્ત્રીકરણની નીતિ, અને તટસ્થ નહિ પણ સ્વતંત્ર પરદેશનીતિ–ને લક્ષમાં રાખી, આપણા મૂળભૂત હિતોનું રક્ષણ કરે છે. કોઇ વાર એમ બન્યું છે કે હિન્દે મધ્યમ માર્ગ કે સમાધાનનો રાહ સ્વીકાર્યો હોય; પણ કયારેય હિન્દે પોતાના મૂળભૂત સિદ્ધાંતોને તિલાંજલિ આપી નથી.

આપણી પરદેશનીતિ પર આથી વારંવાર આક્ષેપ થયા કરે છે કે તે હિન્દના મૂળભૂત હિતોનું રક્ષણ કરવામાં નિષ્ફળ નીવડી છે. શ્રી. નેહરૂ પર એવી પણ ટીકા થાય છે કે ઉદારમતવાદી પરદેશનીતિના નામે નેહરૂ અમેરિકન જુથનું કાર્ય એશિયામાં આગળ ધપાવ્યે જાય છે. કેટલાક ટીકાકારો એમ માને છે કે આપણી પરદેશનીતિ અત્યંત ભીરૂ છે અને શોષિત પ્રજાઓની હિન્દ પ્રત્યેની અપેક્ષા સંતોષવા જવાહરલાલ નેહરૂની પરદેશનીતિ નિષ્ફળ નીવડી છે.

શ્રી. નેહરૂની પરદેશનીતિના ટીકાકારોના મુખ્યત્વે ત્રણ વર્ગ છે.

(ક) હિન્દે પોતાના હિતને લક્ષમાં રાખી એંગ્લો-અમેરિકન જૂથમાં જોડાઈ જવું જોઇએ એમ માનનારો વર્ગ.

(ખ) શોષિત પ્રજાની મુક્તિ માટે રશિયા પ્રયત્ન કરે છે, અને તેથી 'પ્રાગતિક' રશિયન જૂથ સાથે હિન્દે જોડાઇ જવું જોઇએ એમ માનનારો વર્ગ.

(ગ) હિન્દની પરદેશનીતિની દિશા સાચી છે, પણ તે વધુ ગતિશીલ બનવી જોઇએ એમ માનનારો વર્ગ.

હિન્દે એંગ્લો–અમેરિકન જુથમાં જોડાઈ જવું જોઇએ એમ માનનાર વર્ગ અત્યંત આકર્ષક દલીલ કરે છે. તે કહે છે કે હિન્દ મિત્રવિહોણું છે. જો વિશ્વયુધ્ધ થશે તો હિન્દને કોઇ પણ એક પક્ષ સ્વીકાર્યા સિવાય ચાલશે જ નહિ અને આજના સંયોગો જોતાં હિન્દને બ્રિટન–અમેરિકા તરફજ ઢળ્યા સિવાય ચાલશે નહિ, તો અત્યારથી જ હિન્દે અમેરિકા જેવા શકિતશાળી અને સાધનસંપન્ન રાષ્ટ્ર સાથે કેમ ન જોડાવું? પાકિસ્તાન અમેરિકાની નીતિને ટેકો આપે છે. આથી તેને જોઇએ તેટલી શસ્ત્ર–સામગ્રી મળે છે અને હિન્દને શસ્ત્રો મેળવતાં ખૂબ મુશ્કેલી પડે છે. પાકિસ્તાન એ હિન્દનું સૌથી વધુ નજીકનું અ–મિત્ર રાષ્ટ્ર છે, અને જો પાકિસ્તાન અમેરિકાનો સાથ મેળવશે તો હિન્દને ખૂબ નુકશાન કરી શકે એવી શકયતા છે. આજે અમેરિકાની ઔદ્યોગિક શકિત અપૂર્વ છે. હિન્દે અમેરિકન જૂથમાં રહી અમેરિકાની મદદથી ઔદ્યોગીકરણ કરવું જોઇએ. અમેરિકન જૂથમાં જોડાઇ જવાનું માનનારા વર્ગમાં માત્ર વેપારીઓ નથી, થોડા બુધ્ધિવાદીઓ પણ છે. આ બુદ્ધિવાદીઓ એમ માને છે કે રશિયા એ શાહીવાદી સરમુખત્યારશાહી છે. રશિયાના હિતની વિરૂદ્ધના સર્વ વિચારોને રશિયામાં તથા તેના ખંડિયા રાજ્યો ઝેકોસ્લોવેકીઆ કે પોલેંડમાં ચુંગળાવવામાં આવે છે. લોકશાહી અને વ્યકિતસ્વાતંત્ર્યને ખાતર પણ આપણે અમેરિકન જૂથમાં સામેલ થઇ જવું જોઇએ.

અપૂર્ણ

વાડીલાલ ડગલી

આગામી ચૂંટણીઅંગે મતદારોનો ધર્મ

ઘણા કહે છે કે સત્તા એ બૂરી ચીજ છે. હું માનું છું કે સત્તા એ સારી ચીજ છે, જો એનો ઉપયોગ કરવાનું સારા માણસોના હાથમાં હોય તો.

આમ તો વિજ્ઞાન પણ જેવી સારી તેવી જ બૂરી ચીજ છે. શરીરબળ અને બુધ્ધિબળ એ પણ જેવાં સારાં તેવા જ બૂરા થઈ શકે છે.

દેશમાં જો સુખ, શાન્તિ અને સંપત્તિની જરૂર હોય તો એ લાવવા માટે દેશની સત્તા કોઇને સોંપવી જ જોઇએ. પછી એ સત્તા એક વ્યક્તિના હાથમાં હોય કે સમુહના હાથમાં.

આપણામાંના ઘણાં લોકશાહીમાં વિશ્વાસ ધરાવે છે. અને કેટલાક તેમાં અવિશ્વાસ પણ ધરાવે છે, જ્યારે વ્યક્તિના હાથમાં સત્તા રહેતી ત્યારે સુરાજ્ય પણ હતું, અને કુરાજ્ય પણ હતું. કુરાજ્યના કડવાં ફળો આપણે જર્મની, ઈટલી અને જાપાનના ફાસીવાદી તંત્રમાં જોયાં. હિંદના દેશી રાજ્યોમાં પણ વ્યક્તિથી ચાલતા કુરાજ્યનાં ફળ ચાખ્યાં. પરિણામે લોકશાહીમાં આપણી શ્રદ્ધા વધતી ચાલી.

પ્રાગૈતિહાસિક કાળમાં મોટાં રાજ્યતંત્રો હોવાનું માલમ પડતું નથી. ત્યારે લોકોની ટોળીઓનો સમાજ હતો; અને એનું નિયંત્રણ સૌથી વધુ બળવાન માણસ કરતો. ત્યારે બળ ઉપર સત્તા મળતી. રાજાશાહી એ બળ ઉપર જમાવેલી સત્તાનું સ્વરૂપ હતું.

ભારતમાં મોગલરાજ્ય પહેલાં રાજપૂતરાજ્ય હતું. તે પહેલાં પણ રાજાનાં રાજ્યો હતાં. સામાન્ય રીતે રાજા સર્વોપરી હતો; પરંતુ એના અન્યાય સામે પણ કોઇ વાર પ્રજા બળવો પોકારતી અને એને ઉથલાવી બીજા રાજાનું સ્થાપન કરતી. આ સ્થાપનમાં પણ બળની તો ગણતરી થતી જ.

ત્યારે ભારતનાં કેટલાંક રાજ્યોમાં લોકશાહી હતી. એને ગણતંત્ર કહેતા. એ ગણતંત્રમાં હાલ બ્રિટનમાં રાજાનું જેવું સ્થાન છે એને મળતું રાજાનું સ્થાન હતું. પણ ત્યારે કુદરતની આ દેશ ઉપર કૃપા હતી, અને તેથી દેશમાં સમૃદ્ધિ હતી. જીવન જરૂરીયાતનાં સાધનો રહેજે મળી રહેતાં. એટલે સત્તાધારી રાજાનું વિશેષ કાર્ય દેશના સંરક્ષણનું રહેતું. સંરક્ષણ માટે બળની આવશ્યકતા હતી, એટલે સત્તાનો આધાર બળ ઉપર હતો.

હવે સત્તાનો આધાર બ્રિટન અને અમેરિકાની જેમ ભારતમાં પણ લોકમત ઉપર રહેલો છે. લોકમતની ગણતરી ચૂંટણીદ્વારા થાય છે. પોતાની પસંદગીના માણસોને મત દ્વારા સત્તાની સોંપણી થાય છે. ભારતમાં પહેલી જ વાર સાર્વત્રિક મતાધિકારની પધ્ધતિ અમલમાં મૂકાશે. ભારતમાં મત આપવાની સત્તા ૧૮ કરોડ માણસોને મળી છે. એ અઢાર કરોડ માણસો ભારતના ભાગ્ય વિધાતા છે. એમની બહુમતી મેળવનાર પક્ષને દેશની સત્તા સોંપાશે. એમના પ્રતિનિધિઓ દેશની સરકાર રચશે.

આજ સુધી જે કોઇ આપણાં ઉપર રાજ્ય ચલાવતા હતા, તેની સત્તા આપણે માનતા હતા; અને કોઇ કોઇ વાર સત્તા સામે બળવો પણ પોકારતા. બળવામાં સફળતા મળતી ત્યારે સત્તા બદલાતી હતી, અને નવી સત્તા નીચે આપણે જીવતા હતા.

હવે સત્તાની સોંપણી જ આપણે કરવાની છે. પરંતુ એમાં કેવળ વ્યક્તિઓની પસંદગી નહિ, પરંતુ પક્ષની યે પસંદગી કરવાની છે, કારણ કે વ્યક્તિઓએ જ્યારે પક્ષોમાં સમાઇ જવાનું નક્કી કર્યું હોય ત્યારે સત્તા ઉપર વ્યક્તિઓ નહિ પણ પક્ષો જ આવશે અને તેથી પક્ષની પણ પસંદગી કરવાની રહેશે.

પસંદગીનો આ હક્ક જે મતાધિકારને નામે ઓળખાય છે એ બહુજ અગત્યની વસ્તુ છે. એકેક મતની કિંમત ઘણીજ મોટી છે. દેશના નવા તંત્રની રચના આવા એકેકથી બનેલા વધુ મતોના આધારે જ થવાની છે. નાણાંથી મતની કિંમત આંકી શકાય નહિ. કેટલાય નેતાઓ, આગેવાનો, દેશસેવકો અને શહીદોના આત્મભોગને પરિણામે આવો મતાધિકાર આઝાદી મારફત આપણને મળી શક્યો છે. એવો મતાધિકાર જે ગુમાવશે, એણે જીવનમાં એક ભારે કિંમતી ચીજ ગુમાવી ગણાશે.

રાજદ્વારી પક્ષોની ખેંચતાણથી કંટાળી જઇને, ભૂતકાળના તંત્રથી નિરાશ થઇને, આળસ કે બેદરકારીને લઇને જે કોઇ પોતાના મતનો ઉપયોગ કરવાનું ચૂકશે, એણે પોતાની જાતને મોટી હાનિ કરી ગણાશે.

એટલે દરેક સમજુ માણસે પોતાના કિંમતી મતનો બરાબર ઉપયોગ કરવો જોઇએ. ભણેલાઓએ આ સમજવું જોઇએ અને લાખો અભણ માણસોને એ સમજાવવું જોઇએ. જો એમ નહિ કરીએ તો; અને લોકો ગફલતમાં રહેશે, તો નવા રચાતા કોઈ પણ તંત્રને દોષ દેવાનો અધિકાર એને રહેશે નહિ.

અનેક પક્ષો અને વ્યક્તિઓમાંથી આપણે મત કોને આપવો એ હવે વિચારવાનું રહે છે.

બ્રિટિશોએ છેલ્લા તબક્કામાં આપણને ધારાસભાઓ માટે બહુજ મર્યાદિત મતાધિકાર આપેલો. ત્યારે થોડા ભણેલાં અને શ્રીમંતો જ મતનો અધિકાર ધરાવતા હતા, છતાં તે વખતે કોને મત આપવો તે માટે આપણે બહુ ચિંતા કરવાની રહેતી નહોતી; કારણ કે હિન્દી જનતાનું પ્રતિનિધિત્વ ત્યારે રાષ્ટ્રિય કોંગ્રેસ ધરાવતી હતી; અને સ્થાપિત હિતોમાં પણ ટુંકી સ્વાર્થીબુધ્ધિવાળા થોડા લોકો ત્યારે સરકાર પક્ષે હતા; અને બાકીના રાષ્ટ્રીય મનોદશાવાળા બધા કોંગ્રેસની સાથે જ હતા. આથી દરેક રાષ્ટ્રવાદી પ્રજાજને કોંગ્રેસને જ મત આપવો યોગ્ય છે એવી સામાન્ય માન્યતા પ્રવર્તતી હતી.

પરંતુ આજે રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારતા પક્ષોમાં પણ કોંગ્રેસ અને કિસાન મઝદુર પ્રજા પક્ષ તથા સામાજિક ક્રાંતિ વાંચ્છતા છતાં રાષ્ટ્રીય દૃષ્ટિવાળા સમાજવાદી પક્ષ અને પ્રાગતિક પક્ષ, આન્તર રાષ્ટ્રીય કહેવાતો સામ્યવાદી પક્ષ, કોમી દૃષ્ટિવાળી હિન્દુ મહાસભા, આર. એસ. એસ. રામરાજ્ય પરિષદ તેમજ બીજા અનેક પ્રાન્તિક પક્ષો, ચુંટણીમાં મેદાનમાં આવેલા છે. એટલે સામાન્ય માનવીને મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરવાનું જરા મુંઝવણભર્યું છે.

આમાંના કોઇ પક્ષની તરફેણ કે વિરોધ કરવાનો આ લેખનો આશય નથી; પરંતુ મતદાર પોતાની બુધ્ધિનો ઉપયોગ કરીને દેશને હિતકારક થાય તેવા જ પક્ષોને પોતાનો મત આપે એમ સૂચવવાનો તો છે જ.

આ માટે દરેક ભણેલા માણસે દરેક પક્ષનો પાછળનો ઇતિહાસ, તેનું ચૂંટણીનું જાહેરનામું, એ જાહેરનામામાં દર્શાવેલ યોજનાનો પાર પાડવા માટે જોઇતા બુધ્ધિશાળી માણસો, પક્ષનું સંગઠન તથા તેના નેતાઓનું બળાબળ તપાસવું જોઇએ. કોઈ પક્ષમાં બહુ બુધ્ધિશાળી માણસો નહિ હોય, તો તે ચલાવી લેવાશે, પરંતુ ભાવનાશાળી અને ઉચ્ચ ચારિત્ર્યવાન માણસો તો જોઇશે જ. બહુ બુદ્ધિ ઘણીવાર વિતંડાવાદમાં પડી જાય છે, જ્યારે ભાવના અને ચારિત્ર્ય અદ્‌ભૂત કામ આપી જાય છે.

બહુ નાના પક્ષો ગમે તેટલો સુંદર આશય ધરાવતા હોવા છતાં અસરકારક કામ આપી શકતા નથી. એજ રીતે કેવળ પ્રાન્તિક મહત્વ ધરાવતા પક્ષો પણ રાષ્ટ્રના સંચાલનમાં ઉપયોગી નીવડતા નથી. જે જે પક્ષને મોટો અનુયાયી વર્ગ હોય, જેનું રાષ્ટ્રવ્યાપી સંગઠન હોય, જેને પ્રાન્તે પ્રાન્તમાં દોરવણી આપનાર આગેવાનો હોય, તેજ પક્ષો મારા મન્તવ્ય પ્રમાણે મતને લાયક છે, કારણ કે એજ પક્ષો સત્તાને ગ્રહણ કરી શકે છે; અથવા તો અસરકારક અને પ્રબળ વિરોધપક્ષ રચી શકે છે.

આ દેશમાં ગાંધીજીની વિચારસરણીને ચુસ્ત રીતે છતાં બુધ્ધિપૂર્વક સમજનારો, તેમાં શ્રધ્ધા રાખનારો અને તેનો અમલ કરવાને મથનારો એવો નાનો સરખો વર્ગ છે. આ વર્ગ પ્રત્યે આપણને સહેજેજ માનબુધ્ધિ ઉત્પન્ન થાય. એના વિચારો અને કાર્યની આપણે પ્રશંસા કરીએ. આ વર્ગ એક પક્ષ તરીકે આજે ચુંટણીમાં ઉભો

રહેવાનો નથી. પરંતુ દાખલા તરીકે માની લઇએ કે જો આવો પક્ષ ચૂંટણીમાં ઉભો રહે, તો તેની અલ્પસંખ્યતાને કારણે એ પક્ષ સત્તા હસ્તગત કરી શકે નહિ, અથવા અસરકારક વિરોધપક્ષ રચી શકે નહિ. એટલે કાં તો સત્તા હસ્તગત કરી શકે અથવા સબળ વિરોધપક્ષ રચી શકે એવા વિશાળ પક્ષને જ મત આપવો કામનો છે. એ સિવાય કોઇને મત આપવાથી તે પક્ષની થોડી વ્યક્તિઓ ધારાસભામાં ચૂંટાઇ જાય, પરંતુ એ પક્ષ ત્યાં જઇને કોઈ કાર્યસિધ્ધિ કરી શકે નહિ.

આ રીતે જુદા જુદા પ્રાન્તોમાં, એકાદ પ્રાન્તમાં કે પ્રાન્તના પણ અમુક ભાગમાં જ વર્ચસ્વ ધરાવતાપક્ષો, આપણે ત્યાં છે. એવો કોઈ પક્ષ કદાચ એકાદ પ્રાન્તમાં સત્તાસ્થાને આવે, અથવા વિરોધ પક્ષ રચી શકે, તો પણ બીજા પ્રાન્તોમાં કે સંસદમાં તે પક્ષના પ્રતિનિધિઓ સત્તાસ્થાને ન હોવાથી અથવા વિરોધ પક્ષ રચી શકે એવી સ્થિતિમાં ન હોવાથી કંઈ અસરકારક કામ કરી શકતા નથી.

ચૂંટણીમાં મતદારો ઘણીવાર પોતાના સ્વતંત્ર મત પ્રમાણે વિચારવાને બદલે લાગવગથી દોરવાઇ જાય છે, અથવા સંકુચિત મનોદશાનો ભોગ થઇ પડે છે. અમુક ઉમેદવાર પોતાની નાતનો છે, પોતાના ધર્મનો છે, કે પોતાના પ્રાન્તનો છે, એ સંકુચિત વિચાર મત આપવા માટે દૂર રહેવો જોઇએ, તેમજ પોતાના વડિલો, જ્ઞાતિના આગેવાનો કે બીજી કોઈ લાલચથી દોરવાઇને મત આપવો ન જોઇએ.

વળી ઘણીવાર ખોટા પ્રચારને કારણે કોઈ પક્ષ વિરૂધ્ધ પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય ત્યારે માણસ તે પક્ષને મત આપતો નથી. અને બીજાને પણ એમ કરતાં અટકાવે છે. ચૂંટણી વખતે દરેક પક્ષનો પુર્વ ઇતિહાસ બરાબર સમજવો જોઇએ અને તેના કાર્યક્રમનો વિચાર પણ કરવો જોઇએ. એ કાર્યક્રમને અમલમાં મુકવા માટે તેની પાસે કેવાં સાધન, શકિત અને માનબળ છે તે પણ જોવાં જોઇએ. વ્યકિતનો વિચાર જરૂર કરવો; પણ અન્તે તો સબળ પક્ષ જ સરકાર રચી કે ચલાવી શકે છે, અથવા સરકારનાં કામ પર બરાબર ચોકી કરી શકે છે; એટલે ચુંટણી વખતે વ્યકિત કરતાં વધુ વિચાર પક્ષનો કરવો જોઇએ.

ચૂંટણી વખતે દરેક પક્ષો પ્રચારનો ઝંઝાવાત ઉભો કરે છે. ઘણીવાર એવું બને છે કે જેના પ્રચારનાં સાધનો વધુ પ્રબળ હોય એજ પક્ષ વિજય મેળવી જાય છે. સત્તા અને અર્થબળ પણ ચૂંટણીમાં વિજય અપાવી શકે છે. દરેક જાગૃત મતદારે દરેક પક્ષના વર્તમાનપત્રો, પત્રિકાઓ, પુસ્તિકાઓ વગેરે પૂર્વગ્રહ વિનાં વાંચવા વિચરવા જોઇએ; એટલું જ નહિ પણ ભણેલા માણસોએ અભણ માણસોને આ બધું સાહિત્ય સમજાવવું જોઇએ. આ રીતે તેઓ દેશની સાચી સેવા પણ બજાવી શકે છે.

અંતમાં એટલુંજ કહેવાનું કે મત આપવા માટે કેવળ, ભાવના, ઉશ્કેરાટ કે પૂર્વગ્રહના શિકાર ન બનતાં, વિચાર અને અભ્યાસપુર્વક સમજીને દરેક મતદારે પોતાનો સ્વતંત્ર મત યોગ્ય જણાય તે પક્ષના ઉમેદવારને આપવો જોઇએ. જો આમ બનશે તો દેશનું ભાવી તંત્ર સંતોષકારક રચાશે એટલુંજ નહિ, પણ ચૂંટણી દ્વારા દેશને જરૂરી કેળવણી પણ મળી રહેશે. **જટુભાઈ મહેતા**

કુંવરબાઇનું મામેરૂં અને 'પ્રેમરંગ'

શ્રી મુંબાઈ અને માગરોળ જૈન સભાને અસ્તિત્વમાં આવ્યાને આંજે સાઠ વર્ષ થયાં. કોઇ પણ સંસ્થા માટે આવો અવસર ગૌરવ અને આનંદનો વિષય બની શકે છે. આ સભાના સંચાલકોએ પ્રસ્તુત પ્રસંગનું મહત્ત્વ સ્વીકારીને સભાનો હીરક મહોત્સવ ઉજવવાનું ઠરાવ્યું અને એક સુન્દર કાર્યક્રમ નકકી કર્યો. આ મુજબ તારીખ ૬-૧૦-૫૧ ના રોજ સંસ્થાના મકાનમાં પંચકલ્યાણકની પુજા ભણાવવામાં આવી. બીજે દિવસે મરીન ડ્રાઇવની બાજુએ આવેલ લૉઇડ્સ રીક્રીએશન ગ્રાઉંડમાં મુંબઇના ગૃહસચિવ શ્રી મોરારજી દેસાઇના અધ્યક્ષપણા નીચે સંસ્થા હસ્તક ચાલતી શ્રી શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઇસ્કુલમાં ભણતી બાળાઓની 'રેલી' રજુ કરવામાં આવી, અને તા. ૯-૧૦-૫૧ ના રોજ વિજયા દશમીના દિવસે એકસેલ્સીયર થીએટરમાં 'પ્રેમરંગ' નામનું સંગીત-નાટક ભજવવામાં આવ્યું. હવે પછી તા. ૨૧-૧૦-૫૧ ના રોજ યોજાયેલ સર મણિલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે હીરક મહોત્સવને લગતું સમારંભસંમેલન આખા કાર્યક્રમના આવશેષ ભાગ તરીકે ગણી રહેલ છે.

'પ્રેમરંગ'

ગુજરાતના મહાકવિ પ્રેમાનંદે રચેલ 'કુંવરબાઇનું મામેરૂં' એ એક બહુ જાણીતી અને લોકપ્રિય કાવ્યકૃતિ છે. તેમાં નરસિંહ મહેતાના કેટલાંક પદો સંમીલિત કરીને જાણીતા સાહિત્યકાર શ્રી કરસનદાસ માણેકે એક સંગીત-નાટક ૧૯૩૭ માં કરાંચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારે તૈયાર કર્યું હતું અને ભજવ્યું હતું. એ જ નાટક આજથી દશ વર્ષ પહેલાં વીલે-પારલેના કુમારિકા સ્ત્રીમંડળ તરફથી પણ ભજવવામાં આવ્યું હતું. શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભાની વ્યવસ્થાપક સમિતિએ પણ એ જ નાટક પોતાના હીરક મહોત્સવ પ્રસંગે ફરીથી ભજવવાનું નકકી કર્યું અને સંસ્થાના પ્રમુખ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીને અને તેમનાં પત્ની સૌ. સરલા બહેનને આ નાટક તૈયાર કરવાની સર્વ જવાબદારી સોંપવામાં આવી. હીરક મહોત્સવ જેવા વિરલ પ્રસંગે જે કાંઈ રજુ કરવામાં આવે એ અતિ ઉત્કૃષ્ટ કોટિનું હોવું જોઇએ એ ભાવનાપૂર્વક આ નાટક તૈયાર કરાવવા પાછળ રૂા. ૧૦૦૦૦ નો ખર્ચ મંજુર કરવામાં આવ્યો. શ્રી. સરલા બહેને, સંસ્થાના પ્રમુખે તથા જાણીતા કલાવિવેચક શ્રી દિલીપ કોઠારીએ લગભગ બે મહીના સુધી ખૂબ પરિશ્રમ લઇને આ સંગીત-નાટક ભજવવા માટે સારા એવા એક જૂથને તૈયાર કર્યું. મુંબઈના તખ્તા ઉપર એક અપ્રતિમ વસ્તુ રજુ થાય એ ભાવનાથી અનેક કળાકારો, નાટયકળાકોવિદો, સંગીતકારો, નૃત્યકારો વગેરેનો સહકાર મેળવવામાં આવ્યો. આઈ. એન. ટી. થીએટ્રીકલ સર્વીસવાળાને દૃશ્યસામગ્રી બનાવી આપવાનું સોંપવામાં આવ્યું. આગળ રજુ થયેલા કોઈ નૃત્યનાટક કે સંગીત-નાટકને આટલા બધા કલાકારોનો ભાગ્યે જ સાથ સાંપડયો હશે. બીજું આ સંસ્થા દર વર્ષે પોતાના સ્થાપના દિન ઉપર બાલું ખરું વાર્ષિક સંમેલન યોજે છે અને એ પ્રસંગે કન્યાશાળા તરફથી વિવિધ પ્રકારનો કાર્યક્રમ રજુ કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં કન્યાશાળામાં ભણતી બાળાઓ ભાગ લેતી હોય છે, જ્યારે પ્રસ્તુત 'પ્રેમરંગ' તૈયાર કરવામાં મુખ્ય પાત્રોમાંના ઘણા પાત્રો બહારથી લાવવામાં આવ્યા. આગળ ભજવાયલાં નાટકોમાં પુરૂષપાઠ પણ કન્યાઓ જ ભજવતી. આ વખતે પુરૂષપાઠો બહારના પુરૂષોએ જ ભજવ્યા. આ બધા પાછળ એકજ આશય હતો કે આવા પ્રસંગે મુંબઈની જનતા સમક્ષ એક સુન્દર, સપ્રમાણ, વિશદ નાટયકૃતિ રજુ કરવી અને કોઈ પણ જાતની ઉણપ ન રહેવા દેતાં તેને બને તેટલી ભવ્ય બનાવવી.

આ રીતે તૈયાર કરવામાં આવેલ જે સંગીત-નાટક એકસેલ્સીયર થીએટરમાં વિજ્યાદશમીના રોજ ભજવવામાં આવ્યું તે નૃત્ય, અભિનય, વેશભૂષા, દૃશ્યરચના, સંગીતઆયોજન, આ બધી દૃષ્ટિએ ખરેખર એક સુન્દર કળાનિર્માણ હતું. આમ છતાં પણ તેની પાછળ જે દ્રવ્યવ્યય કરવામાં આવ્યો અને જે સાધન સામગ્રી એકઠી કરવામાં આવી અને અનેક કળાકારોનો સાથ મેળવવામાં આવ્યો તે કારણે ઉભી થયેલી ભવ્ય કલ્પનાને આ નાટક પુરો સંતોષ આપી ન શકયું. આનું એક કારણ એ પણ હોઇ શકે છે કે દશ વર્ષ પહેલાં જોયેલું નાટક જ આજે ફરીવાર જોઇએ છીએ એ ભાન સામાન્યતઃ કોઈ પણ નાટક પહેલીવાર જોતાં જે કુતુહલ અને નાવીન્ય આપણે અનુભવીએ છીએ તે કુતુહલ અને નાવીન્યના સંવેદનને ઉભું થવા ન દે તે તદ્દન સ્વાભાવિક છે. આ નાટકમાં મુખ્ય પાત્ર નરસિંહ મહેતાનું હતું. આ પાઠ ભજવનાર શ્રી રમેશ દેસાઇનું કામ નબળું નીવડયું. નરસિંહ મહેતામાં ભકિતનો જે ઉન્માદ જોઇએ અને તેના અંગે તેના અંગ ઉપાંગમાં જે થનગનાટ જોઇએ તેના બદલે આ પાત્ર બહુ ઠંડુ અને ઠાવકું હતું. ગાળે ગાળે તેના ભાગે ઘણા ગીતો ગાવાનો આવતા હતા. પણ તેનું ગાવાનું બહુ ધીમું, કંટાળો આવે તેવું અને આખા નાટકની રસજમાટને અવારનવાર ક્ષતિ પહોંચાડતું હતું. સૌથી સરસ કામ રાધાનો પાઠ ભજવનાર બહેન સરોજનું હતું. સુન્દર સપ્રમાણ આકૃતિ, રાજપુત કળાયુગનું સ્મરણ કરાવે તેવી ઉત્તમ કોટિની વેશભૂષા, સ્વાભાવિક લાવણ્ય અને માર્દવયુકત અંગમરોડ-આ બધું પ્રસંગોચિત અભિનયવડે ખુબ દીપી ઉઠતું હતું. કુંવરબાઇએ પણ પોતાનો પાઠ સારી રીતે ભજવ્યો હતો એમ કહી શકાય. એક બહેને કૃષ્ણનો પાઠ લીધો હતો. પણ તેમાં કોઈ ખાસ વિશેષતા

નહોતી. બીજા પાત્રોએ પણ પોતપોતાનું કામ ઠીક ઠીક બજાવ્યું હતું, પણ અભિનયની દૃષ્ટિએ ખાસ નોંધ લેવાનું મન થાય એવી કોઇ વિશેષતા નજરે પડતી નહોતી. દૃશ્યસામગ્રી અને સંગીતઆયોજન તેમ જ બધા પાત્રોની વેશભૂષા સુન્દર, સપ્રમાણ અને આંખોને આનંદ આપે તેવી હતી.

આ પ્રસંગે પ્રસ્તુત નાટકનો પરિચય આપતી એક સુન્દર પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી. તેમાં પુંઠા ઉપરનું ચિત્રકાર બાબુજી શિલ્પીનું ચિત્ર ભારે આકર્ષક અને કળાપૂર્ણ હતું. એક બાજુએ કવિ પ્રેમાનંદ માણ માંડીને જાણે કે કુંવરબાઈનું મામેરું સંભળાવી રહ્યા છે. તેની બાજુએ મધ્યમાં નરસિંહ મહેતા પ્રેમલક્ષણા ભક્તિથી ઉન્મત્ત બનેલા નાચી રહ્યા છે અને બીજી બાજુએ કૃષ્ણ અને રાધા નૃત્યના હાવભાવ પૂર્વક ઉભા છે. પ્રત્યેક આકૃતિનું આલેખન ભારે સપ્રમાણ અને હૃદયંગમ છે. ખાસ કરીને રંગભૂમિ ઉપર ઉતરેલા નરસિંહ મહેતા વિષેનો અસંતોષ આ ચિત્રસ્થ નરસિંહ મહેતાને જોઇને કંઇક અંશે દૂર થાય છે. ચિત્રનું રેખાનિર્માણ અને રંગઆયોજન અદ્‌ભુત પ્રમાણસૌષ્ઠવ રજુ કરે છે.

આ તો 'પ્રેમરંગ' જે રીતે ભજવાયું તેની સમાલોચના થઇ, પણ પ્રશ્ન તો એ છે કે આ સંસ્થાતા હીરક મહોત્સવ જેવા એક અસાધારણ અવસર ઉપર આવા નાટકની પસંદગી શા માટે કરવામાં આવી? દશ વર્ષ પહેલાં આ નાટક સારી રીતે ભજવાઇ ગએલું હોઇને મુંબઇની જનતા માટે તેમાં કોઈ ખાસ નવીનતા નહોતી. નરસિંહ મહેતાનાં પણ રંગભૂમિ ઉપર અનેકવાર દર્શન દઇ ગયેલ છે અને તે પણ આથી વધારે સરસ આકારમાં. બીજું આ નાટકની વસ્તુ એક પૌરાણિક કથા જેવી છે અને ચમત્કાર-પરિણામી વૈષ્ણવી ભક્તિની તેમાં રજુઆત કરવામાં આવી છે. આજના સમાજના કોઇ પણ પ્રશ્નના ઉકેલને આ વસ્તુ સાથે સીધો કે આડકતરો સંબંધ નથી. જૈન સમાજનું માનસ જે પ્રકારનું છે તે માનસની દૃષ્ટિએ આ પ્રેમરંગનું એક કલ્પનાતરંગથી કોઈ વિશેષ મૂલ્ય નથી. પ્રેમરંગની કૃષ્ણભક્તિ જૈન માનસને ડોલાવી શકે એવું એ માનસનું ઘડતર નથી. આ રીતે વિચારતાં આવા પ્રસંગે 'પ્રેમરંગ'ની પસંદગી કરવામાં આવી એ બરોબર નથી થયું એમ તટસ્થપણે વિચારનાર કોઇ નેપણ લાગ્યા વિના નહિ રહે.

વસ્તુતઃ નાટક યોગ્ય સરસ સરસ વસ્તુઓ તારવી શકાય એવી જૈન કથાનકોમાં પારવિનાની સામગ્રી ભરેલી છે. આ સામગ્રીને બહાર લાવવાની ફરજ આવી સંસ્થાઓની છે. સંસ્થાના આવા મહત્વના પ્રસંગે ભજવવા ધારેલ નાટકની વસ્તુ જૈન કથા સાહિત્યમાંથી ઉધૃત થયેલી હોવી જોઇએ. આવી સંસ્થા આવી વસ્તુઓને બહાર ન લાવે તો બીજું કોણ બહાર લાવવાનું છે? આ સૂચના સામે સંસ્થાના અધિકારીઓ એમ જવાબ આપે છે કે "કોઇ પણ જૈન કથાનક લ્યો તો તેમાં સાધુ સાધ્વી યા તીર્થંકર આવ્યા વિના રહેવાના નહિ અને જૈન સમાજનો આ બાબતમાં આજે પણ પહેલાં જેટલો જ વિરોધ છે. આવી પરિસ્થિતિમાં આવા આનંદપૂર્ણ પ્રસંગે આખા સમાજના વિરોધનો સામનો કરવો પડે એવો સંયોગ હાથે કરીને નોતરવો એ ડહાપણભર્યું ન કહેવાય". આ જવાબમાં જરૂર અમુક તથ્ય રહેલું છે. જૈન સમાજની આવી મનોદશા શોચનીય છે. પોતાના ધર્મ અને સંસ્કૃતિની વિશિષ્ટ વિચારસરણી અને વિપુલ સાહિત્યનું ગૌરવ ચિન્તવનાર જૈન સમાજે આ પ્રકારનું સાંકડાપણું અને સ્થિતિચુસ્તપણું હવે એકદમ છોડવું ઘટે છે. જ્યારે અનેક ધર્મોનું સાહિત્ય ચિત્રો, નાટકો અને સીનેમાના રજતપટોદ્વારા વિશાળ વિશ્વના આંગણે રજુ થઇ રહ્યું છે અને તે પાછળ રહેલાં ભવ્ય જીવનરહસ્યોની છુટા હાથે લ્હાણ થઈ રહી છે ત્યારે જૈન ધર્મ અને જૈન સાહિત્ય જૈન મંદિરો અને જૈન ઉપાશ્રયોમાં જ પુરાયેલું પડ્યું છે અને જૈન ધર્મ શું અને તે ધર્મ પરંપરામાં કઈ કઈ કોટિના મહાપુરૂષો પાકયા હતા તેનું દુનિયાને કશું ભાન સરખું છે નહિ. અને આ બધું જૈન સમાજની સાંકડી મનોદશાને જ આભારી છે. રંગભૂમિ ઉપર જૈન સાધુ સાધ્વી કે તીર્થંકરના પાઠો ભજવવામાં આવે તેથી જૈન ધર્મની નથી થવાની હાનિ કે અપમાન-અવજ્ઞા, જૈન સમાજની આવી સંકુચિતતાના કારણે જૈન સમાજની સાઠ સાઠ વર્ષથી સેવા બજાવતી એક પ્રૌઢ જૈન સંસ્થાને કુંવરબાઇના મામેરાનું અવલંબન લેવું પડે એ ભારે દુઃખદ પરિસ્થિતિ છે. આ બાબતને લગતું આવું જાણવાણી વલણ હજુ પણ જૈનો નહિ છોડે અને પરિવર્તન પામેલા દેશકાળને હજુ પણ ઓળખતા નહિ શિખે?

આપણે એ સ્વીકારી લઇએ કે કોઈ પણ જૈન વિષય કે જૈન મહાપુરૂષના ચારિત્રને રંગભૂમિ ઉપર ઉતારવાનું આજના સંયોગોમાં અવ્યવહારૂ હતું તો પણ કોઇ પણ ઐતિહાસિક ઘટના, યા તો સામાજિક પ્રશ્ન અથવા તો કોઈ સર્વમાન્ય મહાપુરૂષના ચરિત્રને કોઈ સારા સાહિત્યકાર પાસે નાટકનું રૂપ આપવામાં આવ્યું હોત અને તે ભજવવામાં આવ્યું હોત તો તે વધારે સમયોચિત અને શોભીતું લેખાત. કુંવરબાઈનું મામેરાના પિષ્ટપેષણ કરતાં એ કોઈ પણ સંયોગોમાં વધારે દીપી ઉઠત અને સુસંગત લાગત.

જાણવા મળે છે કે આ નાટક તૈયાર કરવા પાછળ લગભગ ચૌદ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. આવું એક નાટક તૈયાર કરવા પાછળ આટલો બધો ખર્ચ થાય તે જરૂર વધારે પડતો લેખાય. પણ જ્યાં અપ્રતિમ અને અજોડ વસ્તુનું નિર્માણ કરવાનો મોહ હોય ત્યાં-અને તે આજે કે જ્યારે દરેક ચીજ વસ્તુના કે ધંધાદારી કળાકારના સહકારના ખૂબ દામ પડે છે ત્યારે-ખર્ચનો વિચાર કર્યો ન પાલવે. મૂળમાં જ્યાં એકદમ ઉંચું ધોરણ હોય ત્યાં અન્ય પરિણામ ન જ આવે. પણ સંસ્થાના માટે આ કોઈ નાનો સુનો પ્રસંગ નહોતો, માથે ખમતીધર શ્રીમાનો સંસ્થાને સંભાળનારા બેઠા જ છે, આ નાટક ત્રણ વાર ભજવાયું અને આશરે ૯૦૦૦૦ની આવક થઈ. આ બધું વિચારીને આ વધારે પડતા લાગતા ખર્ચના મુદ્દાને આપણે બહુ મહત્વ ન આપીએ.

જ્યારે કોઈ પણ શિક્ષણ સંસ્થા આવા અસામાન્ય પ્રસંગે કોઈ નાટ્ય યા સંગીતની વસ્તુ રજુ કરે છે ત્યારે એ રજુઆત ઉપરથી એ સંસ્થામાં સંગીત, નૃત્ય, અભિનય વગેરેની કેવી તાલીમ આપવામાં આવે છે તેનું જાહેર જનતાને સાચું માપ મળી આવે છે. પણ પ્રેમરંગને શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇચ્છારામ ગર્લ્સ હાઇસ્કૂલની સંગીત તેમ જ નાટ્યવિષયક પ્રગતિનું અનુમાપક લેખી શકાય તેમ છે જ નહિ. કારણ કે પ્રેમરંગ ભજવવામાં બહારના તત્વોનો ઘણો મોટો ફાળો હતો. સંસ્થાની દૃષ્ટિએ આ બરોબર થયું ન ગણાય

પ્રેમરંગનું સંગીત-નાટક શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાના લાભાર્થે એક વાર ભજવાયું. અને બે વાર વીલેપારલેના શ્રી. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલના લાભાર્થે ભજવાયું. દરેક ભજવણીની ટીકીટની આવક આશરે ત્રીસેક હજાર થવાનું અનુમાન છે. આજ સુધીમાં અનેક સંસ્થાઓના હીરક મહોત્સવો ઉજવાયા હશે. પણ આ હીરક મહોત્સવની એક વિશેષતા સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી છે અને તે એ કે આ સંસ્થાએ પ્રેમરંગ પોતા માટે એક વાર ભજવીને થોડોએક આર્થિક લાભ સાધ્યો, પણ સાથે સાથે વીલેપારલેના સાર્વજનિક હોસ્પીટલ જેવી લોકોપકારક સંસ્થાને પણ ઠીક ઠીક અર્થલાભ થવામાં આ સંસ્થા નિમિત્તરૂપ બની. આવું પુણ્યકાર્ય સંસ્થાના ગૌરવમાં ઓર વધારો કરે છે. **પરમાનંદ**

જૈન કથા ગીતો

મુંબઇના જાણીતા સંગીતકાર શ્રી. શાન્તિલાલ બી. શાહ તરફથી તેમણે રચેલાં જૈન કથા ગીતોનો સંગ્રહ અવલોકનાર્થે મળેલ છે. ભાઇ શાન્તિલાલે જાણીતી કેટલીએક જૈન કથાઓને ગેય પદ્યરચનામાં ગુંથેલ છે અને તેની ભાષા સાદી, સરળ અને હૃદયંગમ્ય છે. તેથી જૈન કથાના જાણકાર સામાન્ય જનસમુદાયને આ ગીતો વાંચતાં સહજપણે આનંદ આવે તેમ છે. વૈષ્ણવ સંપ્રદાયમાં જેવી કીર્તનની પ્રથા છે તેવી જૈન સંપ્રદાયમાં છે જ નહિ અને તેથી જૈન કથા ગીતો જેવું સાહિત્ય જૈનોમાં બહુ જ ઓછું વિકાસ પામ્યું છે. એકની એક કથા આપણે ગદ્યમાં સાંભળીએ તે કરતાં તેને પદ્યાકારમાં કોઇ સારા સંગીતકાર પાસે વાજિંત્રોના સાજ સાથે સાંભળીએ ત્યારે તેનો કોઈ જુદો જ આનંદ આવે છે. કથાની વસ્તુ આપણા ચિત્ત ઉપર સચોટ બેસી જાય છે અને ભક્તિનો આપણા દિલમાં અવનવો આવીર્ભાવ થાય છે. છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાઇ શાન્તિલાલે આ પુસ્તકમાંના કેટલાક પદો ગાઇને સંભળાવ્યા હતા અને આખી સભાને આનંદમુગ્ધ કરી હતી. આ પુસ્તકમાં મહાવીર સ્વામી, સ્થૂલીભદ્ર અને કોશા, સુલસા, નાગદત્તા, ઇલાચી-કુમાર, અરણિક મુનિ, શ્રી પાર્શ્વનાથ, નેમ-રાજુલ, રહનેમિ અને રાજુલ, ચંદનબાળા, દાદાસાહેબ, શ્રી જિનદત્તસૂરીજી, ચંદ્રકાશી-આટલી પદ્યરચિત કથાઓ અન્તર્ગત કરવામાં આવી છે અને એ દીનબંધુ ની પ્રાર્થના સાથે આ સંગ્રહ પૂરો થાય છે. સંગીતપ્રિય જૈનોએ આ પુસ્તક વસાવવા યોગ્ય છે. તેની કિંમત રૂ. ૨ છે અને ફોરવર્ડ સ્ટુડિઓ, મંગળવાડી, ગીરગામ, ધુતપાપેશ્વરપ્રસાદ, મુંબઇ ૪. એ આ પુસ્તક મળવાનું ઠેકાણું છે.

પરમાનંદ

પ્રવાસ વર્ણન

ખંડવા – ઇંદોર – ઉજ્જૈન

(આ પ્રવાસ વર્ણનના લેખક શ્રી. તારાચંદ કોઠારી ભારત જૈન મહામંડળના મંત્રી છે. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે. જૈનોના ભિન્ન ભિન્ન ફિરકાઓ વચ્ચે એકતા સધાય, એક સંપ્રદાયની સંસ્થાનો લાભ આખા જૈન સમાજને મળે અને માત્ર જૈનોના લાભાર્થે ઉભી કરવામાં આવેલી સંસ્થા સાર્વજનિક રૂપને પામે એ હેતુથી ચોલ્લયલા ભારત જૈન મહામંડળના મુખ્ય કાર્યકર્તાઓના પ્રવાસનું આ વર્ણન "પ્રબુદ્ધ જૈન"ના વાંચકો માટે પ્રેરણાદાયી નીવડશે અને જૈન સમાજમાં પરસ્પર એકતાની ભાવનાને પુષ્ટ કરશે એવી આશા છે. **તંત્રી**)

જૈનોનો સંપર્ક સાધવા અને જૈનોની સાંપ્રદાયિક એકતાના પ્રચાર માટે ભારત જૈન મહામંડળના મધ્યભારત અને રાજસ્થાન વગેરેના એક માસના પ્રવાસનું વર્ણન હું 'પ્રબુદ્ધ જૈન' માટે શરૂ કરું તે પહેલાં ભારત જૈન મંડળની આછી ઓળખ આપવી જરૂરી સમજું છું.

ભારત જૈન મહામંડળ આમ તો પચાસેક વર્ષ પર સ્થપાયું હતું. મધ્યપ્રદેશ, મધ્યભારત અને ઉત્તર હિંદુસ્તાનમાં એ જાણીતું હતું. ગુજરાત તરફ આજે પણ એની બહુ જાણકારી નથી. આર્ય–સમાજ પ્રેરિત જે પ્રવાહ જ્ઞાતિ અને ધર્મની જાગૃતીનો હિંદભરમાં ફેલાયો હતો તે વેળા અંગ્રેજીમાં 'ઓલ ઇંડીયા જૈન એસોસીએશન' અને હિંદીમાં 'ભારત જૈન મહા મંડળ'ના સ્વરૂપે આ સંસ્થાનો જન્મ થયો હતો. કેળવણીનો પ્રચાર કરવો, ઉચ્ચ કેળવણી માટે સ્કોલરશીપો આપવી, જૈનો માટે સેવા કરતી સંસ્થાઓ સ્થાપવી, રાજકીય જાગૃતી લાવી રાજકારણમાં લાગવગ વધારવી એ એનાં કાર્યક્ષેત્રો હતાં. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સાથોસાથ એના અધિવેશન થતાં અને જૈનોના તમામ ફીરકાઓના અગ્રણીઓ, તેમજ રાષ્ટ્રના આગેવાનોનાં ભાષણ થતાં. શ્રી. અજીતપ્રસાદજી જૈને 'જૈન ગેઝેટ' આ સંસ્થાના મુખપત્ર તરીકે, પરંતુ પોતાના જ ખર્ચે વર્ષો સુધી ચલાવ્યું અને 'જૈન જગત' હિંદીમાં શરૂ થયું અને બરોબર વિકસ્યું ત્યારે જ બંધ કર્યું. દરેક સંસ્થામાં બને છે તેમ આ સંસ્થામાં પણ ભરતી પછીની ઓટ આવી, અને એ દરમ્યાન વર્ધાવાળા શ્રી. ચિરંજીલાલજી બડજાતેએ એને ટકાવી રાખ્યું. પાંચેક વર્ષ પર એના બીયાવર અધિવેશનથી એ પાછું સચેત થયું અને એના મદ્રાસના અધિવેશને એને આજીવન સેવાભાવી પ્રમુખ આપ્યો. શ્રી. રિષભદાસજી રાંકાએ સતત સેવા આપી, એનું નવું ઘડતર કર્યું અને જુના મિત્રોને પણ સક્રિય બનાવી, સંસ્થાને નવપલ્લવિત કરી. આજે હિંદભરમાં એની પચ્ચીસેક શાખાઓ છે. એને ઘણા નવા કાર્યકર્તાઓ જડ્યા છે.

પ્રવાસ પર્યુષણમાં કરીને, જ્યાં જ્યાં સાધુ મુનિરાજો હોય ત્યાં ત્યાં એમનો જૈન એકતા અને ભિન્નભિન્ન સંપ્રદાયના સાધુ, શ્રાવકો પ્રત્યે સન્માનપૂર્વકનો વ્યવહાર સરળ બને તેવી પ્રવૃત્તિઓમાં સહકાર મેળવવા તેમજ પર્વ નિમિત્તે એકત્રિત થયેલા જનસમુહનો સંપર્ક સાધવાનો ઉદ્દેશ રખાયો હતો.

હું ટ્રેનમાં ૨૭ મી સપ્ટેમ્બરે ભૂસાવળ પહોંચ્યો. ભૂસાવળનું રેલ્વે જંકશન તરીકે તેમજ રૂ અને સિંગદાણાના વ્યાપારનું અગત્યનું સ્થાન છે. ભૂસાવળમાં મંડળની શાખા છે તેમજ મંડળના કાર્યમંત્રી શ્રી. ફકીરચંદજી જૈન રહે છે. એ બહુ ઉત્સાહી યુવાન છે. સાંજના મંડળના કાર્યાધ્યક્ષ શ્રી. રિષભદાસજી રાંકા, ઉપાધ્યક્ષ શ્રી. રાજમલજી લલવાણી, મહામંત્રી શ્રી. સુગનચંદજી લુણાવત, સહાયક શ્રી. કેસરીમલજી ગુગલીયા જલગાંવ ઓસવાલ સંમેલનની સભામાં હાજરી આપી આવ્યા હતા.

ભારત જૈન મહામંડળને શ્રી. શાંતિપ્રસાદજી જૈને સ્ટેશનવેગન ભેટ આપ્યું છે તેમાં અમે ૭ વાગે ખંડવા ઉપડ્યા. સાતપૂડાના પર્વતો સમી સહાંજે ઓળંગ્યા અને તાપી નદિ ઓળંગી અમે ખંડવા પહોંચ્યા. સાતપૂડાના પર્વતો જાણે કહેતા હતાં 'શું દોડાદોડ કરો છો? અમને જોતા તો જાઓ.' એમની ટકોર અમને તો શું સ્પર્શે? ભગવાને પુરૂષોનાં હૈયાં જ એવાં ઘડ્યાં છે! પણ મોટરને એ ટકોર અડકી ગઇ! આખરે મોટર નારી જાતિની ખરીને! એ ઉભી રહી ગઈ. એકાદ કલાકે એનાં મનામણાં કર્યાં, ડ્રાઈવર કાશીનાથે એના કાનમાં કેટલી કુંડો મારી, ત્યારે એ સમજી ને અગીયાર વાગ્યે એણે ખંડવા પહોંચાડ્યા. ન ગમતા મને એને ચાલવું પડ્યું એટલે એનો છંછેડાયલો મિજાજ અમારે આખે રસ્તે સાચવવો પડ્યો. સાતપૂડાની હાજરી વટાવ્યા પછી તો એણે દોટ મૂકી. આંખની શરમ એને અડકતી હશે?

ખંડવામાં જૈનોનાં બસ્સો અઢીસો ઘર હશે, એમાં મોટો સમુદાય દિગંબર ભાઇઓનો છે. અમે અગાઉથી ખબર આપેલી, તેથી આઠેક વાગ્યાના બધા રાહ જોતા બેઠા હતા. અજમેરવાળા શેઠ ભાગચંદજી સોનીની પેઢી પર અમે રહ્યા. એના મુનીમજી લક્ષ્મીચંદજી હુબડ, તથા કોંગ્રેસ કાર્યકર અમોલખચંદજી, માસ્ટર હજારીમલજી વિગેરે સાથે ચર્ચા થઇ. અહિં ભારત જૈન મહામંડળની ત્રણેક માસથી શાખા ચાલે છે અને ખૂબ ઉત્સાહી જુવાનો છે. જૈનોના આંતરકલહ અને સંપ્રદાયોના પરસ્પર વિરોધી આચરણોને બદલે અહિં જુદું જ સંપીલું વાતાવરણ મ્હેં જોયું. 'અન્ન બચાવો' આંદોલન, સ્વયંસેવક મંડળ, જૈનોની વસ્તી ગણત્રી વિગેરે કામોમાં અહિંના ભાઇઓએ સરસ કામ કર્યું છે. શાખાના મંત્રી શ્રી. કનૈયાલાલ હુબડ સારી કેળવણી પામેલા જુવાન છે. એક સ્થાનિક ફંડ કરીને દુઃખીઓને ગુપ્તદાન આપવાની યોજના શ્રી. રિષભદાસજીએ સુચવી અને એ ફંડ કરવાનું નક્કી થયું. ભારત જૈન મહામંડળના ઉદ્દેશો સમજાવતાં મ્હેં કહ્યું "જૈનોમાં જૂદાં જૂદાં જે પર્યુષણો થાય છે તે જૂદાં કરવામાં કોઈ ઐતિહાસિક કે જ્યોતિષિક મહત્વ હોય તેમ મ્હને લાગતું નથી. તો પછી, આપણે બધા સાથે જ પર્યુષણ કરીએ તો કેટલું સારૂં લાગે અને ઐક્યની આપણી વાતને કેટલું બળ મળે?" ત્યાંના ભાઇઓને આ વાત ગમી અને અમે સૌ દિગંબર બ્રહ્મચારી માણેકચંદજી પાસે ગયા ત્યારે એમણે આ વાતનું સમર્થન કર્યું. અખિલ હિંદના ધોરણે નિર્ણય ન થાય ત્યાં સુધી શ્વેતાંબર–દિગંબરોએ બન્નેના મળી, અઢારે દિવસનું પર્વ ઉજવવાનું નક્કી કર્યું. સૌને ખૂબ આનંદ થયો. આગેવાન ગણાતાં શહેરોમાં ઐક્યની વાતો, સંપની કલ્પનાઓ, ઘણી છે, પણ આચાર માટે તો હજુ આપણે નહાના ગામો પાસેથી શિખવાનું છે. ખંડવાનું આ પગલું જેટલું સરળ છે તેટલું જ સ્તુત્ય છે.

૨૮મી એ બપ્પોરે અમે ઇંદોરના રસ્તે માર્ગમાં, 'ઉન' જે પાવાપુરી સિધ્ધક્ષેત્ર તરીકે જાણીતું છે ત્યાં પુરાણી ભવ્ય જૈન નગરીનાં અને મંદિરોનાં ખંડેરો જોયાં. અહિં એક નવું મંદિર, ધર્મશાળા અને પાઠશાળા તથા ઔષધાલય છે.

વિસામો લઈ ત્યાંથી વિંધ્યાચળ પર્વત દરીઆઈ સપાટીથી ૩૦૦૦ ફીટ ઉંચે ચ્હડી, લીલમલીલી ખીણો જોઈ, નર્મદા ઓળંગી અને ઇંદોરથી પંદર માઈલ દૂર **મ્હોવ** જે મધ્ય ભારતનું લશ્કરી મથક અને હવા ખાવાનું સ્થળ ગણાય છે ત્યાં સાડા આઠ વાગ્યે પહોંચ્યા. રસ્તામાં શેઠ રાજમલજી લલવાણીના રમુજી બોધપ્રદ ટુચકાઓ અમારો થાક હળવો કરતા જતા હતા. મ્હોવ એક સ્વચ્છ સુંદર કેમ્પ છે. એના રસ્તા વિશાળ છે, સુંદર દુકાનો છે અને પાણી સારૂં હોઈ, હવા ખાવાનું સ્થળ છે. અંગ્રેજોની મીલીટરી ગયા પછી, એનો વ્યાપાર ખોરવાઇ ગયો છે.

ઇંદોર

ત્યાંથી સાડા નવે અમે ઇંદોર પહોંચ્યા. રાયબહાદુર શ્રી. કનૈયાલાલ ભંડારીને ત્યાં અમે ઉતર્યા. શ્રી. કનૈયાલાલજી મોટા

ઉદ્યોગપતિ છે, અને સ્થાનકવાસી જૈનોના અગ્રણી છે. સંપ્રદાયના વિરોધો ઓછા કરવાની બાબતમાં એ બહુ ઉત્સાહી ન જણાયા. મધ્ય ભારત સરકારના વડા પ્રધાન શ્રી. તખતમલજી જૈન અને નાણા પ્રધાન શ્રી. મીશ્રીલાલ ગંગવાલ બન્ને ભારત જૈન મહામંડળમાં ખૂબ રસ લે છે અને તેની કારોબારીના સભ્ય છે. શ્રી. મીશ્રીલાલજીએ એમના રોકાણોને લઈ રાત્રે જૂદી જૂદી સંસ્થાઓના કાર્યકરોનું એક સંમેલન ગોઠવ્યું. એમાં યુવકોએ ખૂબ ઉત્સાહ બતાવ્યો અને બીજે દિવસે પર્યુષણ પર્વમાં મુનિરાજોના વ્યાખ્યાનોમાં જઇ, ત્યાં મંડળના કાર્યકરોનાં ભાષણ રાખવાની એમણે મરજી બતાવી અને ગોઠવવાનું માથે લીધું.

દિગંબર સમાજના ધનાઢ્ય શેઠ હુકમીચંદજીને મળવા ગયા એ પ્રસંગ મ્હારે મન ચિરસ્મરણીય રહેશે. ટેલીફોનથી સમય માગ્યો એમણે તરત જ આવવા કહ્યું. શરૂઆતની વાતમાં તો 'ક્યા મતલબ ?', 'યહ રદ્દી બાત હૈ' એમ કહ્યા જ કરે–વાત જામવા જ ન દે. અને કહે 'એ સાધુઓ જ્યાં સાથે રહેતાં ઝઘડો કરે છે ત્યાં સંપ્રદાયો કોઈ કાળે એક થવાના નથી.'–પરંતુ શ્રી. રાજમલજીએ એમને કહ્યું કે 'અમે કંઈ ફંડ કોઇની પાસે માગતા નથી એટલે તમે પણ નિર્ભય રહેજો' બસ, જાણે ચમત્કાર થઇ ગયો. એમણે ખૂબ ઉત્સાહમાં આવી જઈ અમને થાબડયા અને હાથ પકડી પકડી અમને બેસાડયા. એક કલાક વાતો કરી પછી કહ્યું, 'તમારું કામ મુશ્કેલ તો છે, પણ મ્હારા તમને આશીર્વાદ છે !' અને બીજે દિવસે જમવા બોલાવ્યા. નિર્ભય બન્યા પછીનો એમનો આગ્રહ અમે ટાળી ન શકયા. મિલમાલિક મંડળના પ્રમુખ શ્રી. ચંદનસિંહજી મોહતા મળ્યા. તેઓ એક આકર્ષક, વાકચતુર અને પ્રતિભાશાળી જુવાન છે. શ્રી. સિધ્ધરાજજી ઢઢ્ઢાના એ બાળમિત્ર છે. ઇંદોરથી ચારેક માઈલ પર કસ્તુરબા ગ્રામની શ્રી. ચંદનસિંહજીની દેખરેખ નીચે બહુ મોટા પાયા પર રચના થઈ રહી છે. કસ્તુરબા સ્મારક સમીતિનાં મંત્રી શ્રી. શ્યામલાલજી તથા ગાંધીજીનાં આશ્રમવાસી શ્રી. સુશીલાબ્હેન પૈ અને વર્ધાવાળા શ્રી. ધન્નાલાલજી મળ્યા.

૩૦ મી એ રવિવારે અમે દિગંબર મંદિરમાં ગયા. ત્યાં દિગંબર મુનિશ્રી અભિનંદન સાગરજી પ્રવચન કરતા હતા. એમણે પોતાનું વ્યાખ્યાન ટૂંકાવી, શ્રી. રિષભદાસજી રાંકાને બોલવા સૂચવ્યું. જૈનોમાં પરસ્પર પ્રેમ વધારવા પર એમણે પ્રવચન કર્યું. આ વિશાળ મંદિર શ્રી. મીશ્રીલાલજી ગંગવાલનાં કુટુંબીઓએ બાંધ્યું હતું એટલું જ નહિ પણ એનું કઠીઆકામ, સુતારકામ અને બાંધકામ તમામ જૈનોએ કર્યું હતું એ વાત જાણી અમને આશ્ચર્ય થયું.

ત્યાંથી અમે સ્થાનકમાં ગયા. જુવાનો જે કાલે મળ્યા હતા તે મંડળના કાર્યકર્તાઓનાં ભાષણ કરાવવા માગતા હતા, પરંતુ મુનિ કસ્તુરમલજી ગમે તે કારણે દાદ આપવા માગતા ન હતા. ચીઠ્ઠીઓ પર ચીઠ્ઠીઓ પહોંચવા માંડી, મુનિજી લોકોનો આગ્રહ જોઇ, નિરૂપાય થયા અને 'કોઇનું દિલ દુઃખાય એવું ન બોલશો' એમ કહી રજા આપી. શ્રી. રિષભદાસજીએ ભાષણમાં કહ્યું. 'મંડળ કોઇની માન્યતા છોડવા કે કોઇના દિલને દુભવવા નથી માગતું. માન્યતાઓ અનુસાર આચાર કરીને, બીજાના સંપ્રદાયો સાથે ભાઇચારો કેળવી, જૈનોના સમગ્ર ઉત્કર્ષ માટે સૌએ કામે લાગી જવું જોઇએ.' ત્યાંથી અમે મૂર્તિપૂજક ઉપાશ્રયમાં ગયા. ત્યાં અમારો પહોંચવાનો સમય જે જાહેર થયો હશે તેથી અમને મોહું થઇ ગયું–છતાં મુનિજીએ અમને પ્રેમથી સત્કાર્યા અને તરત જ વ્યાખ્યાન આપવા આગ્રહ કર્યો

શેઠ હુકમીચંદજીને ત્યાં જમી આવ્યા પછી અમારા ઉતારે તરૂણ કાર્યકરો આવતા જ ગયા. જૈનોની એકતાની વાતે એમને આકર્ષણ તો કર્યું હતું, પરંતુ એમને જોઇતો હતો કોઈ જુસ્સાદાર કાર્યક્રમ. જુવાન લોહીને શાંતિથી વિચારપરિવર્તન કરવાનું કેમ ગમે ? એમનો જાહેર સભા કરવાનો આગ્રહ હતો. પરંતુ 'જે વિચાર આજે તમને ગમે છે તે વિચારના મિત્રોનો એક સમુહ તમે બનાવો પછી, તમે બોલાવશો ત્યારે આવીશું' એમ કહી, અમે ઉજ્જૈન જવા ઉપડયા.

ઇંદોરમાં કયાંક કોઇએ એક સરસ વાત કહી. કોણે કહી તે યાદ નથી આવતું. 'વૃક્ષ ઉભું હોય તો સુગંધ આપે, ફળ આપે, પશુઓ માનવો છાંયડો લ્યે, પક્ષીઓ માળા બાંધે, બચ્ચાં ને ઇંડાં એના આશ્રયે છોડી, નિશ્ચિંત થઈ ફરે–અને વૃક્ષ પડે તો સાપ, ઉંદર, કીડા મંકોડા કોરી ખાય.' જીવનને આપણે ઠઠ્ઠાર ન રાખીએ તો આપણેય કોરાઇને સડી જવાના !

મધ્યપ્રદેશની સરકાર ૭ માસ ગ્વાલીયર અને ૭ માસ ઇંદોર રહે છે. બન્ને જગ્યાના લોકોનો આગ્રહ છે પોતાના શહેરને રાજધાનીનું શહેર બનાવવાનો. 'પ્રજાપ્રિય' રહેવા મથતી સરકાર નિર્ણય લઇ, કોઈ પક્ષને નારાજ કરવા માગતી નથી. નિર્ણયનું કામ પંડિત નહેરૂને સોંપાયું છે ત્યાંય તારીખો પડતી જાય છે. મધ્ય પ્રદેશમાં પાંચ પ્રધાનો જૈન છે.

ઇંદોરને છોડયું, પણ ત્રણ ચાર હજારની માનવ મેદની લાઉડ–સ્પીકર વિના સાંભળે એવા સૂરીલા, મીઠા, બુલંદ અવાજે નાણાંપ્રધાન શ્રી. મીશ્રીલાલજી ગંગવાલે દિગંબર જૈન મંદિરમાં વ્યાખ્યાન પછી ગાએલા ભજનનો સૂર અમને આખે રસ્તે સંભળાયા કર્યો. પ્રધાનપદે પહોંચ્યા પછી જે સરળતા અને નિરભિમાનતા એમણે જાળવી રાખી છે તે પ્રસંશનીય છે.

ઉજ્જૈન

મહારાજા વિક્રમાદિત્યની ઉજ્જયનિની ઘણી વાતો સાંભળી હતી. સિંહાસન બત્રીસીની બાલપણમાં સાંભળેલી વાતો અને મહારાજ વિક્રમાદિત્યની વેષભૂષા બદલી શહેરમાં રાત્રીપર્યટનોની બોધ-પ્રદ વાર્તાઓ ઉજ્જયનિ જતાં સ્મરણ પટે તરી આવી. હિંદના સાત પવિત્ર શહેરોમાં ઉજ્જયનિની ગણના થાય છે. સિપ્રા નદિના કાંઠે, એનાં મંદિરો અને બાવાના ધાટો છે. માલવા જોડે ગુજરાતના ઇતિહાસને ઘણો સંબંધ રહ્યો છે. માલવાના રાજાઓ મુંજ ને ભોજની રસિકતા અને વિદ્વત્તાએ ઇતિહાસમાં અગત્યનું સ્થાન લીધું છે. ઉજ્જયનિ માલવાની પાટનગરી હતી અને આજે પણ છે. શ્રી. કનૈયાલાલ મુનશીએ 'પૃથ્વીવલ્લભ' રચ્યું અને એમાં માલવપતિ મુંજનો તૈલપરાજની બ્હેન મૃણાલ સાથેનો પ્રણયપ્રસંગ ગુજરાતનાં સાહિત્યકારોનાં પ્રચંડ વાગ્બાણોને પાત્ર બન્યો હતો તે મ્હને યાદ આવ્યું. મ્હને યાદ આવે છે ઉજ્જૈન આપણા પ્યારા લોકગીત 'મેંદી રંગ લાગ્યો' ઉપરથી, કારણ કે 'મેંદી માલવાથી આવી હતી.' સ્વ. ઝવેરચંદ મેઘાણીની તાકાતવાન છતાં સૌંદર્યવતી સ્ત્રીની કલ્પના, માલવાની મેંદી, મેંદીના લાલ રંગે રંગાએલા હાથો, અને દિયરીઆ જોડે ભાભીની વાતો કરતું મોહક અવાજે ગાતું શ્રી. મેઘાણીનું બુલંદ ગળું 'મેંદી રંગ લાગ્યો રે' મ્હને સાંભરી આવ્યું. અહિંની વખણાતી ચીજોમાં મેંદી અને કંકુ–પણ અફસોસ ! પ્રયત્ન છતાં મેંદી કે કંકુ ઘર માટે ન લાવી શકયો. હિરો ધોયે જઈ આવ્યો અને ડોલે હાથ દઈ આવ્યો ! ચાર પાંચ વખત યાદ દેવરાવ્યું, 'જતી વખતે મંગાવી આપીશું' અને જતી વખતે બજારોમાં જવા જેટલો વખત ન રહ્યો. ખેર ! આજના માનસશાસ્ત્રીઓ કહે છે જે કામ તમારાથી રહી જાય છે તે તમારું અજ્ઞાત મન કરવા માગતું નથી હોતું માટે રહી જાય છે. આ ખરૂં હશે ? સ્ત્રી મેંદી લગાડવાની ઉંમર વટાવતી જાય છે અને બીજું કોઇ મેંદી લગાડવા જેવું ઘરમાં છે નહિ તેથી આમ બન્યું હશે ?

વર્ષ દરમ્યાન ઉજ્જયનિમાં કેટલાક ધાર્મિક મેળાઓ ગોઠવાય છે લોકો યાત્રાર્થે આવે છે. પરંતુ દર બાર વર્ષે સિંહસ્થ મેળો થાય છે ત્યારે તો ભારતભરમાંથી સેંકડો યાત્રીઓ આવે છે.

ઉજ્જયનિ અમે પહોંચ્યા પાંચ વાગે. એની સાંકડી ગલીઓ જોવી ગલીઓ મ્હેં તો કયાંય જોઈ નથી. મુખ્ય રસ્તે જ મોટર જઇ શકે. બાકી તો કયાંક ઘુસી તો નિકળવું જ મૂશ્કેલ. એક જગ્યાએ અમે એમ ઘુસી ગયા–પછી તો મરજાદી સ્ત્રી જેમ દર ડગલે કોઈ અડકી તો નથી જતું ને એમ ખાત્રી કરીને આગળ ચાલે તેમ મોટરને

મકાનોની ભીંત લાગતી તો નથી એમ સંભાળી, સંભાળીને મહા મુશ્કેલીએ વિશેક કદમ, દશેક મીનિટે અમે મોટરમાં નિકળી શકયા. અમારામાંના શ્રી. રાજમલજી લલવાણીને ખાનદેશના લોકો 'શેરે ખાનદેશ' કહે છે. એ જંગલપતિ સિંહ આ ગલીઓ અને એના મકાનો જોઈ ગભરાઈ ગયેા. એમને મુકત જગા જોઇતી હતી. બરાબર પાંચ વાગ્યાથી સાડા આઠ વાગ્યા સુધી, અમારા મિજમાન શ્રી. પારસમલજી મુથાએ રાત ગાળવાનાં જુદાં જુદાં મથકો બતાવ્યા કર્યાં. આખરે મન મનાવીને અમે મોડી રાત થતી હતી તેથી આરો ન હોઇને, શ્રી. રાજમલજીએ અમારા કાર્યમંત્રી શ્રી. ફકીરચંદજીના સાસરે રહેવા-નવા ઉજ્જૈનમાં પસંદ કર્યું. સિંહ ખાય તો શિકાર, ખાય ભૂખે મરે, પણ ઘાસ ન ખાય. શેરે ખાનદેશની સોબતમાં મોહું થઈ ગયું, તેથી અમારે ભૂખ્યાં સુવું પડયું.

સહવારે સિપ્રા નદિમાં સ્નાન કરી આવ્યા. ભારત જૈન મહામંડળના વ્યાલીઅર અધિવેશનમાંથી ભાઈચારાની જે ભાવના અહિં ફેલાઇ હતી તેના પ્રતીકરૂપે એક બોર્ડ સ્થાનકવાસી ઉપાશ્રયમાં અમે જોયું, 'આજ હમ સમજે હય-હમ સબ ભાઇ ભાઇ હૈ.' અહિં તેરાપંથી અને સ્થાનકમાર્ગી સાધ્વીજીઓના ચાતુર્માસ હતાં. અને બન્નેનાં માત્ર પંદર વિસ કદમ દૂર વ્યાખ્યાનો થતાં હતાં. જેને જ્યાં બેસવું હોય ત્યાં બેસે. કેટલાંક થોકું અહિં, થોકું તહિં, એમ બે જગ્યાએ લાભ લેતા. બન્ને સંપ્રદાયના મુખ્ય સાધ્વીજીઓ ભારે વિદ્વાન હતાં-અને બન્ને જગ્યાએ ભારત જૈન મહામંડળની વાત મૂકાઇ અને બન્નેએ એના આદર્શ, પ્રચાર અને એકતાને આજની જરૂરત ગણાવી. પોતાના વ્યાખ્યાનમાં શુભેચ્છા દર્શાવી. શ્રી. રિષભદાસજીએ અહિં 'બે હજાર સાધુઓ જૈન સમાજમાં હોવા છતાં, જૈનોમાં ત્યાગ હોવા છતાં, આપણું જીવન બીજાથી કેમ કાંઇ ઉંચા જણાતા નથી?' એ પ્રશ્ન કરી આંતરીક કલહને કારણરૂપ ગણાવ્યો. શેઠ રાજમલજીએ વ્યાખ્યાન દરમ્યાન કહ્યું. "મહને દિલ્હીમાં લોકોએ પૂછયું કે જૈનો કેમ ઘટતા જાય છે?" મહેં જવાબ આપ્યો "જૈનો મોક્ષમાં જાય છે તેથી ઘટે છે અને બીજાઓ જે મોક્ષમાં જતા નથી તે વધતા જાય છે." આ તો રમુજની વાત થઇ. પરંતુ તમે જૈનો લડયા કરો છો, જેથી જૂના જૈનોમાંથી કેટલાક નીકળી જાય છે અને નવા થતા નથી-થવા માગે છે તેને અપનાવતા નથી-સમાજમાં લેતા નથી. પછી જૈનો વધે કયાંથી ? કોઇએ આમ કર્યું તો મૂકો સંઘ બહાર. કોઇએ તેમ કર્યું તો મૂકો સંઘ બહાર. પછી સંઘ વધે કે ઘટે? આપણામાં આપણા પૂર્વજોની કુનેહ અને દુરંદેશીનો અભાવ છે. એથી જૈનોની સંખ્યા ઘટતી જાય છે".

સ્થાનકમાર્ગી સાધ્વી શ્રી. કુસુમવતીજીને જોઇ એમનું જીવંત રસભર્યું વ્યાખ્યાન અને એની શૈલી જોઈ મહને શ્રી. ઉજ્જવલકુમારીજી યાદ આવ્યાં. આટલી નહાની વયે એમનો અભ્યાસ અને ભાષા પરનું પ્રભુત્વ આશ્ચર્ય પમાડે તેવું લાગ્યું. બધાંની ઓળખ પછી, મહારો વારો આવ્યો. 'મુંબઇના છો ? તો ગુરૂજી મહારાજના દર્શન તો કર્યા હશે' મધુરતાથી મહને પૂછયું. અવિવેક ગણાય છતાં મહારે કહેવું પડયું કે કેટલાંય વર્ષોથી સાધુઓના ઝગડા અને આચારની શિથિલતા જાણીને મહેં સાધુઓ પાસે જવાનું છોડી દીધું હતું.' આ સાંભળવા છતાંય એમની સૌમ્યતામાં ફરક પડયો નહિં.

પ્રવાસ લાંબો કરવાનો હતો એટલે બપ્પોરના કાર્યકરોને મળી લેવાય તો સાંજે રવાના થઇએ એમ અમે શ્રી. પારસનાથજીને કહ્યું. એમના ઉત્સાહે, અને અમારા આગ્રહે વેપારીઓના વેપાર મૂકાવી, ભર બપ્પોરે બે વાગે નમકમંડીની દિગંબર ધર્મશાળામાં સભા થઇ. અહિંના ધગશવાળા એક કાર્યકર શ્રી સત્યધર શેઠી બહારગામ હતા. મંડળના આદર્શો, હેતુઓ અને કાર્યપ્રણાલી સભામાં મૂકવામાં આવ્યાં અને મંડળની શાખા ખોલવાનું નક્કી થયું. જુવાનો, વૃદ્ધો અને બહેનો પણ સભામાં સારી સંખ્યામાં હાજર હતાં. સહાંજના હોત તો વધુ લોકો લાભ લઇ શકત એમ કાર્યકરો કહી રહ્યા હતા. શ્રી. સત્યધર શેઠી અને શ્રી. સુજ્જનસિંહ શેઠીઆ શાખાના મંત્રીઓ નિમાયા. કાર્યની તમન્ના લોકોમાં હતી. સભાના પહેલાં અમે શ્રી. વિનોદ ઓઇલ મીલના મેનેજીંગ એજન્ટ શ્રી. લાલચંદજી શેઠીને મળ્યા હતા. નાણાં-પ્રધાન શ્રી. મીશ્રીલાલજી ગંગવાલે એમને ટેલીફોન કરેલો અને અમારા ઉતરવાની વ્યવસ્થા એમણે કરી રાખેલી, રસોઈ તૈયાર કરાવી રાખેલી એમ એમણે કહ્યું. પરંતુ અમને એમના મીલના દરવાને અંદર જ ન આવવા દીધા અને એની પાસે પરાણે પૂછાવ્યું કે ઇંદોરનો ટેલીફોન હતો ? તો જવાબમાં કોઇ જવાબદાર માણસને પૂછી એણે અમને નન્નો સુણાવ્યો એ વાત અમે એમને કહી. થોડી ધુંવાંકુવાં દરવાન પર કરી, એ ચૂપ રહ્યા. કાર્યની આખી વાત અને પ્રવાસના હેતુઓ અમે એમને કહ્યાં. એ હાં હાં કરતા ગયા, જરા અમથું બોલતાં ગયા-પરંતુ વાત સાંભળતા હોય એમ મને લાગ્યું નહિં-એમનો જીવ ટેબલ પર પડેલા કાગળો અને ચેકોમાં રમતો મને લાગ્યો. ચારેક વાગે અમે ખુંદીકોટાની વાટ પકડી.

અપૂર્ણ

તારાચંદ

પ્રબુદ્ધ જૈન અને જાહેરખબર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૧૭-૨-૫૧ના રોજ મળેલી વાર્ષિક સભામાં પ્રબુદ્ધ જૈનને ચાલુ પદ્ધતિએ ચલાવવામાં આવતી ખોટને પહોંચીવળવાને માટે શું કરવું એ પ્રશ્ન ચર્ચાયો હતો અને એના અનુસંધાનમાં હવે પછી જાહેરખબરો દ્વારને આ ખોટને હળવી કરવાની કાર્યવાહક સમિતિને ભલામણ કરવામાં આવી હતી. આમ છતાં પણ કેટલાએક સભ્યોને જાહેરખબરો વડે પ્રબુદ્ધ જૈનના આજ સુધીના નિર્ધારિત સ્વરૂપને વિકૃત કરવું ગમ્યું નહિ અને આગામી વર્ષમાં આવનાર ખોટ પૂરતું પ્રબુધ્ધ જૈનના મિત્રો અને શુભેચ્છકોમાંથી ઉઘરાવી લેવાની તેમણે બાંહધરી આપી. આ રીતે એકઠી કરવામાં આવેલી રકમની યાદી નીચે મુજબ છે.

૫૦૦)	મેસર્સ આર. એમ. શાહની કું. ૨૦૦, રોકડા ૩૦૦, બાકી (મણીલાલ મોકમચંદ શાહ)	
૫૦૦)	શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ મારફત	
	૧૦૦)	શ્રી. ખુશાલદાસ ખેંગાર
	૧૦૦)	,, ગોકલદાસ શીવલાલ શાહ
	૧૦૦)	,, વાડીલાલ દોલતરામ
	૧૦૦)	,, ગંભીરલાલ ઉમેદચંદ
	૧૦૦)	,, એક સદ્‌ગૃહસ્થ.
૧૭૫)	શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ મારફત	
	૫૧)	જગજીવનદાસ જેચંદ
	૫૦)	બાબુભાઇ મણીલાલ ઝોકસી
	૨૫)	સ્વસ્તીક હાર્ડવેર માર્ટ
	૨૫)	ભીખાલાલ વૃજલાલ
	૨૫)	ખુશાલદાસ જે. શાહ
૧૫૧)	શ્રી. જયંતીલાલ લલ્લુભાઈ પરીખ	
૧૦૧)	,, ચીમનલાલ પી. શાહ	
૧૦૦)	,, ધીરજલાલ ધનજીભાઈ શાહ	
૧૦૦)	,, ચુનીલાલ કલ્યાણજી કામદાર	
૧૦૦)	,, જસુમતીબહેન મનુભાઈ કાપડીઆ	
૧૦૦)	,, રમણલાલ સી. શાહ	
૧૦૦)	,, કાંતિલાલ નથુભાઈ પારેખ. હ. શ્રી. પરમાનંદભાઈ	
૧૦૦)	,, ટી. જી. શાહ	
૨૦૨૮		**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, સીલ્વર મેન્સન, મુંબઈ, ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૩

મુંબઇ : ૧ નવેમ્બર ૧૯૫૧ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જવાહરલાલ નહેરૂની પરદેશનીતિ

(તા. ૧૫-૯-'૫૧ અને ૧૫-૧૦-'૫૧ ના અંકોમાં આ લેખના બે હપ્તા છપાયા હતા. અહીં આ લેખનો ત્રીજો અને છેલ્લો હપ્તો આપવામાં આવ્યો છે.)

અમેરિકન જુથની વાસ્તવિકતા

અમેરિકન જુથમાં જોડાઈ જવા ઇચ્છતો વર્ગ આમ વ્યાપારી મનોવૃત્તિ, રૂઢિચુસ્ત વિચારસરણી, કોમીવાદી દૃષ્ટિબિંદુ, મુડીવાદી માનસ તથા લોકશાહીમાં માનતા બુદ્ધિવાદી વિચારસરણીનો શંભુમેળો છે. આ વર્ગ અમેરિકાની એશિયન પરદેશનીતિથી અજ્ઞાત છે એમ નથી. માત્ર લશ્કર પર આધાર રાખતી અમેરિકન નીતિના બચાવમાં એમ જણાવવામાં આવે છે કે સ્ટાલિન, પ્રત્યેક સરમુખત્યારની જેમ, માત્ર બંદૂકની ભાષા સમજે છે. આથી જ અમેરિકાના પરદેશમંત્રી ડેર ડેર Sitatutions of Strength-લશ્કરી જમાવટનાં કેન્દ્રો-ઉભાં કરવા ઇચ્છે છે. એ પણ દલીલ કરવામાં આવે છે કે અમેરિકા આજે સામ્યવાદ સામે એક વિરાટ મોરચો સર્જી રહ્યું છે; અને આવા ભગીરથ કાર્યમાં ભૂલો થાય એ સ્વાભાવિક છે, માટે એવી ઉપરછલ્લી વસ્તુને એક બાજુ મૂકી હિન્દે અમેરિકાની મૈત્રી કેળવવી જોઇએ.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કોઈ કાઇનું મિત્ર માત્ર મિત્રતાને ખાતર હોય એ વિચાર જ અપરિપક્વ માનસ સૂચવે છે. આપણે એ સમજી લેવું જોઇએ કે કશાય સ્વાર્થ વિના રાષ્ટ્રો મિત્રો થતાં નથી. જો એમ ન હોત તો સામ્યવાદી ચીનને અમેરિકાથી ગુપ્ત રીતે પશ્ચિમજર્મની અને ફ્રાંસ લાખો ટન પોલાદ આપવાનો સોદો ન કરત. જ્યાં અર્થલાભ થયો ત્યાં અમેરિકા કે રશિયા જરૂર મિત્રતાનો હાથ લંબાવવાનાં. ફાસિસ્ટ ઇટલીને એબીસિનિયાના યુદ્ધ સમયે ૧૯૩૬ માં કહેવાતા પ્રગતિશીલ રશિયાએ તેલ પુરૂં પાડયું હતું. અને જ્યારે જર્મની સામે બ્રિટન જીવન-મરણનું જંગ લડતું હતું ત્યારે જર્મનીના સાથી જપાનને અમેરિકા લાખો ટન લોખંડનો ભંગાર પુરૂં પાડતું હતું. બ્રિટનના કટ્ટર વેપારી દુશ્મન જપાનને રીઝવવા બ્રિટનને ગુલામના જેટલી છુટછાટો આપનાર ચીનની જવાદારી સંભાળનારને બ્રિટને જ બંધ કરી દીધો હતો. જો હિન્દ પાસે અમેરિકાને જરૂરી મેંગેનીઝ જેવો કાચો માલ હશે તો અમેરિકા હિન્દને પાકિસ્તાન કરતાંયે વધુ શસ્ત્રો આપશે.

અને ધારો કે આપણે અમેરિકન જુથમાં જોડાયા અને અમેરિકાની આગેવાની નીચે આપણે આપણી પરદેશનીતિ ઘડી. સૌથી પ્રથમ અમેરિકા હિન્દને લશ્કરી કરાર કરવા સૂચવશે. હિન્દમાં અમેરિકા લશ્કરી, હવાઈ અને દરિયાઇ મથકો પણ કદાચ માંગે. લશ્કરી કરારનું પરિણામ એ આવશે કે આપણે ત્યાં ટ્રેકટર અને રસાયણિક ખાતરોના કારખાનાના સ્થાને ટેંક અને ઝેરી ગેસના કારખાનાં ઉભાં થશે. લશ્કરી શકિત હિન્દની વધશે, પણ ગરીબ હિન્દની પ્રુગાવાંના કારણે ગરીબી પણ વધશે. વળી ઉદ્યોગપતિઓ અને અમલદારોની સમૃદ્ધિ વધશે. આ માત્ર કલ્પના નથી. ઇટલીમાં યુધ્ધ બાદ ઉદ્યોગપતિઓએ કારખાનાઓને લોકોપયોગી સાધનો બનાવવાના કારખાનામાં ફેરવવાની ના પાડી; કેમકે તેમની ગણતરી હતી કે વહેલું મોડું ઈટલી કોઇ અમેરિકન રક્ષણ અને લશ્કરી કરારમાં જોડાશે અને ઈટલીને શસ્ત્રો બનાવવાની ફરજ પડશે. તેમની ધારણા ખરી પડી. ૧૯૪૯ ના એટલાંટિક કરાર બાદ અમેરિકાએ ઇટલીને શસ્ત્રીકરણ માટે મોટી મદદ કરી અને ઉદ્યોગપતિઓ વધુ સમૃદ્ધ થયા. બ્રિટન આ વર્ષે ૫ અબજ પૌંડનું લશ્કરી ખર્ચ કરવાનું છે. બ્રિટનનું અર્થતંત્ર સાવ જર્જરિત થઇ ગયું છે. ફ્રાંસ, બેલજિયમ અને હોલેંડની પરિસ્થિતિ આથીયે વધુ કરૂણ છે. યુરોપના સાધનસંપન્ન રાષ્ટ્રોની આ સ્થિતિ વિચારપ્રેરક છે.

અમેરિકા અને એશિયા

એશિયામાં અમેરિકાએ જ્યાં સહાય કરી છે ત્યાં અંધાધુંધી અને દારિદ્ર્ય વધ્યાં છે. ફિલિપિન્સનો દાખલો Classic-સચોટ-છે. ફિલિપિન્સે હંમેશા અમેરિકાની હા માં હા મિલાવી છે. અમેરિકાએ ફિલિપિન્સને ચાર વર્ષમાં બે અબજ ડોલરની મદદ કરી છે. આમ છતાં આજે ફિલિપિન્સમાં એટલું બધું અંધેર ચાલે છે કે સરકારી નોકરો તથા શાળાના શિક્ષકોને છ છ મહિનાથી પગાર મળતો નથી. સામ્યવાદીઓનું જોર એટલું બધું વધી ગયું છે કે ફિલિપિન્સના પાટનગર મનીલાથી દશ માઇલ દૂર કાયદો અને વ્યવસ્થા ભાંગી પડયા છે. ચાર અબજ ડોલરની મદદ કયાં ગઇ ?

પ્રજાશત્રુ આગેવાનો અબજો ડોલરો સ્વાહા કરવાની શકિત ધરાવે છે. જે આગેવાનો પ્રત્યાઘાતી હોય અને કેટલાક કિસ્સામાં લોકશત્રુ હોય તેવા આગેવાનો જ અમેરિકાની હાજી હા કરી શકે. ફિલિપિન્સના પ્રમુખ શ્રી. એલ્પિહો કવીરીનો અને પરદેશ પ્રધાન કાર્લોસ રોમુલો માત્ર જમીનદારોના આગેવાનો નથી, પણ શ્રી. રોમુલો તો ફાસિસ્ટ ફ્રાંકોના પ્રસંશક પણ છે. અમેરિકાને ચ્યાંગ કૈ શેક, સીંગમન રહી, બોશીદા, બાઓ દાઇ, અને પિબુલ સોંગ્રમ જેવા પ્રત્યાઘાતી આગેવાનોની એશિયામાં સહાય લેવી પડે છે. કોઇ પણ સ્વમાની, દેશભકત અને પ્રાગતિક આગેવાન ફિલિપિન્સના પ્રમુખ કવીરીનોની માફક અમેરિકાની ફિલિપિન્સ સાથેની શોષક દાણનીતિ (Tariff Policy) સામે આંખમિચામણા નહિ કરે. અમેરિકન જુથમાં મળી જઈ રાષ્ટ્રનું હિત સાધવાની આશા સેવતા વર્ગને અમેરિકાના વરિષ્ઠ અદાલતના ન્યાયાધીશ શ્રી. વિલિયમ ઓ. ડગ્લાસનું અમેરિકાની એશિયન નીતિ અંગેનું નિવેદન સહાયરૂપ થશે. શ્રી. ડગ્લાસે પૂર્વ એશિયાનો પ્રવાસ કરી જણાવ્યું "નવા ચીનનો આપણે સ્વીકાર કરીશું તો આપણી ખરેખર રાજકીય ફજેતી થશે. .....આપણે આપણી પરદેશનીતિ ડોલરના દૃષ્ટિબિંદુથી નહિ પણ સિધ્ધાંતના પાયા પર ઘડવી જોઇએ.....આપણે ડોલરો વરસાવીએ છીએ તેનું પરિણામ એ આવે છે કે ૨૦૦ માણસો શ્રીમંત બને છે, જ્યારે આપણે જે દેશને મદદ કરીએ છીએ તે આખો દેશ પ્રાથમિક દશામાં જીવે છે". અમેરિકન જુથમાં જોડાઈ જવાની હિમાયત કરનાર વર્ગે એ નોંધવું ઘટે કે શ્રી. જવાહરલાલ નેહરૂ ૨૦૦ વ્યાપારીઓના પ્રતિનિધિ નથી, પણ પ્રાથમિક દશામાં જીવન જીવતા કરોડો હિન્દીઓના પ્રતિનિધિ-સમા પરદેશમંત્રી છે.

રશિયન જુથની વાસ્તવિકતા

રશિયન જુથમાં હિન્દે જોડાવું જોઇએ એમ માનનારે પણ એક વર્ગ આ દેશમાં છે. હિન્દનો સામ્યવાદી પક્ષ અને ૧૯૫૧ નું રશિયા એ ૧૯૧૭ નું રશિયા છે એવા ભ્રમમાં રહેનાર કેટલાક બુધ્ધિવાદીઓ એમ માને છે કે અમેરિકન જુથ શાહીવાદી જુથ છે, જ્યારે રશિયન જુથ સ્વાતંત્ર્ય, લોકશાહી અને શાંતિનું જુથ છે. આથી હિન્દે પોતાનો સર્વનાશ ન નોતરવો હોય તો રશિયન જુથમાં ભળી જવું જોઇએ. આ વર્ગની એક લાક્ષણિકતા એ છે કે ઉપર જણાવેલ બે માર્ગથી અન્ય એવો કોઈ ત્રીજો માર્ગ હોઇ શકે તે વાત માનવા તે તૈયાર જ નથી. અત્યારની હિન્દી પરદેશનીતિ એ અમેરિકન પરદેશનીતિનો એક પ્રકાર જ છે એમ આ વર્ગ માને છે. મોસ્કોનો શબ્દકોશ માત્ર કોઇ સ્થિર અને નિશ્ચળ શબ્દકોષ નથી, પણ એ રશિયન હિતોની જરૂરિયાત પ્રમાણે નિત્ય ફરતા જતા અર્થવાળો શબ્દકોષ છે. માટે જ લોકશાહી, શાંતિ, જનતાનું રાજ્ય, સામ્રાજ્યવાદ, સમાજવાદ વગેરેના અર્થો એ શબ્દકોષમાં સમયે સમયે બદલાતા રહે છે.

સમાજવાદી રશિયા ?

રશિયા સમાજવાદી રાજ્ય છે એ વાત શ્રધ્ધાળુ સામ્યવાદીઓ સિવાય કોઇ માનતું નથી. છુપી પોલીસ, અમાનુષી ગુલામ કેમ્પો અને ઊંચી જાતિ સમી નોકરશાહી તથા લશ્કર દ્વારા થતા શોષણ પર રચાયેલી સમાજરચનાને સમાજવાદી કહેવી એ સમાજવાદ શબ્દના અર્થનો અનર્થ કરવા બરાબર છે. જો રશિયા સમાજવાદી હોય અને ત્યાં કોઈ શોષક ન હોય તો (સ્ટાલિને ૧૯૩૬નું બંધારણ રજુ કરતાં જાહેર કરેલું કે રશિયામાં હવે શોષક વર્ગ નથી) કેમ કોઈ વિરોધ પક્ષના અસ્તિત્વને મૂળમાંથી અટકાવવામાં આવે છે ? રશિયન ક્રાંતિના મુખ્ય ૧૮ આગેવાનોમાંથી બે કુદરતી મૃત્યુ પામ્યા, પણ બાકીના ટ્રોટ્સ્કી, બુખારીન વગેરે ૧૬ આગેવાનોને શા માટે સ્ટાલિને ગોળીએ દીધા ? શા માટે કોઈ પરદેશમાં વસતા સગાસંબંધી સાથે પણ રશિયન નાગરિક પત્રવ્યવહાર નથી કરી શકતો ? શા માટે રશિયન સ્ત્રી પોતાના પરદેશી પતિ સાથે રશિયા છોડીને નથી રહી શકતી ? કામદારોની સરકાર છે એ ખરી વાત, પણ શા માટે કામદારોને ઝારના સમય કરતાંયે બુરા કાયદા કાનુનોથી ગુલામ બનાવવામાં આવ્યો છે ? જ્યારે હિટલરે યુક્રેઇન પર આક્રમણ કર્યું ત્યારે લાખો રશિયનો હિટલર સાથે મળી ગયા, અને જ્યારે તેમને લાગ્યું કે હિટલરશાહી સ્ટાલીનરાજ્યથી બેદતર છે ત્યારે જ તેમણે હિટલર સામે લડવા માંડયું. આ હકીકત શું સૂચવે છે ? શા માટે લાખો લોકો ગુલામ કેમ્પોમાં છે ? શા માટે લશ્કરી અમલદારો અને સરકારી અમલદારોનાં પગાર અને સગવડોનું પ્રમાણ (Ratio) અમેરિકા કરતાંયે વધુ છે ?

રશિયાની પરદેશનીતિ

પરદેશનીતિમાં પણ રશિયાની નીતિ ચોખ્ખી નથી. રશિયાએ જરાયે હૃદય-ડંખ વિના ગમે તે સરમુખત્યારોને અને શાહીવાદીઓને મદદ કરી છે. ઇટલીના મુસોલિનીનું એબિસિનિયા પરનું આક્રમણ, સ્પેનિશ આંતરવિગ્રહ, સ્ટાલીન-હિટલર સંધિ, ફ્રિન્લેંડ પરનું રશિયન આક્રમણ, પોલેંડ પરનું રશિયન આક્રમણ, રશિયાની મંચુરિયાની લુંટ, પુર્વ યુરોપ અને બાલ્કનના રાજ્યો સાથેની સામ્રાજ્યવાદી રશિયન નીતિ અને જે ટીટો જુન ૧૯૪૮ સુધી સામ્યવાદનો એક આદર્શ પુરૂષ હતો તે ટીટો સાથેની અસભ્ય અને શાહીવાદી રશિયન નીતિ. આ બધા વિશે આપણા સામ્યવાદી મિત્રોને યાદ આપવાની જરૂર છે. હાલ રશિયા 'શાંતિ શાંતિ' ના જાપ જપે છે, પણ રશિયા એટલું બધું શસ્ત્રીકરણ કર્યે જાય છે કે રશિયન પ્રજાને જીવનને જરૂરી એવા સોય જેવા સાધનોનાં સાંસાં છે. જો ઝેકોસ્લોવેકીઆના આગેવાનો મસારિક અને બેનીસની માફક નેહરૂને આત્મઘાત કરવાની ઇચ્છા હોય અને હિન્દી પ્રજાને સમાજવાદ અને શાંતિના ઓઠા નીચે લશ્કરવાદી શાહીવાદના ખંડિયા થવું હોય તો જ રશિયન જુથમાં સામેલ થવાની હિન્દે તૈયારી કરવી.

ત્રીજા જુથની શકયતા

હિન્દની પરદેશનીતિની દિશા સાચી છે, પણ નીતિ પ્રાણવગરની છે એમ માનનારો વર્ગ આવતી ચુંટણી બાદ ગણના પાત્ર વિરોધ પક્ષ બને તેવી શકયતા છે. હિન્દનો સમાજવાદી પક્ષ માને છે કે Nehru always reacts, never acts. એટલે કે નેહરૂ હંમેશા પ્રતિક્રિયા કરે છે, કયારેય સ્વતંત્ર પગલું ભરતા નથી. એશિયામાં સ્વાતંત્ર્ય માટે લડતી મલાયા અને ઇન્ડોચાઈનાની પ્રજાને આપણે મૌખિક ટેકો પણ આપી શકતા નથી; એટલું જ નહિ પણ ઇન્ડોનેશિયા બ્રહ્મદેશ વગેરે એશિયન રાજ્યોનું સંગઠ્ઠન કરવામાં હિન્દ નિષ્ફળ નીવડયું છે. હિન્દ કટકે કટકે પરદેશનીતિ ઘડે છે અને તેથી પડોશના નાના રાજ્યોમાં હિન્દ શ્રધ્ધા ઉત્પન્ન કરી શકતું નથી. ટુંકમાં, એક ગતિશીલ ત્રીજા જુથની રચના કરવામાં શ્રી. નેહરૂ નિષ્ફળ ગયા છે.

આ ટીકામાં કાંઈક તથ્ય છે; કેમ કે આપણી ઇન્ડોચાઇના અને મલાયા વિશેની નીતિનો કોઈ બચાવ નથી. શ્રી. નેહરૂની તુરત નિર્ણય લેવાની લાક્ષણિક અશકિત કેટલીક વાર હિન્દ હંમેશા દ્વિધામાં જીવે છે એવું ખોટું ચિત્ર રજુ કરે છે. આમ છતાં, એક નક્કર હકીકત લક્ષમાં લેવા જેવી છે. હિન્દ પાસે એવી કઈ ઔદ્યોગિક કે આર્થિક શકિત છે કે બીજા વિશ્વયુધ્ધ પહેલાના લંડન કે હાલના ન્યુયોર્કની જેમ ન્યુ દીલ્હીને એક સત્તાકેંદ્ર (Power-Center) કરી શકે ? હિન્દની મર્યાદા આદર્શવાદીને અકળાવે તેવી છે, પણ તે હકીકત છે. ૧૯૪૭ માં જ્યારે શ્રી. નેહરૂએ એશિયન પરિષદ ન્યુ દિલ્હીમાં બોલાવી ત્યારે ઇન્ડોનેશિયા, મલાયા, ઇન્ડોચાઇના અને બ્રહ્મદેશ વગેરે દક્ષિણ અને અગ્નિ એશિયાના પ્રતિનિધિઓએ હિન્દ પ્રથમવાર જોયું. હિન્દ પાસેથી એમની મોટી અપેક્ષા હતી. પણ તેમણે જ્યારે હિન્દની અવર્ણનીય ગરીબી નિહાળી ત્યારે તેમને હિન્દની મર્યાદાનું ભાન થયું.

સાચી દિશા

જો આપણે ખોરાકની બાબતમાં સ્વાવલંબી થઈ શકીશું અને જનતાનાં કપડાં તથા રહેઠાણની જરૂર પુરતી પણ સ્વતઃ વ્યવસ્થા કરી શકીશું તો આપણે ઘણું કરી શકીશું. આજે પ્રત્યેક આંતરરાષ્ટ્રીય પરિષદમાં અન્ન અને સાધનોની ભીખ માગતા આપણા પ્રતિનિધિઓ કેવી રીતે આપણી પ્રરદેશનીતિ ગતિશીલ કરી શકે ? આ દેશની અંદર કોઇ પણ પ્રકારે આપણે ઉત્પાદન વધારીએ અને ન્યાયી વહેંચણી કરવા પ્રયત્ન કરીએ તો આપણે એક શકિતશાળી અને સંતુષ્ટ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું. ત્યારે શકિતશાળી અને સંતુષ્ટ હિન્દની પરદેશનીતિ વધુ વિધાયક હશે, કેમકે આપણી પરદેશનીતિની દિશા સાચી છે.

વાડીલાલ ડગલી

હિંદી જન તો તેને કહીએ !

("વૈષ્ણવ જન તો તેને કહીએ" એની અનુકૃતિ રૂપ આ કાવ્ય આજથી દશ વર્ષ પહેલાં રચાયેલું હરિજન બંધુમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.)

હિંદી જન તો તેને કહીએ,
હિંદ જનેતા માને રે;
તાત ગણે જગદીશ અને
સહુ ભ્રાત ભગિની જાણે રે–હિંદી જન તો. ૧

વાણી, વર્ણ ને ધર્મ કોમના
ભેદ નહીં ગણુકારે રે;
સહુને સરખાં લેખી સહુની
સેવામાં સુખ માણે રે.–હિંદી જન તો. ૨

મસ્જિદ, મંદિર, દેવળ જુદાં,
એક પ્રભુ સહુ પૂજે રે;
એવું સમજી હિંદીજન તે
હિંદની સેવા કરશે રે.–હિંદી જન તો. ૩

વી. હ. મહેતા

આજના કન્યાશિક્ષણ વિષે કેટલાક વિચારો

(શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા હીરક મહોત્સવ પ્રસંગે તા. ૨૧-૧૦-'૫૧ ના રોજ ચોપાટી લહેર સંમેલનના પ્રમુખસ્થાનેથી સર મણિલાલ બાલાભાઇ નાણાવટીએ આપેલા વ્યાખ્યાનમાંથી આજના કન્યાશિક્ષણ પરત્વે રજુ કરવામાં આવેલા કેટલાક વિચારો નીચે અવતરિત કરવામાં આવે છે.)

સામાન્ય માન્યતા એવી છે કે કન્યાનું આજનું શિક્ષણ અને ગૃહવ્યવસાય એ બેનો મેળ મળતો નથી. શાળામાં પરીક્ષાના કપરા ધોરણને લીધે બાળાઓ શિક્ષણ ઉપર ધ્યાન આપવાને બદલે પરીક્ષામાં ક્રમ ઉત્તીર્ણ થવું એનો જ વિચાર કરે છે, અને શાળા છોડી ગયા પછી શિક્ષણનો શું હેતુ હતો, તેની જીવનમાં કેવી ઉપયુક્તતા હતી તે સામાન્ય રીતે ભૂલી જવાય છે. શાળાના શિક્ષણમાં પણ ઘણી ત્રુટીઓ હોય છે. પ્રભાવશાળી શિક્ષકો ઓછા હોય છે. વળી વર્ગમાં વિદ્યાર્થીઓ ઘણા હોવાથી તેમના ઉપર પૂરતી દેખરેખ અને દોરવણી આપી શકાતી નથી. છોકરીઓ પાસેથી નિયમિત રીતે અભ્યાસ કરાવવાનો રીવાજ ઘણો ઓછો હોય છે.

આ કારણોને લીધે માત્ર પરીક્ષા પાસે આવે છે ત્યારે જ ગમે તે રીતે પોઠો ગોખી તૈયારી કરવામાં આવે છે. આથી શિક્ષણની સંગીનતા દેખાતી નથી, અને શિક્ષણ અંતરમાં ઓતપ્રોત થતું નથી. શાળા છોડ્યા પછી તે ઘણું ખરું ભૂલી જવાય છે. ઘરમાં પણ અનેક અડચણો આવે તે વખતે ઉપરચોટીયું શિક્ષણ ભૂલી જવાય છે. અર્થાત્ કન્યા શિક્ષણ એ જીવનનો ભાગ હોવો જોઇએ તે સિધ્ધ અથવા તો સાર્થક થતું નથી. ગૃહવ્યવસ્થા એ કોઇ પણ ઉદ્યોગ કરતાં વધારે ઉપયોગી છે. આ દરેક ઘરને–ગરીબ અગર તવંગરને–લાગુ પડે છે. ગૃહવ્યવસ્થા જેટલે દરજ્જે સારી હોય, સંસ્કારી હોય એટલે દરજ્જે દેશની ઉન્નત્તિનું માપ કાઢી શકાય. માટે ઘર અને કન્યાશાળા વચ્ચે સારો મેળ હોવો જ જોઇએ. આ સિધ્ધાંત સ્વીકારીએ તો આ સંબંધ ત્રણ રીતે તપાસી શકાય: શારીરિક, આર્થિક અને નૈતિક. આ દૃષ્ટિથી આપણી સંસ્થાઓ કેટલે દરજ્જે ઉપયોગી છે તેનો વિચાર કરીએ.

(ક) શારીરિક

પ્રથમ આપણે આપણી સ્ત્રીઓ અને બાળકોની શારીરિક સ્થિતિનો વિચાર કરીએ. છેલ્લાં દશ વર્ષથી ગુજરાતી સ્ત્રી અને બાળકોની તપાસ ગુજરાત રીસર્ચ સોસાયટી તરફથી કરવામાં આવી છે; અને તેનાં પરિણામ પ્રગટ થયાં છે. પત્રિકા નં. ૩ માં ગુજરાતી કુટુંબોની આર્થિક અને આહારવિષયક તપાસનું કેટલુંક નિવેદન આપવામાં આવ્યું છે. તપાસને પરિણામે એમણે નીચે મુજબ પોતાની માન્યતા જણાવી છે.

"જે કુટુંબો તપાસવામાં આવ્યા હતાં તેમાંથી ફક્ત ત્રીજા ભાગ જેટલા જ પુરૂષો અને ચોથા ભાગ જેટલી જ સ્ત્રીઓ, બાળકો અને કિશોરો ઉત્તમ આરોગ્ય ભોગવતાં ગણી શકાય. બાકીનાં બધિયે સાધારણ કે નબળા બાંધાનાં ગણાય. તેનું કારણ તેમના ખોરાકમાં તેના તત્વોમાં જ રહેલી ઉણપ છે. × × × આથી જ સશક્ત અને સુદૃઢ શરીરવાળાં ગુજરાતીઓની સંખ્યા કમી રહે છે."

બીજું નિવેદન ડૉ. ચીમનલાલ મહેતા તથા ડૉ. વોરા તરફથી સને ૧૯૪૫ માં રજુ કરવામાં આવ્યું છે. તેમાં સને ૧૯૨૮થી ૧૯૪૨ સુધીમાં અમુક ઇસ્પિતાલમાં જન્મ થયો તે ગુજરાતી બાળકોના જન્મ સમયની સ્થિતિનું પૃથક્કરણ આપવામાં આવ્યું છે. આ પરિણામ નીચે મુજબ છે:—

"આ સ્પષ્ટ દર્શાવે છે કે મુંબઇમાં વસતા ગુજરાતી હિંદુ બાળકનું સરેરાશ વજન હિંદના અન્ય હિંદુ બાળકના સરેરાશ વજન કરતાં ઘણું ઉતરતું છે. આ તપાસ શરૂ કરી ત્યારે ગુજરાતી બાળક જન્મ સમયે ઓછા વજનનું માલમ પડ્યું હતું. એટલું જ નહિ પણ ઉત્તરોત્તર ઘસાતું જતું જોવામાં આવ્યું છે. પહેલા ગાળામાં (૧૯૨૮ થી ૧૯૩૨ સુધીમાં) જન્મસમયે સરેરાશ વજન ૬ રતલનું હતું. બીજા ગાળામાં (૧૯૩૩ થી ૧૯૩૭ સુધીમાં) વજન ૫ રતલ અને ૧૪॥ આઉંસ હતું. જ્યારે ત્રીજા ગાળામાં (૧૯૩૮ થી ૧૯૪૩ સુધીમાં) વજન ૫ રતલ અને ૧૧॥ આઉંસ સુધી ઉતરી ગયેલું માલુમ પડ્યું છે."

આ બાળકની માતાઓ માટે નીચે મુજબ અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે:—

"કર્નસ સોકી અને બીજાઓએ મુંબઇ પ્રાન્તની સ્ત્રીઓ માટે જે ધોરણ નક્કી કર્યું છે તે ધોરણની અપેક્ષાએ ગુજરાતી સ્ત્રીઓમાંની ૬૨. ૬૫ ટકા સ્ત્રીઓ હોમગ્લોબીન સંચય અને આર. બી. સી. કાઉન્ટની બાબતમાં બહુ જ ઉતરતી કક્ષાની માલુમ પડી હતી. આવા એનીમીઆના કીસ્સાઓમાં અધુરો અને પ્રમાણવિનાનો ખોરાક એ જ મુખ્ય કારણ હોય એમ માલુમ પડયું હતું."

આ તપાસમાં જૈન કુટુંબો, માતાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આપણી શાળાની તપાસ મુંબઇના Department of Nutrition તરફથી સને ૧૯૪૫ માં કરવામાં આવી હતી. તેમાં ખોરાકમાં જે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો સામાન્ય ધોરણે હોવા જોઇએ તેનો ૬૩ ટકા છોકરીઓમાં અભાવ જણાયો હતો. સદાય માંદલી સ્ત્રી કુટુંબને બોજારૂપ હોય છે. આ સ્થિતિ સુધારવા આપણે શાળામાંથી જ પ્રયત્ન કરવા જોઇએ.

(ખ) આર્થિક

આજની કન્યા આવતી કાલની ગૃહિણી તથા માતા થવાની. સામાન્ય કુટુંબોને મુંબઇ જેવા ખર્ચાળ શહેરમાં ઘણી મુશ્કેલીઓથી દિવસ કાઢવા પડે છે. તેમને કોઇ પણ રીતે રાહત મળે, તેમનું ઉત્પન વધારવામાં આવે, અને તેમનું ખર્ચ કરકસર અને સમજણપૂર્વક થાય એવી યોજના કરવી જોઇએ. તે કરવામાં આપણી સંસ્થામાંથી નીકળતી કન્યાઓને આ વિષયોનું શિક્ષણ મળે તો તેઓ કુટુંબને સારી રીતે મદદગાર થઈ શકે. આપણી પાસે કન્યા સાત વર્ષ રહે અને ઉત્તમોત્તમ શિક્ષણ મેળવે તો તેની અસર કુટુંબજીવન ઉપર થવી જ જોઇએ, અને ન થતી હોય તો તેનું કારણ આપણે શોધી કાઢવું જોઇએ.

આપણી શાળામાં માત્ર અક્ષરજ્ઞાન અપાતું નથી, પણ સર્વદેશીય ગૃહિણીધર્મનું શિક્ષણ આપવામાં આવે છે. આપણી શાળામાં અપાતા હાલના શિક્ષણમાં દરેક વિષયમાં થોડું ઘણું જ્ઞાન અપાય છે એ વાત ખરી, પણ તેથી ગૃહિણી તરીકે દરેક રીતે આપણી વિદ્યાર્થિની લાયક બને છે તેમ જણાતું નથી. પરીક્ષાની બીકથી મેળવેલું ભણતર જીવનમાં ઉતારવામાં ઘણી ઉણપ રહે છે. તેને માટે શાળાએ કોઇક રસ્તો શોધી કાઢવો જોઇએ, કે જેથી શાળાની ખરી ઉપયોગીતા સાધી શકાય. એ બાબતમાં મને જે વિચારો આવ્યા છે તે આપની આગળ મૂકું છું.

૧ માબાપ સાથેનો સંપર્ક

જે બાળાનો બાંધો ઉતરતા દરજ્જાનો હોય અને જે સુધારવાની ખાસ જરૂર ગણાય તે બાળાના કુટુંબ સાથે સીધો સંબંધ બાંધી તેના માબાપને તેનું શરીર સુધારવાની સમજ આપવી. તે તપાસમાં નબળાઇના ખરા કારણો પણ મળી આવશે. અને તે પછી યોગ્ય સુચનાઓ આપી શકાય. શાળાઓ તરફથી માતાઓ સાથે સંબંધ બાંધવા પ્રયત્નો થાય છે, પણ મુંબઇ જેવા ગીચ વસ્તીવાળા શહેરમાં આ બાબતમાં ઘણી અડચણો આવે છે. એટલે સારો રસ્તો એ છે કે શાળાએ જ આગળ પડી એવો સંબંધ બાંધવો, તે માટે ખાસ પ્રચારક રાખવા. કેળવણીનો ખરો લાભ આપવો હોય તો બાળક શરીર સશક્ત હોવું જ જોઇએ. શિક્ષણ પાછળ બાળક સાથે પ્રેમસંબંધ બાંધી તેને સુખી કરવાની ભાવના હંમેશા હોવી જ જોઇએ. કેટલાક યુરોપ–અમેરિકા વિગેરે દેશોમાં બાળકોને ખાવાનું આપવામાં આવે છે કે જેથી બાળકને પૌષ્ટિક ખોરાક મળી એના શરીરમાં અને શિક્ષણમાં ફાયદો થાય. આપણે અહિંઆ પણ કેટલીક શાળાઓમાં દૂધ વિગેરે આપવામાં આવે છે. આ પ્રથા સારા પાયા ઉપર દાખલ કરવાની જરૂર છે.

૨ જુના વિદ્યાર્થીઓ સાથેનો સંપર્ક

જે કન્યાઓ પાંચ વર્ષ ઉપરાંતથી ઉપલા વર્ગમાંથી ગયેલી હોય તેમની સાથે સંપર્ક બાંધી તેમના જીવનમાં શાળાના શિક્ષણની શી અસર થઈ છે તેની તપાસ કરવી અને તેમાં એ બહેનના અભિપ્રાય લેવા અને તે જે ખામીઓ અગર ઉણપો દેખાડે તેનો વિચાર કરી શાળાના કાર્યક્રમમાં સુધારો કરવો. શાળાની ઉન્નતિના કામમાં શાળામાંથી પસાર થયેલી બાળાઓનો સંપર્ક ચાલુ રાખવાની જરૂર છે. એક રીતે તો શાળાનો ખાસ લાભ મળ્યો હોય અને તેનું સ્મરણ ફ્રિશ્ કાઈ હોય તો તે બહેનની મદદ શાળાને હંમેશા મળતી જ રહે.

આ બાબતમાં અમેરિકાની યુનીવર્સીટીઓમાં ખાસ કાળજી રાખવામાં આવે છે. ત્યાં કલાસવાર ગ્રુપ હોય છે, અને તે ગ્રુપનું ચોક્કસ બંધારણ હોય છે, અને વિદ્યાલયના વાર્ષિક પદવીદાનસમારંભના દિવસે એ ગ્રુપો મળે છે, અને પરસ્પરનો તથા સંસ્થા સાથેનો સંબંધ દર વર્ષે તાજો કરે છે. યુનીવર્સીટી પણ દરેક વર્ષે જુના વિદ્યાર્થીઓએ શું યશસ્વી કામ કર્યું તેની નોંધ વાર્ષિક ફીની સાથે માંગે છે, અને તે તેમના ગેઝેટમાં છપાય છે. મરણની નોંધ પણ રાખે છે. યુનીવર્સીટીને નાણાં જોઇએ ત્યારે પોતાના જુના વિદ્યાર્થીઓ સદાયે સારી મદદ આપે છે. હમણાં જ ત્યાં મારી Faculty માટે મકાનની જરૂર હતી, તો તેમના તરફથી વીસ લાખ ડોલર એટલે એક કરોડ રૂપિયા ભેગા કરવામાં આવ્યા હતા. આપણાં દેશમાં આ સંપર્કની કિંમત હજુ સમજાઈ નથી. આ દિશાએ આપણી આ સંસ્થા કંઇક સારી પહેલ કરી શકે. આપ એક કોઇ સંસ્કારી સમાજસેવિકાને રાખી આવું એક સંપર્ક ખાતું ખાસ ઉઘાડી સારી પ્રવૃત્તિ આદરી શકે. આપણાં ઘણાંખરાં જૈન કુટુંબો ટુંકી આવકવાળા હોઇ મુંબઈ જેવા ગીચ વસ્તીવાળા શહેરમાં મોટે ભાગે અનારોગ્યભર્યા વાતાવરણમાં રહેતા હોવાથી તેમાં રહેનારને કાંઈક સારી મદદ મળે તો સારૂં. આપણે તૈયાર કરી મોકલેલા બાળકનું જીવન કેવું છે તે જોતાં રહેવું એ આપણે માટે આવશ્યક છે.

૩ ગૃહિણીધર્મનું શિક્ષણ

આપણી સામાન્ય માન્યતા એવી છે કે આપણી શાળામાં ભણેલું લાંબા વખત સુધી ટકતું નથી. અગર તો તે ટકી રહે તેટલું ઊંડાણથી શિક્ષણ અપાતું નથી. એટલે આપેલું શિક્ષણ નિષ્ફળ જાય છે, અગર તો તેનો લાભ પુરતો લેવાતો નથી. એ મુશ્કેલી દૂર કરવા માટે કેટલાક વખતથી કન્યાઓના શિક્ષણમાં અનેક ફેરફાર થતાં આવ્યા છે, જેમાંના કેટલાક આપે પણ દાખલ કરેલા છે.

કન્યાશિક્ષણનો આપણો મુખ્ય હેતુ શું હોવો જોઇએ મારી માન્યતા પ્રમાણે કન્યા સુજ્ઞ ગૃહિણી થાય, પોતાનું ઘર સુઘડ અને વ્યવસ્થિત રીતે તેમજ કરકસરથી ચલાવે, સુખદુઃખને વખતે ધીરજ રાખી ઘર નભાવી શકે, સંસ્કારી જીવન ગાળે અને સમાજમાં સારી ઉત્કૃષ્ટ ભાવના ફેલાવે, જરૂર પડે ઉદ્યોગ કરી ઘરના ઉત્પન્નમાં ઉમેરો કરે અને ખાસ જરૂરના પ્રસંગે બહાર જઇને પણ કમાણી કરી ઘરનો નિર્વાહ કરી શકે એને માટે આપણી કન્યાઓને તૈયાર કરી શાળામાંથી વળાવવી જોઇએ, તો જ આપણો મુખ્ય હેતુ પાર પડ્યો ગણાય. એમ ન બને તો તેની ઉપર કરેલો ખર્ચ ફળીભૂત થયો ન ગણાય. જ્યાં સુધી બાળાને મેટ્રીક કે એવી પરીક્ષા માટે તૈયાર કરવાની છે ત્યાં સુધી આ હેતુ સફળતાપૂર્વક પાર પડી શકે તેમ નથી એ જાણીતી વાત છે. આ પ્રણાલિકામાં ફેરફાર કરવાને દરેક વિદ્યાલયના કુલપતિઓ અગર તો કેળવણીવિષયક કમીશને ભલામણ કરી છે, છતાં હાયકાઓ સુધી તેમાં ફેરફાર થયો નથી. પરીક્ષા પાસ કરવાને એટલું બધું મહત્વ આપવામાં આવે છે કે શિક્ષણનો હેતુ, તેમાં રહેલું તત્ત્વ ભૂલી જવાય છે. પાસ થયા પછી ભાગ્યેજ તે યાદ રહેતું હશે. ઐચ્છિક વિષયોમાં કાંઈક પરિણામ જોવામાં આવે છે, પણ કમભાગ્યે આપણી સ્થિતિ જોતાં તેનું પરિણામ સામાન્ય ઘરમાં જોવામાં આવતું નથી. ટુંકી આવક, નાનું રહેઠાણ, માંડ માંડ ઘરની નિભાવ કરવાની શકિત અને જુના રિવાજો અને ટેવો–આ સંયોગોમાં આ પરીક્ષા પાસ કરવાના હેતુથી મેળવેલા શિક્ષણનો પત્તો જ લાગતો નથી.

આજનું શિક્ષણ વધારે ફળદાયી નીવડે તે માટે મારી સૂચના આ પ્રમાણે છે. જે બહેનોને મેટ્રીકની પરીક્ષામાં જવું ન હોય અને જેને ગૃહવ્યવસ્થાના શિક્ષણ માટે ખાસ રસ અને ઉત્સાહ હોય તેમને માટે શાળાના છેલ્લાં બે વર્ષમાં જુદો જ શિક્ષણક્રમ રાખવો. તેમાં મુખ્ય વિષયો નીચે પ્રમાણે રાખવા.

૧. ખોરાક, તેના તત્ત્વોનું જ્ઞાન અને રાંધણકળા.
૨. શારીરિક સ્વાસ્થ્ય અને વ્યાયામ.
૩. સાહિત્ય અને સંસ્કારની કેળવણી તેમજ નૈતિક ધાર્મિક ભાવનાનો વિકાસ.
૪. ગૃહઉદ્યોગ–શીવણ અને ગુંથણ કળા–કપડા રંગવાની તથા છાપવાની કળા.
૫. ગૃહવ્યવસ્થા અને તેનું અર્થશાસ્ત્ર.
૬. ગર્લ ગાઇડ, તાત્કાલિક સારવાર, બાળઉછેર અને માંદાની માવજત.
૭. સંગીત, ચિત્ર અને અન્ય કળાઓ.
૮. સમાજશાસ્ત્ર અને નાગરિકના ધર્મ.

આ વિષયો દાખલ કર્યા પછી અનેક નવા વધારી શકાય કે જેથી બહેનોની કાર્યદક્ષતા વધે, અને જરૂર પડ્યે ઘરના ઉત્પન્નમાં પણ વધારો કરે. આવા અનેક વર્ગો આગળ ઉપર દાખલ કરી શકાય. આ શિક્ષણના ધોરણો ખાસ નિષ્ણાતોને મળી નકકી કરવા જોઇએ. આ શિક્ષણ દરેક રીતે વ્યવહાર અને કુટુંબજીવનને ઉપયોગી હોવું જોઇએ. તે માટે પદવી આપવાની જરૂર નથી, પણ શાળા પોતે જ એનું પ્રમાણપત્ર આપે.

કોઈક બહેનને કોઇક વિષયમાં વધારે શિક્ષણની જરૂર હોય તો વધારે વખત રહી તે પુરૂં કરી શકે. અગર તો મેટ્રિક થયેલી બહેનને તેવું શિક્ષણ લેવું હોય તો તેને પણ સગવડ આપી શકાય. આવા શિક્ષણની આપણા દેશને ખાસ જરૂર છે.

(૧) નૈતિક અને ધાર્મિક શિક્ષણ

શિક્ષણ ગૃહવ્યવસ્થાને માટે ઉપયોગી થાય એવું હોવું જોઇએ એ વાત ખરી, પણ તેટલાથી આપણો હેતુ પાર પડશે તેમ લાગતું નથી. વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક અને નૈતિક શિક્ષણની ખાસ જરૂર હાલના સમયમાં દેખાય છે. જુના રિવાજો–બંધનો તુટતા જાય છે. ધાર્મિક ભાવના ઘટતી જાય છે. મન અને વર્તન ઉપર જે સંયમ હતો તે ઓસરતો જાય છે. સાધારણ રીતે સામાજિક અને રાજકીય વાતાવરણમાં પણ ઘણા ફેરફાર આવતા જાય છે અને તેમાં પણ વ્યકિતસ્વાતંત્ર્ય અને તેના લીધે ઉભા થતા હકકોને ખાસ મહત્વ આપવામાં આવે છે, જ્યારે વ્યકિતની સમાજ પ્રત્યે શી ફરજ છે તે ભૂલી જવામાં આવે છે. સાથે સાથે આર્થિક સ્થિતિમાં પણ ફેરફાર થવા માંડ્યો છે, જેથી જીવન ઘણું મુશ્કેલીભર્યું બની રહ્યું છે.

આની અચોક્કસ અને બદલાતી સ્થિતિમાં સ્ત્રીની ઘર ચલાવવાની અને સમાજની સંસ્કૃતિરક્ષક તરીકેની જવાબદારી ઘણી મોટી વધી છે. તેની ધીરજ, હિંમત, કરકસરવાળી રહેણી, નૈતિક બળ અને ઉચ્ચ ભાવના જ કુટુંબને સારી રીતે નભાવી શકશે. આ બધાનો આધાર એની માનસિક શક્તિ, હૃદયવિશુધ્ધિ અને કાર્યદક્ષતા ઉપર રહેશે.

શાળામાં સામાન્ય રીતે બાળકને જેમ બને તેમ વધારે માહિતી મળે તેવી વ્યવસ્થા હોય છે. દરેક વિષયની માહિતી એને હોવી જોઇએ. દેશ-પરદેશમાં શું ચાલે છે તેની જાણ એને હોવી જોઇએ. પણ માત્ર માહિતીથી જીવનવ્યવહાર સારી રીતે ચાલતો નથી. તે માટે જ્ઞાન, નૈતિક બળ, શુદ્ધ ભાવના, સારૂં ચારિત્ર્ય એજ મહત્વના છે અને એ જીવનમાં ઉપયોગી થાય છે. શરૂઆતથી જ સારા સંસ્કાર બાળકના જીવનમાં આવે તો તેની અસર જીવનભરમાં ચાલુ રહે છે. અને કુટુંબને ગમે

તેવી વિષમતામાંથી પસાર થવું પડે તો આખરે તો મુળભૂત સંસ્કારો, વિવેક, વિનય, સંયમ, સત્ય, નીતિ, ન્યાય વિગેરે ચારિત્ર્યના ગુણો જ મદદગાર થાય છે. એ માટે આપે ખાસ મહેનત કરવાની છે. ધર્મનું શાસ્ત્રીય જ્ઞાન સહેજે નાના બાળકમાં ઉતરતું નથી, તેમજ જુના પાઠો ઉપરથી તેમનામાં ખરો બોધ આવતો નથી. માટે આધુનિક સ્થિતિ ને આપણાં સામાન્ય જીવનને લગતા વિષયો ઉપર ધ્યાન રાખી આ શિક્ષણ આપવામાં આવે તો બાળકો ઉપર જરૂર સારી અસર થાય જ. આવું શિક્ષણ મેં જાપાનમાં જોયું છે. ત્યાં નાની મોટી દરેક શાળામાં નૈતિક શિક્ષણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. તે માટે ખાસ પાઠો તૈયાર કરવામાં આવે છે. અને તે શી રીતે શિખવવા તે માટે વિગતવાર સૂચના આપવામાં આવે છે. પરિણામે દેશ સંપીલો, મહેનતુ અને એક નિષ્ઠાવાળો બન્યો છે. તે જ કારણે લડાઈ પછી છેલ્લાં ચાર વર્ષમાં જે ફેરફારો થયા છે તે સામાન્ય રીતે માની શકાય એવા નથી એ કારણે આપણા શિક્ષણમાં ઘણાં ફેરફાર કરવાની જરૂર છે. ઉચ્ચ સંસ્કારો માણસને ભૂષણરૂપ છે, અવશ્યના છે.

એને માટે સારાં પાઠય પુસ્તકો ઉપરાંત સારા ચારિત્ર્યવાન શિક્ષકોની અને શાળાના શુધ્ધ વાતાવરણની જરૂર છે. વિદ્યાર્થીઓના એક બીજાના સારા સંબંધોથી સારી ભાવનાઓનો ઉદય થાય છે. એક સંત કહે છે કે "ઉત્સવમાંથી આપણામાં પ્રેમની, મૈત્રીની, ઉદારતાની સામુદાયિક સદ્‌ગુણોની અને ઐક્યની વૃધ્ધિ થાય છે." એજ ગુણો શાળામાં વિદ્યાર્થીઓના સતત સહકારથી સહવાસથી આવી શકે છે. સત્સંગ અને શિષ્ટ વાંચન એમાં સહાયરૂપ થાય છે. શિસ્તપાલન એમાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થિનીઓમાં ઉચ્ચ સંસ્કારો આવે એવા સતત પ્રયત્નો આપે કરવા પડશે. માણસની બુધ્ધિના વિકાસની સીમા હોય છે, જ્યારે નૈતિક વિકાસની કોઈ મર્યાદા જ નથી.

શાળામાં ઘણા વિદ્યાર્થીઓ દાખલ કરવા કરતાં જે શિક્ષણ આપવામાં આવે છે તેમાં સંગીનતા વધારવી, વર્ગોમાં ઓછી સંખ્યા રાખી તેમને સારું શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરવી, તે સાથે યોગ્ય સાધનસામગ્રી પણ વધારવી અને શિક્ષણને લાયક સારા શિક્ષકો લાવવા એ ખાસ જરૂરી છે. તે સાથે શિક્ષણ પદ્ધતિમાં પણ વખતો-વખત વિજ્ઞાન અને માનસશાસ્ત્રી દરરોજ નવા અખતરા કરી નવી શોધો કરે છે અને દેશની અને પરદેશની રાજકીય સ્થિતિ બદલાતી જાય છે-આ બન્ને બાબત ધ્યાનમાં લઈને આપણે આપણી સંસ્થાઓમાં જરૂરી ફેરફાર કરતા રહેવું જોઈએ. આમ કરતાં ખર્ચ વધતો જવાનો. એટલે આપ નાણાંનો સવાલ ઉભો કરશો, પણ આપણી જ સંસ્થાનો છેલ્લાં દશ વર્ષનો ઇતિહાસ જોશો અને તે પહેલાંની સ્થિતિ તપાસશો તો આપણને અજાયબી થશે, કે આપણે આવી સંગીન પ્રગતિ શી રીતે પ્રાપ્ત કરી. મારો અનુભવ છે કે સારા કાર્ય કરનારને નાણાંની મુશ્કેલી કદી પડતી નથી. વિશુધ્ધ ભાવના, સતત મહેનત અને કાર્યદક્ષતા તે માટે જોઈએ. જૈન સમાજ મદદ કરવા હંમેશા તૈયાર રહે છે, ગુણગ્રાહી છે, તેનામાં અદ્‌ભુત શ્રધ્ધા છે. સારા કામને તે કદી પડી રહેવા દેશે નહિ. એનો સાથ આપણને હંમેશા મળ્યા જ કરશે.

આપણા આદર્શ અને ભાવનાના વારસાને વફાદાર રહીએ.

"પ્રત્યેક આંખમાંથી નીકળતું પ્રત્યેક આંસુ લુંછવું એ ગાંધીજીનો મનોરથ હતો"

(તા. ૧૮-૧૦-૫૧ ના રોજ દીલ્હી ખાતે મળેલ રાષ્ટ્રીય-મહાસભાના પ૭માં અધિવેશનના પ્રમુખસ્થાનેથી પંડિત જવાહરલાલ નેહરૂએ એક અત્યન્ત પ્રેરક અને પ્રોત્સાહક પ્રવચન કર્યું હતું. અનેક નાની મોટી ખબરો સાથે આવાં મહત્વનાં અનેક પ્રવચનો દૈનિક છાપાઓમાં અધુરાં કે પુરાં પ્રગટ થાય છે. વાંચકો વાંચે છે, નથી વાંચતા અને બીજા દિવસના સમાચારવૈવિધ્યના ધસારામાં સર્વકાંઈ લગભગ ભુલી જાય છે. વળી આવાં પ્રવચનો જ્યારે મુળ અંગ્રેજીમાં આપવામાં આવ્યા હોય છે ત્યારે તેના દૈનિક છાપાઓમાં પ્રગટ થતા અનુવાદો એટલી ઝડપથી અને મોટા ભાગે એવી બીનજવાબદારીથી તૈયાર કરવામાં આવે છે કે મૂળમાં રહેલું અને તરવરતું વિચારનું તેમ જ વાણીનું ચૈતન્ય વાંચકોને ભાગ્યે જ સ્પર્શે છે. વાંચકો અવકાશે વાંચે, વિચારે અને તેના મર્મને અન્તરમાં ઉતારે એ હેતુથી આવાં પ્રવચનોનો સાદ્યન્ત અનુવાદ પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ કરવાનો લોભ મને તીવ્રપણે અનુભવે છે, પણ પ્રબુધ્ધ જૈનની આર્થિક મર્યાદા લક્ષ્યમાં લઈને આવા લોભને જતો કરવો પડે છે અને પંડિત જવાહરલાલના આખા પ્રવચનની ભૂમિકારૂપ શરૂઆતના વિભાગનો અનુવાદ આપીને સંતોષ ચિન્તવવાનો રહે છે. પરમાનંદ)

આપણે અહિં ખાલી તાર્કિક વાદવિવાદ કરવા એકઠા થયા નથી, પણ વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવા માટે અને ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરવા માટે એકત્ર થયા છીએ. આજની દુનિયા, દ્વેષ, મોહ અને મત્સરથી ગ્રસ્ત બની છે અને સ્વસ્થ અને સમભાવયુકત પ્રજ્ઞાનો અવાજ સાવ મંદ પડી ગયો છે અને આજના ઘુમખરાડામાં કયાંય ડુબી ગયો છે. અનેક શતાબ્દિઓના માનવીપ્રયત્નના પરિણામે નિર્માણ થયેલી ગૌરવભરી સંસ્કૃતિ અને સભ્યતા આજે બાહ્ય દેખાવ પૂરતી ટકી રહી છે, છતાં તેમાંનું અન્તર્ગત તત્ત્વ ગમે તે કારણે લુપ્ત થઈ રહ્યું છે; તેનાં મૂલ્યો અને ધોરણો વિસર્જિત થઈ રહ્યાં છે; 'સત્યં, શિવં, સુંદરમ્' પાછળની યોજનાના સ્થાને નિષ્ઠુરતા, તુચ્છતા અને નર્યા પશુબળની સ્થાપના થઈ છે. દ્વેષવૃત્તિ જાણે કે એક જીવનસિદ્ધાન્ત હોય તેમ તેનો ચોતરફથી પ્રચાર થઈ રહ્યો છે અને રાજકારણે અને અર્થકારણે ઝનુનથી ભરપુર એવા એક સાંપ્રદાયિક ધર્મનો આકાર ધારણ કર્યો છે. વળી આ પ્રકારનું રાજકારણ અને અર્થકારણ પોતાને પ્રતિકુળ વિચારોને સહી શકતું નથી અને તેના ચેક્સ્સ સ્વરૂપથી અન્યથા વિચાર ધરાવતા લોકો સામે 'સર્વત્ર દમનનીતિ અખત્યાર થઈ રહી છે. જેને આપણે ફાસીઝમ, નાઝીવાદ અથવા તો એકહથ્થુસત્તાવાદ તરીકે ઓળખીએ છીએ તેનું પણ આવું જ સ્વરૂપ હતું. માનવજાતના આ અધઃપતનનો સામનો કરવા માટે છેલ્લું વિશ્વયુધ્ધ લડવામાં આવ્યું હતું. એ યુધ્ધ જીતાયું, પણ એ અધઃપતન તો ચાલું જ રહ્યું છે. સામ્યવાદે બીજા અનેક ક્ષેત્રોમાં ભલે ભારે વિજય મેળવ્યો હોય, પણ માનવીના સ્વતંત્ર આત્માને તેણે છુંદી નાંખ્યો છે. લોકશાહી પણ ધીમે ધીમે હિંસા અને બળજબરીના નવા સિધ્ધાન્તનું શરણું સ્વીકારી રહેલ છે.

તો પછી આપણે શું કરવું? આપણે કોંગ્રેસના દૃષ્ટિબિન્દુથી, દેશના દૃષ્ટિબિન્દુથી કે દુનિયાના દૃષ્ટિબિન્દુથી ગમે તે રીતે વિચારીએ-આ પ્રશ્નને આપણે સમગ્રપણે વિચારવાનો રહે જ છે. આજે દુનિયામાં બનતા બનાવો ઉપર આપણે કોઈ મહત્વની અસર પાડી શકીએ એમ નથી. આપણે આપણું પોતાનું ભાગ્ય અમુક પ્રમાણમાં ઘડી શકીએ છીએ અને એ રીતે દુનિયાની ઘટનાઓ ઉપર થોડી અસર પાડી શકીએ તેમ છે. હું આપને આ ધોરણે અને આ વિશાળ વિશ્વપટને ધ્યાનમાં રાખીને વિચાર કરવા પ્રાર્થના કરું છું.

બહુ થોડા સમયમાં આપણા દેશમાં વિરાટ પાયા ઉપર ચોજાયલી ધારાસભાની ચુંટણીઓ આવીને ઉભી રહેશે. આ ચુંટણીની ઉભા પ્રજાજનોનાં મનની ગરમીનો આંક ઉંચો ચઢાવી રહેલ છે. આ ચુંટણી ચોક્કસ પ્રકારનું મહત્વ ધરાવે છે, પણ તેનો આપણે વિશાળ દૃષ્ટિબિન્દુથી વિચાર કરી ન શકીએ તો તેમાં પછી બહુ મહત્ત્વ રહેતું નથી. આપણું ધ્યેય શું છે અને આપણે કયાં જઈ રહ્યા છીએ? આ પ્રશ્નોનો જવાબ આપવો મુશ્કેલ છે પણ એક બાબતની મને ખાત્રી છે કે જો આપણે આપણાં આત્માનું સ્વાતંત્ર્ય અને તેમાંથી સ્ફુરતાં કાર્યબળોને ગુમાવી બેસીશું તો આપણે આપણું કામ બરોબર બજાવ્યું નહિ લેખાય. જ્યારે આપણા મહાન નેતા મહાત્મા ગાંધીએ આપણી દુનિયામાં પ્રવેશ કર્યો ત્યારે આપણે જે આઝાદીનું નિર્ભયતાનું આન્દોલન, પ્રેરક બળ અનુ-ભવ્યું હતું તે મારી પેઢીના મારા સાથીઓ કદિ પણ ભુલી નહિ શકે.

આજે એ પ્રેરક બળ આપણા દેશમાં જ માત્ર નહિ પણ દુનિયામાં અન્યત્ર પણ હું જોતો નથી. આજે દુનિયાના ઘણા ખરા દેશોમાં અને મહાન લેખાતા રાષ્ટ્રોમાં જે વૃત્તિ વ્યાપક રીતે ફેલાયલી જોવામાં આવે છે તે વૃત્તિ ભયની છે અને આ ભય એક ભારે અનિષ્ટ વસ્તુ છે અને તેમાંથી અનિવાર્યપણે અનેક અનર્થજનક કાર્યો પેદા થાય છે. આપણા પરમ પિતાએ હિંદનો કાળ જુનો બોધપાઠ—અભય અને અહિંસાનો બોધપાઠ—શિખ્યો હતો અને તેને લીધે આપણી જેવા નાની દુનિયાના નાના માણસોના કદમાં પણ વધારો થયો હતો. વળી તેમણે આપણને સાધનનું મહત્વ પણ સમજાવ્યું હતું અને સાધ્યની અપેક્ષાએ સાધનને લેશ માત્ર ગૌણસ્થાન આપી ન શકાય એમ શિખ્યું હતું. આમ છતાં પણ આજની પ્રજા તિરસ્કાર અને હિંસાવૃત્તિને ઉત્તેજી રહેલ છે અને ભયંકર યુધ્ધો માટે તૈયારી કરી રહી છે. આવાં મહાન યુદ્ધો આપણે કળી ન શકીએ એવા માર્ગે જ આગળ વધતા હોય છે અને આપણે કદિ ઇચ્છ્યાં ન હોય કે ધાર્યાં ન હોય એવાં પરિણામો એમાંથી ઉદ્‌ભવે છે. અને ખરી રીતે આવાં યુધ્ધો મોટા પ્રશ્નોનો તો કદિ પણ ઉકેલ લાવતાં જ નથી. આવો આજ સુધીના ઇતિહાસમાંથી નીકળતો સાર આજે ભુલી જવામાં આવે છે.

આપણે વિજ્ઞાનનાં યુગમાં રહીએ છીએ અને વિજ્ઞાન જ આધુનિક દુનિયાને ગતિમાન કરતી મહાન શક્તિ છે એમ માનવામાં આવે છે. ધર્મો અને સંપ્રદાય સામે તેનો હમેશા વિરોધ કલ્પવામાં આવે છે. આમ છતાં પણ આજે જુદા જુદા વાદોનું—ભલે આપણે તેને ધાર્મિક વિશેષણ ન લગાડીએ—આ દુનિયા ઉપર રાજ્ય ચાલી રહ્યું છે. વિજ્ઞાન કે જે એક મુક્તિદાતા શક્તિ હતી અને જેણે માનવજાત માટે અગણિત લાભો પેદા કર્યા છે તે વિજ્ઞાન આજે તેણે પોતે જે કાંઇ ઉભું કર્યું છે તે સર્વનો અને માણસના મનનો પણ નાશ કરવાને ઉદ્યુક્ત થયું હોય એમ માલુમ પડે છે.

જે ઔદ્યોગિક ક્રાન્તિ યુરોપમાં આજથી લગભગ બસો વર્ષ પહેલાં શરૂ છે. થઈ અને આજે એવી કક્ષાએ પહોંચી છે કે જ્યારે માણસના આત્મા અને તેના મુક્ત મન ઉપર યંત્ર સ્વારી કરી રહ્યું છે અને હજારો વર્ષની તપસ્યા દ્વારા ચાલી રહેલ સત્ય અને સુખની શોધ માટે માનવીમનને નાલાયક—કમતાકાત—બનાવી રહેલ છે આવી ઔદ્યોગિક ક્રાન્તિનું આખરે શું આવું પરિણામ આવી રહ્યું છે?

મારા તેમ જ અન્ય અનેકના દિલમાં મંથન પેદા કરી રહેલ એવા કેટલાક વિચારો આજે આપની સમક્ષ રજુ કરવાનું હું સાહસ કરું છું; કારણ કે મને લાગે છે કે આપણે આપણા ઉદ્દેશો સ્પષ્ટતા—પૂર્વક નક્કી કરી શકીએ તે પહેલાં આ પ્રશ્નોનો કાંઈક જવાબ આપણે મેળવવો જ જોઇએ. એ ઉકેલ આપણે શોધી ન કાઢીએ તો જીવન અર્થવિનાનું પ્રયોજનવિનાનું બની જવાનું.

આ સમસ્યા જગદ્‌વ્યાપી છે. સંસ્કૃતિ અને સભ્યતા કોઇ એક અથવા અમુક અનેક પ્રજાના ઇજારાની વસ્તુ નથી અને આ દુનિયામાં સુલેહશાન્તિની આશા એ ઉપરછલ્લી શુભેચ્છા માત્ર નથી, પણ જો સભ્યતાભર્યું જીવન ટકવાનું હોય તો આજની એક અગત્યની અપેક્ષિત જરૂરિયાત છે. આપણે અન્ય દેશો પાસેથી ઘણું ઘણું શિખવાનું છે, પણ આપણે કેટલુંક ભણેલું ભૂલવાનું પણ છે અને કોઈ પણ સંયોગમાં હું ખાત્રીપૂર્વક માનું છું કે જો આપણે આપણા સ્વત્વને અને જે ભાવનાઓ ભૂતકાળમાં આપણને સતત પ્રેરણા આપતી આવી છે તે ભાવનાઓને આપણે ગુમાવી બેસીએ તો આપણું અસ્તિત્વ પછી કશા પણ અર્થવાળું રહેવાનું નથી. આપણે હિંદની સેવા કરી છે તે એટલા માટે નહિ કે તે એક વિશિષ્ટ કોટિનું ભૌગોલિક એકમ છે, પણ તે પાછળ એવો આપણો ખ્યાલ રહેલો હતો કે ચોકકસ આદર્શ અને ભાવનાઓ, માણસજાતની ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ અને માણસજાતની એકતા—આ સર્વ ઉદાત્ત તત્વોનું હિંદ પ્રતિનિધિત્વ ધરાવે છે. આપણા વિચારો અને અભિપ્રાયો અન્ય ઉપર આપણે જરા પણ લાદવા કદિ ઇચ્છ્યું નથી, પણ સાથે સાથે આ બાબતમાં પણ આપણે મક્કમ છીએ કે આપણે અન્ય કોઇને પણ આપણી ઉપર પોતાના વિચારો કે અભિપ્રાયો લાદવા કબૂલ્યું નહિ. જો એ ભાવનાઓ ચાલી ગઇ હોય અને હિંદની સેવા એ ભાવનાઓની ઉપાસનારૂપ ન હોય તો પછી હિંદ વિષેનું આપણું અભિમાન ગળી જાય છે અને સેવા કરવાની ભાવના શમી જાય છે.

આપણને એમ કહેવામાં આવશે કે આ બધો અવ્યવહારૂ આદર્શવાદ છે અને આજની કઠોર વાસ્તવિકતા સાથે તેને કશો પણ સંબંધ નથી. હું તેમને જવાબ આપીશ કે આ તે જ અવ્યવહારૂ આદર્શવાદ છે કે જેને લીધે આપણે વિજય પ્રાપ્ત કર્યો છે અને લોકો જેની વાતો કરે છે તે આ તે જ કહેવાતો વાસ્તવવાદ છે કે જેણે આજ સુધીમાં અનેક યુધ્ધો પેદા કર્યા છે અને જે હજુ પણ બીજું એક અને વધારે ભયંકર યુધ્ધ પેદા કરે એવો સંભવ છે. આ વાસ્તવવાદ એવા મહાન અને નૂતન ઐતિહાસિક બળોની અવગણના કરે છે કે જે બળો આજની દુનિયામાં ક્રાન્તિ પેદા કરવાની શકયતા ધરાવે છે. આ બળોના સ્વરૂપ અને શકયતાને બરોબર સમજવામાં નહી આવે ત્યાં સુધી આજની પરિસ્થિતિની આપણે ખરી કદર કરી નહિ શકીએ.

ગાંધીજીએ હિંદુસ્તાન પુરતા આ ઐતિહાસિક બળોને બરાબર પારખ્યાં હતાં અને તે બળોના પોતે જ પ્રતિનિધિ બન્યા હતા. તેઓ મહાન હતા તેનું કારણ આ જ હતું અને હિંદના લાખો માનવીઓમાં તેઓ જે આવડું મોટું જોમ પેદા કરી શકયા હતા તેનું પણ આ જ કારણ હતું. હિંદ જેની અપેક્ષા ધરાવતું હતું તે શું છે તે અને સાથે સાથે હિંદની તાકાત અને ત્રુટિઓ—ઉભયને પણ તેઓ બરોબર સમજતા હતા. આમ હોવાથી તેમનું જીવન હિંદની રાજકીય મુક્તિ અર્થે જ માત્ર નહિ, પણ દીનદુઃખી અને પદદલિત લાખો માનવીઓના ઉદ્ધાર અર્થે સમર્પિત થયું હતું. આ લોકો માટે તેમજ આપણી સ્ત્રી જાતિ માટે તેઓ એક મુક્તિદાતા શક્તિ હતા. પણ સામાજિક ન્યાય અને જાતિગત (Racial) તેમજ આર્થિક સમાનતા પેદા કરવા માટે નિર્માણ થયેલી આ મહાન શક્તિનો ઉપયોગ કશા પણ તિરસ્કાર કે પશુબળના ઉપયોગ સિવાય કરવામાં આવ્યો હતો. પ્રત્યેક આંખનું પ્રત્યેક આંસુ લુંછવું એ તેમનો મનોરથ હતો, જ્યારે આજના અનેક મોટા માણસો આંસુઓ અને લોહીના સાગર પેદા કરવાનો અને એ રીતે દુનિયાના પ્રશ્નોનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરવાનો મનોરથ ધરાવતા માલુમ પડે છે.

અનુવાદક : **પરમાનંદ**

સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સિંચન

તા. ૧૫-૯-૫૧ ના અંકમાં પર્યુષણ દરમિયાન વસુલ થયેલી યાદી આપવામાં આવેલ હતી તે પછી આવેલી રકમો નીચે મુજબ છે.

પ્રબુદ્ધ જૈન

૨૫-૦-૦ ખુશાલદાસ જે. શાહ
૧૧-૦-૦ શિવરાજજી જુગરાજજી કુકડ
૧૦-૦-૦ સુગનચંદ્રજી લુણાવત
૫-૦-૦ કેશરીમલજી ગુગલીયા

૫૧-૦-૦

સંઘને ભેટ

૨૫-૦-૦ શ્રી. આર. યુ. શાહ
૧૦-૦-૦ શ્રી. માણસી વરસી

૩૫-૦-૦

વ્યાખ્યાનમાળા

૨૫-૦-૦ શ્રી. પાસુભાઈ ખીયસી કુરીયા

એક ખુલાસો: તા. ૧૫-૧૦-૫૧ના અંકમાં રૂ. ૧૫૧) શ્રી. જયંતિલાલ લલ્લુભાઈ પરીખના પ્રબુધ્ધ જૈનને ભેટમાં છાપ્યા છે, તેના બદલે રૂ. ૧૦૦) પ્રબુધ્ધ જૈનને ભેટ અને રૂ. ૫૦) વ્યાખ્યાનમાળામાં તેમ સુધારીને વાંચવું. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

કેટલાક સમાચાર અને નોંધ

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

વિ. સં. ૨૦૦૭ નું વર્ષ પુરું થાય છે અને વિ. સં. ૨૦૦૮નું વર્ષ આજના મંગળ પ્રભાતે શરૂ થાય છે. પૂરું થતું વર્ષ સુખશાન્તિપૂર્વક અને આબાદીમાં પસાર થયું હોય, વ્યતીત થયેલી વર્ષાઋતુ દરમિયાન જોઇતો વરસાદ વખતસર પડ્યો હોય, નદી નાળાંમાં નિર્મળ જળ વહી રહ્યાં હોય, તળાવ સરોવર પાણીથી છલકાતાં હોય, ખેતરોમાં ઉગેલો પાક ઉડીને આંખને વળગતો હોય અને આગામી વર્ષ બધી રીતે ઉજળું નીવડવાનાં શુભ ચિહ્નો દૃષ્ટિગોચર થતાં હોય ત્યારે નવા વર્ષનો પ્રવેશ જેટલો સુખકર લાગે અને એકમેકનું અભિનન્દન કરતાં અને શુભેચ્છાઓ વ્યક્ત કરતાં જે ઉલ્લાસ-ઊર્મિરોમાંચ આપણે અનુભવીએ તેવો ઉલ્લાસ અને ઊર્મિરોમાંચ આજે આપણે અનુભવી શકતા નથી.

વરસાદે આખરે દગો દીધો છે અને દેશ સામે, ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઇ અને મહારાષ્ટ્ર સામે દુષ્કાળ ડોકાયું કરી રહેલ છે. બે વર્ષ પહેલાં દુષ્કાળની પરિસ્થિતિ આપણે કેટલી મુસ્કેલીયે વટાવી હતી. વચલું વર્ષ કાંઇક સારૂં ગયું. એમ છતાં અનાજની ખેંચમાં બહુ ફેર પડ્યો નહોતો. આજે સામે દેખાતા દુષ્કાળનું સ્વરૂપ વિચારતાં દિલ કંપે છે; કલ્પના આકુળવ્યાકુળ બની જાય છે. આ દુષ્કાળ માત્ર અન્નનો નહિ હોય, પાણીની પણ ભારે તંગી ચોતરફ દેખાઇ રહી છે. ધારો કે દુનિયાનું દેવું કરીને પણ અનાજ લાવીશું, જો કે આ કેટલું મળશે અને કેટલાને પહોંચશે એ એક સવાલ છે, પણ પાણી ક્યાંથી પેદા થશે?

આમ ઉત્તરોત્તર એક પછી એક વર્ષ વધારે ને વધારે આફતો અને હાડમારીઓનું આવતું જાય છે અને પ્રજાની પ્રાણશક્તિનો ભારે હ્રાસ થતો જાય છે. વિપરીત આર્થિક સંયોગો, પ્રજાનું નૈતિક દીવાળું, સ્વાર્થપરતાએ અને હિંસાપરાયણતાએ માનવીજીવન આસપાસ લીધેલો ભરડો, જીવવા માટે-ટકવા માટે-સતત બાથોડિયાં ભરવા પડે એવી મોટા સમુદાયની પરિસ્થિતિ-આમાં વળી કુદરત રૂઠે-એટલે પછી પૂછવું જ શું? સંકટની કઇ પરિસીમા આપણા ભાગ્યમાં લખાઈ છે તેનું કોઇ માપ જ આવી શકતું નથી.

આમ છતાં નિરાશ બનીને બેસી રહેવાનું તો બને જ નહિ. જેમ વધારે સંકટ એમ વધારે પુરૂષાર્થની જાગૃતિ એ કુદરતનો નિયમ છે. આ નિયમ ધ્યાનમાં લઇને પુરૂષાર્થજાગૃતિ તરફ આપણા મનને વાળવું ઘટે છે અને આપણી પાસે હોય તે સરખા ભાગે વહેંચીને, બહારથી લાવીને અને અંદરથી બને તેટલું પેદા કરીને, સંગઠિત અને વ્યવસ્થિત બનીને તથા આ બાબતમાં કાર્યારૂઢ બનેલી સરકારને બને તેટલો સાથ આપીને આવતી આફતને બને તેટલી હળવી કરવી છે, ભૂખમરાને બને તેટલો ટાળવો છે, ખુણે ખૂણે શક્ય તેટલી રાહત પહોંચાડવી છે એ રીતે આપણે કૃતનિશ્ચયી બનવું ઘટે છે. જો આપણે થાય તેટલું કરવાને કટિબધ્ધ થઇશું તો અણધારી કેટલીયે મદદો આવી મળશે અને આજે આપણે કલ્પીએ છીએ તેના પ્રમાણમાં વાસ્તવિક સંકટ ઘણું હળવું અને સુસહ્ય હશે એવી આપણે શ્રધ્ધા રાખીએ. આ રીતે આગામી નવું વર્ષ આપણા માટે ભારે કસોટી કરનાર નીવડવાનું છે. આ કસોટીમાંથી આપણે પાર પડીએ અને જલ્દિથી ઉજળા દિવસ દેખીએ એ શુભેચ્છા સાથે નૂતન વર્ષ સૌ કોઇને સુખરૂપ નીવડો એવી અન્તરથી આપણે પ્રાર્થના કરીએ!

કેશરિયાજીમાં અત્યાચાર

થોડા સમય પહેલાં કેશરિયાજીના મંદિરની આસપાસ અંદરના ભાગમાં આવેલી ભમતીની દેરીઓના દ્વાર ઉપર ગોઠવાયલી લગભગ ૨૭ દિગંબર ઉભી મૂર્તિઓને ઉખેડી ખંડિત કરીને મંદિર બહાર ફેંકી દીધાના સમાચારથી જૈન સમાજને સખ્ત આઘાત લાગ્યો છે અને આવો અત્યાચાર કરનાર પ્રત્યે જૈન સમાજ અત્યન્ત ધૃણાની લાગણી અનુભવી રહેલ છે. જ્યારે જ્યારે આ પ્રકારનો અત્યાચાર બને છે ત્યારે ત્યારે જેમના માટે આ મૂર્તિઓ આરાધ્ય અને પૂજનીય હોય છે તેમનું દિલ-જાણે કે પોતાના શરીરના મર્મભાગ ઉપર કોઇએ સખ્ત પ્રહાર કર્યો હોય એવું-તીવ્ર દુઃખ અને અરેરાટી અનુભવે છે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઇને રાજસ્થાન સરકાર ત્વરિત પગલાં ભરીને ગુનેહગારોને ગમે ત્યાંથી શોધી કાઢશે અને તેમને યોગ્ય નસિયત આપશે એવી આશા રાખવામાં આવે છે.

મંદિરની અંદરની આટલી બધી મૂર્તિઓ ઉપર એક સાથે આવો અત્યાચાર કરવામાં આવે તે ત્યાંની વહીવટવ્યવસ્થાની અક્ષમ્ય ગફલતી દર્શાવે છે. તે મંદિરનો વહીવટ રાજસ્થાની સરકાર હસ્તક ચાલે છે અને સ્થાનિક વહીવટ જૈનેતરોના હાથમાં છે. કેશરિયાજી તીર્થ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો, દિગંબર મૂ૦ જૈનો અને બ્રાહ્મણ પંડ્યાઓ એમ ત્રિપક્ષી ઝગડાનું મોટું મથક છે. આ મંદિર જૈનોનું છે અને તેનો આખો વહીવટ જૈનોના હાથમાં હોવો જોઇએ. પણ દિગંબર શ્વેતાંબર વચ્ચે આ તીર્થની માલેકી વિષે કેટલાંય વર્ષોથી ધર્ષણ ચાલ્યા કરે છે અને બન્ને પક્ષ કોઈ સમાધાન ઉપર આવી શકતા નથી. પરિણામે પંડ્યાઓએ ત્યાં મોટો પગ દેડો જમાવ્યો છે અને રાજ્યની તીજોરીમાં તીર્થની બધી આવક જમે થતી જાય છે. આ તોફાન પાછળ કોનો હાથ હશે એ વિષે આજે કંઈ પણ અનુમાન રજુ કરવું એ યોગ્ય નથી, પણ જૈનો હસ્તક આખો વહીવટ ચાલતો હોય તો આવો છડેચોક અને આટલા મોટા પાયા ઉપરનો અત્યાચાર થવા ન જ પામત એટલું આપણે ચોકકસ પણે કહી શકીએ છીએ.

આવી કમનસીબ દુર્ઘટનાથી જૈનો ચેતે, અને એકમત થાય તો આજે ત્યાંની સરકાર સાથે સમાધાની કરવામાં કશી મુસ્કેલી નડે તેમ નથી. દેશી રીયાસતમાં આ બહુ જ મુસ્કેલ હતું, કારણ કે એ રીયાસતને આ તીર્થમાં સ્વાર્થ હતો. પણ આજે રાજ્યસત્તા બદલાઇ છે અને આવા ઝગડાઓનું બને તેટલું જલ્દીથી નિરાકરણ લાવવું એ નવી રાજ્યસત્તાની સ્વીકૃત નીતિ છે અને, શત્રુંજય, ગિરનાર તથા આબુજીના પ્રશ્નો જે સહેલાઇથી પતી ગયા છે તે ઉપરથી આ નીતિની આપણને પુરેપુરી પ્રતીતિ થઈ છે. તો બન્ને વિભાગના જવાબદાર જૈન આગેવાનો આજની બદલાયલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને પોતપોતામાં એકતા સાધી રાજ્ય સાથે સમાધાન કરીને મંદિરનો વહીવટ સત્વર પોતાના હાથમાં લે એ અત્યન્ત આવશ્યક છે.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા હીરક મહોત્સ

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભાએ ગયા ઓકટોબર માસમાં પોતાનો હીરક મહોત્સવ ઉજવ્યો. આ મહોત્સવને અંગે વિદ્યાર્થિનીઓની રેલી, 'પ્રેમરંગ' નાટકની ભજવણી, વિદ્યાર્થિનીઓના કામકાજનું પ્રદર્શન અને છેલ્લું તા. ૨૧-૧૦-૫૧ ના રોજ સર મણિલાલ બાલાભાઇ નાણાવટીના અધ્યક્ષપણા નીચે ભરવામાં આવેલું જાહેર સંમેલન-આમ લગભગ પંદર દિવસ ઉપર ફેલાયલો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપસંત આ પ્રસંગે આ સંસ્થાનો પરિચય આપતી એક નાની સરખી સચિત્ર સુન્દર પુસ્તિકા પણ બહાર પાડવામાં આવી હતી.

એવી બહુ જ ઓછી જાહેર સંસ્થાઓ હોય છે કે જેના નસીબે હીરક મહોત્સવ ઉજવવા સુધી પહોંચવાનું શકય બને. મુંબઇમાં તો આ પહેલવહેલી જ જૈન સંસ્થા છે કે જે આ રીતે પોતાનો હીરક મહોત્સવ ઉજવવાને ભાગ્યશાળી નીવડી છે. આ સંસ્થાનો ઉદ્‌ભવ આજથી સાઠ વર્ષ પહેલાં વિજયાદશમીના દિવસે થયો હતો અને તે વખતે તેનું નામ શ્રી 'માંગરોળ જૈન સંગીત મંડળી' રાખવામાં આવ્યું હતું. અને મંડળીના સભ્યોને જૈન ધર્મનાં ગીતો ગાતાં, બજાવતાં તથા નાચતાં શિખવવું એ તેનો મુખ્ય ઉદ્દેશ

હતો. આ નાના બીજમાંથી આ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો; શરૂઆતમાં ધાર્મિક શિક્ષણ આપવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી, વિ. સં. ૧૯૫૩ માં મૂળ નામ બદલી 'શ્રી માંગરોળ જૈન સભા' એવું નામ ધારણ કરવામાં આવ્યું, ૧૯૫૯ માં 'માંગરોળ જૈન સભા હાઇસ્કુલની શરૂઆત કરી, ૧૯૬૨ માં બાબુ પનાલાલ જૈન હાઇસ્કુલ'ની સ્થાપના થતાં માંગરોળ જૈન સભા હાઇસ્કુલ વિસર્જિત કરી તેના સ્થાને 'શ્રી. માંગરોળ જૈન સભા સ્ત્રી અને કન્યા શિક્ષણ શાળા' ઉભી કરવામાં આવી. સંસ્થામાં મૂળ માંગરોળના વતની ઉપરાંત અન્ય જૈનો પણ રસ લેતા થયા અને સંસ્થામાં તેમનો પ્રવેશ સુલભ બને એ માટે ૧૯૬૫ માં 'શ્રી. મુંબઈ અને માંગરોળ જૈન સભા' એવું આ સંસ્થાનું પુનઃ નામસંસ્કારણ કરવામાં આવ્યું. આ સંસ્થા હસ્તક ચાલતી કન્યા શાળા ઉત્તરોત્તર વિકાસ પામતી રહી. ૧૯૭૨ માં મુંબઈની હાઇકોર્ટના ન્યાયમૂર્તિ સ્વ. ઝવેરભાઇ આશારામ શાહના પ્રમુખપણા નીચે સંસ્થાએ પોતાનો રજત મહોત્સવ ઉજવ્યો. ૧૯૭૪ માં કન્યાશાળામાં અંગ્રેજી ધોરણો દાખલ કરવામાં આવ્યાં. ૧૯૯૪ માં શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ સંસ્થાના પ્રમુખ થયા. અને તેમણે કરેલી રૂ. ૧૧૦૦૦૦ની ઉદાર સખાવતના પાયા ઉપર આ કન્યાશાળાને મેટ્રીક સુધીની હાઇસ્કૂલની કક્ષાએ પહોંચાડવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ નિર્ણય અને કાર્યકર્તાઓના પુરૂષાર્થના પરિણામે સંસ્થામાં એક યા બીજા કાર્ય માટે દાનનો પ્રવાહ વહેતો થયો. મુંબઈમાં ક્વીન્સ રોડ ઉપર એક જમીનનો પ્લોટ ખરીદવામાં આવ્યો અને હાઇસ્કૂલ માટે એક ભવ્ય મકાન ઉભું કરવામાં આવ્યું. ૧૯૯૮ માં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે આ સંસ્થાએ પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવ્યો અને એમના શુભ હસ્તે સંસ્થાના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પછીના દશ વર્ષના ગાળામાં હાઇસ્કૂલમાં ભણતી કન્યાઓની સંખ્યા વધતી ચાલી. આજે સંસ્થાનો રૂ. ૧૩૦૦૦૦ નો વાર્ષિક ખર્ચ છે. આ સંસ્થા હાઇસ્કુલ ઉપરાંત બાળવિભાગના તથા પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વર્ગો ચલાવે છે અને આ બધા વિભાગોમાં ભણતી કન્યાઓની કુલ સંખ્યા લગભગ ૧૨૦૦ની છે. સંસ્થા પાસે આજે સાડા સાત લાખનું ભંડોળ છે. સંસ્થાના સાઠ વર્ષના ઇતિહાસની અને અદ્યતન પરિસ્થિતિની આ ટુંકી વિગત છે.

સંસ્થા હસ્તક ચાલતી હાઇસ્કૂલ મુંબઈમાંની અન્ય હાઇસ્કૂલોમાં પહેલી હરોળની ગણાય છે. ચાલુ ધોરણોના નિયત અભ્યાસક્રમ ઉપરાંત ગૃહવિજ્ઞાન, ચિત્રકામ, નૃત્ય, સંગીત, હસ્તોદ્યોગ—આવી અનેક ઇતર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. આજથી પંદર વીશ વર્ષ પહેલાં સંસ્થાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે જે કાંઈ નૃત્ય, ગીત, સંગીત નાટકોના કાર્યક્રમો રજુ કરવામાં આવતા હતા તે અન્ય પ્રગતિશીલ શિક્ષણ સંસ્થાઓની અપેક્ષાએ બહુ ઉતરતી કોટિના—જાણે કે આપણે બીજાઓથી પચીસ પચાસ વર્ષ પાછળ હોઇએ એવા—લાગતા હતા. આજે સંગીત, કલા તથા અભિનયની દૃષ્ટિએ આ કાર્યક્રમો આગળ પડતી અન્ય સંસ્થાઓએ સિધ્ધ કરેલા સીમાચિન્હની બહુ સમીપ પહોંચી ચુકયા છે એ જોઇને ખૂબ આનંદ થાય છે.

આ સંસ્થા હસ્તકની શિક્ષણ સંસ્થાઓમાં પ્રારંભથી જૈનોના શ્વેતાંબર-દિગંબર ભેદને જરા પણ સ્થાન આપવામાં આવ્યું નથી અને જો કે સંસ્થાનો વહીવટ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના આગેવાનોના હાથમાં છે, એમ છતાં શિક્ષણનો લાભ ત્રણે વિભાગની કન્યાઓને કશા પણ પક્ષપાત સિવાય આપવામાં આવે છે. આ હાઇસ્કૂલને મુંબઈ સરકાર તરફથી સારી એવી ગ્રાન્ટ મળે છે અને સંસ્થામાં જૈનેતર કન્યાઓ પણ ઠીક પ્રમાણમાં ભણે છે. આજે સંસ્થાનાં મકાનની સગવડ પરિમિત હોઇને દાખલ થવા માટે આવતી અનેક અરજીઓ નકારવી પડે છે.

આ સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ કે બીજા કોઇ પણ ગમે તે હોય, પણ આ સંસ્થાને પોતાની માનીને જો કોઇ પણ એક વ્યક્તિ તેની રાતદિવસ ચિન્તા કરતી હોય અને તેની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે શકય તે પ્રયત્નો કરવાને સદા તત્પર હોય અને એ માટે જરૂર પડયે ગમે તેટલું જાતે ઘસાવાને પણ તૈયાર હોય તો તે આ હાઇસ્કુલના જન્મદાતા શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ છે. આ સંસ્થા આ પ્રકારના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકી છે તેનું શ્રેય અને યશ મોટા ભાગે શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ તથા તેમનાં સહધર્મચારિણી શ્રી. શકુન્તલા બહેનના ભાગે જાય છે.

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાની આ પ્રવૃત્તિનો લાભ ઘણા મોટા ભાગે આખા જૈન સમાજને કશા પણ ભેદભાવ સિવાય મળી રહ્યો છે એ જોતાં એના વહીવટમાં માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ નહિ પણ મુંબઇનો આખો જૈન સમાજ રસ લેતો થાય—એવો પ્રબંધ ઉભો કરવા સંસ્થાના આજના સંચાલકોને વિનંતિ છે. જૈન સમાજના અન્ય વિભાગના શ્રીમાનોએ આ હાઇસ્કુલને પોતાની ઉદારતા વડે સારી પેઠે નવાજવી જોઇએ અને અન્ય વિભાગના આગેવાનોએ આ સંસ્થાને પૂરેપૂરી રીતે આપનાવવી જોઇએ. જેટલા વિશાળ સમુદાયનો આ સંસ્થાને ટેકો મળશે તેટલા પ્રમાણમાં સંસ્થાના વિકાસનો વેગ વધતો રહેશે. આખરે આ હાઇસ્કૂલ મુંબઈના એક ખુણે ઉભેલી છે. આવી હાઇસ્કુલો આર્થિક મદદો મળતાં મુંબઈના બીજા વિભાગોમાં ખોલી શકાય છે અને એ રીતે આજની શિક્ષણતંગીને હળવી કરી શકાય છે. બીજું આજ સુધી આ સભા પોતાની શિક્ષણ પ્રવૃત્તિ બીજી શિક્ષણસંસ્થાઓને પગલે પગલે ચાલીને આગળ વધારી રહી છે, તેમ જ અંદરથી વિકસાવી રહી છે. હવે તેનું ધ્યેય બીજાની હરીફાઇમાં પોતે આગળ આવવું, અને બીજી અનેક શિક્ષણ-સંસ્થાઓને માર્ગદર્શક બનવું એ હોવું જોઇએ. આ તો જ બની શકે કે જો તેને અદ્યતન કેળવણીની જાણકાર અને અનુભવી વ્યકિતઓનો પુરો સાથ હોય. દર પાંચ વર્ષે અનુભવી કેળવણીકારોનું એક નાનું સરખું કમીશન નીમવામાં આવે અને અન્તરબાહ્ય પરિસ્થિતિથી માહિતગાર થઇને તે કમીશન જે રીપોર્ટ કરે તે મુજબ સંસ્થાના સંચાલનમાં જરૂરી ફેરફારો કરતા રહેવામાં આવે તો આ હાઇસ્કૂલ જરૂર અન્ય હાઇસ્કુલોમાં જરૂર અગ્રતમ સ્થાન પ્રાપ્ત કરે.

આજે વર્ધા શિક્ષણ પધ્ધતિના નામે ઓળખાતી પાયાની કેળવણીની યોજનાના અખતરા થઈ રહ્યા છે. આ પાયાની કેળવણીનાં ધોરણો કોઈ પણ એક ગૃહઉદ્યોગ ઉપર ટેકીને નક્કી કરવામાં આવે છે. આ માટે જેમ ખેતી, કાંતણવણાટ, સુતારી કામ, લુહારી કામ તેમ શીવણને પણ પાયાના ઉદ્યોગ તરીકે સ્વીકારવામાં આવેલ છે. જેમ અન્ય ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને આ યોજનાનો અમલ શરૂ થયો છે અને પ્રાયોગિક અખતરાઓ થઈ રહ્યા છે તેમ શીવણને પાયાના ઉદ્યોગ તરીકે સ્વીકારીને તેના ઉપર કોઈ અભ્યાસક્રમની યોજના અથવા તો તેને લગતા પ્રાયોગિક અખતરો શરૂ થયાનું ધ્યાનમાં નથી. આ હાઇસ્કૂલ કે જે પ્રાકપ્રાથમિકથી માંડીને માધ્યમિક ધોરણો સાથે સંકળાયેલી છે તે શીવણને કેન્દ્રમાં રાખીને વર્ધાની શિક્ષણપદ્ધતિ તરફ ગતિ કરી શકે છે. આમ કરવાથી આ હાઇસ્કૂલ શિક્ષણની દિશાએ પોતા માટે તેમ અન્ય શિક્ષણસંસ્થાઓ માટે એક નવું દ્વાર ખોલી શકશે અને નૂતન શિક્ષણના નિર્માણમાં પોતાનો મૌલિક ફાળો નોંધાવી શકશે. આ બાબતનો વિચાર કરવા અને તે દિશાએ આગળ ચાલવું હોય તો તેને લગતા નિષ્ણાતો અને તજ્ઞોનો સાથ મેળવવા સંસ્થાના સંચાલકોને વિનંતિ છે.

આજથી ચાલીશ વર્ષ પહેલાં શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા આજની શિક્ષણ પ્રવૃત્તિ જો કે બહુ જ નાના પાયા ઉપર ચલાવતી હતી, પણ સાથે સાથે અવાર નવાર વ્યાખ્યાન સભાઓ યોજતી અને તેમાં જૈન સમાજને લગતા તથા વિશાળ સમાજને સ્પર્શતા અનેક પ્રશ્નો વિષે ભાષણો અપાતાં ચર્ચાઓ થતી અને એ રીતે આ પ્રવૃત્તિ લોક શિક્ષણની ગરજ સારતી. આ ઉપરાંત જૈન સમાજને લગતી બીજી બાબતો વિષે પણ જરૂરી પ્રવૃત્તિઓ આ સંસ્થા હાથ ધરતી હતી. આજે આ સભાની આખી પ્રવૃત્તિ અને શકિત

આ હાઈસ્કુલ ઉપર જ કેન્દ્રિત થઈ રહી છે. હાઇસ્કુલ એ કાંઈ નાની સુની પ્રવૃત્તિ નથી અને તેનું મહત્વ પણ કાંઈ ઓછું નથી. પણ સાથે સાથે આવી એક જવાબદાર અને પ્રૌઢ સંસ્થા આટલા એક કાર્યથી સંતોષ માનીને બેસી રહે એ યોગ્ય નથી. સહસ્ત્રદળ કમળની માફક આવી સંસ્થામાંથી અનેક નાની મોટી પ્રવૃત્તિઓની પાંખડીઓ પ્રુટતી રહેવી જોઇએ અને તેની સુવાસ ચોતરફ દૂર ને દૂર સુધી ફેલાતી રહેવી જોઇએ.

'કાબે અર્જુન લૂંટિયો, એહિ ધનુષ્ય એહિ બાણ'

આ દુનિયાના વિશાળ તખ્તા ઉપર એક પછી એક રાજ્ય–સત્તાના ઉદય અસ્તનો ક્રમ ચાલ્યા જ કરે છે. ગ્રીસ અને રોમ શહેનશા–હતો ઉગી અને આથમી ગયાને સૈકાઓ વીતી ગયા. છેલ્લા બે સૈકાઓ દરમિયાન અંગ્રેજી સત્તાનો ઉદય અને દિગંતવ્યાપી ઉત્કર્ષ આપણે જોયો અને અંગ્રેજી શહેનશાહત ઉપર સૂર્ય કદિ આથમતો નથી એમ આપણે કહેવાતું સાંભળ્યું. આજે એ સત્તાનો સૂર્ય આપણે અસ્ત થતો જોઈ રહ્યા છીએ. હિંદુસ્તાન ઉપર એક વખત ગોરી ચામડીનો કેટલો મોટો પ્રભાવ હતો? આખા હિંદુસ્તાન ઉપર તેણે લગભગ દોઢસો વર્ષ સુધી એકચક્રી રાજ્ય ચલાવ્યું. તેની સામે પચાસ વર્ષ પહેલાં પ્રજાએ માથું ઉંચકવાની શરૂઆત કરી. ચાર વર્ષ પહેલાં આપણે તેની ગુલામીમાંથી મુક્ત થયા. ત્યાર પછી તો તે સત્તાએ જ્યાં જ્યાં થાણાં નાખ્યાં હતાં ત્યાં ત્યાંથી તેને રવાના કરવાની હોલચાલ જોસભેર ચાલી રહી છે અને જેની સામે દુનિયાની મોટી સત્તાઓ આંગળી કરવાની હીંમત નહોતી કરતી તેની સામે નાની નાની રાજસત્તાઓ પણ માથું ઉંચકી રહી છે. હમણાં હમણાં ઈરાને ઈંગ્લાંડને જે રીતે હાંકી કાઢયું અને સંયુકત મોલેકીના તેલના કારખાનાં પોતાના કબજામાં લઇ લીધા તે જોઇને તો દુનિયાના લોકો ચકિત થઈ રહ્યા છે. ઈંગ્લાંડ જાણે કે ઇરાન ઉપર હમણાં તુટી પડશે અને ઈરાનને બેદાન મેદાન કરી નાંખશે એવો ઈંગ્લાંડે ઘણોયે દેખાવ કર્યો, પણ ઇરાન પોતાના નિરધારમાંથી જરા પણ પાછું હઠયું નહિ. આખરે ઇરાનના કારખાનાં ખાલી કરીને અંગ્રેજોને ઘર ભેગું થવું પડયું. આને લીધે ઈંગ્લાંડને પુષ્કળ આર્થિક હાનિ થઈ એટલું જ નહિ, પણ આજે રહી સહી સત્તા ટકાવી રાખવાનું સાધન પેટ્રોલના વિપુલ ભંડાર ઉપર પોતાનો એકહથ્થુ કાબુ પણ ઈંગ્લાંડ ગુમાવી બેઠું. ક્યાં દુનિયાની એક મહાન રાજ્યસત્તામાં ગણના પામેલું બ્રીટન અને ક્યાં નબળું પાતળું ઈરાન? આજે પણ બ્રીટન ભાંગ્યું તોયે ભરચ્ચ છે અને ઈરાન એકલાને જ પહોંચી વળવાનો જ આ પ્રશ્ન હોત તો ઇરાનની તાકાત નથી કે બ્રીટન સામે તે આમ આંખ ઉંચી કરી શકે. પણ આન્તર–રાષ્ટ્રીય સંયોગો જ એવા ઉભા થયા છે જેમાં ત્રીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળવાની શકયતા હોય એવી કોઇ પણ પરિસ્થિતિનો સામનો કરવાને બ્રીટન તૈયાર નથી અને પરિણામે ઇરાન જેવું મગતરું બ્રીટન જેવા એક માતંગને ડરાવી શકે છે, ધમકાવી શકે છે, નીચે નમાવી શકે છે. વળી આ પડતીનું ચક્ર કાંઇ આટલેથી જ અટકે તેમ નથી. ઇરાક–વાળા કહે છે કે અમારા તેલના પ્રદેશનો કબજો છોડો. ઇજીપ્ત કહે છે કે સુએઝને છોડો અને સુદાન અમારા હવાલે કરો. સીંગાપુર–મલાયામાં પણ તેમને વિદાય આપવાની નોબત શરૂ થઇ ચુકી છે. આખરે જ્યાંથી નીકળ્યા ત્યાં જ પાછા સમાઇ જાઓ–એવો જાણે કે વિધિનો સંકેત હોય એમ ઉત્તરોત્તર પ્રતિકુળ ઘટનાઓની હારમાળા આપણી આંખ સામે દેખાઈ રહી છે અને આજ સુધી અનેક પછાત દેશોને ધરાઈ ધરાઇને ચુસી રહેલા બ્રીટનનો આત્યન્તિક પરાભવ સમીપ આવીને ઉભો હોય એમ લાગે છે. આ જોતાં મહાભારત યુદ્ધનો વિજેતા ગાંડીવ–ધારી અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણના દેહવિલય પછી ગોપીઓને બચાવવા જનાર અર્જુનને કાઠિયાવાડના કાબાઓ (એક લુંટારૂની જાત) એ લુંટી લીધો હતો અને પરાસ્ત કીધો હતો–એ દૈવના અકળ વિવર્તને સૂચવનારી ઘટના યાદ આવે છે.

કાશ્મીર લોકસભાની ચૂંટણી અને એક વિચિત્ર યોગ

આપણે આ બાજુએ મળતા સમાચારથી જાણીએ છીએ કે કાશ્મીરની લોકસભામાં ત્યાંની નેશનલ કોન્ફરન્સે રજુ કરેલા બધા ઉમેદવારો ચુંટાઇ આવ્યા છે અને ઓકટોબર માસની ૩૧મી તારીખે આ લોકસભાની પહેલી બેઠક મળવાની છે. પણ કાશ્મીર અને જમ્મુમાં હિંદુ–મુસલમાન વસ્તીનું પ્રમાણ કેવું હતું અને ઉમેદવારોની હરીફાઇ કેવા પ્રકારની હતી તે વિષે આપણે બહુ જ ઓછું જાણીએ છીએ. જમ્મુમાં ચુંટણીના કામકાજને અંગે ગયેલા એક મિત્રનો પત્ર ત્યાંની સમગ્ર પરિસ્થિતિનો સ્પષ્ટ અને વિગતવાર ખ્યાલ આપતો હોઇને તેમાંનો ઉપયોગી ભાગ નીચે આપવામાં આવે છે:–

"કાશ્મીરના બે પ્રાન્ત જમ્મુ અને કાશ્મીર. કાશ્મીરમાં હિંદુઓની વસ્તી ૧૫ ટકા જ્યારે જમ્મુમાં મુસલમાનોની વસ્તી ૧૭ ટકા. કાશ્મીરના હિંદુઓનો મોટો ભાગ પંડિત એટલે કે બ્રાહ્મણ કોમનો અને જમ્મુના હિંદુઓનો મોટો ભાગ ડોગરા એટલે કે રાજપુત કોમનો. બન્ને પ્રાન્તોની, ભાષા, રીતરીવાજ અને પહેરવેશ તદ્દન જુદાં. ગુજરાતી અને મહારાષ્ટ્રીઓ વચ્ચે આજ જેવાં ઝેરવેર અને રસાકસી દેખાય છે તેવાં જ અહિં કાશ્મીરી અને જમ્મુના લોકોમાં ઘણા વખતથી ચાલતાં આવ્યાં છે. આજ સુધી રાજ્યકર્તાઓ ડોગરા હતા. એટલે જ મુના લોકોને ઠીક ઠીક અગત્ય મળતી હતી. કાશ્મીર ઉપરના હુમલા વખતે નેશનલ કોન્ફરન્સ–જે લગભગ છેલ્લાં ૧૫ વર્ષથી શેખ અબદુલ્લાની દોરવણી મુજબ કામ કરતી હતી–તેણે ૧૫ ટકા હિંદુઓને જરાય આંચ આવ ા ન દીધી, જ્યારે મહારાજાના કાંઇક આડકતરા ટેકાથી જમ્મુના હિંદુઓએ મુસલમાનોને સા। પ્રમાણમાં માર્યા અને પરિણામે જમ્મુના ઘણા મુસલમાનો પાકીસ્તાન ચાલી ગયા. અત્યારે જમ્મુમાં ૯ થી ૧૦ ટકા મુસલમાનો હશે. પાકીસ્તાન પાસે જમ્મુ પ્રાન્તનો જે ભાગ ગયો ત્યાંના હિંદુઓ પણ સારા ાણમાં માર્યા ગયા અને તેમાંથી જેટલા હિંદુઓ જમ્મુમાં આવી શકે તેટલા જમ્મુમાં આવ્યા.

નેશનલ કોન્ફરન્સની સરકાર બન્યા પછી આપોઆપ જ કાશ્મીરી મુસલમાનોને અને પંડિતોને નોકરીમાં અને જકારણમાં આગળ પડતો ભાગ મળવા લાગ્યો, અને જમ્મુના હિંદુઓ આથી કાશ્મીરીઓની અદેખાઇ કરવા લાગ્યા. આમાં ભળ્યા અસંતોષી રેફ્યુજી–ઓ–નિર્વાસિતો. એટલે ચાલુ રાજકર્તા સામે એટલે કે નેશનલ કોન્ફરન્સ) સામે એક પ્રજાપરિષદ નામની રાજ્યદ્વારી સંસ્થા ઉભી થઈ. પ્રજા–પરિષદની નીતિ લગભગ હિંદુ મહાસભાને મળતી છે અને તેનું સંચાલન પણ ત્યાંથી જ થાય છે એમ લોકોનું માનવું છે. નેશનલ કોન્ફરન્સે મુખ્યત્વે કાશ્મીરમાં કામ કર્યું છે. જમ્મુમાં ખાસ કામ થયેલું નથી.

અહિં ઉભી કરવામાં આવેલી કોન્સ્ટીટયુઅન્ટ એસેમ્બ્લીની ૭૫ બેઠકોમાં ૩૦ જમ્મુની અને ૪૫ કાશ્મીરની છે. કાશ્મીરની ૪૫ તો નેશનલ કોન્ફરન્સે વગર હરીફાઇએ સર કરી છે. જમ્મુની ૩૦માંથી ૧૯ માટે પ્રજાપરિષદે પોતાના ઉમેદવારો ઉભા કરવાનું નક્કી કર્યું. ચાર બેઠકો માટે સ્વતંત્ર ઉમેદવારો પણ ઉભા થયા. પાકીસ્તાનનું કહેવું છે કે કાશ્મીરના મુસલમાનો ત્યાંની ઇન્ડીયન મીલીટરીની બીકે દબાયલા છે એટલે પોતાનો અવાજ ઉઠાવવાની હીંમત કરતા નથી અને પરિણામે નેશનલ કોન્ફરન્સ બધી જ બેઠકો મેળવી શકયું છે. જો જમ્મુની બેઠકો પ્રજાપરિષદ મેળવે તો આપોઆપ જ 'ટુ નેશન થીઅરી' (હિંદુ અને મુસલમાન અલગ અલગ પ્રજા છે એવા સિધ્ધાન્ત)નું સમર્થન થઈ જાય. ચુંટણીની તારીખના માત્ર ચાર દિવસ પહેલાં પ્રજાપરિષદે ચુંટણીમાં ભાગ નહિ લેવાનું નકકી કર્યું. એટલે પછી ચાર સ્વતંત્ર ઉમેદવાર રહ્યા. આમાંથી બે ઉમેદવારોએ આગલે દિવસે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. એટલે પરિણામે માત્ર બે જ બેઠકો માટે ચુંટણી થઈ અને તેમાં નેશનલ કોન્ફરન્સ મોટી બહુમતીથી જીતી. બે બેઠકોનાં પરિણામની રાહ જોતાં અમે બધાં એક જગ્યાએ બેઠાં હતાં. મતગણતરી ચાલુ હતી. થોડી થોડી વારે ટેલીફોન ઉપર ગણતરીના આંકડાઓ મળ્યે જતા હતા. છેલ્લો ટેલીફોન બન્ને બેઠકોની જીતનો આવ્યો અને તે જ વખતે એક ભાઇ દોડતા આવ્યા અને કહેવા લાગ્યા કે લિઆકતઅલી ખાન પર ગોળીબાર થયો. અમે

બધાં રેડીઓ સાંભળવા તરફ વળ્યાં. કેવો યોગ! જે કોન્સ્ટીટ્યુઅન્ટ એસેંબલી ઉપર તેમણે આટલો બધો ખળભળાટ મચાવેલો એની ચુંટણીની એક તરફ પૂર્ણાહુતિ અને તે જ દિવસે તેમનું આમ અકાળ મૃત્યુ!"

પાકીસ્તાનના વડા પ્રધાન લિયાકતઅલીખાનનો પ્રાણાતિપાત

આપણે ત્યાં એક એવી કહેવત પ્રચલિત છે કે કોઈ પણ મહાન રાજ્યસત્તાનો અધિષ્ઠાતા પોતાનું માથું હાથમાં લઈને ફરે છે. આનો અર્થ એ કે રાજ્યસત્તાનો અમલ એક એવી વસ્તુ છે કે જેના લીધે અનેકને દુઃખ માનવાનાં તેમજ જાણે અજાણે અન્યાય થવાનાં કારણો પેદા થયા જ કરે છે. આ ઉપરાંત તેજોદ્વેષ એ એક માનવી-પ્રકૃતિની સહજ અને બહુવ્યાપક નબળાઈ છે. આમ જે પોતાને અન્યાય થયો છે એમ માનતો હોય અથવા તો જે તેજોદ્વેષથી પીડિત હોય તે સત્તારૂઢ વ્યકિતને નિર્મૂળ કરવા પ્રેરાય એ સ્વાભાવિક છે. આને લીધે જેણે સત્તાનો મુગટ પહેર્યો છે એ કદિ સુખે સુઈ શકતો નથી એવું એક કથન સુપ્રચલિત છે. આમાં વળી ફાસીસ્ટવાદે, નાઝીવાદે, સામ્યવાદે પ્રતિપક્ષીઓ સાથે કામ લેવાની નવી નીતિને વેગ આપ્યો છે અને આ નીતિ છે શુધ્ધ હિંસાની, પ્રતિપક્ષી નેતાઓનાં માથાં ધડથી અલગ કરીને પોતાના પક્ષનો માર્ગ નિષ્કંટક બનાવવાની અથવા તો જે વ્યકિત પક્ષની દૃષ્ટિએ ખુંચતી હોય તેનું કોઇ પણ રીતે કાસળ કાઢવાની. આ નીતિવૃત્તિ આજે જગતાના અન્ય દેશોમાં ઠેર ઠેર ફેલાઇ રહી છે અને સત્તારૂઢ રાજપુરૂષોને નિર્મૂળ કરવા કાવત્રા ચોજાઈ રહી છે. આવી સામુદાયિક વિકૃતિમાંથી આજે એક પછી એક કરૂણ ઘટનાઓ બની રહી છે. ત્રણ વર્ષ પહેલાં ગાંધીજીની હત્યા અને તે એક હિંદુના હાથે નીપજેલી આપણે જોઇ જાણી. ત્યાર પછી ઉત્તરોત્તર એક યા અન્ય દેશના આગેવાન નેતાનાં એવા જ હાલ થતા આપણે સાંભળતા આવ્યા છીએ. બર્મામાં આવી જ હત્યા થઈ હતી. આરબ દેશમાં રાજા અબદુલ્લાનું હજુ થોડા સમય પહેલાં આવી જ રીતે ખુન થયું હતું. આવા જ રાજકારણી દ્વેષ, મત્સર અને હિંસક વૃત્તિએ પાકીસ્તાનના મુખ્ય પ્રધાન જનાબ લિયાકતઅલીખાનનો ભોગ લીધો છે.

પાકીસ્તાનના વડા પ્રધાનનું ખુન થવા પાછળની આખી ભૂમિકા આપણા જાણવામાં આવી નથી. પણ પાકીસ્તાનમાં જે પક્ષાપક્ષી અને મતભેદો પ્રવર્તે છે તે જોતાં કોઈ પણ એક પક્ષે યોજેલા કાવત્રાનું આ પરિણામ હોવું જોઇએ એમ અનુમાન થાય છે.

આ રીતે પાકીસ્તાનના એક સર્જક અને આજના રાજ્યતંત્રના મુખ્ય સૂત્રધારના અકાળ દેહવિલયથી પાકીસ્તાનને જલ્દિથી ન પુરાય એવી ખોટ પડી છે. પાકીસ્તાનના નિર્માણ પછી ત્યાંના તંત્રને વ્યવસ્થિત આકાર આપવાની સર્વ જવાબદારી લિયાકતઅલીખાનને માથે આવી પડી હતી અને આ બાબતમાં હિંદ કરતાં પાકીસ્તાનની સ્થિતિ ઘણી વધારે ખરાબ હતી. ત્યાં લગભગ આખી રચના નવેસરથી ઉભી કરવાની હતી. આજે પાકીસ્તાનનું આખું રાજ્યતંત્ર વ્યવસ્થિત પાયા ઉપર ગોઠવાઇ ગયું છે. જ્યાં પુષ્કળ અરાજકતા અને ગેરવ્યવસ્થા હતી ત્યાં વ્યવસ્થિતતા અને રાજ્યનિયમન જોવામાં આવે છે. આનો યશ મોટા પ્રમાણમાં લિયાકતઅલી ખાનના ભાગે જાય છે. લિયાકતઅલી ખાનના અવસાનથી પાકીસ્તાને એક શાણો, ડાહ્યો અને વ્યવહારકુશળ રાજ્યકર્તા ગુમાવ્યો છે. પાકીસ્તાનના ઘડતરમાં તેમણે સૌથી મોટો ફાળો આપ્યો છે. પાકીસ્તાનની તેમણે અનન્ય ભાવે અને અસાધારણ નિષ્ઠાથી સેવા બજાવી છે. આ માટે પાકીસ્તાન તેમના વિષે જેટલું ઋણ ચિન્તવે એટલું ઓછું છે. આ કરૂણ ઘટના પરત્વે હિંદ તેમ જ દુનિયાના અન્ય દેશો પાકીસ્તાન પ્રત્યે સહાનુભૂતિ દાખવી રહ્યા છે.

બીજી બાજુએ હિંદ અને પાકીસ્તાનના પરસ્પર સંબંધની દૃષ્ટિએ લિયાકતઅલી ખાનની રાજકારણી કારકીર્દીનો વિચાર કરીએ છીએ ત્યારે જેણે આ દુનિયામાંથી સદાને માટે વિદાય લીધી તેનું જે કાંઈ ઉજળું હોય તેટલું યાદ કરીએ અને તેનું બુરું સઘળું ભુલી જઇએ એ પ્રકારની સામાન્ય સભ્યતાને અને તત્પ્રેરિત દાક્ષિણ્યભરેલા વર્તનને વળગી રહેવું અત્યન્ત કઠણ થઇ પડે છે.

ભાગલા પડેલું હિંદ આજે પાછું એક થાય એ શકય નથી, એ હવે કદાચ ઈષ્ટ પણ નથી. આમ છતાં પણ તેનો અંગવિચ્છેદ આપણે જ્યારે યાદ કરીએ છીએ ત્યારે આટલા સમયે પણ આપણું દિલ તીવ્ર વેદના અનુભવે છે. આ અંગવિચ્છેદના નિર્માતા કાયદે આઝમ ઝીણાના તેઓ એક વફાદાર સાથી અને સહકાર્યકર્તા હતા એનો ડંખ આપણાથી કદિ ભુલાય તેમ નથી. હિંદુમુસલમાન વૈમનસ્યમાંથી પાકીસ્તાનનો જન્મ થયો. આ પાકીસ્તાનના પાયામાં રહેલી વેરઝેરની લાગણીને લિયાકતઅલી ખાન સતત ઉત્તેજિત કરતા રહ્યા હતા. કાશ્મીરના પ્રશ્ન સંબંધમાં જેમ આપણે પાકીસ્તાનને સંપૂર્ણ રીતે દોષિત ગણીએ છીએ તેવી જ રીતે પાકીસ્તાનના લોકો હિંદને કદાચ પ્રામાણીકપણે દોષિત ગણતા હોય એમ આપણે માની લઇએ, તો પણ પૂર્વ બંગાળમાં લાખોની સંખ્યામાં વસતા હિંદુઓની લઘુમતી કોમમાં તેઓ વિશ્વાસ તો ઉત્પન્ન કરી શકયા નહોતા, એટલું જ નહિ પણ હજારો કુટુંબોને પોતાનાં ઘરબાર, જાગીર જમીન છોડીને હિંદ ભણી ચાલી આવવું પડે અને પોતાની બેનદીકરીઓ અને જાન પણ જોખમમાં લાગે એવી રાજ્યનીતિ તેમણે જીવનના અન્ત સુધી અખત્યાર કરી હતી. આ નીતિની અસર હિંદ ઉપર ગંભીરપણે પડતી રહી છે. હિંદમાં વસતા હિંદુઓ હિંદના મુસલમાનોને સમભાવે જોઇ શકતા નથી. તેમજ હિંદમાં વસતા મુસલમાનો સ્થિરતા અને સહીસલામતી પૂરતા પ્રમાણમાં અનુભવી શકતા નથી. આ બધી દુર્ઘટના લિયાકતઅલી ખાનની હિંદવિરોધી તેમ જ હિંદુવિરોધી રાજ્યનીતિને આભારી છે. દુનિયાની નજરમાં હિંદને ઉતારી પાડવાનો તેઓ તથા તેમના સાથીઓ ધંધો લઈ બેઠા હતા. છેલ્લે છેલ્લે કાશ્મીરની લોકસભાની ચુંટણીના પ્રશ્ન ઉપર તેઓ હિંદ સામે એકાએક ઉકળી ઉઠયા હતા અને હિંદ સામે તેમણે લડાઇનું આવ્હાહન આપતી મુકકી (clenched fist) ઉગામી હતી. હિંદે સહીસલામતીનાં વખતસર પગલાં લીધાં ન હોત અને હિંદના મહાઅમાત્યે સમતા શાન્તિ અને સમયસૂચકતાપૂર્વક કામ લીધું ન હોત અને ગમે તેટલી ઉશ્કેરણી છતાં મગજનું સમતોલપણું જાળવી રાખ્યું ન હોત તો આજે હિંદ અને પાકીસ્તાન વચ્ચે ઘોર યુધ્ધ શરૂ થઈ ચૂકયું હોત. આ રીતે પાકીસ્તાનની રાજ્યધૂરા સ્વીકાર્યા બાદ લિયાકતઅલી ખાને પાકીસ્તાનની પ્રજાને આજ સુધી હિંદની સામે વૈર વિરોધનો-દ્વેષ મત્સરનો-શરાબ પાયા જ કર્યો હતો. વળી હિંદ સાથેના વ્યવહારમાં અને હિંદ વિષે બોલતાં ચાલતાં સત્યની તેમણે કદિ ખેવના સરખી કરી નહોતી. પ્રજાને આવા નશાની ટેવ પાડયા બાદ અને જુઠી વાતોથી ભ્રમિત કર્યા બાદ તેને સ્વસ્થ-સમભાવી normal વિચારણા ઉપર લાવવી બહુ જ મુશ્કેલ છે. હિંદવિરોધી આવો વેરઝેરનો વારસો તેમણે પોતાની પાછળ આવનારા સત્તાધીશોને આપ્યો છે. પાકીસ્તાન અને હિંદ વચ્ચે મૈત્રીભર્યો સંબંધ ઉભયના હિત, કલ્યાણ અને ઉત્કર્ષ માટે અત્યન્ત આવશ્યક છે. એ મૈત્રીના અભાવે આજે બન્ને બાજુએ લાખો કરોડો રૂપીઆનું પાણી થઇ રહ્યું છે, અને બન્ને પ્રજાઓ તંગદીલી અનુભવી રહેલ છે. આજે ત્યાં ખ્વાજા નઝીમુદ્દીન મુખ્ય પ્રધાનના સ્થાને આવ્યા છે અને તેમણે હિંદ સાથે મૈત્રીભર્યો સંબંધ વિકસાવવાની ઈચ્છા જાહેર કરી છે. આપણે આશા રાખીએ કે ઇશ્વર તેમને તેમના સાથીઓને અને પાકીસ્તાનની પ્રજાને સન્મતિ આપે, હિંદ અને પાકીસ્તાન વચ્ચેનાં ઝગડાળું પ્રશ્નોનો સુખદ નીકાલ આવે અને એક વખતનાં ભાઇ ભાંડુ-આજે એકમેકને અવિશ્વાસ અને અપ્રેમથી જોઇ રહેલા-પાછા આવતી કાલે એનો એ કુટુંબભાવ અનુભવતા થાય.

પરમાનંદ

પ્રવાસ વર્ણન

કોટા – કેકડી – અજમેર – ભીલવાડા

(ગતાંકથી ચાલુ)

કોટા

ઉજ્જૈનથી કોટાનું ઘેરું જંગલ, રસ્તામાં મળતાં હરણ ને સાબર, શિયાળ, સસલાં અને વરુ એક પ્રકારનો રોમાંચ પેદા કરતાં હતાં. જાણે શાહી સવારી નિકળી હતી અને બધાં વનચરો મોટરની હેડલાઇટ જોઈ, દોટાદોટ કરી, માર્ગ મોકળો કરતાં હતાં. સારું જંગલ સમસામ હતું. કયાંય બીજી મોટર પણ મળતી નહોતી. રાત્રે બેએકને સુમારે કોટા પહોંચ્યા. ચંબલ નદીને તીરે કોટા વસ્યું છે. પહેલાં બુંદી અને કોટા બન્ને એક ગણાતાં. પરંતુ ઈ. સ. ૧૬૨૫ માં બન્નેને જૂદાં પાડવામાં આવ્યાં. કોટા પહોંચતો રસ્તો એક બાગના દરવાજે આવ્યો. આપણને લાગે કે રસ્તો ચૂકયા છીએ, પણ ના, કોટામાં બાગમાં થઈને જ પ્રવેશ કરાય છે. દરવાન પાસે દરવાજો ખોલાવ્યો. સુંદર વિશાળ, લાંબા સરોવરના કિનારે, સરસ, સફાઈદાર બાગમાંનાં સ્થંભો કોટાના પ્રવેશમાર્ગોનાં દિશાસૂચન કરતાં હતાં. રાત પડી ગઇ હતી. નિદ્રા મગજ પર સવાર થઈ રહી હતી. બાગનો તળાવકિનારે ઉભેલી ગુમટીઓમાં રાત પસાર કરવા મન લલચાતું હતું. પણ અજાણી જગ્યાએ, થોડું સૂતા હોઇએ અને કોઈ પોલીસ ઉઠાડી દે અને આ સુવાની જગ્યા નથી એમ કહી, વિદાય આપે તેનાં કરતાં ઠેકાણું જાય, સૂવું સારું એમ માની, જીવ પર જુલમ કરી, અમે શેઠ કેસરીસીંગજી બાફણાને ત્યાં પહોંચ્યા. તાર તો અગાઉથી કરેલો જ હતો.

સવારે ગામમાં જઈ, કાર્યકર્તાઓને મળ્યા. શ્રી. કેસરીસીંગજી બાફણાના પુત્ર શ્રી. બુધ્ધસિંહજી બાફણા એક વિચારક અને તેજસ્વી તેમજ સંસ્કારી યુવક છે. તેમણે બધાને એકત્ર કર્યા. કોટામાં સંપ્રદાયો વચ્ચે સારો પ્રેમ છે. અહિં સ્વ. દિવાકરજી, સ્વ. સાગરાનંદ સૂરી, અને દિગંબર સાધુ શ્રી. સૂર્યસાગરજીએ એક સાથે બેસી મહાવીર જયંતી ઉજવી હતી અને સાંપ્રદાયિકતાનાં ઝેર તે દિવસથી બહુ ઓછાં થઈ ગયાં છે. કાર્યકર્તાઓમાં ભારત જૈન મહામંડળના ગત વર્ષનાં ખજાનચી શ્રી. પુનમચંદજી બાંઠીયા અમને અહિં મળ્યા. તેમના મોટા ભાઈ શ્રી. કલ્યાણમલજી બાંઠીયા, શ્રી. મોતીલાલજી પહાડીયા, શ્રી. શ્રી. જ્ઞાનચંદજી, માસ્ટર મગનલાલજી, અને બાબુ ગણેશલાલજી મુખ્ય કાર્યકરો હતા. ક્ષમાપનાનો દિવસ તા. ૨૨ મી સપ્ટેમ્બરનો. તમામ સંપ્રદાયોએ સાથે મળી, મનાવવાનું નકકી કર્યું અને શ્રી. ઋષભદાસજીએ અને થોડાક મિત્રોએ એ પ્રસંગે કોટા પાછા આવવું એમ ઠર્યું.

કેકડી

તારીખ બીજી સપ્ટેમ્બરે સવારના ભોજન પછી અમે નીકળ્યા. કયાં જવું છે ? જયપુર નકકી હતું. ભીલવાડા મનમાં હતું. પવનની લહેરો હલેસાં વગરની કીસ્તીને ગમે ત્યાં ધકેલે તેમ અર્ધે રસ્તે ગયા પછી અમેય અજમેરના રસ્તે ધકેલાયા. શ્રી. ફકીરચંદજી અને એમના પિતા શ્રી. નંદલાલજી એમની પોતાની મોટરમાં અમારી સાથે ભૂસાવળથી પ્રવાસમાં જોડાયા હતા. અમારી મોટરો દોડતી હતી, ગામના નામ સુચવતાં પાટીયાં આવ્યે જતાં હતાં, વાંચ્યું–કેકડી. શ્રી. ઋષભદાસજીને યાદ આવ્યું કે અહિં વિજયેન્દ્રસુરીજીનું ચોમાસું છે. આપણે ત્યાં થતા જઇએ. અમે ગયા. એક ઊંચા, ગોરા, મસ્ત સાધુનાં શ્રી. વિજયેન્દ્ર–સૂરીમાં અમને દર્શન થયાં. સાહિત્ય અને ઇતિહાસના એ ખૂબ અભ્યાસી છે. ઇતિહાસનાં પુસ્તકોનાં એમનાં સંગ્રહમાં કેટલાંય અપ્રાપ્ય પુસ્તકો છે. આટલી મોટી વયે પણ એમનું વાંચન ખૂબ છે. ભારત જૈન મહામંડળ અને મુંબઈ જૈન યુવક સંઘની છેલ્લી પ્રવૃત્તિઓના એ માહિતગાર લાગ્યા. ખૂબ પ્રેમપૂર્વક એમણે અમને કેટલાંક પુસ્તકો આપ્યાં. શ્રી. રાજમલજીને લાગ્યું કે જેમ મંદિરોમાં અતિશયતા વધી પડી છે એમ આ સાધુઓ પણ નકામું, કચરાજેવું ગમે તે લખે, અને બે ત્યાર અનુયાયીઓની સહાયે એના પૈસા ભેગા કરાવી પ્રસિધ્ધ કરાવીને સમાજમાં કચરો વધારે છે તેમજ ભકતોના પૈસાનો દુર્વ્યય કરે છે. જૈન સાધુઓના એમના અનુભવની આ વાત શ્રી. રાજમલજીએ એમને કહી. એમણે કહ્યું સમાજમાં આ સામે પણ લાલબત્તી ધરવાની જરૂર છે. મહારાજજી જોડે ખૂબ વાતો કરી. હિંદી, સંસ્કૃત, પંજાબી, બંગાલી, ગુજરાતી, ઇ૰ ઘણી ભાષાઓ પર એમનું પ્રભુત્વ છે. એમણે એક સરસ વાત કહી, "યોગ્યતા વિનાના " આંદમીઓનું અનાથાશ્રમ આપણો સાધુસંઘ બની ગયો છે."

કેકડીના સમાજના ભાઇઓના આગ્રહને વશ થઈ, અમે રોકાયા. પ્રતિક્રમણ પછી, સભા રખાઈ અને સભામાં પ્રાથમિક પ્રવચનો થયાં. જૈનોની અહિં સોએક ઘરની વસ્તી છે. સભામાં બસ્સો જેટલાં માણસો આવ્યાં હતાં. વ્યાખ્યાનો પછી, અધ્યક્ષસ્થાને બેઠેલા દિગંબર પંડિતજીએ કહ્યું "આપ આમ પ્રવચન કરી ચાલ્યા ના જતા. અહિં શ્વેતાંબરોમાં મૂર્તિપૂજકો અને સ્થાનક માર્ગીઓમાં મંદિર અને સ્થાનકના લાગા ઝગડા છે, તે પતાવી જાઓ અને કાયમની યાદ રાખી જાઓ." પહેલાં મંદિરમાર્ગી અને સ્થાનકમાંની બન્ને મંદિર અને સ્થાનકના લાગા આપતા હતા. છેલ્લા કેટલાંક વર્ષથી એમાં ભેદ પેદા થયો અને કોઇ આપે કોઇ ન આપે એથી બન્ને સંપ્રદાયમાં ઝગડો પેદા થયો હતો. અમારી સલાહ સીધી હતી. જે જે માન્યતામાં અને સંપ્રદાયમાં હોય ત્યાં લાગો આપે. કોઈની માન્યતા વિરૂધ્ધ લાગા લેવા એ યોગ્ય નથી. એટલે સ્થાનકવાળા સ્થાનકમાં અને મંદિરવાળા મંદિરમાં લાગા આપે એ જ દૃષ્ટિ છે. પરંતુ આ 'સીધી સાદી વાત' તો એઓ પણ સમજતા હતા એમ લાગ્યું. ઝગડાની ભઠ્ઠી જલતી રાખવામાં કેટલાંકની મહત્તા જળવાય છે અને અહમને પોષવા જ કેટલાંક આવા ઝગડાઓ ચાલુ રાખવામાં માને છે. અહિં પણ એવા વિઘ્નસંતોષીઓ હતા, તેથી જ સમજતાં છતાં બબ્બે વર્ષોથી ચાલુ હતો. કેટલાંક ડાહ્યાં માણસોને ગળે અમારી વાત બેસી ગઈ. પરંતુ સંઘશાહી ઝગડાઓનો જેને અનુભવ હશે તેમને ખબર હશે કે કોઈ વાત પતતી હોય ત્યારે જેને શાંતિ અરૂચિકર હોય તે નવા નવા મુદ્દાઓ ઉભા કરી, ઝગડો ચાલુ રાખવાના કારણો શોધતા ફરે છે. એમ વાત અહિં થાળે પડતાં લાગી એટલે એક નવી વાત મૂકાઇ, 'બીજા તો ઝઘડા નથી ને ? હવે આપણને મનદુઃખ કશી વાતનું નથી ને ?'–ના છે. એક મંદિર–માર્ગી ભાઈ એક માલણને ઘરમાં રાખી રહ્યા છે તેને નાત બહાર મૂકેલા છે. એમનો ઝઘડો પણ પતાવો.' ખૂબ ગરમા ગરમી થઇ–એટલી બધી કે અમારો ડ્રાઇવર અને અમારા બીજા નોકરોને થયું કે 'અમારા માલિકો પર આફત આવી લાગે છે' એટલે અમારી સંભાળ લેવા એ ઉપર આવ્યા. લંબાયે જતા હાથો અને મોટા ને મોટા અવાજ કરતાં ગળા–ઓની વચ્ચે અમને સ્વસ્થ બેઠેલા જોઈ એ નીચે ગયા. પાંચ જ મીનીટ આ ચાલ્યું હશે. અમારે અજમેર પહોંચવું હતું રાતે કે મધરાતે એટલે અમેય અકળાયા હતા. ત્યાં તો 'મહાવીર સ્વામીના જય'ના પોકારો થયા. બધા એક બીજાને ભેટયા. ન્યાત બહાર મૂકેલા ભાઇને માલણને ઘરમાં રાખવા છતાં ન્યાતમાં લેવાયા. લાગા પણ સૌ સૌના આપે એમ નકકી થયું. ખંડવાની માફક અઢાર દિવસના પર્યુષણ કરવાનું નકકી કર્યું. નિખાલસતાથી બધાંએ સ્તવનો ગાયાં–ભાઈચારાનાં ગીતો ગાયાં–ભેટયા ને નાચ્યા. અમારી આંખો હર્ષાશ્રુથી ભીની થઈ. શ્રી. વિજયેન્દ્રસુરીએ ફેલાવેલી ભાવના, દિગંબરભાઇઓની શ્વેતાંબરોના આ ઝગડા પતાવવાની આતુરતા અને સૌની સમજદારીનો અહિં વિજય થયો. અમને પણ લાગ્યું કે સાંપ્રદાયિક એકતા નહાનાં ગામો, જીલ્લાઓ અને નહાનાં શહેરોમાં જેટલી સુલભ છે તેટલી મોટા શહેરોમાં નથી. શહેરના ભણેલા ચતુર માણસો વાતો તો લાંબી કરી જાય છે, પણ સાંપ્રદાયિક

સમુહમાં એમને પ્રતિષ્ઠાનો ડર રહે છે એટલે એકતા એકતા કહે જવા છતાં એકતા કરી શકતા નથી. કેકડીએ અમારા પ્રવાસશ્રમને સાર્થક માનવાને અમને પ્રેર્યા.

રાતના દશ વાગ્યાના સુમારે અમારી મોટરે અજમેરનો માર્ગ લીધો. સાંજના કેકડીથી શ્રી. ફકીરચંદજી અને એમના પિતા શ્રી. નંદલાલજી અમારાથી આગળ અજમેર પહોંચી ગયા હતા. રસ્તામાં ચિત્તાનાં દર્શન થયાં. મધરાતે ધર્મશાળામાં મુકામ કર્યો. સવારના એ જ ધર્મશાળામાં બિરાજતા સ્થાનકમાર્ગી સાધુ કવિ ઉપાધ્યાય અમરચંદજીનાં દર્શન કર્યાં. એમની પ્રસન્નતા અને ચહેરા પરની સૌમ્યતા આકર્ષક લાગી. એ આજના પ્રવાહોને સમજનારા મુનિ છે. થોડીક વાતચીત કરી, લાખત-કોઠરીમાં વ્યાખ્યાનમાં પહોંચ્યા. ત્યાં સહરામલજી મહારાજના શિષ્ય ચૌથમલજીનું વ્યાખ્યાન થઇ રહ્યું હતું. દૂરથી શ્રી. ફકીરચંદજી જોવામાં આવ્યાં. પિતા તો એમની સાથે હતા. પરંતુ મન એમનું અમારી સાથે રહ્યું હતું. માતાથી વિખુટા પડેલા બાળકને મા જડે ને જે આનંદ થાય તેવા આનંદના ભાવ એમના મ્હોં પર ક્ષણભર પથરાયેલા મેં જોયા. શ્રી. નંદલાલજી ભુસાવલના એક કપાસ અને મગફળીના મશહુર વેપારી છે. એમનું પોતાનું જીન છે. પરંતુ નાની વયે, સામાજિક કાર્યોમાં એમના પુત્રે ખાનદેશના જૈન-જૈનેતરોમાં જે નામના મેળવી છે તે ઉલ્લેખનિય છે. વ્યાખ્યાનમાં થોડીવાર રહી, કવિ અમરચંદજી આવ્યા. શ્રી ઋષભદાસજીનું ભાષણ થયું. એમણે એકતાની, સાંપ્રદાયિક શિક્ષણ-સંસ્થાઓને તમામ જૈનો માટે ખુલ્લી કરવાની અને જૈનો માટેની શિક્ષણ-સંસ્થાઓને અજૈનોને અપનાવવાની વાત કહી. શ્રી. ઋષભદાસજીમાં અને આપણા શ્રી. પરમાનંદભાઈ કાપડીઆમાં મને જેમ જેમ જોતો જાઉં છું તેમ તેમ ઘણું સામ્ય જણાતું જાય છે. બન્નેમાં ઉપાડેલા કામને નિયમિત રીતે પહોંચી વળવાની લગન છે, ધુન છે અને આવડત છે. બન્નેમાંથી એકેયને ભાગ્યેજ ગુસ્સે થએલા જોઇ શકીએ અને પ્રતિકુળ સંજોગોમાં પણ સ્વસ્થતા આ બન્ને જાળવી શકે છે. એમની ભાષામાં, એમના વક્તવ્યમાં સ્વચ્છતા છે, સરળતા છે અને સમજાવટભરી શૈલી છે. એટલે જનસમુહ પર એ ઘારી અસર નિપજાવી શકે છે. એ ઘણીવાર તમારા વિચારોથી જૂદા પડે છતાં તમારામાં દરેક વખતે એમના પ્રત્યેની માનની લાગણી જન્માવી જાય છે. શ્રી. ઋષભદાસજીનાં વક્તવ્ય પછી શ્રી. રાજમલજી લલવાણી બોલ્યા. એમણે ભાષણ દરમ્યાન કહ્યું 'જૈન મુનિ મહારાજો ખેતી ના કરશો, કુવા ના બનાવરાવશો એવી પ્રતિજ્ઞાઓ લેવડાવતા ફરે છે. હું એમને કહું છું કે આવી પ્રતિજ્ઞા લીધેલા ધર્માત્માઓનું એક જુદું ગામ વસાવો. ત્યાં રસોઈ નહિ, ખેતી નહિ, કુવા નહિ, પાણી નહિ. જો પંદર દિવસ આ ધર્માત્માઓ જીવી જાય તો માનજો કે એમનો રાહ સાચો છે. પરંતુ એ પહેલાં એ બધા તમને કરગરતા આવશે કે અમે તો પ્રતિજ્ઞા લઈ, લાચાર બની બેઠા છીએ, તમે ખેતી કરી, રાંધી અમને આપો; તમે કુવા કરાવી, પાણી અમને પાઓ. મને ખાત્રી છે કે આ ધર્માત્માઓ પોતે 'ફેલ' થશે. એમની વાતો માનવામાં આપણે પણ 'ફેલ' જશું. જે કરવાનું છે તે છોડી, જીવનની જરૂરિયાતોને શા સારૂ અવગણ્યા કરો છો?' વળી કહે, "ભારતમાં જ્યારથી જૈનોએ પશુધન પાળવાનું છોડ્યું ત્યારથી જ ભારતના પશુ-ધનની અવદશા થઇ છે. જૈનો જ્યારે પશુ પાળતા ત્યારે દૂધ કેટલું આપે છે, આવક કેટલી છે, એમ વિચારીને પશુ પાળતા નહિં. દૂધ ન દે તેને, બિમાર હોય તેને પણ જીવદયાની દૃષ્ટિએ, અહિંસાની દૃષ્ટિએ એટલું જ પોષણ આપતા. અપંગ બળદોને પણ નિરણ કરવામાં કચાશ રાખતા નહિં. જૈનોમાં સમૃદ્ધિ ભાવનાની અને ધનની હતી, ત્યારે ભારતનાં પશુધનની પણ સમૃદ્ધિ રહી હતી. જૈનોએ પરમાર્થનું આ કામ છોડ્યું અને હિંદનું પશુધન બેહાલ તેમજ ઓછું થઈ ગયું." પછી શ્રી. અમરચંદજીએ એમના મૌનવારે વ્યાખ્યાન પુરતી રાખેલી છૂટ અનુસાર, નાદુરસ્ત તબિયત છતાં બન્ને વક્તાઓને સમર્થન આપતું વ્યાખ્યાન લંબાણથી કર્યું. અમારા યજમાન શ્રી. નૌરતનમલજી રીયાંવાળાને ત્યાં, વ્યાખ્યાન પછી ગયા. અજમેરમાં એક સ્થાનકવાસી જૈન સંઘ છે અને બીજો સ્થાનકવાસી શ્રી. સંઘ (રજીસ્ટર્ડ) છે. થોડાંકનાં મમત્વ અને થોડાંકનાં અહમ્ જૈન સમાજના આ બન્ને વિભાગો ટકાવી રહ્યાં છે. પ્રયત્ન છતાં શ્રી. ભાગચંદજી સોનીની મુલાકાત ન થઇ શકી.

સાંજના ગામમાં ફરવા ગયા. એક આગેવાન જૈનને ત્યાં ગયા. એમની પાસે 'શ્રમણ' માસિક પડ્યું હતું. એમાં શ્રી. ટી. જી. શાહની પુત્રી બહેન કંચનનાં લગ્નની મિમાંસા વાંચી આ સજ્જન જરા દુઃખી થઈ ગયા લાગતા હતા. 'આવાં સમર્થન આપણે કર્યે જ જઇશું તો, તો બધી ભણતી છોકરીઓ સ્વચ્છંદે ચડી જશે. આપણું કોઇ માનશે નહિ અને સમાજની દુર્દશા થઇ જશે.' શ્રી. ઋષભદાસજીએ કહ્યું, 'ના, એમ થશે નહિ. બહેન કંચનના લગ્નની યોગ્યાયોગ્યતા વિચારવાનું આપણે છોડીએ, કારણ કે એના મનના પ્રવાહ, એના જેવા જ સંજોગોમાં આપણે શું કરીએ એ આપણે કેમ કરી કહી શકશું? પરંતુ એક દૃષ્ટાંત લઇ, જગત એને અનુસરવા નિકળી પડતું નથી. આદર્શ જેવા મહાવીર સ્વામીને કે મહાત્મા ગાંધીજીના આદર્શને માન આપવા છતાં જગત સંન્યાસી બની ગયું નથી. એટલે આપણે ડર રાખવાની જરૂર નથી.' 'છતાં-' એ સજ્જને ચાલુ રાખ્યું. 'લગ્ન કરતાં પહેલાં આપણે ભાવી પ્રજાનો અને સંતતિ કેવી નિપજશે એનો તો ખ્યાલ રાખવો જ જોઇએ ને?' હું વધુ વખત ચૂપ રહી ના શક્યો, મેં પૂછ્યું, 'જે લગ્નો આજે સમાજમાં થયાં કરે છે એમાં એવો ખ્યાલ રખાય છે? ભાવિ સંતતી કેવી થશે એનો ખ્યાલ રાખીને લગ્નો કરાતાં હોત તો આ કંગાળ, નિર્માલ્ય બાળકો સમાજને આપ્યાં કરનાર સાઠથી એંસી ટકા પુરુષોને 'ખસી' કરાવી દેવી જોઇએ એમ આપને નથી લાગતું?' માણસ સજ્જન લાગ્યા, મારી વાત એમને સાચી લાગી. પછી તો શ્રી. ઋષભદાસજીએ મારો પરિચય આપ્યો અને શ્રી. ટી. જી. શાહનાં કુટુંબ સાથેનો મારો મૈત્રીભર્યો સંબંધ કહ્યો. એમણે સહાનુભુતિપૂર્વક આખી વાત સમજવા કોશિષ કરી.

તારીખ ૪થી સપ્ટેમ્બરે રાતની ટ્રેનમાં અમે ભીલવાડા મધરાતે ગયા. અમારા અજમેરના યજમાન શ્રી. નૌરતનમલજી રીયાંવાળાની અહિં પણ પેઢી છે. એમના પુત્ર શ્રી. વલ્લભદાસ એ સંભાળે છે. રાતના ટ્રેનમાં બેસવું પડ્યું અને સાડા ત્રણે સુવા મળ્યું. રસ્તામાં શ્રી. રાજમલજીની વાતોનાં રસચટકાં મળ્યે જ જાય. તેમણે એક વાત કહી. "એક વહોરાએ સારા સરખા પૈસા ખરચી, ઇન્કમટેક્ષનો એક કેસ પતાવ્યો. થોડાક વખત પછી, ઇન્કમટેક્ષના રિફંડનો કાગળ આવ્યો કે પંદરસો રૂપીઆ પાછા લઇ જાઓ. વહોરો પહોંચ્યો એના ઇન્કમટેક્ષ એક્ષપર્ટ પાસે. જઇને કહે 'આ વરી સું આવીયું? આપનો કેસ તો પતી ગીયો હુતો ને? આ પંદરસો વરી સેના આપવાના?' એક્ષપર્ટે કહ્યું, 'તમે સહિ કરી આપો. અને મને અઢીસો રૂપીઆ ફીના આપો એટલે હું પતાવી દઇશ. તો ફીકર ન કરશો.' વહોરો રાજી થયો, અઢીસો આપ્યા, એક્ષપર્ટ રૂપીઆ પંદરસો રિફંડના અને અઢીસો ચાંડલાના મળી સાડા સત્તરસો જમી ગયો. આપણી અજ્ઞાનતાનો આપણા આગેવાનો અને સાધુ સંતો આમ જ લાભ ઉઠાવે છે. આપણને પરલોકનું સુખ બતાવી, આ લોકનું સુખ એ લોકો મહાણે છે."

અપૂર્ણ **તારાચંદ**

ભૂલ સુધાર

ગતાંકમાં ઉપરના લેખની અંદર છપાયું છે તેમાં પ્રવાસ ૨૭ મી સપ્ટેમ્બરથી નહિં, પરંતુ ૨૭ મી ઓગસ્ટથી શરૂ થયો હતો એમ સુધારીને વાંચવા ભાઈ તારાચંદ જણાવે છે. **તંત્રી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, સીલ્વર મેન્સન, મુંબઈ, ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૪

મુંબઇ : ૨૫ નવેમ્બર ૧૯૫૨ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જીવનનું સરવૈયું

નવા વરસે સરવૈયું કાઢવાની પ્રથા આપણે ત્યાં છે. જીવનનું પણ સરવૈયું કાઢતા રહેવું જોઇએ એ વાત ગાંધીજી પાસેથી શીખવા મળી છે. પ્રતિવર્ષ વેપારી નફાતોટાનો હિસાબ સરવૈયા ઉપરથી મેળવી લે છે. તેવી રીતે જીવનના નફાતોટાનો હિસાબ આપણે કાઢતા રહીએ તો જ જીવનની સત્ત્વશીલતાનું જતન કરીને તેને ઉત્તરોત્તર ઉદાત્ત ગુણોથી સમૃદ્ધ કરી શકીએ.

પરંતુ, જીવનનું સરવૈયું એટલે શું ? જીવનમાં નફો શું ને ખોટ શું ? એ પ્રશ્નો મહત્વના છે. જેને મન જીવન એક સાધના માટેનું સાધન છે તેઓ એટલું તો અવશ્ય સ્વીકારશે જ કે સદ્‌ગુણમય વ્યવહાર રખાયો હોય તો નફો, અને સદ્‌ગુણનો છેદ ઉડ્યો ત્યાં ખોટ.

તો પછી તરત પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જીવનમાં સાધંત સંરક્ષણ ને સંવર્ધન કરવા જેવો એક સદ્‌ગુણ કયો ? યુગે યુગે માનવચિત્તનું ઉંડુ પરીક્ષણ ને નિરીક્ષણ કરનારા વિરલ સાધકોએ માનવીને કાજે ભિન્ન ભિન્ન પ્રકારના સદ્‌ગુણોને પ્રાધાન્ય આપ્યું છે. સહુ પોતપોતાની વૃત્તિ મતિ અનુસાર એકાદ સદ્‌ગુણને સર્વોચ્ચ તરીકે ઓળખાવે છે.

સંસારમાં પડેલા માનવીને પળે પળે વ્યવહાર ને આદર્શનો સમન્વય કરતા જ રહેવું પડે છે એવી સ્થિતિમાં માનવીને માટે ઉત્તમ સદ્‌ગુણ તે અન્યને માટેનો આદરભાવ છે. "સકળ લોકમાં સહુને વન્દે" એ એક સર્વસ્વીકૃત સર્વોચ્ચ સદ્‌ગુણ છે. તેનું આપણે પરિશીલન ને જતન કરવું જોઇએ.

હિંદુભાઇઓ મંદિરમાં જાય છે, જૈનભાઇઓ ઉપાશ્રયમાં જાય છે, મુસ્લીમભાઇઓ મસ્જદમાં બંદગીને નિમાઝ પઢે છે, ખ્રિસ્તીભાઇઓ દેવળમાં જાય છે એમ જૂદા જૂદા ધર્મ ને સંપ્રદાયના સ્ત્રીપુરૂષો પોતે માનેલા ધર્મસ્થાનમાં જઇને નમ્રભાવે જેનું સ્મરણ ચિંતન કરે છે તેનો ઉદ્દેશ માનવીને અન્યની પ્રત્યે આદર રાખતાં શીખવવાનો છે. માનવી અન્ય પ્રત્યે આદરભાવ કેળવતો રહે ત્યાં સુધી તેની માનવતાનો દીપ જ્વલંત રહે છે એવું અનુભવી સાધકો તથા પયગંબરોએ જાણ્યું. તેથી જ માનવીને માટે વિવિધ પ્રકારનાં ને આકારનાં પૂજાનાં સ્થાનો રચાયાં છે.

નાનાં બાળકને સંસ્કારી માતા કોઇક મંદિરમાં લઇ જઇને બાળકના બે હાથ જોડાવી માથું નમાવીને 'જય જય' કરાવે છે, ત્યારે એ માતા કે બાળકને પણ ખબર નથી હોતી કે શા માટે તેઓ એકાદ પત્થરની મૂર્તિ, ચિત્ર કે પુસ્તક સામે માથું નમાવી રહેલાં છે. પરંતુ એ માતા ને બાળક જે વર્તન વગરસમજ્યે પણ કર્યે જાય છે તેનો અર્થ એટલો છે કે માનવીએ માનવતાનું જતન અને સંવર્ધન કરવા કાજે અન્ય પ્રત્યે આદરભાવ રાખવો જોઇએ એવી જે સંસ્કાર-સમૃદ્ધ પ્રણાલિકા આરંભી છે તેને સળંગસૂત્ર રાખવા માતા ને બાળક વગર સમજણે પણ પોતાનો ફાળો આપ્યે જાય છે.

અન્યની પ્રત્યે આદરભાવ કેળવવાની પૂર્વશરત તરીકે જ આપણે પરસ્પરને મળીએ છીએ ત્યારે 'જય જય' એટલે કે 'તમારી વૃત્તિઓ ઉપર તમારો જય હો' એવી સદ્‌ભાવના વ્યક્ત કરીએ છીએ. પોતાની અહંમની વૃત્તિ ઉપર જય મેળવ્યા વિના અન્યની પ્રત્યે આદર સન્માન શી રીતે પ્રગટે ?

એટલે, ચક્ષુથી જે કંઈ જોવાય, કર્ણથી જે કંઈ પણ શ્રવણ થાય, ત્વચાથી જેનો પણ સ્પર્શ થાય, જીભથી જેનો પણ સ્વાદ થાય, જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિયો વડે સમગ્રપણે જેનો પરિચય થાય એ પ્રત્યેક સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયાનું પ્રતિબિંબ આપણામાં અન્યની પ્રત્યે આદરભાવ જાગ્રત કરતાં રહે તેવી જાગરણી આપણા મનને, આપણી જાતને આપવી જોઇએ.

જીવનમાં કોઈ જ પરિવર્તનક્રિયા કે વિચાર એવો ન હોવો જોઇએ કે જેના પરિણામે સાન્નિધ્યથી આપણામાંનો આદરભાવ ક્ષીણ થાય ને આપણે રાગદ્વેષપૂર્ણ બની જઇએ. શુભ પ્રવૃત્તિથી સુખ અને અશુભથી દુઃખ પામીએ, પરંતુ આદરભાવ તો સાચવીએ જ. મૈત્રી, કરુણા, મુદિતા ને ઉપેક્ષા એ ભાવો પણ યથાસ્થાને કાળે ભલે વ્યક્ત થાય. પરંતુ એ બધાય ભાવોમાં જે એક સળંગ જીવંત દોરી રૂપે આદરભાવ રહેલો છે તેને તો ન જ ચુમાવીએ. માનવીને તેનાં અપકૃત્યો કે ભિન્ન વિચારો એ બન્ને વચ્ચેનો વિવેક જાગ્રત રહે તો જ કોઇપણ સંજોગોમાં માનવ પ્રત્યેની અનુકંપા સહૃદયતા ને આદરભાવ સચવાય.

આ સમગ્ર દૃષ્ટિએ જોતાં આદરની ભાવના માનવજીવનમાં એક ભાતું છે. વિવેક એટલે જીવનનું પથ્ય. વિવેકદ્વારા માનવી પથ્યાપથ્યને સમજે છે, પરંતુ આદરભાવ એ તો એના આત્માને જ્વલંત રાખનાર સ્નેહ-સ્નિગ્ધતા છે. જીવનના અજ્વાણુ દીપકની શગને સંકારતા રહેવાની વિવેકદૃષ્ટિ સાંપડવી સહેજ કઠિન છે. પરંતુ એ શગને જ્યોતિ સ્વરૂપે પ્રગટ રાખનાર આદરની ભાવના તો સદાય સન્મુખ રાખી શકાય તેવી સરળ છે. નમ્રભાવે માથું નમાવો એટલે તરત આદરની ભાવના પ્રગટશે. જીવનમાં જ્ઞાન, તત્ત્વદર્શન કે જીવનની દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટેની પૂર્વશરત પણ આ જ છે કે પ્રથમ આદર કેળવો.

પ્રતિવર્ષ જીવનનું સરવૈયું કાઢવાની તાત્વિક દૃષ્ટિ જેઓને સ્વીકાર્ય હોય તેઓ જીવનને આ દૃષ્ટિએ માપી જુએ કે જીવનનું વહેણ વહે છે તેથી અન્યને ઉત્તરોત્તર આદરભાવ આપીએ છીએ કે રાગદ્વેષથી દૂષિત એવું વિષ આપીએ છીએ. આદરરૂપી અમૃત અર્પણ કરી જવામાં જે જીવનનો શાંત સ્રોત વહે જતો હોય તો જાણવું કે સરવૈયું સર્વના કલ્યાણનું સૂચક છે. જ્ઞાન-ગુમાનની ગાંસડી લઇને ભટકી રહેલા કોઇક માર્ગ ભૂલ્યા મુસાફરની માફક જીવનમાંથી રાગદ્વેષ-રૂપી વિષ વ્યક્ત થતું હોય તો જાણવું કે જીવનનું સરવૈયું કેવળ સ્વાર્થ જેનું બીજું નામ મૃત્યુ છે તે વ્યક્ત કરી રહેલ છે.


આપણું જીવન તો એક નિમિત્ત માત્ર છે. એવી સમજથી નમ્રભાવે સહુની પ્રત્યે આદર કેળવતા રહીશું તો આદરભાવ એક એવું મધ્યબિંદુ છે કે જ્યાંથી જીવનસત્ત્વને બળ આપનારી અસંખ્ય રેખાઓ અન્ય સદ્‌ગુણરૂપે આપોઆપ પ્રગટતી રહેશે અને પરિણામે જીવન એક સર્વાંગસુંદર આત્માની કૃતિ બની રહેશે.

હરિજન આશ્રમ,
સાબરમતી.

પુરાતન ભુચ

બ્રાહ્મી, સુન્દરી અને બાહુબલિનું અહંકારવિમોચન

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાના હીરક મહોત્સવ પ્રસંગે તે સંસ્થાનો સચિત્ર પરિચય આપતી નાની સરખી પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી. તેમાં એ સંસ્થા કે જેની હસ્તક શ્રી. શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઇસ્કૂલ જેવી સાધનસંપન્ન શિક્ષણ-સંસ્થા ચલાવવામાં આવે છે તે સંસ્થાના સ્થાયી પ્રતીક તરીકે બાજુએ આપેલ શ્રી મેનાબહેન અજિતભાઈ દેસાઇએ આળેખેળ રેખા-ચિત્રનો ઉપયોગ કરવાની સુચના કરતાં તે ચિત્રની નીચે મુજબ સમજુતી આપવામાં આવી હતી:-



જૈન કથાનક મુજબ આજની સર્વ સભ્યતા અને સંસ્કૃતિના મૂળ પ્રવર્તક પ્રથમ તીર્થંકર શ્રી. ઋષભદેવ છે. તેમને સો પુત્ર * હતા અને બ્રાહ્મી અને સુન્દરી એ નામની બે પુત્રીઓ હતી. સો પુત્રોમાં સૌથી મોટા ભરત અને તેનાથી નાના બાહુબલી. ભગવાન ઋષભદેવે બ્રાહ્મીને અક્ષરવિદ્યા શિખવી અને સુન્દરીને અંકવિદ્યા શિખવી. આજના સર્વ જ્ઞાન વિજ્ઞાનનો પ્રભવ બ્રાહ્મી અને સુન્દરીથી થયો. બ્રાહ્મી અને સુન્દરી એટલે આજની વિદ્યાની અધિષ્ઠાત્રી મહાદેવીઓ.

ભગવાન ઋષભદેવે સંસારત્યાગ કર્યો, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, તીર્થનું સ્થાપન કર્યું. નાના ૯૮ પુત્રો તથા બ્રાહ્મી અને સુન્દરીએ પણ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી.

રાજ્યપ્રાપ્તિ માટે ભરત અને બાહુબલિ વચ્ચે અથડામણ શરૂ થઈ. બાર વર્ષ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. આમ બન્ને બાજુએ પુષ્કળ માનવસંહાર થતો જોઇને શક્રેન્દ્રે તે બન્ને ભાઇઓને દ્વંદ્વયુદ્ધની સલાહ આપી. આ સલાહ તેમણે માન્ય કરી. પછી દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, મુષ્ટિયુદ્ધ, અને દંડયુદ્ધ એમ ચાર પ્રકારનાં દ્વંદ્વયુદ્ધ થયાં અને તે સર્વમાં બળવાન બાહુબલિનો વિજય થયો. ભરતની હાર થઈ. આમ પરાજયથી ક્રોધાવિષ્ટ બનેલા ભરતે આખરી શસ્ત્ર તરીકે ચક્ર છોડયું. પણ બાહુબલિ સમાન ગોત્રના હોવાથી ચક્ર કશું કરવાને અસહાય નીવડયું. આ જોઈને બાહુબલિને ખૂબ રોષ ચઢયો અને મુઠ્ઠી ઉગામીને ભરતને મારવા દોડ્યા. પણ એ સાથે બાહુબલિના મગજમાં એકાએક વિચાર આવ્યો કે આ હું કોના ઉપર હાથ ઉગામું છું? અને એ વિચાર સાથે હાથ થંભી ગયો અને ભરતને હરાવીને રાજ્યગાદી ઉપર બેસવાનો લોભ શમી ગયો. પણ વળી પાછો બાહુબલિને વિચાર આવ્યો કે વીર પુરૂષની ઉગામેલી મુઠ્ઠી નિષ્ફળ જાય એ યોગ્ય નહિ. એ મુષ્ટિ વડે પોતાના મસ્તક ઉપરના વાળનો લોચ કરીને બાહુબલિએ મન વચન અને કાયાથી સંસારનો ત્યાગ કર્યો. હવે તેમણે ભગવાન ઋષભદેવ પાસે જઇને ભગવતી દીક્ષા અંગીકાર કરવી રહી. પણ એમ કરે તો પોતાથી નાના ભાઇઓ પૂર્વદીક્ષિત હોઇને બાહુબલિના વન્દનના અધિકારી બને. બાહુબલિથી આ કેમ બને? પરિણામે આપબળે પૂર્ણપદ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો અને એ જ સ્થળે તેમણે ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. તપસ્થિત બાહુબલિના શરીરની આસપાસ વેલ પાંદડાંઓ વીંટળાઈ વળ્યાં, પણ બાહુબલિની તપશ્ચર્યા અખંડ એકધારી ચાલતી રહી. પૂર્વ કર્મો ભસ્મીભૂત થવા લાગ્યાં, પણ અહંકાર છૂટે નહિ ત્યાં સુધી કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય?

બ્રાહ્મી અને સુન્દરીને મોટાભાઈની આ અહંકાર-આરૂઢ મનોદશાની ખબર પડી. બન્ને બહેનો ભાઈ પાસે આવી અને કહેવા લાગી કે **"વીરા મારા, ગજ થકી હેઠા ઉતરો રે, ગજે તે કેવળ ન હોય!"** બાહુબલિ બહેનોને આ મુજબ કહેતી સાંભળીને વિસ્મિત થયા. અહીં તો કોઈ હાથી નથી અને હું જમીન ઉપર ઊભો છું અને બહેનો આ શું કહી રહી છે એમ તેમને સ્વગત પ્રશ્ન થયો. બહેનોના કહેવાનો વ્યંગ્ય અર્થ સમજ્યો. પોતાની ભૂલનું ભાન થયું. અહંકારનો ત્યાગ કરી નાના ભાઇઓને વન્દન કરવા તેઓ તૈયાર થયા. પગ ઉપાડ્યો અને કેવળજ્ઞાનનો નિરોધ કરતા અહંકાર રૂપી બંધનનો નાશ થયો. બાહુબલિ બહેનોના આ માર્ગદર્શનથી પૂર્ણપદને પ્રાપ્ત થયા.

આ કથા સમસ્ત સ્ત્રીજાતિ માટે અત્યન્ત ગૌરવવાહી છે અને તેથી જ્ઞાનવિજ્ઞાનની અધિષ્ઠાત્રી બ્રાહ્મી અને સુન્દરી દ્વારા નિપજેલા બાહુબલિના અહંકાર-વિમોચનને રજુ કરતું આ રેખાચિત્ર સ્ત્રી કેળવણીને મુખ્ય પ્રવૃત્તિ તરીકે સ્વીકારતી આ સંસ્થા અને તે હસ્તક ચાલતા કન્યા વિનય મંદિર માટે એક સૂચક અને પ્રેરણાદાયી પ્રતીક બનવાની યોગ્યતા ધરાવે છે. **પરમાનંદ**

'ખરીદનારની હડતાલ'

યુ. પી. આઈ. લંડનના એક સમાચાર છે કે,

"નગર નિયોજન ખાતાના બ્રિટિશ પ્રધાન મિ. હ્યુ ડાલ્ટને ગઈ કાલે રાત્રે એવી જાહેરાત કરી હતી કે દસ દિવસ પહેલાં 'ખરીદનારાઓની હડતાલ'ની મેં જે હાકલ કરી હતી તેને ભારે મોટી સફળતા મળી છે અને હવે એનો અંત આવશે.

મિ. ડાલ્ટન જેઓ જૂના નાણાંપ્રધાન છે તેમણે જણાવ્યું હતું કે બ્રિટિશ ગૃહિણીઓને ખરીદી બંધ કરીને કાપડના ભાવ તોડી નાખવામાં અને નફાખોરોને સંપૂર્ણ પીછેહઠ કરાવવામાં સફળતા મળી છે. છેલ્લા એક પખવાડિયા દરમ્યાન કાપડની ઘણી ચીજોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગૃહિણીઓની આ ભારે મોટી જીત છે."

(**ગુજરાત સમાચાર**, તા. ૨૭-૯-૫૧)

ઉપરની ખબર પ્રજાની શક્તિ બતાવે છે. એ શક્તિ આપણા લોકોમાં પણ જો કેળવીએ તો વેપારીઓની કટલીય ખોટાઇઓને સહેજે આપણે પહોંચી વળીએ. જેમાં તેમાં સરકાર ઉપર નજર માંડીને બેસી રહેવામાં માલ નથી; પ્રજાએ સ્વાવલંબન અને સંગઠનદ્વારા પણ કામ લેવું જોઇએ

(હરિજનબંધુમાંથી)

મ૦

પ્રાયશ્ચિત્ત

(૧૫-૭-૫૧ ના પ્રબુદ્ધ જૈનમાં શ્રી. કિસનસિંહ ચાવડાની 'પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો' એ મથાળાની એક સ્મરણનોંધ પ્રગટ થઈ હતી. તેનું શ્રી. વેણીબહેન કાપડિયાએ અડધાએક કલાકમાં ભજવી શકાય એવું નાટકમાં રૂપાંતર કર્યું અને ભગિનિસમાજ હરતક ચાલતા સેવા મંદિરે બે વાર ભજવી બતાવ્યું. આ નાટક નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

લેખિકા
વેણીબહેન કાપડિયા

દૃશ્ય પહેલું

સ્થળ—ગામનો રસ્તો. (ધૂળાભાઇ અને મહાકોર રસ્તો વાળે છે. મહાકોર ભજન ગણગણતાં વાળે છે.)

જમનાઃ—ધૂળાકાકા બાએ કહ્યું છે કે જતાં જતાં મેરો લેતા જજો.

ધૂળાભાઈઃ—જુઓને બોન, માગ્યા ટુકડા ખાવાનું મને ગમતું નથી. ભગવાન જે બે પૈસા આપે છે તેમાં જ હું તો સંતોષ માનું છું. આ તમારા કાકીને ઘણુંય સમજાવું છું તોય માનતા નથી ને માંગવા નીકળે છે.

જમનાઃ—ઠીક, ત્યારે મહાકોરકાકી, તમે લેતાં જજો.

મહાકોરઃ—હો બોન! બાને કહેજો કે આ કચરો નાંખીને હમણાં જ આવું છું. (જાય છે.)

(લલ્લુભાઇ અને પરશોત્તમ આવે છે. સામેથી આવતાં માસીબા મળે છે.)

લલ્લુભાઈઃ—માસીબા શીદ હાલ્યા?

માસીબાઃ—આ મંદિર જવાનો વખત થયો છે ને તે ધીરજબાને બોલાવવા જઉં છું.

(ખુશાલદાસ અને ફકીરભાઈ આવે છે)

ખુશાલદાસઃ—ઓ હો.....માસીબા, મંદિર જતાં લાગો છો?

માસીબાઃ—હા ભાઇ. ઠીક, લો જઉં હવે, પાછું મોડું થશે. (જાય છે.)

(શામળદાસ અને ધૂળાફોઈ માટલા લઇને નીકળે છે.)

ઠાકોરસિંહઃ—કેમ ધૂળાફોઇ, ઘર ભણી હાલ્યાં કે?

ધૂળાફોઇઃ—હા બાપુ! હવે ઘર ભેગાં થઇને?

ઠાકોરસિંહઃ—ઠીક ત્યારે શામળકુંવા, રાતે ભજનમાં વહેલા આવજો. રોજની જેમ મોડું ન કરતા હોં!

શામળદાસઃ—હો—બાપુ હો—આ જરા નાહી ધોઇને આવ્યો જ સમજો ને.

દૃશ્ય બીજું

સ્થળ—રામદાસના ઘરની ઓસરી.

રામદાસઃ—(બહારથી આવે છે.) બેટા જમના, લે આ કપડાં મૂકી દે તો! અને હા! પાણી લાવ તો.

ધીરજબાઃ—લો પાણી. હું જરા મંદિરે દર્શન કરી ને આવું, આરતીનો વખત થઈ ગયો લાગે છે.

રામદાસઃ—ભલે જાઓ સુખેથી, હમણાં અમારી ભજન મંડળી પણ આવતી જ હશે. તમે જરા જલદી આવજો.

(ધીરજબા 'સારૂ' કહીને જાય છે.)

(ખુશાલદાસ અને ફકીરભાઈ આવે છે.)

ખુશાલદાસઃ—શું કરીએ? આખો દન કામ કરવું પડે એટલે કરીએ, પણ ચિત્ત તો હવે ભગવાનમાં જ રમી રહ્યું છે હોં! ફકીરભાઇ. (બન્ને જય શ્રીકૃષ્ણ કરીને બેસે છે.)

લલ્લુભાઇઃ—(દાખલ થતાં) જય શ્રીકૃષ્ણ. (બેસે છે.)

(ઠાકોરસિંહ આવે છે. બધા સાથે બોલે છે—'પધારો બાપુ પધારો.')

ઠાકોરસિંહઃ—શેઠજી! જય શ્રીકૃષ્ણ. હજી શામળકુંવા નથી આવ્યા કે શું? (શામળદાસ આવે છે.)

શામળદાસઃ—જય શ્રીકૃષ્ણ. મોડું થયું હોં! એટલે તો કહું છું ને કે દોડતો દોડતો આવ્યો છું મારા બાપલા.

પરશોત્તમઃ—જય શ્રીકૃષ્ણ. (બેસે છે.)

ધૂળાભાઈઃ—જય શ્રીકૃષ્ણ (દૂર ફળીયાના ઉંબર પાસે બેસે છે.)

રામદાસઃ—કેમ ધૂળાભાઇ, મેરો માગીને આવ્યા કે?

ધૂળાભાઇઃ—નારે બાપા, જ્યારથી આ ભજનની ધુન લાગી છે ત્યારથી બીજા કશાયમાં દિલ નથી લાગતું.

લલ્લુભાઇઃ—અરે હા! ભગવાનનાં ભજને તો મનેય ભાંગના ફાંસામાંથી છોડાવ્યો.

શામળદાસઃ—અરે સત્સંગ એ તો સત્સંગ, જુઓને બાપુ, મારી ગાંજાની લત કેવી હતી? તમને તો ખબર છે. અરે એ બલા, કાયમની છૂટી ગઈ હોં, ખરૂં કહું છું.

ઠાકોરસિંહઃ—ખરી વાત છે ભાઇ, આ સત્સંગનો રંગ લાગ્યો છે તે દહાડાથી મારી દારૂ પીવાની ટેવ સાવ છૂટી ગઇ, હોં શેઠજી.

રામદાસઃ—હા—ભાઈ હા—સત્સંગ એ તો સત્સંગ, બધીયે પ્રભુની કૃપા સમજો. ઠીક ત્યારે હવે ભજનની તૈયારી કરીએ ને?

બધાઃ—હોવે શેઠ.....

રામદાસઃ—બેટા જમના? (જમના આવે છે.)

જમનાઃ—કેમ બાપુજી?

રામદાસઃ—બેટા! ભજનની તૈયારી કર જોઇએ. અને ફોઇબા, તારા બા, સૌને બોલાવી લાવ તો.

માસીબાઃ—(આવે છે) ભાઈ જય શ્રીકૃષ્ણ.

રામદાસઃ—હા માસીબા, જયશ્રીકૃષ્ણ. આવો, બેસો.

ઠાકોરસિંહઃ—ઓહો, માસીબા, તમેય આજે ભજન સાંભળવા નવરાં થઈ ગયાં?

માસીબાઃ—ભાઈ, હવે કેટલા દિન જીવવાના? જતાં જતાં ભગવાનનું નામ લઇએ તો કાંક કાયાનું કલ્યાણ થાય ને? (સ્ત્રી વર્ગ આવે છે. ભજનની તૈયારી થાય છે. શ્રી રામનારાયણ વિ. પાઠકનું બનાવેલું ભજન ગવાય છે.)

હજીયે ન જાગે મારો આતમ રામ! (૨)
સંસુંદર ધુધવે છે દૂર, વાયુ સુસવે ગાંડો તૂર,
સમજું ના ભરતી કે આ તે આવે છે તુફાન—હજીયે૦
સઢ સંધા ફડફડે..... દોર ધીંગ કડકડે.....
હાજર સૌ ટંડેલ એક મારાં સુનાં છે સુકાન—હજીયે૦
વહાણ રાખું નાંગરેલું, વેપાર શી રીતે ખેડું?
સવાયા થાશે કે જાશે મુળગાએ દામ?—હજીયે૦
હવે તો થાય છે રે...મોહું...વિનવું હું પાયે પડું.
સફળ થાશે કે જાશે ફેરો આ નકામ?—હજીયે૦
જાગોજી જાગોજી વ્હાલા આતમરામ! (૨)

(પડદો પડે છે.)

દૃશ્ય ત્રીજું

સ્થળ : રામદાસના ઘરની અંદરનો ભાગ.

(રામદાસ બેઠાં છે, છાપું વાંચે છે. ધીરજબા ગંગાનું માથું ઓળતાં બેઠાં છે.)

રામદાસઃ—આ ધૂળાભાઈ ત્રણચાર દિવસથી દેખાયા નથી તો મહાકોર મેરો માગવા આવે ત્યારે પૂછજો તો ખરાં.

ધીરજબાઃ—આ ધૂળાભાઈ તમારા ભજન સાંભળતા બેસી રહે છે, તે મહાકોર મને કહેતી હતી કે "બા જરા બાપુને કાને વાત નાંખજોને કે રાતનાં છોકરાં બિચારાં ભૂખ્યા તરસ્યા સૂઈ જાય છે તે ઇમને જરા સમજાવે"

રામદાસઃ–ધૂળાભાઇ! ધૂળાભાઇને તમે ઓળખતાં નથી. ધૂળાભાઈ કોઈના સમજાવ્યા નહિ સમજે. એ તો ભગવાનની પાછળ પાગલ છે પાગલ.

મહાદેવ (નેપથ્યમાંથી) બા.....ઓ.....બા....મેરો આલજો.....

રામદાસઃ–બેટા ગંગા! મહાદેવને કહે અંદર આવો.

ગંગાઃ–મહાદેવકાકી અંદર આવો તો.

(મહાદેવ અંદર આવે છે.)

રામદાસઃ–બેટા પૂછી જો તો કે ધૂળાભાઈ કેમ દેખાતા નથી?

મહાદેવઃ–બેન, બાપુને કહો કે અમને ત્રણ દિવસથી આકરો તાવ આવે છે તે ઉઠયા જ નથી, ખાધું યે નથી, સુંધમુંધ પડયા છે.

રામદાસઃ–હેં.....ધૂળાભાઇને તાવ આવે છે! ખબર તો મોકલી–એને બેન. અરે સાંભળ્યું કે (ધીરજબાને) અંદરથી સુદર્શનનો બાટલો લાવોને. જો બેટા જમના, તું મહાદેવની સાથે જા તો, આ દવા ધૂળાકાકાને પાજે અને કહેજે કે બાપુએ કહ્યું છે કે મુંઝાશો નહિ. આ દવા પીશો કે તરત તાવ ઉતરી જશે અને કહેજે કે કામ પડે તો ગમે તે વખતે બોલાવી લે.

(અંદરનો પડદો પડે છે.)

(રામદાસ અને જમના આંગણું વાળે છે.)

રામદાસઃ–બેટા જમના!

જમનાઃ–શું બાપુજી.

રામદાસઃ–જોને બેન, આપણું આંગણું કેટલું ગંદુ થઈ ગયું છે? બિચારી મહાદેવ કે ધૂળાભાઈ હમણાં આવી શકતાં નથી તો લાવને આપણે સાફ કરી નાંખીએ. જા ઝાડુ અને ટોપલી લાવ જોઇએ.

(ધીરજબા આવે છે, હાથમાંથી ઝાડુ ખેંચી લે છે.)

ધીરજબાઃ–અરે! આ શું કરો છો? ઘરમાં આટલા આટલા નોકરો ને તમે કામ કરો તે કાંઈ શોભતું નથી.

રામદાસઃ–અરે...આપણા ઘરનું કામ આપણે કરીએ એમાં ચળી ન શોભવાપણું શું?

ધીરજબાઃ–અરે પણ જુઓને, હમણાં હમણાં મહાદેવ બરાબર કામ કરતી નથી. એક દિવસ આવે ને એક દિવસ ન આવે. આ તે કાંઈ આપણું કામ છે? જાજરૂ તો નર્યું વાસ મારે છે. તમે જોયું છે?

રામદાસઃ–હા...પણ મહાદેવનો એમાં વાંક નથી. ઘરમાં માંદગીને લીધે નહિ આવી શકતાં હોય. (રામદાસ અંદર જાય છે.)

ધીરજબાઃ–બીજું તો બળ્યું, પણ એનો મેરો લેવા વખતસર આવતી હોય તોય મને નિરાંત. તમારે મેરો નાંખ્યા પછી જમવાનો નિયમ, એટલે મોંહું પણ કેટલું કરવું? ને ચુલો પકડીને મારે બેસી પણ ક્યાં સુધી રહેવું?

મહાદેવઃ–(નેપથ્યમાંથી) બા...મેરો આલજો....

ધીરજબાઃ–લો...આવી તો લાગે છે...ગંગા રોટલો લાવ તો... (કહેતાં કહેતાં અંદર જાય છે.)

(મહાદેવ આંગણામાં આવે છે. લાકડીને ટેકે ધૂળાભાઇ સાથે છે.)

મહાદેવઃ–બા...ઓ—બા.....મેરો આલજો.....ગંગા બેન! જમના બેન! રોટલો આલજો...(ફરી ફરીને બૂમ પાડે છે.)

ધીરજબાઃ–(ગુસ્સામાં આવીને) કેમ મહાદેવ ધાંટાધાંટ કરી મૂકે છે? શેઠ ઘરમાં છે. જરા ભાન તો રાખ.

મહાદેવઃ–બા મને ધમ કે સાંભળ્યું નહિ હોય.

ધીરજબાઃ–હાં...અલી કેમ આટલી બધી મોડી આવી? ક્યાં મરી'તી ક્યારની?

મહાદેવઃ–(રડે છે) બા આજ ધમિ કિમ બોલો છો?

ધીરજબાઃ–શું કહી નાંખ્યું તે રડવા બેઠી? લે હવે.....રડીને અકારાં કરમાં—ગંગા–રોટલો ન લાવી...(કહેતાં અંદર રોટલો લેવા જાય છે.)

મહાદેવઃ–(ડૂસકા ભરે છે ને વધારે રડે છે.) ઘરમાં મંદવાડ, મોહું વહેલું થઇએ જાય. મોટા માણસ ગમે તેમ બોલી નાંખે. હે ભગવાન! અમો ગરીબને સાંભળવું ને? (કહેતી કહેતી રડે છે.)

ધીરજબાઃ–(રોટલો લઇને આવે છે) લે રોટલો, કહું છું લે ને.....હવે.....

મહાદેવઃ–(રડે જ છે.) મારે...નથી જોઇતો...

ધીરજબાઃ–કહું છું લે...ને....હવે ભાઇસાબ હું તો થાકી તારાથી. માકલી તું તો મરતી નથી અને ઝંપવાય દેતી નથી. (કહેતાં કહેતાં રોટલો ટોપલીમાં ફેંકે છે.) જા! હવે અહીંથી...કાલથી વહેલી આવજે...જા...કહું છું જા હવે–રડમાં...

ધૂળાભાઈઃ–(બધું સાંભળતા ખુણામાં ઉભા છે તે આવીને) હવે અત્યારે રોવા બેઠી? હું તો તને કઇ કઇને થાકયો કે આપણે હવે આ માગ્યા ટુકડા નથી ખાવા. ભગવાન જે કાંઇ પરસેવાની કમાણી આપે એમાં જ સંતોષ માનવો. લે હવે છાની રહે.

માસીબાઃ–(આવીને દૂરથી) અલી! મહાદેવ કેમ રડે છે? શું થયું?

ધૂળાભાઇઃ–જુઓને માસીબા, એને મેરો માગવા જતાં જરા મોહું થઈ ગયું, એટલે ધીરજબા બિજાઇ ગયાં અને બેચાર કડવાં વેણ કહી નાંખ્યાં તે એને જરા ઓછું આવી ગયું.

માસીબાઃ–અરે! મહાદેવ ગાંડી થા મા હવે. ધીરજબાનું તે એવું લગાડાય? એમને તારી પર કેટલું બધું હેત છે? ઇ તો કોઇકવાર એમ થઈ જાય, એમાં શું થઈ ગયું? છાની રહે હવે.

ધૂળાભાઇઃ–(દુઃખી થઇને) માસીબા તમારી વાત તો સાચી છે. છતાંયે અમને ઓછું તો આવી જાય. અમેય માણસ છીએ ને?

માસીબાઃ–ભાઈ એમ માઠું ન લગાડીએ. અને રામદાસ શેઠ અને ધીરજબા જેવાં તો ગામમાં તો બહુ ઓછાં છે.

ધૂળાભાઇઃ–હા માસીબા, શેઠશેઠાણી તો બહુ દયાળુ માણસ છે. પણ આ માગવાનો ધંધો જ એવો છે કે ફાક દિ' આપણું માન ખાંડ થઇ જાય. છેવટ માણસ ઈ માણસ. બધાંય કાંઈ નરસિંહમહેતા નથી હોતા.

માસીબાઃ–લે ભાઇ, હવે જાઉં? મોહું થાય છે. મહાદેવ, ઉઠ ઘેર જા, છોકરાં બિચારા રાહ જોતાં હશે.

ધૂળાભાઇઃ–ઠીક માસીબા, જય શ્રીકૃષ્ણ. હાલ હવે આપણેય જઇએ.

દૃશ્ય ચોથું

(અંદરનો પડદો ઉઘડે છે.)

(રામદાસે ધીરજબા તથા મહાદેવ વચ્ચેની વાતચીત સાંભળી છે એટલે ઉદાસ થઇને બેઠાં છે.)

ધીરજબાઃ–(અંદર આવે છે.) ચાલો જમવા આવો છો ને? (ઉદાસ જોઇને) કેમ શું થાય છે? શરીર સારું નથી? આમ કેમ કરો છો? અરે...પણ...જરા બોલો તો ખરાં.

રામદાસઃ–શું બોલું?

ધીરજબાઃ–આજે આમ કેમ કરો છો? મને તો કશુંય સમજાતું નથી. બોલો તોય કાંઈક ખબર પડે ને?

રામદાસઃ–તમને આજે શું થયું કે મહાદેવને આમ ધૂતકારી કાઢી? "માકલી ક્યાં મરી'તી" તમારાં આ કડવા વેણ મારા હૃદયને વીંધી રહ્યાં છે. અને...એની ટોપલીમાં ખાવાનું પછાડીને તમે જે તોછડાઈ કરી છે તેનાથી મારું દીલ કકળી ઉઠયું છે.

ધીરજબાઃ–પણ મારું જરા સાંભળો તો ખરા. તમે આમ દુઃખી ન થાઓ. મારાથી નથી જોવાતું.

રામદાસઃ–તમે માનવતા બોધ બેઠાં, ધૂળાભાઇ અને મહાદેવનું અપમાન કર્યું, તમને એટલુંયે ભાન ન રહ્યું કે તમારા આવા વર્તનથી આપણું ઘર લાજશે?

ધીરજબાઃ–તમે નહીં માનો...પણ...હું ખરું કહું છું. મારો ઇરાદો જરાય અપમાન કરવાનો નહોતો. કંટાળાને લીધે જ મારાથી ગમે તેમ બોલાઈ ગયું અને આવેશમાં આવીને ખાવાનું ફેંકાઈ ગયું. તમે ક્યાં નથી જાણતા? તમારા કરતાં મને ક્યાં તેના ઉપર જરાયે ઓછો ભાવ છે?

રામદાસઃ-(સ્વગત) પ્રભુ! અમારૂં દીલ શુધ્ધ નથી. અમે દોષોથી ભરેલાં છીએ. અમને માફ કર.

ધીરજભાઃ-(દુઃખી થઇને) હો, પ્રભુ! (ઉભા થઇને) તમે આટલા બધા દુઃખી ન થાઓ. તમારી પાસે હું મારી માગું છું. એક વાર મને માફ કરો. હું ખાત્રી આપું છું કે ફરી આમ નહીં થાય.

રામદાસ-(સ્વગત) ! શું કરૂં? તો પછી આની શુધ્ધિ માટે પ્રાયશ્ચિત્ત એ એક જ ઉપાય છે.

ધીરજભાઃ-શું બોલ્યા? પ્રાયશ્ચિત્ત...શેનું?

રામદાસઃ-તમારી ભૂલની શુધ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઇએ. અને સાંભળો, મ ાચ કરવાનો નિશ્ચય કરી લીધો છે.

ધીરજભાઃ- ણ મને આટલી વખત માફ કરો તો! તમે કહેતા હો તો હું મહાકારની માફી માગી આવું. આ વખતે મને કોઈ પણ રીતે માફ કરો. હે પ્રભુ!...

રામદાસઃ-ના, માફી માગવાથી આની શુદ્ધિ ન થઇ શકે. શુધ્ધિ પ્રાયશ્ચિત્તથી જ થઈ શકે અને એટલે જ મારો નિશ્ચય નહીં ફરે. હા પણ હવે તમે દુઃખી ન થાઓ.

ધીરજભાઃ-ભલે ત્યારે, જેવી તમારી ઇચ્છા. અને સાંભળો, હું પણ મારી ભૂલની શુધ્ધિ માટે તમારી સાથે જ ઉપવાસ કરવાનો સંકલ્પ કરૂં છું.

રામદાસઃ-જેવી તમારી ઇ ! (પડદો પડે છે.)

દૃશ્ય પાંચમું

(રામદાસને ઘરે ગામનાં આવે છે. શેઠ અને ધીરજભાના પારણાનો છે)

(જમના જાજમ થરે છે. માસીબા આવે છે.)

જમનાઃ-આવો આવો માસીબા. સારૂં થયું તમે વહેલાં આવી મહોંચ્યાં.

માસીબાઃ-હા બેન. જાણી જોઇને વહેલી આવી. આજે પારણાનો દિવસ અને તમે રહ્યાં છોકરાંને...

જમનાઃ-ખરી વાત છે માસીબા. તમારા જેવાં વડીલ હોય તો અમને ઠીક પડે.

(ધીરજભા અને રામદાસ આવે છે.)

રામદાસઃ-માસીબા જય શ્રીકૃષ્ણ. બેસો બેસો. (ધીરે ધીરે ગામનાં લોકો આવે છે. ધાં - ાનંદ હળે મળે છે. શેઠને પારણું કરાવે છે. પ્રસાદ વહેંચાય છે.)

ઠાકોરસિંહઃ- આજનો દિવસ આપણ માટે આનંદનો છે. શેઠે આપણને સૌને જમવા કર્યા છે.

માસીબાઃ-હા ભાઇ, આપણે સૌ આજને શુભ અવસરે પરમાત્માને પ્રાર્થના કરીએ કે તે આપણી ભૂલો હમેશાં માફ કરે અને સૌને સદ્‌બુધ્ધિ આપે.

(બધાં ભજન ગાય છે.)

પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો!
સમદર્શી હૈ નામ તિહારો, ચાહે તો પાર કરો....પ્રભુ૦
એક નદિયા એક નાર[1] કહાવત, મૈલો હિ નીર ભરો;
જબ મિલ કરકે એક બરન ભયે સુરસરિ[2] નામ પર્યો...પ્રભુ૦
એક લોહા પૂજનમેં રાખત, એક ઘર બધિક પર્યો;
પારસ ગુણ અવગુણ નહિ ચિતવત, કંચન કરત ખરો....પ્રભુ૦
યહ માયા ભ્રમજાલ કહાવત, સૂરદાસ સગરો,
અબકી બેર મોહિ પાર ઉતારો, નહિ પ્રન[3] જાત ટરો....પ્રભુ૦

[1] નાર=નાળું, [2] સુરસરિ=ગંગા, [3] પ્રન=ટેક.

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહને અભિનન્દન અને શુભેચ્છા

મધ્યસ્થ ધારાસભા માટે કોંગ્રેસ તરફથી સૌરાષ્ટ્રમાંથી જે છ ઉમેદવારો બહાર પાડવામાં આવ્યા છે તેમાં એક શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ છે. તેઓ આમ પણ છેલ્લાં ત્રણ કે ચાર વર્ષથી સૌરાષ્ટ્રના પ્રતિનિધિ તરીકે મધ્યસ્થ ધારાસભાના સભ્ય હતા જ. તેમને કોંગ્રેસ તરફથી ફરીને ઉમેદવારી કરવાની તક મળી તે માટે તેમને અભિનન્દન ઘટે છે. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ જૈન સમાજની એક શક્તિશાળી વ્યકિત છે. તેઓ મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ છે. તેમનું જાહેર જીવન અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયલું છે. તેઓ વિદ્વાન છે, વિચારક છે, ઉત્તમ કોટિના વકતા છે. તેમને સોંપાયલી કોઈ પણ જવાબદારીને પહોંચી તેઓ સદા પ્રયત્નશીલ રહે છે અને તેમની ા ષે બે મત છે જ નહિ. તેમને જે વિભાગ તરફથી ઉભા રહેવાનું ા ામાં આવ્યું છે તે વિભાગથી તેઓ બહુ પરિચિત નથી. એમ છતાં તે વિભાગના મોટા ભાગનું વળણ કોંગ્રેસને અનુકુળ છે. આપણે અ ા રાખીએ કે શ્રી. ચીમનભાઈને એ વિભાગના મતદારો બહુ મોટી બહુમતીથી ચુંટી કાઢે અને તેમની શકિત અને સેવાને રાષ્ટ્રનિર્માણના વિકટ કાર્યમાં સંલગ્ન કરવાની તક આપે. શ્રી. ચીમનભાઇ ચુંટણીમાં પૂરી સફળતા મેળે અને નવી ધારાસભાના સભ્ય તરીકેની તેમની કારકીર્દી અત્યન્ત ઉજ્જવળ બને એવી તેમને મુંબઇ જૈન યુવક સંઘની શુભેચ્છા છે.

આગામી ચૂંટણી જંગ

હિંદના નવા બંધારણ મુજબ પુખ્તવયમતાધિકારના ધોરણ ઉપર રચાયલી ચૂંટણીની હિંદના અમુક વિભાગમાં શરૂઆત થઈ ચુકી છે અને બાકીના વિભાગોમાં એ આવી રહી છે. આ ચૂંટણીમાં ૧૮ કરોડ માણસોને મત આપવાનો અધિકાર મળ્યો છે. હિંદમાંના જાણીતા રાજદ્વારી પક્ષો ભિન્ન ભિન્ન મતદાર મંડળો માટે પોતપોતાના ઉમેદવારો નક્કી કરી રહ્યા છે. આ ઉપરાંત આ જ કારણે ઉભા થયેલા નવા રાજદ્વારી પક્ષો પણ પોતપોતાની લાગવગ મુજબ ઉમેદવારો ગોઠવી ર ા છે. ચાલુ માસની ૨૨મી તારીખ સુધીમાં બધા પક્ષોના ઉમેદવારોની યાદી નક્કી થઇ જશે. ડીસેમ્બર અને જાન્યુઆરી માસ દરમિયાન આખી દુનિયામાં હજુ સુધી નથી થઈ એવી મોટી પાયાની ચૂંટણીની ધમાલ ચાલુ રહેશે અને કયા પક્ષને હિંદના રાજ્યતંત્રની જવાબદારી સોંપવી છે તે હિંદની પ્રજા નક્કી કરશે.

પુખ્તવયમતાધિકાર એ લોકશાસનનો પાયો છે એટલે તેનો વિરોધ કરવો એ લોકશાસનના અમલનો ધિક્કાર કરવા બરોબર છે. આમ છતાં પણ આટલા મોટા દેશમાં આટલા મોટા પાયા ઉપરની ચૂંટણીમાં એટલી બધી અનર્થશકયતા રહેલી છે કે આ બાબતમાં ભિન્ન ભિન્ન પક્ષના આગેવાનો પુરી સંભાળ નહીં રાખે અને પોતપોતાના અનુયાયીગણને વખતો વખત સાચી દોરવણી અને માર્ગદર્શન આપતા ન રહે તો આ ચૂંટણીદ્વારા પ્રજા આગળ વધવાને બદલે પાછળ પડવાનો અને તેની સભ્યતાનો આંક નીચે ઉતરવાનો ઘણો સંભવ રહે છે.

આવી લોકશાહી ચૂંટણી એટલે આગેવાન પક્ષોની સત્તાસ્થાન ઉપર આવવાની હરીફાઈ. આ હરીફાઈ એટલે પોતાના પક્ષની કાર્યશકિતના બડાઇ અને અન્ય પક્ષોની અને તેમાં પણ જે બળવાન હરીફ પક્ષ હોય તેની અવહેલના. આવી જ રીતે એક જગ્યા માટે જ્યારે ભિન્ન ભિન્ન પક્ષના એક એક ઉમેદવારની હરીફાઈ ચાલે છે, ત્યારે આ ઉમેદવારો પણ પોતપોતા ા પક્ષનું ચડિયાતાપણું અને વિરૂધ્ધ પક્ષનું ઉતરતાપણું રજુ કરવા માત્રથી સંતોષ માનતા નથી, પણ વ્યકિતગત આક્ષેપો અને કટાક્ષોનો વરસાદ વરસાવવા માંડે છે. આવી રીતે પક્ષ પક્ષ વચ્ચે અને વ્યકિત વ્યકિત વચ્ચે ઝેરવેર ફેલાવવા માટે આવી ચૂંટણી એક પ્રકારનું રણમેદાન થઇ પડે છે. આ ઉપરાંત પોતપોતાના પક્ષના હેતુઓ ગમે તેટલા ઉદાર અને વિશાળ ધોરણના

હોય, તો પણ ચૂંટણીમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અને બને તેટલા વધારે મત મેળવવા માટે નાત, જાત, ધર્મ, સંપ્રદાય—આવી રાષ્ટ્રવિરોધી વૃત્તિઓનો બને તેટલો લાભ ઉઠાવવાના પ્રલોભનથી ઉમેદવારો ભાગ્યે જ બચી શકે છે. મતદારોની આટલી વિપુલ સંખ્યા, મતદારોને પોતા તરફ ખેંચવા માટેની જાતજાતની તરકીબો, પક્ષ પક્ષના તરેહ તરેહના સામ સામા કડવાશ પેદા કરતા પોકારો, મતપ્રદાનકેન્દ્ર ઉપર એકઠી થતી મોટી મોટી મેદનીઓ—આને લીધે જ્યાં ત્યાં સુલેહશાન્તિ જોખમાવાની સંભવિતતા પણ ખૂબ વધી જાય છે.

આ રીતે આવી લોકવ્યાપી ચૂંટણી આખા દેશ માટે એક મોટી આફતરૂપ બની જાય છે અને તેમાંથી સહીસલામત કેમ પાર ઉતરવું એ પ્રશ્ન રાષ્ટ્રના જવાબદાર આગેવાનોને માટે એક મોટી ચિન્તાનો વિષય બને છે.

આ બાબતમાં માત્ર કોંગ્રેસ માટે જ નહિ પણ અન્ય રાજ્યદ્વારી પક્ષો માટે પણ હિંદના મહાઅમાત્ય શ્રી. જવાહરલાલ નહેરૂએ વખતસર ચેતવણી આપી છે કે "આ ચૂંટણીમાં આપણે કોઇ પણ અંગત રાગ—દ્વેષને આગળ ન ધરીએ, પણ વિશાળ રાજદ્વારી ધ્યેય અને નીતિની ચર્ચા કરીએ અને પોતપોતાના પક્ષના કાર્યક્રમો પ્રજાની સ્વીકૃતિ માટે યોગ્ય આકારમાં તેમની આગળ રજુ કરીએ અને એ રીતે આપણી ચૂંટણીનું કાર્ય સભ્યતાપૂર્વક અને કશા પણ દ્વેષ મત્સર વગર આગળ ધપાવીએ." આ મુજબ માત્ર કોંગ્રેસવાદીઓને જ નહિ, પણ સર્વ પક્ષોને તેમણે વિનંતિ કરી છે.

કોને મત આપવો એ સંબંધમાં એક સૂચના એવી કરવામાં આવે છે કે મત આપનારે ઉમેદવાર કયા પક્ષનો છે એનો વિચાર ન કરતાં વ્યક્તિગત ગુણવિશેષ ધ્યાનમાં લઇને જે ઉમેદવાર વધારે યોગ્ય લાગે તેને મત આપવો. આ સૂચના યોગ્ય નથી, કારણ કે આ ચૂંટણી મૂળમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની હરીફાઇ નથી, પણ પક્ષ પક્ષ વચ્ચેની હરીફાઇ છે. કઇ વ્યક્તિ નહિ પણ કયો પક્ષ સત્તાસ્થાન ઉપર આવે એ નિર્ણય કરવાનો છે. રાજદ્વારી પક્ષોમાં વ્યક્તિનું સ્થાન પ્રમાણમાં ઘણું ગૌણ છે, સાધારણ રીતે પક્ષની નીતિ અને કાર્યપધ્ધતિ મોખરાના ગણ્યા ગાંઠ્યા આગેવાનો ઘડે છે અને પક્ષના બીજા સભ્યોએ તેને અનુસરવાનું હોય છે. આમ હોવાથી મતદારે કોઈ પણ વ્યક્તિને મત આપતી વખતે પોતે કયા પક્ષને મત આપે છે એ બાબત પોતાની નજર આગળ રાખવી ઘટે છે. આ રીતે, કોંગ્રેસ પાછી સત્તા ઉપર આવે એમ જેઓ ઇચ્છતા હોય તેમણે કોંગ્રેસના ઉમેદવારને મત આપવો જોઇએ: આથી અન્યથા જેઓ વિચારતા હોય તેમણે અન્ય પક્ષના ઉમેદવારોને મત આપવો જોઇએ.

આજે કોંગ્રેસ પક્ષ, સમાજવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ એ ત્રણ જુના અને જાણીતા પક્ષો છે. આચાર્ય કિરપલાણીજીએ કોંગ્રેસથી છુટા પડીને કૃષક—મજુર—પ્રજાપક્ષ ઉભો કર્યો છે. તેના બળાબળની હજુ આપણને પૂરી માહીતી નથી. શ્યામપ્રસાદ મુકરજીએ જે પક્ષ ઉભો કર્યો છે તે તરફ હિંદુ મહાસભાવાળા આકર્ષાય એવી એ પક્ષની નીતિ લાગે છે. આ ઉપરાંત બીજા પણ અનેક પક્ષો ઉભા થયા છે. આજ કાલ નવા ઉભા થયેલા અને જેનું અનુયાયીદળ બહુ મોટું ન હોય એવા પક્ષના ઉમેદવારોને મત આપવો એ પોતાને મળેલ મત આપ—વાના કિંમતી હક્કને વેડફી નાંખવા બરોબર છે. કારણ કે એવા પક્ષે ઉભો કરેલો ઉમેદવાર ઘણું ખરૂં ચૂંટાવાનો નથી અને ચુંટાયો હશે તો પણ ધારાસભામાં તે પોતાના પક્ષનું બળ સ્થાપિત કરી શકવાનો નથી.

કયા પક્ષને મત આપવો યોગ્ય છે તે સંબંધમાં બે પ્રકારની સલાહ આપી શકાય. એક વિધાયક, બીજી નિષેધક. વિધાયક સલાહ એ છે કે કોંગ્રેસની અનેક ત્રુટિઓ હોવા છતાં કોંગ્રેસ પાસે કાર્યકર્તાઓની જે મોટી મુડી છે તે જોતાં અને દેશમાં આઝાદી લાવનાર એક સંસ્થા તરીકે અને ત્યાર પછી પણ અનેક પ્રતિકુળ સંયોગો વચ્ચે પણ આખા દેશનું એક તંત્ર નીચે સંગઠન – આયોજન – કરનાર અને દેશની સુલેહશાન્તિ કોઈ પણ રીતે ટકાવી રાખનાર વહીવટકર્તા તરીકે કોંગ્રેસની જે પ્રતિષ્ઠા છે તેવી પ્રતિષ્ઠા હજુ અન્ય કોઈ પક્ષે પ્રાપ્ત કરી નથી. આ ઉપરાંત આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પંડિત જવાહરલાલ નહેરૂએ જે વર્ચસ્વ જમાવ્યું છે તે એવું છે કે આજે જવાહરલાલને ગુમાવ્યા આપણને પરવડે તેમ નથી. અને જવાહરલાલને સર્વોચ્ચ સ્થાને તો જ રાખી શકાય કે જો કોંગ્રેસ રાજ્યસત્તા ઉપર ચાલુ રહે. આ રીતે વિચારતાં અને અન્ય પક્ષોની શક્તિ સામર્થ્યનો મુકાબલો કરતાં હજુ પણ સ જ આપણા મતની સૌથી વધારે અધિકારી છે એમ સલાહ આપવાની રહે છે. આમ છતાં આપણે જાણીએ છીએ કે કોંગ્રેસના વહીવટથી કેટલાય લોકો અતિ અસંતુષ્ટ છે. અને તેમને સત્તાનો ફેરબદલો અતિ આવશ્યક લાગે છે. આવા મતદારો અન્ય પ તરફ કર્ષાય તો તે ખોટું જ કરે છે એમ આપણે નહિ શકીએ. આમ છતાં પણ જે પક્ષનો પાયો કોમવાદ ઉપર રચાયલો છે—પછી શ્યામપ્રસાદ મુકરજીનો હોય, ડો. આંબેડકર કે મુસ્લીમ લીગના કોઈ ગેવા નો હોય—આવા પક્ષના કોઇ પણ ઉમેદવારને મત આપવો એ રાષ્ટ્રના હિતકલ્યાણનો દ્રોહ કરવા બરોબર છે. આ ો મતદાર બરો ર મ લે.

મત આપવા જતાં કોઈ વાર અમુક મતદાર ક પ્રકારનું ધર્મ-સંકટ અનુભવે એવો સંભવ કલ્પી શકાય છે. જ્યારે મનનું વળણ અમુક એક પક્ષ ઉપર અને દિ પક્ષપાત અન્ય પક્ષની કોઈ વિશિષ્ટ વ્યક્તિ ઉપર હોય ત્યારે તેણે ? આ ધર્મસંકટ માત્ર ખ્યાલી ય અને તે પાછળ કોઈ ઉંડી મુંઝવણ ન હોય તો તો તેણે વ્યક્તિને છે રીને પક્ષ ઢળવું એ જ યોગ્ય છે. પણ આવું ધર્મસંકટ તે ખરેખર ગંભીરપણે અનુભવતો હોય અને એક યા બીજી દિશાએ તે ય ન હોય તે સંયોગ ના આવા મતદારે પોતાના મ ની ગમે તેટલી કીંમત હોય તો પણ મત જતો કરવો—મત ન આપવો—એ જ ઉ ત માર્ગ છે.

આ બધી સૂચનાઓ માર્ગદર્શન છતાં આગામી ચૂંટણી એ આખા દેશ ાટ એક અસાધારણ ગંભીર આફતરૂપ પ્રસંગ છે. આમાંથી નિર્વિઘ્ને પસાર થવા મ સ પક્ષે વાણીસંયમની ભારેમાં ભારે જરૂર છે. આ જરૂર જેટલી આગેવા માં તેટલી જ તેમની નીચેના કાર્યકર્તાઓ માટે છે. હજુ હમણાં ઈંગ્લાંડમાં ચૂંટ ણી થઇ ગઈ. એક મહીનામાં આખું કામ પતી ગયું. એક સત્તાસ્થાન ઉપરથી નીચે ઉતર્યો; બીજો પક્ષ સત્તા ઉ થયો. ચૂંટણીપ્રચાર દરમિયાન નાનો સરખો પણ અઘટિત બનાવ ન બન્યો. જા ુ કે કાળક્રમે આવતી એક સામાન્ય ઘટના હોય એમ બધું શાન્તિથી પતી ગયું. આ ઉપરથી આપણે ખુબ ઘડો લેવો ઘટે છે. જેવી રીતે હજુ થો ા સમય પહેલાં સમાજવાદી પક્ષના આગેવાન શ્રી. અશોક મહેતાએ મુંબઇના ગૃહસચિવ શ્રી. મોરારજી દેસાઇ સામે કોંગ્રેસ ચૂંટણી ફંડ માટે મીલવાળાઓ પાસેથી સાળ દીઠ ૧૫ થી ૨૦ રૂપીઆ ઉઘરાવ્યાનો બીનપાયાદાર આક્ષેપ કર્યો હતો તેવા કોઈ કોઈના સામે આક્ષેપો ન કરે. એ પણ સૌ કોઇ બરોબર સમજે કે પક્ષભેદની આજે દેખાતી ઉત્કટતા ચૂંટણી પૂરતી છે. પછી તો રાષ્ટ્રનાં એવાં અનેક કામો આવવાનાં છે કે જેમાં ભિન્ન ભિન્ન પક્ષના આગેવાનોએ હાથમાં હાથ મેળવીને કામ કરવાનું છે. તો આજે આપણે પરસ્પર એવી કડવાશ ન કેળવીએ કે ભવિષ્યમાં જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સૌ સાથે મળીને કામ કરવાનું આપણા માટે અશક્ય નહિ તો બહુ મુશ્કેલ બની જાય. વ્યક્તિગત પ્રચારમાં પણ એટલો જ સંયમ અને સંભાળ રાખીએ. ચૂંટણીના કાર્યને એવી રીતે આપણે પાર પાડીએ કે દેશપરદેશમાં આપણી આબરૂ વધે અને આપણી જુગજુની સભ્યતાનું ગૌરવ પરિપુષ્ટ બને. આ રીતે આપણે ચૂંટણીજંગમાં પ્રવેશ કરીએ.

પરમાનંદ

પ્રવાસ વર્ણન

ભીલવાડા – પાલી – જોધપુર – કીશનગઢ – જયપુર

(ગતાંકથી ચાલુ)

ભીલવાડામાં સવારે સ્થાનકવાસી સંપ્રદાયના વીર શ્રમણસંઘના આચાર્ય શ્રી. આનંદઋષિજી મહારાજને મળ્યા. એમની જોડે ઘણી વાતચીત થઈ. પણ જવાબદારીનું મહત્ત્વ વધારે સમજતા હોઇને એમણે અમને સાંભળ્યા, પણ બોલ્યા કશું નહિ. ત્યાંથી વ્યાખ્યાનમાં ગયા. શ્રી. ઋષભદાસજી અને શ્રી. રાજમલજીનાં વ્યાખ્યાન થયાં. પછી શ્રી. આનંદઋષિજીએ કહ્યું. "દહિં ખાવું હોય તે દહિં ખાય, દૂધની રુચિ હોય તે દૂધ ખાય, મીઠાઈ કે ફરસાણ જે ખાવું હોય તે ખાધા છતાં કુટુંબમાં એકતા જળવાઇ રહે છે તેમ ધર્મની બાબતમાં બીજાના આચાર વિચારની નિંદા કર્યા સિવાય સમાજમાં એકતા જળવાઇ રહેવી જોઇએ." પૂરા મુત્સદી લાગ્યા. આગળ ચાલતાં કહ્યું 'બીજા સંપ્રદાયના આચાર્યોને માન ભલે ન આપો, પણ એમનું અપમાન તો ન જ કરાય'. આનંદઋષિજીની વિદ્વત્તા અને સાધુતાની વાતો જાણ્યા પછી, એમનું પાછળનું કહેણ, કદાચ, એમને વીરશ્રમણસંઘના આચાર્યપદે પોતે સ્થાપ્યા છે એ ભાનપૂર્વકનું હશે ? ભગવાન જાણે ?

અમારે રાતના જવું હતું. અમારા યજમાન જુવાન વલ્લભદાસે અમને રોકવા માટે પરયંત્ર ચાલુ કર્યું. અમને ખૂબ 'ખવરાવ્યું-ઉંઘ અનેં શિથિલતા હંથમાં હાથ મિલાવી આવી. પરંતુ એણે અમને ન ઉંઘવા દીધા કે ન આરામ લેવા દીધો. ગામમાંથી મૂર્તિપૂજકોનું 'ડેપ્યુટેશન' આવ્યું, સાંજની સભા રાખો અને રાત રોકાઈ જાઓ. એ ગયા ને સ્થાનકવાસીઓનાં બે 'ડેપ્યુટેશન' આવ્યાં. એ ગયા ને તેરાપંથી ભાઇઓનું 'ડેપ્યુટેશન' આવ્યું. અમે રાતના સભામાં જવાનું કબુલ્યું. શ્રી. વલ્લભદાસની જ આ બધી 'લીલા' હતી. એમ પ્રેરેલાં આ ડેપ્યુટેશનો હતાં. બધાં કહે "સંવત્સરિના આગલા દિવસે તે પ્રવાસ કરાય ? આ જૈનો તે કેવા ?" શ્રી. વલ્લભદાસે છેલ્લી સોગઠી મારી, અમારામાંના શ્રી. કેસરીમલજી ગુગલીઆ ઉપર. એ વૃદ્ધ અને અનુભવી સજ્જન કહે "સંવત્સરીના દિવસે પ્રવાસ ન જ કરાય. આપણે અહિં જ રહેવું જોઇએ." પરંતુ શ્રી. રાજમલજીએ પૂછ્યું 'પ્રવાસ કેટલા વાગ્યાથી ન કરાય ?' સવારના નવ વાગ્યા પછી પ્રવાસ ન થઈ શકે, એમ નિર્ણય થયો. તો પછી, છ વાગે ટ્રેનમાં નશીરાબાદ, ત્યાં આપણે મોટર મંગાવી છે અને નવ વાગે પાલી પહોંચી જઇશું. વળી, અહિં જરા કટ્ટરતા છે જૈનોમાં આપણે કયા સંપ્રદાયના ઉપાશ્રયે પ્રતિક્રમણ કરશું ? શ્રી. કેસરીમલજી માની ગયા. વલ્લભદાસ સમજી ગયા કે ઉંઘવા ન દીધા છતાંય આ રોકાય તેવા માણસો નથી. એમના પ્રેમભર્યા સામ, ભેદ ને દંડ છેદાઈ ગયા.

તેરાપંથી સંપ્રદાયના નાના ધનરાજજી સ્વામી અહિં હતા. ગયે વર્ષે અમને જયપુર મળેલા. એમની સાથે અને તેરાપંથી ભાઇઓ સાથે ખૂબ વાતો થઈ. પરસ્પર પ્રેમભાવ અને ભાઈચારાની વાતને એમણે વધાવી. સાંજની સભાની વ્યવસ્થા કરવાનું માથે લીધું. તેરાપંથી ભાઇઓએ કરવા ધારેલી સભાની જગ્યા અંગે ક્યાંક, કોઇકને વાંધો હતો. પરંતુ સભાઓની મનાઇનો કાયદો હતો અને તેરાપંથીભાઇઓએ એમની જગ્યામાં સભાઓ ભરવાની પર્યુષણ પર્વ પૂરતી પરવાનગી મેળવેલી હોઈ, બીજે સભા ભરવાનું આટલી ટુંકી મુદતમાં શક્ય નહોતું. પ્રતિક્રમણ પછી, મળેલી સભામાં જે પ્રકારનાં 'ડેપ્યુટેશનો' આવીને અમને મળી ગયાં હતાં તે આગ્રહ ને પ્રેમના પ્રમાણમાં શ્રોતાઓની સંખ્યા નાની હતી. જગ્યાનો વાંધો કોઇક સંપ્રદાયના કેટલાક માણસોને નડતો લાગતો હતો. શ્રી. રાજમલજી, શ્રી. ઋષભદાસજી, હું અને શ્રી. સુગનચંદજી બોલ્યા. શ્રી. ધનરાજજી સ્વામીએ ખૂબ નિખાલસતાથી એકતાની વાતને અને સંપ્રદાયો પરત્વેના સમભાવને સમર્થન આપ્યું. આપસી ઝગડા આપણી માનવતા ઘટાડે છે એમ કહ્યું.

પર્યુષણ દરમિયાન તેરાપંથી સાધુઓએ અહિં ગામની શેરીએ શેરીએ ફરી, વ્યાખ્યાનો આપ્યાં. જનતાએ એમનાં સન્માન કર્યાં અને હરિજન, કસાઈ, કોળીઓ, મુસ્લીમોએ સંવત્સરિનાં દિવસે જીવહિંસા ન કરવાનું પણ લીધું. અને ગામમાં એ દિવસે જીવહિંસા તો ન થઇ, એટલું જ નહિ પણ આ લોકોમાંથી દોઢસો જેટલા લોકોએ ઉપવાસ કર્યા. પાછળથી શ્રી. વલ્લભદાસનો પત્ર હતો તેમાં શ્રી. ધનરાજજી સ્વામી સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્ય શ્રી. આનંદઋષિજીને ખમાવવા સ્થાનકના ઉપાશ્રયે ગયા હતા તે તથા તમામ સંપ્રદાયોએ સાથે મળી ક્ષમાપના કરી હતી તેના આનંદદાયક સમાચાર હતા.

અમે બાર વાગ્યાની ટ્રેનમાં રવાના થઇ પાંચમી સપ્ટેમ્બરે સવારના ૭ વાગે નશીરાબાદ પહોંચ્યા. ત્યાં અમારી મોટર અજમેરથી આવી પહોંચી હતી. વગર વિસામે પાલી જવા ઉપડ્યા.

પાલી

સંવત્સરિના દિવસે પાલી પહોંચ્યા. મારવાડની વેરાન ભૂમિમાં આછાં વૃક્ષો અને પાણીની તંગી જોઇ. જ્યાં ઉતર્યા ત્યાં એક બાલટી પાણીમાં જ મારે ને શ્રી. ઋષભદાસજીને નહાવા તથા કપડાં ધોવાની વ્યવસ્થા કરવાની હતી. નળો છોડીને પાણીને વહાવ્યે જનારા મુંબઈ–ગરાને વિમાસણ થઇ. હાથચાલાકીનો ખેલ કરી, પાણીની એક બાલટીને બે બનાવી દીધી અને કામ પતાવ્યું. વ્યાખ્યાન વખતે, શ્રી. રાજમલજી, શ્રી. ઋષભદાસજી તથા ફકીરચંદજીએ ભાષણ કરી, ભારત જૈન મંડળની એકતાની વાત કહી અને અન્ય સંપ્રદાયના સાધુ સાધ્વીઓને પણ સન્માનવાની ફરજ સમજાવી. સ્થાનકવાસી ઉપાધ્યાય પંડિત પ્યારચંદજીએ તેમના ગુરૂ દિવાકરજીની આ જ ભાવના હતી તેમ જણાવ્યું કહ્યું, 'તમે અતીતો, ફકીરો, સાંઇઓને સન્માનો છો ત્યારે તમારા જ સંપ્રદાયના સાધુઓને ન સન્માનો તે કેમ ચાલે ? તમારે એમને સન્માનવાં જ જોઇએ. ન સન્માનવું એમાં નાસ્તિકતા છે. તેમજ અન્ય સંપ્રદાયના ભાઇઓ જોડે સમભાવથી વર્તવું જ જોઇએ.' જે ભાષણ શ્રી. ઋષભદાસજી અને શ્રી. રાજમલજીએ કર્યાં તેની વાત ગામમાં સહજ વારમાં પ્રસરી ગઈ. એક વકીલ સાહેબ બપોરના આવ્યા અને કહેવા લાગ્યા 'જૈન સમાજ આખો સાંપ્રદાયિકતાથી સડી ગયો છે. એમાં આજ આપની વાત સાંભળી મને આકર્ષણ થયું છે. અને હું સમાજ માટે આપ કહો તે રીતે સેવા આપવા તૈયાર છું.

પછી, શ્રી, પ્યારચંદજી મહારાજે બોલાવ્યા. શ્રી. ઋષભદાસજી ગયા. મહારાજજીએ મંડળની હકીકત જાણી, ખૂબ ઉત્સાહ આપ્યો અને એમના ગુરુનું એક દૃષ્ટાંત કહ્યું. 'એક બ્હેન કોઇ મુસલમાનના પ્રેમ કશાક કારણે રહી ગયેલી. સમાજ એનો બહિષ્કાર કરવા તૈયાર થયો. પરંતુ સ્વ. દિવાકરજીએ સમાજના આગેવાનોને સમજાવી, એ બ્હેનને અપનાવી લીધી. બાઇનો જો બહિષ્કાર થયો જ હોત તો 'એને મુસલમાન બન્યા વિના આરો નહોતો' સાધુઓની આવી અગમચેતી અને સમજ આપણું માર્ગદર્શન કરતી રહે તો બે હજાર સાધુઓ જૈન સમાજનું નંદનવન બનાવી દે, નહિ ?

પાલી, જૈનોની બહુ જ પુરાણી નગરી છે. આ પાલીમાં, કહે છે, એક લાખ ઘર હતાં. કોઇ નવું વસવા આવે તેને દર ઘર તરફથી એક ઈંટ ને એક રૂપીઓ અપાતાં–એથી એને લાખ ઈંટ ને લાખ રૂપીઆ મળતા. એ ઘર બનાવતો અને લખપતિ બની જતો. આજની સહકારી મંડળીઓ અને સહકારી બેંકો અને વીમા કંપનીઓ જીવનના જોખમની જે જવાબદારી લ્યે છે તે આના પ્રમાણમાં કેટલી બાલીશ અને અપૂર્ણ લાગે છે ?

ક્ષમાપનાના દિવસે અમે જોધપુર પહોંચ્યા. શ્રી. વિજયરાજજી કાંકરીઆને ત્યાં, મુંબઈમાં દુર્લભ બની ગએલી બાજરી માગીને વિવિધ સ્વરૂપે, રોટલા રૂપે, બીચ રૂપે ખાધી. ક્ષમાપનાનો દિવસ હતો તેથી વ્યાખ્યાન તો અહિં હતાં નહિ. મન અને શરીર પણ વિસામો ચાહતાં હતાં. એટલે ખાસ કંઈ કામ ન થયું. માત્ર શ્રી. રામલાલજી, મોહન મુનિ, સોહન મુનિ સાથે મંડળ અંગે વાતો થઈ.

સાતમી સપ્ટેમ્બરે અમે ભોપાળગઢ ગયા. સાથે કાંકરીઆજી પણ હતા. ભોપાળગઢ શેઠ રાજમલજીના વડવાઓનું મૂળ વતન, ત્યાં એમણે અને કાંકરીઆજીએ સંયુક્ત પ્રયાસથી એક બોર્ડીંગ અને હાઈસ્કુલ સ્થાપી છે અને સરસ રીતે ચલાવે છે. પુરાણાં ખંડીએરોની વચમાં કયાંક કયાંક સારાં મકાનોમાં લોકો વસે છે. દુષ્કાળ કે એવું વારંવાર થતું હશે, તેથી ગામ ઉજ્જડ બનતું ગયું હશે. પણ આખા ગામમાં શીતળતા પ્રેરતું બોર્ડીંગ અને હાઈસ્કુલનું સરસ પોણા લાખની કિમ્મતનું કોઇ કોલેજને અદેખાઇ આવે તેવું વિશાળ મકાન ઉભું છે. શ્રી. રાજમલજીની ભાવના અને શ્રી. કાંકરીઆજીની જહેમત એમાં જણાઈ આવે છે. મકાનમાં શ્રી. રાજમલજીની જુવાનીનો ખ્યાલ આપતું તેમનું તૈલચિત્ર જોયું. એમનો પૂરો વૈભવ અને શાહી ઠાઠમાઠ એમાં જણાય છે અને મારી નજર પડી ચિત્ર પરથી શ્રી. રાજમલજી પર. પૂજ્ય ગાંધીજીએ આવા કેટકેટલાને મોજશોખ છોડાવી, કામે લગાડી દીધા છે? ગામના આગેવાનો શેઠ રાજમલજીને મળવા આવ્યા હતા. શ્રી. રિષભદ્ર । પોતાને પ્રિય એવા વિદ્યાર્થીઓ જોડે વાતે વળગ્યા હતા. બાટી, ચૂરમું ને દાળ અમને જમાડયાં....અને વિદ્યાર્થીઓ પણ આજે એ જ જમે એ માટે અમે રૂ સો એક રૂપીઆ આપ્યાં. એક અપંગ શિક્ષકને પગ ઠીક કરાવવા શ્રી. સુગનચંદજી, શ્રી. કેસરીમલજી અને શ્રી. રાજમલજીએ સગવડ કરી દીધી. વિદ્યાર્થીઓએ સંમેલન જેવું કાંઇક કર્યું. બાળકો બહુ તેજસ્વી લાગ્યા. એમણે ભાષણો કર્યાં અને છેલ્લે અમારાં બધાંનાં નામ ગુંથી એક કવિત ગાયું. પ્રમુખસ્થાનેથી શેઠ કેસરીમલજી ગુગલીઆએ સંસ્કૃતમય પ્રવચન કર્યું. શેઠ કેસરીમલજી સંસ્કૃતમય હિંદીમાં જ બોલે લખે છે. એમના પત્રો પણ સંસ્કૃતમય હોય–કયારેક તો અર્થ સમજવા શબ્દકોષ શોધવો પડે. પ્રમુખસ્થાનેથી એમણે સંસ્થાને પણ આપ્યું.

સાંજના મીરાંબાઈના મેડતા પહોંચ્યા. હરિન ચટ્ટોપાધ્યાયનું 'મુને ચાકર રાખોજી' મનગુંજવા લાગ્યું. ત્યાં આચાર્ય શ્રી. હસ્તિમલજીઃમહારાજનું ચોમાસું હતું. મહારાજજી સૌમ્ય અને પ્રભાવશાળી તેમજ સ્પષ્ટ વકતા લાગ્યા. અમારી વાત સાંભળી કહે, "તમારી સમક્ષ વિવેક પૂરતું ભલે બધા સાધુ કહે કે અંમે સંપ્રદાયોની એકતા ચાહીએ છીએ પરંતુ તમે ભૂલાવામાં ન રહેતા. એ એમના દિલની વાત નહિ હોય. તમારું કામ મૂંઝવેલ છે." સાધુઓ પૂરતી આ વાત મને સાચી લાગી.

અમારું લક્ષ્ય હતું જયતારણ પહોંચવાનું. રાત પડતી હતી, રસ્તો સારો તો નહોતો, એટલે મીરાંબાઇનું મેડતા બહુ જોવાયું હ, અને મીરાંએ જે રીતે ઝેરનો કટોરો ગટગટાવેલો તેવા જ 'પ્રેમભાવ'થી દૂધનો કટોરો ગટગટાવી, બરેલીવાળા નાહરજીને મળી, મોટર ઉપાડી જયતારણ.

જયતારણ શ્રી. રિષભદાસજી રાંકાના વડવાઓનું વતન છે. શ્રી. રિષભદાસજીના વડવાઓ ત્યારે રાંકા નહોતા, શેઠ કહેવાતા. મોટું વિશાળ કુટુંબ છે અને ચારપાંચ પેઢીનાં આબાલ વૃધ્ધોમાંના વૃધ્ધોના પણ શ્રી. રિષભદાસજી કાકા છે. બધાં ઘેરી વળ્યાં. એમના કૌટુંબિક પ્રેમે કાકાને તો નવડાવ્યા, પણ અમનેય ભીના કરી મૂકયા.

પાણી પીધું– 'એનો'સ ફ્રુટ સોલ્ટ' અને 'ફ્રુટ સોલ્ટ' વેચાય છે તેવું જ ખારું ને ચરચરતું. ગળું પાણી ઉતારવા ના પાડતું હતું, જીભ બૂમાબૂમ કરતી હતી, જીવ ચુંથાતો હતો, પરતું જીવવું જ હોય તો આ પાણી પીને જ જીવી શકાય એમ હતું. ત્રણ ચાર જૂદા જૂદા કુવાનાં પાણી મંગાવ્યાં, પણ કોઇ ફરક ન લાગ્યો. પૂરો દોઢ દિવસ આ પાણી પર કાઢયો. એક રીતે ઠીકજ થયું. સારું સારું ખાવાની ટેવ પડી ગયેલી તે એને ઠીક સજા મળી.

સ્થાનકમાં શ્રી. સુગનચંદજી, શ્રી. રાજમલજી અને શ્રી. રિષભદાસજીનાં વ્યાખ્યાનો થયાં. જોશીલા જુવાનોએ ભારત જૈન મહામંડળની શાખા શરૂ કરી.

જયતારણથી નિમાજ, બીયાવર, અજમેર થઈ, નવમી સપ્ટેમ્બરે કીશનગઢ પહોંચ્યા. મુનિ સહસમલજીએ, ભારત જૈન મહામંડળના આદર્શોને અનુરૂપ વ્યાખ્યાન આપ્યું અને પૂરું સમર્થન કર્યું. શેઠ રાજમલજી, શ્રી. સુગનચંદજી, શ્રી. રિષભદાસજીએ પ્રસંગોચિત પર્યટનની વાત સમજાવી. પછી હું બોલ્યો. મેં કહ્યું "મહાવીર પ્રભુના બોધ રૂપી ઘોધનું પાણી પહોંચાડવા માટે જૈન સમાજ બે હજાર સાધુ ઇજનેરોને નભાવે છે, પરંતુ એમનામાં મેળ નથી, સુસંગતા નથી, એ લડે છે. એથી ઘોધ તો વહ્યો જાય છે. પણ ઈજનેરી કુશળતાના અભાવે પ્રજાને લાભ પહોંચાડી નથી શકાતો. તેમજ સમાજની રચના પાછળ જે હેતુ હતો તે આપણે જાળવતાં નથી. સગવડના વખતે એકબીજાને ભોજન આપવું. અને તકલીફના વખતે એક બીજાને મદદ કરવી–એ બન્ને કામ આજે હોટલો અને વિમાકુંઓ કરે છે; દરેક નાના કે મોટા ગામમાં હોટેલો અને વિમાકુંઓ ફુલે ફાલે છે અને દરરોજ સમાજની અવગણના થતી જોવાય છે. કારણ કે એ બે કરવાનાં કામ આપણી સમાજોએ છોડી દીધાં છે. સમાજોએ રહેવું હશે તો આ બે ફરજો ભૂલ્યે નહિ ચાલે." શ્રી. ફકિરચંદજીએ, બૂબ જુસ્સાભેર ભાષણ કર્યું અને કહ્યું, તમે સાધુઓ અને આગેવાનો તમારી ફરજ નહિ બજાવો તો અમારે તમને ટપી જવા કહેવું પડશે. એમના પિતા નંદલાલજી બહુ ખુશી થયા જણાતા હતા, બહાદુર બેટાના બાપનો આનંદ એમના મોં પર મ્હેં જોયો.

બપોરના નીકળી, સાંજના જયપુર પહોંચ્યા.

જયપુર

જયપુરમાં શેઠ રાજમલજી સુરાણાને ત્યાં ઉતર્યા. દિગંબર ભાઇઓના પર્યુષણ ચાલતાં હતાં. સવારના આઠે, બપોરે, સાંજે પાંચે અને રાતના ચાર સભાઓ જૂદી જૂદી જગ્યાએ થઈ. પંડિત ચેનસુખદાસજી જે ભારત જૈન મહામંડળની કારોબારીના પણ સભ્ય હતા, તેમનું અહિંના સમાજમાં બૂબ વર્ચસ્વ જણાયું. તમામ સંપ્રદાયોમાં એમને વિષે સન્માન જણાયું. પગે અપંગ, અને બુદ્ધિએ તિવ્ર એવા આ સમભાવી પંડિતજીએ અમને સ્નેહે નવરાવ્યા. હજારેક માનવો–સ્ત્રી અને પુરુષોનાં આવાં શાંત અને શિસ્તબધ્ધ જૈનોનાં પર્યુષણ વ્યાખ્યાન જોઇ, મને શ્રી. ટી. જી. શાહ યાદ આવ્યા. પર્યુષણ પર્વ દરમ્યાન, ચોક્કસ સંખ્યામાં માણસો શાંતિ જાળવવાની પ્રતિજ્ઞા લે, નહિ તો પોતે અપવાસ પર ઉતરશે એવી જાહેરાત કેટલાંક વર્ષ પર તેમણે કરી હતી. અને હજારોની સંખ્યામાં સહીઓ, તેમના પ્રત્યેના પ્રેમભાવ બદલ લોકોએ કરી હતી; છતાં ઉપાશ્રયોનાં કોલાહલો અશાંત ઘટયા લાગતા નથી. આનું શું કારણ હશે? જૂનીપૂરાણી શૈલીમાં વંચાતાં વ્યાખ્યાન લોકોને આકર્ષી નહિ શકતાં હોય અને પર્યુષણમાં વ્યાખ્યાને જવાથી પુણ્ય થાય છે અને સમાજમાં સારું લાગે એ કારણોએ લોકો જતાં હશે, તે હશે? આવી રીતે જનારાં વ્યાખ્યાનમાં ઓળખીતાં પાળખીતાં સાથે બેસે અને વાતો કર્યા કરે. પંજાબી જૈન સ્વયંસેવકો પણ બૂબ સેવા આપી રહ્યા હતા. શ્રી. રાજમલજી તથા રિષભદાસજીનાં ભાષણ પછી, પંડિત ચૈનસુખલાલજીએ ભાષણ કર્યું.

અપૂર્ણ

તારાચંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, સીલ્વર મેન્સન, મુંબઈ, ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ ૧૮મું] અંક : ૧૫ [મુંબઇ : ૧ ડીસેમ્બર ૧૯૫૬ શનીવાર [વાર્ષિક લવાજમ રૂપિયા ૪

સત્યની ખોજનો યાત્રી

(શ્રી. ડી. જી. ટેન્ડુલકર અને શ્રી. વીઠ્ઠલભાઇ ઝવેરી હસ્તેના સંયુક્ત સંપાદન વડે બહાર પાડવામાં આવેલ આઠ વિભાગમાં બહાર પડેલ 'મહાત્મા' નામની ગ્રંથમાળાનો પહેલો વિભાગ તાજેતરમાં પ્રગટ થયો છે અને તેમાં ઈ. સ. ૧૮૬૯ થી ૧૯૨૦ સુધીના ગાંધીજીના જીવનની કથા રજુ કરવામાં આવી છે. બાકીના સાત વિભાગો માટે ૧૯૨૦ થી ૧૯૨૯, ૧૯૨૯ થી ૧૯૩૪, ૧૯૩૪ થી ૧૯૩૮, ૧૯૩૮ થી ૧૯૪૦, ૧૯૪૦ થી ૧૯૪૫, ૧૯૪૫ થી ૧૯૪૭, ૧૯૪૭ થી ૧૯૪૮. આ પ્રમાણે ગાંધીજીની જીવનકથાને વહેંચી નાંખવામાં આવેલ છે અને તે મુજબ પ્રત્યેક વિભાગ ક્રમસર થોડે થોડે ગાળે પ્રગટ થનાર છે. એક વિભાગની કીંમત રૂા. ૨૫ રાખવામાં આવી છે અને આઠેય વિભાગના એક સાથે ગ્રાહક થનારને રૂા. ૧૮૭માં મળી શકશે. આ ગ્રંથનો આમુખ હિંદના મહા અમાત્ય જવાહરલાલ નહેરૂએ લખી આપ્યો છે, જેમાંના કેટલાક ભાગનો અનુવાદ તા. ૨૯-૧૦-૫૬ ના હરિજનબંધુમાં પ્રગટ થયો છે. તેમાં છોડી દેવામાં આવેલા વિભાગનો અનુવાદ ઉમેરીને આખા આમુખનો ગુજરાતી અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આપણે તેમની એટલા બધા નજીક છીએ કે તેમનું સાચું મૂલ્યાંકન કરવું આપણે માટે શકય નથી. આપણામાંના કેટલાક તેમની સાથે નિકટ સંપર્કમાં આવ્યા અને તેમના તેજસ્વી અને અત્યંત પ્રેમળ વ્યક્તિત્વથી પ્રભાવિત થયા. આજે આપણને એમની ઘણી ભારે ખોટ સાલે છે. કારણ કે તેઓ આપણા જીવનના એક અંગ બની ગયા હતા. એમની સાથેનો આપણો ગાઢ સંબંધ, તેમના ખરા મૂલ્યાંકનમાં આડે આવે છે. જેઓ એમને નિકટથી જાણતા નહોતા તેઓ આ શાંતિ અને નમ્રતાની મૂર્તિસમા પુરુષના આત્મામાં જે ભભૂકતી આગ હતી તેનો કદાચ પૂરો ખ્યાલ કરી શકે નહીં. તેથી બંને વર્ગોમાં યોગ્ય દૃષ્ટિ કે જ્ઞાનનો અભાવ છે. જ્યારે આજની સમસ્યાઓ અને સંઘર્ષો ઇતિહાસકારની સામગ્રી બની જશે ત્યારે ભવિષ્યનાં વરસોમાં એ દૃષ્ટિ આવશે કે કેમ એ હું જાણતો નથી. પણ મને સંદેહ નથી કે દૂરના કે નિકટના ભવિષ્યમાં કયારેય પણ આ તેજસ્વી વ્યકિત સૌથી જુદી તરી આવશે અને લોકો તેને વંદન કર્યા વિના રહેશે નહીં. એમ બને કે, જે સંદેશની તેઓ સાક્ષાત્ મૂર્તિ હતા તે આજના કરતાં ભવિષ્યનાં વરસોમાં વધારે સારી પેઠે લોકો ગ્રહણ કરશે અને તેના પર અમલ કરશે. એમનો સંદેશ કોઇ અમુક દેશ કે પ્રજા પૂરતો મર્યાદિત નહોતો. તેમાં જે સત્ય હતું તે બધા દેશોને અને સમગ્ર માનવજાતને લાગુ પડનારું સત્ય હતું. તેમના જમાનાના હિંદના સંબંધમાં તેમણે તેની અમુક બાજુ પર વધારે ભાર મૂકયો હોય, અને તે બાજુઓ સમય અને પરિસ્થિતિ બદલાતાં એટલા મહત્ત્વની ન રહે. પરંતુ તેમના સંદેશનું હાર્દ કાળ કે સ્થળને મર્યાદિત નહોતું. જો આ સત્ય હોય તો તે સ્થાયી થનારું છે અને માણસોની સમજણ વધશે તેમ તે ખીલશે.

તેમણે દેશને સ્વતંત્રતા અપાવી અને સ્વરાજ્યની લડતો દ્વારા એ વખતે આપણે માટે જે અનેક મહત્ત્વની ચીજો હતી તે શીખવી. તેમણે ભય અને દ્વેષ છોડી દેવાનું કહ્યું; એકતા, સમાનતા અને ભ્રાતૃભાવનો ઉપદેશ કર્યો, અને દલિતોના ઉદ્ધારની, શ્રમનિષ્ઠાની, આધ્યાત્મિક વિકાસની સર્વોપરિતાની વાત કરી. સૌથી વિશેષ તેમણે આપણી બધી પ્રવૃત્તિઓના સંબંધમાં વાણી અને લખાણ દ્વારા સત્યનો સતત ઉપદેશ કર્યો. તેમણે વારંવાર કહ્યું કે સત્ય તેમનો ઇશ્વર છે, અને ઇશ્વર જ સત્ય છે. વિદ્વાનો ભલે ચર્ચા કરે અને તત્ત્વ-ચિંતકો અને નાસ્તિકો સનાતન સવાલ પૂછે, સત્ય શું છે ? આપણા-માંથી કોઇક જ એ સવાલનો આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપવાની હિંમત કરે. અને ખુદ એનો જવાબ બહુવિધ હોય અને આપણી મર્યાદિત બુદ્ધિ એનું સાંગોપાંગ દર્શન કરવાને અસમર્થ હોય એ બનવાજોગ છે. પરંતુ આપણા મનની શકિત કે આપણી અંતરજ્ઞાનની શકિત ભલે મર્યાદિત હોય, પણ હું ધારું છું કે આપણને દરેકને પોતપોતાની સમજ પ્રમાણે સત્યની કોઇક મર્યાદિત કલ્પના તો હશે જ. પરિણામોની પરવા કર્યા વિના તે કલ્પના પ્રમાણે માણસ વર્તન કરશે અને પોતે જેને અસત્ય લેખતો હોય તેની સાથે બાંધછોડ નહીં કરે ? સાચા ધ્યેયની ખોજમાં પણ તેની સિદ્ધિ માટેનાં સાધનોની બાબતમાં તે બાંધછોડ નહીં કરે ? સાધનોને તે ધ્યેયને આધીન બનાવશે ?

આ સવાલનો જાણે કે એક જ જવાબ હોઇ શકે એવી રીતે છટાદાર ભાષામાં એને ઘડવો સહેલો છે. પરંતુ જીવન અત્યંત આંટીઘૂંટીવાળી વસ્તુ છે અને જે વિકલ્પો તે ખડા કરે છે તે કદાપિ સાદા નથી હોતા. કદાચ કોઇ વ્યકિત, જે પોતાનું વ્યકિતગત બલકે એકાકી જીવન જીવતી હોય, તે કોઇક અંશે પોતાને માટે આ સવાલનો કોઇક સફળતાપૂર્વક જવાબ આપવાનો પ્રયત્ન કરી શકે, પરંતુ જ્યાં તેને પોતાનાં જ નહીં પણ બીજાનાં કૃત્યો સાથે પણ સંબંધ હોય છે, જ્યારે ભાવિએ કે સંજોગોએ તેને બીજાઓને ઘડવાની અને દોરવાની સ્થિતિમાં મૂકયો છે, તે સ્થિતિમાં તેણે શું કરવું ? લોકનેતાએ કેમ કામ કરવું ? જો તે લોકનેતા છે, તો તેણે લોકસમૂહના આદેશોને માત્ર અનુસર્યે ન ચાલે. તેણે તેને દોરવો પણ જોઇએ; જો કે લોકશાહીની કાર્યરીતિઓના કેટલાક આધુનિક ખ્યાલો પ્રમાણે કોઇ એમ વિચારે કે તેણે બહુમતીની આજ્ઞા જ ઉઠાવવી જોઇએ. જો તે તેમ કરે તો તે, નેતા રહેતો નથી, અને બીજાને માનવ પ્રગતિના સાચા પંથે બહુ આગળ લઇ જઇ શકતો નથી. જો તે પોતાની બુદ્ધિ પ્રમાણે એકલો જ કામ કરે તો તે જેમને દોરવાની કોશિશ કરે છે તે જ માણસોથી તે પોતાને જુદો કરી નાખે છે, જો તે પોતાને બીજાની સમજણની જે કક્ષા પર લાવીને મૂકે તો તે પોતાની જાતને નીચે ઉતારે છે. પોતાના આદર્શોને એવડો નીવડે છે, અને સત્ય સાથે બાંધછોડ કરે છે. અને એક વાર આવી બાંધછોડ શરૂ થાય, પછી તે કયાં જઇને અટકે એ કહેવાય નહીં, કારણ કે માર્ગ લપસણો હોય છે. તો તેણે કરવું શું ? તે પોતે જ સત્ય કે સત્યની

કોઇક બાજુ સમજે એટલું પૂરતું નથી, બીજાઓને પણ એ સફળતા-પૂર્વક સમજાવવી જોઇએ.

સાધારણ કોટિના લોકનેતાને, ખાસ કરીને લોકશાસિત સમાજમાં હંમેશાં પોતાની આસપાસના સંયોગોને અનુકૂળ થતા રહેવું પડે છે અને પોતાને જે વધારે હળવું અનિષ્ટ લાગે તે પસંદ કરવું પડે છે. કંઇને કંઈ બાંધછોડ કર્યા સિવાય ચાલતું જ નથી. પણ આમ કરતે કરતે એવા પ્રસંગો ઉભા થાય છે કે જ્યારે આ પ્રકારની બાંધછોડ પાયાના આદર્શ અને ધ્યેયને જોખમમાં લાવી મૂકે છે. આવે વખતે શું કરવું યોગ્ય છે તેનો, મને લાગે છે કે, કોઇ સ્પષ્ટ જવાબ આપી શકાય તેમ નથી અને દરેક વ્યક્તિ અને દરેક પેઢીએ આવા પ્રસંગે પોતપોતાનો ઉકેલ શોધી કાઢવાનો રહે છે.

ગાંધી વિષે ચકિત કરે એવી વસ્તુ એ હતી કે તે પોતાના આદર્શોને, પોતાના સત્યને સંપૂર્ણપણે વળગી રહ્યા અને છતાં માનવના વિરાટ સમુદાયને ઘડવામાં, અને તેમના જીવનમાં અસર કરવામાં સફળ થયા. તેઓ ખોટું નાકું પકડી રાખનાર નહોતા. તેઓ સમયની તત્કાળ જરૂરિયાતો પ્રત્યે પૂરા સભાન હતા અને બદલાતા સંજોગો પ્રમાણે પોતાને અનુકૂળ કરી લેતા. પરંતુ આ અનુકૂળતા-ગૌણ બાબતો સંબંધમાં જ કરી લેતા. પાયાની વાતોમાં તો તેઓ મેરૂ પર્વતની જેમ અચળ અને દૃઢ હતા. જેને પોતે અનિષ્ટ માનતા તે બાબતમાં તેમની પાસે માંડવાળની વાત નહોતી. તેમણે એક પેઢી કે તેથી વધારે લોકોને ઘડ્યા, તેમને ઉંચે ઉઠાવ્યા, વધુ નહીં તો. તે કાળ પૂરતી, એ મહાન સિદ્ધિ હતી.

આ સિદ્ધિ સ્થાયીપણે ટકી રહેશે ખરી? તેણે એવાં પરિણામો પેદા કર્યાં છે કે જે નિઃસંશયપણે ટકી રહેવાના જ છે, અને એમ છતાં પણ સાથે સાથે અમુક પ્રકારના લોકમાનસમાં પ્રતિકૂળ પ્રત્યાઘાત પણ તેનાથી પેદા થયા વિના રહેતો નથી. કારણ કે અમુક સંયોગના દબાણ નીચે પોતાની સ્વાભાવિક ભૂમિકાથી ઉંચે જઇ રહેલી જનતા વળી પાછી પહેલાં કરતાં પણ ઉતરતી ભૂમિકા ઉપર સરી જતી ઘણી વાર જોવામાં આવે છે. આજે આપણે ત્યાં આવું જ કાંઇક બની રહેલું જોવામાં આવે છે. આવો પ્રતિગામી પ્રત્યાઘાત ગાંધીજીના પોતાના જ પ્રાણહરણમાં આપણે નીહાળ્યો છે. વધારે ખરાબ તો એ છે કે જ્યારે ગાંધીજીનું આખું જીવન માનવીસમાજના અદ્યતન નૈતિક ધોરણોને ઉંચે લાવવા પાછળ ખરચાયું હતું ત્યારે વાસ્તવિક રીતે આજે આ ધોરણો ઉલટ રીતે નીચે ઉતર્યાં છે. કદાચ પરિસ્થિતિનો આવો ઉલટો રંગ અલ્પકાલીન જ હોય અને લોકો એમાંથી જરૂર ઉંચે આવે અને ઉમદા પ્રકૃતિનું પુનઃદર્શન કરાવે એમ બને. મને એમાં જરા પણ શક નથી કે ગાંધીજીના પાયાનો જીવનબોધ લોકમાનસમાં ઉંડે સ્થિરપ્રતિષ્ટ થયો જ છે અને આપણા રાષ્ટ્રીય જીવનની ઉપર તેની મહત્ત્વપૂર્ણ અસર પડવાની જ છે.

ગાંધીજી જેટલો જ મહાન હોય તે સિવાય બીજો કોઈ પણ માણસ ગાંધીજીના વાસ્તવિક જીવનને આલેખી શકે તેમ છે જ નહિ. આમ હોવાથી આ મહાપુરૂષનું ખરૂં અને સર્વાંગસંપૂર્ણ ચરિત્ર મેળવવાની આપણે આશા રાખી ન શકાએ. ગાંધીજીનું ચરિત્રલેખન સાધારણ રીતે મુશ્કેલ તો છે જ. તેમાં પણ તેમનું જીવન અડધી સદીથી રાષ્ટ્રના જીવનનું જ એક ગાઢપણે સંકળાયલું અંગ હોઇને આ કાર્ય વધારે મુશ્કેલ બને છે. આમ હોવા છતાં પણ સંભવિત છે કે જો તેમનું ચરિત્ર લખવાનો ઘણા લોકો પ્રયત્ન કરે તો આ અસામાન્ય જીવનકારકીર્દીની અમુક બાજુઓ પ્રકાશિત કરવામાં તેમ જ હિંદના ઇતિહાસના આ સદા સ્મરણીય તબકકા વિષે કેટલીક સમજુતી અન્ય અભ્યાસીઓને પુરી પાડવામાં આવા પ્રયત્નો સફળતા મેળવે ખરા.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળ શ્રી ટેન્ડુલકર ઘણાં વર્ષોથી મહેનત લઇ રહ્યા છે. ગાંધીજીની હયાતી દરમિયાન એ વિષે તેમણે મને જણાવ્યું હતું અને ગાંધીજીના અવસાનના થોડા સમય પહેલાં તેમની સાથે પણ આ વિષે શ્રી ટેન્ડુલકરે મંત્રણા કર્યાનું પણ મને યાદ છે. આ કાર્ય પાછળ ઘણાં લાંબા વર્ષોનો પરિશ્રમ રહેલો છે એ તો કોઇ પણ જોઈ શકે તેમ છે. મારી જાણ મુજબના આજ સુધી પ્રગટ થયેલ કોઇ પણ પુસ્તક કરતાં આ ગ્રંથમાં ગાંધીજી વિષે ઘણી વધારે હકીકતો અને માહીતીઓ સંગ્રહિત કરવામાં આવી છે. ગ્રંથકર્તાના કોઈ અભિપ્રાય કે આલોચના સાથે આપણે મળતા થઇએ કે નહિ તે ખાસ મહત્વનું નથી. આની અંદર આપણને પારવિનાની માહીતીનો ભંડાર પુરો પાડવામાં આવ્યો છે અને તે ઉપરથી આપણે આપણા પોતાના અભિપ્રાયો તારવી શકીએ તેમ છે. આમ હોવાથી આપણી પેઢીના સર્વોત્તમ મહાપુરૂષના જીવનની એક સંકલનાબધ્ધ નોંધ તરીકે જ માત્ર નહિ પણ હિંદના ઇતિહાસનો એ તબકકો જે સ્વતઃ અતિ મહત્વનો છે તે તબકકાના સૂત્રબધ્ધ નિરૂપણ તરીકે આ ગ્રંથનું હું બહુ મોટું મૂલ્ય આંકું છું. આજે આપણે દ્વેષ, મત્સર અને ભયથી જર્જરિત એવી દુનિયામાં રહીએ છીએ અને વિશ્વયુધ્ધની તલવાર આપણા સર્વના માટે લટકી રહી છે. ગાંધીજીએ ભય અને મત્સરને ફગાવી દેવાનું અને વૈર અને હિંસાથી મુકત થવાનું આપણને કહ્યું છે. આજની ધમાલ અને ધુમ્મસરાડામાં ગાંધીજીનો અવાજ કદાચ ઘણા લોકો સાંભળી નહિ શકે, પણ જો આ દુનિયા કોઇ પણ સભ્ય આકારમાં ટકી રહેવાની હશે તો કોઇને કોઇ ઘડીએ એ અવાજ દુનિયાએ સાંભળ્યે અને સમજ્યે જ છુટકો છે.

લોકો ગાંધીજીનું જીવનચરિત્ર લખશે અને તેમની, તેમના સિધ્ધાંતોની, કાર્યોની ચર્ચા અને ટીકા કરશે. પરંતુ અભ્યાસમાંના કેટલાકને મન તેઓ સિધ્ધાંતથી નિરાળી કોઇક વસ્તુ બની રહેશે— એક પ્રતિભાવાન અને પ્યારી વ્યક્તિ, જેણે અમારા પામર જીવનને કંઇક સહેતુક બનાવ્યું અને તેને કાંઇક મહત્તા અર્પી, અને જેમના નિર્વાણથી અમે શૂન્યતા અને એકલવાયાપણું અનુભવીએ છીએ. આનંદથી સદા રમતી છતાં અખૂટ દર્દના સાગરસમી આંખોવાળા એ પુરૂષની અનેક તસ્વીરો મારા દિલમાં ઉઠે છે. પરંતુ તેમાંયે ૧૯૩૦માં દાંડીકૂચ વખતે હાથમાં લાકડી લેઇને તેઓ કૂચ કરવા જાય છે તે વખતની તસ્વીર વધુ પ્રભાવશાળી અને અર્થસૂચક લાગે છે. અહીં હતો સત્યની ખોજનો યાત્રી, ધીર, શાંત, કૃતનિશ્ચયી અને નિર્ભય, જે પરિણામોની પરવા કર્યા વિના તે ખોજ અને યાત્રામાં અવિરતપણે પ્રવૃત્ત રહ્યો.

પહલગામ, કાશ્મીર, **જવાહરલાલ નહેરૂ**
જૂન ૩૦, ૧૯૫૧.

ભૂમિદાન-યાત્રા : દૈવી પરિવર્તન

શ્રી વિનોબા ભાવેની ભૂમિદાન-યાત્રા ભારતના ઇતિહાસમાં એક મહત્વની અને આશાભરી ઘટના છે. તેલંગણની યાત્રામાં જ્યારે તેમને જમીન મળી ત્યારે કેટલાક લોકોએ કહ્યું કે સામ્યવાદીઓના કેરથી ત્રાસેલા લોકોને જમીન આપ્યા વગર ઉપાય જ ન હતો. બીજી જગ્યાએ એવી જમીન મળવાનો સંભવ નથી.

જો એમ હોત તોયે તેલંગણના ભૂદાનયજ્ઞનું મહત્ત્વ ઓછું થતું નથી. જ્યાં રોગ થયો હોય ત્યાં જ લોકો દવા લે. લોકો કડવી પણ સાચી દવા લેવા તૈયાર થયા અને લોકોને દવા આપનાર વૈદ્ય પણ સાચા મળ્યા એ નાનીસૂની વાત નથી. પણ હવે તેમને જગ્યાએ જગ્યાએ જે જમીન મળી રહી છે, તે પરથી એ સિદ્ધ થાય છે કે હિન્દુસ્તાનમાં દૈવી પરિવર્તન અથવા સાત્વિક ક્રાંતિનું વાતાવરણ ભગવાન પોતાના એક પવિત્ર ભકત દ્વારા પેદા કરી રહ્યો છે.

વિનોબાજીની શ્રદ્ધા અને આસ્તિકતા સાચે જ મહાત્માજીની પરંપરાની છે. આપણા દેશમાં વખતોવખત આવા આસ્તિક પુરૂષો પેદા થતા આવ્યા છે. તેથી આ કોઇ નવી વાત નથી. પણ દેશની સામાન્ય પ્રજા આવાઓની વાત સાંભળવા તૈયાર હોય છે, એ જ બતાવે છે કે ભારત-વર્ષની પ્રજા આસ્તિક છે, તેમનામાં ધર્મનો પ્રાણ પ્રજ્વલિત થઈ શકે છે.

મધ્યપૂર્વમાં મુક્તિ આંદોલન

વિખ્યાત ફ્રેંચ માર્શલ લિઓટીએ મધ્યપૂર્વના આરબ અને મુસ્લીમ રાજ્યોને નગારાંની ઉપમા આપેલી, પોતાની ઉપમાનું વિવરણ કરતાં લિઓટીએ કહ્યું કે ગમે તે ભાગમાં નગારાને થપાટ મારો અને આખું નગારું અવાજથી ધ્રુજી ઉઠવાનું. આજે એ ઉપમાને ઈરાનના વડા પ્રધાન ડૉ. મુસાદિકે ચરિતાર્થ કરી છે. તેમણે આબાદાનના તેલના કુવાઓનું રાષ્ટ્રીયકરણ કરી મધ્યપૂર્વમાં ખુંગિયો ઢોલ બજાવ્યો છે અને મધ્યપૂર્વનો શોષિત વિરાટ સળવળી ઊઠયો છે. રાષ્ટ્રીય સ્વમાન અને સ્વાતંત્ર્ય માટેની લડતના ધોડાપૂર આબાદાનથી ફેરો, બગદાદ, જેરૂસલેમ, અને તોમ્બુકમાં ફરીવળ્યાં છે.

પશ્ચિમ એશિયા (જે મધ્યપૂર્વ તરીકે ઓળખાય છે) પ્રમાણમાં શાંત વિસ્તાર હતો. પૂર્વ એશિયામાં જ્યારે પ્રકાશની ગતિથી ચીન, ઈન્ડોનેશિયા, ઈન્ડોચાઈના અને મલાયામાં લોકક્રાંતિ વિકસતી હતી ત્યારે મધ્યપૂર્વના ઈસ્લામ રાજ્યો અવારનવાર શાહિવાદ વિરોધી નિવેદનો કરતા. અત્યંત ઝનુની વર્ગ કોઇ રાજ્ય કે કોઇ વડાપ્રધાનના ખૂનમાં મધ્યપૂર્વની આંતરિક અશાંતિ વ્યકત કરતો. પણ સામાન્ય જનસમૂહની ચળવળ કયાંય દૃષ્ટિગોચર થતી નહોતી.

આ હકીકત સમજી શકાય તેવી છે. સ્થૂળ દૃષ્ટિએ મધ્યપૂર્વના રાજ્યો સ્વતંત્ર છે. ટર્કી, ઇજીપ્ત, ઈરાન, સીરીઆ, લેબેનોન, ઈરાક, ટ્રાંસજોર્ડન, ઈઝરાયલ, સાઉદીઅરેબિયા, યમન, કુવાઈત અને મસ્કત-ઓમાનની પ્રજા પર કોઇ અમેરિકન, ફ્રેંચ કે અંગ્રેજ આધિપત્ય નથી ભોગવતા આથી પ્રજા ભ્રમમાં રહે છે કે પોતે આઝાદ છે જ્યારે વાસ્તવિકતા એથી જુદી જ હોય છે.

લગભગ પાંત્રીસ લાખ ચોરસ માઇલના વિસ્તારમાં ફેલાયલા આ વિસ્તારની વસ્તી માત્ર સાડા સાત કરોડની છે. હિંદ કરતાં મધ્યપૂર્વનો વિસ્તાર ત્રણ ગણો છે; જ્યારે વસ્તી ચોથા ભાગની છે. સમગ્ર વિશ્વના સંબંધમાં મધ્યપૂર્વ પૃથ્વીના વિસ્તારનો સોળમો ભાગ છે; વિશ્વની પ્રજાનો ત્રીસમો ભાગ મધ્યપૂર્વમાં વસે છે. ઇઝરાઇલના યહુદીઓને બાદ કરીએ તો, મધ્યપૂર્વની પ્રજા ઇસ્લામને અનુસરે છે.

રાજકીય મહત્ત્વ

વિશ્વનાં રાજકારણમાં મધ્યપૂર્વનું મહત્વ ઘણું મોટું છે. રાજકીય દૃષ્ટિએ આ વિસ્તારમાં બનતા બનાવોના પ્રત્યાઘાત સમગ્ર મુસ્લીમ જગતમાં પડે છે. તહેરાનની મુકિતલડતના પડઘા આટલાંટિકના કિનારે આવેલા મોરકકોથી શરૂ થઈ, હિન્દી મહાસાગરના પાકિસ્તાન દ્વારા ઠેઠ દક્ષિણ ચીની મહાસાગર પર આવેલા ઇન્ડોનેશિયા સુધી પહોંચે છે.

આર્થિક મહત્ત્વ

પણ આ વિસ્તારનું સૌથી વધુ મહત્ત્વ આર્થિક દૃષ્ટિએ છે. મધ્યપૂર્વ એટલે તેલ. અને પશ્ચિમની યાંત્રિક સંસ્કૃતિનો પ્રાણ તેલ છે. મધ્યપૂર્વની સમાજરચના મધ્યકાલીન છે. આ વિસ્તાર એટલો બધો પછાત છે કે ઈરાન અને ઈરાકના તેલનો બધો જ ઉપયોગ પશ્ચિમના રાજ્યો કરે છે. મધ્યપૂર્વની આ અનર્ગળ સંપત્તિનું સંચાલન બ્રિટિશ, અમેરિકન, ફ્રેંચ અને ડચ કંપનીઓ કરે છે. આ કંપનીઓનું એટલું બધું મહત્ત્વ છે કે મધ્યપૂર્વની સરકારો મોટા ભાગે તેલ કંપનીના કરવેરા પર જ નભે છે. ઈરાનના વર્તમાન અર્થતંત્રની કરૂણ પરિસ્થિતિ ઉપરની હકીકત સ્પષ્ટ કરે છે.

લશ્કરી મહત્ત્વ

લશ્કરી વ્યૂહરચનાની દૃષ્ટિએ પણ મધ્યપૂર્વનું ગણનાપાત્ર મહત્ત્વ છે. મધ્યપૂર્વ ત્રણ ખંડો-યુરોપ, એશિયા અને આફ્રિકા-નો સમતોલ બિંદુ (Fulcrum) પર આવેલું છે. મધ્યપૂર્વના બંદરો આદર્શનૌકા મથકો પૂરા પાડે છે; હવાઇ મથકોનો વિકાસ સારા પ્રમાણમાં થયેલો છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સુએઝની નહેર આવેલી છે. એશિયાથી યુરોપ અને યુરોપથી એશિયામાં સુએઝની નહેરના પ્રતાપે લશ્કર અને સાધનસામગ્રીની હેરફેર અત્યંત ટૂંકા સમયમાં થઈ શકે છે.

નામનું સ્વાતંત્ર્ય

આ મધ્યપૂર્વના આરબરાજ્યો ખરા અર્થમાં પરાધીન છે. સંધિના હક્કથી ઇજીપ્તની ધરતી પર બ્રિટનને લશ્કરી મથકો રાખવાની છૂટ છે. લંડનની નિયમિત આર્થિક અને લશ્કરી મદદ સિવાય ટ્રાંસજોર્ડન એક પણ દિવસ ટકી શકે તેવી શકયતા નથી. ઈરાકમાં બ્રિટન પોતાના લશ્કરી મથકો રાખવાનો હક્ક ધરાવે છે. ઈરાનમાં એંગ્લો ઈરાનીયન ઓઇલ કંપની એટલી બધી શક્તાશીલ હતી કે ઈરાનની સરકાર કરતાં તેને અનેક ગણી વધુ આવક હતી. સમગ્ર ઈરાનના આયાત-નિકાસનો વેપાર કરતાં એંગ્લો ઈરાનીયન ઓઇલ કંપનીનો વેપાર વધુ હતો. ટર્કી, અમેરિકાની સામ્યવાદ વિરોધી જેહાદની આખેદૂમ પ્રયોગશાળા બન્યું છે. સીરીઆ અને લેબેનોન, હજુ હમણાં જ ફ્રેંચ અસરમાંથી થોડાઘણાં મુકત થયા છે. સાઉદી એરેબિયા અમેરિકન તેલ કંપનીના કરવેરાના શ્વાસે જીવે છે. સાઉદી એરેબિયા દ્વારા અમેરિકાએ મધ્યપૂર્વમાં પગપેસારો કરવાની શરૂઆત કરી છે.

મહાત્મા ગાંધીએ રાષ્ટ્રને સત્ય અને અહિંસાની દીક્ષા આપી, અને લોકો સત્યાગ્રહ માટે તૈયાર થઇ ગયા. અંગ્રેજોનું રાજ્ય એક જબરદસ્ત સંસ્થા-કૉર્પોરેશન હતું (અને તેમનું તત્ત્વજ્ઞાન કહે છે કે સંસ્થા કે કૉર્પોરેશનને આત્મા નથી હોતો.) એવા એક જબરદસ્ત કૉર્પોરેશનને આત્મશકિતનો પરિચય કરાવવાનું કામ ગાંધીજીના સત્યાગ્રહે કર્યું.

હવે અહિંસા તથા સત્યની સાથે અપરિગ્રહ અને અસ્તેયને હાથમાં લેવાનો સમય આવી ગયો છે. શ્રી. વિનોબાએ જોયું કે આજના જંમાનાનો મુખ્ય દોષ ધનનિષ્ઠા છે. તેને દૂર કરવા માટે ધનસંગ્રહના પ્રતીક પૈસાને જીવનમાંથી અપ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. ઉપવાસપૂર્વક ચિંતન કરી તેઓ એક વિશેષ નિર્ણય પર પહોંચ્યા અને તેમણે ધનનું દાન લેવાનો ઇન્કાર કર્યો. ધન કમાવાની તો તેમની પાસે વાત જ નહોતી.

દુનિયામાં શ્રમ અને ધન બે તત્ત્વો છે. શ્રમથી બચ્યું હોય તો ધનસંગ્રહ કરવો જોઇએ. જ્યાંસુધી ધનની પ્રતિષ્ઠા છે ત્યાંસુધી શ્રમ ગમે તેટલો વધે તોયે તે પ્રતિષ્ઠિત થવાનો નથી. તેમણે ધનને અપ્રતિષ્ઠિત કર્યું અને શ્રમની પ્રતિષ્ઠા વધારી. આ પ્રમાણે જીવનમાં ફેરફાર કરવાથી હવે તેમને અપરિગ્રહવ્રત અથવા પરિગ્રહ ઓછો કરવાની દીક્ષા આપવાનો અધિકાર પ્રાપ્ત થયો, અને ભારતની જમીન, ભારતની પ્રજા, ધર્મની અસર કબુલ કરવાની પોતાની પરંપરા ભૂલી નથી તેની સાબિતી કેટલાયે ભૂમિપતિઓએ આપી.

આપણે કહેતા આવ્યા છીએ કે રશિયાની પાસે એક રસ્તો છે. અમેરિકાની પાસે બીજો અને ભારતની પાસે ત્રીજો રસ્તો છે. પણ તેમાં આ ત્રીજા રસ્તાનું ચૈતન્ય આજ સુધી ઉત્કટ રૂપથી પ્રગટ નહોતું થયું. કાયદાથી કે સરકારની તાકાતથી જો તે પ્રગટ થાત તો તેને અમે ત્રીજો રસ્તો ન કહેત. જે ભૂમિદાનયજ્ઞના શ્રી. વિનોબાજી અધ્વર્યુ છે તે દાનમાં અને અમેરિકાનું મદદરૂપે જે દાન દુનિયામાં ફેલાઈ રહ્યું છે તેમાં આસમાન જમીનનું અંતર છે. બન્નેમાં દીર્ઘદૃષ્ટિ છે, પણ એકમાં દ્રવ્યશકિત પર વિશ્વાસ છે. તે દ્રવ્યલોભની વીણા પર પોતાનો રાગ આલાપે છે. બીજા દાનના મૂળમાં આત્મશકિત છે. તેનો હાથમાં ત્યાગની એકતારી છે. તેનું ભજન સાત્ત્વિક છે અને છેવટે તેનો જ વિજય થશે. સમ્રાટ યયાતિ અને સમ્રાટ અશોક બન્નેએ રાજ્યવૈભવનો અને રાજ્ય-સામર્થ્યનો અસાધારણ અનુભવ લીધા પછી નકકી કર્યું કે ભોગ અને ઐશ્વર્યમાં નથી શાંતિ કે નથી વિશ્વનું કલ્યાણ. સંગ્રહ ઓછો કરો ખર્ચ ઓછું કરો ત્યારે જ આત્મશકિત જાગ્રત થશે અને દુનિયામાં શાંતિ અને ભ્રાતૃભાવ ફેલાશે.

[મંગલ પ્રભાત] કાકા કાલેલકર

પાશાઓ અને 'ફેલાદિનો'

આ પરિસ્થિતિમાં સામાન્ય જનતા પિસાતી જાય એમાં નવાઇ નથી. ઇસ્લામી રાજાઓ, પાશાઓ, શેખો, ઇમામો તથા મુલ્લાઓ સાથે પશ્ચિમના શાહીવાદી રાજ્યોએ હંમેશા હાથ મિલાવ્યાં છે.

મધ્યપૂર્વના સાડા સાત કરોડ નાગરિકો દસમી સદીમાં જીવે છે. સૌથી વધુ ઔદ્યોગિક ઇજીપ્તનું ચિત્ર લાક્ષણિક છે, ઇજીપ્તના સામાજીક અને આર્થિક પિરામિડની ટોચે રાજા, અમીર ઉમરાવો અને થોડા શ્રીમંત વેપારીઓ છે. પિરામિડના પાયામાં લાખો 'ફેલાદિનો' (કંગાળ કિસાનો અને કામદારો) છે. માર્ચ ૧૯૫૦ માં મધ્યપૂર્વમાં નિમાયેલા અમેરિકન એલચીઓની કેરો ખાતે પરિષદ મળેલી. આ પરિષદમાં ઇરાનમાં કાર્ય કરતા અમેરિકન મુત્સદ્દી શ્રી. આર્થર એલ. રીચાર્ડ્ઝે ઇરાનના પ્રજાજનોની કરુણ પરિસ્થિતિ પર લાંબુ ભાષણ કર્યું હતું. શ્રી. રીચાર્ડ્ઝે જણાવ્યું કે ઇરાનના આઝરબાઇજાન પ્રાંતમાં સંખ્યાબંધ લોકો ભૂખમરાથી મરી રહ્યા છે અને આઝરબાઇજાનના મુખ્ય નગર તાબ્રીઝના રાજમાર્ગ પર ભૂખમરાના ભોગ બનેલા ઇરાનીઓના મુડદા રઝળે છે, અને આ પરિસ્થિતિ જેટલી ઇરાન માટે સાચી છે તેટલી જ ટર્કી, ઇરાક કે જોર્ડન માટે સાચી છે.

ધર્મપ્રધાન રાજ્યવ્યવસ્થા

ઇસ્લામના પ્રત્યાઘાતી બળોનું મધ્યપૂર્વમાં આધિપત્ય છે, સાઉદી એરેબિયામાં પૂરા અર્થમાં ધર્મપ્રધાન રાજ્યવ્યવસ્થા (Theocracy) છે. રાજ્યનો વડો ધર્મસાઉદ ધાર્મિક ગુરૂ પણ છે. કુરાન અને મશીનગનના સામર્થ્યે પાશાઓ અને મુલ્લાઓ આરબ પ્રજાનું શોષણ કરે છે. બાહ્ય અર્થમાં મધ્યપૂર્વમાં લોકશાહી છે. લોકશાહીની સંસ્થાઓ છે પણ લોકશાહીનો આત્મા ઇજીપ્શીયન મમીની માફક નિશ્ચેતન છે. વાણીસ્વાતંત્ર્ય, સભા સ્વાતંત્ર્ય, સ્ત્રી-પુરુષ સમાનતા, સાર્વજનિક શિક્ષણ કે સરકારી સમાલોચનોની પ્રવૃત્તિ આ વિસ્તારમાં નહિવત છે. સત્તા શ્રીમંત વેપારીઓ પાસે છે, જેઓ ખરા અર્થમાં પશ્ચિમના વ્યાપારી શાદીવાદના કુશળ આડતિયા અને દલાલો છે. બીજો મોટો વર્ગ જમીનદારોનો છે. આ વર્ગનું મક્કા પારીસ છે. પારીસની છેલ્લામાં છેલ્લી સુખસગવડો માણવી એ ઇરાન, ઇજીપ્ત કે ટર્કીના જમીનદારોના જીવનની ઇતિશ્રી છે. અમેરિકન કારો, પારીસના સૌંદર્યવર્ધક સાધનો અને ભૂખ્યા આરબોની લાશો, મધ્યપૂર્વનું સામાજિક જીવન સચ્ચાઇથી વ્યક્ત કરે છે.

આરબ રાજ્યોનો ઉદય

મધ્યપૂર્વના નાના નાના રાજ્યોનું સર્જન પહેલા વિશ્વયુધ્ધના અંતે થયું. સાત લાખ ચોરસ માઇલના વિસ્તારમાં ફેલાયેલા ટર્કીના ઓટોમાન સામ્રાજ્યના ૧૯૧૬ સુધી પેલેસ્ટાઇન, સીરીયા, ઇરાક, ટ્રાંસજોર્ડન અને એરેબિયા પ્રાંતો હતા. ટર્કી જર્મની સાથે ભળ્યું હતું અને જર્મનીના પરાજય સાથે ઓટોમાન સામ્રાજ્યનો અસ્ત થયો. ૧૯૨૦ ના ઓગસ્ટની દસમી તારીખે 'સેવ્ર-સંધિ' મિત્રરાજ્યોએ ટર્કી સાથે કરી, અને આ સંધિના પરિણામે ટર્કીના પોતાના પ્રદેશ સિવાયના સર્વ સામ્રાજ્યનું વિસર્જન કરવામાં આવ્યું. આ વિસર્જનના પરિણામે સીરીઆ, લેબેનોન, પેલેસ્ટાઇન, ટ્રાંસજોર્ડન અને ઇરાકના રાજ્યોનો જન્મ થયો. ખરી રીતે, આ ભાગલાઓ ફ્રેંચ અને બ્રિટિશ હિતોની હરિફાઇનું સમાધાન કરવા માટે કરવામાં આવ્યા હતા. સીરીઆ અને લેબેનોન ફ્રાંસની હકુમત નીચે આવ્યાં જ્યારે ઇજીપ્ત, ઇરાક, પેલેસ્ટાઇન અને ટ્રાંસજોર્ડન બ્રિટનના ખંડિયા રાજ્યો થયા. આમ એક જ ભાષા, ધર્મ અને સંસ્કૃતિની અસર નીચે જીવતી આરબપ્રજા બોમા જેવડા રાજ્યોમાં વહેંચાઈ ગઈ.

ઇજીપ્તનું મુક્તિયુધ્ધ

આરબ પ્રજાની મુક્તિ લડતની આગેવાની ઇજીપ્તે લીધી. ઇજીપ્તના રાષ્ટ્રપિતા ઝગલુલ પાશાએ નવેંબર ૧૯૧૮ માં ઇજીપ્તની મુક્તિ લડત શરૂ કરી. બ્રિટને સત્વર ઝગલુલ પાશા અને તેમના સાથીઓને માલ્ટાના ટાપુ પર દેશનિકાલ કર્યા. પણ લોકલડત ન થંભી. ઇજીપ્તની પ્રજાની અણનમ લડત અને આગેવાનોની બાંધછોડની નીતિના પરિણામે ઇંગ્લેંડે ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૨ ના દિને ઇજીપ્તની આઝાદી માન્ય કરી. બ્રિટનને ઇજીપ્તમાં લશ્કરી મથકો રાખવાની છૂટ મળી. સુદાન બ્રિટનના આધિપત્ય નીચે રહ્યું. સુએઝની નહેર પર બ્રિટને કાયમી લશ્કર થાણું નાંખ્યું.

ફરીવાર ૧૯૩૪ માં અસમાન સંધિ કરાર રદ કરવા ઇજીપ્તે હિલચાલ શરૂ કરી. ૧૯૩૬ ના ઓગષ્ટ માસમાં ઇજીપ્ત અને બ્રિટને નવા સંધિકરાર કર્યા. આ કરારમાં સુએઝ વિસ્તારમાં બ્રિટિશ દળને ૧૦૦૦૦ સૈનિકો પૂરતું પરિમિત કરવામાં આવ્યું. આ દરમિયાન, મધ્યપૂર્વમાં મુક્તિ લડત હૈકાથી કેરો સુધી વિસ્તરી હતી. સિરિયા, લેબેનોન, ઇરાક અને પેલેસ્ટાઇનમાં ક્રાંતિના બળો એકઠા થતા જતા હતા. આરબ ઉમરાવો અને આગેવાનો આરબ જગતની એકતા માટે પ્રયત્નો કરતા હતા પણ શાહીવાદી રાજ્યોની હાજરીને કારણે આરબ-એકતા બીજા વિશ્વયુધ્ધ સુધી માત્ર સ્વપ્ન જ રહી.

આમ બીજા વિશ્વયુધ્ધની શરૂઆત સુધી મધ્યપૂર્વના શાહીવાદી રાજ્યો જ્વાળામુખીના શાંત શિખર પર નિરાંતે બેઠા હતા; નીચે અસંતોષ અને કંગાલિયતનો લાવા ખદબદતો હતો.

અપૂર્ણ. વાડીલાલ ડગલી

બિહારના તીર્થોની યાત્રાએ

ભગવાન નેમિનાથ સિવાયના બધા તીર્થંકરોની વિહારભૂમિ યુ. પી. અને બિહાર પ્રદેશ છે. એટલે એ પ્રદેશોમાં જૈનોના પવિત્ર પ્રાચીન તીર્થો હોય તે સ્વાભાવિક છે. પરંતુ સમયની બલિહારી છે કે એ પ્રદેશમાં પ્રાચીન કાળનું એક પણ મંદિર સુરક્ષિત નથી. એટલું જ નહીં પણ પટના, નાલંદા, મથુરા, અલાહાબાદ અને લખનૌના મ્યુઝિયમ સિવાયના મંદિરોમાં પ્રાચીન જૈન મૂર્તિ પણ ભાગ્યે જ ઉપલબ્ધ થાય છે. જૈન મુનિઓએ પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં વિહાર શરૂ કર્યો અને એ પ્રદેશમાં તેમને વધારે અનુકૂળતા મળવાથી ઉત્તર-પૂર્વભારતમાં વિહાર બંધ પડયો, એટલે જૈનધર્મના ઉદ્ભવસ્થાનમાંથી ધીરે ધીરે જૈન ધર્મનો સર્વથા લોપ થઈ ગયો. હિન્દુધર્મના પણ પ્રાચીન મંદિરો મુસલમાની આક્રમણોને કારણે ઉત્તર હિન્દુસ્તાનમાં ટકી શકયા નથી. તો પછી જ્યાં એક પણ જૈન ન હોય ત્યાં જૈન મંદિરો તો શી રીતે ટકી શકે? આટલું સામાન્ય જ્ઞાન લઇને મેં બિહારના પ્રસિધ્ધ તીર્થોની યાત્રા શરૂ કરી અને શોધવા પ્રયત્ન કર્યો કે કોઇ પ્રાચીન મંદિરના અવશેષો મળી આવે છે કે નહી? રાજગૃહના પાંચે પર્વતો, પાવાપુરી, નાલંદા અને શિખરજીની ટૂંકો-એ બધા સ્થળોએ ગયો પણ પાંચમા પર્વતને નામે ઓળખાતા વૈભારગિરિ ઉપર ભગ્નાવસ્થામાં એક જૈન ઉપાશ્રય યા મંદિર સિવાય કશું જ પ્રાચીન કહી શકાય એવું ઉપલબ્ધ થયું નહી. રાજગૃહના પર્વતો ઉપર જ્યાં જ્યાં ચરણચિહ્ન કે મૂર્તિઓ છે તે બધી છેલ્લા પાંચસો વર્ષથી જૂની નથી. જે ત્રણચાર મૂર્તિઓ કાળા પત્થરની કલાયુકત મળે છે તે સંભવ છે કે ઉકત ભગ્નાવશિષ્ટ મંદિરમાંથી જ લાવીને મૂકવામાં આવી હશે. અને એનો સમય પણ એક હજાર વર્ષથી વધારે જૂનો તો ન કહી શકાય. શિખરજી ઉપરના બધા શિખરોમાં ચરણચિહ્નો જ છે. અને એમાંનું એક પણ ચિહ્ન ત્રણસો વર્ષથી જૂનું જણાયું નહીં. આ દૃષ્ટિએ વિચાર કરતા દક્ષિણ અને પશ્ચિમ ભારતના તિર્થસ્થાનોમાં ઉપલબ્ધ મંદિરો અને મૂર્તિઓ પ્રાચીન છે અને સુરક્ષિત છે એ કહેવું જોઇએ. છતાં પણ જૈનધર્મના ઇતિહાસની દૃષ્ટિએ રાજગૃહ, નાલંદા, પાવાપુરી, શિખરજી વગેરે તીર્થક્ષેત્રો તીર્થદૃષ્ટિએ વધારે મહત્ત્વનાં છે. કારણકે અધિકાંશ તીર્થંકરોનાં કલ્યાણકો એ ભૂમિમાં થયાં છે. એટલે ફરી જ્યારે જૈનોનું ધ્યાન એ તીર્થભૂમિ તરફ શાંતિના સમયમાં ગયું ત્યારે છેલ્લા પાંચસો વર્ષોમાં એ તીર્થભૂમિમાં નવાં નવાં મંદિરો સ્થાપવામાં આવ્યાં અને તીર્થયાત્રાઓ શરૂ થઇ.

રાજગૃહના પાંચે પર્વતો ઉપર શ્વેતાંબર અને દિગમ્બરોએ પોતપોતાની જુદી જુદી દેરીઓ બનાવી છે. ભાવિક ભક્તોને અને જેનામાં સાંપ્રદાયિક વ્યામોહ નથી તેવા લોકોને વગર પૂછ્યે જ બન્ને દેરીઓના દર્શન કરતા મેં જોયા. સવારના ચાર વાગતાં જ યાત્રીઓ પર્વતારોહણ શરૂ કરી દે છે અને શ્રધ્ધાપૂર્વક વિહાર કરે છે. રાત્રીનું અંધારૂં હોય તો તો માત્ર પગદંડી સિવાય કશું જ દેખાતું નથી. સવાર થતાં પ્રથમ જે મંદિર દેખાય તેને જોઇને જ ભક્તનું હૃદય ગદ્‌ગદ્‌ થઇ જાય છે, તેને એ શ્વેતાંબર છે કે દિગંબર એ પૂછવાની ફુરસદ પણ નથી રહેતી. મહા પરિશ્રમે જાણે ભગવાન મળ્યાનો સંતોષ અનુભવી તે સહસા મંદિરમાં દાખલ થઇ ભગવાનને નમી પડે છે, અને આગળની મજલ કાપવી શરૂ કરે છે.

પણ જેના દિલમાં સાધુ અને પંડિતોએ સાંપ્રદાયિક વ્યામોહની જાળ વણી દીધી હોય છે તે તો મંદિર જોતાંવેંત પૂછે કે કોનું મંદિર છે? અને પછી જ પ્રથમ અભીષ્ટ મંદિરમાં પ્રવેશે છે. પાકો રંગ લાગ્યો હોય તો તે બીજા મંદિરમાં પગ પણ મૂકતો નથી, અને રંગ જો દૃઢમૂળ નથી હોતો તો સંકોચવશ થઇને બીજા મંદિરમાં પણ જાય છે, અને દર્શન કરે છે. જ્યાં માત્ર ચરણચિહ્નો છે ત્યાં તો કશો જ ભેદ તેને દેખાતો નથી. બેઠેલી મૂર્તિમાં ધ્યાનથી જોનારને જ શ્વે૦ દિ૦નો ભેદ સ્પષ્ટ થાય છે જ્યારે ઊભેલી મૂર્તિમાં તો નગ્ન એટલે દિગંબર મૂર્તિ એમ સ્પષ્ટ જણાઇ આવે છે. ખરી રીતે પ્રાચીન કાળમાં બન્ને સંપ્રદાયની મૂર્તિઓ નગ્ન જ હતી એ વસ્તુથી ઘણા લોકો માહિતગાર નથી. અને મૂર્તિઓમાં વસ્ત્રનો ભેદ એ શ્વે૦ દિ૦ના તીર્થના માલીકીના ઝગડાનું પરિણામ છે એ બહુ થોડા લોકો જાણે છે. અને તેને પરિણામે એક જ ભગવાનની મૂર્તિના નાના રૂપોને જોઇને એકસરખી ભક્તિ જાગી શકતી નથી.

રાજગૃહના વિપુલાચલ પર્વત ઉપર પહોંચતા જ અમારાં એક સહયાત્રી બહેને પૂજારીને પૂછ્યું કે આ કોનું મંદિર? ઉત્તરમાં 'દિગંબર' સાંભળીને અંદર જઇને દર્શન કરીને તે બહાર બેઠા. મંદિરના એ ભેદ વિષે અમારી ચર્ચા ચાલતી હતી. એટલામાં શ્વેતાંબર મંદિરના બ્રાહ્મણ પૂજારીએ એક સુંદર વાત કહી. એણે કહ્યું કે ઇશ્વર તો એક જ છે પણ તેમણે પોતાની આ બે માયા રચી છે. આ સાંભળીને મને હિન્દુધર્મના સમન્વયના સંસ્કાર કેટલા ઊંડા છે તેની ખાત્રી થઇ અને આપણા અનેકાંતના સંસ્કાર આપણામાં કેટલા શિથિલ છે તેનું દુઃખ પણ થયું. આ સાંભળી પેલી બહેન તો ઝટપટ ઉઠી અને શ્વેતાંબર મંદિરમાં પણ જઇ દર્શન કરી લીધા.

અમારી ટોળીમાં મારાં વૃધ્ધ માતુશ્રીએ ૬૫ વર્ષના હોવા છતાં પગે ચાલીને પાંચે પર્વતોની અઢાર માઇલની યાત્રા એક જ દિવસમાં કરી. તેમનો દર્શન કરવાનો ઉત્સાહ જોઇ ભક્તિનો અતિરેક શું શું કરાવી શકે છે તેનું પ્રથમ સાક્ષાત દર્શન થયું. પહાડી રસ્તો, વળી વ્યવસ્થિત પગદંડી પણ નહીં, માત્ર આડીઅવળી શીલાઓ પડેલી તે ઉપર થઇને માર્ગ કાપવાનો, ચારેકોર જંગલ, ક્યારે પણ એવા નિર્જન સ્થાનમાં ચાલવાનો અભ્યાસ નહીં, સવારના ચાર વાગ્યાના નીકળેલ તેમાં માત્ર એક લાડુ અને થોડી સેવ ખાધેલ અને સાંજના છેક ચાર વાગ્યા સુધી એકાગ્ર થઇને ચાલવાનું, જરા ચૂક્યા તો ઊંડી ઊંડી ખીણોમાં ધકેલાઇ જવાના ડર સાથે સતર્ક થઇને ચાલવાનું–એ બધી મુશ્કેલીઓ છતાં તેમણે એ વિકટ યાત્રા પૂર્ણ ઉત્સાહથી પૂરી કરી. અને છેવટે વૈભારગિરિ નીચેના ગરમ પાણીના ઝરણામાં નાહીને થાક ઊતાર્યો. જ્યારે રાત પડી ત્યારે જ તેમણે ધીરે ધીરે વાટની મુશ્કેલીઓ યાદ કરવા માંડી. મુસાફરી વખતે તો એક ટૂંકયા બીજા અને બીજા થી ત્રીજા અને છેવટે પાંચમી પહોંચવાનો મંત્ર એક જ ખ્યાલ હતો અને ભક્તિનો અતિરેક જ તેમને ખેંચી રહ્યો હતો. પણ એ બધું પતી ગયા પછી જ તેમને ખ્યાલ આવ્યો કે આજે કેટલું મહાભારત કામ થઈ ગયું છે.

રાજગૃહમાં શ્વે. દિ. બન્નેની જુદી જુદી ધર્મશાળાઓ છે. છેલ્લી લડાઈના પૈસાએ કેટલાક શેઠીઆઓનું ધ્યાન રાજગૃહીએ ખેંચ્યું અને ત્યાંના ગરમપાણીના ઝરાઓ તથા પ્રાકૃતિક સૌંદર્યના આકર્ષણને લઇને અને સાથે જ તીર્થભક્તિ કર્યાનો સંતોષને લીધે તેમણે રાજગૃહીમાં બંગલા બંધાવ્યા છે અને બંધાવવા માટે પ્લોટો લઇ રાખ્યા છે. રાજગૃહીને એક જૈનનગરીનું રૂપ આપવાની ધારણા હતી. પરંતુ લડાઇનો ઉત્સાહ લડાઈ સાથે જ ગયો, અને આજે રાજગૃહમાં તીર્થયાત્રા માટે આવનાર યાત્રાળુઓ સિવાય સ્થાયી નિવાસ કરનારા ગણ્યાં ગાંઠ્યા જ જૈનો છે. ભગવાન મહાવીરના સમયમાં શ્રમણ સંસ્કૃતિનું એ મુખ્ય કેંદ્ર હતું. આજે ત્યાંના પહાડોમાં જીર્ણશીર્ણ નાની નાની દેરીઓ એ સંસ્કૃતિના ધ્વંસાવશેષોની પતાકા ઉડાવી રહી છે. છેલ્લા વર્ષોમાં નવા નવા તીર્થો અને મંદિરોના નિર્માણની પરંપરા ચાલી છે. પણ આ જૂના તીર્થોના ઉદ્ધાર વિષે ઉપેક્ષા જ સેવાઇ રહી છે. જેટલું ધ્યાન આલીશાન ધર્મશાળાઓમાં યાત્રીઓની સુખસગવડ માટે અપાયું છે. તેટલું જ ધ્યાન જે નિમિત્તે એ યાત્રીઓ રાજગૃહ જેવા સ્થળોમાં આવે છે તે મંદિરો અને દેરીઓ પ્રત્યે અપાયું નથી. પચાસ યાત્રીઓ ભેગા થઇને શાંતિથી કલાક બે કલાક એકત્ર થઇને બેસી શકે અને ધર્મધ્યાન કરી શકે એવા એકે દેરીમાં પર્વતો ઉપર સગવડ નથી. માત્ર ચરણચિહ્ન કે મૂર્તિ ઉપર આવરણ છે પણ યાત્રી માટેની કશી જ સગવડ પર્વતો ઉપર કરવામાં આવી નથી. આમાં કારણ પર્વત ઉપર જગ્યાનો અભાવ છે એ નથી પણ આપણી દૃષ્ટિની વિકૃતિ છે.

રાજગૃહના મેનેજર શ્રી કન્હૈયાલાલજી શ્રીશ્રીપાલની વ્યવસ્થાશક્તિ અને સજ્જનતા પ્રશંસનીય છે. તેમને પર્વતો ઉપરની દેરીઓના ઉધ્ધાર અને નવનિર્માણમાં જો સહાયતા મળે તો તેઓ એ તીર્થને આદર્શ તીર્થ બનાવી શકે તેવા છે.

નાલંદામાં તા. ૨૦-૧૧-૫૧ ના રોજ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હસ્તે નવનાલંદા વિહારનું ખાતમુહૂર્ત થવાનું છે એ ખબરે શ્રી કાશ્યપજીએ આપ્યા, ત્યારે જણાયું કે એક ભિક્ષુમાં જો મિશનરી ધગશ હોય તો તે એકલે હાથે પણ કેટલું કરી શકે છે. શ્રી ભિક્ષુ કાશ્યપજી બનારસ યુનિવર્સિટીમાં પાલીના અધ્યાપક હતા. તેમને મનમાં થયું કે પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયનો નવે રૂપે ઉદ્ધાર કરવો જોઇએ, અને તેઓ એ કામની પાછળ લાગી પડ્યા. બે વર્ષના તેમના પ્રયાસે આજે બિહાર સરકારે નાલંદામાં બૌદ્ધધર્મ અને સંસ્કૃતિના અધ્યયન–સંશોધન માટે એક સંસ્થાની સ્થાપના કરવાનું નક્કી કર્યું છે અને રાષ્ટ્રપતિ તેના મકાનની શિલારોપણવિધિ કરવા આવી રહ્યા છે. બિહાર એ જૈનસંસ્કૃતિનું પણ પ્રધાન કેન્દ્ર હતું અને બિહારમાં વસતા તથા અન્યત્ર વસતા જૈનોનું કર્તવ્ય છે કે તેઓ પણ બિહાર સરકારને ભારપૂર્વક જણાવે કે જૈન સંસ્કૃતિના અધ્યયન–સંશોધનને આગળ ધપાવવાનું કાર્ય પણ બિહાર સરકારે એટલા જ ઉત્સાહથી કરવું જોઇએ.

નાલંદાથી અમારો સંઘ પાવાપુરી આવ્યો. પાવાપુરી એ ભગવાનની નિર્વાણભૂમિ ગણાય છે. પણ વિદ્વાનોએ શાસ્ત્રોના આધારે નાલંદા પાસેની પાવાપુરી નિર્વાણભૂમિ છે એમાં હવે શંકા ઉપસ્થિત કરી છે. ડો. રાજબલિ પાંડેએ પાવાપુરી વિષેના અનેક મતભેદોનો નિર્દેશ કરીને એમ સિદ્ધ કર્યું છે કે નિર્વાણભૂમિ પાવા કુશિનગર પાસે હોવી જોઇએ. ત્યાં જૈન મૂર્તિઓના ટૂકડા અને વિહારોના ભગ્નાવશેષો પણ વિપુલ માત્રામાં મળી આવે છે. તેમનું માનવું છે કે એ સ્થાન તે કુશિનગરથી ૫ માઇલને અંતરે ફાજિલનગર પાસે દોઢ માઇલના વિસ્તારમાં જે ભગ્નાવશેષો પડ્યા છે તે જ પાવાપુરીના હોવા જોઇએ. અને એ સ્થાને જો ખોદકામ કરવામાં આવે તો અવશ્ય કાંઇ ને કાંઇ પ્રબલ પ્રમાણ પણ મળી આવે. જૈન સંસ્કૃતિ સંશોધન મંડળના સહકારથી બનારસ યુનિવર્સિટી એ સ્થાનનું ખોદકામ હાથ ધરવાની યોજના બનાવી રહી છે.

પાવાપુરીના જલમંદિરને જોઇને પ્રથમ તો આંખો તૃપ્ત થાય છે. જલમંદિરની આસપાસ કમલનું સરોવર છે. અને તેને કિનારે બે બાજુએ

વિશાળ જૈન મંદિરો અને ધર્મશાળાઓ છે એટલે દૃશ્ય બહુ જ સુંદર છે. પાવાપુરીના જલમંદિરમાં એકાંત શાંતિનો અનુભવ થાય એવું એ રમણીય અને નિર્જન સ્થાન છે. દીવાળીના દિવસોમાં ત્યાં આ વખતે લગભગ પાંચ હજારથી વધારે ભીડ હતી. ત્યાંની બધી ધર્મશાળાઓમાં જ્યારે અમે પહોંચ્યા ત્યારે તસુમાત્ર પણ જગ્યા મળવી મુશ્કેલ હતી. સદ્‌ભાગ્યે રાજગૃહનો સહયાત્રી અમારી પહેલા આવીને એક નાની કોટડીમાં ઊતર્યા હતા. તેમણે અમને પ્રેમથી સ્થાન આપ્યું, એ ભાઈનું નામ શ્રી શિવરાજમલજી. છે તો કસ્ટમ ઓફીસર, પણ તેમનામાં ઓફીસરની તુમાખી ન મળે. અમે બધાએ પછી તો શિખરજીની યાત્રા પણ સાથે જ કરી. પતિ-પત્ની આધેડ ગણાય પણ સંતાન નથી. મને તો એમ હતું કે સંતાનપ્રાપ્તિ અર્થે યાત્રાએ નિકળ્યા હશે. પણ જ્યારે અમે જુદા પડયા ત્યારે બૈરાઓની પરસ્પરની વાતચીતને આધારે જાણ્યું કે તેમણે તો આ યાત્રામાં સજોડે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી છે. ત્યારે મને મારી મિથ્યા ધારણા વિષે પશ્ચાત્તાપ થયો અને અલ્પ પરિચય છતાં મિત્ર બની ગયેલ એ ભાઈ વિષે મારો આદર બહુ જ વધી ગયો.

આપણે યાત્રા કરવા તો નીકળીએ છીએ ધર્મ કમાવા, પણ બધા પાસે એ કમાણી જોયું ભાથું હોતું નથી એનો અનુભવ પાવાપુરીમાં થયો. જે માણસને પોતાના ઘરે કશી જ ઊણપ નથી અને જે પોતે પણ પચાસ સો માણસને પોતાને ઘરે આવ્યા હોય તો આદરથી સત્કારી શકે છે એવો માણસ પણ જ્યારે સમૂહમાં ભળે છે ત્યારે સામૂહિક મનોવૃત્તિનો શિકાર બની જાય છે અને વૈયક્તિક શિષ્ટતાની મર્યાદા સાચવી શકતો નથી. પાવાપુરી જેટલે દૂર આવનાર માણસ કાંઈ કંગાલ નથી હોતો, છતાં જ્યારે મેં ચા-નાસ્તા વખતે ગુજરાતી ભાઈઓ અને મારવાડી ભાઇઓની પડાપડી જોઇ ત્યારે લાગ્યું કે આ કંગાલ ધનિકો છે. પાવાપુરીના આ મેળામાં છેવટના દિવસે કંગાલભોજન કરાવવામાં આવે છે તેથી કંગાલોની સારી સંખ્યા ભેગી થાય છે. જલમંદિર તરફ જતા આખે રસ્તે એ કંગાલોની કતાર વ્યવસ્થિતરૂપે ગોઠવાઇ ગઇ હતી. અને ભીખ માગવામાં પડાપડી મેં જોઇ નહીં. પણ આ ધનિકોની ચા-નાસ્તાની પડાપડી જ્યારે જોઇ ત્યારે એ કંગાલોને બદલે આ ધનિકોમાં જ કંગાલવૃત્તિના દર્શન થયા. સ્વયંસેવકો વ્યવસ્થિત ગોઠવાઇને સૌને બેસી જવા વિનંતી કરતા પણ તેમનું કોઇ સાંભળતું નહીં અને સૌ એ જ કોશિષ કરતા કે ચાના રંગાડા પાસે જઇને જ ચા મેળવી લેવી. આપણી ધીરજ, આપણી શિષ્ટતા અને આપણી તપસ્યાવૃત્તિ જો સમૂહમાં ન સચવાઇ શકાતી હોય તો એ ધીરજ, એ શિષ્ટતા અને એ તપસ્યા દેખાવ પૂરતાં છે, અંદરથી ઊગ્યાં નથી એમ જ સમજવું જોઇએ.

કેટલાક ભાઈ બહેનોએ દીવાળીની આખી રાત જાગરણ કર્યું. અને સ્વાધ્યાય કર્યો અને સાંભળવા પ્રમાણે કેટલાક ભાઇઓએ જુગાર રમીને રાત પૂરી કરી. જો જુગારવાળી વાત સાચી હોય તો તેમને માટે આ જૂની કહેવત યાદ આપવી ઉચિત માનું છું:-

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति॥

પાવાપુરીના જલમંદિરમાં ભગવાનના નિર્વાણ સમયે લાડુ ચડાવવામાં આવે છે. એ પ્રથા કોણે કયારે શરૂ કરી હશે તે જાણવામાં આવ્યું નહીં. પણ આવનાર પ્રત્યેક યાત્રી લાડુ ચડાવવાનો લાવો લે છે એ મેં જોયું. લાડુ ચડાવવાની પણ બોલી બોલવામાં આવે છે. એ બોલાઈ ગયા પછી જે પડાપડી થઈ એથી આંખા વાતાવરણમાં જે પાછલી રાતની શાંતિ હતી અને અંતર્મુખતા લોકોમાં દેખાતી હતી તે લુપ્ત થઈ ગઈ અને પાછી લોકોની બહિર્વૃત્તિ તેના નગ્નરૂપમાં પ્રકટ થઈ. હવે તો રેલ્વે કે પોસ્ટઓફિસની બારીએ કયૂ કરવાનું સરકારે શીખવ્યું છે અને એવી કયૂ આપણે આવા ધર્મસ્થાનોમાં આવે પ્રસંગે સ્વતઃ કરતા શીખવું જોઇએ. એમાં જ આપણી શોભા છે.

પાવાપુરીથી અમે બધા શિખરજી ગયા. શિખરજીની તળેટીમાં મધુવનમાં ભવ્ય જિનાલયો અને ધર્મશાળાઓ છે. સાંપ્રદાયિકતાની હોડ જેવી હોય તો અહિં દેખાય છે. તેરાપંથી અને બીસપંથી એ બન્ને દિગંબર સંપ્રદાયોના પોતપોતાના વિશાળ મંદિરો અને ધર્મશાળાઓ છે. અને શ્વેતાંબરના પણ છે. શિખરજીના મહત્ત્વનાં કારણે દાન દેવામાં લોકો પાછી પાની કરતા નથી. એટલે ત્રણે મંદિરો આરસપહાણ અને ટાઇલ્સના ઉપયોગમાં પરસ્પર હોડ કરે છે. ધર્મશાળાની વ્યવસ્થા પણ સારી કહેવાય. અત્યાર સુધી દિગંબરમૂર્તિ જ્યાં પણ જોવામાં આવી છે ત્યાં ઊભેલી મૂર્તિમાં તો પુરૂષચિહ્ન સ્પષ્ટરૂપે દેખાય છે. અને તેમાં અસ્વાભાવિક કશું જ લાગતું નથી. પણ મારા મિત્રે અહિંના તેરાપંથી મંદિરમાં મૂલનાયકની બેઠેલ મૂર્તિમાં પણ સ્પષ્ટરૂપે દેખાય એ રીતે પુરૂષચિહ્ન તરફ જ્યારે મારૂ ધ્યાન ખેંચ્યું ત્યારે જણાયું કે આધુનિક કટ્ટર દિગંબર પંડિતો ઔચિત્યનો ભંગ કરીને પણ કેવી રીતે નગ્નતાને આગળ કરવા મથી રહ્યા છે.

પાલીતાણાનો ડુંગર તો લગભગ ધોવાઇને સાફ જ થઈ ગયો છે. ગિરનાર પર્વત હવે કાળજળે અધિકાંશે ધોવાઈ ગયો છે અને કાળમીંઢ પત્થર વિશેષરૂપે નજરે ચડે છે. યાત્રાના રસ્તે પ્રથમ ટૂંક સુધી ઘન-જંગલ ન કહી શકાય. જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ પવનના સુસવાટા વધતા જાય છે. રાજગૃહના પર્વતો ગિરનારથી વધારે ગહન જંગલવાળા છે. પણ હવાનું નામ નહીં. પરંતુ શિખરજીની છટા તો એ સૌથી નિરાળી છે. માત્ર પગદંડી સિવાય ભાગ્યે જ કશું સૂકું કે ધોવાઈ ગયેલ નજરે પડે છે. પગદંડીથી આસપાસ પગ મૂકવાથી કયાં નાકયાં જઈ પડીએ એનો અંદાજ જ ન આવી શકે. એવું ગહન જંગલ તે પર્વત ઉપર છે. એમાં પણ ગિરનાર જેવા પવનના સુસવાટાનો અનુભવ થતો નથી. પરમશાંતિના સ્થાનો-એકાકી શાંતિના સ્થાનો આ પર્વત ઉપર છે. તેની અધિકાંશ ટૂંકો એકાદ નાની દેરી સિવાય કશાને અવકાશ જ ન આપે એવી તો સાંકડી છે.

જતાં આવતાં અને પર્વત ઉપરના પરિભ્રમણના મળીને અઢાર માઇલ થાય છે. તેમાં કુંથુનાથની ટૂંકમાં ધર્મશાળા વગેરેની સગવડ કરી છે. બધી દેરીઓમાં ચરણચિહ્ન જ છે, મૂર્તિ કયાંઈ નથી. એટલે ખરી રીતે શ્વેતાંબર-દિગંબરને લડવાપણું ન હોવું જોઇએ. છતાં માલીકીહકકનો ઝગડો તો પડયો જ હતો. પરિણામે પર્વત ઉપરની લગભગ બધી દેરીઓ દુરવસ્થામાં છે. ભગવાન પાર્શ્વનાથની ટૂંકનું મંદિર મોટું અને સુંદર છે. એકલી અટૂલી ઊંચી ટેકરી ઉપર આવેલ છે અને સાધકને માટે એકાંત ધ્યાન માટે ઉપયુકત સ્થાન બની શકે એવું છે. પણ ઉપાસકોની બેદરકારીને કારણે રંગરોગાન કે મરામત વર્ષોથી થઈ નથી એટલે તે શ્રીહીન બની ગયું છે. મધુવનમાં લાખોના ખર્ચે સુંદર મંદિરો બંધાવનારે શ્રી પાર્શ્વનાથ ટૂંકના મંદિરનો તો જીર્ણોદ્ધાર કરાવવો જ જોઇએ. જૈન જ નહીં પણ અનેક અજૈનો પણ એ ટૂંકની યાત્રા કરે છે તે ત્યાં દીવાલો ઉપર કરેલા નામોના ચિત્રામણો ઉપરથી જણાયું. અત્યંત પરિશ્રમપૂર્વક યાત્રી એ ટૂંક ઉપર આવે ત્યારે તેને એ મંદિરની ભવ્યતા અને રમણીયતાનું આકર્ષણ મળે તો તે મનમાં પ્રસન્ન થઈ જાય. પણ તેને બદલે જીર્ણશીર્ણ અવસ્થામાં મંદિરના દર્શન થાય તો ભક્તિનો અતિરેક જો ન હોય તો યાત્રી નિરાશ જ થાય.

શિખરજીની બધી ટૂંકોમાં ચરણચિહ્ન જ છે. અને તે શ્વે. દિ. ને એકસરખા જ માન્ય છે. વળી તેની પૂજામાં પણ આંગી વગેરે આભૂષણોનો પ્રશ્ન નથી એટલે શિખરજીની દેરીઓનો જીર્ણોદ્ધાર બન્ને સંપ્રદાયના ભકતો મળી કરે તો એકતાના પ્રતીકરૂપે એ તીર્થ દીપી નીકળે એમ છે અને અજૈનોને પણ આકર્ષક બની શકે તેમ છે.

રાજગૃહમાં તો પ્રત્યેક પર્વતમાં યાત્રીઓ માટે પીવાના પાણીની સગવડ કરવામાં આવી છે. પરંતુ શિખરજી ઉપરની ૨૬ કરતા વધારે ટૂંકોમાં માત્ર બેએક સ્થળોએ પીવાના પાણીની વ્યવસ્થા છે એ જરા ખટકે તેવું છે. લગભગ બાર કલાક સતત ચાલનારને જગ્યાએ જગ્યાએ વિસામાની અને પાણી વગેરેની થોડી સગવડ મળે તો યાત્રીઓની પ્રસન્નતા બરાબર ટકી શકે. અન્યથા જરા વસમું પડી જાય તેવું છે. સામાન્ય રીતે શિખરજીની યાત્રા લોકો ગમે તેમ કરીને એક જ દિવસમાં પૂરી કરવા પ્રયત્ન કરે છે. તે એટલા માટે કે પહાડ ઉપર કયાંય રાતવાસાની પૂરતી સગવડ કરવામાં આવી નથી. જો એવી સગવડ કરવામાં આવે તો યાત્રાળુઓ યાત્રાનો સમય સરલતાથી લંબાવી શકે અને યાત્રાનો આનંદ પણ માણી શકે. **દલસુખ માલવણિયા**

આચાર્ય નરેન્દ્રદેવનું શિક્ષણવિષયક પ્રવચન

(મુંબઈ ખાતે તા. ૨૩ થી તા. ૨૬ ઓક્ટોબર સુધી મળેલ અખિલ હિંદ શૈક્ષણિક પરિષદમાં આચાર્ય નરેન્દ્રદેવે પ્રમુખસ્થાનેથી આપેલ વ્યાખ્યાનને નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

સંમેલનના પ્રમુખ બનાવવા માટે સંમેલનના સંચાલકોનો આભારે માની આચાર્ય નરેન્દ્રદેવે આગળ બોલતાં જણાવ્યું કે:—

એ વિચારતાં ખૂબ દુઃખ થાય છે કે આપણે હમણાં જ મેળવેલી સ્વતંત્રતાએ જનતામાં નથી ઉત્સાહ રેડ્યો કે નથી રાષ્ટ્રની સર્જનાત્મક શક્તિઓ ખિલવવાનો અવકાશ આપ્યો. આપણા ભાવિને ઘડનાર વિશ્વના પ્રવાહોની મદદથી અને સુખદ સંયોગોના સુયોગથી આપણને આ સ્વાતંત્રતા મળી છે, પરંતુ આ સ્વતંત્રતાએ આપણું સામાજિક ઋણ અને તેની સાથે સંકળાયેલી કેટલીક નવી જવાબદારીનું ભાન આપણને કરાવ્યું નથી. આપણી પરિસ્થિતિના પરિવર્તને આપણામાં કોઇ સૂચક ફેરફારો કર્યા નથી. આપણામાં ધ્યેય પરત્વેની કોઇ ગંભીરતા નથી કે કાર્યપદ્ધતિની કોઇ સૂઝ નથી. દેશની ભૌતિક અને સાંસ્કારિક પ્રગતિ માટે જેમાં લાખો પ્રજાજનોનો ભાગ લઈ શકે એવા રાષ્ટ્રવ્યાપી આંદોલનને બદલે આપણે ચોતરફ રાજકીય અને સામાજિક પ્રશ્નો પરત્વે ઉદાસીનતા, વ્યર્થતા અને નિરાશાની જ વૃત્તિ જોઇએ છીએ. અને સૌથી મોટું અનિષ્ટ તો એ છે કે દેશના આધ્યાત્મિક બળોની ઉન્નતિ થવાને બદલે પ્રજાની નૈતિક અવનતિ જ થતી જાય છે. સાંસ્કારિક અને આર્થિક રીતે જે દેશ પછાત છે તેને તો સમગ્ર રાષ્ટ્રના અસાધારણ પ્રયત્નો જ ઊંચે લાવી શકે. ગુલામોની માફક આપણે પણ હંમેશા આપણા ઉદ્ધારકો તરફ જ મીટ માંડતા આવ્યા છીએ તેમજ અમૂલ્ય પ્રજાજનોને મેળવવા સહેલા અને સસ્તા માર્ગો શોધવા યુગોથી ટેવાયેલા છીએ. જ્યારે પ્રાચીન પ્રકાશ ઓસરવા લાગ્યો અને સમગ્ર દેશ પર અંધકાર પ્રસરવા લાગ્યો ત્યારે કોઇ પણ જાતની મહેનત વિના લાખો માણસો પર ઈશ્વરી આશીર્વાદ ઊતરે અને તેમને મુક્તિ મળે એવા કીમિયાની શોધમાં આપણે પડ્યા. સામાન્ય માણસને ઊંચે લાવવાને બદલે આપણે જનસમાજને મુક્ત કરી શકે એવી ગણીગાંઠી વિશિષ્ટ વ્યક્તિઓ જ સરજી. જ્ઞાન અને કર્તવ્યની ફિલસુફી પશ્ચાદ્‌ભૂમિમાં સરી ગઇ અને માત્ર ભક્તિ અને સંપૂર્ણ આત્મસમર્પણ જ જીવનનું પ્રાથમિક હિત સાધવા માટે આવશ્યક મનાયાં. સસ્તા ઉપાયોએ આપણને ભ્રમમાં નાખ્યા અને સારાએ દેશની શક્તિ કુંઠિત બની ગઇ. આવા વાતાવરણમાં બુદ્ધિપૂર્વકના ગમે તેટલા મહાન પ્રયાસો પણ નિષ્ફળ નીવડે એમ હતું. તેમજ સમસ્ત વિશ્વનાં સંચાલન પ્રત્યે દુર્લક્ષ સેવવાની વૃત્તિ સર્વસામાન્યપણે જાગૃત થતી જતી હતી. જડતાનું મોજું સમસ્ત જનતા પર ફરી વળ્યું હતું. જીવન વધુને વધુ શિથિલ બનતું જતું હતું અને રાજકીય અને સામાજિક જીવનમાં તો સંપૂર્ણ ઓટ જ આવી હતી. તેથી રાજકીય સ્વતંત્રતા આપણામાં નવું ચેતન પૂરવાને અસમર્થ નીવડી એમાં મને કશું આશ્ચર્ય થતું નથી. અરે, ગાંધીજીનું સર્વોત્કૃષ્ટ આત્મસમર્પણ પણ આ જડતાને ભેદી શક્યું નહિ. આવા મહાન માણસની નેતાગીરી સાંપડવી એ આપણા માટે કોઈ ઓછા સદ્‌ભાગ્યની વાત નથી, પણ આપણી ટેવ મુજબ તેમના મૃત્યુ પછી આપણે તેમને દેવમાં ખપાવ્યા અને મંદિરોમાંની પૂજ્ય મૂર્તિઓમાં તેમને માનભર્યું સ્થાન આપીને જ આપણે સંતોષ માન્યો. આપણે શરમાવું જોઇએ કે તેમણે શીખવેલા ઉમદા સિદ્ધાંતો આપણે વિસારે પાડ્યા અને એમના નૈતિક અને આધ્યાત્મિક બળનું અમૂલ્ય ધન પણ નૈતિક અધઃપતનમાંથી આપણને બચાવવા અસમર્થ નીવડ્યું. સારાએ દેશનું જીવન આજે નીતિભ્રષ્ટતા, સ્વપરની ભાવના અને અંધાધૂંધીથી ઝેરી બનેલું છે. જીવનના દરેક ક્ષેત્રમાં સત્તાની લાલસા જ મુખ્ય પ્રેરકબળ બની રહી છે. આ ભ્રષ્ટતામાંથી સરસ્વતીનું ધામ પણ મુક્ત નથી. આપણે વધારે ને વધારે સ્વાર્થી, સંકુચિત માનસના અને પોતાની કોમને બદલે પોતાની જાતનો જ વિચાર કરતા થઇ ગયા છીએ. આપણા ઉમદા તત્ત્વો નાશ પામ્યા છે. સામાજિક આદર્શોની આપણને કિંમત નથી. સેવા અને સ્વાર્થત્યાગની ભાવનાને તો આપણે દેશવટો દીધો છે. આપણી પરિસ્થિતિ ખરેખર વિષમ બની ગઇ છે. સ્વાર્થાંધતા લાંબે ગાળે વિનાશ જ નોતરે છે. જે ભયંકર અંધાધૂંધીએ આપણી આસપાસ ભરડો લીધો છે તેમાંથી સારાએ રાષ્ટ્રને મુક્ત બનાવવા માટે ઉત્કૃષ્ટ કોટિની બુદ્ધિ અને હિંમત બતાવવાની આપણને જરૂર છે. ભારતીય જનતાની આશાઓ સફળ કરવા અને વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવા જીવનના પાયાની વિચારણામાં સત્વર ફેરફારો થવા જોઇએ. કોઈ ઉત્તમ પ્રતિક નજર સમક્ષ રાખીને સમગ્ર રાષ્ટ્રને યોગ્ય જ્ઞાન આપી તેનું પુનર્નિર્માણ કરવું અત્યંત આવશ્યક છે. હિંદની આવી શોચનીય પરિસ્થિતિનું મૂળ કારણ એ છે કે જીવનનો સંદેશ શું હોવો જોઇએ અથવા જીવનની સાર્થકતા શેમાં છે તેની આપણને સૂઝ નથી. તેથી સહજપણે આપણે ગોથાં ખાઇએ છીએ, મુંઝાઇએ છીએ. આપણા પ્રયાસો કઢંગા અને નિર્હેતુક બનતા જાય છે. આપણે જેની સિદ્ધિ ઈચ્છતા હોઇએ એવા આદર્શો તેના સાચા સ્વરૂપમાં જોતાં થઇશું તો વર્તમાન અંધાધૂંધી આપમેળે દૂર થઈ જશે. સમગ્રપણે વિચાર કરતાં કેળવણીની મૂલ્યવત્તાનું આપણને સવિશેષ ભાન થાય છે. આપણી પ્રવૃત્તિની જુદા જુદા ક્ષેત્રોની નેતાગીરી માત્ર કેળવણીની સંસ્થાઓ જ આપી શકે એમ છે. માટે જ યુનિવર્સિટી એ આપણી વિચારણાનું કેન્દ્ર બની શકે છે અને રાષ્ટ્રની અનિવાર્ય જરૂરિયાતો એ જ પૂરી પાડી શકે છે. આજે રાષ્ટ્રવ્યાપી કેળવણીની જરૂર વધારે ને વધારે સમજાતી ગઇ છે અને તેથી કેળવણીમાં કોઈ પણ પ્રકારે હીનતા કે શિથિલતા ન આવવી જોઇએ એ સર્વસંમત બન્યું છે. જ્યારે ગ્રેટબ્રિટન યુદ્ધમાં સપડાયેલું હતું ત્યારે એ વખતે પણ કેળવણીના વિકાસ માટે રાજ્યના ભંડોળમાંથી છૂટે હાથે નાણાં ખર્ચાતાં હતાં. પણ કમનસીબે આપણી પ્રજા અને રાજ્ય બન્નેને દેશની કેળવણીના મૂલ્યની સાચી કદર નથી. આપણી યુનિવર્સિટીઓમાં પણ સ્વતંત્રતાની હવા પહોંચી નથી લાગતી, જાણે દેશમાં કશું જ નવીન ન બન્યું હોય તેમ હજુ પણ જૂના ચીલા પર જ બધું ચાલ્યે જાય છે. વળી દેશમાં પણ જ્યારે જ્યારે નાણાંકીય તંગી ઊભી થાય છે ત્યારે દેશની કેળવણી જ સૌથી પહેલો તેનો ભોગ બને છે. હિંદી સરકાર તેના મહેસુલનો માત્ર દોઢ ટકો જ કેળવણી પાછળ ખર્ચે છે. માત્ર ત્રણ યુનિવર્સિટીને પૈસા પૂરા પાડવા પૂરતી જ જવાબદારી પોતાના પર લે છે અને કેળવણીની સર્વ કક્ષાના બાકીનાં સર્વ ઘોરણોનાં ખર્ચનો ભાર પ્રાન્તીય સરકારો પર નાખે છે. પ્રાન્તની સરકારો પ્રત્યેની ફરજની દૃષ્ટિએ પણ ઓછામાં ઓછું અનુસ્નાતક વર્ગના અભ્યાસ અને સંશોધનકાર્યને લગતો સઘળો ખર્ચ તો હિંદી સરકારે ભોગવવો જ જોઇએ. અને પોતાની મહેસુલની આવકમાંનો કંઈક સારો એવો ભાગ કેળવણીના લાભાર્થે ખરચવો જોઇએ.

સાંસ્કૃતિક અને સામાજીક દૃષ્ટિએ કેળવણીની ગુણવત્તાનો વિચાર કરવાનું છોડી દઇએ અને માત્ર શુદ્ધ ઉપયોગિતાની દૃષ્ટિએ જ તેનો વિચાર કરીએ તો પણ આપણે કબુલ કરવું જોઇએ કે કેળવણી અને તેમાં યે ખાસ કરીને યુનિવર્સિટીની કેળવણી પ્રત્યે બેદરકારી ચલાવી લેવાય નહિ. સરકાર લોકકલ્યાણલક્ષી તંત્ર નિર્માણ કરવા માટે બનતો પ્રયત્ન કરતી હોવાનો દાવો કરે છે પરંતુ આ હેતુ સિદ્ધ કરવા માટે દેશની સામાજિક શ્રેયોત્પાદક પ્રવૃત્તિઓનો સતત વિકાસ સધાતો રહે એ ખાસ જરૂરી છે. આ હેતુની સિદ્ધિ અર્થે સરકારને નાની અથવા મોટી નોકરી માટે મોટી સંખ્યામાં શિક્ષકો, તબીબો, એન્જિનીયરો, વૈજ્ઞાનિકો અને બીજા શિક્ષિત માણસોની સેવાઓની જરૂર પડશે. પરંતુ આને માટે અનિવાર્ય બને છે યુનિવર્સિટી કેળવણીનો સતત વિકાસ, વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય અભ્યાસ માટે વધુ સગવડો અને વૈજ્ઞાનિક સંશોધનનો વિકાસ. જ્યાં સુધી દેશના કલ્યાણ અર્થે જુદા જુદા ક્ષેત્રોમાં કાર્ય

કરનાર સુશિક્ષિત અને શક્તિશાળી માણસોનું મોટું જુથ આપણે ઊભું નહિ કરીએ ત્યાં સુધી પ્રજાહિત માટેની આપણી બધી યોજનાઓ અને વિચારણાઓ કાર્યમાં પરિણમવાને બદલે નિષ્ફળ બનવાનો સંભવ રહે છે. દેશની આ અતિ અગત્યની જરૂરિયાત પૂરી પાડવા કોઈ પણ સમર્થ હોય તો તે યુનિવર્સિટી અને ઔદ્યોગિક કેળવણીની સંસ્થાઓ જ છે.

કેળવણીનું એક બીજું પણ અંગ છે જે આપણા ધ્યાન ઉપર જલ્દિથી આવતું નથી, છતાં ખૂબ અગત્યનું છે. આધુનિક યુગમાં કેળવણી પાછળ સામાજિક ઉદ્દેશો હોવા જોઇએ. કેળવણીના વ્યાપક અને પ્રગતિશીલ ધ્યેયને ધ્યાનમાં લઇને તે વિષેના સદીઓજૂના મિથ્યા ખ્યાલોને દૂર કરવા જોઇએ. આજે આપણે સતત પરિવર્તનશીલ એવા યુગમાં જીવીએ છીએ. સમાજના મૂળભૂત સિધ્ધાંતો પલટાતા જાય છે. અને પ્રાચીન રૂઢિગત માન્યતાઓએ તીવ્ર વિવાદનું સ્વરૂપ ધારણ કર્યું છે. બન્ને પક્ષોના મંતવ્યની જડ બહુ ઊંડી છે અને વિવિધ દૃષ્ટિ-બિંદુઓ વચ્ચે સમન્વય ઊભો થવાની સંભાવના ભાગ્યે જ કલ્પી શકાય તેમ છે. આમ, આપણું જીવન અને વર્તનને દોરનાર મૂળભૂત સિધ્ધાંતોની એકવાક્યતા ભૂતકાળમાં હતી તેવી અત્યારે નથી રહી. જ્ઞાનની સીમાઓ વિસ્તરતી જાય છે, વિજ્ઞાનની શાખાપ્રશાખાઓ ફૂટતી જાય છે અને જો આ હકીકતને ધ્યાનમાં લઇએ તો સમજાય છે કે કેળવણી એ સતત વિકાસની પ્રક્રિયા બનતી રહી છે અને સાથે કાલાનુસાર આપણી વિચારણાને સુધારવાનું પણ અત્યંત આવશ્યક બન્યું છે. દેશના યૌવનને જીવનને માટે યોગ્ય બનાવવું એ કેળવણીનો ધર્મ છે. પરંતુ આ સતત પરિવર્તનશીલ પરિસ્થિતિમાં યુવાનોની કેળવણીનો આધાર જીવનના કોઈ સ્થિર થઈ ગયેલા સિધ્ધાંતો પર રાખી શકાય તેમ છે નહિ. વિશ્વના પલટાતા પ્રવાહોની સાથે મેળ મેળવવા કેળવણીએ પ્રગતિશીલ બનવું જોઇએ. અદ્યતન સમાજની આશાઓ અને જરૂરિયાતો પર તેણે લક્ષ આપવું જોઇએ અને બાકીની દુનિયાના ચોગઠાંને લક્ષમાં રાખીને પોતાના વિશિષ્ટ પ્રશ્નોનું તેણે યોગ્ય અવગાહન કરવું જોઇએ. જીવનના જે મૂલ્યો આધુનિક પ્રગતિશીલ જગતને અનુરૂપ હોય તેને અપનાવવા જોઇએ અને વિદ્યાર્થીઓમાં તેમનો પ્રચાર કરવો જોઇએ. આધુનિક જીવન પરની વિજ્ઞાનની સત્તાને સ્વીકારવી જોઇએ, કારણકે જીવનના ઘણા પ્રશ્નોને ઉકેલવામાં વિજ્ઞાન કિંમતી મદદ કરે છે. સાથે સાથે વિજ્ઞાન કોઈ દુષ્ટ-હલકી કોટિના-સાધ્યોનું સાધન ન બને પણ સામાજિક શ્રેયનું જ સાધન બને એ બાબતની સંભાળ રાખવી જોઇએ. વિજ્ઞાનનું સાચું કાર્ય આ જ છે, પણ કમનસીબે બધા જ વૈજ્ઞાનિકોને સામાજિક જવાબદારીનું તીવ્ર ભાન હોતું નથી, એટલું જ નહિ પણ તેઓની શોધો કયા હેતુ માટે વપરાય છે એની તપાસ પણ કર્યા વિના સત્તાધીશોના હાથમાં તેઓ પોતાની શોધો ધરી દે છે. જ્ઞાન એ સાધારણ રીતે કલ્યાણકારી શક્તિ છે પણ જો તે શાંતિ અને સામાજિક શ્રેય માટે ન વપરાતાં વિગ્રહ અને વિનાશને માટે જ વપરાય તો એ જ જ્ઞાન જોખમી-ભયાનક શક્તિ બની જાય છે.

અપૂર્ણ

મૂળ અંગ્રેજી : આચાર્ય નરેન્દ્રદેવ
અનુવાદક : કુ. તારાબહેન શાહ

શીવણ નહિ પણ ગૃહવિજ્ઞાન

પ્રબુધ્ધ જૈનના તા. ૧-૧૧-૫૧ ના અંકમાં પ્રગટ થયેલી 'શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા હીરક મહોત્સવ' ઉપરની નોંધના અન્ત ભાગમાં શીવણને પાયાના ઉદ્યોગ તરીકે સ્વીકારીને એ ઉપર અભ્યાસક્રમની યોજના કરવાની સૂચના કરવામાં આવી હતી. આ વિષયના એક જાણકાર મિત્ર સાથે ચર્ચા કરતાં મને માલુમ પડે છે કે પાયાના ઉદ્યોગ તરીકે સ્વીકારાવા માટે શીવણ પ્રમાણમાં બહુ નાનો ઉદ્યોગ છે. આને બદલે ગૃહવિજ્ઞાનને પાયાના ઉદ્યોગ તરીકે સ્વીકારવામાં આવે અને શીવણનો તેમાં સમાવેશ કરવામાં આવે તે વધારે યોગ્ય છે.

પરમાનંદ

સંઘ તરફથી અપાતી વૈદ્યકીય રાહત

મુંબઈ તેમજ મુંબઇનાં પરાંઓમાં વસતા કોઈ પણ જૈન ભાઇ કે બહેનને દવા, ઇન્જેકશન કે ડાકટરી મદદની જરૂર હોય તેને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મદદ આપવામાં આવશે આ પ્રકારની જાહેરાત અવારનવાર પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવે છે તેના પરિણામે આજ સુધી કોઇ કોઈ છુટી છવાઈ વ્યકિત મદદ લેવા આવતી હતી અને તેને સાધારણ રીતે રૂા. ૨૫ સુધી અને અસાધારણ સંયોગોમાં તેથી પણ વધારે રકમની મદદ આપવામાં આવતી હતી. આને લગતું સંઘ પાસે એક ફંડ હતું અને તેનો આ માટે ઉપયોગ કરવામાં આવતો હતો.

આ રીતે મદદ આપતાં આપતાં એક બાજુએ ઉપર જણાવેલ ફંડ લગભગ ખલાસ થવા આવ્યું છે અને બીજી બાજુએ આવી મદદ માંગનારાઓની સંખ્યા હવે વધતી આવી છે. આ ઉપરાંત પહેલાં બે પાંચ દવાઓ કે જરૂરી ઇન્જેકશનો અપાવતાં રૂા. ૨૫ થી વધારે ખર્ચ થતો ન હતો. હવે આટલી રકમ ભાગ્યે જ પૂરતી થાય છે. વળી ક્ષય જેવી લાંબી મુદતની બીમારી વધારે મોટી આર્થિક મદદની અપેક્ષા રાખે છે. કેટલાંક ઇન્જેકશનો પણ બહુ મોંઘા આવે છે. દર્દી હોસ્પીટલમાં હોય તો તેની બીજી પણ ઘણી જરૂરિયાતો ઊભી થાય છે. આવી વિવિધ પ્રકારની માંગણીઓ અને જરૂરિયાતોને પહોંચી વળવા માટે સારા ફંડની જરૂર રહે છે.

અહિં એ જણાવવું જરૂરી છે કે આવી વૈદ્યકીય મદદ આપતાં પહેલાં તે સંબંધમાં પૂરી ખાત્રી કરવામાં આવે છે. જવાબદાર ડાકટરના પત્ર સિવાય ઇન્જેકશનો કે દવા આપવામાં આવતાં નથી.

બીજી બાજુએ એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે જે વર્ગને આ પ્રકારની રાહત પહોંચાડવાની છે તે વર્ગ આર્થિક દૃષ્ટિએ ઘસાતો જાય છે અને તે વર્ગમાંના કોઇને ત્યાં માંદગી આવે છે ત્યારે જાણે કે એક અસાધારણ આફત આવી હોય એમ તે મુંઝાય છે અને તે આફતનો આર્થિક સામનો તેને અકળાવી નાંખે છે. આવે વખતે તેને આપણે જે કાંઇ મદદ કરી શકીએ તે મોટા આશીર્વાદરૂપ નીવડે છે.

ઉપરની હકીકતો લક્ષમાં લઇને જેનાથી જે કાંઇ બને તે રકમ મોકલીને આ અમારી વૈદ્યકીય રાહત પ્રવૃત્તિને ચાલુ રાખવામાં મદદરૂપ થવા વિનંતિ છે. અમારી વૈદ્યકીય રાહત સમિતિ નીચેના સભ્યોની બનેલી છે.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા
,, જસુમતીબહેન મનુભાઈ કાપડિયા
,, રમણિકલાલ મણિલાલ શાહ
,, રતીલાલ ચીમનલાલ કોઠારી-મંત્રી

આ સમિતિમાંના કોઈ પણ સભ્યને મળવાથી જેને જરૂર હોય તેને વૈદ્યકીય રાહત મળી શકે છે. આ પ્રવૃત્તિને આર્થિક સીંચન કરવા ઇચ્છનારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩. એ સરનામે નાણાં મોકલી આપવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રવાસ વર્ણન

શ્રી. તારાચંદભાઈ પ્રવાસમાં હોઇ આ વખતે કંઈ લખી શકયા નથી એટલે બાકીનો હપ્તો આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર — રજી. ન. બી. ૪૨૬૬.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૬

મુંબઇ : ૧૫ ડીસેમ્બર ૧૯૫૨ શનીવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪.

મધ્યપૂર્વમાં મુક્તિ આંદોલન

(ગતાંકથી ચાલુ)

પહેલા વિશ્વયુધ્ધે આરબ પ્રજાને ટર્કીશ ઓટોમન સામ્રાજ્યમાંથી મુક્તિ અપાવી, જ્યારે બીજા વિશ્વયુધ્ધે યુરોપિયન સામ્રાજ્યના પાયા હલમલાવી નાખ્યાં, જાકાર્તાથી જેરૂસલેમ સુધી વિસ્તરેલા બ્રિટીશ, ડચ અને ફ્રેંચ સામ્રાજ્યોની દુર્જયતાની (Invincibiliy) પોકળતા પ્રથમ વાર સ્પષ્ટ થઇ. મધ્યપૂર્વમાં યુરોપના રાજકારણના પ્રત્યાઘાતો પડતા હતા. ૧૯૪૦માં ફ્રાંસનો જર્મનીએ વિજળીક ગતિએ પરાજય કર્યો અને ફ્રેંચ સામ્રાજ્યવાદીઓએ ત્વરિત ગતિથી નાઝી-કઠી પહેરી લીધી. અને મધ્યપૂર્વના પરતંત્ર રાજ્યોએ કોઇ શુકનની રાહ જોયા સિવાય મુક્તિ લડત વેગપૂર્વક આરંભી દીધી.

શરૂઆત સિરિયાએ કરી. ૧૯૪૫ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે સીરિયન પ્રજાસત્તાકની સ્થાપના થઇ અને સિરિયાની પ્રજાએ ફ્રાંસની નાઝીવાદી વિશી સરકારને કોઇ પણ રીતે સ્વીકારવાની ના પાડી. આ વસ્તુ સાથી રાજ્યોને અનુકુળ હતી. પશ્ચિમ એશિયામાંથી ફ્રેંચ પ્રભુત્વ દુર કરવા બ્રિટનને તક મળી; અમેરિકાને નવા વિસ્તારમાં પ્રવેશવાની તક મળી, આમ સાથી રાજ્યોએ સિરિયા તથા લેબેનોનને ફ્રેંચ ધુંસરીમાંથી મુક્ત થવા સહાય કરી.

સાથી રાજ્યોએ મધ્યપૂર્વની લશ્કરી અગત્યતા સમજી ઇરાન અને ઇજીપ્તમાં સત્તા જમાવી દીધી. ઉત્તર ઇરાન રશિયાએ કબજે કર્યું અને દક્ષિણ ઇરાન ત્રેઇટબ્રીટનની લશ્કરી સત્તા નીચે આવ્યું. ઇજીપ્તમાં તે સમયના પ્રધાનમંડળને વીખેરી નાંખી બ્રિટને મશિનગનોના જોરે નહાસ પાશાને સત્તા પર બેસાડયા. વિધિની વિચિત્રતા છે કે જે નહાસ પાશા ૧૯૪૬માં બ્રિટનની મદદથી સત્તા પર આવ્યા એ જ નહાસ પાશા ૧૯૫૧માં બ્રિટન વિરોધી જેહાદના આગેવાન બન્યા.

જર્મની અને જપાનના પરાજય બાદ આરબ રાજ્યોએ સાચી સ્વતંત્રતા મેળવવા હામ ભીડી. બ્રિટનની મદદથી સિરિયા અને લેબેનોન-પરદેશી લશ્કરોની ગુલામીમાંથી મુક્ત થયા. ૧૯૪૬ના એપ્રિલ માસમાં સિરિયા અને લેબેનોનમાંથી પરદેશી લશ્કરોએ વિદાય લીધી. અને ૧૯૪૬માં જ ટ્રાંસજોર્ડનને સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. ૧૯૪૮માં પેલેસ્ટાઇનના ભાગલા પડયા અને યહુદી રાજ્ય ઇઝરાઇલનો જન્મ થયો. ઇરાન અને ઇજીપ્તને સલામતિસમિતિ સમક્ષ પરદેશી લશ્કરો દૂર કરવા ફરિયાદ કરવી પડી. ૧૯૫૧માં ઇજીપ્ત, ઇરાક અને ટ્રાંસજોર્ડનમાં બ્રિટિશ લશ્કરીદળો હતા, પણ આ લશ્કરી મથકો સંધિ-કરારોના પરિણામે રાખવામાં આવ્યા હતા. ૧૯૫૧ની મધ્યપૂર્વની અશાંતિ એ આવા અસમાન રાજકીય અને આર્થિક સંધિ-કરારો રદ કરવા માટેની છે. આરબોની નિર્બળતાને કારણે પશ્ચિમના રાજ્યોને જે અયોગ્ય છૂટછાટો મધ્યપૂર્વમાં મળી છે તે છૂટછાટો હવે નહિ મળી શકે એમ પ્રથમ ઇરાને અને હમણાં ઇજીપ્તે સ્પષ્ટ કરી દીધું છે. ઇજીપ્ત અને ઇરાનની લડતના પડઘા પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકામાં પડયા છે.

ઇરાનનો તેલનો પ્રશ્ન.

ઇરાન દુનિયાના તેલના ઉત્પાદનના ૫% જેટલું દર વર્ષે તેલનું ઉત્પાદન કરે છે. દર વર્ષે ૩ કરોડ મીટરીક ટન તેલનું ઉત્પાદન કરતા ઇરાનમાં જગતનું મોટામાં મોટું તેલ-શુધ્ધિ કરવાનું આબાદાન ખાતે કારખાનું છે. આમ છતાં લગભગ સવા છ લાખ ચોરસમાઇલના વિસ્તારમાં વસતી ઇરાનની એક કરોડ અને એંસી લાખની પ્રજા કંગાલિયતનું જીવન જીવે છે.

ઐતિહાસિક ભૂમિકા

ઇ. સ. ૧૯૦૮માં દક્ષિણ ઇરાનના મસજીદ-એ-સુલેમાનની ભૂમિનું સંશોધન કરતાં એટલું બધું તેલ મળી આવ્યું કે ઇંગ્લેંડના ઉદ્યોગપતિઓને ઇ. સ. ૧૯૦૯ માં **એંગ્લો પર્શિયન ઓઇલ કું.** શરૂ કરવાનું સાહસ યોગ્ય લાગ્યું. આ કંપનીના ૫૬% શેર બ્રિટનની પરદેશકચેરી પાસે છે જ્યારે ૨૨% શેર બર્મા ઓઇલ કંપનીને હસ્તક છે. ઇરાનનો તેલનો આ રીતે વેપાર કરવાનો પટ્ટો કંપનીને ઇ. સ. ૧૯૯૩ સુધી આપવામાં આવ્યો હતો. કંપનીએ પોતાનું કામ વિસ્તારવા માંડયું અને આબાદાનમાં દર વર્ષે અઠી કરોડ ટન તેલ શુદ્ધ કરે એવું મોટું કારખાનું સ્થાપ્યું. ઇરાનના શાહ રીઝાશાહ પહેલવીએ ઇ. સ. ૧૯૩૩ માં કંપનીનો પટ્ટો રદ કર્યો, પણ એ સરમુખત્યારને બ્રિટને થોડી વ્યક્તિગત લાલચ આપી માંડવાળ કરી લીધી. ૧૯૫૦ના જુન માસમાં ઇરાનના વેડા પ્રધાન જનરલ અલી રઝમારાએ બ્રિટન સાથે ન્યાયી કરાર કરવા માંગણી કરી; પણ રઝમારા અમેરિકન હિતોનો આડતિયો હતો. આથી અમેરિકાની મરજી વિરૂધ્ધ આગળ જવાની હિમત કરવાની તેનામાં શક્તિ ન હતી. તેણે ઇરાનમાં લશ્કરી રાજ્ય સ્થાપ્યું. સર્વ પ્રકારનું વાણી-સ્વાતંત્ર્ય રદ કરવામાં આવ્યું. આખરે ૧૯૫૧ના માર્ચની ૭ મી તારીખે 'શીઆયની-ઇસ્લામ' (ઇસ્લામ ને શહાદત) ના એક સભ્યે જનરલ રઝમારાનું ખૂન કર્યું અને બરાબર એક અઠવાડિયા બાદ ૧૯૫૧ની માર્ચની ૧૫ મી તારીખે ઇરાનની પાર્લામેન્ટ 'મજલીસે' સર્વાનુમતે ઇરાનના તેલનું રાષ્ટ્રીયકરણ કર્યું. એ ઐતિહાસિક દિને 'મજલીસ'માં ભાષણ કરતા ઇરાનના એક આગેવાન ડો. હુસેન મક્કીએ જણાવ્યું કે "આપણા રાષ્ટ્રના બંધારણીય ઇતિહાસમાં આ સૌથી ઉજ્જ્વળ દિન છે કેમકે છેલ્લા પચાસ વર્ષથી એંગ્લો-ઇરાનીયન ઓઇલ કંપનીની જે સાંકળમાં ઇરાન બંદીવાન બન્યું હતું તે સાંકળને ઇરાનની પ્રજાના સંપૂર્ણ ટેકાથી ઇરાનની મજલિસે હમેશ માટે તોડી નાંખી છે."

શા માટે કરોડો પૌંડની મેહી આવક ઇરાનની સરકારે જવા દીધી? શા માટે બ્રિટન સાથેના સંધિ-કરારોને ઇરાનની સરકારે માત્ર કાગળના

ચીંથરા કરી દીધા ? ઈરાનની કંગાલિયત વિષે આપણે પહેલા લેખમાં અમેરિકન એલચીના શબ્દોમાં જાણ્યું, હવે હકીકતો જોઇએ.

રાષ્ટ્રીયકરણ શા માટે ?

એંગ્લો ઈરાનિયન કંપની ઇરાનના અર્થતંત્રમાં સૌથી વધુ શક્તિ-શાળી સંસ્થા હતી. તે ૮૫૦૦૦ કામદારોને રોજી આપતી. સમગ્ર ઈરાનના આયાત અને નિકાસના વેપાર કરતાં ઈરાનિયન કંપનીનો વેપાર વધુ હતો, જ્યારે ગયા માર્ચમાં ઈરાને તેલનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે એંગ્લો ઇરાનિયન તેલ કંપનીએ ઇરાનની સરકારને કર-વેરાના ૪ કરોડ પૌંડ આપવાની ના પાડી અને ઇરાનનું અર્થતંત્ર અવ્યવસ્થિત થઇ ગયું. ઈરાન 'એંગ્લો ઇરાનિયન ઓઇલ કંપનીની' 'રોયલ્ટી' ના શ્વાસે જ જીવતું હતું.

ઇરાનના તેલનું રાષ્ટ્રીયકરણ થયા પછી સત્તા પર આવેલા ઇરાનના વડા પ્રધાન ડો. મુસાદિકે ૧૫ ઓક્ટોબર ૧૯૫૧ ના રોજ સલામતિસમિતિ સમક્ષ બોલતા જણાવ્યું કે ઇરાન દુનિયાની તેલની પેદાશનો ગણનાપાત્ર ભાગ પેદા કરે છે. 'એંગ્લો ઈરાનીયન ઓઇલ કંપની'ના નિવેદન અનુસાર ઇરાને જગતને આજ સુધીમાં સાડા એકત્રીસ કરોડ ટન તેલ આપ્યું છે અને આ પેદાશમાંથી ઇરાનને આજ સુધીમાં કુલ માત્ર અગિયાર કરોડ પૌંડ મળ્યાં છે. ઇ. સ. ૧૯૪૮માં ઇરાનના તેલના વેપાર દ્વારા 'એંગ્લો ઇરાનિયન ઓઇલ કંપની'એ છ કરોડ અને દસ લાખ પૌંડનો ચોખ્ખો નફો કરેલો. આ નફામાંથી ઇરાનને ૧૯૪૮ માં માત્ર નેવુ લાખ પૌંડ મળેલા, જ્યારે બ્રિટિશ સરકારને એંગ્લો ઇરાનિયન ઓઇલ કંપની પરના આવકવેરા દ્વારા બે કરોડ અને એંસી લાખ પૌંડ મળેલા !

હવે શા માટે ઈરાને તેલનું રાષ્ટ્રીયકરણ કર્યું એ વિશે વધુ દલીલો કરવાની કે હકીકતો રજુ કરવાની જરૂર રહેતી નથી.

ઇંગ્લેંડના મજુર પક્ષની સરકારે ઈરાનના આ પગલાને વખોડી કાઢ્યું. જે એટલી અને મોરિસન ઇંગ્લેંડના પોલાદના વિરાટ કારખાના-ઓનું રાષ્ટ્રીયકરણ કરતા હતા તે જ સમાજવાદી આગેવાનોને ઈરાનના પગલામાં અંધાધુંધીને નિમંત્રણ દેખાયું. બ્રિટને કશું જ ન કરવાની નીતિ અમલમાં મૂકી. બ્રિટને એ જોયું કે ઈરાનની સરકારને કરવેરાના ૪ કરોડ પૌંડ ન મળે, અને તેમને લાગ્યું કે તેલના કરવેરા પર નભતી ઇરાનીયન સરકાર આખરે થાકી જશે અને ડો. મુસાદિકના પ્રધાન-મંડળનું પતન થશે. પણ આમાનું કાંઇ તુરત બન્યું નહિ અને બ્રિટન અને ઈરાનના સંબંધો વધુ ને વધુ બગડવા માંડ્યાં. ઇરાને એંગ્લો-ઇરાનીયન ઓઇલ કંપનીના અમલદારોને ઇરાનમાંથી બિદાય કરવા માંડ્યાં. બ્રિટને આંતરરાષ્ટ્રીય અદાલતમાં અરજી કરી. ઈરાને જણાવ્યું કે આ પ્રશ્ન બે રાષ્ટ્રો વચ્ચેનો નથી પણ એક સાર્વભૌમ રાજ્ય અને તે રાજ્યમાં વ્યાપાર કરતી એક ખાનગી પરદેશી કંપની વચ્ચેનો છે. આથી આંતરરાષ્ટ્રીય અદાલતને આ પ્રશ્નમાં અભિપ્રાય આપવાનો અધિકાર નથી. આખરે બ્રિટને શ્રી. રીચાર્ડ સ્ટોકસની આગેવાની નીચે એક પ્રતિનિધિમંડળ ઈરાન મોકલ્યું. બ્રિટને નફામાંથી ૫૦% ભાગ આપવાની ગોળ ગોળ વાત કરવા માંડ્યું.

સ્ટોક દરખાસ્તો

શ્રી. સ્ટોકસે લંબાણ વાટાઘાટો બાદ નીચેની ત્રણ દરખાસ્તો મૂકી. (૧) ઇરાનના તેલના વેચાણ માટે બ્રિટનને સંપૂર્ણ ઇજારો આપવો. (૨) આબાદાન ખાતેના તેલ-શુધ્ધિ કરવાના કારખાનાનો વહીવટ માત્ર બ્રિટિશરો કરે (૩) તેલના વેચાણનો નફો ઇંગ્લેંડ અને ઇરાન અર્ધો-અર્ધો વહેંચી લે.

બ્રિટને ઈરાનના તેલના રાષ્ટ્રીયકરણના સિધ્ધાંતનો સ્વીકાર કર્યો તો પણ ઇરાને આ સ્ટોકસ દરખાસ્તોનો અસ્વીકાર કર્યો. ઇરાને જોયું કે ઇરાનની પ્રજાને રાષ્ટ્રીયકરણનો ખરો લાભ નહિ મળે, તેલ-ઉદ્યોગની વ્યવસ્થા માટે ઈરાનિયનોને તાલીમ નહિ મળે, વેચાણની ઇજારો લઈ બ્રિટન ઇરાનના આર્થિક જીવન પર કાયમની નાગચૂડ રાખી શકશે. ઈરાનનો પરદેશ સાથેનો મોટો વ્યાપાર બ્રિટન દ્વારા જ થઇ શકે તેવી પરિસ્થિતિ ઉભી થશે. અને તેલના રાષ્ટ્રીયકરણની કિંમત માનસિક સંતોષ પૂરતી જ રહેશે.

ઇરાનિયન દરખાસ્તો

આથી શ્રી. સ્ટોકસ તથા અમેરિકન મધ્યસ્થ શ્રી. એવેરેલ હેરિમેન સમક્ષ ડો. મુસાદિકે સામી ત્રણ દરખાસ્તો મૂકી (૧) ઇરાન બ્રિટનને જરૂર હોય તેટલું જ તેલ આપે (૨) એંગ્લો ઈરાનિયન ઓઇલ કંપનીની મિલ્કતનું રાષ્ટ્રીયકરણ થયું તે માટે વળતર આપવા અરસપરસ ચર્ચા-વિચારણા કરવી (૩) આબાદાન ખાતે માત્ર એક જ બ્રિટિશ મેનેજર ન રહે પણ બ્રિટિશ, ઈરાનિયન અને કોઇ તટસ્થ રાજ્યના નાગરિકનું બનેલું એક મેનેજિંગ બોર્ડ વ્યવસ્થા કરે.

બ્રિટને ઉપરની દરખાસ્તોનો સાફ અસ્વીકાર કર્યો અને શ્રી. સ્ટોકસ તુમાખીપૂર્વક તહેરાન છોડી ગયા. બ્રિટને ઇરાનની આસપાસ આર્થિક ઘેરો ઘાલ્યો અને ચારે બાજુથી ઇરાનને ગુંગળાવવાનો પ્રયત્ન કર્યો. એ અહીં જણાવવું જરૂરી છે કે હિન્દના પરદેશમંત્રી શ્રી. જવાહરલાલ નેહરૂએ ઈરાનની તેલના રાષ્ટ્રીયકરણની નીતિને સ્પષ્ટ ભાષામાં ટેકો આપ્યો હતો. પાકિસ્તાને ઈરાનનું તેલ ખરીદવાનો પ્રયત્ન કર્યો પણ ઇંગ્લેંડની બેંક ઓફ ઇંગ્લેંડે એ માટે પાકિસ્તાનને પૌંડ આપવાની ચોખ્ખી ના પાડી. ઈરાને આબાદાન ખાતેના પ્રત્યેક બ્રિટિશ નિષ્ણાતને ઇરાન છોડી જવાની આજ્ઞા કરી. બ્રિટને વિરોધ કર્યો અને ઇરાનની આજુ બાજુ લશ્કરો તથા નૌકાદળો એકઠા કરવા માંડ્યા. ઇરાને મચક ન આપી અને છેવટે અમેરિકાની વાસ્તવદર્શી સલાહથી ૧૯૫૧ ના ઓક્ટોબરની ૨ જી તારીખે બ્રિટિશ નિષ્ણાતોએ આબાદાન છોડ્યું. આ પગલા વિશે વિવેચન કરતા **ન્યુયોર્ક ટાઇમ્સે** જણાવ્યું કે The British Decision to withdrow from the Abadan Oil retinory may prove to be a major event of our times" (આબાદાન ખાતેના તેલ-શુધ્ધિ કરવાના કારખાના-માંથી વિદાય લેવાનો બ્રિટનનો નિર્ણય આપણા યુગનો એક મહત્વનો બનાવ ગણાય એવી શક્યતા છે.) બ્રિટનની ખૂબ ધમાલ કર્યા પછીની આ પીછેહઠ એ બ્રિટનની નવળાઈ કરતા મધ્યપૂર્વની શોષિત પ્રજાની જાગૃતિનું દર્શન કરાવે છે.

સલામતિસમિતિ અને ઇરાન

આબાદાનથી પીછેહઠ કરી એ જ દિવસે બ્રિટને ઇરાનનો પ્રશ્ન સલામતિસમિતિ સમક્ષ લઇ જવાનો નિર્ણય કર્યો. ઇરાને આંતરરાષ્ટ્રીય અદાલતને જે જણાવ્યું તે જ સલામતિસમિતિને પણ જણાવ્યું. ડો. મુસાદિક સલામતિસમિતિ સમક્ષ નિવેદન કરવા અમેરિકા ગયા. સલામતિસમિતિએ પોતાને ઈરાનનો પ્રશ્ન ચર્ચવાનો અધિકાર છે કે કેમ એ નક્કી કરવા આંતરરાષ્ટ્રીય અદલાતની સલાહ માંગી હાલ પૂરતો ઇરાનનો પ્રશ્ન સભરાઇએ ચડાવી દીધો. બ્રિટન આ નીતિથી અત્યંત નારાજ થયું. ડો. મુસાદિક થોડા અઠવાડિયાઓ સુધી વોશિંગ્ટનમાં રહ્યા અને અમેરિકાની મદદથી કાંઇ તડજોડ કરવા પ્રમાણિક પ્રયત્નો કર્યા. બ્રિટને સ્ટોકસ દરખાસ્તોથી આગળ જવાની ના પાડી.

ઈરાનની આખરી દરખાસ્તો

આખરે ડો. મુસાદિકે પોતાની આખરી દરખાસ્તોની જાહેરાત કરી. પહેલા ઇરાને બ્રિટનને જરૂર પૂરતું જ તેલ આપવાની તૈયારી બતાવી હતી. આ નવી દરખાસ્ત અનુસાર બ્રિટનને ઇરાન દર વર્ષે એક કરોડ ટન તેલ આપવા બંધાશે. ઇરાન સાથેની વર્તમાન મડાગાંઠ

પૂર્વે બ્રિટન દર વર્ષે એંગ્લો ઇરાનિયન ઓઇલ કંપની દ્વારા ત્રણ કરોડ ટન તેલ મેળવી શકતું. આ નવી દરખાસ્તથી બ્રિટન ત્રીજા ભાગનું તેલ મેળવી શકશે. ડૉ. મુસાદિકે સ્પષ્ટ ભાષામાં જણાવ્યું કે આબાદાન ખાતેના તેલ-શુધ્ધિ કરવાના કારખાનાનો વહીવટ ઇરાન પોતેજ કરશે. એંગ્લો ઇરાનિયન કંપનીનું ઇરાને રાષ્ટ્રીયકરણ કર્યું તે માટે, ઇરાન કંપનીને દસ કરોડ પૌંડનું વળતર આપશે.

આ દરખાસ્તો પર વિચાર કરવા હવે ઇંગ્લેંડનું મજુર પ્રધાન-મંડળ રહયું નથી. ઇંગ્લેંડની નવી રૂઢિચુસ્ત સરકાર કોઇ પણ હિસાબે ડૉ. મુસાદિકને ઉથલાવી નાખવા માગે છે, અને ઇરાનમાં અપૂર્વ આર્થિક અંધાધુંધી શરુ થઇ છે. લશ્કર, પોલિસ તથા સરકારી અમલદારોને પગાર મળ્યા નથી. હજારો કામદારો તેલના ઉદ્યોગની મડાગાંઠને કારણે બેકાર બન્યા છે. ઇરાને બદલા (Barter) દ્વારા તેલનું વેચાણ કરવાનો આખરી ઉપાય હાથ ધર્યો છે. બીજી બાજુ, રશિયાએ છેવટ સુધી મૌન રાખી હમણાં જ ઇરાનને આર્થિક સહાય કરવાનું સૂચન કર્યું છે. ઇરાને અમેરિકાને બાર કરોડ ડૉલર ધીરવા વિનંતિ કરી છે. ઇરાનના પ્રશ્નનું સમાધાન નહિ થાય ત્યાં સુધી ડૉ. મુસાદિકના ધૈર્ય અને શકિતની ખરી કસોટી થશે.

અપૂર્ણ

વાડીલાલ ડગલી

ભૂલ સુધાર

ઉપરના લેખમાં ગયા હફતામાં પાના ૧૨૮ ઉપર હેડીંગમાં તથા અંદરના ભાગમાં 'ફેલાદિનો' શબ્દ આવે છે તે ખરો શબ્દ 'ફેલાહિનો' છે તો એ પ્રમાણે સુધારીને વાંચવું. તંત્રી

દેશભકત દરબાર ગોપાળદાસ: એક સ્મરણાંજલિ

દરબાર ગોપાળદાસના અવસાનથી સૌરાષ્ટ્ર તેમ જ ગુજરાતે એક ઉચ્ચ કોટિનો લોકસેવક ગુમાવેલ છે. હિંદમાં પણ તેમની કોટિના નર-રત્નો બહુ જ ઓછા છે. તેમનો જન્મ ૧૮૮૮ માં ગુજરાતમાં આવેલ વસો પાસેના એક ગામડામાં થયો હતો. ૧૯૧૧ માં તેમના બાપદાદા તરફથી સૌરાષ્ટ્રમાં આવેલ ઢસા અને રાય-સાંકળીની જાગીરો તેમને મળી હતી અને એ કારણે તેઓ "દરબાર" કહેવાતા હતા. તેમના અંગત પરિચયમાં આવવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેને લીધે આજે ચિત્તમાં કેટલાંક સ્મરણો જાગૃત થઇ રહ્યાં છે. તેમને મેં આજે જેને સુરેન્દ્રનગર કહેવાય છે ત્યાં સૌથી પહેલાં ૧૯૧૨/૧૩ ની આસપાસમાં જોયેલા. શ્રી. ગીજુભાઇ બધેકા-જેમનું નામ આજના નૂતન બાળશિક્ષણ સાથે ગાઢપણે જોડાયેલું છે-તેઓ તે વખતે વઢવાણ કેંપમાં એટલે કે આજના સુરેન્દ્રનગરમાં વકીલાત કરતા હતા. તેમને અને દરબાર સાહેબને સારી મૈત્રી હતી. ઉપર જણાવેલ અરસામાં જ્યારે હું ગીજુભાઇને ત્યાં ગયેલો ત્યારે દરબાર સાહેબનો મુકામ ત્યાં હતો અને તેમને ત્યાં પાલણપુરનો કોઇ સતારવગાડવાવાળો ઉસ્તાદ આવેલો તેને સાંભળવા માટે મને ગીજુભાઇ લઇ ગયેલા અને દરબાર સાહેબ સાથે મારી ઓળખાણ કરાવેલી. એ વખતે તેમનો પોશાક, રીતભાત વગેરે એક સંસ્કારી કાઠી દરબારને મળતી હતી. તેમનો સ્થાયી નિવાસ ગુજરાતના વસોગામમાં હતો અને ત્યાં મેડમ મોન્ટી-સરીનાં બાળશિક્ષણને લગતાં પુસ્તકો વાંચીને એ પદ્ધતિ ઉપરની બાળશાળા તેમણે શરૂ કરી હતી. શ્રી. ગીજુભાઇને મેડમ મોન્ટીસરીની પધ્ધતિનો પ્રથમ પરિચય કરાવનાર દરબાર સાહેબ હતા. તેમણે તેનું સાહિત્ય વાંચ્યું; વસોની બાળશાળા જોઇ અને એ સંસ્કારપ્રચુર માનસ સાથે તેઓ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં જોડાયેલા, જેના પરિણામે નૂતન બાળશિક્ષણનો ઉદય થયો.

દરબાર ગોપાળદાસનું જીવન તો સ્વાભાવિક રીતે રાજદ્વારી ક્ષેત્ર તરફ ખેંચાતું રહ્યું. સામાન્ય માણસો કરતાં પણ જાગીરદારો અને ઠાકરડાંઓને અંગ્રેજ સરકારની ઘણી વધારે ખુશામત અને ગુલામી કરવી પડતી દરબાર સાહેબ આઝાદ માનસ લઇને જન્મેલા. તેમના માટે આ ગુલામી-આ ખુશામત-શકય જ નહોતી. તેમનું માથું સરકારી અધિકારીઓને નમે તેમ નહોતું. રાજવૈભવમાં ઉછરેલા છતાં તેમનું જીવન મૂળથી સાદું અને ઉચ્ચ આદર્શને વરેલું હતું. આને લીધે સરકાર સાથે તેમની અથડામણ શરૂ થઇ. રાજકોટમાં મુંબઇના ગવર્નરના માનમાં દરબાર ભરવામાં આવેલો અને ત્યાં હાજર રહેવા તેમને ફરમાવવામાં આવેલું. તેમણે તે દરબારમાં હાજર રહેવા-નો સાફ સાફ ઇનકાર કર્યો. આમ સરકાર સાથેની તેમની અથડામણ વધતી જતી રહી. એવામાં ૧૯૨૧ની અસહકારની લડત આવી અને તેમણે તથા તેમનાં પત્નિ શ્રી. ભકિતબાએ આ લડતમાં ઝંપલાવ્યું. પરિણામે સરકારે તેમની જાગીરો જપ્ત કરી. ત્યાગવીર દરબાર સાહેબને મન આનું કશું મહત્ત્વ નહોતું. ગુમાવેલી જાગીર સામે તેમણે કદિ જોયું નહિ અને ત્યારથી રાષ્ટ્રની આઝાદીની લડતમાં જોડાયા તે જીવનના અન્ત સુધી રાષ્ટ્રની એક યા બીજા પ્રકારની પ્રવૃત્તિમાં તેઓ સતત જોડાયેલા જ રહ્યા. આઝાદીની લડતના પ્રત્યેક તબકકે તેમણે લાંબો જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૩૨ની લડતમાં અમે નાસીક જેલમાં સાથે હોઇને તેમના નિકટ પરિચયમાં આવવાનું બનેલું. ૧૯૩૬-૩૭ માં મળેલી હરિપુરા કોંગ્રેસની સ્વાગત સમિતિના તેઓ પ્રમુખ હતા. ગાંધીજીના તેઓ પરમ ભકત હતા. સરદાર પટેલ તેમના નેતા હતા. હરિપુરા કોંગ્રેસ પછી તેઓ ગુજરાત છોડીને સૌરાષ્ટ્રમાં આવ્યા અને સૌરાષ્ટ્રની કોંગ્રેસ કમીટીના પ્રમુખ થયા. ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત થયા બાદ તેમને ઢસા અને રાય-સાંકળીની જાગીરો પાછી સુપ્રત કરવામાં આવી, પણ તે જાગીરનો વહીવટ પોતે હાથમાં ન લેતાં તેમણે પોતાની પ્રજાને સોંપ્યો. અને પોતે તો એનું એ જ સાદું અને આદર્શ પરાયણ જીવન ચાલુ રાખ્યું અને પોતાની સર્વ શકિતઓ પ્રજાને સ્વરૂપે તેઓ ધરતા રહ્યા.

જેવી રીતે રામને સીતાવિના આપણે કલ્પી શકતા નથી તેવી જ રીતે દરબાર સાહેબનાં પત્ની ભકિતબા સિવાયના દરબાર સાહેબને આપણે કલ્પી જ શકતા નથી. ભકિતબાએ દરબાર સાહેબને અખંડ સાથ આપ્યો છે અને અનેક અગવડો અને આફતોમાં તેમની પડખે સમકક્ષાના સાથી માફક તેઓ ઉભા રહયાં છે. આવો સહધર્મચાર આજના કળવાયેલા યુગલોમાં પણ ભાગ્યે જ જોવા જાણવા મળે તેમ છે. દરબાર સાહેબના વિદેહગમનથી કાળે કરીને કોઇક વાર નિર્માણ થાય એવી આ પવિત્ર જોડી ખંડિત થઇ છે. આ નોંધ લખતાં ભકિતબાની પવિત્ર મૂર્તિ આંખ સામે ખડી થાય છે અને તેમની આ આફતમાં દિલ ઉંડી સહાનુભૂતિ અનુભવે છે.

દરબાર સાહેબના વ્યકિતત્વમાં અપૂર્વ સૌજન્ય અને સુવાસ ભરેલી હતી. તેમની પ્રસન્ન મૂર્તિ તેમના સાથીઓથી નેમને એકદમ જુદા પાડતી હતી અને આ કોઇ રાજવંશી આદમી છે એવી અજાણ્યા માણસ ઉપર પણ એકાએક છાપ પડતી હતી. જ્યારે મળો ત્યારે તમને હસતા મોઢે બોલાવે અને ઉચ્ચ કોટિની માનવતાનું દર્શન કરાવે. મીઠી મસ્કરી અને વાર્તાવિનોદ તેમને સ્વભાવથી વરેલા હતા. રાષ્ટ્રની અનેક લડતોમાં સક્રિય ભાગ લીધેલો હોવા છતાં અને ભાતભાતની હાડમારીઓ વચ્ચે જ આખું જીવન પસાર થયેલું હોવા છતાં તેમનામાં બાળક જેવી પ્રસન્નતા, સાદાઇ અને નમ્રતા જોવામાં આવતી. જેવો તેમનો ત્યાગ હતો તેવું જ તેમનું ચારિત્ર્ય હતું. સૂર્ય સમાન ગાંધીજી આસપાસ જે ગ્રહમંડળ ઉભું થયું હતું તે મંડળમાં તેમનું સ્થાન મહત્વભર્યું હતું. તેમના જવાથી શીતળ દ્યુતિ વરસાવતા એક તારકનો ભારતના નભોમંડળમાંથી અસ્ત થયો છે. સૌરાષ્ટ્ર ખરેખર દરિદ્ર બન્યું છે. અનેકને પ્રેરણારૂપ બને તેવું જીવન જીવીને તેમણે ધન્યતા અને ગુજરાત સૌરાષ્ટ્રની પ્રજાના દિલમાં ચિરસ્મરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ડૉ. આંબેડકરની ચિત્રવિચિત્ર કારકીર્દી

આજે ડૉ. ભીમરાવ આંબેડકર પછાત વર્ગોના ફેડરેશનના આગેવાન તરીકે મધ્યવર્તી ધારાસભાના ઉમેદવાર તરીકે કૉંગ્રેસની સામે ઉભા રહ્યા છે અને સમાજવાદી પક્ષ સાથે પોતાના પક્ષનું ચુંટણીમાં એક-એકને મદદરૂપ થવાની સમજુતીવાળું તેમણે જોડાણ કર્યું છે. રાષ્ટ્રને આઝાદી પ્રાપ્ત થયા પહેલાનો છેલ્લા વીશ વર્ષનો ઇતિહાસ યાદ કરીએ છીએ. ત્યારે હિંદુસમાજના એક કટ્ટર વિરોધી તરીકેનું તેમનું જાહેર જીવન અને તે કટ્ટરતામાં તેમણે રાષ્ટ્રના આઝાદી વિરોધી તત્ત્વોને આપેલો સાથ આ બધું એકાએક યાદ આવે છે. એ વર્ષો દરમિયાન હિંદની એકતા અને આઝાદીના વિરોધી આગેવાનો તરીકે બે વ્યક્તિઓ સૌથી આગળ તરી આવે છે. એક સ્વ. કાયદેઆઝમ ઝીણા અને બીજા ડૉ. આંબેડકર. હરિજનોના ઉદ્ધાર અર્થે ગાંધીજીએ જે ભગીરથ કાર્ય કર્યું છે તે વિષે એમનો મત હોઇ શકે જ નહિ. આમ છતાં ડૉ. આંબેડકરે હંમેશાં ગાંધીજીના વિરોધમાં જ રહીને કાર્ય કર્યું હતું. બે વચ્ચે મોટો મતભેદ હરિજનો અને હિંદુસમાજના પરસ્પર સંબંધ પરત્વે હતો. ડૉ. આંબેડકર હરિજનોની કોમને હિંદુસમાજથી એક સ્વતંત્ર અને અલગ કોમ તરીકે લેખાવવા અને તે રીતે તે કોમ માટે અલગ હકકો અને અધિકારો મેળવવા મથતા હતા. ગાંધીજીને માટે આવા અલગપણાની કલ્પના અસહ્ય હતી અને એના સ્વીકારમાં ઉભયને પારવિનાનો હાનિ થવાનો સંભવ હોવાનું તેઓ માનતા હતા. આ જ કારણે ૧૯૩૨ માં તેમણે જેલવાસ દરમિયાન એ વખતના ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન રામસે મેકૉનલ્ડે આપેલા હિંદને લગતા કોમી ચુકાદા સામે અનિયત મુદતના ઉપવાસ કર્યા હતા અને એ ચુકાદામાં હરિજનો માટેના અલગ મતદારમંડળો આખરે તેમણે રદ કરાવ્યા હતા. આ હેતુ સિધ્ધ કરવા માટે ડૉ. આંબેડકરને સમજાવવા જતાં ગાંધીજીના પગે પાણી આવ્યા હતા અને અલગ મતદારમંડળો રદ કરાવવા માટે ડૉ. આંબેડકરની કેટલીક હલકાહારની માંગણીઓ તેમને મંજુર કરવી પડી હતી.

આમ ગાંધીજી સાથે એક વાર સમાધાની થયા છતાં ડૉ. આંબેડકરનું વલણ હંમેશા વક્ર અને વિચિત્ર જ રહ્યું હતું અને એક વાર સ્વ. ઝીણાની પ્રેરણા નીચે બધા હરિજનોએ ઇસ્લામ ધર્મ અંગીકાર કરવાની ભલામણ કરવા સુધીની હદ પર્યન્ત પણ તેઓ ગયા હતા. પાછળથી વળી તેઓ બૌધ્ધ ધર્મ તરફ ઢળ્યા હતા અને તે વલણ તો આજે પણ લગભગ ચાલુ રહ્યું હોય એમ લાગે છે.

બીજી બાજુએ કાયદાના વિષયમાં તેઓ ભારે કુશળ પુરુષ હતા અને અનેક વિષયોના જાણકાર અભ્યાસી વિદ્વાન તરીકે તેમણે બહુ સારી ખ્યાતિ મેળવી હતી. ૧૯૪૭ માં દેશને આઝાદી મળી અને કૉંગ્રેસ રાજ્યસત્તા ઉપર આવી ત્યારે ભૂતકાળના બધા કડવા અનુભવો ભૂલી જઈને આખરે એક શકિતશાળી વ્યકિતનો દેશને પુરો લાભ મળે અને પછાત વર્ગોને પ્રતિનિધિત્વ મળે એ હેતુથી તેમને કૉંગ્રેસ સરકારે પોતાના પ્રધાનમંડળમાં સ્થાન આપ્યું અને કાયદાનું ખાતું તેમને સોંપવામાં આવ્યું. હિંદનું નવું બંધારણ તેમના હાથે ઘડાયું અને વિધાન સભામાં તે બંધારણ તેમણે ભારે કુશળતાપૂર્વક પસાર કરાવ્યું. આ કારણે હિંદના નવા બંધારણ સાથે તેમનું નામ ચિરકાળ જોડાયેલું રહેશે. આવી જ રીતે હિંદુકોડ બીલ પણ તેમના જ હાથે ઘડાયું અને મધ્યવર્તી ધારાસભામાં રજુ થયું. પણ ધારાસભાના કેટલાક સભ્યોના તેમજ પ્રજાના કેટલાક વર્ગોના સ્થિતિચુસ્ત જુનવાણી વલણને લીધે તે બીલ પસાર થઇ ન શકયું. નહિ તો હિંદુસમાજના એક કટ્ટર વિરોધીએ હિંદુસમાજને માટે નવી સ્મૃતિ નિર્માણ કરી આપી એવી એક વિચિત્ર કહાણી ઇતિહાસના પાને નોંધાઈ જાત.

થોડા વખત પહેલાં તેમણે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું છે અને એ પ્રસંગને અંગે તેમણે કરેલાં નિવેદનોએ જાહેર જનતામાં ભારે આશ્ચર્ય પેદા કર્યું છે. કૉંગ્રેસે હરિજનો વગેરે પછાત વર્ગો માટે કરવું જોઇતું ઘણું નથી કર્યું અને કૉંગ્રેસના હાથે તેને જરા પણ ન્યાય આપવામાં આવ્યો નથી—આવો તેમણે પોતે જે મંત્રીમંડળના છેલ્લા ચાર વર્ષથી અંગભૂત સભ્ય હતા તેની ઉપર આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત કાશ્મીર સંબંધિની તેમજ પરદેશને લગતી કૉંગ્રેસ સરકારની આજ સુધી અખત્યાર કરવામાં આવેલી નીતિનો વિરોધ કરતાં કાશ્મીરના બે ભાગલા કરવાની અને અમેરિકા સાથે ગાઢ મૈત્રીભર્યું વલણ અખત્યાર કરવાની તેમણે ભલામણ કરી છે. પ્રધાનમંડળની એક અંગભૂત વ્યકિત તરીકે કૉંગ્રેસ સરકારની કાશ્મીર કે પરદેશને લગતી જે કાંઈ નીતિ હોય તે માટે અન્ય સાથીદારો માફક ડૉ. આંબેડકરની પણ એટલી જ જવાબદારી લેખાય. અને સ્વીકૃત નીતિ પોતાને સંમત ન હોય તો મહાઅમાત્ય સાથે આ બાબતનો ચોખવટ કરીને કેટલાય વખત પહેલાં તેમણે રાજીનામું આપવું જોઇતું હતું. તેમ છતાં ચાર વર્ષ સુધી તેમણે એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો અને હવે કૉંગ્રેસ સામે વિપક્ષ વૃત્તિ સ્વીકારીને કૉંગ્રેસ સરકારને ફાવે તેમ તેમણે વખોડવા માંડી છે એ ભારે દુઃખદ છે.

આજે તેઓ પછાત વર્ગના ફેડરેશનના નેતા છે અને તેમના નેતૃત્વ નીચે કેવળ કોમી ભાવનાને ઉત્તેજના મળી રહી છે. કૉંગ્રેસ સરકારમાં જોડાયા પહેલાં પણ ડૉ. આંબેડકરે કટ્ટર કોમી માનસનો આપણને બહુ કડવો પરિચય કરાવ્યો હતો અને આજે પણ એ જ માનસ તેઓ વ્યકત કરી રહ્યા છે અને પોતાની હકુમત નીચેના સંપ્રદાયને એ જ પ્રકારનો રંગ આપી રહેલ છે. દલિત વર્ગનો ઉધ્ધાર કરવો જોઇએ, તેને બીજી કોમો કરતાં વધારે સગવડો આપીને પણ આગળ લાવવી જોઇએ એ વિષે બે મત છે જ નહિ. પણ તેનો નેતા એવો હોવો જોઇએ કે જે પોતાની વિચારણા અને વળણમાં રાષ્ટ્રના સમગ્ર હિતને પ્રાધાન્ય આપીને જ પોતાની કોમને દોરવણી આપતો હોય. એમ જો ન હોય તો આવી નેતાગીરી નીચેનાં પછાત વર્ગોનાં ફીડરેશનમાં, હિંદુ મહાસભામાં અને મોસ્લેમ લીગમાં પછી કાંઇ મહત્વનો ફરક રહેતો નથી. આ બધી સંસ્થાઓના પાયામાં એક જ સૂત્ર હોય છે અને તે એ કે "મારી કોમ, મારો ધર્મ, મારો મઝહબ પહેલો અને મારો દેશ પછી". અને આ સૂત્રે અને આ મનોદશાએ દેશને આજ સુધી "પારાવાર નુકસાન કર્યું છે અને ભલે અંગ્રેજી હકુમત ગઈ એમ છતાં પણ આ સૂત્ર જ્યાં સુધી આપણી પ્રજાના મહત્વના વર્ગોને પ્રેરણા આપતું રહેશે ત્યાં સુધી રાષ્ટ્રનું ભાવી ચાલુ જોખમાયલું રહેવાનું છે.

સમાજવાદી પક્ષ અને ડૉ. આંબેડકર
એક વર્ણાન્તર લગ્ન

ઉપર જેનું વિગતવાર વર્ણન કર્યું તેવા ડૉ. આંબેડકરની નેતાગીરી નીચે કામ કરતાં પછાત વર્ગોના ફીડરેશન સાથે સમાજવાદી પક્ષે આગામી ચુંટણીને લક્ષ્યમાં રાખીને જે જોડાણ કર્યું છે તેથી ચોતરફ ભારે આશ્ચર્ય પેદા થયું છે. જેમ કૉંગ્રેસની અમુક વિચાર-સરણિ છે તેવી જ રીતે સમાજવાદી પક્ષની પણ ચોકકસ પ્રકારની જુદી પડતી વિચારસરણિ છે. બન્ને પક્ષોએ પોતપોતાની વિચારસરણી જાહેરનામાદ્વારા દેશ સમક્ષ રજુ કરી છે અને પોતપોતાના ઉમેદવારોને પણ એ ધોરણ ઉપર આગળ ધર્યા છે. પ્રત્યેક પક્ષની વિચાર-સરણી, ઉમેદવારોની યોગ્યાયોગ્યતા, પક્ષનું વહીવટી સામર્થ્ય કે કમજોરી—આ બધું ધ્યાનમાં લઇને પ્રજાજનોએ જે પક્ષને રાજ્યશાસનની જવાબદારી સોંપવી હોય તેને ભલે સોંપે. પણ જ્યારે કોઈ પણ પક્ષ ચુંટણીજંગમાં વધારે મતો મેળવવાના હેતુથી આજ સુધી જે બાબતને સંમત કરી હોય અથવા તો જે વિષે મૌન સેવ્યું હોય તે વિષયના સંબંધમાં તદ્દન પ્રતિકુળ વિધાન કરે, જે બાબત પોતાની નિશ્ચિત વિચારસરણિમાં કોઇ પણ રીતે બંધ બેસતી ન હોય તે બાબત પોતાની વિચારસરણિમાં અન્તર્ગત છે એમ જણાવે, જે

વર્ગના નેતાના વલણ અને વિચારો સાથે મેળ હોવાનો સંભવ ન હોય તેની સાથે મેળ મેળવીને દોસ્તી બાંધે ત્યારે એ પક્ષને આ રીતે ઉતરતો જતો જોઈને અને ન સમજાય એવી બાંધછોડ કરતો જોઈને આપણને ભારે આશ્ચર્ય થાય તેમ જ દુઃખ પણ થાય. થોડા વખત પહેલાં સમાજવાદી પક્ષના નેતા શ્રી જયપ્રકાશ નારાયણે એ મતલબનું જણાવેલું કે ગાંધીજીની સર્વોદય વિચારસરણી સમાજવાદને માન્ય છે એ વિધાન સાંભળીને કયાં કાર્લ માર્કસ અને કયાં ગાંધીજી એમ ઘણાના મોંઢામાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળી પડે એ સ્વાભાવિક છે. હજુ થોડા સમય પહેલાં શ્રી. અશોક મહેતાએ કોઈ એક નિવેદનમાં અથવા તો પ્રચારપ્રવચનમાં જણાવેલું કે સમાજવાદી પક્ષ જો સત્તા ઉપર આવશે તો પ્રોહીબીશન-મદ્યનિષેધ-ના કાયદાને પહેલી તકે તિલાંજલિ આપશે. આ વિધાન પણ ભારે આશ્ચર્યજનક લાગે છે. આજ સુધી મદ્યનિષેધના વિરોધમાં તેમને કશું કહેવાનું નહોતું, અને ચુંટણીમાં લોકોનો મત મેળવવાનો પ્રસંગ આવ્યો કે એકદમ મદ્યનિષેધનો વિરોધ કરવાનું તેમને સુઝી આવ્યું ! આવી જ રીતે ડો. આંબેડકર સાથે સમાજવાદે સાધેલી મૈત્રી ન સમજી શકાય તેવી એક ઘટના છે. ક્યાં ડો. આંબેડકરનું ક્રાંતિકારી માનસ અને ક્યાં સમાજવાદની બીનક્રાંતિકારી વિચારસરણી? વળી કોંગ્રેસ સરકારની કાશ્મીરની નીતિને તો સમાજવાદી પક્ષ હંમેશ ટેકો આપતો જ આવ્યો છે અને વિદેશનીતિમાં પણ કોંગ્રેસ સરકાર જ્યાં ઉભી છે ત્યાંથી બે ડગલા આગળ જઈને તટસ્થ નીતિ ધરાવતા દેશોનું સંગઠન સાધવાનો સમાજવાદી પક્ષ આગ્રહ કરે છે અને કોઈ પણ સંયોગમાં અમેરિકાની સોડમાં ભરાઈ બેસવાની નીતિનો તેણે કદિ હિમાયત કરી જ નથી. આમ છતાં પણ સમાજવાદી પક્ષે ડો. આંબેડકર નિયંત્રિત પછાત વર્ગોના ફીડરેશન સાથે આજે મૈત્રી સાધી છે. આ બધા પાછળ પોતાનો ઉમેદવારો માટે અને તેટલા વધારે મતો મેળવવા સિવાય બીજી કોઈ વૃત્તિનું અનુમાન થતું નથી. અને જો આ અનુમાન સાચું હોય તો તે સમાજવાદી પક્ષની પ્રતિભાને ખરેખર ભારે હીણપત પહોંચાડે તેવું છે. આ રીતે મેળવાયલા વધુ મતો અને ચુંટાયલા થોડા વધુ ઉમેદવારોથી થતા લાભ કરતાં પ્રતિભાહાનિ લાંબી દૃષ્ટિએ ઘણી વધારે નુકસાન-કર્તા છે એ સમાજવાદી પક્ષના આગેવાનોએ સમજી લેવું જોઈએ. થોડા વખત માટે લોકમાનસને કોઈ પણ પક્ષ છેતરી શકે છે પણ આખરે દરેક પક્ષનું મૂલ્યાંકન હૈયાઉકલતથી લોકમાનસ કરી લે છે.

પરમાનંદ

જીવન અને મૃત્યુ

આ વિષય એટલો તો ગહન અને ફીલ્સુફીભર્યો છે કે તેના ઉપર કશું પણ લખતાં જરૂર સંકોચ થાય. એમાં ડુબકી મારવાનું મારું તો શું ગજું; છતાં, કેટલાક વખત પહેલાં મારા એક નિકટના મિત્ર જોડે તેમના લેખો ને ભાષણો વિષે વાતચિત થતી હતી તેની મારા મગજ ઉપર સારી એવી ઉંડી અસર થયેલી. મારી ટેવ મુજબ તે રાત્રે એ સંસ્મરણો મેં મારી અંગત નોંધપોથી (લેખોની-વિચારોની) માં ટપકાવી લીધેલાં. તેમાંથી કેટલાક હું અત્રે ટાંકું છું. મારા એ મિત્રને પણ તેથી આનંદ જ થશે તેવી મારી પૂરી ખાત્રી છે.

કોઈ વખત એવું નથી લાગતું—જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ કે "પ્રભુ ! ઉંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈજા....." —કે રખેને એ પ્રાર્થના આવી પડશે તો ? આપણને જવું ગમશે ખરું ? આપણે શું તે માટે ખરેખર તૈયાર છીએ ?

આપણને આ જ જીવન ગમે છે, પેલેપારનું નથી ગમતું—આપણને ખબર પણ નથી કે પેલેપ્રાર શું છે. ક્ષણજીવીને ક્ષણિક સુખ જ આનંદદાયી લાગે છે. ચિરંતન સુખની ઝાંખી કયાં થઈ છે ? ત્યાં સુધી તો એમજ થાય છે કે મા પુત્રને બોલાવી રહી હોય અને પુત્ર કહે "આવું છું, મા ! મારી રમત અધુરી છે. હજુ પુરી નથી થઈ. આ એક જ દાવ અને હું આવ્યો સમજજે. એટલી રાહ નહિ જોવે, મારી વાલી મા ? મને બહુ વાર નહિ લાગે હોં !" આપણે પણ પ્રભુને એમ જ કહીશું ને ? જો એ શક્તિ ખરેખર પ્રગટ થાય અને કહે કે "ચાલ તને લેવા આવ્યો છું !" તો ? એ આપણી રાહ જોશે ? ક્યાં સુધી ?

આખરે તો મૃત્યુ એ જ સત્ય છે. મૃત્યુ એ જ કુદરતી છે. જીવન અકુદરતી અને કૃત્રિમ છે. આપણે દીનપ્રતિદીન મૃત્યુ સમીપ જ કુચ કરી રહ્યાં છીએ. તેને પામવાને તૈયાર થવું—કટિબધ્ધ થવું જ ઘટે. તેને રાહ ન જોવડાવાય. તે રાહ જોવે પણ નહિ ! એક ઘડી પણ નહિ ! તેમાં દુઃખ નથી, સુખ છે—જો તેનું ઉંડા ધ્યાનપૂર્વક ચિંતન કરીયે તો.

મેઘધનુષ્યના રંગો ઘડી બે ઘડી માટે જ જોવામાં આવે છે. છતાં કેવાં આલ્હાદક લાગે છે ! તેવી જ રીતે જીવનનું છે. જીવનમાં માત્ર સુખ જ હોય તો ગમે ખરું ? એ પણ આકરું અકારું નહિ લાગે ? જેમ, રાત્રી વિનાનો દિવસ હોય તો ? તેવી જ રીતે, મૃત્યુ વિના જીવનની કિંમત પણ શું અને આનંદ પણ શું ? તેથી જ સ્વર્ગલોક કે મોક્ષમાં જવા કરતાં મૃત્યુલોકમાં જ રહેવાનું મન થાય છે ને ! જ્યાં સુધી નિર્માણ હોય ત્યાં સુધી.

જીવન ક્ષણિક છે. મૃત્યુ અનંત છે. એકમાં આનંદ નથી છતાં લાગે છે; બીજામાં છે છતાં નથી લાગતો.

કેવી છે આ જગતની માયા ! વાહ, પ્રભુ, વાહ ! તું પણ કમાલ છે, હોં !

ધીરૂભાઈ કાપડિયા

બળ્બનસિંહ અને રામસુરત

(ડૉ. રાજેન્દ્રપ્રસાદની 'મારી જીવનકથા'માંથી સાભાર ઉધ્ધૃત)

અહિં એક બીજો બનાવ પણ જણાવી દેવો અયોગ્ય નહિ ગણાય. ખાદીનું કામ કરનારાઓમાં શ્રી બળ્બનસિંહ કરીને એક યુવક હતા. સારન જિલ્લાના ગોપાલગંજ પરગણાના કેશવલિયા ગામના તેઓ રહીશ હતા. તે બહુ ભાવનાશાળી હતા. તેઓ મુખત્યાર કામની પરિક્ષા માટે તૈયારી કરી રહ્યા હતા. પણ દેશનું આહ્વાન સાંભળીને પરીક્ષાનો વિચાર જતો કરી તેઓ ખાદીના કામમાં લાગી ગયા હતા. ઘરના તવંગર ન હતા. તેમની આવક ઘણી ઓછી હતી. પોતાને ઘરચે એમણે ખાદી અને રેંટીયાનો પ્રચાર આરંભ્યો. પોતાની જમીન તથા પત્નીનાં ઘરેણાં પણ એમણે વેચી નાંખ્યાં. એટલું કર્યા પછી એમણે ખાદીબોર્ડને પોતાની સ્થિતિ જણાવી. એ બોર્ડ તરફથી એમને મદદ આપવાનું નક્કી થયું. એટલામાં તેઓ માંદા પડયા. એમનામાં ચિત્તભ્રમના ચિહ્ન દેખાવા લાગ્યાં. તેઓ વારે વારે કહેતા કે "મને સાપ કરડવાનો છે." આખો વખત રેંટિયાનાં અને ખાદીના ગીત ગાયા કરતા. કેટલીક વાર ગુસ્સે પણ ભરાતા. એટલે લોકોએ એમને એક ઘરમાં પૂરી રાખ્યા હતા. એક દિવસ રાત્રે તેઓ બૂમાબૂમ કરીને કહેવા લાગ્યા કે, સર્પ આવી પહોંચ્યો છે અને હું એની સાથે લડી રહ્યો છું. શરૂઆતમાં લોકોએ એને ગાંડપણનો બકવાદ માન્યો. પણ જ્યારે લોકોએ જઈને જોયું તો ખરેખર એક ઘણું વર્ણું ઝેરી સાપને એમના હાથમાં ઝાલી રાખેલો દીઠો. એ સાપ એમને ઘણી જગ્યાએ કરડયો હતો. એમણે સાપને મારી નાંખ્યો, પણ તેઓ પોતે એના ઝેરને લીધે થોડી વાર પછી મરી ગયાં.

શ્રી બળ્બનસિંહની સ્ત્રીએ એમની માંદગીના પહેલા દિવસથી અન્ન લેવાનું છોડી દીધું હતું. જ્યારે ચોવીસમે દિવસે તેઓ ગુજરી ગયા ત્યારે તેણે નાહીધોઈને સતી થવાની ઇચ્છા જાહેર કરી. લોકોએ તેને સતી ન થવા દીધી. બળ્બનસિંહના શબને અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. તેમની પત્નીએ પાછળ જવા બહુ પ્રયત્ન કર્યો પણ લોકોએ તેને જબરજસ્તીથી ઘરમાં પૂરી દીધી. એ વખતે એ શાંત થઈ ગઈ ત્યારથી એ ચૂપ થઈને પોતાના ઘરના એક બૂબ અંધારા ખૂણામાં રહેવા લાગી. એ ખૂણામાં થોડુક રૂ અને ખાદી રાખેલાં હતાં. ત્રણચાર દિવસ પછી એક રાત્રે તે પોતાના ઓરડામાં સૂતા ગઈ. બળ્બનસિંહના બે ભાઈઓ બહારના ઓરડામાં સૂતા હતા. કોઈને કશો વહેમ પડ્યો ન હતો. સવારે એ ન ઉઠી ત્યારે લોકોને વહેમ ગયો. લોકોએ ઓરડીમાં જઈને જોયું તો જણાયું કે રામસુરત (એ બાઈનું નામ) એક હાથમાં ગીતા લઈને તથા બીજા હાથનો ટેકો દઈને બેઠી છે. હાથ અડાડીને શરીર તપાસતાં જણાયું કે પગના અંગુઠાથી માંડીને છાતી સુધીનું શરીર બળીને ભસ્મ થઈ ગયેલું અને બાકીનો ભાગ જેમનો તેમ છે. વાંસા પર લટકતા લાંબા વાળ થોડા બળી ગયા હતા, પણ આંખોની પાપણ ઉપર બળ્યાનું કશું નિશાન ન હતું. એના શરીર પાસે બંને બાજુએ ત્રણ ચાર ફૂટના જ અંતરે ખાદી અને રૂ જેમના તેમ પડયાં હતાં ! ઘરમાં બાળવાનાં થોડાંક લાકડાં પડયાં હતાં તે અદૃશ્ય થયાં હતા; પણ તે એના શરીરને બાળીને રાખ કરી શકવાને પૂરતાં નહોતાં. એ રીતે એ દેવીએ પોતાના સતીત્વનો પરચો આપીને પોતાનો દેહ છોડયો. આ બનાવની ખબર મળતાં હું ત્યાં ગયો. ત્યાંના લોકોએ જે વાતો જણાવી તે મેં છાપામાં આપી. બનાવ વિચિત્ર હતો. એમાં કાંઈક ચમત્કાર પણ જરૂર હતો. ઘણા માણસો એ સ્થાનનાં દર્શન કરવા આવ્યા હતા. મેં પોતે પણ એના ઘરવાળાઓને આશ્વાસન આપ્યું અને એ સાધ્વીનું સ્થાનક જોઈને ધન્ય થયો.

બાબુ રાજેન્દ્રપ્રસાદ

આ તે કેવી સંકીર્ણતા ?

(ગઇ ગોકુલઅષ્ટમીના તહેવાર ઉપર શ્રીકૃષ્ણજન્મજયન્તીના પ્રસંગે કાઢવામાં આવનાર વરઘોડામાં અંધેરીના જૈન સંઘના વહીવટકર્તાઓએ સંઘની માલેકીના ચાંદીના રથ વાપરવા આપવાની મંજુરી આપેલી પણ ત્યારપછી ત્યાં ચોમાસુ કરી રહેલ સાધુઓ તેમ જ કેટલાક સ્થિતિચુસ્ત શ્રાવકોના દબાણને વશ થઈને એ મંજુરી પાછી ખેંચી લેવામાં આવી હતી. એ ઘટના સંબંધમાં શ્રી. રતિલાલ મફાભાઇ શાહનું એક ચર્ચાપત્ર મળ્યું છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે.

તંત્રી)

શ્રી પ્રબુધ્ધ જૈનના તંત્રી મહાશય જોગ,

'પ્રબુધ્ધ જૈન'ના દરેક અંકમાં અંધેરી–રથપ્રકરણ ઉપર પ્રકાશ પાથરતી આપની તેજસ્વી લેખિનીના પુણ્યપ્રકોપ જોવા આંખો મંડાયેલી રહેતી પણ એ સંબંધી કશું જ લખાણ નહી આવવાથી હવે માની લઉં છું કે એ પ્રકરણ પર કાં તો સંતોષકારક સમાધાન થઇ પડદો પડયો હશે, યા તો બનેલી કહેવાતી એ ઘટના કોઇ જુદા સ્વરૂપે રજૂ થઇ હશે. મૂળમાં શું વાત હતી એ તો હું જાણતો નથી પણ જે રીતે એ બહાર આવી છે એ જોતાં આવી કોઇ ઘટના બની હોય તોય તે બનવી અસંભવિત નથી, કારણકે મધ્યયુગી ધર્મવિદ્વેષ, સાંપ્રદાયિક અભિનિવેષતા અને ઉચ્ચતાની માંદલી મનોવૃત્તિ જેવા માનસિક વ્યાધિઓમાંથી હજુ આપણે પૂર્ણપણે મુકત થઇ શકયા નથી. શ્રેષ્ઠતાના કલ્પિત વાતાવરણમાં આપણે એવા ઘેરાઈ ગયા છીએ કે બંધિયાર પાણીની જેમ અલગતાવાદ ઉભો કરી આપણે ધર્મને પણ દૂષિત બનાવી દીધો છે. હિંસા–અહિંસાની સૂક્ષ્મ ચર્ચાઓ આપણે કરી શકીએ છીએ, છકાયના જીવોની રક્ષાનો પ્રશ્ન હાથ ધરી શકીએ છીએ તેમજ એને મળતી એવી કેટલીયે આચારવિષયક નાની નાની વાતોને આગ્રહપૂર્વક વળગી રહીએ છીએ, છતાં બીજી બાજુ અહિંસાની ભાવનાનો આપણે બહુ જ ઓછો સ્પર્શ કરી શકયા છીએ. આપણી અહિંસા કેવળ દ્રવ્યહિંસા ન કરવારૂપ નિષેધાત્મક અહિંસા પુરતી જ મર્યાદિત બની રહી છે. એથી વિધેયાત્મક અહિંસાની ભાવનારૂપ જે હૃદયઔદાર્ય, પ્રેમ, સહિષ્ણુતા, આદરબુદ્ધિ, સહાનુભૂતિ, આત્મીયતા આદિ ગુણો વિકસવા જોઇએ એ આપણામાં વિકસ્યા નથી અને તેથી અહિંસાનું જે તેજ પ્રગટવું જોઇએ એ આપણે પ્રગટાવી શકયા નથી. વિશ્વકલ્યાણ, ભાતૃભાવ, તથા સમદૃષ્ટિરૂપ અહિંસાની વિધેય બાજુને આમ નહી સમજવાના કારણે આપણે પડોશીધર્મ કે સમાજધર્મ પણ સમજી શકયા નથી. ધર્મહીન મનાતા નિકૃષ્ટ કોટિના માણસો પણ જ્યારે આપ–લે–નો વ્યવહાર સમજે છે અને પાળે છે ત્યારે આપણે તો એ વ્યવહાર પણ ભૂલ્યા છીએ.

આપણો ધર્મ શ્રેષ્ઠ છે–મહાવીર લોકોત્તર વીતરાગ પુરૂષ છે એની ના નથી. પણ એની શ્રેષ્ઠતા તો એના સિધ્ધાંતો અને ઉપદેશોને વ્યવહાર્ય બનાવવાથી જ સિધ્ધ થઇ શકે, બીજાથી અભડાવાથી, કે બીજાને હલકા માનવાથી નહિ. જે બીજાઓ પ્રત્યે શુભ વ્યવહાર રાખે છે એ બીજાઓમાં પોતાના ધર્મ વિષે આદરબુધ્ધિ પેદા કરે છે, પણ એથી ઉલટું જે અન્યોનાં દેવ કે ધર્મને ઉતરતા માનવાનું મનોમાલિન્ય ધરાવે છે એ અન્યોમાં પોતાના ધર્મ વિષે કડવાશ, અનાદરપણું અને દ્વેષવૃત્તિને જન્મ આપે છે. પણ આપણામાં બીજાથી વડિયાતાપણાનું એવું વિકૃત ભૂત ભરાયું છે કે આપણે આવી સીધી સાદી વાત પણ સમજી શકતા નથી. આપણા મંદિર–ઉપાશ્રય કે ધર્મશાળામાં ભાગ્યે જ કોઈ જૈનેતર સન્યાસી–બાવા કે ગૃહસ્થને આશ્રય મળ્યો હશે, છતાં બીજી બાજુ હસ્તિના તાડ્યમાનોઽપિ ન ગચ્છે જૈનમંદિરમ્' નો વારસો મળવા છતાં હિન્દુઓ જે. ઉદારતાથી, વિહારયાત્રા દરમ્યાન આપણા સેંકડો જૈન સાધુઓને પોતાના મઠ–મંદિર કે શિવાલયોમાં પ્રેમભર્યો આવકાર આપી આશ્રય આપે છે; એ જોઇએછીએ ત્યારે આપણી હલકી મનોવૃત્તિ માટે ખરેખર આપણને ખેદ અને શરમ જ ઉપજે છે.

પૂજ્ય આચાર્યો કે મુનિવરો એમના કલ્પિત સ્વર્ગમાં રાચે છે, આલિશાન મહેલાતો જેવા ઉપાશ્રયોમાં વસે છે તેમજ જોઇતી સામગ્રી–વસ્તુઓ એમને સહેજે જ મળી રહે છે એથી એમને વ્યવહારનું ભાન ન હોય. પણ બુધ્ધિશાળી વ્યવહારકુશળ ગણાતા શ્રાવકો પણ આજે એમની પાછળ વ્યવહારધર્મ ભૂલ્યા છે એ સમાજને માટે એક ભારે ચિંતાનો વિષય ગણાય. આપ–લે–નો વ્યવહાર એ તો આપણા રોજીંદા જીવન–વ્યવહારની વાત છે. એમાં સાધુઓની ડખલ ન હોય. હોય તો એમને સાફ સંભળાવી દેવાની હિંમત હોવી જોઇએ–પણ તે રાગદ્વેષને કારણે નહિ પણ સમાજ–શાસન હિતને લક્ષમાં રાખીને. અને એ અપ્રસ્તુત પણ નથી. અને સાધુઓએ પણ વિચારવું જોઇએ કે કેવળ ધર્મના ગૌરવઘેનમાં મસ્ત રહી ધર્મની બડાઇ હાંકયે ધર્મનો ઉધ્ધાર થવાનો નથી પણ જે આપસઆપસનો સદ્‌ભાવભર્યો વ્યવહાર આપણા પૂર્વજોએ શિખવ્યો છે એના પાલનથી જ અન્યોના દિલમાં સ્થાન મેળવી આપણા ધર્મ પ્રત્યે તેમનામાં આદરબુધ્ધિ પેદા કરી શકીશું. બાકી અંધેરીમાં જે બન્યું તે પ્રકારની રીતભાતથી સમગ્ર હિંદુ જનતા પર કેવી બુરી અસર પડે એનો એમણે વિચાર કરવો જોઇતો હતો. જો કે વિશાળ હિંદુજનતાએ આને સ્થાનિક અંગત પ્રશ્ન માની એ પર લક્ષ જ આપ્યું નથી. પણ એથી ભવિષ્યમાં આવા બનાવો ન બને એ માટે આપણે ખૂબ જ જાગૃત બનવું પડશે.

સીધા સાદા વ્યવહારની વાત તો એ હતી કે રથ આપવામાં કશો દોષ નહોતો, છતાં એકરાગતા નહોતી તો રથ નહોતો આપવો જોઇતો. પણ આપ્યા પછી પાછો લેવો એમાં તો નથી વ્યવહારૂતા–નથી વચનપાલન કે નથી પ્રતિષ્ઠા. જો આપ્યો તો આપી જાણવો હતો. ઘરનો ઝગડો ઘરમાં પતવવો હતો પણ આટલો ભવાડો થવા જેટલી હદે નહોતું જવું જોઇતું.

અને જે રથ પર વીતરાગની મૂર્તિ સ્થાપિત કરવામાં આવતી હોય, તે રથ પર શ્રીકૃષ્ણપ્રભુની મૂર્તિ સ્થાપિત કરવામાં અધર્મ છે એવા ગાંડપણભરેલા ખ્યાલ માટે તો શું કહેવું ? છેવટે તો બન્ને દેવોની મૂર્તિઓ એ પત્થર કે ધાતુના ટુકડા સિવાય કશું જ નહોતી. ધાતુ કે પત્થર ઉપર જે કંઈ જૂદા જૂદા પ્રતિકોની સ્થાપના કરવામાં આવે છે એની પાછળ એક માત્ર પૂજ્યતાની પવિત્ર ભાવના જ પડેલી હોઇ એક સમાજની પવિત્ર ભાવનાનો વિરોધ કરવો એ પવિત્ર ભાવનાનું જ ખુન કરવા બરોબર હોઇ અધર્મ વિચાર છે.

જે શ્રીકૃષ્ણે અત્યંત ગરીબ એવા સુદામાને પોતાના સિંહાસને બેસાડી એનું પૂજન કર્યું. અને એ રીતે જેમણે નમ્રતા, ઉદારતા અને આત્મીયતાનો ઉત્તમ દાખલો જગતને પુરો પાડયો છે એ ભવ્ય પુરૂષની મૂર્તિને એક રથ પર સ્થાપિત કરવા દેવા જેટલીયે ઉદારતા જો આપણામાં નથી તો આપણે કયા મોઢે ધર્મની શ્રેષ્ઠતાની વાત કરી શકીએ ? પણ મૂળ વાત એ છે કે આપણામાં રહેલા વિદ્વેષ, સંકુચિતતા અને મનોમાલિન્યના આંતરભાવોનું જ આપણે પ્રદર્શન કર્યું છે અને એ રીતે આપણે પોતે જ આપણા ધર્મની હાંસી કરાવી ઠેકડી ઉડાડી છે. છતાં થયું તે થયું માની ફરી ભૂલ ન કરવા જેટલા જાગૃત થઇએ તોય હજુ ઘણું છે.'

આપનો,

રતિલાલ મફાભાઈ શાહ

આચાર્ય નરેન્દ્રદેવનું શિક્ષણવિષયક પ્રવચન

(ગતાંકથી ચાલુ)

વિજ્ઞાનનો ઉપયોગ આજે બન્ને રીતે થાય છે; કલ્યાણ માટે તેમ જ પરસ્પરનો વિનાશ નોતરતા વિકરાળ શસ્ત્રો બનાવવા માટે. પણ, આધુનિક સમાજમાં વિજ્ઞાનનો ઉપયોગ જનસમાજનાં વિચાર અને વર્તનને માનસશાસ્ત્રીય કાર્યપદ્ધતિદ્વારા પોતાના દુષ્ટ હેતુને અનુકૂળ કરવા માટે પણ થાય છે. આ બધું બને છે તેનું કારણ પ્રજામાં કોઇ પણ એક નિશ્ચિત પ્રકારના સામાજિક અને નૈતિક મૂલ્યોમાં શ્રધ્ધા નથી તેમજ એ મૂલ્યોને પિછાણવાની શક્તિ નથી. સત્તાના મદે આપણી ચેતનાને ઝાંખપ લગાડી છે. આપણે સાધનોની શુદ્ધતા ન તપાસતાં, સાધ્ય મેળવવા ગમે તેવા માર્ગો ગ્રહણ કરીએ છીએ. પછી ભલે ને તે અશુદ્ધ અને અયોગ્ય હોય. જ્યારથી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા ઓસરતી ગઈ છે અને તેની જગ્યાએ કંઇ પણ નવું સ્થાપિત કર્યા વિના જૂની રૂઢિઓ અને માન્યતાઓ વિસરાતી ગઈ છે ત્યારથી પ્રજાના મોટા વર્ગમાં નીતિશૂન્યતા વ્યાપક બનતી ગઇ છે. જીવનં પ્રત્યેનું આવું અભાવાત્મક વલણ ખરેખર વિનાશકારી છે અને જો આ વલણ સુધારવામાં નહિ આવે અને જગતના કલ્યાણકારી સામાજિક અને આધ્યાત્મિક આદર્શોને જીવનમાં કેન્દ્રવર્તી બનાવવામાં નહિ આવે તો દુનિયા પર નિરાશા છવાઇ જશે. વિજ્ઞાનશાસ્ત્રીઓ, રાજદ્વારી પુરુષો કે મુત્સદ્દીઓ સમાજને જવાબદાર રહેવું જ જોઇએ અને સમાજનું શ્રેય સાધે એવા આદર્શોના અજવાળે પોતાના કાર્યોને તપાસવા જોઇએ. કેટલાંક સામાજિક સત્યોની મૂલ્યવત્તા શાશ્વત હોય છે અને એ મૂલ્યવત્તાની ઉપયોગિતાનું પ્રતિપાદન માનવ ઇતિહાસમાં વારંવાર કરવામાં આવે છે. કેટલાંક સત્યોની મૂલ્યવત્તા પરિસ્થિતિ પ્રમાણે વધે છે ને ઘટે છે, પ્રજાની ઉપયોગિતા અને આશાઓમાંથી તેમનો જન્મ થાય છે. તેઓ યુગના આત્માને ધડે છે. જો આપણે દેશની પ્રગતિને અવરોધવા માગતા ન હોઇએ તો. એ સત્યોને જીવનમાં સ્થાન આપવું જોઇએ. રૂઢિપૂજકો નવા સત્યોને કદીએ હાર્દિક આવકાર આપી શકતા નથી કારણ કે વિચારવાની તેમની શક્તિ કુંઠિત થઈ ગઈ હોય છે અને વર્તમાન કરતાં ભૂતકાળમાં જીવવાનો જ તેઓ વધારે પ્રયત્ન કરતા હોય છે. આપણી આસપાસ થતા પરિવર્તન પ્રત્યે આપણે જાગૃત હોઇએ અને પરિવર્તનની પરીક્ષા કરીને તેને અપનાવવા જેટલી પ્રગતિશીલતા આપણામાં હોય તો જ પલટાતા સંયોગોને સાનુકૂળ થવાનું શક્ય બને. ભૂતકાળના કશા પણ સંસ્કાર જ ન હોય એમ જાણે કે તદ્દન નવેસરથી શરૂ કરવાનું હોય એવી સ્થિતિ કોઇ પણ દેશ માટે શક્ય નથી, અને ખાસ કરીને કાળજુની અનેક પરંપરાઓ સાથે સંકળાયેલી આપણા જેવી પ્રજા માટે તો એ શક્ય જ નથી. ભૂતકાળની ઉપેક્ષા થઇ શકે જ નહિ. તેથી આપણા માટે જે કોઇ ડહાપણભરેલો માર્ગ હોય તો તે એક જ છે કે ભૂતકાળને ઝીણવટથી અવલોકવો જોઇએ, અદ્યતન અનુભવોના અજવાળે તેની મૂલવણી કરવી જોઇએ. જો આપણે એ પ્રમાણે નહિ કરીએ તો પ્રગતિવિરોધી તત્ત્વો આપણા આચરણ પર આપણને ખબર ન પડે તેવી રીતે અસર કરશે અને આપણા કાર્યને જુદું જ સ્વરૂપ આપશે. આપણી વિચારણા વિવેકપ્રેરિત હોવી જોઇએ અને સર્વલક્ષી ધોરણે અને ઉચ્ચ કક્ષાએ થવી જોઇએ. ભૂતકાળ સંબંધે સ્વસ્થ અને સમતોલ એવી વિચારણા આપણે માટે જરૂરી છે અને તેમાં રાષ્ટ્રીય પ્રગતિને પોષે એવા આધુનિક જ્ઞાનનો ઉમેરો કરવો ઘટે છે. આપણે એ પણ યાદ રાખવાનું છે કે ગમે તેવી સુખદ હોય તો પણ નિરાળાપણાની વૃત્તિ સેવવી આપણને પોષાય તેમ છે જ નહિ, કારણકે બીજા દેશો સાથે આપણે એટલી બધી બાબતોથી સંકળાયેલા છીએ કે પરસ્પરના સહકાર વિના કેટલાક પ્રશ્નોનો ઉકેલ લાવવાનું આપણા માટે અશક્ય છે. આધુનિક વિજ્ઞાનની અપૂર્વ સેવા એ છે કે તેણે સમગ્ર વિશ્વનું એકમ બનાવ્યું છે. આ હકીકત ધ્યાનમાં લઈને જો આપણે આંતરરાષ્ટ્રીય માનસ કેળવીએ નહિ અને વિશ્વની પરિસ્થિતિને લક્ષમાં રાખીને આપણા પ્રશ્નોની વિચારણા ન કરીએ તો કોઇને કોઇ રાષ્ટ્રજુથ સાથે અવારનવાર વિગ્રહમાં ઉતરવાનું જોખમ આપણા માથે ઉભું રહેવાનું જ.

ઘરઆંગણાનો વિચાર કરીએ તો આપણી સમક્ષ કામનો મોટો ઢગલો એકઠો થયો છે. આપણા ઘરગથ્થુ પ્રશ્નો ઘણાં છે અને અનેક મુશ્કેલીથી ગુંચવાયેલા છે. આપણી પ્રજા અજ્ઞાનતામાં તેમજ ગરીબાઇમાં ડૂબી ગયેલી છે. ભારત જો કે ખેતીપ્રધાન દેશ છે છતાં વધતી જતી વસ્તીના પ્રમાણમાં તેના ખોરાકનું ઉત્પાદન ઘણું જ ઓછું છે. પ્રજાની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાને પણ આપણે અસમર્થ છીએ. મૃત્યુ એ કાયમી ભયનું કારણ બન્યુ છે. માણસો મલીનતા અને માંદગીમાં જીંદગી ખેંચે છે અને આપણી સરેરાશ જીવાદોરી માત્ર ૨૬ વર્ષની અંકાય છે. માણસો કાં તો ચેતનશૂન્ય બની ગયા છે અથવા તો કોઇ મુઢતાના ભોગ બન્યા છે. શિસ્તની ભાવનાએ તેમનામાંથી વિદાય લીધી છે અને સહકારનું મૂલ્ય તો તેઓ સમજતા જ નથી. આપણી આખી સામાજિક રચના જાતજાતના ઊંચાનીચાપણા ઉપર નિર્માણ થઈ છે અને લોકશાહી જીવનપધ્ધતીથી આપણે હજુ રેવાયા નથી. વર્તમાન આર્થિક અને સામાજિક પરિસ્થિતિ વ્યક્તિગત પ્રગતિ સાધવા માટે સમાન તકો આપતી નથી. લોકશાહીની ભાવના હજુ પ્રબળ બની નથી તેમજ લોકશાહીની પરંપરાઓ હજુ અસ્તિત્વમાં આવી નથી. સમાજમાં નીચલા થરના લોકોને કંઇક ઉંચે લઈ આવે એવા આશાજનક શુભ તત્ત્વો બહુ ઓછા નજરે પડે છે.

માણસો પોતાના રોજીંદા જીવનમાં પણ એકબીજા પ્રત્યે નાત, જાત અને પ્રાંતના ભેદભાવની દૃષ્ટિથી વર્તે છે. જો કેળવણીએ પોતાનો ધર્મ બજાવવો હોય તો એણે નવીન વિચારસરણી પર નવો સમાજ રચવા આપણને શક્તિમાન બનાવવા જોઇએ અને બીજા દેશો સાથે સુલેહ અને શાંતિથી રહેવાની આવડત આપણને બક્ષવી જોઇએ. ગણ્યાગાંઠ્યા શક્તિશાળી માણસો જ પેદા કરવા એટલું જ જરૂરનું નથી, પણ આપણે એવા પ્રજાજનો પેદા કરવા જોઇએ કે જેમનામાં નાગરિકતાનું તીવ્ર ભાન હોય, ઉચ્ચ સામાજિક આદર્શો હોય, જે આંતરરાષ્ટ્રીય સુલેહમાં માનતા હોય એટલું જ નહિ પણ લોકશાહીના આદર્શોના સાચા અનુયાયી હોય. સમકાલીન પ્રશ્નોની ઊંડી સૂઝ વિનાનું અને સમાજમાં ઉગતાં જતાં નવાં વળણો પરખી લેવાની સમયસૂચકતા વિનાનું પાંડિત્ય એ માત્ર નકામું છે એટલું જ પણ ભારે અનર્થજનકતામાં પરિણમે છે.

તો પછી આપણી કેળવણીની પદ્ધતિમાં સંપૂર્ણ પરિવર્તન કરવું જોઇએ અને તેના ધ્યેયોના નવેસરથી વિચારણા કરવી જોઇએ. એ દેખીતું જ છે કે કેળવણીની પદ્ધતિની સફળતા અંતે તો શિક્ષક પર જ અવલંબે છે. પરદેશી શાસન તળે શિક્ષણની બાબતમાં શિક્ષકે બહુ જ ઓછી સ્વતંત્રતા ભોગવી હતી અને એને સમાજથી અલિપ્ત જ રાખવામાં આવ્યો હતો. શાળાની સમાજથી અલિપ્તતાનું મુખ્ય કારણ શિક્ષણની બાબતમાં રસ લેવાની લોકોની વૃત્તિનો અભાવ જ છે. શિક્ષકે પણ સમાજમાં એને માન મળે એ પહેલાં સમાજને પોતે કંઇક ઉપયોગી છે તે બતાવી આપવું જોઇએ. તેની પ્રવૃત્તિ માત્ર શાળાનાં ક્ષેત્રમાં જ મર્યાદિત ન થતાં રાષ્ટ્રીય જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શે એવા વિશાળ પાયા પર પ્રસરેલી હોવી જોઇએ. દા. ત. સામાન્ય જનસમુદાયને કેળવવા માટેની શાળાબહારની પ્રવૃત્તિઓમાં તેણે ભાગ લેવો જોઇએ. એ પોતે પણ ચારિત્ર્યશીલ અને વિદ્વાન હોવો જોઇએ તેમજ માનવજાત પ્રત્યે વિશાળ સહાનુભૂતિ ધરાવતો હોવો જોઇએ. એના વિચાર અને આચારમાં ભેદ ન હોવો જોઇએ. એણે વિદ્યાર્થીના વ્યક્તિત્વને માન આપવું જોઇએ. એટલું જ નહિ પણ તેની વધારે નિકટ જઈ તેમની અંગત મુશ્કેલીઓ અને જરૂરિયાતો સમજવા પ્રયત્ન

કરવો જોઇએ. વિદ્યાર્થીના માનસને ઘડવું, તેમના ચારિત્ર્યને વિકસાવવું અને તેમનામાં લોકશાહીની ભાવના જગાડવી એ એક સાચા શિક્ષકનો ધર્મ છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિચારો અને મંતવ્યોનો પરસ્પર છૂટથી વિનિમય થવો જોઇએ અને શિક્ષકે પોતાના વિચારો વિદ્યાર્થીનાં મન પર નહિ લાદતાં, ચર્ચાસ્પદ વિષયને લગતી જુદી જુદી બાજુઓ તેમને સમજાવવી જોઇએ. શિસ્તનું બળજબરીથી પાલન કરાવવા કરતાં માનવસ્વભાવમાં અંતરગત રહેલી શિસ્ત પ્રત્યે દોરીજનારી સ્વનિયંત્રિત શક્તિને જ તેણે સંપૂર્ણ પ્રોત્સાહન આપવું જોઇએ. શિક્ષકે પોતાના વિદ્યાર્થી માટે એવા આદર્શ પ્રતીક બનવું જોઇએ કે તેઓ સ્વાભાવિક રીતે જ તેનું અનુકરણ કરવા પ્રેરાય. વિદ્યાર્થીઓનાં જીવનને ઘડવામાં શિક્ષક ઘણો મોટો ભાગ ભજવે છે અને આપણામાંના જેઓ ખરેખર ઉચ્ચ કોટિના સદ્‌ગુરુને ચરણે બેસવા ભાગ્યશાળી થયા છે તેઓ હજી પણ ઊંડી કૃતજ્ઞતાપૂર્વક તેમને યાદ કરે છે. જે શિક્ષક માત્ર જ્ઞાનનું જ વિતરણ કરે છે અને પોતાના વિદ્યાર્થીઓના ચારિત્ર્યને અને વિચારોને ઘડી નથી શકતો એ સાચો શિક્ષક નથી. સાચો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ પાસેથી પ્રેમ અને માન બન્ને પ્રાપ્ત કરે છે અને તેથી શિસ્તનું પાલન કરાવવું એવા શિક્ષક માટે તદ્દન સરળ બની જાય છે. વિદ્યાર્થીની વર્તમાન પેઢી માટે આ સાચું નથી એમ માનવું ભૂલભરેલું છે. સાથે એ પણ શોચનીય છે કે અત્યારના જ્યોથાબંધ ઉત્પાદનના યુગમાં મોટા ભાગના શિક્ષકો સાચા શિક્ષકની જે કોટિ આપણે વર્ણવી રહ્યા છીએ તે કોટિને પહોંચેલા નથી હોતા. કમનસીબે અદ્યતન રાજદ્વારી પુરુષો તેમજ શિક્ષકો આજની જરૂરિયાતોને પહોંચીવળે તેવા માલુમ પડ્યા નથી. પોતાની ફરજો અને જવાબદારીને સાચી રીતે સમજવામાં તેઓ સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યા છે. એ પણ એટલું જ સાચું છે કે પોતાનામાં રહેલું ઉત્તમોત્તમ સત્વ સમાજને આપવા માટે શિક્ષકને કોઈ ઉત્તેજન મળતું નથી. કેટલાક તો આ શિક્ષણના વ્યવસાય માટે જ તદ્દન નાલાયક હોય છે, અને મોટા ભાગના શિક્ષકો દુઃખદ સ્થિતિમાં નિરુપાયે આ ધંધામાં જોડાયા હોય છે, ત્યારે તે વર્ગમાં એક એવો નાનો ભાગ પણ છે કે જે પોતાના ધંધાને વફાદાર રહે છે અને પોતાની મુશ્કેલીઓ સહન કરીને પણ સ્વાર્પણની ભાવનાથી જીવન વીતાવતો હોય છે. જેવી રીતે અન્ય કોઇ ક્ષેત્રમાં રોકાયલા સાધારણ સ્થિતિના માનવીનાં જીવનમાં તરેહ તરેહની સુખસગવડો અને સંપત્તિનો પ્રવાહ વહેતો થવાને અવકાશ હોય છે તેવા અવકાશની શિક્ષકના જીવનમાં સામાન્યતઃ કોઈ શકયતા જ નથી હોતી. તે પોતાને સ્થિર અને સહીસલામત ગણે એવા તેના જીવનના સંયોગો હોતા નથી. તેમની આવક ઓછી હોય છે, મહેનતનો બદલો પૂરતો મળતો નથી, તેમજ સમાજમાં તેને માનભર્યું સ્થાન પણ હોતું નથી. કામ માટેની સરતો પણ સંતોષકારક નથી હોતી, તેની સંસ્થામાં ઘણી વખત સાધનસમૃદ્ધ વાચનાલય પણ નથી હોતું તેમજ મકાનની પૂરી સગવડ કે સાધનસામગ્રીની પુરતી પૂરવણી નથી હોતી, એના વર્ગોમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ જોઇએ તે કરતાં વધારે હોય છે, તેથી વિદ્યાર્થીના વ્યકિતગત સંપર્કમાં આવવાનું પણ તેને માટે અશકય બની જાય છે. કામ કરવાના કલાકો પણ હોવા જોઇએ તે કરતાં ઘણા વધારે હોય છે, તેથી અભ્યાસ માટે કે સંશોધન માટે એને પૂરતી અનુકૂળતા કે અવકાશ મળતા નથી. દરેક શિક્ષક પોતાના વ્યવસાયને વફાદાર રહે અને પોતાનું કાર્ય એકનિષ્ઠાથી કરે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી હોય તો આ બધી ઉણપો દૂર કરવી જ પડશે.

હું પહેલાં જ કહી ગયો છું કે વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સામાજિક આદર્શો જગાડવા એ શિક્ષકનો ધર્મ છે. શિક્ષક જો પોતે ઉપયોગી થવા માગતો હોય તો તે જે વિચારો ધરાવતો હોય તેને તેણે વફાદાર રહેવું જોઇએ. પરંતુ આ તો જ શકય બને જો તે શિક્ષણની બાબતમાં સ્વતંત્ર હોય. આ સ્વાતંત્ર્ય એ શિક્ષકનું અમૂલ્ય ધન છે અને કોઈ પણ સંજોગોમાં તેનો ભોગ અપાવો ન જોઇએ. શિક્ષણને લગતા દરેક વિષય પર પોતાની વિચારણા રજુ કરવા માટે એ સંપૂર્ણ સ્વતંત્ર હોવો જોઇએ. સાચા શિક્ષકે સમકાલીન ચર્ચાસ્પદ પ્રશ્નો પરત્વે બેધ્યાન રહેવું ન જોઇએ. આવી બેધ્યાનપણાની વૃત્તિ એને માટે યોગ્ય નથી જ, પણ એના કરતાં વધારે અયોગ્ય તો પોતાના ઉપરીઓથી ડરીને પોતાના મંતવ્યો રજૂ કરી ન શકે એવી તેની આજની પરિસ્થિતિ છે. પણ સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે એની પોતાની માન્યતાઓ ગમે તે હોય પણ તે કેવળ એક પ્રચારક કે ઉપદેશક બની બેસે તે તો ચલાવી ન જ શકાય.

એણે કોઈ પણ પ્રશ્નની ચર્ચા નિષ્પક્ષપણે તેમજ સમગ્ર રીતે કરવી ઘટે છે, એટલું જ નહિ પણ પોતાના વિદ્યાર્થી સમક્ષ એ પ્રશ્નની બધી જ બાજુ રજુ કરવા એ બંધાયેલો છે. જ્યારે શિક્ષકનાં આ કાર્યનો વિચાર કરીએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે શિક્ષકે રાજકારણમાં ભાગ લેવો જોઇએ કે નહિ. યુનિવર્સિટિના શિક્ષકો, તેમજ તેની સહાય મેળવતી શાળાઓ અને કોલેજોના શિક્ષકોને રાજકારણમાં ભાગ લેવાની સ્વતંત્રતા આપવામાં આવે છે. પણ સરકાર હસ્તક ચાલતી શાળાઓના શિક્ષકને એ સ્વાતંત્ર્ય મળતું નથી. આ ભેદભાવનું કારણ હું સમજી શકતો નથી. હું માનું છું કે સરકારી નોકરોની વર્તણુંકને લગતા કાયદાઓ (Government Servant Conduct Rules)માં રહેલા આ બાબતોને લગતા પ્રતિબંધો રદ થવા જોઇએ. આ બાબતમાં સરકારી શાળાના શિક્ષકો અને યુનિવર્સિટિની સહાય મેળવતી શાળાના શિક્ષકો વચ્ચે શા માટે ભેદ રાખવામાં આવે છે. તેને માટે કોઈ વજુદવાળું કારણ કલ્પનામાં આવતું નથી. સરકારની પહેલેથી રજા મેળવ્યા વિના કોઈ પણ શિક્ષક છાપા માટે ન લખી શકે એવો કાયદો શા માટે હોવો જોઇએ ?

પોતાના જ દેશમાં સામાજિક કે રાજકીય ચળવળોમાં ભાગ લેવા માટે કોઈ પણ શિક્ષક પર પ્રતિબંધ હોવો જોઇએ નહિ. હું જાણું છું કે જે બાબતની હું હિમાયત કરું છું તેનો અમલ કરવામાં અનેક જોખમો રહેલાં છે. હું જાણું છું કે કેટલાક શિક્ષકો આ હકનો દુરુપયોગ કરશે અને શિક્ષણને માટે સ્વીકારેલા ઉચ્ચ ધોરણને વફાદાર નિવડવામાં પણ નિષ્ફળ જશે. તે પોતાના વિદ્યાર્થીઓ પાસે પોતાની અંગત માન્યતાઓનો સ્વીકાર કરાવવાનો પ્રયત્ન કરે એ પણ સંભવ છે. પણ આ હકનો દુરુપયોગ થશે એવા ભયથી તેને મળવી જોઇતી સ્વતંત્રતાથી તેને વંચિત રાખી શકાય નહિ.

આવા કોઇ સ્ખલનના કીસ્સામાં તેનું પુનરાવર્તન ન થાય તે માટે તેની સામે યોગ્ય પગલાં ભલે લેવાય, પણ આવા કોઈ સ્ખલનને આગળ ધરીને તેનું શૈક્ષણિક સ્વાતંત્ર્ય છીનવી ન જ લેવાય. અને આ સ્વાતંત્ર્યનો અધિકાર માત્ર યુનિવર્સિટિના શિક્ષકોને જ નહિ પણ સૌથી નીચા દરજ્જાના શિક્ષકને પણ મળવો જોઇએ.

એ પણ એક નોંધપાત્ર હકીકત છે કે શિક્ષક અને તેના ઉપરીઓ વચ્ચેનો સંબંધ હંમેશા મૈત્રીભર્યો હોતો નથી. તે બન્ને વચ્ચેનો સંબંધ હાર્દિક હોય એ બહુ જરૂરનું છે. શિક્ષકે કરેલાં સૂચનો કે ટીકાઓને ખાતાના ઉપરીઓએ ન અવગણતા સદ્‌ભાવપૂર્વક આવકારવા જોઇએ. સમગ્રપણે સંસ્થાના હિતની દૃષ્ટિએ પણ તે બન્ને વચ્ચે સહકારની ભાવના હોવી જોઇએ. નહીંતર એના અભાવે ઉપરીઓને હાર્દિક સહકાર નહિ મળે પણ મનવિનાનો ઉપર ઉપરનો સાથ મળશે.

સહાય મેળવતી અને ખાનગી સંસ્થાઓમાં શિક્ષકની સ્થિતિ આથી પણ વધુ ખરાબ છે. નોકરીની સ્થિરતા માટે એને હંમેશા ચિંતા રહ્યા કરે છે અને ઘણીવાર નિમણુંક કરવાની બાબતમાં પણ સંસ્થાના વ્યવસ્થાપકો નાતજાતના ભેદભાવની અસર તળે કામ કરતા હોય છે. પગારનું ધોરણ ઘણું નીચું હોય છે અને નોકરીની શરતો પણ સંતોષકારક નથી હોતી. આ કારણને લઇને તેના શિક્ષકો આવી સંસ્થાઓ સરકાર હસ્તક રાખવાની માગણી કરતા હોય છે. અને જ્યારે શિક્ષકો મંડળ સ્વરૂપે સંગઠિત થાય છે ત્યારે ટ્રેડ યુનિયનના નામે તેમને ધૂતકારી કાઢવામાં આવે છે.

અપૂર્ણ

મૂળ અંગ્રેજી : આચાર્ય નરેન્દ્રદેવ
અનુવાદક : કુ. તારાબહેન શાહ

પ્રવાસ વર્ણન

જયપુર – અલ્વર – દિલ્હી

(તા. ૧૫-૧૧-૫૧ ના અંકમાં આ લેખનો ત્રીજો હપ્તો છપાયો હતો. અહીં ચોથો હપ્તો આપવામાં આવ્યો છે.)

'લોકવાણી' પત્ર શ્રી. સિધ્ધરાજજી ઢઢ્ઢા તથા તેમના મિત્રો, જવાહર લાલજી વિ. ચલાવે છે. એ બધાં અમને લોકવાણી કાર્યાલયમાં લઇ ગયા. તેમણે જ્યારે અને જે સહકાર જોઇયે તે આપવા કહ્યું.

અહિં એક જૈન નવયુવક મંડળ ચાલે છે. એ મંડળ તરફથી એક જાહેર સભા થઇ. શ્રી રિષભદાસજી, શ્રી રાજમલજી, શ્રી સુગનચંદજી લુણાવત અને મારાં ભાષણ થયાં. જયપુરમાં મારો ઘણા દોસ્તો હતા એટલે મારી ઓળખ એમણે સભાને કરાવી અને મારા સાથીઓની ઓળખ કરાવવાની જવાબદારી મારા પર નાખી. આ મંડળમાં રાજસ્થાનનાં ભાઇ-બહેનો ઉપરાંત મુખ્યત્વે શરણાર્થી પંજાબી ભાઇ બહેનોનું ઘણું પ્રમાણ છે. સભામાં ખૂબ જોશીલાં ભાઇચારાનાં પંજાબી શૈલીનાં ગીતો ગવાયાં, જેમાંનું , એક નીચેનું તો હજુ મારા કાનમાં ગુંજે છે.

વીરોને જૈન ધર્મ પે હંસ હંસ કે જાં નિસાર કી,
દુનિયાંએ દેખખરકા ફિર જૌહર દિખા હુશિયાર કી.
વીર પ્રભુ મહાવિર ને ઉજડી દુનિયા જૈન કી,
અપને લહુસે સીંચ કરી ફુલા ફુલા ગુલજાર કી.

સવાલ–જૈની બન કર લડના સીખા યહ તો બતાઓ કૈસે ?
જવાબ–ફિરકા પરસ્તો મેં હૈં મરતે મૈંને કહા કે ઐસે.
સવાલ –મહાવીરને વાણી બરસા કર યહ ધર્મ બઢાયા કૈસે ?
જવાબ–અહિંસાકી જડકો દિખાકર મૈંને કહા કે ઐસે.
સવાલ –જૈન ધર્મ કે ટુકડે કયોંકર હુએ હૈં યે તો બતાઓ કૈસે ?
જવાબ–હિંદુસ્થાન કે ટુકડે હુએ હૈં મૈંને કહા કે ઐસે.

દુહો

જબ ફિરકે બંદી ટુટકી જડ કા કાટ મિટાયેંગે,
તબ વિશ્વ પ્રેમી વીરકે બાલક હૈં હમ કહલાયેંગે.
જબ સંગઠ્ઠન સુત્રમેં સારે હૈં હમ બંધ જાયેંગે,
તબ વીરકે ઉપદેશ કો ઘર ઘર મેં જાકે સુનાયેંગે.

સવાલ –શ્વેતાંબર ઔર દિગંબર તેરાપંથ સ્થાનકમાર્ગી કૈસે ?
જવાબ–યહ હૈ સબ એક બાગ કે ગુલશન મૈંને કહા કે ઐસે.
સવાલ–મુકિત કી મંજીલ એક હી હૈ ફીર લડતે હૈં યહ કૈસે ?
જવાબ–આપસકે મતભેદોં મે ફસ કર જ્ઞાન ઘટાઇ–ઐસે.
સવાબ–જૈની લિખના જુર્મ હૈ લેકિન યહ તો બતાઓ કૈસે ?
જવાબ–આપસમેં એકતાકા નહિ હૈં મૈંને કહા કે ઐસે.

દુહો

જબ જૈનીઓ આપસ મેં તુમ પ્રેમ બઢાઓગે,
દુનિયાં કો જૈન ધર્મકા જૌહર દિખાઓગે.
જબ અહિંસા કે ઝંડે કી છાયા મેં આવો ગે,
તબ જીનવાણી કી સુધા પાન કર કે સુખ પાવો ગે.

સવાલ:—નવયુવક મંડળ અર્જ કરે હૈ શાન બઢેગી કૈસે?
જવાબ :–આપસ મેં અબ લડના છોડો શાન બઢેગી ઐસે.

સભામાં વિવેક પૂરતું એક સજ્જનને અમે બોલવા કહ્યું. એ બોલ્યા, જાણે પંજાબ મેલ, મારી મુકયો ! ન અમે સાંભળી કે સમજી શકયા. એ શું બોલ્યા એ તો ભગવાન જાણે. કોઇ નાહટા કરીને આવ્યા તરફના હતા. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના પ્રચારક કે વિભાગીય વડા છે. અહિં, જયપુરમાં બધા ફિરકાઓનાં સાથે પર્યુષણ થામ એવી આ નવયુવક મંડળની તૈયારીઓને આ નાહટાએ એના સંપ્રદાયવાદને કારણે વિંખી નાખી એમ અમને યુવકોએ કહયું. અને અમે આવા માણસને બોલવા કહ્યું તે ઠીક ન કર્યું તેવો મીઠો ઠપકો પણ અમને આપ્યો. ખૂબ પ્રેમપુર્વક આ નવજવાન મિત્રોએ અમને વિદાય આપી. રાતના નવે અમે જયપુર છોડી, અલ્વરની વાટ પકડી.

અલ્વર

રાતના બેએક વાગ્યે અલ્વર પહોચ્યા. પૂજ્ય ગણેશીલાલજી મહારાજ જ્યાં હતા તે સ્થાનકની અગાશી પર સુતા. સવારે એમનાં દર્શન કર્યાં. અને જે હેતુથી ભારત જૈન મહામંડળે આ પ્રવાસ ખેડયો હતો તે સાંપ્રદાયીક સમભાવ અને જૈનોની એકતા વિષે વાત કરી. હસતાં હસતાં મહારાજજીએ ઘડીઆળના લોલકની માફક હાથ પૂરી જમણી બાજુથી પૂરી ડાબી બાજુ સુધી ચાર પાંચ વખત હલાવ્યા કર્યો અને એ સંજ્ઞાથી અમને સમજાવ્યું કે એ કોઇ કાળે બનવાનું નથી. અમને ખબર પડી, મહારાજજીને મૌન હતું.

વ્યાખ્યાનમાં મહારાજજીએ શેઠ રાજમલજી, શ્રી કેશરીમલજી અને શ્રી રિષભદાસજીની ઓળખ આપી, અને એમને બોલવા કહ્યું. શ્રી રિષભદાસજી અને શેઠ રાજમલજીનાં વ્યાખ્યાન થયાં. મહારાજજીએ પણ વ્યાખ્યાન આપ્યું પરંતુ મંડળની ભાવનાને પુષ્ટી આપતું કાંઈ ન કહ્યું. વ્યાખ્યાનમાં જૈનેતરોની સારી હાજરી હતી અને મહારાજશ્રીના પ્રભાવે, જૈનેતરોએ પણ પર્વ દરમ્યાન સારી તપશ્ચર્યા કરી હતી.

વ્યાખ્યાન પછી, જમી પરવારીને મહારાજશ્રી પાસે ગયા. એમણે તપાસ કરી, તમારામાં બધા 'સ' જ છે અને ત, દ કેમ નથી ?' મને આ સંકેતની ભાષા સમજાઇ નહિ, પણ અમારામાંથી કોઇક એ સમજી ગયું, અને કહ્યું, 'દ ની મોટર છે, અને શ્રી. રિષભદાસભાઇ મૂર્તિપૂજક જૈન સંપ્રદાયના છે.' મહારાજજીએ કહ્યું. 'રિષભદાસને તો હું સ્થાનકવાસી ગણું છું.' વળી ખુલાસો થયો, કે 'તારાચંદભાઇ મૂર્તિપૂજક સંપ્રદાયના છે.' મહારાજશ્રીએ કહ્યું, 'તમારે આવા એકતા પ્રવાસ ખેડવા હોય તો તમામ સંપ્રદાયના માણસોને સાથે લેવા જોઇએ. તોજ અસર થાય,' અમારે માટે આ નવી વાત હતી. અમને આશ્ચર્ય થયું. મહારાજશ્રી આગળ કહેતા હતા 'તમે તેરાપંથી સમાજની વાત જતી કરો તોજ આ એકતા થઇ શકશે,' એમણે તેરાપંથી સમાજની બે દિકરીઓ અલ્વર પરણેલી હતી તેથી અલ્વરના કુટુંબોમાં કેટલી કડવાશ ઉદભવી હતી તેનાં દૃષ્ટાંતો આપ્યાં. એ દૃષ્ટાંતોમાં મને મહારાજશ્રી ની ભૂલ લાગી. આવનાર બહેનોને મારીને મુસલમાન કરવા જેવી એમના કુટુંબીજનોની વૃત્તિ આ કડવાશના કારણરૂપ લાગી.

'ગમે તેમ,' પણ,' મહારાજશ્રીએ હસતાં હસતાં લોલકની જેમ હાથ હલાવી ને કહ્યું, 'આ એકતા કોઈ કાળે થવાની નથી.' મારાથી રહેવાયું નહિ અને મેં કહ્યું,' મહારાજજી, આ થઇને જ રહેવાનું છે. એકતા થશે, આપ ના કહેશો તો પણ. આપે સમય સમજી લેવો જોઇશે.' મહારાજશ્રીએ એક બીજી વાત કહી, 'આવા સારા કામને માટે, તમે આમ ઉડતી મુસાફરી કરી પરિણામ કેમ લાવી શકશો ? તમારે અલ્વર જેવા માટે બે ત્રણ દિવસ તો રાખવાજ જોઇએ.' મહારાજશ્રીનું આ માર્ગદર્શન અમને યોગ્ય લાગ્યું, પરંતુ દિલ્હી તો ઠરાવેલા સમયે પહોંચવું જ હતું એટલે અમે વંદન કરી નિચે ઉતર્યા. ત્યાં જુવાનો અમને ઘેરી વળ્યા. મહારાજશ્રીને મેં આપેલા જવાબથી અને અમારી વાતચીતથી એમને આકર્ષણ થયું હતું. અર્ધોક કલાક એમની જોડે પ્રેમભરી વાતો થઇ. થોડાક પ્રથમ હરોળના આપણા દંભી અને હેતુવાળા આગેવાનો સિવાય, સમાજમાં સૌને એકતાની વાતો પસંદ હતી એમ અમને અમારા પ્રવાસમાં લાગ્યું હતું તે અહીં પણ સાચું જણાયું.

અલ્વરથી, પંજાબના શ્રીરાજપુર, ગુરગાંવ થઈ દિલ્હી આવ્યા. શ્રીરાજપુરમાં એક લશ્કરી શિખ અમલદારે અમને કહ્યું, 'તમે આ રસ્તે કયાંથી આવ્યા? અહિં તો રોજ લુંટ અને ખુન થાય છે. વાતવાતમાં લોક ઉશ્કેરાઇ જાય અને ખુનો કરવાં એ તો અહિં સહજ છે.' પંજાબ ની ઠંડી હવા અને આ વાતે અમને જરા ઝનઝનાટી કરાવી. ચારે બાજુ –પંજાબના ખેતરોનો માથોડા ઉંચો પાક, અને મધ જેવી કોઈ ફુલોની મીઠી સૌરભ માણતાં અમે દિલ્હી રાતના દશ વાગ્યે પહોંચ્યા.

દિલ્હી

તેરાપંથી આચાર્ય શ્રી. તુલસીજીનાં દર્શન કર્યાં અને થોડીક પ્રાંસગીક વાતો કરી. એમણે અમને ખૂબ આવકાર્યા. ભરજુવાની, સૌમ્યતા, નયનોમાં પ્રેમ અને દયા, આકર્ષક મોં અને ઉત્સાહપ્રેરતી વાણી મન પર આ જૈન સાધુ માટે કાયમી અસર ઉપજાવી રહે છે. આચાર્ય શ્રી૦ તુલસીજી સાથે ગયા વર્ષે જયપુરમાં વિચારોની ઘણી આપ લે થઇ હતી તે વખતે એમની નિખાલસતા, વિરોધીનું યે સત્ય સમજવાની દૃષ્ટિ, અને સમજેલાને તરત અમલમાં મૂકવાની વૃત્તિએ મને મુગ્ધ કર્યો હતો.

ભારત જૈન મહામંડળને એ જાણે છે અને મંડળના કાર્યમાં એમના સદા આશિર્વાદ છે ઉપરાંત એ એમના સંપ્રદાયના સાધુઓ અને શ્રાવકોને મંડળના કાર્યમાં સક્રિય સાથ આપવા સૂચવે છે. મંડળના પ્રવાસમાંની કેટલીક હકિકત અમે એમને કહી.

બીજે દિવસે તેરાપંથી ભાઈઓએ વિચારપરિષદ ગોઠવી અને સભાના પ્રમુખસ્થાને શ્રી૦ રિષભદાસજી રાંકાને નિમ્યા. જૈન જૈનેતર વિદ્વાનોને સાંભળવા આવી વિચારપરિષદો વારંવાર તેરાપંથી ભાઇઓ ભરે છે.

સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી૦ પ્રતાપચંદજી મહારાજ અને એમના ગુરુભાઈનાં અમે દર્શન કર્યાં. એમણે અમારા કાર્ય પરત્વે ઉત્સાહ બતાવ્યો, થોડીક શંકાઓ બતાવી. "તેરાપંથીઓ એમના સિવાયના સાધુઓને સાધુ માનતા નથી, બીજા સંપ્રદાયના સાધુઓને વહોરાવવામાં પુણ્ય નહિ પણ પાપ છે એમ કહે છે એ બધું તમે તુલસીસ્વામિ પાસે સુધરાવો તો અમે એમને વંદન કરવા તૈયાર છીએ." "બીજું કાંઇ છે?" મેં પૂછ્યું. એમણે કહ્યું 'ના, આટલું જ બસ છે. અમે પુન્ય શ્રી દિવાકરજીના શિષ્યો છીએ, અમે આજના પ્રવાહો અને એકતાની વાત સમજીએ છીએ, અમે અમારા ઉપદેશમાં ઘણા સુધારા કર્યા છે. મંદિરો બનાવવા એમાં પુણ્ય નથી એમ અમે હવે કહેતા નથી. સાધ્વિઓ દિગંબર સાધુનાં દર્શન કરે તો તેનું તેલા પ્રાયશ્ચિત અમે ઠરાવેલું તે હવે અમે કહેતા નથી. ઉલ્ટું દિગંબર સાધુ શ્રી. સૂર્યસાગરજી પાસે અમે વારંવાર જઇએ છીએ. અને સમેળથી શકય તેટલા નજીક આવ્યા છીએ. તમે શ્રી. તુલસીગણી પાસે આટલું કહેવડાવો એટલે બસ.'

વાત સીધી અને વ્યાજબી હતી. અમે શ્રી. તુલસીસ્વામિને આ વાત કહી. એમણે કહ્યું. 'અમારો મોટો સંપ્રદાય છે. કોઇએ ગેરસમજથી આવો વર્તાવ કર્યો હશે પણ અમારા પુસ્તકમાં આવું કાંઇજ નથી—હું એ ગેરસમજ દૂર કરવા મારાંથી બનતું કરીશ.'

વિચારપરિષદમાં શ્રી. રોજમલજી, શ્રી. કેશરીમલજી, અને મારાં પ્રાંસગીક વિવેચન થયાં. મેં કહ્યું, 'મહવિરસ્વામિનો ઉપદેશ સંભળાવનારા આપણા સાધુઓના અંદર અંદરના તડાએ આપણો તાલ બગાડી નાખ્યો છે. બ્રોડકાસ્ટીંગ સ્ટેશનથી ઉપદેશાયલો મહાવીર સ્વામિનો ઉપદેશ, આપણાં બે હજાર રીસીવીંગ સ્ટેશનો (સાધુઓ) નાં બગડેલાં સાધનોથી આપણને સંભળાતો નથી, કોલાહલ ઘણો થાય છે, પણ અવાજ સમજાતો નથી, આમ શકિત એળે જઈ રહી છે. એ બધાં રીસીવીંગ સેટોને ટ્યુન કરવાં જોઇએ તો મગજ બહેર મારી ન જાય, બરાબર સંભળાય અને જીવનમાં ઉત્કર્ષ સધાય. આટઆટલી શકિતનો આટલો બધો નિરર્થક વ્યય આપણને પોષાઇ શકશે નહિ, જો આપણે ઉન્નતિ કરવીજ હશે તો.'

પછી, આચાર્યશ્રી તુલસીસ્વામીએ કહ્યું કે "કોઇ એમ માનતું હોય કે તેરાપંથી સાધુઓને વહોરાવવું એ પુણ્ય છે અને બીજા સંપ્રદાયના સાધુઓને વહોરાવવું એ પાપ છે તો એ માન્યતા ભૂલભરેલી છે. પંચમહાવૃતધારી શ્વેતાંબર, દિગમ્બર, સ્થાનકવાસી,—તેરાપંથી તમામ સાધુઓને વહોરાવવું એ પુણ્ય છે, નિર્જરા પુણ્ય છે, પછી એ ગમે તે ધર્મના કે સંપ્રદાયના ભલે હોય. અન્ય સંપ્રદાયનાં સાધુઓ પણ એટલા જ સન્માનના અધિકારી છે.' અને મંડળ વિષે પણ પરિચય આપ્યો.

અમે પાછા ગયા મૂનિ પ્રતાપચંદજી મહારાજ પાસે. વિહાર પરિષદમાં તુલસીસ્વામિએ જે કહ્યું તે વાત એમને પહોંચી ગઇ હતી. એમણે આટલું સરળ ધાર્યું નહિ હોય. ખૂબ ચર્ચાને અંતે એમણે કહ્યું કે "આ અમારા પૂરતો પ્રશ્ન હોત તો તમે કહેત તેમ કરત પરંતુ આ આખા સંપ્રદાયનો પ્રશ્ન છે. સંપ્રદાયને સંતોષ થાય તેવો જવાબ સ્પષ્ટ શબ્દોમાં મેળવી લાવો'

મૂની પ્રતાપચંદજીની નિખાલસતા મને ગમી. સમાજ તરફનો તેમનો ભય હું સમજ્યો. દરેક માણસને ચોક્કસ મર્યાદા હોય છે. એમાંથી ઉંચે આવવું, ઉપર આવવું એ સૌને માટે સુગમ નથી હોતું. અમારે વિશેષ કરવાપણું રહ્યું હોય એમ અમને ના લાગ્યું. સમયદેવ એ સૌને મોડેવહેલે સમજાવશે જ.

દિગંબર મુનિ શ્રી. સૂર્યસાગરજીનાં દર્શન કર્યાં, એમનું પ્રવચન સાંભળ્યું. બહુ જ સરળ, સેવા અને તપની મૂર્તિ છે. માન, અભિમાનથી પર છે. એ સ્થાનકવાસી સંપ્રદાયના મૂનિઓ પાસે જાય છે અને આચાર્ય તુલસીજીને પણ મળે છે. થોડાંક નાનાં માણસોની નાની, ક્ષુલ્લક વાતો અમે દિલ્હીમાં તુલસીસ્વામિ અને સૂર્યસાગરજીની થયેલી પ્રથમ અને દ્વિતિય મુલાકાતો વખતની સાંભળી અને એ વખતે પેદા થએલી ગેરસમજ બન્ને સાધુઓમાંથી દૂર કરવાનો અમે સફળ પ્રયાસ કર્યો.

દિલ્હીમાં અમારી સંભાળ શ્રી. આનંદરામજી સુરાણાએ લીધાં કરી. શ્રી. આનંદરામજી સુરાણા, નિરાભિમાની, સત્સંગી, અને બને તેટલું, તમામ ત્યાગવડો વેઠીને પણ કોઇ પણ જૈન ભાઇ માટે, જૈન સંસ્થાને માટે કરી છૂટવાની ભાવનાવાળા સજ્જન છે. ભારત જૈન મહામંડળના આગામી અધિવેશનના પ્રમુખપદ માટે તેમને અમે વિનંતી કરી, પણ એમણે સ્વિકારી નહિ. "હું માસિક બાર રૂપિયા કમાતો હતો—આજે ગમે તે સ્થીતિમાં હોઉં પણ પેલી સ્થીતિ હું ભૂલ્યો નથી—જીવન ચાલ્યું જશે, જે થાય તે કરી લેવું સારૂ"—આવી નમ્રતાપૂર્વક, દિલ્હી જેવા, ઘડીનીય નવરાશ વગરના શહેરમાં, સુવા ઓટલો ના આપી શકાય તેવી જગ્યાની તંગાશમાં રોજેરોજ મહેમાનોથી જે માણસ ઘર ભરેલું રાખે, તકલીફ હોય છતાં હસ્યાં કરે અને જાતે તમને સેવા આપ્યાં કરે, તમારી બારીક જરૂરતો પણ ન ચૂકે, એવા નિસ્વાર્થ સેવા—ભાવીનો અમને સારો લાભ મળ્યો.

હિંદી સાહિત્યના મહાન સાહિત્યકાર શ્રી. જૈનેન્દ્રકુમારના નાનકડા ઘરને જોવાનો, એમના કુટુંબને જાણવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. રોજની કઠીનાઇઓ ભોગવ્યે જતાં છતાં, હસતાં હસતાં ઉચ્ચ વિચારો અને આદર્શો સંસારને આપ્યે જતા એક કર્મયોગીના મને એમનામાં દર્શન થયાં. શ્રી. જૈનેન્દ્રજીનો પરિચય તો મને હતો પરંતુ આટલા નિકટથી એમને મેં પહેલીવાર જોયા. 'તારાચંદ! રિષભદાસકો તો સમાજકો તત્કાળ સુધારનેકી લગન લગી હૈ, આપ ઉસમેં કયોંકર ફંસ ગયે?" મેં માત્ર હસ્યાં કર્યું. એમની પુત્રીએ એક ગાયન બહુ મીઠા અવાજે ગાયું.

અપૂર્ણ

તારાચંદ

વૈદ્યકીય રાહત

મુંબઈ અને પરાંઓમાં વસતાં જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.